**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે હવે છેલ્લી જે ઘટનાઓ ગુજરાતમાં અને દેશમાં બની છે તેમાં ત્રાસવાદીઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા છે, ત્યારે આપણે પણ આ બંધની સુરક્ષા માટે આધુનિક ટેકનોલોજીનો શું શું ઉપયોગ કર્યો છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સુરક્ષા માટે લીધેલાં પગલાં અંગે જાહેર હિતમાં હોય એટલી જ વિગતો આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જી માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મેન્યુઅલ અને ટેકનિકલી આધુનિક સાધનો બન્નેનો સમન્વય કરી અને આ બંધની સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને આપશ્રીની સૂચના પ્રમાણે એ બધી વિગતો જાહેર કરવી એ સલામતી માટે નુકસાનકારક છે, એટલે વધારે વિગતો નહીં આપું પણ સરકાર અને નિગમ બન્ને ડેમ સાઈટની સલામતી માટે પૂરેપૂરા પ્રયત્નશીલ છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એક ડી.વાય.એસ.પી., એક ઈન્સ્પેકટર અને જે બીજું મહેકમ સ્ટાફ માટે મંજૂર કરેલ છે તે આ ડેમ છે તેના પ્રમાણે જોઈએ તો એ સંખ્યાની દ્રષ્ટિએ ઓછું લાગે છે, એટલે એ મહેકમ વધારી અને ડેમ માટે સલામતીની વ્યવસ્થા વધારવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ડેમની સલામતી માટે જુદા જુદા પ્રકારના નિષ્ણાતોની એક કમિટી બનાવવામાં આવી છે. અને એ કમિટીમાં ગૃહ વિભાગના અધિકારીઓ અને અન્ય વિભાગના અધિકારીઓ પણ છે. અને એમના ધ્યાન ઉપર આ બાબત મૂકવામાં આવશે અને જરૂર જણાય તો સલામતીની વ્યવસ્થા વધારે ઘનિષ્ટ બનાવવામાં આવશે.

**.લુણાવાડા ખાતે ધોરણ ૧૧ અને ૧૨ ની શાળાને ગ્રાન્ટેબલમાં ફેરવવા અંગે**

***૪૧૬૯ શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના નગરમાં શેખ-ઘાંચી મુસ્લિમ એજયુકેશન સોસાયટીએ ઉચ્ચતર માધ્યમિક વિભાગની ધોરણ ૧૧ અને ૧૨ ને નોનગ્રાન્ટેબલમાંથી ગ્રાન્ટેબલમાં ફેરવવા કયારે માંગણી કરી છે, અને

(૨) આ માગણી અન્વયે સરકારે શી કાર્યવાહી કરી?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) સંસ્થા તરફથી આવી કોઈ માગણી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તે સત્યથી વેગળો છે. એમણે એવું કહ્યું છે કે સંસ્થા તરફથી આવી કોઈ માગણી મળેલ નથી. પણ સંસ્થાએ કરેલ માગણી અને ગોધરાના સંસદ સભ્યશ્રીએ તેના માટે કરેલી ભલામણ આ બન્ને પત્રો મારી પાસે છે. અને આપની અનુમતિ હોય તો હું તે ટેબલ ઉપર મૂકવા પણ માગું છું. અને મને તદ્દન ખોટો જવાબ આપ્યો છે. મારી લાગણી એ છે કે માનનીય મંત્રીશ્રી મને સાચો જવાબ આપે અને આ અંગે શું કરવા માગે છે તે જણાવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે એમની પાસે અરજીની નકલ છે, તો માનનીય હીરાભાઈ, આપ એ અરજી માનનીય મંત્રીશ્રીને મોકલી આપજો, માનનીય મંત્રીશ્રી, એમની પાસે જે અરજીની નકલ છે તે તમને મોકલી આપે તેના ઉપર વિચારણા કરજો. (અંતરાય) મેં કહ્યું કે એમની પાસે જે અરજી છે તે માનનીય મંત્રીશ્રીને મોકલી આપે. પત્ર કોનો છે તે અગત્યનું નથી. માનનીય જગદીશભાઈ, એમની પાસે જે અરજી છે તે અરજી ઉપર એમણે નિર્ણય કરવાનો છે. એટલે એ અરજી આજે આપી દે. એટલે માનનીય મંત્રીશ્રી તેની તપાસ કરીને જવાબ આપે.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, શાળામાં વર્ગ વધારવાની માગણી હોય, કે ગ્રાન્ટેબલ શાળા કરવાની હોય કે નોન ગ્રાનટેબલ કરવાની હોય તો તેના માટેની એક ચોકકસ પ્રક્રિયા રહેલી છે. તેના માટે જે તે શાળાની ભૌતિક સુવિધાઓ અને બાળકોની સંખ્યા એ બધા સાથેની એક આખી દરખાસ્ત બનાવવી પડે અને એ ત્યાં એમણે શિક્ષણ અધિકારીને મોકલી આપવાની હોય છે. અને પછી એ સરકારમાં આપવાની હોય છે. આવી કોઈ પણ જાતની માગણી સંસ્થાએ કરેલ નથી

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી પાસે અરજી છે એ તમારી પાસે મોકલી આપે, એના ઉપર તમે જોઈ જજો. (અંતરાય) (ઘોંઘાટ) માનનીય મંત્રીશ્રી તમે અરજી જોઈ લો એટલું જ મેં કહ્યું છે. તમે અરજી જોઈ લો એની તપાસ કરીને પછી જવાબ આપજો.

**ઈરીગેશન બાયપાસ ટનલનું કામ**

***૩૮૭૦ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધ પરની ઈરીગેશન બાયપાસ ટનલના કામની શી પરિસ્થિતિ છે, અને

(૨) આ ઈરીગેશન બાયપાસ ટનલ પાછળ આશરે કેટલો ખર્ચ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) ઈરીગેશન બાયપાસ ટનલનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) તા. ૩૧-૮-૦૮ સુધીમાં આશરે કુલ રૂા. ૧૪૫.૧૨ કરોડ ખર્ચ થયેલ છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઈરીગેશન બાયપાસ ટનલની અંદર રાજય સરકારે ૧૪૫ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો છે ત્યારે મારે એ જાણવું છે કે આ ટનલમાંથી કયારે પાણી લેવામાં આવ્યું અને એના કારણે રાજયને શું ફાયદો થયો છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આમ તો ગુજરાતમાં નર્મદા યોજનાનો પાયો નંખાયો એ પછી ૪૦ વર્ષ સુધી આ યોજના વિવિધ કારણોસર ખોરંભે પડેલી, કરોડો રૂપિયા વપરાયા છતાં એનો આપણે ઉપયોગ કરી શકયા નહોતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મારી વિનંતી છે કે માનનીય સભ્યશ્રીએ જેટલો પ્રશ્ન પૂછયો એટલા પૂરતો જ જવાબ આપો, આપણે પાંચ મિનિટમાં આ પ્રશ્ન પૂરો કરવાનો છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : નર્મદા યોજનામાંથી પાણી મેળવવું એ મુખ્ય ઉદ્દેશ અને જરૂરિયાત છે એટલે ૨૦૦૦ના વર્ષ સુધી એમાંથી આપણે પાણી નહોતા મેળવી શકયા. એ પાણી મેળવવા માટે જયારે ડેમની હાઈટ ૯૦ મીટરથી ઉપર વધારવાની શરૂઆત થઈ અને ૯૫ મીટરેથી પાણી મેળવવા માટેની રાજયમાં તાતી જરૂરિયાત હતી તે વખતે ૨૦૦૧માં ચાર મીટરની પાયલોટ પાઈપ લાઈન નાખી ટનલ બનાવી થોડું થોડું પાણી લેવાની આપણે શરૂઆત કરી. પ્રથમ પીવાનું પાણીની જરૂરિયાત સંતોષી ત્યારબાદ સરકારને વધારે જરૂરિયાત જણાતા ડેમની હાઈટ જયારે વધે ત્યારપછી ટનલનું કામ થઈ શકે નહિ, વધારે પાણી ભરાય ટનલની અંદર એન્જિનિયરીંગ કામ અધુરું હતું એટલે ૨૦૦૧-૦૨માં આ સરકારે વિશિષ્ટ કામગીરી કરી જે એન્જિનિયરીંગ કામનો વિશિષ્ટ નમૂનો છે. આપણે એટલા બધા ડૂબાણની અંદર કામ કરવાનું હોય ત્યારે ૧૫-૧૫ મીટર વ્યાસની આ બે ટનલ ૧૪૫ કરોડના ખર્ચે ૨૦૦૮માં હમણાં તાજેતરમાં યાંત્રિક કાર્યવાહી સહિત બધી કામગીરી પૂર્ણ કરી છે અને આ ટનલ દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦૨, ૨૦૦૩-૦૪ થી અત્યાર સુધી પાણી લીધું એના કારણે વિવિધ વિસ્તારોમાં આવેલી નદીઓમાં પણ પાણી નાખવામાં આવ્યું છે આખા દેશમાં પ્રથમવાર રીવર ગ્રીડ યોજના એટલે કે એક નદીમાંથી બીજી નદીમાં પાણી નાખીને જરૂરિયાત સંતોષવાનું કામ આખા દેશમાં ગુજરાતે પ્રથમ કર્યુ છે. એનો આપણને લાભ મળ્યો છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : આ ટનલ દ્વારા અત્યાર સુધીમાં કેટલીવાર અને કેટલું પાણી નાખવામાં આવ્યું અને એ કયા હેતુ માટે આપવામાં આવ્યું છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : સન ૨૦૦૨-૦૩થી શરૂ કરીને ૨૦૦૩-૦૪માં આપણે આ પાણી વાપર્યુ છે. ત્યારપછી જેમ જેમ જરૂરિયાત ઉભી થઈ તેમ તેમ એ પાણી વાપરીએ છીએ. આ ગૃહને તથા ગુજરાતની જનતાને જણાવતાં આનંદ થાય છે કે આ માનનીય મુખ્યમંત્રીશ્રીની કુશળ કામગીરીને કારણે ડેમની હાઈટ વધી અને આપણે ૧૨૧.૯૨ મીટરે પહોંચી શકયા છીએ એના કારણે હવે આ ટનલના પાણીની જરૂરિયાત અત્યારે પડતી નથી કારણ કે ડેમના બંને પાવર હાઉસ રીવર બેડ અને કેનાલ બેડ એ બંનેમાંથી પાણી પૂરતું મળી રહે છે. પરંતુ જયારે જરૂર પડે.
કોઈ કુદરતી કારણ :ઉભું થાય તો આ ટનલનું પાણી ૨૫ હજાર ક્યુસૅક સુધી આપણે વાપરી શકીએ છીએ.

**કલ્પસર યોજનાને ભૂકંપથી થનાર અસર**

***૪૫૯૩ ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે-

(૧) કલ્પસર યોજના માટે ભૂકંપથી થનાર અસર બાબતની કામગીરી કઈ કઈ સંસ્થાને સોંપવામાં આવી છે અને

(૨) દરેક સંસ્થા શી કામગીરી કરે છે?

**મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) :**

(૧) કલ્પસર યોજના માટે જરૂરી " ભૂકંપ ઓબ્ઝર્વેટરી સિસ્ટમ " વડોદરા સ્થિત ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા (ગેરી) દ્વારા મૂકવા તેમજ આ કામગીરીનું સમગ્ર દેખરેખ આઈઆઈટી રૂરકી તેમજ આઈએસઆર (ઇન્સ્ટિટ્યૂટ ઑફ સેઈઝમોલજીક રીસર્ચ, ગાંધીનગર)ને સોંપવાનું વિચારણા હેઠળ છે.

(૨) ૧. ગેરી વડોદરા દ્વારા કુલ સાત સેઈઝમીક ઓબ્ઝર્વેટરી સ્ટેશન કલ્પસર સરોવર ફરતે લગાવવાનું વિચારણા હેઠળ છે.

૨. આઈ.આઈ.ટી. રૂરકીને નોડલ સંસ્થા તરીકે કામગીરી સોંપવાનું વિચારણા હેઠળ છે.

૩. આઈ.એસ.આર. ગાંધીનગર દ્વારા ગેરીના પરામર્શમાં સૂચિત ઓબ્ઝર્વેટરી સિસ્ટમની કામગીરીની દેખરેખ કરાવવાનું વિચારણા હેઠળ છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, જે સંસ્થાઓ નક્કી કરવામાં આવી છે, જવાબમાં કહ્યું છે કે આઈ.આઈ.ટી. રૂરકીને નોડલ સંસ્થા તરીકે મૂકવામાં આવી છે. ગેરી વડોદરા દ્વારા. સાત સીસ્મીક ઓબ્ઝર્વેશન સ્ટેશન કલ્પસરોવરની ફરતે લગાવવાનું છે અને આઈ.એસ.આર. દ્વારા ગેરી સાથે પરામર્શ કરીને ઓબ્ઝર્વેટરી સિસ્ટમની દેખરેખ રાખશે. તેમાં મને જણાવવામાં આવ્યું છે કે આ વાત વિચારણા હેઠળ છે. તો મારે એટલું પૂછવું છે કે આ લગભગ કેટલા સમયમાં થશે? કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : જે પ્રમાણે ગુજરાતની નર્મદા યોજના રાજય માટે અતિ ઉપયોગી છે, તેના કામમાં આપણે પૂર્ણતાની દિશા તરફ જઈ રહ્યા છીએ. ત્યારે કલ્પસર યોજના પણ રાજય માટે ખૂબ ઉપયોગી, ખૂબ અગત્યની યોજના છે. આવનારા વર્ષોમાં આ યોજના ગુજરાત માટે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત અને ભાલ વિસ્તારની જરૂરિયાત માટે એટલી બધી ઉપયોગી થવાની છે. તેનું અનેક દૃષ્ટિએ કામ ચાલી રહ્યું છે. તો ગુજરાતમાં જુદા જુદા પ્રકારના ભૂકંપના ઝોન આવેલા છે. ઝોન એકથી માંડીને ઝોન પાંચ સુધીના વિસ્તારમાં ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર આવેલો છે. ત્યારે આટલી મોટી યોજના સરકાર અમલમાં મૂકવા તરફ જઈ રહી હોય ત્યારે ભૂકંપ વિરોધક પગલાં લેવા જરૂરી છે. એટલે કલ્પસરનો સૂચિત વિસ્તાર છે તેની આજુબાજુ પણ અત્યારથી મોનીટરીંગ કરીને ભૂકંપ માપક યંત્રો મૂકવા, તેની રોજીંદી નોંધ લેવી અને નિષ્ણાત દ્વારા તેનું અવલોકન કરાવીને તેના ઉપર પછી કેવા પ્રકારની ડિઝાઈન કરવી, ભૂકંપના કેટલા શકિતશાળી આંચકા આવે છે એ માપવા માટે આ વ્યવસ્થા ભારતની ત્રણેય સંસ્થાઓને (અંતરાય) તેમણે એ જ પૂછ્યું છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીને જવાબ આપવા દો.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : અર્જુનભાઈ, આ કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, તેમની સાથે સીધા વિવાદમાં ઉતર્યા વિના તમે ટૂંકમાં જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આ કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે અને ત્રણ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક એન્જિનિયરીંગ સંસ્થાઓના પરામર્શમાં રહીને તેમના માર્ગદર્શન મુજબ આ કામગીરી ટૂંક સમયમાં અમલમાં આવી જશે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભૂકંપ અવલોકન સ્ટેશનો ગુજરાતમાં કયા કયા સ્થળે બનાવવાના છે એ નક્કી થયેલ છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : મેં અગાઉ કહ્યું તે પ્રમાણે કલ્પસરનો સૂચિત વિસ્તાર છે તેની આજુબાજુ ઓબ્ઝર્વેશન કરવા માટે આપણે સાત સ્ટેશનો મૂકવાનું નક્કી કર્યું છે. એમાં સુરત જિલ્લામાં ઓલપાડ, ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર, ભરૂચ જિલ્લામાં બીજું દહેજ ખાતે, આણંદ જિલ્લામાં ખંભાત, અમદાવાદ જિલ્લામાં ધોલેરા, ભાવનગર જિલ્લામાં તળાજા અને ભાવનગર જિલ્લામાં શિહોર, એટલે જે સૂચિત વિસ્તાર છે એની લગભગ પેરીફેરીમાં આ યંત્રો મૂકાશે.

## પી.જી.વી.સી.એલ.ના ખંભાળીયા ડિવિઝનનું વિભાજન

***૩૬૧૫ શ્રી મેઘજી ડા. કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) વીજ વપરાશકારોને ઝડપી અને વધુ સારી સેવા આપવાના હેતુ માટે પીજીવીસીએલના ખંભાળીયા ડિવિઝનને બે ઝોનમાં વિભાજન કરવા અંગેની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ છે કે કેમ,

(૨) જો હા, તો આ વિચારણા તા. ૨૬-૮-૦૮ની સ્થિતિએ કયા તબક્કે છે અને

(૩) કયાં સુધીમાં આખરી મંજૂરી આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧), (૨) અને (૩) એવી કોઈ દરખાસ્ત કંપનીને મળેલ નથી. પરંતુ કંપની પોતે જ આ વિશે અભ્યાસ કરાવી એના તારણ પ્રમાણે યોગ્ય નિર્ણય લેશે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા જામખંભાળીયા પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝનના વિભાજનની કોઈ દરખાસ્ત છે કે કેમ અને છે તો કેટલા સમયમાં એ પૂર્ણ થશે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર સર્કલમાં ૪ ડિવિઝન આવે છે. જામનગર સીટી-૧, સીટી-૨, જામનગર રૂરલ અને જામખંભાળીયા. જામખંભાળીયાનું ડિવિઝન છે તેમાં જે સબ ડિવિઝન છે તેમાં

ખંભાળીયા રૂરલ અને ભાણવડ આ બન્નેમાં એક સરવે ચાલી રહ્યો છે અને આવતા દિવસોમાં આ સરવે સંપૂર્ણપણે જ્યારે પૂરો થશે અને જરૂરિયાત દેખાશે તો આ સબડિવિઝનનું બાયફરકેશન કરીને નવા સબ ડિવિઝન બનાવવામાં આવશે. એવી જ રીતે જામનગર રૂરલમાં ધ્રોળ સબ ડિવિઝનમાં અત્યારે સરવે ચાલી રહ્યો છે. એ સરવે પૂરો થશે અને જરૂર પડશે તો તેમાં પણ બાયફરકેશન કરવામાં આવશે. **શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જામ જોધપુર લાલપુર મત વિસ્તારમાં આવેલ ખંભાળીયામાં ૬૬ કેવી સબસ્ટેશન બનાવવા માટેની મંજૂરી મળી ગઈ હતી અને એ જુનમાં પૂરું થવાનું હતું. પરંતુ આ બાબતે હજુ સુધી કોઈ કામગીરી થઈ નથી. જમીન સંપાદનની કામગીરી પણ થઈ નથી. તો આ કામગીરી કયા સ્ટેજે છે અને તત્કાળ કનૅક્શન માટે એક લાખ રૂપિયાનું કવોટેશન ભરી દીધા હોવા છતાં તેમને આ કનૅક્શન આપવામાં વિલંબ થાય છે તો તેમને તાત્કાલિક કનૅક્શન મળે તે માટે સરકાર શું વિચારે છે?

**શ્રી સૌરભ પટેલ** : બાયફરકેશન, ડિવિઝન, સબ ડિવિઝન, સબ સ્ટેશનનો પ્રશ્ન છે એટલે માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે, તેઓ નવી નોટિસ આપે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : આ ખંભાળીયા ડિવિઝન નીચે પાંચથી છ ડિવિઝન આવે છે. રાજય સરકારે જે ખેડૂતો માટેની જુદી જુદી યોજનાઓ બનાવી છે એમાં તત્કાળ યોજના, ડ્રીપ ઈરીગેશન જેમાં રેગ્યુલર રીતે કનૅક્શન આપવામાં આવે છે. છેલ્લા થોડા વર્ષોમાં ઘણા બધા કનૅક્શનો આપ્યા. એના કારણે વીજ ગ્રાહકોમાં ઘણો બધો વધારો થયો છે. આ ખંભાળીયા ડિવિઝનને અલગ કરવા માટેની દરખાસ્ત થઈ છે કે કેમ? અને માનનીય મંત્રીશ્રીએ કંપની પોતે અભ્યાસ કરી એના તારણ ઉપર આવે એવું કહ્યું છે તો આ ડિવિઝનમાંથી બે ડિવિઝન કરવા માટેના ધોરણો શું છે? રેવન્યૂ આવકમાં ગ્રાહકોના વીજ ભારણ અને એના ધોરણો શું છે? આ ડિવિઝનનું બે ભાગમાં બાયફરગેશન કરવાની જરૂરિયાત છે એ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની અંદર બહુ જ મોટા પાયા ઉપર વીજ કનૅક્શનો આપવામાં આવે છે અને એના કારણે કંપનીએ પોતે એક સરવે કરવાનું નક્કી કર્યું છે અને રાજયે પશ્ચિમ ગુજરાતમાં જેટલા સર્કલ છે અને જેટલા ડિવિઝન અને સબ ડિવિઝન હોય એનું બાયફરગેશન કરવાનો નિર્ણય લીધો છે. માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. જે ગ્રાહકોના નોર્મ્સ છે એમાં ધ્રોલમાં ૨૫૦૦૦ ગ્રાહકો છે, ભાણવડમાં ૨૩૦૦૦, ખંભાળીયામાં ૧૭૦૦૦ છે. એચ.ટી અને એલ.ટી. લાઈનોમાં ખૂબ મોટા પ્રમાણમાં જરૂરિયાત પડશે. એ જ પ્રમાણે ડિવિઝનનો સરવે કરાવી ડિવિઝનના સબ ડિવિઝન કરવાની જરૂરિયાત પડશે તો ચોક્કસપણે ગ્રાહકોને સારી સુવિધા આપવા માટે ટૂંક સમયમાં સરવેનું કામ કરી ઝડપથી નિર્ણય લઈશું.

**નવસારી જિલ્લામાં પોલીસ સ્ટેશનના મકાન**

***૩૮૧૨ શ્રી છનાભાઈ કા. ચૌધરી (ધરમપુર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી ( રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પાંચ તાલુકા પૈકી કેટલા તાલુકામાં પોલીસ સ્ટેશનનું પોતાનું મકાન છે,

(૨) ક્યા તાલુકામાં પોલીસ સ્ટેશનના મકાન બનાવવાના બાકી છે,

(૩) નવા મકાન બનાવવા ગૃહ વિભાગ તરફથી શી કાર્યવાહી કરવામાં આવી, અને?

(૪) કેટલા સમયમાં નવા મકાન બનાવવામાં આવશે?

**પોલીસ આવાસો મંત્રીશ્રી:**

(૧) નવસારી જિલ્લાના પાંચ તાલુકાના સાત પોલીસ સ્ટેશનોની સ્થિતિ તાલુકાવાર નીચે મુજબ છેઃ-

| | તાલુકાનું નામ | પો.સ્ટે.નું નામ | પો.સ્ટે.ની સ્થિતિ |
|---|---|---|---|
| (૧) | નવસારી | ૧-નવસારી ટાઉન | પોતાનું |
| | | ૨-નવસારી ગ્રામ્ય | ભાડાનું |
| (૨) | ગણદેવી | ૧-ગણદેવી પો.સ્ટે. | ભાડાનું |
| | | ૨-બીલીમોરા પો.સ્ટે. | ભાડાનું |
| (૩) | ચીખલી | ૧-ચીખલી પો.સ્ટે. | ભાડાનું |
| (૪) | વાંસદા | ૧-વાંસદા પો.સ્ટે. | પોતાનું |
| (૫) | જલાલપોર | ૧-જલાલપોર પો.સ્ટે. | પોતાનું |

(૨) નવસારી જિલ્લાના પાંચેય તાલુકામાં નીચેની વિગતે નવા પોલીસ સ્ટેશનના મકાન બનાવવાના થાય છે. :-

| | | |
|---|---|---|
| (૧) | નવસારી ગ્રામ્ય પો. સ્ટે. | ભાડાના હોવાથી |
| (૨) | ગણદેવી પો. સ્ટે. | |
| (૩) | બીલીમોરા પો. સ્ટે. | |
| (૪) | ચીખલી પો. સ્ટે. | |
| (૫) | વાંસદા પો. સ્ટે. | જુના થઈ ગયા હોવાથી |
| (૬) | જલાલપોર પો. સ્ટે. | |

(૩) અને (૪) નવસારી ગ્રામ્ય, ગણદેવી, બીલીમોરા અને જલાલપોર પો.સ્ટે. માટે જમીન મેળવવાની બાબત કલેક્ટરશ્રી, નવસારી સાથે પરામર્શમાં છે. ચીખલી પો. સ્ટે. માટે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા બાંધકામ માટેના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે. વાંસદા પોલીસ સ્ટેશન જુનું થઈ ગયું હોઈ, કન્ડેમ કરી નવું મકાન બનાવવા પોલીસ મહાનિર્દેશકશ્રીની સન ૨૦૦૮-૦૯ ની અગ્રતાયાદીમાં સમાવેશ કરેલ છે. જલાલપોર પોલીસ સ્ટેશનનું મકાન પોતાનું છે. પરંતુ જુનું થઈ થયું હોઈ સાગરખેડૂ યોજના હેઠળ તેને અપગ્રેડ કરવાનું હોઈ, વધારે જમીનની જરૂરીયાત છે. જે માટેની પ્રક્રિયા ચાલુ છે.

સમગ્ર રાજ્યની પરિસ્થિતિ ધ્યાને રાખી અગ્રતાક્રમ નક્કી થયેથી બાંધકામ કરવાનું આયોજન છે.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના છએ છ પોલીસ સ્ટેશનનો પ્રશ્ન કર્યો છે એનો સંતોષકારક જવાબ મળ્યો છે. પણ ખૂબ લાંબા સમયથી આ પોલીસ સ્ટેશનો બન્યા છે. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, તો અત્યારે પ્રજાના રક્ષકોને સારી સુવિધાસભર પોલીસ સ્ટેશનો કેટલા સમયમાં આપવા માગો છો? એ મારે જાણવું છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ હાઉસીંગ સમગ્ર ગુજરાતમાં સારામાં સારી સ્થિતિમાં છે અને રાજયોમાં ગુજરાત રાજય પ્રથમ નંબરનું રાજય છે. સોએ ૮૦ ટકા પોલીસ કર્મચારી/ અધિકારીઓ માટે પાકા રહેવાના મકાનો આપણે પૂરા પાડવામાં સફળ રહ્યા છીએ. પરંતુ સભ્યશ્રીની જે લાગણી છે એ લાગણીને ધ્યાનમાં રાખીને આવતા ત્રણ વર્ષની અંદર નવસારી, ડાંગ અને દાહોદ જે નવા રચાયેલા જિલ્લા છે એમાં બધા જ જૂના પોલીસ સ્ટેશનો અને ભાડાના મકાનો છે એ નવા થાય એ પ્રકારનું આયોજન કરેલ છે.

**ખાદી અને ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ માટેની યોજના**

***૩૯૧૮ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને વેગવંતી બનાવવા સરકાર દ્વારા શી યોજના બનાવવામાં આવી છે,

(૨) ગુજરાત સુવર્ણ જયંતી કાર્યક્રમ સ્વર્ણીમ ગુજરાત હેઠળ ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રમાં કારીગરોને શું નવા લાભ આપવા સરકારની યોજના છે,

(૩) ખાદી અને ગ્રામોદ્યોગના વેચાણ માટે ખાસ વળતર આપવાની સરકારની યોજના છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની વિગતો શી છે?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજય કક્ષા)** :

(૧) ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસની ચાલુ યોજનાઓના અમલ ઉપરાંત છેલ્લા બે વર્ષમાં ખાદી વેચાણ વળતર ૯૦ દિવસથી વધારી ૧૦૮ દિવસ કરવામાં આવ્યું છે. અંબર ચરખા અને શાળાઓના રિપ્લેશમેન્ટની યોજના મંજૂર કરવામાં આવી છે.

(૨) ખાદી કારીગરોના વણાટ અને કાંતણ સહાય દરોમાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ છે.

(૩) હા, જી.

(૩) ગાંધી જયંતિ નિમિત્તે ૧૦૮ દિવસ માટે ખાદી વેચાણ પર ૧૦ ટકા વેચાણ વળતર આપવામાં આવે છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જણાવ્યું છે એ પ્રમાણે અંબર ચરખા અને સાળોની અંદર રીપ્લેસમેન્ટ આપવાની વાત કરી છે પણ એ રીપ્લેસમેન્ટ કર્યા પછી એનું ઉત્પાદન વધશે, કારીગરોને વધારે નાણા એમના કામદારોના વેતનના રૂપમાં ચૂકવવા પડશે તો એ નાણા ચૂકવવા માટે જે સંસ્થાઓને પૈસાની જરૂર પડશે વર્કીંગ ફંડની જરૂર પડશે એ લોનના રૂપમાં બધી સંસ્થાઓને આપવા માટે સરકારની વિચારણા છે કે કેમ? એ એક, બીજું આપણા ગુજરાતનીં અંદર પરપ્રાંતની ખાદીનું વેચાણ પણ થાય છે. છેલ્લા ત્રણ વર્ષથી આ ખાદીના વેચાણ પર કમીશન આપવાનું બંધ કરેલ છે તો સરકાર આ પરપ્રાંતની ખાદી પર ફરીથી વેચાણ પર કમીશન આપવા માગે છે કે કેમ? અને ત્રીજો પ્રશ્ન એ છે કે આપણા ગુજરાતની અંદર જે

ખાદી બને છે એનાથી લગભગ ત્રણ કરોડની ખાદી તો માત્ર રેલવે ડિપાર્ટમેન્ટ, ભારતનું લે છે તો આપણી જેટલી સરકારી કચેરીઓ છે અને ગેસ્ટ હાઉસ છે એની અંદર આ ખાદીની ઉત્પાદિત વસ્તુઓ લઈ અને ખાદીની જે પ્રવૃત્તિઓ છે એને વધારે વેગવાન બનાવવા સરકાર માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે અંબર ચરખાની જે યોજના છે એ યોજના બેઝીકલી જૂના મશીનો છે એને રીપ્લેસમેન્ટની યોજના છે. વર્ષોથી ૧૫-૨૦ વર્ષ જૂના ચરખા હોય એટલે સ્વાભાવિક છે કે એની ટૅક્નૉલૉજી જૂની હોય એટલે રીપ્લેસમેન્ટ કરવાની જરૂર પડે અને એના કારણે સરકારે જે યોજના કરી છે એની અંદર અંબર ચરખા માટે ૫૨ યુનીટ ૮હજાર રૂપિયા, ટ્રેડીશનલ લૂમ માટે ૧૮હજાર રૂપિયા, સૅમી ઑટોમૅટીક લૂમ માટે ૨૫ હજાર રૂપિયા એ ભાવ નક્કી કરી ૬૫ ટકા રાજય સરકાર આની અંદર ગ્રાન્ટ આપે છે અને બેનીશીફરીને ૩૫ ટકા કરવા પડે છે એટલે આના કારણે જે નવી લૂમ આવે એનાથી પ્રોડકટીવીટી વધે છે એટલે મારે સભ્યશ્રીને જાણ કરવી કે રો મટિરિયલ માટેની કે એને એને લીકવીડીટી આપવા માટે કે વર્કીંગ કેપીટલ આપવા માટે આ યોજના નથી. એનું મૂળ જે કેપીટલ છે એ કેપીટલ માટેની આ યોજના છે એટલે એમનું જે વર્કીંગ કેપીટલ માટેનું સૂચન છે એ અમે ધ્યાનમાં રાખીશું અને બીજું જે એમણે વાત કરી કે આવતા દિવસોની અંદર બહારથી જે વેચાણ અહીંયા આવી રહ્યું છે ખાદીનું અને એમણે જે બીજી વાતો કરી પ્રોત્સાહન આપવા માટેની એ સૂચનો છે એ અમે ચોક્કસપણે વિચારીશું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા જવાબમાં મને જવાબ મળી ગયો છે,

## અમદાવાદમાં થયેલ બૉમ્બ ધડાકામાં સીમીની સંડોવણી

***૩૭૫૩ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલા બૉમ્બ ધડાકાઓમાં સીમીની સંડોવણી છે એ હકીકત સાચી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ ધડાકાઓના કેસોમાં થયેલ પોલીસ તપાસ દરમિયાન આરોપીઓએ પોતે સ્વીકારેલ છે કે તેઓ સીમીના કાર્યકરો છે.

ઉપરાંત બોમ્બ ધડાકાઓના ગુનાઓની તપાસ દરમિયાન પોલીસને જે પુરાવાઓ ઉપલબ્ધ થયા છે, તેના પરથી પણ સ્પષ્ટ થાય છે કે તેઓ સીમી સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

તમામ આરોપીઓના ઈતિહાસ જોતાં તેઓ સીમી સંસ્થા સાથે સંકળાયેલા છે, તેવું સ્પષ્ટ થાય છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગે છું કે આતંકવાદ અને સંગઠીત ગુનાખોરીને ડામવા માટે સરકારશ્રી તરફથી કોઈ કાયદો ઘડવામાં આવેલ છે કે કેમ અને જો ઘ ડવામાં આવેલો હોય તો તેની વિગત આપવી અને મારો બીજો પ્રશ્ન છે કે તાજેતરમાં અમદાવાદમાં જે બોમ્બ બ્લાસ્ટ થયા એમાં કેટલી વ્યકિતઓ મૃત્યુ પામી છે અને કેટલી વ્યકિતઓને ઈજા થઈ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે છેલ્લે બોમ્બ બ્લાસ્ટ અમદાવાદમાં થયા એમાં અમદાવાદ શહેરમાં ૫૪ વ્યકિતઓ, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારની ૨ વ્યકિતઓ એમ કુલ ૫૬ વ્યકિતઓના મૃત્યુ થયાં છે. ૨૫૨ અમદાવાદ શહેરની વ્યકિતઓને ઈજા થઈ છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ૮ વ્યકિતઓને ઈજા થઈ છે આમ કુલ ૨૬૦ વ્યકિતઓને ઈજા થઈ છે. બીજો પ્રશ્ન એમણે જે પૂછયો કે આવો કોઈ કાયદો ઘડ્યો છે કે નહીં? ખરેખર તો આતંકવાદને ડામવા માટે પોટાનો કાયદો હતો. એ પોટાનો કાયદો યુ.પી.એ. સરકારે રદ કરી નાખ્યો, (શેઈમ શેઈમના પોકારો) અને માનનીય અધ્યક્ષશ્રી, રદ કર્યા પછી એક સંગઠિત ગુનાખોરીને ડામવા માટે જેના દ્વારા આતંકવાદને પણ નશ્યતમાં લઈ શકાય, આતંકવાદીઓને પણ એ પ્રકારનો એક કાયદો આ જ સન્માનનીય સભાગૃહે પસાર કર્યો. ૨૦૦૪ની અંદર સૂચવેલા સુધારાઓ પણ કર્યા અને સુધારાઓ કર્યા પછી રાષ્ટ્રપતિ સાહેબને આપણે મંજૂરી માટે મોકલ્યો છે, કારણ કે એમાં કેન્દ્ર સરકારની મંજૂરીની જરૂર પડે છે પરંતુ આ આખી પ્રક્રિયા દરમિયાનમાં કેન્દ્રમાં સરકાર બદલાઈ અને ત્યારથી આ કાયદા પર ના તો કોઈ હા પડે છે, ના તો ના પાડે છે. આ કાયદો ચાર વર્ષથી આમનો આમ પડી રહ્યો છે. સોળ-સોળ વખત ગુજરાતની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી સ્તરે, અગ્રસચિવશ્રી, ગૃહ વિભાગ સ્તરે પત્રો લખ્યા, રિમાઈન્ડરો કર્યા છે પણ* (xxxxx) અને ગુજરાતની પ્રજાને આતંકવાદ સામે રક્ષણ આપવા માટે કોઈ કાયદાની વ્યવસ્થા નથી થઈ શકી. આ કાયદો જલદીમાં જલદી પસાર થાય એટલા માટે બન્ને પક્ષના સભ્યોને હું વિનંતી કરું છું કે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિશ્રીને કોંગ્રેસ પક્ષના મિત્રો પણ પત્રો લખે. ભા.જ.પ.નાએ તો લખેલા છે પણ કોંગ્રેસના મિત્રો લખે અને આને મંજૂર કરાવે. (અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ફતેસિંહભાઈ, મંત્રીશ્રી જવાબ આપે છે. એમને જવાબ આપવા દો. ખુમાનસિંહભાઈ પહેલા મંત્રીશ્રીનો જવાબ સાંભળો.* (xxxxx) એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે.... (શ્રી અર્જુનભાઈ મોઢવાડીઆ બેઠા બેઠા કંઈક બોલતાં...

**અધ્યક્ષશ્રી** : આપ બેઠા બેઠા ધ્યાન દોરો છો પણ જેણે જેણે આંગળી ઊંચી કરી એના નામો લખેલા છે અને એ પ્રમાણે હું ચાન્સ આપવાનો છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૬મી જુલાઈએ ૧૭ જેટલા બૉમ્બ બ્લાસ્ટ કરીને ગુજરાતની ધરાને રક્ત રંજિત કરવાનો નરાધમ આતંકવાદીઓએ પ્રયાસ કર્યો. અમદાવાદના બ્લાસ્ટના કોઈ આતંકવાદીઓ દિલ્હીના બ્લાસ્ટ સાથે સંકળાયેલા છે કે કેમ? અને જો સંકળાયેલા હોય તો કોણ કોણ અને કઈ કઈ રીતે? બીજું કે જે સીમી નામની સંસ્થાનો ઉલ્લેખ થયો એ સંસ્થા ઉપર દિલ્હી કોર્ટે પહેલા પ્રતિબંધ હટાવ્યો અને ફરી પાછો પ્રતિબંધ થયો. તો આવું કેમ બન્યું હશે? માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ મહારાષ્ટ્રમાં મકોકા છે તો* (xxxxx).

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી તમારું છેલ્લું વાક્ય કાઢી નાખું છું.

**શ્રી અમિત શાહ** : જ્યાં સુધી દિલ્હીના બૉમ્બ બ્લાસ્ટનો સવાલ છે ત્યાં સુધી એવું ચોક્કસપણે કહી શકાય કે અમદાવાદ બૉમ્બ બ્લાસ્ટમાં જે લોકોએ ભાગ લીધો એમાંથી કેટલાક લોકોએ દિલ્હી બૉમ્બ બ્લાસ્ટની સાજીશ કરી છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે અમદાવાદ પોલીસ પાસેથી મેળવેલ સૂચનાના આધાર પર જ દિલ્હીમાં આ એકશન થયું છે અને આતંકવાદીઓને પકડવામાં સફળતા મળી છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે જે સંસ્થા, જાહેર નામ છે એ સીમી સાથે સંકળાયેલ લોકોએ દેશમાં ૧૨ જગ્યાએ બૉમ્બ ધડાકાઓ કરેલા છે. એ લોકો સીમીના પદાધિકારીઓ છે, સીમીના હોદેદ્દારો રહેલા છે અને એમણે જ આ ષડ્યંત્ર બનાવ્યું. જ્યાં સુધી બાનનો સવાલ છે ત્યાં સુધી ૨૦૦૧માં એન.ડી.એ.ની સરકારે સીમી ઉપર બાન મૂક્યો હતો અને આ વખતે પણ બાન ઉપર પુનઃવિચારણા કરવા માટે ટ્રિબ્યુનલની રચના થઈ હતી. બધી સરકારો સાથે સંકલન કરીને ભારત સરકારે પુરાવાઓ રજૂ કરવાના હતા. પરંતુ સંકલિત પુરાવા યોગ્ય રીતે રજૂ ન થવાના કારણે કેટલાક દિવસ માટે આ બાન ઊઠી ગયો હતો અને પછી આ પ્રશ્ન સુપ્રીમ કોર્ટમાં જતાં સુપ્રીમ કોર્ટે ફરી એકવાર આ સંસ્થા ઉપર બાન મૂક્યો છે. આજે સીમી એ બાન મૂકેલી સંસ્થા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જે સીમી સંસ્થા છે એના બે કાર્યકરો સફદર નાગોરી અને આમીલ પરવેઝ એની ૨૭મી માર્ચે ઈંદોર પોલીસે ધરપકડ કરી હતી. આ બન્ને આરોપીઓ અત્યારે પણ જેલમાં છે. બૉમ્બ ધડાકા થયા ત્યારે જેલમાં હતા. ૨૭મી માર્ચે એમણે નિવેદન આપ્યું હતું. એમાં એમ હતું કે અમે હાલોલમાં કેમ્પ કરેલો છે. એમાં એમણે જે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના ૧૧ લોકો પકડાયા એ એગિયારે અગિયારના નામ એમાં છે. મધ્યપ્રદેશની પોલીસ પાસે આટલું નિવેદન પડેલું હોય, રાજ્ય સરકાર પાસે એની પૂરી માહિતી હોય અને * (xxxxx) એવું ભાષણ કરતાં હોય અને તો અહીંયા (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ મેં પહેલા પણ કહ્યું છે અને અહીંયા પણ કહું છું, રાજકીય અવલોકન (અંતરાય) નહિ, નહિ, પ્લીઝ બેસી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, યુ.પી.એ. વિષે ગમે તે કહી શકાય.

**અધ્યક્ષશ્રી** : રાજકીય અવલોકન સિવાયનો પ્રશ્ન આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : યુ.પી.એ. વિષે ગમે તે કહી શકાય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ત્યાં પણ મેં રાજકીય અવલોકન રોક્યા જ છે. એમના શબ્દો મે કાઢી નાંખ્યા છે. (અંતરાય) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, એ શબ્દો કાઢી નાખ્યાં છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે આટલી માહિતી હોવા છતાં મધ્યપ્રદેશમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ હોવા છતાં આ સરકારે આ અગિયાર કાર્યકર્તાઓની પૂછપરછ શું કરવા ના કરી. માત્ર ગુજકોક અને પોટાના નામે રાજનીતિ કરવા નહોતી કરી. મારી પાસે આ ડોક્યુમેન્ટ છે. ગૃહ ઇચ્છે તો હું ડોક્યમેન્ટ ગૃહમાં રજૂ કરવા હું તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, શ્રી અર્જુનભાઈ આપના પ્રશ્નનો જવાબ એ આપે પણ આપે જે રાજકીય અવલોકન કર્યા છે એ કાઢી નાખું છું. (અંતરાય) બંને બાજુ કાઢી નાંખ્યાં છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ બાજુએ (અંતરાય)

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : બંને બાજુએ, *(xxxxx) એ શબ્દો મેં કાઢી નાંખ્યા છે. આ બાજુ પણ જે શબ્દો વપરાયા મુખ્યમંત્રીશ્રીને લગતા છે એ કાઢી નાંખું છું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે રાજકીય અવલોકનો ના કાઢો. પરંતુ હવે હું જે અવલોકન કરવાનો છું એ રેકર્ડ ઉપર રાખજો. કારણ કે ગુજરાતની આગામી સમયની સુરક્ષા માટે આ કિંમતી અવલોકનો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, માનનીય મંત્રીશ્રી રાજકીય અવલોકનો કર્યા વીના પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા એમણે જે રાજકીય અવલોકન કર્યુ એવા અવલોકનો કરવા નથી માગતો પણ હકીકત હું બયાન કરવા માગું છું કે આ રાજ્ય સરકારની અને આ રાજ્યના મુખ્યમંત્રીની ટેરેરિસ્ટો પ્રત્યેની નીતિ એ કડકમાં કડક નીતિ છે, અને એમને ના છોડવાની નીતિ છે. કોઈ પણ ભોગે આતંકવાદીઓથી રાજ્યની પ્રજાની સુરક્ષા કરવાની નીતિ આ ભારતીય જનતા પાર્ટીની સરકારની અને રાજ્યના મુખ્યમંત્રીની છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન તમે સાંભળો. શ્રી અર્જુનભાઈ એમણે રાજકીય અવલોકનો નહિ પણ જે હકીકત છે એ કહે છે. પ્રશ્નના ઉપર તમે જ્યારે કહું ત્યારે જવાબ નથી આપતા, રાજકીય અવલોકનની પરિસ્થિતિ, તમે આખો જવાબ સાંભળો. તમે માહિતી (અંતરાય) જો ભાઈ તમારી પાસે માહિતી હતી તો માહિતીને બીજી અનેક રીતે આપણા નિયમોના નિયમના તમે જાણકાર છો. પ્રશ્નોત્તરીની અંતર એની જે મર્યાદા રહે છે એ મર્યાદામાં રહીને મેં તમને માહિતી આપવા દીધી છે, હવે તમે જવાબ આપવા દો. મંત્રીશ્રી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈ રાજકીય અવલોકન નથી કર્યુ. મેં રાજ્યની સરકાર અને રાજ્યના મુખ્યમંત્રીએ અખત્યાર કરેલ નીતિની વાત કરી છે એ ઝીરો ટોલરન્સની નીતિ છે. ઝીરો ટોલરન્સની નીતિથી અમે કામ કરી રહ્યાં છે અને સમગ્ર દેશે ઝીરો ટોલરન્સની નીતિથી આતંકવાદીઓ સામે કામ કરવું જોઈએ અને દેશની પ્રજાને સુરક્ષા પૂરી પાડવી જોઈએ. પરંતુ હું સમજી શકું છું કે (અંતરાય) અરે આપું જવાબ, જરા સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકું છું કે * (xxxxx) જ્યારે અબુ બસર પકડાયો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : * (xxxxx) એ શબ્દો કાઢી નાખું છું તમે જવાબમાં આગળ ચાલો. (અંતરાય) જવાબ તો આપવા દો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અબુ બસર પકડાયો એ વખતે એક પક્ષના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ત્યાં ખરખરો કરવા ગયા. અબુ બસરના ઘરે ખરખરો કરવા ગયા. અને એના ઘરે સાંત્વના આપી. પછી કયાંથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર, અર્જુનભાઈ તમે એમનો જવાબ સાંભળી લો. પછી તમારી પાસે આવું છું. સિધ્ધાર્થભાઈ એમનો જવાબ પૂરો થવા દો. ખુમાનસિંહભાઈ. એમનો જવાબ પૂરો થવા દો ( અંતરાય) ખુમાનસિંહભાઈ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય), માનનીય સિધ્ધાર્થભાઈ મારો જવાબ તો પતી જવા દો, સાહેબ મારો જવાબ બાકી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી તમે જવાબ આપો. (અંતરાય) મધુભાઈ મંત્રીશ્રી જવાબ આપે છે, તમે જવાબ મુદ્દાવાર આપી દો.

**શ્રી અમિત શાહ** : હા, હું ટૂંકમાં આપી દઉં ( અંતરાય) બેસો મારો જવાબ બાકી છે.

**અધ્યક્ષશ્રી** : સિધ્ધાર્થભાઈ એમનો જવાબ પૂરો થાય પછી હું તમને તક આપું છું. ( અંતરાય) જગદીશભાઈ એમનો જવાબ (અંતરાય)

**શ્રી અમિત શાહ** : એનો પણ આપું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનો જવાબ નહીં આવે તો હું અર્જુનભાઈને ફરી પ્રશ્ન પૂછવાની તક આપીશ, સિધ્ધાર્થભાઈ. શ્રી અર્જુનભાઈએ જે મુદ્દા ઊભા કર્યા છે એનો વિગતવાર જવાબ આપો, ઑર્ડર, ઑર્ડર, આ બાજુથી આપના મંત્રીશ્રી જવાબ આપે છે એને આપનો પણ સહયોગ હોવો જોઈએ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, ઘણા સમય પહેલાં ગુજરાત પોલીસ પાસે આવી માહિતી હતી, સફદર નાગોરીની ધરપકડ થઈ એ વખતના પોલીસ નિવેદનમાં આ વાત લખેલી હતી અને ગુજરાત પોલીસની નિષ્કાળજીથી આ ઘટના થઈ છે આ અર્જુનભાઈ એ ઉપસ્થિત ( અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપની (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ (અંતરાય) પ્લીઝ સીટ ડાઉન (અંતરાય) આપ જવાબ પૂરો કરો (અંતરાય) માનનીય મંત્રીશ્રીનો જવાબ (અંતરાય) મફતભાઈ, હું બધા સભ્યોને કહું છું કે, આપે ઊભા થવાની જરૂર નથી

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મંત્રીશ્રી જવાબ આપે છે અને જ્યાં સુધી એમનો જવાબ પૂરો ન થાય ત્યાં સુધી બંને બાજુથી કોઈ પણ સભ્ય ઊભા ન થાય અને કોઈને પ્રશ્ન પૂછવો હશે તો હું તક આપીશ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહની આગળ ખૂબ ગંભીર પ્રકારની વાત અર્જુનભાઈએ મૂકી છે. આજે ગૃહના માધ્યમથી સમગ્ર ગુજરાતની પ્રજાની જાણકારી માટે હું હકીકત કહેવા માગું છું, સફદર નાગોરીની ધરપકડ થઈ એ વખતે ગુજરાતમાં બૉમ્બ બ્લાસ્ટ નહતા થયા, સફદર નાગોરીની ધરપકડ થઈ એમનું પોલીસ નિવેદન થયું એમાં આ બધી કોઈ વાતની ચોખવટ છે નહીં. સફદર નાગોરીના એક નાર્કો ટેસ્ટમાં ગુજરાતની અંદર પણ મિટિંગ કરી હતી આવો ઉલ્લેખ છે અને એમણે એમના કેટલાક સાગરીતોનાં નામ આપ્યા છે એ પૈકી અબ્દુલ સુભાન તૌકીર અને બીજો એક સાગરીત બંને અત્યારે ભાગતા ફરે છે એ હકીકત છે.પરંતુ એ બંને ગુજરાતના વ્યકિતઓ નથી અને અર્જુનભાઈએ જે જવાબદારીનો મુદ્દો ઊભો કર્યો, માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા રાજયોમાં, જુદા જુદા રાજયોની પોલીસ, જુદા જુદા ગુનેગારોને પકડે એના ઈન્ટ્રોગેશન સ્ટેટમેન્ટ થાય અને નાર્કો એનાલીસીસ થાય આ બધા જ સેન્ટ્રલ બી.આઈ.ને આપે છે અને બે રાજયો વચ્ચે સંકલન કરવાની જવાબદારી ભારત સરકારના જાસૂસી ખાતાની છે અને જો માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) જો ભારત સરકારના જાસૂસી ખાતાએ આ માહિતી સમયસર આપી હોત તો ગુજરાત પોલીસે એના ઉપર ચોક્કસ પગલાં લીધાં હોત, ભારત સરકારના જાસૂસી ખાતાએ આ બાબતમાં એક પણ માહિતી (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** ખુમાનસિંહભાઈ પ્લીઝ (અંતરાય) ખુમાનસિંહ તમારે પ્રશ્ન પૂછવો હોય તો ઊભા થજો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના જાસૂસી ખાતાએ આ પ્રકારની કોઈ માહિતી ગુજરાત સરકારના જાસૂસી ખાતાને કે ગુજરાતના ડી.જી.પી.ને આપી નથી એટલે જો કોઈની જવાબદારી થતી હોય, હું એવું નથી કહેતો કે ભારત સરકારની જવાબદારી થાય પરંતુ અર્જુનભાઈ કહે છે એ રીતે જો કોઈની જવાબદારી ફીકસ કરવી હોય તો ચોક્કસ સેન્ટ્રલ આઈ.બી.ની જવાબદારી ફીકસ થાય છે.

**અધ્યક્ષશ્રી:** શ્રીસિધ્ધાર્થભાઈ (અંતરાય) અર્જુનભાઈ બેસી જાઓ, આપના પક્ષના(અંતરાય) પહેલા સિધ્ધાર્થભાઈને કોલ કર્યા છે, સિધ્ધાર્થભાઈ પછી હું તમને તક આપીશ (અંતરાય) સિધ્ધાર્થભાઈ. હું તક આપવાની કયાં ના પાડું છું. પહેલાં સિધ્ધાર્થભાઈ પ્રશ્ન પૂછે, સિધ્ધાર્થભાઈને મેં તક આપી છે, એમનું હું નામ બોલ્યો છું, હું તમને તક આપીશ, હું ના પાડતો જ નથી (અંતરાય) સિધ્ધાર્થભાઈ આપને પૂછવું છે? **શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ (અંતરાય) એમના જવાબમાં મધ્યપ્રદેશની સરકારે આ માહિતી કેન્દ્ર સરકાર મારફતે ગુજરાત સરકારને નહોતી મોકલાવી એવી જાતની વાત કરી પણ કેન્દ્ર સરકારે આ માહિતી ચાર મહિના પહેલા ગુજરાત સરકારને મોકલાવી હતી અને એમ છતાંય એની સામે કોઈ કાર્યવાહી ગુજરાત સરકારે કરી નથી. પુરાવા છે કે આ માહિતી ચાર મહિના પહેલા રાજય સરકારને મોકલવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રીને મારે બીજી વાત કરવી છે. આતંકવાદ દેશમાંથી કે ગુજરાતમાંથી નાબૂદ કરવાની કટિબદ્ધતા આપણા સૌનામાં છે. આતંકવાદ નાબૂદ થવો જોઈએ એ વાતમાં કોઈ બેમત હોઈ શકે જ નહીં..અંતરાય..

**અધ્યક્ષશ્રી** :ઓર્ડર..ઓર્ડર.. સિદ્ધાર્થભાઈ, સીધા પ્રશ્ન ઉપર આવો. ભરતભાઈ, પ્લીઝ, હેલ્પ અસ.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : સાહેબ, ગુજકોકનો કાયદો ગુજરાત વિધાનસભામાં પસાર થયો. કયા સંજોગોમાં...

**અધ્યક્ષશ્રી** : એની ચર્ચા આવવાની જ છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : હું પ્રશ્ન જ પૂછું છું સાહેબ. આ કાયદો ૨૦૦૧માં કેન્દ્ર સરકારને મોકલવામાં આવ્યો. ૨૦૦૧થી ૨૦૦૪ સુધી આ કાયદો કેન્દ્ર સરકારે મંજૂર કર્યો નહીં. * (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) અને કેટલાક ઓબ્જર્વેશનો સાથે આ કાયદો ગુજરાત સરકારને પરત મોકલવામાં આવ્યો કારણકે તે વખતની કેન્દ્ર સરકાર પણ એમ માનતી હતી કે આ કાયદાના પ્રાવધાનો..

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ, સિમી અંગેનો સવાલ છે, નહીં, નહીં નોટ એલાઉ હું આ પ્રશ્ન એલાઉ નથી કરતો. સિદ્ધાર્થભાઈએ જે અવલોકનો કર્યા છે એ હું કાઢી નાખું છું કારણકે એની અંદર આવતા જ નથી સિદ્ધાર્થભાઈ, આઈ એમ સોરી. તમે સિનિયર મેમ્બર છો. સિમી અંગેના પ્રશ્નના પૂરક પ્રશ્નની અંદર ગુજકોક આવતો જ નથી.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને જવાબ આપવા દો. એમના પ્રશ્નનો જવાબ મંત્રીશ્રીને આપવા દો.

**અધ્યક્ષશ્રી** : આપના બે પ્રશ્નો આવી ગયા છે હવે મંત્રીશ્રીને જવાબ આપવા દો. આપના વિરોધ પક્ષના નેતાશ્રી મારી સામે ઘડિયાળ બતાવે છે. એ ઘડિયાળ બતાવે છે એટલા માટે હું કહું છું કે તમારો પ્રશ્ન આવી ગયો છે અને મંત્રીશ્રી જવાબ આપે છે.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક એડવર્ટાઈઝના આધાર પર હમણાં થોડા દિવસ પહેલા જ અખબારમાં આવી હતી. કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ, આ ગૃહની અંદર આવડો મોટો ગંભીર આરોપ લગાવે એ મારા માટે આશ્ચર્યની બાબત છે. ગુજકોકનો કાયદો ૨૦૦૩માં જયારે એન.ડી.એ.ની સરકાર ત્યાં હતી. અને અહીયા ભારતીય જનતા પાર્ટીની સરકાર શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હતી, તે વખતે પસાર થયો અને પસાર થયા પછી કેન્દ્ર સરકારને મંજૂર કરવા માટે મોકલ્યો. વચગાળામાં મુંબઈ હાઈકોર્ટે મકોકા કાયદાની બે કલમો રદ કરી અને એ જ કલમો ગુજકોકની અંદર હતી, એટલે ભારત સરકારે એ બે કલમો રદ કરી, અને પરત બિલ મોકલો એ પ્રમાણે કહ્યુ, એટલે એ પ્રકારે સુધારા માટે મોકલ્યું, જે પરત કર્યા પછી અમે તરત મોકલી આપ્યું છે. રેકર્ડ ઉપર સ્પષ્ટતા રહે કે એન.ડી.એ. સરકારે કોઈ દિવસ ગુજકોક કાયદો રિજેકટ નથી કર્યો. એન.ડી.એ.ની સરકારે ગુજકોક કરવા માટે અહીયા મોકલ્યો હતો. અમે મંજૂર કર્યો. હાઈકોર્ટના હુકમને આધીન બે કલમો રદ કરવાની હતી એ બે કલમો રદ કરી છે અને એ રદ કર્યા પછી મોકલ્યો અને પછી તરત યુ.પી.એ. ની સરકાર આવી અને • (xxxxx) આ કાયદો અત્યાર સુધી મંજૂર નથી થતો. આરોપો શેના કરો છો? તમારા પોતાના એક્ટને જુઓ, તમારા પોતાના એક્શનને જુઓ.

**અધ્યક્ષશ્રી** : * (xxxxx) શબ્દ કાઢી નાખું છું. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૧

## ટપક સિંચાઈ યોજનાથી થયેલ લાભ

***૪૫૭૧ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે :

ટપક સિંચાઈ હેઠળ સરકારે વર્ષ ૨૦૦૫ માં નવી યોજના જાહેર કરી ત્યારથી તા. ૩૦ જૂન, ૨૦૦૮ ની સ્થિતિએ કેટલા વિસ્તારને લાભ મળેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા ) :**

ટપક સિંચાઈ હેઠળ સરકારે વર્ષ-૨૦૦૫ માં નવી યોજના જાહેર કરી ત્યરથી ત્રણ વર્ષમાં રાજયના ૧,૦૦.૫૯૨ હેક્ટર વિસ્તારને લાભ મળેલ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટપક સિંચાઈ યોજનાને કાર્યરત કરવા માટે સરકારે કોઈ નીતિ-નિયમો નક્કી કર્યા છે અને કર્યા હોય તો એના ધારાધોરણો શું છે? અને ૨૦૦૫ થી અત્યાર સુધીમાં ટપક સિંચાઈ પદ્ધતિની યોજના કરી એમાં જે સમગ્ર વિસ્તારને લાભ મળ્યો એમાં પાણીની અને વીજળીની કેટલી બચત થઈ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અત્યાર સુધી જે ભૂતકાળમાં સિંચાઈ થતી હતી, એ ફ્લો ઈરિગેશનથી થતી હતી. રાજયના વધુ ખેડૂતોને વધુ પાણી પહોંચે, એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૫ માં ગુજરાત રાજયમાં આમૂલ ક્રાંતિ લાવી અને ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિની સિંચાઈ યોજના રાજ્યના ખેડૂતો સ્વીકારે અને અમલમાં મૂકે એ માટે એક મહત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકી અને આ યોજનાનો અમલ કરવા માટે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની સ્થાપના કરવામાં આવી. આખા દેશમાં કયાંય ન હોય એ પ્રમાણે ૫૦ ટકા સબસિડી આ યોજનામાં જે ખેડૂતો સ્વીકારે એના માટે એની જે યુનિટ કોસ્ટ થતી હોય એમાં ૫૦ ટકા સબસિડી રાજય સરકાર આપે છે અને ૫ ટકા ખેડૂતોએ પોતાનો લોકફાળો આપવાનો હોય છે. ૪૫ ટકા રકમ રાજય સરકાર ખેડૂતોને સાથે રહી આ કંપની દ્વારા લોન અપાવે છે. અત્યાર સુધીમાં ૧ લાખ હેક્ટર કરતાં વધુ એરિયામાં ખેડૂતોએ આ સિંચાઈ યોજનાને અપનાવી છે. ભૂતકાળમાં જુદી જુદી યોજનાઓ નીચે ૧૦,૦૦૦ હેક્ટરનો ખેડૂતોને લાભ મળ્યો હતો. આ યોજના આવવાથી એક લાખ હેક્ટરમાં રાજય સરકારે ટપક સિંચાઈ યોજનાનો ખેડૂતોને લાભ આપી દીધો છે. આ યોજનાથી જુદા જુદા પાકોના અંદાજ પ્રમાણે ૨૦ થી ૨૫ ટકા સુધી પાણીની બચત થાય છે. એટલા પાણીથી બીજા ખેડૂતોને કે જેઓને આ સિંચાઈનો લાભ નથી મળતો એને વધારાની સિંચાઈ આપી શકાય. ખાતરનો પણ બચાવ થાય છે. પાકની ઊપજ સારી રહે છે. આમ બધી રીતે આ યોજના ખેડૂતોને અને રાજયના પાણીની ઉપલબ્ધિ, જરૂરિયાતને જોતાં ખૂબ જરૂરી છે અને રાજય સરકારે આ વર્ષે ખૂબ મોટો પ્રોજૅકટ અમલમાં મૂકી ખેડૂતોને વધુને વધુ લાભ મળે એ માટેનું આયોજન કર્યુ છે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીનાઆદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે આદિવાસી લાભાર્થી માટે કોઈ ખાસ વધારાની સબસિડી આપવામાં આવે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : રાજય સરકારે ૫૦ ટકા સબસિડી જનરલ ખેડૂતોને આપે છે અને આદિવાસી ખેડૂતોને વધારાની ૨૫ ટકા સબસિડી આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ. મારી ધ્યાન ઉપર આવ્યું છે કે અધિકારી દીર્ઘા છે તેમાં અધિકારી જ બેસી શકે છે,પરંતુ બોર્ડ, કોર્પોરેશનના નિયુકત થયેલ ચેરમેન મારા કાર્યાલયમાં આવીને અધ્યક્ષશ્રી દીર્ધાના પાસ મેળવી લે. અધિકારી દીર્ધામાં આપ બેસી ન શકો. હું પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બંદરો ઉપર કલ્પસર યોજનાથી થનાર અસર

૪૬૭૯ **શ્રી રમેશભાઈ મહેશ્વરી(મુંદ્રા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોઈ રાષ્ટ્રીય સંસ્થાને બંદરો ઉપર કલ્પસર યોજનાથી થનાર અસરના અભ્યાસની કામગીરી સોંપવામાં આવી છે એ હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સંસ્થા કઈ છે, અને | (૨) નેશનલ એન્વાર્યમેન્ટલ એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, (""નીરી"") નાગપુરના વડપણ હેઠળ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓસોનોગ્રાફી (""એન.આઈ.ઓ."") ગોવા, અને સેન્ટ્રલ વૉટર પાવર રીસર્ચ સ્ટેશન (સી.ડબલ્યુ.પી.આર.એસ.), પૂનાને સંયુક્ત સંસ્થાઓ તરીકે આપેલ છે. |
| (૩) એ સંસ્થાએ તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ શી કામગીરી કરી છે ? | (૩) અભ્યાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

### રાજ્યમાં સેઝની મંજૂરી

૪૫૮૯**શ્રી કમાભાઈ રાઠોડ(વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલા સેઝને મંજૂરી મળી છે, અને | (૧) ૫૫. |
| (૨) તે થકી કેટલી રોજગારી અને કેટલા મૂડીરોકાણની શક્યતાઓ છે ? | (૨) તમામ ઝોન સંપૂર્ણપણે કાર્યરત થશે ત્યારે રૂ. ૨.૫૦ લાખ કરોડ કરતાં વધુ મૂડી રોકાણ અને ૧૦ લાખ કરતાં વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનો અંદાજ છે. |

--------

### રાજ્યમાં નવા વીજ સબસ્ટેશનો સ્થાપવા અંગે

૪૫૪૭**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલા(વડોદરા શહેર): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યમાં કટેલા નવા વીજ સબસ્ટેશનો બનાવવાનું આયોજન કરેલ છે, | (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યમાં નવા ૬૦ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |

(૨) તે પૈકી વડોદરા જિલ્લામાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શું છે ?

(૨) અને (૩)

૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન વડોદરા જીલ્લામાં કુલ ૬ નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ જે પૈકી પ્રથમ વર્ષમાં જ એટલે કે ૨૦૦૭-૦૮માં ૪ સબ-સ્ટેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતા બે સબ સ્ટેશનોની કામગીરી ૧૧મી પંચ વર્ષીય યોજના દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ગંભીર બનાવો સંબંધેની તપાસ સમિતિઓ**

૪૦૦૮**શ્રી શૈલેષભાઈ પરમાર(શહેર કોટડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બનેલા મોટા ગંભીર બનાવો અન્વયે ગૃહ વિભાગ દ્વારા કેટલી તપાસ સમિતિઓની રચનાની જાહેરાતો થઇ, અને

(૨) આવી તપાસ સમિતિઓની જાહેરાતો કર્યા પછી કેટલી સમિતિના અહેવાલ સરકારને મળ્યા ?

**જવાબ**

(૧) ગૃહ વિભાગ દ્વારા કોઇ તપાસ સમિતિ રચવાની જાહેરાત થઇ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આસારામ આશ્રમમાં થયેલ બે બાળકોના અપમૃત્યુ અંગે**

૩૯૯૮**શ્રી સાબીરભાઈ ખેડાવાલા(જમાલપુર): શ્રી સાબીરભાઈ ખેડાવાલા** (જમાલપુર) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં અમદાવાદ સ્થિત આસારામ આશ્રમમાં બે બાળકોના અપમૃત્યુની ઘટના બની તે હકીક્ત સાચી છે,

(૨) આ સંબંધે કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે, અને

(૩) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ તપાસ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

આ કિસ્સામાં સત્યશોધન માટે સરકારે કમિશન ઓફ ઇન્ક્વાયરી એક્ટ, ૧૯૫૨ હેઠળ નિવૃત્ત હાઇકોર્ટ જજશ્રી ડી. કે. ત્રિવેદીના અધ્યક્ષપદે એક કમિશનની રચના કરી છે.

આમ છતાં, રાજ્ય સરકારે ગુનાની ગંભીરતા ધ્યાને લઇ તટસ્થ પોલીસ તપાસ થાય તે હેતુથી સીઆઇડી (ક્રાઇમ) ને તપાસ સોંપી છે જે હાલ ચાલુ છે.

અત્યાર સુધી એકપણ ધરપકડ થઇ નથી.

---------

**મુળી અને હળવદ તાલુકામાં વીજ જોડાણ માટે મળેલ અરજીઓ**

૪૧૩૮ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મુળી અને હળવદ તાલુકાનાં ગામોમાં ઘર વપરાશ માટે નવા વીજ જોડાણો મેળવવા માટે તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કેટલી અને ક્યા ક્યા ગામોની અરજીઓ કેટલા સમયથી બાકી છે,

(૨) આ અરજીઓ આટલા વખત સુધી પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) વીજળીથી વંચિત રહી ગયેલા ગામજનોને વીજ જોડાણ કેટલા સમયમાં આપવાનું સરકારે આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી અને હળવદ તાલુકાનાં ગામોમાં ઘર વપરાશ માટે નવા વીજ જોડાણો મેળવવા માટે તા. ૩૦-૦૬-૨૦૦૮ ની સ્થિતિએ ગામવાર પડતર અરજીઓની માહિતિ સામેલ પત્રક મુજબ છે.

(૨)અને (૩)

તારીખ ૨૨-૦૯-૨૦૦૮ ની સ્થિતિએ પત્રકમાં દર્શાવેલ તમામ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

**પત્રક**

| હળવદ તાલુકો | | | | મૂળી તાલુકો | |
|---|---|---|---|---|---|
| **ગામનું નામ** | **પડતર અરજીની સંખ્યા** | **ગામનું નામ** | **પડતર અરજીની સંખ્યા** | **ગામનું નામ** | **પડતર અરજીની સંખ્યા** |
| ચરાડવા | ૪૯ | અજીતગઢ | ૪૦ | દાણાવાડ | ૯ |
| સુસવાવ | ૩૫ | માલણીયાદ | ૧૬ | શેખપર | ૨ |
| કડીયા | ૨૭ | રણમલપુર | ૫૩ | દીગસર | ૩ |
| પાંડાતીર્થ | ૧૦ | હળવદસીટી | ૨૭ | લીમલી | ૧ |
| સરંભડા | ૯ | દીઘડીયા | ૧૧ | ગોદાવરી | ૧ |
| માથક | ૧૨૪ | કોયલા | ૨૭ | ભવાનીગઢ | ૧ |
| સતાભેર | ૪૨ | સીટોઇ | ૨૬ | લીથા | ૧૦ |
| અમલી | ૨૨ | માનસર | ૧૦ | વેલાળા | ૨ |
| વાકીયા | ૧૧ | ધવાણા | ૩૮ | ખેપાલીયા | ૫ |
| ડુંગરપુર | ૧૮ | જાલગામડી | ૭ | રાયસંગપર | ૮ |
| શીવપુર | ૧૧ | પલાસણ | ૧૭ | સુનીનગઢ | ૪૫ |
| માણેકવાડા | ૧૨ | ઘનશ્યામપુર | ૨૨ | ગઢાદ | ૨૧ |
| રણછોડગઢ | ૧૪ | મેરુપર | ૧૭ | સોમાસર | ૮ |
| સુંદરગઢ | ૨૯ | ગોલાસણ | ૧૭ | જસાપર | ૧૨ |
| રાયધ્રા | ૧૫ | સાપકડા | ૨૩ | દુધઇ | ૧૨ |
| થુંપણી | ૧૨ | | | ઉમરડા | ૧૧ |
| ખેતરડી | ૩ | | | હેમંતપર | ૬ |
| જૂના દેવળીયા | ૬૨ | | | મૂળી | ૪ |
| નવા દેવળીયા | ૩૦ | | | સડલા | ૧ |
| દેવીપુર | ૨૭ | | | સીદ્ધસર | ૬ |
| પ્રતાપગઢ | ૪ | | | ગોતમગઢ | ૧૯ |
| સુરવદ | ૧૫ | | | ધરમેન્દ્રગઢ | ૮ |
| ધૂળકોટ | ૪ | | | કુકડાં | ૨ |
| ધનશ્યામગઢ | ૧૪ | | | ટીડાણા | ૯ |
| ટીકર | ૯૦ | | | નવાણીયા | ૨ |
| | | **કુલ :** | **૧૦૪૦** | **કુલ :** | **૨૦૮** |

---------

## સાવલી તાલુકામાં બાયોટેક લેબોરેટરી શરૂ થવા અંગે

૪૦૧૬ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલ જી.આઇ.ડી.સી.માં બાયોટેક લેબોરેટરી શરૂ થઇ રહી છે તે હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

- બાયોટેક્નોલોજી તક્નીકી વિશિષ્ટતા ધરાવતું ઝડપથી વિક્સતં કેપીટલ ઇન્સેન્ટીવ ક્ષેત્ર છે.

(૨) જો હા, તો તેનો કુલ કેટલો ખર્ચનો અંદાજ છે અને તેમાં કેવા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ થશે, અને

ઝડપથી વિકસતું કેપીટલ ઇન્સેન્ટીવ ક્ષેત્ર છે. બાયોટેક્નોલોજી ઉદ્યોગો, સંશોધન તેમજ સાહસને મદદરૂપ થવા માટે ઇન્ક્યુબેટર સેન્ટર વિકસાવવાનું આયોજન છે.

- આ ઇન્ક્યુબેટર સેન્ટર બનાવવા માટે સાવલી ખાતે જી.આઇ.ડી.સી. તરફથી ૧૭ એકર જમીન ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- આ ઇન્ક્યુબેટર સેન્ટરની ડીઝાઇનીંગ વિશિષ્ટ તક્નીકી જરૂરિયાતોના અનુરૂપ તેમજ વૈશ્વિક કક્ષાના ધોરણ પ્રમાણે કરવામાં આવી રહી છે.
- આ ઇન્ક્યુબેટર સેન્ટરમાં સંશોધનલક્ષી ટેક્નોલોજી વિકાસ લક્ષી પ્રયોગિક ધોરણે ઉત્પાદન તેમજ માળખાકીય સુવિધાઓ તેમજ સબંધિત સેવાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.
- આ ઇન્ક્યુબેટર સેન્ટર કુલ ૧૨૬૦૦૦ ચો. ફૂટ જેટલા વિસ્તારમાં ઉભું થનાર છે. જેમાં મલ્ટીટેનેન્ટ લેબોરેટરી અન્ય વિશિષ્ટ લેબોરેટરી (મેમલીયન લેબોરેટરી, માઇક્રોલેવલ લેબોરેટરી) એનીમલ કેર સેન્ટર, ગ્રીન હાઉસ, કોમન ઇક્વીપ્મેન્ટસ લાઇબ્રેરી, પાયલોટ પ્રોજેક્ટ, તાલીમ કેન્દ્ર જેવી સગવડતાઓનું આયોજન છે.
- આ ઇન્ક્યુબેટર સેન્ટર અંદાજીત રૂા. ૫૦ કરોડના ખર્ચે તૈયાર થનાર છે. આ કેન્દ્ર માટે રૂા. ૧૫ કરોડના ખર્ચે આધુનિક સાધનો પૂરા પાડવાનું પણ આયોજન છે.

(૩) આ કાર્યવાહી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૩) ઉપરોક્ત સેન્ટરનું આર્કીટેક્ચર ડિઝાઇનનું કામ પૂર્ણ થયેલ છે. અને વિગતવાર સ્ટ્રક્ચરલ, બિલ્ડીંગ પ્લાન વગેરે તૈયાર કરવા તેમજ ટેન્ડર પધ્ધતિથી યોગ્ય એજન્સીની પંસદગી કરવા માટે હાલ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટની પસંદગી કરવા અંગેની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

## કેશોદ તાલુકામાં ૬૬ કે.વી. સબ સ્ટેશનો નાખવા અંગે

૪૧૧૭ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેશોદ તાલુકામાં વીજભારના યોગ્ય અને કાયમી ઉકેલ માટે રાણીગપરા અને પાડોદર ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશનોનું નિર્માણ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના રાણીગપરા મુકામે ૬૬ કે. વી. સબસ્ટેશન વર્ષ ૨૦૦૯-૧૦માં સ્થાપવાનું આયોજન છે અને પાડોદર ખાતે ૬૬ કે. વી. સબસ્ટેશન નિર્માણ કરવાનું આયોજન હાલમાં હાથ પર નથી.

---------

## રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ

૪૫૫૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ આપવા માટે બ્લોસમ ચેરીટેબલ ટ્રસ્ટને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ હતો કે કેમ,

(૨) આ કામગીરી બાબતે સરકારમાં ઘણી ફરિયાદો મળેલ છે તે સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો આ બાબતે સરકારે બ્લોસમ ચેરીટેબલ ટ્રસ્ટ સામે અને સંબંધિતો સામે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) સરકાર કક્ષાએથી કોમ્પ્યુટર શિક્ષણ ચલાવવાની કોઇ મંજૂરી આપેલ નથી. પરંતુ કેટલીક જિલ્લા શિક્ષણ સમિતિઓ દ્વારા કેટલીક શરતોને આધીન કોમ્પ્યુટર શિક્ષણ આપવા બ્લોસમ ચેરીટેબલ ટ્રસ્ટને મંજૂરી આપેલ હતી.

(૨) હા, જી.

(૩) સરકાર કક્ષાએથી કોમ્પ્યુટર શિક્ષણ ચલાવવાની મંજૂરી આપેલ ન હોઇ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગુજરાત રાજ્ય વકફ બોર્ડને ગ્રાન્ટ ફાળવવા અંગે**

૩૯૪૭ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ ગુજરાત રાજ્ય વકફ બોર્ડને કોઇ ગ્રાન્ટ ફાળવાતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર આ વકફ બોર્ડને કોઇ ગ્રાન્ટ ફાળવવા માંગે છે કેમ ? | (૨) વિચારણા હેઠળ નથી. |

---------

**રાજકોટ જિલ્લાના પાસા હેઠળ પકડાયેલા આરોપીઓ**

૪૫૭૭ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૮/૨૦૦૮મી સ્થિતિએ રાજકોટ શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં પાસા હેઠળ કુલ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા ? | (૧) તા. ૩૧/૮/૨૦૦૮મી સ્થિતિએ રાજકોટ શહેરમાં કુલ-૨૪૩ વ્યક્તિઓને પાસા હેઠળ અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે. જેમાંથી ૨૧૦ આરોપીઓને પકડવામાં આવેલ છે જ્યારે રાજકોટ જિલ્લામાં ૩૬ આરોપીઓ સામે અટકાયત હુકમ કરવામાં આવેલ. જે તમામ ૩૬ ઇસમોને પકડવામાં આવેલ છે. આમ કુલ-૨૪૬ આરોપીઓને પાસા હેઠળ પકડવામાં આવ્યા છે. |

**રાજ્યમાં થયેલ બોમ્બ ધડાકા અંગે**

૩૭૫૫ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યમાં થયેલ બોમ્બ ધડાકાઓમાં કેટલા ઈસમોના મૃત્યુ થયેલ છે, કેટલા ઘવાયા છે, અને | (૧) ૫૬ વ્યક્તિઓના મૃત્યુ થયેલા છે અને ૨૬૦ ઘવાયા છે. |
| (૨) તે સંબંધે તા ૨૮-૮-૦૮ની સ્થિતિએ કેટલા શખ્સોની ધરપકડ કરવામાં આવેલ ? | (૨) ૧૭ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. |

---------

**ટપક સિંચાઈથી વિસ્તારને લાભ**

૩૮૫૦ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટપક સિંચાઈ હેઠળ સરકારે વર્ષ ૨૦૦૫માં નવી યોજના જાહેર કરી ત્યારથી ૩૦ જૂન, ૨૦૦૮ સુધીમાં રાજ્યમાં કેટલા વિસ્તારને લાભ મળેલ છે ? | (૧) ટપક સિંચાઇ હેઠળ સરકારે વર્ષ ૨૦૦૫ માં નવી યોજના જાહેર કરી ત્યારથી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧,૦૦,૫૯૨ હેકટર વિસ્તારને લાભ મળેલ છે. |

---------

**ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવાનું આયોજન**

૩૮૮૬ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ૨૦૦૮-૦૯ના વર્ષમાં સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકાર દ્વારા સઘન પ્રયાસ ચાલુ છે તથા સરકારનાં આગામી આયોજન નીચે મુજબ છે :<br>(૧) શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે યુનિવર્સિટીના |

અધ્યાપકો તથા કોલેજોના અધ્યાપકો અને આચાર્યશ્રીઓને ૬ પ્રકારના મોડ્યુલ તથા ૧૨ ટાસ્કફોર્સ દ્વારા તાલીમબધ્ધ કરવાનું આયોજન છે.
(૨) કોલેજો તથા યુનિવર્સિટીઓનું ""નેક"" એક્રીડીએશન કરાવવાનું આયોજન છે. હાલની સ્થિતિએ ૨૧૮ કોલેજોનું તથા ૭ યુનિવર્સિટીઓનું એક્રીડીએશન થયેલ છે. ૧૦૦ ટકા કોલેજોને લેટર ઓફ ઈન્ટેન્શન મોકલી આપીને તે તમામનું નેક એક્રીડીએશન થાય તેવું આયોજન છે.
(૩) વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન મળી રહે તે માટે રાજ્યની યુનિવર્સિટીઓ તથા કોલેજો ખાતે ૧૩૫ ડીજીટલ ઇંગ્લીશ લેંગ્વેજ લેબ કાર્યરત કરવાનું આયોજન છે.
(૪) શૈક્ષણિક ખાલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવાનું આયોજન છે. તે માટે તા. ૧૫-૯-૦૮ થી તા. ૨૧-૯-૦૮ સુધી ઇન્ટર્વ્યુ રાખવામાં આવેલ હતા.

---------

## તાપી જિલ્લાનું પોલીસ મહેકમ

**૪૫૨૫ શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં પોલીસનું મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) કુલ - ૩૩૩ જગ્યાઓ |
| (૨) તે પૈકી સંવર્ગવાર ખાલી જગ્યાઓ કેટલી છે, અને | (૨) પોલીસ સબ ઇન્સ્પેક્ટર - ૧<br>આસી. સબ ઇન્સ્પેક્ટર - ૫<br>પોલીસ કોન્સ્ટેબલ - ૪૩ |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | (૩) રાજ્યના પોલીસ ખાતામાં વર્ષ ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦માં નીચે દર્શાવ્યા મુજબની ખાલી પડનાર જગ્યાઓ સમયસર ભરી શકાય તે માટે સરકારે મંજૂરી આપેલ છે. |

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી પડેલ/પડનાર જગ્યાની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૧૦૪૩ | ૧૨૭ | ૧૩૨ |
| ૨ | પોલીસ કોન્સ્ટેબલ | ૧૭૫૬ | ૧૯૨૨ | ૨૦૨૭ |

હાલમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ખાતે લોકરક્ષકની કુલ-૫૮૩૭ જગ્યાઓ ભરવાની ભરતી પ્રક્રિયા ગતિમાં છે. જ્યારે બિનહથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટરની ૧૧૦૫ જગ્યાઓ તથા લોકરક્ષકની ૨૪૪૭ જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે મંડળને માંગણા પત્રક મોકલવામાં આવેલ છે. વળી, બિનહથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૧૨૩ ા પોલીસ મહાનિર્દેશકશ્રી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં શાળાઓની મંજૂરી

**૪૧૦૭ શ્રી અમરસિંહ વસાવા( દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે ભરૂચ અને નર્મદા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ વર્ષમાં નવી માધ્યમિક શાળાઓ અને સાયન્સ વિભાગની કેટલી શાળાઓ મંજૂર કરેલ છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | માધ્યમિક શાળા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા (વિજ્ઞાનપ્રવાહ) | કુલ |
|---|---|---|---|
| ભરૂચ | ૧૦ | ૦૩ | ૧૩ |
| નર્મદા | ૦૫ | ૦૨ | ૦૭ |

(૨) આ માધ્યમિક શાળાઓ હાલમાં ચાલુ છે કે બંધ છે, અને

(૨) ઉપરોક્ત બધી શાળાઓ ચાલુ છે.

(૩) આ શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓને સ્કુલવાર એડમિશન આપેલ છે ?

(૩) પત્રક-અ અને પત્રક-બ સામેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા | |
|---|---|---|---|
| | | માધ્યમિક | ઉ. માધ્યમિક |
| ૧ | ઉમરાણ (માધ્યમિક) | ૭૩ | -- |
| ૨ | ડુમખલ (માધ્યમિક) | ૧૧૦ | -- |
| ૩ | પાટ (માધ્યમિક) | ૧૧૩ | -- |
| ૪ | જાવલી (માધ્યમિક) | ૮૮ | -- |
| ૫ | રૂપલ બી. ગજ્જર વિદ્યામંદિર (માધ્યમિક) | ૭૬ | -- |
| | **સાયન્સ વિભાગની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ** | | |
| ૬ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, સાગબારા (વિજ્ઞાન પ્રવાહ) | -- | ૭૧ |
| ૭ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, તિલકવાડા (વિજ્ઞાન પ્રવાહ) | -- | ૫૫ |

**પત્રક-બ**

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા | |
|---|---|---|---|
| | | માધ્યમિક | ઉ. માધ્યમિક |
| ૧ | કોસમડી માધ્યમિક શાળા, કોસમડી | ૩૫ | -- |
| ૨ | મહારાણા પ્રતાપ પબ્લીક સ્કૂલ | ૩૯ | -- |
| ૩ | એસ.આર.વાય. હાઈસ્કૂલ (અંગ્રેજી માધ્યમ) અંકલેશ્વર | ૧૬ | -- |
| ૪ | ઈકરા ઈંગ્લિશ મીડીયમ સેકન્ડરી હાઈસ્કૂલ ભડકોદરા, તા. અંકલેશ્વર | ૧૭ | -- |
| ૫ | નિદિ વિદ્યાભવન, ભરૂચ | ૧૬ | -- |
| ૬ | પ્રાથના વિદ્યાલય ભોલાવ | ૪૩ | -- |
| ૭ | એમ.આઈ.કાઝી મેમો હાઈસ્કૂલ દઢાલ | ૫૦ | -- |
| ૮ | શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યાલય, કાકડકુઈ | ૩૯ | -- |
| ૯ | સ્ટાર ઈંગ્લિશ મીડીયમ માધ્યમિક શાળા, તા. અંકલેશ્વર | ૨૯ | -- |
| ૧૦ | સરકારી માધ્યમિક શાળા, નાડા, તા. જંબુસર | ૩૯ | -- |
| | **સાયન્સ વિભાગની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ** | | |
| ૧૧ | તક્ષશિલા વિદ્યાલય, નવાબોર ભાઠા | -- | ૫૪ |
| ૧૨ | જે. બી. મોદી વિદ્યાલય, ઝાડેશ્વર | -- | ૬૧ |
| ૧૩ | આત્મીય ઉચ્ચતર માધ્યમિક શાળા, ઝાડેશ્વર | -- | ૬૫ |

---------

## અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકામાં સીમીની સંડોવણી

૩૭૪૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાઓમાં સીમીની સંડોવણી છે એ હકીક્ત સાચી છે ?

**જવાબ**

તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાઓના કેસમાં થયેલ પોલીસ તપાસ દરમિયાન આરોપીઓએ પોતે સ્વીકારેલ છે કે તેઓ સીમીના કાર્યકરો છે.

ઉપરાંત બોમ્બ ધડાકાઓના ગુનાઓની તપાસ દરમિયાન પોલીસને જે પુરાવાઓ ઉપલબ્ધ થયા છે, તેના પરથી પણ સ્પષ્ટ થાય છે કે તેઓ સીમી સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

તમામ આરોપીઓના ઈતિહાસ જોતાં તેઓ સીમી સંસ્થા સાથે સંકળાયેલા છે, તેવું સ્પષ્ટ થાય છે.

---------

**માલપુર તાલુકાના વીજળીથી વંચિત ગામો**

૪૨૯૯ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના ઘણા ગામો તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ વીજળીથી વંચિત છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ગામોમાં ગરીબ અને બી.પી.એલ. લાભાર્થીઓ સિવાયના અનેક આર્થિક રીતે પછાત લોકો માટે વીજળીકરણની જરૂરીયાત માટે રાજ્ય સરકારની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૩) જો અમલમાં હોય તો તે યોજના કઈ છે અને તેની વિગત શું છે ?

**જવાબ**

(૧) ના જી. તા. ૩૧/૮/૦૮ ની સ્થિતિએ ૨૦૦૧ ની સેન્સસ બુક મુજબ માલપુર તાલુકાના વસ્તીવાળા તમામ ૯૮ ગામોનું વીજળીકરણ થયેલ છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મોટેરા આશ્રમમાં બાળકોના રહસ્યમય મૃત્યુ અંગે**

૪૩૦૮ **શ્રી હરીભાઈ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં અમદાવાદ ખાતેના મોટેરા આશ્રમમાં બે બાળકોના રહસ્યમય મૃત્યુની તપાસ સી.બી.આઈ. મારફતે કરાવવા માટે તા.૩૧-૮-૨૦૦૮ સુધીમાં કેટલી માગણીઓ સરકારને મળી, અને

(૨) મળેલ માગણીઓ પછી સી.બી.આઈ. તપાસ નહીં સોંપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) ચાર

(૨) આ કિસ્સામાં સત્યશોધન માટે સરકારે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ, ૧૯૫૨ હેઠળ નિવૃત્ત હાઈકોર્ટ જજશ્રી ડી. કે. ત્રિવેદીના અધ્યક્ષપદે એક કમિશનની રચના કરી છે.

આમ છતાં, રાજ્ય સરકારે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તટસ્થ પોલીસ તપાસ થાય તે હેતુથી સીઆઈડી (ક્રાઈમ)ને તપાસ સોંપી છે જે હાલ ચાલુ છે.

અત્યાર સુધી એકપણ ધરપકડ થઈ નથી.

---------

**જામનગર જિલ્લાના તાલુકાઓ પાક વીમા યોજના હેઠળ આવરી લેવા બાબત**

૪૫૮૦ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ક્યા તાલુકાઓ ક્યા ક્યા પાક માટે પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના નીચેના તાલુકાઓ ખરીફ-૨૦૦૮ ઋતુમાટે પાકવાર રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

| અ.નં. | પાક | ખરીફ-૨૦૦૮ ઋતુ માટે પાક વીમા યોજના હેઠળ આવરી લીધેલ તાલુકાઓ |
|---|---|---|
| ૧ | અડદ | કાલાવાડ |
| ૨ | બાજરી | ભાણવડ, ધ્રોલ, જામજોધપુર, જામનગર, જોડીયા, કાલાવડ, કલ્યાણપુર, ખંભાળીયા, લાલપુર |
| ૩ | તલ | ભાણવડ, ધ્રોલ, જામજોધપુર, જામનગર, જોડીયા, કાલાવડ, કલ્યાણપુર, ખંભાળીયા, લાલપુર |
| ૪ | મગફળી | ભાણવડ, ધ્રોલ, જામજોધપુર, જામનગર, જોડીયા, કાલાવડ, |

| | | |
|---|---|---|
| | | કલ્યાણપુર, ખંભાળીયા, લાલપુર, ઓખામંડલ |
| ૫ | દિવેલા | જામનગર, લાલપુર, ભાણવડ, કાલાવડ. |
| ૬ | કપાસ | ધ્રોલ, જામજોધપુર, જામનગર, જોડીયા, કાલાવડ, ભાણવડ, લાલપુર, કલ્યાણપુર, ખંભાળીયા. |

(૨) છેલ્લા ક્યા વર્ષમાં પાક વીમા ક્લેઈમની રકમ ચુકવવામાં આવી, ક્યા તાલુકામાં ખેડૂતો અને વિમાદારો કેટલા, અને

(૨) છેલ્લે ખરીફ-૨૦૦૬ સીઝનના જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ૧૪૩૭૩ ખેડૂતોને મગફળી પાક્ના વીમાના દાવાની રકમ રૂા. ૩૫,૧૬,૦૪,૧૨૯/- ચુકવવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા તાલુકાની રકમ ચુકવવી બાકી છે ?

(૩) ૩૧/૩/૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ તાલુકાની મંજુર થયેલ રકમ ચૂકવવાની બાકી નથી.

---------

**માધ્યમિક શાળાઓને પ્રયોગશાળાની સહાય અંગે**

૩૭૯૦ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં અનુદાનિત માધ્યમિક શાળાઓને પ્રયોગશાળાની સહાય આપવાની કોઈ યોજના સરકારે અમલમાં મૂકેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શું છે,

(૨) રાજ્યમાં આવેલ અનુદાનિત બિન-સરકારી માધ્યમિક શાળાઓની પ્રયોગશાળાને અદ્યતન અને સુજ્જ બનાવવા માટેની આ યોજના છે. જે માટે એક શાળા દીઠ એક પ્રયોગશાળા માટે એક લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

(૩) વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલી શાળાઓને આ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન છે, અને

(૩) ૧૧૯૧ શાળાઓ.

(૪) તે અંગે કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે ?

(૪) રૂા. ૧૧૯૧.૦૦ લાખ.

--------

**સાબરકાંઠા જિલ્લાની વીજ જોડાણ માટે મળેલ અરજીઓ**

૪૧૫૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કુલ કેટલા આદિવાસી ખેડૂતોની માઈક્રો ઈરીગેશન અંતર્ગત વિજ ક્નેક્શન મેળવવા માટે અરજીઓ આવી,

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ૨૦૦ અરજીઓ મળેલ છે.

(૨) એમાંથી કેટલી અરજીઓ સ્વીકારી વિજ ક્નેક્શન વર્ષવાર આપવામાં આવ્યા, અને

(૨) નાણાં ભરપાઈ થયેલ ૧૫૯ અરજીઓ પૈકી ૬૯ અજરદારોએ તા. ૧-૯-૦૭ થી ૩૧-૮-૦૮ના સમયગાળામાં ટેસ્ટ રિપોર્ટ રજૂ કરતાં વીજ જોડાણ આપેલ છે. ૯૦ અરજદારોએ ટેસ્ટ રિપોર્ટ આપેલ નથી.

(૩) બાકીના વિજ ક્નેક્શન ક્યાં સુધી આપવામાં આવશે ?

(૩) ઉક્ત ૯૦ અરજદારો દ્વારા ટેસ્ટ રિપોર્ટ રજૂ કર્યેથી તથા સિસ્ટમ ઈન્સ્ટોલ થયે અને બાકીના ૪૧ અરજદારોને જીજીઆરસીના ધોરણો મુજબ અંદાજપત્રના

નાણાં ભરપાઈ થયે વીજ કનેક્શન આપવાનું આયોજન છે.

--------

**જામનગર જિલ્લાનો બ્રાસપાર્ટ ઉદ્યોગ**

૪૦૬૫ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાનો બ્રાસપાર્ટ ઉદ્યોગ મૃત્યુપાય સ્થિતિમાં છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) જામનગર જિલ્લાનો બ્રાસપાર્ટ ઉદ્યોગ મૃત્યુપાય પરિસ્થિતિમાં નથી. તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ કુલ ૩૨૫૦ એકમ નોંધાયેલ હતાં. તેમાં ચાલુ વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કુલ ૧૮૬ એકમો વધારાના નોંધાયેલ છે. આ પૈકી કોઈપણ એકમ બંધ થયાનું નોંધાયેલ નથી. |
| (૨) જો હા, તો આ બ્રાસપાર્ટના ઉદ્યોગનો વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારની રાહતો સવલતો આપવામાં આવી ? | (૨) રાજ્ય સરકારની નવી ઓદ્યોગિક નીતિ-૨૦૦૩ અંતર્ગત તમામ નવા એકમોને નીચે મુજબ રાહતો સવલતો મળવાપાત્ર થાય છે. જે બ્રાસપાર્ટ ઉદ્યોગને પણ મળવાપાત્ર છે.<br>(૧) વ્યાજ સહાય યોજના<br>(૨) ગુણવત્તા આંક સહાય યોજના<br>(૩) ક્લસ્ટર ડેવલપમેન્ટ યોજના<br>(૪) ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના<br>(૫) માર્કેટીંગ પ્રમોશન યોજના |

---------

**પોલીસ આવાસ માટે ખર્ચેલ નાણા**

૩૭૩૯ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ કેટલી રકમના નાણાં પોલીસ હાઉસીંગ માટે ખર્ચવામાં આવેલ છે ? | રૂા. ૪૧૬.૨૩ કરોડ. |

---------

**બીટી કોટનના બિયારણનું ઉત્પાદન**

૩૬૧૯ **શ્રી રામસિંહ પ્ર.પરમાર(ઠાસરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બીટી કોટનના બિયારણના ઉત્પાદન માટે ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ માં રાજ્ય સરકારે કરાર કરેલા છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કરાર કર્યા પછી કેટલું બિયારણ તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં ઉત્પાદન કરી બજારમાં મુકવામાં આવ્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કરાર અન્વયે રાજ્ય સરકારે વર્ષવાર કેટલી રકમ ફાળવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ધોળી ધજા ડેમમાં નહેરનું પાણી નાખવા અંગે**

૩૮૬૮ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નર્મદા યોજનાથી સોરાષ્ટ્ર શાખા નહેરમાંથી ધોળી ધજા ડેમમાં પાણી નાખવા સરકાર વિચારે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે શું આયોજન છે ? | (૨) સોરાષ્ટ્ર શાખા નહેર કે જે ધોળીધજા ડેમમાં અંત પામે છે. તેનું કામ પાંચ પમ્પીંગ સ્ટેશન સહિત માર્ચ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.જે પર્ણ થતાં પાણીની ઉપલબ્ધિ અને જરૂરિયાતના આધારે ધોળી ધજા ડેમમાં પાણી નાંખી શકાશે. |

**કૃષિ મહોત્સવ માટે પશુઓના આરોગ્ય માટે ખાણ અને લીવર ટોનીકની ખરીદી બાબત**

૪૧૭૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૨ જૂન, ૨૦૦૮થી રાજ્યમાં શરૂ થયેલ કૃષિ મહોત્સવ માટે પશુઓના આરોગ્ય માટેના ખાણ અને લીવર ટોનીકની કેટ કેટલી ખરીદી કરવામાં આવી, | (૧) કૃષિ મહોત્સવ-૨૦૦૮ દરમ્યાન ખાણ અને લીવર ટોનીકની ખરીદી કરવામાં આવેલ નથી. |
| (૨) આ યાત્રામાં દરેક ગામ દીઠ દસ ગરીબ ખેડૂતોને દરેક કીટમાં પાંચ કીલો પશુ આહાર આપેલ છે તે આહારની કીટ કઈ કંપની પાસેથી શા ભાવે ખરીદવામાં આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવા પશુ આહાર માટે ખાસ કંપનીઓને ધ્યાનમાં રાખી ટેન્ડરની શરતો નક્કી કરાય છે તેવી ફરિયાદના આધારે રાજ્ય સરકારે શા પગલાં લીધા ? | |

---------

**બીટી કોટનના બિયારણનું ઉત્પાદન**

૩૬૪૭ **શ્રી મોહસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બીટી કોટનના બિયારણના ઉત્પાદન માટે ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં રાજ્ય સરકારે કરાર કર્યા હોવા છતાં અને તે માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હોવા છતાં તેનું ઉત્પાદન કરીને બજારમાં ન મૂકી શકતાં ખેડૂતોને મોંઘુંદાટ બિયારણ ખરીદવાની ફરજ પડી છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કરાર કર્યા છતાં તેનું ઉત્પાદન શરૂ ન થવાના કારણો શા છે, અને | (૨) કરાર કરેલા ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ઉત્પાદન શરૂ કરેલ હોય તો તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કેટલું બિયારણ તે અન્વયે બજારમાં મુકવામાં આવ્યું ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ આપવા બાબત**

૪૩૧૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂત ખાતેદાર આવેલા છે, અને | (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ખેડૂત ખાતેદારની સંખ્યા |
| --- | --- | --- |
| ૧. | વલસાડ | ૩૨૭૭૮ |
| ૨. | પારડી | ૨૭૦૨૮ |

| | | |
|---|---|---|
| ૩. | ઉંમરગામ | ૧૬૧૨૮ |
| ૪. | ધરમપુર | ૧૧૦૪૪ |
| ૫. | કપરાડા | ૧૩૬૪૩ |
| | કુલ :- | ૧૦૦૬૨૧ |

(૨) તે અન્વયે ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે ?

(૨) હા.
તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવેલ ખેડૂત ખાતેદારની સંખ્યા |
|---|---|---|
| ૧. | વલસાડ | ૧૬૭૪૨ |
| ૨. | પારડી | ૧૮૦૦૮ |
| ૩. | ઉંમરગામ | ૧૧૫૭૭ |
| ૪. | ધરમપુર | ૭૬૯૨ |
| ૫. | કપરાડા | ૭૦૭૭ |
| | કુલ :- | ૬૧૦૯૬ |

---------

**સેન્ટર ઓફ એક્સેલન્સ હેઠળ થયેલ આયોજન**

૪૫૩૫ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જી.આઈ.એલ. માં સેન્ટર ઓફ એક્સેલન્સ હેઠળ શું આયોજન કરવામાં આવે છે, અને

**જવાબ**

(૧) સેન્ટર ઓફ એક્સેલન્સ હેઠળ નીચે દર્શાવ્યા મુજબની જુદી જુદી તાલીમ-સેમિનારનું આયોજન કરવામાં આવે છે.

- ઈન્ટ્રીગેટેડ વર્કફ્લો એન્ડ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (આઈડબલ્યુડીએમએસ) અંગેની તાલીમ.
- માઈક્રોસોફ્ટ ઓફીસ ઈન્ડીક ભાષાની તાલીમ.
- કોમ્પ્યુટર કન્સેપ્ટ સર્ટિફીકેટ (સીસીસી +) તેમજ કોમ્પ્યુટરને લગતી અન્ય તાલીમ.
- મુખ્ય વિજાણુ અધિકારી /સંયુક્ત વિજાણુ અધિકારી CIO/Joint CIO ને તાલીમ.
- આઈ.ટી. મેનેજમેન્ટને લગતા સેમિનાર.
- આઉટ સોર્સીગ અંગેના સેમિનાર.
  બીઝનેશ પ્રોસેસ એન્જીનીયરીંગ(બીપીઆર) અંગેના સેમિનાર.

(૨) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું શું કાર્યવાહી કરવામાં આવી ?

(૨) તારીખ : ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ,
૧. આઈડબલ્યુડીએમએસ પ્રોજેક્ટ અંતર્ગત ગ્રાન્ટ એસેસમેન્ટ મોડયુલની તાલીમ ટુરિઝમ કોર્પોરેશન લિ. ગાંધીનગરના ૭૫ કર્મચારીઓને આપી.
૨. ૫૮૦ સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓને (સીસીસી +) ની તાલીમ આપી.

---------

**કોલેજોના આચાર્યને કર્મયોગી તાલીમ આપવા બાબત**

૪૫૬૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કોલેજોના આચાર્યોને કર્મયોગી તાલીમ આપવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા આચાર્યોને તાલીમ આપવામાં આવી ? | (૨) ૩૮૫. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં નવી જી.આઈ.ડી.સીની સ્થાપના**

૩૮૭૫ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નવિન જી.આઈ.ડી.સી. બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) પ્રાથમિક ચકાસણી કરવામાં આવી રહી છે. |
| (૨) જો હા, તો જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવિન જી.આઈ.ડી.સી. શરૂ કરવા માટે જમીન મેળવવા બાબતેની કેટલી દરખાસ્ત તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ પેન્ડીંગ છે ? | (૨) પ્રાથમિક ચકાસણી કરવામાં આવી રહી છે. |

---------

**રાજ્યમાં ડીઝીટલ ઈંગ્લીશ લેંગવેજ લેબ શરૂ કરવા અંગે**

૪૫૬૬ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન રાજ્યમાં કેટલી ડીઝીટલ ઈંગ્લીંશ લેગ્વેજ લેબ શરૂ કરવામાં આવી હતી, અને | (૧) ૫૯ (ઓગણ સાઈઠ). |
| (૨) નાણાકીય વર્ષ ૦૮-૦૯માં નવી કેટલી ડીઝીટલ ઈંગ્લીંશ લેંગ્વેજ લેબનું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) ૧૩૫ (એક્સો પાંત્રીસ). |

---------

**મોટેરા આશ્રમમાં બાળકોના મૃત્યુ અંગેની તપાસ**

૪૫૨૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં સાબરમતી મોટેરા આશારામ આશ્રમમાં બે બાળકોના રહસ્યમય મૃત્યુની તપાસ સી.બી.આઈ. મારફતે કરવા માટે કેટલી માંગણીઓ તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરકારને મળી છે, | (૧) ચાર. |
| (૨) મળેલ આ માંગણીઓ પછી સરકારે સી.બી.આઈ.ની તપાસ આપવા શી કાર્યવાહી કરી, અને<br>(૩) જો સી.બી.આઈ.ની તપાસ ન આપી હોય તેના કારણો શાં છે ? | (૨) અને (૩) આ કિસ્સામાં સત્યશોધન માટે સરકારે કમિશન ઓફ ઈન્ક્વાયરી એક્ટ, ૧૯૫૨ હેઠળ નિવૃત્ત હાઈકોર્ટ જજશ્રી ડી. કે. ત્રિવેદીના અધ્યક્ષપદે એક કમિશનની રચના કરી છે.<br>આમ છતાં, રાજ્ય સરકારે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તટસ્થ પોલીસ તપાસ થાય તે હેતુથી સીઆઈડી (ક્રાઈમ)ને તપાસ સોંપી છે જે હાલ ચાલું છે.<br>અત્યાર સુધી એક પણ ધરપકડ થઈ નથી. |

## દરીયાકાંઠાના વીજ સબ સ્ટેશનો

૪૫૮૫ **વિભાવરીબેન દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં દરિયાકાંઠાના વિસ્તારમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલા નવા વીજ સબ સ્ટેશનો બનાવવાનું આયોજન કરેલ છે, અને

(૨) કઈ કઈ જગ્યાએ ?

**જવાબ**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં વર્ષ-૨૦૦૮-૦૯ દરમિયાન કુલ ૬૬ કે. વી. ના ૧૨ (બાર) સબ સ્ટેશનો ઉભા કરવાનું આયોજન કરેલ છે.

(૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ઉભા કરાયેલ ૬૬ કે. વી. ના કુલ ૧૨ (બાર) સબ સ્ટેશનોની યાદી નીચે મુજબ છે :

| અ. નં. | સબસ્ટેશનનું નામ | સર્કલનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે. વી. ગોરાણા (ડાંગરવાડ) | ગોંડલ | જામનગર | જામકલ્યાણપુર |
| ૨ | ૬૬ કે. વી. મોડપર | ગોંડલ | જામનગર | લાલપર |
| ૩ | ૬૬ કે. વી. છાયાટાઉન | જૂનાગઢ | પોરબંદર | પોરબંદર |
| ૪ | ૬૬ કે. વી. ભોમીયાવદ ર | જૂનાગઢ | પોરબંદર | બોરબંદર |
| ૫ | ૬૬ કે. વી. લોધવા (સીંગસર) | જૂનાગઢ | જૂનાગઢ | સેત્રાપાડા |
| અ. નં. | સબસ્ટેશનનું નામ | સર્કલનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
| ૬ | ૬૬ કે. વી. વેરાવળ (જી.આઈ. ડી. સી.) | જૂનાગઢ | જૂનાગઢ | વેરાવળ |
| ૭ | ૬૬ કે. વી. કડીયાલી (ભેરે) | અમરેલી | અમરેલી | રાજુલા |
| ૮ | ૬૬ કે. વી. પીપલી (ધોલેરા) | સુરેન્દ્રનગર | અમદાવા દ | ધંધુકા |
| ૯ | ૬૬ કે. વી. પારવી | અમરેલી | ભાવનગર | તળાજા |
| ૧૦ | ૬૬ કે. વી. સીરાચા | અંજાર | કચ્છ | મુંદ્રા |
| ૧૧ | ૬૬ કે. વી. મોટી વરન્ધી (દુમ્રા) | અંજાર | કચ્છ | અબડાસા |
| ૧૨ | ૬૬ કે. વી. ખાજોદ (મગદલ્લા) | નવસારી | સુરત | સુરત |

---------

## ચેરીટી કમિશ્નર કચેરીની ખાલી જગ્યાઓ

૪૩૨૦ **શ્રી સી. હે. રાઉલજી(ગોધરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજ્યમાં ચેરીટી કમિશ્નર સંયુક્ત ચેરીટી કમિશ્નર અને મદદનીશ ચેરીટી કમિશ્નરની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| જગાનું નામ | મંજૂર થયેલ જગાઓ |
|---|---|
| ચેરીટી કમિશ્નર | ૦૧ |
| સંયુક્ત ચેરીટી કમિશ્નર | ૦૪ |
| મદદનીશ ચેરીટી કમિશ્નર | ૨૨ |

(૨)

- ચેરીટી કમિશ્નરની જગા તા. ૧૯-૭ ૨૦૦૭થી ખાલી છે.
- સંયુક્ત ચેરીટી કમિશ્નરની બે જગાઓ અનુક્રમે તા. ૩૦-૬-૨૦૦૫ તથા તા. ૩૦- ૧૧-૨૦૦૫ થી ખાલી છે.
- મદદનીશ ચેરીટી કમિશ્નરની કુલ : ૧૦ જગ્યાઓ તા. ૭-૪-૨૦૦૩થી ખાલી છે.

(૩)

- ચેરીટી કમિશ્નરની ખાલી જગા ભરવા સરકારશ્રીએ ન્યાયતંત્રના અધિકારીના નામ સૂચવવા કરેલ આદેશ અન્વયે કાયદા વિભાગ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટને વિનંતિ કરવામાં આવેલ છે.
- સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રીની ૧ જગા સીધી ભરતીથી ભરવા માટેનું માંગણા પત્ર કાયદા વિભાગના તા. ૦૮-૦૮-૨૦૦૬ના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી યોગ્ય ઉમેદવારની ભલામણ કરવા વિનંતિ કરવામાં આવેલ છે.
- મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રીની ૧૦ ખાલી જગ્યાઓ પૈકી ૧ જગા આયોગની ભલામણ અનુસારના ઉમેદવારોની નિમણૂક હુકમો કરવામાં આવેલ પરંતુ સદરહુ ઉમેદવાર હાજર ન થતાં નિમણૂક રદ કરેલ છે. બાકીની ૯ ખાલી જગાઓ ભરવા માટે કાયદા વિભાગના તા. ૦૮-૦૮-૨૦૦૬ના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગને માંગણા પત્ર મોકલી ઉમેદવારોની ભલામણ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

## ખેડા જિલ્લાના નર્મદા નહેર ક્રોસ કરતા બ્રીજ અંગે

૪૩૧૪ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેર ક્રોસ કરતા આતરસુંબાથી ખડાલ અને આતરસુંબાથી વાઘાવત રસ્તાઓ પરના બ્રીજના એપ્રોચ રસ્તાઓનું ડામર સપાટીવાળા બનાવવાનું કામ ઘ ણાં સમયથી કેમ બાકી છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરને ક્રોસ કરતા આંતરસુંબાથી ખડાલ વચ્ચે કોઈ બ્રિજ બનાવવામાં આવેલ નથી અને આંતરસુંબાથી વાઘાવત રોડ પર મુખ્ય નહેરની સાંકળ ૧૯૫.૩૯૩ કિ. મી. ઉપર બ્રિજ બનાવેલ છે. આ રસ્તો બિનવર્ગીકૃત ગ્રામ્ય કક્ષાનો હોવાથી એપ્રોચ માટે મેટલ નાંખી રસ્તો બનાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૨) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ઉપર (૧) મુજબ પરિસ્થિતિ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પ્રજાના પ્રતિનિધિઓને સલામતી માટે રક્ષણ આપવા અંગે**

૪૨૯૬ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો, સં: સલામતી માટે સરકારશ્રી દ્વારા રક્ષણ અ :છે કે કેમ,<br>(૨) જો હા, તો આ રક્ષણ માટે તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કેટલો વાર્ષિક ખર્ચ પડે છે,<br>(૩) કેટલો સ્ટાફ રોકાયેલ છે, અને | (૧), (૨) અને (૩)<br>માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ/ સંસદસભ્યશ્રીઓને થ્રેટ પરસેપ્શનના આધારે રક્ષણ આપવામાં આવે છે. આ તમામની સુરક્ષા અંગેનો ખર્ચ પોલીસ સદરેથી મેળવવામાં આવે છે. તથા થ્રેટ પરસેપ્શનને આધારે સ્ટાફમાં વધારો ઘટાડો થતાં સ્ટાફ/સુરક્ષામાં પણ વધારો ઘટાડો કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ ધારાધોરણ/ગાઈડ લાઈન્સ પણ અનુસરવામાં આવે છે. |
| (૪) છેલ્લા ત્રણ માસમાં કેટલા ધારાસભ્યની માગણી "થ્રેટ" ન હોવાના કારણે સ્વીકારેલ નથી ? | (૪) ૨ (બે). |

---------

**ખેડા જિલ્લામાં થયેલ ઝુંપડપટ્ટીનું વીજળીકરણ**

૩૬૩૯ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ઝુંપડપટ્ટીઓનું વીજળીકરણ કામ પુરૂં કરવામાં આવ્યું,<br>(૨) કેટલી ઝુંપડપટ્ટીઓનું વિજળીકરણ કરવાનું બાકી છે, અને<br>(૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૧), (૨) અને (૩)<br>આ સાથે સામેલ પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

**તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ ઝુંપડપટ્ટીઓના વીજળીકરણની વિગતો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ આવરેલ કામો** | **વીજળીકરણની બાકી કામગીરી** | **કામગીરી પૂર્ણ કરવાનું આયોજન** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | બાલાસિનોર | ૧૮૫૧ | ૧૨૦૦ | આગામી નાણાંકીય વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | કપડવંજ | ૩૩૫૧ | ૩૩૮૮ | |
| ૩ | કઠલાલ | ૫૮૫૭ | ૪૪૯૬ | |
| ૪ | ખેડા | ૧૩૦૮ | ૧૫૮૧ | |
| ૫ | મહુધા | ૨૨૯૬ | ૨૯૫૫ | |
| ૬ | માતર | ૧૪૯૨ | ૧૨૨૭ | |
| ૭ | મહેમદાવાદ | ૪૮૯૫ | ૫૪૪૯ | |
| ૮ | નડીઆદ | ૧૩૬૮ | ૨૭૨૬ | |
| ૯ | ઠાસરા | ૩૩૫ | ૮૯૧ | |
| ૧૦ | વીરપુર | ૧૯૨૩ | ૫૪૫ | |
| | **કુલ :** | **૨૪૬૭૬** | **૨૪૪૫૮** | |

---------

## એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા

૩૭૩૧ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યના ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭-૦૮માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી. રાજ્યના ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., મીલીટરી જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે. સને-૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ૨૫૫ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પુરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પુરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં તેલગી કેસ, મધુમીતા શુક્લા (અમરમણી ત્રિપાઠી) મર્ડર કેસ ઉજ્જૈનનો સીરીયલ કીલર કેસ, નિઠારીનો સામુહિક બળાત્કાર /ખૂન કેસ, પ્રાઈમ મિનિસ્ટર સીક્યોરીટીનો કેસ, પાર્લામેન્ટ પર હુમલાનો કેસ, રાજસ્થાનમાં પકડાયેલ હીઝબુલ મુઝાઈદ્દીન -ત્રાસવાદીઓનો કેસ જમ્મુ-કાશમીરનો અનારા ગુપ્તા સી.ડી.કેસ, નોઈડાનો આરૂષી હત્યા કેસ, ઈન્દોરનો સીમી કાર્યકરનો કેસ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક તથા તટસ્થ હોવાના કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પૂરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૫ |
| ૨ | દિલ્હી | ૨૯ |
| ૩ | રાજસ્થાન | ૮ |
| ૪ | મધ્ય પ્રદેશ | ૧૨ |
| ૫ | મહારાષ્ટ્ર | ૧ |
| ૬ | હરિયાણા | ૧ |
| ૭ | ઝારખંડ | ૩ |
| ૮ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૯ | પમિ-બંગાળ | ૧ |
| ૧૦ | કેરાલા | ૧ |
| ૧૧ | નાગાલેન્ડ | ૫ |
| ૧૨ | બિહાર | ૨ |
| ૧૩ | ચંદીગઢ | ૫ |
| **કેન્દ્રીય સંસ્થાઓ** | | |
| ૧૪ | સી.બી.આઈ. | ૧૨ |
| ૧૫ | રેલ્વે | ૫ |
| ૧૬ | દાદરાનગર હવેલી | ૯૪ |
| ૧૭ | દમણ | ૪૯ |
| ૧૮ | દીવ | ૫ |
| ૧૯ | એર ફોર્સ | ૨ |

| | | |
|---|---|---|
| ૨૦ | ડી.આર.આઈ. | ૧૧ |
| ૨૧ | ગોવા | ૨ |
| ૨૨ | સેન્ટ્રલ એક્સાઈઝ | ૧ |
| | **કુલ :** | **૨૫૫** |

----------------

**અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકા અંગે**

૪૧૩૨ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાજેતરમાં અમદાવાદમાં થયેલા બોમ્બ ધડાકામાં સીમીની સંડોવણી છે એ બાબત સાચી છે ?

**જવાબ**

તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાઓના ગુનાના કામે પકડાયેલા તમામ આરોપીઓએ તપાસ દરમિયાન લખાવેલ નિવેદનો પરથી તથા પોલીસની તપાસ દરમિયાન મળેલ માહિતી જોતાં, તેઓ સીમીના કાર્યકરો હોવાનું સ્પષ્ટ થાય છે.

--------

**એફ. એસ. એલ.નું આધુનિકરણ**

૩૭૫૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ તથા ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૭-૦૮ની સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

એફ.એસ.એલ.ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટેક્નોલોજી ધરાવતી દેશની આ એક માત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેક્નોલોજીઓ બાબતે દેશમાં ગણના થાય છે. તે વિશિષ્ટ ટેક્નોલોજીઓ નીચે મુજબ છે.

(૧) ગો-માંસના સ્થળ પરીક્ષણ માટેની આધુનિક મોબાઈલ વાન
(૨) ગુન્હાના સ્થળની ઝીણવટભરી તપાસ માટેની ટેલીફોરેન્સીક પધ્ધતિ
(૩) બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ પધ્ધતિ
(૪) નારકો એનાલીસીસ
(૫) સાઈકોલોજીકલ પ્રોફાઈલીંગ
(૬) કોમ્પ્યુટરાઈઝડ ફાઈરીંગ રેન્જ.
(૭) ઓડીયો-વીડીયો ફોરેન્સીક પ્રોસેસીંગ
(૮) ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ (ઓન લાઈન તપાસ વ્યવસ્થા)

રાજ્યની આ એફ.એસ.એલ.ને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા કાર્યવાહી ચાલુ છે.

(૨) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષનો કુલ ખર્ચ રૂા. ૨૩,૨૫,૦૮,૧૨૬/-છે.

૨૦૦૮-૦૯ માટે ભારત સરકારે તા. ૧૪-૮-૦૮ના રોજ મંજુરી આપેલ હોઈ તે અંગે ખરીદીની કામગીરી ચાલુ છે.

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ જોડાણ માટેની અરજીઓ

૪૧૪૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, થાન અને સાયલા તાલુકાઓમાં ખેતી માટેના જોડાણોની તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી,

(૨) આ પેકી જોડાણ માટેની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર કરેલી અરજીઓના ખેડૂતોને વીજ જોડાણ ક્યારે આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાઓમાં ખેતી માટેના જોડાણોની તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની વિગતો |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૧૭૨ |
| ૨ | સાયલા | ૮૦૯ |
| | **કુલ** | **૧૯૮૧** |

૨૦૦૧ સેન્સસ બુકમાં થાનને તાલુકા તરીકે જણાવેલ નથી.

(૨) અગાઉના વર્ષની પડતર અરજીઓની કામગીરી ક્રમનુસાર હાથ ધરવામાં આવે છે.

(૩) જે પેકી છેલ્લા બે વર્ષમાં ચોટીલા તાલુકામાં ૩૫૪ની કામગીરી પૂર્ણ કરેલ છે. અગાઉની પડતર અરજીઓનો નિકાલ થયા બાદ ૧૯૮૧ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

### દાહોદ જિલ્લામાં નોંધાયેલ ખૂન અને બળાત્કારના ગુના

૪૦૪૩ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ખૂન-બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) આવા બનાવોમાં સંડોવાયેલા કેટલા આરોપીઓની ધરપકડ કરી ?

**જવાબ**

(૧)

| ખૂન | બળાત્કાર | ચોરીઓ |
|---|---|---|
| ૮૩ | ૧૭ | ૩૨૪ |

(૨) ખૂનના ગુનામાં કુલ ૧૬૦ આરોપીઓ સંડોવાયેલ છે. તે પેકી ૧૫૪ આરોપીઓ પકડાયેલ છે. જ્યારે ૬ આરોપીઓ પકડવાના બાકી છે. તે પેકી એક મરણ ગયેલ છે. જ્યારે પાંચ નાસતા ફરતા છે.

બળાત્કાર ગુનાઓમાં કુલ ૨૪ આરોપીઓ સંડોવાયેલ છે તે પેકી ૨૦ આરોપીઓ પકડાયેલ છે. જ્યારે ચાર આરોપીઓ પકડવાના બાકી છે. જે નાસતા ફરતા હોય પકડાયેલ નથી.

ચોરીના ગુનાઓમાં કુલ ૨૧૨ આરોપીઓ સંડોવાયેલ છે. તે પેકી ૨૦૨ આરોપીઓ પકડાયેલ છે. જ્યારે ૧૦ આરોપીઓ નાસતા ફરતા હોય પકડવાના બાકી છે.

નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ અવાર નવાર જીલ્લા કક્ષાએ ખાસ ટીમોની રચના કરી, ઝુંબેશ ઉપાડી, આવા આરોપીઓને પકડવામાં આવે છે. ઈ ઉપરાંત નાસતા ફરતા આરોપીઓ વિરુધ્ધ સીઆરપીસીની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવવામાં આવે છે.

### કોમ્પ્યુટરાઇઝ ડેટાની જાળવણી

૪૫૩૮ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કોમ્પ્યુટરાઇઝડ ડેટાની જાળવણી માટે સરકારે કોઇ વ્યવસ્થા કરી છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) ડેટાની જાળવણી માટે ડેટા સેન્ટર અસ્તીત્વમાં છે કે કેમ?

(૨) અને (૩) રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝડ ડેટાની જાળવણી માટે નીચે મુજબ વ્યવસ્થા અને આયોજન અમલી છે.

- વિધાનસભા સચિવાલયના ગ્રાઉન્ડ ફ્લોર પર જીસ્વાન સેન્ટરમાં રાજ્ય સરકારની જુદા જુદા વિભાગોની જુદી જુદી એપ્લીકેશનો અને ડેટા જાળવણી માટે જુદા જુદા સર્વરો કાર્યરત છે. આ સિવાય નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, ગાંધીનગર ખાતે પણ આ પ્રકારના સર્વરો કાર્યરત છે.

- રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ પ્લાન હેઠળ સે-૯ ખાતે એક અદ્યતન અને સુરક્ષીત સ્ટેટ ડેટા સેન્ટર તેયાર થઈ રહેલ છે. જેમાં જુદી જુદી એપ્લીકેશનો અને ડેટાના સંગ્રહ માટે સર્વરો રાખવાની માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. જેનો ઉપયોગ રાજ્યના તમામ વિભાગો/કચેરીઓ કરી શકશે. જે ટૂંક સમયમાં કાર્યરત કરવાનું આયોજન છે.

- આ ઉપરાંત વડોદરા, મહેસાણા અને રાજકોટ ખાતે ત્રણ મીની ડેટા સેન્ટર તૈયાર થઈ રહ્યા છે. જેમાં સ્થાનિક ડેટા અને એપ્લીકેશનોના સર્વરો રાખવા માટેની અને સુરક્ષીત અદ્યતન સગવડ ઉપલબ્ધ બનશે.

- કુદરતી આફતોના સમયે રાજ્યના જુદા જુદા વિભાગોની કચેરીઓના ડેટાની સુરક્ષીત જળવણી અને જરૂરીયાત મુજબ ઉપલબ્ધી થઈ શકે તે માટે આ ડેટાની સમાંતર જાળવણી અર્થે હેદરાબાદ ખાતે નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર દ્વારા ડીઝાસ્ટર રીકવરી સેન્ટર પણ તેયાર કરવામાં આવી રહયું છે.

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના**

૩૭૨૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રજ્ય સરકારે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી. ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે, અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી. બી. આઈ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયધીશો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તેથી ફોરેન્સીક નિષ્ણાંતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વેજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. ગુન્હા સંશોધન ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાના વેજ્ઞાનિક નિષ્ણાંતો તેયાર કરવાની ગુજરાત રાજ્ય તથા સમગ્ર દેશની તાતી જરૂરીયાતને લક્ષમાં લઈ દેશની/વિશ્વની અજોડ ગણાય તેવી ફોરેન્સીક સાયન્સ યુનિવર્સીટી સ્થાપવાનો સરકારે નિર્ણય કરેલ છે.

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) રાજ્ય સરકારે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટી સ્થાપવા માટે જરૂરી જમીન સેકટર-૧૮ ખાતે હાલની ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ કચેરી, ગાંધીનગરની બાજુમાં ફાળવવાનો નિર્ણય કરેલ છે. આ યુનિવર્સીટી દ્વારા જાન્યુઆરી-૨૦૦૯ તેમજ જુન-૨૦૦૯ થી કેટલાક મહત્વના કોર્ષો શરૂ કરવાનું આયોજન છે.

---------

**કોર્ટોના નવા મકાનોનું બાંધકામ**

૩૭૨૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી કોર્ટોના મકાન બન્યા,

(૨) કઈ કઈ કોર્ટોના કેટલા મકાનો બન્યા, અને

(૩) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કુલ ૫૧ કોર્ટોના મકાનો

(૨) નીચે જણાવેલ કોર્ટોના મકાનો બન્યા

| **કોર્ટોના મકાનો** | **ફાસ્ટ ટ્રેક કોર્ટના મકાનો** | **કુલ** |
|---|---|---|
| ૩૩ | ૧૮ | ૫૧ |

કુલ ૫૧ મકાનો બન્યા

(૩) રૂા. ૮૦,૮૧,૪૭,૦૦૦/-

---------

**નવલખી બંદરે વિદેશી કોલસાના જથ્થામાં લાગેલ આગ**

૩૮૦૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં નવલખી બંદરે વિદેશી કોલસાનો જથ્થો વધારે જમા થતાં ત્યાં મોટા પ્રમાણમાં આગ લગેલી તે હકીકત સાચી,

(૨) આ આગથી કોલસાના આયાતકારને થયેલ નુકસાન ભરપાઇ થાય તે માટે પડેલ કોલસા ઉંચા ભાવે વેચાય તે હેતુથી લીગાઇટના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૩) જો ના, તો લીગ્નાઇટ જેવા બળતણના અભાવે, ઈંટોના ભઠ્ઠા તથા નાના પ્રોસેસીંગ યુનિટોમાં ઓછા ઉત્પાદનની ઉભી થયેલ પરિસ્થિતિના નિવારણ માટે તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ શું પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) જુદા જુદા ઢગલાઓમાં સામાન્ય આગ લાગેલ હતી.

(૨) ના, જી.

(૩) (૧) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લી. દ્વારા અન્ય ખાણ ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવામાં આવેલ છે.

(૨) નવા લીગ્રાઈટ વિસ્તારોની લીઝ મેળવવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

(૩) નિગમ પાસેના ઉપલબ્ધ જથ્થામાંથી સીરામિક, ઈંટ જેવા નાના યુનિટોને વધુ ફાળવણી કરવામાં આવી છે.

**થેલેસેમીક બાળકોને એસ.ટીના ફ્રી પાસ**

૩૮૩૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાળ નિરોગી વર્ષ નિમિત્તે લોહીના વારસાગત રોગ થેલેસેમિયાનો ભોગ બનેલા થેલેસેમિયા બાળકોને એસ.ટી. બસમાં ફ્રી બસ પાસ કાઢી આપવાની દરખાસ્ત આરોગ્ય વિભાગ સાથે તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ પરામર્શ હેઠળ છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) બાબત વિચારણા હેઠળ છે.

(૨) જો હા, તો કુદરતે જેમની સાથે અન્યાય કરેલ છે તેવા થેલેસેમીક બાળકોને સરકાર ક્યારથી એસ.ટી.માં ફ્રી પાસ કાઢી આપવાનું વિચારે છે ?

**રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ આણંદ જિલ્લામાં થયેલ કામગીરી**

૪૩૦૪ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અતર્ગત આણંદ જિલ્લામાં કઈ એજન્સીને, ક્યારથી કામગીરી આપવામાં આવેલ છે,

(૨) આ કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા શું છે,

(૩) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર કેટલા વીજ જોડાણ અપાયા, અને

(૪) આ અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં મે. ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, વડોદરાને તા. ૧૯-૩-૨૦૦૭થી કામગીરી આપવામાં આવેલ છે.

(૨) હુકમ મળ્યાની તારીખથી ૨૨ માસમાં

(૩) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ જોડાણ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વીજ જોડાણની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બોરસદ | ૧૯૫૪ |
| ૨ | તારાપુર | ૩૬૮ |
| ૩ | સોજીત્રા | ૪૪૧ |
| ૪ | ઉમરેઠ | ૮૦૭ |
| ૫ | આણંદ | ૬૮૬ |
| ૬ | પેટલાદ | ૫૧૫ |
| ૭ | ખંભાત | ૧૭૨૧ |
| ૮ | આંક્લાવ | ૧૩૦૬ |
| | **કુલ** | **૭૭૯૮** |

(૪) કુલ રૂા. ૧૬૫.૯૭ લાખ.

----------

**પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના અંગે**

૩૭૭૯ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં અલગ પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના બાબતે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

રાજ્યમાં અલગ પશુપાલન યુનિવર્સિટીની સ્થાપનાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે.

--------

**મહુવા તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોની ઘટ**

૩૬૬૧**ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની સરકારી માધ્યમિક શાળાઓમાં કુલ કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) ૧૧ જગ્યા ખાલી છે.

(૨) આ જગ્યાઓ માડામાં મોડી કઈ તારીખ સુધીમાં ભરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

---------

**સરકારી ભરતીમાં બેક્લોગની જગ્યા અલગ ગણવા બાબત**

૪૫૫૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેન્દ્રની પાર્લામેન્ટ દ્વારા સને ૨૦૦૨માં સરકારી ભરતીઓમાં નવી જગ્યાઓ અને બેક્લોગને અલગ ગણવા માટે કાયદો પસાર કરેલ છે તે અન્વયે ગુજરાત રાજ્યમાં તેનો અમલ ક્યારથી કરવામાં આવ્યો ?

**જવાબ**

કેન્દ્રની પાર્લામેન્ટ દ્વારા પસાર કરાયેલ સને ૨૦૦૨ના કાયદાના અનુસંધાને નહીં, પરંતુ બંધારણીય (૮૧મો સુધારો) કાયદો, ૨૦૦૦ને અનુલક્ષીને અનુ. જાતિઓ અને અનુ. જનજાતિઓ માટેની અનામતની બેક્લોગની જગ્યાઓ અને / અથવા આગળ ખેંચાયેલ જગ્યાઓને જે તે વર્ષની નવી જગ્યાઓથી અલગ અને ભિન્ન જૂથ તરીકે ગણવાના હુકમો સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૯-૧-૦૫ના ઠરાવથી કરવામાં આવ્યા છે.

---------

**રાજ્યમાં વીજચોરી પકડવા લેવાયેલ પગલાં**

૩૯૭૭ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વીજચોરી પકડવા માટે શું શું પગલાં લીધા,

(૨) કેટલા વીજગ્રાહકોને વીજ ચોરી કરતા જિલ્લાવાર પકડવામાં આવ્યા, અને

(૩) કેટલી રકમની વસૂલાતો કરવામાં આવી ?

**જવાબ**

(૧) વીજચોરી પકડવા માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા છે.

- ગુજરાત ઉર્જા વિકાસ નિગમના તકેદારી વિભાગમાં સરકાર દ્વારા સિનિયર આઈ.પી.એસ. અધિકારીની નિમણૂંક કરી છે. નિગમની વડોદરા ખાતેની કચેરીમાં પોલીસ મહાનિર્દેશકના તાબા હેઠળ વીજ પ્રસ્થાપનની ચકાસણી માટે ૭૦ તપાસ ટૂકડીઓ ઉભી કરવામાં આવી છે. માલ સામાનની ચોરી ફરિયાદ માટે વડોદરા, સુરત, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર ખાતે ખાસ પોલીસ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યાં છે.
- ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની કલમ-૧૩૫ મુજબ વીજચોરીના ગુનાઓની કાર્યવાહી સત્વરે કરવા વડોદરા, સુરત, અમદાવાદ, રાડકોટ, ભાવનગર ખાતે ખાસ અદાલતો ચાલુ કરવામાં આવી છે.
- બંધ મીટરો બદલી નવા મેટલ મીટર બોક્ષ બેસાડવાની, સીલીંગ કરવાની, નવા સર્વીસ વાયરો નાંખવાની કામગીરી કરી કે જેથી ગ્રાહક વીજચોરી ન કરી શકે.
- વીજ વિતરણ કંપનીઓ દ્વારા જે વિસ્તારમાં વીજચોરી વધારે થાય છે. તેવા વિસ્તારોનું સઘન ચેકીંગ કરવામાં આવે છે.

(૨) અને (૩) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| અ.નં. | જિલ્લાનું નામ | તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજચોરીમાં પકડાયેલા ગ્રાહકોની સંખ્યા | વસૂલાતની રકમ (અંકે રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૬૩૯ | ૧૯૫.૪૬ |
| ૨ | નવસારી | ૨૩૦૩ | ૧૧૬.૭૩ |
| ૩ | ડાંગ | ૨૯૫ | ૨.૧૭ |
| ૪ | સુરત | ૧૯૧૧૫ | ૧૦૫૧.૪૪ |
| ૫ | તાપી | ૩૪૭ | ૩૦.૧૩ |
| ૬ | ભરૂચ | ૨૫૨૪ | ૧૩૭.૬૫ |
| ૭ | નર્મદા | ૪૪૭ | ૧૧.૯૫ |
| ૮ | વડોદરા | ૪૮૬૦ | ૩૯૫.૫૧ |
| ૯ | આણંદ | ૩૧૧૧ | ૨૬૨.૫૫ |
| ૧૦ | ખેડા | ૨૬૨૬ | ૧૪૧.૦૨ |
| ૧૧ | પંચમહાલ | ૧૭૬૯ | ૧૨૩.૨૫ |
| ૧૨ | દાહોદ | ૩૬૮ | ૨૦.૩૫ |
| ૧૩ | મહેસાણા | ૩૬૨૪ | ૨૨૦.૯૭ |
| ૧૪ | પાટણ | ૧૬૬૬ | ૧૩૫.૧૧ |
| ૧૫ | ગાંધીનગર | ૩૨૧૩ | ૧૭૨.૬૬ |
| ૧૬ | અમદાવાદ | ૫૪૮૪ | ૧૬૦.૩૫ |
| ૧૭ | સાબરકાંઠા | ૩૭૧૧ | ૧૨૭.૪૭ |
| ૧૮ | બનાસકાંઠા | ૧૮૫૩ | ૨૧૨.૭૦ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૮૫૬૪ | ૧૩૦.૧૪ |
| ૨૦ | રાજકોટ | ૨૬૯૪૩ | ૨૧૧૧.૧૦ |
| ૨૧ | પોરબંદર | ૭૫૧ | ૫૩.૭૨ |
| ૨૨ | જુનાગઢ | ૨૧૭૮૫ | ૯૮૦.૦૧ |
| ૨૩ | જામનગર | ૧૫૯૫૫ | ૧૦૪૭.૦૫ |
| ૨૪ | કચ્છ-ભૂજ | ૨૪૬૮ | ૩૪૦.૮૪ |
| ૨૫ | ભાવનગર | ૨૦૮૨૮ | ૯૦૦.૯૨ |
| ૨૬ | અમરેલી | ૧૧૫૫૯ | ૭૬૩.૭૦ |
| | **કુલ :** | **૧૬૮૮૦૮** | **૯૮૪૪.૯૫** |

**કલ્પસર યોજનાથી દરિયાઈ જીવો પર થનાર અસર**

* ૪૧૩૬ **શ્રી પબુભા માણેક(ધ્વારકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાથી દરિયાઈ જીવો ઉપર શી અસર થશે, અને

(૨) આ માટેની કામગીરી કઈ સંસ્થાને સોંપવામાં આવી છે ?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાથી દરિયાઈ જીવો પર થનાર અસરોનો અભ્યાસ કલ્પસર યોજનાના પર્યાવરણીય અભ્યાસો અંતર્ગત હાથ ધરવામાં આવશે અને અભ્યાસો પૂર્ણ થતાં જાણકારી પ્રાપ્ત થશે.

(૨) નીરી સંસ્થા દ્વારા પર્યાવરણીય અને સામાજીક અસરોના સ્કોપીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેને ભારત સરકારની મંજૂરી મળ્યા બાદના વિગતવાર અભ્યાસ હાથ ધરવામાં આવશે. હાલમાં કોઈ સંસ્થાને આવી કામગીરી સોંપવામાં આવી નથી.

**રાજ્યમાં થયેલ વીજ ઉત્પાદન**

૩૬૨૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮ના વર્ષમાં તથા તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કેટલું

**જવાબ**

(૧) રાજ્યમાં સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૫૬૮૧૬ મીલીયન યુનિટ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૬૨૩૫૫

વીજ ઉત્પાદન થયું,

મીલીયન યુનિટ તથા તા. ૦૧-૦૪-૨૦૦૮ થી ૩૧-૦૭-૨૦૦૮ સુધીમાં ૧૯૮૯૯ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન થયું.

(૨) ખાનગી ક્ષેત્ર અને કેન્દ્ર સરકાર પાસેથી કેટ કેટલી વિજળી શા ભાવે ખરીદવામાં આવી, અને

(૨) પત્રક-અ મુજબ

(૩) વિજળીનું ઉત્પાદન વધારવા રાજ્ય સરકારે ક્યા ક્યા પ્રકારના પગલાંઓ લીધા છે ?

(૩) ૨૦૧૨ ના અંત સુધીમાં ગુજરાત સરકાર દ્વારા ૧૦૮૬૩ મેગાવોટની ક્ષમતા કરતાં વધુ વીજળી મેળવવાના પગલાં લેવામાં આવેલ છે. જેમાં ૫૩૯૩ મેગાવૉટની ક્ષમતા રાજ્ય સરકારના સાહસો અને ખાનગી સાહસો દ્વારા ૨૨૭૦ મેગાવૉટ કેન્દ્રીય યોજનાઓ દ્વારા અને ૩૨૦૦ મેગાવોટ વીજળી સ્પર્ધાત્મક ભાવપત્રકોના માધ્યમથી વધારવાનું આયોજન કરેલ છે.

પત્રક - અ

છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન ખાનગી કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળી મીલીયન યુનીટ અને યુનીટ દીઠ ભાવ નીચે મુજબ છે.

ખાનગી સાહસો પાસેથી ખરીદેલ વીજળી.

| ક્રમ | નામ | ૨૦૦૬-૨૦૦૭ | | ૨૦૦૭-૨૦૦૮ | | જુન-૨૦૦૮ સુધી | |
|---|---|---|---|---|---|---|---|
| | | એમ્યુઝ | ભાવ રૂા. પ્રતિ યુનીટ | એમ્યુઝ | ભાવ રૂા. પ્રતિ યુનીટ | એમ્યુઝ | ભાવ રૂા. પ્રતિ યુનીટ |
| ૧ | એસ્સાર પાવર | ૧૮૪૧ | ૨.૭૩ | ૧૯૯૧ | ૨.૭૯ | ૫૨૬ | ૩.૩૪ |
| ૨ | જીપેક | ૪૩૪૧ | ૩.૦૨ | ૪૦૭૮ | ૪.૫૫ | ૧૦૩૮ | ૫.૩૬ |
| ૩ | પવનચક્કી | ૨૮ | ૨.૧૧ | ૫૦૮ | ૩.૩૧ | ૩૩૭ | ૩.૩૭ |
| ૪ | કેપ્ટીવ પ્લાન્ટ | ૩૩૪ | ૨.૧૪ | ૪૯૩ | ૨.૮૫ | ૧૦૮ | ૩.૩૫ |
| ૫ | અન્ય રાજ્યો પાસેથી ટ્રેડર્સ મારફત ખરીદી | ૬૮૩ | ૫.૧૬ | ૪૬૪ | ૫.૯૫ | ૩૪ | ૭.૮૨ |

કેન્દ્રીય સાહસો પાસેથી ખરીદેલ વીજળી.

| નામ | ૨૦૦૬-૨૦૦૭ | | ૨૦૦૭-૨૦૦૮ | | જુન-૨૦૦૮ સુધી | |
|---|---|---|---|---|---|---|
| | એમ્યુઝ | ભાવ રૂા. પ્રતિ યુનીટ | એમ્યુઝ | ભાવ રૂા. પ્રતિ યુનીટ | એમ્યુઝ | ભાવ રૂા. પ્રતિ યુનીટ |
| એનપીસી-કાકરાપાર | ૬૨૪ | ૨.૨૮ | ૫૧૫ | ૨.૦૯ | ૧૩૧ | ૨.૦૭ |
| એનપીસી-તારાપુર-૧-૨ | ૧૧૯૬ | ૧.૧૪ | ૧૧૭૬ | ૦.૯૯ | ૩૦૩ | ૦.૯૬ |
| એનપીસી-તારાપુર-૩-૪ | ૮૮૪ | ૨.૮૫ | ૧૧૦૦ | ૨.૮૮ | ૧૪૬ | ૨.૮૬ |
| એનટીપીસી-વિન્ધ્યાચલ-૧ | ૧૭૧૪ | ૧.૭૩ | ૧૮૦૩ | ૧.૬૪ | ૪૩૭ | ૧.૨૪ |
| એનટીપીસી-વિન્ધ્યાચલ-૨ | ૧૯૨૭ | ૧.૫૪ | ૧૯૧૫ | ૧.૬૫ | ૫૧૬ | ૧.૨૭ |
| એનટીપીસી-વિન્ધ્યાચલ-૩ | ૪૬૨ | ૧.૫૨ | ૨૧૪૧ | ૧.૬૭ | ૫૬૯ | ૧.૬૯ |
| એનટીપીસી-કોરબા | ૨૭૩૩ | ૧.૦૬ | ૩૦૨૩ | ૧.૦૫ | ૭૧૬ | ૧.૦૧ |
| એનટીપીસી-કાવાસ | ૭૪૬ | ૪.૬૪ | ૭૩૯ | ૬.૨૦ | ૨૨૯ | ૬.૯૮ |
| એનટીપીસી-ગાંધાર | ૧૫૮૮ | ૦૨.૨૫ | ૧૩૫૩ | ૨.૭૮ | ૩૫૧.૦ | ૨.૫૨ |
| એનટીપીસી-સીપત | ૦ | ૦ | ૦ | ૦ | ૨૭ | ૧.૮૫ |

---------

## પ્રાથમિક શાળામાં ડ્રોપ આઉટના રેટ

૪૧૧૯ **શ્રી લાલજીભાઈ સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૫ અને ધોરણ-૧ થી ૭માં ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો છે, અને

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો તેના કારણો શું છે ? | (૨) રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાઓ લેવાથી ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો છે.<br>૧. દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.<br>૨. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.<br>૩. વિદ્યાદીપ યોજના દાખલ કરવામાં આવેલ છે.<br>૪. માન. મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે.<br>૫. વિદ્યાર્થીનીઓ માટે અલગ ટોયલેટ બ્લોક્સનું બાંધકામ કરવામાં આવેલ છે.<br>૬. વિદ્યાસહાયક ભરતી યોજના અને વિદ્યાર્થીઓને વિના મુલ્યે પાઠ્ય પસ્તકો પુરા પાડવામાં આવે છે.<br>૭. સર્વ શિક્ષા અભિયાન, એનપીઈજીઈએલ, કેજીબીવી યોજનાની સફળતાપુર્વક ફળદાયી અમલવારી કરવામાં આવે છે.<br>૮. બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ આપવામાં આવે છે.<br>૯. આંગણવાડી ન હોય તેવા ગામોમાં ઈસીસીઈ કેન્દ્રો ખોલવાનું ધોરણ અપનાવેલ છે. |

---------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૪૧૨૪ **જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં પ્રવેશ મેળવેલ કેટલી કન્યાઓને તા. ૩૧-૮-૦૮ સુધીમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરવામાં આવેલ છે, અને | (૧) રાજ્યની પ્રાથમિક શાળાઓમાં સને ૨૦૦૭-૦૮માં ૧૪૭૫૦૬ અને સને ૨૦૦૮-૦૯માં ૧૨૬૭૭૯ કન્યાઓને તા. ૩૧-૮-૦૮ સુધીમાં વિદ્યાલક્ષી બોન્ડ એનાયત કરવામાં આવેલ છે. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૨૭૪૨.૮૫ લાખ. |

---------

**સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ હેઠળ એસ. ટી. બસોની લીધલ સેવા**

૪૧૫૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમ હેઠળ એસ.ટી.ની કુલ કેટલી બસો રીક્વીઝીટ કરવામાં આવી હતી, અને | (૧) એક પણ નહિ. |
| (૨) રાજ્ય સરકારે ભાડા પેટે એસ. ટી.ને કુલ કેટલી રકમ ચૂકવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અપીલોની આખરી સુનાવણી અંગે**

૪૧૪૬ **શ્રી ભરતસિંહજી શં.ડાભી(ખેરાલુ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સહકાર વિભાગમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અપીલોના આખરી સુનાવણી પછી નિર્ણયો પડતરમાં છે, અને | (૧) કુલ ૪૮. |

(૨) સરકારે શા પગલાં લીધા છે ?

(૨) નિયમોનુસાર ત્વરીત નિકાલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**એફ.એસ.એલ.નું આધુનિકરણ**

૩૭૨૮ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઇ યોજના અમલમાં છે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ તથા ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૭-૦૮ સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા. જી.

એફ.એસ.એલ.ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટેક્નોલોજીઓ ધરાવતી દેશની આ એક માત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેક્નોલોજીઓ બાબતે દેશમાં ગણના થાય છે. તે વિશિષ્ટ ટેક્નોલોજીઓ નીચે મુજબ છે.

(૧) ગો-માંસના સ્થળ પરીક્ષણ માટેની આધુનિક મોબાઈલ વાન.
(૨) ગુન્હાની સ્થળની ઝીણવટભરી તપાસ માટેની ટેલીફોરેન્સીક પધ્ધતિ.
(૩) બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ પધ્ધતિ.
(૪) નારકો એનાલીસીસ.
(૫) સાઈકોલોજીક્લ પ્રોફાઈલીંગ.
(૬) કોમ્પ્યુટરાઈઝડ ફાઈરીંગ રેન્જ.
(૭) ઓડીયો-વીડીયો ફોરેન્સીક પ્રોસેસીંગ.
(૮) ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ (ઓન લાઈન તપાસ વ્યવસ્થા)

રાજ્યની આ એફ.એસ.એલ.ને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા કાર્યવાહી ચાલુ છે.

(૨) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષનો કુલ ખર્ચ રૂા. ૨૩,૨૫,૦૮,૧૨૬/- છે.

૨૦૦૮-૦૯ માટે ભારત સરકારે તા. ૧૪-૮-૦૮ના રોજ મંજૂરી આપેલ હોઈ તે અંગે ખરીદીની કામગીરી ચાલુ છે.

--------

**સમીના પાવર પ્રોજેક્ટના અસરગ્રસ્તો માટે સહાય**

૪૧૩૫ **ભાવસિંહ રાઠોડ(સમી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમીની બાજુમાં અદાણી ગૃપનો નવો પાવર પ્રોજેક્ટ થનાર છે તેમાં એક્વાયર કરેલ જમીન પરના પ્રસ્થાપિત લોકો તેમજ ખેડૂતોને થયેલ કે થનાર નુક્સાન અંગે તેમના પરિવાર માટે સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ભવિષ્યમાં આ પ્રોજેક્ટમાં તેઓને નોકરીનો કોઇ લાભ આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) સમીની બાજુમાં અદાણી ગૃપ દ્વારા કોઈ પાવર પ્રોજેકટ સ્થપાનાર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં કરવામાં આવેલ નોટરીની નિમણુકો**

૩૬૫૦ **શ્રી દિતભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નોટરીની નિમણૂકો માટે કાયદા વિભાગ દ્વારા સને ૨૦૦૭ ના વર્ષમાં ઇન્ટરવ્યુ લઇને પસંદગી યાદી તેયાર કરી હતી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા નોટરીઓની પસંદગી કરવામાં આવી હતી, અને<br>(૩) આવી પસંદગી યાદી રદ કરી નવેસરથી કાર્યવાહી કરવાના કારણો શા છે ? | (૨) અને (૩)<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોની જમીન અંગે**

૩૮૩૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાની ઝગડીયા તાલુકાના વાસણા-ધારોલી ગામોએ સરદાર સરોવર પુનઃ વસવાટના વિસ્થાપિતોની જમીન સરકારની છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| હા, તો આ જમીનમાં શેરડી-દિવેલા-ઘઉં વગર પાક તવાર હતો તે પાકની ઉપજ તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી છે; અને | (૨) ખંડ (૧) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ રકમ ક્યા સદર હેઠળ જમા લેવાય છે ? | (૩) ખંડ (૧) અને (૨) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજ્યમાં સરકારી પોલીટેક્નીક અને એન્જીનીયરીંગ કોલેજમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૩૮૮૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજ્યમાં પોલીટેક્નીક અને એન્જીનીયરીંગ કોલેજોમાં સંવર્ગવાર કેટલી શૈક્ષણિક જગ્યાઓ પ્રિન્સીપાલ સહિત મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજ્યમાં પોલીટેક્નીક અને એન્જીનીયરીંગ કોલેજોમાં સંવર્ગવાર નીચે મુજબની શૈક્ષણિક જગ્યાઓ પ્રિન્સીપાલ સહિત મંજૂર થયેલ છે,

(૧) સરકારી ઈજનેરી કોલેજો.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૧૪ |
| ૨ | પ્રાધ્યાપક | ૧૨૭ |
| ૩ | સહા. પ્રાધ્યાપક | ૨૯૬ |
| ૪ | વ્યાખ્યાતા | ૭૦૪ |

(૨) સરકારી પોલીટેક્નીક

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૨૫ |
| ૨ | ખાતાના વડા | ૧૨૯ |

**પ્રશ્ન**

(૨) આ પેકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૨) આ પેકી નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ અલગ અલગ તારીખથી ખાલી છે.

(૧) સરકારી ઈજનેરી કોલેજો.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૧૦ |
| ૨ | પ્રાધ્યાપક | ૯૪ |
| ૩ | સહા. પ્રાધ્યાપક | ૧૯૫ |
| ૪ | વ્યાખ્યાતા | ૨૪૪ |

(૨) સરકારી પોલીટેક્નીક

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૨૦ |
| ૨ | ખાતાના વડા | ૭૪ |
| ૩ | વ્યાખ્યાતા | ૪૬૧ |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) ૧. ૫૨૫ વ્યાખ્યાતાઓને એડહોક નિમણૂક આપેલ છે.
૨. ૪૯૪ જગ્યાઓમાં વ્યાખ્યાતાઓની એડહોક નિમણૂક આપવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

--------

**રાજ્યની જેલોમાં રાખવામાં આવતા કેદીઓ**

૪૧૫૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૭ થી તા. ૪-૯-૦૮ સુધીમાં રાજ્યની જેલમાં કેટલા કેદીઓ રાખવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૭થી તા. ૪-૯-૨૦૦૮ સુધીમાં રાજ્યની જેલોમાં રાખવામાં આવેલ કેદીઓની સંખ્યા.

| માસ | રાખવામાં આવેલ કેદીઓની કુલ સંખ્યા |
|---|---|
| જાન્યુ.-૦૭ | ૧૧૮૩૨ |
| ફેબ્રુઆરી-૦૭ | ૧૨૧૯૬ |
| માર્ચ-૦૭ | ૧૨૨૩૧ |
| એપ્રિલ-૦૭ | ૧૨૨૫૧ |
| મે-૦૭ | ૧૨૧૭૪ |
| જુન-૦૭ | ૧૨૨૬૧ |
| જુલાઈ-૦૭ | ૧૨૧૨૨ |
| ઓગષ્ટ-૦૭ | ૧૨૪૧૭ |
| સપ્ટેમ્બર-૭ | ૧૧૯૫૧ |
| ઓકટોબર-૦૭ | ૧૨૧૩૪ |
| નવેમ્બર-૦૭ | ૧૧૮૮૬ |
| ડીસેમ્બર-૦૭ | ૧૧૯૧૬ |
| જાન્યુ.-૦૮ | ૧૧૭૯૮ |
| ફેબ્રુઆરી-૦૮ | ૧૧૩૪૫ |
| માર્ચ-૦૮ | ૧૧૪૩૮ |
| એપ્રિલ-૦૮ | ૧૨૦૫૫ |
| મે-૦૮ | ૧૨૦૬૪ |
| જુન-૦૮ | ૧૨૨૨૫ |
| જુલાઈ-૦૮ | ૧૨૨૭૯ |
| ઓગષ્ટ-૦૮ | ૧૨૪૧૯ |
| ૪-૯-૦૮ | ૧૨૧૪૬ |

(૨) આ જેલોમાં રાખવામાં આવેલ કેદીઓની જગ્યા કેટલા સ્કેવર ફૂટ છે, અને

(૨) ૨૬૦૭૬૦ સ્કવેર ફુટ

(૩) આ કેદીઓને રાખવા માટેના ધારા-ધોરણો પ્રમાણે બેરેકમાં પૂરતી જગ્યા આપવામાં આવે છે કે નહીં ?

(૩) રાજ્યની ૨૪ જેલો પેકી સબ જેલ નવસારી-ગોધરા-ભરૂચ-અમરેલી-છોટા ઉદેપુર -રાજપીપળા- મોડાસા અને ઓપન જેલ અમદાવાદ અને અમરેલીમાં કેદીઓને

રાખવા માટે ધારા ધોરણો પ્રમાણે બેરેકમાં પૂરતી જગ્યા આપવામાં આવે છે. આ સિવાયની જેલો ખાતે અધિકૃત સમાવેશ કેદી સંખ્યા કરતાં વધુ કેદીઓ રાખવામાં આવતા હોઈ નિયમ મુજબની જગ્યા આપી શકાતી નથી. આ પ્રશ્નના નિરાકરણ માટે જુદી જુદી યોજનાઓ હેઠળ કેદી સમાવેશ સંખ્યા વધારવાના પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે જે હેઠળ નવી જેલોનું બાંધકામ, હયાત જેલોનું અપગ્રેડેશન તથા નવી બેરેકોનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. ૨૦૧૦ સુધીમાં ૫૭૧૯ની વધારાની કેદી સમાવેશ ક્ષમતા ઉભી થશે પરીણામે ઓવરક્રાઉડીંગના પ્રશ્નનું નિરાકરણ થઈ શકશે.

--------

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત થયેલ એમ.ઓ.યુ.**

૪૦૧૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં દેશ વિદેશના મૂડી રોકાણકારોને આકર્ષવા અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગોએ કેટલા મૂડી કરારના એમ.ઓ.યુ. ક્ર્યા, અને

(૨) આવા ઉદ્યોગો ક્યારે કાર્યરત થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં રાજ્ય સરકાર તરફથી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૭નું આયોજન કરવામાં આવેલ. જેમાં દેશ વિદેશના કુલ ૩૬૩ રોકાણકારો દ્વારા ૪૫૪ પ્રોજેક્ટો માટે રૂા. ૪૬૧૮૩૫ કરોડના રોકાણ કરવા માટે એમઓયુ-જાહેરાતો કરવામાં આવેલ હતી. આ સાથે એનેક્ષર-૧માં સેકટરવાઈઝ ઉદ્યોગોની સંખ્યા તેમ જ મુડી રોકાણની માહિતી આપેલ છે.

(૨) ઉપર્યુક્ત પેકી હાલ કુલ ૧૮૦ એકમો અમલીકરણ હેઠળ છે, જે પેકી ૬૬ એકમો કાર્યરત થઈ ચુકેલ છે. અમલીકરણ હેઠળના બાકી ૧૧૪ એકમો અને કાર્યવાહી શરૂ થયેલ હોય તેવા ૭૦ એકમો અમલીકરણ પૂર્ણ થયેથી કાર્યરત થશે.

**Annexure-"૧"**

**Vibrant Gujarat Global Investor's Summit-૨૦૦૭ MOUs**

(Rs. in Crore)

| S.No. | Sector | Nos. | MOUs Investment | Nos. | Announcement Investment | Nos. | Total Investment |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | Sez | ૨૮ | ૧૭૦૮૮૯.૦૦ | - | - | ૨૮ | ૧૭૦૮૮૯.૦૦ |
| ૨. | Chemicals & Petrochemicals | ૩૧ | ૧૩૪૧૨.૦૦ | - | - | ૩૧ | ૧૩૪૧૨.૦૦ |
| ૩. | Pharmaceuticals | ૫ | ૩૪૭.૦૦ | - | - | ૫ | ૩૪૭.૦૦ |
| ૪. | Engineering, Auto & | ૩૬ | ૧૪૯૬૩.૦૦ | - | - | ૩૬ | ૧૪૯૬૩.૦૦ |
| ૫. | Textile & Apparels | ૨૯ | ૮૨૮૩.૦૦ | - | - | ૨૯ | ૮૨૮૩.૦૦ |
| ૬. | Paper Industries | ૬ | ૧૫૭૭.૦૦ | - | - | ૬ | ૧૫૭૭.૦૦ |
| ૭. | Agro & Food Processing | ૬૧ | ૧૦૩૭૫.૦૦ | - | - | ૬૧ | ૧૦.૩૭૫.૦૦ |
| ૮. | Biotechnology | ૧૯ | ૧૫૪૧.૦૦ | - | - | ૧૯ | ૧૫૪૧.૦૦ |
| ૯. | Information Technology | ૨૧ | ૧૪૮૧૧.૦૦ | -- | - | ૨૧ | ૧૪૮૧૧.૦૦ |
| ૧૦. | Oil & Gas | ૧૧ | ૧૯૪૮૮.૦૦ | ૧૫ | ૨૫૨૭૮.૦૦ | ૨૬ | ૪૪૭૬૬.૦૦ |

| S.No. | Sector | Nos. | MOUs Investment | Nos. | Announcement Investment | Nos. | Total Investment |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧. | Power | ૧૫ | ૫૫૧૩૯.૦૦ | ૪ | ૭૮૨૯૦.૦૦ | ૧૯ | ૧૩૩૪૨૯.૦૦ |
| ૧૨. | Port | ૨૨ | ૧૩૫૧૮.૦૦ | - | - | ૨૨ | ૧૩૫૧૮.૦૦ |
| ૧૩. | Civil Aviation | ૪ | ૧૦૦૨૮.૦૦ | - | - | ૪ | ૧૦૦૨૮.૦૦ |
| ૧૪. | Road & Rail Project | ૬ | ૨૫૧૬.૦૦ | - | - | ૬ | ૨૫૧૬.૦૦ |
| ૧૫. | Urban development | ૫ | ૬૯૮૫.૦૦ | - | - | ૫ | ૬૯૮૫.૦૦ |
| ૧૬. | Financial Sector | | | ૧ | ૧૦૦૦.૦૦ | ૧ | ૧૦૦૦.૦૦ |
| ૧૭. | Education | ૨ | ૫૧૦.૦૦ | - | - | ૨ | ૫૧૦.૦૦ |
| ૧૮. | Health Care | ૮ | ૨૦૯૨.૦૦ | - | - | ૮ | ૨૦૯૨.૦૦ |
| ૧૯. | Tourism | ૩૪ | ૧૦૭૯૩.૦૦ | - | - | ૩૪ | ૧૦૭૯૩.૦૦ |
| | Total | ૩૪૩ | ૩૫૭૨૬૭.૦૦ | ૨૦ | ૧૦૪૫૬૮.૦૦ | ૩૬૩ | ૪૬૧૮૩૫.૦૦ |

--------

**દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં ખેતી લાયક સહાય**

૪૩૧૭ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં બળદ, બળદગાડા, ઓઇલ એન્જીન ઇલેક્ટ્રીક મોટર તથા કુવાની સહાય માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પેકી કેટલા કેસોમાં સહાય ચુકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બળદ, બળદગાડા, ઓઇલ એન્જીન ઇલેક્ટ્રીક મોટર તથા કુવાની સહાય માટે દાહોદ તાલુકામાં ૫૪૩ અને ઝાલોદ તાલુકામાં ૧૦૩૨ મળી કુલ ૧૫૭૫ અરજીઓ આવેલ છે.

(૨) આ અરજીઓ પેકી દાહોદ તાલુકામાં ૧૪૫ અને ઝાલોદ તાલુકામાં ૮૭ મળી કુલ ૨૩૨ કેસોમાં સહાય ચુકવવામાં આવી.

(૩) આ અરજીઓ પેકી દાહોદ તાલુકામાં ૩૯૮ અને ઝાલોદ તાલુકામાં ૯૪૫ મળી કુલ ૧૩૪૩ અરજીઓ પડતર રહેવા પામેલ છે.

--------

**આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ**

૪૫૪૪ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે કોઇ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩)

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે અમલમાં છે તેવી યોજના તથા તે અન્વયે વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણોની અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન નવા વીજ જોડાણોનાં આયોજનની માહિતી નીચે

(૩) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલા નવા વીજ જોડાણો આપવા આયોજન કરવામાં આવેલ છે ?

મુજબ છે.

| યોજનાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણો | વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન નવા વીજ જોડાણો આપવાનું આયોજન |
|---|---|---|
| કુટિર જ્યોતિ યોજના | ૧૫૯૫૧ | ૧,૧૨,૦૦૦ |
| આદિમજૂથના લોકો (પ્રિમીટીવ ટ્રાઈબ્સ) ને દ ારગથ્થું વીજ જોડાણ યોજના | આ યોજના વર્ષ ૨૦૦૮-૦૯થી અમલમાં આવેલ છે. | ૧૩,૦૩૩ |
| પેટાપરા વીજળીકરણ યોજના | ૩૦૦ પેટાપરા | ૧૮૦ પેટાપરા |

--------

**વિસાવદર અને ભેસાણમાં પ્રાથમિક શાળામાં મંજૂર કરેલ રૂમો**

૩૯૧૬ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ વિસાવદર તથા ભેસાણ તાલુકામાં દરેક ગામ મુજબ પ્રાથમિક શાળાના કેટલા રૂમો મંજૂર થયેલ છે ?

**જવાબ**

૨(બે) પ્રાથમિક શાળાઓમાં ૨(બે) ઓરડાઓ મંજૂર કરેલ છે ગામવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ગામનું નામ | પ્રાથમિક શાળાનું નામ | ઓરડાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વિસાવદર | માંડાવડ | માંડાવડ | ૧ |
| | | ઈશ્વરીય ાગિર | ઈશ્વરીય ાગિર | ૧ |
| ૨ | ભેસાણ | નીલ | - | - |
| | | | કુલ | ૨ |

--------

**રાજ્યમાં સરકારી ડીગ્રી /ડિપ્લોમા કોલેજોમાં અધ્યાપકોની ઘટ**

૪૧૩૦ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારી ડીગ્રી/ડિપ્લોમા કોલેજોમાં અધ્યાપકોની ઘટ છે તેની સરકારને જાણ છે,

(૨) જો હા, તો આ ઘટ નિવારવા સરકાર તરફથી કોઈ પ્રયત્ન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા.

(૨) હા.

(૩) (૧) ૫૨૫ વ્યાખ્યાતાઓને એડહોક નિમણૂંક આપેલ છે.

(૨) ૪૯૪ જ્યાઓમાં વ્યાખ્યાતાઓની એડહોક નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

--------

**જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો**

**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી ((ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજના અન્વયે પાટણ તાલુકામાં

**જવાબ**

(૧) કોઈ નહીં.

કેટલા ગામો તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ વીજળીકરણથી વંચિત છે, અને

(૨) આ ગામોને તથા પરાઓને વીજળીકરણથી ક્યારે સુવિધાઓ પૂરી પાડવામાં આવશે ?

(૨) તમામ ગામો તથા પેટાપરાઓનું વીજળીકરણ થઈ ગયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**શહેરા તાલુકામાં જી.આઈ.ડી.સી.ની સ્થાપના**

૪૫૫૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ શહેરા તાલુકામાં જી.આઈ.ડી.સી. માટે કોઈ જમીન સંપાદન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) આ જમીન ક્યારે સંપાદન કરવામાં આવી, | (૨) આ જમીન સંપાદન અંગે તા. ૪-૧૧-૧૯૯૭ના રોજ એવોર્ડ પ્રસિધ્ધ કરવામાં આવ્યો અને જીઆઈડીસીએ તા. ૨૦-૮-૧૯૯૮ના રોજ જમીનના કબજા મેળવેલ છે. |
| (૩) કોઈ પ્લોટની માંગણી આવેલ છે કે કેમ, | (૩) હા. |
| (૪) માંગણી આવેલ હોઈ તો પ્લોટ ફાળવણી થયેલ છે કે કેમ, અને | (૪) હા. તા. ૫-૯-૨૦૦૮ના રોજ તમામ જમીન ફાળવણી અંગે ઓફર કમ ફાળવણી પત્ર રવાના કરવામાં આવેલ છે. |
| (૫) પ્લોટ ન ફાળવાયા હોય તો તેનાં કારણો શા છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કોર્ટોના નવા મકાનોનું બાંધકામ**

૩૭૪૩ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી કોર્ટોના મકાનો બન્યા,

(૧) કુલ ૫૧ કોર્ટોના મકાનો

(૨) કઈ કઈ કોર્ટોના કેટલા મકાનો બન્યા, અને

(૨) નીચે જણાવેલ કોર્ટોના મકાનો બન્યા

| કોર્ટોના મકાનો | ફાસ્ટટ્રેક કોર્ટના મકાનો | કુલ |
|---|---|---|
| ૩૩ | ૧૮ | ૫૧ |

કુલ ૫૧ મકાનો બન્યા.

(૩) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) રૂા. ૮૦,૮૧,૪૭,૦૦૦/-

---------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૪૫૧૮ **શ્રી સિધ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

ઓગસ્ટ-૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે ?

| અ. નં. | તાલુકાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૫૯ |
| ૨ | પાદરા | ૪૧ |
| ૩ | કરજણ | ૯૧ |
| ૪ | સાવલી | ૮૪ |
| ૫ | વાઘોડીયા | ૨૯ |
| ૬ | ડભોઈ | ૬૦ |
| ૭ | શિનોર | ૧૫ |
| ૮ | સંખેડા | ૮૫ |
| ૯ | જેતપુર પાવી | ૩૪ |
| ૧૦ | નસવાડી | ૫૩ |

| | | |
|---|---|---|
| ૧૦ | નસવાડી | ૫૩ |
| ૧૧ | છોટાઉદેપુર | ૧૪૪ |
| ૧૨ | ક્વાંટ | ૧૦૭ |
| | કુલ | ૮૦૨ |

---------

**વિડીયો કોન્ફરન્સ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરાયેલ કેદીઓ**

૩૭૫૦ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જેલ-કોર્ટ વીડિયો કોન્ફરન્સીંગ દ્વારા ૨૦૦૬ અને ૨૦૦૭ના કેલેન્ડર વર્ષમાં કેટલા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, | (૧) (૧) વર્ષ ૨૦૦૬માં **૫૮૨૬**<br>(૨) વર્ષ ૨૦૦૭માં **૫૨૭૫** |
| (૨) આ પ્રકારની સુવિધાથી સરકારને નાણાંકીય તથા સુરક્ષાની દ્રષ્ટિએ કોઈ પ્રકારનો લાભ થયેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો શું લાભ થયેલ છે ? | (૩) વિડીયો કોન્ફરન્સીંગની સુવિધાના કારણે કાચા કામના કેદીઓને રીમાન્ડ એક્ષ્ટેન્શન અર્થે ભૌતિક રીતે કોર્ટમાં રજુ કરવાના રહેતા ન હોઈ, પોલીસ એસ્કોર્ટ અને વાહનોના ખર્ચમાં બચત થાય છે. પોલીસ જાપ્તામાંથી કેદીઓ નાસી જવાની અને અનધિકૃત સવલતો ભોગવવાની બાબત નિયંત્રિત બને છે. કેદીઓના માનવીય ગૌરવની વધુ સારી જાળવણી શક્ય બને છે. |

---------

**એક જ જગ્યાએ પાંચ વર્ષથી ફરજ બજાવતા અધિકારીઓ**

૪૧૦૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત સરકારમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કૃષિ અને સહકાર, ગૃહ, શહેરી વિકાસ, શિક્ષણ જેવા વિભાગોમાં ઉપ સચિવો અને નાયબ સચિવો કેટલા એક જ જગ્યાએ છેલ્લા પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજો બજાવે છે, | (૧) નાયબ સચિવ-૩<br>ઉપ સચિવ-૩ |
| (૨) સરકારી નિયમ પરિપત્ર ત્રણ વર્ષથી વધારે સમય એક જગ્યાએ નહી રાખવાનો હોવા છતાં શું આ અધિકારીઓ ઉપર આ પરિપત્રનો અમલ સરકાર ક્યારે કરવા માંગે છે, અને | (૨) જાહેર હિત અને વહીવટી અનુકૂળતાને ધ્યાનમાં રાખી યોગ્ય સમયે |
| (૩) તા. ૩૧-૮-૦૮ સુધી અમલ નહી કરવાના કારણો શા છે ? | (૩) જાહેર હિત અને વહીવટી જરૂરીયાતને અનુલક્ષીને |

---------

**મધ્યાહન ભોજન યોજના હેઠળના કર્મચારીઓને મળતું વેતન**

૪૧૫૪ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મધ્યાહન ભોજન યોજના હેઠળના કર્મચારીને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે,

(૧)

| | ગ્રામ કક્ષાએ | મહાનગરપાલિકાના કેન્દ્રોમાં |
|---|---|---|
| સંચાલક- | રૂા. ૫૦૦/- | રૂા. ૧૫૦૦/- |
| રસોયા- | રૂા. ૨૫૦/- | રૂા. ૮૦૦/- |
| મદદનીશ- | રૂા. ૧૭૫/- | રૂા. ૫૦૦/- |

(૨) આ કર્મચારી પાસે દૈનિક કેટલા કલાક કામ લેવામાં આવે છે, અને

(૨) પાર્ટ ટાઈમ

(૩) આ કર્મચારીઓનું વેતન લઘુતમ વેતનના દર કરતા ઓછું છે કે વધારે છે ?

(૩) આ કર્મચારીઓ માનદવેતન મેળવતા હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના**

૩૯૫૧ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૮-૦૮ સુધીમાં ભાવનગર જિલ્લામાં ખૂનના કેટલા ગુન્હાઓ બન્યા,

(૧) ૬૫ (પાંસઠ)

(૨) આ પૈકી કેટલામાં આરોપીઓ પકડવાના બાકી છે,

(૨) ૦૭ (સાત) ગુન્હાઓમાં

(૩) કેટલા ગુન્હાઓમાં આરોપીઓનાં નામો હજુ ખુલ્યા નથી, અને

(૩) ૦૫ (પાંચ) ગુન્હાઓમાં

(૪) શું આવા ગુન્હાઓની તપાસ સરકાર ક્રાઈમ બ્રાન્ચને સોંપવા માંગે છે કે કેમ ?

(૪) અત્યારે આવી કોઈ દરખાસ્ત નથી.

---------

**શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને કાર્યકુશળતા વધારવા રોજગારી**

૪૧૨૯ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ધોરણ ૧૦, ૧૨ અને તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની કાર્યકુશળતા વધારવા તથા રોજગારીની તકો વધારવા માટે રાજ્યના તાંત્રિક શિક્ષણ વિભાગ તરફથી કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા જી.

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

(૨) શિક્ષણ વિભાગે ગુજરાત નોલેજ સોસાયટીની સ્થાપના કરેલ છે. અને ધોરણ ૧૦, ૧૨, અને તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની કાર્યકુશળતા વધારવા તથા રોજગારીની તકો વધારવા આઈ.ટી. ક્ષેત્રના ૧૯ અને આઈ.ટી. સિવાયના ક્ષેત્રોના ૨૦ અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન વિચારેલ છે.

**કરજણ તાલુકા ખેતવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાસેથી માર્કેટ સેસની વસૂલાત અંગે**

૪૦૬૦ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લાની કરજણ તાલુકા ખેતવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માર્કેટ સેસમાં કેટ કેટલો વધારો કરવામાં આવ્યો,

(૧)

| સમયની વિગત | નિયત કરેલ માર્કેટ સેસના દર | | વધારો/ઘટાડો | |
|---|---|---|---|---|
| | રૂા. | પૈસા | રૂા. | પૈસા |
| તા. ૧૫-૦૯-૧૯૯૮ થી | સેંકડે ૦.૫૦ | | -- | |
| તા. ૧૩-૦૪-૨૦૦૬ થી | સેંકડે ૧.૦૦ | | ૦.૫૦ વધારો | |
| તા. ૧૦-૧૦-૨૦૦૭ થી | સેંકડે ૦.૬૫ | | ૦.૩૫ ઘટાડો | |

(૨) સરકારશ્રીના ધારાધોરણ મુજબ માર્કેટ સેસની વસૂલાત કરવામાં આવેલ છે કેમ, અને

(૨) હા, જી. ગુજરાત ખેત ઉત્પન્ન બજારો બાબતના નિયમોની જોગવાઇ મુજબ માર્કેટ સેસની વસૂલાત કરવામાં આવેલ છે.

(૩) આ બાબતે થયેલ ગેરરીતિઓ અંગે રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી છે ?

(૩) ૨-ફરિયાદો મળી છે.

## રાજ્યમાં થતું વીજ ઉત્પાદન

૩૯૨૦ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટની છે,

(૨) એમાંથી કેટલા મેગાવોટ પ્રતિદિન વીજઉત્પાદન થાય છે અને કેટલા મેગાવોટ વીજઉત્પાદનની માગ અને ખાધ રહે છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વીજ ખરીદી માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૪) આ વીજ ખરીદી કઈ કઈ કંપનીઓ પાસેથી કેટલા ભાવ પ્રતિ યુનિટ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતા ૯૭૫૯ મેગાવોટ છે. (જેમાં રાજ્ય સરકાર હસ્તકના ૪૭૬૬ મેગાવોટ ખાનગી ક્ષેત્રના ૨૪૧૮ મેગાવોટ તથા કેન્દ્રના હિસ્સાના ૨૫૭૫ મેગાવોટનો સમાવેશ થાય છે.)

(૨) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ ૭૪૫૯ મેગાવોટ વીજળી ઉત્પાદન થાય છે. તેની સામે તે સમયે મહત્તમ અનિયંત્રિત વીજમાંગ ૮૯૯૯ મેગાવોટ હતી. આથી ૧૫૪૦ મેગાવોટ ખાધ રહે છે.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન વીજ ખરીદી ખાતે રૂા. ૭૦૨૮.૦૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને ચાલુ વર્ષ દરમ્યાન ૩૦ જુન-૨૦૦૮ સુધીમાં રૂા. ૧૯૪૯.૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

પત્રક મુજબ

**પત્રક**

વર્ષ ૨૦૦૭-૨૦૦૮ તથા ચાલુ વર્ષમાં ૩૦ જુન ૨૦૦૮ સુધીમાં કંપની દીઠ કરવામાં આવેલ વીજ ખરીદીની વિગતો નીચે પ્રમાણે છે.

| | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ (જુન-૨૦૦૮ સુધી) | | |
|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનીટ | રકમ (રૂા. કરોડમાં) | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનીટ | રકમ (રૂા. કરોડમાં) | દર રૂા. પ્રતિ યુનિટ |
| **કેન્દ્રીય સાહસ** | | | | | | |
| એનપીસી | ૨૭૯૧ | ૫૪૦ | | ૫૮૦ | ૯૮.૧૦ | |
| એનટીપીસી | ૧૦૯૭૩ | ૨૧૨૨.૭૧ | | ૨૮૪૫ | ૫૭૭.૦૩ | |
| એસ.એસ.એન.એલ. | ૬૯૭ | ૧૪૨.૯૫ | | ૮૯ | ૧૮.૧૮ | |
| **સ્વતંત્ર વીજ ઉત્પાદકો** | | | | | | |
| એસ્સાર | ૧૯૯૧ | ૫૫૪.૯૭ | ૨.૭૯ | ૫૨૬ | ૧૭૫.૭૨ | ૩.૩૪ |
| જીપેક | ૪૦૭૮ | ૧૮૫૭.૧૨ | ૪.૫૫ | ૧૦૩૮ | ૫૫૬.૪૨ | ૫.૩૬ |
| જીએસઇજી | ૧૧૦૧ | ૨૯૪.૩૩ | ૨.૬૭ | ૨૬૯ | ૯૪.૩૪ | ૩.૫૧ |
| જીઆઇપીસીએલ ૧૬૦ મે. વો. | ૧૧૦૩ | ૨૯૭.૧૯ | ૨.૬૯ | ૨૮૦ | ૯૨.૨૧ | ૩.૨૯ |
| જીઆઇપીસીએલ એસએલપીપી | ૧૬૬૬ | ૩૪૧.૫૩ | ૨.૦૫ | ૪૨૦ | ૮૧.૮૦ | ૧.૯૫ |
| જી.એમ.ડી.સી. | ૮૪૮ | ૧૬૨.૬૭ | ૧.૯૨ | ૨૨૯ | ૪૩.૭૭ | ૧.૯૧ |
| **વેચાણકારો** | | | | | | |
| પી.ટી.સી. ઇન્ડીયા | ૧૬ | ૯.૬૪ | ૫.૯૮ | - | - | - |
| અદાણી એન્ટરપ્રાઇઝ | ૨૯૦ | ૧૭૬.૨૪ | ૬.૦૭ | ૩૦ | ૨૩ | ૭.૭૨ |
| રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ | ૧ | ૦.૩૨ | ૪.૯૧ | - | - | - |
| ટાટા | ૬૫ | ૩૭.૩૩ | ૫.૭૦ | ૩ | ૨.૭૨ | ૯.૦૭ |
| લેન્કો ઇલેક્ટ્રીક યુટીલીટીઝ | ૧૧ | ૩.૭૩ | ૭.૨૫ | - | - | - |
| કરમચંદ વાયર બ્રધર્સ | ૫ | ૩.૧૮ | ૫.૮૫ | - | - | - |
| એમ.પી.પી.ટી.સી.એલ. | ૬૮ | ૪૧.૭૧ | ૬.૧૮ | - | - | - |
| ક્લ્યાણી પાવર ડેવ. કોર્પો. | ૬ | ૩.૪૭ | ૫.૮૫ | - | - | - |
| વીએનર્જી ઇન્ટરનેશનલ | ૧ | ૦.૪૯ | ૪.૪૦ | - | - | - |
| **અન્ય** | | | | | | |
| જી.આઇ.પી.સી.એલ. ૧૪૫ મે. વો. | ૩૯૦ | ૧૨૧.૪૧ | ૩.૧૧ | ૯૫ | ૩૭.૦૯ | ૩.૮૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એ. ઇ. કંપની | ૩૬ | ૮.૦૪ | ૨.૨૧ | - | - | - |
| પવનચક્કી | ૫૦૮ | ૧૬૮.૨૬ | ૩.૩૧ | ૩૩૭ | ૧૧૨.૦૧ | ૩.૩૨ |
| નીજી વીજ ઉત્પાદક | ૪૯૩ | ૧૪૦.૬૯ | ૨.૮૫ | ૧૦૮ | ૩૬.૩૧ | ૩.૩૫ |

---------

**દરિયાકાંઠાના વીજ વાયરો બદલવા અંગે**

**૪૫૮૧ શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં જર્જરિત વીજ વાયરો બદલવા માટે કોઈ યોજના અમલી બનાવાયેલ છે કે કેમ,

(૧) રાજ્યની ""સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના"" માં દરિયાકાંઠાનાં વિસ્તારોમાં જર્જરીત વીજ વાયરો બદલવા માટેની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) તે અંતર્ગત અમરેલી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલાયા, અને

(૨) તા. ૩૧-૦૮-૨૦૦૮ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ૭૪.૨૦ કીલો મીટર વીજ વાયરો બદલાયા.

(૩) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૩) રૂા. ૧૮.૫૫ લાખ.

---------

**શિવરાજપુર માઈન્સનો મેંગેનીઝનો જથ્થો**

૩૭૬૦ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ હાલોલ તાલુકામાં આવેલ શિવરાજપુર માઈન્સ ખાતે મેંગેનીઝનો કેટલો જથ્થો સરકારના કબજા હેઠળ છે,

(૧) અંદાજે ૧૬ લાખ ટન.

(૨) આ જથ્થો એકત્રીત કરવા સક્ષમ અધિકારીએ હુકમ કરેલ છે, અને

(૨) આ જથ્થો એકત્રિત કરવા કોઇ હુકમો થયેલા નથી. પરંતુ ગુજરાત ખનિજ વિકાસ નિગમ દ્વારા વેસ્ટ ડમ્પના ઉપાડ/નિકાલ માટેના રાજ્ય સરકાર દ્વારા વખતો વખત હુકમો કરવામાં આવ્યા છે.

(૩) આવા એકત્રીત કરેલ જથ્થાનો નિકાલ ક્યા પ્રકારે કરવાનું આયોજન છે ?

(૩) હાલમાં રાજ્ય સરકારના તા. ૨૨-૮-૦૮ના હુકમની શરતો મુજબ ગુજરાત ખનિજ વિકાસ નિગમ દ્વારા આ જથ્થામાંથી રાજ્યના કેપ્ટીવ વપરાશકારોને વેચાણથી આપવામાં આવે છે.

---------

**રાજ્યમાં થયેલ બોંબ ધડાકા અંગે**

૩૭૩૭ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાજેતરમાં રાજ્યમાં થયેલ બોંબ ધડાકાઓમાં કેટલા ઈસમોના મૃત્યુ થયેલ છે,

(૧) ૫૬ ઇસમોના મત્યુ થયેલા છે.

(૨) કેટલા ઘવાયા છે, અને

(૨) ૨૬૦ ઘવાયા છે.

(૩) તે સંબંધે તા. ૨૮-૮-૨૦૦૮ની સ્થિતિએ કેટલા શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે ?

(૩) ૧૭ શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે.

---------

**ધોળકા તાલુકાની કેનાલ રીપેર કરવા અંગે**

૩૯૩૮ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

ધોળકા તાલુકાના રાજપુર ગામે નર્મદાની કેનાલ આવેલ છે અને તે ૨૦૦૭ના વર્ષે અતિવૃષ્ટિમાં તૂટી ગયેલ હતી આશરે ૧૦૦ મીટરમાં આ કેનાલની વારંવાર

ધોળકા તાલુકાના રાજપુર ગામે નર્મદાની કેનાલ (ધોળકા શાખા નહેર)ના ૨૦૦૭ના વર્ષે અતિવૃષ્ટિમાં ૪૨૨ મીટર લંબાઇમાં નુકશાન થયેલ જે જુન-૨૦૦૯

ફરીયાદ કરવા છતાં રીપેર ન થતાં હાલમાં એક કીલોમીટર જેટલી કેનાલ તૂટેલ છે તો આ કેનાલ ક્યારે રીપેર કરવામાં આવશે ?

સુધીમાં રીપેર કરવાનું આયોજન છે.

---------

**શિહોર, સોનગઢ તથા ગારીયાધાર જિલ્લાના પકડાયેલા ગુનેગારો**

૩૮૦૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ શિહોર, સોનગઢ તથા ગારીયાધાર પોલિસ સ્ટેશનમાં છેલ્લા એક વર્ષમાં ખૂન, લૂંટ, બળાત્કાર, ચોરી, મારા-મારી, અને સગીર વયની દીકરીઓને ભગાડી જવાના નોંધાયેલ ગુનામાંથી ક્યા ક્યા ગુનાઓમાં કેટલા કેટલા ગુનેગારોને પકડવાની બાકી છે, અને

**જવાબ**

(૧) આ સમયગાળા દરમિયાન શિહોર, સોનગઢ તથા ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં નીચે મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

| ક્રમ | ગુનાનો પ્રકાર | શિહોર | સોનગઢ | ગારીયાધાર |
|---|---|---|---|---|
| ૧ | ખુન | ૦૪ | ૦૧ | ૦૨ |
| ૨ | લુંટ | ૦૨ | - | ૦૪ |
| ૩ | બળાત્કાર | - | - | ૦૨ |
| ૪ | ચોરી | ૪૫ | ૨૩ | ૧૨ |
| ૫ | મારામારી | ૪૪ | ૧૩ | ૨૮ |
| ૬ | સગીરવયની દિકરીઓને ભગાડી જવાના | ૦૨ | ૦૪ | ૦૨ |

ઉપરોક્ત નોંધાયેલ ગુનાઓ પૈકી નીચે મુજબના ગુનાઓમાં આરોપીઓ પકડવાના બાકી છે.

| ક્રમ | ગુનાનો પ્રકાર | શિહોર | સોનગઢ | ગારીયાધાર |
|---|---|---|---|---|
| ૧ | ખુન | ૦૧ | - | -૧ |
| ૨ | લુંટ | - | - | ૦૪ |
| ૩ | બળાત્કાર | - | - | - |
| ૪ | ચોરી | ૨૫ | ૧૫ | ૦૪ |
| ૫ | મારામારી | ૦૩ | - | - |
| ૬ | સગીરવયની દિકરીઓને ભગાડી જવાના | ૦૧ | ૦૬ | - |

(૨) બાકી રહેલ ગુનેગારો નહીં પકડવાના શું કારણો છે ?

(૨) મુખ્યત્વે ફરીયાદમાં નામનમૂદ નહીં હોવાના તેમજ ગુનો કરી નાસી ગયેલ ગુનેગારની ભાળ નહીં મળવાના કારણે બાકી રહેલ ગુનેગારો પકડી શકાયેલ નથી.

આરોપીઓ પકડવા માટે પોલીસ દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

૧. ખૂનના ગુન્હામાં આરોપીઓ શોધવા માટે અંગત બાતમીદારો તથા ભોગ બનનારના સગા સંબંધીઓ મારફ્ત આરોપી વિશે હકીક્ત મેળવવામાં આવે છે તેમજ જે ગુન્હામાં મોબાઇલ ફોનનો ઉપયોગ થયેલ હોય તો તેની પ્રિન્ટ મેળવી મોબાઇલ નંબરોની ચકાસણી કરવામાં આવે છે.

૨. ચોરી અને લૂંટના ગુન્હાના આરોપીઓને પકડવા માટે શકદારો તેમજ અગાઉ આવા ગુન્હાઓમાં પકડાયેલ ઇસમોને ચેક કરી ઘનિષ્ઠ પુછપરછ કરવામાં આવે છે.

તેમજ બાતમીદારોથી હક્કિત મેળવવામાં આવે છે. આવા ગુન્હાઓમાં પણ મોબાઇલ ફોનનો ઉપયોગ થયેલ હોય તો તેની કોલ પ્રિન્ટ મેળવી મોબાઇલ નંબરોની ચકાસણી કરવામાં આવે છે.

૩. મારા મારીના ગુન્હાના આરોપીઓને પકડવા માટે આરોપીઓના ઘરે તેમજ તેના સગાસંબંધીના અવારનવાર તપાસ કરવામાં આવે છે. તેમજ અંગત બાતમીદારો મારફત હકીક્ત મેળવવામાં આવે છે. તેમજ નામ. કોર્ટમાંથી સી.આર.પી.સી. ૭૦ મુજબ વોરંટ કઢાવી જો આરોપીઓના નામે મિલ્કત હોય તો સી.આર.પી.સી. ૮૨, ૮૩ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

૪. સગીરવયની દીકરીઓને ભગાડી જવાના ગુન્હામાં પણ ઉપર મુદ્દા ત્રણમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

## મુંદ્રાની હવાઈ પટ્ટી માટે કેન્દ્રમાં દરખાસ્ત

૪૦૨૨**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છમાં મુંદ્રાનાં દરિયા કિનારે હવાઈ પટ્ટી પર રાજ્યનાં નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા ખાનગી કે કોમર્સીયલ વિમાનો દ્વારા ઉતરાયણ અને ઉડ્ડયન દ્વારા પેસેંજર અને માલસામાનની હેરફેર માટે કેન્દ્ર સરકારને તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કોઈ ભલામણ કરી છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગત શી છે,

(૩) જો ના, તો મુંદ્રાના દરિયા કિનારે હવાઈ પટ્ટી માટેની જમીન કોના દ્વારા આપવા કે મેળવવામાં આવી, અને

(૪) દરિયા કિનારે આવેલી આ હવાઈ પટ્ટી પર વિમાનોની અવરજવરની નોંધ અને નિયંત્રણ કોના દ્વારા રાખવામાં આવે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મુન્દ્રાના દરિયા કિનારે સ્પેશીયલ ઇકોનોમીક ઝોન (SEZ) ના હેતુથી ડેવલપરને જમીન ફાળવવામાં આવી છે. આ જમીન પર ડેવલપર દ્વારા હવાઇ પટ્ટી બાંધવામાં આવી છે.

(૪) આ હવાઇ પટ્ટી પરના વિમાનોની અવરજવર ની નોંધ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયા દ્વારા રાખવામાં આવે છે.

## બનાસકાંઠા જિલ્લાના જ્યોતિગ્રામ યોજનાથી વંચિત ગામો

૪૧૭૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, પરાઓને જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કર્યો છે,

(૨) જિલ્લામાં કુલ કેટલા ગામો, પરાઓ જ્યોતિગ્રામથી વંચિત છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૦૮-૨૦૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પરંપરાગત રીતે વીજળીકરણ થયેલ તમામ ગામો તથા પરાઓ જ્યોતિગ્રામ યોજનામાં સમાવિષ્ટ થયેલ છે, જેની તાલુકાવાર માહિતી સામેલ પત્રક મુજબ છે.

પત્રક

| તાલુકાનું નામ | જ્યોતિગ્રામ | જ્યોતિગ્રામ |
|---|---|---|
| અમીરગઢ | ૬૭ | ૨૪ |
| ભાભર | ૫૩ | ૬ |

| | | |
|---|---|---|
| ભાભર | ૫૩ | ૬ |
| દાંતા | ૧૭૭ | ૨૭ |
| દાંતીવાડા | ૫૩ | ૧૫ |
| ડીસા | ૧૫૦ | ૮૯ |
| દિયોદર | ૭૧ | ૨૧ |
| ધાનેરા | ૮૦ | ૧૮ |
| કાંકરેજ | ૧૦૬ | ૩૮ |
| પાલનપુર | ૧૧૫ | ૬૩ |
| થરાદ | ૧૩૪ | ૪૦ |
| વડગામ | ૧૧૦ | ૫૮ |
| વાવ | ૧૨૦ | ૫૬ |
| કુલ : | ૧૨૩૬ | ૪૫૫ |

(૩) આ વંચીત ગામ, પરાઓનો ક્યાં સુધીમાં જ્યોતિગ્રામમાં સમાવેશ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન**

૩૭૩૫ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) કોમ્પ્યુટરાઇઝેશનમાં કોમ્પ્યુટર હાર્ડવેર, ક્નેક્ટીવીટી અને એપ્લીકેશન સોફ્ટવેરનો સમાવેશ થાય છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર પુરા પાડવામાં આવેલ છે તથા ૪૦૭ પોલીસ સ્ટેશનોની ક્નેક્ટીવીટી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

---------

**નસવાડી તાલુકાના વીજળીકરણથી વંચિત ગામો**

૩૬૭૦ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં તા. ૩૧-૭-૦૮ ની સ્થિતિએ કેટલા રેવન્યુ ગામો વીજળીકરણથી વંચિત છે, અને

(૨) આ વંચિત ગામોને સરકાર વીજળીકરણના લાભો ક્યારે આપવા માંગે છે ?

**જવાબ**

(૧) (૫)પાંચ

(૨) ડૂબાણમાં ગયેલ હોવાથી આ ગામોનું વીજળીકરણ શક્ય ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**એસ. આર. પી. ની વધારાની બટાલીયનની સ્થાપના**

૩૭૩૩ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૭/૨૦૦૮ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.)ની સ્ટ્રેન્થ વધારવા, વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) રાજ્યમાં આતંક્વાદી પ્રવૃત્તિઓ અને સુલેહ સલામતિ જોખમાવે તેવી પ્રવૃત્તિઓ સામે સુદ્દઢ પગલા લેવાની કટિબધ્ધતા લક્ષમાં લઈ એસ.આર.પી.ની સ્ટ્રેન્થ વધારવા વધુ બટાલીયન સ્થાપવાની પ્રક્રીયા ચાલુ છે. છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં નીચે મુજબ એસ.આર.

(૨) જો હા, તો રાજ્ય સરકારનું આવી કેટલી બટાલીયનો કઈ જ્ગ્યાએ અને ક્યારે સ્થાપવાનું આયોજન છે ?

પી. ની નવી બટાલીયન કાર્યરત થયેલ છે.

| અ.નં. | બટાલીયનનું સ્થળ | કાર્યરત થયા તારીખ |
|---|---|---|
| ૧ | રાજ્ય અનામત પોલીસ દળ-જુથ ૧૪-કેવડીયા કોલોની, જિ. નર્મદા | ૨૨-૯-૨૦૦૫ |
| ૨ | રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧૫ મહેસાણા | ૨૧-૫-૦૭ |
| ૩ | રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૪ પાવડી, જિ. દાહોદ | ૫-૨-૦૮ |
| ૪ | રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૬ મુડેટી, જિ. સાબરકાંઠા | ૫-૨-૦૮ |

આ ઉપરાંત વધારાની નવી બટાલીયનો કાયદો અને વ્યવસ્થાની જાળવણીની જરૂરીયાતને ધ્યાને લઈ તબક્કાવાર રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સ્થાપવાનું આયોજન છે.

---------

**સુરત અને તાપી જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળી જોડાણ**

૩૯૭૬ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને તા. ૩૧/૮/૦૮ સુધીમાં વીજળીકરણનો લાભ આપેલ છે,

(૨) આ યોજના અન્વયે કેટલા ગામોનું વિજળીકરણ કરવાનું બાકી છે, અને

(૩) કેટલા સમયમાં આ કામ હાથ પર લેવાશે ?

**જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧-૦૮-૨૦૦૮ સુધીમાં તાલુકાવાર તમામ ગામોને વીજળીકરણનો લાભ આપેલ છે, જેની માહિતિ સામેલ પત્રક મુજબ છે.

(૨) અને (૩) તમામ ગામો આવરી લેવાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સેસન્સ ૨૦૦૧ મુજબ કુલ ગામોની સંખ્યા | જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધલ ગામોની સંખ્યા |
|---|---|---|---|
| સુરત | બારડોલી | ૮૨ | ૮૨ |
| | ચોર્યાસી | ૬૨ | ૬૨ |
| | કામરેજ | ૭૦ | ૭૦ |
| | મહુવા | ૬૯ | ૬૯ |
| | માંડવી | ૧૩૪ | ૧૩૪ |
| | માંગરોળ | ૯૧ | ૯૧ |
| | ઓલપાડ | ૧૦૪ | ૧૦૪ |
| | પલસાણા | ૪૭ | ૪૭ |
| | ઉમરપાડા | ૬૩ | ૬૩ |
| | **કુલ...** | **૭૨૨** | **૭૨૨** |
| તાપી | વ્યારા | ૧૪૮ | ૧૪૮ |
| | વાલોડ | ૪૦ | ૪૦ |
| | સોનગઢ | ૧૬૭ | ૧૬૭ |
| | ઉચ્છલ | ૩૯ | ૩૯ |
| | નિઝર | ૫૧ | ૫૧ |
| | **કુલ...** | **૪૪૫** | **૪૪૫** |

**પછાત તાલુકાઓમાં સરકારી માધ્યમિક શાળાઓને મંજૂરી**

૪૧૨૦ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અતિ પછાત તાલુકાઓમાં જૂન-૨૦૦૭થી તા. ૩૧/૮/૦૮ સુધીમાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૧૫-શાળાઓ |
| (૨) આ પેકી કેટલી શાળાઓ શરૂ થઈ, અને | (૨) ૧૫-શાળાઓ |
| (૩) વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન આ અંગે કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) ૧૯.૦૪ લાખ |

---------

**મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની વેચાણ વ્યવસ્થા**

૪૪૧૪ **શ્રી કાંતિભાઈ પટેલ(વિજાપુર ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય હસ્તકલા ક્ષેત્રે કાર્યરિત મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુના વેચાણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શું છે ? | (૨) રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/નિગમો દ્વારા યોજતાં મેળા/પ્રદર્શનોમાં સ્ટોલ ફાળવણીને ઉત્પાદિત ચીજ-વસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે. |

---------

**નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા શેરડીના બિયારણનું સંશોધન**

૩૯૪૨**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફથી એકરે વધુ ઉત્પાદન આપતી અને ખાંડની ઉંચી રીકવરી આપતી શેરડીની કોઈ નવી જાત શોધવામાં આવી છે, તે હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એ જાતનું નામ શું છે, | (૨) વહેલી પાક્તી જાતનું નામ કોએન ૦૫૦૭૧ (ગુજરાત સુગરકેન-૫) અને મધ્યમ મોડી પાક્તી જાતનું નામ કોએન ૦૫૦૭૨ (ગુજરાત સુગરકેન-૬) છે. |
| (૩) વ્યાપારી ધોરણે એ જાતનું બિયારણ વાવેતર માટે ખેડૂતોને ક્યારે અને ક્યાંથી મળી શકશે, અને | (૩) ઉપરોક્ત બન્ને જાતોનું બિયારણ તથા ટિસ્યુ કલ્ચરના છોડ વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફથી ઓક્ટોબરથી ડીસેમ્બર દરમ્યાન મળશે. |
| (૪) જો, ના, તો નવી જાતનું સંશોધન કો. ૬૭૧ના વિકલ્પ તરીકે કેમ કરવામાં આવતું નથી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને ચૂકવણીની બાકી સહાય**

૩૬૧૭ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૦૭માં ભારે વરસાદ તથા પૂરના કારણે કેટલા ગામોમાં કેટલા ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હતો, | (૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૭માં ભારે વરસાદ તથા પૂરના કારણે ૩૪૯ ગામોમાં ૮૫૧૯૮ ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હતો. |
| (૨) કેટલા ગામના કેટલા ખેડૂતોની જમીન ધોવાઈ ગઈ હતી, | (૨) ૩૩૬ ગામોમાં ૭૩૭૯૭ ખેડૂતોની જમીન ધોવાણ થયેલ હતી. |
| (૩) કેટલા ગામના કેટલા ખેડૂતોને પાક નિષ્ફળના તથા જમીન ધોવાણના પેસા આપ્યા છે, | (૩) ૨૮૨ ગામના ૬૭૫૬૫ ખેડૂતોને પાક નિષ્ફળની સહાય ચૂકવવામાં આવેલ છે તથા જમીન ધોવાણની સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે. |

(૪) કેટલા અને ક્યા ગામના ખેડૂતોને બંને પ્રકારની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) મંજુર થયા પેકી પેકેજ-૧માં *પત્રક-૧ મુજબના કુલ ૬૨ ગામના ૧૭૪૦૧ ખેડૂતોને અને પેકેજ-૨માં ૮૬ ગામના ૭૪૦૯ ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે.

(૫) તેના કારણો શું છે ?

(૫) પેકેજ-૧માં તા. ૩૧-૩-૦૮ના રોજ ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ ૨૦૦૮-૦૯ના વર્ષમાં કરવાની મંજુરીની કાર્યવાહી ચાલુ હોવાથી.

પેકેજ-૨માં કલેક્ટરશ્રી કક્ષાએ જરૂરી કાર્યવાહી બાકી હોવાથી. * પત્રક--૨

(*પત્રક-૧સચિવશ્રીની કચેરીમાં રાખવામાંઆવેલ છે.)

--------------

**જામનગર જિલ્લામાં ખેડૂતોના ઉતારેલ વિમા**

૪૦૩૮ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોનો વીમો તા. ૩૧/૩/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર ઉતરાવવામાં આવ્યો અને તેમાંથી કેટલા ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ થયા,

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં પાંચ હેક્ટરની મર્યાદામાં તમામ ખાતેદાર ખેડૂતોને અક્સ્માત વીમા યોજના હેઠળ વીમા સુરક્ષા કવચ પૂરું પાડેલ અને તેમાંથી ૧૭૩ ખાતેદાર ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ થયા, અને ૭ કાયમી અપંગ થયાની દાવા અરજીઓ મળેલ છે.

(૨) આ પેકી કેટલા ખેડૂતોને વળતર મળ્યું અને કેટલા કેસો પડતર છે,

(૨) આ પેકી ૧૦૧ કેસોમાં ખાતેદાર ખેડૂતોના વારસદારોને વળતર મળ્યુ અને ૩૪ કેસો પડતર છે.

(૩) આ પડતર કેસોના આસામીઓને ક્યારે વળતર મળશે, અને

(૩) અરજદારો તરફથી જરૂરી સાધનિક દસ્તાવેજોની પૂર્તતા થયેથી નિયમાનુસાર કાર્યવાહી કરી વળતર ચૂકવવામાં આવશે.

(૪) તે પેકી કેટલા કેસ નામંજૂર થયા ?

(૪) ૪૫ કેસો નામંજૂર થયા.

---------

**રાજ્યના યુવાનો સનદી પરીક્ષામાં ઉત્તિર્ણ થાય તે માટે લેવાયેલ પગલાં**

૪૨૯૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

રાજ્યના યુવાનો સનદી પરીક્ષામાં વધુ સફળતા પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકાર વધુ શું પગલાં લેવા માંગે છે ?

રાજ્યમાં સનદી સેવામાં વધુ વિદ્યાર્થીઓ સફળ થાય તે માટે ગુજરાતના વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો કાર્યક્રમ સ્પીપા ખાતે વર્ષ ૧૯૯૨થી શરૂ કરવામાં આવેલ છે. આ માટે દર વર્ષે જૂન મહિનામાં વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન કોર્ષ યોજીને વિદ્યાર્થીઓને આ પરીક્ષાની સમજ આપવામાં આવે છે. તાલીમ કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે નિષ્ણાતો દ્વારા તાલીમ/કોચીંગ આપવામાં આવે છે. આ તાલીમાર્થીઓને વધુ માળખાકીય તેમજ અન્ય સવલતો ઉપલબ્ધ થાય તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહયા છે.

---------

**ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના એકમો**

૩૭૮૦ **શ્રી અનિલકુમાર અ.માળી(દીઓદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧/૭/૦૮ની સ્થિતિએ પશુપાલન ક્ષેત્રે ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના કુલ કેટલા એકમો કાર્યરત છે,

(૧) ૧૦ એકમો.

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં કોઈ નવા એકમો સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને

(૨) હા, જી.
બે નવા એકમો સ્થાપવાનું આયોજન છે.

(૩) જો હા, તો રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં સ્થાપવામાં આવશે ?

(૩) પંચમહાલ અને પાટણ જિલ્લામાં

---------

**કૃષિ અને બાગાયત પાકોના પેદાશ અંગે**

૩૭૯૪ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં કૃષિ અને બાગાયત પાકોનું કુલ કેટલું ઉત્પાદન થયું,

(૧)

| | પાક જૂથ | ઉત્પાદન (મે.ટન) |
|---|---|---|
| ૧ | ખેતી પાક | ૩,૨૦,૮૦,૬૦૦ |
| ૨ | બાગાયતી પાક | ૧,૪૬,૮૦,૧૨૧ |
| | કુલ | ૪,૬૭,૬૦,૭૨૧ |

(૨) કુલ કેટલી કિંમતની પેદાશોની ક્યા ક્યા દેશોમાં નિકાસ કરવામાં આવી, અને

(૨) રાજ્યમાંથી નિકાસ થતી બાગાયતી તથા કૃષિ પેદાશોના જથ્થા અંગેના આધાર-પુરાવા સાથેની માહિતી માટે કોઈ એક પ્રશાસન કે સંસ્થા ન હોઈ ચોક્કસ આંકડાકીય માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી.

(૩) તેનાથી કેટલું વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થયું ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યના યુવાનો સનદી પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે માટે લેવાયેલ પગલાં**

૪૨૯૫ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

રાજ્યમાં સનદી સેવામાં વધુ વિદ્યાર્થીઓ સફળ થાય તે માટે વધુ સવલતો તથા વધુ સંખ્યામાં તાલીમ આપવા માટે રાજ્ય સરકાર શું વિચારે છે ?

રાજ્યમાં સનદી સેવામાં વધુ વિદ્યાર્થીઓ સફળ થાય તે માટે ગુજરાતના વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો કાર્યક્રમ સ્પીપા ખાતે વર્ષ ૧૯૯૨થી શરૂ કરવામાં આવેલ છે. આ માટે ઓરીએન્ટેશન કોર્સ યોજીને વિદ્યાર્થીઓને આ પરીક્ષાની સમજ આપવામાં આવે છે. તાલીમ કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે નિષ્ણાતો દ્વારા તાલીમ/કોચીંગ આપવામાં આવે છે. આ તાલીમાર્થીઓને વધુ માળખાકીય તેમજ અન્ય સવલતો ઉપલબ્ધ થાય તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

---------

**બાયોટેકનોલોજી ક્ષેત્રે માળખાકીય સુવિધા**

૪૫૪૩ **શ્રી ઉદેસિંહ મ. ઝાલા(બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બાયોટેક્નોલોજી ક્ષેત્રે આધુનિક્તા લાવવા વિશિષ્ટ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું ચાલુ વર્ષમાં ૨૦૦૮-૦૯માં કોઈ આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો શું છે ?

(૨) બાયોટેક્નોલોજી ક્ષેત્રે આધુનિક્તા લાવવા નીચે મુજબ વિશિષ્ટ માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે.

(૧) બાયોડાયર્વસીટી સંરક્ષણ માટે બાયોડાયર્વસીટી જીનબેંક

(૨) બાયોડાયવર્સસીટીના જીનોનીક અભ્યાસ તેમજ

સંલગ સેવાઓ માટે ડી.એન.એ. ફીંગર ન્ટીંગ કેન્દ્ર.

(૩) દરિયાઈ જીવસૃષ્ટિના લાંબા ગાળાના સંરક્ષણ અને સંશોધન માટે મરીન રિસોર્સ સેન્ટર.

(૪) બાયોઈન્ફોર્મેટીક્સ ક્ષેત્રે બાયોલોજીક ડેટા બેઈઝ રીપોઝીટરી અને અભ્યાસ માટે બાયો ઈન્ફોર્મેટીક્સ વર્ચ્યુલ ઈન્સ્ટીટ્યુટ.

---------

**રાજ્યમાં આવેલ વિવિધ કોલેજો**

૪૩૦૦ **શ્રી રજનીકાન્ત પટેલ** (ચાણસ્મા) :: **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલી આર્ટસ, કોમર્સ, સાયન્સ, બી.એડ. અને લો ની કોલેજો છે, અને | (૧)<br>બિન સરકારી અનુદાનપાત્ર કોલેજો : ૩૫૬<br>સરકારી કોલેજો : ૪૧<br>સેલ્ફ ફાયનાન્સ કોલેજો : ૪૫૦<br>કુલ : ૮૪૭ |
| (૨) તે પૈકી કેટલી કોલેજો તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ નેક દ્વારા અક્રિડેટેઈ થઈ ? | (૨) ૨૧૮ કોલેજો |

---------

**પડધરી વિભાગમાં આવેલ પોલીસ સ્ટેશનો**

૪૧૭૦ **શ્રી હરીભાઈ પટેલ** (લુણાવાડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના પડધરી વિભાગમાં કેટલા પોલીસ સ્ટેશનો કેટલા કી. મી.ના અંતરે આવેલા છે, અને | (૧) પડધરી વિભાગમાં લુણાવાડા અને કોઠંબા બે પોલીસ સ્ટેશનો ૩૪ કી.મી.ના અંતરે આવેલ છે. |
| (૨) અંદાજે ૩૫ કી. મી. જેટલા અંતરે પોલીસ સ્ટેશન આવેલ હોય તેની નજીકમાં વધારાના પોલીસ સ્ટેશનો ઉભા કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ? | (૨) હાલમાં નજીકના વિસ્તારમાં વધારાના પોલીસ સ્ટેશનો ઊભા કરવા અંગે કોઈ વિચારણા નથી. |

---------

**રાજ્યમાં ખેતીપાક ધોવાણ અન્વયે રાહત પેકેજ**

૩૯૦૬ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સન-૨૦૦૭ના વર્ષના ચોમાસામાં ખેતી પાક/ધોવાણ રાહત પેકેજ લાભાર્થી ખેડૂતોને પૂરેપૂરુ ચૂકવાઈ ગયેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) બાકી રહેલ ખેડૂતોને કેટલા સમયમાં રાહત પેકેજ ચૂકવવામાં આવશે ? | (૨) એક માસમાં. |

---------

**કચ્છમાં જળ વિદ્યુત ઉત્પાદન**

૪૫૯૪ ડૉ. **નીમાબેન બ. આચાર્ય(અંજાર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છના અખાતમાં ભરતીજન્ય વિદ્યુત ઉત્પાદન થઈ શકે તેમ છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો તે અંગે કોઈ અભ્યાસ અગાઉ થયેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) ભારત સરકારે ૧૯૮૮માં કચ્છના અખાતમાં ૯૦૦ મે.વો. ક્ષમતાનો ભરતીજન્ય વિદ્યુત મથક ઊભુ કરવા માટેનો શક્યતા અહેવાલ બનાવેલ હતો. આ અહેવાલ મુજબ ઉક્ત ૯૦૦ મે.વો.નું વિદ્યુત મથક કચ્છના અખાતમાં હંસસ્થલ ખાડી પાસે સૂચવેલ હતું.

**નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નોકરી આપવાના બહાને છેતરપીંડી**

૩૮૧૩ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના દરેક તાલુકાઓમાં બ્લોસમ ટ્રસ્ટ વડોદરાએ કોમ્પ્યુટર શિક્ષકની પ્રાથમિક શાળાઓમાં નોકરી આપવાની શરતે રૂા. ૫૨૦૦૦/- ઉઘરાવી છેતરપીંડી કરેલ છે, જેના ઉપર સરકારે પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો એવા નવસારી જિલ્લાના કેટલા નોકરી વાંચ્છુઓ પાસેથી રકમ ઉઘરાવી છે,

(૩) આ રકમ પરત આપવા સરકારે આ ટ્રસ્ટ ઉપર શા પગલાં લીધા છે, અને

(૪) જિલ્લા પંચાયત નવસારીએ આ ટ્રસ્ટને કામ કરવા ઠરાવ કરી સંમતિ આપેલ છે, તો જિલ્લા પંચાયત નવસારીને જવાબદાર ગણી છે કે કેમ ?

**જવાબ**

(૧) બ્લોસમ ચેરીટીબલ ટ્રસ્ટ, વડોદરાની વિનામુલ્યે કોમ્પ્યુટર શિક્ષણ આપવાની રજુઆત અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ, નવસારીએ ઠરાવ કરી મંજૂરી આપેલ હતી. પરંતુ સરકાર કક્ષાએથી કોમ્પ્યુટર શિક્ષણ ચલાવવાની કોઈ મંજૂરી આપેલ નથી. સદર ટ્રસ્ટના સંચાલક સામે ખાનગી વ્યક્તિ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતાં સંચાલકની ધરપકડ કરવામાં આવેલ છે.

(૨) નવસારી જિલ્લાના ૧૬૦ જેટલા દરેક નોકરી વાંચ્છુઓએ રૂા. ૫૨૦૦૦/-ની રકમ સદર ટ્રસ્ટમાં રાજીખુશીથી લોકભાગીદારી તરીકે ભરેલ છે.

(૩) સરકાર કક્ષાએથી કોઈ મંજૂરી આપેલ ન હોઈ, પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, નવસારીએ સદર ટ્રસ્ટની નવસારી જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ આપવાની મંજૂરી રદ કરેલ છે.

(૪) બ્લોસમ ટ્રસ્ટ વડોદરાની વિનામૂલ્યે કોમ્પ્યુટર શિક્ષણ આપવાની રજુઆત અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ, નવસારીએ શુધ્ધ હેતુથી મંજૂરી આપેલ હોઈ, જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લાના પરા અને પેટાપરામાં વીજ જોડાણ**

૩૯૧૯ **શ્રી વિષ્ણુભાઇ પટેલ (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ગામોના પરા અને પેટા પરામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ વીજ જોડાણ મળી શક્યા નથી,

(૨) આણંદ જિલ્લાના દરેક તાલુકાના કેટલા ગામોના પેટાપરા, પરા વિસ્તારમાં ૮ ક્લાક વીજ પુરવઠો મળે છે, અને

(૩) જિલ્લાના બધા જ તાલુકાના ગામોના પેટા પરા, પરા વિસ્તારમાં ક્યાં સુધીમાં ૨૪ ક્લાકનો વીજ પુરવઠો મળતો થશે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં માત્ર બોરસદ તાલુકાના પીપલી ગામનું એક પેટા પરું તથા વાલવોડ ગામનું એક પેટા પરું વસ્તી ન હોવાથી વિજળીકરણ થયેલ નથી. જ્યારે ખંભાત તાલુકાના ગોલાના ગામનું એક પેટા પરું તથા રંગપુર ગામનું એક પેટા પરું વિજળીકરણ થયેલ નથી.

(૨) અને (૩) ઉપર જણાવેલ ચાર ગામના ચાર પેટાપરા સિવાય દરેક તાલુકાના તમામ ગામોના પેટાપરા, પરા વિસ્તારમાં ૨૪ ક્લાક વીજ પુરવઠો મળતો હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં સાંધ્ય કોર્ટોની સ્થાપના**

૩૭૫૪ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરી, અને | (૧) પત્રક "અ" મુજબ |
| (૨) તે પેકી ક્યા ક્યા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટો ચાલું થઈ ? | (૨) પત્રક "અ" મુજબ |

**પત્રક "અ"**

**સાંધ્ય અદાલતો તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ.**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ચાલુ કરવામાં આવેલ સાંધ્ય કોર્ટોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | અમદાવાદ ગ્રામ્ય | ૨૧ |
| ૨. | અમરેલી | ૦૩ |
| ૩. | આણંદ | ૦૩ |
| ૪. | બનાસકાંઠા | ૦૨ |
| ૫. | ભરૂચ | ૦૨ |
| ૬. | ભાવનગર | ૦૨ |
| ૭. | દાહોદ | ૦૩ |
| ૮. | ગાંધીનગર | ૦૬ |
| ૯. | જામનગર | ૦૧ |
| ૧૦. | જૂનાગઢ | ૦૩ |
| ૧૧. | કચ્છ | ૦૩ |
| ૧૨. | ખેડા | ૦૫ |
| ૧૩. | મહેસાણા | ૦૫ |
| ૧૪. | નર્મદા | ૦૧ |
| ૧૫. | નવસારી | ૦૧ |
| ૧૬. | પાટણ | ૦૨ |
| ૧૭. | રાજકોટ | ૦૫ |
| ૧૮. | સાબરકાંઠા | ૦૫ |
| ૧૯. | સુરત | ૦૪ |
| ૨૦. | સુરેન્દ્રનગર | ૦૧ |
| ૨૧. | વડોદરા | ૧૧ |
| ૨૨. | વલસાડ | ૦૨ |
| ૨૩. | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ | ૦૭ |
| ૨૪. | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૦૧ |
| ૨૫. | સીટી સીવીલ અને સત્ર નાયાયાધીશ, અમદાવાદ. | ૦૩ |
| | **કુલ . .** | **૧૦૨** |

---------

**પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ગુજરાતના વિદ્યાર્થીઓનો સમાવેશ**

૪૫૮૮**શ્રી કમાભાઈ રાઠોડ(વિરમગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે રાજ્યના મૂળ વિદ્યાર્થીઓ માટે શી જોગવાઈ છે, અને<br>(૨) રાજ્યના મૂળ વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે કોઈ છૂટછાટ આપેલ છે કે કેમ? | (૧) અને (૨) પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ગુજરાતના મૂળ વિદ્યાર્થીઓ માટે ૫૦ ટકા બેઠકો અલાયદી ફાળવવામાં આવી છે તથા આ અલાયદી બેઠકો માટે રાજ્ય લેવલે અલગ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવે છે. |

**ઈરીગેશન બાયપાસ ટનલનું કામ**

૪૫૭૩ **શ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ(વડોદરા ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધ પરની ઈરીગેશન બાયપાસ ટનલના કામની શું પરિસ્થિતિ છે, અને | (૧) ઈરીગેશન બાયપાસ ટનલનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઈરીગેશન બાયપાસ ટનલ પાછળ આશરે કેટલો ખર્ચ થયેલ છે? | (૨) તા. ૩૧-૮-૦૮ સુધીમાં આશરે કુલ રૂા. ૧૪૫.૧૨ કરોડ ખર્ચ થયેલ છે. |

---------

**સુરત શહેરમાં મળી આવેલ જીવતા બોમ્બ**

૪૦૦૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં સુરત શહેરમાંથી કેટલા જીવતા બોમ્બ શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) આ જીવતા બોમ્બ ક્યા ક્યા સ્થળે મુકાયેલા હતા?

**જવાબ**

(૧) ૨૯ જીવતા બોમ્બ શોધી કાઢવામાં આવ્યા છે.

(૨) નીચેના સ્થળોએ બોમ્બ મુકાયેલા હતા.

(૧) નુપુર હોસ્પિટલ સામે, પૂર્વ દિશા તરફના રોડની બાજુએ આવેલ ડીવાઈડરમાં સીટી લાઈટ રોડ

(૨) વરાછા રોડ, બરોડા પ્રીસ્ટેજ ડૉ. હાઉસના નીચે, સોનલ ભેલ હાઉસ સામે પાર્કિંગમાં

(૩) વરાછા જુની શક્તિ વિજય સોસા. નાકે, ટોરેન્ટ પાવર કંપનીના સબસ્ટેશનના ટ્રાન્સફોરમર નીચે

(૪) બરોડા પ્રીસ્ટેજ બજાર પાસે, સમર્પણ કાપડ કેન્દ્ર પાસે, વરાછા

(૫) બરોડા પ્રીસ્ટેજ પ્લોટ નં. ૧૩૨ રમઢાન આલી બિલ્ડીંગ પાસેથી

(૬) માતાવાડી જેબી શોપીંગ-૧માં આવેલ બંસરી પાન દુકાન પાસે પીપળાના ઝાડ ઉપર

(૭) વરાછા ઓવર બ્રીજના પોલ નં. ૯૮ના હોર્ડીગના એન્ગલ ઉપર

(૮) વરાછા, મીની બજાર, અનિલ ચોક્સીના કાંટા પાસે, વડના ઝાડ ઉપર

(૯) વરાછા મીની બજાર, અનિલ ચોક્સીના કાંટાના સામેના ઝાડની સામે પતરા ઉપર

(૧૦) મોહનની ચાલની ઉતરે ઓવર બ્રીજના હોર્ડીગ ઉપર

(૧૧) ભાવના ફ્રોર્ટની ઉત્તરે ઓવર બ્રીજના હોર્ડીગ ઉપર

(૧૨) વરાછા, એ. કે. રોડ, ભવાની જેમ્સના સર્કલની ઉત્તરે

(૧૩) ભવાની પૂર્વે આવેલ ડીવાઈડરના છોડવા અને ઘાસમાં

(૧૪) સરદાર પોલીસ ચોકીની પાછળ પૂર્વ દક્ષિણ ખૂણામાં

(૧૫) હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવર બ્રીજ જાહેરાતના પાછળના ભાગે લોખંડની એંગલમાં

(૧૬) કતારગામ, ગજેરા સર્કલની અંદર

(૧૭) મહિધરપુરા હીરા બજાર મયંક મેટલર સટરના

ઉપરના ભાગે બાકોરામાં

(૧૮) બરોડા પ્રિસ્ટેજ પ્રેમગલી શ્રી કિશન કોમ્પલેક્ષ પહેલા માળે

(૧૯) નાના વરાછા મહારાણા પ્રતાપ ઉદ્યાનમાં આવેલ તરણકુંડના પાસે આંબાના ઝાડ પાસે

(૨૦) હિરાબજાર જદાખાડી કામનાથ મહાદેવ રોડ, શ્રીરામનિવાસના જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટના બોર્ડ પાછળ

(૨૧) ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડવર્ટાઈઝના હોર્ડીગ બોર્ડમાંથી

(૨૨) ક્તાર ગામ આમરોલી પુલના દક્ષિણના છેડે રોડની પમિ સાઈડમાં

---------

**અમદાવાદ જિલ્લામાં ઉર્દુ શિક્ષકોની ખાલી જ્ગ્યાઓ**

૩૯૯૯ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લા અને શહેરમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉર્દુ શિક્ષકોની કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે અને ?

(૩) કેટલા સમયમાં આ કાર્યવાહી પૂર્ણ કરી નિમણૂકો આપવામાં આવશે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉર્દૂ શિક્ષકોની એકપણ જ્ગ્યા તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ખાલી નથી. જ્યારે નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં કુલ ૧૫ જ્ગ્યાઓ ખાલી છે.

(૨) અમદાવાદ જિલ્લામાં એકપણ જ્ગ્યા ખાલી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત પ્રાથમિક શાળાોમાં સદર જ્ગ્યા ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે.

(૩) અમદાવાદ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા વિદ્યાસહાયકની ભરતીની કાર્યવાહી પૂર્ણ થયેથી નિમણૂંકો આપવામાં આવશે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ જોડાણ માટે પડતર અરજીઓ**

૪૧૩૯ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કુલ તાલુકાવાર કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો નથી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ખેતી વિષયક વીજજોડાણ મેળવવા માટેની તાલુકાવાર પડતર અરજીઓની વિગતો

| તાલુકાનું નામ | તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ પડતર |
|---|---|
| લીમડી | ૧૦૧૪ |
| ચુડા | ૧૩૭૧ |
| વઢવાણ | ૧૬૨૫ |
| મૂળી | ૨૬૭૫ |
| સાયલા | ૨૮૪૯ |
| ચોટીલા | ૩૧૫૨ |
| ધ્રાંગધ્રા | ૫૧૮૬ |
| હળવદ | ૪૪૨૫ |
| દસાડા | ૨૨૪ |

| | |
|---|---|
| દસાડા | ૨૨૪ |
| લખતર | ૬ |
| **કુલ** | **૨૨૫૨૭** |

(૨) આ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ કેટલા સમયથી પેન્ડિંગ છે,

(૨) જુન-૧૯૯૧ બાદના સમયથી પડતર

(૩) આ ખેડૂતોને વીજ જોડાણ આપવા કેવા પ્રકારનુ આયોજન કરવામાં આવ્યું છે, અને ?

(૩) ખેતવિષયક જોડાણો ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, વીજતંત્ર પર પડનાર બોજો અને નાણાકીય ઉપલબ્ધતા ધ્યાને લઈ વાર્ષિક આયોજન કરવામાં આવે છે.

(૪) સર્વેને જોડાણ આપવામાં કેટલો સમય લાગશે?

(૪) ખેતવિષયક જોડાણો આપવાની બાબત અંદાજપત્રીય જોગવાઈ તથા ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા અને વીજતંત્ર પર પડનાર બોજા પર આધારિત છે.

---------

## વડોદરા જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના

૪૦૧૭ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ખૂનો થયા, અને

(૧) કુલ-૧૬૮ ખૂનના કેસો નોંધાયેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકો | નોંધાયેલ ખૂનના કેસો |
|---|---|---|
| ૧ | વડોદરા | ૯ |
| ૨ | કરજણ | ૯ |
| ૩ | શિનોર | ૩ |
| ૪ | સાવલી | ૧૭ |
| ૫ | પાદરા | ૮ |
| ૬ | વાઘોડિયા | ૧૦ |
| ૭ | સંખેડા | ૬ |
| ૮ | નસવાડી | ૮ |
| ૯ | ડભોઈ | ૧૨ |
| ૧૦ | છોટાઉદેપુર | ૪૨ |
| ૧૧ | ક્વાંટ | ૨૩ |
| ૧૨ | જેતપુર પાવી | ૨૧ |

(૨) ખૂન કરનાર કેટલા ઈસમો પકડાયા?

(૨) કુલ ૩૨૭ આરોપીઓ સંડોવાયેલ છે. તે પેકી ૩૨૩ આરોપીઓ પકડાયેલ છે. નાસતા ફરતા ચાર આરોપીઓને પકડવા માટે સીઆરપીસીની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## ઝુંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીનો લાભ

૪૫૪૯ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્યમાં ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી. ઝુંપડા વીજળીકરણ યોજના

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યમા કેટલા લાભાર્થીઓને યોજના અંતગર્ત જોડાણો આપવાનું આયોજન છે?

(૨) ૧,૧૦,૦૦૦

---------

## સુરત અને તાપી જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ લીઝ

૪૫૬૧ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અને તાપી જિલ્લાઓમાંથી પસાર થતી તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી મંજૂર કરવામાં આવી, | (૧) સુરત જીલ્લામાં--૯ (નવ) અને તાપી જીલ્લામાં--૨ (બે) રેતીની લીઝો મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આ અંગે બિન-પરવાનગીથી રેતી કાઢવાનાં કેટલા કિસ્સા સરકારનાં ધ્યાનમાં આવ્યા, અને | (૨) સુરત જીલ્લામાં-૫ (પાંચ) કિસ્સા તાપી જીલ્લામાં-૦ (શૂન્ય) કિસ્સા |
| (૩) આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) આ અંગે કુલ ૮૨૭૦ મે. ટન રેતી ખનિજના સમાધાન પેટે દંડનીય ખનિજ કિંમત રૂા. ૪,૧૩,૫૦૦/- વસૂલાત કરવામાં આવેલ છે. |

---------

## સુદામા રિસોર્ટમાં ચાલતા ગેરકૃત્યો

૩૯૪૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે પાલડી પાસે આવેલ સુદામા રીસોર્ટમાં દારૂ-જુગાર અને વરલી મટકાના ગેરકૃત્યો થાય છે તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ મળી, અને | (૧) ૧૧. |
| (૨) મળેલ ફરિયાદો પછી પણ કોઈ પગલાં ન ભરવાના કારણો શા છે? | (૨) ફરીયાદોના ક્રામે ૯ રેઈડ કરવામાં આવેલ છે. તેથી પગલાં ન ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## એસ.આર.પી.ની વધારાની બટાલીયનની સ્થાપના

૩૭૫૬ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.)ની સ્ટ્રેન્થ વધારવા વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને | (૧) અને (૨) રાજ્યમાં આંતકવાદી પ્રવૃત્તિઓ અને સુલેહ સલામતિ જોખમાવે તેવી પ્રવૃત્તિઓ સામે સુદ્દઢ પગલા લેવાની કટિબધ્ધતા લક્ષમાં લઈ એસ.આર.પી.ની સ્ટ્રેન્થ વધારવા વધુ બટાલીયન સ્થાપવાની પ્રક્રીયા ચાલુ |

(૨) જો હા, તો રાજ્ય સરકારનું આવી કેટલી બટાલીયનો, કઈ જ્ગ્યાએ અને ક્યારે સ્થાપવાનું આયોજન છે?

છે. છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં નીચે મુજબ એસ.આર.પી.ની નવી બટાલીયન કાર્યરત થયેલ છે.

| **અ.નં.** | **બટાલીયનનું સ્થળ** | **કાર્યરત થયા તારીખ** |
| --- | --- | --- |
| ૧ | રાજ્ય અનામત પોલીસ દળ-જુથ ૧૪-કેવડીયા કોલોની, જિ. નર્મદા | ૨૨-૯-૨૦૦૫ |
| ૨ | રાજ્ય અનામત પોલીસ દળ-જુથ ૧૫-મહેસાણા | ૨૧-૫-૦૭ |
| ૩ | રાજ્ય અનામત પોલીસ દળ-જુથ ૪-પાવડી, જિ. દાહોદ | ૫-૨-૦૮ |
| ૪ | રાજ્ય અનામત પોલીસ દળ-જુથ ૬-મુડેટી, જિ. સાબરકાંઠા | ૫-૨-૦૮ |

આ ઉપરાંત વધારાની નવી બટાલીયનો કાયદો અને વ્યવસ્થાની જાળવણીની જરૂરીયાતને ધ્યાને લઈ તબક્કાવાર રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સ્થાપવાનું આયોજન છે.

---------

## સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ યોજના અન્વયે મંજૂર કરેલ શાળાઓ

૩૮૮૪ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮માં કેટલી સરકારી માધ્યમિક શાળાઓને મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ પેકી કેટલી શાળાઓ શરૂ થઇ છે, અને

(૩) વર્ષ ૨૦૦૭-૦૮માં આ માટે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૨૫ - શાળાઓ

(૨) ૨૫ - શાળાઓ

(૩) રૂપિયા ૩૩.૭૪ લાખ

--------

## નર્મદા સરોવરની સહભાગી રાજ્યો પાસેથી લેણી રકમ

૪૫૨૬ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા સરોવરની ખર્ચ માટેની સહભાગી રાજ્યો પાસે લેણી રકમ નીકળે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા રાજ્ય પાસે કેટલી રકમ તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ બાકી છે,

**જવાબ**

(૧) હા.

(૨) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ સહભાગી રાજ્યો પાસેથી નર્મદા યોજના પેટે લેણી નીકળતી રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| **ક્રમ** | **રાજ્યનું** | **મળવાપાત્ર કુલ** | **મળેલ રકમ** | **બાકી રકમ** |
| --- | --- | --- | --- | --- |
| ૧ | મધ્યપ્રદેશ | ૩૮૮૨.૬૮ | ૨૦૭૫.૭૧ | ૧૮૦૬.૯૭ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧૮૩૯.૧૯ | ૮૪૩.૩૯ | ૯૯૫.૮૦ |
| ૩ | રાજસ્થાન | ૮૬૪.૦૯ | ૬૪૬.૯૫ | ૨૧૭.૧૪ |
| | | ૬૫૮૫.૯૬ | ૩૫૬૬.૦૫ | ૩૦૧૯.૯૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૬૫૮૫.૯૬ | ૩૫૬૬.૦૫ | ૩૦૧૯.૯૧ |

ઉક્ત દર્શાવેલ બાકી રકમ પેકી રૂા. ૨૮૦૫.૯૬ કરોડની રકમ વિવાદીત રકમ છે જ્યારે રૂા. ૨૧૩.૯૫ કરોડની રકમ બિન વિવાદીત રકમ છે.

(૩) તા. ૩૦-૬-૦૮ સુધીમાં ક્યા ક્યા રાજ્યે કેટલી રકમ ચૂકવી, અને

(૩) તા. ૩૦-૬-૦૮ સુધીમાં ભાગીદાર રાજ્યોએ ચૂકવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | મળેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૨૦૭૫.૭૧ |
| ૨ | મહારાષ્ટ્ર | ૮૪૩.૩૯ |
| ૩ | રાજસ્થાન | ૬૪૬.૯૫ |
| | | ૩૫૬૬.૦૫ |

(૪) બાકી રહેતી રકમની વસૂલાત માટે શું આયોજન છે ?

(૪) બાકી રકમની વસૂલાત અંગે નિગમ તેમજ રાજ્ય સરકાર દ્વારા વિવિધ સ્તરે પ્રયત્નો કરવામાં આવે છે. અને નર્મદા કંન્ટ્રોલ ઓથોરીટીના વિવિધ ફોરમના માધ્યમ દ્વારા પણ અસરકારક રજૂઆત કરવામાં આવે છે.

---------

## વાલીયા અને જગડીયા તાલુકાની સંપાદિત જમીન

૪૧૦૮ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના વાલીયા અને જગડીયા તાલુકાઓમાં પુનઃ વસવાટ માટે સંપાદન કરેલ જમીનો ઉપર તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કોનો કબજો છે,

(૨) આ જમીનો ઉપર સરકાર કઇ કઇ જાતનું ઉત્પાદન મેળવે છે, અને

(૩) તેમાંથી સરકારને કેટલી આવક પ્રાપ્ત કરેલ છે ?

**જવાબ**

(૧) ભરૂચ જીલ્લાના વાલીયા અને જગડીયા તાલુકાઓમાં પુનઃવસવાટ માટે સંપાદન કરેલ જમીનો પેકી જે જમીનો અસરગ્રસ્તોને ફાળવેલ છે તે પર તેમનો કબજો છે અને બાકીની જમીન સરદાર સરોવર પુનઃવસાવટ એજન્સી હસ્તક છે.

(૨) આ જમીન પર સરકારે કોઈ ઉત્પાદન કરેલ નથી.

(૩) ખંડ (૨) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના

૩૭૪૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી કરી, અને

(૨) તે પેકી ક્યા ક્યા જિલ્લાઓમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી થઇ ?

**જવાબ**

(૧) "૧૦"

(૨) **પત્રક "અ" મુજબ.**

| ક્રમ | જિલ્લા/મથકનું | ચાલુ કરવામાં આવેલ ફાસ્ટ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૧ |
| ૨ | બનાસકાંઠા | ૦૨ |
| ૩ | દાહોદ | ૦૧ |
| ૪ | જૂનાગઢ | ૦૧ |
| ૫ | ખેડા | ૦૧ |
| ૬ | મહેસાણા | ૦૧ |
| ૭ | પાટણ | ૦૧ |
| ૮ | સુરત | ૦૧ |

| | | |
|---|---|---|
| ૮ | સુરત | ૦૧ |
| ૯ | વડોદરા | ૦૧ |
| | **કુલ :** | **૧૦** |

---------

**ગુજકોક કાયદાની મંજૂરી અંગે**

૪૫૭૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજકોક કાયદો મંજૂરી માટે કેન્દ્ર સરકારમાં ક્યારથી પડતર છે, અને

(૨) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી ગુજકોક કાયદા અંગે શા પ્રતિભાવ મળેલ છે ?

**જવાબ**

(૧) તા. ૧૯-૦૬-૨૦૦૪થી પડતર છે.

(૨) સચિવશ્રી (ગૃહ), સચિવશ્રી (કાxવ્ય) અને અગ્રસચિવશ્રી (ગૃહ) કક્ષાએથી જોઈન્ટ સેક્રેટરી, ગૃહ મંત્રાલય, ભારત સરકારને તથા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી મહામહિમ રાષ્ટ્રપતિશ્રીને તથા માન. વડા પ્રધાનશ્રીને સ્મૃતિપત્રો પાઠવવામાં આવેલ છે, તેમ છતાં કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નથી.

---------

**બનાસકાંઠા જિલ્લાને સિંચાઇનો લાભ**

૩૮૭૨ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજનામાંથી બનાસકાંઠા જિલ્લાનાં ક્યા ગામોના કેટલા વિસ્તારમાં સિંચાઇનો લાભ મળશે, અને

(૨) કેટલા ગામોને પીવાનું પાણી આપી શકાશે ?

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજનામાંથી બનાસકાંઠા જીલ્લાના ૨૩૬ ગામોના ૧,૬૭,૯૮૭ હેકટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે.

(૨) ૪૮૫ ગામોને અને એક શહેર (થરાદ)ને પીવાનું પાણી આપવાનું આયોજન છે.

---------

**તાલુકા મથકે જમીનની ચકાસણીની ઓફિસો બાબત**

૪૧૪૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યના કેટલા તાલુકા મથકોએ જમીન ચકાસણીની ઓફિસો આવેલી નથી, અને

(૨) જ્યાં જમીન ચકાસણીની ઓફિસો નથી, ત્યાં સરકાર તાત્કાલિક વ્યવસ્થા કરી ઓફિસો ખોલવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યના ૨૦૬ તાલુકા મથકોએ જમીન ચકાસણીની ઓફિસો આવેલી નથી.

(૨) તાત્કાલિક કોઈ આયોજન નથી.

**અખબારોના સંચાલકોને મળતી ધમકીઓ**

૪૦૬૬ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના અખબાર જગતના કેટલાક મુખ્ય અખબારોના પત્રકારો, માલિકો/તંત્રીઓના કુટુંબીજનોને મારી નાખવાની ધમકીઓ છેલ્લા બે મહીનાથી તા. ૩૧-૮-૦૮ સુધીમાં મળેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) આવી ધમકીઓ કોના તરફથી અપાઇ છે, અને

(૩) રાજ્ય સરકારે તે ધમકીઓના પગલે ક્યા પ્રકારના પગલાં લીધા ?

**જવાબ**

(૧) અને (૨) અમદાવાદ શહેરમાં સંદેશ પ્રેસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અજાણ્યા વ્યક્તિ તરફથી ફોન ઉપર આપવામાં આવી હતી.

(૩) આ અંગે પોલીસ તપાસ ચાલુ છે. જરૂર જણાયે યોગ્ય સુરક્ષા પણ પ્રદાન કરવામાં આવેલ છે.

## રાજ્યમાં સાંધ્ય કોર્ટની સ્થાપના

૩૭૪૦ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલી સાંધ્ય કોર્ટની સ્થાપના કરી, અને

(૨) તે પૈકી ક્યા ક્યા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટો ચાલુ થઇ ?

**જવાબ**

(૧) **પત્રક "અ" મુજબ.**

(૨) **પત્રક "અ" મુજબ.**

**પત્રક -અ**

**સાંધ્ય અદાલતો-તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ચાલુ કરવામાં આવેલ સાંધ્ય કોર્ટની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૨૧ |
| ૨ | અમરેલી | ૦૩ |
| ૩ | આણંદ | ૦૩ |
| ૪ | બનાસકાંઠા | ૦૨ |
| ૫ | ભરૂચ | ૦૨ |
| ૬ | ભાવનગર | ૦૨ |
| ૭ | દાહોદ | ૦૩ |
| ૮ | ગાંધીનગર | ૦૬ |
| ૯ | જામનગર | ૦૧ |
| ૧૦ | જૂનાગઢ | ૦૩ |
| ૧૧ | કચ્છ | ૦૩ |
| ૧૨ | ખેડા | ૦૫ |
| ૧૩ | મહેસાણા | ૦૫ |
| ૧૪ | નર્મદા | ૦૧ |
| ૧૫ | નવસારી | ૦૧ |
| ૧૬ | પાટણ | ૦૨ |
| ૧૭ | રાજકોટ | ૦૫ |
| ૧૮ | સાબરકાંઠા | ૦૫ |
| ૧૯ | સુરત | ૦૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦૧ |
| ૨૧ | વડોદરા | ૧૧ |
| ૨૨ | વલસાડ | ૦૨ |
| ૨૩ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ. | ૦૭ |
| ૨૪ | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૦૧ |
| ૩૫. | અબ્દુલહય ઉસ્માન શેખ | વાલોડ | વાલોડ | ૩૦૧ | સા. રેતી | ૦.૨૮.૨૬ | ૨૩.૩.૦૬ |
| ૩૬. | અલ્પેશકુમાર રામજીભાઇ પરમાર | કુંભીયા | વાલોડ | ૧૮૯,૨૧૩ | બ્લેકસ્ટ્રેપ | ૦.૩૭.૦૦ | ૨૩.૩.૦૬ |
| ૩૭. | રમઝાનઅલી વી. સૈયદ | કણજોડ | વાલોડ | ૮૧ | બ્લેકસ્ટ્રેપ | ૦.૪૯.૫૦ | ૩૧.૩.૦૬ |
| ૩૮. | મલેક અબ્દુલમુનાફ મહમદમીયા | વાલોડ | વાલોડ | ૪૧૪ | બ્લેકસ્ટ્રેપ | ૧.૦૦.૦૦ | ૧૮.૭.૦૬ |
| ૩૯. | અબ્દુલ મુનાફ અબ્દુલ કાદર શેખ | નાલોઠા | વાલોડ | ૧૯૦, ૧૮૨ | સા. રેતી | ૦.૪૭.૦૦ | ૧૮.૧.૦૮ |

---------

## ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા વિસ્તારમાં કોલેજ શરૂ કરવા અંગે

૩૯૫૨ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકામાં સરકાર સરકારી આર્ટસ કોમર્સ કોલેજ શરૂ કરવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પત્રકારો પર થયેલ હુમલા

૪૦૬૧ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પત્રકારો ઉપર હુમલાના કેટલા બનાવો બન્યા, | (૧) કુલ ૧૩ બનાવો બન્યા. |
| (૨) તે અન્વયે કેટલા હુમલાખોરો પકડાયા, અને | (૨) ૩૨ હુમલાખોરો પકડાયા. |
| (૩) પત્રકારોને આવા હુમલાઓ સામે રક્ષણ આપવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) જ્યારે જ્યારે પત્રકારો દ્વારા પોતાની ઉપર થતાં હુમલાઓ બાબતે પોલીસ રક્ષણ માંગવામાં આવે છે, ત્યારે ત્યારે વિના વિલંબે પૂરતું પોલીસ રક્ષણ આપવામાં આવે છે. |

## રાજકોટ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના

૩૯૨૧ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખૂન, બળાત્કાર, ચોરી અને લૂંટના કેટલા બનાવો બન્યા, | (૧) ખૂન - ૭૩<br>બળાત્કાર - ૪૬<br>ચોરી - ૮૨૦<br>લૂંટ - ૬૩ |
| (૨) આ કેસમાં કેટલા આરોપી પકડાયા, | (૨) ૮૮૮ (આઠસો ઇઠયાસી). |
| (૩) કેટલા આરોપી નથી પકડાયા, અને | (૩) ૫૬૧ (પાંચસો એક્સઠ). |
| (૪) ગુનાખોરીનો આંક નીચે લાવવા સરકાર પૂરતો સ્ટાફ ફાળવવા માંગે છે કે કેમ ? | (૪) પોલીસ ફોર્સની જ્ગ્યાઓ ભરવા માટે સમગ્ર રાજ્યની જરૂરિયાત લક્ષમાં લઇ ભરતીનું આયોજન કરેલ છે. ઉમેદવારો ઉપલબ્ધ થયા પછી તેની ફાળવણી જરૂરિયાત મુજબ કરવામાં આવે છે. ૫૮૩૭ લોકરક્ષકોની જ્ગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા ગૌણ સેવા પસંદગી મંડળ ખાતે ઇન્ટરવ્યુ તબક્કે છે અન્ય સંવર્ગની ભરતી માટે પ્રક્રિયા ગતિમાં છે. |

**પંચમહાલ જિલ્લામાં વીજ વાયરોની ચોરી**

૩૭૬૨ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં અલગ અલગ તાલુકાઓમાં કેટલા વીજ વાયરો અને ટ્રાન્સફોર્મરની ચોરીઓના બનાવો નોંધાયેલ છે, અને

(૨) આવા ચોરીઓના બનાવોનું પ્રમાણ ઘટાડવા શું આયોજન કરવા વિચારેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૨૭૧.૩૪ કી.મી. વીજ વાયરો અને ૫૪ ટ્રાન્સફોર્મરની ચોરીઓનાં બનાવો નોંધાયેલ છે, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ચોરાયેલ વીજ વાયર (કી.મી.માં) | ચોરાયેલ ટ્રાન્સફોર્મરની સંખ્યા |
|---|---|---|
| ખાનપુર | ૯.૦૦ | ૦૦ |
| જાંબુઘોડા | ૪.૪૦ | ૧૨ |
| લુણાવાડા | ૪.૯૯ | ૧૦ |
| કાલોલ | ૪૨.૨૧ | ૦૩ |
| શહેરા | ૫.૧૭ | ૦૬ |
| ગોધરા | ૭૬.૪૧ | ૦૧ |
| ઘોઘંબા | ૪.૮૮ | ૦૧ |
| હાલોલ | ૧૨૧.૩૧ | ૨૧ |
| મોરવા | ૨.૯૬ | ૦૦ |
| કુલ : | ૨૭૧.૩૪ | ૫૪ |

(૨) આવી ચોરીઓનાં બનાવોનું પ્રમાણ ઘટાડવા કરવામાં આવેલ આયોજન નીચે મુજબ છે.

૧. જે જે વિસ્તારોમાં વીજ વાયરો અને ટ્રાન્સફોર્મરની ચોરીઓનાં બનાવો બનેલા છે એવા વિસ્તારોમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલી છે.

૨. આવા વિસ્તારોમાં રાત્રિ સમય દરમ્યાન સીક્યુરીટી ઓફિસર તથા માજી સેનિકોને સાથે રાખી રાત્રે ૮ થી સવારે ૬ વાગ્યા સુધી નાઇટ પેટ્રોલીંગ કરવામાં આવે છે.

૩. આવા બનાવોને ધ્યાનમાં રાખી મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ગોધરા ખાતે પોલીસ સ્ટેશન આઉટ પોસ્ટ મંજૂર કરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં કાર્યરત થનાર છે. આ પોલીસ સ્ટેશન માટે એક પી.એસ.આઇ. તથા અન્ય અલગ અલગ કક્ષાની ૧૪ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

---------

**મત્સ્ય પેદાશોની નિકાસ**

૩૭૮૨ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં મત્સ્ય પેદાશોનું કુલ કેટલું ઉત્પાદન થયું,

(૨) કુલ કેટલી કિંમતની પેદાશોની ક્યા ક્યા દેશોમાં નિકાસ કરવામાં આવી, અને

(૩) તેનાથી કેટલું વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થયું ?

**જવાબ**

(૧) (અ) આંતરદેશીય--૭૮,૭૮૦ મે. ટન.
(બ) દરિયાઇ--૬,૮૦,૮૪૮ મે. ટન.

(૨) રૂા. ૧૧૪૧.૭૧ કરોડની પેદાશો જાપાન, યુ.એસ.એ. યુરોપીયન યુનીયન, ચીન, સાઉથ ઇસ્ટ એશીયા અને મીડલ ઇસ્ટ દેશો.

(૩) ૨૮૫.૪૦ મીલીયન યુ.એસ.ડોલર.

---------

### કેન્દ્ર સમક્ષ મોકલાવેલ ગુજકોક કાયદો

૩૯૪૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજકોક કાયદો કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે મોકલવામાં આવ્યો છે,

(૨) તે સંબંધમાં કઈ કઈ કક્ષાએથી કોને કોને સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા છે, અને

(૩) કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૮-૦૮ સુધીમાં શા શા પ્રતિભાવો મળેલ છે ?

**જવાબ**

(૧) તા. ૧૯-૦૬-૨૦૦૪ના રોજ.

(૨) સચિવશ્રી (ગૃહ), સચિવશ્રી (કાxવ્ય) અને અગ્રસચિવશ્રી (ગૃહ) કક્ષાએથી જોઇન્ટ સેક્રેટરી, ગૃહ મંત્રાલય, ભારત સરકારને તથા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી મહામહિમ રાષ્ટ્રપતિશ્રીને તથા માન. વડા પ્રધાનશ્રીને સ્મૃતિપત્રો પાઠવવામાં આવેલ છે.

(૩) કેન્દ્ર સરકાર તરફથી કોઇ પ્રતિભાવ મળેલ નથી.

---------

### ભાવનગર જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે જમીનનું ધોવાણ

૩૮૦૧**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય મંત્રીશ્રી** (કૃષિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ભાવનગર જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ જમીન ધોવાણનું વળતર તા. ૩૧-૮-૦૮ સુધી ના મળવાના શું કારણો છે, અને

(૨) ભાવનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં કેટલા ખેડૂતોને કેટલું વળતર ચૂકવવાનું થાય છે ?

**જવાબ**

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૭-૮-૨૦૦૭ના ઠરાવથી જાહેર કરેલ પેકેજ-૨ માટેની શરતો અને બોલીઓના મુદ્દા નં. ૬ મુજબ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતાવાળી જિલ્લા કક્ષાની સમિતિની મંજુરી બાકી હોવાથી.

(૨) જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા આખરી નિર્ણય થયા પછી વળતર ચૂકવવાની રકમ અંગેની વિગતો આખરી કરી શકાય.

---------

### ખનીજ ખોદકામ ઉપર મળતી રોયલ્ટી

૪૦૨૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગોણ ખનીજો કે અન્ય ખનીજોનાં ખોદકામ અંગે મેળવવામાં આવતી રોયલ્ટીમાંથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી માઇનીંગ રોયલ્ટી કે સેસ લેવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ વર્ષવાર જીલ્લા દીઠ રાજ્ય સરકારને મેજર મીનરલ અને માઇનોર મીનરલ દ્વારા કેટ કેટલી રોયલ્ટી મેળવવામાં આવી, અને

(૩) જો ના, તો રાજ્ય સરકાર દ્વારા આકારણી સામે મેળવવામાં આવેલ રોયલ્ટીની રકમની સંબંધિત ત્રણ વર્ષોની તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ જીલ્લાવાર વિગત શી છે ?

**જવાબ**

(૧) મુખ્ય ખનિજ અને ગોણ ખનિજ ઉપર રાજ્ય સરકાર દ્વારા રોયલ્ટી લેવામાં આવે છે. અન્ય કોઈ સેસ લેવામાં આવતો નથી. કેન્દ્ર સરકાર દ્વારા મુખ્ય ખનિજોના રોયલ્ટીના દર નિયત કરવામાં આવે છે. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા રોયલ્ટી કે સેસ વસુલ લેવામાં આવતો નથી.

(૨) તા.૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લા દીઠ રાજ્ય સરકારને મુખ્ય ખનિજ અને ગોણ ખનિજ દ્વારા મળેલ રોયલ્ટીની આવક નીચે મુજબ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| જીલ્લાનું નામ | વર્ષ (આવક રૂા. લાખમાં) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | |
| | મુખ્ય ખનિજ | ગોણ ખનિજ | મુખ્ય ખનિજ | ગોણ ખનિજ | મુખ્ય ખનિજ | ગોણ ખનિજ |
| અમદાવાદ | ૦.૬૧ | ૩૪૯.૩૩ | ૦.૦૦ | ૨૬૨.૩૨ | ૦.૦૦ | ૪૮૨.૬૮ |
| અમરેલી | ૩૫૦૫.૬૧ | ૯૪.૩૪ | ૨૪૭૨.૫૧ | ૧૩૬.૪૬ | ૩૦૬૬.૦૬ | ૨૩૫.૬૪ |
| કચ્છ | ૫૭૬૦.૮૨ | ૧૦૯૦.૬૨ | ૫૦૦૮.૮૫ | ૧૨૯૮.૪૧ | ૮૫૯૯.૫૬ | ૧૪૫૯.૩૯ |
| ખેડા | ૧૦.૫૫ | ૨૫૫.૬૦ | ૬.૯૦ | ૨૬૯.૫૦ | ૧૦.૧૫ | ૩૯૫.૭૬ |

| જીલ્લાનું નામ | વર્ષ (આવક રૂ. લાખમાં) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | |
| | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ |
| આણંદ | ૦.૦૦ | ૪૪.૧૪ | ૦.૦૦ | ૬૩.૪૬ | ૦.૦૦ | ૫૯.૩૫ |
| ગાંધીનગર | ૨.૯૩ | ૫૩૧.૭૫ | ૦.૫૪ | ૬૪૨.૦૫ | ૧૧.૨૫ | ૪૯૪.૫૦ |
| જામનગર | ૨૫૭૨.૨૯ | ૨૫૬.૧૦ | ૩૨૪૧.૬૪ | ૪૮૨.૪૨ | ૪૭૩૧.૨૫ | ૪૭૧.૪૨ |
| જુનાગઢ | ૪૪૩૧.૩૮ | ૧૬૯.૯૩ | ૩૪૨૯.૮૯ | ૧૯૩.૩૧ | ૩૮૬૮.૯૮ | ૨૨૮.૩૩ |
| પોરબંદર | ૨૪૩૩.૯૧ | ૨૨૯.૬૫ | ૧૬૭૯.૨૭ | ૨૨૬.૯૬ | ૧૬૨૩.૬૨ | ૨૮૦.૦૯ |
| પંચમહાલ | ૨૮.૧૨ | ૪૨૭.૦૮ | ૬૨.૨૨ | ૪૬૬.૭૭ | ૫૫.૭૦ | ૫૫૭.૬૭ |
| દાહોદ | ૧.૬૫ | ૮૩.૦૧ | ૦.૬૦ | ૮૨.૬૧ | ૨.૧૦ | ૯૮.૫૫ |
| બનાસકાંઠા | ૦.૧૧ | ૮૧૭.૨૯ | ૦.૦૯ | ૭૧૭.૦૧ | ૦.૩૩ | ૭૪૬.૫૬ |
| ભરૂચ | ૪૩૫.૨૭ | ૪૫૯.૧૬ | ૧૨૬.૦૫ | ૮૦૭.૪૫ | ૫૨૫.૧૬ | ૬૦૩.૬૪ |
| નર્મદા | ૦.૦૦ | ૧૫૩.૧૮ | ૦.૦૦ | ૬૨.૫૨ | ૦.૦૦ | ૪૮.૨૫ |
| ભાવનગર | ૯૯.૦૬ | ૧૦૩.૧૯ | ૮૬.૪૦ | ૧૮૭.૩૦ | ૫૬.૫૪ | ૨૨૭.૩૦ |
| મહેસાણા | ૭.૪૯ | ૮૭.૪૯ | ૫.૧૨ | ૧૩૮.૧૫ | ૭.૪૮ | ૯૪.૪૭ |
| પાટણ | ૩૪.૪૨ | ૪૯.૯૮ | ૫૧.૮૦ | ૫૮.૬૧ | ૩૧.૪૮ | ૨૪.૭૧ |
| રાજકોટ | ૨૮.૨૬ | ૫૩૯.૩૭ | ૩૭.૫૭ | ૯૩૦.૩૨ | ૪૧.૦૪ | ૭૯૧.૦૫ |
| વડોદરા | ૮૮.૯૨ | ૯૮૨.૦૩ | ૧૪૮.૩૧ | ૮૭૮.૫૬ | ૨૩૦.૧૨ | ૯૫૪.૫૨ |
| વલસાડ | ૦.૦૦ | ૧૦૪.૯૮ | ૦.૦૦ | ૧૨૩.૪૬ | ૦.૦૦ | ૧૫૪.૯૬ |
| નવસારી | ૦.૦૦ | ૩૨૩.૩૯ | ૦.૦૦ | ૫૮૯.૭૧ | ૦.૦૦ | ૭૮૨.૬૬ |
| સાબરકાંઠા | ૧૮.૪૧ | ૮૭૪.૫૮ | ૨૮.૫૫ | ૧૦૪૭.૯૨ | ૫૬.૦૯ | ૧૨૧૩.૯૪ |
| સુરત | ૧૦૧૬.૩૪ | ૫૮૪.૮૯ | ૧૨૩૨.૨૯ | ૭૯૫.૨૮ | ૧૬૨૫.૯૫ | ૮૧૩.૦૮ |
| સુરેન્દ્રનગર | ૭૬.૩૨ | ૩૬૯.૨૨ | ૧૦૮.૫૧ | ૪૮૯.૭૧ | ૧૦૪.૪૮ | ૫૫૮.૧૪ |
| **કુલ** | **૨૦૫૫૨.૪૭** | **૮૯૮૦.૩૦** | **૧૭૭૨૭.૧૧** | **૧૦૯૫૦.૨૭** | **૨૪૬૪૭.૩૪** | **૧૧૭૦૪.૯૬** |

**બનાસકાંઠા જિલ્લાને શિક્ષણ ક્ષેત્રે આગળ લાવવા કરેલ આયોજન**

૪૧૭૬ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાને શિક્ષણ ક્ષેત્રે અન્ય જિલ્લાઓની હરોળમાં લઇ જવા સરકારે કોઇ આયોજન કર્યું છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આયોજનની વિગતોના મુદ્દા ક્યા છે ? | (૨) આયોજનની વિગતો સાથેના પત્રક મુજબ. |

**પ ત્ર ક**

**બનાસકાંઠા જિલ્લાને શિક્ષણ ક્ષેત્રે અન્ય જિલ્લાઓની હરોળમાં લઈ જવા સરકારે નીચેનું અને આયોજન કરેલ છે.**

પ્રાથમિક શિક્ષણ

(૧) જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની જગ્યાઓ પર ભરતી.

(૨) પ્રાથમિક શાળાના શિક્ષકોની શૈક્ષણિક સજ્જતા વધે તે માટે શિક્ષકોની તાલીમ.

(૩) જિલ્લાની પ્રાથમિક શાળાઓને ભૌતિક સુવિધા આપવા ઓરડાઓનું બાંધકામ, કમ્પાઉન્ડ વોલનું બાંધકામ, વીજળીકરણ, પીવાનું પાણી પુરૂ પાડવું, વર્ગખંડની મરામત અને સેનીટેશન સંકુલ વગેરેનું આયોજન કરેલ છે.

(૪) જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દ્વારા જરૂરીયાતના આધારે નીચે મુજબ વિશિષ્ટ કાર્યક્રમો

૧. દિવ્ય શાળા પ્રોજેક્ટ
૨. જિલ્લાનો લેબ એરીયા
૩. શાળા ગુણવત્તા એવોર્ડ
૪. આચાર્યની તાલીમ
૫. ઈકો ક્લબ
૬. ગણિત-વિજ્ઞાન મંડળ
૭. ગ્રામમિત્ર (શિક્ષણ) ને તાલીમ.

માધ્યમિક શિક્ષણ

(૧) નોર્મ્સ મુજબ પાત્ર માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવી.

(૨) અમીરગઢ, વાવ અને થરાદ તાલુકાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને કોચીંગ ક્લાસ દ્વારા શિક્ષણ.

(૩) અમીરગઢ, તાલુકો અમીરગઢની વિજ્ઞાન પ્રવાહની શાળાના મકાન બાંધકામ

(૪) આદિજાતિ વિસ્તારના બાળકોને શહેર વિસ્તારની શાળામાં પ્રવેશ અપાવી રહેવા તથા જમવાની સગવડ
(૫) માધ્યમિક શાળાઓને પુસ્તકાલય સહાય, પ્રયોગશાળા સહાય, સેનીટેશન સહાય અને ટી.વી. અને ડી.ટી.એચ. પુરા પાડવા.

<u>ઉચ્ચ શિક્ષણ</u>

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ માં અમીરગઢ તાલુકા ખાતે સરકારી વિનયન કોલેજ.

<u>તાંત્રિક શિક્ષણ</u>

(૧) તાંત્રિક શિક્ષણનો વ્યાપ વધારવા માટે વર્ષ ૨૦૦૯-૧૦ થી પાલનપુર ખાતે એક ડીગ્રી ઈજનેરી કોલેજનું સૂચિત આયોજન.

---------

**ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના**

૩૭૩૬ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી કરી, અને

(૨) ક્યા ક્યા જિલ્લાઓમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી થઇ ?

**જવાબ**

(૧) "૧૦"

(૨) પત્રક "અ" મુજબ.

પ ત્ર ક - અ

| ક્રમ | જિલ્લા/મથકનું નામ | ચાલુ કરવામાં આવેલ ફાસ્ટટ્રેક કોર્ટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અમદાવાદ (ગ્રામ્ય) વિરમગામ | ૦૧ |
| ૨. | બનાસકાંઠા | ૦૨ |
| ૩. | દાહોદ | ૦૧ |
| ૪. | જૂનાગઢ | ૦૧ |
| ૫. | ખેડા | ૦૧ |
| ૬. | મહેસાણા | ૦૧ |
| ૭. | પાટણ | ૦૧ |
| ૮. | સુરત | ૦૧ |
| ૯. | વડોદરા | ૦૧ |
| | **કુલ :** | **૧૦** |

---------

**વડોદરા જિલ્લાના નસવાડી ખાતે કોલેજના મકાનનું બાંધકામ**

૩૬૭૧ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી ખાતે સરકારી આર્ટસ-કોમર્સ કોલેજના મકાન બાંધકામ માટે સને ૨૦૦૮-૨૦૦૯માં તા. ૩૧-૭-૦૮ સુધીમાં સરકારે કેટલી રકમ ફાળવી, અને

(૨) હાલ આ કોલેજમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) કોલેજ બાંધકામ માટે કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) ૩૫૮ વિદ્યાર્થીઓ.

---------

**બાયસેગ અને જીઓઇન્ફોર્મેટીકનું આયોજન**

૪૫૭૦ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બાયસેગ ખાતે જીઓઇન્ફોર્મેટીક એકેડેમીક સ્થાપવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ શું પ્રગતિ છે ?

(૨) ૧. જીઓઈન્ફોર્મેટીક એકેડેમીના મકાનનું બાંધકામ હાથ ધરાયેલ છે.

૨. એકેડેમીમાં ચલાવવામાં આવનાર ડિપ્લોમા, એમ.ટેક. પી.એચ.ડી. અભ્યાસક્રમો માટે યુનિવર્સીટી સાથે એફીલીએશન મેળવવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

**રાજ્યમાં બાયોફર્ટિલાઇઝરથી થતી ખેતી**

૩૯૪૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં થતી કુલ ખેતીમાંથી કેટલા ટકા ખેતી બાયોફર્ટિલાઇઝર્સ થી થાય છે,

(૨) સજીવ ખેતીને પ્રોત્સાહન મળે એ માટે સરકાર તરફથી શી પ્રવૃત્તિઓ અપનાવવામાં આવી, અને

(૩) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સજીવ ખેતીમાં કેટલા પ્રમાણમાં વૃધ્ધિ થઇ ?

**જવાબ**

(૧) રાજ્યમાં બાયો ફર્ટીલાઈઝરથી જ ખેતી થતી હોય તેવો કોઈ ચોક્કસ વિસ્તાર નથી. જેથી આ બાબતે ટકાવારી નિયત થઈ શકે તેમ નથી.

(૨) સજીવ ખેતીને પ્રોત્સાહન મળે તે માટે રાજ્યના ખેડૂતોને વિગતવાર સમજ આપવામાં આવે છે. માહિતી આપવામાં આવે છે તેમજ સજીવ ખેતીની પ્રોત્સાહન આપવા સેન્દ્રીય ખાતર, જૈવિક ખાતર, ખાડા ખાતર, લીલો પડવાશ, વિવિધ પ્રકારના ખોળ વર્મી કમ્પોસ્ટ બેડ ઘટકોમાં સહાય આપવામાં આવે છે.

(૩) સજીવ ખેતીનો વ્યાપ દિન પ્રતિદિન વધે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. અને ખેડૂતો પણ આ બાબતે જાગૃત થતા જાય છે. અને ખેતીનો/ખેતરનો વિસ્તાર સજીવ ખેતી માટે વધારતા જાય છે. આ માટે અલગથી નોંધ/ટકાવારી રાખવામાં આવતી નથી.

---------

**ધંધુકા તાલુકાના ઝાંખી ગામની પ્રાથમિક શાળા બંધ હોવા અંગે**

૩૬૧૮**શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે ક.-

**પ્રશ્ન**

૨૦૦૭ના વર્ષમાં ધંધુકા તાલુકાના ઝાંખી ગામની પ્રાથમિક શાળામાં પરીક્ષાના દિવસે શાળા બંધ હતી તે માટે જવાબદારો સામે સરકાર તરફથી શા પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં ધંધુકા તાલુકાના ઝાંખી ગામની પ્રાથમિક શાળામાં પરીક્ષાના દિવસે શાળા બંધ ન હતી પરંતુ તા.૧૨-૪-૦૮ ના રોજ પરીક્ષાનો નિયત સમય ૮-૦૦ થી ૯-૦૦ ક્લાક્નો હતો તે ક્રતા એક ક્લાક વહેલી એટલે કે સવારે ૭-૦૦ થી ૮-૦૦ દરમ્યાન પરીક્ષા લઈ શાળા બંધ ક્રેલ હતી. જે અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદે સ્થળ તપાસ કરી નિયમાનુસારની કાર્યવાહી ક્રેલ છે.

---------

**ધ્રોલના બીજા વીજ ડિવીઝનની મંજૂરી**

૪૦૩૯ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે પમિ વિજ નિગમ કંપનીનું બીજુ સબ ડિવિઝન સરકાર મંજૂર કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે મંજૂર કરવામાં આવશે, અને

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

જામનગર જિલ્લાનાં ધ્રોલ ખાતે બીજુ સબ ડીવીઝન (નવી પેટા વિભાગીય ક્ચેરી) અંગેની દરખાસ્તની તાંત્રિક તથા આર્થિક ચકાસણી કરવામાં આવી રહી છે, જે પૂર્ણ થયા બાદ આગળની વિચારણા કરવામાં આવશે.

---------

**રાજ્યમાં પશુ સુધારણાના એકમો**

૩૭૯૫ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ પશુપાલન ક્ષેત્રે ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાના કુલ કેટલા એકમો કાર્યરત છે,

(૨) સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં કોઇ નવા એકમો સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં સ્થાપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૦ એકમો.

(૨) હા, જી. બે નવા એકમો સ્થાપવાનું આયોજન છે.

(૩) પંચમહાલ અને પાટણ જિલ્લામાં.

---------

**પંચમહાલ જિલ્લામાં આપેલ વીજ જોડાણો**

૪૧૭૧ **શ્રી હરીભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલકાઓમાં આર.જી.જી.વી.વાય. યોજના હેઠળ કેટલા બી.પી.એલ. લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા,

(૨) કેટલાને વીજ જોડાણ આપવાના બાકી છે, અને

(૩) બાકીના લાભાર્થીઓને કેટલા સમયમાં જોડાણ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) :

| તાલુકો | વીજજોડાણો આપવામાં આવ્યા | વીજજોડાણ આપવાના બાકી |
|---|---|---|
| લુણાવાડા | ૯૬૦૦ | ૫૬૮૦ |
| ખાનપુર | ૨૫૦૦ | ૫૬૦૬ |

(૩) બાકીના લાભાર્થીઓને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ ના અંત સુધીમાં વીજ જોડાણો આપવાનું આયોજન છે.

---------

**વીજ મથકોના લોડ ફેક્ટરમાં વધારો**

૪૫૮૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વિવિધ વીજ મથકોના પ્લાન્ટ લોડ ફેક્ટરમાં અગાઉના વર્ષની સરખામણીમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન કોઈ વધારો થયો છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક મુજબ.

**પ ત્ર ક**

રાજ્યના વિવિધ વીજ મથકોના વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માટેના પ્લાન્ટ લોડ ફેક્ટર

| વીજ મથક | પ્લાન્ટ લોડ ફેક્ટર (%) માં | | આગલા વર્ષની સરખામણીમાં થયેલ વધારો(%) |
|---|---|---|---|
| | બેકીંગ ડાઉન સાથે | બેકીંગ ડાઉન સાથે | બેકીંગ ડાઉન સાથે |
| ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. | ૭૦.૪૮ | ૮૦.૨૯ | ૯.૮૧ |
| ટોરેન્ટ પાવર લી. | ૮૮.૮૧ | ૯૦.૬૦ | ૨.૯૪ |
| ગુજરાત મીનરલ ડેવ. કોર્પોરેશન | ૧૭.૨૫ | ૪૬.૦૮ | ૨૮.૮૩ |

--------

**મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની વેચાણ વ્યવસ્થા**

૪૪૬૯ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય હસ્તકલા ક્ષેત્રે કાર્યરિત મહિલાઓ

**જવાબ**

(૧) હા, જી.

દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

(૨) રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/નિગમો દ્વારા યોજાતાં મેળા/પ્રદર્શનોમાં સ્ટોલ ફાળવણીને ઉત્પાદિત ચીજ-વસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે.

---------

**વાંસદા તાલુકામાં વાણિજ્ય કોલેજમાં પ્રોફેસરોની ખાલી જગ્યાઓ**

૩૮૧૪ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી જિલ્લામાં વાંસદા તાલુકામાં સરકારી વાણિજ્ય કોલેજ છેલ્લા ત્રણ વર્ષથી ચાલે છે, જેમાં વાણિજ્ય શાખાના અભ્યાસક્રમમાં કેટલા પ્રોફેસરોની જગ્યા તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) ૫ (પાંચ). |
| (૨) આ જગ્યા ક્યારે ભરવા માગો છો ? | (૨) કોલેજોમાં પ્રોફેસરોની ખાલી જગ્યાઓ ફિક્સ પગારથી ભરવા માટેની કાર્યવાહી ચાલી રહેલ છે. |

---------

**અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકા**

૪૧૩૪ **શ્રી વિષ્ણુભાઇ પટેલ (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં અમદાવાદ શહેરમાં આંતકવાદીઓ દ્વારા જે બોમ્બ ધડાકાની બીના બની તે ભવિષ્યમાં રોકી શકાય કે નિવારી શકાય તે માટે સરકાર દ્વારા સાવચેતીના શું પગલાં ભરવામાં આવ્યા,

(૨) આંતકવાદીઓની બોમ્બ ધડાકા તથા અન્ય પ્રવૃત્તિ સામે પ્રજાને જાગૃત કરવા માટે પ્રશિક્ષણ આપવાની જોગવાઈ સરકાર કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેવા પ્રકારની ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

બોમ્બ ધડાકાઓની ઘટના નિવારવા કે રોકવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલા છે.

- આંતરરાજ્યની ગુપ્તચર એજન્સીઓ સાથે સંકલન
- કેન્દ્રીય ગુપ્તચર એજન્સી જોડે સંકલન
- લોકલ સર્વેલન્સ, ખાનગી બાતમીદારો
- ભુતકાળમાં આ પ્રકારના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ પર વોચ, પોલીસ દ્વારા પેટ્રોલીંગ
- સતર્ક નાકાબંધી
- એરપોર્ટ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, શંકાસ્પદ હોટલ, ધાબાની ચકાસણી
- રાજ્યોની સરહદો સાથે સંકળાયેલ રસ્તા પર જીવંત કાર્યરત ચેક પોસ્ટો
- પ્રજા પોલીસ વચ્ચેના સંવાદો
- રાજ્યમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ પર વોચ રાખવી.
- પ્રતિબંધિત સંસ્થાઓની પ્રવૃત્તિ પર વોચ
- દરીયા કિનારા પરના વિસ્તારોમાં દરીયાઈ પેટ્રોલીંગ, મરીન પોલીસ સ્ટેશનોની સ્થાપના
- સમાચાર પત્રો અને ઈલેક્ટ્રોનીક મીડીયા દ્વારા અસરકારક જનજાગૃત્તિ ફેલાવવી.
- શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે જનજાગૃતિ અભિયાન.

---------

**ગૃહ રક્ષક દળના જવાનોને મળતું વેતન**

૪૦૦૦ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૃહ રક્ષકદળ (હોમગાર્ડ)ના જવાનોને તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કેટલું માસિક માનદ્ વેતન ચૂકવવામાં આવે છે, | (૧) પ્રતિદિન ફરજ ભથ્થું રૂા.૫૦/- ચૂકવવામાં આવે છે. |
| (૨) આ વેતન વધારવા સરકારશ્રીએ વિચારેલ છે કે કેમ, અને | (૨) વિચારણા હેઠળ છે. |
| (૩) આ જવાનોને નિયમિત વેતન ચૂકવાય તે માટે શી વ્યવસ્થા ગોઠવેલ છે ? | (૩) ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : હગદ/૧૦૨૦૦૮/૮૨૯/ફ, તા.૮-૫-૨૦૦૮ થી વર્ગ-૧ ના વરિષ્ઠ અધિકારીશ્રીની મોનીટરીંગ અધિકારી તરીકે નિમણૂંક કરી જિલ્લા કક્ષાએ મોનીટરીંગ કરવામાં આવે છે. રાજ્યકક્ષાએ પણ સમયાંતરે મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવેલ છે. |

---------

**અગરીયાના બાળકો માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ બાબત**

૪૧૪૧ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મીઠાના ઉત્પાદનમાં કામ કરતા અગરીયાના બાળકો માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણની સુવિધા ક્યા ક્યા ગામોમાં કરવામાં આવી છે,

**જવાબ**

(૧) પ્રાથમિક શિક્ષણની ઉપલબ્ધ સુવિધા.

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | કોપરણી |
| | | જસમતપર |
| | | જેસડા |
| | | જુના ઘનશ્યામગઢ |
| | | કુડા |
| | | સુજ્જનપુર |
| | | ગોપાલગઢ |
| | | થળા |
| | | વિરેન્દ્રગઢ |
| | | બાઈસાબગઢ |
| | | નીમકનગર |
| | | ભરાડા |
| | | નવા કુડા |
| | | વાવડી |
| ૨. | પાટડી (દસાડા) | દેગામ |
| | | સાવડા |
| | | ચીકાસર |
| | | ખારાઘોડા |
| | | મુલાડા |
| | | વીસાવડી |
| | | ઝીંઝુવાડા |
| | | ધામા |
| | | ભલગામ |
| | | સુરેલ |
| | | ફતેપુર |

| | | |
|---|---|---|
| | | વચ્છરાજપુરા |
| | | બજાણા |
| | | જૈનાબાદ |
| | | નગવાડા |
| | | નાના ગોરૈયા |
| | | નવા સડલા |
| | | નવા પુરા |
| | | ઓડુ |
| | | પાનવા |
| | | પોરડા |
| | | રોઝવા |
| | | સુરજપુરા |
| ૩ | હળવદ | અજીતગઢ |
| | | બુટવડા |
| | | ધુળકોટ |
| | | ટીકર |
| | | મીયાણી |
| | | એંજાર |
| | | ધણાદ |
| | | કીડી |
| | | જોગડ |
| | | ખોડ |
| | | ઈસનપુર |
| | | માલણીયાદ |
| | | નવા માલણીયાદ |
| | | રણમલપુર |
| | | નવા ઘાટીલા |

માધ્યમિક શિક્ષણની ઉપલબ્ધ સુવિધા

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | પાટડી | ખારાઘોડા |
| | | જૈનાબાદ |
| | | દસાડા |
| | | પાટડી |
| | | કોચાડા |
| | | વઘાડા |
| | | ઝીંઝુવાડા |
| | | પોરડા |
| | | જરવલ્લા |
| ૨ | ધ્રાંગધ્રા | મોટી માલવણ |
| | | સજ્જનપુર |
| ૩ | હળવદ | ઈશ્વરનગર |
| | | ટીકરરણ |
| | | માલણીયાદ |

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તી ધરાવતો જિલ્લો ધ્યાનમાં રાખીને તેમજ મીઠા ઉદ્યોગમાં ઉપરોક્ત પછાત જાતિઓના ભાઈઓ જોડાયેલા હોઈ ને એવી કોઈ ખાસ

(૨) હા, જી.

શિક્ષણની સુવિધા સરકારે ઉભી કરી છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) પ્રાથમિક શિક્ષણની સુવિધા માટે રાજ્ય સરકારની મોસમી છાત્રાલય યોજના અંતર્ગત ખારાઘોડા સ્ટેશન, મુલાડા, ઓડુ-૧, સડલા, ઓડુ-૨, સવલાસ, ખારાઘોડા (જુનાગામ), દેગામ, વણોદ, ખારાઘોડા (નવાગામ), બજાણા, સેડલા, હિંમતપુરા, પાટડી, મંગળપુર, નવી કીડી/જુની કીડી, નવી જોગળ, મીંયાણી, અજિતગઢ, ટીકર (રણ), એંજાર નવી (ભવાની નગર), એંજાર (જૂની), નિમકનગર-૧ અને ૨, નરાળી, રાજપર, જીવા, જેસડા, ગાળા-૨, નવા કુડા મળીને કુલ-૨૯ ગામોમાં મોસમી છાત્રાલય શરૂ કરવામાં આવેલ છે.

અન્ય શૈક્ષણિક સુવિધા જેવી કે શાળાની લાયબ્રેરી માટે પુસ્તકો, શૈક્ષણિક કીટ, સ્પોર્ટસ કીટ, મ્યુઝીકલ કીટ, બેચિસ અને રમત-ગમતના સાધનો માટે રૂા. ૫ કરોડની જોગવાઈ થયેલ છે. ઉપરાંત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કજીબીવી) માં હડાણા, ચિરોડા, મૂળી, રાણોલ, ગોલાસણ ગામોમાં વધારાના વર્ગખંડ માટે નાણાંકીય જોગવાઈ કરેલ છે.

--------

## પાલનપુરમાં સ્વતંત્ર દિનની ઉજવણી માટે ઉઘરાવેલ રકમ

૪૧૬૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૫ ઓગસ્ટ, ૨૦૦૮ની ઉજવણી પાલનપુર ખાતે સ્વતંત્રતા દિન નિમિત્તે યોજેલા સંખ્યાબંધ કાર્યક્રમો પાર પાડવા લોકભાગીદારીને નામે ઉઘરાણા કરવા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે કેટલી રકમ ઉઘ ારાવવામાં આવી,

(૩) આ લોકફાળો ભેગો કરવા અધિકારીઓ દ્વારા જબરજસ્તીથી ફાળો ઉઘરાવાઈ રહયો છે તેવી વ્યાપક ફરિયાદો થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૪) જો હા, તો તે અંગે સરકારે શા પગલાં લીધા?

**જવાબ**

(૧) કોઈ પરિપત્ર બહાર પાડેલ નથી, પરંતુ સરકાર તરફથી મળતી ગ્રાન્ટ તેમજ લોકફાળાની આવકના હિસાબો રાખવા બચત ખાતાની આવશ્યકતા હોઇ, બેંકમાં અલગ ખાતું ખોલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) લોકફાળા પેટે રૂા.૫૪,૮૪,૮૩૩/- મળેલ છે.

(૩) કોઈ ફરિયાદો મળેલ નથી.

(૪) ખંડ (૩) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## બારડોલી અને માંડવી તાલુકાઓમાં ખેડૂતોને સમયસર બિયારણ

૪૫૬૨ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાનાં બારડોલી અને માંડવી તાલુકાઓમાં છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોને સમયસર ખાતર અને બિયારણ પૂરતા પ્રમાણમાં મળતું નથી આ હકીકત સરકારના ધ્યાન પર છે કે કેમ, અને

(૨) જો હા, તો આ બાબતે સરકારે શું આયોજન

**જવાબ**

(૧) હા જી, યુરિયા ખાતરની ખેંચ ઉભી થયેલ હતી. બિયારણ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હતું.

(૨) ૧. આયાતી યુરિયા ખાતરની પુરતા પ્રમાણમાં

| | |
|---|---|
| કરેલ છે ? | સત્વરે ફાળવણી થાય તે માટે કેન્દ્ર સરકાર સાથે સંપર્ક કરી વધુ જથ્થો મેળવેલ છે.<br>૨. જિલ્લાવાર સપ્લાય પ્લાન મુજબ ખાતર સપ્લાય થાય તે માટે સતત મોનીટરીંગ કરવામાં આવેલ છે.<br>૩. ખાતર ઉત્પાદકો/વિતરકો સાથે સમયાંતરે ખાતરોની માંગ અને પુરવઠાની સમિક્ષા કરવામાં આવેલ અને જરૂરીયાતવાળા જિલ્લાને પ્રાધાન્ય આપવા ઉત્પાદકો અને વિતરકોને સૂચનાઓ આપવામાં આવેલ છે. |

---------

**રાજ્યમાં સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં ડોનેશનની વ્યાપક ફરિયાદો**

૩૯૪૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સેલ્ફ ફાયનાન્સ કોલેજો દ્વારા મોટા પ્રમાણમાં ડોનેશનો લઈ પ્રવેશ આપવામાં આવે છે, તેવી વ્યાપક ફરિયાદો રાજ્ય સરકારને તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મળી, અને | (૧) ૪૧ ફરિયાદો મળેલ. |
| (૨) મળેલ ફરિયાદો પછી રાજ્ય સરકારે આ બાબતે ક્યા પ્રકારના પગલાંઓ લીધા ? | (૨) રાજ્યની સ્વનિર્ભર કોલેજ/પોલીટેક્નીક/ સંસ્થાઓમાં પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલ સમિતિને ઉપરોક્ત ફરિયાદો મળેલ છે. સમિતિ દ્વારા ફરિયાદો અંગે ફરિયાદ થયેલ સંસ્થાઓને નોટિસ તથા પત્ર પાઠવી સંસ્થાઓ પાસેથી લેખિત ખુલાસાઓ મેળવેલ છે. તેમજ સમિતિના સભ્યોની હાજરીમાં મેરીટ મુજબ પ્રવેશ આપવા સંસ્થાને ફરજ પાડવામાં આવી છે. |

---------

**ઈરીગેશન બાયપાસ ટનલનું કામ**

૩૮૫૪ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધ પરની ઈરીગેશન બાયપાસ ટનલના કામની શું પરિસ્થિતિ છે, અને | (૧) ઈરીગેશન બાયપાસ ટનલનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |
| (૨) આ ઈરીગેશન બાયપાસ ટનલ પાછળ આશરે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) તા.૩૧-૮-૦૮ સુધીમાં આશરે કુલ રૂા.૧૪૫.૧૨ કરોડ ખર્ચ થયેલ છે. |

---------

**રાજ્યમાં પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના અંગે**

૩૮૮૮**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં અલગ પશુપાલન યુનિવર્સિટીની સ્થાપના બાબતે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | સક્રિય વિચારણા હેઠળ છે. |

--------

## અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના ગુનેગારો

૪૫૨૭ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૮ના વર્ષમાં તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના ગુનેગારોને પકડી પાડેલ હોવાની હકીક્ત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ગુનેગારો કોણ કોણ છે, અને

(૩) તેઓ પાસેથી કેટલા શસ્ત્રો, દારૂગોળો અને અન્ય માહિતી મળી છે ?

**જવાબ**

(૧) અને (૨) તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બબ્લાસ્ટ કરનારાઓ પૈકી તા. ૧૨-૯-૦૮ની સ્થિતિએ ૧૯ આરોપીઓ પકડાયેલા છે. જેના નામો નીચે મુજબ છે :-

(૧) જાહીદ કુતુબુદ્દીન શેખ
(૨) ઈમરાન ઈબ્રાહીમ શેખ
(૩) મહંમદ સાજીદ ઉર્ફે સલીમ ગુલામ ખ્વાજા મંસુરી
(૪) ઈક્બાલ કાસમ શેખ
(૫) સમસુદ્દીન શાહબુદ્દીન શેખ
(૬) ગ્યાસુદ્દીન અબ્દુલ સલીમ અંસારી
(૭) મ. આરીફ મ. ઈક્બાલ કાગઝી
(૮) મ. ઉસ્માન મ. અનીસ (મનસુરી)
(૯) યુનુસ મહમ્મદભાઈ મનસુરી
(૧૦) કમરૂદ્દીન ઉર્ફે અબદુલ્લા ચાંદમહંમદ નાગોરી
(૧૧) આમીન પરવાઝ કાજી સેફુદ્દીન શેખફારૂકી
(૧૨) હાફીજ હુસેન ઉર્ફે અદનાન નાજુદ્દીન
(૧૩) શીલન ઉર્ફે શાલીન અબ્દુલકરીમ
(૧૪) સફદરહુસેન ઉર્ફે હુસેનમિયા ઝહીરઉલહસન નાગોરી
(૧૫) અબુ બસર ઉર્ફે અબ્દુલ રસીદ અબુબકર શેખ
(૧૬) અબ્બાસ ઉમર સમેજા
(૧૭) નવેદ ઉર્ફે નઈમુદ્દીન
(૧૮) જાવેદ અહમદ સગીર અહમદ શેખ
(૧૯) એયાજ રજાકમિયા સેયદ

(૩) તેઓ પાસેથી ૧ કાર્ડબોક્ષ, ગ્રે કલરની તાડપત્રી, રેલ્વે ટીકીટના ટુકડા, પ્લાસ્ટીકના ડબ્બા ૨, ટેલીફોન બીલ, ફસ્ટ એઈડ બોક્ષ, ટેપના ટુકડા, ન્યુઝ પેપરના ટુકડા, ચિકાસયુક્ત પદાર્થના નમૂના, ચુનાની થેલી, નોટબુક નંગ-૧, એક દેશી બનાવટની પિસ્તોલ, એક એરગન, રામપુરી ચપ્પુ, ફુગ્ગા, પાઈપ બોમ્બ, ડીવીડી-નંગ-૧૯, લેપટોપ હાર્ડ ડીસ્ક, પેન ડ્રાઈવ, ૧૯ સીડી, ઉર્દુ ગુજરાતીમાં લખેલ પુસ્તિકા નંગ-૨, સેલો ટેપના ગુચ્છા-૩, બોલ્ટ નંગ-૩, વાયરના ટુકડા નંગ-૫, લોખંડના છરા, મોટર સાયકલ અને એક મોબાઈલ ફોન વિગેરે જપ્ત કરવામાં આવેલ છે.

---------

## સાગબારાની વિદ્યુત બોર્ડની કચેરી અંગે

૪૧૧૨ **શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના સાગબારા ખાતે વિદ્યુત બોર્ડની કચેરી ચાલુ હાલતમાં છે કે કેમ,

(૨) જો ના, તો બંધ પડેલી ઓફિસ કચેરી સરકાર ચાલુ કરવા માંગે છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) ના, જી. પરંતુ જુનિયર ઈજનેર ૭ લાઈન સ્ટાફના માણસોને અલાયદુ વાહન ફાળવેલ છે. તેઓ સાગબારા સબસ્ટેશન ખાતે કાયમી ધોરણે કાર્યરત છે. બીલના નાણાં સ્વીકારવા અઠવાડિયામાં બે દિવસ બીલીંગ સ્ટાફને મોકલવામાં આવે છે. તેમજ પોસ્ટ ઓફીસમાં પણ વ્યવસ્થા કરેલ છે. આ વ્યવસ્થા મુજબ પેટાવિભાગીય કચેરીની જરૂરિયાત નથી.

(૩) આ કચેરી છેલ્લા કેટલા સમયથી બંધ હાલતમાં છે ?

(૩) સાગબારા સબડીવીઝનનું એપ્રિલ-૨૦૦૨ થી ડેડીયાપાડા સબડીવીઝનમાં વિલિનીકરણ કરવામાં આવ્યું છે.

---------

**સાવરકુંડલા તાલુકમાં ભારે વરસાદને કારણે વાવણીમાં નુકસાન**

૩૯૧૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં ગત વર્ષમાં જૂન-૨૦૦૭માં અતિ વરસાદ પડવાથી સાવરકુંડલા તાલુકાના ખેડૂતોને વાવણી વાવ્યા પછી ભારે વરસાદ થવાથી બીયારણ ધોવાઈ ગયેલ અને ખેડૂતોને મોટું નુક્સાન થયેલ તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો સમગ્ર તાલુકાના ખેડૂતોને બીયારણ ધોવાઈ થતાં અરજી માંગવામાં આવેલ તેમાં તા. ૩૧-૧૦-૨૦૦૭ સુધીમાં કેટલી અરજીઓ આવેલ,

(૩) તેમાંથી તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલા લોકોને નુક્સાનની રકમ ચૂકવેલ છે, અને

(૪) બાકી રહેતા લોકોને ક્યારે ચૂકવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૪૪૪૨ અરજીઓ.

(૩) ૩૯૦૨ ખેડૂતોને નુક્સાનની રકમ ચૂકવેલ છે.

(૪) નિયમો અનુસાર મળવાપાત્ર હોય તેવી કોઈ અરજીનું ચૂકવણું બાકી નથી.

---------

**જામનગર જિલ્લામાં ૬૬ કે.વી. સબસ્ટેશનો**

૪૫૭૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જામનગર જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ૬૬ કે.વી. સબ સ્ટેશનો ઊભા કરવામાં આવ્યા ?

**જવાબ**

જામનગર જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૬ કે. વી. ના ૬(છ) સબ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા.

| અ. નં. | સબસ્ટેશનનું નામ | તાલુકા | ટ્રાંસ્મિશન સર્કલ | કાર્યાવિત ક્ર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે. વી. પીપરટોડા | લાલપર | ગોંડલ | ૨૨-૦૭-૨૦૦૬ |
| ૨ | ૬૬ કે. વી. લામ્બા | ક્લ્યાણપુર | ગોંડલ | ૩૦-૦૩-૨૦૦૭ |
| ૩ | ૬૬ કે. વી. નવાગામ | કાલાવડ | ગોંડલ | ૦૬-૦૩-૨૦૦૭ |
| ૪ | ૬૬ કે. વી. બાબ્રાઝર | લાલપર | ગોંડલ | ૨૬-૦૨-૨૦૦૮ |
| ૫ | ૬૬ કે. વી. મોરકંડા | જામનગર | ગોંડલ | ૨૭-૦૩-૨૦૦૮ |
| ૬ | ૬૬ કે. વી. મોરવડી | કાલાવડ | ગોંડલ | ૨૯-૦૨-૨૦૦૮ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખુનના ગુના**

૪૧૪૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકા પ્રમાણે કુલ કેટલા ખૂનના કેસો નોંધાયા,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | કુલ ગુના |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧ |
| ૨ | પ્રાતિજ | ૬ |
| ૩ | તલોદ | ૧૨ |
| ૪ | ઈડર | ૧૨ |
| ૫ | વડાલી | ૩ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૫ |
| ૭ | વિજયનગર | ૧૭ |

| | | |
|---|---|---|
| ૮ | ભિલોડા | ૧૫ |
| ૯ | મોડાસા | ૧૧ |
| ૧૦ | મેઘરજ | ૭ |
| ૧૧ | માલપુર | - |
| ૧૨ | ધનસુરા | ૨ |
| ૧૩ | બાયડ | ૮ |
| આમ કુલ ૧૧૯ કેસો નોંધાયેલ છે. | | |

(૨) તેમાંથી કેટલા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) બાકીના કેસોમાં ધરપકડ ન કરવાના કારણો શા છે ?

(૨) અને (૩) કુલ-૨૩૦ સંડોવાયેલ આરોપીઓ પેકી કુલ -૨૧૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. જ્યારે કુલ-૧૩ આરોપીઓની ધરપકડ કરવાના બાકી છે. તે પેકી કુલ-૧૨ આરોપીઓ મરણ પામેલ છે. અને ૧ (એક) આરોપી નાસતો ફરતો હોઈ, સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ વોરંટ કાઢવામાં આવેલ છે.

---------

**નર્મદા કેનાલોમાં ભંગાણ**

૪૦૬૭ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલોમાં જુદા જુદા સ્થળોએ પડેલા ભંગાણ અન્વયે રાજ્ય સરકાર દ્વારા નર્મદાની મેઈન કેનાલોની યોગ્ય ચકાસણી માટે તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૨) મુખ્યત્વે કેનાલોમાં ભંગાણ પડવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) સમગ્ર નર્મદા મેઈન કેનાલની યોગ્ય ચકાસણી માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૧૭-૬-૨૦૦૮ના ઠરાવ અન્વયે પાંચ સભ્યોના તજજ્ઞ જુથની રચના કરવામાં આવી છે. આ જુથ દ્વારા મુખ્ય નહેરની પ્રત્યક્ષ મુલાકાત લઈ જરૂરી પરિક્ષણોની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત ચોમાસા અગાઉ અને ચોમાસુ પૂર્ણ થયા બાદ નહેરોનું નિરીક્ષણ કરી ક્ષેત્રીય અધિકારી દ્વારા જરૂરિયાત મુજબની મરામત કરાવવામાં આવે છે.

(૨) ઉપર જણાવ્યા મુજબ તજજ્ઞોના જુથ દ્વારા નર્મદા મુખ્ય નહેરની ચકાસણી પૂર્ણ કરી અહેવાલ આપવામાં આવે ત્યાર બાદ ભંગાણ પડવાના ચોક્કસ કારણો બાબતે જણાવી શકાય તેમ છે.

---------

**સરદાર સરોવર બંધના મુલાકાતીઓ**

૩૮૬૬ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ સરદાર સરોવર બંધની મુલાકાતે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રવાસીઓ આવેલ છે, અને

(૨) બંધના સ્થળ પર પ્રવાસીઓ રહેવા માટે શું શું સવલતો ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધની મુલાકાતે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪,૨૦,૪૦૧ પ્રવાસીઓ આવેલ છે.

(૨) બંધના સ્થળ પર રહેવા માટે ખાનગી સાહસિક દ્વારા ૮૮ રૂમો તથા સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ૫૦ રૂમો અને ૨૫૦ વ્યક્તિઓને સમાવી શકાય તેવી ડોરમેટરીની સુવિધા ઉપલબ્ધ છે, આમ અંદાજે એકી સાથે આશરે ૬૦૦ વ્યક્તિઓના રહેઠાણની સુવિધા છે.

---------

**બળાત્કાર અને ખૂનના નોંધાયેલ ગુનાઓ**

૩૬૨૧ **શ્રી રામસિંહ પ્ર.પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

વર્ષમાં જિલ્લાવાર બળાત્કાર અને ખૂનના કેટલા બનાવો નોંધાયેલ છે,

**પત્રક**

| **શહેર** | **બળાત્કારના બનાવો** | **ખૂનના બનાવો** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અમદાવાદ શહેર | ૫૨ | ૧૦૧ |
| રાજકોટ શહેર | ૭ | ૪૫ |
| સુરત શહેર | ૩૨ | ૮૬ |
| વડોદરા શહેર | ૭ | ૨૧ |
| અમદાવાદ રૂરલ | ૨ | ૩૮ |
| ખેડા | ૧૨ | ૩૬ |
| આણંદ | ૧૧ | ૩૩ |
| ગાંધીનગર | ૧૧ | ૨૧ |
| સાબરકાંઠા | ૭ | ૪૪ |
| મહેસાણા | ૧૦ | ૨૯ |
| જામનગર | ૧૫ | ૩૯ |
| **શહેર** | **બળાત્કારના બનાવો** | **ખૂનના બનાવો** |
| રાજકોટ રૂરલ | ૨૮ | ૩૨ |
| સુરેન્દ્રનગર | ૧૭ | ૩૬ |
| બનાસકાંઠા | ૨૮ | ૪૮ |
| કચ્છ-ભુજ | ૧૪ | ૩૯ |
| પાટણ | ૧૬ | ૧૫ |
| અમરેલી | ૬ | ૨૬ |
| ભાવનગર | ૧૧ | ૪૧ |
| જુનાગઢ | ૭ | ૩૮ |
| પોરબંદર | ૧ | ૬ |
| વડોદરા રૂરલ | ૧૦ | ૭૭ |
| ભરૂચ | ૬ | ૩૭ |
| નર્મદા | ૬ | ૧૬ |
| ગોધરા | ૧૩ | ૪૮ |
| દાહોદ | ૨૦ | ૩૮ |
| સુરત રૂરલ | ૧ | ૪૨ |
| તાપી | ૩ | ૧૯ |
| વલસાડ | ૭ | ૪૦ |
| નવસારી | ૦ | ૨૦ |
| ડાંગ-આહવા | ૨ | ૮ |
| પશ્ચિમ રેલ્વે વડોદરા | ૦ | ૧૬ |

(૨) તે અન્વયે કેટલા ગુન્હેગારોની ધરપકડ કરી, અને

(૨) અને (૩)

(૩) કેટલી ધરપકડ કરવાની બાકી છે ?

- બળાત્કારના ગુનાઓમાં કુલ ૫૭૫ આરોપીઓ સંડોવાયેલ તે પૈકી ૫૧૪ આરોપીઓ પકડાયેલ છે જ્યારે ૬૧ આરોપીઓ પકડવાના બાકી છે.
- ખૂનના ગુનાઓમાં કુલ ૨૩૮૪ આરોપીઓ સંડોવાયેલ તે પૈકી ૨૨૬૯ આરોપીઓ પકડાયેલ છે જ્યારે ૧૧૫ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.
- પકડવાના બાકી આરોપીઓને પકડવા માટે નીચે મુજબ પગલાં ભરવામાં આવેલ છે.
- અમુક કેસોમાં નામદાર કોર્ટનો "સ્ટે" હોવાથી તે "સ્ટે" વેકેટ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.
- અમુક કેસોમાં પુરતા પુરાવાઓ મેળવી પકડવાની તજવીજ કરવામાં આવે છે.
- અમુક કેસમાં આરોપીઓ નાસતા ફરતા હોઈ તેના સગાસંબંધી મિત્ર વર્તુળ તથા છૂપાવવાની સંભવિત જગ્યા ઉપર વોચ રાખવામાં આવે છે. અમુક કેસોમાં એફ.એસ.એલ.માંથી સર્ટીફીકેટ મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- નાસતા-ફરતા આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. ની કલમ ૭૦ મુજબના વોરંટ કઢાવવામાં આવેલ છે.
- આવા ગુનેગારોને પકડવા ખાનગી બાતમીદારો રોકવામાં આવેલ છે તથા મોબાઈલ, લેન્ડલાઈન ફોન ઓબ્ઝેવેશનમાં રાખી તપાસ કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં નવા વીજ સબસ્ટેશનો**

૪૫૮૨ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલા નવા વીજ સબ સ્ટેશનો બનાવવાનું આયોજન કરેલ છે, | (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યમાં નવા ૬૦ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |
| (૨) તે પૈકી ૨૦૦૮-૦૯ દરમિયાન ભાવનગર જિલ્લામાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને | (૨) નાણાંકીય વર્ષ-૨૦૦૮-૦૯ દરમિયાન ભાવનગર જિલ્લામાં નવા ૭ (સાત) ૬૬ કે. વી. ના વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે. |

(૩) જો હા, તો તેની વિગત શું છે ?

(૩) ભાવનગર જિલ્લામાં નવા ૭ (સાત) ૬૬ કે. વી. ના વીજ સબસ્ટેશનોની યાદી નીચે મુજબ છે.

| અ. નં. | સબસ્ટેશનનું નામ | સર્કલનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે. વી. બોડાનાનેસ (કદમગીરી) | અમરેલી | ભાવનગર | પાલીતાણા |
| ૨ | ૬૬ કે. વી. ધારવાડા | અમરેલી | ભાવનગર | ઉમરાલા |
| ૩ | ૬૬ કે. વી. કુમ્ભણ (ગોડીધાલ) | અમરેલી | ભાવનગર | પાલીતાણા |
| ૪ | ૬૬ કે. વી. માલપરા | અમરેલી | ભાવનગર | ગઢડા |
| ૫ | ૬૬ કે. વી. માનગઢ (ચોડા) | અમરેલી | ભાવનગર | ગારિયાધાર |
| ૬ | ૬૬ કે. વી. પાસ્વી | અમરેલી | ભાવનગર | તલાજા |
| ૭ | ૬૬ કે. વી. શ્રમજીવી સોસાયટી | અમરેલી | ભાવનગર | ભાવનગર |

---------

**વીજ દરમાં વધારો**

૪૧૭૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘર વપરાશ અને ખેતીવાડી વપરાશના વિજળીના દરમાં કેટલી વખત કેટલો ભાવ વધારો મંજૂર કરવામાં આવ્યો,

(૨) તેનાથી ગ્રાહકો ઉપર કેટલો બોજ પડશે, અને

(૩) વીજ શુલ્ક પેટે કેટલી આવક વધશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘરવપરાશ અને ખેતી વિષયક વિજવપરાશના નક્કી થયેલા વિજદરમાં કોઈ ભાવ વધારો મંજૂર કરવામાં આવ્યો નથી.

(૨) અને (૩) વીજદરના કારણે કોઈ વધારો થયેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વાપીમાં ટ્રાન્સપોર્ટ નગરની સ્થાપના**

૪૩૧૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વાપી ઉદ્યોગનગરમાં આંતર માળખાકીય સુવિધાના ભાગરૂપે ટ્રાન્સપોર્ટ નગર બનાવવાની યોજના તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ અંગે જી.આઇ.ડી.સી. એ ૨૫ એકર જમીન ફાળવી ટ્રાન્સપોર્ટરો પાસેથી ડીપોઝીટ પેટે નાણા લીધલ છે તે હકીક્ત સાચી છે, અને

(૩) હજુ સુધી આ આંતરમાળખાકીય સુવિધાના ભાગરૂપે ટ્રાન્સપોર્ટ નગર નહી બનવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) જમીન સંપાદન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(૨) ના, જી.

(૩) જમીન સંપાદન સામે ખાનગી જમીન માલિકોના વિરોધના કારણે

**વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે અપાતા એવોર્ડ**

૪૫૯૧ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે વિશિષ્ટ સંશોધન માટે એવોર્ડ આપવાની કોઇ યોજના છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ માટે ક્યા એવોર્ડ જાહેર કરેલ છે,

(૨) ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે.

(૩) આ એવોર્ડ ક્યા ક્યા ક્ષેત્રોના સંશોધન માટે આપવામાં આવે છે,

(૩) આ અવોર્ડ ઉદ્યોગ, ઊર્જા, પર્યાવરણ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના અને બાયોટેક્નોલોજીના ક્ષેત્રોમાં સંશોધન માટે આપવામાં આવે છે.

(૪) આ એવોર્ડ હેઠળ સંશોધકોને કેટલી રકમનું પ્રોત્સાહન આપવામાં આવે છે,

(૪) રૂપિયા એક લાખ.

(૫) વર્ષ ૨૦૦૮માં આવો કોઇ એવોર્ડ જાહેર કરેલ છે, કે કેમ, અને

(૫) હા, જી.

(૬) જો હા, તો તેની વિગતો શી છે ?

(૬) વર્ષ ૨૦૦૭-૦૮ માટે શ્રી દિપક ભાનુચંદ્ર શાહ અને ટીમને ઉદ્યોગ ક્ષેત્ર માટે માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા. ૧૪/૮/૦૮ના રોજ પાલનપુર ખાતે એનાયત કરવામાં આવેલ.

---------

## રાજ્યમાં ચિલ્ડ્રન યુનિવર્સીટી સ્થાપવા અંગે

૪૫૬૮ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ચિલ્ડ્રન યુનિવર્સીટીની સ્થાપનાનો ઉલ્લેખ ૨૦૦૮ અને ૨૦૦૯ ના બજેટમાં કરવામાં આવ્યો હતો કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ શું પ્રગતિ થઇ છે ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષમાં પ્રથમ તબક્કે પ્રારંભિક કાર્યવાહી સંદર્ભે રૂા. ૧ કરોડની જોગવાઈ નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

(૨) માહે જુન-૨૦૦૮ માં રાષ્ટ્રના શિક્ષણ વિદ્વાને આમંત્રિત કરી માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ યોજવામાં આવેલ. ત્યારબાદ ચિલ્ડ્રન યનિવર્સીટીની સ્થાપના અર્થે એકશન પ્લાન અને રોડમેપ તેયાર કરવા અર્થે શિક્ષણ વિભાગના તા. ૧૨/૯/૦૮ના હુકમથી શિક્ષણવિદ શ્રી કિરીટભાઈ જોષીના અધ્યક્ષસ્થાને એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે, જે આ ક્રામ આગળ વધારશે.

---------

## ભરૂચ જિલ્લામાં રોયલ્ટી ભંગના કેસો

૪૫૨૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં રોયલ્ટી ભંગના કેટલા બનાવો નોંધાયા,

(૨) રોયલ્ટી ભંગના કેટલા કિસ્સાઓમાં કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા પોલીસ કેસો કરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) ૪૧૪ કેસ

(૨) ૪૦૯ કિસ્સામાં રૂા. ૨૧,૦૧,૩૮૫/-દંડ વસુલ કરવામાં આવેલ છે.

(૩) ૫ (પાંચ) પોલીસ કેસો કરવામાં આવેલ છે.

---------

## કપડવંજ શહેરમાં આવેલ પશુદવાખાનાનું મકાન તથા સ્ટાફ કવાર્ટરમાં સમારકામ બાબત

૩૩૨૧ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં આવેલ પશુદવાખાનાનું મકાન તથા સ્ટાફ કવાર્ટર જર્જરીત હાલતમાં છે તથા તેના રક્ષણ માટે કમ્પાઉન્ડ વોલની જરૂર છે આ બાબત સરકારની જાણમાં છે, અને

**જવાબ**

(૧) ""હા, જી.""

(૨) જો હા, તો જરૂરી સમારકામ અને સુવિધા ક્યારે કરવામાં આવશે ? — (૨) સત્વરે

---------

**ખેડા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૩૬૪૨ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટ કેટલા લૂંટ-ખૂન અને બળાત્કારના બનાવો પોલીસ દફતરે નોંધાયા,

(૧)

| તાલુકો | લૂંટ | ખૂન | બળાત્કાર |
|---|---|---|---|
| નડીયાદ | ૩ | ૪ | ૨ |
| માતર | ૨ | ૩ | -- |
| ઠાસરા | -- | ૪ | ૨ |
| ખેડા | ૧ | ૧ | ૨ |
| મહેમદાવાદ | -- | ૩ | -- |
| મહુધા | -- | ૨ | -- |
| કઠલાલ | -- | ૧ | ૧ |
| કપડવંજ | -- | ૧ | -- |
| બાલાસિનોર | ૧ | -- | ૧ |
| વિરપુર | ૨ | ૧ | -- |

(૨) તે અન્વયે કેટલા ગુન્હેગારોની ધરપકડ કરી, અને

(૨) ૮ — ૫૬ — ૧૪

(૩) કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩) ૧૬ — ૮ — --

લુંટ : ના કુલ : ૯ ગુનામાં ૨૪ આરોપીઓ સંડોવાયેલ છે તે પેકી ૮ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ૧૬ આરોપીઓને પકડવાના બાકી છે.

-- લૂંટના ૪ ગુનાઓમાં ૧૨ અજાણ્યા આરોપીઓના નામ જણાવેલ ન હોઈ પકડાયેલ નથી.

-- ૧ ગુનામાં ૨ આરોપીઓ નાસતા ફરતા ફરે છે. તેઓને પકડવા તેમના રહેણાંક વિસ્તારમાં અવાર નવાર તપાસ કરવામાં આવે છે.

-- આરોપીઓને પકડવા સારુ અંગત બાતમીદારો રોકી કાર્યવાહી કરવામાં આવેલ છે.

-- આવા ગુનાઓ બનતા અટકાવવા અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ કરવામાં આવેલ છે.

-- ૧ ગુનામાં બે આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ જણાતાં વર્ગ એન.સી. સમરી બનતા આ ગુનામાં આરોપીઓને પકડેલ નથી.

ખૂન : ના ૨૦ ગુનામાં કુલ--૬૪ આરોપીઓ સંડોવાયેલા છે. તે પેકી ૫૬ આરોપીઓ પકડાયેલ છે. જ્યારે ૮ આરોપીઓ પકડવાના બાકી છે.

-- ૪ આરોપીઓ નામ નમુદ નથી તેથી આરોપીઓ પકડવા ફરિયાદ/સાહેદો પાસેથી વર્ણન મેળવી શોધવા પ્રયત્ન ચાલુ છે. જ્યારે ૨ આરોપીઓ નાસતા ફરતા હોઈ તેઓને પકડવા સીઆરપીસી. ૭૦ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

-- આવા ગુનાઓ બનતા અટકાવવા માટે નોંધાયેલ ગુન્હાઓમાં તટસ્થ તપાસ કરી ગુનેગારોને સજા કરાવી તે અંગેના દૈનિક સામાચારપત્રોમાં પ્રસિધ્ધ કરાવી જાગૃત્તિ કેળવવામાં આવેલ છે.

બળાત્કાર : કુલ--૭ બનાવોમાં કુલ--૧૪ આરોપીઓ

સંડોવાયેલ છે. જે તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

---------

**સોરાષ્ટ્ર શાખા નહેરમાંથી પાણી નાખવા આયોજન**

૪૨૭૬ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોરાષ્ટ્ર શાખા નહેરમાંથી ધોળીધજા ડેમમાં પાણી નાંખવા સરકાર વિચારે છે, અને

(૨) આ માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) સોરાષ્ટ્ર શાખા નહેર કે જે ધોળીધજા ડેમમાં અંત પામે છે. તેનું કામ પાંચ પમ્પીંગ સ્ટેશન સહિત માર્ચ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે જે તેયાર થતાં પાણીની ઉપલબ્ધિ અને જરૂરિયાતના આધારે ધોળીધજા ડેમમાં પાણી નાંખી શકાશે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં વીજળીકરણનો લાભ**

૪૧૪૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ઝુંપડા વીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને આ લાભ તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવ્યો છે ?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજજોડાણોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| ૧ | લીમડી | ૪૫ |
| ૨ | ચૂડા | ૧૨ |
| ૩ | વઢવાણ | ૪૬૫ |
| ૪ | મૂળી | ૦ |
| ૫ | સાયલા | ૦ |
| ૬ | ચોટીલા | ૧૦ |
| ૭ | ધાંગધ્રા | ૩ |
| ૮ | હળવદ | ૦ |
| ૯ | દસાડા | ૦ |
| ૧૦ | લખતર | ૨૪ |
| | **કુલ** | **૫૫૯** |

કુટિર જ્યોતિ યોજના આદિજાતિ વિસ્તાર પૂરતી સીમીત હોવાથી સુરેન્દ્રનગર જિલ્લામાં જોડાણ આપેલ નથી.

---------

**ઈરીગેશન બાયપાસ ટનલનું કામ**

૩૮૬૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ ની સ્થિતિએ સરદાર બંધ પરની ઈરીગેશન બાયપાસ ટનલના કામની શું પરિસ્થિતિ છે, અને

(૨) આ ઈરીગેશન બાયપાસ ટનલ પાછળ આશરે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ઈરીગેશન બાયપાસ ટનલનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) તા. ૩૧/૮/૦૮ સુધીમાં આશરે કુલ રૂા. ૧૪૫.૧૨ કરોડ ખર્ચ થયેલ છે.

**પ્રજાના પ્રતિનિધિઓની રજૂઆતોના પ્રત્યુતર આપવા અંગે**

૩૮૧૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારાસભ્ય તથા સંસદસભ્ય તરફથી મંત્રીશ્રીને થતી રજૂઆતનો પ્રત્યુત્તર, વિભાગના સચિવશ્રીને યોગ્ય કરવા સૂચના આપવામાં આવી છે તેવો મળે છે પરંતુ રજૂઆત સંદર્ભે છેલ્લી હકીકતો અને મંત્રીશ્રી તરફથી અપાયેલ સૂચનાનો અમલ થયો કે કેમ, તેની કોઇ જાણ સંબંધિત રજૂઆતકર્તાને થતી નથી તે હકીકત સરકાર જાણે છે, | (૧) માન. ધારાસભ્યશ્રી તથા સંસદસભ્યશ્રી તરફથી મંત્રીશ્રીને થતી રજૂઆતો સંદર્ભે છેલ્લી હકીકતો અને મંત્રીશ્રી તરફથી અપાયેલ સૂચના અન્વયે પ્રવર્તમાન નિયમોને સુસંગત રહીને કાર્યવાહી કરીને તે મુજબ સંબંધિત ધારાસભ્યશ્રી તથા સંસદસભ્યશ્રીને આખરી પ્રત્યુત્તર આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ સંદર્ભે સુધારા કે વટહુકમ દ્વારા સરકાર કોઇ આદેશો બહાર પાડવા વિચારી રહી છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો જવાબદારો સામે સરકાર કેવા પગલાં લેવા ધારે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર આપવાની કેન્દ્ર સરકારની યોજના**

૪૩૦૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર સેટ આપવાની કેન્દ્ર - રાજ્ય સરકારની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ક્યારથી અમલમાં છે, | (૨) તા. ૧૬-૦૪-૨૦૦૭. |
| (૩) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી શાળાઓને કોમ્પ્યુટર આપવામાં આવેલ છે, | (૩) પત્રક-૧ પ્રમાણે |
| (૪) કેટલી શાળાઓને કોમ્પ્યુટર આપવામાં આવેલ નથી, | (૪) પત્રક-૨ પ્રમાણે |
| (૫) કોમ્પ્યુટર ન અપાયાના કારણો શું છે, અને | (૫) ભારત સરકારની યોજના તથા રાજ્ય સરકારની યોજનાને એકત્રિત કરીને બાકી રહેતી શાળાઓને કોમ્પ્યુટર પુરા પાડવા માટેનો રીપોર્ટ ભારત સરકારને તા. ૮-૦૯-૨૦૦૮થી મોકલી આપવામાં આવેલ છે તે અનુસંધાને રાજ્યમાં બાકી રહેતી શાળાઓને કોમ્પ્યુટરની સુવિધા ચાલુ વર્ષે ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરેલ છે. |
| (૬) કઇ કંપનીના કોમ્પ્યુટર કઇ કઇ એજન્સીઓ મારફતે આપવામાં આવેલ છે ? | (૬) (૧) રાજ્ય પુરસ્કૃત યોજના હેઠળ શાળાઓએ તેમની મર્યાદામાં પોતાની રીતે કોમ્પ્યુટર ખરીદેલ છે.<br>(૨) સરકારી તથા આદિજાતિ વિસ્તારોની શાળાઓ માટે વિપ્રો, ઝેનીથ, એચ.સી.એલ., પી.સી.એસ. તેમજ કોમ્પેક કંપનીઓમાંથી કોમ્પ્યુટર ખરીદવામાં આવેલ છે.<br>(૩) કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ રાજ્ય સરકારની જી.આઈ.એલ. મારફત એચ.સી.એલ. તથા સી.એમ.સી. કંપની પાસેથી કોમ્પ્યુટર ખરીદવામાં આવેલ છે. |

પત્રક-૧

**જિલ્લાવાર શાળાઓને કોમ્પ્યુટર ફાળવણી (તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ)**

| ક્રમ | જિલ્લો | રાજ્ય પુરસ્કૃત | ક્લાસ યોજના (કેન્દ્ર પુરસ્કૃત) | એમ.પી./એમ.એલ.એ. | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૩ | ૫ | ૧૪ | ૨૭૨ |
| ૨ | અમરેલી | ૧૮ | ૨ | ૫૮ | ૭૮ |
| ૩ | આણંદ | ૪૧ | ૧૩ | ૧૬ | ૭૦ |
| ૪ | બનાસકાંઠા | ૩૨ | ૮ | ૧૪ | ૫૪ |
| ૫ | ભરૂચ | ૨૬ | ૧૧ | ૦ | ૩૭ |
| ૬ | ભાવનગર | ૨૨ | ૧૪ | ૨૫ | ૬૧ |
| ૭ | દાહોદ | ૫૯ | ૧૩ | ૪ | ૭૬ |
| ૮ | ડાંગ-આહવા | ૧૬ | ૪ | ૦ | ૨૦ |
| ૯ | ગાંધીનગર | ૬૩ | ૮ | ૪ | ૭૫ |
| ૧૦ | જામનગર | ૧૨ | ૧૩ | ૨૭ | ૫૨ |
| ૧૧ | જૂનાગઢ | ૫૬ | ૮ | ૪૯ | ૧૧૩ |
| ૧૨ | કચ્છ | ૪૧ | ૨૫ | ૦ | ૬૬ |
| ૧૩ | ખેડા | ૫૫ | ૬ | ૦ | ૬૧ |
| ૧૪ | મહેસાણા | ૧૦૦ | ૧૫ | ૬૨ | ૧૭૭ |
| ૧૫ | નર્મદા | ૩૩ | ૭ | ૦ | ૪૦ |
| ૧૬ | નવસારી | ૩૭ | ૯ | ૧ | ૪૭ |
| ૧૭ | પંચમહાલ | ૧૦૪ | ૮ | ૦ | ૧૧૨ |
| ૧૮ | પાટણ | ૨૪ | ૯ | ૧૫ | ૪૮ |
| ૧૯ | પોરબંદર | ૩ | ૩ | ૩૮ | ૪૪ |
| ૨૦ | રાજકોટ | ૬૪ | ૩ | ૦ | ૬૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૪૧ | ૧૩ | ૫ | ૧૫૯ |
| ૨૨ | સુરત | ૧૭ | ૩૩ | ૯૧ | ૧૪૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૨ | ૦ | ૩૬ | ૫૮ |
| ૨૪ | વડોદરા | ૭૦ | ૪૦ | ૦ | ૧૧૦ |
| ૨૫ | વલસાડ | ૨૯ | ૩૦ | ૩ | ૬૨ |
| | **કુલ** | **૧૩૩૮** | **૩૦૦** | **૪૬૨** | **૨૧૦૦** |

**પત્રક-૨**

**રાજ્યમાં કોમ્પ્યુટર શિક્ષણ**

રાજ્યમાં કુલ શાળાઓ :- ૫૮૪૮
કોમ્પ્યુટર શિક્ષણવાળી શાળાઓ :- ૨૧૦૦
બાકી શાળાઓ :- ૩૭૪૮

---------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના**

૩૭૪૨ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કરેલ છે કે કેમ ?

**જવાબ**

હા જી. ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે, અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી.બી.આઈ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયાધીશો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તથા ફોરેન્સીક નિષ્ણાંતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. ગુન્હા સંશોધન ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિક નિષ્ણાંતો તૈયાર કરવાની ગુજરાત રાજ્ય તથા સમગ્ર દેશની તાતી જરૂરીયાતને લક્ષમાં લઈ દેશની/વિશ્વની અજોડ ગણાય તેવી ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવાનો સરકારે નિર્ણય કરેલ છે.

**ભાવનગર જિલ્લામાં પોલીસ સ્ટાફની ખાલી જગ્યાઓ**

૩૬૬૪ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૮ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પી.એસ.આઇ., પી.આઇ.ની તથા કોન્સ્ટેબલની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) પી. આઈ. -૦૧
પી.એસ.આઈ. -૨૨
પો. કોન્સ્ટેબલ -૩૪૪

(૨) રાજ્યના પોલીસ ખાતામાં વર્ષ ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦માં નીચે દર્શાવ્યા મુજબની ખાલી પડનાર જગ્યાઓ સમયસર ભરી શકાય તે માટે સરકારે મંજૂરી આપેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી પડેલ/પડનાર જગ્યાની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | પોલીસ સબ ઈન્સપેક્ટર | ૧૦૪૩ | ૧૨૭ | ૧૩૨ |
| ૨ | પોલીસ કોન્સ્ટેબલ | ૧૭૫૬ | ૧૯૨૨ | ૨૦૨૭ |

હાલમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ખાતે લોકરક્ષકની કુલ-૫૮૩૭ જગ્યાઓ ભરવાની ભરતી પ્રક્રિયા ગતિમાં છે. જ્યારે બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૧૧૦૫ જગ્યાઓ તથા લોકરક્ષકની ૨૪૪૭ જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે મંડળને માંગણા પત્રક મોકલવામાં આવેલ છે. વળી, બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૧૨૩ જગ્યાઓ બઢતીથી ભરવા પોલીસ મહાનિર્દેશકશ્રી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. પોલીસ ઈન્સ્પેક્ટરની ખાલી જગ્યાઓ બઢતીથી ભરવામાં આવનાર છે.

---------

**નર્મદા યોજના પાછળ થયેલ ખર્ચ**

૩૯૭૯ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં નર્મદા યોજના પાછળ કેટ કેટલો ખર્ચ કરવાનું બજેટમાં પ્રતિવર્ષ આયોજન હતું, અને

(૨) જે તે વર્ષના આયોજન સામે જે તે વર્ષમાં કુલ કેટલી રકમ નર્મદા મુખ્યબંધ સાઇટમાં અને કેટલી રકમ કેનાલ પાછળ ખર્ચ કરવામાં આવી ?

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં નર્મદા યોજના પેટે અનુક્રમે રૂા. ૨૩૧૯.૨૩ કરોડ અને રૂા. ૨૨૫૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી.

(૨) અનુક્રમ-૧માં દર્શાવેલ જોગવાઈઓ પૈકી મુખ્ય બંધ સાઈટ અને કેનાલ પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

(રકમ રૂા. કરોડમાં)

| વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|
| ૧. મુખ્ય બંધ તેમજ સંલગ્ન કામો | ૩૯૨.૧૫ | ૪૨૪.૪૧ |
| ૨. કેનાલ ખર્ચ | ૧૨૩૩.૯૫ | ૧૦૨૮.૯૫ |
| કુલ | ૧૬૨૬.૧૦ | ૧૪૫૩.૩૬ |

---------

**ગુજરાત મીનરલ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટીની સ્થાપના**

૪૫૭૬ **શ્રી પબુભા માણેક(ધ્વારકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાણ અને ખનીજ વિભાગ હસ્તક ગુજરાત મીનરલ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટીની સ્થાપના ક્યારે કરવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૨૨-૬-૨૦૦૬થી

(૨) આ સોસાયટીના નિયામકશ્રી વિરુધ્ધ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને

(૨) ૧ (એક) ફરિયાદ

(૩) આ ફરિયાદો અંગે સરકારે શાં પગલાં લીધાં?

(૩) આક્ષેપોને સમર્થન મળતું ન હોઈ દફ્તરે કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં સીડ્સ ફાર્મની સંખ્યા**

૩૬૩૮**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં સીડ ફાર્મની સંખ્યા કેટલી છે, | (૧) ૭૧ |
| (૨) તે પેકી રાજ્ય સરકાર હસ્તક કેટલી છે, અને | (૨) ૭૦ |
| (૩) ખાનગી તેમજ એન.જી.ઓ. સંસ્થાને કેટલી ફાળવેલ છે ? | (૩) મહેસુલ વિભાગના તા. ૬-૧૨-૯૯ના ઠરાવથી બોરસદ સીડ ફાર્મની જમીન પેકીની ૧-૩૪-૪૬ હે.આર.ચો.મી. જમીન સ્વામીનારાયણ મંદિર, બોચાસણને ફાળવવામાં આવેલ છે. |

--------

**રાજકોટ જિલ્લામાં વરસાદના કારણે જમીન ધોવાણની અરજીઓ**

૪૨૫૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં અતિ ભારે વરસાદથી રાજકોટ જિલ્લામાં જમીન ધોવાણની તા.૩૧-૮-૨૦૦૮ની સુધીમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૫૭૬. |
| (૨) આ પેકી કેટલી અરજીઓ મંજૂર કરી ખેડૂતોને રકમ ચૂકવવામાં આવી, | (૨) ૭૭૩૬ અરજીઓ મંજુર કરી સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૩) કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) રૂા. ૩૩૯ લાખ. |
| (૪) રકમ ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શું છે ? | (૪) અરજીઓની ચકાસણી નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) દ્વારા થયા બાદ સહાય ચૂકવવાની હોવાથી. |

---------

**સરદાર સરોવર બંધના મુલાકાતીઓ**

૩૮૬૧ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધની મુલાકાતે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રવાસીઓ આવેલ છે, અને | (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધની મુલાકાતે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪,૨૦,૪૦૧ પ્રવાસીઓ આવેલ છે. |
| (૨) બંધના સ્થળ પર પ્રવાસીઓને રહેવા માટે શું શું સવલતો ઉપલબ્ધ છે ? | (૨) બંધના સ્થળ પર રહેવા માટે ખાનગી સાહસિક દ્વારા ૮૮ રૂમો તથા સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ૫૦ રૂમો અને ૨૫૦ વ્યક્તિઓને સમાવી શકાય તેવી ડોરમેટરીની સુવિધા ઉપલબ્ધ છે. આમ, અંદાજે એકી સાથે આશરે ૬૦૦ વ્યક્તિઓનાં રહેઠાણની સુવિધા છે. |

---------

**ભરૂચ જિલ્લાના વિજળીકરણ થયેલ ગામો**

૩૮૩૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ભરૂચ | (૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ભરૂચ |

જિલ્લામાં તાલકાવાર કેટલા ગામોનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું, અને

જિલ્લામાં તાલુકાવાર વીજળીકરણ થયેલ ગામોની વિગતો.

| ક્રમ | તાલુકાનું નામ | પરંપરાગત રીતે વીજળીકરણથી આવરેલ ગામો | સોર ઉર્જાથી આવરેલ ગામો | વીજળી-કરણ થયેલ કુલ ગામો |
|---|---|---|---|---|
| ૧ | અંક્લેશ્વર | ૫૮ | ૦ | ૫૮ |
| ૨ | આમોદ | ૫૩ | ૦ | ૫૩ |
| ૩ | ભરૂચ | ૯૩ | ૦ | ૯૩ |
| ૪ | હાંસોટ | ૪૬ | ૦ | ૪૬ |
| ૫ | જંબુસર | ૮૧ | ૦ | ૮૧ |
| ૬ | વાગરા | ૬૬ | ૧ | ૬૭ |
| ૭ | વાલીયા | ૯૫ | ૦ | ૯૫ |
| ૮ | ઝગડીયા | ૧૬૪ | ૦ | ૧૬૪ |
| | કુલ | ૬૫૬ | ૧ | ૬૫૭ |

(૨) જ્યોતિગ્રામ યોજના અન્વયે હજુ કેટલા ગામોનું વિજળીકરણ કરવાનું બાકી છે ?

(૨) પરંપરાગત વીજળીકરણ થઈ શકે તેવાં તમામ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ગાંધીનગરના ઓદ્યોગિક એકમો દ્વારા રોકાણ

૪૩૧૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે આવેલ ડી.એલ.એફ. અને રાહેજા બિલ્ડર્સ ઓદ્યોગિક એકમો દ્વારા તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલું મૂડી રોકાણ કરેલ છે,

(૨) આ સમગ્ર પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂર્ણ થવાની ધારણા છે, અને

(૩) કેટલા બેરોજગારોને તેનાથી રોજગારીની તકો મળશે ?

**જવાબ**

(૧) ડી.એલ.એફ-એસ.ઇ.ઝેડ. રૂા. ૬૨.૬૦ કરોડ.
રાહેજા-એસ.ઇ.ઝેડ રૂા. ૬૮.૦૨ કરોડ

(૨) ડી.એલ.એફ.-માર્ચ-૨૦૧૩
રાહેજા-ઓગષ્ટ-૨૦૦૯.

(૩) બંને પ્રોજેક્ટો કાર્યરત થશે ત્યારે સીધી/આડકતરી કુલ રોજગારી અંદાજે ૬૯,૦૦૦ થશે.

--------

### નશાબંધી વિભાગ દ્વારા પાડવામાં આવેલ રેડ

૪૧૬૩ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નશાબંધી વિભાગ દ્વારા તા. ૧-૧-૦૮ થી ૪-૯-૨૦૦૮ સુધીમાં કેટલી રેડો પાડવામાં આવેલ છે,

(૨) તેમાં કેટલા લોકોની ધરપકડ થઇ અને કેટલો દારૂનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૩) તેમાં પરપ્રાંતિય દારૂનો જથ્થો કેટલો અને ક્યાંથી આવ્યો ?

**જવાબ**

(૧) નશાબંધી અમલીકરણની કામગીરી તા. ૨૫-૭-૦૬થી પોલીસખાતાને સોંપાયેલ હોઇ નશાબંધી ખાતા દ્વારા કોઇ રેડ પાડવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજ્યમાં વીજ વપરાશ અને ઉત્પાદન

૪૦૨૧ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી વિજ વપરાશની જરૂરીયાત છે,

(૨) આ જરૂરીયાત સામે રાજ્યની વિદ્યુત કંપનીઓ કેટલું ઉત્પાદન કરે છે,

(૩) રાજ્ય સરકાર ખાનગી વિજ કંપની પાસેથી કેટલી વિજળી ખરીદે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં મહત્તમ ૮૨૨૪ મેગાવોટ વીજ વપરાશ થયો છે.

(૨) આ જરૂરીયાત સામે રાજ્ય સરકાર હસ્તકની વિદ્યુત કંપનીએ ૩૦૯૦ મેગાવોટ વીજ ઉત્પાદન કરેલ છે.

(૩) પત્રક મુજબ.

**પત્રક**

**નાણાકીય વર્ષમાં ૩૦મી જુન, ૨૦૦૮ સુધીમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા વિવિધ ખાનગી વીજ ઉત્પાદક કંપનીઓ પાસેથી નીચે પ્રમાણે વીજ ખરીદી કરવામાં આવી.**

| કંપનીનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| | મીલીયન યુનીટ | મીલીયન યુનીટ | મીલીયન યુનીટ |
| એસ્સાર | ૧૮૪૧ | ૧૯૯૧ | ૫૨૬ |
| જીપેક | ૪૩૪૧ | ૪૦૭૮ | ૧૦૩૮ |
| પવનચક્કી | ૨૮ | ૫૦૮ | ૩૩૭ |
| નીજી વીજ ઉત્પાદકો | ૩૩૪ | ૪૯૩ | ૧૦૮ |
| અન્ય રાજ્યો | ૬૮૩ | ૪૬૪ | ૩૪ |

(૪) વિજળીની માંગ કેટલી છે ?

(૪) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ મહત્તમ અનિયંત્રિત વીજ માંગ ૯૧૯૯ મેગાવોટ હતી.

---------

**સંજેલી પોલીસ સ્ટેશન આપવા અંગે**

૪૩૧૯ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝાલોદ તાલુકામાં સંજેલી પોલીસ સ્ટેશન માટેની માંગણી લાંબા સમયથી ચાલુ છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો સંજેલી પોલીસ સ્ટેશન ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) આવી માંગણી આવેલ છે.

(૨) ""સંજેલી"" આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં ફેરવવા બાબત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો અહેવાલ ચકાસવામાં આવી રહેલ છે. સમગ્ર રાજ્યમાં પોલીસ સ્ટેશનની જરૂરિયાત સંદર્ભે, જે તે વિસ્તારમાં ગુનાઓનું પ્રમાણ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની જરૂરિયાત, ગંભીર ગુનાઓનું પ્રમાણ વિસ્તારની સંવેદનશીલતા વગેરેને અનુલક્ષીને જરૂરી નિર્ણય લેવામાં આવે છે.

---------

**પાટણ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૪૧૬૭ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ખૂન, બળાત્કાર અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | લૂંટ | ખૂન | બળાત્કાર | ઘરફોડી ચોરી |
|---|---|---|---|---|
| સિધ્ધપુર | ૭ | ૫ | ૩ | ૪૨ |
| પાટણ | ૧૦ | ૧૧ | ૯ | ૭૮ |
| ચાણસ્મા | ૧ | ૪ | - | ૧૯ |
| હારીજ | ૨ | ૧ | - | ૪ |
| સમી | ૨ | ૭ | ૪ | ૧૧ |
| રાધનપુર | ૭ | ૪ | ૮ | ૧૨ |
| સાંતલપુર | ૧ | ૩ | ૧ | ૩૪ |

(૨)

— સિધ્ધપુર તાલુકામાં કુલ સંડોવાયેલ ૮૨ આરોપીઓમાંથી ૭૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી.

- પાટણ તાલુકામાં કુલ સંડોવાયેલ ૧૦૪ આરોપીઓમાંથી ૯૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી.
- ચાણસ્મા તાલુકામાં સંડોવાયેલ તમામ ૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી.
- હારીજ તાલુકામાં પણ સંડોવાયેલ ૧૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી.
- સમી તાલુકામાં કુલ સંડોવાયેલા ૬૯ આરોપીઓ પૈકી ૫૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી.
- રાધનપુર તાલુકાના કુલ સંડોવાયેલ ૫૧ આરોપીઓમાંથી ૩૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી.
- સાંતલપુર તાલુકામાં સંડોવાયેલ તમામ ૨૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આમ સમગ્ર પાટણ જિલ્લામાં પ્રશ્ન હેઠળના જુદા જુદા ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૩૬૨ આરોપીઓમાંથી ૩૩૦ આરોપીઓ પકડાયેલ છે.
- આરોપીઓ પકડવાના બાકી છે. તેઓના છૂપાવવાના સ્થળો, સગા સબંધીઓને ત્યાં તથા તેઓના આશ્રય સ્થાનો પર તપાસ કરવામાં આવે છે.
- આવા બનાવો બનતા અટકાવવા માટે જિલ્લામાં નાઇટ રોનના પેટ્રોલીંગ સખત કરવામાં આવે છે. અને અસરકારક વીલેજ વીઝીટ કરાવી સમયસરના અટકાયતી પગલાં લેવામાં આવે છે. નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા સ્થાનિક પોલીસ તથા લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવે છે. તેમ છતાં, આરોપીઓ ન મળી આવે તો સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવવાની કામગીરી કરવામાં આવે છે.

---------

**વીજ વપરાશકારો પર લદાયેલ વીજ કર**

૪૫૨૦ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ ઘર વપરાશકારો પર રાજ્ય સરકારે વીજકરમાં અને એફ.પી.પી.એ તરીકે ૭૫ પૈસા યુનીટ દીઠ ચાર્જ નાંખેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ઘર વપરાશ કારો પર રાજ્ય સરકારે વીજકરમાં કોઈ વધારાનો ચાર્જ નાંખેલ નથી. જ્યારે, જુલાઈ-૨૦૦૮થી સપ્ટેમ્બર-૨૦૦૮ના ત્રિમાસિક સમયગાળામાં નામ. ગુજરાત વીજ નિયમન આયોગની પધ્ધતિ પ્રમાણે લેવાપાત્ર ૮૫ પૈસા પ્રતિ યુનિટના ફ્યુઅલ સરચાર્જ સામે ૧૦ પૈસા પ્રતિ યુનિટની સબસીડી આપવા રાજ્ય સરકારે નિર્ણય લેતાં દ ારવપરાશકારો પાસેથી ૭૫ પૈસા પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ વસૂલ કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો આના કારણે ઘરગથ્થું વીજ વપરાશકારો પર વાર્ષિક કેટલો બોજો પડશે ? | (૨) વાર્ષિક અંદાજે રૂા. ૩૮૮/- કરોડ. |

---------

**કૃષિ અને બાગાયાત પાકોના પેદાશ અંગે**

૩૭૭૮ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ માં કૃષિ અને બાગાયાત પાકોનું કુલ કેટલું ઉત્પાદન થયું,

૧.

| અ. નં. | પાક જુથ | ઉત્પાદન (મે. ટન) |
|---|---|---|
| ૧ | ખેતી પાક | ૩,૨૦,૮૦,૬૦૦/- |
| ૨ | બાગાયતી પાક | ૧,૪૬,૮૦,૧૨૧/- |
| | કુલ : | ૪,૬૭,૬૦,૭૨૧/- |

(૨) કુલ કેટલી કિંમતની પેદાશોની ક્યા ક્યા દેશોમાં નિકાસ કરવામાં આવી, અને

(૨) રાજ્યમાંથી નિકાસ થતી બાગાયતી તથા કૃષિ પેદાશોના જથ્થા અંગેના આધાર-પુરાવા સાથેની માહિતી માટે કોઈ એક પ્રશાસન કે સંસ્થા ન હોઈ ચોક્કસ આંકડાકીય માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી.

(૩) તેનાથી કેટલું વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થયું ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મધ્યાહન ભોજન યોજના ખાનગી સંસ્થાને સોંપવા બાબત**

૪૧૫૭ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત સરકાર મધ્યાહન ભોજન યોજના ખાનગી એન.જી.ઓ.ને આપવા માંગે છે એ હકીક્ત સાચી છે, અને

(૧) તા. ૩-૫-૨૦૦૬ના ઠરાવથી સ્ત્રી શક્તિ સ્વૈચ્છિક સંસ્થા ને અને તા. ૧૧-૦૬-૨૦૦૭ના ઠરાવથી અક્ષયપાત્ર ફાઉંડેશન સ્વૈચ્છિક સંસ્થાને કેટલાક ચોક્કસ વિસ્તારોમાં પ્રાયોગિક ધોરણે ત્રણ વર્ષ માટે સોંપવામાં આવી છે.

(૨) આ યોજના ખાનગી એન.જી.ઓ.ને સોંપવા બાબતનો સરકારનો શું હેતુ છે ?

(૨) લાભાર્થી બાળકોને આધુનિક પધ્ધતિથી બનાવેલ એક્સરખું ભોજન ઉપલબ્ધ કરાવી શકાય તે માટે.

---------

**ગઢડા અને ઉમરાળા તાલુકામાં ખેડૂતોને જમીન ધોવાણની ચુકવવાની બાકી સહાય**

૩૯૭૫ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭માં આવેલ પૂર રેલથી નુકશાન પામેલ ગઢડા અને ઉમરાળા તાલુકાના ગામોના ખેડૂતોને તા. ૩૧-૮-૦૮ સુધીમાં જમીન ધોવાણ સહાયની રકમની ચૂકવણી થઇ નથી, એ હકિક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તાકીદે એ રકમ ખેડૂતોને ચુકવવા માંગો છો કે કેમ, અને

(૨) હા, જી.

(૩) ઢીલ કરનાર અધિકારી સામે સરકાર કોઇ પગલાં લેવા માંગે છે કે કેમ ?

(૩) હા, જી.

---------

**વીજદરમાં વધારો**

૪૦૬૨ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ વિજળીના દરમાં ફ્યુઅલ કોસ્ટના નામે યુનીટ દીઠ કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો, અને

(૧) અને (૨)
છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ફ્યુઅલ કોસ્ટના કારણે ફ્યુઅલ સરચાર્જમાં યુનિટ દીઠ

(૨) તેનાથી આમ જનતા ઉપર કેટલી રકમનો બોજ વધવાની ધારણા છે ?

થયેલ વધારો અને તેનાથી ખેતી વિષયક સિવાયના ગ્રાહકો ઉપર કુલ બોજ વધવાની અંદાજની માહિતી પત્રક-ક મુજબ છે.

**પત્રક-ક**

| વર્ષ | સમયગાળો | ફ્યુઅલ સરચાર્જ પેસા પ્રતિ યુનિટ | કેટલો પેસાનો વધારો કરવામાં (આગળ ત્રિમાસિક ગાળાના સંદર્ભમાં)પેસા પ્રતિ યુનિટ | કુલ વધારો પેસા પ્રતિ યુનિટ | ખેતીવાડી સિવાયના વિજ ગ્રાહકો ઉપર ફ્યુઅલ સરચાર્જના વધારાને કારણે પડતા બોજાની કુલ રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | જુલાઈ-સપ્ટેમ્બર, ૨૦૦૭ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ઓક્ટોબર-ડીસેમ્બર, ૨૦૦૭ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | જાન્યુઆરી-માર્ચ, ૨૦૦૮ | ૩૦ | ૧૮ | ૧૮ | ૧૨૮ |
| ૨૦૦૮-૦૯ | એપ્રિલ-જુન-૨૦૦૮ | ૬૫ | ૩૫ | ૫૩ | ૪૧૨ |
| | જુલાઈ-૨૦૦૮ થી ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ | ૭૫ | ૧૦ | ૬૩ | ૩૨૬ |
| | | કુલ | | | ૮૬૬ |

---------

## ડાર્કઝોન વાળા વિસ્તારોમાં વીજળી જોડાણો

૩૯૨૨ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડાર્કઝોન વિસ્તારમાં ખેડૂતોને તેમના કુવાના વિજળીકરણ માટે તાત્કાલિક જોડાણ આપવાની યોજનાઓ અમલ કરવા રાજ્ય સરકારની કોઇ યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજકોટ જિલ્લાના ડાર્કઝોન વાળા ક્યા ક્યા તાલુકામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોની અરજીઓ મળી હતી અને તે પેકી કેટલાને જોડાણ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની બદલીના કેમ્પ અંગે

૩૭૬૧ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની બદલીઓ કેમ્પમાં તેમજ કેમ્પ સિવાય કરવામાં આવેલ છે,

(૨) આ બદલીઓમાં નિયમોનું ચૂસ્તપણે પાલન થયેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો આ અંગે આગળ શું કાર્યવાહી કરવા માંગો છો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં
વધ-ઘટ બદલી-૧૪૩
એકતરફી બદલી-૫૬૬
અરસ-પરસ બદલી-૩૩
જિલ્લા ફેર બદલી-૭૦
કેમ્પ સિવાય અન્ય બદલીઓ કરેલ નથી.

(૨) આ અંગેના કેટલાક કિસ્સાઓ અંગે ફરિયાદ મળતાં અહેવાલ મંગાવવામાં આવેલ છે.

(૩) આખરી તપાસ અહેવાલ મળ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

**રાજ્યમાં થયેલ બોમ્બ વિસ્ફોટ**

૩૯૪૧ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં કુલ કેટલા શહેરોમાં બોમ્બ મુક્વામાં આવ્યા હતા,

(૨) કેટલી જગ્યાએ વિનાશ વેર્યો અને તેના કારણે કેટલા નિર્દોષ નાગરીકોના જાન ગુમાવ્યા, કેટલા લોકો અપંગ થયા, અને

(૩) રાજ્ય સરકારે તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલી સહાય આપી તથા કેન્દ્ર સરકારે કેટલી સહાય આપી ?

**જવાબ**

(૧) તાજેતરમાં રાજ્યમાં અમદાવાદ શહેર, સુરત શહેર તેમજ અમદાવાદ ગ્રામ્યમાં સરખેજ અને ગાંધીનગર જિલ્લામાં ખાત્રજ ચોકડી - એમ ચાર વિસ્તારોમાં બોમ્બ મુક્વામાં આવ્યા હતા.

(૨) અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્યમાં વિનાશ વેર્યો હતો, જેમાં ૫૬ માણસોએ જાન ગુમાવ્યા તેમજ ૯ માણસો અપંગ થયા.

(૩) તા. ૩૧-૮-૦૮ સુધીમાં ૫૦ મૃતક્ના વારસદારોને રૂા. ૨,૫૦,૦૦,૦૦૦ તેમજ કુલ ૧૯૦ ઈજાગ્રસ્તોને રૂા. ૯૫,૦૦,૦૦૦ની સહાય ચૂકવેલ છે.

કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

--------

**દાંતીવાડા ખાતે કરેલ પાકોનું સંશોધન**

૪૧૭૭ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર કૃષિ યુનિવર્સિટી-દાંતીવાડા ખાતે ક્યા ક્યા પાકોનું સંશોધન કરવામાં આવે છે, અને

(૨) સંશોધન કરાયેલ પાકો પૈકી ક્યા ક્યા પાકો ખેડૂતો સુધી પહોંચાડવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) સરદાર કૃષિ યુનિવર્સિટી-દાંતીવાડા ખાતે દિવેલા, બાજરી, મગ, મઠ, અડદ, તુવેર, ગવાર, રાજગરો, ઘઉં, રાયડો, ક્પાસ, મકાઈ, બટાટા, જુવાર, જીરું, વરિયાળી, સૂવા, ઈસબગુલ, ધાણા, મેથી, અજમો, મરચાં, ખારેક, આંબા, આમળા, લીંબુ અને સીતાફળ વગેરે પાકોમાં સંશોધન કરવામાં આવે છે.

(૨) સંશોધન કરાયેલ ઉત્તર ગુજરાતના અગત્યના પાકો જેવા કે દિવેલા, બાજરી, મગ, મઠ, અડદ, તુવેર, ગવાર, રાજગરો, ઘઉં, રાયડો, મકાઈ, જુવાર, જીરું, વરિયાળી, સૂવા, ઈસબગુલ, ધાણા, મેથી, અજમો, મરચાં, ખારેક, અને આમળા વગેરે પાકોની વધુ ઉત્પાદન આપતી જાતો વાવેતર માટે ખેડૂતોને પહોંચાડવામાં આવે છે અને તેનું બ્રિડર બીજ ખેતી નિયામકશ્રીની ક્ચેરીની માંગણી મુજબ સંબંધીત બીજ ઉત્પાદકોને પુરુ પાડવામાં આવે છે. ટ્રુથ ફુલ બીજ ખેડૂતોને આપવામાં આવે છે અને વિવિધ પાક્ની ભલામણ કરેલ ખેતી પધ્ધતિઓ ખેતી નિયામક ક્ચેરી મારફત તથા યુનિવર્સિટી દ્વારા ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે.

**સરદાર સરોવર બંધની સુરક્ષા માટે લેવાયેલ પગલાં**

૩૮૬૪ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધ અને તેના આજુબાજુના વિસ્તારની સુરક્ષા માટે શું શું પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) બંધ સ્થળ તથા તેની આસપાસના સંવેદનશીલ પોઈન્ટસ પર ડીવાયએસપી ક્ક્ષાના એક સિનીયર પોલીસ અધિકારી હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર, સબ ઈન્સ્પેક્ટર અને પોલીસકર્મીઓ મારફત તેમજ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સીક્યોરીટી ફોર્સ (જીઆઈએસએફ) ના સુરક્ષા કર્મીઓ મારફત ૨૪ ક્લાક સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં

આવેલ છે.

(૨) બંધ સ્થળની મુલાકાતે આવતા મુલાકાતીઓ માટે પાસ પ્રથા દાખલ કરી આવાગમનનું નિયમન કરવામાં આવે છે.

(૩) સંવેદનશીલ સ્થળોએ ખાનગી વાહનોના આવાગમન ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૪) પોલીસતંત્ર દ્વારા સુચવવામાં આવેલ સુરક્ષા માટેના આધુનિક સાધનોનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે.

--------

**નર્મદા કેનાલના પૂર્વભાગના ખેડૂતોને વીજ જોડાણ આપવા અંગે**

૩૬૭૨**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નર્મદાના પાણીની સિંચાઇથી વંચિત નર્મદા મેઇન કેનાલથી પૂર્વ ભાગના ખેડૂતોને ખાસ કિસ્સા તરીકે ૨ હો.પા. સીંગલ ફેઇઝ વિજ જોડાણ ખેતીવાડી વિજદરથી આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

નામદાર વિજ નિયમન પંચના આદેશ મુજબ સીંગલ ફેઈઝ ખેતી હેતુ માટેનું વિજ જોડાણ આપવાની જોગવાઈ નથી.

**ભરૂચ જિલ્લામાં સહકારી મંડળીઓ રદ કરવા અંગે**

૩૯૪૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સહકારી કાયદા અન્વયે નોંધાયેલ પરંતુ કામકાજ ન કરતી હોય તેવી સહકારી મંડળીઓની સંખ્યા કેટલી,

(૨) આવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ કરવા માટેની ફરિયાદો સરકાર પાસે આવી છે કે કેમ, અને

(૩) જો ""હા"", તો આવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ નહી કરવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ ભરૂચ જીલ્લામાં સહકારી કાયદા અન્વયે નોંધાયેલ પરંતુ કામકાજ કરતી ન હોય તેવી મંડળીઓની સંખ્યા ૧૪૯ છે.

(૨) હા, જી.

(૩) ચકાસણી કરીને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**જામનગર જિલ્લાના કુટિર ઉદ્યોગો**

૪૦૪૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાદીઠ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ કેટલા કુટિર ઉદ્યોગ એકમો શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલી સબસીડી ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)તાલુકાવાર નીચે મુજબ કુટિર ઉદ્યોગ એકમો શરૂ કરવામાં આવ્યા.

| તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| જામનગર શહેર | ૩૧૧ | ૩૬૬ | ૬૭૭ |
| જામનગર ગ્રામ્ય | ૬૩ | ૬૭ | ૧૩૦ |
| ધ્રોલ | ૧૭ | ૫૭ | ૭૪ |
| જોડીયા | ૨૩ | ૩૯ | ૬૨ |
| કાલાવાડ | ૪૭ | ૩૦ | ૭૭ |
| લાલપુર | ૨૦ | ૧૫ | ૩૫ |
| જામજોધપુર | ૬૧ | ૬૦ | ૧૨૧ |
| ભાણવડ | ૩૯ | ૨૩ | ૬૨ |
| ખંભાડીયા | ૭૮ | ૬૮ | ૧૪૬ |
| કલ્યાણપુર | ૨૮ | ૩૩ | ૬૧ |
| દ્વારકા | ૧૩૬ | ૬૮ | ૧૯૪ |
| **કુલ** | ૮૨૩ | ૮૨૬ | ૧૬૪૯ |

(૨) નીચે મુજબ સબસીડી ચૂકવવામાં આવેલ છે.

વર્ષ - ૨૦૦૬-૦૭ રૂા. ૧૦૪.૮૪ લાખ

વર્ષ - ૨૦૦૭-૦૮ રૂા. ૭૫.૨૦ લાખ

કુલ : રૂા. ૧૮૦.૦૪ લાખ

**એફ. એસ. એલ. નુ આધુનિકરણ**

૩૭૯૬ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી.<br>એફ.એસ.એલ.ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટેક્નોલોજીઓ ધરાવતી દેશની આ એક માત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેક્નોલોજીઓ બાબતે દેશમાં ગણના થાય છે. તે વિશિષ્ટ ટેક્નોલોજીઓ નીચે મુજબ છે.<br>(૧) ગો-માંસના સ્થળ પરીક્ષણ માટેની આધુનિક મોબાઈલ વાન.<br>(૨) ગુન્હાના સ્થળની ઝીણવટભરી તપાસ માટેની ટેલીફોરેન્સીક પધ્ધતિ.<br>(૩) બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ પધ્ધતિ.<br>(૪) નારકો એનાલીસીસ.<br>(૫) સાઈકોલોજીકલ પ્રોફાઈલીંગ.<br>(૬) કોમ્પ્યુટરાઈઝડ ફાઈરીંગ રેન્જ.<br>(૭) ઓડીયો-વીડીયો ફોરેન્સીક પ્રોસેસીંગ.<br>(૮) ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ (ઓન લાઈન તપાસ વ્યવસ્થા)<br>રાજ્યની આ એફ.એસ.એલ. ને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા કાર્યવાહી ચાલુ છે. |
| (૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ તથા સન ૨૦૦૮-૦૯ ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ? | (૨) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષનો કુલ ખર્ચ રૂા. ૨૩,૨૫,૦૮,૧૨૬/- છે.<br>૨૦૦૮-૦૯ માટે ભારત સરકારે તા. ૧૪-૮-૦૮ના મંજુરી આપેલ હોઈ તે અંગે ખરીદીની કામગીરી ચાલુ છે. |

# અતારાંકિત પ્રશ્નો

## પહેલી અતારાંકિત યાદી

### રાજ્યમાં ઉદ્યોગ ગૃહો પાસેથી વસુલ કરવાની બાકી વેચાણ વેરાની રકમ

અતારાંક્તિ : ૫૫ (૫-૩-૨૦૦૮) **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૭-૨-૨૦૦૮ સુધીમાં મોટા ઉદ્યોગ ગૃહો પાસેથી વેચાણવેરા પેટે બાકી વસૂલાત પેટે કુલ કેટલી વસૂલાત બાકી છે,

(૨) તા. ૭-૨-૨૦૦૮ની સ્થિતિએ આવા મોટા ઉદ્યોગો પાસેથી વેચાણવેરા પેટે કેટલી રકમ ક્યા ક્યા ઉદ્યોગો પાસેથી વસૂલાત કરવાની બાકી છે,

(૩) આ વસૂલાત કરવા રાજ્ય સરકારે સુલેહરાહે શા પગલાં લીધા, આ ઉદ્યોગોને સરકારશ્રી દ્વારા કોઈ રાહત પેકેજ આપી માફી કરવામાં આવેલ છે કે નહી, અને

(૪) જો હા, તો કોને કોને કેટલી રકમ માફી આપેલ છે ?

**નાણા મંત્રીશ્રી** (૧૮-૪-૨૦૦૮) :

(૧) રૂા. ૨૪૮૨.૮૬ કરોડ.

(૨) પત્રક મુજબ.

(૩) આ વસૂલાત કરવા શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે, આ ઉદ્યોગોને સરકારશ્રી દ્વારા કોઈ પ્રકારના રાહત પેકેજ આપી માફી આપવામાં આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**(રકમ રૂા. કરોડમાં)**

| અનુ. | ઉદ્યોગનું નામ | તા. ૭-૨-૨૦૦૮ના રોજ બાકી રકમ |
|---|---|---|
| ૧ | આઈ.ઓ.સી | ૨.૭૦ |
| ૨ | એચ.પી.સી.એલ. | ૨૬.૯૨ |
| ૩ | બી.પી.સી.એલ. | ૨૯.૧૬ |
| ૪ | આઈ.બી.પી.કંપની | ૨.૬૨ |
| ૫ | જી.એમ.ડી.સી. | ૧.૨૩ |
| ૬ | કેડીલા હેલ્થકેર | ૨.૨૫ |
| ૭ | એશીયન પેઈન્ટસ (ઈ) લી. | ૪.૯૯ |
| ૮ | કોર હેલ્થકેર | ૭.૫૧ |
| ૯ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ લી. | ૪૭.૩૨ |
| ૧૦ | ઓ.એન.જી.સી. | ૨૧.૫૯ |
| ૧૧ | જી.સી.ઈ.એલ. | ૬.૦૯ |
| ૧૨ | વાયકોમ ઈલેક્ટ્રોનિક્સ પ્રા.લી. | ૨૫.૬૩ |
| ૧૩ | ફેગ બેરીંગ્સ ઈન્ડીયા લી. | ૬.૮૪ |
| ૧૪ | એ.બી.બી.લી. | ૬.૮૩ |
| ૧૫ | ક્રોમ્પટન ગ્રીવ્ઝ લી. | ૪૧.૫૧ |
| ૧૬ | આઈ.સી. ટેક્ષટાઈલ્સ લી. | ૧૮.૬૬ |
| ૧૭ | જે.સી.ટી. ઈલેક્ટ્રોનીક્સ | ૦.૩૬ |
| ૧૮ | જનરલ મોટર્સ ઈન્ડીયા લી. | ૧.૫૧ |
| ૧૯ | સેવાલિયા સીમેન્ટ વર્ક્સ | ૪.૫૩ |
| ૨૦ | વલ્લભ ગ્લાસ વર્ક્સ | ૯.૪૧ |
| ૨૧ | ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ લી. | ૧૫.૪૯ |
| ૨૨ | બિરલા કોપર | ૫.૦૨ |
| ૨૩ | સર્ચકેમ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૩૩.૭૮ |
| ૨૪ | વર્ધમાન એક્રેલીક લી. | ૦.૧૭ |
| ૨૫ | એલ. ડી. ટેક્ષટાઈલ | ૪.૬૧ |
| ૨૬ | એસ્સાર સ્ટીલ યુનિટ-૧-૨ | ૬૬૦.૨૫ |
| ૨૭ | રામા પ્રિન્ટ ન્યુઝ પેપર | ૨.૦૨ |
| ૨૮ | ઓ.એન.જી.સી. (સુરત) | ૨૨૭.૬૦ |
| ૨૯ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૧૧૧.૨૧ |
| ૩૦ | બી. જી. એક્સપ્લોરેશન | ૯૦૫.૨૭ |
| ૩૧ | ગુજરાત સિધ્ધી સિમેન્ટ | ૪૯.૭૭ |
| ૩૨ | કામદાર સિમેન્ટ | ૧.૨૧ |
| ૩૩ | સોરાષ્ટ્ર સિમેન્ટ | ૬૮.૯૫ |
| ૩૪ | એચ.એમ.પી. સિમેન્ટ | ૪૪.૫૯ |
| ૩૫ | ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની | ૧.૩૨ |

| **અનુ.** | **ઉદ્યોગનું નામ** | **તા. ૭-૨-૨૦૦૮ના રોજ બાકી રકમ** |
|---|---|---|
| ૩૬ | સોરાષ્ટ્ર કેમિક્લ | ૫.૨૦ |
| ૩૭ | રાજુ કોટેક્ષ લી. | ૨.૩૧ |
| ૩૮ | મયુર ઈન્ડસ્ટ્રીઝ | ૧૫.૨૦ |
| ૩૯ | કિરણ ઈન્ડસ્ટ્રીઝ | ૨.૩૬ |
| ૪૦ | પ્રશાન્ત એન્ટરપ્રાઈઝ | ૧૩.૪૬ |
| ૪૧ | નવયુગ પ્રોટીન્સ | ૧.૦૬ |
| ૪૨ | એટલાસ સોયા પ્રોટીન્સ પ્રા. લી. | ૦.૦૧ |
| ૪૩ | ત્રિવેણી ઈન્ડસ્ટ્રીઝ | ૩૦.૩૧ |
| ૪૪ | બાલમુકુંદ ઈન્ડસ્ટ્રીઝ | ૫.૭૯ |
| ૪૫ | જ્યોતિ એન્ડ કંપની | ૧.૮૩ |
| ૪૬ | હલધર પેપર મીલ | ૧.૨૯ |
| ૪૭ | તાતા કેમીક્લ | ૫.૧૨ |
| | **કુલ :** | **૨૪૮૨.૮૬** |

-------------

**વલસાડ જિલ્લાના ઓદ્યોગિક એકમો પાસેથી વેચાણવેરાની વસૂલાત**

અતારાંક્તિ : ૫૯ (૨૩-૨-૨૦૦૮) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લમાં વાપી-સરીગામ-ઉમરગામ-ગુદલાવ પારડી ક્ષેત્રમાં ચાલતા ક્યા ક્યા ઓદ્યોગિક એકમો પાસેથી વેચાણવેરા પેટે કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨) જેમની પાસે આવી વસૂલાત કરવાની બાકી છે તે રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**નાણા મંત્રીશ્રી** (૧૮-૪-૨૦૦૮) :

(૧) *પત્રક મુજબ.

(૨) શક્ય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

------------

**વલસાડ જિલ્લામાં ચેકપોસ્ટ હેઠળ પકડાયેલ વાહનો તેમજ વેચાણવેરા અંગે**

અતારાંક્તિ : ૬૫ (૧૯-૩-૨૦૦૮) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં આવેલ સહાયક વેચાણવેરા કમિશ્નર કચેરી વાપીના તાબા હેઠળ આવતી ઈન્ટર સ્ટેટ બોર્ડર ચેકપોસ્ટ હેઠળના ડેહલી (ભિલાડ) ચણોદ (વાપી) ચલા (વાપી) ખાતે વાહનોની ચકાસણી અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ વેચાણવેરો ભર્યા વગરના કેટલા કેસો-વાહનો પકડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૮-૫-૨૦૦૮) :

(૧) ૨૧૮૬.

(૨) રૂા. ૨,૭૯,૦૪,૬૧૩/-

--------------

## સસ્તા અનાજની દુકાનમાં રેશનીંગ સિવાયનો જથ્થો વેચવા પર કર

અતારાંક્તિ : ૫૩ (૫-૩-૨૦૦૮) **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારોના નામે ચાલતી વ્યાજબી ભાવની દુકાનોમાં રેશનીંગ જથ્થા સિવાય જરૂરિયાત મુજબનો જથ્થો દુકાનદાર જે વેચે તે વેચાણ પર સરકારે કર લેવાનું નક્કી કર્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સને ૨૦૦૭ દરમ્યાન કેટલો કર વસુલ કરાયો,

(૩) જો ના, તો વેટના કાયદા મુજબ ઉત્પાદન અને પરિવહન ઉપર જે કર વસુલ કરવામાં આવે છે તે ગ્રાહકને પરત કરવા સરકારે કોઈ આયોજન કર્યું છે કે કેમ, અને

(૪) જો, આયોજન કર્યું હોય તો તેની વિગતો શી છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૭-૩-૨૦૦૮) :

(૧) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના નિયત કાર્ડ ધારકોને રેશનીંગની ચીજવસ્તુઓ ઉપરાંત અન્ય જીવન જરૂરી ચીજ-વસ્તુઓ સ્થાનિક રીતે મળી રહે અને વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોના વેચાણમાં તેટલે અંશે વધારો થાય અને તેઓનો ધંધો ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટે છૂટછાટો આપવામાં આવેલ છે. અને આવું વેચાણ કરતી વ્યાજબી ભાવની દુકાનોને મોડલ સેન્ટર તરીકે ઓળખવામાં આવે છે. સદરહુ મોડલ સેન્ટરના દુકાનદારોને આ પ્રકારનો જથ્થો પૂરો પાડતી એજન્સી કે કંપની તેના ઉપર લાગુ પડતા કર વેચાણ કિંમતમાં ધોરણસર રીતે ઉમેરીને આપતી હોવાથી અલગ રીતે કર લેવાનો પ્રશ્ન રહેતો નથી. વેટના કાયદાનુસાર પાંચ લાખની રકમ સુધીના છૂટક વેચાણ સુધી દુકાનદારોએ વેટ નંબર લેવાનો હોતો નથી. જે મોડલ સેન્ટરોથી રૂા. ૫ લાખ (પાંચ લાખ) ઉપર ટર્ન ઓવર થાય તો તેઓ વેટ નંબર મેળવે છે. અને નિયમોનુસાર ગ્રાહકો પાસેથી વેટ વસુલ કરે છે.

(૨) રાજ્યના મોડલ સેન્ટરો દ્વારા સને ૨૦૦૭ દરમ્યાન કુલ રૂા. ૧૧,૪૬,૫૪૩.૮૩ પૈસા વેટ વસુલ કરવામાં આવ્યો છે.

(૩) વેટના કાયદાનુસાર કોઈ પણ વસ્તુના ખરીદનાર છેલ્લા ઉપભોક્તાએ વેટ વહન કરવો પડે છે. મોડલ સેન્ટરો દ્વારા આવી ચીજવસ્તુઓનું વેચાણ ગ્રાહકોને થાય છે અને તે છેલ્લા ઉપભોક્તા હોય છે. ગ્રાહકો તેમણે ખરીદેલ વસ્તુઓનો પોતે જ વપરાશ કરતા હોય છે. તેથી વેટનું વહન તેઓએ જ કરવાનું થાય છે તેથી કર પરત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક તથા સામૂહિક કેન્દ્રો

અતારાંક્તિ : ૨૬ (૨૬-૨-૨૦૦૮) **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આદજાતિ વિસ્તારોમાં ત્રણ કિ. મી. ના અંતરે પ્રાથમિક તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઉભા કરવાની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન એકપણ પ્રાથમિક તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું નથી. તેમજ જે આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે તેમાં ડૉક્ટરો, લેબ-ટેકનિશીયન, એક્ષ-રે ટેક્નીશીયન, સ્ટાફ નર્સ સહિતના મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જગ્યાઓ ભરવામાં આવી નથી તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આવી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૫-૭-૨૦૦૮) :

(૧) આદિજાતિ વિસ્તારોમાં પુરતા પ્રાથમિક તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, તેમજ આ કેન્દ્રોમાં કાર્યભારણને ધ્યાને લેતાં જરૂરિયાત મુજબનું મહેકમ ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**ભાવનગર જિલ્લાની સરકારી હોસ્પિટલોના ડૉક્ટરો સામે તપાસ**

**અતારાંકિત : ૫૧ (૫-૩-૨૦૦૮) શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં ફરજ બજાવતા કેટલા ડૉક્ટરો સામે તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ તપાસ શરૂ છે, અને

(૨) કેવા પ્રકારની તપાસ શરૂ છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૪-૨૦૦૮) :

(૧) ૪૬.

(૨) ભ્રષ્ટાચાર, ગેરરીતિ અને ગેરવર્તણૂંક અંગની તપાસ ચાલુ છે.

--------------

**રાજ્યમાં સરકારી હોસ્પીટલોના બોગસ ડીગ્રીધારી ડૉક્ટરો**

**અતારાંકિત : ૫૨ (૫-૩-૨૦૦૮) ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં સરકારી હોસ્પીટલોમાં મેડીકલ ઓફીસરોમાં ગુજરાત સિવાયના અન્ય રાજ્યોમાંથી કેટલા ડૉક્ટરો સેવામાં છે,

(૨) આ ડૉક્ટરોની ડીગ્રીઓ ચકાસવામાં આવે છે કે કેમ, અને

(૩) કોઈ બોગસ ડીગ્રીધારી ડૉક્ટર માલુમ પડ્યા છે કે કેમ

**આરોગ્ય મંત્રીશ્રી** (૨-૫-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતીએ રાજ્યમાં સરકારી હોસ્પીટલોમાં મેડીકલ ઓફીસરોમાં ગુજરાત સિવાયના રાજ્યોમાંથી ૫૨૧ તબીબી અધિકારી વર્ગ-૨ સેવામાં છે.

(૨) ગુજરાત મેડીકલ કાઉન્સીલ ડીગ્રીની ચકાસણી કરીને રજીસ્ટ્રેશન કરી આપે છે. નિમણૂંક વખતે ગુજરાત મેડીકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ચકાસવામાં આવે છે.

(૩) કોઈ બોગસ ડીગ્રી ધારી ડૉક્ટર માલુમ પડેલ નથી.

--------------

**પાસા હેઠળ પકડાયેલ ઈસમો**

**અતારાંકિત : ૨૪ (૨૬-૨-૨૦૦૮) શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી વ્યક્તિઓને પાસા હેઠળ પકડવામાં આવ્યા, અને

(૨) પાસા બોર્ડ દ્વારા તે પૈકી કેટલા આરોપીઓને છોડી મૂકવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૪-૨૦૦૮) :

(૧) પત્રક "અ" મુજબ

(૨) પત્રક "બ" મુજબ

**પત્રક-અ**

**તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર પાસા હેઠળ પકડવામાં આવેલ ઈસમોની વિગત.**

| ક્રમાંક | શહેર /જીલ્લો | પકડવામાં આવેલ ઈસમોની સંખ્યા |
|---|---|---|
| | **શહેર** | |
| ૧ | અમદાવાદ શહેર | ૯૫૬ |
| ૨ | રાજકોટ શહેર | ૨૩૭ |
| ૩ | સુરત શહેર | ૬૫૯ |
| ૪ | વડોદરા શહેર | ૪૨૦ |
| | **જીલ્લા** | |
| ૫ | અમદાવાદ | ૧૬ |
| ૬ | અમરેલી | ૯ |

| ક્રમાંક | શહેર /જીલ્લો | પકડવામાં આવેલ ઈસમોની સંખ્યા |
|---|---|---|
| ૭ | આણંદ | ૧૬ |
| ૮ | બનાસકાંઠા | ૩૨ |
| ૯ | ભરૂચ | ૨૬ |
| ૧૦ | ભાવનગર | ૮૯ |
| ૧૧ | દાહોદ | ૧૧ |
| ૧૨ | ગાંધીનગર | ૬ |
| ૧૩ | જામનગર | ૭ |
| ૧૪ | જુનાગઢ | ૩૮ |
| ૧૫ | ખેડા | ૧૯ |
| ૧૬ | કચ્છ-ભુજ | ૨૯ |
| ૧૭ | મહેસાણા | ૧૦ |
| ૧૮ | નર્મદા | - |
| ૧૯ | નવસારી | ૮૨ |
| ૨૦ | પંચમહાલ | ૭૨ |
| ૨૧ | પાટણ | ૮ |
| ૨૨ | પોરબંદર | ૨૨ |
| ૨૩ | રાજકોટ | ૮૪ |
| ૨૪ | સાબરકાંઠા | ૧૭ |
| ૨૫ | સુરત | ૭૬ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૨૧ |
| ૨૭ | વડોદરા | ૯૧ |
| ૨૮ | વલસાડ | ૩૨ |
| ૨૯ | આહવા-ડાંગ | - |
| | **કુલ :** | **૩૦૮૫** |

--------------

**પત્રક-બ**

**તા. ૩૧-૧-૨૦૦૮ની પરિસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર પકડાયેલ વ્યક્તિઓ પેકી પાસા બોર્ડ દ્વારા છોડી મુક્વામાં આવેલ ઈસમોની વિગત.**

| ક્રમાંક | શહેર /જીલ્લો | પાસા બોર્ડ દ્વારા છોડવામાં આવેલ ઈસમોની સંખ્યા |
|---|---|---|
| | **શહેર** | |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩૬ |
| ૨ | રાજકોટ શહેર | ૬૬ |
| ૩ | સુરત શહેર | ૨૪૬ |
| ૪ | વડોદરા શહેર | ૧૧૨ |
| | **જીલ્લા** | |
| ૫ | અમદાવાદ | ૧૨ |
| ૬ | અમરેલી | ૯ |
| ૭ | આણંદ | ૧૩ |
| ૮ | બનાસકાંઠા | ૨૭ |
| ૯ | ભરૂચ | ૨૦ |
| ૧૦ | ભાવનગર | ૩૧ |
| ૧૧ | દાહોદ | ૫ |
| ૧૨ | ગાંધીનગર | ૬ |
| ૧૩ | જામનગર | ૨ |
| ૧૪ | જુનાગઢ | ૨૮ |

| ક્રમાંક | શહેર /જીલ્લો | પાસા બોર્ડ દ્વારા છોડવામાં આવેલ ઈસમોની સંખ્યા |
|---|---|---|
| ૧૫ | ખેડા | ૯ |
| ૧૬ | કચ્છ-ભુજ | ૨૨ |
| ૧૭ | મહેસાણા | ૮ |
| ૧૮ | નર્મદા | - |
| ૧૯ | નવસારી | ૪૧ |
| ૨૦ | પંચમહાલ | ૫૬ |
| ૨૧ | પાટણ | ૮ |
| ૨૨ | પોરબંદર | ૨૧ |
| ૨૩ | રાજકોટ | ૬૯ |
| ૨૪ | સાબરકાંઠા | ૧૫ |
| ૨૫ | સુરત | ૪૫ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૧૯ |
| ૨૭ | વડોદરા | ૩૩ |
| ૨૮ | વલસાડ | ૧૬ |
| ૨૯ | આહવા-ડાંગ | - |
| | **કુલ :** | **૧૧૭૫** |

--------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને નોકરી**

**અતારાંકિત : ૭ (૧૮-૨-૨૦૦૮) શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા શિક્ષિત બેરોજગારોને નોધણી થયેલ છે,

(૨) આ પેકી કેટલાને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા છે, અને

(૩) તે પેકી કેટલાને નોકરી આપવામાં આવી છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૩-૪-૨૦૦૮) :

(૧) ૧૮૦૪૧

(૨) ૯૭૯૬

(૩) વર્ષ ૨૦૦૭માં કુલ ૨૦૦૬ શિક્ષિત ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

-------------

**વડોદરા રોજગાર કચેરી ખાતે બેરોજગારોની નોંધણી અને રોજગારી અંગે**

**અતારાંકિત : ૮ (૧૮-૨-૨૦૦૮) શ્રી ખુમાનસિંહ ચોહાણ(સાવલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા રોજગાર વિનિમય કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૨) આ પેકી કેટલાને રોજગારીની તકો આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૩-૪-૨૦૦૮) :

| | | |
|---|---|---|
| (૧) | શિક્ષિત | ૫૭૧૨૦ |
| | અર્ધશિક્ષિત | ૪૩૦૦ |
| | કુલ | ૬૧૪૨૦ |
| (૨) | શિક્ષિત | ૩૫૧૮૮ |

| | |
|---|---|
| અર્ધશિક્ષિત | ૨૨૫૪ |
| કુલ | ૩૭૪૪૨ |

-------------

## પંચમહાલ જિલ્લામાં બાળમજૂરીનું શોષણ કરતા એકમો

અતારાંકિત : ૨૮ (૧૧-૨-૨૦૦૮) **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની અંદર ઓધોગિક એકમો તથા હોટલોની અંદર મહિલા તેમજ બાળ મજૂરીનું શોષણ કરતા હોઈ તેની છેલ્લા બે વર્ષ દરમ્યાન કોઈ તપાસ સરકારશ્રી તરફથી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) આવા ક્યા ઓધોગિક એકમો અને હોટેલોમાં ક્યા ક્યા સમયે તપાસ કરવામાં આવી,

(૩) તપાસ દરમ્યાન ગેરરીતી કરતા કેટલા એકમો પકડાયા, અને

(૪) મહિલા અને બાળમજૂરનું શોષણ અટકાવવા સરકારે શું શું પગલા લીધેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૯-૪-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) * પરિશિષ્ટ-અ તથા *પરિશિષ્ટ-બ મુજબ.

(૩) તપાસ દરમ્યાન કુલ-૯ એકમો પકડાયા

(૪) સને-૨૦૦૬ના વર્ષમાં બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ હેઠળ કુલ-૪ કેસ તથા સને-૨૦૦૭ના વર્ષમાં બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ હેઠળ કુલ-૫ કેસ અને કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ ૪૧ કેસો દાખલ કરવામાં આવેલ છે.

( * પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------------

## જંબુસર અને આમોદ તાલુકામાં બેરોજગારોને રોજગારી

અતારાંકિત : ૪૩ (૩-૩-૨૦૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં જંબુસર અને આમોદ તાલુકામાં કેટલા બેરોજગારોએ રોજગાર વિનિમય કચેરીમાં રોજગારી માટે નોંધણી કરાવી,

(૨) તે પૈકી જંબુસર અને આમોદ તાલુકામાં કેટલા બેકારોને રોજગારી મળી, અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલાને કેટલા સમયમાં રોજગારી મળશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૫-૪-૨૦૦૮) :

(૧)

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૫ | વર્ષ-૨૦૦૬ | વર્ષ-૨૦૦૭ | કુલ |
|---|---|---|---|---|
| જંબુસર | ૫૪૫ | ૫૯૨ | ૭૬૭ | ૧૯૦૪ |
| આમોદ | ૨૩૭ | ૨૩૮ | ૩૧૩ | ૭૮૮ |
| કુલ | ૭૮૨ | ૮૩૦ | ૧૦૮૦ | ૨૬૯૨ |

(૨)

| મળેલ રોજગારી | | | | |
|---|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **વર્ષ-૨૦૦૫** | **વર્ષ-૨૦૦૬** | **વર્ષ-૨૦૦૭** | **કુલ** |
| જંબુસર | ૩૩ | ૧૪ | ૩૦ | ૭૭ |
| આમોદ | ૯ | ૫ | ૧૦ | ૨૪ |
| કુલ | ૪૨ | ૧૯ | ૪૦ | ૧૦૧ |
| **રોજગારી માટે બાકી રહેલ ઉમેદવારો** | | | | |
| **તાલુકાનું નામ** | **વર્ષ-૨૦૦૫** | **વર્ષ-૨૦૦૬** | **વર્ષ-૨૦૦૭** | **કુલ** |
| જંબુસર | ૫૧૨ | ૫૭૮ | ૭૩૭ | ૧૮૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| આમોદ | ૨૨૮ | ૨૩૩ | ૩૦૩ | ૭૬૪ |
| કુલ | ૭૪૦ | ૮૧૧ | ૧૦૪૦ | ૨૫૯૧ |

(૩) કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી થઈ શકે નહિ. તેમ છતાં, બાકી રહેલા ઉમેદવારોને રોજગારી કે સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવા માટે ઓધોગિક ભરતીમેળાઓ, લશ્કરી ભરતીમેળાઓ તેમજ સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

---------------

**પાટણ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની નોંધણી**

અતારાંક્તિ : ૪૪ (૩-૩-૨૦૦૮) **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ તાલુકાવાર કેટલા શિક્ષિત-અર્ધ શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) આ નોંધાયેલ બેરોજગારો પેકી પાંચ કે તેથી વધુ વર્ષના હોય તેવાની સંખ્યા કેટલી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૫-૪-૨૦૦૮) :

(૧)

| **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|---|
| ચાણસ્મા | ૪૦૪૦ | ૨૨૮ |
| હારીજ | ૧૯૨૧ | ૬૦ |
| પાટણ | ૭૭૩૩ | ૬૮૦ |
| રાધનપુર | ૧૨૮૬ | ૧૨૪ |
| સમી | ૨૫૫૩ | ૯૩ |
| સાંતલપુર | ૧૦૩૪ | ૬૫ |
| સિધ્ધપુર | ૨૨૯૬ | ૨૮૦ |
| **કુલ** | **૨૦૮૬૩** | **૧૫૩૦** |

(૨)

| **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** |
|---|---|---|
| ચાણસ્મા | ૯૦૯ | ૫૭ |
| હારીજ | ૨૮૩ | ૩૧ |
| પાટણ | ૨૧૩૧ | ૨૨૩ |
| રાધનપુર | ૩૭૩ | ૩૦ |
| સમી | ૧૧૮૩ | ૨૩ |
| સાંતલપુર | ૩૬૦ | ૧૭ |
| સિધ્ધપુર | ૮૬૫ | ૬૮ |
| **કુલ** | **૬૧૦૪** | **૪૪૯** |

-------------

**ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ હેઠળ ખેડૂતોને સહાય**

અતારાંક્તિ : ૨૯ (૧૯-૨-૨૦૦૮) **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અંતર્ગત તાલુકાવાર કેટલા ખેડૂતોને સહાય આપવામાં આવી.

(૨) આ પધ્ધતિનો ઉપયોગ વધારવા સરકારનું શું આયોજન છે, અને

(૩) તે પેકી સમયગાળાની કેટલા ખેડૂતોની ડ્રીપ ઈરીગેશન માટેની અરજીઓ પેન્ડીંગ છે, અને પેન્ડીંગ રહેવાના કારણો શાં છે?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) (૨૬-૫-૨૦૦૮) :

(૧) તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૮-૫-૨૦૦૫ના સમયગાળા દરમ્યાન કૃષિ નિયામકશ્રીએ આ સાથે બિડેલ * પત્રક-૧ મુજબ અને બાગાયત નિયામકશ્રીએ * પત્રક-૨ મુજબ તાલુકાવાર ખેડૂતોને સહાય આપી છે. ત્યારબાદ

ગુજરાત ગ્રીન રીવોલ્યુશન ની સ્થાપના થતાં તા. ૯-૫-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૭ થી * પત્રક-૩ મુજબ તાલુકાવાર ખેડૂતોને સહાય આપવામાં આવી છે.

(૨) સુક્ષ્મ પધ્ધતિનો ઉપયોગ વધારવા સારૂં અપનાવેલ પધ્ધતિઓની માહિતી આ સાથેના પત્રક-૪માં સામેલ રખાયેલ છે.

(૩) ઉક્ત સમયગાળા દરમ્યાનની અરજીઓ કોઈ પેન્ડીંગ નથી.

( *પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**જામનગર જિલ્લાની ગુણાતીત સરોવર યોજનાનો ક્માન્ડ વિસ્તાર**

અતારાંક્તિ : ૯૩ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં ધ્રોલ તાલુકામાં આવેલ ગુણાતીત સરોવર સિંચાઈ યોજના (ઉન્ડ-૨) નો કુલ ક્માન્ડ વિસ્તાર કેટલો છે અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખરેખર કેટલાં વિસ્તારને પાણી મળે છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) ૬૬૪૨ હેક્ટર.

(૨) ૨૫૨૫ હેક્ટર.

-------------

**સહભાગી જળસંચય યોજના હેઠળ ચેકડેમો પાછળ થયેલ ખર્ચ**

અતારાંક્તિ : ૯૪ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે જામનગર જિલ્લામાં તાલુકાવાર ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા.

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાંધેલ ચેકડેમો હયાત છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે જામનગર જિલ્લામાં તાલુકાવાર ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ ૫૨ ચેકડેમો બનાવવામાં આવ્યા.

| કાલાવડ | જામનગર | ધ્રોલ | જોડીયા | જામજોધપુર | લાલપુર | ક્લ્યાણપુર | ખંભાલીયા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૦૫ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૫ | ૦૨ | ૧૧ | ૫૨ |

(૨) કુલ ખર્ચ ૩૫૧.૬૫ લાખ થયેલ છે.

(૩) બાંધેલ ચેકડેમો હયાત છે.

---------------

**જામનગર જિલ્લાની નદીઓ પૂરના કાંઠાનું ધોવાણ**

અતારાંક્તિ : ૧૩૪ (૧૬-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન-૨૦૦૭-૨૦૦૮ના ચોમાસા દરમ્યાન જામનગર જિલ્લાના ધ્રોલ જોડીયા અને જામનગર તાલુકામાંથી પસાર થતી ઉંડ-આજી અને ડેમી નદીનાં સાઈડનાં કાંઠા ધોવાય ગયેલ છે તે સરકાર રીપેર કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ધ્રોલ તાલુકામાં મંજૂર થયેલ સિંચાઈ યોજના

અતારાંક્તિ : ૧૩૫ (૧૬-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સંધાગુના ગામ પાસે મોરધુનની નાની સિંચાઈ યોજના મંજૂર થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) આ યોજનામાં વન વિભાગ હસ્તકની જમીન ડુબાણ વિસ્તારમાં આવતી હોય, જમીન તબદીલ થયે આગળની કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

---------------

## જામનગર જિલ્લામાં સિંચાઈનું કામ મંજૂર કરવા અંગે

અતારાંક્તિ : ૧૩૬ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૩-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના હરીપર ગામ પાસે વાગુદળીયા વોંકળા ઉપર સિંચાઈનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) જો મંજૂર ન થયેલ હોય તો સરકાર આ કામો મંજૂર કરવા માંગે છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલના તબક્કે હાથ ધરવાનું આયોજન નથી.

-------------

## સુરત જિલ્લામાં પાણીની ટાંકીઓના પૂર્ણ થયેલ કામો

અતારાંક્તિ : ૨૮૮ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલી પાણીની ટાંકીઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ પૈકી કેટલી પાણીની ટાંકીઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) જો કામ પૂર્ણ ન થયા હોય તો તેના કારણો શાં છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) અને (૨) નીચેની વિગતે,

| અ.નં. | તાલુકો | મંજૂર ટાંકીની સંખ્યા | પૂર્ણ થયેલ ટાંકીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બારડોલી | ૨૪ | ૨૩ |
| ૨ | ચોર્યાસી | ૦૪ | ૦૧ |
| ૩ | ઓલપાડ | ૦૩ | ૦૩ |
| ૪ | કામરેજ | ૧૪ | ૧૩ |
| ૫ | માંડવી | ૨૨ | ૨૨ |
| ૬ | માંગરોલ | ૨૦ | ૨૦ |
| ૭ | ઉમરપાડા | ૦૬ | ૦૨ |
| ૮ | મહુવા | ૧૨ | ૧૦ |
| ૯ | પલસાણા | ૦૩ | ૦૩ |
| | **કુલ..** | **૧૦૮** | **૯૭** |

(૩) -- ૯ ટાંકીઓના કામો પ્રગતિમાં છે.
-- ૧ ટાંકીનું કામ સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત લોકફાળો ન ભરવાથી ચાલુ કરેલ નથી.
-- ૧ હયાત ટાંકીનો ઉપયોગ કરવાનો હોવાથી બનાવવાની રહેતી નથી.

-------------

**સુરત જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજનાના કામો**

અતારાંકિત : ૨૯૧ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજનાઓ કેટલી છે અને તે ક્યા ક્યા સ્થળે આવેલ છે,

(૨) આ જુથ પાણી પુરવઠા યોજનાની મશીનરીનું મરામત કામ કોઈ એક ક્ચેરી દ્વારા કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૩) આ મરામતનું કામ ખાતા દ્વારા કરવામાં આવે છે કે કોઈ એજન્સી દ્વારા અને તે એજન્સી કઈ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) પૂર્ણ થયેલ ૯ જુથ યોજનાઓ નીચે દર્શાવેલ સ્થળે આવેલ છે :-

| અ.નં. | જુથ યોજના | તાલુકો | હેડવર્ક્સનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | સાંધીએર | ઓલપાડ | સાધીએર |
| ૨ | પાનેસરા | ઓલપાડ | પાનેસરા |
| ૩ | અંભેટા | ઓલપાડ | અંભેટા |
| ૪ | ડુમસ-૧ | ચોર્યાસી | ગવિયર |
| ૫ | ડુમસ-૨ | ચોર્યાસી | ભીમરાડ |
| ૬ | હજીરા | ચોર્યાસી | પાલ |
| ૭ | બુડીયા | ચોર્યાસી | બુ..ડીયા |
| ૮ | ગાયપગલા | કામરેજ | ગાયપગલા |
| ૯ | વરીયાવ | ઓલપાડ<br>કામરેજ<br>ચોર્યાસી | વરીયાવ |

(૨) ના જી,

(૩) ૮ યોજનાનું ખાતા દ્વારા અને એક યોજના (વરીયાવ)નું એજન્સી દ્વારા એજન્સીના નામ

(૧) શ્રીજી એન્જીનીયર્સ વડોદરા

(૨) ઈ.પી.આઈ.એલ. મુંબઈ

**સુરત જિલ્લામાં પીવાના પાણીની ટાંકીઓ**

અતારાંકિત : ૨૯૨ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા ખાતા દ્વારા કેટલા ગામોમાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકી તથા સમ્પ બનાવવામાં આવ્યા,

(૨) આ ઓવરહેડ ટાંકી અને સમ્પ કેટલા ગામોમાં બંધ હાલતમાં છે, અને

(૩) સરકાર કેટલા સમયમાં આ ઓવરહેડ ટાંકીઓ અને સમ્પ ચાલુ કરવાની કામગીરી પૂર્ણ કરવા માંગે છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) અને (૨)

| **અ.નં.** | **તાલુકો** | **બનાવવામાં આવેલ** | | **બંધ હાલતમાં** | |
|---|---|---|---|---|---|
| | | **ટાંકીઓ ગામ/પરા** | **સમ્પ ગામ/પરા** | **ટાંકીઓ ગામ/પરા** | **સમ્પ ગામ/પરા** |
| ૧ | બારડોલી | ૧૫ | ૦૦ | ૩ | ૦૦ |
| ૨ | ઓલપાડ | ૦૧ | ૦૦ | ૦ | ૦૦ |
| ૩ | કામરેજ | ૦૪ | ૦૦ | ૧ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | માંડવી | ૧૬ | ૨૩ | ૦ | ૨૩ |
| ૫ | માંગરોળ | ૧૩ | ૨૩ | ૦ | ૨૩ |
| ૬ | ઉમરપાડા | ૦૧ | ૦૨ | ૦ | ૦૨ |
| ૭ | મહુવા | ૦૫ | ૦૦ | ૦ | ૦૦ |
| ૮ | પલાસણા | ૦૧ | ૦૦ | ૦ | ૦૦ |
| | **કુલ.** | **૫૬** | **૪૮** | **૪** | **૪૮** |

(૩) ૧૨/૨૦૦૮ સુધીમાં તબક્કાવાર ચાલુ કરવાનું આયોજન છે.

-------------

**મહેસાણા જિલ્લામાં સેકટર રીફોર્મ યોજના હેઠળ પૂર્ણ થયેલા કામો**

અતારાંકિત : ૩૭૭ (૧૨-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સેકટર રીફોર્મ યોજના તળે ક્યા તાલુકામાં ક્યા ક્યા ગામે કામો કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને ક્યા તાલુકામાં કામો પડતર છે, પડતર રહેવાના કારણો શાં છે, તેના માટે જવાબદાર કોણ છે અને સરકાર આ અંગે કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૭-૨૦૦૮) :

(૧) અને (૨) નીચેની વિગતે

| **અ.નં.** | **તાલુકો** | **કેન્દ્ર સરકાર સહાયિત સેકટર રીફોર્મ પાયલોટ પ્રોજેકટ** | | **રાજ્ય સરકાર સહાયિત સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના** | | |
|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર ગામ/પરા** | **પૂર્ણ ગામ/પરા** | **મંજૂર ગામ/પરા** | **પૂર્ણ ગામ/પરા** | **પ્રગતિના વિવિધ તબક્કે** |
| ૧ | બેચરાજી | ૨૦ | ૨૦ | ૧૮ | ૯ | ૯ |
| ૨ | કડી | ૩૯ | ૩૯ | ૩૭ | ૨૩ | ૧૪ |
| ૩ | ખેરાલુ | ૧૦ | ૧૦ | ૨૩ | ૨૦ | ૩ |
| ૪ | મહેસાણા | ૧૦૫ | ૧૦૫ | ૨૮ | ૨૨ | ૬ |
| ૫ | ઉંઝા | ૧૭ | ૧૭ | ૧૧ | ૯ | ૨ |
| ૬ | વડનગર | ૧૩ | ૧૩ | ૧૧ | ૭ | ૪ |
| ૭ | વિજાપુર | ૭૧ | ૭૧ | ૧૩ | ૬ | ૭ |
| ૮ | વિસનગર | ૪૫ | ૪૫ | ૧૮ | ૧૩ | ૫ |
| ૯ | સતલાસણા | ૦ | ૦ | ૨૬ | ૧૭ | ૯ |
| | **કુલ. .** | **૩૨૦** | **૩૨૦** | **૧૮૫** | **૧૨૬** | **૫૯** |

ગામોની યાદી * પત્રક-૧ અને * પત્રક-૨ મુજબ

પ્રગતિના વિવિધ તબકાકા હેઠળની ગ્રામ પાણી પુરવઠા યોજનાઓની અમલીકરણની કાર્યવાહી ગ્રામ્ય પંચાયત હસ્તકની પાણી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. જ્યારે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ મારફત ખુટતી નાણાંકીય સહાય તથા તાંત્રિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

**( *પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

-------------

**સરદાર પટેલ આવાસ યોજના નીચે નાણાંકીય જોગવાઈ**

અતારાંકિત : ૨ (૧૫-૨-૨૦૦૮) શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭-૦૮ના નાણાંકીય વર્ષમાં સરદાર પટેલ આવાસ યોજના નીચે કેટલી નાણાંકીય જોગવાઈ હતી અને,

(૨) કેટલા લાભાર્થીઓને સહાય પેટે કેટલી રકમ તા. ૩૧-૧-૦૮ સુધીમાં ચુકવાઈ ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૭-૩-૨૦૦૮) :

(૧) સને ૨૦૦૭-૦૮ના નાણાંકીય વર્ષમાં સરદાર પટેલ આવાસ યોજના નીચે રૂા. ૯૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી.

(૨) કુલ ૨૦૯૧૯ લાભાર્થીઓને સહાય પેટે રૂા. ૪૭૪૪.૧૧ લાખ તા. ૩૧-૧-૦૮ સુધીમાં ચુકવવામાં આવેલ છે.

-------------

**સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ થયેલ કામો**

**અતારાંક્તિ : ૧૫ (૨૦-૨-૨૦૦૮) શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે રાજ્ય કક્ષાએ એસ.જી.આર.વાય યોજના હેઠળ કુલ કેટલા કામો ક્ર્યા,

(૨) તે અંગે કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ કામો પેકી લોકોને કેટલા માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવી?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩૦-૬-૨૦૦૮) :

(૧) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાના કામો ગ્રામ્ય કક્ષાએ /તાલુકા કક્ષાએ/જિલ્લા કક્ષાએ થાય છે રાજ્ય કક્ષાએ કોઈ કામો કરવામાં આવતાં નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જિલ્લાની લેન્ડ કમીટીઓની બેઠકો**

અતારાંક્તિ : ૧૬ (૨૦-૨-૨૦૦૮) **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં આવેલા જિલ્લાઓ પેકી ક્યા ક્યા જિલ્લા લેન્ડ કમિટીઓની બેઠકો કેટલી મળી,

(૨) ક્યા ક્યા જિલ્લામાં શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) જે જિલ્લામાં આ બેઠક ન મળી હોય તો તેના કારણો શાં છે, અને

(૪) તે સામે શું પગલાં લીધા?

**પંચાયત મંત્રીશ્રી** (૨૭-૩-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ તા. ૧૨-૧૦-૦૬, મહેસાણા તા. ૧૫-૨-૦૫ તથા તા. ૭-૧-૧૧-૦૬, પાટણ તા. ૪-૧૦-૦૬, રાજકોટ તા. ૧૧-૮-૦૫ એમ કુલ ૫ બેઠકો મળેલ છે અન્ય જિલ્લાઓમાં મળેલ નથી.

(૨) **કચ્છ :-** કચ્છમાં શ્રી અંબાલાલ ગોવિંદ ગામી ૧૦૦ ચો.વાર પ્લોટ અનિયમિત ફાળવેલ હોય રદ કર્યો. સદર પ્લોટની તે વિસ્તારના ખાનગી જમીનના ભાવ મુજબની હાલની બજાર કિંમત ભરી આપ્યા બાદ પ્લોટનો કબજો નિયમિત કરી આપવામાં આવેલ છે.

**મહેસાણા :-**મહેસાણા તા. ૧૫-૨-૦૫ના રોજ મળેલ ૧૫ અરજી પેકી ૬ મુલતવી રહી અને ૯ નો નિર્ણય લઈ નિકાલ કર્યો.

મહેસાણા તા. ૭-૧૧-૦૬ના રોજ મળેલ ૭ અરજી પેકી ૪ મુલતવી રહી અને ૩નો નિર્ણય લઈ નિકાલ કર્યો.

**પાટણ :-** ખાનપુરડા તાલુકો પાટણ ગામે અપાયેલ મફત ગાળાના પ્લોટ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવી

**રાજકોટ :-** તાલુકા પંચાયત જામકંડોરણાના મંજૂર કરેલ ૧૦૦ ચો.વારના ૨૩૫ પ્લોટ નામંજૂર કરવામાં આવેલ હતા. તેમજ જેતપુરના ૯૬, ગોંડલ-૬૦૦ પ્લોટો તાલુકા લેન્ડ કમિટિએ રદ કરેલ તેને બહાલી આપવામાં આવેલ.

(૩) કચ્છ, મહેસાણા, પાટણ, રાજકોટ, સિવાયના જિલ્લાઓમાં સરકારશ્રીના પંચાયત વિભાગના તા. ૨૬-૧૨-૮૮ના ઠરાવ ક્રમાંક : મફત/૧૦૮૮/૨૮૭૯/લ ના ફકરા ૧૨ મુજબ તાલુકા લેન્ડ કમિટિ અંગે કોઈ રજુઆત મળેલ ન હોય તેમજ અન્ય કોઈ ઈસમ દ્વારા રજુઆત મળેલ ન હોવાના કારણે જિલ્લા લેન્ડ કમિટી બોલાવેલ નથી.

(૪) કોઈ અપીલ કે પ્રશ્ન કચ્છ, મહેસાણા, પાટણ, રાજકોટ સિવાય મળેલ ન હોય પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં ગ્રામ પંચાયતો અલગ કરવાની દરખાસ્તો

અતારાંક્તિ : ૨૫ (૫-૨-૨૦૦) **શ્રી કાન્તીભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ પંચાયત અલગ કરવાની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પેકી કેટલી ગ્રામ પંચાયતો અલગ કરવાની મંજૂરી આપવામાં આવી?

**પંચાયત મંત્રીશ્રી** (૩-૭-૨૦૦૮) :

(૧) અને (૨)

| અ.નં. | જિલ્લાનું નામ | (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ગ્રામ પંચાયત અલગ કરવાની મળેલ દરખાસ્તો | (૨) તે પેકી મંજૂર થયેલ ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | અમદાવાદ | ૨૫ | ૩ |
| ૨ | ભાવનગર | ૦૨ | ૧ |
| ૩ | ખેડા | ૦ | ૦ |
| ૪ | આણંદ | ૦ | ૦ |
| ૫ | સાબરકાંઠા | ૭ | ૫ |
| ૬ | બનાસકાંઠા | ૨ | ૧ |
| ૭ | ગાંધીનગર | ૫ | ૨ |
| ૮ | વલસાડ | ૧૬ | ૫ |
| ૯ | નર્મદા | ૧ | ૦ |
| ૧૦ | જામનગર | ૩ | ૦ |
| ૧૧ | પાટણ | ૩ | ૦ |
| ૧૨ | મહેસાણા | ૩ | ૧ |
| ૧૩ | પોરબંદર | ૦ | ૦ |
| ૧૪ | નવસારી | ૨ | ૧ |
| ૧૫ | વડોદરા | ૧ | ૦ |
| ૧૬ | દાહોદ | ૯ | ૩ |
| ૧૭ | પંચમહાલ | ૧૨ | ૬ |
| ૧૮ | અમરેલી | ૩ | ૦ |
| ૧૯ | રાજકોટ | ૩ | ૧ |
| ૨૦ | જુનાગઢ | ૧ | ૦ |
| ૨૧ | સુરત-તાપી | ૨ | ૧ |
| ૨૨ | ડાંગ | ૦ | ૦ |
| ૨૩ | કચ્છ | ૨ | ૨ |
| ૨૪ | ભરૂચ | ૦ | ૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૦ | ૦ |
| | **કુલ.** | **૧૦૨** | **૩૨** |

-------------

## સંપૂર્ણ ગ્રામીણ યોજના નીચે મંજૂર થયેલ કામો

અતારાંક્તિ : ૩૧ (૨૮-૨-૨૦૦૮) **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં એક વર્ષમાં રાજ્યમાં, જિલ્લા તેમજ તાલુકાવાર કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧-૭-૨૦૦૮) :

(૧) અને (૨)

સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લા તેમજ તાલુકાવાર કુલ :- ૪૫૫૮૮ કામો મંજૂર કરવામાં આવ્યા. અને તે પૈકી ૩૫૬૪૯ કામો પૂર્ણ થયા અને ૮૩૩૬ કામો ચાલુ છે (બાકી) તેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

| જિલ્લાનું નામ | જિલ્લા કક્ષાના કામોની સંખ્યા (૨૦%) | તાલુકા કક્ષાના કામોની સંખ્યા (૨૦%) | ગ્રામ પંચાયત કક્ષાના કામોની સંખ્યા (૫૦%) | જિલ્લા કક્ષા | | | તાલુકા કક્ષા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુલ મંજૂર થયેલ કામોની સંખ્યા | કુલ પૂર્ણ થયેલ કામોની સંખ્યા | કુલ ચાલુ કામોની સંખ્યા | કુલ મંજૂર થયેલ કામોની સંખ્યા | કુલ પૂર્ણ થયેલ કામોની સંખ્યા | કુલ ચાલુ કામોની સંખ્યા |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૬(૩) | ૭(૧) | ૭(૨) | ૭(૩) |
| અમદાવાદ | ૧૨૯ | ૧૬૦ | ૧૭૧ | ૧૨૯ | ૭૧ | ૫૮ | ૧૬૦ | ૫૩ | ૧૦૭ |
| અમરેલી | ૧૧૧ | ૨૩૧ | ૩૬૧ | ૧૧૧ | ૮૯ | ૨૨ | ૨૩૧ | ૧૦૨ | ૧૨૯ |
| આણંદ | ૧૧ | ૨૭૧ | ૫૨૨ | ૧૧ | ૦ | ૧૧ | ૨૭૧ | ૨૧૦ | ૬૧ |
| બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભાવનગર | ૪૯ | ૭૭૭ | ૨૭૭૫ | ૪૯ | ૨૪ | ૨૫ | ૭૭૭ | ૩૪૩ | ૪૩૪ |
| ગાંધીનગર | ૨૯૯ | ૧૦૪૨ | ૭૬૪ | ૨૯૯ | ૧૩૦ | ૧૬૯ | ૧૦૪૨ | ૯૮૬ | ૫૬ |
| જામનગર | ૪ | ૨૪૫ | ૨૦૮૯ | ૪ | ૦ | ૪ | ૨૪૪ | ૧૭૪ | ૭૦ |
| જુનાગઢ | ૧૫૯ | ૪૫૫ | ૧૭૨૮ | ૧૫૯ | ૮૭ | ૬૯ | ૪૫૫ | ૩૩૮ | ૨૩ |
| ખેડા | ૧૪૬ | ૫૫૧ | ૧૩૩૪ | ૧૪૬ | ૪ | ૫૭ | ૫૫૧ | ૯૯ | ૧૨૬ |
| કચ્છ | ૩૩ | ૧૮૦ | ૧૭૦૭ | ૩૩ | ૯ | ૨૪ | ૧૮૦ | ૧૩૭ | ૪૩ |
| મહેસાણા | ૧૫૨ | ૪૮૦ | ૨૬૫૬ | ૯૧ | ૪૩ | ૪૮ | ૨૯૦ | ૨૦૩ | ૮૭ |
| નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પાટણ | ૬૮ | ૧૦૯૮ | ૧૭૭૮ | ૬૮ | ૫૩ | ૧૫ | ૧૦૯૮ | ૧૦૮૯ | ૯ |
| પોરબંદર | ૧૮ | ૭૯ | ૪૦૫ | ૧૮ | ૧૧ | ૭ | ૭૯ | ૭૬ | ૩ |
| રાજકોટ | ૭૬૦ | ૧૯૭ | ૨૭૩૬ | ૭૬૦ | ૭૫૫ | ૫ | ૧૯૭ | ૧૦૩ | ૯૪ |
| સુરત | ૫૪૩૦ | ૪૦૨૧ | ૨૮૭૯ | ૫૪૨૭ | ૫૪૧૦ | ૧૭ | ૪૦૧૭ | ૨૭૭૫ | ૧૨૪૨ |
| સુરેન્દ્રનગર | ૩૮ | ૩૯૬ | ૧૩૬૦ | ૩૮ | ૦ | ૩૮ | ૩૯૬ | ૧૫૦ | ૨૪૬ |
| વડોદરા | ૩૪૪ | ૩૬૦ | ૩૮૯૩ | ૩૧૨ | ૨૩૩ | ૫૫ | ૪૪૪ | ૧૮૨ | ૧૦૧ |
| વલસાડ | ૦ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૭૭૫૧** | **૧૦૫૪૩** | **૨૭૧૫૮** | **૭૬૫૫** | **૬૯૧૯** | **૬૨૪** | **૧૦૪૩૨** | **૭૦૨૦** | **૨૮૩૧** |

| ગ્રામ્ય કક્ષા | | | જિલ્લા-તાલુકા-ગ્રામ્ય=કુલ | | |
|---|---|---|---|---|---|
| કુલ મંજૂર થયેલ કામોની સંખ્યા | કુલ પૂર્ણ થયેલ કામોની સંખ્યા | કુલ ચાલુ કામોની સંખ્યા | કુલ મંજૂર કરેલ કામોની સંખ્યા | કુલ પૂર્ણ કરેલ કામોની સંખ્યા | કુલ ચાલુ કામો |
| ૮(૧) | ૮(૨) | ૮(૩) | ૯(૧) | ૯(૨) | ૯(૩) |
| ૩૭૧ | ૨૧૦ | ૧૬૧ | ૬૬૦ | ૩૩૪ | ૩૨૬ |
| ૩૬૧ | ૨૮૭ | ૭૪ | ૭૦૩ | ૪૭૮ | ૨૨૫ |
| ૫૨૨ | ૩૩૬ | ૧૮૬ | ૮૦૪ | ૫૪૬ | ૨૫૮ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭૭૫ | ૨૩૮૦ | ૩૯૫ | ૩૬૦૧ | ૨૭૪૭ | ૮૫૪ |
| ૭૬૪ | ૭૦૨ | ૬૨ | ૨૧૦૫ | ૧૮૧૮ | ૨૮૭ |
| ૨૦૪૪ | ૧૬૭૧ | ૩૭૩ | ૨૨૪૯ | ૧૭૯૮ | ૪૫૧ |
| ૧૭૨૮ | ૧૪૬૯ | ૨૫૯ | ૨૩૩૬ | ૧૮૯૪ | ૩૫૧ |
| | | | ફાળવેલ બજેટ | વપરાયેલ બજેટ | ફાળવેલ બજેટ | વપરાયેલ બજેટ | ફાળવેલ બજેટ | વપરાયેલ બજેટ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨૫ | ૨૨૨૫, ૨૫૭૫, ૪૨૨૫ | પછાત વર્ગોનું કલ્યાણ | ૭૧૪૦.૭૭ | ૭૭૧૨.૬૭ | ૮૩૩૮.૦૦ | ૯૪૪૩.૯૬ | ૧૬૨૭૩.૯૨ | ૧૭૨૮૪.૩૫ |
| ૨૬ | ૨૨૨૫, ૪૨૨૫, ૩૪૫૧ | આ. વિ. પે. યો. માટેનું વહીવટી તંત્ર | ૨૩૦.૨૩ | ૧૬૨.૮૮ | ૨૬૮.૦૦ | ૨૦૫.૯૯ | ૨૬૮.૦૦ | ૨૮૨.૯૩ |
| ૨૭ | ૨૨૩૦, ૪૨૫૦ | શ્રમ અને રોજગાર | ૫૩૩.૧૫ | ૩૩૪.૧૦ | ૬૩૬.૩૦ | ૨૧૩.૬૮ | ૬૬૯.૧૧ | ૫૫૪.૨૨ |
| ૨૮ | ૨૨૩૫, ૪૨૩૫ | સમાજસુરક્ષા | ૧૧૩૨.૦૦ | ૧૧૩૩.૭૨ | ૧૩૧૦.૦૦ | ૧૪૯૦.૦૦ | ૧૭૬૭.૦૦ | ૧૭૩૫.૮૪ |
| ૨૯ | ૨૨૩૬ | પોષણ કાર્યક્રમ | ૧૫૪૩.૪૬ | ૧૪૫૮.૬૩ | ૧૬૮૧.૪૬ | ૧૬૮૧.૪૬ | ૨૨૬૮.૩૦ | ૨૨૬૮.૩૦ |
| ૩૦ | ૨૨૩૬ | મધ્યાન્હ ભોજન કાર્યક્રમ | ૧૪૮૮.૨૭ | ૩૭૫૩.૩૬ | ૧૬૦૪.૦૦ | ૩૨૨૧.૯૬ | ૩૬૮૬.૦૦ | ૩૫૯૦.૮૧ |
| | | **કુલ -(બ) : સામાજીક સેવાઓ** | **૨૭૯૬૫.૮૪** | **૨૭૮૫૯.૩૯** | **૨૯૯૬૬.૯૮** | **૩૧૫૯૯.૭૩** | **૪૮૪૨૯.૭૫** | **૪૮૬૪૯.૯૧** |
| | | **કુલ : (અ) વત્તા (બ)** | **૫૮૬૩૦.૭૯** | **૫૪૩૦૭.૬૯** | **૬૨૧૮૯.૦૪** | **૬૯૫૮૯.૩૩** | **૧૦૦૧૫૦.૬૦** | **૧૧૪૯૪૦.૬૨** |
| (ક) | | બીજરૂપ અંદાજપત્ર | ૨૭૪.૦૦ | ૧૭૬.૧૨ | ૨૬૪.૦૦ | ૨૬૩.૫૫ | ૨૬૭.૦૧ | ૨૬૬.૪૧ |
| | | કુલ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૫૮૯૦૪.૭૯ | ૫૪૪૮૩.૮૧ | ૬૨૪૫૩.૦૪ | ૬૯૮૫૨.૮૮ | ૧૦૦૪૧૭.૬૧ | ૧૧૫૨૦૭.૦૩ |
| | | છૂટાછવાયા આદિવાસીઓ | ૧૭૮૦.૦૦ | ૧૭૬૧.૪૨ | ૨૦૮૨.૦૦ | ૨૪૬૩.૬૬ | ૨૩૩૭.૨૦ | ૨૨૦૩.૭૧ |
| | | ખાસ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૨૦૮૯૦.૧૬ | ૧૯૦૫૮.૦૩ | ૧૭૫૯૯.૨૮ | ૧૭૫૮૦.૨૭ | ૨૬૨૫૦.૫૦ | ૨૬૧૨૩.૧૧ |
| | | કુલ આદિજાતિ પેટા યોજના | ૮૧૫૭૪.૯૫ | ૭૫૩૦૩.૨૬ | ૮૨૧૩૪.૩૨ | ૮૯૮૯૬.૮૧ | ૧૨૯૦૦૫.૩૧ | ૧૪૩૫૩૩.૮૫ |
| | | ટકાવારી | | ૯૨૩૧ | | ૧૦૯.૪૫ | | ૧૧૧.૨૬ |

## પત્રક-૨

## પુરતું બજેટ નહી વપરવાના કારણો આદિજાતિ પેટા યોજનાનું અમલીકરણ કરતાં જુદા જુદા વિભાગોએ નીચે મુજબ દર્શાવ્યા છે.

| અ. નં. | સદરનું નામ | ઓછા ખર્ચના કારણો |
|---|---|---|
| ૧ | પાક વ્યવસ્થા (કૃષિ અને સહકાર વિભાગ) | ખેડૂતો તરફથી માંગણી ઓછી આવતાં કામગીરી ઓછી થયેલ હોવાથી ખર્ચ ઓછો થયેલ છે. |
| ૨ | મત્સ્યોદ્યોગ (બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ) | ફાર્મ સુધારણા માટેના રૂા. ૧૩.૬૧ લાખના બીલો સુરત જિલ્લા તિજોરી દ્વારા પાસ ન કરતાં ખર્ચ ઓછો થયેલ છે. |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | સરકારશ્રીનો આખરી ઠરાવ તા. ૨૫-૩-૦૪ના રોજ થતાં ખર્ચ ઓછો થયેલ છે. |
| ૪ | સહકાર (કૃષિ અને સહકાર વિભાગ) | ૧. ટેક્નીકલ સેલ તા. ૧-૮-૦૩ થી બંધ હોવાથી ખર્ચ ઓછો થયેલ છે.<br>૨. જિલ્લા સ્તરેથી કોઈ નવી દરખાસ્ત મળેલ ન હોવાથી ખર્ચ થયેલ નથી.<br>૩. નાબાર્ડ તરફથી દરખાસ્તો મંજૂર ન થવાથી ખર્ચ ઓછો થયેલ છે.<br>૪. દમણગંગા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. ડહેલીને શેરફાળાની રકમ ચૂકવવા માટે આયોજન કરવામાં આવેલ તેમ છતાં સંસ્થા ટર્મ લોન મેળવી શકેલ ન હોઈ સરકારશ્રીનો શેરફાળો ચૂકવવામાં આવેલ નથી. |

| અ. નં. | સદરનું નામ | ઓછા ખર્ચના કારણો |
|---|---|---|
| ૫ | શિક્ષણ વિભાગ | વધારાના વિદ્યાર્થી સામે પ્રવેશ સામે વધારાના શિક્ષકોની યોજના પડતી મૂક્વામાં આવેલ છે. આથી ખર્ચ થયેલ નથી.<br>કોમ્પ્યુટર શિક્ષણની યોજનામાં આખરીકરણ ન થવાથી કોઈ ખર્ચ થયેલ નથી.<br>સ્વાધ્યાય પોથી યોજનામાં વહીવટી મંજૂરી ન મળવાના કારણે ખર્ચ થયેલ નથી. |
| ૬ | જાહેર આરોગ્ય અને તબીબી સેવાઓ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | ધરમપુર ખાતે ઓપરેશન વિભાગ માટે બાંધકામના કામને વર્ષના અંતે મંજૂરી મળેલ હોઈ ખર્ચ ઓછો થયેલ છે.<br>જગ્યાઓ ખાલી રહેવાથી અને વહીવટી મંજૂરી ન મળવાથી ખર્ચ ઓછો થયેલ છે. |
| ૭ | ઉદ્યોગ અને ખનીજ (ઉદ્યોગ અને ખાણ વિભાગ) | જીલ્લા કક્ષાએથી પુરતા પ્રમાણમાં દરખાસ્તો ન મળવાથી ખર્ચ ઓછો થયેલ છે. |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | પ્રિમિયમની રકમમમાં વધારો થતાં ખર્ચ ઓછો થયેલ છે. |

-------------

**વ્યારા તાલુકામાં આદિવાસીઓના ઉત્કર્ષ માટે ફાળવેલ રકમ**

અતારાંક્તિ : ૪૬ (૦૪-૦૩-૨૦૦૮) **શ્રી પુનાભાઈ ગામીત(વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વ્યારા તાલુકામાં આદિવાસીઓના ઉત્કર્ષ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલીા રકમ ફાળવી, અને

(૨) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૦૨-૦૪-૨૦૦૮) :

(૧) વ્યારા તાલુકામાં આદિવાસીઓના ઉત્કર્ષ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ નીચે મુજબની રકમ ફાળવી

| અ. નં. | વર્ષ | ફાળવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૮૪૫.૮૭ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૧૮૧૪.૦૯ |

(૨) વ્યારા તાલુકામાં આદિવાસીઓના ઉત્કર્ષ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| અ. નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૮૪૫.૮૭ |
| ૨ | ૨૦૦૭-૦૮ (ડીસે. -૦૭ની સ્થિતિએ | ૧૮૧૪.૦૯ |

-------------

**આદિજાતિ વિકાસ વિભાગ અને કમિશનર આદિજાતિ વિકાસ દ્વારા આઉટ સોર્સીંગથી કરવામાં આવેલ કામગીરી**

**અતારાંક્તિ : ૪૯ (તા. ૦૪-૦૩-૨૦૦૮) શ્રી અશ્વિનભાઈ કોટવાલ(ખેડબ્રહ્મા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ અને આદિજાતિ વિકાસ કમિશનર દ્વારા કઈ કઈ કામગીરી આઉટ સોર્સીંગથી કેટલા રૂપિયામાં કઈ સંસ્થા પાસે કરાવવામાં આવેલ છે,

(૨) કામગીરીમાં શું પરિણામ મળેલ છે, અને

(૩) આ કામગીરી ખાતા દ્વારા કરી શકાય તેમ નહતી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૦૪-૦૪-૨૦૦૮) :

(૧) આદિજાતિ વિકાસ વિભાગ (ખુદ)ની માહિતી શૂન્ય છે, અને આદિજાતિ વિકાસ કમિશ્નર દ્વારા નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયોના બાળકો માટે ભોજન , સફાઈ, સુરક્ષા અને બગીચાની સારસંભાળ અંગેની કામગીરી કુલ રૂા. ૬,૩૧,૫૫,૫૧૪/- ખર્ચથી* પત્રક ૧ અ, બ, ક, માં દર્શાવ્યા પ્રમાણેની સંસ્થાઓ મારફત કરવામાં આવેલ છે.

(૨) સંતોષકારક

(૩) વહીવટમાં સરળતા માટે આઉટ સોર્સીંગ કરવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**આદિજાતિ યુવક યુવતીઓને તાલીમ બાબત**

અતારાંક્તિ : ૬૩ (૧૧-૦૩-૨૦૦૮) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ**(ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કમિશ્નર આદિજાતિ વિકાસ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિના યુવક-યુવતીઓને કઈ તાલીમ કઈ સંસ્થા દ્વારા કેટલા ખર્ચે ક્યારે આપવામાં આવી,

(૨) જુદી જુદી તાલીમ પાછળ અત્યાર સુધી કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે. અને

(૩) આદિજાતિયુવક-યુવતીઓને એરહોસ્ટેસ/પાઈલોટની તાલીમ કેમ આપવામાં આવતી નથી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૦૨-૦૭-૨૦૦૮) :

(૧)

| ક્રમ | વર્ષ | સંસ્થા/તાલીમ/ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૫-૦૬ | *પત્રક-અ મુજબ |
| ૨ | ૨૦૦૬-૦૭ | *પત્રક -બ મુજબ |
| ૩ | ૨૦૦૭-૦૮ | *પત્રક-ક મુજબ |

(૨) કુલ ખર્ચ રૂપિયા ૨૬,૨૯,૦૯,૦૦૦/-

(૩) આદિજાતિ યુવક યુવતીઓને એરહોસ્ટેસ/પાઈલોટની તાલીમ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર મારફતે ધિરાણના ધોરણે સહાય આપવાની યોજના અમલમાં છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | નાણા વિભાગ | ૫૫,૫૯,૬૫ | ૦૩ |
| ૨ | અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૫૩ | ૦૧ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૬,૫૧,૫૨ | ૦૩ |
| ૪ | ગૃહ વિભાગ | ૨૪ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | શ્રમ અને રોજગાર વિભાગ | ૭,૮,૨૮,૪૩,૪૪ | ૦૫ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૯,૯૩,૯૪,૧૩૪,૧૩૫,૧૩૬,૨૮૮,૨૯૧,૨૯૨,૩૭૭ | ૧૦ |
| ૭ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨,૧૫,૧૬,૨૫,૩૧,૩૪,૪૧,૪૨,૫૮,૧૪૬ | ૧૦ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૫૦ | ૦૧ |
| ૯ | માર્ગ અને મકાન વિભાગ | ૧૨,૨૦,૩૭ | ૦૩ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૮ | ૦૧ |
| ૧૧ | શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૨,૪૫ | ૦૨ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૧૪, ૩૨૨, ૩૨૫ | ૩ |
| ૧૩ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૩૧૪ | ૧ |
| ૧૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩, ૩૩, ૩૯, ૪૬, ૪૯, ૬૩ | ૬ |
| | **કુલ :** | | **૫૦** |

----------

## બીજી અતારાંકિત યાદી

### જામનગર જિલ્લાના ધ્રોલ નગરપાલિકાની ચૂંટણીમાં પોલીસના પક્ષપાતિ વલણ અંગે થયેલ ફરિયાદ

અતારાંક્તિ : ૮૬ (૨૦-૬-૨૦૦૮)**શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૮ ની જામનગર જિલ્લાની ધ્રોલ નગરપાલિકાની ચૂંટણી વખતે ધ્રોલના પોલીસતંત્રના અમુક કર્મચારીઓ દ્વારા ચૂંટણીમાં પક્ષપાતિ વલણ અપનાવતા હોવા અંગેની કોઈ ફરિયાદ સરકારશ્રીને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે સરકારશ્રીએ શું પગલાં લીધા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૯-૭-૨૦૦૮) :

(૧) હાજી, શ્રી જ્યેન્દ્રસિંહ જાડેજા, પ્રમુખશ્રી તાલુકા કોંગ્રેસ, ધ્રોલ તરફથી તા.૧૪-૨-૦૮ ની અરજી પોલીસ અધિક્ષકશ્રી, જામનગરને કરાયેલ હતી.

(૨) એ.એસ.પી.શ્રી જામનગર (ગ્રામ્ય) દ્વારા કરવામાં આવેલ પ્રાથમિક તપાસમાં તથ્ય જણાઈ આવેલ નથી. અરજદારશ્રીએ પોતાની પાસે કોઈ પુરાવો ન હોવા અંગે તેમજ કાર્યકરોના કહેવાથી અરજી કરેલ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાવ્યું હોવાથી તે રજૂઆત સંદર્ભે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

-------------

### જામનગર જિલ્લામાં ખનીજ ચોરીના નોંધાયેલ ગુના

અતારાંક્તિ : ૧૨૯ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષમાં ગેરકાયદેસર ખનીજ ચોરી અંગેના કેટલા ગુનાઓ નોંધાયા છે, અને

(૨) આ નોંધાયેલ ગુનાઓ અંગે સરકારે શી કાર્યવાહી કરી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૯-૭-૨૦૦૮) :

(૧) સાત (૭).

(૨) આ નોંધાયેલ સાત ગુના પેકી એક ગુનામાં આરોપી મળી આવતા ન હોઈ "અ" સમરી ભરી નિકાલ ગણેલ છે, ત્રણ ગુનામાં સાત આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે અને ત્રણ ગુનામાં પાંચ આરોપી સામે પોલીસ તપાસ ચાલુ છે.

-------------

**વીડીયો કોન્ફરન્સ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગે**

અતારાંક્તિ : ૩૦૭ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા શહેરમાં આવેલી મધ્યસ્થ જેલમાં ઈલેકટ્રોનિક વીડીયો લીન્કેજ સીસ્ટમથી આરોપીઓ કોર્ટ સમક્ષ રજૂ કરવા માટેની વ્યવસ્થા અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ માં કુલ કેટલા આરોપીઓને આ સીસ્ટમ હેઠળ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા ?

**જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) (૩૦-૭-૨૦૦૮) :

(૧) મહેસાણા શહેરમાં આવેલી જિલ્લા જેલમાં ઈલેકટ્રોનિક વીડીયો લીન્કેજ સીસ્ટમથી આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા માટેની વ્યવસ્થા ઉભી કરવાની કાર્યવાહી હાલમાં પ્રગતિ હેઠળ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ પોલીસ સ્ટેશનોમાં સલાહકાર સમિતિની રચના**

અતારાંક્તિ : ૩૦૮ (૨૦-૬-૨૦૦૮)**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનમાં સલાહકાર સમિતિની રચના છેલ્લે ક્યારે થઈ, અને

(૨) આ સલાહકાર સમિતિની મુદત કેટલા સમય માટેની હોય છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩૦-૭-૨૦૦૮) :

(૧) અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનમાં સલાહકાર સમિતિની રચના કરવામાં આવતી નથી. પરંતુ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ સલાહકાર સમિતિની રચના કરવાની હોય છે, જેની રચના છેલ્લે તા.૨૪-૬-૯૯ ના ઠરાવથી કરવામાં આવેલ હતી.

(૨) સરકારી સભ્યો સિવાયના બિન સરકારી સભ્યોની નિમણુક્ની મુદત બે વર્ષ સુધી અથવા નવી સમિતિની રચના થાય ત્યાં સુધી બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીની હોય છે. જ્યારે સંસદ સભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓને બિન સરકારી સભ્યો તરીકે આપોઆપ નિમણુક પામેલ ગણવામાં આવે છે.

-------------

**મહેસાણા જિલ્લામાં નોંધાયેલ માર્ગ અકસ્માતના ગુના**

અતારાંક્તિ : ૩૦૯ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા જિલ્લામાં સને ૨૦૦૭-૨૦૦૮ ની સાલમાં તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૭ ની સ્થિતિએ માર્ગ અકસ્માતના કેટલા બનાવ બનેલ છે, અને

(૨) તેમાં કેટલાએ જાન ગુમાવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩૧-૭-૨૦૦૮) :

(૧) ૧૨૦૧ અકસ્માત.

(૨) ૨૦૮

-------------

**રાજ્યમાં પી.એસ.આઈ. ની ખાલી જગ્યાઓ**

અતારાંક્તિ : ૩૧૧ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ ખાતામાં પી.એસ.આઈ. ની સીધી ભરતીથી ભરવાપાત્ર કેટલી જગ્યાઓ બાકી છે, અને

(૨) આ જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૬-૭-૨૦૦૮) :

(૧) ૪૫૮

(૨) જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે.

-------------

**ઉંઝા શહેર પોલીસ થાણા હેઠળ નોંધાયેલા ગુનાઓ**

અતારાંક્તિ : ૩૧૨ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા જિલ્લાના ઉંઝા શહેર પોલીસ થાણામાં સને ૨૦૦૭ ના વર્ષમાં લેખિત ફરિયાદો પરથી કેટલા ગુનાઓ દાખલ થયા,

(૨) આ ગુનાઓ પૈકી કેટલા ગુનાઓમાં કોર્ટમાં ચાર્જશીટ મુકવામાં આવ્યા, અને

(૩) ચાર્જશીટ મુક્યા વગરના કેટલા ગુનાઓમાં કોર્ટમાં ક્યા ક્યા પ્રકારની સમરીઓ માંગવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૭-૨૦૦૮) :

(૧) કુલ-૨૭ ગુના.

(૨) આ ગુનાઓ પૈકી ૬(છ) ગુનાઓમાં કોર્ટમાં ચાર્જશીટ મૂકવામાં આવેલ છે.

(૩) અ.ફાયનલ-૧૯,
સી.ફાયનલ-૧
પી.આઈ. કેસ-૧

-------------

**કચ્છ જિલ્લાના ઈસમો સામે લાગુ કરાયેલ પાસાનો કાયદો**

અતારાંક્તિ : ૩૧૩ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૭ ના વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા ગો વંશ હત્યારાઓ કે ગો વંશની હત્યા માટે હેરાફેરી કરનારા તેમજ કતલખાનાના સંચાલકો સામે ""પાસા"" લાગુ પાડવામાં આવ્યા, અને

(૨) આ પૈકી કેટલા આરોપીઓએ આ પ્રકારના ગુન્હા વારંવાર કરેલ હતા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૫-૭-૨૦૦૮) :

(૧) સન ૨૦૦૭ ના વર્ષમાં કચ્છ જિલ્લામાં ગો વંશ હત્યારાઓ કે ગો વંશની હત્યા માટે હેરાફેરી કરનારા તેમજ કતલખાનાના સંચાલકો સામે ""પાસા"" ના કોઈ કેસ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પકડાયેલ ઘાતક શસ્ત્રો**

અતારાંક્તિ : ૩૧૫ (૨૦-૬-૨૦૦૮)**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેર તથા જિલ્લામાંથી કેટલા અને ક્યા ક્યા ઘાતક શસ્ત્રો પકડાયા,

(૨) આ હથિયારો ક્યા દેશની બનાવટના હતા,

(૩) કેટલા ગુનેગારો પકડાયા અને કેટલા ફરાર છે, અને

(૪) તેમની સામે ક્યા ક્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૮-૭-૨૦૦૮) :

(૧) કુલ-૫૩૬ ઘાતક શસ્ત્રો પકડાયા, જેમાં રીવોલ્વર, પીસ્તોલ, તમંચા અને બંદુક્નો સમાવેશ થાય છે.

(૨) જાપાન, સ્પેન, ઈંગ્લેન્ડ, યુએસએ, જર્મની, ઈટાલી, સ્વીઝરલેન્ડ અને ચાયના બનાવટના વિદેશી હથિયારો તથા ભારતીય બનાવટના દેશી હથિયારો હતા.

(૩) કુલ-૭૯૯ ગુનેગારો પકડાયા અને ૫૨ ગુનેગારો ફરાર છે.

(૪) આર્મ્સ એકટ મુજબ ગુનેગારોની અટક કરવામાં આવેલ છે અને તેઓના વિરૂધ્ધ પુરાવા મેળવી ચાર્જશીટ કરવામાં આવેલ છે, જ્યારે ફરાર આરોપીઓ સામે સી.આર.પી.સી.ક્લમ-૭૦ મુજબના વોરંટ મેળવી સબંધિત પો.સ્ટે.માં પકડવા માટે કાર્યવાહી ચાલુ છે.

-------------

**સિધ્ધપુર અને ઉંઝા તાલુકામાં દહેજના કારણસર થયેલ મૃત્યુ**

અતારાંક્તિ : ૩૧૬ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સિધ્ધપુર અને ઉંઝા તાલુકામાં ૨૦૦૭ ના કેલેન્ડર વર્ષમાં કેટલી સ્ત્રીઓ દહેજના કારણસર મૃત્યુ પામી અથવા આપઘાતની ફરજ પાડવામાં આવી,

(૨) તે માટે કેટલા ગુનાહિત સાસરીયા આરોપીઓની ધરપકડ કરવામાં આવી,

(૩) કેટલાની ધરપકડ બાકી છે, અને

(૪) બાકી રહેલા આરોપીઓની ધરપકડ ક્યારે કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૭-૨૦૦૮) :

(૧) સિધ્ધપુર અને ઉંઝા તાલુકામાં એક એક સ્ત્રીનું મોત થયેલ છે.

(૨) સિધ્ધપુર તાલુકામાં ૧ કેસમાં ૩ આરોપીઓ અને ઉંઝા તાલુકામાં ૧ કેસમાં ૧ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે.

(૩) કોઈ કેસમાં ધરપકડ કરવાની બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**મહેસાણા જિલ્લા અને શહેરમાં પાસાના કાયદા હેઠળ થયેલ અટકાયતો**

અતારાંક્તિ : ૩૧૭ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા જિલ્લામાં અને શહેરમાં તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૭ દરમ્યાન પાસા હેઠળ કુલ કેટલા ઈસમોની અટકાયત કરવામાં આવી છે,

(૨) આ ઈસમો ક્યા ક્યા ગુનામાં સંડોવાયેલા હતા, અને

(૩) તે પેકી કેટલા પુરુષો અને કેટલી મહિલાઓ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૭-૨૦૦૮) :

(૧) મહેસાણા જિલ્લામાં અને શહેરમાં તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૭ દરમ્યાન કુલ ૫ ઈસમોની પાસા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે.

(૨) આ પાંચ ઈસમો પેકી ચાર ઈસમો ગેરકાયદેસર દારૂનો ધંધો કરવાના અને એક ઈસમ ઓએનજીસીના ઓઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલ હતા.

(૩) પાસા હેઠળ અટકાયત થયેલ તમામ ઈસમો પુરુષ છે.

-------------

**માનવ કલ્યાણ યોજના હેઠળ અપાતા સ્વરોજગારીના સાધનો**

અતારાંક્તિ : ૧૧૧ (૨૦-૬-૨૦૦૮)**શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) માનવ કલ્યાણ યોજના દ્વારા ગામડામાં વસતા તમામ કારીગરોને રૂા. ૩૦૦૦-૦૦ની કિંમતના સ્વરોજગારી માટેના સાધનો આપવામાં આવે છે કે ફક્ત બી.પી.એલ.ના લાભાર્થીને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે, અને

(૨) આ યોજના અન્વયે બી.પી.એલ. ના લાભાર્થી સિવાયના બેરોજગારોને આ યોજનાનો લાભ મળે તે માટે સરકારશ્રી કંઈ વિચારી રહી છે કે કેમ ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૯-૭-૨૦૦૮) :

(૧) માનવ કલ્યાણ યોજનામાં ઠરાવેલ આવક મર્યાદાથી નીચેના લાભાર્થીને લાભ આપવામાં આવે છે.

(૨) ગ્રામ્ય વિસ્તારમાં કુટુંબની વાર્ષિક આવક રૂા. ૨૭૦૦૦-૦૦ અને શહેરી વિસ્તારમાં કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩૬૦૦૦-૦૦ થી નીચેના લાભાર્થી પાત્ર બને છે. બી.પી.એલ. લાભાર્થી વધુ ગરીબ હોવાથી તેમને અગ્રતા આપવામાં આવે છે.

-------------

**માનવ કલ્યાણ યોજના હેઠળ ખેડા જિલ્લાની મંજૂર અરજીઓ**

અતારાંક્તિ : ૨૩૩ (૨૦-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી ક્યા ક્યા તાલુકાના અરજદારોની કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી,

(૩) ના મંજૂર કરવાના કારણો શા છે, અને

(૪) મંજૂર કરેલ લાભાર્થીઓને કીટસનું વિતરણ કોના મારફત કરવામાં આવ્યું ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)(૨૯-૭-૨૦૦૮) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનવ કલ્યાણ યોજનામાં આવેલ અરજીઓ નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૬-૦૭** | **વર્ષ ૨૦૦૭-૦૮** |
|---|---|---|
| નડીયાદ | ૧૩૭ | ૧૧૯ |
| મહુધા | ૧૧૩ | ૧૫૮ |
| ઠાસરા | ૧૪૨ | ૩૪૭ |

| | | |
|---|---|---|
| મહેમદાવાદ | ૯૯ | ૧૮૯ |
| બાલાસિનોર | ૯૫ | ૧૦૫ |
| માતર | ૧૦૯ | ૧૪૩ |
| કપડવંજ | ૧૫૬ | ૧૬૬ |
| કઠલાલ | ૪૯ | ૩૬ |
| ખેડા | ૬૮ | ૯૨ |
| વિરપુર | ૧૮ | ૬૩ |
| **કુલ :** | **૯૮૬** | **૧૪૧૮** |

(૨) તે પૈકી તાલુકના અરજદારોની અરજીઓ નીચે મુજબ મંજૂર તેમજ નામંજૂર કરેલ છે તેની માહિતી તાલુકાવાર નીચે મૂજબ છે.

| **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૬-૦૭** | | **વર્ષ ૨૦૦૭-૦૮** | |
|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| નડીયાદ | ૧૩૫ | ૨ | ૭૪ | ૪૫ |
| મહુધા | ૧૦૭ | ૬ | ૯૦ | ૬૮ |
| ઠાસરા | ૧૨૯ | ૧૩ | ૨૪૭ | ૧૦૦ |
| મહેમદાવાદ | ૮૯ | ૧૦ | ૧૧૧ | ૭૮ |
| બાલાસિનોર | ૬૯ | ૨૬ | ૬૨ | ૪૩ |
| માતર | ૧૦૦ | ૯ | ૭૫ | ૬૮ |
| કપડવંજ | ૧૩૨ | ૨૪ | ૧૦૭ | ૫૯ |
| કઠલાલ | ૪૩ | ૬ | ૩૬ | ૦૦ |
| ખેડા | ૫૧ | ૧૭ | ૮૫ | ૭ |
| વિરપુર | ૧૭ | ૧ | ૬૨ | ૧ |
| **કુલ :** | **૮૭૨** | **૧૧૪** | **૯૪૯** | **૪૬૯** |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

| |
|---|
| અરજદારશ્રીનો બી.પી.એલ. નંબર ન હોવાથી |
| અરજદારશ્રીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોઈ |
| અરજદારશ્રીની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોઈ |
| અરજદારશ્રીની ઉંમરનો દાખલો ન હોવાથી |
| અરજદારશ્રીનો ફોટો ન હોવાથી |
| અરજદારશ્રીનું ચૂંટણી ઓળખપત્ર ન હોવાથી |
| અરજદારશ્રી તલાટીશ્રીનો વ્યવસાયનો દાખલો રજૂ કરતાં ન હોવાથી |
| અરજદારશ્રીનો આવકનો દાખલો ન હોવાથી |

(૪) મંજૂર કરેલ લાભાર્થીઓને ટુલકીટસનું વિતરણ યોગેશ્વર મહિલા મંડળ, મુ. મોટી ખડોલ, તા. મહુધા, જિ. ખેડા મારફતે કરવામાં આવ્યું.

સને ૨૦૦૬-૦૭ નું વિતરણ પૂર્ણ કરવામાં આવેલ છે અને સને ૨૦૦૭-૦૮ ની વિતરણની કાર્યવાહી ચાલુ છે.

------------

**વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ ઉંઝા તાલુકાની અરજીઓ**

અતારાંક્તિ : ૩૦૧ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ઉંઝા તાલુકામાં વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના અન્વયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)(૨૪-૭-૨૦૦૮) :

(૧) ૧૬૭ અરજીઓ

(૨) ૬૬ અરજીઓ

--------------

## ખેડા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે

અતારાંકિત : ૨૨૫ (૨૦-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૮-૭-૨૦૦૮) :

(૧) ૪૦

(૨) ૭૧૦૨

--------------

## ઉંડ-૨ સિંચાઈ યોજનાની કેનાલનું કામ

અતારાંકિત : ૯૧ (૧૬-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં આવેલ ઉંડ-૨ (ગુણાતીત સરોવર) સિંચાઈ યોજનાની ડાબી સાઈડની કેનાલનું કામ ક્યારે શરુ કરવામાં આવશે, અને

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ સુધી કેનાલોનું કામ શરુ ન થવાના કારણો શું છે ?

**જળ સંપતિ મંત્રીશ્રી** (૨૯-૭-૨૦૦૮) :

(૧) ડાબાકાંઠા કેનાલ ફ્રીઝ કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

(૨) સ્થાનિક વિરોધના કારણે

--------------

## જોડીયા તાલુકાની ડેમી નદી પર ચેક ડેમ બનાવવાની દરખાસ્ત

અતારાંકિત : ૯૨ (૧૩-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૮ સુધીમાં જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બેલા ગામ પાસેથી પસાર થતી ડેમી નદી ઉપર ૮૦/૨૦ ની યોજના અન્વયે ચેકડેમ બનાવવાની દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૨૯-૭-૨૦૦૮) :

(૧) દરખાસ્ત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## જોડીયા તાલુકાના ગામોનું સ્થળાંતર

અતારાંકિત : ૧૩૨ (૧૬-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આજી-૪ સિંચાઈ યોજનાને લીધે જોડીયા તાલુકાના બોડકા અને જીરાગઢ ગામને સ્થળાંતર કરવાની જરૂરિયાત છે કે કેમ, અને

(૨) જો હા તો આ ગામોના સ્થળાંતર કરવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જળ સંપતિ મંત્રીશ્રી** (૧૮-૭-૨૦૦૮) :

(૧) જોડીયા તાલુકાના જીરાગઢ ગામનું સ્થળાંતર કરવાનું થાય છે. જ્યારે બોડકા ગામનું સ્થળાંતર કરવાની જરૂરિયાત નથી.

(૨) હા, આયોજન કરેલ છે.

--------------

**જામનગર જિલ્લામાં મંજૂર થયેલ હેન્ડપંપો પાછળ ખર્ચ**

અતારાંક્તિ : ૧૪૦ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષવાર કેટલા નવા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ પેકી કેટલા હેન્ડપંપો કાર્યરત કરવામાં આવ્યા,

(૩) કેટલા કાર્યરત કરવાના બાકી છે,

(૪) બાકી રહેવાના કારણો શાં છે,

(૫) કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે, અને

(૬) તેની પાછળ વર્ષવાર તાલુકાદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૯-૭-૨૦૦૮) :

(૧) અને (૨) તાલુકાવાર નીચેની વિગતે સન ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષમાં નવા હેન્ડપંપો મંજૂર કરી શારેલ હેન્ડપંપના બોર પેકી સફળ થયેલ હેન્ડપંપના બોર કાર્યરત કરવામાં આવ્યા.

| **અ.નં.** | **તાલુકો** | **નવા મંજૂર થયેલ હેન્ડપંપો** | | **કાર્યરત કરવામાં આવેલ હેન્ડપંપ** | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
| ૧ | ખંભાળીયા | ૧૨ | ૦૬ | ૦૨ | ૦૨ |
| ૨ | લાલપુર | ૧૪ | ૧૪ | ૦૬ | ૦૬ |
| ૩ | જામનગર | ૦૪ | ૦૫ | ૦૩ | ૦૩ |
| ૪ | જામજોધપુર | ૦૭ | ૦૭ | ૦૪ | ૦૩ |
| ૫ | કાલાવાડ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | ધ્રોળ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭ | ભાણવડ | ૦૮ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૮ | કલ્યાણપુર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | જોડીયા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | ઓખા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ :** | **૪૯** | **૩૫** | **૧૮** | **૧૫** |

(૩) અને (૪) નીચેની વિગતે શારેલ હેન્ડપંપના બોર પેકી નિષ્ફળ બોર કાર્યરત કરવામાં આવેલ નથી.

| **અ.નં.** | **તાલુકો** | **નિષ્ફળ ગયેલ હેન્ડપંપના બોર** | |
|---|---|---|---|
| | | **૨૦૦૫-૦૬** | **૨૦૦૬-૦૭** |
| ૧ | ખંભાળીયા | ૧૦ | ૦૪ |
| ૨ | લાલપુર | ૦૮ | ૦૮ |
| ૩ | જામનગર | ૦૧ | ૦૨ |
| ૪ | જામજોધપુર | ૦૩ | ૦૪ |
| ૫ | કાલાવાડ | ૦૨ | ૦૦ |
| ૬ | ધ્રોળ | ૦૦ | ૦૧ |
| ૭ | ભાણવડ | ૦૭ | ૦૧ |
| ૮ | કલ્યાણપુર | ૦૦ | ૦૦ |
| ૯ | જોડીયા | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ઓખા | ૦૦ | ૦૦ |
| | **કુલ :** | **૩૧** | **૨૦** |

(૫) તાંત્રિક ચકાસણી કરતાં મંજૂર થયેલ હેન્ડપંપોના ગામોમાં વધુ બોર સફળ થવાની શક્યતા ન જણાતી હોઈ વધુ હેન્ડપંપના બોર થઈ શકે તેમ નથી.

(૬) નીચેની વિગતે હેન્ડપંપના બોર પાછળ ખર્ચ કરવામાં આવ્યો.

| **અ.નં.** | **તાલુકો** | **થયેલ ખર્ચ** | |
|---|---|---|---|
| | | **૨૦૦૫-૦૬** | **૨૦૦૬-૦૭** |
| ૧ | ખંભાળીયા | ૨૫૭૮૦૬ | ૧૩૫૧૭૩ |
| ૨ | લાલપુર | ૩૬૭૯૩૭ | ૩૪૪૭૬૪ |
| ૩ | જામનગર | ૧૧૧૬૮૫ | ૧૧૬૪૮૦ |
| ૪ | જામજોધપુર | ૧૯૬૭૪૯ | ૧૮૮૪૩૮ |
| ૫ | કાલાવાડ | ૫૯૯૨૬ | ૦૦.૦૦ |
| ૬ | ધ્રોળ | ૩૫૦૫૨ | ૮૮૭૪ |
| ૭ | ભાણવડ | ૧૬૩૧૨૭ | ૨૦૬૨૨ |
| ૮ | કલ્યાણપુર | ૦૦.૦૦ | ૩૬૬૨૨ |
| ૯ | જોડીયા | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૧૦ | ઓખા | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| | **કુલ :** | **૧૧૯૨૨૮૨** | **૮૫૦૯૭૩** |

--------------

## સેકટર રીફોર્મ યોજના હેઠળ પાણીની ટાંકીઓ

અતારાંક્તિ : ૨૧૨ (૧૩-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ વાસ્મો મારફતે કઠલાલ તાલુકામાં કુલ કેટલી પાણીની ટાંકીઓ બનાવવા આવી,

(૨) ટાંકીવાર કેટલો ખર્ચ થયો,

(૩) તે પૈકી કેટલી ટાંકીઓ ચાલુ છે, અને

(૪) કેટલી બંધ છે, બંધ થવાના કારણો શાં છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) કેન્દ્ર સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ એકપણ નહી, પરંતુ રાજ્ય સરકારની સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના હેઠળ ત્રણ ટાંકીઓ.

(૨) પત્રક-૧ મુજબ.

(૩) ત્રણે ટાંકી

(૪) એકપણ નહી.

**પત્રક-૧**

**તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની સેકટર રિફોર્મ (રાજ્ય) યોજના હેઠળ વાસ્મો મારફતે કઠલાલ તાલુકામાં બનાવવામાં આવેલ ટાંકીઓની, ટાંકીવાર ખર્ચની વિગતો દર્શાવતું પત્રક**

| અ.નં. | યોજનાનુ નામ | ટાંકીની ક્ષમતા | ટાંકી જે વિસ્તારમાં બનાવવામાં આવેલ છે તેનું નામ | ટાંકીવાર થયેલ ખર્ચ (રૂા.) | ટાંકી ચાલુ હાલતમાં કે બંધ? |
|---|---|---|---|---|---|
| ૧. | ચરેડ ગામ / પરાની સેકટર રીફોર્મ યોજના | ૨૦,૦૦૦ લી / ૫.૦ મી. ઉંચી ટાંકી | ગામમાં અંબે માતાના મંદિર પાસે ટીંબા ફળીયામાં | રૂા. ૧,૫૮,૦૦૦-૦૦ | ચાલુ હાલતમાં છે |
| | | ૨૦,૦૦૦ લી / ૫.૦ મી. ઉંચી ટાંકી | ગામમાં બહુચર માતાના મંદિર પાસે મોટા વાસ ફળીયામાં | રૂા. ૧,૫૮,૦૦૦-૦૦ | ચાલુ હાલતમાં છે |
| | | ૨૦,૦૦૦ લી / | ચાયડા વિસ્તાર પરૂ | રૂા. ૧,૫૮,૦૦૦- | ચાલુ હાલતમાં |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૫.૦ મી. ઉંચી ટાંકી | | ૦૦ | છે |

--------------

## સુરત જિલ્લાની અધૂરી રહેલ સિંચાઈ યોજના

અતારાંક્તિ : ૨૮૫ (૧૩-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાની અધૂરી રહેલી સિંચાઈ યોજના કેટલી છે,

(૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) હાલ જે અધૂરી યોજનાઓ છે તે પાછળ કેટલો ખર્ચ કરેલ છે ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૩૧-૭-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ સુરત જિલ્લાની એક (૧) સિંચાઈ યોજના (એલઆઈ સ્કીમ એટ વિલેજ પીજરત તા. ઓલપાડ જિ. સુરત) અધુરી રહેલ છે.

(૨) દક્ષિણ ગુજરાત વીજ કંપની તરફથી ખેતી વિષયક વીજ જોડાણ મળેથી કામ પૂર્ણ કરવામાં આવશે.

(૩) રૂા. ૧૦.૩૨ લાખ

--------------

## સુરત જિલ્લામાં ચેકડેમો

અતારાંક્તિ : ૨૮૬ (૨૦-૬-૨૦૦૮)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો છે, અને

(૨) આ ચેકડેમો પૈકી કેટલામાં ઉનાળામાં પાણી રહે છે ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૩૧-૭-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૧ |
| ૨ | ઓલપાડ | ૧ |
| ૩ | કામરેજ | ૪ |
| ૪ | પલસાણા | ૫ |
| ૫ | મહુવા | ૫૫ |
| ૬ | બારડોલી | ૪૬ |
| ૭ | માંડવી | ૧૧૦ |
| ૮ | માંગરોળ | ૨૦૧ |
| ૯ | ઉમરપાડા | ૧૨૩ |
| | **કુલ :** | **૫૪૬** |

(૨) ચેકડેમોમાં ઉનાળા દરમ્યાન પાણી રહેવાનો આધાર ચોમાસા દરમ્યાન થતો વરસાદ, પાણીના વપરાશ વગેરે ઉપર રહે છે.

-------------

## સુરત જિલ્લાની સિંચાઈ યોજનાઓ પાછળ ખર્ચ

અતારાંક્તિ : ૨૮૭ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં નાની સિંચાઈ મધ્યમ અને મોટી સિંચાઈ હેઠળ વનબંધુ કલ્યાણ પેકેજ યોજના અંતર્ગત સુરત જિલ્લાના મહુવા તાલુકામાં સિંચાઈ માટે કુલ કેટલી સિંચાઈ યોજનાઓ બનાવવામાં આવી,

(૨) એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ યોજનાથી કુલ કેટલા હેકટર વિસ્તારમાં પિયત થાય છે, કેટલા હેકટર વિસ્તારમાં વધારવાનું આયોજન છે?

**જળસંપતિ મંત્રીશ્રી** (૩૧-૭-૨૦૦૮) :

(૧) કોઈ યોજના બનાવવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુરત જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ ચેકડેમો**

અતારાંક્તિ : ૨૯૦ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં સુરત જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ ક્યા ક્યા તાલુકાની કઈ કઈ નદીઓ ઉપર ચેકડેમો બાંધવાનું આયોજન હતું,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ કેટલા ચેકડેમો કેટલા ખર્ચે પૂરા કર્યા,

(૩) કેટલા અને ક્યા ક્યા ચેકડેમોના કામ અધૂરા છે, અને

(૪) તે અધૂરા કામો કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૩૧-૭-૨૦૦૮) :

(૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં સુરત જિલ્લામાં સુજલામ, સુફલામ યોજના હેઠળ નીચે જણાવેલ તાલુકાઓમાં આવેલ વોકળા ખાડી ઉપર કુલ ૩૨ ચેકડેમો બાંધવાનું આયોજન હતું

| ક્રમ | તાલુકો | ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંગરોળ | ૭ |
| ૨ | માંડવી | ૧૮ |
| ૩ | ઉમરપાડા | ૭ |
| | કુલ : | ૩૨ |

(૨) આ તમામ ચેકડેમો કુલ રૂા. ૩૫૫.૨૪ લાખના ખર્ચે તા. ૩૧-૩-૦૮ સુધીમાં પૂર્ણ કરેલ છે.

(૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સેકટર રીફોર્મ યોજના હેઠળ પાણીની ટાંકીઓ**

અતારાંક્તિ : ૨૯૩ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ વાસ્મો મારફતે મહુવા તેમજ વાલોડ તાલુકામાં કુલ કેટલી પાણીની ટાંકીઓ બનાવી,

(૨) તેમાં ટાંકી વાઈઝ કેટલો ખર્ચ થયો,

(૩) તે પૈકી કેટલી ટાંકીઓ ચાલુ છે, અને

(૪) જે બંધ હાલતમાં છે તેને સરકાર ક્યાં સુધીમાં ચાલુ કરવા માંગે છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૩૧-૭-૦૮) :

(૧) કેન્દ્ર સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ એકપણ નહી, પરંતુ સ્વજલધારા યોજના હેઠળ નીચેની વિગતે.

| તાલુકો | કુલ બનાવેલ ટાંકી |
|---|---|
| મહુવા | ૦ |
| વાલોડ | ૧ |
| કુલ : | ૧ |

(૨) વાલોડ તાલુકામાં બનાવેલ એક ટાંકીનો ખર્ચ રૂા. ૧,૨૯,૮૨૦/-

(૩) વાલોડ તાલુકામાં એક.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નર્મદા યોજના આધારિત રીવર બેડ પાવર હાઉસથી ઉત્પાદીત થતી વિજળી**

અતારાંક્તિ : ૩૨૧ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા યોજના આધારિત રીવર બેડ પાવર હાઉસમાં વીજ ઉત્પાદન ક્યારથી શરૂ થયું, અને

(૨) જાન્યુઆરી, ૨૦૦૮ ના અંત સુધીમાં રીવર બેડ પાવર હાઉસમાંથી કુલ કેટલું વીજ ઉત્પાદન થયું ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)(૨૨-૭-૨૦૦૮) :

(૧) ફેબ્રુઆરી ૨૦૦૫ થી

(૨) ૯૧૯-૦૦ ક્રોડ યુનિટ

--------------

**સરદાર સરોવર યોજના આધારિત વીજ મથકો**

અતારાંક્તિ : ૩૭૨ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર યોજનાના વીજ મથકો ક્યા તબક્કે છે,

(૨) કેનાલ ડેમ પાવર હાઉસમાં વીજ ઉત્પાદન ક્યારથી શરૂ થયુ,

(૩) તા. ૩૧ મી જાન્યુઆરી, ૨૦૦૮ અંત સુધીમાં કેનાલ હેડ પાવર હાઉસમાંથી કેટલું વીજ ઉત્પાદન થયુ, અને

(૪) આ વીજ ઉત્પાદન ક્યાં સુધી ચાલુ રહેશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)(૧૮-૭-૨૦૦૮) :

(૧) બંને પાવર હાઉસના બધા એકમો કાર્યરત છે.

(૨) ઓગસ્ટ ૨૦૦૪ થી

(૩) ૮૪.૩૫ ક્રોડ યુનિટ

(૪) જળ મથકોનું વીજ ઉત્પાદન પાણીની ઉપલબ્ધી ઉપર આધારિત હોય છે.

--------------

**નર્મદા બંધની ઉંચાઈ વધવાથી થયેલ લાભ**

અતારાંક્તિ : ૩૭૫ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર થતાં રાજ્યને શું લાભ થયો, અને

(૨) બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર વધારવા માટે કેટલો ખર્ચ થયેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)(૨૫-૭-૨૦૦૮) :

(૧) બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર થતાં રાજ્યને નીચે મુજબના લાભો થયેલ છે.

(૧) જળાશયની પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો થયેલ છે. ૧૨૧.૯૨ મીટરની ઉંચાઈએ ૧૫૭ ક્રોડ ઘન મીટર વપરાશ માટે જળ ઉપલબ્ધ થયેલ છે.

(૨) જળ વિદ્યુત ઉત્પાદન ક્ષમતામાં વધારો થયેલ છે. જુન-૨૦૦૮ સુધીમાં ૧૦૮૧ ક્રોડ યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે. જેનું મુલ્ય રૂા. ૨૨૧૬.૦૦ ક્રોડ જેટલું થાય છે. જે પેકી રાજ્યનો હિસ્સો ૧૬ ટકા છે.

(૩) ગુજરાતના કુલ ૭૫ શહેરો તથા ૪૧૨૬ ગામોને નર્મદાનું પાણી પીવા માટે પુરૂં પાડી શકાયેલ છે.

(૪) રાજ્યના કુલ ૧૩૧૭ ગામોના ૭૬૦૯૧ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ આપી શકાયેલ છે.

(૨) બંધની ઉંચાઈ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર વધારવા માટે રૂા. ૨૭૨.૬૦ ક્રોડ રૂપિયા ખર્ચ થયેલ છે.

--------------

**કઠલાલ તાલુકામાં પાણી પૂરવઠા યોજનામાં ભ્રષ્ટાચારની મળેલ ફરિયાદો**

અતારાંક્તિ : ૪૨૩ (૨૦-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ગામોને પાણી પૂરવઠા યોજના અન્વયે તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામ અંગે કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોમાં તથ્ય જણાયું છે,

(૩) તથ્ય જણાયેલ ફરિયાદો બાબતે જવાબદાર સામે શું પગલાં લેવામાં આવ્યા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૧-૭-૨૦૦૮) :

(૧) ૧ (એક)

(૨) કોઈમાં નહિ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**ખેડા જિલ્લામાં ચેકડેમો પાછળ ખર્ચ**

અતારાંક્તિ : ૪૨૬ (૧૬-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૧-૧-૦૫ થી ૨૮-૨-૦૮ દરમ્યાન ૬૦:૪૦ યોજના અને ૮૦:૨૦ યોજના અંતગર્ત કુલ કેટલા ચેકડેમો થયા, અને

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ તાલુકાવાર થયો ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૨૯-૭-૨૦૦૮) :

(૧) ૬૦:૪૦ યોજના અંતર્ગત ૦ ચેકડેમો.
૮૦:૨૦ યોજના અંતર્ગત ૬૨ ચેકડેમો

(૨)

| | **તાલુકો** | **ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૭૬.૭૮ |
| ૨ | વિરપુર | ૩૬.૯૯ |
| ૩ | કપડવંજ | ૩૩.૩૭ |
| ૪ | મહુધા | ૧.૧૦ |
| ૫ | નડીયાદ | ૧.૫૬ |
| | **કુલ :** | **૧૪૯.૮૦** |

--------------

**જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાંથી થયેલ આવક**

અતારાંક્તિ : ૪૭ (૪-૩-૨૦૦૮) **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧૨-૨૦૦૭ અંતિત ત્રણ વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં શરતફેરની રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઈ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૮-૭-૨૦૦૮) :

તા. ૩૧-૧૨-૨૦૦૭ અંતિત ત્રણ વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં શરતફેરની રાજ્ય સરકારને રૂા. ૨૫૭,૮૫,૦૮,૨૪૫-૦૦ ની આવક થઈ છે.

--------------

**બારમા (નાણાપંચ) હેઠળ થયેલ રસ્તાના કામો**

અતારાંક્તિ : ૧૯ (૨૧-૨-૨૦૦૮) **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બારમા નાણાપંચ (રાજ્ય) હેઠળ સન ૨૦૦૫-૦૬, ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ક્યા ક્યા અને કેટલા નવા રસ્તા બનાવ્યા,

(૨) કેટલી લંબાઈના, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩૧-૭-૨૦૦૮) :

(૧) સદર યોજના હેઠળ કોઈ નવા રસ્તા બનાવેલ નથી. ૩૧૭ રસ્તાના અનુભાગોની સુધારણા કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) કુલ-૧૭૯૨ કી.મી. લંબાઈની સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આ યોજના ઉપર રૂા. ૨૨૭.૦૮ કરોડનો ખર્ચ થયેલ છે.

-------------

**સાયકલ ખરીદવા ઉચ્ચક રકમ અંગે**

અતારાંક્તિ : ૧૬૩ (૧૭-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાયકલ આપવામાં આવે છે કે સાયકલ ખરીદવા ઉચ્ચક રકમ અને કેટલી રકમ અપાય છે, અને

(૨) આ રકમમાં વધારો કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૨-૭-૨૦૦૮) :

(૧) રૂા. ૧૫૦૦-૦૦ની ઉચ્ચક સહાય ચૂકવવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં આ રકમ વધારીને તા. ૧-૪-૦૮ થી રૂા. ૨૦૦૦/- કરવામાં આવી છે.

-----------

**છાત્રાલયોના નિભાવ ખર્ચમાં વધારો કરવા અંગે**

અતારાંક્તિ : ૧૬૬ (૧૭-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ/છાત્રાલયોમાં સરકારે નિભાવ ખર્ચમાં વધારો કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો વધારો કરેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૭-૭-૨૦૦૮) :

(૧) નિભાવ ખર્ચમાં નહી, પરંતુ નિભાવ ગ્રાન્ટમાં વધારો કરેલ છે.

(૨) નિભાવ ગ્રાન્ટમાં છાત્રદિઠ માસિક રૂા. ૧૫૦/-નો વધારો કરીને માસિક રૂા. ૬૦૦/-કરેલ છે.

**જિલ્લા કક્ષાએ રમતગમત સંકુલમાં બાંધકામ અંગે**

અતારાંક્તિ : ૨૩૧ (૨૦-૭-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં રમતગમતની પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તે માટે જિલ્લા કક્ષાએ રમત ગમત સંકુલોના બાંધકામ માટે કોઈ આયોજન વિચારેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગેની વિગતો શી છે?

**રમતગમત મંત્રીશ્રી** (૨૧-૭-૦૮) :

(૧) હા, જી

(૨) જે જિલ્લાઓમાં અનુકુળ અને પર્યાપ્ત જમીન ઉપલબ્ધ થયેલી છે તેવા રાજ્યના ૧૦ જિલ્લાઓમાં પ્રથમ તબક્કે જિલ્લા રમત સંકુલોનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવેલ છે.

------------

**આણંદ ખેડા જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૩૮૭ (૧૬-૬-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે પેકી વર્ષવાર કેટલી રકમ ખર્ચવામાં આવી, અને

(૩) કઈ કઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કાર્યક્રમ પાછળ કેટલી રકમ ખર્ચવામાં આવી?

**રમતગમત મંત્રીશ્રી** (૨૮-૭-૨૦૦૮) :

(૧) ૨,૫૯,૪૦૦/-

(૨)

| ક્રમ | વર્ષ | આણંદ જિલ્લામાં થયેલ ખર્ચ (રૂપિયામાં) | ખેડા જિલ્લામાં થયેલ ખર્ચ (રૂપિયામાં) | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| (૧) | ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૨૪૯૦૦-૦૦ | ૩૯૯૦૦-૦૦ | ૬૪૮૦૦-૦૦ |
| (૨) | ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ | ૨૪૯૦૦-૦૦ | ૭૪૯૦૦-૦૦ | ૯૯૮૦૦-૦૦ |
| (૩) | ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૨૯૯૦૦-૦૦ | ૫૨૦૦૦-૦૦ | ૮૧૯૦૦-૦૦ |
| | **કુલ :-** | **૭૯૭૦૦-૦૦** | **૧,૬૬,૮૦૦-૦૦** | **૨,૪૬,૫૦૦-૦૦** |

(૩) * પત્રક સામેલ છે.

* (પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------------

**જામનગર જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ અપાયેલ જોડાણો**

અતારાંક્તિ : ૯૯ (૧૨-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાના ધ્રોલ-જોડીયા અને જામનગર તાલુકામાં કુટિરજ્યોતિ અને રાજીવ ગાંધી વિજળીકરણ યોજના હેઠળ કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં આદિજાતિ, અનુ.જાતિ અને ઓ.બી.સી. પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેમને જોડાણો આપવામાં આવતા નથી તે હકીક્ત ખરી છે, અને

(૩) આવા પરિવારોને જોડાણ આપવા સરકાર વિચારે છે કે કેમ ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)(૨૮-૭-૨૦૦૮) :

(૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણના જામનગર જિલ્લાના પ્રોજેકટને કેન્દ્ર સરકારના રૂરલ ઈલેકટ્રીફીકેશન કોર્પોરેશન લિમિટેડ તરફથી તા. ૩૧-૧-૨૦૦૮ સુધી મંજુરી મળેલ ન હતી. પરંતુ મંજુરીની અપેક્ષાએ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં આ પ્રોજેક્ટ હેઠળ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં-૪૭, જોડીયા તાલુકામાં-૧૭૫ અને જામનગર તાલુકામાં ૨૨૧ વીજજોડાણો આપવામાં આવેલ છે. કુટિરજ્યોતિ યોજનાનું આદિજાતિ વિસ્તારોમાં અમલીકરણ થાય છે. જામનગરનો આદિજાતિ વિસ્તારમાં સમાવેશ થતો નથી.

(૨) હા, જી. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આદિજાતિ, અનુસુચિતજાતિ અને ઓ.બી.સી. પરિવારો કે જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેમને આર.જી.જી.વી.વાયનો લાભ આપવામાં આવતો નથી.

(૩) આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસુચિત જાતિની વસ્તીનું વીજળીકરણ અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનાઓમાં લાભાર્થીની આવક રૂા. ૧૧,૦૦૦ કરતાં ઓછી હોય તેવા લાભાર્થીઓ તદઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની **WWW rural dev.gujarat.gov.in** વેબસાઈટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ લાભાર્થીઓને આવરી લેવામાં આવે છે. આગામી બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘરવપરાશના વિજજોડાણ આપવાનું આયોજન છે.

--------------

## જામનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૧૦૦ (૧૨-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) કેટલી અરજીઓનો સર્વે થયેલ છે, કેટલાને ક્નેક્શનો આપવામાં આવ્યો, અને

(૩) તે પૈકી કેટલા ગામોમાં કામ પૂર્ણ થયા, કેટલા સમયમાં કામ પૂર્ણ થશે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)(૨૯-૭-૨૦૦૮) :

(૧) (૨) અને (૩) વિગતો પત્રક-અ માં સામેલ છે.

**પત્રક--અ**

જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ (ગ્રામ્ય વિસ્તાર) | | | | | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ (શહેરી વિસ્તાર) | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | સર્વે થયેલ અરજીઓ | આપેલ ક્નેક્શન | બાકી રહેલ અરજીઓના નિકાલનું આયોજન | તાલુકાનું નામ | નગરપાલિકાનું નામ | મળેલ અરજીઓ | સર્વે થયેલ અરજીઓ | આપેલ ક્નેક્શન | બાકી રહેલ ક્નેક્શન | બાકી રહેલ અરજીઓના નિકાલનું આયોજન. |
| જામનગર | ૧૪૮ | ૧૪૮ | ૧૪૮ | પડતર તમામ અરજીઓના નિકાલ કરવામાં આવ્યો હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | ઓખા મંડળ | દ્વારકા | ૨૮૮ | ૨૮૮ | ૧૧૨ | ૧૭૬ | આ તમામ બાકી અરજીઓમાં શક્ય તેટલા ઝડપથી ક્નેક્શન આપવાનું આયોજન છે. |
| લાલપુર | ૩૦ | ૩૦ | ૩૦ | | કાલાવડ | કાલાવડ | ૧૭ | ૧૭ | ૦ | ૧૭ | |
| ધ્રોળ | ૨૨ | ૨૨ | ૨૨ | | જામજોધપુર | જામજોધપુર | ૧૭ | ૧૭ | ૫ | ૧૨ | |
| જોડીયા | ૧૦૮ | ૧૦૮ | ૧૦૮ | | ખંભાળીયા | ખંભાળીયા | ૧૫૬ | ૧૫૬ | ૧૨૬ | ૩૦ | |
| કાલાવાડ | ૪૪ | ૪૪ | ૪૪ | | ખંભાળીયા | સલાયા | ૮ | ૮ | ૪ | ૪ | |
| જામજોધપુર | ૦ | ૦ | ૦ | | કલ્યાણપુર | રાવલ | ૨૦ | ૨૦ | ૧૮ | ૨ | |
| ભાનવડ | ૦ | ૦ | ૦ | | ઓખામંડળ | ઓખા | ૩૦૦ | ૩૦૦ | ૧૬૦ | ૧૪૦ | |
| ખંભાળીયા | ૯૧૮ | ૯૧૮ | ૯૧૮ | | | કુલ. . . | ૮૦૬ | ૮૦૬ | ૪૨૫ | ૩૮૧ | |
| કલ્યાણપુર | ૯૦ | ૯૦ | ૯૦ | | | | | | | | |
| ઓખામંડળ | ૧૬૬ | ૧૬૬ | ૧૬૬ | | | | | | | | |
| કુલ. . . | ૧૫૨૬ | ૧૫૨૬ | ૧૫૨૬ | | | | | | | | |

-------------

## જામનગર જિલ્લાના ૬૬ કે.વી. સબસ્ટેશનોની કામગીરી

અતારાંક્તિ : ૧૧૩ (૧૨-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૭-૦૮ના નાણાંકીય વર્ષમાં ૬૬ કે.વી. સબ-સ્ટેશનો કેટલા મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ મંજૂર થયેલ પૈકી કેટલાનું કામ શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૩-૭-૨૦૦૮) :

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૭-૦૮ના નાણાંકીય વર્ષમાં ૬૬ કે.વી. ના કુલ ૩ (ત્રણ) સબ-સ્ટેશનો મંજુર કરવામાં આવ્યા,

(૨) અને (૩) મંજુર થયેલ બધાજ સબ-સ્ટેશનોનું કામ પુર્ણ થઈ ગયેલ છે, અને નીચે જણાવેલ તારીખ પ્રમાણે સબ-સ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

| અ.નં. | સબ-સ્ટેશનનું નામ | તાલુકો | કાર્યાન્વિત કર્યાની તારીખ |
|---|---|---|---|
| ૧. | ૬૬ કે.વી. બાબરઝાર | લાલપર | ૨૬-૦૨-૨૦૦૮ |
| ૨. | ૬૬ કે.વી. મોરકંડા | જામનગર | ૨૭-૦૩-૨૦૦૮ |
| ૩. | ૬૬ કે.વી. મોરવાડી | કાલાવડ | ૨૯-૦૨-૨૦૦૮ |

--------------

## ખેડા જિલ્લામાં કુટિર જ્યોત અને રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૨૧૫ (૧૨-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કુટિરજ્યોતિ અને રાજીવગાંધી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં આદિજાતિ, અનુ.જાતિ અને ઓ.બી.સી. પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવતા નથી તે હકીક્ત સાચી છે,

(૩) આવા પરિવારોને જોડાણ આપવા સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) વંચિત પરિવારોને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)(૨૮-૭-૨૦૦૮) :

(૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ પ્રોજેક્ટ ડીસેમ્બર-૦૫માં કેન્દ્ર સરકારના રૂરલ ઈલેક્ટ્રીફીકેશન કોર્પોરેશન લીમીટેડને રજૂ કરેલ જેની મંજૂરી તા. ૩૧-૧-૨૦૦૮ સુધી મળેલ ન હતી. પરંતુ મંજૂરીની અપેક્ષાએ તા. ૩૧મી માર્ચ-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં આ પ્રોજેક્ટ હેઠળ ખેડા જિલ્લાના તાલુકાઓમાં આપવામાં આવેલ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|
| ૧. | બાલાશિનોર | ૧૫૪ |
| ૨. | કપડવંજ | ૧૩૫૧ |
| ૩. | કઠલાલ | ૧૩૦૯ |
| ૪. | ખેડા | ૪૧૨ |
| ૫. | મહુધા | ૧૫૯ |
| ૬. | માતર | ૫૦૨ |
| ૭. | મહેમદાવાદ | ૯૭૨ |
| ૮. | નડીયાદ | ૬૮૬ |
| ૯. | ઠાસરા | ૯૨૭ |
| ૧૦. | વીરપુર | ૮૯૨ |
| | **કુલ :** | **૭૩૬૪** |

જ્યારે કુટીર જ્યોતિ યોજના રાજ્ય સરકારે માત્ર આદિજાતિ વિસ્તારો માટે અમલમાં મુકેલ છે. ખેડા જિલ્લાનો આદિજાતિ વિસ્તારમાં સમાવેશ થતો નથી.

(૨) હા, જી કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આદિજાતિ, અનુસૂચિત જાતિ અને ઓ.બી.સી. પરિવારો કે જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા પરિવારોને આર.જી.જી.વી.વાયનો લાભ આપવામાં આવતો નથી.

(૩) આવા વંચિત પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટીર જ્યોતિ યોજના અનુ.જાતિની વસ્તીનું વીજળીકરણ અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વિજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનાઓમાં લાભાર્થીની આવક રૂા. ૧૧,૦૦૦/- કરતા ઓછી હોય તેવા લાભાર્થીઓ તદઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની **WWW rural dev.gujarat.gov.in** વેબસાઈટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ લાભાર્થીઓને આવરી લેવામાં આવે છે.

(૪) આગામી બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને વીજજોડાણ આપવાનું આયોજન છે.

--------------

## વિજળીકરણ વિનાના મહેસાણા જિલ્લાના ગામો અને પેટાપરાઓ

અતારાંક્તિ : ૩૨૦ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા ગામો અને ક્યા ક્યા પેટાપરાઓ વિજળીકરણ વિનાના છે,

(૨) આ ગામો અને પેટાપરાનું વિજળીકરણ ન થવાનાં કારણો શાં શાં છે, અને

(૩) આ ગામો અને પેટાપરાઓનું વિજળીકરણ કેટલા સમયમાં કરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૨૮-૭-૨૦૦૮) :

(૧) ૨૦૦૧ની સેન્સસ મુજબ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તમામ ૫૯૩ ગામોનું વીજળીકરણ થયેલ છે. જ્યારે ૨૬૮ પેટાપરાઓ પેકી ૨૬૨ પેટાપરાનું વીજળીકરણ થયેલ છે. બાકીના ૬ પેટાપરાની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામ | પેટાપરાનું નામ |
|---|---|---|---|
| ૧ | ખેરાલુ | ખેરાલુ | વૃન્દાનગર |
| ૨ | ખેરાલુ | મંડાલી | શંકરપુરા |
| ૩ | સતલાસણા | ગોઠડા | ઈન્દિરાનગર |
| ૪ | સતલાસણા | કેસરપુરા | ઈન્દિરાનગર |
| ૫ | વડનગર | સોભાસણ | દરજી પ્રજાપતિવાસ |
| ૬ | વડનગર | સોભાસણ | રાવળપરુ |

(૨) ૬ પેટાપરા પેકી વડનગર તાલુકાના સોભાસણ ગામના દરજી પ્રજાપતિવાસનું વીજળીકરણ કરેલ છે. બાકી રહેતા ૫ પેટાપરામાંથી વીજળીકરણની માંગણી આવેલ ન હોઈ વીજળીકરણ થયેલ નથી.

(૩) માંગણી આવ્યેથી વીજળીકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------------

## રાજ્યના કેટેગરી વાઈઝ ફીડર્સની સંખ્યા

અતારાંક્તિ : ૩૨૮ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ રાજ્યમાં ગ્રાહક કેટેગરીવાઈઝ ફીડર્સની સંખ્યા કેટલી છે,

(૨) તે પેકી ઓવરલોડ ફીડર્સ કેટલા છે ?

(૩) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલા ફીડર્સ બાયફરકેશન કરવામાં આવ્યા, કેટલા નવા બનાવવામાં આવ્યા અને

(૪) બાકી રહેતા ઓવરલોડ ફીડર્સનું વિભાગીકરણ ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૩૦-૭-૨૦૦૮) :

(૧)

| કેટેગરી | | ફીડર સંખ્યા |
|---|---|---|
| એલ.ટી.ઈન્ડસ્ટ્રીયલ | - | ૫૬૨ |
| જીઆઈડીસી | - | ૨૦૨ |
| અર્બન | - | ૧૦૪૬ |
| જ્યોતિગ્રામ | - | ૧૭૭૫ |
| એ.જી.ડોમીનન્ટ | - | ૪૨૮૬ |
| એચ.ટી.ઈન્ડસ્ટ્રીયલ | - | ૩૨૧ |
| ઈએચટી | - | ૧૬૩ |
| | કુલ ... | ૮૩૫૫ |

(૨) ૮૮૪

(૩)

| વર્ષ | બાયફરકેશન કરેલ ફીડરની સંખ્યા | નવા બનાવેલ ફીડરની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૨૪ | ૧૯૩ |
| ૨૦૦૪-૦૫ | ૩૧૫ | ૩૭૮ |
| ૨૦૦૫-૦૬ | ૩૬૪ | ૫૯૭ |
| ૨૦૦૬-૦૭ | ૫૧૭ | ૫૩૦ |
| ૨૦૦૭-૦૮ | ૩૮૪ | ૩૧૨ |
| **કુલ...** | **૧૮૦૪** | **૨૦૧૦** |

(૪) બાકી રહેલા ઓવરલોડ ફીડર્સનું વિભાગીકરણ પૂર્ણ કરવાનું આયોજન નીચે મુજબ છે. ૩૯૩ ફીડરોનું બાયફરકેશન ૨૦૦૮-૦૯માં પૂર્ણ કરવાનું આયોજન છે.

જ્યારે બાકીના ફીડર બાયફરકેશનનું કામ ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન નવા સબસ્ટેશન, સબસ્ટેશન ઓગમેન્ટેશન, વગેરેની કામગીરી થયા બાદ ૨૦૧૨ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**કેન્દ્રની વીજળીકરણ યોજનાઓનો રાજ્યના ગામડાઓને અપાયેલ લાભ અંગે**

અતારાંક્તિ : ૩૩૩ (૧૨-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) કેન્દ્ર સરકારની ભારત નિર્માણ યોજના તથા રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજનાઓનો પ્રારંભ થયો ત્યારે રાજ્યમાં કેટલા ગામો, પરાઓ, પેટાપરાઓ, મુવાડાઓ વિગેરે પ્રકારની વસવાટી વસાહતો, ઘરો વિજળીકરણ સિવાય બાકી હતા,

(૨) તે પૈકી તા. ૫-૫-૦૮ સુધી કેટલાને વિજળીકરણની સુવિધાથી આવરી લેવામાં આવ્યા છે અને કેટલા બાકી છે.

(૩) બાકી રહેવાના કારણો શા છે, અને

(૪) કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૨૯-૭-૨૦૦૮) :

(૧) માર્ચ ૨૦૦૫માં કેન્દ્ર સરકારની ભારત નિર્માણ યોજના હેઠળ આર.જી.જી.વી.વાય યોજનાઓનો પ્રારંભ થયો ત્યારે રાજ્યમાં ૧૨૫ ગામો, ૨૨૪૧ પેટાપરાઓ, ૨૫,૪૪,૫૫૭ ઘરો વિજળીકરણથી વંચિત હતા.

(૨) તે પૈકી તા. ૫-૫-૦૮ સુધી ૭૪ ગામો ૨૦૧૦ પેટાપરા અને ૬,૫૫,૨૬૩ ઘરોને રાજ્યની વિવિધ યોજના હેઠળ વિજળીકરણથી આવરેલ છે હાલ ૫૧ ગામો ૨૩૧ પેટાપરા અને ૧૮,૮૯,૨૯૪ ઘરો વિજળીકરણથી વંચિત છે.

(૩) બાકી રહેલ ૫૧ ગામો પેકી ૩ બેટમાં, ૧૮ આરક્ષિત જંગલમાં, ૧૦ વસ્તી વગરના અને ૨૦ ગામો ડુબાણમાં જવાથી વીજળીકરણ થયેલ નથી બાકી રહેલ ૨૩૧ પેટાપરા પેકી ૬૬ વસ્તી વગરના, ૩૩ આરક્ષિત જંગલમાં ૨ ડુબાણમાં હોવાથી વીજળીકરણ થયેલ નથી.

(૪) બાકી રહેતા ૧૩૦ પેટાપરા પેકી ૧૧૩ પેટાપરા રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજનામાં, ૧૦ પેટાપરા બોર્ડર એરિયા ડેવલપમેન્ટ યોજનામાં ૨ ઝુંપડા વીજળીકરણ યોજનામાં અને ૧ એસસીએસપી યોજનામાં સમાવેશ કરેલ છે. ૪ પેટાપરા ગુજરાત પેટર્ન હેઠળ આવરેલ છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

બેટ તેમજ આરક્ષિત જંગલ વિસ્તારના ગામો અને પેટાપરાનું સોલર હોમલાઈટથી વીજળીકરણ કરવાનું આયોજન છે.

૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમિયાન ૫ લાખ ઘરોને વીજળીની સુવિધા આપવાનું આયોજન છે.

------------

## રાજ્યમાં જ્યોતિગ્રામ યોજનાનાં ફીડર્સની સંખ્યા

અતારાંક્તિ : ૩૩૪ (૧૨-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં કુલ કેટલા ફીડર્સ છે, તે પેકી જ્યોતિગ્રામ યોજનાના ફીડર્સની સંખ્યા તથા ટકાવારી કેટલી છે,

(૨) વિવિધ ગ્રાહક કેટેગરીવાર હેવી લોસ (૨૦ ટકાથી વધારે) કરતાં ફીડર્સની સંખ્યા અને ટકાવારી કેટલી છે,

(૩) જ્યોતિગ્રામ ફીડર્સમાં ચોરીનું પ્રમાણ વધારે હોવાની વાત સાચી છે,

(૪) તેને અટકાવવા ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા, અને

(૫) હવે પછી ક્યા પ્રકારનાં પગલાં લેવાનું આયોજન કરવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)(૨૯-૭-૨૦૦૮) :

(૧) રાજ્યમાં કુલ ૮૩૫૫ ફીડર્સ છે, તે પેકી ૧૭૭૫ જ્યોતિગ્રામ ફીડર્સ છે જેની ટકાવારી ૨૧.૨૪ % થાય છે.

(૨) વિવિધ ગ્રાહક કેટેગરીવાર હેવી લોસ (૨૦ ટકાથી વધારે) કરતાં ફીડર્સની સંખ્યા અને ટકાવારી નીચે મુજબ છે.

| કેટેગરી | ફીડર્સની સંખ્યા | હેવી લોસ (૨૦ ટકાથી વધારે) કરતાં ફીડર્સની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ઓદ્યોગિક (એલ.ટી) | ૫૬૨ | ૦૬ | ૧.૦૭% |
| ઓદ્યોગિક (એચ.ટી) | ૩૨૧ | ૦૦ | ૦.૦૦% |
| જી.આઈ.ડી.સી. | ૨૦૨ | ૦૧ | ૦.૫૦% |
| અર્બન | ૧૦૪૬ | ૪૬૨ | ૪૪.૧૭% |
| જ્યોતિગ્રામ | ૧૭૭૫ | ૧૫૧૪ | ૮૫.૩૦% |
| ખેતી વિષયક | ૪૨૮૬ | ૨૨૮૩ | ૫૩.૨૭% |
| ઓદ્યોગિક (ઈ.એચ.ટી) | ૧૬૩ | ૦૦ | ૦.૦૦% |
| કુલ : | ૮૩૫૫ | ૪૨૬૬ | ૫૧.૦૬% |

(૩) ના જી, જ્યોતિગ્રામ ફીડર્સ ઉપર કેટલાક વિસ્તારોમાં વીજ ચોરીનું પ્રમાણ વધુ તો કેટલાક વિસ્તારોમાં વીજ ચોરીનું પ્રમાણ નહીવત હોવાનું માલુમ પડેલ છે. ૨૬૧ જેટલા જ્યોતિગ્રામ ફીડર્સ પર તો લોસીસનું પ્રમાણ ૨૦% કરતાં પણ ઓછું છે.

(૪) તેને અટકાવવા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.

ક. જે વિસ્તારોમાં વીજ ચોરી વધારે માલુમ પડેલ ત્યાં ખુલ્લા વીજ તાર બદલી તેની જગ્યાએ કોટેડ કન્ડકટર/એરિયલ બન્ચ કન્ડકટર લગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ખ. જૂના સીંગલ ફેઝ મીટરોની જગ્યાએ ખાસ એક્યુરસીવાળા મીટરો મૂકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ગ. વીજ ચોરી અટકાવવાનાં બેનર્સ તથા પોસ્ટરો દ્વારા લોક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

ઘ. જે વિસ્તારમાં વીજ ચોરીનું પ્રમાણ વધારે હોય ત્યાં ગ્રામસભા દ્વારા લોકો સાથે મીટીંગ કરી વીજ ચોરી ન કરવા અને વીજ જોડાણ ન હોય તેઓને નવીન વીજ જોડાણ મેળવી લેવા સમજાવવામાં આવેલ અને વીજ ચોરી કરનારને વીજ અધિનિયમ-૨૦૦૩ અન્વયે થનાર સજા બાબતે જાગૃત કરવામાં આવેલ છે.

ચ. વીજ ચોરી કરતાં પકડાયેલ અને અનધિકૃત વીજ વપરાશ કરતાં ગ્રાહકોને નિયમાનુસાર પુરવણી બીલ આપવામાં આવેલ છે, તેમજ જરૂર જણાયે ફોજદારી ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

છ. ટ્રાન્સફોર્મર ડીઓગમેન્ટ કરવાની કાર્યવાહી કરેલ છે.

(૫) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા હવે પછી નીચે મુજબના પગલાં લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

ક. ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર સેન્ટર ઉપર મીટર મૂકી વીજ વપરાશનું એકાઉન્ટીંગ કરી વીજ ચોરી કરતાં ચોક્કસ વિસ્તાર નક્કી કરી સઘન ઈન્સ્ટોલેશન ચેકીંગ કરવાનું આયોજન છે.

ખ. ગામેગામ લોકો સાથે બેઠકો કરી વીજ ચોરી અટકાવવાનું અભિયાન હાથ ધરવાનું આયોજન છે.

ગ. હળવા દબાણની લાઈન ઘટાડી ઓછી કેપેસીટીનાં ટ્રાન્સફોર્મર મૂકી વીજ વિતરણ વ્યવસ્થામાં જરૂરી ફેરફાર કરી વીજલોસ/વીજ ચોરી ઘટાડવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

ઘ. મંજૂર થયેલ લોડ મુજબ ઓછી ક્ષમતાનાં ટ્રાન્સફોર્મર મૂકવાનું આયોજન છે.

ચ. જૂનાં બંધ મીટરો બદલવાની કાર્યવાહી કરી, ફીડર ક્રોસીંગ દૂર કરવા, કન્ડકટર બદલવા વગેરે કાર્યવાહી ચાલુ રાખવાનું આયોજન છે.

--------------

## રાજ્યમાં હોર્સપાવર આધારિત ટેરીફ ભરતા ખેડૂતો

અતારાંક્તિ : ૩૩૫ (૧૨-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં હોર્સ પાવર આધારિત ટેરીફ ભરતાં ખેડૂતો મીટર યુનિટ દર મુજબ કરતાં વધારે વીજબીલ ભરી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) સરકારના સબસીડી સિવાય હોર્સ પાવર મુક્ત ક્નેક્શનો ધરવાતા ખેડૂતો પ્રતિહોર્સ પાવર મુજબ કેટલી રક્મ ચુક્વી રહ્યા છે,

(૩) સરકારની સબસીડી સિવાય મીટર યુનીટ મુક્ત દર મુજબ વીજબીલ ભરતા ખેડૂતો પ્રતિહોર્સ પાવર મુજબ કેટલી રકમ ચુક્વી રહ્યા છે, અને

(૪) ભેદભાવ વિહિન એક્જ સમાન દર લાગુ કરવા સરકારે શી વિચારણા કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)(૨૩-૭-૨૦૦૮) :

(૧) ના, જી., રાજ્યમાં હોર્સ પાવર આધારિત ટેરીફ ભરતા ખેતી વિષયક વીજગ્રાહકો-ખેડૂતો, મીટર યુનિટ દર કરતાં, ઓછું બીલ ભરી રહ્યા છે.

(૨) સરકારના સબસીડી સિવાય હોર્સ પાવર મુક્ત ક્નેક્શનો (મીટર ટેરીફ વાળા વીજ ક્નેક્શનો) ધરાવતા ખેડૂતો તેઓના વીજ વપરાશ અને લાગુ પડતા વીજદર પ્રમાણે રકમ ચૂકવે છે.

(૩) ગુજરાત વીજ નિયમન પંચે મીટર વગરના કૃષિ જોડાણો માટેનો વીજદર રૂા. ૧૪૦/- પ્રતિ હો. પા. પ્રતિ માસ એટલે કે રૂા. ૧૬૮૦/- પ્રતિ હો.પા. પ્રતિ વર્ષ નિયત કરેલ છે. તે મુજબ ચુકવવાના થાય. પરંતુ, આ પ્રકારના એટલે કે, કૃષિ સબસીડી ન મેળવતા હોય તેવા કોઈ કૃષિ વીજ જોડાણ નથી.

(૪) આ બાબત નામદાર વીજ નિયમન પંચના ક્ષેત્રાધિકારમાં આવે છે.

--------------

## પી.ડી.સી. જોડાણોની બાકી વસૂલાત માંડવાળ કરવા અંગે

અતારાંક્તિ : ૩૩૬ (૧૨-૬-૨૦૦૮)**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૧૦-૧૦-૨૦૦૦ના પ્રથમ ટેરીફ એવોર્ડની તારીખે કેટલા ખેડૂતોના ક્નેક્શનો પી.ડી.સી. થયેલ હતા, કેટલી રકમ વસુલવાપાત્ર બાકી હતી,

(૨) તે પૈકી કેટલા ક્નેક્શનો પુનઃ જોડાણ થયા, કેટલી રકમ વસુલ કરવામાં આવી,

(૩) તે પૈકી હાલ કેટલા ક્નેક્શનો હજુ પણ પી.ડી.સી. છે. તેમાં કેટલી રકમ વસુલ થવાની નીકળે છે, અને

(૪) વર્ષો જુની આ રકમ માંડવાળ કરવા રાજ્ય સરકારે શી કામગીરી કરેલ છે કે શી વિચારણા કરેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૯-૭-૨૦૦૮) :

(૧) કુલ ૫૭૬૭૪ ખેડૂતોના ક્નેક્શનો પી.ડી.સી. થયેલ હતા રૂા. ૩૩૦૧.૯૭ લાખની રકમ વસુલવાપાત્ર બાકી હતી.

(૨) તે પૈકી કુલ ૧૬૩૬૮ ક્નેક્શનો પુનઃ જોડાણ થયા અને રૂા. ૬૫૧.૪૩ લાખ વસુલ કરવામાં આવ્યા.

(૩) તે પૈકી હાલ ૪૧૩૦૬ ક્નેક્શનો પીડીસી છે અને રૂા. ૧૬૨૭.૩૨ લાખ વસુલ કરવાના નીકળે છે.

(૪) તે પૈકી વિલંબીત ચાર્જની રકમ માંડવાળ કરવા સરકારે સમાધાન યોજના ૨૦૦૫ (તા. ૧૪-૫-૨૦૦૫થી ૩૦-૯-૨૦૦૫) સુધી દાખલ કરી હતી તથા ગ્રાહક લોક અદાલત દ્વારા પણ વિલંબીત ચુકવણી ચાર્જમાં રાહત મેળવી શકે છે.

--------------

## ધોલેરા બંદરનો વિકાસ

અતારાંક્તિ : ૨૯૭ (૧૨-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે-

ધોલેરા બંદર વિક્સાવવા માટેનો પ્રોજેક્ટ તા. ૩૦-૪-૦૮ની સ્થિતિએ ક્યા તબકકામાં છે ?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો) (૩૦-૭-૨૦૦૮) :

ધોલેરા બંદરના વિકાસ યોજના અંતર્ગત વિવિધ કામગીરી નીચે દર્શાવેલ છે.

ધોલેરા બંદરના વિકાસ માટે મે. ધોલેરા પોર્ટ લી. તા. ૧૬-૯-૯૮ના રોજ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા ઈરાદાપત્ર આપવામાં આવેલ છે અને ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તા. ૨૬-૮-૨૦૦૦ના રોજ મંજુર કરેલ છે. ત્યારબાદ ગુજરાત સરકારના પ્રદુષણ કંટ્રોલ બોર્ડ દ્વારા તા. ૨૭-૧૨-૨૦૦૧ના રોજ એન.ઓ.સી. આપવામાં આવતા કંપની દ્વારા કેન્દ્ર સરકારને પર્યાવરણ સંબંધી મંજુરી મેળવવા દરખાસ્ત કરવામાં આવેલ. કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા તા. ૧૮-૪-૨૦૦૬ના રોજ મંજુરી આપવામાં આવેલ છે. ધોલેરા બંદરના નજીક્ના વિસ્તારમાં નવી યોજનાઓનું આયોજન કરવામાં આવી રહેલ છે, આથી વિકાસકાર દ્વારા સુધારેલ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તેયાર કરવા જુદા જુદા અભ્યાસો જેવા કે, જીઓ ટેકનિક્લ સર્વે, સોઈલ ઈન્વેસ્ટીગેશન, ટોપોગ્રાફીક સર્વે, હાઈડ્રોલીક અને મેથેમેટીક્લ મોડેલ સ્ટડી, ટ્રાફીક સર્વે અને નેવીગેશનલ શીમ્યુલેશન વગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

--------------

## જામનગર જિલ્લામાં આંગણવાડીઓને મંજૂરી

અતારાંક્તિ : ૧૨૩ (૧૩-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓ મળવાપાત્ર છે,

(૨) આ પૈકી કેટલી આંગણવાડીઓ ઉક્ત સ્થિતિએ હયાત છે, અને

(૩) મળવાપાત્ર બાકી આંગણવાડીઓની મંજૂરી ક્યારે આપવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧-૮-૨૦૦૮) :

(૧) ધ્રોલ - ૯૧

જોડીયા - ૧૦૫

જામનગર (ગ્રા) - ૨૩૦

(૨) ધ્રોલ - ૯૧

જોડીયા - ૧૦૫

જામનગર (ગ્રા) - ૨૩૦

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**જામનગર જિલ્લામાં વિધવા પેન્શન યોજના હેઠળ અરજીઓ**

અતારાંક્તિ : ૧૨૪ (૧૩-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં વિધવા પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે,

(૩) મંજૂર થયેલી અરજીઓમાં કેટલાને વિધવા સહાયની કેટલી રકમ ચૂકવવામાં આવી, કેટલાને ચૂકવવાની બાકી છે, અને

(૪) સમયસર વિધવા પેન્શન નહિ ચૂકવવાના શાં કારણો છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૩૧-૭-૨૦૦૮) :

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં ૩૧ ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં વિધવા પેન્શન યોજના હેઠળ ૯૭૭ અરજીઓ આવી,

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | જામનગર | ૨૭૮ |
| (૨) | કાલાવડ | ૩૧ |
| (૩) | લાલપુર | ૨૮ |
| (૪) | જોડીયા | ૧૪ |
| (૫) | ધ્રોલ | ૧૧ |
| (૬) | ખંભાલીયા | ૧૪૧ |
| (૭) | ભાણવડ | ૧૨૨ |
| (૮) | જામજોધપુર | ૧૦૮ |
| (૯) | કલ્યાણપુર | ૯૫ |
| (૧૦) | ધ્વારકા | ૧૪૯ |
| | **કુલ :** | **૯૭૭** |

(૨) મળેલ ૯૭૭ અરજીઓ પૈકી ૪૬૬ અરજીઓ મંજૂર કરવામાં આવી ૪૯૮ નામંજૂર કરવામાં આવી અને ૧૩ અરજીઓનો નિકાલ કરવા હેઠળ તા. ૩૧-૧૨-૦૭ના રોજ બાકી હતી.

(૩) મંજૂર થયેલ ૪૬૬ અરજીઓ પૈકી જે તે વખતે ૪૩૭ લાભાર્થીઓની રૂા. ૫૦.૧૫ લાખની રકમ ચુકવવામાં આવી જ્યારે ૨૮ લાભાર્થીઓની ચુકવણી બાકી હતી. જેનું ચુકવણું થઈ ગયેલ છે.

(૪) ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી પોસ્ટ ઓફિસ બચતખાતા દ્વારા ચૂકવવામાં આવશે.

--------------

## સુરત જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ લાભથી વંચિત બાલીકાઓ

અતારાંક્તિ : ૨૭૧ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલીકા સમૃધ્ધિ યોજના હેઠળ સુરત જિલ્લામાં તાલુકાદીઠ કેટલી બાલીકાઓને લાભ આપવામાં આવ્યો છે અને કેટલી બાલીકાઓ લાભથી વંચિત છે, અને

(૨) બાકી રહેતી બાલીકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવાશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** : (૨૯-૭-૨૦૦૮)

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલીકા સમૃધ્ધિ યોજના હેઠળ સુરત જિલ્લામાં તાલુકાદીઠ નીચે જણાવ્યા મુજબ કુલ ૫૦૧૧ બાલીકાઓને લાભ આપવામાં આવ્યો છે અને કુલ ૭૮૦૩ બાલીકાઓ લાભથી વંચિત છે, તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | લાભ આપવામાં આવેલ બાલિકાઓની સંખ્યા | લાભથી વંચિત બાલિકાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વાલોડ | ૨૦૦ | ૫૦ |
| ૨ | મહુવા | ૩૦ | ૩૦૦ |
| ૩ | માંડવી | ૬૦૦ | ૫૦ |
| ૪ | માંગરોળ | ૭૪૭ | ૧૭૬૯ |
| ૫ | સોનગઢ | ૨૩૯ | ૭૦ |
| ૬ | નિઝર | ૪૪૦ | ૦ |
| ૭ | બારડોલી | ૩૨૫ | ૬૦ |
| ૮ | ઉચ્છલ | ૩૮૪ | ૮૪૮ |
| ૯ | વ્યારા | ૧૧૦૦ | ૭૨૪ |
| ૧૦ | ઓલપાડ | ૫૦૦ | ૭૦ |
| ૧૧ | ચોર્યાસી | ૧૬૬ | ૩૫ |
| ૧૨ | કામરેજ | ૬૧ | ૨૦૮ |
| ૧૩ | પલસાણા | ૧૮ | ૩૫ |
| ૧૪ | ઉમરપાડા | ૦ | ૨૮૦ |
| ૧૫ | સુરત | ૨૦૧ | ૩૩૦૪ |
| | કુલ : | ૫૦૧૧ | ૭૮૦૩ |

(૨) ચાલુ વર્ષ ૨૦૦૮-૦૯થી રાજ્ય સરકારશ્રી દ્વારા આ યોજના હેઠળ રૂા. ૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. સદરહુ જોગવાઈની મર્યાદામાં રહી બાકી રહેલ મહત્તમ બાલિકાઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

-------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| અ.નં. | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | ગૃહ વિભાગ | ૮૬, ૧૨૯, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૧૫, ૩૧૬, ૩૧૭ | ૧૧ |
| ૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૧, ૨૩૩, ૩૦૧ | ૩ |
| ૩ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૨૫ | ૦૧ |
| ૪ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૯૧, ૯૨, ૧૩૨, ૧૪૦, ૨૧૨, ૨૮૫, ૨૮૬, ૨૮૭, ૨૯૦, ૨૯૩, ૩૨૧, ૩૭૨, ૩૭૫, ૪૨૩, ૪૨૬ | ૧૫ |
| ૫ | મહેસૂલ વિભાગ | ૪૭ | ૦૧ |
| ૬ | માર્ગ અને મકાન વિભાગ | ૧૯ | ૦૧ |
| ૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૬૩, ૧૬૬ | ૦૨ |
| ૮ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૨૩૧, ૩૮૭ | ૦૨ |
| ૯ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૯૯, ૧૦૦, ૧૧૩, ૨૧૫, ૩૨૦, ૩૨૮, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬ | ૧૦ |
| ૧૦ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૨૯૭ | ૦૧ |
| ૧૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૨૩, ૧૨૪, ૨૭૧ | ૦૩ |
| | | કુલ :- | ૫૦ |

----------

## ત્રીજી અતારાંકિત યાદી

### રાજ્યમાં નવી શરૂ કરાયેલ પી.ટી.સી. કોલેજો

અતારાંક્તિ : ૫૬ (૫-૩-૨૦૦૮) **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં કેટલી નવી પી.ટી.સી. કોલેજો શરૂ કરવામાં આવી,

(૨) તેમાંથી ગ્રાન્ટેબલ અને નોન ગ્રાન્ટેબલ કોલેજો કઈ કઈ છે, અને

(૩) નવી પી.ટી.સી. કોલેજોમાં સ્ટાફની ભરતી કઈ પધ્ધતિથી કરવામાં આવે છે અને તેમાં કઈ કઈ બાબતનો ખ્યાલ રાખવામાં આવે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૫-૮-૨૦૦૮) :

(૧) ૧૬૧

(૨) આ પૈકી ગ્રાન્ટેબલ એકપણ નથી.

-નોન ગ્રાન્ટેબલ (સ્વનિર્ભર) કોલેજોની યાદી, પત્રક-૧ મુજબ છે.

(૩) નવી પી.ટી.સી. કોલેજોમાં સ્ટાફની ભરતી કરવાની પધ્ધતિ એનસીટીઈ દ્વારા નિયત કરાયેલ નોર્મ્સ, શૈક્ષણિક તથા વ્યવસાયિક લાયકાતના ધોરણે સંચાલક મંડળ દ્વારા કરવામાં આવે છે. જેની વિગતો *પત્રક-૨ માં આપવામાં આવી છે. માન્ય વર્ગો, શૈક્ષણિક તથા વ્યવસાયિક લાયકાતનો ખ્યાલ સંચાલક મંડળ દ્વારા રાખવાનો થાય છે. ભરતી થયા બાદ સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી પાસે સ્ટાફ પ્રોફાઈલ ઉપર પ્રતિ હસ્તાક્ષર કરાવવાનાં થાય છે

(*પત્રક (૧) અને (૨) સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**જામનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિત : ૮૦ (૧૭-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જામનગર જિલ્લામાં ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ક્યા ક્યા હેતુ માટે કુલ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી તાલુકાવાર ક્યા હેતુઓ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાય છે કે કેમ, જો ગ્રાન્ટ પૂરી ન વપરાઈ હોય તો તેના કારણો શાં છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૮-૨૦૦૮) :

(૧) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭ માં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| **વર્ષ** | | **ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં)** | | | |
|---|---|---|---|---|---|
| | **આગળના વર્ષની બચત** | **એસએસએ** | **એનપીઈજીઈએલ** | **મળેલ વ્યાજ** | **કુલ** |
| ૨૦૦૬-૦૭ | ૧૭૦.૪૪ | ૫૮૭.૭૦ | ૩૮.૪૫ | ૭.૦૨ | ૮૦૩.૬૧ |

(૨) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ જામનગર જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ પેકી થયેલ ખર્ચ નીચે મુજબ છે. તેમજ પ્રવૃત્તિવાર થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક-અ આ સાથે સામેલ છે

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** | | |
|---|---|---|---|
| | **એસએસએ** | **એનપીઈજીઈએલ** | **કુલ** |
| ૨૦૦૬-૦૭ | ૬૭૫.૧૫ | ૧૬.૯૫ | ૬૯૨.૧૦ |

માનવ સંશાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા નિયત થયેલ નાણાકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લાવાર બજેટ ભારત સરકારને રજૂ કરવામાં આવે છે. તેમજ ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબો જિલ્લાવાર નિભાવવામાં આવે છે. તાલુકાવાર નિભાવવામાં આવતા નથી.

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બજેટ નિયત કરેલ નાણાકીય જોગવાઈ પ્રમાણે કુલ સંખ્યા ધ્યાને રાખી બનાવવામાં આવે છે. શાળા ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, શાળા નિભાવણી ગ્રાન્ટ વગેરે ખરેખર ગ્રાન્ટ મેળવવાને પાત્ર સંખ્યાના આધારે ફાળવવામાં આવે છે. બચત ગ્રાન્ટ ત્યાર પછીના વર્ષમાં મંજૂર થયેલ પ્રવૃત્તિ માટે વાપરવામાં આવે છે. વળી સિવિલ વર્કસ સ્પીલ ઓવર થતાં હોઈ તે અંગેનો ખર્ચ બીજા વર્ષમાં કરવામાં આવે છે.

**પત્રક-અ**

| **સર્વ શિક્ષા અભિયાન મીશન અંતર્ગત જામનગર જિલ્લામાં એસએસએ-એનપીઈજીઈએલ હેઠળ એકટીવીટીઝ વાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક** | |
|---|---|
| **એકટીવીટીઝનું નામ<br>એસએસએ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં) વર્ષ ૨૦૦૬-૦૭** |
| બ્લોક રિસોર્સ સેન્ટર | ૧૯.૧૮ |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર | ૮.૪૯ |
| સીવીલ વર્કસ | ૨૦૨.૮૮ |
| ઈજીએસ/એઆઈઈ | ૪૩.૧૫ |
| ફ્રી ટેક્સ બુક | ૩૧.૧૦ |
| ઈનોવેટીવ (ઈસીસીઈ/ગર્લ્સ એજ્યુકેશન) | ૩૩.૪૦ |
| આઈઈડી (વિકલાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૨૯.૬૨ |

| | |
|---|---|
| સ્કૂલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૧૨૨.૯૯ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૧૮.૩૫ |
| આર એન્ડ ઈ (રીસર્ચ એન્ડ ઈવેલ્યુએશન) | ૧૧.૫૦ |
| સ્કુલ ગ્રાન્ટ | ૪૯.૬૮ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૩૨.૨૪ |
| ટીએલઈ (ટીચીંગ લર્નીંગ ઈક્વીપમેન્ટ) | ૦.૦૦ |
| ટીચર્સ ટ્રેનીંગ | ૭૨.૨૬ |
| કોમ્યુનિટી (મોબીલાઈઝેશન) | ૦.૩૧ |
| **કુલ :** | **૬૭૫.૧૫** |
| **એનપીઈજીઈએલ** | |
| વધારાના વર્ગખંડોનું બાંધકામ | ૦.૧૬ |
| વીજળી, સંડાસ-મૂતરડી તથા પીવાના પાણીની વ્યવસ્થા | ૦.૦૧ |
| ટીએલઈ ગ્રાન્ટ | ૦.૦૦ |
| રીકરીંગ ગ્રાન્ટ | ૫.૧૨ |
| એવોર્ડ | ૨.૭૫ |
| સ્ટુડન્ટસ ઈવેલ્યુએશન | ૫.૮૩ |
| ટીચર્સ ટ્રેનીંગ | ૦.૮૬ |
| ચાઈલ્ડ કેર સેન્ટર્સ | ૧.૦૫ |
| એડીશનલ ઈનસેન્ટીવસ | ૦.૦૦ |
| મોબીલાઈઝેશન અને મેનેજમેન્ટ કોસ્ટ | ૧.૧૭ |
| **કુલ :** | **૧૬.૯૫** |
| **એસએસએ/એનપીજીઈએલ કુલ ખર્ચ :** | **૬૯૨.૧૦** |

----------------

**જામનગર તાલુકામાં સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટનું મોનીટરીંગ અંગે**

અતારાંક્તિ : ૮૧ (૧૭-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં ધ્રોલ-જોડીયા અને જામનગર તાલુકામાં શિક્ષક તાલીમ તથા સર્વ શિક્ષા અભિયાન મિશન પ્રોજેક્ટનું મોનીટરીંગ થતું નથી, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ અંગે જવાબદાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૬-૮-૨૦૦૮) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ખેડા જિલ્લામાં સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ**

અતારાંક્તિ : ૨૦૫ (૧૭-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા હેતુઓ માટે કુલ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી તાલુકાવાર ક્યા ક્યા હેતુઓ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વપરાવાના કારણો શાં છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૮-૨૦૦૮) :

(૧) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લામાં વર્ષવાર ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| **વર્ષ** | | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | | | |
|---|---|---|---|---|---|
| | **આગળના વર્ષની બચત** | **એસએસએ** | **એનપીઈજીઈએલ** | **મળેલ વ્યાજ** | **કુલ** |
| ૨૦૦૪-૦૫ | ૩૦૩.૦૮ | ૫૩૭.૧૪ | ૧૮.૪૭ | ૧.૧૯ | ૮૫૯.૮૮ |
| ૨૦૦૫-૦૬ | ૧૫.૯૦ | ૧૦૫૬.૬૯ | ૪૩.૧૮ | ૧.૦૬ | ૧૧૧૬.૮૩ |
| ૨૦૦૬-૦૭ | ૩૧.૬૬ | ૯૨૫.૦૦ | ૬.૭૩ | ૩.૬૨ | ૯૬૭.૦૧ |

(૨) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લામાં પ્રવૃત્તિવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** | | |
|---|---|---|---|
| | **એસએસએ** | **એનપીઈજીઈએલ** | **કુલ** |
| ૨૦૦૪-૦૫ | ૮૦૫.૧૪ | ૩૮.૮૪ | ૮૪૩.૯૮ |
| ૨૦૦૫-૦૬ | ૧૦૪૬.૧૧ | ૩૯.૦૬ | ૧૦૮૫.૧૭ |
| ૨૦૦૬-૦૭ | ૯૦૧.૫૬ | ૪.૩૯ | ૯૦૫.૯૫ |

માનવ સંશાધન વિકાસ મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લાવાર બજેટ ભારત સરકારને રજૂ કરવામાં આવે છે. તેમજ ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબો જિલ્લાવાર નિભાવવામાં આવે છે. તાલુકાવાર નિભાવવામાં આવતા નથી.

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બજેટ નિયત કરેલ નાણાંકીય જોગવાઈ પ્રમાણે કુલ સંખ્યા ધ્યાને રાખી બનાવવામાં આવે છે. શાળા ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, શાળા નિભાવણી ગ્રાન્ટ વગેરે ખરેખર ગ્રાન્ટ મેળવવાને પાત્ર સંખ્યાના આધારે ફાળવવામાં આવે છે. બચત ગ્રાન્ટ ત્યાર પછીના વર્ષમાં મંજૂર થયેલ પ્રવૃત્તિ માટે વાપરવામાં આવે છે. વળી સિવિલ વર્કસ સ્પીલ ઓવર થતાં હોઈ તે અંગેનો ખર્ચ બીજા નાણાકીય વર્ષમાં કરી શકાય છે.

-------------

**આણંદ જિલ્લામાં સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ**

અતારાંક્તિ : ૪૦૫ (૧૬-૬-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત આણંદ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા હેતુઓ માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી વર્ષવાર ક્યા હેતુઓ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વપરાવવાના શાં કારણો છે, અને

(૪) આ યોજનામાં રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૮-૨૦૦૮) :

(૧) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત આણંદ જિલ્લામાં વર્ષવાર ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| **વર્ષ** | | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | | | |
|---|---|---|---|---|---|
| | **આગળના વર્ષની બચત** | **એસએસએ** | **એનપીઈજીઈએલ** | **મળેલ વ્યાજ** | **કુલ** |
| ૨૦૦૫-૦૬ | ૧૧૧.૫૨ | ૭૫૩.૫૬ | ૨૦.૬૪ | ૩.૮૨ | ૮૮૯.૫૪ |
| ૨૦૦૬-૦૭ | ૪૦.૫૧ | ૬૯૯.૯૧ | ૧.૭૦ | ૨.૧૬ | ૭૪૪.૨૮ |
| ૨૦૦૭-૦૮ | ૨૩.૦૯ | ૭૬૪.૨૨ | ૫.૫૧ | ૦.૮૧ | ૭૯૩.૬૩ |

(૨) સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ આણંદ જિલ્લામાં પ્રવૃત્તિવાર થયેલ ખર્ચની વિગતો

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | એસએસએ | એનપીજીઈએલ | કુલ |
| ૨૦૦૫-૦૬ | ૮૩૮.૪૬ | ૧૦.૫૭ | ૮૪૯.૦૩ |
| ૨૦૦૬-૦૭ | ૭૧૮.૮૪ | ૨.૩૫ | ૭૨૧.૧૯ |
| ૨૦૦૭-૦૮ | ૭૮૨.૨૧ | ૨.૨૮ | ૭૮૪.૪૯ |

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બજેટ નિયત કરેલ નાણાકીય જોગવાઈ પ્રમાણે કુલ સંખ્યા ધ્યાને રાખી બનાવવામાં આવે છે. શાળા, ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, શાળા નિભાવણી ગ્રાન્ટ વગેરે ખરેખર ગ્રાન્ટ મેળવવાને પાત્ર સંખ્યાના આધારે ફાળવવામાં આવે છે. બચત ગ્રાન્ટ ત્યાર પછીના વર્ષમાં મંજૂર થયેલ પ્રવૃત્તિ માટે વાપરવામાં આવે છે. વળી સિવિલ વર્ક્સ સ્પીલ ઓવર થતાં હોઈ તે અંગેનો ખર્ચ બીજા વર્ષમાં કરવામાં આવે છે.

(૪) સર્વ શિક્ષા અભિયાન યોજનાના અમલ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો ૭૫:૨૫ ટકાનો ૧૦મી પંચવર્ષીય યોજના સુધી હતો અને ત્યાર બાદ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના તા. ૨૫-૯-૨૦૦૭ના પત્ર અન્વયે ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન ભારત સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો નીચે મુજબ રહેશે.

| નાણાંકીય વર્ષ | ભારત સરકારનો ફાળો (%) | રાજ્ય સરકારનો ફાળો (%) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૫ | ૩૫ |
| ૨૦૦૮-૦૯ | ૬૫ | ૩૫ |
| ૨૦૦૯-૧૦ | ૬૦ | ૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૫૫ | ૪૫ |
| ૨૦૧૧-૧૨ | ૫૦ | ૫૦ |

----------

**ખેડા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

અતારાંકિત : ૨૩૪ (૧૬-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કુલ કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૫-૮-૨૦૦૮) :

(૧) ૧૪

(૨) રૂા. ૧૨.૬૮ લાખની

(૩) ૧૪ વેપારીઓ સામે ઈન્ડીયન પીનલ કોડ/ક્રીમીનલ પ્રોસીજર કોડ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. પરંતુ વેચાણવેરા/મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ હેઠળ તપાસ હાથ ધરી, સ્થળ ઉપર વેરા, દંડ, વ્યાજના ચેક મેળવી વસૂલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આકારણી પૂર્ણ કરેલ કેસોમાં ઉપસ્થિત માંગણાની વસૂલાત અર્થે જમીન-મહેસૂલી રાહે કાર્યવાહી હાથ ધરી, નમૂના-૧૫૨ અને નમૂના-૨૦૦ની નોટીસ આપવામાં આવેલ છે. અને બેંક ઉપર ટાંચ મુકવામાં આવેલ છે.

-----------

## આણંદ-ખેડા જીલ્લામાં બંધ ઉદ્યોગો પાસેથી વેચાણવેરાની વસુલ લેવાની બાકી રકમ

અતારાંક્તિ : ૩૮૮ (૧૬-૬-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ અને ખેડા જીલ્લામાં કેટલા ઉદ્યોગો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ ક્યારથી વસુલ કરવાની બાકી છે, અને

(૨) આ ઉદ્યોગો પૈકી કેટલા ઉદ્યોગો ક્યારથી બંધ હાલતમાં છે તે ક્યા ગામે આવેલ છે ?

**નાણા મંત્રીશ્રી** (૫-૮-૨૦૦૮) :

(૧) પત્રક-(૧) મુજબ

(૨) પત્રક -(૨) મુજબ

**પત્રક-૧**

**(૧) ખેડા જીલ્લો** **(રકમ રૂા. લાખમાં)**

| ક્રમ | ઉદ્યોગનું નામ | ધંધાનું નામ | આકારણી આદેશની તારીખ | તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કુલ બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મે. સન સ્ટાર ફ્યુચર વુડ લી. | વૃન્દાવન ફાર્મ, માતર | ૩૧-૩-૨૦૦૩ | ૧૫૫.૫૬ |
| ૨ | કર્ણાવતી એજન્સી | ૭૭૧/૪/૨, જી.આઈ.ડી.સી. પાછળ વનમાળીનગર, નડીયાદ | ૩૦-૬-૨૦૦૩ | ૧૧૩.૬૬ |
| ૩ | સેવાલીયા સીમેન્ટ વર્ક્સ | મુ. સેવાલીયા | ૫-૮-૧૯૯૫ | ૪૫૩.૩૮ |
| ૪ | વરૂણ સીક્રોન | નડીઆદ | ૩૧-૩-૨૦૦૩ | ૨૪.૨૬ |
| ૫ | લાબેક્રા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ | જી.આઈ.ડી.સી., કપડવંજ | ૨૯-૩-૨૦૦૩ | ૫૨.૧૫ |
| ૬ | શ્રી રામ ઓઇલ ઈન્ડસ્ટ્રીઝ | નવાગામ, કપડવંજ | ૨૦-૭-૨૦૦૨ | ૧૭.૯૦ |
| ૭ | ટુ કેર ફાર્માસ્યુટીકલ | કોલેજ રોડ, બાલાસિનોર | ૨૧-૨-૨૦૦૮ | ૩.૭૨ |
| ૮ | જી. ઈ. લાઈટીંગ | નડીઆદ | ૩૧-૩-૨૦૦૫ | ૫૦૫.૪૮ |
| ૯ | પરફેક્ટ પ્લાય ઈન્ડસ્ટ્રીઝ | માતર | ૨૫-૩-૨૦૦૩ | ૨.૧૮ |
| ૧૦ | પુષ્કર ઈન્ડસ્ટ્રીઝ | માતર | ૨૭-૮-૨૦૦૭ | ૩.૦૪ |

**(૧) આણંદ જીલ્લો** **(રકમ રૂા. લાખમાં)**

| ક્રમ | ઉદ્યોગનું નામ | ધંધાનું નામ | આકારણી આદેશની તારીખ | તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | માઈક્રોફાઈન મીનરલ ઈન્ડસ્ટ્રીઝ | ૧. ગુજરાત ચેમ્બર્સ ગ્રીડ રીડ, આણંદ | ૩૧-૧-૧૯૯૮ | ૨૦.૦૫ |
| ૨ | શ્રીનાથજી ઓઇલ ઈન્ડસ્ટ્રીઝ | ઉમરેઠ | ૨૦-૭-૧૯૯૫ | ૦.૦૯ |
| ૩ | સ્વામી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ | આણંદ | ૨૦-૬-૧૯૮૯ | ૦.૩૧ |
| ૪ | વિકાસ ઈન્ડસ્ટ્રીઝ | આણંદ | ૨૪-૧૦-૧૯૮૬ | ૦.૦૫ |
| ૫ | ગાલા બ્રશ ઈન્ડસ્ટ્રીઝ | આણંદ | ૨૦-૧-૧૯૯૭ | ૧.૧૯ |
| ૬ | મીગવેલ્ડ એન્ડ મશીન્સ લીમીટેડ | પ્લોટ નં. ૯/૧, ૮/૩, જી.આઈ.ડી.સી. વિઠ્ઠલ ઉદ્યોગ નગર | ૩૧-૩-૨૦૦૩ | ૯.૭૬ |
| | | | ૩૧-૩-૨૦૦૪ | ૮.૨૩ |
| | | | ૩૧-૩-૨૦૦૫ | ૩૮.૦૩ |
| | | | ૩૧-૩-૨૦૦૬ | ૪૧.૧૧ |
| | | | ૩૧-૩-૨૦૦૭ | ૧૧.૭૬ |
| ૭ | રાજેશ ડેરી પ્રોડક્ટસ | ૪૪૭, જી.આઈ.ડી.સી. વિઠ્ઠલ ઉદ્યોગ નગર | ૩૧-૫-૨૦૦૨ | ૨૯૦.૦૦ |
| ૮ | સુપર સ્ટાર વેલ્ડીંગ પ્રા. લીમીટેડ. | જી.આઈ.ડી.સી. વિઠ્ઠલ ઉદ્યોગ નગર | ૨૮-૩-૨૦૦૪ | ૧૪૯.૫૧ |

| **ક્રમ** | **ઉદ્યોગનું નામ** | **ધંધાનું નામ** | **આકારણી આદેશની તારીખ** | **તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બાકી રકમ** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૯ | ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ | મુ. પાળજ | ૩૦-૩-૧૯૯૧ | ૮૬૪.૮૮ |
| ૧૦ | પર્લ પરીફેરલ્સ | જી.આઈ.ડી.સી. સોજીત્રા | ૨૩-૩-૨૦૦૫ | ૧૩૮૭.૭૦ |
| ૧૧ | અંબિકા કેમિકલ્સ | પાળજ | ૩૦-૯-૨૦૦૦ | ૧૧.૫૪ |
| ૧૨ | ગાયત્રી રીફાઈલ્સ | બોરસદ | ૧૯૯૮-૯૯ | ૧૦.૧૯ |
| ૧૩ | શુભ લક્ષ્મી મીલ | ખંભાત | ૧૫-૧૦-૧૯૭૫ | ૦.૦૧ |
| | | | ૧૭-૧૧-૧૯૭૫ | ૦.૧૧ |
| | | | ૨૯-૧૦-૧૯૭૭ | ૦.૦૭ |
| | | | ૫-૮-૧૯૮૭ | ૦.૦૨ |
| | | | ૧૮-૭-૧૯૮૮ | ૦.૬૧ |
| | | | ૪-૧૦-૧૯૯૨ | ૧.૮૯ |
| | | | ૩૧-૩-૧૯૯૩ | ૪.૫૪ |
| | | | ૨૫-૧૦-૧૯૯૪ | ૪.૬૧ |
| | | | ૨૨-૪-૧૯૯૭ | ૦.૯૪ |
| ૧૪ | ચુનીલાલ ફાઉન્ડ્રી | કંસારી ખંભાત | ૩૦-૫-૨૦૦૧ | ૧.૫૪ |
| | | | ૧૦-૧૦-૧૯૯૯ | ૧.૧૬ |
| | | | ૩૧-૮-૨૦૦૧ | ૧૮.૧૬ |
| ૧૫ | કેશવાનંદ સીન્થેટીક્સ | ખંભાત | શરતભંગના ૧૫-૧૨-૯૮ | ૨૪.૦૦ |
| ૧૬ | વી.આઈ.પી. લેબોરેટરી | ખંભાત | ૩૦-૯-૧૯૯૨ | ૩.૨૪ |
| ૧૭ | આર. આર. ક્રોસ્મો. | જી.આઈ.ડી.સી. ખંભાત | ૩૦-૯-૧૯૯૨ | ૭.૩૨ |
| ૧૮ | રાજપ્રકાશ સ્પીનીંગ | લાલબાગ સામે, ખંભાત | ૫-૧૦-૧૯૮૨ | ૦.૧૩ |
| | | | ૨૭-૧૦-૧૯૮૬ | ૦.૩૪ |
| | | | ૩૧-૧૨-૧૯૯૦ | ૩૦.૩૩ |
| | | | ૩૦-૫-૧૯૯૨ | ૧૧.૨૬ |
| | | | ૧૯-૩-૧૯૯૭ | ૦.૪૮ |
| | | | ૩૦-૪-૧૯૯૭ | ૧૯.૮૮ |
| | | | ૩૧-૧૨-૧૯૯૯ | ૧૫.૫૪ |
| | | | ૩૦-૧૧-૧૯૯૯ | ૮૨.૭૪ |
| | | | ૫-૧૦-૧૯૮૨ | ૦.૦૫ |
| | | | ૩૧-૧૨-૧૯૯૦ | ૦.૦૯ |
| | | | ૩૦-૪-૧૯૯૭ | ૪૮.૪૪ |
| ૧૯ | ન્યુઝલીચ મેડીક પ્રિન્ટર્સ | જી.આઈ.ડી.સી. ખંભાત | ૩૧-૩-૧૯૯૯ | ૧૩.૪૬ |
| ૨૦ | ખેડા જીલ્લા દૂધ ઉત્પાદક સ. મ. લી. આણંદ | આણંદ | ૩૧-૭-૧૯૯૬ | ૫૨.૦૯ |
| ૨૧ | સુરમંદિર સ્ટેશન રોડ, | આણંદ | ૪-૧૧-૨૦૦૭ | ૮૪.૧૪ |
| ૨૨ | બર્જર પેઈન્ટસ ઈ. લી. | પ્લોટ નં. ૪૪૩ જી.આઈ.ડી.સી. વિઠ્ઠલઉદ્યોગ નગર | ૨૭-૧૧-૧૯૯૯ | ૯૬.૧૨ |
| | | | ૧૯-૪-૨૦૦૩ | ૧૮.૮૫ |
| ૨૩ | ઈન્ડાબ્રેટર લીમીટેડ | આણંદ સોજીત્રા રોડ, કરમસદ | ૨૪-૯-૧૯૯૧ | ૦.૩૩ |
| | | | ૨૯-૯-૧૯૯૭ | ૩.૨૩ |
| ૨૪ | ઈન્ડકટો કાસ્ટ | જી.આઈ.ડી.સી. વિઠ્ઠલઉદ્યોગ નગર | ૨૭-૧૧-૧૯૯૭ | ૧૦.૧૭ |
| ૨૫ | મેરીગોલ્ડ પેઈન્ટસ પ્રા. લી. | જી.આઈ.ડી.સી. વિઠ્ઠલઉદ્યોગ નગર | ૩૦-૬-૨૦૦૫ | ૭.૪૩ |
| ૨૬ | વિસ્વકર્મા પેટર્ન એન્જીનીયરીંગ વર્ક્સ | જી.આઈ.ડી.સી. વિઠ્ઠલઉદ્યોગ નગર | ૩૧-૩-૨૦૦૭ | ૩.૪૭ |
| ૨૭ | પટેલ પેટ્રોકેમ. મુ. પાળજ | મુ. પાળજ, પેટલાદ | ૩૦-૯-૨૦૦૦ | ૬૦૯.૯૭ |
| ૨૮ | પ્રિઝમ ઈન્ડસ્ટ્રીઝ | કલમસર-ખંભાત | ૩૦-૧૧-૨૦૦૩ | ૦.૨૦ |
| | | | ૩૦-૩-૨૦૦૪ | ૦.૪૦ |

| ક્રમ | ઉદ્યોગનું નામ | ધંધાનું નામ | આકારણી આદેશની તારીખ | તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૯ | કેમ્બે કેમ. | કલમસર, ખંભાત | ૩૧-૩-૨૦૦૭ | ૧.૪૫ |

**પત્રક-૨**

## (૧) ખેડા જિલ્લો

| ક્રમ | ઉદ્યોગનું નામ | ધંધાનું નામ | ધંધો ક્યારથી બંધ છે. |
|---|---|---|---|
| ૧ | મે. સન સ્ટાર ફ્યુચર વુડ લી. | વૃન્દાવન ફાર્મ, માતર | ૧-૪-૨૦૦૦ |
| ૨ | કર્ણાવતી એજન્સી | ૭૭૧/૪/૨, જીઆઈડીસી પાછળ વનમાળીનગર, નડીયાદ | ૧-૭-૨૦૦૨ |
| ૩ | સેવાલીયા સીમેન્ટ વર્ક્સ | મુ. સેવાલીયા | ૧-૧-૧૯૮૯ |
| ૪ | વરૂણ સીકોન | નડીયાદ | ૧-૪-૧૯૯૯ |
| ૫ | લાબેકા ઓઈલ ઈન્ડ. | જીઆઈડીસી, કપડવંજ | ૩૧-૩-૨૦૦૬ |
| ૬ | શ્રીરામ ઓઈલ ઈન્ડ. | નવાગામ, કપડવંજ | ૩૧-૩-૨૦૦૬ |

## (૨) આણંદ જિલ્લો

| ક્રમ | ઉદ્યોગનું નામ | ધંધાનું નામ | ધંધો ક્યારથી બંધ છે. |
|---|---|---|---|
| ૧ | માઈક્રોફાન મીનરલ ઈન્ડ | ૧, ગુજરાત ચેમ્બર્સ ગ્રીડ રીડ, આણંદ | ૧૬-૮-૯૭ |
| ૨ | શ્રીનાથજી ઓઈલ ઈન્ડ | ઉમેરેઠ | ૩૧-૩-૯૪ |
| ૩ | સ્વામી એગ્રો. ઈન્ડ. | આણંદ | ૧-૭-૧૯૮૭ |
| ૪ | વિકાસ ઈન્ડસ્ટ્રીઝ | આણંદ | ૩૧-૭-૮૭ |
| ૫ | ગાલા બ્રશ ઈન્ડસ્ટ્રીઝ | આણંદ | ૩૧-૩-૯૬ |
| ૬ | મીગવેલ્ડ એન્ડ મશીન્સ લી. | પ્લોટ નં. ૯/૧, ૮/૩ જીઆઈડીસી વિ.ઉ.નગર | ૧-૪-૨૦૦૩ |
| ૭ | રાજેશ ડેરી પ્રોડક્ટસ | ૪૪૭ જીઆઈડીસી વિ.ઉ.નગર | ૧-૪-૨૦૦૨ |
| ૮ | સુપર સ્ટાર વેલ્ડીંગ પ્રા.લી. | જીઆઈડીસી વિ.ઉ.નગર | ૧-૪-૨૦૦૦ |
| ૯ | ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ | મું. પાળજ | ૧-૪-૨૦૦૨ |
| ૧૦ | પર્લ પરીફેરલ્સ | જીઆઈડીસી, સોજીત્રા | ૧-૧૦-૨૦૦૩ |
| ૧૧ | અંબિકા કેમીકલ્સ | મુ. પાળજ | ૩૧-૩-૨૦૦૦ |
| ૧૨ | ગાયત્રી રીફાઈલ્સ | બોરસદ | ૧-૪-૨૦૦૦ |
| ૧૩ | શુભ લક્ષ્મી મીલ | ખંભાત | ૧-૪-૯૪ |
| ૧૪ | ચુનીલાલ ફાઉંડ્રી | કંસારી ખંભાત | ૧-૪-૯૫ |
| ૧૫ | કેશવાનંદ સીન્થે | ખંભાત | ૧-૧-૯૯ |
| ૧૬ | વી.આઈ.વી. લેબો | ખંભાત | ૧-૪-૮૯ |
| ૧૭ | આર. આર. કોસ્મો | જીઆઈડીસી, ખંભાત | ૧-૪-૮૮ |
| ૧૮ | રાજ પ્રકાશ સ્પીનીંગ | લાલબાગ સામે, ખંભાત | ૧-૪-૯૪ |
| ૧૯ | ન્યુઝલીચ મેડીક પ્રીન્ટર્સ | જીઆઈડીસી, ખંભાત | ૧-૪-૮૮ |

--------------

## ધ્રોલ, જોડિયા અને જામનગર તાલુકામાં જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનો

અતારાંક્તિ : ૯૮ (૨૭-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં તા. ૩૧-૧૨-૦૭ના સ્થિતિએ જાહેર વિતરણ વ્યવસ્થાની કેટલી દુકાનો આવેલ છે,

(૨) આ આવેલ દુકાનોમાં અરજદારોને નિયમિત અનાજ અને કેરોસીનનો જથ્થો મળે છે કે કેમ, અને

(૩) જો ન મળતો હોય તો નિયમિત જથ્થો ન મળવાના કારણો શું છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૪-૮-૨૦૦૮) :

(૧) ૧૪૬.

(૨) હા.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડ બાબત

અતારાંક્તિ : ૨૨૧ (૨૭-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ મેળવવા કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૪-૮-૨૦૦૮) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ મેળવવા આવેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | કુલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નડીયાદ શહેર | ૯૮૨ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૪૫૩ |
| ૩ | માતર | ૯૮ |
| ૪ | ખેડા | ૧૭૮ |
| ૫ | મહેમદાવાદ | ૧૩૪ |
| ૬ | મહુધા | ૭૮૫ |
| ૭ | કઠલાલ | ૨૬૦ |
| ૮ | કપડવંજ | ૨૨૪ |
| ૯ | ઠાસરા | ૨૮૩ |
| ૧૦ | બાલાસિનોર | ૧૫૬ |
| ૧૧ | વિરપુર | ૪૪ |
| | કુલ સરવાળો | ૩૫૯૭ |

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | કુલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નડીયાદ શહેર | ૯૮૨ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૪૫૩ |
| ૩ | માતર | ૯૮ |
| ૪ | ખેડા | ૧૭૮ |
| ૫ | મહેમદાવાદ | ૧૩૪ |
| ૬ | મહુધા | ૭૮૫ |
| ૭ | કઠલાલ | ૨૬૦ |

| અ.નં. | તાલુકો | કુલ અરજીઓ |
|---|---|---|
| ૮ | કપડવંજ | ૨૨૪ |
| ૯ | ઠાસરા | ૨૮૩ |
| ૧૦ | બાલાસિનોર | ૧૫૬ |
| ૧૧ | વિરપુર | ૪૪ |
| | કુલ સરવાળો | ૩૫૯૭ |

(૩) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ તમામ અરજીઓનો નિકાલ થયેલ હોય તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં મળેલ કોઈ અરજી પડતર નથી.

--------------

## ખેડા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો આપવા બાબત

અતારાંક્તિ : ૨૨૩ (૨૧-૭-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો વસ્તીના ધોરણે આપવામાં આવી છે કે કેમ,

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી દુકાનો કાર્યરત છે,

(૩) કાર્યરત દુકાનોએ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના નિયમનો ભંગ કરેલ છે કે કેમ, અને

(૪) આવી દુકાનોના પરવાનેદારો સામે શાં પગલાં ભરવામાં આવ્યાં ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૮-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) ૩૫૪.

(૩) હા, જી.

(૪) વાજબી ભાવની દુકાનોના પરવાનેદારો સામે તપાસણી સમયે ધ્યાને આવેલ ક્ષતિઓ/ગેરરીતિઓ સંદર્ભે નીચે મુજબ પગલાં ભરવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| (૧) | પાડવામાં આવેલ દરોડાની સંખ્યા | રૂા. ૩૩૭/- |
| (૨) | કબજે લીધેલ જથ્થાની કિંમત | રૂા. ૩,૬૮,૯૩૮/- |
| (૩) | રાજ્ય સાત કરેલ જથ્થાની કિંમત | રૂા. ૧,૫૮,૨૨૯/- |
| (૪) | કરારનામા-પરવાના ડીપોઝીટ રાજ્યસાત | રૂા. ૩,૬૨,૨૨૫/- |
| (૫) | મોકુફ રાખેલ પરવાનાની સંખ્યા | ૨૮ |
| (૬) | પરવાના રદ કર્યા | ૬ |
| (૭) | કોર્ટ કેસની સંખ્યા | ૧ |

--------------

## સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

અતારાંક્તિ : ૨૬૪ (૭-૭-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો વસ્તીના ધોરણે આપવામાં આવી છે કે કેમ,

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી કાર્યરત છે,

(૩) કાર્યરત દુકાનોએ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના નિયમોનો ભંગ કરેલ છે કે કેમ, અને

(૪) આવા દુકાનોના પરવાનેદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૪-૮-૨૦૦૮) :

(૧) હા.

(૨) ૧૨૩૧.

(૩) હા.

(૪) વાજબી ભાવની દુકાનના સંચાલકો સામે તપાસણી સમયે ધ્યાને આવેલ ક્ષતિઓ/ગેરરીતિઓ સંદર્ભે પરવાનેદારની પરવાના ડીપોઝીટ, કરારનામા ડીપોઝીટ તેમજ તપાસણી સમયે સરકારશ્રી હસ્તક કબજે કરેલ જથ્થો રાજ્યસાત તેમજ દંડ કરવા જેવા પગલા ભરવામાં આવેલ છે.

------------

**જોડિયા તાલુકા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની માંગણી**

અતારાંક્તિ : ૧૦૯ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના આમરણ ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જુના આમરણમાં રાખવા માટેની કોઈ માંગણીઓ સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જુના આમરણ ગામમાં રાખવા માંગે છે કે નવા આમરણમાં રાખવા માંગે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨-૮-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) જુના આમરણ ખાતેનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન ભૂકંપ ૨૦૦૧માં નાશ પામતા હવે જુના તથા આમરણ ગામ વચ્ચે માત્ર અડધો કી. મી. થી પણ ઓછા અંતરે નવા બિલ્ડીંગમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે જેથી હવે જુના આમરણ ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત રાખવા અંગેનો પ્રશ્ન રહેતો નથી.

--------------

**ખેડા જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા કરતા ડોકટરો**

અતારાંક્તિ : ૧૫૭ (૨૦-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ""સ્ત્રી ભૃણ"" હત્યા કરતા કેટલા ડોકટરો પકડવામાં આવ્યા, અને

(૨) ભુતિયા ડોકટર દ્વારા કરવામાં આવતી સ્ત્રી ભૃણ હત્યા રોકવા સરકારે શાં પગલાં ભર્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૮-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા કરતા એક પણ ડોકટર પકડાયા નથી.

(૨) ભુતિયા ડોકટર દ્વારા કરવામાં આવતી સ્ત્રી ભૃણ હત્યાનો એકપણ કિસ્સો સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ નથી તેમ છતાં સ્ત્રી ભૃણ હત્યા રોકવા સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

-સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અંગેના ધીપીસી એન્ડ પીએનડીટીએકટ-૧૯૯૪નો કડક રીતે રાજ્યમાં અમલ કરેલ છે.

-ધી પી સી એન્ડ પીએનડીટીએકટ-૧૯૯૪ હેઠળ અત્યાર સુધીમાં ૨૯૨૨ સંસ્થાઓને રજીસ્ટર્ડ કરેલ છે. તેમાં ખેડા જિલ્લાની ૬૬ સંસ્થાઓનો સમાવેશ થાય છે.

-૧૪૭ સોનોગ્રાફી મશીનો સીલ કરેલ હતા

-૭૯ સામે કોર્ટ કેસ કરેલ છે.

-લોકોમાં જનજાગૃત્તિ લાવવા રાજ્યમાં "બેટી બચાવો" અભિયાન શરૂ કરેલ છે.

-અસંખ્ય સેમીનીર, વર્કશોપ, લોકમેળાવડા, યાત્રાઓ યોજવામાં આવેલ છે.

-પ્રિન્ટ મીડીયા, ઈલેકટ્રોનીક્સ મીડીયા અને રેડીયો દ્વારા પ્રચાર-પ્રસાર કરેલ છે.

-ન્યાયતંત્રને વાકેફ કરવા માટે ઉચ્ચસ્તરીય એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં નામ, સુપ્રિમ કોર્ટના બે ન્યાયાધીશો, નામ, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય જીલ્લાના ન્યયાધીશોએ આ સેમીનારમાં હાજરી આપેલ હતી.

-જિલ્લા કક્ષાએ કાયદાના અમલ માટે જિલ્લાના કલેકટરશ્રીને જીલ્લાએપ્રોપ્રિએટ ઓથોરીટી (પીએનડીટી) તરીકે જાહેર કરવામાં આવેલ છે.

---------------

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ આર્થિક સહાય**

અતારાંક્તિ : ૨૪૯ (૧૩-૬-૨૦૦૮) શ્રી **દિતાભાઈ મછાર**(ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં કેટલી મહિલાઓને રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ આર્થિક સહાય આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી મહિલાઓને તાલુકવાર કેટલી સહાય આપવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૮-૨૦૦૮) :

(૧) દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ તા. ૩૧-૩-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ ૧૪૫૭૫ મહિલાઓને સાહય આપવામાં આવી. (આ સાથે બે વર્ષના તાલુકાવાર પત્રક-૧ સામેલ છે.)

(૨) આ યોજના અંતગર્ત કુલ રૂા. ૯૫,૨૩,૭૦૦/- (અંકે રૂપિયા પંચાણું લાખ ત્રેવીસ હજાર સાતસો પુરા) ની સહાય આપવામાં આવી. (આ સાથે બે વર્ષના તાલુકાવાર પત્રક-૨ સામેલ છે.)

**પત્રક--૧**

**દાહોદ જિલ્લામાં તા. ૩૧-૦૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ નીચે જણાવેલ તાલુકામાં લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.**

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓ | | લાભાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | |
| ૧ | દાહોદ | ૪૫૩ | ૧૮૧૨ | ૨૨૬૫ |
| ૨ | ગરબાડા | ૧૩૦૫ | ૧૨૩૯ | ૨૫૪૪ |
| ૩ | ઝાલોદ | ૬૧૮ | ૨૭૦૫ | ૩૩૨૩ |
| ૪ | લીમખેડા | ૧૦૫૦ | ૧૯૯૧ | ૩૦૪૧ |
| ૫ | ધાનપુર | ૩૪૭ | ૧૦૭૭ | ૧૪૨૪ |
| ૬ | પેથાપુર | ૫૪૪ | ૯૦૮ | ૧૪૫૨ |
| ૭ | દેવગઢ બારીયા | ૩૧૦ | ૨૧૬ | ૫૨૬ |
| | કુલ | ૪૬૨૭ | ૯૯૪૮ | ૧૪૫૭૫ |

**પત્રક--૨**

**દાહોદ જિલ્લામાં તા. ૩૧-૦૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના હેઠળ નીચે જણાવેલ તાલુકાવાર સહાય આપવામાં આવી.**

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર થયેલ ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | |
| ૧ | દાહોદ | ૩૧૭૭૦૦ | ૧૧૬૧૧૦૦ | ૧૪૭૮૮૦૦ |
| ૨ | ગરબાડા | ૮૯૧૯૦૦ | ૮૧૮૫૦૦ | ૧૭૧૦૪૦૦ |
| ૩ | ઝાલોદ | ૪૩૪૨૦૦ | ૧૭૩૧૫૦૦ | ૨૧૬૫૭૦૦ |
| ૪ | લીમખેડા | ૭૨૫૬૦૦ | ૧૩૨૨૭૦૦ | ૨૦૪૮૩૦૦ |
| ૫ | ધાનપુર | ૨૪૨૯૦૦ | ૬૯૩૩૦૦ | ૯૩૬૨૦૦ |
| ૬ | પેથાપુર | ૩૧૩૧૦૦ | ૫૪૦૮૦૦ | ૮૫૩૯૦૦ |

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર થયેલ ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૭ | દેવગઢ બારીયા | ૨૦૩૮૦૦ | ૧૨૬૬૦૦ | ૩૩૦૪૦૦ |
| | **કુલ** | **૩૧૨૯૨૦૦** | **૬૩૯૪૫૦૦** | **૯૫૨૩૭૦૦** |

---------------

## આદિજાતિ વિસ્તારમાં સિકલસેલના દર્દીઓ બાબત

અતારાંકિત : ૨૭૬ (૨૦-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓના આદિવાસી વિસ્તારમાં સિકલસેલ રોગના દર્દીઓ વધારે જોવા મળે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેના નિરાકરણ માટે સરકારે શું આયોજન વિચારેલ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૪-૮-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ અને સ્વેચ્છિક સંસ્થાઓના સહયોગથી આ જિલ્લાઓના આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં સિકલસેલ એનિમીયા રોગ અંગેની સ્ક્રીનીંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી સિકલ ટ્રેઈટ ધરાવતા વ્યક્તિઓને જરૂરી સારવાર માટેની વ્યવસ્થા આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે.

વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સિકલસેલ અનિમીયા રોગના નિયંત્રણ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા. ૭૫.૦૦ લાખ તથા ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય ગ્રામિણ આરોગ્ય મિશન અંતગર્ત એડીશનાલીટી ફંડ તરીકે રૂા. ૭૪૦.૮૫ લાખ સિકલસેલ એનિમીયા કંન્ટ્રોલ પ્રોજેકટ હેઠળ હાથ ધરવાની થતી જુદી જુદી પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

-------------

## જનની સુરક્ષા યોજના હેઠળ નાણાનો ખર્ચ

અતારાંકિત : ૨૭૮ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જનની સુરક્ષા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યાં, અને

(૨) કેટલા નાણાનો ખર્ચ કરવામાં આવ્યો?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૧-૮-૨૦૦૮) :

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જનની સુરક્ષા યોજના અંતર્ગત ૨૩૪૮૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

(આ સાથે પત્રક-૧ સામેલ છે.)

(૨) સુરત જિલ્લામાં તા.૩૧-૧-૦૮ સુધીમાં રૂા. ૯૧૮૧૩૦૫/- ખર્ચ થયેલ છે.

**પત્રક :-૧**

સુરત જિલ્લામાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જનની સુરક્ષા યોજના હેઠળ નીચે જણાવેલ તાલુકામાં લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે

| અ. નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓ | | લાભાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | |
| ૧ | ચોર્યાસી | ૨૪૩ | ૨૫૬ | ૪૯૯ |
| ૨ | કામરેજ | ૩૯૩ | ૩૮૯ | ૭૮૨ |
| ૩ | પલસાણા | ૪૩૭ | ૭૬૮ | ૧૨૦૫ |

| અ. નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓ | | લાભાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| | | **૨૦૦૬-૦૭** | **૨૦૦૭-૦૮** | |
| ૪ | ઓલપાડ | ૩૮૮ | ૩૪૧૨ | ૩૮૦૦ |
| ૫ | બારડોલી | ૩૪૫ | ૮૯૩ | ૧૨૩૮ |
| ૬ | મહુવા | ૨૯૯ | ૧૪૪૬ | ૧૭૪૫ |
| ૭ | વાલોડ | ૪૯૭ | ૯૧૯ | ૧૪૧૬ |
| ૮ | વ્યારા | ૩૨૯ | ૨૨૩૯ | ૨૫૬૮ |
| ૯ | સોનગઢ | ૮૭૮ | ૨૬૩૧ | ૩૫૦૯ |
| ૧૦ | માંડવી | ૪૪૯ | ૧૨૪૭ | ૧૬૯૬ |
| ૧૧ | માંગરોળ | ૬૧૭ | ૨૯૩૪ | ૩૫૫૧ |
| ૧૨ | નિઝર | ૩૨૬ | ૧૧૫૩ | ૧૪૭૯ |
| | **કુલ** | **૫૨૦૧** | **૧૮૨૮૭** | **૨૩૪૮૮** |

## સુરત જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા

અતારાંક્તિ : ૨૭૯ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા કરતા કેટલા ડૉક્ટરો પકડવામાં આવ્યા, અને

(૨) ભુતિયા ડૉક્ટર દ્વારા કરવામાં આવતી સ્ત્રી ભૃણ હત્યા રોકવા સરકારે લીધેલા પગલાંની વિગતો શી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૬-૮-૨૦૦૮) :

(૧) તા.૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં સ્ત્રી ભૃણ હત્યા કરતા એક પણ ડૉક્ટર પકડાયા નથી. (પરંતુ પીએનડીટી એક્ટ ના ભંગ કરવા બદલ બે ડૉક્ટરો પકડવામાં આવ્યા છે. તેમની સામે કોર્ટ કેસની કાર્યવાહી ચાલુમાં છે.)

(૨) ભુતિયા ડૉક્ટર દ્વારા કરવામાં આવતી સ્ત્રી ભૃણ હત્યાનો એકપણ કિસ્સો સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ નથી તેમ છતાં સ્ત્રી ભૃણ હત્યા રોકવા સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

- સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અંગેના ધી પીસી એન્ડ પીએનડીટી એક્ટ-૧૯૯૪ નો કડક રીતે રાજ્યમાં અમલ કરેલ છે.
- ધી પી સી એન્ડ પીએનડીટી એક્ટ-૧૯૯૪ હેઠળ અત્યાર સુધીમાં ૨૯૨૨ સંસ્થાઓને રજીસ્ટર્ડ કરેલ છે. તેમાં સુરત જિલ્લાની ૩૫૬ સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- ૧૪૭ સોનોગ્રાફી મશીનો સીલ કરેલ હતા.
- ૭૯ સામે કોર્ટ કેસ કરેલ છે.
- લોકોમાં જનજાગૃતિ લાવવા રાજ્યમાં ""બેટી બચાવો"" અભિયાન શરૂ કરેલ છે.
- અસંખ્ય સેમીનાર, વર્કશોપ, લોકમેળાવડા, યાત્રાઓ યોજવામાં આવેલ છે.
- પ્રિન્ટ મીડીયા, ઈલેક્ટ્રોનીક્સ મીડીયા અને રેડીઓ દ્વારા પ્રચાર-પ્રસાર કરેલ છે.
- ન્યાયતંત્રને વાકેફ કરવા માટે ઉચ્ચસ્તરીય એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં નામ.સુપ્રિમ કોર્ટના બે ન્યાયાધીશો, નામ.ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય જિલ્લાના ન્યાયાધીશોએ આ સેમીનારમાં હાજરી આપેલ હતી.
- જિલ્લા કક્ષાએ કાયદાના અમલ માટે જિલ્લાના કલેકટરશ્રીને જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી (પીએનડીટી) તરીકે જાહેર કરવામાં આવેલ છે.

------------

## સુરત જિલ્લામાં પી.એચ.સી./સી.એચ.સી. ની જરૂરીયાત

અતારાંક્તિ : ૨૮૦ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવા શરુ કરવા માટેના નિયમોનુસાર સુરત જિલ્લામાં કેટલા કેન્દ્રોની જરૂરીયાત છે,

(૨) તે પૈકી તા.૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલા કાર્યરત છે, અને

(૩) કેટલી દરખાસ્તો પડતર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૫-૮-૨૦૦૮) :

(૧) ૧૧ (અગિયાર) સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૫૦ (પચાસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાત છે.

(૨) ૧૧ (અગિયાર) સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૫૦ (પચાસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

(૩) એકપણ નહિ.

------------

## ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રોમાં વાહનો

અતારાંક્તિ : ૪૩૦ (૧૪-૮-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧-૩-૦૮ ની સ્થિતિએ કેન્દ્રોવાર કેટલા વાહનો ઉપલબ્ધ છે,

(૨) વાહનો, ગાડી, એમ્બયુલન્સ ન ધરાવતા કેન્દ્રો ક્યા ક્યા તાલુકામાં કેટલા છે, અને

(૩) વાહનો/ડ્રાયવરોની ઉપલબ્ધતા કરાવવા સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૪-૮-૨૦૦૮) :

(૧) ખેડા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પૂરતા પ્રમાણમાં વાહનો ઉપલબ્ધ છે.

(૨) એકપણ નહિ.

(૩) નજીકના આરોગ્ય કેન્દ્રોમાંથી વ્યવસ્થા કરવામાં આવે છે.

------------

## રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરોની ઘટ અંગે

અતારાંક્તિ : ૪૪૫ (૨૦-૬-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર પી.એચ.સી.માં ડૉકટરોની કેટલી ઘટ તા.૩૧-૫-૦૮ ની સ્થિતિએ છે, અને

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શા પ્રયાસો કર્યા ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૪-૮-૨૦૦૮) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર પી.એચ.સી. માં તા.૩૧-૫-૨૦૦૮ની સ્થિતિએ ડૉકટરોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૪૩ | ૪૩ | -- |
| ૨ | ખેડા | ૫૦ | ૫૦ | -- |
| ૩ | આણંદ | ૪૩ | ૪૨ | ૦૧ |
| ૪ | સુરેન્દ્રનગર | ૩૧ | ૩૦ | ૦૧ |

| અ.નં. | જિલ્લાનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫ | ગાંધીનગર | ૨૪ | ૨૩ | ૦૧ |
| ૬ | સાબરકાંઠા | ૬૨ | ૬૦ | ૦૨ |
| ૭ | મહેસાણા | ૪૮ | ૪૫ | ૦૩ |
| ૮ | પાટણ | ૨૯ | ૨૯ | -- |
| ૯ | બનાસકાંઠા | ૬૪ | ૬૩ | ૦૧ |
| ૧૦ | વડોદરા | ૭૬ | ૭૪ | ૦૨ |
| ૧૧ | ભરૂચ | ૩૮ | ૩૮ | -- |
| ૧૨ | નર્મદા | ૨૧ | ૧૮ | ૦૩ |
| ૧૩ | પંચમહાલ | ૬૪ | ૬૨ | ૦૨ |
| ૧૪ | દાહોદ | ૬૦ | ૫૮ | ૦૨ |
| ૧૫ | સુરત | ૭૮ | ૭૨ | ૦૬ |
| ૧૬ | વલસાડ | ૪૧ | ૩૭ | ૦૪ |
| ૧૭ | નવસારી | ૩૬ | ૩૬ | -- |
| ૧૮ | આહવા/ડાંગ | ૦૭ | ૦૬ | ૦૧ |
| ૧૯ | ભાવનગર | ૪૩ | ૪૩ | -- |
| ૨૦ | અમરેલી | ૩૬ | ૩૫ | ૦૧ |
| ૨૧ | જુનાગઢ | ૫૪ | ૫૧ | ૦૩ |
| ૨૨ | પોરબંદર | ૧૦ | ૦૮ | ૦૨ |
| ૨૩ | રાજકોટ | ૪૩ | ૪૩ | -- |
| ૨૪ | જામનગર | ૩૬ | ૩૨ | ૦૪ |
| ૨૫ | કચ્છ-ભૂજ | ૩૭ | ૩૭ | -- |
| | **કુલ ..** | **૧૦૭૪** | **૧૦૩૫** | **૩૯** |

(૨) ઉક્ત ખાલી જ્ગ્યાઓ ભરવા એમ.બી.બી.એસ. લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થતાં તેઓને બોન્ડેડ/એડહોક/કરાર આધારિતથી જ્ગ્યા ભરવામાં આવે છે. વધુમાં રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટે આયુષ તબીબીને કરાર આધારીત માસિક ફીક્સ પગારથી નેશનલ રૂરલ હેલ્થ મીશન હેઠળ નિમણૂંક આપવામાં આવેલ છે. સીધી ભરતીથી તબીબી અધિકારી વર્ગ-૨ ની જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

------------

**જામનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ**

અતારાંક્તિ : ૮૭ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં પોલીસ ખાતાના કર્મચારીઓ પૈકી કેટલા સામે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખાતાકીય તપાસ ચાલુ છે, અને

(૨) આ તપાસ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૮-૨૦૦૮) :

(૧) જામનગર જિલ્લાના પોલીસ ખાતાના કર્મચારીઓ પૈકી તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ-૧૨ કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ ચાલુ હતી.

(૨) ૧૨ પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ ચાલતી ખાતાકીય તપાસ પૈકી ૩ (ત્રણ) પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ અત્યાર સુધીમાં પૂર્ણ થયેલ છે અને નવ પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ ચાલુ છે. ખાતાકીય તપાસ સત્વરે પૂર્ણ કરવા માટે સુચના આપવામાં આવેલ છે.

## જામનગર જિલ્લાના રહેમરાહે નોકરીનાં પડતર કેસ

અતારાંક્તિ : ૧૧૭ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર રહેમરાહે નોકરીના કેટલા કેસો ગૃહ વિભાગમાં તા.૩૦-૬-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ ૨૦૦૫-૨૦૦૬-૨૦૦૭ થી વર્ષવાર પડતર છે,

(૨) આ કેસોની વહીવટી પ્રક્રિયા ક્યા તબક્કે છે, અને

(૩) કેટલા સમયમાં નિમણૂંકના હુકમો આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧-૮-૨૦૦૮) :

(૧)

| વર્ષ | તાલુકો | પડતર કેસોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૫ | જામનગર | ૨ |
| | જોડીયા | ૧ |
| ૨૦૦૬ | ખંભાળીયા | ૧ |
| | જામનગર | ૩ |
| | જોડીયા | ૧ |
| | કાલાવડ | ૧ |
| ૨૦૦૭ | જામનગર | ૪ |
| | કુલ : | ૧૩ |

(૨) અને (૩) : ૩ (ત્રણ) દરખાસ્તો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને ભલામણ કરેલ છે. ૧૦ (દશ) દરખાસ્તોમાં આશ્રિત અરજદારો પાસેથી દસ્તાવેજો ખૂટતી વિગતો માંગી છે. આ દરખાસ્તોમાં ચોક્કસ સમય નિતિ નથી.

------------

## રાજ્યમાં બનાવટી નોટો પકડવાના નોંધાયેલ કેસ

અતારાંક્તિ : ૩૦૬ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ક્યા ક્યા શહેરમાંથી તા.૩૧મી ડિસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન જાલી નોટો પકડવાના બનાવો બન્યા છે,

(૨) સરકારશ્રીને આમાં કોઈ વ્યવસ્થિત ષડયંત્ર હોય તેવું ધ્યાન ઉપર આવ્યું છે કે કેમ, અને

(૩) કેટલી રકમની જાલી નોટો પકડાઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૪-૮-૨૦૦૮) :

(૧) રાજ્યમાં નીચે મુજબના શહેર/જિલ્લાઓમાંથી તા.૩૧મી ડિસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન જાલી નોટો પકડવાના બનાવો બન્યા છે.

| **અ.નં.** | **શહેર/જિલ્લાઓ** | **બનાવો** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | અમદાવાદ શહેર | ૦૯ |
| ૨ | રાજકોટ શહેર | ૦૩ |
| ૩ | સુરત શહેર | ૨૨ |

| અ.નં. | શહેર/જિલ્લાઓ | બનાવો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૪ | વડોદરા શહેર | ૧૦ |
| ૫ | ખેડા | ૦૯ |
| ૬ | આણંદ | ૧૧ |
| ૭ | ગાંધીનગર | ૦૯ |
| ૮ | સાબરકાંઠા | ૦૯ |
| ૯ | મહેસાણા | ૦૯ |
| ૧૦ | જામનગર | ૦૮ |
| ૧૧ | રાજકોટ રૂરલ | ૦૯ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧૦ |
| ૧૩ | બનાસકાંઠા | ૦૫ |
| ૧૪ | કચ્છ-ભૂજ | ૦૯ |
| ૧૫ | પાટણ | ૦૬ |
| ૧૬ | ભાવનગર | ૦૬ |
| ૧૭ | જૂનાગઢ | ૧૭ |
| ૧૮ | પોરબંદર | ૦૪ |
| ૧૯ | વડોદરા રૂરલ | ૦૮ |
| ૨૦ | ભરૂચ | ૦૮ |
| ૨૧ | પંચમહાલ | ૦૪ |
| ૨૨ | દાહોદ | ૦૬ |
| ૨૩ | સુરત રૂરલ | ૦૪ |
| ૨૪ | તાપી | ૦૫ |
| ૨૫ | વલસાડ | ૦૬ |
| ૨૬ | નવસારી | ૦૬ |
| ૨૭ | પ.રે. વડોદરા | ૦૧ |
| | **કુલ :** | **૨૧૦** |

(૨) આવું કોઈ ષડયંત્ર હોય તેવું ધ્યાને આવેલ નથી.

(૩) નીચે મુજબના દરની જાલી નોટો પકડાયેલ છે.

| દર | પકડાયેલ નોટ | રકમ |
|---|---|---|
| ૧૦૦૦ | ૯૫૮ | ૯,૫૮,૦૦૦ |
| ૫૦૦ | ૪૮૫૭ | ૨૪,૨૮,૫૦૦ |
| ૧૦૦ | ૬૮૦૫ | ૬,૮૦,૫૦૦ |
| ૫૦ | ૯૯૪ | ૪૯,૭૦૦ |
| ૨૦ | ૮ | ૧૬૦ |
| ૧૦ | ૧૪ | ૧૪૦ |
| | **કુલ :** | **૪૧,૧૭,૦૦૦** |

------------

## આણંદ જિલ્લામાં ફાળવવામાં આવેલ રંગીન ટી.વી.

અતારાંક્તિ : ૩૮૫ (૫-૭-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૩-૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં સરકાર તરફથી રંગીન ટી.વી. અને ડિશ મૂકવામાં આવી,

(૨) આ માટે ગ્રામપંચાયતો પાસેથી કોઈ રકમ લેવામાં આવે છે કે કેમ, જો હા, તો કેટલી,

(૩) સરકારશ્રીને પ્રતિ ટી.વી. ડીશ પાછળ કેટલી રકમ ખર્ચ થાય છે,

(૪) કઈ કંપનીના ટી.વી. ડીશ ખરીદાય છે, અને

(૫) બાકી ગામોમાં કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) (૧-૮-૨૦૦૮) :

(૧) **પત્રક-૧** મુજબના તાલુકાવાર ગામોમાં રંગીન ટી.વી. સેટ અને **પત્રક-૨** મુજબ ડિશ મુકવામાં આવી છે.

(૨) પ્રવર્તમાન નિયમોનુસાર નોર્મલ પ્લાન યોજના હેઠળ રૂા.૨૫૦૦/- ગોઠવણી ફાળો તથા રૂા.૧૫૦૦/- આજીવન નિભાવણી ફાળો મળી કુલ રૂા.૪૦૦૦/- જે તે સંસ્થા/ગ્રામ પંચાયત પાસેથી લેવામાં આવે છે.

અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ નિઃશુલ્ક ધોરણે કે.યુ.બેન્ડ ડીશ એન્ટેના સહિતનાં રંગીન ટી.વી. ગોઠવવામાં આવે છે.

(૩) પ્રતિ રંગીન ટી.વી. રૂા.૮૧૪૦/- અને પ્રતિ ડીશ પાછળ રૂા.૪૪૫૦/- નો ખર્ચ થાય છે.

(૪) **પત્રક-૩** માં દર્શાવેલ કંપનીના ટી.વી. ડીશ ખરીદાયેલ છે.

(૫) વર્ષ ૨૦૦૮-૦૯ માં નોર્મલ પ્લાન હેઠળ આયોજન નથી.

**પ ત્ર ક - ૧**

તા.૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ ૧૮૪ રંગીન ટી.વી. સેટ તાલુકાવાર ગામોમાં મુકવામાં આવેલ છે

જેની વિગતો દર્શાવતું પત્રક

**તાલુકો : બોરસદ**

| **ક્રમ** | **ગામનું નામ** | **ક્રમ** | **ગામનું નામ** |
|---|---|---|---|
| ૧. | નીસરાયા | ૨૦. | બોચાસણ |
| ૨. | નાપા તળપદ | ૨૧. | ચુવા |
| ૩. | સંતોકપુરા | ૨૨. | કઠાણા |
| ૪. | ખાનપુર | ૨૩. | સુરકુવા |
| ૫. | ભાદરણ | ૨૪. | ડાલી |
| ૬. | દાદપુરા | ૨૫. | નામણ |
| ૭. | વહેરા | ૨૬. | કાલુ |
| ૮. | દાવોલ | ૨૭. | ગાજણા |
| ૯. | અમીયાદ | ૨૮. | કંકાપુરા |
| ૧૦. | દહેવાણ | ૨૯. | ઉનેલી |
| ૧૧. | ગોરેલ | ૩૦. | કીંખલોડ |
| ૧૨. | વાલવોડ | ૩૧. | ઝારોલા |
| ૧૩. | કંસારી | ૩૨. | બોરસદ |
| ૧૪. | રાસ (વાડીનાથપુરા) | ૩૩. | ખડાસા |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | વાસણા (બો) | ૩૪. | ડભાસી |
| ૧૬. | સારોલ | ૩૫. | સીસ્વા |
| ૧૭. | જંત્રાલ | ૩૬. | દહેમી |
| ૧૮. | વિરસદ | ૩૭. | જુના બદલપુર |
| ૧૯. | સેજપુર | | |

**તાલુકો : આંકલાવ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | હળદરી | ૭. | આંકલાવ |
| ૨. | કંથારિયા | ૮. | અંબાવ |
| ૩. | આમરોલ | ૯. | ક્હાનવાડી |
| ૪. | ઝીલોડ | ૧૦. | ભેટાસી |
| ૫. | ગંભીરા | ૧૧. | આસોદર |
| ૬. | માનપુરા | ૧૨. | મુજકુવા |

**તાલુકો : આણંદ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | રાવળાપુરા | ૨૧. | ખાંધલી |
| ૨. | નાપાડ | ૨૨. | મેઘવા (ગાના) |
| ૩. | સુલતાનપુરા | ૨૩. | ગોપાલપુરા |
| ૪. | દેણાપુરા | ૨૪. | બાક્રોલ |
| ૫. | ભાટીયાપુરા | ૨૫. | ચિખોદરા |
| ૬. | વાડીનાથપુરા | ૨૬. | ઓડ |
| ૭. | ભીલેશ્વર | ૨૭. | રાસનોલ |
| ૮. | વડોદ | ૨૮. | ચાવડાપુરા |
| ૯. | કુંજરાવ | ૨૯. | બોરીયાવી |
| ૧૦. | વલાસણ | ૩૦. | લીમડાપુરા |
| ૧૧. | વાંસખીલીયા | ૩૧. | આણંદ |
| ૧૨. | અજરપુરા | ૩૨. | કરમસદ |
| ૧૩. | લાંભવેલ | ૩૩. | સારસા |
| ૧૪. | અજુપુરા | ૩૪. | નાવલી |
| ૧૫. | ત્રણોલ | ૩૫. | બેડવા |
| ૧૬. | સરકારી | ૩૬. | રામનગર |
| ૧૭. | વાસદ | ૩૭. | ગામડી |
| ૧૮. | સુંદણ | ૩૮. | વ્હેરાખાડી |
| ૧૯. | સામરખા | ૩૯. | ખંભોળજ |
| ૨૦. | વઘાસી | | |

**તાલુકો : ઉમરેઠ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | ખાંખણપુર | ૧૧. | ધોરા |
| ૨. | સરદારપુરા | ૧૨. | હમીદપુરા |

| | | | |
|---|---|---|---|
| ૩. | ફતેપુરા | ૧૩. | ધોળી |
| ૪. | પ્રતાપપુર | ૧૪. | અરડી |
| ૫. | ઉમરેઠ | ૧૫. | ગંગાપુરા |
| ૬. | સૈયદપુરા | ૧૬. | ખાનપુર |
| ૭. | ઝાલાબોરડી | ૧૭. | ભાલેજ |
| ૮. | જાખલા | ૧૮. | સુરેલી |
| ૯. | સુંદલપુરા | ૧૯. | લીંગડા |
| ૧૦. | પણસોરા | ૨૦. | વણસોલ |

**તાલુકો : પેટલાદ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | ધૈર્યપુર | ૧૬. | પંડોળી |
| ૨. | ઈસરામા | ૧૭. | રાવલી |
| ૩. | પેટલાદ | ૧૮. | આશી |
| ૪. | અગાસ | ૧૯. | લક્કડપુરા |
| ૫. | ચાંગા | ૨૦. | સાંસેજ |
| ૬. | બોરીયા | ૨૧. | રવિપુરા |
| ૭. | સિહોલ | ૨૨. | મહેળાવ |
| ૮. | ફાંગણી | ૨૩. | બાંધણી |
| ૯. | ભારેલ | ૨૪. | પાડગોલ |
| ૧૦. | રંગાઈપુરા | ૨૫. | સુંદરણા |
| ૧૧. | રામોલ | ૨૬. | શાહપુર |
| ૧૨. | પાળજ | ૨૭. | આમોદ |
| ૧૩. | વડદલા | ૨૮. | નાર |
| ૧૪. | સિલવાઈ | ૨૯. | સુણાવ |
| ૧૫. | દંતેલી | ૩૦. | ખડાણા |

**તાલુકો : સોજીત્રા**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | મલાતજ | ૫. | બાલીંન્ટા |
| ૨. | દેવાતળપદ | ૬. | ગાડા |
| ૩. | મઘરોલ | ૭. | પીપળાવ |
| ૪. | કાસોર | ૮. | રૂણ |

**તાલુકો : ખંભાત**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | ક્લમસર | ૧૩. | જલુંન્ધ |
| ૨. | ખંભાત | ૧૪. | ભાટતલાવડી |
| ૩. | ઉદેલ | ૧૫. | બામણવા |
| ૪. | ધુવારણ | ૧૬. | પિપળોઈ |
| ૫. | વટાદરા | ૧૭. | નવાગામ (વાંટા) |
| ૬. | રાલેજ | ૧૮. | મોતીપુરા |

| | | | |
|---|---|---|---|
| ૭. | ખડોધી | ૧૯. | સાયમા |
| ૮. | નાના કલોદરા | ૨૦. | જલસણ |
| ૯. | ભીમ તલાવ | ૨૧. | ગુડેલ |
| ૧૦. | તરકપુર | ૨૨. | રાવપુરા |
| ૧૧. | ફીણાવ | ૨૩. | જીણજ |
| ૧૨. | માલુ | | |

**તાલુકો : તારાપુર**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | વાલંદાપુરા | ૯. | દુગારી |
| ૨. | ગોરાડ | ૧૦. | કાનાવાડા |
| ૩. | ચિતરવાડા | ૧૧. | મોરજ |
| ૪. | પાદરા | ૧૨. | પીપળોઈ |
| ૫. | ગલીયાણા | ૧૩. | ખડા |
| ૬. | રીંઝા | ૧૪. | ખાનપુર |
| ૭. | ઉટવાડા | ૧૫. | તારાપુર |
| ૮. | વરસડા | | |

**પ ત્ર ક - ૨**

તા.૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મુકવામાં આવેલ કે.યુ.બેન્ડ ડીશ એન્ટેનાના તાલુકાવાર ગામોની યાદી.

**તાલુકો : બોરસદ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | જુના બદલપુર | | |

**તાલુકો : આણંદ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | અજરપુરા | ૪. | સારસા |
| ૨. | આણંદ | ૫. | કરમસદ |
| ૩. | ગામડી | | |

**તાલુકો : ઉમરેઠ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | લીંગડા | ૩. | વણસોલ |
| ૨. | ઉમરેઠ | | |

**તાલુકો : પેટલાદ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | પેટલાદ | ૩. | રંગાઈપુરા |
| ૨. | સુણાવ | ૪. | ખડાણા |

**તાલુકો : સોજીત્રા**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું |
|---|---|---|---|

| | | | નામ |
|---|---|---|---|
| ૧. | કાસોર | ૩. | ગાડા |
| ૨. | રૂણ | | |

**તાલુકો : ખંભાત**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | ખડોધી | ૫. | નાના ક્લોદરા |
| ૨. | રાવપુરા | ૬. | કલમસર |
| ૩. | ખંભાત | ૭. | ગુડેલ |
| ૪. | જીણજ | | |

**તાલુકો : તારાપુર**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | ખડા | ૩. | તારાપુર |
| ૨. | ખાનપુર | | |

**પ ત્ર ક - ૩**

માહિતી કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સી.એસ.પી.ઓ. કચેરી, ગાંધીનગર મારફતે થયેલ ભાવ કરાર મુજબ નીચે દર્શાવેલ કંપનીના ટી.વી. સેટ તથા ડીશ એન્ટેના ખરીદાય છે. જેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | ટી.વી. સેટની કંપનીનું નામ | ડીશ એન્ટેનાની કંપનીનું નામ |
|---|---|---|
| ૧. | ક્રાઉન | શ્યામ |
| ૨. | ઈસી | એમ.સી.બી.એસ. |
| ૩. | કેલટ્રોન | એમ.સી.ઈ. |
| ૪. | સ્ટારવોક્સ | ફાલના |
| ૫. | અપટ્રોન | એપેક્ષ |
| ૬. | પિરામીડ | |
| ૭. | ફોરકાસ્ટ (ઈ.ટી.એન્ડ ટી.) | |
| ૮. | ફ્યુટેક | |
| ૯. | સ્ટારટ્રેક | |

-------------

## જામનગર જિલ્લામાં શ્રમિકોના અપમૃત્યુના નોંધાયેલ કેસો

અતારાંક્તિ : ૮૪ (૨૦-૬-૦૮)**શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એકમોમાં કામ કરતા શ્રમિકોના અકસ્માતને કારણે અપમૃત્યુ થયા છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં અપમૃત્યુના કેટલા કેસો નોંધાયા છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૬-૮-૦૮) :

(૧) હા, જી.

(૨) કુલ-૭ કેસોમાં ૧૨ શ્રમિકોના મૃત્યુ નોંધાયા છે.

----------------

**જામનગર જિલ્લામાં બાળ મજૂરોના શોષણ અટકાવવા બાબત**

અતારાંક્તિ : ૮૫ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં બાળ મજૂરોનું શોષણ અટકાવવા માટે સને ૨૦૦૭ના વર્ષમાં વિભાગે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી,

(૨) કેટલા બાળ મજૂરો શોધી કાઢવામાં આવ્યા, અને

(૩) બાળ મજૂરોનું શોષણ કરનાર સામે સરકારે શાં પગલાં લીધા ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૬-૮-૦૮) :

(૧) બાળ મજૂરોનું શોષણ અટકાવવા સ્ક્વોર્ડ બનાવી તપાસ ઝુંબેશ ચલાવવામાં આવેલ.

(૨) શુન્ય.

(૩) તપાસ દરમ્યાન કોઈ બાળ શ્રમિક માલુમ પડેલ ન હોવાથી પગલાં ભરવાની આવશ્યક્તા ઉભી થયેલ નથી.

-----------------

**કઠલાલ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમના આયોજન અંગે**

અતારાંક્તિ : ૨૨૬ (૨૦-૬-૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી સંસ્થામાં આવા અભ્યાસક્રમો તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શરૂ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવી, તાલીમ પછી કેટલા વિદ્યાર્થીઓને રોજગારી મળી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૪-૮-૦૮) :

(૧) હા, જી.

(૨) ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ સંસ્થા શરૂ થયેલ નથી. પરંતુ આગામી ઓગષ્ટ-૨૦૦૮થી વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવા આઈ.ટી.આઈ. કેન્દ્રો શરૂ કરવા અંગે**

અતારાંક્તિ : ૩૪૩ (૨૦-૬-૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકાર રાજ્યમાં બેરોજગારોને રોજગારી માટે નવા આઈ.ટી.આઈ. કેન્દ્રો ખોલવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને ક્યા સ્થળે ?

(૫) અમદાવામાં શ્રી ભોલેનાથ આર. શુક્લ, થાણા (મહારાષ્ટ્ર) ની મુદત રીન્યુ થઇ છે.

ગાંધીનગરમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ખેડામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**ક્સિાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તા**

અતારાંક્તિ : ૪૫૫ (૨૧-૭-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ક્સિાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં તાપી જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર ર્ક્યા, અને

(૨) તે ક્યારે પૂર્ણ થશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૮-૨૦૦૮) :

(૧) ક્સિાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં તાપી જિલ્લા માટે ૭ રસ્તાના કામો રૂા. ૩૦૯.૪૦ લાખની અંદાજી કિંમતના મંજૂર ર્ક્યા.

(૨) ઉપરોક્ત ૭ રસ્તાઓ પૈકી ૬ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે અને ૧ કામ પ્રગતિમાં છે જે જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

--------------

**જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાની પડતર અરજીઓ**

અતારાંક્તિ : ૧૦૧ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાંથી તાલુકાવાર કેટલી અરજીઓ સામે કેટલી મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી,

(૨) આ પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) નામંજૂર કરવાના કારણો શાં છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૫-૯-૦૮) :

(૧) તા. ૩૧ ડિસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાંથી તાલુકાવાર નીચે મુજબની અરજીઓ સામે અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી.

| ક્રમ<br>૧ | તાલુકાનું નામ<br>૨ | કુલ અરજીઓ<br>૩ | મંજૂર કરેલ અરજીઓ<br>૪ | ચુકવણી કરેલ લાભાર્થીઓની સંખ્યા<br>૫ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૫૮૪ | ૫૫૦ | ૫૫૦ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૩૯ | ૨૨ | ૨૨ |
| ૩ | ધ્રોલ | ૧૩ | ૮ | ૬ |
| ૪ | જોડીયા | ૮ | ૮ | ૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | કાલાવડ | ૧૨ | ૬ | ૬ |
| ૬ | લાલપુર | ૨ | ૨ | ૨ |
| ૭ | ખંભાળીયા | ૩૮ | ૩ | ૩ |
| ૮ | ભાણવડ | ૫૮ | ૮ | ૮ |
| ૯ | જામ જોધપુર | ૯૨ | ૪૨ | ૪૨ |
| ૧૦ | કલ્યાણપુર | ૪૦ | ૪ | ૪૦ |
| ૧૧ | દ્વારકા | ૩૪૩ | ૮ | ૮ |
| | **કુલ :** - | **૧૨૨૯** | **૬૯૭** | **૬૯૫** |

(૨) કોઇ અરજી પડતર નથી.

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

(૧) બી.પી. એલ. લાભાર્થી ન હોવાથી.

(૨) નિયત વય મર્યાદા કરતાં વધુ ઉંમર હોવાથી.

(૩) લાભાર્થી અન્ય જગ્યાએ રહેવા જવાથી.

(૪) જરૂરી આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી.

(૫) પુખ્ત વયનો પુત્ર હોવાથી.

----------------

**જામનગર જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાના કબજેદારો**

અતારાંકિત : ૧૪૪ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ માટે જામનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકાવાર કેટલી ગ્રાન્ટ અન્વયે ક્યા ક્યા ગામોએ આવાસો બનાવ્યા અને કેટલા કામો બાકી છે,

(૩) કેટલા આવાસો કબજેદારને ફાળવ્યા; અને

(૪) વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧-૯-૨૦૦૮) :

(૧) તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ રૂા. ૧,૧૬,૪૦,૭૫૦/- ની ગ્રાન્ટ ફાળવેલ.

(૨) તાલુકાવાર ગ્રાન્ટ ફાળવેલ નથી, તાલુકાવાર જે ગામોને સહાય આપવામાં આવી છે તે ગામોની યાદી તેમજ સહાયની વિગતો તેમજ લાભાર્થીએ આવાસો પૂર્ણ કરેલ/બાકી રહેલ આવાસોની વિગતો પત્રક *-અ (૧) (૨) (૩) માં આ સાથે સામેલ કરેલ છે.

(૩) કબજેદારોને આવાસ ફાળવવામાં આવતા નથી. પરંતુ લાભાર્થીએ જાતે બનાવેલ મકાન ઉપર સહાય આપવામાં આવે છે.

(૪) જામનગર જિલ્લામાં થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૦૫-૦૬ | ૩૧,૯૯,૦૦૦/- |
| ૦૬-૦૭ | ૩૧,૧૧,૭૫૦/- |
| ૦૭-૦૮ | ૫૦,૭૦,૦૦૦/- |
| **કુલ ખર્ચ :** | **૧,૧૩,૮૦,૭૫૦/-** |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અન્વયે ચૂકવેલ સહાય

અતારાંક્તિ : ૧૬૫ (૧૭-૬-૨૦૦૮) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભારત સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા.૩૧-૧-૦૮ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળી; અને

(૨) મળેલ સહાય પૈકી ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ સામે કેટલાને સહાય ચૂકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૬-૯-૦૮) :

(૧) ખેડા જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૫.૦૦ લાખ તથા ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૨૧.૦૦ લાખ મળી.

કુલ : ૨૬.૦૦ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮ દરમિયાન તાલુકાવાર નીચે પ્રમાણે સહાય ચૂકવેલ છે.

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **લાભાર્થીઓની સંખ્યા** | **ચૂકવેલ સહાયની રકમ રૂ. લાખમાં** |
|---|---|---|---|
| નડિયાદ | ૧૪૧ | ૪૯ | ૪.૭૫ |
| કપડવંજ | ૯૯ | ૩૯ | ૩.૮૦ |
| કઠલાલ | ૬૨ | ૧૭ | ૧.૭૦ |
| ઠાસરા | ૧૧૩ | ૨૫ | ૨.૩૫ |
| બાલાસિનોર | ૧૦૪ | ૪૩ | ૪.૦૫ |
| વિરપુર | ૦૮ | ૦૪ | ૦.૩૦ |
| ખેડા | ૭૨ | ૨૨ | ૨.૦૦ |
| માતર | ૩૮ | ૦૫ | ૦.૪૦ |
| મહેમદાવાદ | ૧૫૯ | ૪૧ | ૩.૯૦ |
| મહુધા | ૪૬ | ૧૨ | ૧.૧૦ |
| **કુલ :** | **૮૪૨** | **૨૫૭** | **૨૪.૩૫** |

-------------

## પછાતવર્ગોના વિકાસ માટે ગ્રાન્ટ સમયસર ફાળવવા અંગે

અતારાંક્તિ : ૧૬૮ (૧૬-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ સમયસર અને આયોજનબધ્ધ રીતે વાપરવા ઉપલબ્ધ કરાતી નથી તે હકીકત સાચી છે; અને

(૨) જો ના, તો તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧-૦૮ દરમ્યાન સરકારે નિયત ર્ક્યા પ્રમાણે રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ઉપલબ્ધ કરાઈ, કેટલી વપરાઇ અને કેટલી ગ્રાન્ટની બચત રહી, ગ્રાન્ટની બચત રહેવાના કારણો શા છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૬-૮-૨૦૦૮) :

(૧) ના, જી.

(૨) સામેલ રાખેલ પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**
**વર્ષ : જાન્યુઆરી ૨૦૦૫ થી જાન્યુઆરી-૨૦૦૮ સુધી**

**(રૂા. લાખમાં)**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ** | **થયેલ ખર્ચ** | **બચત ગ્રાન્ટ** | **બચત રહેવાના કારણો** |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | અમદાવાદ | ૫૨૭૮.૧૭ | ૫૦૯૩.૨૦ | ૧૮૪.૯૭ | માહેઃજાન્યુઆરી -૦૮ માસ દરમ્યાન કુલ રૂા. ૨૪.૭૦ કરોડની ગ્રાન્ટ જિલ્લા ક્ચેરીઓને ફાળવેલ હતી. જિલ્લા તિજોરી ક્ચેરીઓ પગારભથ્થા અને પેન્શનના બિલોની ચુકવણીના હેતુસર મહિનાના આખરના ૯ દિવસોમાં અન્ય બિલો સ્વીકારતી ન હોવાથી ગ્રાન્ટ બચત રહેલ છે. જેનો પછીના માહે : ફેબ્રુઆરી-૦૮ માસ દરમ્યાન ખર્ચ થઇ ગયેલ છે. નાણાંકીય વર્ષના અંતે કોઇ ગ્રાન્ટ બચત થયેલ કે લેપ્સ ગયેલ નથી. છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં ૧૦૦ ટકા ઉપરાંત ખર્ચ થયેલ છે. |
| ૨ | ગાંધીનગર | ૨૬૯૮.૭૫ | ૨૬૫૨.૩૪ | ૪૬.૪૧ | |
| ૩ | મહેસાણા | ૩૨૫૨.૩૧ | ૩૧૬૧.૦૫ | ૯૧.૨૬ | |
| ૪ | પાટણ | ૩૧૧૨.૬૩ | ૩૦૫૩.૧૯ | ૫૯.૪૪ | |
| ૫ | ખેડા | ૪૧૦૯.૦૮ | ૪૦૫૫.૬૪ | ૫૩.૪૪ | |
| ૬ | આણંદ | ૨૯૫૩.૭૬ | ૨૯૦૪.૭૫ | ૪૯.૦૧ | |
| ૭ | સાબરકાંઠા | ૫૦૯૨.૦૦ | ૫૦૫૧.૧૯ | ૪૦.૮૧ | |
| ૮ | બનાસકાંઠા | ૩૭૦૧.૦૪ | ૩૬૭૧.૩૩ | ૨૯.૭૧ | |
| ૯ | રાજકોટ | ૪૦૧૧.૦૯ | ૩૮૮૦.૦૭ | ૧૩૧.૦૨ | |
| ૧૦ | જામનગર | ૨૭૮૭.૮૬ | ૨૭૩૮.૦૭ | ૪૯.૭૯ | |
| ૧૧ | જુનાગઢ | ૪૬૧૨.૬૮ | ૪૪૯૮.૯૩ | ૧૧૩.૭૫ | |
| ૧૨ | પારબંદર | ૧૦૩૦.૦૬ | ૯૯૦.૭૪ | ૩૯.૩૨ | |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૦૧૨.૪૮ | ૨૯૪૬.૮૫ | ૬૫.૬૩ | |
| ૧૪ | ભાવનગર | ૪૫૦૩.૪૪ | ૪૪૨૩.૨૬ | ૮૦.૧૮ | |
| ૧૫ | અમરેલી | ૨૧૭૭.૨૪ | ૨૦૯૮.૮૮ | ૭૮.૩૬ | |
| ૧૬ | ભુજ | ૧૫૫૩.૧૯ | ૧૫૨૫.૧૨ | ૨૮.૦૭ | |
| ૧૭ | સુરત | ૨૦૬૧.૭૯ | ૨૦૧૫.૭૬ | ૪૬.૦૩ | |
| ૧૮ | વડોદરા | ૨૨૮૫.૮૬ | ૨૨૩૩.૪૫ | ૫૨.૪૧ | |
| ૧૯ | ભરૂચ | ૧૦૪૮.૯૧ | ૯૯૭.૦૦ | ૫૧.૯૧ | |
| ૨૦ | નર્મદા | ૨૦૫.૪૯ | ૧૯૫.૧૩ | ૧૦.૩૬ | |
| ૨૧ | વલસાડ | ૮૩૨.૩૦ | ૭૮૩.૯૧ | ૪૮.૩૯ | |
| ૨૨ | નવસારી | ૮૯૪.૭૦ | ૮૩૬.૮૩ | ૫૭.૮૭ | |
| ૨૩ | ડાંગ | ૦ | ૦ | ૦.૦૦ | |
| ૨૪ | પંચમહાલ | ૩૫૯૮.૫૦ | ૩૫૫૨.૮૧ | ૪૫.૬૯ | |
| ૨૫ | દાહોદ | ૧૭૬૦.૦૯ | ૧૭૩૨.૩૪ | ૨૭.૭૫ | |
| | **કુલ :** | **૬૬૫૭૩.૪૨** | **૬૫૦૯૧.૮૪** | **૧૪૮૧.૫૮** | |

------------

**પછાતવર્ગોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૨૫૮ (૧૬-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ સમયસર અને આયોજનબધ્ધ રીતે વાપરવા ઉપલબ્ધ કરાતી નથી તે હકીક્ત સાચી છે; અને

(૨) જો ના, તો તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧-૦૮ દરમિયાન સરકારે નિયત કર્યા પ્રમાણે રાજ્યના કયા કયા જિલ્લામાં કેટલી ગ્રાન્ટની બચત રહી, ગ્રાન્ટની બચત રહેવાના કારણો શા છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૬-૮-૨૦૦૮) :

(૧) ના, જી.

(૨) સામેલ રાખેલ પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

**વર્ષ : જાન્યુઆરી ૨૦૦૬થી જાન્યુઆરી-૨૦૦૮ સુધી**

**(રૂા. લાખમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત ગ્રાન્ટ | બચત રહેવાના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૩૮૫૩.૧૨ | ૩૬૬૮.૧૫ | ૧૮૪.૯૭ | માહેઃજાન્યુઆરી -૦૮ માસ દરમ્યાન કુલ રૂા. ૨૪.૭૦ કરોડની ગ્રાન્ટ જીલ્લા કચેરીઓને ફાળવેલ હતી. જિલ્લા તિજોરી કચેરીઓ પગારભથ્થા અને પેન્શનના બિલોની ચુકવણીના હેતુસર મહિનાના આખરના ૯ દિવસોમાં અન્ય બિલો સ્વીકારતી ન હોવાથી ગ્રાન્ટ બચત રહેલ છે. જેનો પછીના માહે : ફેબ્રુઆરી-૦૮ માસ દરમ્યાન ખર્ચ થઇ ગયેલ છે. નાણાંકીય વર્ષના અંતે કોઇ ગ્રાન્ટ બચત થયેલ કે લેપ્સ ગયેલ નથી. છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં ૧૦૦ ટકા ઉપરાંત ખર્ચ થયેલ છે. |
| ૨ | ગાંધીનગર | ૧૮૫૦.૬૬ | ૧૮૦૪.૨૫ | ૪૬.૪૧ | |
| ૩ | મહેસાણા | ૨૧૨૬.૧૦ | ૨૦૩૪.૮૪ | ૯૧.૨૬ | |
| ૪ | પાટણ | ૨૨૦૭.૮૩ | ૨૧૪૮.૩૯ | ૫૯.૪૪ | |
| ૫ | ખેડા | ૨૯૯૧.૨૭ | ૨૯૩૭.૮૩ | ૫૩.૪૪ | |
| ૬ | આણંદ | ૨૧૮૧.૦૦ | ૨૧૩૧.૯૯ | ૪૯.૦૧ | |
| ૭ | સાબરકાંઠા | ૩૪૯૨.૫૬ | ૩૪૫૧.૭૫ | ૪૦.૮૧ | |
| ૮ | બનાસકાંઠા | ૨૪૭૫.૪૯ | ૨૪૪૫.૭૮ | ૨૯.૭૧ | |
| ૯ | રાજકોટ | ૨૮૧૯.૯૨ | ૨૬૮૮.૯ | ૧૩૧.૦૨ | |
| ૧૦ | જામનગર | ૧૮૬૩.૫૯ | ૧૮૧૩.૮ | ૪૯.૭૯ | |
| ૧૧ | જુનાગઢ | ૩૪૭૨.૧૫ | ૩૩૫૮.૪ | ૧૧૩.૭૫ | |
| ૧૨ | પારબંદર | ૭૦૧.૬૨ | ૬૬૨.૩ | ૩૯.૩૨ | |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૯૬૭.૯૭ | ૧૯૦૨.૩૪ | ૬૫.૬૩ | |
| ૧૪ | ભાવનગર | ૩૪૨૮.૭૮ | ૩૩૪૮.૬ | ૮૦.૧૮ | |
| ૧૫ | અમરેલી | ૧૭૧૨.૪૪ | ૧૬૩૪.૦૮ | ૭૮.૩૬ | |
| ૧૬ | ભુજ | ૧૨૩૬.૧૧ | ૧૨૦૮.૦૪ | ૨૮.૦૭ | |
| ૧૭ | સુરત | ૧૫૮૭.૪૬ | ૧૫૪૧.૪૩ | ૪૬.૦૩ | |
| ૧૮ | વડોદરા | ૧૭૮૫.૭૪ | ૧૭૩૩.૩૩ | ૫૨.૪૧ | |
| ૧૯ | ભરૂચ | ૭૬૫.૦૩ | ૭૧૩.૧૨ | ૫૧.૯૧ | |
| ૨૦ | નર્મદા | ૧૬૧.૬૫ | ૧૫૧.૨૯ | ૧૦.૩૬ | |
| ૨૧ | વલસાડ | ૬૨૯.૫૦ | ૫૮૧.૧૧ | ૪૮.૩૯ | |
| ૨૨ | નવસારી | ૬૭૧.૭૧ | ૬૧૩.૮૪ | ૫૭.૮૭ | |
| ૨૩ | ડાંગ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | |
| ૨૪ | પંચમહાલ | ૨૬૯૪.૩૧ | ૨૬૪૮.૬૨ | ૪૫.૬૯ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | દાહોદ | ૧૨૮૪.૯૩ | ૧૨૫૭.૧૮ | ૨૭.૭૫ | |
| | **કુલ :** | **૪૭૯૬૦.૯૪** | **૪૬૪૭૯.૩૬** | **૧૪૮૧.૫૮** | |

------------

## આણંદ જિલ્લાની નગરપાલિકાઓ માટે પ્રોજેક્ટ

અતારાંક્તિ : ૪૧૦ (૧૩-૬-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લાની કઇ કઇ નગરપાલિકાઓ દ્વારા ક્યા ક્યા પ્રકારના કામો હાથ ધરવા માટે કઇ યોજનાઓ હેઠળ કુલ કેટલી રકમના પ્રોજેક્ટ રજૂ કર્યા ; અને

(૨) તે અન્વયે કેટલી રકમના કેટલા પ્રોજેક્ટને ક્યારે મંજૂરી આપવામાં આવી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૬-૮-૨૦૦૮) :

(૧) (વિગતો * પત્રક - અ-૧ થી અ-૧૧ અને * પત્રક-બ મુજબ)

(૨) ઉપર મુજબ.

**( *પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

------------

## તાપી જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૪૭૨ (૨૧-૭-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવ ગાંધી વિજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણ આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં આદિજાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. પરિવારોને બી.પી.એલ. યોજનામાં સમાવેશ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવતા નથી. તે હકીક્ત સાચી છે,

(૩) આવા પરિવારોને જોડાણ આપવાનું સરકાર વિચારે છે કે કેમ; અને

(૪) વંચિત પરિવારોને કેટલા સમયમાં આ યોજનાનો લાભ આપવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૨૬-૮-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવ ગાંધી વિજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબ વીજ જોડાણ આપવામાં આવ્યા.

| **તાલુકો** | **કુટિર જ્યોતિ** | **રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના** |
|---|---|---|
| વ્યારા | ૩૦૯ | ૬૦ |
| વાલોડ | ૨૦૪ | ૨૦૭ |
| સોનગઢ | ૧૨૬ | ૦ |
| ઉચ્છલ | ૪૫૦ | ૬૮ |
| નિઝર | ૬૫૦ | ૦ |
| **કુલ :** | **૧૭૩૯** | **૩૩૫** |

(૨) હા, જી, રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય એવા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવતો નથી. પરંતુ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ હોય તેવા લાભાર્થી તથા તે ઉપરાંત જેમની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/ - કરતા ઓછી હોય એવા અનુ. જનજાતિના લાભાર્થીઓને કુટિર જ્યોતિ યોજના હેઠળ આવરી લઇ વિજળીકરણનો લાભ આપવામાં આવે છે.

(૩) અને (૪)

આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસ્તીનું વીજળીકરણ અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનાઓમાં લાભાર્થીની આવક રૂા. ૧૧,૦૦૦/- કરતા ઓછી હોય તેવા લાભાર્થીઓ તદ્ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની **www rural dev. Gujarat.gov.in** વેબસાઇટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓ ને આવરી લેવામાં આવે છે. આગામી બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘરવપરાશના વિજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

## આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર ખાતાનું મંજૂર થયેલ મહેકમ

અતારાંક્તિ : ૩૮૨ (૫-૭-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર ખાતાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે; અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) (૨૯-૮-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર ખાતાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **મંજૂર થયેલ જગ્યા** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **કાયમી** | **હંગામી** | |
| ૧ | સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | જનસંપર્ક અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | હેડ ક્લાર્ક, વર્ગ-૩ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૬ | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૭ | જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૨૦ | ૦૦ | ૨૦ |
| ૮ | ટાઇપીસ્ટ, વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | સબ ઓડીટર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૦ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૨ | નાયક, વર્ગ-૪ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૩ | પટાવાળા, વર્ગ-૪ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૧૪ | ડ્રાઇવર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | **કુલ :** | **૪૦** | **૦૧** | **૪૧** |

(૨) ઉક્ત મંજૂર થયેલ જ્યાઓ પૈકી કુલ -૯ જ્યાઓ ખાલી છે અને તે કેટલા સમયથી ખાલી છે તેની વિગત નીચે મુજબ છે : -

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **ખાલી જ્યાની સંખ્યા** | **કઇ તારીખથી ખાલી છે** |
|---|---|---|---|
| ૧ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૦૧ | ૨-૫-૦૩ |
| ૨ | હેડ કલાર્ક, વર્ગ-૩ | ૦૨ | ૯-૧૧-૦૬<br>૧-૭-૦૭ |
| ૩ | સીનીયર કલાર્ક, વર્ગ-૩ | ૦૧ | ૧-૨-૦૮ |
| ૪ | જુનીયર કલાર્ક, વર્ગ-૩ | ૦૧ | ૧૪-૨-૦૭ |
| ૫ | ટાઇપીસ્ટ, વર્ગ-૩ | ૦૧ | ૨-૫-૦૩ |
| ૬ | સર્કલ ઓફીસર | ૦૧ | ૨-૫-૦૩ |
| ૭ | પટાવાળા, વર્ગ-૪ | ૦૨ | ૪-૧-૦૭<br>૧-૭-૦૭ |

(૩) જેમ બને તેમ જલ્દીથી.

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૩ | ૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૯૪, ૩૬૧, ૩૯૮ | ૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૮૨,૨૦૨, ૨૦૬, ૪૦૭ | ૪ |
| ૪ | નાણા વિભાગ | ૩૪૨ | ૧ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો | ૯૬, ૨૧૯, ૨૨૨, ૨૨૪, ૨૬૫ | ૫ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૫૯, ૧૬૧, ૨૪૭, ૨૭૫, ૨૮૧, ૨૮૨, ૪૧૯, ૪૨૯, ૪૮૨, ૫૬૧ | ૧૦ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૫૫, ૩૮૧ | ૨ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૦, ૩૮૩ | ૨ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૪૩, ૫૧૫ | ૨ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ | ૨૦૭, ૪૫૦, ૪૭૭, ૪૭૮, ૪૭૯ | ૫ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૭૫, ૨૨૮ | ૨ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૭૪, ૩૬૮, ૪૦૮, ૪૫૫ | ૪ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીત્તા વિભાગ | ૧૦૧, ૧૪૪, ૧૬૫, ૧૬૮, ૨૫૮, ૫૨૩ | ૬ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૪૧૦ | ૧ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૪૭૨ | ૧ |
| ૧૬ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૮૨ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

# પોઈન્ટ ઑફ ઑર્ડર

## પ્રશ્નોત્તરીના સમય અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીના કાળમાં આપનું રક્ષણ અમે માગ્યું છે. આપ પ્રયત્ન કરો પરંતુ સરકારપક્ષે એવું નક્કી કરવામાં આવે કે આજે ૧૫મો પ્રશ્ન આશારામનો છે તો ન આવવો જોઈએ એટલા માટે એ પ્રશ્નને ઈરાદાપૂર્વક રોકવાના પ્રયત્ન થાય અને ૨૦-૨૦ મિનિટ સુધી ભાષણ કરવામાં આવે કે જેથી કરીને ૧૫મા પ્રશ્નમાં જે જવાબદાર વ્યકિત છે, તેની સામે જેણે ભાષણો કર્યા હોય જેની સીડી હોય, જેની સામે હાઈકોર્ટે એફ.આઈ.આર ફાઈલ કરવાનું કહ્યું હોય તે માણસનો પ્રશ્ન વિધાસનભાગૃહમાં ના ચર્ચી શકાય આ પ્રકારનો પ્રયત્ન સરકારશ્રી તરફથી થાય છે તેની સામે આપનું રક્ષણ ઈચ્છું છું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મો પ્રશ્ન બહુ ઓછા દિવસ આ વિધાનસભાગૃહમાં ચર્ચાયો હશે. બીજી વાત આશારામમાં અમારે કઈ છુપાવવાનું નથી. આ જમીનો તો આશારામને કોંગ્રેસની સરકારે આપી છે. બધી જમીનો આશારામને સાહેબ કોંગ્રેસની સરકારે આપી છે. માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી, શંકરસિંહ વાઘેલા આ બધાએ જમીનો આપી છે. અમે નથી આપી. આશારામને જમીનો કોંગ્રેસ સરકારે આપી છે. અમે તો તપાસપંચ નીમ્યું છે. અમે તપાસપંચ નીમ્યું છે. અમારે કશું છૂપાવવાનું નથી.

**અધ્યક્ષશ્રી** :માનનીય મંત્રીશ્રી હું પોઈન્ટ ઑફ ઑર્ડરનો જવાબ આપું છું. ઑર્ડર ઑર્ડર. ખુમાનસિંહભાઈ તમને મારે સૂત્રોચ્ચાર માટે નેઈમ કરવા પડશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુઓ નીતિનભાઈ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પ્લીઝ મને પોઈન્ટ ઑર્ડરનો જવાબ આપવા દો. ઑર્ડર, ઑર્ડર. (અંતરાય) (સૂત્રોચ્ચાર) ઑર્ડર, ઑર્ડર, તમે જગ્યા ઉપર બેસો. તમે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો છે અને હું રૂલિંગ આપું છું. હું એની વાત આવરી લઉં છું. જે એમણે બેઠા બેઠા, આપ પહેલાં ઑર્ડર ઑર્ડર, પહેલાં હાઉસને ઑર્ડરમાં લાવવાની જવાબદારી તમારી છે. ઑર્ડર, ઑર્ડર. આપણે સૌએ, પ્લીઝ નીતિનભાઈ. આ સભાગૃહના સંચાલનની જવાબદારી મારી એકલાની નથી. સૌની છે અને જ્યારે આ જવાબદારી સૌની છે ત્યારે અને આપણે એક નવી સારી પ્રણાલિકા તરફ જઈ રહ્યા છીએ ત્યારે આપણે આપણા શબ્દો અને આપણી ભાષા ઉપર ચોક્કસ કાબૂ રાખવો જોઈએ. બેઠા બેઠા જે કોઈ મંત્રીશ્રીએ જે પ્રકારની ટીકાઓ કરી છે, નીતિનભાઈએ એ પ્રકારની ટીકા કરી, નીતિનભાઈ આપ આ પ્રકારની ટીકાઓમાંથી મુકત થાઓ અને હું આશા રાખું છું કે તે દિશામાં આપ જાઓ. માનનીય શકિતસિંહ આપ ખૂબ જ, . ખુમાનસિંહ મેં તેમને કહેવાનું કહયું છે. મેં નીતિનભાઈને કહયું છે. તમારા કહયા પછી કહયું છે. શ્રી ખુમાનસિંહ જે વાત એ બેઠા બેઠા કરે છે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે રીતે પ્રશ્ન ઉભો કર્યો છે તે પ્રશ્ન ક્રમાંક.૧૫ તરફ અનુલક્ષીને તેમને સ્પષ્ટતાપૂર્વક કહયું ત્યારે મારે દુઃખ સાથે કહેવું જોઈએ અને માનનીય શકિતસિંહ આપ સંસદીય પ્રણાલિકાના જ્ઞાતા છો. આગ્રહી છો, આ સભાગૃહની અંદર જે કંઈ સમયનું સંચાલન કરવાનું છે, ટાઈમ મેનેજમેન્ટ કરવાનું છે એની જવાબદારી મારી છે અને મેં એકેએક પ્રશ્ન ઉપર (અંતરાય) એની જવાબદારી મારી છે અને મારી જવાબદારી હું સ્વીકારું છું. કોઈ સવાલમાં વીસ મિનિટ નથી થઈ અને વીસ મિનિટ કોઈ મંત્રીશ્રીએ જવાબમાં લીધી નથી. મારી વાત સાંભળો, માનનીય શકિતસિંહજી, અને હું પ્રશ્ન ક્રમાંક એકથી કયા પ્રશ્ન પાછળ કેટલી કેટલી મિનિટો વપરાઈ છે એ કહેવા માગું છું, સાંભળવું છે? (અંતરાય) નહીં, નહીં, આપણે આજની જ વાતી કરીએ, આપે એમ કહ્યું, (અંતરાય) મારી પાસે પણ છે, એકલા પ્રશ્ન ક્રમાંક : ૧૦ની અંદર બંને બાજું થઈને જે પ્રકારના પ્રશ્નો આવ્યા એ પ્રશ્નોના જવાબની અંદર સમય ગયો છે. હવે જો હું વચ્ચેથી અટકાવી દઉં અને પ્રશ્ન નેકસ્ટ કહું તો માનનીય સિધ્ધાર્થભાઈ જેવા સિનિયર મેમ્બર હોય એને પ્રશ્ન પૂછવાની તક ન આપું તો એ પણ મારા માટે યોગ્ય નથી. એટલા માટે જે કંઈ અવલોકનો આપે કર્યા એ અવલોકનોની જવાબદારી મારી છે અને પ્રશ્ન દશમો આવે કે પંદરમો આવે કે બારમો આવે, જે ગતિની અંદર આપણે જઈએ છીએ એના આધારે ચાલે છે. બીજી વસ્તુ, આપે જે પ્રશ્નો ઊભા કર્યા હોય એના પૂરક પ્રશ્નોની અંદર જે સમય ગયો હોય એનો જવાબ આપતી વખતે કોઈ પણ મંત્રીશ્રી રાજકીય અવલોકન ન કરે એ જોઉં છું અને રાજકીય અવલોકનોમાંથી મુક્ત રહેવા માટે બંને પક્ષોને કહ્યું છે અને આ બાજુ વધારે કહ્યું છે ત્યારે રાજકીય અવલોકનોમા સમય ન જાય, તો પ્રશ્નની વિગતોની અંદર પ્રશ્ન પૂરક પ્રશ્ન, માનનીય અર્જુનભાઈ મોઢવાડિયાના પ્રશ્નની અંદર એ વિગતવાર ત્રણ કે સાડા ત્રણ મિનિટનો સમય લેતા હોય તો એનો જવાબ, એ પૂરક પ્રશ્નનો જવાબ આપતી વખતે માનનીય મંત્રીશ્રી પાંચ મિનિટ લે એ સ્વાભાવિક છે. ટોટલ પ્રશ્નની અંદર (અંતરાય) પ્રશ્ન દશમાં, મેં સમય જોયો છે એટલે જ હું કહું છું. હું લખતો આવું છું. (અંતરાય) માનનીય અર્જુનભાઈ તમારો જવાબ નથી આવ્યો એવું તમને લાગતું હોય તો નિયમ ૯૨ નીચે તમે નોટિસ આપશો તો હું દાખલ કરીશ. તમે બધા જ નિયમો જાણો છો, નિયમોના આધાર ઉપર આપણે ચાલીશું. તમને પૂરી તક મળશે. પરંતુ, જો નિયમોની અંદર આપણે અવલોકનો કરીએ તો માનનીય મંત્રીશ્રી પણ

અવલોકનો કરે અને એ અવલોકનોને કારણે સવાલ લાંબો ચાલે અને લાંબો ચાલે અને બરાબર પાંચ મિનિટે જ મેં અટકાવી દીધું હોત તો તમે એમ કહેત કે સીમી જેવો અગત્યનો પ્રશ્ન, રાષ્ટ્રનો છે એ ન ચર્ચાય, એટલા માટે એ અટકાવ્યો, અને જો જવાબ ન આપવા દઉં તો પણ એ પરિસ્થિતિ થાય, જવાબ માટે જ્યાં જ્યાં તમે મુદ્દા ઊભા કર્યા છે ત્યાં માનનીય મંત્રીશ્રીને મેં કહ્યું છે. કોઈપણ માનનીય મંત્રીશ્રી હોય, ત્યારે મેં એમને કહ્યું છે કે તમે જવાબ આપો. એટલે તમારા પૉઈન્ટ ઑફ ઑર્ડરની અંદર હું રૂલિંગ આપતાં જણાવું છું કે, માનનીય શકિતસિંહજીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એ અપ્રસ્તુત છે, આ સભાગૃહના ટાઈમ મેનેજમેન્ટની જવાબદારી મારી છે અને હું હંમેશાં પાંચ કે છ મિનિટનો આગ્રહ રાખું છું પરંતુ પ્રશ્નના પૂરક પ્રશ્નના પ્રશ્નો એ જો લાંબા હોય એની અંદર વિષયાંતર થતાં હોય, અને એ વિષયાંતર થયેલા પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપતા હોય ત્યારે હું એને વચ્ચેથી રોકીને તમારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ ન આપે એવી પરિસ્થિતિ હું સર્જવા માગતો નથી. એટલે મારી સૌથી પહેલાં માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, એ જ્યારે પ્રશ્ન પૂછે ત્યારે સ્પષ્ટ પ્રશ્ન પૂછે, જેમાંથી પ્રશ્ન ઊભો થયો હોય એ પૂછે, માનનીય સિધ્ધાર્થભાઈનો પ્રશ્ન એ સીમીને લગતો પ્રશ્ન હતો એના પૂરક પ્રશ્નની અંદર તેઓ ગુજકોકમાં ગયા, એમણે એમ કહ્યું કે માનનીય મંત્રીશ્રી જે જવાબ આપ્યો એમાંથી હું પ્રશ્ન પૂછું છું એટલે એ પ્રશ્નનો જવાબ, અને એ જવાબની અંદરથી પેદા થતા પૂરક પ્રશ્નો, આ એવો સંવેદનશીલ પ્રશ્ન હતો એને જો હું વચ્ચેથી અટકાઉં અને પાંચ મિનિટનો આગ્રહ રાખું તો એ યોગ્ય નહોતો એટલે આ પ્રશ્નોત્તરી પંદરમા પ્રશ્ન સુધી પહોંચી નથી. આજની કાર્યવાહી, એની કોઈ જવાબદારી હોય તો સભા સંચાલનની મારી છે, કોઈએ પંદરમો પ્રશ્ન ન આવવા દેવા માટે આવું કર્યુ છે એવું કહેવું એ યોગ્ય નથી. (અંતરાય) ભાઈ, આત્મારામ, દરેક વખતે બેઠાં બેઠાં ટીકાઓ કે ટિપ્પણો કરવામાં આપણે બંને બાજુ મર્યાદા રાખીએ તે સારું છે. નેકસ્ટ.

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાતના પૂર્વ રાજય મંત્રીશ્રી હરિહર ઉમિયાશંકર ખંભોળજા, બૃહદ મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માધુભાઈ જયસિંહ ભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચીમનભાઈ હરીભાઈ શુકલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડૉ. વલ્લભભાઈ જીવાભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રભાણસિંહજી મૂળસિંહજી સોલંકીના અવસાન અંગે**

## ગુજરાતના પૂર્વ રાજય મંત્રીશ્રી હરિહર ઉમિયાશંકર ખંભોળજાના અવસના અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજય મંત્રીશ્રી હરિહર ઉમિયાશંકર ખંભોળજાનું તા.૧૭મી જુલાઈ, ૨૦૦૮ના રોજ ૮૧ વર્ષની પીઢ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વ.શ્રી ખંભોળજાનો જન્મ ૧૫મી જૂન, ૧૯૨૭ના રોજ ભરૂચ મુકામે થયો હતો. સ્વ.શ્રી ખંભોળજાએ રાજ્યશાસ્ત્રમાં એમ. એ. સુધીનો અભ્યાસ કરેલ હતો. સ્વ.શ્રી ખંભોળજા ઉદ્યોગ અને સમાજસેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી ખંભોળજાએ ૧૯૪૨માં માત્ર પંદર વર્ષની વયે "હિંદ છોડો" ચળવળમાં ભાગ લીધો હતો. તેઓશ્રીએ જુદા જુદા વિદ્યાર્થી સંગઠનોના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ખેડા જિલ્લાની સીટીઝન્સ કાઉન્સિલ, સ્મોલ સેવિંગ્ઝ કમિટી, ઉમેરઠની માર્કેટિંગ સહકારી સોસાયટી અને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના બોર્ડના સભ્ય તરીકે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વ.શ્રી ખંભોળજાએ પાંચમી તથા છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ઉમરેઠ મત વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરેલ હતું અને તેમણે નાણાં અને આયોજન વિભાગના રાજયકક્ષાના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. સ્વ.શ્રી ખંભોળજાને વાંચન, કલા-સંગ્રહ, શિકાર અને રમતગમતનો શોખ હતો. તોઓશ્રીએ "સ્ટોરી ઑફ ટૅન્ક"`,"લેગ્વેજીસ ઑફ ડાંગ્સ-વેસ્ટ ખાનદેશ" અને "તેજ અને તવારીખ" જેવા પુસ્તકો લખ્યા હતા. તેઓશ્રીએ "મહાગુજરાત" સાપ્તાહિકના તંત્રી તરીકે સેવાઓ આપી હતી અને "નવગુજરાત ટાઈમ્સ", "હિન્દુસ્તાન ટાઈમ્સ", "પેટ્રીઓટ" તથા "હિન્દુ" જેવા અખબારોમાં લેખો લખ્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયે એક બહુમુખી પ્રતિભા અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## બૃહદ મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માધુભાઈ જયસિંહ ભાઈ પટેલના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, બૃહદ મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માધુભાઈ જયસિંહ ભાઈ પટેલનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ ૯૬ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૩૧મી જુલાઈ, ૧૯૧૨ના રોજ સુરત જિલ્લાના મહુવા તાલુકાના વડિયા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે વર્નાકયુલર ફાઈનલ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી સમાજ સેવા અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે દેશની સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લીધો હતો અને કારાવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ મીઠાના સત્યાગ્રહની લડતમાં ભાગ લીધો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે સુરત અને વલસાડ જિલ્લા સહકારી બૅન્કના

ડિરેકટર તરીકે તેમજ વલસાડ જિલ્લા સહકારી બૅન્ક, વાંસદા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને ઔદ્યોગિક સહકારી મંડળીના ચેરમેન તરીકે તથા વાંસદા ગ્રામ સેવા મંડળના પ્રમુખ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી અને તેના દ્વારા તાલુકાના વિવિધ ગામોમાં આશ્રમ શાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓ શરૂ કરાવી હતી તથા કેળવણી મંડળના ટ્રસ્ટી તરીકે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ સહકારી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલે સન ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી બૃહદ મુંબઈ વિધાનસભામાં વ્યારા-ડાંગ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી સભ્ય તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયે સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ ઉમદા સમાજ સેવક અને સ્વાતંત્ર્ય સેનાની ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચીમનભાઈ હરીભાઈ શુકલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચીમનભાઈ હરીભાઈ શુકલનું તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૮ના રોજ ૭૯ વર્ષની પીઢ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી શુકલનો જન્મ ૩જી સપ્ટેમ્બર, ૧૯૨૮ના રોજ રાકોટ મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી શુકલએ એલ.એલ.બી.નો અભ્યાસ કર્યો હતો અને તેઓશ્રી ધારાશાસ્ત્રી તરીકે અત્યંત મેઘાવી પ્રતિભા ધરાવતા હતા. તેઓશ્રીએ ઘણાં વર્ષો સુધી રાજકોટની સરકારી લૉ કૉલેજમાં પ્રોફૅસર તરીકે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી શુકલએ ૧૯૪૮માં કાશ્મીર સત્યાગ્રહ, દીવ અને ગોવા સત્યાગ્રહ, દિલ્હીમાં ગૌવંશ પ્રતિબંધ સત્યાગ્રહ, કચ્છ સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો હતો અને ૧૯૭૫માં કટોકટી સમયે કટોકટી સામેના રાષ્ટ્રવ્યાપી સંઘર્ષમાં ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું તથા બે વર્ષ જેલવાસ ભોગવ્યો હતો.

સ્વર્ગસ્થશ્રી શુકલ ત્રીજી ગુજરાત વિધાનસભામાં રાજકોટ-૧ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ સન ૧૯૭૭ થી ૧૯૭૯ સુધી છઠ્ઠી લોકસભાના સભ્ય તરીકે રાજકોટ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થશ્રી શુકલ ઉત્કૃષ્ઠ કોટીના વક્તા અને વાચક હતા. પત્રકારો, સંશોધકો, વિચારકો, સૌ માટે તેઓની અલભ્ય લાયબ્રેરી પ્રેરણા સ્ત્રોત બની રહી હતી. ગાંધી જીવન, એકાત્મ માનવ દર્શન, માર્ક્સ વિચાર, સર્વોદય વિચાર સહિત અલગ અલગ વિચારોનો તેઓનો શ્રેષ્ઠ અભ્યાસ હતો. આ ઉપરાંત આયુર્વેદ, જ્યોતિષ, આર્ય સમાજ જેવા ક્ષેત્રોમાં તેમની પૂર્ણ શ્રદ્ધા હતી. સ્વર્ગસ્થશ્રી શુકલ ગુજરાતી સાપ્તાહિક "તરુણ સૌરાષ્ટ્ર" ના તંત્રી હતા તથા સાહિત્ય, હસ્તરેખા શાસ્ત્ર, ઈતિહાસ અને માનસશાસ્ત્રમાં તેમને રસ હતો. તેમના અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં સતત સંઘર્ષ સાથે શ્રેષ્ઠ સંગઠનમાં માનનાર એક યુગનો અંત થયો છે.

તેઓશ્રીના અવસાનથી રાજયે એક પ્રખર ચિંતક, વરિષ્ઠ પાર્લામેન્ટરીયન, રાજકીય આગેવાન અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડૉ. વલ્લભભાઈ જીવાભાઈ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડૉ. વલ્લભભાઈ જીવાભાઈ પટેલનું તારીખ ચૌદમી એપ્રિલ, ૨૦૦૮ના રોજ ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડૉ. પટેલનો જન્મ ૧૯મી ઑગસ્ટ, ૧૯૩૮ના રોજ ભાવનગર જિલ્લાના ગારિયાધાર મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ ડૉ. પટેલે જી.એફ.એ.એમ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વ. ડૉ. પટેલે બોટાદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન એન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી તે સંસ્થાના આજીવન પ્રમુખ રહ્યા હતા અને આ સંસ્થા નીચે કાર્યરત પેટા સંસ્થાઓ તરીકે અલગ-અલગ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી શૈક્ષણિક ક્ષેત્રે બોટાદ શહેરના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

સ્વર્ગસ્થ ડૉ. પટેલે ગુજરાત વિદ્યુત બોર્ડના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રી બોટાદ ખેડૂત સમાજના વ્યવસ્થાપક પણ હતા. તેઓશ્રીએ બોટાદ ખાતે કસ્તુરબા સેવા મંડળ, ભગિની સેવા ટ્રસ્ટ, ગ્રાહક સુરક્ષા મંડળ જેવી અનેક સંસ્થાઓમાં યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ ડૉ. પટેલ પાંચમી ગુજરાત વિધાનસભામાં બોટાદ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રી વાંચન અને સામાજિક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રભાણસિંહજી મૂળસિંહજી સોલંકીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રભાણસિંહજી મૂળસિંહજી સોલંકીનું તારીખ છવ્વીસમી જૂન, ૨૦૦૮ના રોજ ૫૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી સોલંકીનો જન્મ ૨૨મી જૂન, ૧૯૫૭ના રોજ સાબરકાંઠા જિલ્લાના સાઠંબા ગામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રી સોલંકી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થ શ્રી સોલંકીએ પીપલ્સ કો-ઓપરેટીવ બૅન્કના ડાયરૅક્ટર તરીકે, સાઠંબા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે તેમજ બાયડ તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપેલ હતી.

સ્વર્ગસ્થ શ્રી સોલંકીએ સન ૧૯૯૦માં આઠમી ગુજરાત વિધાનસભામાં બાયડ મત વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી સોલંકી રચનાત્મક અને વિકાસની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા જે માનનીય માજી સભ્યશ્રીઓ પ્રત્યે શોક સંદેશો લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. માનનીય સદ્ગત સભ્યશ્રી હરિહર ખંભોળજા સાથે મને બહુ નજીકથી કામ કરવાનો મોકો મળ્યો હતો. જાહેર જીવનમાં જન આંદોલનના એક સાચા નેતા તરીકે એક સફળ નેતૃત્વ મહાગુજરાતની લડતમાં સ્વર્ગસ્થ ખંભોળજાએ કર્યુ હતું. મહાગુજરાતના જન આંદોલનના એ વખતના આંદોલનોમાં એક લોકગીત ગુજરાતમાં પ્રચલિત થયું હતું અને એ ગીત એ હતું

"રંગ રહી ગયો, રંગ રહી ગયો, મહાગુજરાતનો રંગ રહી ગયો, ગુજરાતની જનતા વીર છે, જેનો ભડવીર સેનાની ઈન્દુચાચા, જેની પડખે છે યુવાન ખંભોળજા સેનાની, રંગ રહી ગયો".

માનનીય અધ્યક્ષશ્રી સ્વર્ગસ્થ શ્રી ખંભોળજાએ યુવાનોમાં એ સમયમાં ન્યાય મેળવવા માટેની આંદોલનની પ્રક્રિયાના એવા બીજ રોપ્યા હતા કે ગુજરાતના એ વખતના ન્યાયની લડતના પ્રણેતાઓના ઇતિહાસમાં સ્વર્ગસ્થ શ્રી ખંભોળજાનું નામ સુવર્ણઅક્ષરે લખાયું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મંત્રી તરીકે ખંભોળજા કામ કરતા હતા. જિલ્લા મથકો ઉપર જાય, સામાન્ય માણસને પ્રજાને સમજવાનો પ્રયત્ન કરે, મારા જિલ્લાના જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ તરીકે વિરોધ પક્ષના ધારાસભ્ય તરફથી પણ કોઈ પ્રશ્ન આવ્યો હોય કે કાર્યકર્તા તરફથી આવ્યો હોય તો આખરે જનતાનું હિત કયાં છે, તે વાત કયાંથી આવી છે તેમ નહીં, કોના માટે આવી છે, જનતાના હિતની છે તે કામ પહેલું કરવું જોઈએ. વ્યકિતગત સંબંધોની બાબતમાં મૂઠી ઉંચેરો માનવી હતો. સત્તામાં હોઈએ તો સમીકરણો સરખાં કરી લેવા એમ નહીં આત્મીયતા જાળવવામાં તેમણે હંમેશા મહત્વનું યોગદાન આપ્યું છે. મહાગુજરાતની લડતમાં સાથે હોય, તે પછીના દિવસોમાં આમને સામને હોય પણ વ્યકિતગત સંબંધોની બાબતમાં કયારેય તેમણે કડવાશના બીજ નહીં આવવા દીધા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો સ્થાપના દિન સ્વર્ણિમ્ જયંતીના પગરાંણે આપણે આવીને ઉભાં છીએ ત્યારે તે પહેલી મેના દિવસે જ્યારે ગુજરાત દિવસ ઉજવવાનો કાર્યક્રમ ગાંધીનગરમાં કોંગ્રેસ સમિતિએ યોજ્યો ત્યારે મેં માત્ર એક ફોન કરીને વિનંતી કરી. તેમણે અત્યંત નાદુરસ્ત તબિયત હોવા છતાં નહીં, ગુજરાત દિવસ છે અને ગુજરાતના સ્થાપના દિવસે કદાચ આવતા આવતા ત્યાં પણ અધવચ્ચે રહી જાઉં તો તેની ચિંતા નથી પણ હું આવીશ. તેમ કહીને આવ્યા અને ત્યાં બેઠા સ્થાન સ્ટેજ ઉપર નહીં, હું સામે બેસીશ. મને તમે આ બધી નવી પેઢી છો તેને જોવાનું ગમે છે, મને તમને સાંભળવાનું ગમે છે સ્ટેજ ઉપર નથી બેસવું અહીં બેસીશ તો મને વધારે સારું લાગશે. આ ભાવના માનનીય અધ્યક્ષશ્રી, આજના સમયના રાજકારણમાં બહુ જ મોટી પ્રેરણા જેમનાથી આપણને મળે તે પ્રકારનું વ્યકિતત્વ આજે આપણી વચ્ચે રહ્યું નથી ત્યારે હું આ ગૃહના તમામ સભ્યશ્રીઓ વતી માનનીય અધ્યક્ષશ્રી તેમને સ્મર્ણાંજલિ શોકાંજલિ પાઠવું છું અને તેમના પરિવારજનો ઉપર આવી પડેલા દુઃખને સહન કરવાની પ્રભુ શકિત અર્પે એવી પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બૃહદ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માધુભાઈ જયસિંહભાઈ પટેલનું ૯૬ વર્ષની વયે અવસાન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ શ્રી પટેલે પણ સ્વાંતત્ર્ય ચળવળમાં પણ એક મહત્વનો ભાગ ભજવ્યો હતો અને સ્વતંત્રતા મળ્યા પછી જુદી જુદી જગ્યાએ રહીને સમાજને કેમ ઉપયોગી થઈ શકાય તેના માટે હંમેશા ચિંતા સેવીને પછી તે સહકારી પ્રવૃત્તિઓ હોય કે સામાજિક પ્રવૃત્તિઓ હોય તેમનું જબરજસ્ત યોગદાન રહ્યું

હતું. હું સ્વર્ગસ્થ માધુભાઈ પટેલને સ્મર્ણાંજલિ અર્પૂ છું અને તેમના પરિવારજનો ઉપર આવી પડેલા દુ:ખને ઈશ્વર શકિત અર્પે એવી પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ચીમનભાઈ શુકલ, બહુ જ નાનપણથી તેમને નજીકથી જોયા છે. સ્વર્ગસ્થ હરિસિંહજી ગોહિલ સાથે મારે ત્યાં તેમનું અવાર-નવાર આગમન થાય, પરિવારના વડીલ હોય તે રીતે વાત કરે. વૈચારિક રીતે પોલિટીકલ આઈડીયોલોજી જુદી પણ એક વડીલ તરીકેનો પ્રેમ ત્રણ પેઢીના સંબંધો યાદ કરીને ગાંધીનગરમાં આવે તો મળવા આવે. આ વિધાનસભા ગૃહના અમારા જેવા ઘણા સભ્યશ્રીઓ આ લાયબ્રેરીનો એટલો ઉપયોગ નહીં કરતા હોય જેટલો સ્વર્ગસ્થ ચીમનકાકા ઉપયોગ કરતા હતા. અહીં કયાંય બીજે સચિવાલયમાં મળે કે ના મળે પણ ગાંધીનગરમાં આવ્યા હોય અને વિધાનસભાની લાયબ્રેરીમાં આપણે જઈએ તો ચીમનકાકા અવશ્ય મળે. માત્ર કોઈ જગ્યાએ જોડાયા છીએ કે માટે જ સાદગીની વાતો કરે, સરળતાની વાતો કરે અને પછી દંભ રાખીને બહાર બધું જ ભોગવવું એવું નહીં. એક સરળ અને સાદગીપૂર્ણ માણસ તરીકે તેમણે સતત જીવન વ્યતીત કર્યુ અને સૌરાષ્ટ્રનું નામાંકિત એક વર્નાક્યુલર ન્યૂઝ પેપર તેનો હું તંત્રી લેખ વાંચતો હતો બહુ સરસ શ્રધ્ધાંજલિ તે તંત્રી લેખમાં સ્વર્ગસ્થ ચીમનકાકાને આપી. એટલા લાંબા કાળ દરમિયાન માત્ર એક જ વખત એક અંગત મિત્રના અતિશય આગ્રહ પછી એક હોટલના ઉદ્દ્ઘાટન પ્રસંગે તેમણે હાજરી આપી. આટલું લાંબુ જીવનકાળ હોવા છતાં કયારેય તેમણે તેમની તકતીઓ કે હોર્ડીંગ્સ નહીં મુકાવ્યા તેના તેઓ વિરોધી રહ્યા. કે મારા નામ સાથેની તકતી કે ઉદ્દ્ઘાટન કાર્યક્રમ નહીં જોઈએ. હું ઈશ્વરને પ્રાર્થના કરું કે અમને પણ એમના જીવનમાંથી કંઈક પ્રેરણા લેવાની તક મળે કે હું મોટો નથી. મારું કર્તવ્ય કેમ મોટું થઈ શકે? મારું નામ છે એમ નહીં, પણ સહુનું કામ કેમ થઈ શકે એ વિચારવાની શકિત ઈશ્વર સૌને આપે એ જ ચીમનકાકાને સૌથી મોટી શ્રદ્ધાંજલિ ગણાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય ડો. વલ્લભભાઈ જીવાભાઈ પટેલને મારા જિલ્લામાં બોટાદ તાલુકામાં સાથે કામ કરતા એક વડિલ તરીકે મેં નિહાળ્યા છે. સામાન્ય રીતે જાહેર જીવનમાં એક વખત ધારાસભ્ય થયા હોઈએ, પછી એ જ સીટ ઉપર એ જ પક્ષમાં બીજા કોઈ માણસને ખભે બેસાડીને જીતાડવા માટે પ્રયત્ન કરવાનું કોઈને રુચતું નથી. તેઓ માજી ધારાસભ્ય હતા. એ જ વિસ્તારમાં એ જ પક્ષે અન્યને ટીકીટ આપી, તો પક્ષના એક વફાદાર સૈનિક તરીકે એમને જીતાડવા મથતા મેં એમને જોયા હતા. ખેડૂતોના પ્રશ્નો માટે સતત જાગૃત, સતત ચિંતિત રહેતા. વિધાનસભાગૃહમાં મારે જયારે જયારે આવવાનું થતું હતું ત્યારે એમનો ફોન અવશ્ય આવે કે ખેડૂતોના આટલા પ્રશ્નો છે, જે હું લખીને મોકલાવું છું, વિધાનસભામાં ઉઠાવજો. ખેડૂતો માટે આ વાત કરજો. નર્મદાના પાણીની આ વાત કરજો. અત્યારે પ્રચાર થાય છે, પણ એ વાસ્તવિક વસ્તુ નથી. એમના જવાથી અમારા વિસ્તારે એક માર્ગદર્શક ગુમાવ્યા છે. એમના જવાથી બોટાદ, વલ્લભીપુર અને ભાવનગર જિલ્લામાં એક સાચા સમાજ સેવકની ખોટ પડી છે. હું આપણા સૌના વતી એમને શ્રદ્ધાંજલિ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ચંદ્રભાણસિંહજી સોલંકી સાથે આ વિધાનસભાગૃહમાં કામ કરવાનો મોકો મને મળ્યો છે. ૧૯૯૦માં સભ્ય તરીકે ચૂંટાયા. મંત્રી તરીકે કામ કરતા હોઈએ, કોઈ વાત કરતું હોય તો કયારેય વિવેક ન છોડે. અતિશય આદરપૂર્વકની વાત અને પ્રજાહિતના પ્રશ્નો માટે સતત જાગૃત રહેતા એ આગેવાન. એમનું અકાળે અવસાન થયું ઉંમર માત્ર ૫૭ની સાલમાં જન્મેલ વ્યકિત આપણી વચ્ચે આજે નથી. કયારેય કોઈના માટે એમના મોઢા ઉપર કડવાશ ન દેખાય. તાલુકા પંચાયતના ઉપપ્રમુખ તરીકે કામ કરતા હોય. એમને તોડવા અને ખસેડવાની વાત આવે અને વાત હાઈકોર્ટના દરવાજે આવી હોય, તો પણ કડવાશની વાત નહીં. ન્યાયની લડત લડીશું અને જે પરિણામ આવશે એ ભોગવીશું. આ પ્રકારના સરળ માણસે જાહેરજીવનમાં ઉમદા વ્યકિતત્વ તરીકે લોકોની સેવા કરતા કરતા આપણી વચ્ચેથી ગયા છે, ત્યારે આપણા સૌના વતી હું તેમને શ્રદ્ધાસુમન અને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ દિવંગત આત્માઓના પરિવાર ઉપર આવી પડેલા દુ:ખને સહન કરવાની ઈશ્વર તેમને શકિત આપે તેવી પ્રાર્થના કરીને વિરમું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આ સભાગૃહના પૂર્વ ધારાસભ્યશ્રી મિત્રોના અવસાન બદલ શોક પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હરિહરભાઈ ખંભોળજા એ ખૂબ જીવંત વ્યકિતત્વ. છઠ્ઠી વિધાનસભામાં નાણા અને આયોજનના તેઓ મંત્રી હતા. એમની સાથેનો પરિચય પછી પણ હંમેશા રહ્યો હતો. છેલ્લે નિવૃત્તિ બાદ પણ પ્રવૃત્તિ અને આવતી પેઢીને ઉપયોગી થાય એવી માનસિકતા અને આઝાદીના જંગ માટેનું સરસ મજાનું પુસ્તકનું આલેખન તેમણે કર્યુ એ નાતે પણ અવારનવાર તેમને મળવાનું થતું હતું. મહાગુજરાતની લડત વખતની વાત થઈ અને પહેલી મે ના દિવસે ગુજરાત રાજયની રચના થઈ એ દિવસનું મહત્વ તેઓ ખૂબ જાળવતા અને આદર જાળવતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય બન્ને સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લઈ લે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હરિહરભાઈએ આઝાદીના જંગના કેટલાક પ્રસંગો એમની સાથે બેઠા હતા ત્યારે નવમી ઓગષ્ટે કરેંગે યા મરેંગેનો ઠરાવ કર્યો તેના આગલા દિવસે આઠમી તારીખે ગોવાલિયા મેદાનની અંદર ઓગસ્ટ ક્રાંતિ મેદાન તરીકે હતા અને ત્યારે સભામાં યુવા નેતા કચ્છના યુસુફ કે જે કચ્છના પ્રજાકીય પરિષદના પ્રમુખ હતા એ પંડિત જવાહરલાલ નહેરુ સાથે જતા હતા ત્યારે કોઈ અંગ્રેજી પોલીસ અધિકારીએ તેમને કહયું કે બોય સ્ટોપ હીયર. આ પંડિત જવાહરલાલે સાંભળ્યું અને તેમણે એ અંગ્રજી પોલીસ અધિકારીને કહયું કે તમે આ જેને યંગ બોય સ્ટોપ હીયર કહો છો એ મુંબઈનો મેયર છે. તો આવા પ્રસંગો યાદ કરીને આવતી પેઢી એનો ઉપયોગ કરી શકે એવા દળદાળ સ્વાતંત્રય જંગના પ્રસંગો આલેખ્યા હતા એવા હરિહર ખંભોળજા બહુમૂખી પ્રતિમા ધરાવતા હતા. એ કલાના પણ એટલા જ સહાયક હતા. એમનાં દીકરી ગોપીબેન દેસાઈ પણ આજે ગુજરાતના કલા સંસ્કારોનો વારસો ઉજાગર કરી રહયાં છે એ છેલ્લી પળો સુધી કાર્યરત હતા. એ ગાંધીનગરમાં રહેતા હતા, પહેલાં સેકટર ૨૦ માં રહેતા હતા અને પછી સેકટર ૧૯ માં રહેતા હતા. અવારનવાર તેમને મળવાનું થતું હતું. એમને હું મારી શ્રધ્ધાંજલિ અર્પુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સ્વ. શ્રી ચીમનભાઈ શુકલ કે જે ચીમનકાકાના હુલામણા નામથી ઓળખાતા હતા. મારો તેમની સાથેનો ૩ દાયકાઓ કરતાં વધારે પરિચય હતો. બાલ્યાવસ્થામાં તેમના તરફથી વાત્સલ્ય મળેલું, પુખ્યવયે તેમનું માર્ગદર્શન મળતું અને છેલ્લે તેમની જે મકકમતા હતી સત્યની સાથે રહેવાની, તેમની ઈચ્છા શકિત હતી એના કારણે પોતે હંમેશાં ધાર્યુ કરતા. એ કયારેય મોટાં ટોળાંની પરવા નહોતા કરતા પણ હિંમતવાન લોકોને સાથ આપતા હતા. જાહેર જીવનમાં રાજકોટ અને સૌરાષ્ટ્રમાં એ તમામ જાહેર જીવનના લોકો સાથેની તેમની આત્મિયતા હતી. કેટલાક પ્રસંગ કહું તો ચીમનકાકા એ પુસ્તકના ચાહક હતા, એમને ગમે ત્યાં ચોપડીનો ઢગલો મળે તો એ ખોખાંખોળાં કરીને એમાંથી પોતાને મતગમતું પુસ્તક શોધી લેતા અને એ રીતે મને પણ એમની સાથે રહેવાનો મોકો મળ્યો હતો. અમારા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ કહયું એ પ્રમાણે જાહેર જીવનના તમામ લોકો સાથે ઘરોબો કેળવવાની તેમની પાસે કળા હતી. રાજકોટમાં મનોહરસિંહજી જાડેજાની સામસામે તેઓ ચૂંટણી લડયા હોય, પરંતુ એમની નાદુરસ્ત તબિયતના પ્રસંગે એ તાત્કાલિક એમની ખબર પૂછવા પહોંચી જવાનો વિવેક પણ રાખે, એટલું જ નહીં, પરંતુ પરિવારના કોઈ આગેવાન કે સગાંવહાલાં રહેતાં હોય તો મહોલ્લામાં જઈને તેમને મળીને પૃચ્છા કરવાનો પણ તેમનો સ્વભાવ હતો અને અમારા જેવા માટે એ માર્ગદર્શક બન્યા હતા. તે વખતે હું ભારતીય જનતા પાર્ટીમાં હતો, પરંતુ જનસંઘના વખતથી રાજકોટમાં એ આર.આર.એસ.ના પણ એક લડવૈયા હતા.એ પોતે નિવૃત્તિ જીવનમાં પણ એમ કહેતા હતા કે મારું આયખું ૧૯૯૦ ના દાયકામાં ૨૦૦૦ માં પૂરું થઈ જવાનું એવી કલ્પના એમણે કરી હતી. જયોતિશશાસ્ત્રની રીતે મેં મારું કાર્ય પૂરું કર્યુ છે એટલે પાછળ કોઈને વસવસો ના રહે અને એમનો વીલ પાવર પણ કેવો કે કોઈ કાર્યકરની પડખે કોઈ ના હોય ત્યારે વકીલ તરીકે એ પોતે ઉભા રહે અને સત્યનો વિજય કરાવે. સૌરાષ્ટ્રના નામાંકિત વકીલોમાં ચીમનભાઈ શુકલનું નામ હતું અને વર્ષો સુધી એમણે કાર્યકરો માટે જહેમત અને મહેનત લીધી હતી. મને એટલા માટે કે એ મારા વડીલ હતા અને અને એમનો અનેક રીતે માર્ગદર્શક તરીકે મેં ઉપયોગ કર્યો છે. એવા વડીલ ગુમાવવાનો મને વસવસો છે, એમને હું મારી શ્રધ્ધાંજલિ અર્પુ છું.

એવી જ રીતે શ્રી ચંદ્રભાણસિંહજી સોલંકી એ મુલ્લાબાપુના હુલામણા નામથી ઓળખાતા હતા.એ ખૂબ જ નાની ઉંમરે ગયા અને તેજસ્વી વ્યકિત હતા એ કેટલો સમય રહયા એ નહીં, પરંતુ જયાં સુધી રહયા ત્યાં સુધી એ તેજસ્વી રીતે રહ્યા હતા. એ પોતે ગુજરાત કન્ટ્રકશન કોરપોરેશનના ચેરમેન હતા અને પોતાના પક્ષની સરકાર સામે પણ સંઘર્ષ કરતા મેં તેમને જોયા છે કારણ કે ગુજરાત રાજય કંસ્ટ્રકશન કોરપોરેશનના ચેરમેન હતા અને એમને પાકતી રકમ સરકાર પાસેથી લેવાની હતી અને એ જો પૈસા મળે તો કોરપોરેશનની આર્થિક સ્થિતિ સુધરે તેમ હતી.એટલા માટે સંઘર્ષ કરતા પણ મેં ચંદ્રભાણસિંહજી સોલંકીને જોયા છે. આવા તેજસ્વી વ્યકિતઓનું પોતાનું જાહેર જીવનમાં એક આગવું સ્થાન હોય છે. સદ્દગત માધુભાઈ અમારી આગલી પેઢીના ધારાસભ્ય હતા અને સદ્દગત વલ્લભભાઈ પટેલ બોટાદના ધારાસભ્ય હતા, અને તેઓ બોટાદના હોવા છતાં પણ ઝાલાવાડના જાહેર જીવનમાં પણ એમનું આગવું વ્યકિતત્વ ઉપસ્યું હતું. અને તેઓ ખૂબ સારા ડોકટર અને રીફોર્મર તરીકે પણ એમનું નામ હતું. આ તમામ મહાનુભાવોને ગુમાવવાથી ગુજરાતના જાહેર જીવનમાં ખૂબ મોટી ખોટ વર્તાશે, એમના પરિવારજનો ઉપર આવી પડેલી આપત્તી સહન કરવાની પ્રભુ એમને શકિત આપે તેવી પ્રાર્થના સાથે હું અંજલિ અર્પું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને આદરણીય મુખ્ય મંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેને ટેકો આપ્યો છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું. આ ગૃહમાં વિવિધ પ્રકારની સેવાઓ આપી અને જે માજી ધારાસભ્યશ્રીઓ અવસાન પામ્યા છે અને તેઓ આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમના મૂલ્યો અને તેમણે કરેલા કાર્યોને યાદ કરી અને એમના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તી સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ છીએ.

માનનીય ચીમનભાઈ શુકલ, રાજકોટના અડિખમ નેતા તરીકે અને વિધાનસભાના સભ્ય તરીકે રહી ચૂકયા છે. મેં અનેક પ્રકારની ખુમારીના પુસ્તકો વાંચ્યા છે, ઝવેરચંદ મેઘાણીના અને કનૈયાલાલ મુનશીના પુસ્તકો વાંચ્યા છે. પણ ચીમનભાઈ શુકલના જીવનમાં તે ખુમારીના મેં સાક્ષાત દર્શન કર્યા છે. એમના જીવનનાં અનેક પાસાંઓને નજીકથી નિહાળવાની મને ઉમદા તક મળી છે. એક ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલ સીધા સાદા વ્યકિતત્વને ઘડી અને આજે જાહેર જીવનમાં અહીં સુધી મને પહોંચાડવામાં ચીમનભાઈ શુકલનું ખૂબ મોટું યોગદાન અને હિસ્સો રહ્યા છે. મારા માટે અમુલ્ય છે. જયારે જાહેર જીવનના મૂલ્યોનું ધોવાણ થતું હતું તે વખતે રાજકોટમાં આંદોલન કરી અને પોતાના જીવનને પણ હોડમાં મુકી અને દિવસો સુધી એમણે આમરણાંત ઉપવાસ કરેલા અને પક્ષપલટો કરનાર સભ્યશ્રીને રાજીનામું આપવાની પહેલ વહેલી ઘટના આખા દેશમાં રાજકોટમાં બનેલી. એ જ પ્રકારે જયારે સૌરાષ્ટ્રમાં ગુંડાગીરીએ માજા મુકેલી અને ઠેક ઠેકાણે ગુંડાઓ ગ્રામ્ય વિસ્તારને ઘમરોળતા હતા તે વખતે બધા જ લોકો જેઓ ગુંડાગીરી સામે લડવા સક્ષમ હોય તેવા લોકોને પક્ષા-પક્ષીથી પર રહી અને બધાને સાથે રાખી અને પોપટભાઈ સોરઠીયાના અધ્યક્ષ સ્થાને ગુંડાગીરી સામે લડત ચલાવેલી. અને અને તે લડતમાં નેતૃત્વ લઈ અને ગુંડાગીરી સામે વર્ષો સુધી મુકાબલો કરી અને સૌરાષ્ટ્રના લોકોને નિર્ભય બનાવવાનું જબ્બરજસ્ત કાર્ય પણ એમણે કરેલું. સદ્‍ગત ચીમનભાઈને વાંચવાનો જબ્બરજસ્ત શોખ હતો. કોલેજની લાઈબ્રેરી હોય તેવા પ્રકારની લાઈબ્રેરી તેઓના ઘરે હતી. અને દરેક પુસ્તક તમે ખોલો તો તેના પેરેગ્રાફ નીચે અન્ડર લાઈન કરેલી હોય અને આ પુસ્તકોની અન્ડર લાઈન કરેલા પેરેગ્રામ વાંચીએ તો આખા પુસ્તકનો સારાંશ તેમાંથી મળી જાય તેવું તેમનું વાંચન હતું. એમના જવાથી જાહેર જીવનમાં જબ્બરજસ્ત ખોટ પડી છે. એમના કુટુંબીઓ પર આવી પડેલી આપત્તી સહન કરવાની પ્રભુ શકિત આપે અને એમના આત્માને પ્રભુ સદ્‍ગતિ આપે તેવી પ્રાર્થના સાથે વિરમું છું. **શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ ટેકો આપ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ.શ્રી હરિહર ખંભોળજાએ માત્ર આ ગૃહ શોભાવ્યું એટલું જ નહિ જાહેર જીવનની અંદર માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર દેશમાં રાજનીતિ શાસ્ત્રમાં નિષ્ણાંત હોય તેવું વ્યકિતત્વ હતું. કોઈ કોઈના કારણોસર લોકનેતા બનતા હોય છે પરંતુ હરિહરભાઈ ખંભોળજા એવું વ્યકિતત્વ હતા કે જે સાચા અર્થમાં જન આંદોલનમાંથી લોક નેતા બન્યા હતા. મહાગુજરાત ચળવળ થઈ અને સ્વ. ઈન્દુચચા, સ્વ. હરિહરભાઈ ખંભોળજા, સ્વ. પ્રબોધભાઈ, શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ, રતિલાલ ખુશાલદાસ, ગણપતભાઈ પટેલ આ બધા નેતાઓ એવા હતા, અત્યારે તો સભા ભરવા માટે ટોળાં ભેગાં કરવાં પડે છે. પરંતુ આ નેતાઓએ તો બે બે લાખની જનમેદની મહાગુજરાતના આંદોલનમાં સંબોધન કરેલી. આ જન આંદોલનમાં આપશ્રી પણ સક્રિય રહ્યા છો, આપે પણ ભાગ લીધો છે. સાચા અર્થમાં ગુજરાત રાજયની સ્થાપનાનો યશ જો કોઈને જતો હોય તો એ હરિહર ખંભોળજા અને એમના સાથીદારોને જાય છે. એક મંત્રી તરીકે અને જાહેર જીવનના અગ્રણી તરીકે અનેક કાર્યકરોને માર્ગદર્શન આપ્યું છે. એમને લખવા વાંચવાનો ભારે શોખ હતો. જયારે જયારે જરૂર પડે ત્યારે અમને મુરબ્બી સ્વ. હરિહરભાઈ ખંભોળજાએ માર્ગદર્શન આપ્યું છે એટલું જ નહિ કયાંકને કયાંક જરૂર પડે ત્યાં કાન પકડવાનું કામ પણ હરિહરભાઈ કરતા હતા. માત્ર ઉમરેઠ વિસ્તાર માટે જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત માટે એમને સેવાઓ પૂરી પાડેલી છે. એમના જવાથી ગુજરાત રાજય રાજનીતિ ક્ષેત્રે એક સાચા માર્ગદર્શક ગુમાવ્યા છે.

સ્વ. ચીમનભાઈ શુકલ એટલે સૌરાષ્ટ્રના લોક નેતા, આ પક્ષ હોય કે તે પક્ષ હોય તમામ લોકો સ્વ. ચીમનકાકાને માન અને આદરથી જોતા હતા. હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે વરસો સુધી સંકળાયેલો હતો એ વખતે પણ જાહેર જીવનના અગ્રણી તરીકે અમને જયાં જયાં જરૂર પડે ત્યાં માર્ગદર્શન આપ્યું છે. હમણાં માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ સાચી વાત કરતા હતા કે અસામાજિક તત્વો સામેની લડાઈ લડવી ખૂબ જ અઘરી છે. રાજનીતિમાં પડેલા લોકો એને શરણે જતાં હોય છે પરંતુ પહેલી લડાઈ આ અસામાજિક તત્વો સામે કોઈએ શરૂ કરી હોય તો એ સ્વ. ચીમનકાકાએ કરી હતી એના કારણે જ સૌરાષ્ટ્રની પ્રજાની ઉમદા સેવા કરી હતી. જે પક્ષમાં હતા એ પક્ષમાં એ સ્થાપના કાળથી જોડાયેલા રહ્યા હતા. રાજકોટ અને સ્વ. ચીમનકાકાને જુદા કરી શકાય નહિ, સૌરાષ્ટ્ર અને સ્વ. ચીમનકાકાને જુદા કરી શકાય નહિ એટલું એમનું બધા જ ક્ષેત્રમાં પ્રદાન હતું. એમના જવાથી એક બુઝર્ગ વડીલ સૌરાષ્ટ્ર અને ગુજરાતે ગુમાવ્યા છે.

ડો. વલ્લભભાઈ પટેલે ધારાસભ્ય તરીકેનું પદ આ ગૃહમાં શોભાવ્યું હતું પરંતુ પછીની જીંદગીની અંદર એ સત્તાથી વિમુખ થયા એનો અભાવ રાખ્યા વગર એક સાચા કાર્યકર તરીકે જયાં સુધી જીવ્યા ત્યાં સુધી પોતાના વિસ્તાર સાથે સંકળાયેલા રહ્યા અને એમના વિસ્તારની સેવા કરી.

સ્વ. માધુભાઈ પટેલ આપણા સૌની આગળની પેઢીના આગેવાન હતા, તેઓએ સ્વાતંત્રય ચળવળમાં ભાગ લીધો હતો. એમના વિસ્તારમાં આશ્રમશાળાઓ અને બુનિયાદી શાળાઓની શરૂઆત કરી અને એનું સંચાલન કર્યુ અને એના પછી આખી નવી પેઢી બનાવવા એમણે પ્રદાન કર્યુ.

સ્વ. ચંદ્રભાણસિંહજી સોલંકી એક સહકારી આગેવાન હતા, પોતાના જિલ્લામાં ખેતીવાડી ક્ષેત્રે ઉમદા કામ કર્યુ હતું.

આ તમામ મહાનુભાવો જાહેર જીવનની મૂડી હતા આ ગૃહ ભૂતકાળમાં એમણે શોભાવ્યું હતું. પ્રભુ આ સદ્‍ગત આત્માઓને શાંતિ અર્પે અને એમને શાંતિ મળે એના માટે આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે એમના પરિવારને દિલશોજીનો સંદેશો પાઠવીએ એટલી વિનંતી કરી વિરમુ છું.

**શ્રીવજુભાઈ વાળા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રીએ જે શોકપ્રસ્તાવો રજૂ કર્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ અને અન્ય આદરણીય ધારાસભ્યશ્રીઓએ તેને સમર્થન આપેલ છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી ચીમનભાઈ શુક્લ તેમના જીવનમાં જો કોઈ વિશેષતા હોય તો એ હંમેશા વ્યકિતને પ્રાધાન્ય ન આપે, વિચારને પ્રાધાન્ય આપતા. તેમનો મોટામાં મોટો ગુણ હોય તો વિપક્ષના લોકોના કોઈના વ્યકિતગત રીતે તેમના વિશે કંઈ બોલવું કે કંઈ કરવું એ કોઈ દિવસ કરતા ન હતા. આજે હું જોઈ શકું કે માણસ સાથે રહીને સમાજનું કામ કરવું હોય તો એકતાથી કરી શકે. એ વખતે નહોતો જનસંઘ કે ન કોંગ્રેસ, પરંતુ જ્યારે ગુંડાગીરીની વાત હોય, સૌરાષ્ટ્રમાં ગામડે ગામડે જ્યારે ગુંડાગીરી વકરેલી હોય ત્યારે તેમના કોંગ્રેસના તે વખતના પોપટભાઈ લાખાભાઈ સોરઠીયા અને ચીમનભાઈ શુક્લ આ બન્ને જણાએ ભેગા થઈને ગુંડાગીરી નાબૂદ કરવા માટે થઈને સમિતિની રચના કરી. જે ગામમાં જે જગ્યાએ ગુંડાગીરી થાય ત્યાં અચૂક હિંમતથી પહોંચી જતા હતા અને તેનો સામનો કરતા હતા અને સામનો કરતાં એટલું જ નહીં પણ એ ગામમાંથી ગુંડાગીરીના મૂળિયા ઉખેડી નાખાતા. કોઈ પણ વાત હોય તો કોઈથી કયાંય બીવાની વાત નહીં. ગમે તેવો ચમરબંધી હોય કે જેણે અનેક ખૂન કર્યા હોય, અનેક લોકોને લૂંટ્યા હોય, છતાં તેમની સામે કોઈ દિવસ બીક બતાવી નથી. અમારે કાઠિયાવાડી ભાષામાં કહીએ તો આ માણસ છે તે હિંમતનું કે શૂરવીરનું ફાડિયું હતા. તેઓ કોઈ દિવસ કયાંય નમ્યા નથી અને તેની સાથે સાથે આજે વિપક્ષના લોકો હોય, એ આદરણીય મનોહરસિંહજી જાડેજા હોય એને પણ ચીમનભાઈ માટે થઈને એટલું જ માન અને ચીમનભાઈને પણ તેમના માટે એટલું જ માન. જે માણસે જીવનભર ખાદી પહેરી અને રાષ્ટ્રીય શાળા જે ખાદીની સંસ્થા છે એની સાથે જ કાયમ માટે થઈને સંકળાયેલા. એ સંસ્થા બીજાને ગમે તે કહે પણ ચીમનભાઈ વિશે કંઈ નહીં, રાષ્ટ્રીય શાળાનું કોઈ પણ કામ હોય, એ કોઈ પણ જાતનો ચાર્જ લીધા વગર, આ સારી સંસ્થા છે. મારે તેનું કામ કરવું જોઈએ, એ વકીલાતનું તમામ કામ કરી દેતા. એટલું જ નહીં, તેમણે જીવનભર જે કામગીરી કરી એ વકીલાતમાં પણ મંજૂર તરફથી મફત કેસ લડી દેવા, અનેક યુનિયનોનું સંચાલન કરતા. આજે તમે જૂઓ, હું તો ૧૯૫૩થી જ્યારે રાજકોટમાં જનસંઘની સ્થાપના થઈ ત્યારથી તેમની સાથેનો મારો સહવાસ છે. કોંગ્રેસના કોઈ પણ વ્યકિતઓ હોય તો તે વ્યકિત વિશે ઉણું બોલવું એ ચીમનભાઈના લોહીમાં નહોતું અને દરેક વાત આવે, જે પ્રમાણે માનનીય અર્જુનભાઈએ કહ્યું કે અમને પણ આ રીતે પ્રોત્સાહન આપે. એક એક વ્યકિત, કોંગ્રેસના હું નામ લઈને કહું એ ધારાસભ્યો હોય એ ચીમનભાઈની તો એટલી જ નજીક મિત્રતાથી હોય. માણસ પોતે વૈચારિક રીતે કેવો હોય મજબૂત હોઈ શકે અને રાષ્ટ્ર માટે થઈને આપત્તિ હોય ત્યારે તે માણસ ગમે ત્યારે નીકળ્યો હોય, એ ગોવાની અંદર આંદોલન હોય, ગોવા મુકિતની વાત હોય, તો એ સરહદ ઉપર ચીમનભાઈ શુક્લ ત્યાં પહોંચી ગયા હોય. એમની કારકિર્દીમાં એ કૉર્પોરેશનમાં હતા, વિધાનસભામાં હતા, એ લોકસભાની અંદર હોય, કોઈ દિવસ કોઈ પદ અને હોદ્દાનો એમના જીવનમાં અહંકાર આવ્યો નથી. એનો એમણે કોઈ દિવસ ગેરઉપયોગ કર્યો નથી. એક પણ માણસ એના વિશે, કરપ્શન બાબતમાં એક પણ વાત કયારેય કોઈ કહી શકે તેમ નથી. એમના આંગણે જે માણસ આવે તેમને કામ કરી દેવું એ એના લોહીનો સ્વભાવ હતો. આદરણીય ચીમનભાઈને હું અંજલિ આપું છું અને માનનીય ગૃહના નેતાશ્રીએ અન્ય સદ્‍ગતોને જે અંજલિ આપી છે તેમાં હું મારો સૂર પૂરાવું છું અને આ તમામ સદ્‍ગતોના આત્માને ઈશ્વર શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ અને તેમના પરિવારજનોને આપના મારફત દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી કરું છું.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં પૂર્વ મંત્રી સ્વ.શ્રી હરિહર ઉમિયાશંકર ખંભોળજા, સ્વ.શ્રી માધુભાઈ જયસિંહ પટેલ, સ્વ.શ્રી ચીમનભાઈ શુક્લ, સ્વ.ડો.વલ્લભભાઈ જીવાભાઈ પટેલ અને સ્વ.શ્રી ચંદ્રભાણસિંહજી સોલંકીના શોકદર્શક ઠરાવમાં મારો સૂર પૂરાવું છું.

એમાં ખાસ કરીને હું જે મત વિસ્તારમાંથી આવું છું એ મત વિસ્તાર વાંસદામાંથી તેઓ આવતા હતા. તેઓ મુંબઈ વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રી હતા. સ્વ. માધુભાઈ કે જેઓ સુરત જિલ્લાના મહુવા તાલુકાના વડિયા ગામના છે અને એમણે ખાસ કરીને કર્મભૂમિ નવસારી અને વાંસદાને બનાવી છે. માતરમાં ફાઇનલ સુધી અભ્યાસ પૂરો કર્યો તે વખતે સ્વાતંત્ર્ય ચળવળ ચાલતી હતી તે ચળવળના અનેક કાર્યક્રમોમાં ભાગ લઈને ગામડાઓમાં જે જરૂરિયાત હતી એનો એમણે પ્રચાર કર્યો છે. દારૂબંધી અને ખાદી જેવા અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો છે. ૧૯૨૮-૧૯૨૯માં સભા-સરઘસ બંધી અને નશાબંધી જેવી ચળવળનો પ્રચાર કરતાં છ માસનો જેલવાસ

થયો હતો. ખેડા જિલ્લામાં કોઈપણ જાતના અત્યારે આંદોલનો બંધ થયા છે એવી સરકારે જાહેરાત કરી ત્યારે સુરત જિલ્લામાંથી સ્વ. માધુભાઈ પટેલે પોતાના ૬૭ સાથીઓને લઈને આ ચળવળમાં જોડાયા હતા અને એ જ્યારે પકડાયા ત્યારે સાડા ત્રણ વર્ષનો જેલવાસ થયો હતો. આમ તેઓએ અનેક ચળવળમાં ભાગ લીધો હતો. મીઠાના સત્યાગ્રહમાં પણ તેમણે ભાગ લીધેલો છે. ૧૯૩૮માં હરીપુરામાં કૉન્ગ્રેસનું અધિવેશન થયું ત્યારે શ્રી સુભાષચંદ્ર બોઝ હતા એમણે રથ આંદોલન કરેલ ત્યારે વાંસદાના મહારાજે ૫૧ બળદનો રથ મોકલેલ એની આગેવાની લઈને તેઓ રથ લઈને ગયેલ હતા. આમ તેમણે એ અધિવેશનમાં પણ કામકાજ કર્યું હતું. સ્વતંત્રતા બાદ ૧૯૫૨થી ૧૯૫૭ સુધી મુંબઈ રાજયના વિધાનસભ્ય તરીકે ચૂંટાયા હતા અને ૧૯૬૨થી ૧૯૭૨ સુધી ગુજરાત રાજય આદિવાસી નિગમના ડિરેક્ટર તરીકે પણ રહી ચૂક્યા છે. તેઓ તે વિસ્તારમાં શિક્ષણ, સહકારી પ્રવૃત્તિ જેવી અનેક પ્રવૃત્તિઓ કરીને અનેક સંસ્થાઓની સ્થાપના કરી હતી. વાંસદા ખરીદ-વેચાણ સેવા સહકારી મંડળી, વાંસદા એ.પી.એમ.સી.ની સ્થાપના, જુદી જુદી હાઈસ્કૂલો, છાત્રાલયોની સ્થાપના કરી છે. એમણે જે પ્રયત્નો કર્યા છે એના પ્રતિકરૂપે આ સંસ્થાઓ આજે પણ હયાત છે. સદ્‌ગતનું કુટુંબ ખૂબ જ બહોળું છે. ૯૬ વર્ષની વય સુધી તેઓ ખૂબ જ તંદુરસ્ત સ્વાસ્થ્ય સાથે જીવ્યા છે. તેમની સાથે અમારે પણ કામ કરવાનું થયું છે. એમના જે વિચારો એમણે અમારામાં રેડ્યા છે. આ તબક્કે સ્વ.માધુભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોનો જે ઉલ્લેખ થયો છે એ દરેકને હું શ્રદ્ધાંજલિ આપું છું અને તેમના કુટુંબીજનો ઉપર જે દુઃખ આવી પડ્યું છે તેને સહન કરવાની પ્રભુ શકિત આપે એવી પ્રાર્થના કરી વિરમું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકપ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા અને મંત્રીશ્રી અને અન્ય ધારાસભ્યશ્રીઓ દ્વારા જેને અનુમોદન આપવામાં આવ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

સ્વ.શ્રી હરિહર ખંભોળજા જેઓ ૮૧ વર્ષની જૈફ વયે અવસાન પામ્યા છે તેમનો એમાં ઉલ્લેખ છે એમાં તેઓએ માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૧૯૪૨ની ચળવળમાં ભાગ લીધો હતો અને એ દરમિયાન ઝાલાપુરમાં એમણે જેલવાસ પણ ભોગવ્યો પણ એમની નાની ઉંમર હતી એના કારણે એમને છોડી દેવામાં આવ્યા હતા અને એટલી ઓછી ઉંમરે પણ તેઓ તે વખતના સ્વ.ઠાકોરભાઈ દેસાઈ, સ્વ.છોટુભાઈ પુરાણી, સ્વ.અરુણ અસફઅલી, સ્વ.અચ્યુત પટવર્ધન, ડો. ઉષા મહેતા જેવા આઝાદીના લડવૈયા સાથે કામ કરેલું. ત્યારબાદ ગોધરામાં એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી, સુરતમાં એમ.ટી.બી. કૉલેજમાં દાખલ થયા અને એલ.ડી. આર્ટસ કૉલેજમાં એમણે એમ.એ. વિથ પૉલિટિક્સની ડિગ્રી મેળવી.અને ગુજરાતની સ્થાપનાની અંદર ગુજરાતના ઇતિહાસમાં જે મહાગુજરાત આંદોલન સુવર્ણ અક્ષરે લખાયેલું છે એની અંદર સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિક પ્રમુખ તરીકે અને સેક્રેટરી તરીકે માન. સ્વ. હરીહર ખંભોળજાજીએ ખૂબ જ ખંતપૂર્વક કામ કર્યુ અને ચાર-ચાર વખત મુખ્યમંત્રી બન્યા એવા માનનીય માધવસિંહજી સોલંકી કહેતા કે અમે સાઈકલ ઉપર હરીહર ખંભોળજાનું ભાષણ સાંભળવા જતા એટલું પ્રખર એમનું ભાષણ રહેતું અને જ્યારે ગુજરાત મહાગુજરાત જનતા પરિષદે કનકલુડ કોન્ફરનસ કરી ત્યારે બે ઉલ્લેખ કર્યા કે જેણે ખૂબ જ યોગદાન આપ્યું એની અંદર સ્વ. ઇન્દુલાલ યાજ્ઞિક અને બીજું જે નામ હતું એ સ્વ. શ્રી હરીહર ખંભોળજાનું એ વખતે લેવામાં આવ્યું, સાથે સાથે ૧૯૬૨થી જ્યારે એ કૉન્ગ્રેસમાં જોડાયા ત્યારે એક લેખક તરીકેની એમની જે પ્રતિભા છે એના એક સારા પાસા તરીકે એમણે એ વખતે બે પુસ્તક લખ્યા હતા. " કૅરૅક્ટર એન્ડ "ડિઝાઇન ઑફ સ્વતંત્ર પાર્ટી "એન્ડ "કૅરૅક્ટર એન્ડ ડિઝાઇન ઑફ જનસંઘ." રાજકીય વિશ્લેષણ માટેનો ખૂબ ઉંડો એક સ્વભાવ અને મહેનત ધરાવતા હતા. ગુજરાત સરકારની અંદર ૧૯૭૫થી ૧૯૮૦ દરમિયાન ધારાસભ્ય તરીકે પણ રહ્યા અને ૧૯૮૦ થી ૧૯૮૫ દરમિયાન નાણા અને આયોજનના રાજયકક્ષાના મંત્રી તરીકે પણ એમણે સેવા બજાવી. લગભગ બારેક યુરોપના દેશો ઈંગ્લેન્ડ, અમૅરિકા, ઈજીપ્ત , નેપાળ અને કેન્યાનો પણ એમણે વિદેશ પ્રવાસ કર્યો હતો. લગભગ ૨૫ જેટલા માનનીય અધ્યક્ષશ્રી એમણે પુસ્તકો પણ જુદા જુદા વિષય ઉપર લખ્યા છે. પાંચ પુસ્તક તો છેલ્લી અવસ્થામાં પણ એ લખી રહ્યા હતા પરંતુ નાદુરસ્ત તબિયતના કારણે અધૂરા રહ્યા અને છાપા વાંચવાની એમની એટલી બધી જિજ્ઞાસા રહેતી કે જ્યારે એ આંખોથી જોઈ નહોતા શકતા ત્યારે છાપા વાંચવા માટે પણ એ માણસ રાખતા અને એના દ્વારા વર્તમાન ગુજરાતની પરિસ્થિતિથી અવગત રહેવાનો એ પ્રયત્ન કરતા. સ્વ. હરીહરભાઈ ખંભોળજા, સંદેશ, જયહિંદ ગુજરાત મિત્ર, જનસત્તા, લોકસત્તા, કચ્છ મિત્ર, વગેરે વર્તમાનપત્રોના કટાર લેખક તરીકે પણ એમણે સેવા આપી હતી આવા મહાગુજરાતની ચળવળના લડવૈયા પત્રકાર અને પીઢ રાજકારણી અને અમારા ઉમરેઠના પનોતા પુત્ર એવા શ્રી હરીહર ખંભોળજાને ખરા દિલથી શ્રદ્ધાંજલિ આપી ભગવાન સોમનાથ એમના કુટુંબને આ દુઃખ જેલવાની શકિત આપે એવી પ્રાર્થના.

**અધ્યક્ષશ્રી** : આપણે ત્યાં પાંચ મહાનુભાવોને જેમના જીવનમાંથી આપણે પ્રેરણા લઈએ એવા પૂર્વ ધારાસભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ અર્પતો પ્રસ્તાવ ગૃહના નેતા લાવ્યા છે. વિપક્ષના નેતા સહિત આ સભાગૃહના સભ્યશ્રીઓએ આ શ્રદ્ધાંજલિમાં સૂર પૂરાવ્યા છે. શ્રી હરીહરભાઈ ખંભોળજા મારા રાજકીય જીવનના પ્રાથમિક શાળાના મને આંગળીએ દોરીને લઈ જનારા મારા વડીલ વરિષ્ઠ સ્વજન હતા. એમના માતુશ્રી અને મારા માતુશ્રી

અને વિદ્યાગૌરી નીલકંઠ એ ત્રણેય ગુજરાતની વર્નાક્યુલર ફાઇનલના પહેલા વિદ્યાર્થીઓ હતા.અહીંયા આગળ હરિહરભાઈના જીવનનો ઉત્તરાર્ધ કહેવાયો, એમના પૂર્વાર્ધનો હું સાક્ષી છું. ગુજરાતની અંદર આઝાદીની લડત પહેલા મહાગુજરાતનું આંદોલન શરૂ થયું તે પહેલા વિદ્યાર્થી પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ અને નેશનલ સ્ટુડન્ટ યુથ સર્કલના એ પ્રણેતા હતા. આઝાદી આવ્યા પછી અને પહેલા રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ કાર્ય કરતું હતું. પ્રબોધભાઈ રાવલ, બ્રહ્મકુમારભાઈ, હરિપ્રસાદભાઈ, સરદાર વલ્લભભાઈ પટેલે સ્થાપેલ આ વિદ્યાર્થી સંગઠન હતું. આ સંગઠન દ્વારા એમણે ગામડાઓમાં જઈને ૧૯૪૨ની ક્રાંતિનો અવાજ વિદ્યાર્થીઓ વચ્ચે જઈને પ્રગટ કર્યો હતો. ૧૯૪૭માં આઝાદી મળ્યા પછી વિદ્યાર્થી પ્રવૃત્તિને આગળ લઈ જવા માટે ૧૯૫૨માં મોડાસામાં એક વિદ્યાર્થી શ્રમ શિબિરની એમણે શરૂઆત કરી હતી અને આ જ રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળમાં હરિપ્રસાદભાઈ, હરિહરભાઈ અને પ્રબોધભાઈએ અમદાવાદમાં વિદ્યાર્થીઓને શ્રમ યજ્ઞમાં જોડવા માટે જે કાર્ય કર્યું એ રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળના કાર્યના પરિણામે આજે કાંકરિયા ઉપર આવેલ બાલવાટિકા એ વિદ્યાર્થીઓએ જાતે શ્રમ કરીને બનાવી હતી. જે દિવસે ૮મી ઑગસ્ટે મહાગુજરાત, ગુજરાતને અન્યાય થયો અને ગુજરાતને દ્વિભાષી રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું ત્યારે રાયપુર અને ગુજરાત કૉલેજમાંથી જે બે સરઘસો આવ્યા અને કોંગ્રેસ હાઉસ સામે ગયા અને ત્યાં આગળ ગોળીબાર થયો અને મારી પોળમાંથી ખાડિયામાં ગોળીબારમાં ચંપક સોની અને ઉમરેઠના સુરેશ ભટ્ટ શહીદ થયા તે વખતે "મહાગુજરાત લે કે રહેંગે"નો પહેલો નારો લગાવીને વિદ્યાર્થી અને યુવા શક્તિની એક લડાઈનું એલાન કરી આઝાદી પછી કોંગ્રેસને કોઈએ પડકારી હોય તો ગુજરાતના યુવાનોએ પડકારી હતી અને એનું નેતૃત્વ પ્રબોધભાઈ, બ્રહ્મકુમારભાઈ અને હરિહરભાઈએ લીધું હતું. કારણ કે એ દિવસે એમ કહેવાયું હતું કે અમારી લાશો ઉપર મહાગુજરાત થશે. જ્યાં સુધી મહાગુજરાત ન આવ્યું ત્યાં સુધી એ લડતા જ રહ્યા. ત્યાર પછી આ સભાગૃહના સભ્ય પણ બન્યા. હું પણ એમની સાથે આ સભાગૃહનો સભ્ય પાંચમી ગુજરાત વિધાનસભામાં બન્યો. એમના અંતિમ કાળમાં મારા વડીલ સ્વજન હોવાના કારણે અનેક વખત હું ખબર કાઢવા જતો હતો ત્યારે એક વાત કહેતા હતા કે જે વસ્તુ હું ન કરી શક્યો, મહાગુજરાતના આંદોલનના એક સંચાલક, એક સંયોજક તરીકે અને ત્યાર પછી સરકારમાં રહ્યા પછી, ૧લી મે ને ઉજવી ન શક્યો, એક ગૌરવ દિન તરીકે ઉજવી ન શક્યો એ તમે લોકોએ કર્યું એ મારા જીવનમાં ખૂબ આનંદની વાત છે. આ વાત હંમેશાં એ કરતા હતા. ગુજરાતના રાજકારણમાં યુવા શક્તિને પ્રેરીને લાવવાનું કામ એમણે કર્યું હતું.

મારા જાહેર જીવનમાં માધ્યમિક શિક્ષણના ક્રમમાં લઈએ તો મુરબ્બીશ્રી ચીમનભાઈ મારા જીવનમાં ગુરુ અને બાપ સમાન હતા. અમે તો તે વખતે છોકરા હતા અને લોકો સાથે કેવી રીતે કાર્ય કરવું, નવનિર્માણનું કાર્ય હોય તો પણ માર્ગદર્શન મળે અને ગૌરક્ષાનું આંદોલન હોય પણ તો એમનું માર્ગદર્શન મળે. પણ સૌથી વધારે એમણે હૂંફ આપી હોય તો કટોકટીમાં વડોદરા જેલમાં એક બાપ દીકરાને સાચવે એવી રીતે ચીમનભાઈએ અમને સાચવ્યા છે. એમના સમગ્ર જીવનકાળ દરમિયાન અને મારા જીવનકાળ દરમિયાન એ મારા જીવનમાં એ વડીલ તરીકે રહ્યા છે. પરંતુ મેં એમને અમદાવાદની સિવિલ હોસ્પિટલના ઓ.પી.ડી.માં વિધાનસભા મળતી હતી અને ત્રીજી વિધાનસભાના સભ્ય તરીકે બેસતા હતા ત્યારે સાંભળ્યા છે. એ ગુજરાતના પ્રશ્નો ઉપર બોલે ત્યારે જાણે એમ લાગે કે સૌરાષ્ટ્રની રસધાર ફરી અહીંથી બોલતી હોય. એવી એક શૈલીની અંદર એમનો પોતાનો અવાજ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના પ્રશ્નો, ગુજરાતના વિકાસની આવતીકાલ માટે એમના પ્રવચનો, એમના વિચારો અને એમનું ચિંતન. એમ છતાં પણ આ રાજયના પ્રશ્નો ઉપર એમના સહિયારા સંબંધો હતા. એ સંબંધોમાંથી પણ આપણને અનેક વાત શીખવા મળી એવું એક સરસ મજાનું જીવન આપણે ગુમાવ્યું છે.

મુરબ્બીશ્રી માધુભાઈ સાથે તો બેસવાનું મળ્યું નથી. પરંતુ એમના જીવનની અંદર ૯૬ વર્ષની વય સુધી આદિવાસી વિસ્તારોની અંદર એમણે કાર્ય કર્યુ. વનવાસીઓનું કામ કરીને મુંબઈ વિધાનસભાની અંદર, મેં મુંબઈ વિધાનસભાની ચર્ચાઓ હમણાં અધ્યક્ષ બન્યા પછી હું વાંચતો હતો ત્યારે માધુભાઈએ પણ જે પ્રકારના પોતાના મંતવ્યો એમના મુંબઈની વિધાનસભાની કાર્યવાહીની અંદર કહ્યાં છે એ વાંચવા જેવા છે કે વનવાસીઓના પ્રશ્નો ઉપર એમનો કેટલો ઊંડો અભ્યાસ હતો.

વલ્લભભાઈ સાથે મળવાનું એકાદવાર થયેલું. તેઓ ખેડૂતો માટેના કામ કરનાર બોટાદની અંદર હતા. ચદ્રભાણસિંહ તો અમારી સાથે કામ કરતા એક યુવા સભ્ય બાયડની અંદરથી ચૂંટાઈને આવેલા હતા. આ પાંચેય સભ્યશ્રીઓએ ગુજરાતની વિધાનસભાની અંદર, ગુજરાતના જાહેર જીવનની અંદર એમના કાર્યકાળ દરમિયાન જે કાર્ય કર્યુ છે એ આપણા સૌના માટે માર્ગદર્શક છે. એમના પરિવારજનોને આપણે એક શોક સંદેશો આપીએ. પરંતુ આપણે એમના આત્માઓને કહીએ છીએ કે તમે જે ઈતિહાસ રચ્યો છે, તમારી ભાવનાઓ જે ગુજરાતના માટે હતી એજ ગુજરાત હવે એજ ગુજરાતના એજ ભાવનાઓને અમે કાર્યાન્વિત કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ. એજ આ સભાગૃહનો સંકલ્પ બને અને એ સંકલ્પ પરથી આપણે એને નિર્મિત કરીએ એજ એની સાચી શ્રધ્ધાંજલિ રહેશે. આપણે સૌ બે મિનિટ મૌન પાળીશું. ( બે મિનિટ મૌન બાદ )

# અરજીની રજૂઆત

**ગુટખા કે તમાકુના વેચાણ પર પ્રતિબંધનો અમલ કરવા અંગે**

**સચિવશ્રી**: માનનીય સભ્યશ્રી નારાયણભાઈ લ. પટેલ (થોડીવાર બાદ)......સભ્યશ્રી ગેરહાજર.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૮નો ગુજરાત કપાસિયા વટહુકમ તથા નિવેદન**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નો વટહુકમ ક્રમાંક-૧ સન ૨૦૦૮ નો ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણનું અને વેચાણ કિંમત નક્કી કરવાનું નિયમન કરવા બાબત) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૬-૨૦૦૭ નો ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૭-૨૦૦૮ નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૫-૨૦૦૬ નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬ નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસ પંચનો અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સાબરમતી એક્સપ્રૅસ ટ્રેનના એસ-૬ કોચને આગ લગાડવાના બનાવની તપાસ માટે રાજય સરકારે નિમેલ જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસ પંચનો અહેવાલ ભાગ-૧ તથા અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર છે ? નહીં, આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે આ વિષય ઉપર?

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

**નાણાવટી કમિશનની રચના અંગે**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. પૉઈન્ટ ઑફ ઑર્ડર એટલા માટે છે કે, નાણાવટી કમિશનની રચના જ માત્રને માત્ર સરકારના ઈશારે થઈ હોય એવું એટલા માટે કે આ ગૃહ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી આપનું ધ્યાન (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે જો મારી વાત જ ન સાંભળવી હોય, એક સેન્ટન્શ પણ પૂરું ન કરવા દો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, શકિતસિંહજી, મી. શકિતસિંહજી, I am on my lage (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર, વાત પણ નહીં કરવા દેવાની ?

**અધ્યક્ષશ્રી** : આપે જે કહેવું હોય એ ચોક્કસ કહી શકાય, હું એના ઉપર રૂલીંગ આપું છું (અંતરાય)

(આ તકે ગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિતના વિરોધપક્ષના સભ્યોશ્રીઓ સભાત્યાગ કરી ગયા)

**અધ્યક્ષશ્રી** :ઑર્ડર, ઑર્ડર. જયંતિભાઈ. (અંતરાય) આપણે ત્યાં એક પ્રણાલિકા રહી છે કે, જ્યારે કોઈ કાગળો મેજ ઉપર મૂકાતા હોય અને કોઈ અહેવાલ મેજ ઉપર મૂકાતો હોય ત્યારે વચ્ચે કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો થતો નથી. શ્રી શકિતસિંહજી એ સંસદીય પ્રણાલિકાના જ્ઞાતા છે, ન્યાયિક વ્યવસ્થાના જ્ઞાતા છે અને તેથી મારે એમને એટલા માટે રોકવા પડ્યા કે એમણે ન્યાયિક વ્યવસ્થાના માટે જે શબ્દો વાપર્યા હતા એ નાણાવટી પંચ માટે વપરાયેલા શબ્દો એ ઉચ્ચકક્ષાના જે ન્યાયમૂર્તિ હતા એના ન્યાય પંચ માટે એ શબ્દો વપરાયેલા હતા. આપણે ત્યાં આપણી વિધાનસભામાં અને લોકસભામાં એ પણ પરંપરા રહી છે કે, કયારેય આપણે ન્યાયિક વ્યવસ્થા અને ન્યાય તંત્ર માટે આ પ્રકારના શબ્દો વપરાતા નથી અને એટલા માટે મે એમને પૉઈન્ટ ઑફ ઑર્ડર કયા મુદ્દા ઉપર હતો એમ પૂછયું, એ જાણીતા ધારાશાસ્ત્રી પણ છે, નિયમોના જાણકાર છે, એમણે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરતાં પહેલાં કયા નિયમ નીચે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરું છું એ પણ એમણે નહોતું કહ્યું અને સીધા જ એમણે ન્યાયની વ્યવસ્થા ઉપર આક્ષેપાત્મક વિધાન કર્યુ ત્યારે મેં એમને રોક્યા છે અને હું માનું છું કે, આ સભાગૃહમાં ન્યાય તંત્રની, ન્યાયની વ્યવસ્થાની અથવા ન્યાયિક પંચો માટે જો આ પ્રકારના અવલોકનો આપણે કરીશું અને અધ્યક્ષશ્રી તરીકે હું એને રોકું નહીં તો મને લાગે છે કે, ન્યાયની વ્યવસ્થા માટે જે ગર્વ આપણે અનુભવીએ છીએ એ ગર્વનો પણ અનાદર થાય અને એટલે જ, એમને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરવાનો ચોક્કસ અધિકાર છે, પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર અમને મારે સાંભળવાની ફરજ છે અને એ પછી મારે નિર્ણય આપવો એ મારી જવાબદારી હોય છે પણ અહીંયાં મારે એમને રોકવા પડ્યા, એ કોઈ નિયમ નીચે એમણે પૉઈન્ટ ઑફ ઑર્ડર નહતો ઊભો કર્યો અને એમના જે શબ્દો અને શરૂઆત હતી એ શરૂઆત ન્યાયની વ્યવસ્થા સામે અપમાનજનક હતા માટે મેં તેમને રોક્યા છે અને તે યોગ્ય છે. મેં રૂલીંગ આપ્યું એટલે શબ્દો ના કઢાય. તપાસ પંચનો અહેવાલ અને લીધેલાં પગલાંની વિગતો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવે છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)

**જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસ પંચના અહેવાલ તથા લીધેલાં પગલાંની વિગતો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### સામાન્ય વહીવટ વિભાગની ગુજરાત રાજય સેવા આયોગ વિનિયમો સુધારતી અધિસૂચના

**શ્રી વજુભાઈ વાળા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની સન ૧૯૬૦ના ગુજરાત રાજય સેવા આયોગ ( વિચાર વિનિમયમાંથી મુકિત) વિનિયમો સુધારતી તા. ૩૦-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંકઃ જીએસ-૨૦૦૮-(૯)-પીએસસી-૧૦૨૦૦૭-યુઓ-૩૪૫-ગ.૨ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચનાઓ** **શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની

(૧) સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેની તા. ૨૩-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંકઃજીયુ/૨૦૦૮/૧૮/ ઈએલએ/૧૧૦૫/૪૪૪/કે.

(૨) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ અન્વયેની તા.૧૦-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંકઃજીએચયુ-૨૦૦૮(૧૫૬)-જીયુવી/૧૦૨૦૦૭/૨૪૮૬/ક.વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી.**

### બાંહેધરી પત્રકો

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી - અધિનિયમ અન્વયે-

(ક) રાજય સકારે સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(ખ) રાજય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ/ વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**બાંહેધરી પત્રકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી વિધાનસભાના પ્રથમ સત્રમાં સભાગૃહે પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૨૦ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી :** ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મને મળેલી સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ સાંજના ૫-૦૦ વાગે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ ગુરૂવાર, તા. ૨૫-૯-૨૦૦૮ તથા શુક્રવાર, તા. ૨૬-૯-૨૦૦૮ના રોજ સભાગૃહમાં હાથ ધરવાના સરકારી વિધેયકો અને સરકારી કામકાજ સબંધમાં વિચારણા કરીને નીચે મુજબની ભલામણો કરી છે.

(૧) ગુરૂવાર, તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ નીચે મુજબના સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૨ સન ૨૦૦૮નું ગુજરાત હોમિયોપેથિક (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૧ સન ૨૦૦૮નું ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૬ સન ૨૦૦૮નું ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી વિધેયક.

(૨) શુક્રવાર, તા.૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ નીચે મુજબના સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી. આ ઉપરાંત નિયમ-૧૨૦ હેઠળનો માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીનો સરકારી સંકલ્પ તથા નિયમ-૧૧૨ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવાની સૂચના હાથ ધરવી. સરકારી સંકલ્પ તથા ટૂંક સમયની ચર્ચા એ બંને માટે ૬૦-૬૦ મિનિટનો સમય ફાળવવો.

(૪) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૫ સન ૨૦૦૮નું ગુજરાત કપાસિયા (પૂરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ) વિધેયક.

(૫) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૪ સન ૨૦૦૮નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૩ સન ૨૦૦૮નું ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયક.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### નિયમો માટેની સમિતિના પ્રાથમિક અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : હું નિયમો માટેની સમિતિનો પ્રાથમિક અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત

**શ્રી રમણલાલ ના. પાટકર (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**વિના વિરોધે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.**

## સરકારી વિધેયકો
## સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૨.
# ગુજરાત હોમિયોપેથિક (સુધારા) વિધેયક,૨૦૦૮

### ગુજરાત હોમિયોપેથિક અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૮નું ગુજરાત હોમિયોપેથિક (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૮નું ગુજરાત હોમિયોપેથિક (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હોમિયોપેથિક અધિનિયમ ૧૯૬૩ અસ્તિત્વમાં આવ્યા બાદ તેમાં કોઈપણ પ્રકારે સુધારો થયેલ નથી. પ્રસ્તુત બાબત ગુજરાત હોમિયોપેથિક અધિનિયમ ૧૯૬૩ના પ્રકરણ ૨ ની કલમ-૩ (૨) અને પ્રકરણ ૩ ની ૧૭ (૩) માં સુધારા અંગેની છે. આ સુધારો લાવવાની જરૂરિયાત એટલા માટે ઊભી થઈ છે કે આ કલમ છે તેને અનુસાર જે હોમિયોપેથિક કાઉન્સિલ રચવા માટેની જે ૧૧ સભ્યોની સમિતિ રચવા માટેની જે પદ્ધતિ નક્કી કરવામાં આવી હતી, એમાં રાજય સરકારે ૪ સભ્યો નીમવાના હતા. માન્ય કરેલ લાયકાતો પૈકી કોઈપણ લાયકાત ધરાવતા નોંધાયેલા વ્યવસાયીઓએ પોતાનામાંથી ૪ સભ્યો ચૂંટવાના હતા. ખંડ- બ માં જણાવ્યા સિવાય તે સમયે એવી પદ્ધતિ હતી કે જે અનુભવના આધારે પણ હોમિયોપેથીની પ્રૅક્ટિસ કરવા માટેનું રજિસ્ટ્રેશન આપવામાં આવતું હતું, એટલે રજિસ્ટર્ડ પોતાનામાંથી ૩ સભ્યો ચૂંટવાના હતા. આ પરિસ્થિતિ જે અત્યારે ઉપસ્થિત થઈ છે, એમાં બદલાઈ છે, એમાં જે કલમ-૩(૨) ની જે બ કેટેગરી છે. માન્ય કરેલી લાયકાત પૈકી કોઈપણ લાયકાત ધરાવતા નોંધાયેલા વ્યવસાયીઓ તેની સંખ્યા અત્યારે ૧૦,૨૨૨ જેટલી થવા જાય છે. ૩૧ મી ઑગસ્ટ ૨૦૦૮ની પરિસ્થિતિ પ્રમાણે. જ્યારે બીજી પેટા કલમ- ક મુજબ સંખ્યા છે જે એક સમયે ૫૦૦ જેટલી હતી, જે ઘટીને અત્યારે ફક્ત ૨૧ જ રહી છે. હવે આ પરિસ્થિતિ ચાલુ રહે તો ૨૧ જેટલી સંખ્યા ધરાવતા મતદારો તેમાં જે પદ્ધતિ છે, તે મુજબ ૩ સભ્યો કાઉન્સિલ પર ચૂંટવા માટેની પરિસ્થિતિનું નિર્માણ થાય. જ્યારે ૧૦,૦૦ કરતાં વધારે ધરાવતા રજિસ્ટર્ડ થયેલ વ્યવસાયીઓની સંખ્યા છે, એમાં બીજા ૪ સભ્યો ચૂંટવાના થાય. આ પરિસ્થિતિમાં સુધારો જરૂરી બને છે, એટલે કાઉન્સિલની સ્વાયત્તતા જળવાઈ રહે અને સાથે સાથે જે કેટેગરી છે, તેને પૂરતું કાઉન્સિલ ઉપર પ્રતિનિધિત્વ મળે એ હેતુથી રાજય સરકારે પાંચ સભ્યો નીમવામાં આવે અને જે લાયકાત ધરાવતા રજિસ્ટર્ડ ધરાવતા વ્યવસાયીઓ છે, તેમજ તે અગાઉ રજિસ્ટર્ડ થયેલ વ્યવસાયકોની કેટેગરી ક છે તે ૩, ૨(ક) મુજબ બાકી રહેતા શેષ સંખ્યાને ભેગી કરીને એક મતદાર યાદી બનાવીને તેમાંથી ૬ સભ્યો ચૂંટવાના તે રીતે ૧૧ ની સભ્ય સંખ્યા નક્કી કરવી. તે પ્રમાણે સુધારો કરવાના નિર્દેશ છે. રજિસ્ટ્રેશન ફી અત્યારે માત્ર ૨૫ રૂપિયા છે, તેમાં કયારેય પણ સુધારો કરવામાં આવ્યો નથી. અન્ય રાજયમાં રજિસ્ટ્રેશન ફીની રકમ છે, તે હજાર રૂપિયાથી માંડીને ૨૫૦૦ રૂપિયા સુધીની છે. અન્ય કાઉન્સિલોની રજિસ્ટ્રેશન ફી વધારે છે. કર્ણાટક બોર્ડ ઑફ હોમિયોપેથી એમાં ૧,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન ફી લે છે. મહારાષ્ટ્ર કાઉન્સિલ હોમિયોપેથી એમાં ૩,૦૦૦ રૂપિયા લે છે.મધ્યપ્રદેશની હોમિયોપેથિક કાઉન્સિલ ૧૫૦૦ રૂપિયા, કેન્દ્રની હોમિયોપેથિક કાઉન્સિલ નવી દિલ્હી ૧૦૦૦ રૂપિયા એટલે કે ૨૦૦ પ્લસ ૮૦૦ વહિવટી ખર્ચ સાથે, હોમિયોપેથિક બોર્ડ દિલ્હી ૨૦૦૦ રૂપિયા લે છે. આ સામે ગુજરાતમાં રજીસ્ટ્રેશન માટેની ફી માત્ર ૨૫ રૂપિયા છે. અન્ય કાઉન્સિલો સાથે સરખામણી કરીએ તો મૅડિકલ કાઉન્સિલ ઑફ ગુજરાત રજીસ્ટ્રેશન માટે ૧૦૦૦ રૂપિયા લે છે. ડેન્ટલ કાઉન્સિલ ૧૦૦૦ રૂપિયા લે છે ગુજરાતની. નર્સિંગ કાઉન્સિલ ૧૦૦૦ રૂપિયા લે છે. આયુર્વેદિક કાઉન્સિલ ઑફ ગુજરાત ૫૦૦ રૂપિયા લે છે. તે સામે હોમિયોપેથિક કાઉન્સિલની રજીસ્ટ્રેશન ફી ૨૫ રૂપિયા આજના સમયમાં નગણ્ય છે. એટલે આ જે ફી છે તેમાં પણ રાજય સરકાર વખતો વખત જે નિર્દિષ્ટ કરે તે પ્રમાણે સુધારો કરવા માટેની જરૂરિયાત ઉભી થઈ છે એટલે આ કલમ-૧૭(૩) છે જે વ્યકિત પહેલી અનુસૂચીમાં નિર્દેશ કરેલ લાયકાત પૈકી કોઈ લાયકાત ધરાવતી હોય તેવી દરેક વ્યકિત કોઈપણ સમયે દર્શાવેલ નમૂના પ્રમાણે રજીસ્ટ્રારને અરજી કરેથી અને સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરે તે મુજબની ફી ભરેથી રજિસ્ટરમાં પોતાનું નામ દાખલ કરાવવાનું રહેશે તે મુજબનો સુધારો હાલના તબક્કે કરવાનો ઉચિત જણાય છે. આ બે હેતુથી પ્રેરિત

* વિધેયક તા.૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

થઈને આ સુધારા માટેની દરખાસ્ત માનનીય અધ્યક્ષશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ અમે લાવ્યા છીએ અને આ ટેક્નીકલ બાબતનો સુધારો છે, સ્વયમ્ સ્પષ્ટ છે અને અત્યારના પ્રવર્તમાન સંજોગોમાં જ્યારે જે ત્રીજી કેટેગરી છે જે નિર્દિષ્ટ વ્યવસાયીઓની રજીસ્ટ્રેશનની હતી તેમાં માત્ર ૨૧ સંખ્યા રહી છે અને આપણા રાજયની રજીસ્ટ્રેશન ફી અન્ય રાજયની સરખામણીમાં નગણ્ય છે તે સંજોગોમાં આ સુધારો મંજૂર કરવા માટે સન્માનનીય ગૃહ સમક્ષ અમારી દરખાસ્ત છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હોમિયોપેથિક અધિનિયમ-૧૯૬૩માં જે વિધેયક છે તેમાં સુધારો કરવા માટેનું બિલ લઈ અને આદરણીય આરોગ્યમંત્રીશ્રી જયનારાયણભાઈ આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેઓએ જણાવ્યું તે મુજબ આ બિલમાં બે સુધારા રજૂ કરવામાં આવ્યા છે. પ્રકરણ-૨ની કલમ-૩(૨) અને પ્રકરણ-૩ની કલમ-૧૭(૩)માં સુધારા કરવા માટેની રજૂઆત છે. હોમિયોપેથિક કાઉન્સિલની ૧૧ સભ્યોની બનેલી છે અને હોમિયોપેથિક કાઉન્સિલની ચૂંટણી કરવાની છે. હવે હોમિયોપેથિક કાઉન્સિલમાં ચાર સભ્યો તે સરકારે નીમવાના હોય છે. જેમાંથી જે રજીસ્ટર્ડ થયેલા કવોલિફાઈડ તબીબો હોય હોમિયોપેથિક તે ત્રણ મૂકવાનું નક્કી થયું છે અને લાયકાત ધરાવતા જે વ્યવસાયીઓ છે તેવા ચાર સભ્યો ચૂંટવાના છે અને અન્ય જે તબીબો છે જે લોકોના અનુભવના આધારે આ રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે તેમાંથી ત્રણ સભ્યો ચૂંટવાના છે. આ અનુભવવાળા જે તબીબો છે જેને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે જે બહુ પહેલાં જ્યારે અધિનિયમ આવ્યું ૧૯૬૩માં ત્યારે નક્કી કરવામાં આવેલ હતું અને હાલમાં તે લોકોની સંખ્યા માત્ર ૨૧ છે. પહેલાં તે લોકો ૫૦૦ તબીબો હતા અને સમય જતાં તેઓના અવસાન થતાં આ સંખ્યા બહું ઓછી થઈ ગઈ છે. જેના પરિણામે પરિસ્થિતિ ઉભી થઈ છે અને તે રીતે કલમ-૩ની અંદર એવો સુધારો કર્યો છે કે પાંચ સભ્યો રાજય સરકારે નિમવા, જેમાંથી તમામ સભ્યો રજીસ્ટર્ડ કવોલિફાઈડ હોમિયોપેથિક તબીબો હોવા જોઈએ અને છ સભ્યો તે કવોલિફાઈડ તબીબો રજીસ્ટર્ડ થયેલા હોય તે અને અન્ય જે અનુભવના આધારે રજીસ્ટર્ડ થયા છે.

**વિરામ ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** :(ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, બીજો સુધારો પ્રકરણ ત્રણમાં કલમ ૧૭ (૩) પ્રમાણે કે જે આપણે રજીસ્ટ્રેશન ફી લઈએ છીએ, હાલમાં આપણે ૨૫ રૂપિયા લઈએ છીએ, જે ખરેખર વર્ષો પહેલાં નક્કી થઈ છે, અત્યારે વહીવટી ખર્ચ એટલો બધો વધારે આવે છે કે એ ૨૫ રૂપિયા ફીમાં કંઈ થઈ શકે નહીં અને બીજાં જે કાઉન્સિલો છે એની અંદર ઘણી બધી ફી વધારે છે આ બધી બાબતો ધ્યાને લેતાં આ ફી વધારવાની સત્તા એ રાજય સરકારને આપવી એવી માગણી મૂકવામાં આવી છે કારણકે વારેઘડીએ આની અંદર જ્યારે જ્યારે જરૂરત પડે ત્યારે વારેઘડીએ વિધાનસભામાં બિલ લઈને આવવું પડે એના બદલે એમાં રાજય સરકારને સત્તા આપવી એવા બે સુધારા લઈ આ બિલમાં આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોક્ત સુધારો છે તે કાઉન્સિલની હોમીયોપેથીક કાઉન્સિલની ચૂંટણી માટે આવશ્યક છે તેમજ આ સુધારાથી રાજય સરકાર પર કોઈપણ વધારાનો આર્થિક બોજ પડતો નથી, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની મંજૂરી પણ આમાં લઈ લેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હોમિયોપેથીક ક્ષેત્રમાં જે વિદ્યાર્થીઓ તબીબો બને છે તે વિદ્યાર્થીઓ ખરેખર કહીએ તો બહુ બ્રિલિયન્ટ હોય છે. મૅડિકલ સ્ટુડન્ટસ બનવું એવી જે આશાઓ સાથે મૂળભૂત તૈયારી કરીને પરિણામ પ્રાપ્ત કરતા હોય છે પણ અત્યારના જે કોમ્પીટીશનનો જમાનો છે એમાં તે લોકો થોડાક ઓછા માર્ક્સના પરિણામે એમબીબીએસમાં એડમિશન નથી મેળવી શકતા અને પછી હોમિયોપેથીક કે આયુર્વેદિકમાં એડમિશન લેતા હોય છે, ત્યારે આ હોમિયોપેથીક તબીબોનું ભાવિ ખૂબ ધૂંધળું હતું કોઈપણ જાતનું કન્સીડરેશન એમના માટે નહોતું, નવ વર્ષ પહેલાં માત્ર આઠ જ કૉલેજ આપણી પાસે હતી અને એની અંદર ૭૭૫ બેઠકો જ હતી, આ નવ વર્ષની અંદર અને એમાં પણ છેલ્લા બે વર્ષની અંદર આપણે આઠ કૉલેજો હોમિયોપેથીકની વધારી છે અને ૧૫૨૫ બેઠકો હોમિયોપેથીક કોલેજમાં ઊભી કરવામાં આવી છે, તેની સાથે સાથે આજે અનુસ્નાતકની પણ આપણી પાસે કોઈ સગવડતા નહોતી, આજે પોસ્ટ ગ્રેજયુએશનની ૪૫ બેઠકો કરવામાં આવી છે અને આ ૨૦૦૮-૦૯ની અંદર બીજી એક ૫૦ બેઠકની હોમિયોપેથીક કૉલેજની મંજૂરી આપવામાં આવી છે અને બીજી ૧૮ અનુસ્નાતક બેઠકોની પણ મંજૂરી આપવામાં આવી છે અને હોમિયોપેથીક ડૉકટરોનો સૌથી મોટો મૂંઝવતો પ્રશ્ન એ હતો કે એમને કન્સીડરેશન ન હતું, આપણી પાસે માત્ર ૩૫ દવાખાના હતા, જેની અંદર આપણે પૂર્ણ કક્ષાના હોમિયોપેથીક ડૉકટરો મૂકેલા, તો હમણાં આપણે એ વધારેલ છે, અને લગભગ આપણે એમ કહી શકીએ કે, ૯૫ હોમિયોપેથીક દવાખાના શરૂ કર્યા છે, જેની અંદર આપણે ૯૫ ડૉકટરોને પૂર્ણ કક્ષાના ડૉકટરો તરીકે નિમણૂક કરી છે અને એમનો પગાર પણ, પગારનું ધોરણ પણ વધારીને એમબીબીએસ કક્ષા સુધીનું કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ડૉકટરો ૧૮૨ ધારાસભ્યશ્રીઓના મતવિસ્તારોમાં હોમિયોપેથીક દવાખાના ખોલવામાં આવ્યા છે પણ એ દવાખાના પાર્ટટાઈમ, એટલે જે ડૉકટરો કામ કરે છે એમને માનદ વેતન આપવામાં

આવે છે, તો આ ૧૮૨ને પણ પૂર્ણ કક્ષાના દવાખાના બનાવવા એવું પણ રાજય સરકાર વિચારી રહી છે અને મારા ખ્યાલ મુજબ કદાચ એને પણ અનુમતિ મળી ગઈ છે તો આવી રીતે આટલા બધા ડૉકટરોને આપણે પૂર્ણ કક્ષાના ડૉકટરો તરીકે એમને એમબીબીએસ ડૉકટરો જેટલા જ પગારોથી એ લોકોને આપણે રાખી શકીશું. એને પરિણામે એ લોકોનું ભવિષ્ય ઉજળું બન્યું છે, જે નિરાશા હોમીયોપેથીક ડોકટરોમાં હતી એ નિરાશા આજે રહી નથી, એમનું ભવિષ્ય ઉજળું બન્યું છે, તો હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, તેઓના જીવનની અંદર દીવડા પ્રકટાવવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે અને આપણે લગભગ વનબંધુ યોજનામાં માનનીય અધ્યક્ષશ્રી, વીસ નવા દવાખાના શરૂ કર્યા છે, આદિજાતિ વિસ્તારની અંદર, અને બીજા સાગરખેડુ યોજનાની અંદર પણ આપણે બીજા દવાખાના શરૂ કર્યા છે...

**પૉઈન્ટ ઑફ ઑર્ડર**

**મુવર ઓફ ધિ બિલની ગેરહાજરી બાબતે**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, મુવર ઑફ ધ બિલ કયારેય ગૃહ છોડીને જઈ ન શકે, અત્યારે પોતાનું આગમન થયું, માનનીય અધ્યક્ષશ્રી, બિલની ઘંટડી વાગેને, અમે પણ મુવર ઓફ ધ બિલ તરીકે રહ્યા છીએ ગૃહમાં, જો માનનીય મંત્રીશ્રી ગેરહાજર હોય અને માનનીય સભ્યશ્રીથી એક પણ શબ્દ બોલાય જાય તો એ વ્યર્થ જવાનો, મુવર ઑફ ધ બિલની ગેરહાજરીમાં ચર્ચા થાય એવું કયારેય જોયું નથી.

**અધ્યક્ષશ્રી :** આરોગ્ય વિભાગના મંત્રીશ્રી હાજર હતા, અને તમે જ્યારે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો ત્યારે મુવર ઑફ ધ બિલ પણ હાજર હતા.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા ૨૦ નવા દવાખાના ૨૦૦૮-૦૯ની અંદર ખોલવાનું નક્કી કરવામાં આવ્યું છે અને સાથે સાગરખેડૂ યોજનામાં ૩ આયુર્વેદિક દવાખાના એમાં ગાંધીધામને એક આયુર્વેદિક દવાખાનું આપવામાં આવ્યું છે તેને માટે હું ખૂબ ખૂબ આભાર માનું છું માનનીય મંત્રીશ્રીનો અને રાજય સરકારે બીજા મોબાઈલ દવાખાના હોમિયોપેથીકના શરૂ કર્યા છે એમાં ભાવનગર, પાટણ અને એક મોબાઈલ દવાખાનું કચ્છ માટે પણ મંજૂર કર્યું છે એને માટે પણ કચ્છની જનતા વતી આભારની લાગણી હું વ્યક્ત કરું છું અને માનનીય મંત્રીશ્રી અને રાજય સરકારની કચ્છની પ્રજા હંમેશા ઋણી રહેશે. આ હોમિયોપેથીક સારવાર આજે બહુ પોપ્યુલર બનતી જાય છે અને રાજય સરકાર જે રીતે છેલ્લા બે ચાર વર્ષથી એને પ્રાથમિકતા આપી રહી છે એ જોતા અને બધી સગવડ અને અનુકૂળતા આપી રહી છે એ જોતા હોમિયોપેથીક ડૉકટરો જે છે એ ખૂબ સારું કમાતા પણ થયા છે, આર્થિક ઉપાર્જન કરતા થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, હોમિયોપેથીક સારવાર માટે બે વસ્તુ હું કહીશ કારણ કે ઘણા લોકોને કદાચ ખબર ન હોય.

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી, મારી એક વિનંતી છે કે, હોમિયોપેથીની સંપૂર્ણ ચર્ચાઓ તરફ આપણે જઈશું તો બિલના પૂર્વ ભાગમાં જે ચર્ચા કરી એ મર્યાદિત રાખીશું તો બાકીના સભ્યશ્રીઓને બોલવાની તક મળશે બાકી આખી હોમિયોપેથીના વિકાસ તરફ જઈશું તો સમય નહીં મળે માટે બધા સભ્યશ્રીઓને હું કહું છું કે આપણી પાસે હજુ આ પહેલું બિલ છે અને ચર્ચામાં કોઈને રોકવા નથી પણ એ મર્યાદા સ્વયં રીતે સ્વીકારે તો યોગ્ય રહેશે. તમે બિલની ઉપર બહુ સરસ શરૂઆત કરી છે હવે બાકીના હોમિયોપેથીના વિકાસની વાત છે એ બજૅટ બેઠકમાં આરોગ્યની ચર્ચામાં આવશે જ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : તો આ જે બિલ અહીંયા મૂકવામાં આવ્યું છે એને હું અનુમોદન આપું છું અને વિનંતી કરું છું કે સર્વે સભ્યશ્રીઓ આને અનુમોદન આપે કારણ કે, આ હોમિયોપેથી સારવાર જરૂરી છે અને એમાં જે સુધારા છે એ હોમિયોપેથી કાઉન્સિલ માટે ખૂબ જરૂરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં મારે મારા વિચારો રજૂ કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય વિધેયક ૪ ઑકટોબર ૧૯૬૩માં આ ગૃહમાં રજૂ થયું હતું અને જ્યારે આ મુખ્ય વિધેયક જ્યારે રજૂ થયું આ ગૃહમાં મોહનલાલ વ્યાસ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી તરીકે આ ગૃહમાં હતા એ વખતે આ ગૃહના સભ્યશ્રીઓએ આની પાછળનો જે હાર્દ જે ચિંતા જે હોમિયોપેથીના માટેના ગુજરાતના અંદરના શરૂઆત માટેના તબક્કાઓની ચર્ચા કરી એને હું ગઈ રાત્રે જોતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાબુભાઈ પી. વૈદ્ય આ ગૃહના ૧૯૬૩માં એ વખતના માનનીય વિદ્યવાન સભ્યશ્રી હતા. માનનીય અધ્યક્ષશ્રી, એટલું ચોક્કસ માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે આ બિલ આવ્યું તો હું ૧૯૬૩ની ચર્ચા વાંચી શક્યો. ૧૯૬૩ની ચર્ચા જયારે વાંચી શક્યો ત્યારે ૧૯૬૩માં સ્વર્ગસ્થ હિતેન્દ્ર દેસાઈ, બાબુભાઈ વૈદ્ય, પોપટલાલ વ્યાસ અને એ વખતના માનનીય અધ્યક્ષશ્રી, આ ચારેય વચ્ચેનો બિલ પસાર કરવા બાબતનો જે સંવાદ છેને એ પણ હું વાંચી ગયો. એટલા માટે માનનીય મંત્રીશ્રીનો હું જરૂર આભાર માનું, હું આશા રાખું કે, એ પ્રણાલિકાઓ આ ગૃહમાં ઉભી થાય. એક સરસ, આ બિલના પસાર થવા દરમ્યાનની ચર્ચા, કે બાબુભાઈ વૈદ્યે પહેલાં એમ કહયું કે અરધો કલાક બોલવું છે બિલ ઉપર, અરધો કલાક તો પૂરો થયો અને કોઈએ ટકોર કરી કે અરધો નહિ પોણો કલાક થયો, જે

પક્ષમાં એ નથી, સામેના પક્ષનાએ કહયું કે ના એ તો બિલ ઉપર બોલે છે, બિલ આજે જ રજૂ થાય અને આજે જ પૂરું થાય એવો આગ્રહ નહિ રાખીએ, હિતેન્દ્રભાઈ દેસાઈએ પણ એ વાત કરી અને માનનીય અધ્યક્ષશ્રીએ પણ એ જ વાત કરી. હું આશા રાખું કારણકે કાયદો છે એ ચિરંજીવી બનવાનો છે, આપણે આવીશુંને આપણે જઈશું, અહીંયા પણ રહીશું અને સામે પણ રહીશું, હું અને માનનીય જયનારાયણભાઈ આ બધું જ બરાબર અનુભવી ચૂક્યા છીએ. બીજાને તો આપણે બન્ને એમ કહી શકીએ એમ છીએ કે, "ધીરી બાપુડિયા, અમ વીતી તમ વીતશે" પણ માનનીય અમીતભાઈ, અમને બન્નેને તો એ અનુભવ પણ થઈ ચૂક્યો છે કે, ગૃહની બહાર રહેવાનો, હારવાનો પણ, મંત્રીમંડળમાંય રહેવાનો પણ અને વિરોધપક્ષમાં રહેવાનો પણ. કાયદો બને છે એ ચિરંજીવી બનતો હોય છે, એની બહુ લાંબી અસરો હોય છે, પ્રશ્નોત્તરી આપણને જરૂર મહત્વની લાગતી હોય છે પણ એનું જીવન છે એ ટૂંકું હોય છે, કાયદાનું જીવન બહુ લાંબુ હોય છે અને એટલા માટે કાયદા પરની ચર્ચાઓ જયારે થાય, બિલ પરના સુધારાઓ આવે ત્યારે આ ગૃહમાં અમારે સૌએ વધારે ચીવટ એટલા માટે રાખવી પડે કે, અમે પ્રશ્નોત્તરીના સભ્યો નથી, અમે આ ગૃહમાં મંત્રીમંડળના સભ્યો નથી, અમે ધારાસભ્યો છીએ, ધારાને ઘડનારા સભ્યો છીએ અને એટલા માટે ધારો ઘડાતો હોય ત્યારે, એની ચીવટ અને ચિંતા, મારી જે પહેલી ચિંતા છે એ છે કે કયારેય આપણે કોઈપણ સરકારમાં હોઈએ ત્યારે એવો પ્રયત્ન નહિ કરીએ કે જે અધિકાર આ ગૃહનો છે, એ અધિકાર બહુમતીના જોરે સરકાર લઈ જાય, સરકારો તો બદલાયા કરે, વ્યકિતઓ પણ બદલાયા કરે, પણ આ ગૃહનો જે અધિકાર છેને, જો એ સમયે એ અધિકારનો ઉપયોગ કરીને, ૧૯૬૩માં જ એવું નકકી કર્યુ હોત કે, આ ફી વધારવાનો અધિકાર છેને એ તો સરકારનો, નોંધણી ફી રૂપિયા ૨૫ રાખવી કે ૫૦ રાખવી એ સરકાર નકકી કરશે, તો આજે માનનીય નિમાબહેનને તક ના મળી હોત કે આજે હોમિયોપેથી પર એ બોલી શકે, આજે મને એ તક ના મળી હોત કે ૧૯૬૩ની ચર્ચાઓને વાંચી શકું, પણ એ વખતના વિધાનસભા ગૃહને, એ વખતની સરકારને, એ વખતના બિલના મૂવરને અભિનંદન આપવા પડે કે એમણે ધાર્યુ હોત તો એ કરી શકયા હોત કે ના આ ૨૫ રૂપિયા રાખવા કે ૫૦ રૂપિયા રાખવા એ હવે સરકારને અધિકાર આપી દઈએ છીએ અને સરકાર કરશે, છેલ્લા થોડા સમયથી આ વસ્તુ આવી છે અને હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે નાણાંકીય અંકુશ વિધાનસભા ગૃહનો છે અને એ વિધાનસભા પાસે અબાધિત રહેવા દેવો જોઈએ, આપણને કદાચ એવું લાગે કે આના કારણે કારણવગર, દોઢ બે કલાક, આ બધાને સાંભળવા, અહીંયા બેસવું, આપણી ઓફિસની ફાઈલો, આપણા મુલાકાતીઓ, આપણા કાર્યક્રમો, આપણા સમારંભો, આપણા મિડિયા, એ બધું છોડીને આ, પણ આખરે એ પ્રજાના ફાયદામાં છે, લોકહિતમાં છે અને લોકશાહીના ઘડવૈયાઓએ આ વિધાનસભાની જે ઉચ્ચ પ્રણાલિકાઓ પાડી છે, એનાથી આપણે દૂર જવાનો પ્રયત્ન ના કરીએ, માનનીય અધ્યક્ષશ્રી, જે ઉદ્દેશો અને કારણો બિલના આપ્યા છે, એમાં કલમ-૧૭ની પેટા કલમ-૩થી, "નિભાવવાના નોંધપત્રકમાં નોંધવા માટે જે શખ્સ પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી લાયકાતો પૈકી કોઈપણ લાયકાત ધરાવતો હોય, "તેવો દરેક શખ્સ કોઈ પણ સમયે વિહિત કરેલા નમૂના પ્રમાણે નિબંધકને અરજી કર્યેથી અને રૂપિયા ૨૫ ભર્યેથી નોંધપત્રકમાં પોતાનું નામ દાખલ કરાવી શકશે એ જોગવાઈ હતી. પહેલી વાત તો મારી એ છે કે, આપણે તંત્રમાં કરોડો રૂપિયાનું બજેટને બહુ મોટું ખર્ચ કરતાં હોઈએ છીએ. માણસ નોંધણી કરવા પ્રેરાય, હોમિયોપેથિકના બધાજ ડોકટરોની સારી પ્રૅક્ટિસ ચાલે છે એવું નથી. આપણે ત્યાં આ પથનો વિકાસ પણ નથી થયો. સામાન્ય રીતે એ પથના ડૉકટરોની તરફ લોકોનું ધ્યાન ખેંચાતું હોય છે કારણકે એલોપેથી કરતાં હોમિયોપેથિકની આખી જુદી પદ્ધતિ છે. આપણે ત્યાં તેનો વિકાસ નથી થયો. રોગને જોઈને રોગની દવા કરવી જે symptoms ઉભાં થાય તેના પ્રકારે નિદાન કરવું આ એલોપેથિનો બેઈઝ છે. હોમિયોપેથિ symptomic દવા નથી કરતી તે ઇતિહાસ પૂછે છે. તે પેઢીઓના ઇતિહાસ પણ પૂછે છે કે તમારા દાદાને, તમારા બાપાને, તમારા માને, તમારા પરમાને શું પરિસ્થિતિ હતી તેના ઉપરથી તે નિદાન ઉપર આવે છે, રોગના મૂળ ઉપર આવે છે અને રોગના મૂળની દવા કરે છે. આજકાલ આપણે ઝડપી યુગની સાથે alternative therapy તરફ આપણે જતાં નથી. આપણને ઈન્સ્ટન્ટ જોઈએ છીએ પછી તે કોફી હોય તો પણ ભલે અને મૅડિસિન હોય તો પણ ભલે. અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આજના સમયમાં હું માનું છું, આયુર્વેદ, હોમિયોપેથિ અને alternative remedies available છે તેના તરફ સરકારે વધારે ધ્યાન કેન્દ્રિત કરવું પડે. તેમાં વાંધો ત્યાં આવે છે કે આપણે તેને પ્રમોટ નથી કરતા એટલે કોર્પોરેટ હોસ્પિટલમાં ના છૂટકે માણસ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં તો પરિસ્થિતિ એવી છે કે વૈદ્ય એટલે દેવ. આપણે ડોકટરમાં દેવના દર્શન કરીએ છીએ. આપણે તે રીતે ટેવાયેલાં છીએ. વિકસિત દેશનો પેશન્ટ હોસ્પિટલના પગથિયાં ચડતાં પહેલાં ઈન્સ્યુરન્સ કંપની અને કોર્ટને નજરમાં રાખીને જાય છે કે આ જો સહેજ પણ ભૂલ કરશે તો હું તેને શું કરીશ દાવો કરીશ અને ઢસડી જઈશ તેને કોર્ટના દરવાજા સુધી અને તે રીતે ત્યાંનુ જીવન છે. ત્યાં ડોકટરો પણ સચેત છે ટ્રિટમૅન્ટ આપનાર અને લેનાર વચ્ચેની ભેદરેખામાં કમ્પલીટ પરિસ્થિતિ જુદી છે. અહીંયા તો ડોકટરો એટલે દેવ. આપણી હૉસ્પિટલોમાં આપણે લગભગ મફત સેવાઓમાંથી બહાર નીકળતાં જઈએ છીએ. પેમેન્ટ સિસ્ટમ દાખલ કરતાં જઈએ છીએ પછી તે વાહન પાર્કિંગ હોય કે દર્દીની ખબર કાઢવા જવું હોય પૈસા મૂકો અને જાવ. મારી માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે ૨૫ રૂપિયા ઓછાં પડે, વહિવટી ખર્ચ ના પોસાય પરંતુ આ બધી પ્રક્રિયા છે તે રજિસ્ટર

રાખવું તે આપણી પણ જરૂરિયાત છે. અને એટલા માટે કદાચ ખર્ચ કરવું પડતું હોય તો આટલા મોટા બજેટમાં વહિવટી ખર્ચ ત્યાંથી જ વસૂલ થાય, નોંધણી કરાવનાર પાસેથી જ વસૂલ થાય તેના બદલે તે નોંધાય તે જરૂરી છે. અને તે હોમિયોપેથિનો નોંધાયેલો વ્યકિત છે તે પ્રજામાં કામ કરતો થાય. હું આવકારું છું, હું જાણું છું કે આપણે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની જગ્યા પૂરવાની મોટી સમસ્યા છે. આ વિભાગની મોટી સમસ્યા હોય તો અવેલીબીલીટી ઓફ ડોકટર્સ છે. આ મોટી તકલીફ છે. તે સમયમાં આપ આયુર્વેદિક, આપ હોમીયોપેથિક, આપ નેચરોપેથિક, આપ યોગા આ તરફ વળો અને સાથે સામાન્ય માણસને સારવાર સામાન્ય દર્દ માટે સીધી, સરળ અને સસ્તી મળે તે આવશ્યક છે. અને એના માટે આપ નોંધણી કરાવવા જાઓ છો. મારી પહેલી વિનંતી તો એ જ છે કે નોંધણીની ફીમાં આપ વધારો જ ના કરો. અથવા જો સરકારે મન મનાવ્યું હોય કે વધારો કરવો જ છે, તો આપ ભલે આપના સભ્ય મારફતે સુધારો મૂકાવો અથવા તો મૂવર ઓફ ધ બિલ લઈને આવે કે ૨૫ રૂપિયા ફી હતી. આટલા વર્ષો થયા છે, તો વહીવટી ખર્ચને પહોંચી વળવા માટે એમાં ૫૦ રૂપિયા, ૭૫ રૂપિયા કે ૧૦૦ રૂપિયા કરવા છે. પણ આ ગૃહમાં નકકી કરાવો. જો આપ સત્તા લેશો તો સરકાર જતી રહેશે પછી ફરી વખત દસ કે પંદર વર્ષ પછી ૫૦ના ૭૫ કરવાની જરૂર ઉભી થશે, પણ એ નિર્ણય કોણ કરશે? એ નિર્ણય આ વિધાનસભા ગૃહના સભ્યો નહીં કરે, એ નિર્ણય પછી એક વ્યકિત કરશે. અને લોકશાહીમાં પાયાનો સિદ્ધાંત હોય તો એ કે To put heads togather. માથાઓ સાથે ભેગા થાય. પરામર્શ થાય અને વિચારવિમર્શ થાય. નહીંતર તો રાજાશાહી હતી જ. ડિકટેટરશીપ પણ હોઈ શકે. ત્યાં વ્યકિત નિર્ણય કરતી હતી. એટલે જ કહેવાતુ કે 'યથા રાજા તથા પ્રજા' રાજાનો મોટો પુત્ર જન્મે, તે સિંહાસન પર આવે. પછી તે ગાંડો આવે તો પ્રજા પાસે ગાંડપણ કરાવે. એટલે તે સમયે એમ કહેવાતુ કે 'યથા રાજા તથા પ્રજા.' લોકશાહીમાં આજે એમ નથી કહેવાતું. લોકશાહીમાં તો કહેવાય છે કે 'યથા પ્રજા તથા રાજા' કેમ કે પ્રજા ચૂંટીને મોકલે છે કે અમારા પ્રતિનિધિ કેવા હોય. એ વાતને જીવંત કેમ રાખી શકાય? એ વાતને જીવંત રાખવા માટે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે આપણે નિર્ણય કરાવીએ. આપણે સત્તા ન લઈએ. આપણે નકકી ન કરીએ. કારણ કે આપણે ત્યાં મંત્રી કે આઈ.એ.એસ. ઓફિસર ફાઈલ ચલાવે અને પેનના ઝાટકે ૨૫ ના ૫૦ કે ૧૦૦ કરશે. મારો અનુભવ છે કે સચિવાલયમાં મંત્રી પાસે ફાઈલ આવે ત્યાં સુધીમાં ૧૭ વ્યકિતઓ સહી કરે છે. બ્લયુ પેનથી માંડી કાળી પેન, લાલ પેન અને લીલી પેન સુધીમાં ૧૭ વ્યકિત સહી કરે છે. પરંતુ એપ્લીકેશન ઓફ માઈન્ડ તો એક જ વ્યકિતનું હોય છે. બાકી તો બધી જગ્યાએ એપ્લીકેશન ઓફ પેન જ હોય છે. એપ્લીકેશન ઓફ માઈન્ડ બધી જગ્યાએ હોતું નથી. હા, હોય છે, પણ એ સીલેકટેડ જગ્યાએ. બાકી તો એપ્લીકેશન ઓફ પેન હોય છે. અને જયારે મંત્રીશ્રીઓ તો આવે છે અને જાય છે, પણ એમની ફાઈલો ત્યાં છૂટીને જતી હોય છે. એમની નોંધો ચિરંજીવી રહે છે. 'યસ મિનિસ્ટર' વાળી ફોર્મ્યુલા પણ આવે અને કયારેક કંઈક કહેનારા માણસ પણ આવે, તો પણ નિર્ણય કરનાર એક કે બે વ્યકિતના બદલે વિધાનસભાગૃહ નિર્ણય કરે. હું એમ નથી કહેતો કે હું નિર્ણય કરું. હું એમ નથી કહેતો કે આપ નિર્ણય ન કરો. આપ જ પ્રપોઝલ લઈને આવો કે આ વધારવી છે. એ બહાને વિધાનસભાગૃહના સભ્યશ્રીઓને તક મળશે. આજે આ તક માનનીય નીમાબેનને મળી છે, મને મળી છે. આ તક આ ગૃહના ઘણા સભ્યો, બંને પાટલી પરના સભ્યોને તક મળશે. એ એટલા માટે મળી છે કે આ કાયદાની જોગવાઈ ૧૯૬૩થી કરીને નાણાકીય સત્તાઓ ગૃહે પોતાની પાસે રાખી છે. સરકારને આપી નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મેં કહ્યું છે એટલે ન સ્વીકારાય એમ નહીં. આજકાલ એવું થાય છે. ભૂતકાળમાં એમાં પણ અમે જોતા હતા. આ બિલની ચર્ચા દરમ્યાન કયાંથી કહેવાયું છે એ જરૂરી નથી, પણ જેના માટે કહેવાયુ છે એ જરૂરી છે. મને યાદ છે. હું અને અમારા સિનિયર સાથી માનનીય બાબુભાઈ આમને સામને હતા. તેઓ ભાજપમાં હતા. અમે સરકાર પક્ષે હતા. તેઓ કચ્છ માટે સંકલ્પ લઈને આવ્યા હતા. અને સરકારે સંકલ્પ સ્વીકાર્યો હતો. બહુમતિના જોરે ઉડાડી શકાયો હોત. પરંતુ એમની વાત કચ્છના વિકાસની હતી, એમની વાત જનતા માટેની હતી. એ ભાજપમાં હતા અને હું કોંગ્રેસમાં હતો. એવી જ રીતે હું ઈચ્છું કે માનનીય જયનારાયણભાઈ વ્યાસ, માનનીય નીતિનભાઈ આપને નહીં ગમે અને આપને સમજાશે પણ નહીં, આપ સારું તો ત્યારે જ લગાડી શકશો કે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય શકિતસિંહજી, આપનું ધ્યાન નીતિનભાઈ તરફ જ કેમ જાય છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમણે ના કહેવું જોઈએ ને? આખરે હું માણસ છું, મારું ધ્યાન ત્યાં જવાનું જ, મારા કાન ત્યાં સાંભળવા જવાના જ છે. (અંતરાય) આપના જ પક્ષના અન્ય મંત્રીશ્રી પાસેથી જ્ઞાન લો, આપનું જ્ઞાન બીજે ના આપો એટલી જ મારી વિનંતી છે..

**અધ્યક્ષશ્રી** :માનનીય શકિતસિંહજી, આપ એક ખુલાસો કરો કે નીતિનભાઈ એક જ એવા છે કે આપનું ધ્યાન તેમની તરફ જાય છે, બીજા કોઈ તરફ જતું નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, સબમરીનનું ટોપું જે બહાર દેખાતું હોય, પરંતુ એનું નુકસાન નીચે મોટું હોય છે. એમ નીતિનભાઈની હાઈટ નીચી છે, પરંતુ તેમની વાતનું નુકસાન બહુ મોટું હોય છે એટલે ધ્યાન ત્યાં રહે છે.

**અધ્યક્ષશ્રી** : જયનારાયણભાઈ, એટલે એક સિધ્ધાંત નકકી થયો કે નીચા કદના માણસો તરફ શકિતસિંહજીનું ધ્યાન વધારે જાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ચોકકસ સર, નીચા કદના પણ નીચે રહીને નુકસાન વધારે કરે છે, તેમની તરફ ધ્યાન વધારે આપવું જોઈએ એવું મારા ગુરુ કહેતા હતા. એટલે મારી વિનંતી છે કે આને પોઝિટીવ અર્થમાં લે જેથી કરીને આ ગૃહના સભ્યશ્રીઓને વાત કરવાની તક છે એ હોમિયોપેથી પર બોલવાની તક એ આરોગ્ય વિભાગની માગણીઓમાં આવશે, પરંતુ આપણે જાણીએ છીએ કે વિભાગની ચર્ચામાં પણ કેટલા સભ્યશ્રીઓ એની ઉપર બોલી શકતા હોય છે, કેટલાને બોલવાની તક મળતી હોય છે એ આપણે જાણીએ છીએ. એટલે લોકશાહીને જીવંત રાખવા માટે એક વીઝન મળશે. માનનીય નીમાબેનનો વ્યવસાય ડોકટરનો છે એટલે એમનો અનુભવ હોય, બીજા અમારા ડો. અનિલભાઈ જોષીયારા એ પણ ડોકટર છે. એટલે એજ્યુકેશન એ ફકત જરૂરિયાત નથી, દ ણીવખત ગણતર ભણતર કરતાં વધારે ચઢીયાતું હોય છે, જે કોઈ સરકાર હશે એ બે પાંચ વર્ષે એને એમ લાગશે કે એ વધારો કરવાની ઈચ્છા થશે એટલે ગૃહમાં આવશે અને આવશે એટલે જીવંત ચર્ચા રહેશે. એટલે નકકી કર્યુ હોય તો સાવ પાછું ના ખેંચે, પરંતુ રકમ ગૃહમાં નકકી કરવાની એ રીતે રાખો, સત્તા લેવાનો પ્રયત્ન ના કરો.

બીજી બાબત એ લાવ્યા છે કે સદરહુ કલમ ૩ ની પેટા કલમ ૨ સુધારવા ધાર્યુ છે. જેથી રાજય સરકારે નીમવાના વિદ્યમાન ૪ સભ્યશ્રીની સંખ્યા ૫ સભ્યની કરી શકાશે. તો આ નિમણૂક વિશે, સરકારે કરવાની નિયુકિતઓ વિશે ભૂતકાળમાં આ ગૃહમાં કહેવાયું છે એ શબ્દો મને વાંચવા વાજબી લાગે છે. એ વખતે કહેવાયું છે કે નિયુકિત અનિવાર્ય હોય, માણસોને નીમવા વગર છૂટકો ના હોય ત્યારે નિયુકિત આવે તો ઠીક છે, પરંતુ જે માર્યુ જવાનું છે, નિયુકિતઓ પણ ધીમે ધીમે કરતાં શોખ થઈ જાય છે. દરેક બાબતમાં નીમીએ, નીમીએ, નીમીએ. માણસો ત્યાં બેસે એમાંથી મને નિયુકિતનો શોખ ઉભી થવાની ગંધ આવે છે. એક વિદ્વાન સભ્યશ્રી બાબુભાઈ વૈદ્યના આ ગૃહમાં ૪ થી ઓકટરોબર, ૧૯૬૩ ના શબ્દો છે. છેલ્લે ૪ સભ્યોની સંખ્યા હતી. તો એ સરકારે નીમેલા સભ્યોની સંખ્યા આપણે શા માટે વધારીએ? તો કોઈ સિસ્ટમ એવી ના લાવો કે જેથી કરીને મારો તે સારો એમ નહીં, પરંતુ પ્રજાના માટે સારો તે મારો. આ હું સત્તામાં છું તો મારો માણસ મૂકીશ, મારા ૪ જ મામકા: આવે એના બદલે હવે ૫ મામકા: આવે એના માટે આ કરવાનું? તો આપણે એવું ના કરીએ કે ત્યાંથી લાયકાતવાળા લોકો જ આવે, રાજકીય રીતે ના લાવો. હું તો કહું છું કે આપણે કોઈ એવી સિસ્ટમ ઉભી કરીએ કે જેથી એમાં આગેવાનો રહે. સરકાર નિયુકિતઓ આ સરકાર હોય કે તે સરકાર હોય એમાં કેવી થાય છે એ આપણેસૌ જાણીએ છીએ. એટલે હું અપેક્ષા રાખું છું કે આ નિયુકિતઓમાં બહુ પડવા જેવું નથી એના બદલે એમાં આગેવાન હોય એવા લોકો નિયુકત થાય એ શબ્દો સાથે હું મારા વિચારો આ હોમિયોપેથિક સુધારા વિધેયક ઉપર રજૂ કરીને વિરમું છું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૨, સન ૨૦૦૮નું ગુજરાત હોમિયોપેથી સુધારા વિધેયક લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે, તેને અનુમોદન આપવા અને તેના પર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ એક મહિલા તબીબ સભ્ય ડો. નીમાબેન આચાર્ય અને ત્યારબાદ માનનીય સાથી પક્ષના નેતા આદરણીય શ્રી શકિતસિંહજીએ આ વિધેયક પર પોતાના વિચારો પ્રગટ કર્યા. આ એક એવું વિધેયક છે કે જે ઘણા વર્ષો પછી ૧૯૬૩માં આ કાયદો બન્યો ત્યારથી ઘણો વહેલો આમાં સુધારો કરવાની કદાચ જરૂરિયાત હતી, પણ એમ છતાં આજ સુધી એ સુધારા માટે આ બિલ અહીંયા લાવવામાં આવેલ નથી. એનાથી એ સ્પષ્ટ થાય છે કે સરકારને પણ પોતપોતાની કાયમી વ્યસ્તતા હોય છે. એમાં આવા નિર્ણય બાબતે જે ખરેખર તબીબી ક્ષેત્ર માટે ખૂબ મહત્વનો હોય છે, એને પણ ઘણીવાર લાવવાનું કોઈને કોઈ કારણસર રહી જતું હોય છે.

હમણાં અહીં જે વિચારો કહેવામાં આવ્યા કે ફીનું નિર્ધારણ વારંવાર સભાગૃહ સમક્ષ લાવીને પછી કરવું જોઈએ. પરંતુ એમાં એને લીધે કદાચ વધારે વિલંબ થવાની શકયતા રહે છે. એટલા માટે નોંધણી ફીમાં સુધારો કરવાની બાબત છે એમાં વખતોવખત સુધારો કરવો અનિવાર્ય હોય છે અને એ કરતી વખતે વખતોવખત બિલ લાવવું અને એ મંજૂર કરાવવું અને એ માટે સભાગૃહ સમક્ષ આવવું એ પ્રક્રિયા ખૂબ લાંબી છે અને એના લીધે એ કયારેક રહી જતી હોય છે. તેના લીધે વિલંબ થતો હોય છે. એટલા માટે એ બાબત સરકારશ્રી હસ્તક રહે તે વાતનું હું સમર્થન કરું છું.

આમાં અન્ય સુધારો જે છે તે એવું બતાવે છે કે સરકાર નિયૂકત સભ્યની સંખ્યા જે પહેલા ૪ ની હતી. કુલ ૧૧ સભ્યોમાંથી ૪ સરકાર નિયૂકત હતા તે વધારીને ૫ કરવા. એટલે કે સરકાર નિયૂકત સભ્યની સંખ્યા ૫ ની કરવી અને બાકી ૬ સભ્ય એ નોંધાયેલા સભ્યોમાંથી ચૂંટાઈને આવે. અગાઉ જે ૩ ની સંખ્યા હતી એ અનુભવના આધારે પણ કોઈપણ જાતની લાયકાત વગર જે કેન્દ્ર સરકારે ૧૯૬૩માં કાઉન્સિલ ઓફ હોમિયોપેથી અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમિયોપેથીની લાયકાત નકકી કરી અને ત્યાર પછી જુદી જુદી કોલેજોની દેશમાં અને ગુજરાતમાં સ્થાપના થઈ. ત્યારથી લાયકાત આવી, પણ એ પહેલાં અનુભવના આધારે ફિઝિશિયન્સ હોમિયોપેથીની પ્રેકટીસ કરતા હતા. એ સંખ્યા વધારે હતી તે ઘટતાં ઘટતાં ૨૧ની થઈ છે. જે અગાઉ ૫૦૦ ની હતી તે ઘટતાં દ

ાટતાં ૨૧ની થઈ ગઈ છે. ત્યારે એમાંથી ૩ સભ્યો લેવાના હતા એ સુધારો કરીને દૂર કરવું વાજબી હતું. એટલે સરકાર નિયૂકત સભ્યોની સંખ્યામાં એકનો વધારો કર્યો છે, પણ ૪ સભ્યો નોંધાયેલા અને ૬ને ચૂંટણીથી એ જે વાત થઈ. એમાં મારું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એક સૂચન એ છે કે જેમાં એકનો વધારો કર્યો છે તેની જૂની જોગવાઈ એવી હતી કે રાજયની સરકાર ૪ સભ્યો નીમાશે, જેમાંના ઓછામાં ઓછા ત્રણ નોંધાયેલા વ્યવસાયીઓ હોવા જોઈશે. આ અગાઉના બિલનો કાયદો હતો. હવે જે જણાવવામાં આવ્યું છે એ પ્રમાણે રાજય સરકારે ૫ સભ્યોની નિયૂકિત કરવી જોઈશે. જે નોંધાયેલા વ્યવસાયીઓ હશે. અગાઉ જમાંથી ૩ નોંધાયેલા વ્યવસાયીઓ અને ૧ છે તે નોંધાયેલા ન હોય તો પણ કોઈપણને સરકાર મૂકી શકતી હતી. એ પ્રોવિઝન હવે જે નવો સુધારો કર્યો છે એમાં ૫ સભ્યોને નીમશે અને એ ૫ નોંધાયેલા હોવા જોઈશે. એવા પ્રકારનો સુધારો છે. જેથી નોંધાયા ન હોય એવા કોઈપણ વિદ્વાન સભ્ય, કેમ કે નોંધાયેલા હોવા માટે પ્રેકટીસ કરવી જરૂરી છે. પ્રેકટીસ ન કરતા હોય અને નોંધણી ન થઈ હોય એવા વિદ્વાન જેઓ હોમિયોપેથીમાં રસ ધરાવતા હોય તો પણ એમને આના કારણે નીમી શકાશે નહીં. તેથી આ પાંચમાંથી એકને જે અગાઉના કાયદામાં સવલત હતી કે ચારમાંથી ત્રણ નોંધાયેલા હોય અને એક અન્યમાંથી હોય, એવી રીતે આ પાંચમાંથી ચાર નોંધાયેલા હોય અને એક અન્યમાંથી મૂકી શકવાની જોગવાઈ હોય તો એ ખરેખર હોમિયોપેથીના વિકાસ માટે પણ ઉપયોગી બની રહે એવું મારું નમ્ર માનવું છે અને એના માટે મારું સૂચન પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હોમિયોપથી એક બહુ જૂની ન કહેવાય તેવી વિદ્યાશાખા છે. તબીબી ક્ષેત્રે અને જર્મનીના સેમ્યુઅલ હેનીમુન નામના વિદ્વાન તબીબીનો જન્મ ૧૭૫૫માં થયેલો. ત્યારબાદ તેણે પોતાના જીવન દરમિયાન એક વખત એને એવો અનુભવ થયો. ચીકોનાની છાલ એના બાળ દર્દીને મેલેરિયાના દર્દીને મટાડવા માટે વપરાતી હતી. પરંતુ એ રોગ વગરના દર્દીને અપાઈ ગયું, આ ચીકોનાની છાલ અપાઈ ગઈ અને પછી એણે જોયું તો એ વ્યકિતને મેલેરિયાની તકલીફ જોવા મળી, એને રોગ નહોતો અને દવા આપવાથી મેલેરિયા થયો, આ દવા આપવાથી અનેકના રોગ મટ્યા છે પરંતુ જેને મેલેરિયા નહોતો એને આપવાથી મેલેરિયા જેવો રોગ પ્રગટ થયો છે. એને થયું કે આ એક વિચિત્ર અને આશ્ચયજનક ઘટના છે, તેથી તેણે એનો અભ્યાસ કર્યો અને શોધી કાઢ્યું ઝેરની દવા ઝેર જ છે. ઝેરનું મારણ ઝેર જ છે એવો એક સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો એના લીધે હોમિયોપથી શાખાનો ઉદય થયો. વૈજ્ઞાનિક રીતે બહુ સારી રીતે જાણી શકાય છે, બહુ જોરદાર પોલિટિશ્યન હોય તો એને એવો જોરદાર પોલિટિશ્યન જ પહોંચી શકે, એને જે તે માણસ ન પહોંચી શકે. રોગ એવો જોરદાર હોય જેને કારણે રોગ થયો હોય, રોગ જેણે કર્યો એજ વસ્તુ દૂર કરી શકે એવું વૈજ્ઞાનિક રીતે ખ્યાલમાં આવ્યું કે આવું જ હોઈ શકે. ત્યારબાદ આ શાખાનો ખૂબ જ વિકાસ થયો અને આપણા દેશમાં અનેક વિદ્વાન લોકોએ એને સ્વીકાર કર્યો અને આજે સરકાર પણ હોમિયોપથીને ખૂબ આગળ લઈ જવાનો અભિગમ લીધો છે. પહેલા દવાખાના ઓછા હતા એમાં ઉમેરો કરીને ૯૦-૯૫ જેટલા દવાખાના થયા છે. એક એક ધારાસભ્યશ્રીને પોતાના મત વિસ્તારમાં એક હોમિયોપથી દવાખાનું, એમાં પણ પાર્ટ ટાઇમ ડોકટરને ફૂલ ટાઇમ કરવાનું પ્રોવિઝન છે. હોમિયોપથીના ફરતા દવાખાના જેના દ્વારા નિદાન અને સારવાર આ પણ સરકારે કર્યુ છે આપણી સંસ્કૃતિને અનુરૂપ સરકાર આવી આખા દેશમાં ઘણી બધી પથીઓ બિમારીના ઇલાજ માટે ચાલે છે. એમાં એલોપથી છે જે આજકાલના વિજ્ઞાન સાથે જોડાયેલી છે. આયુર્વેદિક પદ્ધતિ નેચરોપથી, યુનાની વગેરે છે. આ ગૃહના ઘણા સભ્યશ્રીઓ એવા પણ હશે કે જે કુદરતી ઉપચારથી પોતાની બિમારી મટાડતા હશે. આ બધાને યોગ્ય પ્રાધાન્ય મળે તેવો સરકારનો અભિગમ છે એને આવકારી આ જે બિલ લઈને આવ્યા છે એ પણ સરકારે અને માનનીય મંત્રીશ્રીએ જાગૃતિ બતાવી છે, માનનીય મંત્રીશ્રી આ સુધારો લઈને આવ્યા છે તે આવકારવા લાયક છે અને હજી પણ હોમિયોપથીનો વધારે વિકાસ થાય સાથે સાથે એલોપથીના તબીબોને આ પ્લેટ ફોર્મ દ્વારા વિનંતી કરું છું કે આ બધી પથીઓ આવકારપાત્ર છે એને દ્વેષભાવથી જોવામાં ન આવે, આયુર્વેદને દ્વેષ ભાવથી જોવામાં ન આવે એની અંદર પડેલા તથ્યોને સ્વીકારવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ બિલ ઉપર બોલો તો વધારે સારું રહેશે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : આપનું સૂચન હું ધ્યાનમાં લઉં છું. આ એક એવો વિષય છે એમાં જ્યારે સુધારો લઈને આવ્યા છે, આપણા આરોગ્યની સારવાર પદ્ધતિ છે એમાં એને ઉમેરીને પ્રાધાન્ય આપવા જેવું છે. આજકાલ હોમિયોપથીનો ખ્યાલ ઓછા લોકોને છે એ વધારે આવે. જે ન મટે તેવી બિમારી રજીસ્ર્ટડ ઈલનેસ કહેવાય જે કોઈથી ન મટે એલર્જીના રોગો છે જે ચામડીના રોગો છે જે હોમિયોપથી સિવાય કોઈ મટાડી શકતું નથી આ મેસેજ આ સભાગૃહમાં આ બિલ દ્વારા આપવા માગું છે. આ બિલ લઈને આવ્યા છે એને ફરી અનુમોદન આપું છું અને મેં એક સૂચન કર્યુ છે એને સ્વીકારવા સાથે મારી વાત પૂરી કરુ છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમાં જયનારાયણભાઈ પણ દવા આપે એમ નથી અને નીતિનભાઈ પણ આપે એમ નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જૂઓ સાહેબ, મારા વગર આમને ચાલતું નથી.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, તમે જાદુગર છો. સામે તમે કંઈ મોહિની કરી છે અને બધા તમારી સામે જૂએ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** સાહેબ, પણ એલર્જીની કોઈ દવા નથી. જયનારાયણભાઈએ જ હમણાં વાત કરી. (અંતરાય) છે? તો જરા કોઈક પાસે કરાવી જૂઓ. (અંતરાય) મને તો કઈ વાંધો નથી. મારું તો પ્રિય પાત્ર છે. (અંતરાય) ના, શકિતસિંહભાઈને વાત કરેલી છે પછી જ કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હોમિયોપેથિક અધિનિયમ સુધારવા બાબતનું વિધેયક માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે જ્યારે હોમિયોપેથિકના વિધેયકનો સુધારો રજૂ થવાનો છે. એ જસ્ટ મેં તો સાંભળ્યું ત્યારે મને એવું હતું કે જયનારાયણભાઈ આરોગ્ય વિભાગ સંભાળે છે એટલે કોઈ ક્રાંતિકારી સુધારા લઈને આવશે. કારણ કે વિદ્વાન છે, તેમની દ્રષ્ટિ પણ છે. એમ કહે છે કે ગુજરાતની આરોગ્યની સેવાઓને આપણે વૈશ્વિક કક્ષાની બનાવવી છે. પણ જ્યાં અહીં જે સુધારા વિધેયક જોયું તો તેમાં તો માત્ર સરકારી સભ્યોની સંખ્યા કેમ વધે તેની જ ચિંતા કરી છે. કારણ કે આ જે હોમિયોપેથિકનો જે અભ્યાસક્રમ છે એ અભ્યાસક્રમ જે રીતે ચાલે છે એ ખૂબ ચિંતાજનક છે અને હું જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સિન્ડિકેટ મેમ્બર હતો અને તે વખતે અમુક યુનિવર્સિટી તો આજે પણ અને એ વખતે પણ આ હોમિયોપેથિક કૉલેજને જોડાણો આપવાનો ઈન્કાર કરતી હતી. એટલા માટે કે જે પ્રકારે એમાં સગવડતા હોવી જોઈએ એ ત્યારે પણ નહોતી અને આજે પણ નથી. જ્યારે માણસના જીવન સાથે જોડાયેલી આ સારવાર પદ્ધતિ છે ત્યારે એ સારવાર પદ્ધતિ, વૈજ્ઞાનિક ઢબે તેની રચના થાય અને તેનું સંચાલન પણ તે રીતે થવું જોઈએ. આજે જે હોમિયોપેથિક કૉલેજો આટલા વર્ષોથી ચાલે છે પણ કેવી રીતે ચાલે છે તેની સૌએ આત્મખોજ કરવાની જરૂર છે. એ સંસ્થાઓ પાસે લૅબૉરૅટરી ન હોય, તેની પાસે લાયબ્રેરી ન હોય, તેની પાસે જે ટીચીંગ સ્ટાફ હોવો જોઈએ. એકેડેમીક સ્ટાફ હોવો જોઈએ એ ન હોય અને જે પદ્ધતિથી ભણાવવામાં આવે, એડમિશનની વાત હું નથી કરતો, કારણ કે એડમિશનમાં જે રીતે અત્યાર સુધી ચાલ્યું છે, હોમિયોપેથિક કૉલેજો એટલે સંચાલકો માટે કમાણી કરવાનું સાધન અને તેના કારણે આ જે શિક્ષણ પાછળ ધ્યાન અપાવું જોઈએ એ પૂરું અપાયું નથી. પ્રુવ થયેલી પથી છે અને તેમાંથી ભણેલા વિદ્યાર્થીઓ બહાર આવે, ગ્રૅજ્યુએટ થાય પછી એ એલોપથીની પ્રૅક્ટિસ કરે એટલા માટે એને પ્રોત્સાહન પણ આપવું જોઈએ. માનનીય નીમાબેન વાત કરતા હતા કે આમાં જે લોકોને કયાંય નોકરી નહોતી મળતી. હોમિયોપેથિક, આયુર્વેદિકના ગ્રૅજ્યુએટને, તેના એમ્પ્લોયમેન્ટના દરવાજા ખૂલ્યા છે. એટલા માટે કે રાજીવ ગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન છે તેણે ગ્રામ્ય વિસ્તારમાં ડૉકટરો મળે તેના માટેની ખૂબ મોટી જોગવાઈઓ કરી છે. આપણે ત્યાં એમ.બી.બી.એસ. ડૉક્ટરો નથી મળતા તેના કારણે હોમિયોપેથિક અને આયુર્વેદિક ડૉકટરોને આપણે ત્યાં મૂકીએ છીએ. હું એમ કહું છું કે તેમની અવેજીમાં એમ.બી.બી.એસ. ડૉકટર જેટલું નહીં તો પણ થોડુંક કામ થાય છે. વાત એટલી છે કે આ ડૉકટરો આયુર્વેદિકના હોય, એ એલોપથીના હોય, એ બન્ને ડૉકટરોએ જે તેમની પોતાની પથીની પ્રૅક્ટિસ કરવી જોઈએ અને તેના માટેની વ્યવસ્થા આપવી જોઈએ. મને એમ હતું કે જયનારાયણભાઈ વિધેયક લાવશે તો આખી હોમિયોપેથિકની એજ્યુકેશન સિસ્ટમ બદલી નાખે એ પ્રકારનું આયોજન કરીને આપણી પાસે આવશે. માત્ર સરકારના બે સભ્યો અને એમાંય જયનારાયણભાઈને તો એ અધિકાર મળવાનો નથી. એતો કોઈક કહેશે એ પ્રમાણે નિમવાના હશે. એના કરતાં આખું માળખું ચેન્જ કરી ક્રાંતિકારી સુધારા સાથેનું વિધેયક લઈને આવ્યા હોત તો સારું હતું. એના બદલે માત્ર ચાર સભ્યો હતા એના બદલે છ સભ્યો મૂકવા આટલો જ સુધારો લઈને આવ્યા છે અને એમાં આ ગૃહમાં આટલો સમય ચર્ચામાં કર્યો એના કરતાં વધારે સારો સમય આખી સિસ્ટમ સુધારવા માટે કરી શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આપે વાત કરી એ પ્રમાણે સ્કોપ બહુ મર્યાદિત છે. બીજું આ બિલમાં રિસર્ચનું સ્ટેજ થાય એ પણ જરૂરી હતું. પણ રિસર્ચ તો હજી આગળની વાત છે. એના પહેલાંથી પ્રક્રિયા છે એ એના શિક્ષણની છે. આપણા જે હોમિયોપેથિકના ગ્રેજયુએટો છે એ કોમ્પ્રેહેન્સીવ સ્ટડી કરતા હોવા જોઈએ. કારણ કે આપણે હોમિયોપેથિકમાં અબજો રૂપિયાનો ખર્ચ કરીએ છીએ અને ખર્ચ કર્યા પછી ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને એડમિશન આપીએ છીએ અને આપણા મનની અંદર સલામતીની ભાવના હોય છે. એમ.બી.બી.એસ.માં જે ભણે છે તેઓ ખૂબ જ મહેનત કરેલા હોય છે, આટલા બધા તબક્કામાંથી પસાર થયેલા હોય છે એટલે એની પાસે સારવાર લેવા જવામાં વાંધો નહીં. આજે હોમિયોપેથીક કોમ્પ્રેહેન્સીવ સ્ટડી માગે એવી પથી છે. વિશાળ ફેકલ્ટી અને વાંચનની ખૂબ જરૂર પડતી હોય છે, જ્ઞાનની જરૂર પડતી હોય છે એના બદલે અત્યારે તો એવું છે કે, કયાંય એડમિશન ન મળ્યું હોય એ હોમિયોપેથિકમાં લઈ લેવાનું એ પછી એમાં ભણાવવાની સિસ્ટમ એવી હોય કે, એ સડસડાટ નીકળતા જાય અને જયારે સોસાયટી પાસે ડોકટર આવે ત્યારે એ ડોકટર પાસે જે જ્ઞાન એલોપથીનું હોવું જોઈએ એના બદલે મેડિકલ રિપ્રેઝન્ટીવ એમ કહે કે ડોકટર આ દવાનું ચલણ ચાલે છે અને જે દવા આપે એ દવાનું ચલણ ચાલુ. આ સિસ્ટમ બધી જગ્યાએ ચાલે છે અને અને રોકતું અને એલોપેથિકની જગ્યાએ આયુર્વેદની કે યુનાની કે હોમિયોપેથિક આ ત્રણેય સિસ્ટમ મજબૂત થાય અને લોકો એના તરફ આકર્ષાય એ ખૂબ જરૂરી છે. આજે પણ આયુર્વેદિક તરફ લોકો આકર્ષાય છે. દેશના બીજા ભાગો કરતાં સારી વ્યવસ્થા આપણે ગોઠવી શક્યા છીએ. પણ આ પથીની અંદર આ સિસ્ટમ ગોઠવવી જરૂરી છે અને કોમ્પ્રેહેન્સીવ સ્ટડી થાય એ ખૂબ જરૂરી છે.

પણ કમનસીબે આ બિલ જે આવ્યું છે એમાં કોઈ સુધારો થાય એવી અપેક્ષા કોઈ જગ્યાએ નથી અને એટલા માટે માત્ર બે કલમોના સુધારા લઈને માનનીય જયનારાયણભાઈ આવ્યા છે એના બદલે આખી જે એલોપેથીની સિસ્ટમ છે એ સુધરે એ પ્રકારનું વિગતવાર બિલ લઈને આવે તો જ અમે એને આવકારીશું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હોમિયોપેથિક સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુખ્ય બે કલમોમાં સુધારા માટેનું વિધેયક લઈને આવ્યા છે. એમાં હમણાં ચર્ચા થઈ એ મુજબ કલમ-૧૭ અને તેની પેટા કલમ-૩ સુધારવાની છે. એની અંદર ફીની બાબત છે. આમ તો ફી બાબતે ૧૯૬૩ એટલે કે ૪૫ વર્ષ જેટલો સમય થયો છે એટલે ફી વધારવી જરૂરી છે. પણ કેટલી ફી વધારવી એનું ચોક્કસ માપ હોવું જોઈએ. કારણ કે, ઘણી વખત એવું બને છે કે, સ્પીરીટની લાયસન્સ ફીના રૂ.૫૦/- હતા અને એકદમ રૂ.૭૫૦/- અને રૂ.૧૦૦૦/- કરી દીધા. ચોક્કસ ધોરણ હોવું જરૂરી છે. આમ નક્કી થાય તો લોકોને ખ્યાલ આવે. બીજી બાબત સભ્યોની છે. એમાં ૧૯૬૩માં જયારે કાયદો બન્યો ત્યારે કદાચ સભ્યો નિમવા પડતા હશે, પરાણે લોકોને બોલાવવા પડતા હશે.તે વખતે કોઈ આવવા તૈયાર નહીં હોય. અને એટલા માટે ત્રણ સભ્યો નીમવા પડ્યા હશે અને ચાર સભ્યો નીમવાના થયા હશે. પણ હવે તો ડૉકટરો એટલા જાગૃત છે કે તમારે નીમવા કરતા જે ચૂંટાય એ બહુ જરૂરી છે કારણ કે લોકશાહીમાં દરેકને ચૂંટાવું પડતું હોય છે. અત્યારે ધારાસભ્યો બધા ચૂંટાઈને અહીં બેસે છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ અગિયારે અગિયાર સભ્યો જો ચૂંટાવાનું કરે, નોંધેલા સભ્યો તમામ સભ્યો તો ઘણું સારું એમાં થોડો સુધારો કરવામાં આવે. બીજું દરેક સભ્ય રજિસ્ટર થયેલો હોવો જોઈએ, જે હોમિયોપેથીકમાં હોય, એલોપથીમાં હોય, આર્યુર્વેદમાં હોય કે યુનાની સિસ્ટમમાં હોય, કોઈપણ પથીકમાં જે ગ્રેજયુએટ હોય એ તમામ સભ્યો જેવો ગ્રેજયુએટ થાય એટલે એનો રજીસ્ટર નંબર મળી જવો જોઈએ જેથી એ જ્યારે પ્રૅક્ટિસ કરવા જાય છે ત્યારે એ એના પ્રિસ્ક્રિપ્શન કે એના કોઈપણ સર્ટિફિકેટ આપતા હોય છે ત્યારે એમાં આ નંબર લખે તો કંઈ મુશ્કેલી ન થાય કારણ કે આવા આધુનિક સમયમાં આવી ઘણીબધી મુશ્કેલી થવાનો સંભવ છે ત્યારે કોઈપણ ડૉકટર કોઈપણ પથીકમાંથી જ્યારે ગ્રૅજ્યુએટ થાય છે ત્યારે રજીસ્ટર અવશ્ય થવો જરૂરી છે કારણ કે ભૂતકાળમાં ઘણા ગ્રામ્ય વિસ્તારના એવા ડૉકટરો હતા કે જે ગ્રૅજ્યુએટ થઈ જાય પણ એ નોંધાવે નહીં પોતાનું નામ અને આખી જિંદગી એમનેમ કાઢી નાંખે, આવું પણ બનતું હતું એટલે આમાં મારી ખાસ વિનંતી છે કે એક તો નોંધાવાનું અને બીજું અગિયારે અગિયાર સભ્યો ચૂંટાય એવું સરકારે કરવું જોઈએ કારણ કે પહેલાની જે પદ્ધતિમાં જે ચૂંટાયેલા સભ્યોની ગણતરી કરીએ તો સાત થાય છે. ચાર નોંધાયેલા અને ત્રણ સભ્યો જે બિન નોંધાયેલામાંથી એટલે સાત સભ્યો હતા અને ચાર આ એ રીતે અગિયાર સભ્યો થતા હતા. અત્યારે છ જે નોંધાયેલામાંથી છે અને પાંચ સરકાર નિયુકત કરે છે એના લીધે કોઈક મુદ્દા પર કોઈક વખત કંઈ મુશ્કેલી થાય ત્યારે તકલીફ પડે અને સરકારો તો બદલાતી રહેતી હોય છે. બીજું એનો જે પીરીયડ છે એ પીરીયડ પણ ફીકસ હોવો જોઈએ. પાંચ વર્ષનો છે એ સરકારો બદલાય તો બદલાઈ જવાનો છે કે પછી એમનેમ રહેવાનો છે એ પણ કોઈ ચોકકસ નક્કી નથી એટલે એ પણ મારે મંત્રીશ્રી ફીકસ કરે કે પાંચ વર્ષનો પીરીયડ સરકાર બદલાય તો પણ ચાલુ રહેવાનો છે એવું કંઈક જોગવાઈ કરે તો વધારે સારું આટલી મારી બે મુદ્દાની વાત છે.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હોમિયોપેથીક સુધારા વિધેયક ૨૦૦૮ પરની ચર્ચામાં આ ગૃહના જે સન્માનનીય સાથી સભ્યશ્રીઓ ડૉ. નીમાબેન આચાર્ય, માનનીય શકિતસિંહજી, માન. અર્જુનભાઈ, માન. અનિલભાઈ અને ડૉ. કળસરીયા સાહેબ એમણે ભાગ લીધો છે હું એમનો આભાર માનું છું. હું જ્યારે બહારથી આવ્યો, મારે તો રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી અહીંયા બીલ પરની ચર્ચા સાંભળવા અહીં હાજર હતા. કોઈપણ ચર્ચામાં ભાગ લીધો હોય તો એનો જવાબ અપાય, જે આક્ષેપો કર્યા છે એના વિશે જવાબ માનનીય મંત્રીશ્રી આપતા હોય તે સાંભળવા જે તે સભ્યશ્રીએ હાજર રહેવું જોઈએ એવો એક નિયમ છે. માન. અધ્યક્ષશ્રી, બંને સિનિયર સભ્યશ્રીઓ ... ...

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આવું કંઈ કંમ્પલ્ઝન નથી.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ તમે નહોતા, ગેરહાજર હતા. એમના પ્રશ્નનો જવાબ બહુ સાચો છે. કંમ્પલ્ઝન નહીં, આપણે ત્યાં પ્રણાલી છે કે આપણે જે પ્રશ્નો પેદા કર્યા એનો જવાબ સાંભળવો એ આપણી જવાબદારી છે. બાબુભાઈ આપ પણ એ વાતને જાણો જ છો.

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા એ મુદ્દાઓમાં હોમિયોપેથીકને લગતી જે સારી કામગીરી થઈ રહી છે એનાથી જો હું શરૂઆત કરું તો મને લાગે છે કે ઉચિત ગણાશે. હોમિયોપેથીકના ડૉકટરોની નિમણૂક અને એમને તક આપવા બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો. મારે આ સન્માનનીય ગૃહને ગૌરવ સાથે કહેવું છે કે ૧-૧-૨૦૦૮ થી ૩૧-૮-૨૦૦૮ સુધીમાં હોમિયોપેથીકના ૨૩૮ અને આર્યુર્વેદના ૬૦૭ ડૉકટરોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા છે. એટલે સરકાર હોમિયોપેથીકનો વિકાસ થાય

તેટલું જ નહીં પણ હોમિયોપેથીકના ડૉકટરો સરકારી દવાખાનાઓ થકી પણ જનતાને સેવા આપતા થાય તે માટે ગંભીરતાપૂર્વક કાર્યરત છે.

અને અમે એ દિશામાં કામ કરી રહ્યા છીએ. બીજો પ્રશ્ન ઉપસ્થિત થયો, ઘણા બધા મારા સાથી મિત્રોએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો, એમની ચિંતા છે કે સરકારે પાંચ સભ્યો કેમ રાખ્યા અને બાકીના ૬ સભ્યો ચૂંટાઈને કેમ આવવાના? બાકીના ચૂંટાઈને કેમ નહીં આવે? બહુ લાંબી ચર્ચાઓ થઈ. મારે એમને કહેવું છે કે આ ૧૯૬૩નો કાયદો છે. ૧૯૯૩થી આજ દિવસ સુધી હોમિયોપેથિક અંગે ક્યારેય પણ કોઈપણ પ્રકારના સુધારા લાવી શકાયા હોત. ચર્ચાઓમાં ભાગ લઈ શકાયો હોત. આરોગ્ય વિભાગની માગણીઓ ઉપરની ચર્ચામાં એનો ઉલ્લેખ કરી શકાયો હોત. અનેક મોકાઓ હતા. પરિસ્થિતિ જ્યારે એક ટેકનીકાલિટીના કારણે ઊભી થઈ છે. એક કેટેગરી છે કે જે કેટેગરી તમે હોમિયોપેથીમાં ડીગ્રી ધરાવતા હોય કે ન ધરાવતા હોવ, અમુક સમય સુધી તમે પ્રૅક્ટિસ કરતા હોય તો રજીસ્ટ્રેશન આપે અને અને તમે હોમિયોપેથીના ડૉકટરની એ કેટેગરીમાં એ વખતે શરૂઆત થઈ ત્યારે ૫૦૦ સભ્યો હતા. ત્યારે એ ઘટતા ઘટતા, હવે આ પદ્ધતિ નથી. હવે હોમિયોપેથીની ડીગ્રી હોય એને જ કાઉન્સિલ રજીસ્ટ્રેશન આપે છે. એટલે કાઉન્સિલની જે ૫૦૦ સભ્યોની કેટેગરી હતી એ ઘટીને ૨૧ થઈ ગયા છે. ૨૧ સભ્યો ૩ સભ્યોને ચૂંટે. પેલી કેટેગરી વધતી વધતી ૧૦ હજાર ઉપર પહોંચી ગઈ. એ લોકો પણ ૪ સભ્યો ચૂંટીને અને બાકીના ૪ રાજ્ય સરકાર નિયુક્ત કરે એવું જુના કાયદામાં હતું. આ પરિસ્થિતિમાં આપણે બદલવાનું શું આવ્યું? બદલવાનું આવે એ પહેલા ૨૧ સભ્યોની કેટેગરી છે એને આપણે રજીસ્ટર્ડ કેટેગરી સાથે મર્જ કરીએ છીએ. ૧૦૨૨૦ કરતાં વધારે રજીસ્ટર્ડ કેટેગરીમાં જે સભ્યો છે તેની સાથે આ ૨૧ને મર્જ કરીએ છીએ. તો એમાંથી જે ૩ સભ્યો ચૂંટવાના થાય છે એ કોને આપવા? ત્રણમાંથી એક રાજ્ય સરકારના ૪ હતા એના ૫ કર્યા અને પેલા પણ ૪ હતા એના ૬ કર્યા. તો રાજ્ય સરકારના સભ્યોમાં એકનો આપણે વધારો કર્યો. ચૂંટાયેલા સભ્યોમાં ૨ નો વધારો કર્યો. Proportionately it is ૩૩:૬૬% distribution, I do not understand why, what is the quarrel with the number of elected representatives and the council as if the council is going to be handled by the government. I think there is no reason to believe that. એ ૫ સભ્યો સરકાર નિયુક્ત છે અને ૬ સભ્યો ચૂંટાયેલા છે. કાઉન્સિલ સંપૂર્ણપણે લોકશાહી પદ્ધતિ પ્રમાણે ચાલે એ માટેની પૂરી ખાતરી અને પૂરી દરકાર સરકારે રાખી છે. સરકારો કાયમ નથી, સરકારો આવે-જાય છે. આ જે અવલોકનો છે એ અવલોકનો ઉપર જ આધાર રાખીએ તો તમને આશા હોવી જોઈએ કે આજે નહિ તો કાલે ગુજરાતની પ્રજાએ કંઈક અમારા ઉપર ચુકાદો પસાર કર્યો છે એમાં કાંઈક ગુજરાતની પ્રજાના મનમાં ફેરફાર થશે, શક્યતા ઓછી છે. પણ એના બદલે એવું માનીને ચાલે છે. I accept those compliments of Opposition that they confirm આ જ સરકાર રહેવાની છે અને આ જ લોકો બેસવાના છે અને એટલે આ જ તકલીફો રહેવાની છે. આ નિરાશાજનક ઉચ્ચારણો (અંતરાય) માનનીય શક્તિસિંહજી વ્યક્તિ હારે કે જીતે એ અગત્યનું નથી. આપને ત્યાં પદ્ધતિ એવી છે કે વ્યક્તિલક્ષી નિમણૂંકો દિલ્હીથી નક્કી થાય છે. અમારે ત્યાં જુદી પદ્ધતિ છે. પ્રજાનો ચુકાદો જે આવે તે પ્રજાનો ચુકાદો મેળવીને આપણે બધા આવ્યા છીએ અને પ્રજા જે કહે તે કરવું એવું હું સામાન્ય રીતે સમજું છું. I am happy to place on the records of the Honourable House કે ગુજરાતની પ્રજા, હું ચૂંટાયેલો હોઉ કે ન હોઉ, મને પ્રજા જયનારાયણ વ્યાસ તરીકે સ્વીકારે છે. I am proud of being one of them આ નિરાશા શાના માટે એટલો બધો આપણે આશાવાદ હોય તો? વાત બીજી છે. મારે માનનીય અર્જુનભાઈએ બે મુદ્દા કહ્યા. સભ્ય કોઈ કહે તે પ્રમાણે નીમવાના નથી. અર્જુનભાઈ હાજર નથી. મારે એમને કહેવું હતું કે સભ્યો રજીસ્ટર્ડ ગ્રૅજ્યુએટ constituency છે એમાંથી ૬ ચૂંટવાના છે. રાજ્ય સરકારે જે નીમવાના છે એ એક પદ્ધતિ હોય છે. એના ધારાધોરણો હોય છે.અને આ બધી નિમણૂકો અધ્ધરતાલ નથી થતી એની એક પ્રોસેસ છે, પણ સુધારાઓ રાજ્ય સરકારે હોમિયોપેથીના શિક્ષણમાં કરવા જોઈએ એ વાત જે માનનીય અર્જુનભાઈએ કહી મને લાગે છે કે થોડીક ક્યાંક ગેરસમજ થાય છે. કારણ કે આ કામ હોમિયોપેથીની કાઉન્સિલ છે એણે કરવાનું હોય છે, એના અભ્યાસક્રમો નક્કી કરવા, એના અભ્યાસક્રમો ઉપર સુપરવિઝન રાખવું. કોઈ પણ પદવી, ડિપ્લોમા પ્રમાણપત્ર અથવા એવોર્ડને એને પહેલી અનુસૂચિમાં સમાવિષ્ટ કરવાની ભલામણ કરવી. કોઈ પણ પદવી, ડિપ્લોમા પ્રમાણપત્ર અથવા એવોર્ડને પહેલી અનુસૂચિમાંથી કાઢી નાખવા, એ સિવાય પાઠ્યપુસ્તકો તૈયાર કરવા, પ્રસિદ્ધ કરવા, ઠરાવવા, હોમિયોપેથી પદ્ધતિના વ્યવસાય માટે નિપૂણતાના પૂરતા ધોરણો જાળવવા માટે જોગવાઈ કરવી. આ બધું કામ કાઉન્સિલનું છે. The council supervises all these activities. Why the government is being suggested that I do not understand. તો મને લાગે છે કે ક્યાંક ગેરસમજ પ્રવર્તે છે. કાઉન્સિલ એ સ્વાયત સંસ્થા છે. કાઉન્સિલ એ professionally managed સંસ્થા છે. કાઉન્સિલના પોતાના ધારાધોરણો હોય છે. કાઉન્સિલ એ પ્રમાણે પોતાના વ્યવસાયને લગતી બાબતો નિર્ણિત કરવા માટે સક્ષમ છે. એટલે આ ચિંતા માનનીય સભ્યશ્રી કરે છે એમાં ચિંતા કરવાની જરૂરિયાત દેખાતી નથી એ વાત આ બાબતો પરથી ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વારંવાર ચિંતા કરવામાં આવી છે કે સરકાર બધા અધિકારો ગૃહના લઈ લેવા માગે છે. નાણાકીય વ્યવસ્થા, નાણાકીય કાબૂ સરકારના હાથમાં રહેવો જોઈએ એ ચિંતા સકારણ છે. ગૃહના હાથમાં નાણાકીય બાબતો અંગેનો કાબૂ રહેવો જોઈએ પણ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા તો કાબેલ લોયર છે, ધારાશાસ્ત્રી છે અને તેઓશ્રી જાણે છે. As you have time and again complimented him he is one of the persons who is credited with best parliamentary practices also in the House તો સાહેબ એમને એવી કેમ ખબર ના હોય આની મનમાની ફી નક્કી થાય છે એ અસ્થાને છે. કારણ કે આ ફી તો કાયદો થાય પછી નિયમો નક્કી થાય છે અને ફી નિયમોથી નક્કી કરવાની છે. So the issue of deciding and leaving the matter to the State Government under the Act does not give absolute power to the State Government કારણ કે એની પદ્ધતિ એ છે કે આમાં જ્યારે કાંઈ વધારો કરવાનો થાય ત્યારે એનું જાહેરનામું બહાર પાડવું પડે, એના વિષે વાંધાઓ મંગાવવા પડે, એનું hearing કરવું પડે એ પછી આખીય પ્રોસેસના અંતે જે નિયમોમાં સુધારો કર્યો હોય એ પ્રમાણે કરવું પડે. હવે સાહેબ, જો બિલમાં ફી નક્કી કરી દઈએ તો પરિસ્થિતિ એવી ઊભી થાય કે આજે ૨૫ના ૨૫૦ કરીએ પછી ૨૫૧ કરવા હોય તો પાછા ગૃહ પાસે આવવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને પૂછવું છે કે ૫, ૧૦, ૨૫ રૂપિયા વધારવા માટે થઈને આ સન્માનનીય ગૃહનો સમય વારે ઘડીએ એમની પાસેથી સમય માગવો એ ઉચિત છે ખરું? અને એટલા માટે અમે આ જોગવાઈ સરકારશ્રીને અધિકાર આપ્યા છે અને સરકારશ્રી એના નિયમો ઘડશે. નિયમો મુજબ ફી નક્કી કરવા માટેના જે ધારાધોરણો છે એમાં જાહેરનામું બહાર પડે એના વાંધા અને સૂચનો પૂર્વપ્રસિદ્ધ થાય એવી મૂળ એકટમાં જોગવાઈ છે અને એથી ફી મનમાની રીતે સરકાર વધારી નાખશે એમાં કોઈ અને એ શંકાથી ગભરાવવાનું કારણ નથી એની સાથે સાથે આ જે પદ્ધતિ છે હોમિયોપેથી કોલેજો સુસજ્જ હોવી જોઈએ, લોકશાહી પદ્ધતિને અનુરૂપ હોવી જોઈએ અને માનનીય જોષીયારાજીએ જે વાત કરી કે આ બધાજ રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ હોવા જોઈએ. અત્યારે કોઈ પણ વિષયનો અભ્યાસ માત્ર એ વિષય પૂરતો મર્યાદિત રહ્યો નથી. આજે માનનીય સભ્યશ્રી તો જાતે ડૉકટર છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સાદો દાખલો એમની જાણ માટે આપવા માગું છું કે જ્યારે એન્જિયોગ્રાફી કરવાની હોય ત્યારે ફ્યુમોરામાંથી જ્યારે ડૉકટર પેશન્ટના શરીરમાં પ્રવેશ કરે છે. He is navigating through blood vessels એ hydrology સાથે ડીલ કરે છે. પછી એ બ્લોક હોય છે ત્યાં જાય છે, કેમેરા ખોલે છે He deals with optics. પછી ત્યાંથી બલૂન ફુલાવે છે He deals with physics. ત્યાં એ સ્ટેન્ડ પ્લાન્ટ કરે છે He deals with material science. એ સ્ટેન્ડ કેમીકલી કોટેડ છે He deals with chemistry. અને પછી આપ જે પેશન્ટને ડાઈ ઈન્જેકટ કરો છો અને ડાઈ એને યુરીનેટ કરવા માટે જ્યુસને એ બધું જથ્થાબંધ પીવરાવો છો He deals with physical chemistry. No science today is going to remain a single discipline or unifocused science and therefore as such, there is a necessity of experts of relative field there is also necessity of the people who are from other discipline, cross discipline, who can bring that knowledge to the discipline concerned. અને એટલા માટે હું તો એવું માનું છું સાહેબ કે આ એલોપથી, નેચરોપથી, હોમિયોપથી જે કોઈ પથી છે એ બધી પથીને ભેગી કરીને આપણે તો સીમ્પથીમાં કન્વર્ટ કરવાની છે કે જેથી પેશન્ટનું ભલું થાય. આ કારણસર જુદાજુદા ક્ષેત્રના નિષ્ણાતો કાઉન્સિલના સભ્યપદે હોય તો એ ઉપકારક છે. આ કોઈ સરકારનો ઈરાદો નથી પોતે બધી સત્તાઓ લઈ લેવાનો. માનનીય શકિતસિંહજીને હું આપના થકી વિશ્વાસ અપાવવા માગું છું કે કારણકે ફી સર, fee does not come to the government. It is a fund which is managed by the council. It has nothing to do as far as the consolidated fund of the government is concerned. એટલે એવો તો કોઈ ઈરાદો નથી અને સત્તા અધિકારો તો સાહેબ, કોને લઈ લીધા કહેવાય, ૨૬ જુન, ૧૯૭૫ના દિવસે જે સત્તા અને અધિકારો લઈ લીધા હતાને સાહેબ, એને સત્તા અને અધિકારો લઈ લીધા કહેવાય. ફી નકકી કરવાની નાની અમથી વાતને સત્તા અને અધિકારો લઈ લીધા ન કહેવાય એટલે જે વાત છે એ એક સરળ વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે આ સન્માનનીય ગૃહ સમક્ષ અમે આ સુધારા લઈ આવ્યા છીએ. માનનીય સભ્યશ્રીઓએ એક વાતમાં તો સંપૂર્ણ લાગણી વ્યકત કરી છે કે ૧૯૬૩નો આ કાયદો છે એમાં સુધારાને અવકાશ છે અને જરૂર જણાય તો અમારા વિભાગની ચર્ચા આવે ત્યારે પણ આને લગતા કોઈપણ સૂચનો હશે અને એ સિવાય પણ અમે તો માનનીય ધારાસભ્યશ્રીઓ કયારેય પણ અમારે ત્યાં આવે તો એવો નિયમ રાખ્યો નથી કે આ વિધાનસભામાં જ કહો અથવા તો પ્રશ્નોત્તરીમાં જ પૂછો. હું હંમેશા એમ કહું છું કે હું ૧૮૨ સભ્યોનો પ્રતિનિધિ છું. જયારે જયારે મારી પાસે સૂચનો આવે, આપનું કોઈપણ સૂચન હોય I am always willing, I am open and I shall be very happy to consider it, sir. આ એક નાની વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે અમે આ સુધારો લઈ આવ્યા છીએ. સન્માનનીય ગૃહ એને મંજૂરી આપે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**વિધેયકના પહેલા વાંચનનો પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૨નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ-૨ અને ૩, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૨નું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૧
# ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક,૨૦૦૮

### ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા બાબત વિધેયક

**જયનારાયણ વ્યાસ શ્રી ( બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૮નું ગુજરાત મેરીટાઈમ બોર્ડ(સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૮નું ગુજરાત મેરીટાઈમ બોર્ડ(સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ ૧૯૮૧ની કલમ-૨૨ (ક) ની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ રાજય સરકાર દ્વારા ગુજરાત રાજયમાં નાના બંદરો ઉપર હેરફેર થતા જહાજી માલ ઉપર પ્રતિ ટનના આધારે વોટરફ્રન્ટ રૉયલ્ટી રાજય સરકાર નિર્દિષ્ટ કરે તેવા દરે ગુજરાત મેરીટાઈમ બોર્ડ પાસેથી લેવામાં આવે છે. વોટરફ્રન્ટના ઉપયોગ માટે લેવાપાત્ર રાજય ચાર્જ સીધેસીધા જમા કરવાની બાબત સુનિશ્ચિત કરવા માટે વિધમાન વ્યવસ્થાની સમીક્ષા કરવાનું અને સદરહું અધિનિયમની વિદ્યમાન જોગવાઈઓ પ્રમાણે હાલની પદ્ધતિને બદલે વોટર ફ્રન્ટ રોયલ્ટી ઉપરાંત નાના બંદરો ઉપર ઉતારવા અને ચડાવવા માટેનો ચાર્જ લાઇસન્સ ફી, વોટરફ્રન્ટ, દરિયાકાંઠા ફી, લાઈટરેજ ચાર્જ (માલ હોડી ભાડા) જેવા રાજય ચાર્જ લેવાનું જરૂરી જણાયું છે. આ હેતુ માટે ચાલુ નાણાકીય વર્ષના આરંભથી એટલે કે તા. ૧લી એપ્રિલ ૨૦૦૮ થી અમલમાં આવે તે રીતે સદરહું અધિનિયમની કલમ-૨૨(ક) ની વિદ્યમાન જોગવાઈ બદલવા ધાર્યુ છે. આ જોગવાઈ બદલવાનું એટલા માટે જરૂરી બન્યું છે કે રાજયમાં જે નાના બંદરો છે અને એ નાના બંદરો એ ગુજરાત રાજયના નિયંત્રણ અને વિકાસ માટે જે ગુજરાત મેરીટાઈમ બોર્ડની રચના ૨ એપ્રિલ ૧૯૮૨ થી ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનયમ ૧૯૮૧ હેઠળ કરી છે એ આનું સંચાલન કરે છે. રાજય સરકારની ડિસેમ્બર ૧૯૯૫માં જાહેર થયેલ બંદર નીતિ અન્વયે ખાનગી નિકાસકારો સાથેના સંયુકત સાહસથી બોર્ડ અને ખાનગી બંદરો વિગેરેનો વિકાસ થયો છે અને એમાં સદંતર અને ઉત્તરોત્તર વધારો થતો રહે છે. હું ૧૯૮૨-૮૩ દરમ્યાન આ બંદરોએથી ૩૨ લાખ ટન જેટલા માલનું વહન થતું હતું, જે વધીને ૨૦૦૭-૦૮ દરમ્યાન ૧૪૭૬ લાખ ટન સુધી પહોંચ્યું છે. દેશના નાના બંદરો ઉપરનો જે કુલ ટ્રાફિક છે, એનો ૭૫ ટકા જેટલો ફાળો ગુજરાત રાજયના નાના બંદરોનો રહ્યો છે. એની સાથે સાથે બોર્ડની સ્થાપના સમયે ૧૯૮૨-૮૩ માં જે કુલ આવક ૧૧.૬૨ કરોડ હતી તે વધીને ૨૦૭-૦૮ માં ૪૭૮ કરોડ થઈ છે. રાજય સરકારશ્રીની નીતિ અંતર્ગત બોર્ડ દ્વારા રાજયના તમામ નાના બંદરોના વિકાસની કામગીરી હાથ ધરાયેલ છે અને બોર્ડની કુલ આવકમાં રાજય સરકારશ્રીનો ૨૦ ટકા હિસ્સો રાખવાનો નિર્ણય ડિસેમ્બર-૨૦૦૨માં લેવામાં અવેલ, ત્યારબાદ આ હિસ્સો વધારીને ૩૦ ટકા કરાયો. આવકવેરા વિભાગ દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડને લોકલ ઓથોરિટી ગણીને બોર્ડની તમામ આવક કરમુકત ગણવામાં આવતી હતી, પરંતુ ફાઈનાન્સ એકટ-૨૦૦૨ માં સુધારો થતા લોકલ ઓથોરિટીની નવી વ્યાખ્યામાં બોર્ડનો સમાવેશ ન થયો અને ૧-૪-૨૦૦૨ થી બોર્ડની તમામ આવક કરપાત્ર બની. ૧-૪-૨૦૦૨ થી બોર્ડની આવકવેરાની મોટી જવાબદારી ઊભી થઈ અને એના કારણે બોર્ડની તમામ આવકોનો રાજયના નાના બંદરોના વિકાસ કાર્યમાં ઉપયોગ થતો હોય, બોર્ડની આવકને કરમુકત કરવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી. બોર્ડ દ્વારા રાજય સરકારશ્રીને આવકના હિસ્સા પેટેની રકમના બદલે વોટરફ્રન્ટ રૉયલ્ટી તરીકે બોર્ડ દ્વારા વધુ રકમ ચુકવવા અને ખર્ચ તરીકે મજરે મળે તે

---

* વિધેયક તા.૨૯મી ઓગસ્ટ ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હેતુથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ ૧૯૮૧ માં કલમ-૨૨(૧) નીચે સુધારો કરવામાં આવ્યો અને માર્ચ-૨૦૦૫ માં એનું જાહેર હુકમનામું થયું. તદનુસાર ગુજરાત સરકારને બોર્ડને મળતી કુલ આવકમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૬-૦૭ સુધીમાં ૬૭૦.૫૮ કરોડની રકમ સરકારશ્રીના હિસ્સા અથવા વોટરફ્રન્ટ રૉયલ્ટી તરીકે ચુકવવામાં આવી. બોર્ડની તમામ આવકો પૈકી રાજયની સાર્વભૌમ પ્રકારની આવક રાજય સરકારની તિજોરીમાં સીધી જમા કરાવવાની કાયદાકીય વ્યવસ્થા ઊભી થાય તો તેમાં એના ઉપર લાગતો વેરો ભરવો ન પડે, કારણ કે જે રીતે ૨૦૦૨ માં જે પરિસ્થિતિ ઊભી થઈ.માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે ૧-૪-૦૮થી જયારે નવું ફાઈનાન્સ બિલ અસ્તિત્વમાં આવ્યું અને કેન્દ્ર સરકારે નવું નાણાંકીય અંદાજપત્ર રજૂ કર્યુ તેના ભાગરૂપે જે જોગવાઈઓ આવી તેના કારણે જે આવક ગુજરાત મેરીટાઈમ બોર્ડ પાસે થાય તે આવક વળી પાછી કરપાત્ર બને તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આના કારણે આ પ્રકારનો સુધારો આજે જરૂરી બન્યો છે. જેથી રાજય સરકારની તિજોરીમાં આવક સીધેસીધી જમા થાય અને તેનો ઉપયોગ આવનારા સમયમાં નાના બંદરોના વિકાસ માટે અને ત્યાં આંતર માળખાકીય સવલતો માટે કરી શકાય. આ સમગ્ર બાબત હું એવું માનું છું કે ગુજરાત રાજયના હિત સાથે જોડાયેલ કોઈપણ વ્યકિત આ બાબત સાથે અસંમત થવાનું નહીં મુનાસિફ માને. એટલા માટે રાજય સરકારને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાત દેશના અગ્રીમ ઔદ્યોગિક અને વ્યાવસાયિક કે વ્યાપારી રાજયોમાંનું એક રાજય છે અને તેના પરિણામે જે ઔદ્યોગિક અને વ્યાપારિક પ્રવૃત્તિ આ રાજયમાં ચાલે છે તેના કારણે ગુજરાત દેશમાં જે કરવેરા વસૂલ થાય છે, તે કરવેરા ભરવાવાળું એક અગ્રીમ રાજય છે અને તે કરવેરાની આવક સતત ભારત સરકારની તિજોરીમાં વધુને વધુ ઠલવાતી જાય છે. આ સન્માનનીય ગૃહની જાણ ખાતર હું કેટલીક વિગતો રેકર્ડ પર મૂકવા માગું છું. જે કેન્દ્રીય વેરાઓ છે, કોર્પોરેટ ટેક્સ છે, આવકવેરો છે, કસ્ટમ ડ્યૂટી છે, એકસાઈઝ ડયુટી છે, વેલ્થ ટેકસ, ગીફ્ટ ટેકસ અને એફટીટી અને સર્વિસ ટેકસ છે આ વેરાઓમાં ૨૦૦૩-૦૪ દરમ્યાન ગુજરાતમાંથી કેન્દ્ર સરકારને આ વેરાઓને કારણે ૨૪૩૬૭.૪૩ કરોડ રૂપિયાની આવક થઈ. ૨૪૩૬૭.૪૩ કરોડ ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૨૯૪૮૯.૫૬ કરોડ રૂપિયાની આવક થઈ, ૨૦૦૫-૦૬માં ૩૫૭૪૯.૬૯ કરોડની આવક થઈ. ૨૦૦૬-૦૭માં ૩૯૬૪૮.૭૭ કરોડ રૂપિયાની આવક થઈ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૪૫૨૧૧.૬૦ કરોડ રૂપિયાની આવક થઈ. આમ છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ હજાર કરોડમાંથી વધીને ૪૫ હજાર કરોડ કરતાં વધારે એટલે કેન્દ્રીય વેરાઓની આવકમાં આ રાજયમાંથી જે આવક કેન્દ્રીય વેરાઓના કારણે થાય છે તેમાં બમણો વધારો અથવા તો રકમની દ્રષ્ટિએ કહીએ તો ૨૧ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધારો છેલ્લા પાંચ વર્ષમાં થયો છે. તેની સામે રાજય સરકારને મળે છે કેટલા પૈસા? ૨૦૦૫-૦૬માં જે કેન્દ્રીય કરવેરામાં રાજયનો હિસ્સો હતો તે ૩૩૭૨.૯૦ કરોડ હતો, ૨૦૦૬-૦૭ માં ૪૪૨૫.૮૩ કરોડ અને ૨૦૦૭-૦૮માં ૫૪૨૬.૬૪ કરોડ હતો. ૧૨મા નાણાપંચ મુજબ રાજયને મળેલ ગ્રાન્ટની વાત કરીએ તો ૨૦૦૫-૦૬માં ૩૬૨.૪૦ કરોડ, ૨૦૦૬-૦૭માં ૬૭૪.૦૭ કરોડ, ૨૦૦૭-૦૮માં ૮૪૦.૬૮ કરોડ આ એક વ્યવસ્થા છે અને આ સન્માનનીય ગૃહમાં કેન્દ્ર સરકાર અને કેન્દ્ર સરકાર આધારિત બાબતો પર ટીકા ટિપ્પણ કરવા માગતો નથી. પણ આ જે આંકડા મેં આપ્યા તે ૪૫ હજાર કરોડ રૂપિયા વેરા રૂપે રાજય બહાર જાય અને તેની સામે ચાર હજાર કરોડ કે પાંચ હજાર કરોડ જેટલી રકમ રાજયમાં આવતી હોય ત્યારે રાજયનો વિકાસ જાળવી રાખવો હોય તો રાજયની આંતર માળખાકીય સવલતો પાછળ જે રોકાણ જરૂરી બને છે તે રોકાણ કરવું હોય તો રાજય સરકારે રાજયમાંથી જે કઈ શકય હોય તે પાઈ પૈસો બચે અને તેને રાજયના આંતર માળખાકીય વિકાસમાં વપરાય તે જોવું પડશે. સન્માનનીય ગૃહને કહેવા માગું છું કે કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અને તેનો લગભગ ૩૯ ટકા ભાગ ગુજરાતમાંથી પસાર થાય છે માટે ગુજરાતના વિકાસ પર બહુ મોટી અસર પડવાની છે તેના કારણે પણ બંદરીય વિકાસ અને બંદરો સાથે જોડાયેલ ઈન્ફ્રાસ્ટ્રકચર ફૅસીલીટી અથવા આંતર માળખાકીય સવલતો વિકસાવવી પડશે અને આ બંદરીય વિકાસ અને તેની સાથે જોડાયેલ આંતર માળખાકીય સવલતો વિકસાવવી હોય તો જે નાણાં કરવેરા રૂપે બંદરોની આવકના કેન્દ્ર સરકાર પાસે જવાના હોય તેને રાજય સરકાર રાજય સરકાર દ્વારા કોઈ કર નાંખીને પોતાની તિજોરીમાં લઈ આવે તો સરવાળે એ નાણાંનો ઉપયોગ રાજયના વિકાસ માટે કરી શકાય એવો વિશાળ હેતુ આ જે સમગ્ર અધિનિયમ જે સૂચવ્યો છે તે સમગ્ર અધિનિયમનો હાર્દ આ કેન્દ્રવર્તી વિચાર છે, અને સમગ્ર અધિનિયમનો હાર્દ આ છે ત્યારે હું એમ માનું છું કે જેને ગુજરાતના વિકાસમાં રસ છે, જે કોઈ ગુજરાતનો વિકાસ થવો જોઈએ એ દિશામાં કંઈક કરવા માગે છે, જે કોઈ એમ માને છે કે આ વિકાસની પ્રક્રિયા એ નિરંતર ચાલતી અને સાતત્યપૂર્ણ પ્રક્રિયા છે ત્યારે આજે if we do not want the future generations to blame us we will have to act in the overall and wider interest of the State. Therefore the kind of modification that is suggested by this special dispensation is to help the development of the infrastructure in the State without making much of it to go by way of taxes legitimately and thereby making it available to the consolidated fund of the State to be used for the infrastructure development.

માનનીય અધ્યક્ષશ્રી, આ હાર્દ સાથે આ અધિનિયમને જો જોવામાં આવે તો હું માનું છું કે, આ પક્ષ કે તે પક્ષ એ અગત્યનો નથી. ગુજરાત, આવતી કાલનું ગુજરાત, આવતીકાલના ગુજરાતનું હિત, આવતીકાલના ગુજરાતની જરૂરિયાત, આવતી કાલના ગુજરાત માટેની આંતરમાળખાકીય સવલતોની જરૂરિયાત અને આવતીકાલના ગુજરાતને લક્ષમાં રાખીને જે આયોજન કરવાની જરૂરિયાત છે, એ આ સન્માનનીય સભાગૃહના માટે સૌથી વિષય અગત્યની અને જે કારણે આપણે લોકપ્રતિનિધિ તરીકે અહીંયાં બેસીએ છીએ તેની મહત્ત્વની જવાબદારી આપણે માથે નાખવામાં આવેલી જવાબદારી તરીકેની છે ત્યારે આ સંજોગોમાં આ સમગ્ર સુધારાને આ સન્માનનીય ગૃહ સ્વીકારે અને એના હાર્દ સાથે સહમત થઈ રાજયની વિકાસની પ્રક્રિયામાં આગળ વધવા માટેની આ વાત છે, એને મંજૂરી આપે એવી વિનંતી સાથે હું આ બિલ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં એવું કહેવાય છે કે, અભણ માણસ ખોટું કરે તો પકડાય, પણ ભણેલો એવું કલેવર કરીને કરે માનનીય અધ્યક્ષશ્રી, કે ચાર્લ્સ શોભરાજ જેવા કે બીજા એવા લોકો કરતા હોય છે એને પકડવા પણ મુશ્કેલ પડે, માનનીય મંત્રીશ્રીની કાબેલિયતને હું બિરદાવું છું. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જે રીતે આવ્યું છે, એનાથી બંદરોના વિકાસ પર નકારાત્મક, સમુદ્રના દરિયા કિનારાના ૧૬૪૦ કિલોમીટરના વિસ્તારમાં ભયંકર નકારાત્મક અસરો ઊભી થવાની છે. આ સુધારાને સામાન્ય સુધારો નહીં કહી શકીએ, આ સુધારો એ આવતા દિવસોમાં મૅરી ટાઈમ બોર્ડને અને દરિયાઈ પટ્ટીના વિકાસને ખાઈ જનારો સુધારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૩માં શ્રી એચ.એમ.ત્રિવેદીના અધ્યક્ષપણા નીચે એક ઉચ્ચ સ્તરીય કમિટી બની હતી. અને એ ઉચ્ચ સ્તરીય કમિટીએ ખૂબ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો, અને અભ્યાસ કર્યા પછી રાજય સરકારને રિપૉર્ટ સબમીટ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, મને ખૂબ આનંદ છે, કે એ કમિટીની ભલામણોને અનુરૂપ મૅરી ટાઈમ બોર્ડની રચના માટેનું મુખ્ય વિધેયક જ્યારે આ સભાગૃહમાં આવ્યું. મુખ્ય વિધેયક જ્યારે આ સભાગૃહમાં આવ્યું ત્યારે બંને પક્ષેથી સ્વર્ગસ્થ ચીમનભાઈ પટેલ આ બાજુ બેસતા હતા, સ્વર્ગસ્થ વિજયદાસ મહંત બિલ લઈને આવ્યા ત્યારે બંને પક્ષના સભ્યોએ આ બિલને આવકાર્યું છે કે, આ મેરીટાઈમ બોર્ડનું બિલ તમે લઈને આવ્યા છો, એ વખતના માનનીય સભ્યશ્રી ચીમનભાઈ પટેલ આ બાજુના હોય કે માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટ આ બાજુ હોય એમણે એ વાત કરી હતી. કારણ કે, એ સમયે આવેલા બિલમાં જે મેરીટાઈમ બોર્ડને આવક થાય એ બોર્ડ પાસે રહે અને બોર્ડ એ વિકાસ માટે પૈસા વાપરે અને એના કારણે આપણી પાસે ૧૬૪૦ નહીં પણ ૧૬૬૦ કી.મી. કહી શકાય એવો આપણી પાસે દરિયા કાંઠો છે. સમગ્ર દેશના ત્રીજા ભાગનો દરિયા કાંઠો આપણી પાસે છે એનું ગૌરવ લઈ શકાય એવી પરિસ્થિતિ છે ત્યારે એનો વિકાસ વધારેમાં વધારે સારી રીતે થવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે ગૃહના સભ્યશ્રીઓએ ભાવનાઓ સેવી હતી એમાંથી ઘણાં અંશે જો ફળીભૂત થઈ હોય તેનો યશ કોઈને જતો હોય તો એ કે મેરીટાઈમ બોર્ડ પાસે થયેલી આવક દરિયા કાંઠાના વિકાસ માટે વપરાય નાના બંદરોના વિકાસ પાછળ વપરાય. અલંગ શીપ બ્રેકીંગ યાર્ડને એશિયાનું લાર્જેસ્ટ શીપ બ્રેકીંગ યાર્ડ બનાવવાનો યશ મળી શકે એવી પરિસ્થિતિ નિમાર્ણય થઈ એ પછી ધીમે ધીમે પરિવર્તનો આવતા ગયા અને માનનીય અધ્યક્ષશ્રી, આંકડાઓ હું જોતો હતો. I am not going out of the scope of the Bill. કે આવકની બાબતની વાત છે, આવક સરકાર લઈ લેવા માગે છે મેરીટાઈમ બોર્ડની સો ટકા એ વિષય ઉપર હું કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, સુદ્રઢ વહીવટ કોને કહેવાય કે તમે પૈસાને યોગ્ય રીતે વાપરો. એક ગરીબના ઝૂંપડામાં બેઠેલાને જો ફાયદાકારક કંઈ કામ કરી શકું તો મારો વહીવટ સારો. હું મારી પબ્લિસિટી પાછળ કરોડો વાપરું અને ભ્રામક હવા ઉભી કરું વિકાસની તો એ વાજબી ખર્ચ નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬-૯૭માં જે નફો થયો એ ૧,૧૯,૭૧૦.૪૨ લાખ રૂપિયાનો મેરીટાઈમ બોર્ડને નફો થયો પરંપરા ચાલી આવતી હતી સારા વહીવટની. ૨૦૦૬-૦૭માં શું થયું? માનનીય અધ્યક્ષશ્રી, આવક વધી મેરીટાઈમ બોર્ડની આવક ૧,૨૫,૪૪૪.૪૫ લાખ રૂપિયા જે ૧૯૯૬-૯૭માં હતા એ આવકમાં વધારો થઈને ઘણો મોટો આંકડો આવ્યો પણ ગેરવહીવટ ચાલતા હતા વિકાસની સાથે વિકાસશીલ દેશમાં માણસ સામાન્ય માણસ કમાતો હતો એમાંય આવકમાં વધારો થાય પરંતુ મેરીટાઈમ બોર્ડમાં જે નફો છે એ ૧૪,૨૪૫.૦૪ લાખ રૂપિયાનો છે. રાજય સરકાર શું કરવા માગે છે? રાજય સરકાર જે જાહેર સાહસો છે એ જાહેર સાહસોને પ્રજાકીય ઉપયોગમાં વધુ કાર્યક્ષમ બનાવવાના બદલે એની આવક પર હવે નજર મંડાય છે કે ચાલો આ બોર્ડ છે એની આવક સારી છે તો હવે એ અમે લઈ લઈશું. સો ટકા ગુજરાત મેરીટાઈમ બોર્ડનો આવકનો હિસ્સો રાજય સરકાર લઈ લેવા માગે છે આ એનું સુધારા વિધેયક છે. શબ્દોની સજાવટ કરીને જવાબોમાં રાજકીય વાતોની અપેક્ષા ન હોય એવા મંત્રીશ્રીઓમાં પણ વાયરસ આવે એ સમજી શકાય પણ ક્યાંક ન હોય એવું હું ઈચ્છું. માનનીય અધ્યક્ષશ્રી, મેરીટાઈમ બોર્ડને આપણે નિયંત્રિત ન કરી શકીએ? આપણે એને સૂચનાઓ ન આપી શકીએ કે તમારી આ જે આવક છે એને યોગ્ય રીતે વાપરો, તમારી આવક નાના બંદરોના વિકાસ માટે વાપરો, તમારી આવક અલંગ શીપ બ્રેકીંગ યાર્ડને ધમધમતું કરવા વાપરો, તમારી આવક ભાવનગરના લોકગેટને ફરી પાછું ધમધમતું બંદર થાય એટલા માટે વાપરો, તમારી આવક

પોરબંદર કે નાના વિસ્તારના બંદરો છે એના માટે ઉપયોગમાં લો, તમારી આવક છે એ ભાવનગરની ખાડીનો પુલ તૂટે, એને રિપેર પણ ના કરાવી શકાય, એના ટેન્ડરોની પ્રક્રિયામાં જાય, એક તરફ મને આનંદ હતો કે એ દિવસે સાથે બેસીને, માનનીય રાજય કક્ષાના ઉદ્યોગમંત્રીશ્રીએ પ્રજાના પ્રતિનિધિઓની હાજરીમાં ભાવનગરમાં સ્વીકાર્યું કે ખાડીનો પુલ ભાલના ગામડાઓને જોડતો તૂટી ગયો છે, તો મેરીટાઈમ બોર્ડ, મફતમાં, જયાંસુધી પુલ નહિ બને ત્યાં સુધી ભાલના ગરીબ વિસ્તારના લોકોને આવવા જવા માટે હોડીની વ્યવસ્થા કરશે, એક મંત્રીશ્રીની હાજરીમાં થયેલો નિર્ણય અને એ પછી શું થયું, થોડા દિવસ પછી એ બધું બંધ, પહોંચ પણ ના આપે અને પૈસા આપ તો લઈ જાઉં અને એ પણ કેટલા પેસેન્જર અને કેવી જરૂરિયાત એ પ્રમાણે પૈસા લેવાના, એ જે ખાડી પર બનેલો લકડિયો પુલ એને આપ મજબૂત, સારો બનાવવા માટેનો મને આપ લેખિત જવાબ આપો છો, આપ કહો છો કે બાંધકામ વિભાગ આ કરવાનું છે, પણ એક દિવસનો વિલંબ પણ એ વિસ્તારના લોકો માટે કેટલી સમસ્યાઓ સર્જે છે એનો વિચાર આપે કર્યો છે, આપ કાન પકડો પી.ડબલ્યુ.ડી. જો ના થતું હોય ઝડપથી તો, પણ એ કામ ઝડપથી કરાવો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારે આપવાનું કામ આપણે સારું કરી શકીશું તો આખરે જે ફાયદો થવાનો છે તે ગુજરાતની જનતાને થવાનો છે, મુળ વિધેયક જયારે આ ગૃહમાં રજૂ થયું ત્યારે આ ગૃહના માનનીય સભ્યશ્રીઓએ કેટલીક આશા અને અપેક્ષાઓ સેવી હતી, એ આશા અને અપેક્ષાઓ જયાં સેવાઈ હતી એ તરફ માનનીય મંત્રીશ્રીનું આપના મારફતે ધ્યાન દોરવા માગું છું, ત્યારે પણ કહેવાયું હતું કે, વહીવટી ખર્ચા પર અંકૂશ મૂકીને જો આપ નહિ કરો.. આપ અત્યારે પૂરી આવક લઈને એમને ૧૫ ટકા વહીવટી ખર્ચ આપીને આપ આ નિગમને કઈ સ્થિતિમાં મૂકવા માગો છો? તે વખતે ૧૫ જુલાઈ, ૧૯૮૧ના રોજ આ ગૃહના વિરોધપક્ષના માનનીય સભ્યશ્રી અશોકભાઈ ભટ્ટ બોલ્યા હતા, " આ બોર્ડ જેને પોતાનું ટેકનીકલ જ્ઞાન છે એવા જ અધિકારીઓને નીમે અને આઈ.એ.એસ. અધિકારીઓના હવાલે માનનીય મંત્રીશ્રી આ બોર્ડને સોંપી, બીજા કોરપોરેશનની જેમ નહિ કરે અને આ અધિકારીઓ આવા બોર્ડ કોરપોરેશનને પોતાના માટે હવાફેરનું સ્થાન છે એમજ માને છે અને બેફામ ખર્ચાઓ કરે છે એમાંથી મુકત રાખશે એવી મારી વિનંતી છે. " આ ગૃહના સભ્યશ્રીની ચિંતા હતી કે બોર્ડના ચેરમેન, પ્રજાનો પ્રતિનિધિ જાગૃત માણસ આવે, અહીંયા તો સત્તાનું કેન્દ્રીકરણ, એ વખતના માનનીય સભ્યશ્રીની જે ચિંતા હતી એ તો સરકારે પૂરી કે પ્રજાના વ્યકિતને બેસાડવા, અહીંયા તો હવા ખાવાના સ્થળ તરીકે ઉપયોગ પ્રજાનો પ્રતિનિધિ નહિ, માનનીય અધ્યક્ષશ્રી, કહેવાયુ હતું કે, "આ અધિકારીઓને કારણે, આવા બોર્ડના વહીવટી ખર્ચાઓ ખૂબજ મોટા થઈ જાય છે, આજે હાઉસીંગ બોર્ડનો વહીવટી ખર્ચ લગભગ ૧૫ થી ૨૦ ટકા આવે છે" અહીંયા પણ આપણે એવી વાત કરી છે કે આમનો વહીવટી ખર્ચ, જે એ વખતે ચિંતા સેવાઈ હતી કે આટલો થઈ જશે, એટલો જ વહીવટી ખર્ચ થઈ જશે, એ હવે રાજય સરકાર કહે કે અમે આપીશું, પણ આવક અમે લઈ લઈશું, વિકાસનું કામ ત્યાં નહિ થવા દઈએ. આ સભાગૃહનો સમય હું વધારે આંકડાઓ આપીને વેડફવા માગતો નથી, પણ આ બોર્ડ લોકોની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરે એવું બનાવવા માટે એના અધ્યક્ષશ્રીની જગ્યા ઉપર તો આપ નિમણૂંક કરશો એવી મને આશા છે, અધિકારીઓ છે એમની નિમણૂંક કરતી વખતે પણ આપ એના જાણકાર અને જ્ઞાતા હોય એવાને જ નીમશો એવી મારી વિનંતી છે. દહેજ, મગદલ્લા, ઘોઘા દ્વારા ગુજરાતના ઔદ્યોગિક વિકાસની પ્રોડકશન કોસ્ટ અને કોમ્યુનિકેશન કોસ્ટ ઘટાડવાનું કામ કરશો, એની સાથે આ બંદર દ્વારા જે નિકાસ થાય છે, એના કારણે આપણને ઘણી મોટી રકમનું હુંડિયામણ પણ પ્રાપ્ત થવાનું છે," ૧૯૭૨-૭૩ના હુંડિયામણના આંકડા મારી પાસે છે, ઘોઘા-દહેજ ફેરી સર્વિસની વાત અને ચિંતા ત્યાં સેવાઈ હતી, આવક લઈ લેવાના બદલે, આવું બધું કંઈ આપણે ના કરી શકીએ, આવા ઈન્ફ્રાસ્ટ્રકચર ના ઉભાં કરી શકીએ, આપણે વિકાસ માટે આ પૈસા ના વાપરી શકીએ અને જો એ કરીએ તો.. તો માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત મેરી ટાઈમ બોર્ડ તે આગળ વધી શકશે. સંપૂર્ણ આવક જો રાજય સરકાર લઈ લેવાની હશે તો બીજા બોર્ડ કૉર્પોરેશનમાં જે પરિસ્થિતિ થઈ છે તે જ પરિસ્થિતિ અહીં થશે. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ પાસેથી અપેક્ષાઓ જે છે તે પરિપૂર્ણ ના થતી હોય તો આપ પરિપૂર્ણ કરાવો. આપ સરકાર છો, આપ તેના ઉપર અંકુશ રાખો. આપ કોઈ બંદરોને પ્રાઇવેટાઇઝેશન માટે કોઈને બંદર આપી દો છો. આપ કન્ડીશન રાખો છો કે ૨૦ વર્ષ પછી જોઈશે તો પાછું લઈશું કે ૪૦ વર્ષ પછી પાછું લઈશું. તેના જે ખર્ચાઓ થાય તેનું ઓડિટ કરવાનું કામ તે આપણે કરવાનું છે. કારણ કે પછી ૨૦ કે ૪૦ વર્ષ પછી બંદર લેવા જઈશું ત્યારે ખરા અર્થમાં એ ખર્ચાઓ નહીં થયા હોય અને આપણી કચાશના કારણે એની કોસ્ટ એવી જશે કે આપણે પાછું લેવું હશે તો પણ આપણે લઈ નહીં શકીએ. આમાં શું પરિસ્થિતિ છે એમાં ઉંડાણમાં ઉતરવું પડે એવું લાગે છે. શું કંઈ આપણાં સમીકરણ તો નથીને ? શું આપણાં કંઈ બીજા કારણો તો નથી ને કે જેના કારણે પ્રજાની માલિકીનું એવુ બંદર કે જે વિકાસના દ્વારો ખોલી શકે એવુ બંદર આપણે કોઈકના ચરણે ધરીએ છીએ. પ્રજાની માલિકીની મોટી સંપત્તિ મફતના ભાવમાં આપીએ અને પેલો માખણ બાજી કરે છે અને આ ના ચાલે તે જોવાની જવાબદારી પણ આપણી છે ત્યારે હું સ્પષ્ટ માનું છું કે માનનીય મંત્રીશ્રી આ જે બાબત લઈને આવ્યા છે તેનાથી મેરી ટાઈમ બોર્ડના થતાં વિકાસના દ્વાર હંમેશ માટે બંધ થઈ જશે અને સંપૂર્ણ આવક રાજય સરકારના પોકેટમાં આવે અને રાજય સરકારના પોકેટમાં આવેલી આવક તે પછી કયાં વપરાય છે તેના વિશે અનેક અહેવાલો કે એમાં પડીએ તો ખબર પડે. એટલીસ્ટ આ બંદરોના વિકાસ માટે આ રકમ મેરી ટાઈમ બોર્ડ વાપરે એટલા માટે તે આવક પોતાના

પાસે લેવાના બદલે ત્યાં જ રહેવા દેવામાં મને લાગે છે કે સૌનું હિત છે તે શબ્દ સાથે માનનીય મંત્રીશ્રી યા તો આ વિચારણા કરે, પ્રવર સમિતિને સોંપે, વધારે અભ્યાસ કરે પણ મેરી ટાઈમ બોર્ડની થયેલી આવક રાજય સરકારમાં લઈ લેવાની બાબત છે તેવું બિલ બહુમતીના જોરે પસાર કરાવવાનો પ્રયત્ન ના કરે એવી હું આશા રાખું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૧, સન ૨૦૦૮નું ગુજરાત મેરી ટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક મંત્રીશ્રી જયનારાયણભાઈ લઈને આવ્યા છે તેને હું મારી અનુમતિ આપવા માટે ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી સાગર પુત્રો અને સાગર કિનારા અને બંદર વિકાસની ઉપલબ્ધિઓને ગુજરાતના વિકાસ સાથે જોડી સ્વર્ણિમ્ ગુજરાતના વિકાસ માટે સંકલ્પબધ્ધ છે. સામાન્ય માનવીના વિકાસને ધ્યાનમાં રાખીને આ રાજયની સરકાર કામ કરી રહી હોય ત્યારે મને એક કવિની વાત યાદ આવે છે આના સાથે જોડાયેલી છે એટલે કહું છું. એક કવિ સાગર પુત્રને પૂછે છે કે તને ખબર છે કે આ સાગરમાં તારું મોત છે? સાગરનો તને ભય નથી લાગતો? સાગરથી તું ડરતો નથી? ત્યારે સાગર પુત્ર તેનો જવાબ આપે છે કે આપણને બધાને ખબર જ છે કે આપણું મૃત્યું પથારીમાં જ થવાનું છે તો શા માટે પથારીમાં સૂવો છો? સાગર માટેના પ્રેમને આ કવિશ્રી વંદન કરે છે. સાગરના પ્રેમને, મોતને વહાલુ કરનારા આ સાગર પુત્રોનો વિકાસ બંદરોના વિકાસ સાથે જોડાયેલો છે સાવ સામાન્ય માણસ પણ સમજી શકે એવી વાત છે માનનીય અધ્યક્ષશ્રી. ગુજરાત રાજય દેશનું મહત્વનું દરિયાઇ રાજય છે. આપણાં ગુજરાતમાં લગભગ ૧૬૦૦ કિલોમીટર દરિયા કિનારો છે અને મારો જામનગરનો વિસ્તાર, મારા જિલ્લાનો વિસ્તાર ૩૩૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. વિકાસની વિપુલ તકો અહીંયા રહેલી હતી. સાહેબ, અત્યાર સુધી આ દરિયા કિનારા ઉપર કોઈનું પણ લક્ષ્ય હતું નહીં અને દરિયાના વિકાસની જે વિપુલ તકો હતી તેને ઉપાડવાની કોઈએ માનસિકતા પણ બતાવી ના હતી. રાજયના બંદરોના સંચાલન, તેનો નિભાવ અને તેના વિકાસ માટે દેશમાં સૌ પ્રથમ સ્વાયત્ત મેરી ટાઈમ બોર્ડની રચના તે ગુજરાતમાં થઈ છે આખા દેશમાં. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં 'બૂટ' નો કાયદો સૌ પ્રથમવાર દ ડાયો અને ખાનગી ક્ષેત્રના લોકો, ઈન્ફ્રાસ્ટ્રકચર અને મૂડીરોકાણની નીતિ નકકી કરાઈ. એને કાયદેસર કરવા માટે આ રાજયમાં જ પ્રથમ વખત કરવામાં આવ્યું. વર્તમાન સમયમાં આખા દેશમાં અન્ય દરિયાઈ રાજયોની સરખામણીમાં ખાનગી ક્ષેત્રે સૌથી મોટું મૂડીરોકાણ બંદરોના વિકાસ માટે ગુજરાતમાં પ્રથમ વખત બન્યું છે. વિશ્વનું સૌથી મોટું શીપ રી-સાઈકલીંગ યાર્ડ અલંગ ખાતે આવેલું છે અને એનો સાત ટકા હિસ્સો લોખંડના ઉત્પાદનમાં વપરાય છે. રાજયના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વહીવટી સુધારણાની પ્રગતિમાં સતત આગેકૂચ કરતું દેશનું અગ્રેસર રાજય બન્યું છે. વિકાસ અને વહીવટી સુધારણાના ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપું છું કે બંદરોના વિકાસની પ્રવૃત્તિ માટે હમણાં માનનીય શકિતસિંહજી બોલતા હતા, અત્યારે હાજર નથી. પરંતુ આ બંદરોના વેગવંતા વિકાસ માટે બાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમ્મિટ ૨૦૦૫ દરમ્યાન ૧૬ હજાર કરોડના મૂડીરોકાણ માટેના એમ.ઓ.યુ. બંદરોના વિકાસ માટેના ખાનગી કંપનીઓ તરફથી ગુજરાતમાં પ્રથમ વખત થયા છે. છેલ્લા ૫ વર્ષમાં ૧૦૧૨૦ કરોડના ખાનગી મૂડીરોકાણ બંદર ક્ષેત્રે આવ્યા છે. વિશ્વ કક્ષાની બંદરીય સુવિધાઓને વિકસાવવામાં અમારી સરકાર અને અમારા મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને અધિકારીઓને હું અભિનંદન આપું છું.

બંદરોના વિકાસની સાથે સાથે બંદરલક્ષી અભ્યાસક્રમો, રો-રો ફેરી સર્વિસ, ડ્રેજીંગ વગેરે તેમજ સાગરખેડૂ યોજના જેવા વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધર્યા છે. બેરોજગારોને રોજી આપવા માટેનું સૌથી મહત્વનું કામ ગુજરાત રાજયમાં થયું છે અને એના પરિણામરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજયને સતત પાંચમી વખત રોજગારી ક્ષેત્રનો નંબર વનનો આઈ.બી.એન. સેવન ડાયમન્ડ એવોર્ડ ડો.અબ્દુલ કલામની હાજરીમાં બે દિવસ પહેલાં જ પ્રાપ્ત થયો છે. હું આ માટે માનનીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી વજુભાઈને પણ અભિનંદન આપું છું. આપણે આજે જે સુધારો કરવા જઈ રહ્યા છીએ એનું કારણ એ છે કે યુ.પી.એ.ની સરકારે ગુજરાતને જે અન્યાય કર્યો છે, કેન્દ્રની સરકારે કરેલા અન્યાય અને ગુજરાત માટે દુર્લક્ષ સેવ્યુ છે તેમાં બંદરો પણ બાકાત નથી. મને લાગે છે કે આખા વિધેયકનું મૂળ અહીંયા છે કે ગુજરાતના બંદરોને અન્યાયમાંથી બાકાત રાખ્યા નથી. એનો વિકાસ ન થાય અને કેન્દ્ર સરકારની જ આવક વધે એટલા માટે થઈ આ પ્રકારના વહીવટ કરવાના પ્રયત્નો કેન્દ્ર દ્વારા થઈ રહ્યા છે. હમણાં જ માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ૧૯૮૨માં મેરિટાઈમમ બોર્ડને સ્વાયત્ત સંસ્થા તરીકે રચના થઈ, પછીથી કુલ મળીને ૩૨ લાખ ટનનો ટ્રાફિક થતો હતો. ૧૯૯૫માં નવી નીતિ આવ્યા પછી ૨૦૦૭-૦૮માં કુલ ૧૪૭૬ લાખ ટનનો ટ્રાફિક વધ્યો. એ બતાવે છે કે આજની નીતિને ના પાડીએ, તો ત્યાં ને ત્યાં જ રહેવાની વાત હોય એમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આર્થિક સમૃદ્ધિમાં ગુજરાતના બંદરોનો ફાળો સૌથી મહત્વનો રહ્યો છે. વાત ઉંધા પાટે જતી હતી. આ વિધેયક લાવવાથી ગુજરાતનો વિકાસ નહીં થાય. ગુજરાતનો વિકાસ નહીં થાય અને બધી સત્તા મેરિટાઈમમ બોર્ડની છીનવાઈ જશે. વાત એ છે કે કુલ મળીને મોટી આવક કેન્દ્ર સરકારને મળતી બંધ થાય છે. એકવાર વિભાગે મેરિટાઈમમ બોર્ડને લોકલ ઓથોરિટી તરીકે ગણ્યું, બોર્ડની તમામ આવક કરમૂકત હતી.

પરંતુ ફાયનાન્સિયલ એકટ ૨૦૦૨માં સુધારો થયો અને લોકલ ઓથોરિટીની નવી વ્યાખ્યામાં બોર્ડનો સમાવેશ ન થયો અને બોર્ડની તમામ આવક ૧/૪/૨૦૦૨થી કરપાત્ર બની ગઈ. રાજયના નાના નાના બંદરોનો વિકાસ કરીને બોર્ડની આવકને કરમૂકત કરવા માટે કેન્દ્ર સરકાર પાસે આપણે વારંવાર રજૂઆતો કરી છે, પરંતુ ગુજરાત માટે ઓરમાયું વર્તન રાખવામાં •(ઢંગધડા) વિનાના પક્ષની કોંગ્રેસ શાસિત યુપીએ ની સરકારે પ્રશ્ન વીજળીનો હોય કે... ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વસુબેન, આપ એ શબ્દો ના વાપરો.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી:** આમાં લખ્યું છે કે આ શબ્દો વાપરી શકાય છે.

**અધ્યક્ષશ્રી:** વસુબેન, આપણે એક નિયમ રાખીએ કે જયારે હું કહું છું ત્યારે આપ **(ઢંગધડા) વિનાની એ શબ્દો પાછા ખેચી લો. આપ તો પ્રોફેસર છો.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી:** આમાં મેં વાંચ્યું કે આ શબ્દો વાપરી શકાય છે, બાકી હું એ પાછા ખેંચી લઉં છું. પ્રશ્ન વીજળીનો હોય,ગુજકોટનો હોય કે બંદરોનો હોય એ બધામાં ગુજરાતને અન્યાય થાય તેવો વહીવટ અને વ્યવહાર આ યુપીએ સરકાર દ્વારા થઈ રહ્યો છે. આ બોર્ડને ટ્રસ્ટ તરીકે રજીસ્ટેશન ઈન્કમટેકસમાંથી એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા માન્ય રખાયું અને એનાથી આવકવેરા દ્વારા પણ રજીસ્ટર થયું. આવકવેરા દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં બોર્ડ વિરુધ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો અને એનો નિર્ણય આવ્યો એ પોઝિટીવ નિર્ણય આવ્યો, સરકારની તરફેણમાં નિર્ણય આવ્યો આ એક ઐતિહાસિક નિર્ણય થયો એ આપણે સૌએ બિરદાવવો જોઈએ.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી આજના દિવસની કામકાજની યાદીમાં બાબત ક્રમાંક ૮ ઉપર જે ત્રણ વિધેયકો બતાવવામાં આવ્યાં છે એ ત્રણે વિધેયકો કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં નકકી થયા મુજબ આજે પસાર કરવાનાં છે. એટલા માટે આ ત્રણે વિધેયકો ઉપરની ચર્ચા પરી થાય અને એ ત્રણે વિધેયક પસાર થાય ત્યાં સુધી આ સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવી મારી દરખાસ્ત છે.

**શ્રી જગદીશ ઠાકોર:** માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી:** આ ત્રણે વિધેયકો પૂરા થાય ત્યાંસુધી આપણે સભાગૃહનો સમય લંબાવીએ છીએ.મોટાભાગના માનનય સભ્યશ્રીઓ મારી વિનંતીના સ્વીકાર કરીને મુદ્દા ઉપર બોલી રહયા છે, એની જોગવાઈઓ ઉપર બોલી રહયા છે એનો મને આનંદ છે. બિલની જોગવાઈઓ ઉપર વધારે ધ્યાન આપશો તો ચર્ચા વધુ સરસ ચાલશે અને એ રીતે સરસ રીતે આગળ ચાલીશું.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી:** માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કેન્દ્ર સરકારને રજૂઆત કરી છે, પરંતુ કેન્દ્ર સરકારની માનસિકતા જ અન્યાયની હોય તો કશું જ થઈ શકે નહીં. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિદેશી રોકાણકારોને મૂડીરોકાણ માટે આમંત્રણ આપ્યું અને આપણા અહીંના જ મિત્રો વિદેશમાં જઈને ગુજરાત સરકારનું વાંકું બોલીને ગુજરાતને અન્યાય કરવાનું વલણ રાખે એ ગુજરાતનું અહિત કરવાની માનસિકતા સમગ્ર લોકોના ધ્યાનમાં આવી ગઈ છે.

ટૂંકમાં જ મારી વાત પૂરી કરીશ કે આ બોર્ડની તમામ આવકો પૈકી રાજયની સર્વ પ્રકારની આવક રાજય સરકારની તિજોરીમાં સીધી જમા કરાવવાની કાયદાકીય વ્યવસ્થા ઉભી થાય તે. માટે આ રકમ ઉપર ટેકસ ભરવો ના પડે તે હેતુથી ગુજરાત મેરી ટાઈમ બોર્ડની ૮૧ ની કલમ ૨૨-એ અને એને આનુસાંગિક કલમમાં સુધારા વિધેયક દ્વારા
કરેલ દરખાસ્ત ૧-૮-૨૦૦૮ થી અમલ થાય એ રીતે મહત્તમ આવક સીધી જમા થઈ શકે એ માટે આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે. .ફકત બોર્ડની બંદરીય સેવાની આવકના સંદર્ભમાં આ વાત છે ત્યારે બેરોજગારીની તકો, દરિયા કિનારાનો વિકાસ અને સાગર પુત્રોના વિકાસના સંદર્ભમાં આપણે સૌ મિત્રો આ વિધેયકને સમર્થન કરીએ એવી મારી લાગણી સાથે વિરમું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૮ નું વિધે.યક ક્રમાંક ૨૧, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ (સુધારા) વિધયક લઈને આવ્યા છે ત્યારે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ અધિનિયમ ૧૯૮૧ આ વિધાનસભામાં ગૃહે પસાર કર્યો હતો અને ત્યારબાદ ૫ મી એપ્રિલ ૧૯૮૨ ના રોજ ગુજરાત મેરી ટાઈમ બોર્ડની સ્થાપના થઈ હતી.સાહેબ, ગુજરાતમાં દેશનો ૩૩ ટકા દરિયા કિનારો, અને એ દરિયા કિનારાનો આપણે વિકાસ કરી શકીએ, નાના, મધ્યમ કદના અને મોટા બંદરોનો વિકાસ થાય તે દ્રષ્ટિને ધ્યાનમાં લઈ અને આ બોર્ડની સ્થાપના કરવામાં આવી. દેશમાં નાના અને મધ્યમ કદના કુલ ૧૪૨ બંદરો છે. અને આ ૧૪૨ બંદરોમાંથી ૪૩ જેટલા બંદરો ગુજરાતના દરિયા

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

કાંઠે આવેલા છે. અને બીજા હજુ નવા દસ બંદરો ઉભા કરવાની શકયતા મેરી ટાઈમ બોર્ડ ચકાસી અને મેરી ટાઈમ બોર્ડ આગળ કામગીરી કરી રહયું છે. માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં આ બંદરો ઉપર જેટલા માલ સામાનની હેરફેર થતી હતી તેના પણ આંકડા આપ્યા, પહેલા શું પરિસ્થિતિ હતી અને આજે લગભગ ૪૦ થી ૫૦ ગણો માલ સામાનની હેર ફેરમાં વધારો એચીવ કરી શકયા છીએ અને ગયા વર્ષના સંદર્ભમાં નાના અને મધ્યમ કદના બધા બંદરો ઉપર સરેરાશ ૨૦ ટકા જેટલો માલ-સામાનની હેરફેરમાં વધારો આપણે હાંસલ કરી શકયા છીએ પણ આ બધું શકય બન્યું કારણ કે મેરી ટાઈમ બોર્ડને આપણે સ્વાયત બોર્ડ તરીકે કામ કરવા દીધું. હવે આ જે સુધારો લઈને માનનીય મંત્રીશ્રી આવી રહ્યા છે ત્યારે મને બહુ નવાઈ લાગી, એમણે જયારે સુધારાના કારણો બતાવ્યા ત્યારે એમાં લખ્યું કે ટેકસની લાયેબીલીટી ઉભી થઈ છે એટલે એ ટેકસની લાયેબીલીટી ન ભોગવવી પડે અને તે બર્ડન મેરી ટાઈમ બોર્ડ ઉપર ન આવે એટલા માટે આખી રકમ ગુજરાત સરકારમાં ટ્રાન્સફર કરવા માટેનું આ પ્રોવિઝન છે તે જાતની એમણે વાત કરી. અને એમની પાસેથી અપેક્ષા ન હોય તેવી પણ વાત કરી કે કેન્દ્ર સરકારને ગુજરાત આટલો ટેકસ આપે છે, તેની સામે ગુજરાતને આટલી મદદ મળે છે. આ બધી બાબતો આ મેરી ટાઈમ બોર્ડના આ બિલ સાથે સુસંગત હતી જ નહી. પણ એમ છતાં એમણે વાત કરી ત્યારે હૈયામાં હોય તો હોઠે આવી જાય, એવી વાત પણ એમના પ્રવચનમાંથી દેખાઈ આવી કે આખા બિલની પાછળનો ઉદેશ માત્ર ટેકસની રકમ બચાવવા માટેનો નથી. મેરી ટાઈમ બોર્ડની કોઈ ચિંતા કરવાની નહીં, મેરી ટાઈમ બોર્ડની સ્વાયતતા ખલાસ થઈ જાય, તેની આર્થિક સવલતો ખલાસ થઈ જાય, અને તેની સીધી અસર ગુજરાતના બંદરોના વિકાસ ઉપર પડે તે બાબતની ચિંતા માનનીય મંત્રીશ્રીએ ન કરી, તેનું મને બહુ મોટું દુઃખ છે. સાહેબ, ટેકસ બચાવવો હોય તો માનનીય જયનારાયણ ભાઈ બહુ હોંશિયાર વ્યકિત છે. ટેકસ બચાવવાના ઘણાં ઉપાયો છે અને તે ઉપાયોનો ઉપયોગ કરીને આ ટેકસ બચાવી શકાયો હોત. પરંતુ માત્ર ટેકસ બચાવવાનો આશય પણ હોય તેવું મને દેખાતું નથી. પણ આશય મેરી ટાઈમ બોર્ડની આવક ગુજરાત સરકારમાં ટ્રાન્સફર કરવી, મેરી ટાઈમ બોર્ડને તેના ખર્ચના ૧૫ ટકા આપી દેવા અને પછી બોર્ડ તેની રીતે ચાલ્યા કરે, હવે નવા બંદરોના વિકાસની બોર્ડ કોઈ ચિંતા કરવાની નહીં, અને સરકાર પાસે નાણા આવી ગયા, અને સરકારને જેમ ઉપયોગ કરવો હોય એમ કરે, બંદરોના વિકાસ માટે કરવો હોય તો વિકાસ માટે કરે, અને બીજા કોઈ હેતુ માટે ગુજરાત સરકારને ઉપયોગ કરવો હોય તો બીજા હેતુ માટે ઉપયોગ કરી શકે. તેવી શકયતાઓ આ બિલથી માનનીય મંત્રીશ્રીએ ઉભી કરી આપી છે.

બંદરોનો વિકાસ એ તો આપણી પ્રાથમિકતા છે. અને ભૂતકાળમાં ગુજરાતનો આટલો મોટો દરિયા કિનારો છે તેનો સુ વ્યવસ્થિત વિકાસ થાય અને નવા નવા બંદરો ડેવલપ થાય તેવી નીતિ રાખી અને ભૂતકાળની સરકારોએ કામો કર્યા, પ્રાઈવેટ પાર્ટીને બંદરો આપ્યા પણ જયારે એ બંદરો વિકાસ કરવા માટે આપ્યા ત્યારે સરકારે ચિંતા કરી કે પ્રાઈવેટ પાર્ટી ૩૦ વર્ષ સુધી આ બંદરોનો વિકાસ કરે, અને ૩૦ વર્ષ પછી આ બંદરો અને આપણો આ દરિયા કિનારો ગુજરાત સરકારને પાછો મળી જાય એની ચિંતા કરીને કરારો કરવામાં આવ્યા. પણ સાહેબ ત્યારપછી તો પરિસ્થિતિ બદલાઈ ગઈ અને ૧૯૯૮ પછી જે ચાલ્યું તેમાં પ્રાઇવેટ પાર્ટીઓના દબાણ નીચે આ ૩૦ વર્ષવાળી કલમમાં ફેરફાર કરીને એમને કાયમી અધિકારો આપવામાં આવ્યા અને પરિસ્થિતિ આજે એવી ઊભી થઈ કે જે બંદરો આપણને પાછા મળે તેવી શક્યતા હતી એ બંદરો પાછા મળવાની શકયતા જતી રહી. બંદરોનો વિકાસ તો થયો આપણે નાના બંદરોના વિકાસની ચિંતા તો કરીએ છીએ જેવા કે મીઠી વિરડી,મરોલી, ધોલેરા વગેરે પ્રાઇવેટ પાર્ટીઓને આપી તો દીધા પછી આજ સુધી કોઈ વિકાસનું કામ કરી શકયા નથી. આપણને ચિંતા એ હોવી જોઈએ કે આ બંદરોના વિકાસમાં કયાં કસર રહી ગઈ આ બંદરોનો વિકાસ કેમ કરી શકાય, મૅરી ટાઇમ બોર્ડની કચાશ હોય તો સરકાર એને પૂર્તતા કરી બોર્ડની શકિત વધારવી જોઈએ એના બદલે મૅરી ટાઇમ બોર્ડને સત્તા વગરનું બોર્ડ બનાવી દઈને શું આપણે બંદરોના વિકાસ કરવાની ચિંતા કરી રહ્યા છીએ? મને લાગે છે કે આપણે આ જે પ્રોવિઝન લાવી રહ્યા છીએ એ આપણે બંદરોના વિકાસમાં પાયાનો ઘા કરનારું છે. આ મૅરી ટાઇમ બોર્ડના અધિકાર ઉપર તરાપ મારવા માટેનું બિલ છે, એની કાર્યક્ષમતા ઘટાડવા માટેનું આ બિલ હોય તેવું વર્તાય છે એટલા માટે આ બિલને સમર્થન આપી શકાય તેમ નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આજને આજ આ બિલ પાસ કરવાનો આગ્રહ રાખ્યા વગર પ્રવર સમિતિ સમક્ષ મૂકાય એના અંગે એ સમિતિમાં પુખ્ત ચર્ચા થાય અને ગુજરાતના બંદરોના વિકાસ માટે જરૂરી હોય તેવી સામૂહિક ચર્ચા કરીને આવતા દિવસોમાં બંદરોના વિકાસની નીતિ ઘડવામાં આવે અને એના આધારે આ નિર્ણય લેવામાં આવે તો વધુ યોગ્ય ગણાશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત મૅરી ટાઇમ બોર્ડ સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાત મૅરી ટાઇમ બોર્ડ એકટ ૧૯૮૧માં આવ્યો અને એકટનો અમલ ૧૯૮૨ના વહાણવટા દિન નિમિત્તે થયો અને જ્યારે આ બોર્ડ એકટનો અમલ થયો ત્યારથી શરૂ કરીને દસ વર્ષ સુધી આ ગુજરાત મૅરી ટાઇમ બોર્ડમાં એક એન્જિનિયર તરીકે સંકળાયેલો હતો. એ વખતે એમ કહેવાતું હતું કે આખા દેશની અંદર આ બોર્ડ એકટ છે એ ક્રાંતિકારી એકટ છે, ગુજરાત એ વખત પહેલું રાજય હતું કે જેણે ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે અને એના ઉપરના બંદરો છે એના સંચાલન માટે એનું સ્વાયત્તતા સાથેનું બોર્ડ

બનાવવામાં આવ્યું હોય. એક ખૂબ વિઝનરી એકટ બનાવવામાં આવ્યો એના પછી બીજા રાજયોએ એનો અમલ કર્યો છે. પહેલા પી.ડબલ્યુ.ડી.ના વિભાગ તરીકે કામ કરતુ હતું એને સ્વાયત્તતા આપ્યા પછી એના આંકડાઓ માનનીય શકિતસિંહભાઈએ આપ્યા એ આંખ ખોલનારા હતા. જે બોર્ડની અંદર આવક જાવકના કોઈ હિસાબો નહોતા, વિકાસની પ્રક્રિયા ખૂબ જ ધીમી હતી એ વધી આ બોર્ડ જે આપણું છે અને બીજા જે આપણા બોર્ડ કોરપોરેશનો છે એમાં સૌથી શકિતશાળી બોર્ડ આ બન્યું એટલું જ નહિ ક્યારેક ક્યારેક એવું બન્યું છે કે રાજય સરકારમાં જ્યારે નાણાકીય ક્રાઈસીસ હોય ત્યારે એમને લોન પેટે પૈસા આપવાનું કામ આ મૅરી ટાઇમ બોર્ડે કર્યુ છે. એક પણ પૈસાનો ખર્ચ વધાર્યા સિવાય ૧૯૮૧ પછી મારે કહેવું પડશે કે એણે કોઈ વહીવટી કર્મચારીઓની ભરતી કરી નથી. ૧૯૮૧માં જેટલું સેટઅપ હતું એ સેટઅપમાં માત્ર ટેકનિકલ કર્મચારીઓ અનિવાર્ય છે નૉટીકલ ક્ષેત્રમાં હોય કે કોઈ વહીવટી નિષ્ણાંતની ક્યાંક જરૂર હોય કે એકાઉન્ટ સેકટરમાં જરૂર હોય.એ સિવાય ભરતી કર્યા વગર, એક પૈસાનો ખર્ચ કર્યા વગર આ બોર્ડે નફો પણ વધાર્યો છે અને ગુજરાતમાં ટ્રાફિક પણ વધાર્યો છે. મારે કહેવું જોઈશે કે જ્યારે આ વહીવટ આ પ્રકારે સુચારુ રીતે ચાલતો હતો ત્યારે આ બોર્ડમાં માત્ર બોર્ડ અધિકારીઓ ચલાવતા એવું નથી પણ ચેરમેન તરીકે પ્રજાના પ્રતિનિધિઓ બેસાડ્યા હતા અને બોર્ડના મેમ્બર તરીકે ક્યારેક આ હાઉસના સભ્યો બેઠા છે અને ક્યારેક બહારથી આવેલા નિષ્ણાતોને બેસાડ્યા છે. આ બધાએ સાથે મળીને આ બોર્ડને સ્વાયત્ત, મજબુત અને આર્થિક રીતે સક્ષમ બનાવ્યું છે. આ બોર્ડ કેટલું સ્વાયત્ત અને સક્ષમ હતું તેનો એક જ દાખલો આપીશ. મુંબઈમાં નવું ગુજરાત ભવન બનાવ્યું, તેના પૈસા કોણ આપે, તો એ ગુજરાત ભવનના તમામ ખર્ચના પૈસા છે એ ગુજરાત મેરીટાઈમ બોર્ડે આપ્યા. ગુજરાતમાં ફીશરીઝમાં ક્યારેક બજૅટ ઓછું હોય, ક્યારેક મુશ્કેલી હોય તો, તેનું રીપૅરીંગ કે નવું કામ કરવાનું હોય તો તે ગુજરાત મેરીટાઈમ બોર્ડે કર્યું છે. મારે આપના મારફત સરકારનું એ ધ્યાન દોરવું છે કે આ બધું જ જ્યારે થયું ત્યારે તેમાં પ્રજાના પ્રતિનિધિઓ પણ સામેલ હતા. અત્યારે તો આ સરકારની અને રાજય સરકારના મુખ્યમંત્રીશ્રીની એવી નીતિ રહી છે કે અધિકારીઓ કરે બધું જ સારું પણ પ્રજાના પ્રતિનિધિઓ હોય, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર હોય કે બહારથી આવેલા નિષ્ણાતો હોય તેને મૂકે તો એ ખાઈ જાય, પણ હું અને મારા બીજાં અધિકારીઓ ન ખાય. (અંતરાય) તો શું કરવા? મૂકો બે-પાંચ જણા. મૂકો, બધા આમાં હિંમત કરો, આમાં જોગવાઈ છે પ્રજાના પ્રતિનિધિઓ મૂકવાની. આ એકટમાં આ જે સુધારો લઈ આવ્યા એ સુધારા સહિતના બોર્ડમાં એમાં જોગવાઈ છે. (અંતરાય) એ કોઈક દિવસ રજૂઆત કરવા મુખ્યમંત્રી પાસે જજો કે અમારામાંથી કોઈકને મૂકો. અમે ધારાસભ્યોને, ભીખાભાઈ રબારીને આ બોર્ડની અંદર સભ્ય તરીકે મૂક્યા હતા.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

એટલું જ નહીં પણ ચેરમેન તરીકે ભૂતકાળમાં જે શિપિંગ મિનિસ્ટર રહી ચૂક્યા હોય એવા લોકોને, એમ.કે. બલોચને ચેરમેન બનાવ્યા છે. જુનાગઢના આપણાં પૂર્વ સાંસદ હતા તેમને પણ ચેરમેન બનાવ્યા હતા. નારસિંહભાઈને પણ બનાવ્યા હતા. મૌલિનભાઈ વૈષ્ણવ બરોડાના હતા તેમને પણ ચેરમેન બનાવ્યા હતા. એના વખતમાં નફો પણ વધ્યો હતો અને વિકાસ પણ થયો હતો અને આજે જ્યારે આપણી વાત છે, દેશના તમામ રાજયોએ સ્વીકારી હોય કે જે સ્વાયત્ત બોર્ડ બનાવ્યું છે તેના પછી રાજયના બંદરોનો વિકાસ થયો છે, પણ પછી કમનસીબે એવું થયું કે રાજયની માલિકીનું બોર્ડ કૉર્પોરેશન છે એ વધારે પ્રગતિ કરે તેની ચિંતા રાખવાને બદલે આપણે હંમેશા એવું કર્યું છે કે બહારના કોઈ કરોડપતિ આવીને કમાય તેમાં રાજય સરકારે સૌથી વધારે ચિંતા કરી છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ જો સક્ષમ હશે તો જ મેરીટાઈમ બોર્ડ સંચાલિત જે બંદરો છે તેનો વિકાસ થઈ શકવાનો છે, પરંતુ અત્યારે તો એવું છે કે આ જે કાનૂન પસાર કરીશું આપણે તો જે સક્ષમ બોર્ડ છે, આખા દેશમાં દાખલારૂપ બોર્ડ છે તેનું બેલેન્સશીટ છે એ કેટલા ટકા થઈ જવાનું? માત્ર ૧૫ ટકા. બોર્ડનું બેલેન્સશીટ આવશે તે બેલેન્સશીટમાં આજે ૧૪૨ કરોડ રૂપિયાનો પ્રોફિટ બતાવીએ છીએ એ આવતા વર્ષે જ્યારે બેલેન્સશીટ નીકળશે ત્યારે બોર્ડના નામે મીંડું કહી શકાય એવી પરિસ્થિતિ થઈ જવાની છે. આ બોર્ડને પંગુ બનાવી દેવામાં આવવાનું છે. મને તો અપેક્ષા એવી હતી જયનારાયણભાઈ પાસેથી કે અહીં બિલ એવું લઈ આવશે કે જેમાં મેરીટાઈમ બોર્ડની આવક ઘટવાને બદલે વધશે. કારણ કે માત્ર વોટર ફંટનો આપણે ઉપયોગ કરીએ છીએ એવું નહીં, વોટર ફંટની રૉયલ્ટી લઈએ છીએ એટલું જ નહીં, પણ દરિયા કિનારા ઉપર ઉદ્યોગો કેટલા બધા સ્થાપ્યા છે? અને એ ઉદ્યોગો બંદરનો ઉપયોગ કરે એ આવકાર્ય છે. પણ એ નિરમા કૅમિકલ્સ હોય કે ભાવનગર, દહેજ કે વાપી સુધીના જે કારખાનાઓ છે તે કારખાનાઓનો જે કંઈ કચરો હોય એ બધું જ કામ માનનીય અધ્યક્ષશ્રી, આપ સાક્ષી રહ્યા છો. એ બધું જ દરિયાની અંદર નાખી દેવામાં આવે છે. આખા ગુજરાતનો ફિશરમેન છે એ ગાઈ વગાડીને કહે છે કે, આ કચરાને કારણે આજે ફિશરીઝનું જે ડૅવલપમેન્ટ થવું જોઈએ એ થતું નથી, મેટીંગ થતું નથી અને એના કારણે મોટા પાયા પર સાગર કિનારાના વિસ્તારોમાં બેકારી વધી છે. દૂર દૂરના વિસ્તારો સુધી આ કૅમીકલ જાય છે, પાણીનો આખો કલર બદલાઈ જાય છે અને એના કારણે આવા ઉદ્યોગો ઉપર મોટો ટેક્સ નાખીને એને અટકાવતું બિલ લઈને આવ્યા હોત તો ચોક્કસપણે આવકારત. પણ અત્યારે પરિસ્થિતિ એવી છે કે, જે મોટા ઉદ્યોગપતિઓ છે એને પરવાના આપી દીધા છે. માછીમારોના વિસ્તારોમાં જો ભૂખમરો આવ્યો હોય તો

એના કારણે આવ્યો છે. માછીમારી માટેનો જે કિનારો હતો એ સંપૂર્ણપણે દૂષિત થઈ ગયો છે. એટલે આપણા માછીમારો જાણે અજાણ્યે પાકિસ્તાનની હદમાં જતા રહે છે અને એમને પાકિસ્તાનની જેલમાં જવું પડે છે. તો આ બાબતે પણ ગૃહે ગંભીરતાપૂર્વક વિચારણા કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર સાગરખેડૂ યોજનાઓની વાતો કરવામાં આવે છે પણ એના માટે એક રૂપિયાની પણ જોગવાઈ કરી નથી. મને એમ હતું કે, સાગરખેડૂ યોજના માટે મૅરી ટાઇમ બોર્ડમાં જોગવાઈ હશે, જે બંદરોનું સંચાલન કરે છે પણ મેં ગઈ વખતે ડિપાર્ટમૅન્ટ પાસે થોડીક માહિતી માગી હતી કે, સાગરખેડૂ યોજના પાછળ કેટલો ખર્ચ થયો છે. તો મુખ્યમંત્રીશ્રીના સંમેલનો બોલાવવા માટે, ચૂંટણી પહેલાં એક વર્ષ પહેલાં સાગરખેડૂ યોજના માટે સંમેલનો ભરાયા હતા એમાં ખર્ચ થયો હતો. મુખ્યમંત્રીશ્રીના ભાષણો સાંભળવા માટે એક કરોડ- બે કરોડ રૂપિયા મૅરી ટાઇમ બોર્ડને આપ્યા. સાગરખેડૂ યોજનામાં તો આમાંથી સમ ખાવા પૂરતો એક પૈસોય આવ્યો નથી અને હવે જ્યારે આવક લઈ લેવાની વાત થાય છે ત્યારે ગુજરાત મૅરી ટાઇમ બોર્ડની સ્વતંત્રતા કયાં રહેશે? આપણે સ્વાતંત્ર્ય આપવાની વાત કરીએ છીએ. ટેક્સની ચિંતા જરૂર કરો એના માટે ટેક્સનું પ્લાનીંગ જરૂર કરો. ટેક્સ જાય છે એમાંથી રાજય સરકારને હિસ્સો તો મળે જ છે. એના માટે બીજા રસ્તાઓ કેટલાય હતા. પણ એના બદલે ૧૫ ટકા વહિવટી ખર્ચ આપી બધી આવક રાજય સરકાર લઈ લેવાની છે અને પછી રૂ.૧૩૦૦૦/- કરોડની સાગરખેડૂ યોજના કરવાની અને મૅરી ટાઇમ બોર્ડના બજૅટમાં ફાળવણી ઝીરો અને રાજય સરકારના બજૅટમાં પણ ઝીરો અને જ્યાં સુધી ચૂંટણીઓ ચાલતી હતી ત્યારે ભાષણોમાં ખૂબ ચાલ્યું. ભાષણો કરવા માટે એક કરોડ, બે કરોડ રૂપિયા સંમેલનો પાછળ ખર્ચ્યા પણ એના પછી જોગવાઈના નામે કશું નહીં અને ગુજરાત મૅરી ટાઇમ બોર્ડની બધી જગ્યાએ તરાપ મારવી છે. તરાપ મારવી હોય તો મુંદ્રા બંદર ઉપર મારો, પીપાવાવ બંદર ઉપર મારો પણ મારા અને પબુભાના પોરબંદર અને ઓખા બંદર તો માંડ માંડ લોકોને રોજી રોટી આપે છે એના ઉપર શા માટે મારો છો? પબુભા હમણાં જ અનુભવ કરી આવ્યા છે. એટલે મારી વાત એટલી છે કે બોર્ડ અને કૉર્પોરેશનને સક્ષમ બનાવવાનું કામ આપણે સૌએ કરવાનું છે. એને સ્વતંત્ર કરવાનું કામ કરવાનું છે, બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓને ધન્યવાદ આપવા જોઈએ. ૧૯૮૧ પછી એકપણ માણસની ભરતી કર્યા વગર આજે ૨૦૦૮માં એટલા જ કર્મચારીઓ અને અધિકારીઓ છે. છતાં એના કરતાં અનેકગણો ટ્રાફિક આ બોર્ડે આપ્યો છે, અગાઉ કરતાં અનેકગણા પૈસા આ બોર્ડે આપ્યા છે. સરકાર તો ત્યારે બદલાઈ હતી અને એના પૈસા લઈને મુખ્યમંત્રીશ્રીએ સંમેલનો કર્યા છે, તમારું કશું પ્રદાન નથી. આઠ કરોડ રૂપિયા માત્ર સંમેલનો કરવામાં વાપર્યા છે અને આજે હોર્ડિંગ્સ શહેરમાં લાગે છે આ ગુજરાત મૅરી ટાઇમ બોર્ડના ખર્ચે લાગે છે. (અંતરાય) સાંભળતા શીખો થોડું ઘણું, ભલે તમારે ન બોલવાનું હોય પણ અમે કોઈક દિવસ તમારું સાંભળીશું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બધા લોકોને ન સાંભળવાની ટેવ પડે એ બહુ સારી નહીં એકાદ વ્યકિત ન સાંભળતા હોય તો ચાલે પણ બધા લોકો ન સાંભળે એવું ન ચાલે (અંતરાય) પોપટ ગયા વખતે જતો રહ્યો હવે ફરી પાછો નવો આવશે. દરેક વખતે એકનો એક પોપટ ના ચાલે. ( અંતરાય) હવે તો મોર પણ આવશે અને કબુતર પણ આવશે અને કાગડા હશે ત્યાં ઘુવડ પણ આવશે. સાહેબ આ બધા મને ડીસ્ટર્બ કરે છે. મારે ગંભીરતાથી વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી હું આપના મારફત જયનારાયણભાઈને વિનંતી કરું છું કે એટલીસ્ટ તમારા હાથે તો આ બોર્ડને, કારણ કે આ બોર્ડમાં જેવું તેવું બહુ સારું નહીં પણ આ બોર્ડમાં મેં ૮-૧૦ વર્ષ કામ કર્યુ છે ત્યાં. એના ડ્રેઝરો ચલાવવાના છે, ડ્રેઝીંગ કરવાનું છે એને મેઈન્ટેન કરવાના છે, એના બારથી માંડીને આખી ફલીટ છે એને મેઈન્ટેન કરવાની છે. અને અનેક જે કામો છે મેરીટાઈમ બોર્ડે બંદરના વિકાસ માટે એના માટે કરવાના છે એને નાણાકીય જરૂર ખૂબ મોટા પાયે રહેવાની છે એટલે જે મોટા ઉદ્યોગો છે કચરો નાખે છે એના ઉપર ટેક્સ નાખો, એને સજા કરો, એમાંથી પૈસા વધારે કમાવ અને આ બોર્ડને સ્વાયત્ત રાખો એટલી માનનીય અધ્યક્ષશ્રી મારી આપના મારફત વિનંતી છે. આ બંદરોના વિકાસને ઘાતક નીવડનારું બીલ રહેવાનું છે. માત્રને માત્ર આપણે પ્રાયવેટ જે પાર્ટીઓ છે જે માત્ર કમાવા માટે બંદરો બનાવે છે એની જ પ્રગતિમાં આપણી પ્રગતિ જોઈશું તો એ ગુજરાતની પ્રજાને એમાંથી ફાયદો થવાનો નથી. એકાદ બે ઉદ્યોગપતિઓ કમાઈ જશે અને એ કદાચ કોઈકના ઈન્ટ્રેસ્ટ મેઈન્ટેઈન કરતા હશે. કોઈકને હવાઈ જહાજ ભાડા વગર આપતા હશે અને બીજી કોઈ રીતે ખુશ રાખતા હશે પણ એનાથી ગુજરાતની પ્રજાનું શોષણ થવાનું છે અને એટલા માટે આ આપના મારફત મારી વિનંતી એટલી છે કે ગુજરાતના બંદરોને બચાવવા એ આપણા સૌની ફરજ છે. આ બંદરો, આ વિધેયકથી જે થોડા ઘણા બચ્યા છે એ પણ પૂરાં થઈ જશે. એટલે આ બીલ સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૧૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયનારાયણભાઈ વ્યાસે મેરીટાઈમ બોર્ડની વોટર ફ્રંટ રોયલ્ટી વગેરેની આવકો જે છે એ સીધેસીધી ૧-૪-૨૦૦૮થી રાજય સરકારમાં જમા થાય એ હેતુને મંજૂરી આપવા માટેનું આ જે બીલ લાવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરુ છું. આવકો કોને ન ગમે, અને આ બંદરો ઉપરની આવકો વધતી હોય તો એને અમે સમર્થન આપીએ, પણ આ જ્યારે બીલ આવ્યું અને ત્યારે સન્માનનીય ગૃહની અંદર આ બીલ ઉપર બોલનારા પૈકીનો હું પણ એક હતો. અમે ભારતીય જનતા પાર્ટીના ૯ સભ્યો હતા. ૧૪૨ સભ્યોવાળી કોંગ્રેસની સરકાર આ બીલ લાવેલી. હમણાં જે શ્રી એચ. એમ.

ત્રિવેદીની અભ્યાસ સમિતિની જે ભલામણો હતો એના ઉપરથી મકરંદભાઈ દેસાઈ જ્યારે આ વિભાગના મંત્રી હતા અને ત્યારે આ બીલ લાવવા માટેનું વિચારેલ, એ વિચારને આગળ વધારી અને આ બિલ જ્યારે આવ્યું ત્યારે હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૩૨ લાખ ટનનો જ માત્ર ટ્રાફિક હતો. ૩૨ લાખ પણ નહોતો એના કરતા પણ ઓછો હતો. મંત્રીશ્રી વિજયદાસજી મહંત જ્યારે લાવ્યા, આજે એનો ૧૪ કરોડ ટન કરતા વધુનો ટ્રાફિક છે. ગુજરાતનો દરિયા કિનારો એક શાંત દરિયા કિનારો અને આપણા લબ્ધ પ્રતિષ્ઠિત લેખક ગુણવંતરાય આચાર્યની સાગર કથાઓમાં એ હંમેશા આ ગુજરાતનો દરિયાકિનારો એ ધોરી રાજ્યમાર્ગ જે છે એનો ઉલ્લેખ કરતા હતા. એટલે અહીં દરિયા તટનો યાતાયાતનો વ્યવહાર છે એ કાંઈ નવી-નવાઈનો ન હતો. આપણે ત્યાં ૮૪ બંદરોનો વાવટો હતો. ગુજરાતના ૯૪ બંદરો દરિયા કિનારે હતા. આજે એમાંના કેટલા કાર્યરત છે? મેરીટાઈમ બોર્ડની રચના થઈ ત્યાં આ નાના બંદરોની વ્યાખ્યા એટલા માટે કે નાના બંદરો તરીકે આઈડેન્ટીફિકેશન એટલા માટે છે કે મહા બંદરો છે એ કેન્દ્ર સરકારના સરફેસ ટ્રાન્સપૉર્ટ મિનિસ્ટરી હતી તેના તરફથી મહા બંદરો હતા. પશ્ચિમ દરિયા કિનારે ભારત આઝાદ થયું એ પછી કંડલા મહા બંદર એ સરદાર પટેલની દીર્ઘદ્રષ્ટિ હતી એના કારણે થયું. પણ આપણા જે બંદરોનો વિકાસ રાજ્ય સરકારનો ન હતો એ વિકાસ માટેની આ જે મેરીટાઈમ બોર્ડની રચના થઈ એને કારણે એક દિશા ખૂલી. ૨૦૦૦ની સાલમાં જનતા દળ અને ભારતીય જનતા પાર્ટીની એક સરકાર આવી. ચીમનભાઈ પટેલ અને કેશુભાઈએ આ ખાનગી વાપરનારાઓના માટેની જેટી માટેની એક જોગવાઈ કરી ૨૦૦૩ની સાલમાં. ૨૦૦૫ માં એને વેગ ભલે આપવામાં આવ્યો પણ એનો પાયો છે એ ૨૦૦૩માં નખાયાના પહેલાં અલંગ અને સચાણાના બે શીપ બ્રેકીંગ યાર્ડ છે એ માનનીય અધ્યક્ષસ્થાને બેઠેલા છે એ વખતની છઠ્ઠી વિધાનસભામાં માનનીય સનતભાઈ મહેતાની દૂરંદેશી હતી. જેથી કરીને આ જહાજ ભાંગવાનો ઉદ્યોગ થયો. આ બંદરો મારફતે રાજ્યની આવકો પણ ખૂબ વધી. સન્માનનીય નાણામંત્રીશ્રીએ આ ગૃહમાં જવાબ આપતા કહેલું કે અલંગની અંદર જે જહાજોને તોડવાનું કામ અને એમાંથી સ્ક્રેપ નીકળે એના કારણે રાજ્ય સરકારને વાર્ષિક ૬૫ કરોડની સેલ્સ ટેક્સની આવક થતી હતી. આજે અલંગની હાલત શું છે? આજે અલંગમાં કેટલા શીપ તૂટે છે? સ્ક્રેપના ભાવ આસમાને જાય છે. આજે આપણે કોમ્પીટેશનમાં જહાજો આવી શકતા નથી અને જે જહાજો આવે એને પર્યાવરણીય કલીયરન્સની ખૂબ મુશ્કેલીઓ અલંગ માટે ઊભી કરવામાં આવે છે. એની અંદર આ મેરીટાઈમ બોર્ડ છે એનો કેટલો સહયોગ? મેરીટાઈમ બોર્ડ એક માત્ર બોર્ડની રીતે વર્તતું હોય ત્યારે આપણે આવકોની વાત કરીએ. વોટર ફ્રન્ટ રોયલ્ટીની વાત કરીએ. વોટર ફ્રન્ટ રોયલ્ટીનું પ્રમાણ કેટલું છે? મેં એક વિગત માગેલી એ વિગતમાં મને કહેવામાં આવેલું, મેં કહ્યું કે આગામી ૩૦ વર્ષે જ્યારે મુંદ્રાનું પૉર્ટ તમને પાછું આપવા આવશે ત્યારે શું હાલત થશે? ત્યારે મને કહેલું કે ત્યારે એમાં ૫૦૦ કરોડ રૂપિયાની વોટર ફ્રન્ટ રોયલ્ટી હશે અને ૩૦ વર્ષ દરમિયાન ૬૦૦૦ કરોડ રૂપિયાની આવક આ મેરીટાઈમ બોર્ડને થશે એવી એમની અપેક્ષાઓ હતી. એમનું કેલ્કયુલેશન હતું. આજે પાંચ વર્ષ થઈ ગયા. પાંચ વર્ષમાં આ ૬ હજાર કરોડનો તમે રેશિયો ગણો તો એના દસમા ભાગની પણ આવક છે ખરી? વોટર ફ્રન્ટ રોયલ્ટીની અંદર દર ઓછા કરવામાં આવે. સોલીડ કાર્ગો અને સ્ક્રેપની અંદર વોટર ફ્રન્ટ રોયલ્ટીના દર ૨૦૦૩માં જે નક્કી કરવામાં આવેલા એ ૨૦૦૫માં ઓછા થયા. કોઈ કોમ્પીટેશનની રીતે એ કહે કે અમારે બીજા બંદરોનો ઉપયોગ કરવાની કોઈ ધમકી આપે. બીજા બંદરોનો ઉપયોગ શક્ય છે ખરો? આટલા મોટા માલની જ્યારે યાતાયાત કરવી હોય ત્યારે તમારા પૉર્ટ ઉપરની જે વ્યવસ્થા છે એ એકાએક ચેન્જ ન કરી શકે. એસ્સાર રિફાઈનરી જે આવી એને આપણે જમીન આપી. આપણે ટેક્સમાં રાહત આપીએ. આપણા મેરીટાઈમ બોર્ડના બંદરો છે એનો ઉપયોગ એ કરે છે ખરો? દરિયા આપણા હસ્તક છે એનો ઉપયોગ કરે છે ખરો? શા માટે આપણા બંદરોનો ઉપયોગ ન કરતા હોય, આપણે જ્યારે જમીન એમને આપેલી છે ત્યારે આપણા બંદરોનો ઉપયોગ કરે એ શરતે આપણે જમીન આપેલી છે. આપણે ત્યાંથી પ્લાન્ટ મોડો શરૂ થાય છતાં પણ આપણે નાણાકીય રાહતો સાત કરોડથી વધારીને ૧૫ કરોડની આપીએ. પણ આપણા પૉર્ટ ઉપર જો માલની યાતાયાત ન કરતા હોય તો એને આપવામાં આવેલી સગવડો શા માટે પાછી ખેંચી લેવામાં ન આવે? આ બાબતે કોઈ દિવસ મેરીટાઈમ બોર્ડે રાજ્ય સરકારનું ધ્યાન ખેંચ્યું છે ખરું? મેરીટાઈમ બોર્ડની આવકો છે એ અધધધ થઈને એના ભારથી લચી પડતું હોય, અને એ ટેક્સ આપવાનો હોય એના માટે થઈને આ ટેક્સ ન જાય એટલા માટે બધી જ આવકો આપણે વાળવા માટેનું જે બિલનું હાર્દ છે એ હાર્દમાં એમાં કંઈક જુદું છે. આ હાર્દની અંદર કાંઈ જુદું એટલા માટે પડે છે કે આ બંદરો જે છે એનું ખાનગીકરણ કરવાની જ્યારે વાત આવી અને ત્યારે બૂટના ધોરણે, બૂમના ધોરણે આ બધા બંદરો રાજ્ય સરકારે એની સવલત માટે થઈને ૩૦ વર્ષના મુદત માટે આપવામાં આવેલ હતા. એના માટેની વિશાળ જમીનો પણ આપવામાં આવેલી. જમીન આપતી વખતે એને પોર્ટ બક અપ એરિયા માટે જે જમીનો હોય એનું કોઈ માપ નહોતું રાખવામાં આવ્યું. કારણ કે ૩૦ વર્ષે આપણને પાછા મળવાના છે. ૧૯૯૮ પછી પીપાવાવ પોર્ટ જે છે એ પોર્ટના શેર્સ વેચી દેવાયા અને એના ઉપર કોઈ પરદેશની કંપની આવીને કાર્ય કરે. મુંદ્રાની અંદર આપણે જેમને અદાણી પોર્ટ લિમિટેડ સાથે જોઈન્ટ વેન્ચર્સ હતું એમાંથી આપણો શેર પાછો ખેંચી લીધો અને એના અંદર એમને જે જમીનો આપેલી એ જમીનો કાંઈ ટ્રાન્સફર થઈ ગઈ, કોઈ પી.એલ.ઓ. કંપનીને અને પી.એલ.ઓ. કંપની આખી દુબઈ પોર્ટ નામની કંપનીએ લઈ લીધી. આ રીતે

દરિયા કિનારાની અંદર જે સેફટી છે એના ઉપર પણ એક ખતરો ઊભો થાય. આજે મેરિટાઈમમ બોર્ડે સમયસર એમને કહ્યું, નોટિસ પણ આપી કે ભાઈ તમે આ અમારી જાણ વગર ટ્રાન્સફર કરેલું છે એના માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં? એના માટે થઈને આ બિલ જ્યારે આવ્યું છે ત્યારે મારે ઘણી બાબત કહેવાની છે. જ્યારે દરિયાની ઊંડાઈને આધારે દરિયા કિનારાની કિંમત હોવી જોઈએ. ૩૦ વર્ષે આપણને પાછું આવવાનું છે એ ભરોસે આપણે દરિયા કિનારાનો અમુક ભાગ આપેલો હતો. પોર્ટ બક અપ એરિયામાંથી ખસીને જેટીના ઉપર નવી જેટીઓ બનાવાય અને એના માટેનું તમને કાંઈ ના મળે?

માનનીય અધ્યક્ષશ્રી, કંડલા પોર્ટ તરફથી હમણાં એક જાહેરાત આવી છે. માનનીય મંત્રીશ્રીને જણાવું કે ૩૦૦ - ૩૦૦ મિટરની ચાર જેટી ટુના પોર્ટ ઉપર એ ત્યાં બનાવી રહ્યાં છે અને પોર્ટ બક અપ એરિયા ૪૦,૦૦૦ મીટરનો એક જેટી ઉપર એટલે ૧૦ વેગનો માટે આપવામાં આવે છે. આપણે મુંદ્રાની અંદર ૩૦૦ એકરનો પોર્ટ બક અપ એરિયા આપવામાં આવ્યો એ જાણે ઓછો પડતો હોય એ પ્રમાણે ૫૦૦ એકરની એક બીજી જમીન છે એ પોલીમર્સના કારખાના માટે અને એના માલના સ્ટોરેજ માટે આપવામાં આવેલી. એ જમીન ૧૯૯૮ પછી આ પોર્ટ બક અપ એરિયા માટે થઈને ટ્રાન્સફર કરી દેવામાં આવી. દરિયા કિનારો કેટલો કિંમતી હોય છે એનું એક માત્ર ઉદાહરણ આપવા માગું છું મહારાષ્ટ્રની અંદર રહેવાસ એક ખાનગી ધોરણે ડેવલપ થઈ રહ્યું છે. રહેવાસનું પોર્ટ ત્યાંનું મહારાષ્ટ્ર મેરિટાઈમ બોર્ડનું છે એણે કોઈને આપેલું. એના શેર્સ રિલાયન્સ અને જયકોએ લીધા અને ચાર મીટરનો દરિયો ૧૪ મીટરનો કરવા માટે થઈને બે હજાર કરોડ રૂપિયાનું ખર્ચ થવાનું છે. જ્યારે આપણો મુંદ્રાનો દરિયા કિનારો છેને એ ૧૬-૧૭ મીટરનો એનો ડ્રાફટ છે એ ડ્રાફટની આપણને કોઈ કિંમત નહિ? આપણે રૂપિયો મીટરે એને જમીન આપી દઈએ? એમાંથી જો મેરિટાઈમ બોર્ડની તિજોરીમાં પૈસા આવવાના હોયને, ૩૦ વર્ષે એ પોર્ટ આપણને પાછું આપવાના હોયને તો લેખે લાગે. આજે ૩૦ વર્ષે પોર્ટ પાછું આવશે કે કેમ એની ખાતરી આ ગૃહની અંદર તમે આપી શકો તેમ છો? અત્યારે આપણે પાસે જે રકમ જમા આવી રહી છે એનો આંકડો આપણે લેખિત કરીએ તો ૨૦૦૦ થી ૨૦૦૫ સુધીમાં માત્ર ૧૪ કરોડ રૂપિયા ફંડ રોયલ્ટીના જમા થયા છે. ૨૦૦૫ પછી જે જમા થયા હશે એના અમે આંકડા આપી શકીએ તેમ નથી એનું કારણ કે મેરિટાઈમમ બોર્ડે એના એન્યુઅલ રિપોર્ટ આ ગૃહની અંદર આજ દિન સુધી સબમીટ નથી કર્યા. ૨૦૦૫-૦૬ ના જે હિસાબી રિપોર્ટ અને વહીવટી રિપોર્ટ સબમીટ કરવા જોઈએ એ હજુ આ ગૃહની અંદર રજૂ નથી કર્યા. આજે તમામ કોરપોરેટ જે છે એ દર ત્રણ મહિને એના હિસાબો જે છે એ સેટલ કરીને અખબારમાં એ જાહેરાત આપે છે કે ત્રણ મહિનાનો વહીવટી હિસાબ શું છે, એમાં ટેકસ કેટલો જવાનો છે, શું કરવાનું છે પણ ગુજરાત સરકારનું આ સાહસ જેની પાસે અમે ખૂબ મોટી અપેક્ષાઓ રાખી હતી, અને એના કરતા પણ અમે કોઈ કાગળ લખીએને એનો ૮-૧૦ મહિના સુધી જવાબ ના મળે? આ કોઈ અમારાં અંગત હિતો માટે નહિ. રાજય સરકારની આવક જયાં ડ્રેનઆઉટ થતી હોય એને રોકવા માટે અમારે આધારો જોઈતા હોય તો અમે પત્ર લખીએ અને એનો પણ જવાબ ન મળે તો મંત્રીશ્રીને મારે કહેવાનું કે આપ તો બહુ સક્ષમ છો, સમજદાર છો, આપે હમણાં જે આંકડા આપ્યા.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

એ આંકડાને અને મેરીટાઈમ બોર્ડ અંગેના આજના બીલને કંઈ લાગેવળગે નહીં તેમ છતાં આપે આંકડા આપ્યા તો હું તો એટલું જ કહેવા માગું છું કે ૨૦૦૩-૦૪ની અંદર ૨૪૦૦૦કરોડ આપણા રાજયમાંથી ટેક્ષમાં જતા હતા અને અત્યારે ૪૫૦૦૦કરોડ રૂપિયા જાય છે. એને અને આ મેરી ટાઈમ બોર્ડની વિગતને કોઈ સબંધ નથી એટલા માટે કે ત્યારે યુ.પી.એ. સરકાર આવી. ૨૦૦૪થી આપણા રાજયને શેરીંગનો વધારો થયો છે. એન.ડી.એ. સરકાર વખતે જયારે ૨૪૦૦૦કરોડ હતા ત્યારે માત્ર ૧૮૦૦કરોડ રૂપિયા જ આપણને કેન્દ્રના કરવેરામાંથી આપણો ભાગ મળતો હતો. સન્માનનીય વજુભાઈ વાળા પણ હાજર છે અને રાજયના તમામ લોકોએ બારમા નાણાપંચ પાસે આ મુદ્દો રજૂ કરેલો હતો કે અમને ઈકવલ શેર બીજા રાજયોની જેમ મળવો જોઈએ. ઈકવલ શેર તો મહારાષ્ટ્ર અને ગુજરાતને નથી મળતો પરંતુ એ પછી ૨૦૦૪-૦૫ પછી ૧૮૦૦ કરોડમાંથી ૨૩૦૦કરોડ અને ૨૩૦૦કરોડમાંથી ૩૦૦૦ અને આજે લગભગ ૬૦૦૦કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી મળે છે. ૨૪૦૦૦કરોડની સામે માત્ર ૧૮૦૦કરોડ રૂપિયા મળતા હતા અને ૪૫૦૦૦કરોડ સામે ૬૦૦૦કરોડ મળે છે એનું પ્રપોશન આપ જ નકકી કરો એટલું જ મારે એમને કહેવાનું છે કારણકે બહુ વાચાળ છે, વિદ્વતા પણ એમની પાસે છે, વિદ્વતા માટે અમને માન છે. આ ગૃહના બધાના એ બહુ સર્વ મિત્ર પણ છે. પરંતુ જયારે આ બીલ આપણી સમક્ષ રજૂ કર્યું ત્યારે એમનું લેશન ઓછું હોય કે એમને માહિતી ઓછી આપવામાં આવી હોય એટલું જ મારે એમને કહેવાનું છે. હજુ તો મારે ઘણું કહેવાનું છે કારણકે આ દરિયા કિનારા સાથે તો મારે, અર્જૂનભાઈને અને શકિતસિંહભાઈને ઘરોબો છે કારણકે અમે દરિયા કિનારાના છીએ. મારા મત વિસ્તારમાં પણ મીઠાના અગરો છે, નાનકડા જુના બંદરો વગેરે હતા એ રાહ જુએ છે કે કયારે આ મેરીટાઈમ બોર્ડ અમારો ઉદ્ધાર કરે. મેરીટાઈમ બોર્ડ આ નાના બંદરોના ઉદ્ધાર માટે હોય છે. વારંવાર એમનું ધ્યાન દોરેલું છે અને કયારેય ના નથી કહેતા. માંડવી બંદરે જહાજવાડાનું એક બોર્ડ લગાવેલું છે. હું ત્યારે ધારાસભ્ય હતો અને પૂર્વ મુખ્યમંત્રી માનનીય સુરેશચંદ્ર મહેતાના હાથે ત્યાં ખાતમૂહુર્ત થયેલું નવો જહાજ વાડો બનાવવા માટે. એ જહાજવાડાનો પથ્થર તો ત્યાં છે જ પણ ત્યાં બીજું કાંઈ

થયું નથી. મેરી ટાઈમ બોર્ડ દ્વારા આ ખાતમૂહુર્તનો સમારંભ યોજવામાં આવેલ હતો. આજે પણ હું હમણાં ચારેક દિવસ પહેલા માંડવી ગયેલો ખાનગી વહાણવટીઓ ત્યાં વહાણ બનાવે છે. જો જહાજવાડો ત્યાં ઉભો કરવામાં આવ્યો હોત તો આપણી પરંપરાગત દેશી વહાણવટાની જે પદ્ધતિ છે એને વેગ મળી શકત. પોરબંદરના ખારવાઓ હોય, કચ્છના માંડવીના ખારવાઓ હોય એમની કાર્યદક્ષતા જે છે એની વિશ્વભરમાં નામના છે. આજે યાતાયાત માટે દરિયાનો ઉપયોગ છે એ શ્રેષ્ઠ ઉપયોગ છે. આપણે ત્યાંથી દુબઈની ખેપો કરનારા અનેક નાના દેશી વહાણો ખેપ કરે છે. એની અંદર પાંચસોથી હજાર ટનનો માલ અહીંથી જતો હોય છે. આજે મહાબંદર ઉપરના ટ્રાફિકનું જે ભારણ છે એ ભારણ ઓછું કરવા માટે થઈને પણ આ બંદરોનો વિકાસ એ ખૂબ જરૂરી છે અને આ બંદરોના વિકાસની અંદર આવક જો વાળવામાં આવે તો ટેક્ષનું કોઈ ભારણ આવી શકે નહીં કારણકે ટેક્ષ પ્લાનીંગની અંદર એમણે આ કોઈને શીખવવા ન જવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જો મારી બાબતો, હું કહું છે એ બાબતો ઉપર ધ્યાન આપે કે આજે ડેવલપમેન્ટની અંદર જે પૈસા વાળવામાં આવે સામાન્ય રીતે તમારી કમાણીના પૈસા પાંચ વર્ષ માટે પણ ડેવલપમેન્ટ પાછળ ખર્ચવામાં આવે તો ટેક્ષનું ભારણ નથી અને હવે તો ટેક્ષ પહેલાનો જે નફો છે એના ૩૦ટકા રાજય સરકારે એના પોતાના કલ્યાણકારી ફંડમાં લઈ જવાનું છે. ૩૦ટકા કોર્પોરેટ સેકટરની આપણી જે કંપનીઓ છે એનો ૩૦ ટકા નફો તો તમે લઈ જવાના છો પછી તમારે આ બીલ લાવવાની કયાં જરૂર જ પડે? અને કદાચ જો કમાણી વધુ થાય અને ટેક્ષમાં એ પૈસા જવાના હોય તો આખરે તો ભારત દેશની તિજોરીમાં જવાના છે અને એમાંથી આપણને વળીને પાછા આવવાના છે અને તમે જે કહયું એ પ્રમાણે તો તમે ખૂબ આશાવાદી છો. કયારેને કયારેક આ ચગડોળની જેમ છે. ચગડોળમાં ઉપર હોય એ નીચે આવે અને નીચે હોય એ ઉપર આવે એવું થાય ત્યારે તમે આ રાજયને માટેની આવકો વાળવામાં સૂચન કરજોને. આ રાજયની અંદર દરિયા કિનારો છે.એના માટે થઈને રાજય સરકારની આવકનું સાધન છે, જે રાજયને દરિયાકિનારો નથી. એ આ પૉર્ટની વાત નથી કરી શકે એમ. એના ઉપરાંત યાતાયાત માટે થઈને દહેજ ઘોઘાની ફેરી સર્વિસ હોય કે માંડવીથી સુરતની ફેરી સર્વિસ હોય કે માંડવીથી જામનગરની હોય આપણે શા માટે ખાનગી ઠેકેદાર ઉપર ડિપેન્ડન્ટ રહીએ છીએ? શા માટે મૅરી ટાઇમ બોર્ડ જોખમ લઈને એ રોડની કે ફેરી સર્વિસ શરૂ નથી કરતી. આજે રોડ ઉપરના એક્સિડંટ વધતા જાય છે. એ વખતે જો માંડવીથી કે મુંદ્રાથી જામનગર જવું હોય તો માત્ર બે કલાકની અંદર દરિયાઈ માર્ગે જઈ શકાય, તેવી સવલત છે. દહેજથી ભાવનગરની વાત જૂની છે. એની અંદર ખાનગી ઠેકેદાર આવે છે એ આવે છે કુદરતી રીતે એમને કોઈકને કોઈક મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને ગુજરાત મૅરી ટાઇમ બોર્ડની શરતોનું પાલન ન કરી શકે એના માટે થઈને અને એમના પાર્ટીનું ડિફોલ્ટર થઈ ગયા છે, ક્યાંક એમની ઉપર કરજ વધી ગયું છે. તો આ મૅરી ટાઇમ બોર્ડ એ કમાતું કૉર્પોરેશન છે. વેલ્ફેર માટે થઈને થોડી નુકસાની વેઠી શકે તેવી ક્ષમતા છે. શા માટે ઉપયોગ નથી કરતા? હમણા અર્જુનભાઈએ કહ્યું કે ૮-૧૦ કરોડ રૂપિયા કોઈ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ પાછળ મૅરી ટાઇમ બોર્ડ ખર્ચે એના બદલે બંદરો ઉપર એમના જે કર્મચારીઓ હાર્ડશીપમાં રહે, એમની કૉલોનીમાં સવલતો આપો. જે બંદર ઉપર હાર્ડશીપની અંદર એમના જે કર્મચારીઓ રહે છે એની અમને જાણ છે. એમના બાથરૂમ કે ટોયલેટ માટે પણ મૅરી ટાઇમ બોર્ડમાંથી પૈસા ખર્ચવાના ન હોય, તો ટેક્સની અંદર પૈસા કયાંથી આવશે? આ નાણાની છોળ છે એ વાત છે તે ગયા દિવસોની હશે. આવતા દિવસોની અંદર બધી જ આવકો છે. આજે દર ૫ વર્ષે આપણે ત્યાં એના માલસામાનની યાતાયાત કે વોટરફ્રન્ટ રૉયલ્ટીના ભાવોના આપણે દર નક્કી કરીએ છીએ. ૧૯૯૪ માં જે દર હતો એ ૧૯૯૮ માં આશ્ચર્યજનક રીતે ઓછા કરી દેવામાં આવ્યા અને જે આપણા બંદરો હતા, એના ઉપરના ૧૯૯૪ સુધી આપણા યાતાયાતના દર હતા, એ આપણા બંદરો ઉપર ઓછા હતા. મીડ સ્ટ્રીમમાં જઈને લોડિંગ કરવાનું હોય અને ખર્ચ થાય એના માટે થઈને કારણ કે દરિયો દરેક ઠેકાણે ૧૨-૧૪ મીટર ઊંડો નથી હોતો. કોઈક ઠેકાણે ૪ મીટરનો દરિયો છે, એટલે ત્યાં ટ્રક મારફત માલ ભરી અને મીડશીપમાં લોડિંગ કરવું પડે, એના માટેના દર ઓછા હતા. ૧૯૯૮ માં આપની આ પાર્ટીની સરકાર આવી પછી આશ્ચર્યજનક રીતે આપણા બંદરો ઉપરના દર વધારવામાં આવ્યા અને જે બીજા બંદર ઉપર હતા એના દર ઘટાડવામાં આવ્યા. ૨૦૦૩ માં કોઈ કન્સલ્ટન્ટને કામ સોંપ્યું દર ૫ વર્ષે વધારવાનું. એમના સૂચન પ્રમાણે જે દર આવ્યા એની અંદર પણ પાછળથી અને એના માટે પાછળથી ફેરફાર થયા છે. એના માટે મૅરી ટાઇમ બોર્ડમાં આના કારણે કેટલી આવક ઓછી થઈ છે. એના મેં આંકડા માગેલા તો મને કહેવામાં આવ્યું કે એના કારણે ૫૧૮ લાખ રૂપિયાની આવક વધુ થઈ હોત જો આપણે દર ઓછા ન કર્યા હોત તો. ૫૧૮ કરોડ રૂપિયાની આવક એટલે કે ૫૧ હજાર લાખ રૂપિયાની આવક જે છે એ વધુ થઈ છે એ આપ તપાસ કરો કે આ દર ઓછા કરવાનાં કારણ શાં હતાં. આ કોને લાભાર્થે હતું? એટલા માટે થઈને કોઈ પૅટ્રોલિયમ કંપની માટે નહિ, પણ એની અંદર વોટરફ્રન્ટ રૉયલ્ટી એની અંદર ૧૦ રૂપિયાના ૫ કરવામાં આવ્યા અને સોલીડ કાર્ગો અને સ્કેપની અંદર પણ કરવામાં આવ્યા. એસ્સારનો ટ્રાફિક આવ્યો હોત તો હજી તમારી આવક વધુ થઈ શકી હોત. એસ્સારની રીફાઈનરીનું પ્રોડકશન શરૂ થાય અને ત્યારે આપણો એ જે દરિયામાં સિંગલ મોર્લિંગ વોએજ એ આપણા દરિયાની હદમાં ન હોય,પણ કંડલા પૉર્ટ ટ્રસ્ટની હદમાં એનો ઉપયોગ કરે અને આપણે કઈ ન કરી શકીએ તો આપણે એમને ટેક્સની રાહતો આપવા માટેની શી જરૂર છે? આ મુદો પણ માનનીય મંત્રીશ્રી પોતાના

પ્રવચનની અંદર જવાબ આપે, કાં તો વિચારવાની ખાતરી આપે જેથી કરીને આવતા દિવસોમાં મૅરી ટાઇમ બોર્ડની આવકો વધશે તો એમાં અમે તમને રોકી શકવાના નથી, બહુમતીના આધારે. પરંતુ મૅરી ટાઇમ બોર્ડ પાસે આવકો રહે એની અંદરથી ડૅવલપમૅન્ટ થાય તો હજી નાના બંદરોનો વિકાસ તમે કલ્પો નહીં એટલો થઈ શકે. આજે નાના બંદરોનો વિકાસ છે તેમાં છ બંદરોના વિકાસની વાત કરીએ છીએ તેમાં ઓફરો લઈએ છીએ તેમાં કેટલાનું ફાઈનલ કર્યુ. પોશીંદ્રા આપણને ૧૯૯૭ની અંદર કોઈ શીપીંગ કોર્પોરેશનને આપેલું અને તે એન્વાયરમેન્ટની પ્રક્રિયાની અંદર અટવાઈ પડયું અને તેમાંથી બહાર નીકળી ન શકયું. ૩૮૦૦ કરોડ રૂપિયાનું રોકાણ પોશીત્રા પોર્ટની અંદર થવાનું હતું અને તેને સંલગ્ન સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન મંજૂર થવાનું હતું તે ન થઈ શકયુ. તેના કારણે મેરીટાઈમ બોર્ડને કોઈ ઉત્સાહ ખરો પોર્ટ ડેવલપમેન્ટ માટે? આટલું મોટું પોર્ટ આપણા સૌરાષ્ટ્રના દરિયા કિનારે થવાનું હોય તો સૌરાષ્ટ્રનો વિકાસ આપોઆપ થાય. આજે આપણે સૌરાષ્ટ્રના વિકાસની વાત કરીએ તો પીપાવાવની અંદર ત્રીજું જે ગેસ ટર્મિનસ આવવાનું હતું એલ.પી.જીના દહેજ અને હજીરા બંદર ઉપર આવ્યા. પણ પીપાવાવની અંદર જે આવવાનું હતું તે લાવી શકાયું નહીં અને આ ત્રણ ટર્મિનસો જે મિટીંગની અંદર નકકી થયા તેમાં હું પણ હાજર હતો અને પીપાવાવમાં જો ગેસનું ટર્મિનર્સ આવે તો ઓટોમેટીકલી તે સૌરાષ્ટ્રના પછાત વિસ્તારના ઔદ્યોગિકરણને વેગ મળે આ દ્રષ્ટિએ હતું .તેની અંદર પણ મેરીટાઈમ બોર્ડનો કયો રોલ હતો? સરકારનો કયો રોલ હતો તેની સ્પષ્ટતા માનનીય અધ્યક્ષશ્રી આ બિલના જવાબની અંદર અપેક્ષા રાખું છું. આ બિલ ઉપર ખૂબ વિદ્વાન મિત્રો શકિતસિંહજીભાઈએ જે એચ.એમ.ત્રિવેદી સમિતિની વાત કરી આ બધા ગુજરાતના હિતની ચિંતા કરનારાઓની આ પ્રક્રિયા હતી અને તે પ્રક્રિયાને આપણે આગળ વધારીએ, આપણે ઘડીયાળના કાંટા પાછા ન મૂકીએ, આ બંદરોનો લાભ ગુજરાતની તિજોરીમાં થાય, કોઈ ખાનગી પાર્ટીઓને ન થાય. મેં જે પત્ર લખ્યો છે તેની અંદર તેનો જવાબ મને મળ્યો હોત તો ઘણું કહી શકત.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ આપ જેવા વિદ્વાન સભ્ય પુનરોકિતથી બહાર રહે. બહુ પુનરોકિત થાય છે. બિલની ચર્ચામાં થાય છે. રોકતો નથી પણ પુનરોકિત તે બિલની ચર્ચામાં અનિવાર્ય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ ગૃહના તમામ લોકોની ચિંતા છે તે રાજયની આવકો વધે એટલા માટે હોય અને આ બિલથી રાજયની આવકો કોઈ વધવાની નથી. એના બદલે આ મેરીટાઈમ બોર્ડ છે તેના વહીવટની ખામીઓ સુધારે, એક ખાનગી પોર્ટ જે હોય તેનો ખર્ચ કેટલો થયો

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહ અને માધુભાઈ બંને જણા વડોદરામાં મળજો અહીં નહીં.

**શ્રી બાબુભાઈ મે. શાહ**: આપે યાદ દેવડાવ્યું એટલે એક મુદ્દો કહેવો છે. કોઈપણ ખાનગી પોર્ટ હોય તેની અંદર ખર્ચ કેટલું થયું છે તેના આંકડા આજદિવસ સુધી નકકી થઈ શકતા નથી. કોઈ ઠેકાણે ૬૦૦ કરોડ રૂપિયાના આંકડા આવે તેની ચકાસણી કરવા માટે મોકલાવીએ અને એક વર્ષે ચકાસણી થઈ આવે અને તેમાં ખામી હોય. આપણી પાસે અધિકારો છે તેનું કેટલું ખર્ચ નકકી કરવું તે આપણા અધિકારની વાત છે. આ જયારે જયાં સુધી તેના ખર્ચના આંકડા નકકી નહીં થઈ શકે ત્યાં સુધી આપણે તેનું ડેફીશીએસન કઈ રીતે લઈશું. આજે આના ઓડીટ પેરાની અંદર હંમેશાં એક માર્ક થાય છે કે આનું ડેફીસીએશન કેટલું છે તે દર્શાવવામાં આવતું નથી અને ગુજરાતના મેરીટાઈમ બોર્ડની અને સરકારની હંમેશાં ટીકા થાય છે. કેન્દ્રના સી.એ.જી. તરફથી ઓડીટ પેરા આવે છે તેમાં છેલ્લે ૯૦૦ કરોડ રૂપિયા આ ડેફીસીએશનના કયા ખાતામાં લખેલા છે તે બતાવી શકેલા નથી. આ ૨૦૦૪-૦૫ સુધીનું છે. ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના રિપોર્ટ આવશે ત્યારે પ્રકાશ પાડી શકીશું. વધુ બોલવાનું હતું તે આ રિપોર્ટ આવ્યા હોત અને મેં પત્ર લખેલ છે તેની માહિતી આવી હોત તો વધુ કહી શકત પણ દુ:ખ સાથે કહું છું કે આજે જયારે આ ચર્ચાની માગણી કરી હોય ત્યારે આ વિગતો મારા સુધી પહોંચી નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર અધિનિયમની જોગવાઈઓને બદલવા અંગેની ચર્ચામાં ગૃહના સન્માનનીય સભ્યોશ્રી શકિતસિંહ, પ્રો.વસુબેન, માનનીય સિધ્ધાર્થભાઈ, માનનીય અર્જુનભાઈ, માનનીય બાબુભાઈએ જે અભ્યાસપૂર્ણ સૂચનો કર્યા છે. : એની મેં ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈની વાત સાચી છે કે, આ રાજયનો, દરિયાઈ વિકાસનો, દરિયાઈ ખેડૂઓનો એક ઈતિહાસ છે, ગુણવંતલાલ માધવલાલ આચાર્યને એમણે યાદ કર્યા, સરફરોજ, દરિયાલાલ, હરારી કે પછી નાનજી કાળીદાસની આત્મકથા, મારી અનુભવ કથા વાંચીએ તો આ બાબત, આપણને ખ્યાલ આવે કે ગુજરાતનું વહાણવટુ અને ગુજરાતનો દરિયાકિનારો એ કેટલો ગૌરવવંતો ઈતિહાસ ધરાવે છે. માનનીય બાબુભાઈની એ જે વાતો છે એની સાથે સહમત થયા રહેવાતું નથી. માત્ર માનનીય બાબુભાઈને માનનીય અધ્યક્ષશ્રી આપના થકી મારું સૂચન એટલું જ છે કે, મુંબઈથી માંડવી જો એમનું હેડકવાર્ટર બદલી નાંખે તો ઘણા બધા પ્રશ્નોનો ઉકેલ આવી જાય એવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા સમગ્ર જે છે એ, અને એનું હાર્દ, એનું હાર્દ શેના માટેનું છે, માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દો છે ચર્ચાનો તે ચર્ચાનો મુદ્દો રાજયના વિકાસમાં રાજયના એક સાહસ દ્વારા ઉભા થતા નાણાં કેમ વધારે વપરાય તે અંગેનો છે, આટલા મર્યાદિત ચર્ચા પૂરતી જ આ ચર્ચા હતી. આ મુદ્દાઓ અને એને લગતા ઉપાયો જે તે સરકારો, આ પહેલી વખત આ કરે છે? આ સન્માનનીય સભાગૃહને હું યાદ દેવડાવવા માગું છું કે,

૧૯૬૦ના મધ્યમાં આ રાજય હજુ અલગ રાજય બન્યું હતું, તેવા વખતે ભૂલથી એકાદ વખત એસટીએ નફો કર્યો હતો અને ત્યારે એના ઉપર પેસેન્જર ટેકસ નાખ્યો, અને એ વખતે નફો રાજયની તિજોરીમાં લઈ આવવાનું કારણ અમે જે આ બિલ માટે આજે કહીએ છીએ એ જ હતું. તો માનનીય અધ્યક્ષશ્રી, તે પાંચ ટકાનો વધીને પચીસ ટકા થયો, એ પાંચ ટકાનો પચીસ ટકા ટેકસ કરનારા, સામાન્ય માણસની મુસાફરી ઉપર બોજ નાખનારા માણસો આજે જયારે કોઈના ઉપર બોજ નાખ્યા વગર રાજયનાં નાણાં રાજયના ખર્ચમાં વપરાય તેના માટેની વાત લઈને આ રાજય સરકાર આવી છે ત્યારે આપણે એમ કહીએ છીએ કે ના, કેન્દ્ર સરકાર લઈ જતી હોય તો ભલે લઈ જાય, દેશ વિશાળ છે, અને આપણે દેશની વિશાળ ભાવનાઓ પ્રમાણે ચાલવાનું છે, અને રાજયના ખર્ચામાં નાણાં હોય, નહીં હોય,કંઈ વાંધો નહીં, આવશે, નહીં આવે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈને કહેવા માગું છું જે સિધ્ધાંતને અનુસરીને તમે એસટીમાં પેસેન્જર ટેકસ નાખ્યો હતો બિલકુલ તે સિધ્ધાંતને અનુસરીને અમારે આ ટેકસ નાખવાની ફરજ પડી છે અને ફરજ પડી છે એના કારણો છે, માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧-૪-૨૦૦૨ સુધી કોઈ ટેકસ, વેરો લાગતો ન હતો, એને સ્પેશિફિક લોકલ ઓથોરિટી ગણીને એની આવકોને વેરામાંથી મુકિત આપવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ૧-૪-૨૦૦૨માં આ નાણાકીય બિલમાં આ જોગવાઈ દૂર કરી નાખવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, એ વેરો ન લાગે એના માટે મેરી ટાઈમ બોર્ડ ટ્રીબ્યુનલ પાસે ગયું, ટિબ્યુનલમાં મેરીટાઈમ બોર્ડ જીત્યું કારણ કે એની વાત વાજબી હતી કે સ્પેશિફાઈડ લોકલ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી, આ નહીં અનુકુળ આવ્યું માટે ભારત સરકાર સુપ્રિમ કોર્ટમાં ગઈ, અને સુપ્રિમ કોર્ટમાં ડીસેમ્બર, ૨૦૦૭માં ચૂકાદો આવ્યો ત્યારે પણ મેરીટાઈમ બોર્ડ જીત્યું. માનનીય શકિતસિંહજી, આપ જે વાત કહોછોને કે અભણ માણસ ખોટું કરે તો પકડાય, તો વધારે ડાહયો માણસ આ દેશનો સુપ્રિમ કોર્ટનો એક સક્ષમ ધારાશાસ્ત્રી, આ દેશનો એક અત્યંત કુશળ અર્થશાસ્ત્રી હાવર્ડ જેવી યુનિવર્સિટીમાં ભણી આવી અને આ દેશના અર્થશાસ્ત્રનું સુકાન સંભાળનાર માણસ જયારે ખોટું કરેને શકિતસિંહજી ત્યારે એ નથી પકડાતો. અને એમણે આ ગુજરાતે જે સુપ્રિમ કોર્ટમાં જીત મેળવી એના ઉપર પાણી ફેરવી વાળ્યું, ૧-૪-૨૦૦૮નું જે ફાઈનાન્સ બિલ આવ્યુંને એણે બધાનો એક સુપ્રિમ કોર્ટના જે કંઈક જજમેન્ટ હતા એને એક બાજુ મૂકી એને વળી પાછી આવકોને ટેકસમાં પેલામાં નાખી દીધી, માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ બિલ લાવવું પડયું છે. અને આ કોઈ વધારે પડતા ભણેલા માણસે કરેલું વધારે પડતું મોટું નુકસાન આ રાજયના સામાન્ય માણસને જે નાણાં મળવા જોઈએ એ નાણાં મળતા ન રોકે અને એ રસ્તા પર અગાઉની સરકારો ચાલતી હતી એજ કેડીએ ચાલીને જો એસ.ટી. ઉપર પેસેન્જર ટેક્સ નાખી શકાતો હોય ૧૫ ટકાથી ૨૫ ટકા સુધી એને વધારી શકાતો હોય તો આ તો કોઈના ગજવા પર બોજ પડવાનો જ નથી. આ જે બોજ છે એ આવક ઉપર પડવાનો છે. એ આવક પર બોજ નાંખ્યા પછી પણ મારે આ સન્માનીય ગૃહના સભ્યશ્રીઓને કહેવું છે કે, મેરીટાઈમ બોર્ડના ભવિષ્ય બાબતમાં એમણે જે ઉચ્ચરણો કર્યા છે એ ઉચ્ચારણો સાચા પડવાના નથી. મારી પાસે એના રેવન્યું પ્રોજૅકશન છે ૨૦૦૮-૦૯માં મેરીટાઈમ બોર્ડની આવકના પ્રોજૅકશન છે સેલ્સટેકસના ચાર્ટ ૩૬૩ જી.એમ.બી.ની ટોટલ ઈન્કમ ૧૯૨, કુલ ૫૫૫ જી.એમ.બી.ની ઈન્કમ ૩૩૭ અને ૧૫ ટકા એમને જે એડમીસ્ટ્રેશન ચાર્જીસ મળવાના છે એ ૫૪.૫૬ કરોડ મળવાના છે પછી જી.એમ.બી.ની ટોટલ આવક ૧૯૨.૪૯ કરોડ થવાની છે અને નફો ૫૪ કરોડ થવાનો છે. આ નાખ્યા પછી પણ ૫૪ કરોડ રૂપિયા બધાજ ખરચાઓ બાદ કર્યા પછી જી.એમ.બી. પાસે રહેવાના છે અને ૨૦૧૨-૨૦૧૩ સુધીમાં આ ૫૪ કરોડ વધીને ૧૮૬ કરોડ થવાના છે માનનીય બાબુભાઈ મારી પાસે I have got the projections. આપને જો જરૂરી જણાય તો ઓફિશિયલી મારી આપને મોકલી આપવાની તૈયારી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈને માત્ર વિગતો આપવાની જ મેં ઑફર કરી છે. માનનીય સભ્યશ્રીની ક્ષમતા કે જો એમના હાથમાં વહીવટ આવે તો ૧૮૨ કરોડનું પણ શૂન્ય નાંખે એમાંય મને શંકા નથી, સ્વીકારુ છું. ક્ષમતાની વાત છે કદાચ થઈ શકે. પણ, માનનીય અધ્યક્ષશ્રી, મૂળ વાત છે, મૂળ સવાલ છે પ્રિન્સિપલનો. The principle on which the earlier governments worked, the principle on which tax the planning tools are planned and the principle on which these kinds of taxation matters . When you win in Appellate then you go to Supreme Court, when you win in Supreme Court, there is a special dispensation claim for you to deprive you of the legitimate right that your income was exempt from the taxes, a special dispensation is made through the budgetary instrument એવા સમયે જો કેન્દ્ર સરકાર પોતાનું ડિસ્પેન્સેશન વાપરી શકતી હોય તો મારે મારા સાથી મિત્રોને કહેવું છે કે, let us have that courage, let us have that kind of a feeling. કે નહીં રાજય સરકારના પણ અધિકારો છે અને રાજય સરકાર જેમના બળે ચૂંટાઈને આવે છે તેના માટે અમે અમારા અધિકારો વાપરવા માટે અમે તૈયાર છીએ. કેમ આપણને આપણું પેટમાં નથી બળતું ? કેન્દ્ર સરકારનું આપણને પેટમાં બળે છે, રાજયનો સામાન્ય માણસ આપણને ચૂંટીને મોકલે છે અહીંયા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, My first responsibility is to that common man in Gujarat. Later comes the taxation issue, later comes the contributions etc. My first responsibility is that every penny must go towards

that common man અને એટલા માટે સર, આ જે ભય વ્યક્ત કરવામાં આવ્યો છે એ ભય વાસ્તવિકતા સાથે સુસંગત નથી. મેરીટાઈમ બોર્ડની સ્વાયત્તતાને આનાથી કોઈ જ અસર થવાની નથી. માનનીય સિધ્ધાર્થભાઈએ કે મેરીટાઈમ બોર્ડની આનાથી સ્વાયત્તતા ઝૂંટવાશે અને એના કારણે સરકાર પાસે આ નાણાં આવે તો એનો ગેર ઉપયોગ થશે. તો સરકાર વેચાણ વેરો અને બીજા વેરાઓ થકી પણ જે નાણાં ઉઘરાવે છે એના માટે પણ આ જ તર્ક લાગુ કરી શકાય. સરકારની તિજોરીમાં આવતા નાણાં જેનો એકેએક પૈસાનો હિસાબ આ સન્માનીય ગૃહ લે છે જેમાં મારા મિત્રો પણ સામેલ છે, જેની રજા વગર એક પૈસાનો વેરો નાંખી શકાતો નથી, જેની રજા વગર એક પૈસો પણ ખર્ચી શકાતો નથી એ સન્માનીય ગૃહના માનનીય સભ્યશ્રી એવું કહે કે, સરકારની તિજોરીમાં કોન્સોલીડેટડ ફંડમાં નાણાં આવશે તો એનો દુરુપયોગ થશે. How it is possible? I think let us have some faith in our own ability to check that. આપણે આપણી પોતાની ક્ષમતા, આપ સૌની જાગરૂકતામાં મને વિશ્વાસ છે I salute your competence. મને આપની ક્ષમતામાં કોઈ શંકા નથીઅને ક્યાંક સરકાર એ નાણાંનો દુરુપયોગ કરતી દેખાય, આપ અમારા કાન પકડજો, અમને આપને જવાબ આપવા તૈયાર છીએ. પણ સરકાર પાસે નાણાં આવશે માટે એનો દુરુપયોગ થશે મહેરબાની કરીને do not propagate this hypothesis. It is loaded with tremendous danger. That is not worth doing it. અને એટલા માટે સરકાર પાસે નાણાં આવશે તો સુપિરિયરી વપરાશે. મેરીટાઈમ બોર્ડની સ્વાયત્તતાને કોઈ નુકસાન થવાનું નથી. બંદરોની વિકાસની પ્રાથમિકતા એ જે છે તે એ જ પ્રમાણે રહેવાની છે. માનનીય બાબુભાઈએ ઉલ્લેખ કર્યો ઘોઘા-દહેજ રો-રો સર્વિસનો, એમની લાગણી સાથે સુસંગત રહીને It is now fully being implemented by Gujarat Maritime Board. કોઈપણ ખાનગી સંસ્થાને, કોઈપણ ખાનગી પ્રાયોજકને આપ્યા વગર અને ૧૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ દહેજ-ઘોઘા રો-રો સર્વીસની આખીયે યોજના ગુજરાત મેરીટાઈમ બોર્ડના થકી અમલમાં મુકાઈ રહી છે. છેલ્લાં પાંચ વર્ષમાં જે કેપેસીટી વધી છે ૪૫ મિલિયનથી વધીને ૧૯૮ મિલિયન ટન સુધીની થઈ છે એની વાત વારંવાર આવી ગઈ છે I do not want to repeat of that. પણ સાહેબ રોકાણની વાત આવી, ગુજરાતમાં બંદરોના વિકાસનું જ્યારે આ રાજય સરકાર નાંખશે વેરો અને પેસા લઈ લેશે રાજય સરકાર એટલે ગુજરાતના બંદરોનો વિકાસ અટકી જશે તો મારે કહેવું છે કે, બાર હજાર કરોડ કરતાં વધારે છેલ્લાં પાંચ વર્ષમાં બંદરોના વિકાસ માટેનું રોકાણ આ રાજયમાં થયું છે અને આવનાર સમયમાં ૫૦ હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથેના આયોજનો અને એના માટેના પ્લાનિંગ એ વિવિધ તબક્કે છે એટલે ગુજરાતની આ સરકાર, ગુજરાતના બંદરોનો વિકાસ થાય અને ગુજરાતનો જે ટ્રાફિક છે તે વિકસે તે માટે પૂર્ણતયા, ગંભીરતાથી અને સારી રીતે કાર્યરત છે, મેં પહેલાં પણ વાત કરી કે જે કંઈ તકો ઊભી થવાની છે because of the Delhi-Mumbai industrial corridor. I think this is the time what we should be thinking about. In fact I expected that you will say that this is not going to be sufficient. You ask for more money and you put wholehearted effort for the development of the ports હું એવું માનું છું કે, આવનાર સમયમાં ગુજરાતના વિકાસનો પહેલો તબક્કો એ ઉદ્યોગ હતો, છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત એક કરતાં વધારે વખત ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્તમ અને સુશાષિત રાજય છે એ માટેનું recognition રાષ્ટ્રીય કક્ષાએ મેળવી ચૂક્યું છે એનું અમને ગૌરવ છે, ત્યારપછી કૃષિનો વારો આવ્યો, કૃષિના ઉત્પાદનોની આવક નવ હજાર કરોડથી વધારીને ૩૫ હજાર કરોડ રૂપિયા સુધી લઈ ગયા આપણે ત્રણ જ વર્ષમાં, હવે ત્રીજો તબક્કો આવી રહ્યો છે I call it third wave of development that will be taking place along Delhi-Mumbai industrial corridor that will be sea laid growth or port laid growth, whatever you may call it. Water front laid growth for which I think we should be gearing up for over the next one decade. એટલે જે અત્યારસુધી જે વિસ્તારોમાં વિકાસ નથી ગયો એ વિસ્તારોમાં વિકાસ જાય એ માટેની તૈયારીના ભાગરૂપે આ જરૂરી છે. જ્યાં જ્યાં શકય છે ત્યાં બધે, એક ચિંતા એ પણ કરવામાં આવી, માનનીય અર્જુનભાઈની ચિંતા સાથે હું સંમત છું કે પ્રદૂષણના પ્રશ્નો છે અને તેના પ્રત્યે પૂરતું ધ્યાન અપાવું જોઈએ અને માનનીય અર્જુનભાઈને હું આપના થકી કહેવા માગું છું કે, એવો કોઈપણ કિસ્સો હોય કે જેમાં કંઈ બંધ થતું હોય તો આપણે એનું ચોક્કસ ધ્યાન આપીશું પણ આ જે સી.આર.ઝેડ. એપ્રુવલ છે એ ભારત સરકારનું કેન્દ્રીય જે મંત્રાલય છે Environment & Forest એના થકી નિયંત્રિત છે એટલે સાવ બધું જ રાજય સરકાર કરે અથવા મેરીટાઈમ બોર્ડ કરે અને બધું મેરીટાઈમ બોર્ડ કરે છે તે જ ચાલે છે અને એના થકી પ્રદૂષણને ઉત્તેજન મળે છે તે પ્રકારનું કોઈ વલણ છે નહિ. કાર્ગોની વાત કરી છે તેની સાથે મારે એ પણ કહેવું છે કે, મે એ કહ્યું કે આવનાર સમયમાં લગભગ પચાસેક હજાર કરોડ રૂપિયાનું રોકાણ અમે અપેક્ષિત રાખીએ છીએ. એની સાથે સાથે જે અત્યારે કાર્ગો મૂવમેન્ટ છે એ લગભગ ૩૫૦ મિલિયન ટન એટલે ૩૫ કરોડ ટનને વટાવી જશે. એટલે જે અપેક્ષા છે તેનાથી પણ વધારે સારી ક્ષમતા આપણે ત્યાં ઊભી થાય તે પ્રકારની શક્યતાઓ જોઈ રહ્યા છીએ. કેટલીક વાતો કરવામાં આવી ખાનગી અને સરકાર સાથેના સંબંધો અંગેની There is a well laid out model, there is a well laid out system અને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડથી માંડીને બીજા બધા ડિસ્પેન્સેશન છે જે આખી

પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. પણ મારે આપને એવું કહેવું છે સાહેબ કે એક જમાનામાં જે દેશમાં કોઈને કોઈ પણ પ્રોપર્ટી own કરવા સામે પ્રતિબંધ હતો તે દેશ આજે સામેથી બોલાવીને તમને વિકાસ માટે જમીન એલોટ કરતું હોય, તમને રહેવા માટેના કે વિલા બનાવવા માટેના આકર્ષણો રજૂ કરતો હોય તો એ દેશ એટલી બધી તેની પોતાની જે rigidity છે તે છોડીને તે આજે વિશ્વમાંથી દરેક વિકાસના વાહકોને આકર્ષવા માગે છે. તેવા સમયે you are going to change your strategies. You will have to change your strategies અને એટલા માટે there are going to be partnerships. Ports are no more going to remain a single unifocus subject અત્યારે તો તેનું સ્પેશ્યલાઈઝેશન એટલું થઈ રહયું છે પણ પોર્ટનું ઈન્ફ્રાસ્ટ્રકચર એક વાત છે તેની સાથેની લોજીસ્ટીકસ બીજી વાત છે. તેની સાથે કેટલાક કેમિકલ પોર્ટ અને ટર્મીનલ્સ તે ત્રીજી વાત છે અને મારે માનનીય બાબુભાઈને કહેવું છે કે પીપાવાવની શેની વાતો કર્યા કરો છો? ગુજરાતની માગણી અને જે તે વખતના વડાપ્રધાનશ્રીએ ગુજરાતને લેખિતમાં ખાતરી આપી છે કે તમને પીપાવાવનું land fall point આપીશું. આ ગુજરાતનો અધિકાર છીનવાયો છે અને તે છીનવાયો છે તે ગુજરાતના કારણે નથી છીનવાયો તે અધિકાર આપનારી જે એજન્સી છે ભારત સરકારનો કારણે છીનવાયો છે. ચાલો આપણે બધા દિલ્હી જઈએ I am willing to come with you ચાલો let us go to Delhi. ( અંતરાય ) સાહેબ, એક દિવંગત વડાપ્રધાને... અંતરાય...

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ, આપે બાબુભાઈનો પૂરતો જવાબ આપી દીધો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : I am just concluding, સર, એ દિવંગત વડાપ્રધાનશ્રીએ ખાતરી આપી છે એનો અમલ નથી થયો એટલા માટે પીપાવાવ નથી થયું તેમાં મેરી ટાઈમ બોર્ડનો કોઈ વાંક ગુન્હો નથી અને જરૂર જણાશે તો આપણે સાથે રહીને તેના આયોજન માટે વાત કરીશું. ફરી વખત હું આ સન્માનીય સભાગૃહને ખાતરી આપવા માગું છું કે સરકારનો કોઈ ઈરાદો મેરી ટાઈમ બોર્ડની પ્રવૃત્તિને અસર પડે, અથવા તો રાજયના બંદરીયા વિકાસને અસર પડે, અથવા રાજયમાં જે વિકાસ થઈ રહયો છે તેની ગતિને અસર પડે તેને રોકવાનો નથી. કોઈ પણ રાજય આજે જયારે દરેક રાજય કોર્પોરેટ entity ની માફક કામ કરી રહ્યું છે ત્યારે પોતાને પ્રાપ્ત સત્તાઓના અધિકારે, જો પોતાના નાણાં, પોતાના વિકાસ માટે રાખી શકવાને સક્ષમ હોય તો મને લાગે છે કે જે ઉપાય આપણે કરી રહ્યા છીએ that is in the overall interest of the State. And because Gujarat grows, Gujarat is also part of the nation, this is in the overall interest of the country. અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય ગૃહને અને મારા સાથી સભ્યોને વિનંતી કરું છું કે આ એક એવો પ્રસંગ છે કે જે સમગ્ર રાજયના હિતમાં આપણે એક વિધેયક લઈને આવ્યા છીએ આપ સંમત થાવ આપણે સર્વાનુમત્તે તેને મંજૂર કરીએ એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું એક દિવંગત વડાપ્રધાને આપણને જે ખાતરી આપી હતી તે પળાઈ નથી. તે પછીના પિરિયડમાં જે એન.ડી.એ.ની સરકાર આવી એમાં કોઈ વખત એ માટેની રજૂઆત થઈ હતી કે કેમ ? અને થઈ તો એ વખતે કેમ ના મળ્યું? એક અને બીજુ, ભાવનગરમાં માનનીય મંત્રીશ્રી રાજયકક્ષા ઉદ્યોગની હાજરીમાં એવું નકકી થયુ હતું કે જયાં સુધી પુલ ના બંધાય ત્યાં સુધી મેરી ટાઈમ બોર્ડ ફ્રી અવર-જવર કરવા માટેની પરવાનગી આપશે, લાકડીયો પુલ તૂટેલો છે એટલા માટે વિભાવરી બહેન અને મારી હાજરીમાં ચર્ચા થઈને નકકી થયેલું છે તો તેનો અમલ બરાબર થાય તેના માટે મંત્રીશ્રી કાળજી લઈને નવો પુલ બનવાનો છે તે બન્ને કામગીરી ઝડપથી થાય તે કરવા માગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ પ્રશ્ન બેનો જવાબ સરળ છે જે કંઈ કરવાની જરૂર હોય લોકોને અડચણ પડતી હોય મેરી ટાઈમ બોર્ડે કરવું જ જોઈએ અને અમે કરવા માગીએ છીએ. અને તે માટે માનનીય શકિતસિંહજી આપના પણ કોઈ સૂચનો હોય તો આવકાર્ય છે અને હું આપને ગંભીરતાપૂર્વક કહું છું કે પ્રજાને કોઈ પણ પ્રકારની હાડમારી પડતી હોય તો તેમાં કોઈ પણ પ્રકારના રાજકીય વિવાદને અવકાશ નથી આપણે સાથે બેસીને જે કંઈ યોગ્ય પણ કરવા જેવું હશે તે કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, બીજા પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી વાત ચોકકસ છે દિવંગત વડાપ્રધાને ખાતરી આપી હતી ત્યાર પછીની કાર્યવાહી છે તે મારા વિભાગને લગતી કાર્યવાહી નથી એટલે તેના માટે હું જવાબ આપી શકું નહીં.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છુ કે બંદરોમાંથી થતી આવકના ૮૫ ટકા રકમ રાજય સરકાર પોતાની પાસે પોતાના એકસચેકરમાં લઈ જવાનો નિર્ણય કરે છે, તો આ રાજયના એકસચેકરમાં જે રકમ આવે એને બંદરોના વિકાસ માટે અલાયદી રાખવાનું કોઈ પ્રોવિજન કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ**: દરેક રાજયના નાણાકીય વ્યવહારો એના નાણાકીય નિયમોથી નિયંત્રિત હોય છે. એટલે આ સન્માનનીય ગૃહના નાણાકીય વ્યવહારો માટેના જે નિયમો છે, એની મર્યાદામાં રહીને જે વ્યવસ્થા કરવાની હશે તે કરીશું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાન મંત્રીશ્રીએ જવાબ આપતા આપતા મારી કેટલીક બાબતોને, મેં જે રજૂઆત કરી એને બહુ હળવાશભરી રીતે લીધી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના

દરિયા કિનારે કેન્દ્ર સરકારના પોર્ટસ છે એના ડેવલપમેન્ટના જે ધોરણો છે, એને આપણા ડેવલપમેન્ટની સાથેની જે સરખામણી અને મૂલ્યાંકન કરવાની કોઈ પદ્ધતિ આપે રાજયના હિતમાં અખત્યાર કરશો કે કેમ? કેન્દ્ર સરકારના મેજર પોર્ટ જે છે કંડલા, એની આજુબાજુના ડેવલપમેન્ટના લેન્ડ વગેરે જે ધોરણો છે, એ ધોરણો અનુસાર આપણને કંયાક ફાયદો થતો હોય તો રાજય સરકારના મેરિટાઈમમ બોર્ડ હસ્તકની જે વ્યવસ્થા છે, તો એ ફાયદો થતો હોય એનો અભ્યાસ આપ કરશો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ગુજરાતી ફાયદો થતો હોય એનો અભ્યાસ ના કરે અને એનીયે ના કહે ખરો? ગુજરાતને ફાયદો થતો હશે તો ચોકકસ અભ્યાસ કરીશું અને માનનીય સભ્યશ્રીને પણ આવા ફાયદાઓ અંગેની કોઈ જાત માહિતી હોય તો અમને મોકલાવે. અમે એનોયે ગંભીરતાપુર્વક અભ્યાસ કરીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક:૨૧નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૫, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક:૨૧નું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક ૨૧નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૬

# ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી વિધેયક,૨૦૦૮

**ગુજરાત રાજયમાં 'ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી' તરીકે ઓળખાતી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક: ૨૬, સન ૨૦૦૮ના ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી અમિત શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક: ૨૬, સન ૨૦૦૮ના ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિધેયક લઈને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું એ વિધેયક એક યુનિવર્સિટીની રચના માટેનું છે. હું બહુ જ ગૌરવપૂર્વક આ ગૃહને જણાવવા માગું છું કે આપણી એફ.એસ.એલ. યુનિવર્સિટી જે થવાની છે એ સમગ્ર ભારતમાં આ પ્રકારની એક માત્ર અને પહેલી યુનિવર્સિટી છે. આપણી આ યુનિવર્સિટી એ જે સ્થાપવાની એક નવી દિશામાં આપણે જઈ રહયા છીએ એમાં અત્યારે ગુનેગારોને પોલીસ પકડે, એને કોર્ટ સમક્ષ રજૂ કરે અને પછી એની સાક્ષી અને જુબાનીના આધાર ઉપર એને ગુનેગાર સાબિત કરવાની ન્યાયિક પ્રક્રિયા ચાલે છે, પરંતુ આજે વિશ્વ ઘણું જ આગળ નીકળી ગયું છે અને આ પ્રકારના વૈજ્ઞાનિક પુરાવાઓને આધારે સજા કરવાની પ્રક્રિયા છે. આપણે ત્યાં પણ આની સારી શરૂઆત દેશના અનેક રાજયોએ કરી છે, ગુજરાતે પણ કરી છે. ગુજરાતની એફ.એસ.એલ. એ છેલ્લા ૭-૮ વર્ષમાં દેશમાં સારામાં સારી એફ.એસ.એલ.ની આબરૂ ગુજરાતની એફ.એસ.એલ.એ મેળવી છે, કમાઈ છે. નારકોટીકસ એનાલિસ્ટ ટેસ્ટ હોય, લાઈ ડિટેકટર ટેસ્ટ હોય, ડી.એ.ન.એ.ફીંગર પ્રિન્ટ લેબારેટરી ટેસ્ટ હોય, ઓટોમેટિક ફીંગર પ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ હોય, , વાઈલ્ડ લાઈફ ક્રાઈમ માટેની મોબાઈલ હોય, સાઈબર ક્રાઈમ,વોઈસ આઈડેન્ટિફિકેશન હોય એ દરેક ક્ષેત્રમાં અદ્યતનમાંના અદ્યતન સાધનો અવેલેબલ તજજ્ઞમાં તજજ્ઞ વિદ્વાનો પણ આ ક્ષેત્રના આપણી એફ.એસ.એલ.માં ઉપલબ્ધ છે. એના પરિણામે આ એફ.એસ.એલ.ને અનેક પ્રકારના રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સર્ટિફિકેશનથી નવાજવામાં આવી છે. ખાલી એફ.એલ.એલ. નહી, એ એફ.એસલ.એલ.ના સમર્થનમાં ૩૦ મોબાઈલ વાન, મોબાઈલ એફ.એસ.એલ.એ તરીકે સ્થળ ઉપર ગુનાનું પરિક્ષણ કરી રહી છે. ખાલી પરિક્ષણ

• વિધેયક તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પૂરતું આ એફ.એસ.એલ.ને પહેલેથી રાખેલ નથી, પરંતુ છેલ્લા ચાર વર્ષથી પોલીસ અધિકારીઓ, ન્યાયાધીશો અને વકીલોને તાલીમ પણ આ એફ.એસ.એલ.એ આપી છે. કામ કરતાં કરતાં છેલ્લે આપણી એફ.એસ.એલ. એ કક્ષાએ પહોંચી છે કે ૪ લાખ કરતાં વધારે નમૂનાઓની એક વર્ષમાં આ એફ.એસ.એલ.એ ટેસ્ટ કરેલ છે અને એના પરીણામ જે તે એજન્સીઓને આપેલ છે. લગભગ ૮ કરોડ રૂપિયા દરવર્ષે એફ.એસ.એલ.ના વિકાસ અને નિભાવ માટે રાજય સરકાર ખર્ચે છે. અત્યારેપણ એફ.એસ.એલ. એ ગુજરાત યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, કર્ણાટક યુનિવર્સિટી આ બધી યુનિવર્સિટી જોડે ડિપ્લોમા કોર્સિસ ટ્રાયલ અપ કરેલ છે અને વિદ્યાર્થીઓને ભણાવવાની પ્રક્રિયા ચાલે છે, પરંતુ આવનારા દિવસોમાં સમગ્ર દેશમાં આ ક્ષેત્રે તજજ્ઞોની જે જરૂરિયાત ઉભી થવાની છે એ જરૂરિયાતને પહોંચી વળવા માટે અને વધુને વધુ વૈજ્ઞાનિક પરિક્ષણોથી ગુનેગારોને સજા કરાવી શકાય અને એ કરવું હોય તો એફ.એસ.એલ.ને મોટા પાયા ઉપર એકસપાન્ડ કરવી પડે અને એ કરવું હોય તો એના માટેના તજજ્ઞોની જરૂર પડે, એમને બીજા કોર્સ કર્યા પછી એની તાલીમ પણ આપી શકાય, પરંતુ એના ભણવાના સમયે જ જે તે વિષયમાં એની તજજ્ઞતાને વધારવામાં આવે, આનું જ પરિક્ષણ એને આપવામાં આવે, એની અંદર જ માસ્ટર ડિગ્રી સુધીનો કોર્સ કરવામાં આવે તો એ પણ સારા એકસપર્ટ તરીકે કામ કરી શકે એ આશયથી એફ.એસ.એલ. યુનિવર્સિટીનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે ગોલ્ડન ગોલ નકકી કર્યા છે એની અંદર એક ગોલ અમારા ગૃહ વિભાગનો પણ કર્યો છે કે સજા થવાનું પ્રમાણ છે એની અંદર ૧૦ ટકાનો વધારો કરવો. જો સજા કરાવવાના પ્રમાણમાં દસ ટકાનો વધારો કરવો હોય તો એમાં એફ.એસ.એલ.નો રોલ ઘણો મોટો થાય. તેના માટે ટ્રેઈન્ડ મેન પાવરની જરૂર પડે. તેના માટે આપણે આ યુનિવર્સિટીનો વિચાર કર્યો છે. સમગ્ર દેશની બધી જ એફ.એસ.એલ.ને મેન પાવર પુરો પાડવા માટે આ યુનિવર્સિટી નીમીત બનવાની છે. અત્યારે એફ.એસ.એલ.ની બાજુમાં ૨૦ હજાર ચોરસ મીટર જમીન રાજય સરકાર તરફથી એફ.એસ.એલ.ને આપવાનો નિર્ણય કરી દેવામાં આવ્યો છે. ૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ બિલમાં કુલ ૩૯ સેકસનમાં જુદી જુદી સમિતિઓ, તેની જવાબદારી, તેની નિમણૂક, તેના પદાધિકારીઓની નિમણૂક અને કામની જવાબદારીની વિગતે ચર્ચા થઈ છે. આ એફ. એસ. એલ. યુનિવર્સિટીમાં ફોરેન્સીક સાયન્સ, બિહેવિયર સાયન્સ અને રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એમ ૩ વિભાગોમાં કોર્સ શરૂ કરવાના છે. અને આ એફ. એસ. એલ. યુનિવર્સિટી સમગ્ર દેશમાં ગુજરાતને ખૂબ ખ્યાતી અપાવે, યશ અપાવે તે પ્રકારનું શૈક્ષણિક સંકૂલ બનવાની છે. સમગ્ર દેશની એફ. એસ. એલ.ને ટ્રેઈન્ડ મેન પાવર પુરો પાડવા માટેનું હબ બનવાની છે. એટલે આ સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું કે આ બિલને મંજૂરી આપે અને ટેકો આપે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી યુનિવર્સિટી માટેનું બિલ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં વાત કરવા માટે ઉભો થયો છું, ગુજરાતની સરકાર, ગુનાખોરી, આંતકવાદ અને આ પ્રમાણેની બનતી ઘટનાઓ અને તે ઘટનાઓના મુળ સુધી જઈને મુળ ગુનેગારોને નશ્યત કરવાની દિશામાં આ પ્રમાણેની યુનિવર્સિટીના નિર્માણ દ્વારા અને એમાંથી ટેકનોક્રેટ્સ ડેવલપ કરીને પ્રવર્તમાન સંજોગોમાં જેની સોર્ટેઝ છે તે પૂરી કરીને આ દેશમાં મદદગારી કરવાનું આ દેશમાં સૌ પ્રથમ અને અદ્વિતીય કાર્ય ગુજરાત સરકારના માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, તેના માટે એટલું કહી શકાય કે, If there is a will there is a way, માત્ર ગુનો બન્યા પછી વ્યથા નહીં, પરંતુ આ ગુનાઓ અટકાવવા માટેની વ્યવસ્થા કરવાની દિશામાં ગુજરાત સરકાર દ્વારા આ ઉત્કૃષ્ટ કામ કરવામાં આવ્યું છે. આ ૨૧મી સદીના યુગમાં આપણે સૌએ જોયું છે કે આ હાઈ ફાઈ યુગમાં આતંકવાદીઓ જયારે વાય-ફાયનો ઉપયોગ કરે છે અને તેના ગુનાને પકડવા માટે આ ૨૧મી સદીમાં જો ૧૯ મી સદીની ઘરેડમાંથી બહાર નહીં આવીએ તો આપણે ગુનાના મૂળ સુધી નહીં પહોંચી શકીએ. એટલે બદલાયેલા સમયની તાસીર સાથે ઈન્વેસ્ટીગેશન એજન્સી અને આપણી જિંદગીને મદદરૂપ થવાની દિશામાં આ યુનિવર્સિટી સાચા અર્થમાં મદદરૂપ થશે. આજે જ આ વિધાનસભાના ફલોર ઉપર નાણાવટી કમિશનનો રિપોર્ટ મુકાયો. એ સાબરમતિ એકસ્પ્રેસની ઘટના કે જયાં ૫૯ જેટલા રામ ભકતોને નરાધમો દ્વારા જીવતા ટ્રેઈનના ડબ્બામાં ભૂંજવા માટેનો પ્રયાસ કર્યો હતો આ બનાવમાં નાણાવટી કમિશનને.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આ સભાગૃહના સંચાલનની મારી જવાબદારી છે. આપ બિલ ઉપર જાઓ, નાણાવટી કમિશનની ચર્ચા હોય ત્યારે તે વાત કરજો. ગૃહના બાકીના સમયમાં ચર્ચામાં આ વાત કરજો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું એટલું જ કહેવાનું છે કે આખા ગુનાનું ઈન્વેસ્ટીગેશન કરવા માટે, એમાં જે સ્વયં જવલનશીલ પદાર્થ વપરાયો હતો,

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, એ ચર્ચાને બાજુએ રાખીને યુનિવર્સિટીની શું જરૂરિયાત છે એના ઉપર બોલો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : એના માટે જ યુનિવર્સિટીની જરૂરિયાત છે એ મુદ્દો મૂકવા માગું છું. હું એટલું કહેવા માગું છું કે જો ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીના મિત્રોએ મદદ ન કરી હોત તો આ ગુનાના મૂળ સુધી આ એક પૂર્વ આયોજીત કાવતરું છે એનો પર્દાફાશ આના કારણે કરી શક્યા છીએ. મારો કહેવાનો આશય એટલો

છે કે આ ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીના મિત્રોએ તપાસ કરીને એની અંદર જે પેટ્રોલ વપરાયું હતું એની વૅક્યુમ બે ડબ્બા વચ્ચેની છે એ કેવી રીતે તોડવામાં આવી આ આખે આખી ઘટનાને એના પાના નંબર ૨૨૭ની અંદર એનો ઉલ્લેખ કરેલો છે અને આ એટલે શકય બન્યું કે ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીનું અદ્યતન ઈન્ફાસ્ટ્રકચર અને ટેકનોક્રેટ મશીનરી આપણી પાસે હતી. (અંતરાય) માનનીય ખુમાનસિંહભાઈ આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરની વાત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજીભાઈ, તમે મને સંબોધીને ચર્ચા આગળ વધારો, મારે સમયની સાથે ચાલવાનું છે. તમે તમારી ચર્ચાને આગળ ચલાવો, તમારા મુદ્દા ઉપર બોલો (અંતરાય) માનનીય ખુમાનસિંહભાઈ (અંતરાય) માનનીય ખુમાનસિંહભાઈ, તમને કહું છું કે સ્ટૉપ થાવ (અંતરાય) માનનીય ખુમાનસિંહભાઈ આપ ગૃહની બહાર જાવ.

**(આ તબક્કે માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈ સભાગૃહની બહાર ચાલ્યા ગયા)**

આજે સવારથી સતત કહેતો આવ્યું છું. અત્યારે કહ્યા પછી પણ ચાલું રાખ્યું, એમણે સોરી કહેવું જોઈએ. માનનીય પ્રદિપસિંહભાઈ, જે વાતાવરણની અંદર ચર્ચા ચાલે છે એ વાતાવરણને આગળ લઈ જવા માટે તમે તમારા મુદ્દાને ફોર્સફુલી ચોક્કસ કહી શકો છો, તમે કહી શકવાનું કૌશલ્ય ધરાવો છો એ મુદ્દાઓ ઉપર જશો તો આ ચર્ચા ખૂબ ઉપયોગી બનશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા ગુનાખોરી શાસ્ત્ર અને બિહેવીયરલ સાયન્સ આના માટે સ્પેશ્યલ મેનપાવર ડેવલપ કરી શકીશું અને આપણને સૌને ખબર છે કે ૨૧મી સદીમાં ખાસ કરીને દેશમાં અને વિદેશમાં જે પ્રમાણેની ઘટનાઓ બને છે, આ પ્રમાણેની ઘટનાના ઇન્વૅસ્ટીગેશન માટે આપણી જે માનવ સંપદા છે એ માનવ સંપદાને જો આપણે સમયસર પ્રશિક્ષિત નહિ કરીએ તો ગુનેગારોને છટકવા માટેના ઉત્તમ રસ્તા મળી જશે. આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા એની નવી ટૅક્નૉલૉજી એના એકેડેમીક પોગ્રામો એના થીયોરોટીકલ ઈન્પુટસ અને પ્રેકટિકલ ટ્રેનિંગથી સ્પેશ્યલાઈઝડ સ્કીલ્ડ મેનપાવર આપણે જનરેટ કરી શકીશું અને એ સ્કીલ્ડ મેનપાવર છે એ માત્ર ગુજરાતને જ નહિ આખા દેશને ઉપયોગમાં આવી શકશે. આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના માધ્યમથી આપણે એજ્યુકેશન, રીસર્ચ અને ટ્રેનિંગ એ ત્રણેય દિશાની અંદર આપણે કામ કરીને આ ત્રણેયના સંદર્ભમાં આપણે વિવિધ ઇન્સ્ટિટ્યૂટ ઓર્ગેનાઈઝ કરી શકીશું. આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ગ્લોબલ સ્ટાન્ડર્ડનું ઈન્ફાસ્ટ્રકચર બિલ્ટઅપ કરીને એમાં થનાર વિવિધ કાર્યક્રમો વિવિધ અભ્યાસક્રમોના માધ્યમથી આપણે માનવ સંપદાનું નિર્માણ કરી શકીશું. આપણે સૌ જાણીએ છીએ કે અત્યાર ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરીમાં આપણે કૉમ્પ્યુટર સાયન્સ, નાર્કો એનાલીસીસ, ડી.એન.એ. ફિંગર પ્રિન્ટ, નાર્કોટીકસ અને એકસપ્લોઝીવ અને સાઈબર ક્રાઇમ જેવા અનેક દિશાની અંદર સંશોધનો કરી રહ્યા છીએ. હમણાં થોડા સમય પહેલા ૨૬મી જુલાઇએ અમદાવાદ શહેરની અંદર બ્લાસ્ટ થયા એ બ્લાસ્ટની અંદર એમોનિયા નાઈટ્રેટ જે ડીવાઈસ અને ટાઈમર વપરાયા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદીઓ પોતાનું સ્વરૂપ અને પોતાનો ચહેરો બદલતા જાય છે. તો સાચા અર્થમાં આ બધા જ પ્રકારના ગુનાના મૂળ સુધી જઈને જો આપણે આઈડેન્ટીફાઈ ન કરી શકીએ તો ક્રોસ બૉર્ડર ટેરરીઝમના કારણે આ દેશને આંતરિક રીતે ખોખલો કરવાનો મનસૂબો ધરાવતા આ આતંકવાદીઓના મૂળ સુધી આપણે નહીં પહોંચી શકીએ અને આપણે આ આખાય ષડયંત્રનો પર્દાફાશ કરવામાં, માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં ૧૩ રાજયોમાં જ્યારે અમદાવાદમાં બ્લાસ્ટ થયો એ પહેલાં ૧૨ રાજયોમાં બૉમ્બ બ્લાસ્ટ થયા, પરંતુ કોઈ રાજયની પોલીસ આ બ્લાસ્ટના મૂળ સુધી પહોંચી ન શકી. પણ ગુજરાતની સરકાર, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રબળ રાજકીય ઈચ્છાશકિતના કારણે આપણે ગુનાના મૂળ સુધી પહોંચી શક્યા છીએ અને ગુનાના મૂળ સુધી પહોંચી શકવામાં જાંબાઝ પોલીસ અધિકારીઓ, પ્રબળ રાજકીય ઈચ્છાશકિત અને ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીના મિત્રોની મદદના કારણે આપણે આ મૂળ સુધી પહોંચી શક્યા છીએ. પ્રવર્તમાન સંજોગોમાં રાવણના જેટલા માથા છે એ માથાને મારવાથી આપણને પરિસ્થિતિનું પરિણામ નહીં મળે. પણ એ રાવણની નાભિમાં જ્યારે તીર મારીશું ત્યારે આપણે પરિસ્થિતિ ઉપર સફળતા મેળવી શકીશું અને આ ગુજરાત સરકારે આ દેશમાં આ દિશાની અંદર કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં, ગુનાખોરીના સંદર્ભમાં, આતંકવાદના સંદર્ભમાં, પ્રજાની સલામતિ માટે, પ્રજાની સુરક્ષા માટે આ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે. જ્યારે અમદાવાદના બ્લાસ્ટના આરોપીઓને આપણે પકડ્યા ત્યારે આખા દેશના મિડિયામાં ફ્રંટલાઈન ન્યુઝ હતા. "Modi showed the way" અને જ્યારે આ બિલને આપણે આ એસૅમ્બલીમાં પસાર કરીશું ત્યારે મને વિશ્વાસ છે કે આખા દેશના લોકો લખશે. "There is a way to fight against crime and terrorism" આ એસૅમ્બલી આના સંદર્ભમાં આટલી ચિંતિત છે તેનો ઉલ્લેખ થશે. અમદાવાદના બ્લાસ્ટના સંદર્ભમાં તેના કનૅક્શનની જે માહિતી હતી એ આપણે દિલ્હી પોલીસને આપી. આતીફનો નંબર આપ્યો અને આતીફના ઘરની અંદર ૧૨ માણસો છે એની પણ ગુજરાતની પોલીસે દિલ્હીની પોલીસને જાણકારી આપી, છતાં પણ જો આપણી આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીની આ પ્રમાણેની માહિતીનો ઉપયોગ કર્યો હોત તો આપણે દિલ્હીના બ્લાસ્ટની ઘટના ટાળવામાં સફળ રહ્યા હોત. ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીએ માત્ર ગુજરાત નહીં,

દેશભરના નામાંકિત કેસોમાં પોતાનું યોગદાન આપ્યું છે અને સી.બી.આઈ. દ્વારા સંખ્યાબંધ કેસોમાં ગુજરાત ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીની સ્કીલનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો છે. આપણને સૌને ખબર છે. અમરમણિ ત્રિપાઠીનો કેસ હોય, અનારા ગુપ્તાની સીડીનો કેસ હોય, પાર્લામેન્ટ પર હુમલો કરવાવાળા પ્રો. ગીલાણીના સંદર્ભમાં હોય, નિઠારીનો હત્યાકાંડ હોય કે નોઈડાનો આરુષિ હત્યાકાંડ હોય, આ બધાની અંદર ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીએ મહત્તમ ઈનપુટ્સ આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિ જેની વિશેષ ચિંતા કરે છે તેવી ગૌહત્યા અને ગૌમાંસનું જ્યારે કોઈ પણ જગ્યાએ સ્થળાંતર થતું હોય તો એ જ્યારે પોલીસ પકડે ત્યારે આ ગૌમાંસના સ્થળ પર પરિક્ષણ માટેની સુસજ્જ આધુનિક મોબાઈલ વાન આપણે ઉપલબ્ધ કરાવી છે. આ મોર્ડન integrated balastic identification system આખા દેશની અંદર માત્ર આપણી પાસે ઉપલબ્ધ છે અને ખાસ કરીને મોબાઈલ ટેલિફોનના સીમકાર્ડ માટેનું પરિક્ષણ જે modern DOT-X Dot-R.Y. ની સિસ્ટમ એ ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીના માધ્યમથી આપણે તેની ઉપયોગિતા કરી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮ આ ત્રણ વર્ષ દરમિયાન આપણે પ્રોફેસરો, ડૉક્ટરો, સ્ટુડન્ટો, આઈ.એ.એસ., આઈ.પી.એસ. પોલીસ ઑફિસરો કક્ષાના લગભગ ૬૩૧૭ જેટલા લોકોને ટ્રેનિંગ પૂરી પાડી છે અને આ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં એમ.એસ.સી ફોરેન્સીક સાયન્સનો, એમ.ફીલ ફોરેન્સીક ફિઝિયો, એમ.ફીલ બિહેવિયર સાયન્સ, ડિપ્લોમા કમ્પ્યુટર સાયન્સ, ડિપ્લોમા ફોરેન્સીક સાયન્સ અને પી.એચ.ડી. જેવા અભ્યાસક્રમો હાથ પર લેવાના છીએ. અત્યારે ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીની અંદર Prevention and Detection of Crime સંદર્ભના કેસીસ, Neuro-medical, digital forensic જેવા અનેક વિષયોની અંદર આપણે આ દેશને એના સંદર્ભમાં અનેક લોકોને પ્રશિક્ષિત કરીને મદદરૂપ થઈ શકીશું. જ્યારે ગુજરાતની સરકારે આ એસૅમ્બલીની અંદર દેશનું પ્રથમ અને અદ્વિતિય અને ગુનાખોરી અને આતંકવાદની દુનિયામાં પોતે લડવાની દિશામાં પ્રબળ ઇચ્છાશકિત ધરાવતા આ બિલને હું અનુમોદન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાના ગૃહમંત્રી તરીકે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનું બિલ લઈને આવ્યા છે. યુનિવર્સિટીનું બિલ આવે એટલે સામાન્ય રીતે આવકારવાની ઇચ્છા થાય કે રાજયની અંદર એકેડેમીક દિશાની અંદર આ યુનિવર્સિટીની સ્થાપના થાય એટલે એનો વિકાસ થશે એને સ્વાયત્તતા મળશે અને એમને પોતાને જે ટૅક્નીકલ જ્ઞાન છે એ કહેવાનો આ મોકો અને મોકળાશ મળશે. રાજયની અંદર આ યુનિવર્સિટીની સ્થાપના થાય એ આવકાર્ય છે. પણ આખી યુનિવર્સિટીના બિલને હું જોઈ ગયો છું. એક વિભાગનું નામ યુનિવર્સિટી આપવાથી યુનિવર્સિટી બની જતી નથી. એને સ્વાયત્તતા આપવી જોઈએ. જેમ હમણાં વાત થઈ એ પ્રમાણે ગુજરાત મૅરી ટાઇમ બોર્ડમાં એટલા માટે સુધારા કર્યા છે કે આપણે ટેક્સ બચાવવો છે. આ યુનિવર્સિટી એટલા માટે જ છે કે કેન્દ્ર સરકારની, રાજય સરકારની ગ્રાન્ટ હોય, બીજી ગ્રાન્ટ હોય એ માટે થઈને આ કરવાનો હેતુ હોય એમ દેખાય છે. ખરેખર સ્વાયત્તતા આપવી હોય તો જે યુનિવર્સિટીની કલ્પના લઈને આવ્યા હોય તે મુજબની સ્વાયત્તતા આપવી જોઈએ. આપણી પાસે મોડેલ એ આઈ.આઈ.ટી. હોય કે બીજે કયાંય ઓક્સફર્ડમાં ન જઈએ, એમ.એસ. યુનિવર્સિટીનું મોડેલ હોય એને અનુસર્યા હોત તો વાંધો નથી. પણ અધિકારીઓ સંપૂર્ણપણે સરકારના અંકુશમાં રહે એ રીતે વિભાગને યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે અને એની પાસેથી અપેક્ષા એવી રાખવામાં આવે છે કે વૈશ્વિક કક્ષાના પ્રવાહો છે એ પ્રકારનું સંશોધન થાય અને એ જ પ્રકારના પરિણામોની અપેક્ષા રખાય તો આ બિલથી એવા પરિણામો આવવાના નથી. બીજા લોકોને મોકળાશ આપે અને એ મોકળાશ છે એ એટલી બધી હોય કે ગુન્હો કરવાનો પીળો પરવાનો મળી જાય. આપણે જ્યારે યુનિવર્સિટીની સ્થાપના કરીએ ત્યારે એને મોકળાશ આપવાના બદલે એને વિભાગ બનાવી દઈએ છીએ. માનનીય પ્રદિપસિંહ એમનું વક્તવ્ય આપતા હતા કે, એસ.૬નો ડબ્બો સળગી ગયો, ૫૯ નિર્દોષ લોકો સળગી ગયા અને એની માહિતી સરકાર પાસે હતી અને એમાં રાજય સરકારની જવાબદારી હતી.છ પોલીસમેન એની રક્ષા માટે આપવામાં આવ્યા હતા અને એ છ પોલીસને સસ્પેન્ડ કરીને રાજય સરકાર પોતાની જવાબદારી ખંખેરી નાખે છે.

**અધ્યક્ષશ્રી** : આપબીજો પાટો શું કરવા બદલો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમને આપે છૂટ આપી છે. હું તો નાણાવટી કમીશનનો ઉલ્લેખ પણ નથી કરતો. જે રીપોર્ટમાં છે એવું જ હું બોલું છું. હું આપ કહેતા હોવ તો રીપોર્ટનો છેલ્લો પેરેગ્રાફ વાંચી જાવ.

**અધ્યક્ષશ્રી** : તમે એક સરસ મજાની લાઈન ઉપર જતા હતા. મોટી ગાડી હોઈ નાના પાટા ઉપર ના જાવ, પ્રદિપસિંહ તમને બીજા રસ્તે લઈ જાય છે એના કરતાં તમે તમારા મુદ્દા ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પણ એમણે જે વાત કરી એ એ હતી કે ઈફ ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે. માનનીય પ્રદિપસિંહ છે,૨૦૦૦ થી ૨૦૦૭ સુધીના એમના અભિપ્રાયો મુખ્યમંત્રી માટે જુદા હતા અને

અત્યારે જુદા થયા છે. અને અમને ખુશી થાય છે કે એમની અંદરનો રામ કંઈક બીજું બોલવાનો પ્રયત્ન કરે અમને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, પ્રદિપસિંહના અભિપ્રાયોની ડાયરી તમે શું કરવા રાખો છો એ પ્રદિપસિંહ જાણે છે અને તમે જાણો છો. પણ તમે તમારી લાઈન ના બદલો,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની જ વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : તમે યુનિવર્સિટીના માણસ છો યુનિવર્સિટી ઉપર જ બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એની જ વાત કરું છું સાહેબ. ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની જ વાત કરું છું. આ જ એસ.૬ ડબ્બાની અંદર જે ઈનફલેમેબલ મટીરીયલ છે એ બહારથી નહીં અંદરથી નાખવામાં આવ્યું હતું. એ આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનના ત્રણ વૈજ્ઞાનિકોએ રીપોર્ટ આપ્યો, એ રીપોર્ટ કયાં ગયો? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :આત્મારામભાઈ, જે મારે ખુમાનસિંહભાઈને બેઠા બેઠા બોલતા હતા અને કહેવું પડયું છે એ જ તમને કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગઈ જઈને એમ કહે કે ઈફ ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે. માત્ર એસ.૬ ડબ્બાનો બન્યો એ ઘાતકી બનાવ હતો પણ આ રાજયની અંદર ઉકેલી શકાય એવા અનેક ગુનાઓ હતા એ ગુનાઓ માટે આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનો કયાંય ઉપયોગ ના થયો. બે બાળકોના મૃત્યુ થયા, બે બાળકોની હત્યા થઈ આશારામ બાપુના આશ્રમની અંદર અને એ વખતે જો આ સરાકારની અંદર વીલ હોત તો સ્થળ ઉપરથી પૂરાવાઓ એકઠા કર્યા હોત. એટલું જ નહીં એ બાળકોને જે કપડાની અંદર વીંટાળવામાં આવ્યા હતા એ કપડાનો પણ ઉપયોગ ના થયો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી ઈફ ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે. જો એમ એ કહેતા હોય તો એના વિશે ઘણા દૃષ્ટાંત આપી શકે. આને અને યુનિવર્સિટીને શું લાગે વળગે? આ યુનિવર્સિટી માટે જેની ઈચ્છા હોયને એ રસ્તો કરી શકે. યુનિવર્સિટીના રેફરન્સમાં કીધું છે વેર ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ એસ.૬ ડબ્બાને શું લાગતું વળગતું હતું? અમદાવાદ બ્લાસ્ટ અને દિલ્હી બ્લાસ્ટને લાગતું વળગતું હતું?

**શ્રી વજુભાઈ વાળા** : ઈફ ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે. યુનિવર્સિટીના સંદર્ભમાં કીધું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા હું યુનિવર્સિટીના સંદર્ભમાં જ કહું છું.

**શ્રી વજુભાઈ વાળા** : જરાય નહીં તો એમાં આશારામ બાપુ કયાંથી આવી ગયા તમારે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભાઈ, આશારામ બાપુ વહાલા હોય તો રાખોને તમે. મારે શું વાંધો છે. તમને વહાલા હોય તો રાખો.

**અધ્યક્ષશ્રી** :અર્જુનભાઈ હવે આપ મહેરબાની કરીને વિષયાંતર ના કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આખું પ્રદિપસિંહનું ભાષણ મેં સાંભળ્યું છે.

**અધ્યક્ષશ્રી** : પ્રદિપસિંહનું ભાષણ મેં પણ સાંભળ્યું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અને એમના જેટલી મેં સ્વતંત્રતા નથી લીધી.

**અધ્યક્ષશ્રી** : પ્રદિપસિંહના ભાષણની અંદર પણ હું ઈન્ટરવીંન થયો છું. એમને પણ મેં કહયું છે, હું તમને પણ કહું છું આપ યુનિવર્સિટીના જે મુદ્દા ઉપર જવા માગો છો એ મુદ્દા ઉપર જાવ, એકાદ દાખલો ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનો આપો બાકીના દાખલાઓ, બાકીના ઉદાહરણની ચર્ચા આપણે જયારે કરવી હશે, આશારામ બાપુની હોય અને એમાંથી પછી તમે એમને રાખો ને એ બધું આપને શોભતું નથી અને આપ આપની રીતે જે ચર્ચાઓના મુદ્દાઓ છે એ ચર્ચાઓ ઉપર, આ બિલના મુદ્દા ઉપર આપ અચૂક બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ હું બીલના મુદ્દા ઉપર જ બોલું છું. એ જે સ્કોપની બહારની વાત હતી, હું તો ફોરેન્સીક સાયન્સનો કઈ જગ્યાએ ઉપયોગ થઈ અને ગુનાનો ઉકેલ કઈ રીતે લાવી શકાય એ સંદર્ભમાં બોલતો હતો. અને ત્યાં તો મુખ્યમંત્રીને અભિનંદન પણ અપાઈ ગયા અને આખા દેશની જે હેડલાઈનો હતી એના ઉપર હું ચર્ચા નથી કરતો, વાત એ છે, ભાઈ નારાયણ સાઈનો તમને પ્રેમ હોય, આશારામનો પ્રેમ હોય રાખો તમારી જોડે, મને કાંઈ વાંધો નથી. મને તો બે બાળકોની હત્યા થઈ એની ચિંતા થઈ એટલા માટે વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : હવે આપ ફરીથી એમના ઉશ્કેરાયા ઉશ્કેરાવ નહીં, આપ આપની લાઈન ઉપર જાવ અને મહેરબાની કરીને એમને પ્રવચનને પૂરું કરવા દો. **શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી ગાડી પાટે જ છે, કોઈ ચિંતા ન કરો. એટલે જો વીલ હોય તો ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી કેટલી ઉપયોગી થાય છે એનો હું એક દાખલો આપવા માગું છું. જો ત્યાં વીલ હોત તો આ બાળકોની હત્યાનો કેસ જરૂરથી ઉકેલાયો હોત.

**અધ્યક્ષશ્રી** : ફરીથી કહું છું કે શા માટે ? આપ આપના મુદ્દા ઉપર રહો. આપે એકવાર કહ્યું કે પ્રદિપસિંહે કહ્યું માટે આપે કહ્યું એ સમજું છું. આપના મુદ્દાઓ રહી જાય છે. આપ મુદ્દા ઉપર આવી જાઓ તો વધારે સારું. યુનિવર્સિટીમાંથી તૈયાર થયેલા માણસ છો એટલે યુનિવર્સિટી ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : યુનિવર્સિટી એફ.એસ.એલ.ની છે અને એફ.એસ.એલ.ની વાત તો કરી શકું. એનો સ્કોપ પણ જો ન રહેતો હોય તો અહીંયા ચર્ચા કરવાનો મતલબ નથી. કારણ કે આ બધી યુનિવર્સિટી એ ફોરેન્સીક સાયન્સ માટેની છે અને ગુનાઓને ઉકેલવા માટે એક્સપર્ટ તૈયાર કરવાના છે. એટલે એના સંદર્ભમાં વાત કરું છું. માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી બોલતા હતા કે નાર્કો એનાલિસિસ ટેસ્ટ ખૂબ ઉપયોગી થવાનો છે અને એનો ઉપયોગ થવો જોઈએ એની ના નથી. પણ એમાં પણ રાજ્ય સરકારની અંદર વીલ જોઈએ. માત્ર યુનિવર્સિટી બનાવશો અને એના એક્સપર્ટ આવશે એને મોકળાશ નહિ આપો તો ઉકેલાવાના નથી. માંડલમાં શીલાબેન સોનીની હત્યા થઈ. એના પતિની ધરપકડ થઈ.

**શ્રી અમિત શાહ** : આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં અત્યારે પેન્ડીંગ છે અને આ મુદ્દાને આ બિલ સાથે કોઈ સંબંધ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારે ગભરાવાની જરૂર નથી.

**શ્રી અમિત શાહ** : ચર્ચા કરવી હોય તો બધાની કરવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એણે પોતાનો નાર્કો ટેસ્ટ કરાવવાની માગણી કરી છે.

**અધ્યક્ષશ્રી** : જે મુદ્દો સુપ્રીમ કોર્ટમાં નોંધાયો હોય એની ચર્ચા આપણે નથી કરતા.

**શ્રી અમિત શાહ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે કે આની અંદર ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી બનાવવાની ચર્ચા કરવાની છે. ફોરેન્સીક સાયન્સના ગુનાની ચર્ચા કરવાની નથી. ગુનો કઈ રીતે ઉકેલવો એની ચર્ચા કરવાની નથી. માનનીય પ્રદિપસિંહભાઈ બોલતા હતા ત્યારે આપે એમને ટોક્યા, એમણે બંધ પણ કર્યું અને આપના સતત માર્ગદર્શન પછી પણ અર્જુનભાઈ બોલતા જાય છે. મારી લાગણી છે કે પ્રદિપસિંહભાઈની જેમ આમને પણ રોકવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મેં બન્ને જણાને રોક્યા છે, બન્ને જણાને ટોક્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વાત એ હતી કે જો વીલ હોય તો એક માણસ, એક આરોપી એમ કહે કે મારો પોતાનો નાર્કો એનાલિસિસ ટેસ્ટ કરો અને છતાં એની સામે રાજ્ય સરકાર છેક સુપ્રીમ કોર્ટ સુધી જાય. આમાં આરોપનું સત્ય શોધવાનું છે એમાં સરકારને શું તકલીફ પડી હશે? (અંતરાય) અફઝલ ગુરુ પણ છે અને અઝહર મસૂદને ૧૦૦ કરોડની ભેટ આપી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ આપનો પાટો કોઈ બીજો બતાવે એ તરફ લઈ જાવ એવું નહીં કરો. તમે એક જ પાટા ઉપર તમારી ગાડી દોડાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી ગાડી પાટા જ ઉપર રાખી છે. સભ્યશ્રીઓને કહો કે મને ડિસ્ટર્બ ન કરે. પછી મને જવાબ દેતા આવડે છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપની ગાડી પાટા ઉપરથી ઉતરે એમાં આપની ક્ષમતા માટે શંકા જાય છે. આપની ક્ષમતાનો ઉપયોગ કરો. (અંતરાય) અર્જુનભાઈની ગાડીને કેટલી વાર પાટા ઉપરથી ઉતારશો? (અંતરાય) ગંભીરતાથી કહું છું કે અર્જુનભાઈનું પ્રવચન પૂરું થાય એ દરમિયાન જે કોઈ બોલશે એને હું બહાર કાઢીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહ વાત કરતા હતા કે ગુનાના મૂળ સુધી જવું જોઈએ અને એણે વાત કરી કે ગુજરાતની પોલીસે ઘણા બધા ગુના ઉકેલી નાખ્યા છે. હું એ બાબતમાં અમદાવાદ બ્લાસ્ટ, દિલ્હી બ્લાસ્ટ, જયપુર બ્લાસ્ટ એ અને એના મૂળમાં જવા માગતો નથી. પ્રશ્નોત્તરીના સમય દરમિયાનનો મારો પડકાર આજે પણ ઊભો છે કે અમદાવાદ બ્લાસ્ટ પહેલાની માહિતી, એની ચર્ચા આ ગૃહમાં થાય અને દૂધનું દૂધ અને પાણીનું પાણી બહાર આવી જાય. પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કવી હતી કે ખાલી મુખ્યમંત્રીને અભિનંદન આપવાથી અને માત્ર એને એકલાને બહાદુર કહેવાથી ક્યારેય કોઈ રાજ્યનું તંત્ર મજબૂત થવાનું છે? મારે મુંબઈમાં જે ભાષણ કર્યુ હતું મુખ્યમંત્રીશ્રીએ એનો ઉલ્લેખ્ નથી કરવો ( અંતરાય ) કરું, મેં "ચૂન ચૂન કે મારુંગા"

**અધ્યક્ષશ્રી** : દંડકશ્રી હવે આપ સભ્યશ્રીઓને કહો કે ઈન્ટરવીન ના થાય. મેં એમને કહી દીધું. આપની ગેરહાજરીમાં ઘણું કહ્યું છે. આ બાજુથી બોલ્યા છે એ ભાઈને ફરીથી કહું છું અને દંડકશ્રીને પણ કહું છું, મેં પહેલા પણ કહ્યું છે શ્રી અર્જુનભાઈનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી કોઈ બેઠા બેઠા કોમેન્ટ ના કરતા નહિ તો ફરીથી મેં જે રીતે ખુમાનસિંહને બહાર કાઢ્યા એ રીતે હું તમને પણ બહાર કાઢીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પણ સાચા ગુનાની શોધ અને સંશોધન કરવું હશે તો આપણું જે વહીવટી તંત્ર છે, ફોરેન્સિક સાયન્સના જે વૈજ્ઞાનિકો છે, આપણા અધિકારીઓ છે એનું મોરલ ઉચું રાખવું પડશે. હું કે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભલે ભાષણો કરીએ, અમે કોઈ ગોળીઓ મારવા જવાના નથી. અમે તો પોલીસના ઘેરાની અંદર સુરક્ષિત છીએ. ગોળી ખાવા જાય છે આ દેશનો જવાન અને પોલીસ જાય છે. અક્ષરધામ ઉપર હુમલો થયો. ગોળીઓ કોણે ખાધી? આ રાજ્યના જવાનોએ, એસ.આર.પી.ના જવાનોએ ખાધી અને મને કહેતાં દુ:ખ થાય છે કે એના બંને જવાનો રાજપુત અને રાજેશ બારોટને ૫૦,૦૦૦ રૂપિયાનું અમે ઈનામ આપીશું. આજે એના શરીરમાં ગોળીઓ છે અને છતાં ના એને ઈનામ અપાયું છે કે સર્ટિફિકેટ અપાયું છે, ના કશી કદર

થઈ છે. પ્રદિપસિંહ આના માટે બે શબ્દ બોલાયા હોત તો સારું હતું. મુખ્યમંત્રીશ્રી કદાચ આપણને ટિકિટો આપી દે. કદાચ બહુ ખુશી થાશે તો મંત્રીશ્રી પણ બનાવશે એનાથી આપણા પોલીસ દળનું કે જવાનોનું મનોબળ છે એ મજબૂત નથી રહેવાનું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા તો એવું છે કે કમલેશ ત્રિપાઠી જે કહે એ અધિકારી સારો પણ રાજ્યના ડી.જી.પી. કહે કે આ અધિકારી સારો છે પણ એ મારો નથી એટલે સારો નથી. આ ખ્યાલમાં જ્યાં સુધી ગુજરાત રાજ્ય રહેશે ત્યાં સુધી આ બધા મારા મિત્રો છે એ મુખ્યમંત્રીના વખાણ કરતા રહેશે અને મુખ્યમંત્રી ભાષણો કરતા રહેશે જેવા મુંબઈમાં કર્યા હતા એવા અને જવાનો મરતા રહેશે અને બીજી તરફ આ રાજ્યની પ્રજા છે એ ક્યારેક ને ક્યારેક, કોઈક ને કોઈક ત્રાસવાદીઓનો ભોગ બનતી રહેશે. (અંતરાય) એ તો તમારે મુખ્યમંત્રીને કહેવું જોઈશે. મુખ્યમંત્રીને કહો આપ કચ્છની બોર્ડર ઉપર આપ રહો છો કે 'ચૂન ચૂન કે મારુંગા'ની વાત કરો છો. ત્રાસવાદી આવીને મારી જાય છે. 'ચૂન ચુન કે મારુંગા' તો ત્રાસવાદીઓ આવીને મારી જાય છે. અને તમે તો ભાષણ કરતા રહો છો. (અંતરાય) સોનિયા ગાંધીએ તો ભાષણ કર્યા હતા જ્યારે સંસદ ઉપર હુમલો થયો હતો ત્યારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જૂનભાઈ આપ સીધા વિષય ઉપર રહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આ લોકોને કહો કે જે સોનિયા ગાંધીનું નામ દેશે તો હું જવાબ આપીશ. જ્યારે સંસદ ઉપર હુમલો થયો હતો ત્યારે એમ કહ્યું હતું કે અમે ભારત સરકારની જોડે છીએ. ભાષણો બીજા નહોતા કર્યા.

**અધ્યક્ષશ્રી** : મહેરબાની કરીને ફરીથી એકવાર ચેતવણી આપું છું કે દંડકશ્રી આપ આપના સભ્યોને સંભાળો. ક્રોસ ટોકની કોમેન્ટોને કારણે ચર્ચા આડે રસ્તે જાય છે. શું ફાયદો આપણે મેળવીએ છીએ? પછી એ આક્ષેપ કરે એટલે આપણે કહેવું પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ વાત પૂરી કરતાં પહેલા હું આપના મારફત ખૂબ ગંભીરતાથી વિનંતી કરવા માગું છું કે જો ખરેખર આપણે ઈચ્છતા હોઈએ કે આ યુનિવર્સિટી છે એ ખરા અર્થમાં યુનિવર્સિટી બને અને એ વૈશ્વિક કક્ષાની દેશની એક ઉત્તમ યુનિવર્સિટી બને. તો એને સ્વાયત્તતા આપવી જોઈશે એને સ્વાયત્તતા નહીં આપીએ તો જેમ માંડલનો દાખલો આપ્યો, જેમ આશારામનો દાખલો આપ્યો એની જેમ એની કોઈ તપાસ સ્વતંત્ર રીતે એમના વૈજ્ઞાનિકો તૈયાર નહીં કરી શકે અને એમના વૈજ્ઞાનિકો અને એકેડેમીક સ્ટાફ છે એ એમના વિદ્યાર્થીઓને તૈયાર નહીં કરી શકે. મતના રાજકારણની અંદર ૨-૫ માણસો ખુશ થઈ શકશે પણ દેશની જનતા છે એ હંમેશા ભયથી પીડાતી રહેવાની અને ભયથી લાંબો સમય મત મળવાના નથી અને એટલા માટે મેં વાત કરી છે કે આ યુનિવર્સિટીને અમે આવકારીએ છીએ પણ એનું મોડલ છે એ ખરા અર્થમાં ભલે ઓકસફર્ડ યુનિવર્સિટી કે હાવર્ડ યુનિવર્સિટી જેવું ન થાય પણ એટલીસ્ટ આપણા રાજયની જે સારી યુનિવર્સિટી, મોડલ યુનિવર્સિટી છે એમ.એસ. યુનિવર્સિટી એના જેવું મોડલ બને અને એમના વૈજ્ઞાનિકોને એને અભ્યાસ કરવાની, એકેડેમિક વર્ક કરવાની પૂરતી મોકળાશ રહે તો હું માનું છું કે આ યુનિવર્સિટીનું બીલ લાવ્યા એ સાર્થક ગણાશે. આ બીલ જે સ્વરૂપમાં આવ્યું છે એમાં હું સંમત થઈ શકતો નથી.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ અને માનનીય પ્રદિપસિંહભાઈએ આ બીલ ઉપરની ચર્ચામાં ભાગ લીધો. બધાએ જુદા જુદા મુદ્દાઓ ઊભા કર્યા, રાજકીય અવલોકનો કર્યા મારે કોઈ રાજકીય અવલોકનનો જવાબ આપવો નથી. મારે એટલું જ કહેવું છે કે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીએ ગુના શોધવાનું કામ નથી કરવાનું પણ ગુના શોધવાનું વિજ્ઞાન ભણાવવાનું કામ કરવાનું છે એટલે એમાં સ્વતંત્રતા ના હોય તો આમ ના થાય, સ્વતંત્રતા ના હોય તો તેમ ના થાય એવું કશું નથી થવાનું ત્યાં વિદ્યાર્થીઓને ગુના શોધવાનું વિજ્ઞાન ભણાવવાનું છે. એ વિદ્યાર્થીઓ ભણ્યા પછી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની અંદર જશે અને ગુના શોધવાનું કામ કરવાનું છે. રાજય સરકારો અને કેન્દ્ર સરકારને આધિન જે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીઝ ચાલે છે એને ગુના શોધવાનું કામ કરવાનું છે. અર્જુનભાઈ કદાચ આખું કોળુ શાકમાં જતું રહ્યું હોય તેમ લાગે છે. ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી અને ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી એ બે વચ્ચેનો ભેદ કદાચ આજે ઉતાવળમાં તૈયારી નથી થઈ.* (xxxxx) **અધ્યક્ષશ્રી** : શકિતસિંહજીએ કહ્યું એ રેકર્ડ ઉપરથી કાઢી નાખો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પક્ષના નેતા જ નકકી કરતા હોય છે કે કોને બોલવાનું છે.

**અધ્યક્ષશ્રી** : કોને બોલવાનું છે એ નકકી કરે છે શું બોલવાનું છે એ અર્જુનભાઈએ નકકી કરવાનું છે.

**શ્રી અમિત શાહ** : એમાં ઉતાવળ થઈ ગઈ છે એમ કહેવા માગું છું.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ ખબર નથી કે બીલ ઉપર બોલવામાં મારે નકકી ન કરવાનું હોય.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : સમયની મર્યાદા હોય ત્યારે યાદી દંડક તૈયાર કરતા હોય છે.

**અધ્યક્ષશ્રી** : અમિતભાઈ, તમે પણ તમારી ગાડી પાટા ઉપરથી બદલો નહીં. એક જ પાટે ગાડી ચલાવો અને તમે જે મુદ્દા લીધા છે એનો જવાબ આપવાની જે પદ્ધતિ અપનાવી છે એ અપનાવો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પાટા ઉપર ચાલવાનું હોય તો બીલ સ્વયંસ્પષ્ટ છે. બધા એને મંજૂરી આપે એવી મારી વિનંતી છે.

**પહેલા વાંચનનો પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૬નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ- ૨ થી ૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૮ ઉપરના સુધારા**

**અધ્યક્ષશ્રી** : કલમ-૮ સભાગૃહ સમક્ષ છે. હવે અર્જુનભાઈ મોઢવાડિયા તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૧ રજૂ કરું છું.

In clause ૮, in sub-clause (૧), for the words "appointed by the State Government" substitute the words "appointed by the Governor."

In clause ૮, after sub-clause (૧) insert the following sub-clause, namely

(૧A) The procedure for the appointment of Director General shall be as under,-

(૧) Search Committee consisting of the following members shall be formed

(i). One Nominee to be appointed by the Governor. He shall be the Chairman of the Search Committee.

(ii). One nominee to be appointed by the Board of Vice-Chancellors of Gujarat.

(iii). One Nominee to be appointed by the State Government from the Home Department, who shall not be in rank lower than the Secretary.

(૨) The Search Committee shall prepare panel of ૩ names and submit it to the Governor and the Governor in consultation with the State Government shall appoint the Director General from amongst the panel of names prepared by the Search Committee."

**સુધારા ક્રમાંક-૧, ૨ રજૂ કરવામાં આવ્યા.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે મૂળ સ્વાયત્તાની વાત કરી છે. એ સ્વાયત્તાની અંદર મેં કહ્યું તેમ કોઈ યુનિવર્સિટીમાં અત્યારને પણ જે ઘણી યુનિવર્સિટી અને નવી યુનિવર્સિટી બની એની સ્વાયત્તા લઈ લેવામાં આવી છે, છતા પણ એના વાઈસ ચાન્સેલર અને અહીયા વાઈસ ચાન્સેલરની જગ્યાએ ડાયરેકટર જનરલનું નામ આવ્યું છે. એની નિમણૂક છે એ સર્ચ કમિટી ગવર્નર એપોઈન્ટ કરતા હોય છે, અથવા બંધારણની અંદર જોગવાઈ હોય છે અને એમાં ગવર્નરના પ્રતિનિધિ એ સર્ચ કમિટીના ચેરમેન હોય છે. અને બાકીના જે સભ્યો છે એ દરેક યુનિવર્સિટીના રિસ્પેક્ટિવ એકટમાં જોગવાઈ થયેલી હોય છે. આ સર્ચ કમિટી છે એ ત્રણ જે ઉમેદવાર છે ડાયરેકટર જનરલની એની પેનલ બનાવે અને પેનલમાંથી નામ પસંદ કરવાના હોય છે. કયાંક એ અધિકાર છે એ રાજય સરકારને આપેલ છે, તો કોઈક જગ્યાએ ગવર્નરને આપેલ છે, સ્પેશ્યલાઈઝડ નવી યુનિવર્સિટીઓ બનેલી છે. એમાં તો આ અધિકાર ભાવનગર અને બંને જગ્યાએ રાજયપાલ પાસે અધિકારો રહ્યા છે, તો આપના મારફત મારી વિનંતી એટલી જ છે કે આ જો અમારા સુધારા મંજૂર રાખવામાં આવે તો આ બિલ આપણે સર્વાનુમતે પાસ કરી શકાય અને જે ભાવના છે યુનિવર્સિટીની. નહિતર આ યુનિવર્સિટીના બદલે માત્ર એક સરકારનું ડિપાર્ટમેન્ટ બની રહેવાનું છે, એટલે એ પ્રકારે સ્વાયત્તા જળવાઈ રહે એટલા માટે આ સુધારો મેં રજૂ કરેલ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં છેલ્લા થોડાક વર્ષમાં ઘણી સ્પેશ્યલાઈઝડ કોર્સ માટેની યુનિવર્સિટીની સ્થાપના થઈ છે: નેશનલ લો યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, કડી યુનિવર્સિટી, ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી, સેપ્ટ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી અહજુ લાંબી યાદી છે. આ બધી જ યુનિવર્સિટીમાં સર્ચ કમિટીની જોગવાઈ આ પ્રમાણેની જ છે અને આમાં કોઈ એકેડેમિક વાત સિવાય કશું જ થવાનું નથી કારણ કે આ શિક્ષણ માટે બનનારી યુનિવર્સિટી અને આની

પાછળનો આશય એટલો છે કે સ્પેશ્યલાઈઝડ કોર્સ અને સ્પેશ્યલાઈઝડ કોર્સ માટેના માણસોનું સિલેકશન સ્પેશ્યલાઈઝડ માણસો કરે એ પ્રકારની જોગવાઈ કરેલ છે. આમાં કોઈ શંકા કુશંકા રાખવાની કોઈ જરૂર નથી. રાજય સરકારનો આશય ખૂબ સારી રીતે ફોરેન્સિક સાયન્સને ગુજરાતના વિદ્યાર્થીઓ ભણે એની અંદર તજજ્ઞતા મેળવે અને જુદી જુદી જગ્યાએ દેશભરમાં જઈ એની એફ.એસ.એલ.ની સેવા કરે, કાયદો વ્યવસ્થાની સેવા કરે એ જ છે. હું માનું છું કે બધા સભ્યશ્રીઓએ આ આશયની અંદર શંકા કરવાનું કોઈ કારણ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાન ગૃહ મંત્રીશ્રીએ માહિતી આપતી એ બધી માહિતી પ્રાઈવેટ યુનિવર્સિટીઓની છે.

**અધ્યક્ષશ્રી** : આપ સુધારો પાછો ખેંચો છો કે શું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું મારો સુધારો ચાલુ રાખું છુ. હું એમના પ્રવચનમાંથી વાત કરું છું.

**સુધારા ક્રમાંક-૧ અને ૨ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૯ થી ૧૧ વિધેયકનો ભાગ બની**

**અધ્યક્ષશ્રી** : કલમ-૧૨ સભાગૃહ સમક્ષ છે. હવે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમનો સુધારો રજૂ કરે.

**કલમ-૧૨ ઉપરનો સુધારો**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સુધારો રજૂ કરું છું In clause ૧૨, in sub-clause(૧) in item (VIII) for the words "to be nominated by the State Government" substitute the words " to be nominated by the Goverrnor".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારો છે તે યુનિવર્સિટીના સંચાલક મંડળ બાબતમાં છે. તેમાં ત્રણ જે એકસપર્ટ શિક્ષણશાસ્ત્રીઓ મૂકવાની જોગવાઈ છે તેમાં આ અધિકાર જે માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે તેના અધિકાર રાજય સરકાર પાસે રાખેલા છે. મારા સુધારાની અંદર આ અધિકાર ગવર્નર પાસે હોય તેવો સુધારો રજૂ કરેલ છે. કારણકે એમાં તટસ્થતા રહે અને યુનિવર્સિટીની સ્વાયત્તતા જળવાય અને માત્ર સરકારી લોકોનું આખું બોર્ડ ન બની જાય એટલા માટે એટલીસ્ટ ત્રણ શિક્ષણશાસ્ત્રીઓ એવા આવે કે જે સંપૂર્ણપણ તટસ્થ હોય અને એકેડેમીક વર્ગને વરેલા હોય.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ત્રણ શિક્ષણશાત્રીઓને મૂકવાની છે. કોઈ સરકારી પ્રતિનિધિઓ કે ચૂંટાયેલી વ્યકિતઓને નથી મૂકવાની. જેમનું શિક્ષણ આ ક્ષેત્રમાં અને વિશેષ કરી ફોરેન્સીક સાયન્સમાં પ્રદાન છે તેવા નિષ્ણાતોને મૂકવાની જોગવાઈ છે. એટલે હું જે જોગવાઈ લઈને આવ્યો છું તે એની એ જ રાખવી જોઈએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૧૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૩ થી ૩૯, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૬નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવમાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન-૨૦૦૮ના વિધયેક ક્રમાંક-૨૬નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭.૧૦ કલાકે પૂરું થતાં સભાગૃહ તા.૨૬મી સપ્ટેમ્બર,૨૦૦૮ના રોજ સવારના ૮.૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૬ મી સપ્ટેમ્બર, ૨૦૦૯**
**આશ્વિન ૪, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે ફરી મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### રાજયમાં ડોકટરોને નોન પ્રેકટીસ એલાઉન્સમાં સમાવેશ

***૪૨૩૨ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૭-૨૦૦૮ ની સ્થિતિએ રાજયમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના કુલ કેટલા ડોકટરો એન.પી.એ. (નોન પ્રેકટીસ એલાઉન્સ) મેળવે છે, અને

(૨) આ એન.પી.એ. નો મૂળ પગારમાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) ૩૮૮૦

(૨) હા, જી.

**ડો. અનિલભાઈ જોષીયારા:** માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણા સમયથી એન.પી.એ.નો પ્રશ્ન ડોકટરો માટેનો હતો અને એન.પી.એ.ચૂકવવામાં આવતું ન હતું, પરંતુ આ પ્રશ્ન પૂછાયા અને મંત્રીશ્રીએ પોઝિટીવ નિર્ણય લીધો એ બદલ હું તેમનો આભાર માનું છું અને માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા કેટલાક સમયથી ૧૫ વર્ષથી ઓછી સર્વિસવાળા ડોકટરોને એન.પી.એ. ચૂકવવામાં આવતું ન હતું. તો હવે એમને એરિઅર્સ તરીકે એ એન.પી.એ. ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રથમ તો મને આ નિર્ણય લેવા બદલ અભિનંદન આપ્યા એ માટે હું તેમનો પણ આભાર માનું છું. મારે તેમને કહેવું છે કે આ નિર્ણય લીધો છે તો હવે એના પછીની પ્રક્રિયા પણ જે કાંઈ જરૂર હશે એ શકય તેટલી ઝડપે પૂરી થાય એ માટેની વ્યવસ્થા જરૂરથી કરાવીશું.

**શ્રી શકિતસિંહજી હ. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબતો જાણવા માગું છું. એક તો એ કે રાજય સરકારે આ એન.પી.એ. બંધ કરવાનો નિર્ણય લીધો હતા એની સામે નામદાર હાઈકોર્ટમાં પિટિશન થઈ અને એ પિટિશનના નિર્ણયના ભાગરૂપે આ એન.પી.એ. આપવાનું શરૂ થયું છે? રાજય સરકારે પહેલાં બંધ કરવાનો નિર્ણય કર્યો એનાં શું કારણો છે અને આ એન.પી.એ. શરૂ કરવાનો નિર્ણય કર્યો એનાં શું કારણો છે એ બન્ને કારણો મારે જાણવાં છે.

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનીય અધ્યક્ષશ્રી, જયારે નામદાર વડી અદાલતના એક સિનિયર કાઉન્સેલર અને મારા સાથી કાબેલ ધારાશાસ્ત્રીને જવાબ આપું છું ત્યારે કયારેક (અંતરાય) એટલા માટે કે હું માનનીય શકિતસિંહજીને કહેવા માગું છું કે નામદાર હાઈકોર્ટનો નિર્ણય આવે એટલે એના અનુસંધાને નિર્ણય લીધો છે એવું કહેવાય જ નહીં. We are duty bound to implement it. એટલે એના અનુસંધાને જ નિર્ણય લીધો છે. નામદાર હાઈકોર્ટમાં દાદ માંગતી અરજી થઈ રાજય સરકારે વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે નિર્ણય લીધો એનાથી નારાજ થઈને ઈન્ટરેસ્ટેડ સેગમેન્ટ માટે એને નામદાર હાઈકોર્ટમાં પડકારતી અરજી કરી અને નામદાર હાઈકોર્ટનો ચૂકાદો આવ્યો અને એના અનુસંધાને આ નિર્ણય લેવામાં આવ્યો છે એ નિર્ણય લેવાયો છે. This is purely administrative process. This has to be followed by any government.

### સાવલી તાલુકામાં રેશનિંગની દુકાનો ઉપર થયેલ ચેકિંગ

***૪૦૨૫ શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (ભા.રા.કો.) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલ રેશનીંગની દુકાનો ઉપર તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વખત ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) આ ચેકીંગ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ જણાઈ, અને

(૩) ગેરરીતિ આચરનાર સામે સરકારે શા પગલાં લીધા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલ રેશનીંગની દુકાનો ઉપર તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૪ વખત ચેકીંગ કરવામાં આવ્યુ.

(૨) આ ચેકીંગ દરમ્યાન આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ નીચે મુજબની ગેરરીતિઓ જણાઈ.

૧. યોજનાવાર સ્ટોકપત્રક અલગ નિભાવેલ નથી.

૨. અન્ય ઈસમ ધ્વારા દુકાનનો વહીવટ કરવામાં આવે છે.

૩. દુકાન નિયમીત ખોલવામાં આવતી નથી. તેમજ નિયમીત જથ્થો ઉપાડવામાં આવતો નથી.

૪. કાર્ડનું ક્રોસચેકીંગ કરતાં કાર્ડધારકને જથ્થો નહીં આપી જથ્થો અનઅધિકૃત વગે કરેલ છે.

૫. ભાવ-જથ્થાનું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી તેમજ બી.પી.એલ./અંત્યોદય યોજનાના કાર્ડધારકોની યાદી કાર્ડધારકો જોઈ શકે તે રીતે મુકવામાં આવેલ નથી.

૬. આવશ્યક ચીજવસ્તુના નમુના અને ફરિયાદ પેટી કાર્ડધારકો જોઈ શકે તે રીતે મુકવામાં આવેલ નથી.

૭. સ્ટોકપત્રક્ના હિસાબો લખવામાં ચેક્ચાક કરવામાં આવેલ છે.

૮. તપાસણી સમયે ગોડાઉનબુક તેમજ જી-રજીસ્ટર રજુ કરેલ નથી.

૯. માસિક પત્રકો સક્ષમ અધિકારીશ્રીને મોકલ્યા બદલ તેની સ્થળપ્રતની ફાઈલ રજુ કરેલ નથી.

૧૦.વેચાણ બીલબુકમાં કાર્ડધારકોના પુરાં નામ-સરનામાં કાર્ડ રેફરન્સ નંબર સુવાચ્ય અક્ષરે લખવામાં આવેલ નથી.

૧૧.હાજર જથ્થાની પ્રત્યક્ષ ખાત્રી કરતાં વગર વેચાણે હાજર જથ્થામાં વધ-ઘટ જણાઈ આવેલ છે.

૧૨.તપાસણી દરમ્યાન વીઝીટ બુકે આપેલ સૂચનાઓનું પાલન કરવામાં આવેલ નથી.

(૩) ગેરરીતિ આચરનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ તેમજ પી.ડી.એસ. કંટ્રોલ ઓર્ડર હેઠળ નીચે મુજબનાં પગલાં લીધા.

- રૂા. ૮૮,૮૦૪/- ની કિંમતનો જથ્થો સીઝર કરેલ છે.
- રૂા. ૮,૨૮૧/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.
- રૂા. ૭,૫૦૦/- અનામતની રકમ રાજ્યસાત કરેલ છે.
- એક પરવાનો મોકુફ રાખેલ છે.

**શ્રી ખુમાનસિંહ ચૌહાણ:** માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલો પ્રશ્ન છે કે તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં કેટલી વખત ચેકિંગ કરવામાં આવ્યું? તો એના જવાબમાં ૨૪ વખત ચેકિંગ કરવામાં આવ્યું તેમ જણાવવામાં આવેલ છે. તો આ ૨૪ વખત ચેકિંગ કરવામાં આવેલ છે તે કયા કયા ગામે અને કઈ કઈ મંડળીઓમાં ચેકિંગ કરવામાં આવ્યું અને એ ચેકિંગ દરમ્યાન અંધરેલિયા અને લીમડી મંડળીના સંચાલકો પાસેથી કેટલાંક બોગસ કાર્ડ મળ્યાં છે અને એ બોગસ કાર્ડના આધારે ઘઉં અને ચોખાનો મોટા પ્રમાણમાં જથ્થો વગે કર્યો છે એવું જિલ્લા ગોડાઉન મેનેજરના ચેકિંગમાં પણ બહાર આવ્યું છે એ વાત સાચી છે અને જો એ વાત સાચી હોય તો આ સંચાલકો સામે ત્યારબાદ શું પગલાં લીધાં અને શું પગલાં લેવા માગે છે? બીજું કે કેટલીક ગેરરીતિઓમાં બિલબૂકોમાં કાર્ડધારકોનાં નામ, સરનામાં અને કેટલા પ્રમાણમાં કઈ તારીખે જથ્થો આપ્યો છે એ બિલબૂકમાં સંચાલકો સ્પષ્ટપણે લખતા નથી. તો આવી ગેરરીતિઓ ક્રોસ ચેકિંગમાં જણાઈ આવી હોય તો આવા સંચાલકો સામે પાસા કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાવલી તાલુકાનો એમણે પ્રશ્ન પૂછયો છે, તો કુલ ૯૪ દુકાનો છે એમાંથી ૨૪ ઉપર તપાસ કરી છે. અને એ સિવાય પણ તપાસ કરી છે. અને એમની વાત સાચી છે કે બધી જ તપાસ કરી છે એમાંથી લગભગ ૧૧માં ગેરરીતિ જણાય છે, એમાંથી ૮ દુકાનો માટે નિર્ણય કરવાનો બાકી છે.

**અધ્યક્ષશ્રી** : એમણે બહુ શોર્ટમાં પૂછયું છે, ગામના નામ, મંડળીના નામ, બોગસ કાર્ડ અને બિલ બૂકોની ગેરરીતિ તમારી તપાસમાં આવી છે કે કેમ અને તેમની સામે પાસાના પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અદરખીયા મંડળી છે તેની તપાસ કરી છે એમાં ૬૩૫૦ કિલો અનાજ જપ્ત કર્યુ છે અને ૮૦૦ કિલો ખાંડ જપ્ત કરી છે. તેમાં અનેક પ્રકારની ગેરરીતિઓ પકડાઈ છે. અને પહેલા તેમનો પરવાનો ૯૦ દિવસ માટે રદ કરવામાં આવ્યો હતો, અને પાછળથી ખ્યાલમાં આવ્યું તેથી ફરી તપાસ કરવામાં આવી અને તેનો પરવાનો રદ કરી નાખવામાં આવ્યો છે. આવા કિસ્સામાં ગેરરીતિ થઈ છે ત્યારે પાસાના કેસમાં પી.બી.એમ. કેસ બનતો હોય છે એટલે પાસાનો કેસ હોતો નથી, પણ પી.બી.એમ. ના કેસ બને છે કે કેમ તેના અંગે તપાસ કરવામાં આવશે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : તાજેતરમાં ભૂતિયા કાર્ડ માટેની ઝૂંબેશ ચલાવવામાં આવી છે તો સાવલી તાલુકામાં કુલ કેટલા ભૂતિયા કાર્ડ જપત કરવામાં આવ્યા છે?

**અધ્યક્ષશ્રી** : સાવલી તાલુકામાંથી કેટલા ભૂતિયા કાર્ડ જપ્ત કરવામાં આવ્યા તે કહો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઘણા ખરા તાલુકામાં અમે ભૂતિયા કાર્ડનું ચેકીંગ કર્યુ છે અને સાવલી તાલુકામાં એ.પી.એલ.ના ૧૩૧૮, બી.પી.એલ.ના ૭૯૦ અને અંત્યોદયના ૫૮ એમ કુલ ૨૧૬૬ ભૂતિયા કાર્ડ મળી આવ્યાં છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે દુકાનદારો ભાવ-જથ્થાનું બોર્ડ નિભાવતા નથી અને બી.પી.એલ. અને અંત્યોદય યોજનાના કાર્ડ ધારકોની યાદી કાર્ડ ધારકો જોઈ શકે તે રીતે મૂકવામાં આવતી નથી તેવા દુકાનદારો આ કાર્ડનો જથ્થો બારો બાર વેચી નાખતા હોય તેવું માલુમ પડેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : દરેક દુકાનદારોએ બી.પી.એલ. અને એ.પી.એલ.ના કાર્ડ હોય છે તેની ડિટેઈલ મૂકવા માટેની સૂચના આપવામાં આવેલ છે. અને તેમાં ટેકનિકલ ખામી હોય ત્યાં દૂરસ્ત કરાવીએ છીએ અને દૂરસ્ત ન કરે તો શિક્ષા પણ કરીએ છીએ.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : સાવલી તાલુકામાં અનાજ અને કેરોસીનની ફાળવણી કેટલી કરવામાં આવી છે?

**અધ્યક્ષશ્રી** : સાવલી તાલુકામાં અનાજ અને કેરોસીનની ફાળવણીની વિગતો આપો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સાવલી તાલુકામાં અમારી દુકાનો છે, સહકારી મંડળીઓ અને શારીરિક ખોડ ખાંપણવાળા અને જનરલ દુકાનો છે તેવી કુલ ૯૪ દુકાનો છે. એમાં તેમણે જે જથ્થો માગ્યો છે તેમાં...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જો હોય તો આપો, નહીંતર પછી ટેબલ ઉપર મુકજો. માનનીય સભ્યશ્રી, આ પ્રશ્ન ગેરરીતિ અને ચેકીંગનો છે, એટલે જથ્થો માગો તો હોય નહીં, માનનીય મંત્રીશ્રી આપ ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૪ દુકાનોનું ચેકીંગ કરવામાં આવ્યું છે તે કઈ કઈ દુકાનોમાં ચેકીંગ કરવામાં આવ્યું છે? અને એમાંથી ૩-૪ મંડળીઓ કે જેમાં કોઈ મોટા પ્રકારની ગેરરીતિઓ પકડાઈ હોય તેવી કેવા પ્રકારની ગેરરીતિઓ માલુમ પડી છે? બીજું સસ્તા અનાજની દુકાનોના સંચાલક પાસેથી કેરોસીનના ડીલરો, મંડળીને જે કેરોસીન આપવામાં આવે છે તે ડીલરો પાંચ પીપડા કેરોસીન એવી મંડળીઓને આપવામાં આવતું હોય તો એમાંથી એક અથવા તો બે પીપડા તાલુકા કક્ષાએ ડીલરો દુકાનદારો પાસેથી કાપી લે છે અને કોઈ આગેવાન આને અંગેની ફરિયાદ કરવા જાય તો આવા ડીલરોની સામે મામલતદાર અથવા જિલ્લા પુરવઠા તંત્ર અથવા તો કલેકટર કોઈ પગલાં લેતા નથી. કારણ કે આમાં દુકાનદારો અને ડીલરોની મિલીજૂલી ચાલે છે એના કારણે કોઈ જગ્યાએ પગલાં લેવાતા નથી. ડીલરો આ રીતે કેરોસીનના પીપડા કાપી લે છે તે અંગેની કોઈ ફરિયાદ દુકાનદારો તરફથી તંત્રને મળી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ૨૪ દુકાનોની યાદી ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ૨૪ પાના ભરેલી યાદી છે.

**અધ્યક્ષશ્રી** : આ યાદી ૨૯મી તારીખે ટેબલ ઉપર મૂકી દેજો. બીજી કેરોસીનની ગેરરીતિ અંગેની વાત છે તે અંગે આપ જવાબ આપો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કેરોસીનમાં થતી ગેરરીતિઓ જપ્ત કરવા માટે અમારી સરકારે ઘણી એકસેસાઈઝ કરી છે. ૨૫૦ ટેન્કર કરતાં વધારે જથ્થો અમે પકડી પાડયો છે. ગઈ વખતની ધારાસભા પછી અમે ખાતરી આપી હતી કે અમે ગેરરીતિ નાબૂદ કરીશું, આપને ખ્યાલ હશે કે કેરોસીન અને અનાજની ગેરરીતિ પકડવા માટે અમારા વિભાગે ખૂબ જ કામગીરી કરેલ છે. ૨૫૦ ટેન્કર કરતાં વધારે કેરોસીન બચાવી શકયા છીએ એના કારણે જે જરૂરિયાતવાળા છે એને ૯૪ ટકાની સામે ૧૦૦ ટકા કેરોસીન આપી શકયા છીએ.

### આરોગ્ય સેવામાં તબીબોની ખાલી જગ્યાઓ પર નિમણૂક

*** ૪૨૧૬ શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જગ્યાઓ ભરવા માટે વિભાગ દ્વારા તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૮ થી તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં શું કાર્યવાહી થઈ, અને

(૨) આ સ્થિતિએ સ્નાતક તેમજ અનુસ્નાતક મેડીકલ ડોકટરો, આયુર્વેદ ડોકટરો અને હોમિયોપેથીક ડોકટરોની કેટેગરી દીઠ કેટલી નિમણૂકો થઈ અને આમાંથી કેટલા હાજર થયા?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) આરોગ્ય સેવામાં તબીબોની ખાલી જગ્યાઓ ભરવા માટે તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૮-૨૦૦૮ દરમિયાન નીચે દર્શાવ્યા મુજબના તબીબોની નિમણૂક કરવામાં આવેલ છે.

| ક્રમ | તબીબની વિગત | નિમણૂક સંખ્યા |
|---|---|---|
| ૧ | એલોપેથીક સ્નાતક | ૮૧૧ |
| ૨ | એલોપેથીક અનુસ્નાતક | ૬૨ |
| ૩ | તજજ્ઞ તબીબ વર્ગ-૧ | ૧૨૮ |
| ૪ | આયુર્વેદિક તબીબ | ૬૦૭ |
| ૫ | હોમીયોપેથીક તબીબ | ૨૩૮ |

(૨) સામેલ પત્રક મુજબ.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પેટા પ્રશ્ન-૨માં જણાવ્યું છે કે મેડીકલ ડોકટરો, આયુર્વેદ ડોકટરો અને હોમિયોપેથીક ડોકટરોની કેટેગરી દીઠ કેટલી નિમણૂક થઈ, એમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે એલોપેથીક સ્નાતક, એલોપથીક અનુસ્નાતક, તજજ્ઞ તબીબી વર્ગ-૧, આયુર્વેદિક તબીબ અને હોમિયોપેથીક તબીબ કુલ મળીને ૧૮૪૬ જેટલા આદેશો કરવામાં આવ્યા. એમાંથી ૬૭૮ જેટલા જ ડોકટરો હાજર થયા છે. તો બાકીના ડોકટરો ક્યારે હાજર થશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીને પહેલાં તો આપના થકી જણાવવું છે કે છેલ્લા આઠ મહિનામાં ૧૮૦૦ કરતાં વધારે હુકમો આપવામાં આવ્યા હતા. એમાં ગુજરાત રાજય જાહેર સેવા આયોગ છે એને અમે ૧૨૪૨ જગ્યાઓ માટે માગણી પત્રક મોકલ્યું એમાંથી ૬૦૭ ઉમેદવારોની જાહેર સેવા આયોગે ભલામણ કરી અને એ ૬૦૭ તબીબોની ભલામણ કરી એ પછી એના પ્રમાણપત્રોની ચકાસણી કરવી પડે વગેરે વિધિમાંથી પસાર થવું પડે એટલે ૫૨૮ તબીબોના પ્રમાણપત્રની ચકાસણી કરવામાં આવી એ પછી એ તબીબોના પોલીસ વેરિફિકેશન રિપોર્ટ મંગાવવા પડે એ પ્રક્રિયા ચાલુ છે અને હજી ૧૧૪ ઉમેદવારોના પોલીસ રિપોર્ટ બાકી છે જે માટેની પ્રક્રિયા ચાલુ છે, પોલીસ રિપોર્ટ મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. તબીબોની પ્રાપ્તિની પરિસ્થિતિ ગુજરાત રાજયમાં શું છે એ આપ સૌ જાણો છો. તબીબોની શોર્ટેઝ કહેવાય એ પ્રકારની સ્થિતિ છે અને એટલે તબીબોને આ હુકમો આપ્યા છતાં ઘણી મોટી સંખ્યામાં ખાસ કરીને એલોપેથીક તબીબો છે એ હાજર થતા નથી કારણ કે એમને વૈકલ્પિક વ્યવસાય માટેની પ્રેકટિસ, અનુસ્નાતક અભ્યાસ માટે જવાનું અથવા કેટલાક વિદેશ પણ જાય છે, આ બધી સવલતો ઉપલબ્ધ હોવાને કારણે સૌથી ઓછા પ્રમાણમાં એલોપેથીક સ્નાતકો છે એ હાજર થાય છે. અમે ૮૧૧ના આદેશો કાઢ્યા એમાંથી માત્ર ૬૭ જ હાજર થયા છે અને અનુસ્નાતક ૬૨ને ઓર્ડર આપ્યા પછી એમાંથી ત્રણ જ હાજર થયા છે એનો ઉપાય એ છે કે રાજયમાં મેડીકલ એજ્યુકેશન છે. તેની અત્યારે ઉપલબ્ધ સીટોની પ્રાપ્તિ છે તે એકદમ વધારે દેવી અને એ દિશામાં અમારા નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ દૃષ્ટિવંત અભિગમ અપનાવીને આ વર્ષે પાંચ નવી મૅડિકલ કૉલેજો અને કુલ ૭૦૦ જેટલી વધારાની સીટો, એટલે આ વખતે જેટલા છોકરાઓ ગુજરાત બહાર ગયા એટલા છોકરાઓને ગુજરાતમાં આવતી સાલ વધારે એડમિશન મળે તે પ્રકારની પરિસ્થિતિ ઉભી કરીને સરકારનો અભિગમ એ છે કે આવનારા ત્રણ વર્ષોમાં જે મૅડિકલ સીટોની ઉપલબ્ધિ વધારીને ત્રણ ગણી કરવી, તેના કારણે જે ડૉકટરોની પ્રાપ્તિ માટેની તકલીફો છે એ નિવારીને આગળ વધવું. એટલે બાકીના ડૉકટરોની પૂર્તતા કરવા માટે અથવા જગ્યાઓ ભરવા માટે અમે સક્રિય છીએ. માત્ર અત્યારનું જ નહીં, પણ પ્રોસ્પેકટીવ પ્લાનીંગ જેને કહેવાય, ભાવિ આયોજન કહેવાય તેને લઈને અમે આગળ ચાલીએ છીએ.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : આમ તો મારા પ્રશ્નનો જવાબ મળી ચૂક્યો છે. પણ પણ થોડી વધારાની વિગત મારે આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવી છે કે ૮૧૧માંથી ૬૭ જ હાજર થયા છે. એટલે ખૂબ મોટી સંખ્યામાં હાજર નથી થયા. તેના કારણોમાં વિદેશમાં જવું, તેને મળતી જુદી જુદી સવલતોના કારણે એ બાજુ ખેંચાઈ જાય એ છે પણ તેમ છતાં બીજાં કોઈ કારણો વિશે માનનીય મંત્રીશ્રી તપાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** આ જે હાજર થયા છે અને તેની સંખ્યામાં થોડોક તફાવત દેખાય છે. તેનું એક કારણ એ પણ છે કે જેમને એડહોક એપોઈન્ટમેન્ટ આપી હોય અને જે જાહેર સેવા આયોગની સામે એપિયર થાય અને એમને જે નિમણૂંક મળે એ જગ્યાએ હાજર જ છે. એટલે એ વધારાની હાજરી ગણાવતા નથી અને મેં જે આગળ કહ્યું તે પ્રમાણે ૧૧૪ ઉમેદવારોની હજુ પોલીસ વેરીફીકેશનની પ્રક્રિયા ચાલુ છે એટલે આ આંકડો નાનો દેખાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એલોપથીમાં જનરલ કેટેગરીમાં ૪૦૫ને આદેશ આપ્યા, તેમાંથી માત્ર ૨૦ હાજર થયા. હું એ જાણવા માગું છું કે આ ૪૦૫ પૈકી કેટલા બોન્ડેડ હતા?

બીજો સવાલ એ છે કે રાજય સરકારનો હમણાં જે અભિગમ શરૂ થયો છે, ફીકસ પગારમાં આપી દેવાના અને એ કારણે રાજય સરકારની નોકરીઓમાં કવોલિફાઈડ, સારા લોકો આવે એવી સંખ્યા બધે જ ઘટે છે.

ડૉક્ટરોમાં ફુલ સ્કેલથી આપતા હો તો પણ તેમને સ્પેશિયલ ઈન્સેન્ટીવ આપીને એલોપથી ડૉક્ટર, પેલું તો ખાલી ફેઈસ સેવીંગ છે. એલોપથી ડૉક્ટર વધારે ભરાય તેના માટે આપ શું કરવા માગો છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : એલોપથી ડૉક્ટર વધારે ભરાય તેનો એક માત્ર ઉપાય એમની વધારે ઉપલબ્ધિ થાય તે જોવાનો છે. એ અમે કાર્યવાહી કરી રહ્યા છીએ. ત્યાર પછી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે ફીક્સ પગારથી અમે વધારે લોકોને રાખીએ છીએ. જ્યારે હાથ પડ્યું તે હથિયાર એ નીતિ અપનાવવાની જરૂરિયાત હોય ત્યારે (અંતરાય) હું જે કહેવા માગું છું તે જુદું છે. ત્યારે ખંડ સમયની ઉપલબ્ધિને માટે સમયદાનની યોજના નીચે અથવા તો પાર્ટટાઈમ અવેલેબિલીટીને લક્ષમાં લઈને અત્યારે અમે એ જગ્યાઓને અમે ખંડ સમયની ઉપલબ્ધિ તરીકે એમની સાથે એટેચમેન્ટ તરીકે ભરીએ છીએ. જો આવતીકાલે આ જગ્યાએ પૂર્ણકાલિન ડૉક્ટરો ઉપલબ્ધ થતાં હોય તો આવતી કાલે અમારે ત્યાં તો પદ્ધતિ એવી છે કે દર મંગળવારે અમે ઓપન ઈન્ટરવ્યુ રાખીએ છીએ અને જે કોઈ આવે અને એને જ્યાં જવું હોય ત્યાં, બોન્ડેડ ડૉક્ટરોને ખૂબ ઓછી સંખ્યામાં હાજર થાય છે.

**અધ્યક્ષશ્રી** : એમનો એક પ્રશ્ન એ છે. કે ૪૦૫ની અંદર જે હાજર નથી થયા તેમાં બોન્ડેડ કેટલા હતા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : ૨૦ જ હાજર થયા છે. તેનો અર્થ એ કે બાકીના બોન્ડેડ ડૉક્ટરો છે તે ડૉક્ટરો બૉન્ડની રકમ ઓછી છે માટે થઈને બૉન્ડ ભરવાનું સ્વીકારીને એ જગ્યાએ હાજર થતા નથી. મહદઅંશે હાજર થયા નથી. એટલા માટે અમે વૈકલ્પિક વિચારણા કરી રહ્યા છીએ કે જે રૂરલ સેવાઓ છે તે રૂરલ સેવાઓ જ્યાં સુધી પૂરી ન થાય ત્યાં સુધી તેમની જે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા છે તેને એડહોક ગણીને તેને ટેમ્પરરી રજીસ્ટ્રેશન આપવું અને એ પૂરી થયા બાદ જ એમને પૂર્ણકાલિન રજીસ્ટ્રેશન મળે તે પ્રકારની વહીવટી પ્રક્રિયા પણ અમે હાથમાં લીધી છે એટલે રોગનું નિદાન કર્યું છે. નિદાન કર્યા પછી હવે તેનો ઉપાય કરવાની પ્રક્રિયા ચાલુ છે.

**અધ્યક્ષશ્રી** : એકદમ ટૂંકો પ્રશ્ન પૂછજો. ટૂંકા જવાબ તરફ જઈએ તો વધારે સારું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે એપોઈન્ટમેન્ટ આપીએ છીએ, ઈન્ટરવ્યૂ લેવામાં આવે એમાં ઘણી વખત ઈન્ટરવ્યૂ લીધા પછી ડોકટરો જ હાજર થતા નથી. તો એવા કયા કારણો છે કે તેઓ હાજર થતા નથી? એના પાછળ કયા કારણો છે? એનો અભ્યાસ કરીને એનું કાયમી નિરાકરણ આવે એવા પ્રયાસો કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : શ્રી કનુભાઈના પ્રશ્નના જવાબમાં જવાબ આવી ગયો છે એના કરતાં વધારે હોય તો આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ડોકટરો સિલેકટ થયા હતા અને પછી હાજર થયા નથી એમના નામ સરનામા મેં લીધા છે અને એમને બે દિવસમાં જ હું મારી સહીથી પત્ર લખી રહ્યો છું કે તેઓ કયા કારણોસર હાજર થતા નથી? એનો સરવે કરીને જે કોઈ કારણો હશે એ સુધારવા માટેના પ્રયત્નો કરીશું.

**પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ટ્રેન શરૂ કરવા દરખાસ્ત**

***૩૬૯૨ શ્રી શિરિષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં છેલ્લા બે વર્ષમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે પેલેસ ઓન વ્હીલ જેવી કોઈ ટ્રેઈન શરૂ કરવા રાજય સરકારે ભારત સરકારને દરખાસ્ત કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ આ બાબત કયા તબક્કે છે?

**પ્રવાસન મંત્રીશ્રી**

(૧) જી, હા.

(૨) ભારત સરકારના પ્રવાસન મંત્રાલયને તા.૨૦-૩-૨૦૦૮ના રોજ દરખાસ્ત કરવામાં આવેલ છે જે પ્રવાસન મંત્રાલય સમક્ષ વિચારાધીન છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં એમ કહ્યું છે કે, તા.૨૦-૩-૨૦૦૮ના રોજ ભારત સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. તે ગુજરાતના કયા વિસ્તારોને આવરી લીધેલ દરખાસ્ત છે? આ માટે રાજય સરકારે કોઈ ફાળો આપવાનો છે? કેટલો ફાળો આપવાનો છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના જવાબમાં આપની મંજૂરીથી થોડીક પૂર્વ ભૂમિકા આપવી પડશે. એમણે રોયલ ઓરિએન્ટ એકસપ્રેસ ટ્રેન ગુજરાતમાં ચાલતી હતી અને એનો રૂટ દિલ્હી, ઉદેપુર, ચિતોડગઢ, અમદાવાદ, જૂનાગઢ, સોમનાથ, સાસણ ગીર, દિવ, પાલીતાણા, અમદાવાદ, જયપુર અને દિલ્હી. ફેબ્રુઆરી ૧૯૯૫માં આ ટ્રેન ચાલુ થઈ, એપ્રિલ ૨૦૦૪માં આ ટ્રેન ચાલતી બંધ થઈ. એ દરમિયાન ૨૭૭૬ ટુરિસ્ટોએ એનો લાભ લીધો. એ પછી ગેજ પરિવર્તન થયું એના કારણે આ ટ્રેન બંધ થઈ અને એટલા માટે ફરીથી ચાલુ કરવા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકાર સાથે વિચારણામાં મૂકી હતી. તે વખતે પરિસ્થિતિ એવી હતી કે કેન્દ્ર સરકારનો રેલ્વે વિભાગ આ પ્રકારની ટ્રેનો ચાલુ કરી અને રાજયને રોયલ્ટી શેરીંગ બેઝે જે ટુરિસ્ટ આવે એની આવક મળતી હતી. એવી યોજના કેન્દ્ર સરકારે જાહેર કરી છે એ યોજના મુજબ શરતો અને બોલીઓ જાહેર કરી છે અને એ યોજના નવી દિલ્હી, રેલ્વે મંત્રાલયના તા.૭-૩-૨૦૦૮ના રોજ પરિપત્ર બહાર પાડયો એમાં આ યોજનાની વિગતો આપવામાં આવી છે. તા.૭-૩-૨૦૦૮ના રોજ જાહેરાત થઈ અને આપણે તા.૨૦-૩-૨૦૦૮ના

રોજ અરજી કરી છે. આ યોજનામાં અરજી કરનાર રાજયમાં ગુજરાત રાજય પહેલું છે. એમાં જે દરખાસ્ત છે એ પ્રમાણે બત્રીસ કરોડ રૂપિયાની આ યોજના છે એમાં રાજય સરકારનો ફાળો ચોવીસ કરોડ રૂપિયા અને ભારત સરકારનો ફાળો આઠ કરોડ રૂપિયા રહેશે અને જે રૂટ છે એમાં રાજસ્થાનમાં જઈ ગુજરાતમાં આવે અને પછી આગળ જાય. એટલે રાજસ્થાનમાં જે પ્રવાસીઓ આવે એ ગુજરાત સાથે જોડાય એ પ્રમાણે દરખાસ્ત કરી છે.

**એકલવ્ય મોડેલ સ્કૂલો**

*** ૪૬૦૩ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ એકલવ્ય મોડેલ સ્કૂલો ક્યા ક્યા જિલ્લા અને ક્યા સ્થળે છે, અને

(૨) તેના સંચાલન માટે કઈ કઈ સંસ્થાઓને ક્યારે મંજૂરી આપવામાં આવી છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી:**

(૧) રાજયમાં તા.૩૧.૮.૨૦૦૮ની સ્થિતિએ એકલવ્ય મોડેલ સ્કૂલો નીચેના જિલ્લામાં ૧૧ સ્થળે કાર્યરત છે.

| ક્રમ | જિલ્લો | સ્થળ |
|---|---|---|
| ૧ | વલસાડ | પારડી |
| ૨ | વલસાડ | કપરાડા |
| ૩ | ડાંગ | આહવા |
| ૪ | સુરત | બારડોલી (ભોતા) |
| ૫ | તાપી | નિઝર (ખોડદા) |
| ૬ | નવસારી | બારતાડ |
| ૭ | નર્મદા | તિલકવાડા |
| ૮ | સાબરકાંઠા | શામળાજી (શામળપુર) |
| ૯ | દાહોદ | દાહોદ |
| ૧૦ | પંચમહાલ | વેજલપુર |
| ૧૧ | બનાસકાંઠા | અંબાજી |

(૨) નીચે મુજબની ત્રણ શાળાઓનું સંચાલન આઉટ સોર્સ કરવામાં આવેલ છે.

| ક્રમ | એકલવ્ય શાળા | સંસ્થા | MOU-તા. |
|---|---|---|---|
| ૧ | વેજલપુર જિ. પંચમહાલ | નવરચના એજ્યુકેશન સોસાયટી, વડોદરા | ૧૮-૪-૦૭ |
| ૨ | તિલકવાડા જિ. નર્મદા | ગ્લોબલ ઈન્ડીયન ફાઉન્ડેશન, સિંગાપોર | ૨૧-૬-૦૭ |
| ૩ | કપરાડા જિ. વલસાડ | ઉત્થાન સેવા સંસ્થા, અમદાવાદ | ૭-૮-૦૮ (ટ્રાન્ઝીસ્ટ એગ્રીમેન્ટ) (ધોરણ-૬ માટે) |

**શ્રી અશ્વિનભાઈ કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી આ ગૃહમાં આ મારો પ્રથમ પ્રશ્ન છે એટલે આનંદ અનુભવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જે એકલવ્ય મોડેલ સ્કૂલો વેજલપુર જિ.પંચમહાલ અને તિલકવાડા, જિલ્લો- નર્મદા આ બન્ને શાળાઓના કેટલા વર્ષ માટે એમ.ઓ.યુ. થયા છે અને બીજો પ્રશ્ન એ છે કે, એમ.ઓ.યુ. થયા પછી શાળાનો વહીવટ અથવા ફરિયાદ મળે તો તે અંગે સરકારને આ એમ.ઓ.યુ. રદ કરવાની સત્તા છે કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, આ ખાનગી સંસ્થાઓને જે એકલવ્ય મોડેલ સ્કૂલો એમ.ઓ.યુ. કરીને આપી છે એ આપવાના કારણો શું છે? **શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ અગત્યનો પ્રશ્ન પૂછયો છે કે આ બંને શાળાઓને ૭ વર્ષ માટે એના એમ.ઓ.યુ. થયા છે અને આ બંને શાળાઓ કરાર આધારિત છે. શિક્ષણની ગુણવત્તા, ભોજનની ગુણવત્તા આદિવાસી બાળકો, તેજસ્વી બાળકો, મેઘાવી બાળકોનો વિકાસ થાય

એના માટે આ બંને સંસ્થાઓને આપ્યું છે. પરંતુ કોઈ ફરિયાદ મળે અને ફરિયાદમાં તથ્ય મળે અને પૂરેપૂરી માહિતી મળે તો આ સરકાર ચોક્કસ આના માટે વિચારશે. ત્રીજો એમણે જે પ્રશ્ન પૂછયો છે કે આવી ખાનગી સંસ્થાઓને કેમ આપ્યો છે, પણ જે સારી સંસ્થાઓ છે, જે શહેરની સંસ્થાઓ છે, તજજ્ઞ સંસ્થાઓ જે છે અને સારું શિક્ષણ આપી શકે છે, અંગ્રેજીનું શિક્ષણ આપી શકે એવી સંસ્થાઓને આ રાજય સરકારે મંજૂરી આપી છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં તિલકવાડા ખાતે એકલવ્ય મોડેલ સ્કૂલ મારા વિસ્તારની અંદર ચાલે છે. અમારા આદિવાસી બાળકોને સારું ગુણવત્તાવાળું શિક્ષણ મળે અને અંગ્રેજી બોલતા-વાંચતા થાય એના માટેનો આ એક ખૂબ સારો પ્રયાસ છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે એકલવ્ય મોડેલ સ્કૂલ જે શરૂ કરાઈ છે એનો શું હેતુ છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આભાર એટલા માટે માનવો પડે કે વનબંધુ કલ્યાણ યોજનાની અંદર આદિવાસી સમાજને ગુણવત્તાવાળું શિક્ષણ મળે અને જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે તેજસ્વી અને મેધાવી બાળકોનો સર્વાંગી વિકાસ થાય, એ ડૉકટર, વકીલ આદિવાસી બને પણ પાયલોટ પણ બનાવવાનું સ્વપ્ન આ રાજયના મુખ્યમંત્રી માનનીય મોદી સાહેબનું છે એટલા માટે આ શાળાઓનો હેતુ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એકલવ્ય મોડેલ સ્કૂલને એન.જી.ઓ.ને કેટલા વર્ષ માટે આપવામાં આવી છે

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષ માટે આપવામાં આવી છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલો કયારથી ચાલુ કરવામાં આવી અને આ ખાનગી સંસ્થાઓને સોંપવાથી શિક્ષણ સુધરવાનું છે એમ સરકાર સ્વીકારે છે? અને બીજું આ ખાનગી સંસ્થાઓને આ શિક્ષણની સંસ્થાઓ સોંપવાના ધારાધોરણો શું છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧થી આ સંસ્થાઓ એકલવ્ય મોડેલ શાળાઓ ગુજરાતમાં શરૂ કરવામાં આવી છે. એન.ડી.એ.ની સરકારનો આપણે આભાર માનીએ છીએ. કે વનબંધુ વિસ્તારમાં, જંગલો, ડુંગરોમાં રહેતા વિસ્તારમાં આશ્રમશાળાઓ ચાલતી હતી, છાત્રાલય ચાલતા હતા, આદર્શ નિવાસી શાળાઓ પણ ચાલતી હતી પણ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી સાહેબના કારણે એ ગુણવત્તાવાળું શિક્ષણ મળે, અંગ્રેજીવાળું શિક્ષણ મળે એના માટે શરૂઆત કરી છે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે એમ કહેવું છે કે આદિવાસી વિદ્યાર્થી ધોરણ-છઠ્ઠામાં કોમ્પ્યુટર શીખી શકે છે, અંગ્રેજી વાંચી શકે છે, લખી શકે છે, બોલી શકે છે, એનો સર્વાંગી વિકાસ થાય છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ એકલવ્ય મોડેલ સ્કૂલો જે છે એમાં પ્રવેશ માટેના ધોરણો શું છે? નંબર એક, બીજું માનનીય મંત્રીશ્રીના જણાવ્યા પ્રમાણે ગુણવત્તા અને તેજસ્વી બાળકોના સર્જન માટેનો સરકારનો જે આ કંન્સેપ્ટ છે એને આ મોડેલ સ્કૂલ પાછળનું એક મેઈન કારણ ગણવામાં આવે છે ત્યારે આવી એકલવ્ય મોડેલ સ્કૂલોની સંખ્યા વધે, આગામી વર્ષોમાં એ માટે સરકાર આગામી વર્ષમાં કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેરીટના પ્રમાણે આમાં પ્રવેશ આપવામાં આવે છે અને વનબંધુ કલ્યાણ યોજનામાં આ નવી શાળાઓ માટે પણ સરકાર સક્રિય વિચારણા કરી રહી છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે એકલવ્ય સ્કૂલો ટ્રાયબલ એરીયામાં શરૂ કરવાની જે વાત કરી છે એમાં મારે માનનીય મંત્રી પાસે જાણવું છે કે આ સરકારે તો આદિવાસી વિસ્તારમાં નવી માધ્યમિક શાળાઓ પણ ખોલી છે, એમાં કોઈપણ સ્ટાફ ભર્યો નથી તો આ એકલવ્ય જે સ્કૂલો ખોલી છે એની પણ એ જ પરિસ્થિતિ હોય તો આનું ખોલવાનું શું કારણ છે? અને આમાં કેન્દ્ર સરકારની કોઈ જોગવાઈ છે કે કેમ? અને રાજય સરકારની એમાં શું શું જોગવાઈ છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે એમણે માધ્યમિક શાળાઓની વાત કરી છે પણ એકલવ્ય શાળાઓમાં પૂરતા શિક્ષકો, પૂરતા બિલ્ડીંગની સંપૂર્ણ સુવિધાઓવાળી આ શાળાઓ છે એટલે આવો કોઈ પ્રશ્ન આમાં છે જ નહીં.

## આણંદ જિલ્લામાં નર્સરીઓમાં રોપા ઉછેરવા બાબત

***૪૩૩૨ શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯માં તા: ૩૧-૮-૨૦૦૮ સુધીમાં વન વિભાગ દ્વારા આણંદ જિલ્લામાં કયા કયા પ્રકારની નર્સરીઓમાં કેટલા રોપા તૈયાર કરવામાં આવેલ છે,

(૨) તે માટે કુલ કેટલી ગ્રાન્ટ મળી, અને

(૩) તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

**વનમંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯માં તા:૩૧-૦૮-૦૮ સુધી આણંદ જિલ્લામાં ખાતાકીય નર્સરીઓમાં અને લોકો મારફતે ઉછરેલી નર્સરીઓમાં કુલ ૮૧.૪૦ લાખ રોપા તૈયાર કરવામાં આવેલા છે.

(૨) કુલ રૂા. ૧૨૭.૨૪ લાખની ગ્રાન્ટ મળી છે.

(૩) તે પૈકી કુલ રૂા. ૧૨૭.૧૦ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. **શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૮૧.૪૦ લાખ રોપા ઉછેરવામાં આવ્યા છે એ પૈકી ખાતાકીય નર્સરીમાં કેટલા ઉછેરવામાં આવ્યા છે અને લોકો મારફતે કેટલા ઉછેરવામાં આવ્યા છે? વર્ષ ૨૦૦૭-૦૮માં જે રોપાઓનું વાવેતર થયું હોય એ પૈકી હાલમાં જીવિત કેટલા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે ખાતાકીય નર્સરીને વિતરણ માટે ૨૦૦૭-૦૮માં ૧૭.૨૫ અને ૨૦૦૮-૦૯માં ૨૩.૩૦ લાખ રોપા આપવામાં આવ્યા હતા. ખર્ચની વાત છે તો અનુક્રમે ૫૪.૪૦ લાખ અને ૭૨.૭૦ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપા ઉછેરવામાં આવ્યા અને એની આવક કેટલી થઈ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : આમાં આવકનો સવાલ આવતો નથી.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : આ નર્સરીઓ બનાવવામાં આવે છે એમાં વિકેન્દ્રિત નર્સરી શું છે અને એ કોને આપવામાં આવે છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : વિકેન્દ્રિત નર્સરી એટલે સહેલાઈથી ખાતાકીય રીતે જે મળી શકે એની વાત છે. એ લોકોને આપવા માટે નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વન મહોત્સવ દરમિયાન આ રોપાઓ વિતરણ કરવાના ધારા-ધોરણો શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : વન મહોત્સવ દરમિયાન ગ્રામ પંચાયતને ૫૦૦૦ સુધીના રોપા આપવામાં આવે છે. શાળાઓમાં ૨૫૦૦ રોપા વિના મૂલ્યે આપવામાં આવે છે. સરકારી કચેરીઓમાં વિનામૂલ્યે રોપાઓ આપવામાં આવે છે. ૫૦૦૦ રોપા આપવામાં આવે છે એમાં રોપા દીઠ ૨૦ પૈસા પ્રમાણે આપવામાં આવે છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : મેં એમ પૂછયું કે આ પૈકી ૨૦૦૭-૦૮માં રોપા રોપવામાં આવ્યા હતા એમાં જીવિત કેટલા છે અને કેટલા રોપા ખાતાકીય રીતે ઉછેરવામાં આવ્યા છે અને કેટલા રોપા લોકો દ્વારા ઉછેરવામાં આવ્યા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : આમાં રોપા ઉછેરવાની વાત છે. જીવિત કેટલા છે એ સવાલ આવતો નથી.

**મહુવા તાલુકાના ભવાની માતા યાત્રાધામ રસ્તા માટે ખર્ચેલ રકમ**

***૩૯૬૫ ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના દરિયા કિનારા પર આવેલ પવિત્ર ભવાની માતા યાત્રાધામના રસ્તા માટે સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલી રકમ ફાળવવામાં આવી છે,

(૨) તે પૈકી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) ભુતેશ્વર-વાઘનગર-ભવાની મંદિરનો ટૂંકો રસ્તો વહેલી તકે મેટલીંગ કરાવવા વિચારેલ છે કે કેમ?

**યાત્રાધામ મંત્રીશ્રી :**

(૧) સને ૨૦૦૮-૦૯ના તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ કોઈ રકમ અનુદાન તરીકે ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અત્યારે આ માટેનું આયોજન નથી.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૮-૦૯માં કોઈ રકમ ફાળવવામાં આવી નથી. મારી જાણકારી મુજબ અગાઉ ૧૨ લાખ રૂપિયા જેટલી રકમ આ રસ્તા માટે આગલા વર્ષોમાં ફાળવવામાં આવી હતી પણ કોઈ કારણોસર એનો ઉપયોગ થઈ શક્યો ન હતો. એના કારણે આ ટૂંકો રસ્તો ભુતેશ્વર-વાઘનગર-ભવાની મંદિરનો ૬ કિલોમીટરનો રસ્તો થાય છે. એના બદલે મહુવામાં થઈને કૃષિના ફાર્મમાં થઈને ૯ કિલોમીટરનો રસ્તો પસાર કરીને લોકોએ આ યાત્રાધામમાં જવું પડે છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અગાઉ રકમ ફાળવવામાં આવી હતી એનો શા માટે ઉપયોગ ન થયો અને આ રકમ ફરીથી ફાળવી આ રસ્તો બનાવવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સભ્યશ્રીનો પ્રશ્ન આમ તો યાત્રાધામ છે એના રસ્તા માટેનો છે. ૨૦૦૮-૦૯ની તા. ૩૧-૭-૨૦૦૮ની પરિસ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી એનો જે જવાબ આપવામાં આવ્યો છે તે બરાબર છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એનું મૂળ થોડું આગળ છે. આ રાજ્યમાં પ્રવાસન વિકસે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન વર્ષ ૨૦૦૬-૦૭ની આખી યોજના જાહેર કરી હતી અને એમાં ભાવનગર જિલ્લામાં બે કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. એટલે અગાઉ આ જગ્યા માટે રકમ ફાળવવામાં આવી હતી એ વાત સાચી છે. મહુવા તાલુકાનું આ ભવાની માતાનું મંદિરનું ટ્રસ્ટ ખાનગી છે. એના માટે રૂપિયા

૧૪,૪૩,૭૪૭ ની રકમ ફાળવવામાં આવી છે. વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કોઈ રકમ ફાળવવામાં આવી નથી. રસ્તાનો પ્રશ્ન છે એમાં રસ્તામાં બંદર આવે છે અને માનનીય સભ્યશ્રીને ખ્યાલ છે કે એમાં થોડા વિવાદો છે. આ રકમ ફાળવ્યા પછી પાંચ લાખ રૂપિયા કાર્યપાલક ઈજનેરના હવાલે મૂક્યા છે. બાકીની ગ્રાન્ટ છૂટી કરવાની કલેકટરશ્રીની તૈયારી છે. પણ રસ્તાની લાઈન બાબતનો વિવાદ છે અને કેટલીક જગ્યાએ દબાણ છે. તે માટે માનનીય સભ્યશ્રી અને કલેકટરશ્રી સાથે રહી અને લાઈન દોરીનો ઉકેલ તાત્કાલિક લાવે તો રકમ છૂટી કરવા માટે કોઈ મુશ્કેલી નથી. **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એ જાણવા માગું છું કે પાલીતાણા જૈનોનું તીર્થ છે અને તે યાત્રાધામમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી મહેન્દ્રસિંહજી મહુવા તાલુકાના આ પ્રશ્ન ઉપર (અંતરાય) મહુવા વિષે પૂછવું હોય તો પૂછો. એ સિવાય પૂછવું હોય તો એના માટે જુદો પ્રશ્ન પૂછવો પડે. નેકસ્ટ. દેવજીભાઈ.

### રાજકોટ, લોધીકા અને કોટડા સાંગાણી તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ

***૪૬૪૮ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા (રાજકોટ (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ, લોધીકા અને કોટડા સાંગાણી તાલુકાઓમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

**આરોગ્ય મંત્રીશ્રી** :

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજકોટ તાલુકામાં કોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત નથી. લોધીકા અને કોટડા સાંગાણી તાલુકાઓમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| **સા. આ. કેન્દ્ર લોધીકા** | | સા. આ. કેન્દ્ર કોટડા સાંગાણી | |
|---|---|---|---|
| જગ્યાનું નામ | ખાલી જગ્યા | જગ્યાનું નામ | ખાલી જગ્યા |
| અધિક્ષક વર્ગ-૧ | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ |
| સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૪ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧ |
| વોર્ડ સરવન્ટ વર્ગ-૪ | ૧ | સી.ની. કલાર્ક વર્ગ-૩ | ૧ |
| ડ્રેસર વર્ગ-૪ | ૧ | સ્વીપર વર્ગ-૪ | ૧ |
| પાર્ટ ટાઈમ સ્વીપર | ૧ | - | - |
| કુલ | ૯ | કુલ | ૫ |

(૨) જે તે સંવર્ગમાં જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે તે જગ્યાઓ પર વૈકલ્પિક વ્યવસ્થા કરી સેવાઓ પૂરી પાડવામાં આવે છે, તેમજ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર લોધીકા અને કોટડા સાંગાણીમાં કેટેગરી મુજબ મહેકમની સ્થિતિ શું છે અને રાજકોટ જિલ્લામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન લોધીકા અને કોટડા સાંગાણી સામૂહિક આરોગ્ય કેન્દ્રની જગ્યાઓ પૂરતો જ મર્યાદિત છે અને આ પ્રશ્નના જવાબમાં લોધીકા સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે એમાં આજની તારીખમાં મંજૂર થયેલું મહેકમ ૨૬, ભરાયેલ જગ્યા ૧૭, ખાલી જગ્યા ૯ છે તેમાં પણ બે જગ્યા એવી છે કે જે વોર્ડ સરવન્ટ અને પાર્ટ ટાઈમ સ્વીપરની છે અને સ્ટાફ નર્સની જે જગ્યા છે એમાં બે જગ્યાઓ ૨૦-૬-૦૮ અને ૩૦-૬-૦૮ ના રોજ જગ્યા ખાલી પડી છે. એ જગ્યા ભરવા માટેના પ્રયત્ન ચાલુ છે. એટલે અત્યારે સામૂહિક આરોગ્ય કેન્દ્ર લોધીકામાં એક અધિક્ષક વર્ગ-૧ ને બાદ કરીએ તો કોઈ કી પોઝિશન એવી નથી કે જે ખાલી હોય અને જેના કારણે સામૂહિક આરોગ્ય કેન્દ્રની કામગીરી ઉપર અસર પડે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર કોટડા સાંગાણીની પરિસ્થિતિની વાત કરીએ તો ત્યાં ૨૭ માંથી ૨૨ એટલે ૭૮ ટકા જગ્યા ભરાયેલ છે અને એમાં પણ એક સ્ટાફ નર્સની જગ્યા પાંચમાંથી ખાલી પડી છે ત્રણ મહિના ૩૦-૫-૨૦૦૬માં એક ખાલી પડી પણ ૭ માંથી ૬ ભરેલી છે અને બાકી એક જગ્યા સિનિયર કલાર્કની જગ્યા ખાલી છે એ વહીવટી વ્યવસથાને અનુરૂપ કોઈ જગ્યા નથી એના કારણે કોઈ એની કામગીરીને અસર પડે તેમ નથી એટલે પાંચ જગ્યાઓમાં એક જગ્યા સ્વીપરની, એક જગ્યા સિનિયર કલાર્કની, એક નર્સની જગ્યા ખાલી છે. ૩ જગ્યાને બાદ કરીએ તો એવી કોઈ જગ્યા નથી જેના કારણે સામૂહિક આરોગ્ય કેન્દ્ર કોટડા સાંગાણી કામગીરી ઉપર અસર પડે. એક અધિક્ષક વર્ગ-૧ ની એક જગ્યા

બંને જગ્યાએ ખાલી છે અને એમાં અમારી પાસે નિષ્ણાંત ડોકટરની ઉપલબ્ધી થયેથી અમે ભરવા માટેનો પ્રયત્ન કરીશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં પેટા જવાબ-૨ માં લખ્યું છે કે જે તે સંવર્ગમાં જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે તે જગ્યાઓ પર વૈકલ્પિક વ્યવસ્થા કરી સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેમજ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવે છે. સામાન્ય રીતે જે ડ્રેસર અને સ્વીપરની જગ્યા છે એમાં વોર્ડ સરવન્ટ જગ્યા છે આ જગ્યા નહિ ભરવાના કારણે અથવા પાર્ટ ટાઈમ જગ્યા નહિ ભરાવાના કારણે હોસ્પિટલની અંદર સફાઈ કામ બિલકુલ નથી થતું એના કારણે હોસ્પિટલોની અંદર પણ ગંદકી ફેલાય છે એટલા માટે આવા ઉમેદવાર તો ઉલબ્ધ હોય છે તો આવા ઉમેદવારોને પણ જે કાંઈ એની લાયકાતવાળા તો મળી રહેતા હોય છે તો આ જગ્યાઓ રેગ્યુલર અથવા પાર્ટટાઈમથી પણ ભરાય એવી કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી તેમાં હું ખાતરી આપવા માગું છું કે કોઈ પણ રીતે સેવાઓનું ધોરણ કથળે નહિ તે માટેની સંપૂર્ણ સર્તકતાથી અમે કામ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જગા ભરવામાં જ્યારે કહ્યું કે, વૈકલ્પિક વ્યવસ્થાથી કામગીરી ચાલે છે ત્યારે એનો અર્થ એવો થાય કે દા.ત. સામૂહિક આરોગ્ય કેન્દ્ર કોટડા સાંગાણી સિનિયર કલાર્કની જગ્યા ખાલી છે પણ સિનિયર આસિસ્ટન્ટની જગ્યા ભરાયેલ છે એટલે ત્યાં એવો બધો કોઈ લોડ નથી કે એના કારણે અસર પડે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે સફાઈની વાત કરી તો કોટડા સાંગાણીમાં સ્વીપરની એક જગ્યા ખાલી છે પણ પાર્ટ ટાઈમ સર્વિસીસથી એ કામગીરી કરવામાં આવે છે અને પાર્ટ ટાઈમ સ્વીપરની બે જગ્યાઓના બદલે એક જગ્યા લોધીકામાં પણ ભરાયેલ છે. એટલે જ્યાં શક્ય હોય ત્યાં એ જગ્યા માટેની વૈકલ્પિક વ્યવસ્થા અમે કરી છે. માનનીય સભ્યશ્રીની ચિંતા સકારણ છે. હું એમની ચિંતા બાબતમાં ગંભીરતાપૂર્વક નોંધ લઉં છે અને એમાં જે કાંઈ કરવા સરખું હશે એમાં વ્યવસ્થાને અનુરૂપ પણ એની સેવાઓની ગુણવત્તા તો જળવાઈ જ જોઈએ અને એમણે આ ગૃહમાં જે ચિંતા વ્યકત કરી છે એમાં હું ગંભીરતાથી લઈને.આ સેવાઓનું ધોરણ વ્યવસ્થિત રીતે જળવાય અને સ્વચ્છતા વગેરે જે કોઈ સેવાઓ આપવાની હોય તે વ્યવસ્થિત રીતે અપાય તે માટેની અલગથી હું સૂચના પણ સંબંધિત અધિકારીને આપીશ.

### પાટણ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાના

**<#M* ૪૧૯૧ શ્રી જોધાજી ગુ. ઠાકોર (વાગડોદ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પાટણ જિલ્લાના વાગડોદ તાલુકામાં પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાના તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કેટલા છે, અને

(૨) જો એક પણ દવાખાનું ન હોય તો સરકાર આ દવાખાના કેટલા સમયમાં ફાળવવા માગે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) એક પણ નહીં (વાગડોદ) તાલુકાનો સમાવેશ પાટણ તાલુકામાં કરવામાં આવેલ છે. પાટણ તાલુકામાં પ્રા.આ.કેન્દ્ર, ૭ (સાત) તથા સા.આ.કેન્દ્ર, ૨ (બે) કાર્યરત છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જ્યારે પાટણ તાલુકાનો વાગડોદ મતવિસ્તાર તે વાગડોદનો પાટણમાં સમાવેશ કરવામાં આવ્યો તેમાં અમને વાંધો હોઈ શકે નહીં પણ વાગડોદમાં દોઢ થી બે લાખની તો વસ્તી રહે છે અને એમાં ૪૦ થી ૫૦ કિલોમીટરનું અંતર છે એમાં પી.એચ.સી. અને સી.એચ.સી. કે આરોગ્ય કેન્દ્ર કોઈ આપવામાં આવેલ નથી, આજ દિન સુધી એક પણ દવાખાનું ચાલુ નથી.

મારો બીજો પ્રશ્ન એ છે કે, વાગડોદ પાટણ મત વિસ્તારમાં, પાટણ તાલુકામાં સાત જે આરોગ્ય કેન્દ્રો આવેલા છે એમાં બે કાર્યરત છે બાકીના પાંચ બંધ પડેલા છે, જે બે કાર્યરત છે એમાં ડૉકટર હોય તો દવા નથી હોતી અને દવા હોય તો ડૉકટર નથી હોતા તો આપ એના માટે શું કરવા માગો છો એ મારે જાણવું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાતના જવાબમાં આપના થકી મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે કે, સાહેબ જે ધોરણ છે, આપને પણ સુવિદિત છે કે, દર એક લાખની ગ્રામ્ય વસ્તીએ એક સી.એચ.સી. મંજૂર કરવાનું અને આદિજાતિ વિસ્તારમાં વીસ હજારની વસ્તી દીઠ અને અન્ય વિસ્તારોમાં ત્રીસ હજારની વસ્તી દીઠ એક પી.એચ.સી. મંજૂર કરવાનું ધોરણ છે અને એ કારણોસર જે કુલ વસ્તી છે એને અનુરૂપ પી.એચ.સી. અને સી.એચ.સી. મંજૂર થતાં હોય છે. માનનીય સભ્યશ્રી, એને અનુરૂપ આપણે જો વાત કરીએ તો ૧૯૯૧ની વસ્તીનું ધોરણ લઈને આ મંજૂરી આપવામાં આવતી હોય છે તો એમાં જે પ્રકારની પરિસ્થિતિ છે એમાં કોઈ પ્રકારનો બેકલોગ કે વધઘટ આ આરોગ્ય કેન્દ્રોની મંજૂરીમાં નથી. એથી આગળ જઈને જો આપણે વાત કરીએ તો ૧૯૯૧ની વસ્તીના પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રો ઉપરાંત ૨૦૦૧ની વસ્તી પ્રમાણે ગણીએ તો એકાદની ઘટ અત્યારે રહે છે અને એ જ્યારે અમારી પાસે નવા આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવાની દરખાસ્ત આવશે ત્યારે અમે એને વિચારણામાં લઈશું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે આક્ષેપ કર્યો છે

કે, ડૉકટરો છે ત્યાં દવા નથી અને દવા છે ત્યાં ડૉકટર નથી, અત્યંત ગંભીર છે, માનનીય સભ્યશ્રીને મારી વિનંતી છે કે, એની વિગતો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પૂરી ગંભીરતાથી જવાબ આપું છું અને વાગડોદ જેવો વિસ્તાર છે જેને અત્યાર સુધી અને અત્યાર સુધીની સરકારોએ એમની સરકાર હતી ત્યારે પણ મંજૂર નથી કર્યા ૧૯૯૧ પ્રમાણેના કેન્દ્રો મંજૂર કરવાના હતા (અંતરાય) એ પણ નથી કર્યા છતાં સાહેબ એ જે કંઈ ફરિયાદો છે એમાં માનનીય સભ્યશ્રીએ એક વખત પણ I an on record sir, એક વખત પણ મારી સમક્ષ આ પ્રકારની કોઈ રજૂઆત છેલ્લા નવ મહિનામાં કરી નથી અને જો કરશે તો એ અંગે જે કાંઈ કરવાપાત્ર હશે સાહેબ કરીશું, આ સરકાર કયાંય કોઈને છાવરવા માગતી નથી, જે કાંઈ જરૂરિયાત હશે તે જરૂરિયાત અનુસાર જે કાંઈ થાય એ હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે, મારી સાથે બેસે, આજે બેસવું હોય અનુકૂળતા હોય, એમની અનુકૂળતા પ્રમાણે બેસે અને જ્યાં ક્ષતિઓ હોય એ ક્ષતિઓ દુરસ્ત કરવા માટેની મારા તંત્રની અને મારી તૈયારી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રશ્નોત્તરીના જવાબમાં જે રીતે રાજકીય રીતે વાત કરી એ બરાબર નથી. હું એ જાણવા માગું છું કે, વાગડોદ તાલુકો એ પહેલાં નહતો એટલે પેલી સરકારોએ આ તાલુકામાં નામંજૂર કર્યુ એમ ના કહો આપ. પાટણમાંથી વાગડોદ અલગ થયા પછી આ તાલુકામાં સામાન્ય રીતે તાલુકામાં પી.એચ.સી. અને સી.એચ.સી. તાલુકાની રીતે આપવા જોઈએ, પાટણ તાલુકામાં એક પણ નથી ત્યારે આ પ્રાયોરીટી આપીને ખાસ કિસ્સામાં વાગડોદ તાલુકામાં સી.એચ.સી. અને પી.એચ.સી. આપવા માટેના શું પ્રયત્નો કરો છો અને માનનીય સભ્યશ્રીની સાચી વાત હતી, આગળના જ પ્રશ્નોમાં જોયું એવી કેટલીય ડૉકટરોની જગ્યા ખાલી છે તો એ સ્વાભાવિક ભાવ હતો કે જ્યાં ડૉકટર છે ત્યાં દવા નથી અને દવા છે ત્યાં ડૉકટર નથી.એ સ્વાભાવિક ભાવ હતો. હું એ જાણવા માગું છું કે નવો બનેલો આ તાલુકો છે જે તાલુકામાં પી.એચ.સી. કે સી.એચ.સી. એક પણ નથી તો એ તાત્કાલિક નવું મંજૂર થાય એના માટે આપ કંઈ સ્પેશ્યલ કેસમાં કરવા માગો છો કે કેમ? અથવા બીજેથી ફેરવીને પણ મૂકવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, હવે તો આ જ તાલુકો નથી અને માનનીય વિપક્ષના નેતા તો મારા પૂરોગામી છે. એમણે પણ આ વિભાગ હેન્ડલ કર્યો છે ત્યારે તો તાલુકો ભલે નહોતો વાગડોદ પણ વાગડોદ પછાત વિસ્તાર છે એ તો ગુજરાતની ભુગોળ જાણનાર કોઈપણ માણસને ખબર પડે તો એ વખતે આનું આયોજન થઈ શકયું હોત. સાહેબ આપણે રાજકીય અવલોકનો કરતા જ નથી. I don't want to stand on any political argument, Sir. There are ample opportunities outside the House to argue politically. I am not taking it politically, I am taking it absolutely on merit and my predecessors had this opportunity if vagdod was backward if they were so concerned.. અને આ એવો તાલુકો છે કે જે એમને કયાંકને કયાંક સપોર્ટ કરતો રહે છે. જોધાજીભાઈ ખૂબ સક્રિય કાર્યકર છે વાગડોદના તો સાહેબ અત્યાર સુધી એમના દસાડા દફતરમાં વાગડોદનું નામ જ નહોતું. જો આપે આયોજન કર્યું હોત તો થઈ શકયું હોત. સાહેબ, બીજું કે આ આરોગ્ય કેન્દ્રોની ફાળવણી કોઈ તાલુકાદીઠ થતી નથી. જિલ્લાની વસ્તીના ધોરણે થાય છે અને મેં પહેલા પણ કહયું કે જયારે નવા આરોગ્ય કેન્દ્રોની રચના કરવાની વાત આવશે ત્યારે અમે ચોકકસપણે વાગડોદની પછાત વિસ્તારની જનતાની જે લાગણી છે તે લાગણી લક્ષમાં લઈને જોધાજીભાઈની સાથે બેસીને જે કાંઈ કરવા સરખું હશે તે કરવા માટેની તૈયારી અમારી છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં શ્રમિકોને રોજગારી

*** ૪૬૩૯ શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ શ્રમિકોને પ્રતિદિન કેટલી રોજગારી આપવામાં આવે છે, અને

(૨) કામના સ્થળે શ્રમિકોને શું શું સુવિધાઓ અપાય છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ શ્રમિકોને કાયદાકીય જોગવાઈઓને આધિન રહી શ્રમિક દ્વારા કરવામાં આવેલ કામની ઉત્પાદકતા સાથે સંકળાયેલ હોય શ્રમિકોને કરેલ કામના પ્રમાણે સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ એસ.ઓ.આર. પ્રમાણેના ભાવો ધ્યાને લઈ પ્રતિદિન રોજગારી આપવામાં આવે છે.

(૨) કામના સ્થળે શ્રમિકોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાની ગાઈડ લાઈન મુજબ પીવાના પાણીની, છાંયડાની ઘોડીયાઘર તેમજ મેડીકલ કીટની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં ગુજરાતમાં કેવા કેવા કામો લઈ શકાય છે? વર્ષ ૨૦૦૮-૦૯માં આ યોજના હેઠળ થયેલ કામગીરીની વિગતો માનનીય મંત્રીશ્રીને જણાવવા વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના ૨૦૦૬થી શરૂ થઈ છે અને આની અંદર જે કામોનું પ્રીસ્ક્રીપ્શન છે એ કામો એમની જે માગણી છે એ પ્રમાણે એક તો જળસંચય

અને જળસંગ્રહના કામો આપણે આ યોજનામાં લઈએ છીએ. દુષ્કાળ પ્રતિરોધક કામ જેવા કે વનીકરણ અને વૃક્ષારોપણના કામો પણ આપણે આ યોજનામાં લઈએ છીએ. માઈક્રો અને માઈનોર સિંચાઈના કામો પણ આ યોજનામાં લઈએ છીએ. અનુસુચિત જાતિ અને જનજાતિના સભ્યો અને જમીન સુધારણાના લાભાર્થીઓ અને ઈન્દીરા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા જે જમીન ધારણ કરી હોય એના ઉપર ફળઝાડની ખેતી, વનીકરણ એવા પણ કામો આપણે લઈએ છીએ. પરંપરાગત જળસંચય અને જળસંગ્રહને લગતી સુવિધાઓ જેવી કે કાંપ, વાવ,તળાવ, વાંકડા, કુવા સહિતના પાણી સંગ્રહના સ્ત્રોતોનું નવીનીકરણ કરવા માટે પણ આમાં આપણે લઈ શકીએ છીએ. જમીન વિકાસના કામો પણ આમાં લેવામાં આવ્યા છે. ગામડાંઓમાં જયાં પાણી ભરાઈ રહેતું હોય એવાઓમાં ડ્રેનેજ સહિત અને પુર નિયંત્રણ અને પુર સંરક્ષણના કામ પણ આ યોજનામાં લેવામાં આવ્યા છે. બારેમાસ ઉપયોગમાં આવે એવા ગામડાં ટુ ગામડાંને જોડતો રસ્તો પણ આમાં હાથ ઉપર લઈ શકાય છે. કોઈ બીજા કામો પણ આ પ્રકારના હોય તો લેવામાં આવે છે. ૨૦૦૮-૦૯માં માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું છે કે શું કામગીરી કરવામાં આવી છે મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતમાં આ યોજનાએ વેગ પકડયો છે અને એના કારણે ઈવન આ ચોમાસુ પુરું થયું તે દરમિયાન ૨૧,૧૪,૮૩૧ જોબ કાર્ડ આપણે ઈસ્યુ કર્યા છે. એટલા લોકો આ જોબ લઈ શકે એ માટેના જોબ કાર્ડ ઈસ્યુ થયા છે અને રોજગારી જે આપી છે કુટુંબોને એવા ૩,૭૫,૬૦૩ લોકોને રોજગારી પણ આપી છે. માનવદિન જે ઉત્પન્ન થયા છે જે કામગીરી ગુજરાતમાં કરવામાં આવી છે ૬૯.૮૨લાખ માનવદિન ઉત્પન્ન થયા છે આ પાંચ મહિનામાં. ૨૭૨૪૧ કામો હાથ પર લીધા છે અને ૧૩૩૩૭કામો ગુજરાતમાં પૂરા કર્યા છે. ૧૩૯૦૪ કામ અત્યારે ચાલુ છે અને આપણને પૂરતી ગ્રાન્ટ પણ મળી રહી છે. **શ્રી અશ્વિન કોટવાલ** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં જ્યારે શ્રમિકો રોજગારી મેળવવા માટે જાય છે, ત્યારે એમને વેતન ઓછું મળે છે, ત્યારે એમના વેતનમાં વધારો થાય અને એસ.ઓ.આર. માં ભાવપત્રકમાં ફેરફાર થયો છે કે કેમ તે હું જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** :માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. ગઈ સાલ સુધી આપણા જે કૃષિ વિભાગના કૃષિ દર મજૂરીના હતા એ ૫૦ રૂપિયા સુધી ચાલતા હતા. આ સરકારના ધ્યાનમાં આવ્યું અને તેમાં સુધારો કરીને ૧૦૦ રૂપિયા કૃષિ શ્રમિકના ભાવ કરવામાં આવ્યા છે. આ ફેરફાર પછી એસ.ઓ.આર. હતા, એમાં ૨૪ ટકા વધારો કરીને એના જે કામની ગોઠવણી છે એમાં ૨૪ ટકા દર વધારવામાં આવ્યો છે. એના કારણે એક માણસ જો રીયલી મજૂરી કરે તો ૧૦૦ દિવસ કરતાં વધારે મજૂરી મેળવી શકે તેવી સ્થિતિમાં શિડ્યુલ બન્યું છે. લોકો એમાં પ્રોત્સાહિત થાય તે માટે આપ સૌને પણ વિનંતી કરું છું કે આપના વિસ્તારની અંદર આવી જોબ ઇચ્છતા હોય તો ૧૦૦ દિવસની કામગીરી આપવાની ગૅરન્ટી યોજનામાં છે. ગુજરાત સરકારે આખું નૅટવર્ક ગોઠવ્યું છે. આપ સૌ આગળ આવશો તો આનો ઘણો બધો લાભ આપી શકાશે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે રાજયના કેટલા જિલ્લાઓમાં અને ક્યારથી આ યોજના અમલમાં છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મે કહ્યું તેમ આ યોજના ૨૦૦૬ થી શરૂ થઈ છે. પહેલા શરૂઆતના પ્રથમ તબક્કામાં ૬ જિલ્લા લેવામાં આવ્યા હતા: બનાસકાંઠા, દાહોદ, ડાંગ, નર્મદા, પંચમહાલ અને સાબરકાંઠા બીજા તબક્કા ત્યારબાદ આવ્યા. તા. ૧-૪-૨૦૦૭ એ જાહેરાત મળી નવસારી, ભરૂચ, વલસાડ એમ ૩ જિલ્લાનો સમાવેશ કર્યો. કુલ ૯ જિલ્લા થયા. તા. ૧-૪-૨૦૦૮ એ તમામ ૧૭ જિલ્લામાં આ યોજના લાગુ કરવામાં આવી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના શ્રમિકો માટેની રોજગાર યોજના છે, જે ખૂબ સારી વાત છે, પરંતુ સ્થાનિક અધિકારીઓને કામ કરવાની પદ્ધતિમાં જે રસ હોવો જોઈએ તે નથી. અમારા કપરાડા તાલુકામાં ૩ મહિના થઈ ગયા, ૧૦ દિવસનો પગાર આપવાના સરકારના ધારાધોરણ છે, પરંતુ ૩ મહિના થઈ ગયા, પગાર નથી આપ્યો. બિલ નથી આપ્યું તો નક્કર કોઈ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આવી કોઈ ફરિયાદ કોઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો સુધારો કરવાની તૈયારી છે. આપની પણ ફરજ છે અમારા ધ્યાને કોઈપણ બાબત હોય તો મૂકવી જોઈએ.

## કચ્છમાં મેડિકલ કોલેજ સ્થાપવા મંજૂરી

***૩૭૯૭ શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી (માંડવી) : માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે કે કેમ અને

(૨) જો હા, તો આ કોલેજ કયારથી તેમજ કેટલી કેપેસિટીથી કાર્યરત બનશે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા જી. એસેન્સિયાલિટી સર્ટિફિકેટ આપવામાં આવેલ છે.

(૨) ભારત સરકાર દ્વારા મંજૂરી મળ્યા બાદ ૧૫૦ સીટોની કેપેસિટીથી કાર્યરત બનશે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં મૅડિકલ કૉલેજ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે કે કેમ? અને જો હા તો આ કૉલેજ ક્યારથી સ્થાપવામાં આવી અને કેટલી કેપેસિટી કાર્યરત બનશે તે હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સભ્યશ્રીની ચિંતા જે કચ્છ માટે છે, જે સકારણ છે. કચ્છમાં મૅડિકલ કૉલેજ માટેની માગણી અને લાગણી ઘણાં વર્ષોથી હતી અને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કચ્છ ખાતે મૅડિકલ કૉલેજ થશે એવી જાહેરાત પણ કરી હતી અને એના પગલે પગલે તા. ૨૭-૮-૨૦૦૮ ના રોજ કચ્છમાં ભૂજ ખાતે મૅડિકલ કૉલેજ સ્થાપવા માટેનું એસેન્સિયાલિટી સર્ટિફિકેટ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે અને આમાં જે કાંઈ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની ક્વેરી હતી, એ મુજબનું રિવાઈઝ એસેન્સિયાલિટી સર્ટિફિકેટ પણ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મેડીકલ કોલેજની કુલ ક્ષમતા એમ.બી.બી.એસ. ઈનટેક કેપીસીટી ૧૫૦ સીટોની રહેશે. ભારત સરકારની અને મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે જરૂરી પ્રક્રિયા થયેથી અને મંજૂરી મળ્યેથી આ કોલેજ વહેલામાં વહેલી તકે શરૂ થાય તે માટે પ્રયત્નશીલ છીએ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ અતિગંભીર પ્રશ્ન છે. અમારા કચ્છ માટે ભૂકંપ પછી દરેક ક્ષેત્રની અંદર કચ્છને બેઠું કરવા માટે રાજય સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. સવાસો કરોડ રૂપિયાના ખર્ચે ભૂજની અંદર હોસ્પિટલ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવી છે. જે તે સમયે વડાપ્રધાનશ્રીએ જાહેરાત કરી હતી કે આની અંદર મેડીકલ કોલેજ બનાવવામાં આવશે અને તેના માટેનું અલગ ફંડ પણ ફાળવવામાં આવેલ તેવી માહિતી આપવામાં આવેલી. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ હોસ્પિટલની પ્રપોઝલ પહેલાં કેન્દ્ર સરકારમાં પેન્ડિંગ હતી તો અત્યાર સુધી કેન્દ્ર સરકારમાંથી તેના માટે કોઈ એકશન લેવામાં નથી આવ્યા. બીજું જે એસેન્સીયાલીટી સર્ટીફીકેટ જે આપણે પૂર્તતા કરીને મોકલાવ્યું છે તે એસેન્સીયાલીટી સર્ટીફીકેટ શું છે? આ મેડીકલ કોલેજ આપણે કઈ રીતે કરવા માગીએ છીએ. સેલ્ફ ફાઈનાન્સ કરવા માગીએ છીએ કે કેન્દ્ર સરકાર દ્વારા કરવા માગીએ છીએ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એસેન્સીયાલીટી સર્ટીફીકેટ એટલે મેડીકલ કોલેજ સ્થાપવા માટેની કોઈપણ અરજી હોય તે માટે રાજય સરકારે ચોકક્સ કમિટમેન્ટ નિર્ધારીત પ્રફોર્મામાં આપવા પડે તેને એસેન્સીયાલીટી સર્ટીફીકેટ કહેવામાં આવે છે. આમાં મુખ્ય મુદ્દો જે જગ્યાએ આપણે આ સ્થાપવા માગીએ છીએ તે જગ્યાએ જરૂરી જમીન અને આંતર માળખાકીય સવલતો ઉપલબ્ધ છે અને સવિશેષ મહત્વનો મુદ્દો અને અગત્યનો મુદ્દો એ છે કે જો કોઈ કારણસર આ પ્રકારની મેડીકલ કોલેજ બંધ પડે તો તેનો વહીવટ રાજય સરકાર સંભાળશે કે કેમ? આ પ્રકારની બાંહેધરીઓ આ સર્ટીફીકેટમાં આપવામાં આવતી હોય છે. Essentiality certificate is in a sense the need and commitment of the State Government. આ એક વાત છે અને બીજી વાત ભારત સરકાર કોઈ અરજી કરે નહીં. અરજી તો જેણે મેડીકલ કોલેજ કરવાની હોય તેને કરવાની હોય છે. જે તે સમયે હોસ્પિટલનું તત્કાલિન માનનીય વડાપ્રધાનશ્રીએ ઉદ્દઘાટન કર્યુ તે સમયે તેની તકતીમાં જોઈએ તો મેડીકલ કોલેજ તેવો શબ્દ કયાંક લખાયો છે. ત્યારપછી આ મેડીકલ કોલેજ શરૂ કરવા માટે વિવિધ શકયતાઓની ચકાસણી કરીને રાજય સરકારે આ મેડીકલ કોલેજ સ્પેશ્યલ પર્પઝ ઓન વ્હીકલ થકી શરૂ કરવા માટેની કામગીરીની સંમતિ આપી દીધી છે. ત્યારપછીની વાત છે કે આ કોલેજ ખાનગી ક્ષેત્રમાં રહેશે કે સેલ્ફ ફાઈનાન્સ થશે. તેનો જવાબ આ સન્માનનીય સભાગૃહે આ માટેનો કાયદો ઘડીને જે વિધિ કરવાની હોય તે આપેલી છે. આ કોલેજ કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન હશે અને ગુજરાતમાં સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય તો તેની ૭૫ ટકા સીટી મેરીટના ધોરણે ભરવી પડે એટલે ગુજરાતમાંથી ૧૨મા ધોરણમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. ૧૫ ટકા સીટો એન.આર.આઈ. અને ૧૦ ટકા સીટો મેનેજમેન્ટ કવોટાથી ભરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પ્રશ્ન મર્યાદિત રાખીને જવાબ આપો તો બીજાને તક આપી શકાય.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિધ્ધાર્થભાઈ સેલ્ફ ફાઈનાન્સનો અર્થ સમજે છે. સ્પેશ્યલ પર્પઝ ઓન વ્હીકલ એટલે તેનો અર્થ એ થાય કે ઈટસ એ જોઈન્ટ વેન્ચર. ગુજરાત સરકારના જોઈન્ટ વેન્ચર એટલે કે સ્પેશ્યલ પર્પઝ ઓન વ્હીકલ થકી ઈમ્પ્લીમેન્ટ કરવામાં આવશે. કારણકે પછી સોસાયટી થઈ શકશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છમાં એક ઉદ્યોગપતિ બધી જ વસ્તુ પડાવે છે તો ત્યાંની હોસ્પિટલ પણ વહીવટ માટે આપી દઈ મેડીકલ કોલેજ તે બનાવે તેવું વિચારો છો કે રાજય સરકાર બનાવે તેવું વિચારો છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી આ એક પ્રકારનો તર્ક છે અને તર્કનો જવાબ હોઈ શકે નહીં. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને મારો સ્પષ્ટ જવાબ છે નાજી. સ્પેશ્યલ પર્પઝ ઓન વ્હીકલ ગવર્નીગ બોડી થવાની છે અને તે બોર્ડમાં રાજય સરકારનો મહત્તમ શેર રહેવાનો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું પાંચમી અને છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## મૂળી અને હળવદ તાલુકામાં બી.પી.એલ. કાર્ડ

૪૨૨૨ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી અને હળવદ તાલુકામાં જે કુટુંબ બી.પી.એલ. કાર્ડ મેળવવાની જોગવાઈઓમાં ન આવતું હોય તેને આવા કાર્ડ ફાળવવામાં આવ્યા છે તેની તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ ક્યારે ક્યારે તપાસ કરવામાં આવી, આ તપાસમાં કેટલા અનઅધિકૃત કાર્ડ પકડાયાં,

(૨) ઉપરોક્ત તાલુકાઓમાં બી.પી.એલ. કાર્ડ મેળવવા પાત્ર હોય તેવા ઉપરોક્ત તાલુકાના ગામડાના કેટલા કુટુંબો છે,

(૩) આ અંગે સરકારે કોઈ ખાસ પ્રકારનું આયોજન કર્યુ છે કે કેમ, અને

(૪) જો હા, તો કેવા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી અને હળવદ તાલુકામાં કોઈ કુટુંબ બી.પી.એલ. કાર્ડ મેળવવાની પાત્ર ન હોઈ, તેમને બી.પી.એલ. કાર્ડ ફાળવવામાં આવેલ નથી તેથી તપાસ કરવાનો અને અનઅધિકૃત કાર્ડ પકડાયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) અરજદારોની અરજી આવ્યેથી તેઓની પાત્રતા મુજબના કાર્ડ આપવામાં આવે છે. અથવા તો અરજીઓ નામંજુર કરાય છે.

(૩) હા, જી.

(૪) ખોટી લાયકાત ધરાવતા બી.પી.એલ. કાર્ડ રદ કરવા અને જેટલા બી.પી.એલ. કાર્ડ રદ થાય, તેટલા પાત્રતા ધરાવતા હોય તેવા કુટુંબની ચકાસણી કરી બી.પી.એલ. કાર્ડ આપવાની વિભાગ ધ્વારા સુચના આપવામાં આવેલ છે.

---------

## અમદાવાદના બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામનારની સંખ્યા

૩૭૦૮ **શ્રી રાજસીભાઈ વી.જોટવા (સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૬ જુલાઈ, ૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટને કારણે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કેટલી વ્યક્તિઓને સારવાર માટે લવાઈ,

(૨) આમાંથી કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા, અને

(૩) આ પેકી હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બ્લાસ્ટમાં મરણ પામનારની સંખ્યા કેટલી ?

**જવાબ**

(૧) તા. ૨૬ જુલાઇ, ૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટને કારણે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કુલ ૧૩૪ વ્યક્તિઓને સારવાર માટે લવાઇ હતી.

(૨) આમાંથી કુલ ૧૫ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે.

(૩) હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બ્લાસ્ટમાં મરણ પામનાર ની કુલ સંખ્યા ૩૫ છે, જે પેકી

(૧) સ્થળ પર મૃત્યુ પામનાર ની સંખ્યા - ૨૦

(૨) ટ્રોમાં સેન્ટર ખાતે બ્લાસ્ટમાં ઇજા પામનાર સારવાર દરમ્યાન થયેલ મૃત્યુ ની સંખ્યા - ૧૫

કુલ મૃત્યુ : - ૩૫

---------

## ખેડા જિલ્લામાં તલાટીઓની ઘટ

૪૩૪૧ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા દીઠ કેટલા તલાટીઓની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તલાટીની ઘટની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીઆદ | ૯ |
| ૨ | મહુધા | ૯ |
| ૩ | મહેમદાવાદ | ૧૧ |
| ૪ | ખેડા | ૮ |

| | | |
|---|---|---|
| ૫ | માતર | ૧૪ |
| ૬ | કપડવંજ | ૧૩ |
| ૭ | કઠલાલ | ૧૫ |
| ૮ | બાલાસિનોર | ૨ |
| ૯ | વીરપુર | ૪ |
| ૧૦ | ઠાસરા | ૨૧ |

(૨) આ ઘટ કેટલા સમયમાં પુરવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ.

---------

**#SB/રાજ્યમાં ભૂતિયા રેશન કાર્ડ પકડવા બાબત**

૪૩૩૫ **શ્રી હરીભાઈ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા ભૂતિયા રેશનકાર્ડ પકડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

**પત્રક**

**સપ્ટેમ્બર-૦૭ થી ઓગસ્ટ-૦૮ સુધી પકડવામાં આવેલ ભૂતિયાકાર્ડની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ શહેર | ૮૪,૭૧૯ |
| ૨. | અમદાવાદ જિલ્લો | ૧૩,૫૩૨ |
| ૩. | અમરેલી | ૨૬,૩૯૧ |
| ક્રમ | જિલ્લાનું નામ | રેશનકાર્ડની સંખ્યા |
| ૪. | આણંદ | ૨૪,૭૧૧ |
| ૫. | બનાસકાંઠા | ૧૫,૦૧૭ |
| ૬. | ભરૂચ | ૧૩,૨૪૭ |
| ૭. | ભાવનગર | ૩૦,૬૫૭ |
| ૮. | દાહોદ | ૯,૭૦૫ |
| ૯. | ડાંગ | ૧,૮૫૭ |
| ૧૦. | ગાંધીનગર | ૧૧,૭૩૪ |
| ૧૧. | જામનગર | ૧૯,૧૪૭ |
| ૧૨. | જૂનાગઢ | ૨૨,૫૦૦ |
| ૧૩. | ખેડા | ૧૭,૫૦૫ |
| ૧૪. | કચ્છ | ૪૧,૩૩૮ |
| ૧૫. | મહેસાણા | ૧૯,૦૭૫ |
| ૧૬. | નર્મદા | ૪,૧૮૩ |
| ૧૭. | નવસારી | ૧૨,૯૧૪ |
| ૧૮. | પંચમહાલ | ૧૭,૨૦૮ |
| ૧૯. | પાટણ | ૧૪,૬૫૯ |
| ૨૦. | પોરબંદર | ૪,૬૮૫ |
| ૨૧. | રાજકોટ | ૪૩,૯૪૯ |
| ૨૨. | સાબરકાંઠા | ૧૯,૭૮૫ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૫,૬૯૯ |
| ૨૪. | સુરત | ૪૪,૨૧૦ |
| ૨૫. | તાપી | ૬,૭૦૨ |
| ૨૬. | વડોદરા | ૪૧,૩૫૭ |
| ૨૭. | વલસાડ | ૧૩,૦૮૨ |
| | કુલ : | ૫,૮૯,૫૬૮ |

(૨) આવા ભૂતિયા કાર્ડ બનાવનાર અધિકારી/કર્મચારી સામે સરકારે શા પગલાં લીધા ?

(૨) ભૂતિયા રેશનકાર્ડ અંગેની ઝુંબેશ માટેની મુદ્દત તા. ૩૧-૮-૦૮ સુધીની અપાયેલ હતી જેથી તે તારીખ

સુધીમાં પકડાયેલા/જમા થયેલા ભૂતિયા રેશનકાર્ડ હાથ ધરાયેલ ઝુંબેશના ભાગરૂપ હોઇ આ અંગે પગલાં લેવાનો પ્રશ્ન નથી.

---------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં વન વિસ્તાર**

૩૬૪૩ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૭/૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેટલા હેકટરમાં વન વિસ્તાર આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં નીચે મુજબ વન વિસ્તાર આવેલ છે.

| અનુ. નં. | તાલુકો | વન વિસ્તાર હેક્ટરમા) |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૨૩૫૮.૯૮ |
| ૨ | વીરપુર | ૫૧૪૯.૪૯ |

(૨) આ બન્ને તાલુકામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા ?

(૨) આ બન્ને તાલુકામાં ખાતાકીય વાવેતર હેઠળ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે મળી કુલ ૨૩૪૯૨૧ રોપા ઉછેરવામાં આવેલ છે.

---------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના હેઠળ વડોદરા જિલ્લામાં આપેલ રોજગારી**

૪૦૬૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧/૮/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી,

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબ લોકોને તાલુકાવાર રોજગારી આપવામાં આવી.

| ક્રમ | તાલુકો | રોજગારી આપેલ લોકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | વડોદરા | ૮૫ |
| ૨ | સાવલી | ૯૭૬ |
| ૩ | વાઘોડીયા | ૨૧ |
| ૪ | પાદરા | ૧૩૪૫ |
| ૫ | કરજણ | ૨૪૮ |
| ૬ | શિનોર | ૧૩૮ |
| ૭ | ડભોઇ | ૨૪૧ |
| ૮ | સંખેડા | ૧૪૨૬ |
| ૯ | નસવાડી | ૩૭૬ |
| ૧૦ | જેતપુરપાવી | ૬૭૩ |
| ૧૧ | છોટાઉદેપુર | ૧૮૭ |
| ૧૨ | ક્વાંટ | ૫૧૦ |
| | કુલ : | ૬૨૨૬ |

(૨) આ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ યોજના હેઠળ કુલ રૂા. ૪૩.૯૬ લાખનો ખર્ચ થયો.

(૩) આ યોજનાનો વ્યાપ વધે અને વધુ રોજગારીની તકો અપાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) (૧) આ યોજનાનો વ્યાપ વધારવા માટે પ્રચાર અને પ્રસારણના માધ્યમ દ્વારા લોકોને યોજનાની વિસ્તુત જાણકારી મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓની તાલીમ શિબિરો સેમીનારનું આયોજન કરવામાં આવે છે.

(૨) ગ્રામ્ય કક્ષાએ યોજનાની વધુ જાણકારી મળી રહે

અને લોકોને યોજનાનો લાભ મળી રહે તથા વધુને વધુ શ્રમિકો જોડાય તે માટે ખાસ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ યોજાતા ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાવડાઓમાં યોજનાની જાણકારી દર્શાવતાં બેનર્સ, પોસ્ટર્સ, માહિતી પુસ્તિકાઓ દ્વારા યોજનાનો વ્યાપ વધારવા પ્રયાસો કરવામાં આવે છે.

---------

## અમદાવાદ જિલ્લામાં ગોચરની જમીનમાં દબાણની ફરિયાદો

૪૩૨૪ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦/૬/૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ગોચરની જમીનના દબાણો દૂર કરવાની કેટલી ફરિયાદો સરકારમાં પડતર છે,

(૨) તે પૈકી આ દબાણો દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૩) કસુરવારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ૫૧ (એકાવન) ફરીયાદો મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઇ | ૦૭ |
| ૨ | સાણંદ | ૦૫ |
| ૩ | બાવળા | ૦૩ |
| ૪ | ધોળકા | ૦૨ |
| ૫ | ધંધુકા | ૦૪ |
| ૬ | બરવાળા | ૦૨ |
| ૭ | રાણપુર | ૦૮ |
| ૮ | વિરમગામ | ૧૦ |
| ૯ | દેત્રોજ | ૦૫ |
| ૧૦ | માંડલ | ૦૫ |
| | કુલ : | ૫૧ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ દબાણો દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતોને પ્રાપ્ત થયેલ છે અને નિયમાનુસાર કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવેલ છે.

(૩) કસુરવારોને નોટીસ આપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

## જામનગર જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

૪૦૪૬ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ક્યા ક્યા સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારે ઉક્ત

**જવાબ**

(૧)

| પ્રા. આ. કેન્દ્ર | | | સા. આ. કેન્દ્ર | | | |
|---|---|---|---|---|---|---|
| વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૦૨ | ૫૮ | ૧૪૪ | ૧૧ | ૦૮ | ૪૪ | ૪૦ |

(૨) સાથેના પત્રક અ અને બ મુજબ.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ અને

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

વર્ગ-૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા ભરવામાં આવે છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ની જગ્યાઓ ભરવા માટે એડહોક ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.

વર્ગ-૨ માટે જિલ્લામાં ૧૯ બોન્ડેડ ઉમેદવારોની નિમણુંક કરવામાં આવેલ છે.

વર્ગ-૩ માટેની જગ્યાઓ માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલેલ છે.

સ્ટાફ નર્સની જગ્યાઓ માટે દૈનિક પેપરમાં જાહેરાત આપી ભરતી કરવામાં આવે છે.

વર્ગ-૪ની જગ્યાઓ માટે ઓપન ટેન્ડરથી એજન્સીની નિમણુંક કરી વર્ગ-૪ની સેવાઓ લેવા તમામ વિભાગીય નાયબ નિયામકશ્રીઓને સુચના આપવામાં આવેલ છે.

(૪) કેટલા સમયમાં આ તમામ જગ્યાઓ ભરવામાં આવનાર છે ?

(૪) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા ભરવામાં આવે છે.

વર્ગ-૧ અને વર્ગ-૨ માટે લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવે છે.

વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ કાર્યભારણ ધ્યાને લઇને જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક -અ**

**જામનગર જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી જગ્યાની વિગત**

| અ.નં. | તાલુકો | અ.નં. | સા.આ.કેન્દ્ર | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી |
| ૧ | ભાણવડ | ૧ | ભાણવડ | ૧ | ૦ | ૧ | ૩ | ૩ | ૦ | ૧૪ | ૧૨ | ૨ | ૧૦ | ૬ | ૪ | ૨૮ | ૨૧ | ૭ |
| ૨ | ધ્રોળ | ૨ | ધ્રોળ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૨૧ | ૧૪ | ૭ | ૧૧ | ૯ | ૨ | ૩૮ | ૨૭ | ૧૧ |
| ૩ | જામજોધપુર | ૩ | જામજોધપુર | ૦ | ૦ | ૦ | ૩ | ૨ | ૧ | ૧૩ | ૯ | ૪ | ૧૦ | ૯ | ૧ | ૨૬ | ૨૦ | ૬ |
| ૪ | જોડીયા | ૪ | જોડીયા | ૧ | ૦ | ૧ | ૪ | ૩ | ૧ | ૨૧ | ૧૩ | ૮ | ૧૯ | ૫ | ૧૪ | ૪૫ | ૨૧ | ૨૪ |
| ૫ | કાલાવાડ | ૫ | કાલાવાડ | ૧ | ૦ | ૧ | ૩ | ૩ | ૦ | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૧૦ | ૨ | ૨૮ | ૨૩ | ૫ |
| ૬ | કલ્યાણપુર | ૬ | જામકલ્યાણપુર | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ | ૧૨ | ૯ | ૩ | ૧૦ | ૭ | ૩ | ૨૫ | ૧૮ | ૭ |
| ૭ | કલ્યાણપુર | ૭ | જામરાવલ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૧૨ | ૭ | ૫ | ૧૦ | ૬ | ૪ | ૨૪ | ૧૪ | ૧૦ |
| ૮ | લાલપુર | ૮ | લાલપુર | ૧ | ૧ | ૦ | ૩ | ૨ | ૧ | ૧૪ | ૧૨ | ૨ | ૧૦ | ૭ | ૩ | ૨૮ | ૨૨ | ૬ |
| ૯ | ખંભાળીયા | ૯ | સલાયા | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૩ | ૧૨ | ૧ | ૧૦ | ૬ | ૪ | ૨૬ | ૧૯ | ૭ |
| ૧૦ | ઓખામંડળ | ૧૦ | દ્વારકા | ૫ | ૦ | ૫ | ૩ | ૨ | ૧ | ૨૧ | ૧૫ | ૬ | ૧૧ | ૮ | ૩ | ૪૦ | ૨૫ | ૧૫ |
| ૧૧ | જામનગર | ૧૧ | સિક્કા | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૧૦ | ૬ | ૪ | ૫ | ૫ | ૦ | ૧૭ | ૧૨ | ૫ |
| | કુલ | | | ૧૪ | ૩ | ૧૧ | ૩૦ | ૨૨ | ૮ | ૧૬૩ | ૧૧૯ | ૪૪ | ૧૧૮ | ૭૮ | ૪૦ | ૩૨૫ | ૨૨૨ | ૧૦૩ |

**પત્રક -બ**

**જામનગર જિલ્લાના પ્રા.આ. કેન્દ્રોમાં ૭ + ૨ પેટર્ન મુજબ માહિતી (સ્ટાફીંગ પોઝીશન)**

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | મેડીકલ ઓફીસર | | | ક્યારથી ખાલી | જુનીયર ફાર્મસીસ્ટ | | | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી | |
| ૧ | લાલપુર | ૧ | ડબાસંગ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૦-૬-૨૦૦૪ |
| | | ૨ | પડાણા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૧-૨૦૦૭ |
| | | ૩ | પીપટોડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૨ | જામજોધપુર | ૪ | સમાણા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૭ |
| | | ૫ | વાંસજાળીયા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૬ | જામવાળી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૭ | ધુનડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૭-૧-૧૯૯૯ |
| ૩ | ભાણવડ | ૮ | પાછતર | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૮ |
| | | ૯ | ગુંદા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૧-૨૦૦૪ |
| | | ૧૦ | વેરાળ | ૧ | ૦ | ૧ | ૧૮-૮-૨૦૦૮ | ૧ | ૧ | ૦ | |
| ૪ | ધ્રોળ | ૧૧ | લતીપુર | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૮-૨-૨૦૦૬ |
| | | ૧૨ | જાળીયાદેવાણી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૫ | જામખંભાળીયા | ૧૩ | વડાત્રા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૧૪ | ભાડથર | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૦-૯-૨૦૦૫ |
| | | ૧૫ | મોવાણ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૧-૨૦૦૪ |
| | | ૧૬ | વચલાબારા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૬ | જામકલ્યાણપુર | ૧૭ | ભાટીયા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૧૮ | રાણ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯ | લામ્બા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૧-૧૦-૨૦૦૫ |
| ૭ | ઓખા મંડળ | ૨૦ | વરવાળા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૫-૫-૨૦૦૪ |
| | | ૨૧ | ઓખા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૩ |
| | | ૨૨ | સુરજકરાડી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮ | કાલાવડ | ૨૩ | ભલસાણ બેરાજા | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૨ |
| | | ૨૪ | ખરેડી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૨૫ | નિકાવા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૨૬ | નવાગામ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૦-૯-૨૦૦૬ |
| ૯ | જોડીયા | ૨૭ | બાલંભા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૨૮ | હડીયાણા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૨૯ | આમરણ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૦ | જામનગર | ૩૦ | અલીયાબાડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૩૧ | વસઈ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૩૨ | જામવણથલી | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૦-૪-૨૦૦૪ |
| | | ૩૩ | લાખાબાવળ | ૧ | ૦ | ૧ | ૧૮-૦૨-૨૦૦૮ | ૧ | ૧ | ૦ | |
| | | ૩૪ | મોટીબાણુગાર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| | | ૩૫ | ધુતાપરપ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૭-૨૦૦૮ |
| | | ૩૬ | બેડી | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧-૯-૨૦૦૫ |
| | કુલ.. | | | ૩૬ | ૩૪ | ૨ | | ૩૬ | ૧૯ | ૧૭ | |

---------

| લેબટેક | | | ક્યારથી ખાલી | ડ્રાઈવર | | | ક્યારથી ખાલી | વોર્ડ બોય | | | વોર્ડ આયા | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૫-૨-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૦-૬-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૮-૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૦-૨-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૭-૨૦૦૦ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૩ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૦-૯-૨૦૦૪ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૧૪-૧-૨૦૦૭ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૮-૪-૨૦૦૫ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૦-૯-૨૦૦૩ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૦-૪-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | ૨૮-૨-૨૦૦૨ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૧ | ૧ | ૦ | ૧ | ૨૦-૧૦-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૨૫-૩-૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૧ | ૧ | ૦ | ૧ | ૧૦-૨-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૦-૪-૨૦૦૩ | ૧ | ૦ | ૧ | ૧૦-૩-૨૦૦૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૮-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૩૦-૪-૨૦૦૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૦-૪-૨૦૦૪ | ૧ | ૦ | ૧ | ૧૯-૨-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૦-૮-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧૯-૨-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૦-૪-૨૦૦૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૧૦-૨૦૦૬ | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૩-૨૦૦૬ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૦-૨-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૧૦-૪-૨૦૦૪ | ૧ | ૦ | ૧ | ૨-૭-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૯-૭-૨૦૦૩ | ૧ | ૦ | ૧ | ૧૦-૫-૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧ | ૦ | ૧ | ૩૧-૭-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧૦-૨-૨૦૦૭ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૩૬ | ૧૭ | ૧૯ | | ૩૬ | ૧૫ | ૨૧ | | ૩૬ | ૦ | ૩૬ | ૩૬ | ૦ | ૩૬ | ૭૨ | ૦ | ૭૨ |

## સાપુતારા ગિરિમથકના વિકાસ માટે કાર્યવાહી કરવામાં આવેલ આયોજન

૩૭૧૩ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં સાપુતારા ગિરિમથક્ના વિકાસ માટે શું આયોજન ક્રવામાં આવેલ છે, અને

(૨) તે અંતર્ગત થયેલ વિવિધ કાર્યવાહી તારીખ ૩૧/૭/૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) સાપુતારા ગિરીમથક્ના વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધા ઊભી કરવા માટે ભારત સરકારને મોક્લેલ પ્લાન ભારત સરકારે મંજૂર કરેલ છે. અમલીકરણની કાર્યવાહી અમલમાં છે.

(૨) ઉપર મુજબ.

---------

## રાજ્યમાં સમરસ થયેલ ગ્રામ પંચાયતો

૪૦૮૧ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સો ટકા મહિલા સમરસ થઇ ?

**જવાબ**

(૧) ૪૩૨

(૨) ૧૨

--------

## રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ખરીદી તથા મરામત પાછળ ખર્ચ

૩૯૧૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ વાન સેવા હેઠળ તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી એમ્બ્યુલન્સ વાનો ખરીદવામાં આવી,

(૨) આ ખરીદીમાં રાજ્ય અને કેન્દ્ર સરકારનો કેટલો ફાળો છે, અને

(૩) તે અન્વયે વહીવટ તથા મરામત પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ વાન સેવા હેઠળ તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૦૦ એમ્બ્યુલન્સ વાનો ખરીદવામાં આવી.

(૨) આ ખરીદીમાં રાષ્ટ્રિય ગ્રામિણ આરોગ્ય મિશન કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજ્યને મળવાપાત્ર ગ્રાન્ટમાંથી સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા. ૫૯૦૭.૧૩ લાખની રકમ ફાળવવામાં આવેલ છે તથા રાજ્ય સરકારે સને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં રૂા. ૧૨૦૦.૦૦ લાખની રકમ ઓપરેશનલ ફંડ તરીકે ફાળવી છે.

(૩) તે અન્વયે વહીવટ તથા મરામત પાછળ રૂા. ૧૨૧૨.૫૬ લાખ ખર્ચ થયેલ છે.

---------

## ગારીયાધાર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ ક્વાટર્સ માટે ફાળવેલ ગ્રાન્ટ

૩૭૨૦**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ ક્વાટર્સ માટે વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલી ગ્રાન્ટ મંજૂર થયેલ છે,

(૨) વર્ષ ૨૦૦૫-૦૬માં ગ્રાન્ટ મંજૂર થયેલ હોવા છતાં કામગીરી નહીં થવાના કારણો શું છે, અને

(૩) કામગીરી શરૂ કરવા માટે કેટલી રજૂઆતો મળી છે, અને

(૪) મળેલ રજૂઆત પ્રત્યે શી કાર્યવાહી થયેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૩૮.૮૩ લાખની જોગવાઈ બજેટમાં કરવામાં આવેલ હતી.

(૨) વહીવટી કારણોસર કામગીરી શરૂ થયેલ ન હતી.

(૩) ૯(નવ)

(૪) ૨૦૦૭-૦૮માં રૂા. ૪૩.૩૩ લાખની બજેટ જોગવાઈ કરેલ છે. આ કામોનો વર્ક ઓર્ડર ૯ માસની મુદતનો આપેલ હતો. જેનો સમયગાળો પૂર્ણ થતાં આ કામ ફરી શરૂ કરવા એજન્સીને તાકીદ કરેલ છે.

**રાજ્યમાં પંચાયત ઘર બનાવવા બાબત**

૪૦૭૭ **ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦મી જૂન, ૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા પંચાયત ઘરો રાજ્ય સરકારે બનાવ્યા, અને

(૨) જર્જરીત પંચાયત ઘરોને નવા બનાવવા માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૭૦૯.

(૨) જર્જરીત પંચાયત ઘર બીલકુલ બેસવા લાયક ન હોય તેવા પંચાયત ઘરોને સ્થાને નવા પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવાનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે.

---------

**લુણાવાડા અને શહેરા તાલુકામાં ગ્રામ પંચાયતોની વિભાજનની માગણીઓ**

૪૬૦૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૬ થી તા. ૩૧-૩-૦૮ દરમ્યાન શહેરા અને લુણાવાડા તાલુકામાંથી ગ્રામ પંચાયતની અલગ વિભાજનની કેટલી માગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને વિભાજન કરી અલગ પંચાયતનો દરજ્જો આપ્યો, અને

(૩) બાકી હોય તેવી કઇ કઇ પંચાયતોને ક્યારે અલગ વિભાજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧) શહેરા તાલુકો લુણાવાડા તાલુકો
૦
૩

(૨) શૂન્ય (૦).

(૩) શહેરા - પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
લુણાવાડા
૧. ભોજા ગ્રામ પંચાયતની દરખાસ્ત વિચારાધિન છે.
૨. થાણાસાવલી તથા ખલાસપુરની દરખાસ્તો સરકારશ્રીમાં મળેથી નિયમોનુસાર યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

---------

**રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ સહાય**

૪૨૩૮ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ તા. ૩૧ ઓગષ્ટ, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર તરફથી કુલ કેટલી સહાય મળી છે, અને

(૨) આ ગ્રાન્ટોમાંથી કઇ કઇ જ્ગ્યાએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| વર્ષ | કેન્દ્ર તરફથી મળેલ સહાય |
|---|---|
| ૨૦૦૭-૦૮ | રૂા. ૯૯,૭૬,૦૦,૦૦૦/- |
| ૨૦૦૮-૦૯ | રૂા. ૬૫,૬૪,૦૦,૦૦૦/- |

(૨) આ ગ્રાન્ટમાંથી તા. ૩૧ ઓગષ્ટ-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો :-

| જિલ્લો/સ્થળ | રકમ / રૂપિયા |
|---|---|
| ૧. અમદાવાદ | ૧૯૧૯૫૦૩૭ |
| ૨. ખેડા | ૧૩૭૭૯૨૧૫ |
| ૩. આણંદ | ૬૨૫૮૧૪૩ |
| ૪. સુરેન્દ્રનગર | ૧૨૫૮૭૧૮૪ |
| ૫. ગાંધીનગર | ૧૦૫૦૨૧૨૮ |
| ૬. સાબરકાંઠા | ૨૧૩૪૬૩૧૯ |
| ૭. મહેસાણા | ૧૭૨૧૬૪૯૪ |
| ૮. બનાસકાંઠા | ૨૦૮૧૮૭૨૭ |
| ૯. પાટણ | ૧૩૧૭૨૦૦૦ |

| | |
|---|---|
| ૧૦. વડોદરા | ૧૬૧૮૨૩૭૯ |
| ૧૧. પંચમહાલ | ૧૮૩૨૦૦૦૮ |
| ૧૨. નર્મદા | ૭૪૫૨૬૪૩ |
| ૧૩. દાહોદ | ૯૮૬૮૮૫૭ |
| ૧૪. સુરત | ૨૧૧૪૭૫૯૨ |
| ૧૫. નવસારી | ૭૪૬૬૭૫૬ |
| ૧૬. વલસાડ | ૫૭૬૪૯૭૦ |
| ૧૭. ભાવનગર | ૧૯૮૯૪૦૮૩ |
| ૧૮. જુનાગઢ | ૨૪૮૧૦૧૩૪ |
| ૧૯. અમરેલી | ૧૫૦૧૧૨૨૯ |
| ૨૦. પોરબંદર | ૭૦૦૬૮૮૧ |
| ૨૧. રાજકોટ | ૩૦૦૮૫૯૧૬ |
| જિલ્લો/સ્થળ | રકમ / રૂપિયા |
| ૨૨. જામનગર | ૮૭૫૫૭૭૩ |
| ૨૩. ભરૂચ | ૧૦૦૮૪૫૭૦ |
| ૨૪. ડાંગ | ૧૩૭૮૨૨૭ |
| ૨૫. કચ્છ | ૧૩૬૬૩૧૬૬ |
| ૨૬. સ્ટેટ કક્ષાએ | ૯૬૦૬૨૨૧૬૧ |
| ૨૭. પી.આઈ.યુ. ગાંધીનગર (સીવીલ કામો માટે) | ૪૦૧૧૦૦૦૦૦ |

---------

## પ્રવાસન વિકાસ માટેની યોજના અંતર્ગત થયેલ પ્રગતિ

૩૬૮૬ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ગાંધી સરકીટ તરીકે પ્રવાસન વિકાસ માટેની કોઇ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર કઇ કઇ કામગીરી હાથ ધરી રહી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ માટે દેશી સ્વતંત્ર ચળવળમાં મીઠા સત્યાગ્રહ દાંડીના એતિહાસીક મહત્વ દર્શાવતાં ગાંધી આશ્રમ અમદાવાદ થી દાંડી (તા. નવસારી) સુધીના મુળ પથને દાંડી કોરીડોર તરીકે તેયાર કરી પ્રજા સમક્ષ મુકવાનો અને ગાંધીજીના જન્મસ્થળ પોરબંદર અને શાળા અભ્યાસ સ્થળ મહાત્મા ગાંધી વિદ્યાલય રાજકોટની આસપાસના વિસ્તારનાં વિકાસ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. જે માટે નીચેની કામગીરી હાથ ધરાઈ છે.

૧. દાંડી માટે પરિયોજનાને માટે કેન્દ્ર સરકારની મંજુરી મેળવવામાં આવેલ છે.
૨. ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા ટેન્ડરની કાર્યવાહી અન્વયે આર્કીટેક્ની નિમણૂંક કરવામાં આવેલ છે. જ્યારે ઠેકેદારની પસંદગીની પ્રક્રિયા ચાલુ છે.
૩. દાંડી કોરીડોર માટે સેપ્ટ દ્વારા પ્રેઝન્ટેશન તેયાર કરવામાં આવેલ છે.
૪. એમ.જી.વિદ્યાલય, રાજકોટ માટે સેપ્ટ દ્વારા એક્શન પ્લાન રીપોર્ટ તેયાર કરવામાં આવેલ છે.

૫. ગાંધીઆશ્રમ, અમદાવાદનો હેરીટેજ સ્થળ તરીકેનો સંકલીત વિકાસ પ્લાન તૈયાર કરવા માટે તા. ૧૪-૮-૦૮ થી સેપ્ટને કામગીરી સોંપવામાં આવેલ છે.

૬. પોરબંદરની આજુબાજુના વિસ્તારના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા સોરાષ્ટ્ર સરકીટ અન્વયે પરિયોજના મંજૂર કરવામાં આવેલ છે જે અન્વયે કામગીરી માટે જીલ્લા કલેક્ટરશ્રીને જરૂરી ગ્રાન્ટ તબદીલ કરવામાં આવેલ છે.

૭. પોરબંદરના વિકાસ માટે સેપ્ટ દ્વારા વિગતવાર અહેવાલ તૈયાર થઈ રહેલ છે.

(૩) તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં તે અંતર્ગત શી પ્રગતિ થઇ છે ?

(૩) જવાબ - ૨ મુજબ.

---------

**રાજ્યમાં રોપાઓનું વાવેતર કરવા બાબત**

૪૨૦૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૦૮-૦૮ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં કુલ ૭૪૮.૮૬ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) કુલ ૬૫.૦૪ લાખ માનવ દિન રોજગારી આપવામાં આવી.

---------

**સરકારી દવાખાનામાં પ્લાસ્ટીકની બોટલોમાં અપાતી ફ્લુયડનું નિવારણ**

૩૮૧૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી દવાખાનામાં તેમજ પબ્લીક હેલ્થ સેન્ટરોમાં વપરાતા ગ્લુકોઝ, ડેક્સ્ટ્રોઝ, સેલાઇન વોટર જેવા આઇ.વી. ફ્લ્યુડ, ઉત્પાદક કંપનીઓ કાચના બદલે પ્લાસ્ટીકની બોટલોમાં આપતી હોવાથી એ ફ્લ્યુડમાં ફુગ ડેવલપ થાય છે જે દર્દીના શરીરમાં જવાથી ફૂગજન્ય રોગ પેદા કરે છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આવી પરિસ્થિતિના નિવારણ માટે એવા ફ્લ્યુડ કાચની બોટલોમાં અપાતાં થાય તે માટે સરકારે શું પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) છેલ્લા પાંચ વર્ષથી મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર, અદ્યતન એફએફએસ (ફોર્મ ફીલ એન્ડ સીલ) ટેક્નોલોજીયુક્ત પ્લાસ્ટિક બોટલમાં જ આઈ.વી.ફ્લુયડ ખરીદે છે. આ ટેક્નોલોજીને કારણે સંપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા જંતુમુક્ત હોય છે. વધુમાં, જે ઉત્પાદક કંપનીઓ રીવાઈઝ્ડ શીડ્યુલ-"એમ" મુજબનું જી.એમ.પી.સર્ટીફીકેટ ધરાવતા હોય તેવી જ કંપનીઓ પાસેથી આઈ.વી.ફ્લુયડ ખરીદવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ખરીદવામાં આવેલ આઈ.વી.ફ્લુયડમાં ફૂગ ડેવલપ થવાનો એકપણ કિસ્સો નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ચીખલી તાલુકામાં વન કુટિરો**

૪૨૧૨ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચીખલી તાલુકામાં કેટલી વન કુટિરો બનાવવામાં આવેલ છે, અને

(૨) મૂળ કેટલી માંગણી આવેલ તેમાંથી કેટલી માંગણીઓ બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચીખલી તાલુકામાં બે વન કુટીર બનાવવામાં આવેલ છે.

(૨) આ તાલુકામાં સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ સાત માંગણી આવેલ તેમાંથી પાંચ માંગણીઓ બાકી છે.

**ભરૂચ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારીની સંખ્યા**

૩૯૫૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાની રોજગાર કચેરીમાં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ છે. | (૧) ૫૦૪૨૧ |
| (૨) આ પૈકી સરકારી નોકરીમાં કેટલા ઉમેદવારોની ભલામણ કરવામાં આવી, અને | (૨) ૩૭૬ |
| (૩) કેટલા ઉમેદવારોને સરકારી નોકરી આપવામાં આવી? | (૩) ૭૨ |

--------

**આણંદ જિલ્લામાં રોજગારી આપવાનો લક્ષાંક**

૩૯૨૫ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં રોજગાર કચેરી દ્વારા તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલા ઉમેદવારોને રોજગાર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા, | (૧) ૪૮૦૯ |
| (૨) સન ૨૦૦૮-૦૯માં આણંદ જિલ્લામાં કેટલા યુવાનોને રોજગાર અપાવવાનું આયોજન છે, અને | (૨) ૫૫૦૦ |
| (૩) તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલા યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવી? | (૩) ૧૧૪૩ |

---------

**ગીર પશ્મિ વન વિસ્તારનો એવોર્ડ**

૪૧૯૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૧૯૬૩ થી ૧૯૬૫ વચ્ચેના સમયમાં ગીર પશ્મિ વન વિસ્તાર માટે મુકાયેલ કમિશ્નરો દ્વારા થયેલ એવોર્ડ પ્રમાણે તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલા વિસ્તારને રીઝર્વ ફોરેસ્ટ જાહેર કરેલ છે, અને ક્યારે, તેમજ કેટલા વિસ્તારને પ્રોટેક્ટેડ ફોરેસ્ટ જાહેર ક્યારે કરેલ છે? | સને ૧૯૬૩ થી ૧૯૬૫ વચ્ચેના સમયગાળા દરમ્યાન ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફીસરશ્રીની ફોરેસ્ટ સેટલમેન્ટ અહેવાલની પ્રક્રિયાના ભાગરૂપે હે. ૯૭,૦૪૩.૬૯ આર વિસ્તારને રીઝર્વ ફોરેસ્ટ તરીકે અલગ અલગ જાહેરનામાથી જાહેર કરવામાં આવેલ છે. તેમજ હે. ૬,૫૧૮.૬૫ આર વિસ્તારને પ્રોટેક્ટેડ ફોરેસ્ટ તરીકે અલગ અલગ જાહેરનામાથી જાહેર કરવામાં આવેલ છે. |

---------

**ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા બાબત**

૩૬૫૧ **શ્રી દિતભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં ખાદ્યતેલનો કેટલો બફર સ્ટોક કરવામાં આવ્યો, | (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૧/૨૦૦૮ થી તા. ૩૧/૭/૨૦૦૮ સુધીમાં ૨૦,૦૦૦ મે. ટન ખાદ્યતેલનો બફર સ્ટોક કરવામાં આવેલ છે. |
| (૨) તેની ખરીદ કિંમત શું છે, અને ? | (૨) સરેરાશ ખરીદ કિંમત રૂા. ૫૨.૩૦ પૈ. પ્રતિ ૧ લીટર પાઉચ છે. |
| (૩) રાજ્યની આમ જનતાને તે શા ભાવે વેચાણથી આપવામાં આવે છે? | (૩) રાજ્યના અંત્યોદય તેમજ બી.પી.એલ. કાર્ડ ધારકોને ૧ લીટરનું પાઉચ પ્રતિલિટરના રૂા. ૪૪/-ના રાહતદરથી વિતરણ કરવામાં આવે છે. |

---------

## ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં તલાટીઓની ખાલી જ્ગ્યાઓ

૪૦૨૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા તલાટીઓની કેટલા સમયથી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| ગાંધીનગર | ગાંધીનગર | ૦૯ |
| | માણસા | ૧૭ |
| | કલોલ | ૧૬ |
| | દહેગામ | ૧૩ |
| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
| અમદાવાદ | સીટી | ૦૦ |
| | દસક્રોઈ | ૧૪ |
| | સાણંદ | ૦૯ |
| | ધોળકા | ૧૬ |
| | બાવળા | ૦૭ |
| | વિરમગામ | ૦૭ |
| | દેત્રોજ | ૦૭ |
| | માંડલ | ૦૫ |
| | ધંધુકા | ૧૦ |
| | રાણપુર | ૦૪ |
| | બરવાળા | ૦૨ |
| સાબરકાંઠા | વડાલી | ૦૨ |
| | વિજ્યનગર | ૦૧ |
| | પ્રાંતિજ | ૦૬ |
| | મોડાસા | ૧૦ |
| | માલપુર | ૦૭ |
| | ભીલોડા | ૦૬ |
| | હિંમતનગર | ૧૩ |
| | ખેડબ્રહ્મા | ૦૨ |
| | ઈડર | ૧૪ |
| | તલોદ | ૦૪ |
| | મેઘરજ | ૦૫ |
| | બાયડ | ૦૪ |
| | ધનસુરા | ૦૩ |

(૨) પંચાયત સહાયકથી તથા રહેમરાહે નિમણૂંકો દ્વારા આ જ્ગ્યાઓ ભરવાની બાબત વિચારણામાં છે.

---------

## ડીસા તાલુકામાં ગોચરના દબાણ માટે સરપંચો સામે ફરિયાદ

૪૧૯૯ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસા તાલુકાના કેટલા સરપંચો સામે ગોચર દબાણ અને ગ્રામ પંચાયતમાં ગેર વહીવટની કેટલી ફરિયાદો સરકારને મળી છે,

(૨) આ જ પ્રકારની કેટલી ફરિયાદો જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને મળેલ છે, અને

(૩) આ સરપંચો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે?

**જવાબ**

(૧) ૨૬ સરપંચો વિરુદ્ધ ફરીયાદો મળેલ છે.

(૨) ૨૬

(૩) ૨ સરપંચોને હોદ્દા પરથી દુર કરવામાં આવેલ છે.

--૨ સરપંચો જવાબદાર ઠરતા નથી. જ્યારે અન્ય સામે તપાસ ચાલુ છે.

---------

**કેશોદ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સુવિધા**

૪૨૦૨ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેશોદ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન સુવિધા ઉપલબ્ધ કરવા સન ૨૦૦૮-૦૯માં સરકારનું શું આયોજન છે?

**જવાબ**

કેશોદ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તમામ સુવિધા ઉપલબ્ધ છે.

---------

**જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ નીચે થયેલ કામ**

૪૨૪૦ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ફાળવેલ લક્ષ્યાંક સામે ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં કેટલું કામ અધૂરું છે, અને

(૩) આ યોજના અંતગર્ત સને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં તા. ૩૦-૬-૨૦૦૮ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જળ સ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુલ ૩,૧૨૦ હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

(૨) ફાળવેલ લક્ષ્યાંક સામે ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં નીચે પ્રમાણે કામ અધુરૂ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૫ વર્ષનો કુલ લક્ષ્યાંક | તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ અધુરૂ કામ (હે.) |
|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૧૨૨૦૦ | ૪૧૮૩ |
| ૨ | ઉચ્છલ | ૫૦૦૦ | ૧૩૧૬ |
| ૩ | નિઝર | ૫૦૦૦ | ૨૮૩૧ |
| | **કુલ . . .** | **૨૨૨૦૦** | **૮૩૩૦** |

(૩) આ યોજના અંતર્ગત સને ૨૦૦૮-૦૯ ના નાણાંકીય વર્ષમાં તા. ૩૦-૬-૦૮ સુધીમાં કુલ રૂા. ૪૮.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી**

૪૦૧૦ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા કેટલા શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા નોંધાયેલી છે,

(૨) તે અન્વયે પાંચ વર્ષ કે તેથી વધુ વરસના કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારીની તકો આપવામાં આવી?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| શિક્ષિત | ૭૮૫૯૪ |
| અર્ધશિક્ષિત | ૭૫૮૧ |
| **કુલ** | **૮૬૧૭૫** |

(૨)

| | |
|---|---|
| શિક્ષિત | ૧૫૯૭૨ |
| અર્ધશિક્ષિત | ૬૬૯૦ |
| **કુલ** | **૨૨૬૬૨** |

(૩)

| | |
|---|---|
| શિક્ષિત | ૩૧૪૩૬ |
| અર્ધશિક્ષિત | ૩૦૩૧ |
| **કુલ** | **૩૪૪૬૭** |

---------

**મહેસાણા જિલ્લામાં ઈન્દીરા આવાસ યોજનામાં આવાસો**

૪૦૮૩ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણાજિલ્લામાં તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દીરાઆવાસયોજનાના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપ્યો ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનામાં કુલ-૩૭૦૫ મકાનો બનાવવામાં આવ્યા,

(૨) બનાવવામાં આવેલ આવાસો પૈકી તમામ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવેલ છે.

---------

**રાજ્યની મેડીકલ કોલેજમાં વધારાની સીટોની મંજૂરી**

૩૮૯૫ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧લી જાન્યુઆરી,૨૦૦૮ થી તા. ૩૧-૮-૦૮ સુધીમાં રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની સીટ ઉપલબ્ધ બને તે માટે જરૂરી કાર્યવાહી કરી કેટલી વધારાની સીટો ઉપલબ્ધ બનાવી શકાઈ,

(૨) આ જ સમય ગાળા દરમિયાન રાજ્યની મેડીકલ કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં નવા કોર્ષ/વધારાની સીટ મંજૂર થઈ છે, ખરી, અને

(૩) જો હા, તો આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે ?

**જવાબ**

(૧) ૧-ડીગ્રી કોર્ષ-૧ સીટ,૧૦-ડીપ્લોમા કોર્ષ-૧૩ સીટો.

(૨) હા, જી.

(૩) ચાલુ વર્ષ ૨૦૦૮થી અભ્યાસક્રમ શરૂ થયેલ છે.

--------

**દાહોદ અને ઝાલોદ તાલુકામાં વ્યાજબી ભાવની દુકાનો**

૪૩૪૩ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં કુલ કેટલી વાજબી ભાવની દુકાનો કાર્યરત છે,

(૨) આ બંને તાલુકામાં એ.પી.એલ. યોજનાના રેશન કાર્ડ કેટલા છે, અને

(૩) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૬ (છ)માસમાં દાહોદ અને ઝાલોદ તાલુકામાં ઘઉં તથા ચોખાનો કુલ કેટલો જથ્થો તાલુકાવાર ફાળવવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દાહોદ-૧૩૯
ઝાલોદ-૧૩૬

(૨) દાહોદ-૪૦૫૬૭
ઝાલોદ-૩૧૧૫૨

(૩) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા છ માસમાં તાલુકાવાર નીચેની વિગતે જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે. (આંકડા ટનમાં)

| તાલુકો | ઘઉં | ચોખા | મકાઈ* |
|---|---|---|---|
| દાહોદ | ૧૮૭૭ | ૧૪૫૪ | ૩૮૦ |
| ઝાલોદ | ૧૬૧૨ | ૧૪૮૨ | ૪૨૧ |

* ચોખાના વિકલ્પે મકાઈનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

---------

**આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જ્યાઓ પર નિમણૂક**

૩૭૧૪ **શ્રી મેઘજીભાઈ કણઝરીયા(ખંભાળીયા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત આરોગ્ય સેવાઓમાં તબીબોની ખાલી જ્યાઓ ભરવા માટે વિભાગ ધ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૦૮થી ૩૧ જુલાઈ, ૨૦૦૮ દરમિયાન શું કાર્યવાહી થઈ, અને

**જવાબ**

(૧) આરોગ્ય સેવામાં તબીબોની ખાલી જ્યાઓ ભરવા માટે તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૭-૨૦૦૮ દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબના તબીબોની નિમણૂક કરવામાં આવેલ છે.

| ક્રમ | તબીબની વિગત | નિમણૂકની સંખ્યા |
|---|---|---|
| ૧ | એલોપેથીક સ્નાતક | ૬૬૨ |
| ૨ | એલોપેથીક અનુસ્નાતક | ૨૧ |
| ૩ | તજજ્ઞ તબીબ વર્ગ-૧ | ૧૨૮ |
| ૪ | આયુર્વેદીક તબીબ | ૬૦૭ |
| ૫ | હોમીયોપેથીક તબીબ | ૨૩૮ |

(૨) ૩૧ ઓગષ્ટ, ૨૦૦૮ની સ્થિતિએ સ્નાતક તેમજ અનુસ્નાતક મેડિક્લ ડોકટરો, આયુર્વેદ ડોકટરો અને હોમિયોપેથીક ડૉકટરની કેટેગરી દીઠ કેટલી નિમણૂકો થઈ અને તે પૈકી કેટલા હાજર થયા ?

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

**એલોપેથી સ્નાતક, અનુસ્નાતક, આયુર્વેદ અને હોમીયોપેથી તબીબી અધિકારી વર્ગ-૨/તજજ્ઞ વર્ગ-૧ને આપેલ નિમણૂક/હાજર થયાની કેટેગરી મુજબની વિગત દર્શાવતું પત્રક (તા. ૧-૧-૦૮ થી ૩૧-૮-૦૮)**

| અ.નં. | કેટેગરી | એલોપેથીક સ્નાતક | | એલોપેથીક અનુસ્નાતક | | તજજ્ઞ વર્ગ-૧ | | આયુર્વેદ | | હોમીયોપેથી | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આદેશ સંખ્યા | હાજરની સંખ્યા | આદેશ સંખ્યા | હાજરની સંખ્યા | આદેશ સંખ્યા | હાજરની સંખ્યા | આદેશ સંખ્યા | હાજરની સંખ્યા | આદેશ સંખ્યા | હાજરની સંખ્યા | આદેશ સંખ્યા | હાજરની સંખ્યા |
| ૧ | જનરલ | ૪૦૫ | ૨૦ | ૪૪ | ૧ | ૧૦૦ | ૪૪ | ૩૦૯ | ૨૨૮ | ૧૩૨ | ૩૭ | ૯૯૦ | ૩૩૦ |
| ૨ | એસઈબીસી | ૨૩૮ | ૨૯ | ૧૧ | ૧ | ૧૨ | ૮ | ૧૮૨ | ૧૪૫ | ૭૨ | ૨૮ | ૫૧૫ | ૨૧૧ |
| ૩ | એસસી | ૫૨ | ૫ | ૦ | ૦ | ૪ | ૩ | ૯૦ | ૬૭ | ૧૯ | ૧૧ | ૧૬૫ | ૮૬ |
| ૪ | એસટી | ૧૧૬ | ૧૩ | ૭ | ૦ | ૧૨ | ૮ | ૨૬ | ૧૭ | ૧૫ | ૧૩ | ૧૭૬ | ૫૧ |
| | કુલ :- | ૮૧૧ | ૬૭ | ૬૨ | ૨ | ૧૨૮ | ૬૩ | ૬૦૭ | ૪૫૭ | ૨૩૮ | ૮૯ | ૧૮૪૬ | ૬૭૮ |

---------

**બારમા નાણા પંચમાં કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ**

૩૬૨૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બારમા નાણા પંચમાં કેન્દ્ર સરકારમાંથી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કેટલી ગ્રાન્ટ મળી, અને

(૨) આ ફાળવેલ ગ્રાન્ટમાંથી રાજ્ય સરકારે ક્યા ક્યા વિભાગને કેટલી રકમ ફાળવી ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૭-૨૦૦૮ સુધીમાં રૂા. ૨૨૧૯.૫૨ કરોડની ગ્રાન્ટ મળેલ છે.

(૨) નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| **વિભાગનું નામ** | **ફાળવેલ રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|
| ૧. માર્ગ અને મકાન વિભાગ | ૬૩૫.૮૫ |
| ૨. વન અને પર્યાવરણ વિભાગ | ૧૪.૦૦ |
| ૩. શહેરી વિ. અને શ.ગૃ.નિ. વિભાગ | ૨૦૭.૦૦ |
| ૪. પંચાયત ગ્રા.ગૃ.નિ.ગ્રા.વિભાગ | ૫૫૮.૬૦ |
| ૫. રમત ગમત યુ.સાં.પ્ર. વિભાગ | ૧૫.૬૩ |
| ૬. નર્મદા જ.સં.પા.પુ.ક. વિભાગ | ૧૦૦.૦૦ |
| ૭. મહેસૂલ વિભાગ | ૬૮૮.૪૪ |
| | **૨૨૧૯.૫૨** |

---------

**રાજકોટ શહેરની સરકારી હોસ્પિટલમાં લેવાતી પ્રવેશ ફી રદ કરવા લીધેલ પગલાં**

૪૧૭૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજકોટ શહેરની પંડીત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલમાં પ્રવેશ

**જવાબ**

(૧) હા, જી.

દર્દી દાખલ થાય ત્યારે તેના સગાવહાલાને બે પ્રવેશ

ફી વસૂલ કરવામાં આવે છે તે હકિક્ત સરકાર જાણે છે, અને

પાસ મફ્ત આપવામાં આવે છે. હોસ્પિટલના મુલાકાતના સમય સિવાયના સમયે આવતા અન્ય મુલાકાતીઓ માટે પ્રવેશ ફી લેવામાં આવે છે. જેમાં બી.પી.એલ. કાર્ડ ધારકો પાસેથી કોઈ ફી લેવામાં આવતી નથી.

(૨) જો હા, તો પ્રવેશ ફીની પ્રથા રદ કરવા રાજ્ય સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

(૨) પ્રવેશ ફીની પ્રથા રોગી કલ્યાણ સમિતિ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને તા. ૦૨-૦૨-૦૮ના આદેશથી તા. ૧૫-૦૪-૦૮ થી શરૂ કરવાના આદેશ કરવામાં આવેલ હતા. આ બાબતે માન. ધારાસભ્યશ્રી કુંવરજી બાવળીયાની રજુઆત થતાં પ્રવેશ ફીની પ્રથા તા. ૧૫-૪-૦૮ થી સ્થગિત કરવામાં આવેલ હતી, પરંતુ અમદાવાદની સીરીયલ બોમ્બ બ્લાસ્ટની ઘટનાને ધ્યાને લઈ હોસ્પિટલની સુરક્ષા ધ્યાનમાં રાખતા તા. ૩૦-૭-૦૮થી પ્રવેશ ફી વસુલવાનું શરૂ કરેલ છે.

---------

**સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૩૮૮૧ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેવન્યુ ખરાબાની જમીનમાં કેટલું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) આ વાવેતરમાં કેટલા રોપા રોપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેવન્યુ ખરાબાની કુલ-૧૮ હેકટર જમીનમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કુલ-૧૧૨૫૦ રોપા રોપવામાં આવ્યા છે.

---------

**માંડવી અને સોનગઢ તાલુકામાં વન સમિતિઓની રચના**

૪૧૮૧ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત/તાપી જિલ્લાના માંડવી તથા સોનગઢ તાલુકામાં કેટલી વન સમિતિઓની રચના કરવામાં આવી છે, અને

(૨) આ વન સમિતિઓને સરકાર ધ્વારા વાંસ તથા વાંસના ટુકડાની ઉપજ અંગે ઉક્ત સ્થિતિએ વન સમિતિઓને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું છે અને કેટલું બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં ૨૩ વન સમિતિઓની રચના કરવામાં આવેલ છે. સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કોઈ નવી વન સમિતિઓની રચના કરવામાં આવેલ નથી.

(૨) વન સમિતિઓને છેલ્લા એક વર્ષમાં વાંસ અને વાંસના ટુકડાની ઊપજ અંગે કોઈ વળતર ચૂકવવામાં આવેલ નથી.

---------

**સમી અને હારીજ તાલુકામાં એસ. જી. આર. વાય. યોજનામાં મજૂરોના પગાર ન થવા બાબત**

૪૨૧૯ **ભાવસિંહ રાઠોડ(સમી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ એસ.જી. આર.વાય. યોજના હેઠળ ચાલતા ગ્રામીણ રોજગારીના કામોમાં સમી અને હારીજ તાલુકામાં કેટલા સમયથી મજૂરોનો પગાર થયો નથી, અને

(૨) પગાર ન થવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ એસ.જી.આર.વાય. યોજના હેઠળ ચાલતા ગ્રામીણ રોજગારીના કામોમાં સમી અને હારીજ તાલુકામાં કોઈપણ મજુરોને પગાર ચુકવવાનો બાકીમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પ્રવાસન ક્ષેત્રે કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ**

૩૭૧૮ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને સન ૨૦૦૭-૦૮માં ક્યા ક્યા પ્રોજેક્ટ/કઈ કઈ પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યા છે, અને | (૧) વર્ષ ૨૦૦૭-૦૮માં પ્રવાસન ક્ષેત્રે નીચે મુજબના એવોર્ડ મળેલ છે.<br>૧. બેસ્ટ ટુરીઝમ ફીલ્મ પોર ""ધોળાવીરા"" એ ફ્યુચરીક મેટ્રોપોલીસ ઓફ ધી પાસ્ટ એવોર્ડ<br>૨. ટુ ડેઝ ટ્રાવેલ મેગેઝીન, બેસ્ટ સ્ટેટ પ્રમોટીંગ ફેર્સ એન્ડ ફેસ્ટીવલ એવોર્ડ<br>૩. સાટે ૨૦૦૭-મોસ્ટ એથેનીક ટુરિઝમ પેવેલીયન |
| (૨) આ એવોર્ડ કોના ધ્વારા અપાયા છે, અને કઈ તારીખે અને કોના હાથે આપવામાં આવ્યા છે ? | (૨) આ એવોર્ડ ભારત સરકાર દ્વારા નીચેની તારીખે નીચેના મહાનુભાવોના હાથે મળેલ છે.<br>૧. તા. ૨૭-૨-૦૮ શ્રીમતિ અંબીકા સોની, માન. મંત્રીશ્રી (પ્રવાસન અને સાંસ્કૃતિક, ભારત સરકાર)<br>૨. તા. ૨૭-૮-૦૮ શ્રીમતિ અંબીકા સોની, માન. મંત્રીશ્રી (પ્રવાસન અને સાંસ્કૃતિક, ભારત સરકાર)<br>૩. તા. ૨૨-૪-૦૭ શ્રી એસ. કે. મિશ્રા, ચેરમેન, ઈન્ટેક. |

---------

**લુણાવાડા તથા ખાનપુર તાલુકામાં દવાખાના શરૂ કરવા આયોજન**

૪૧૯૪ **શ્રી હરીભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં લુણાવાડા અને ખાનપુર તાલુકામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, અને

(૨) વસ્તીના માપદંડ અન્વયે વધુ દવાખાના શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | પ્રા.આ.કેન્દ્રો | સા.આ. કેન્દ્ર |
|---|---|---|
| લુણાવાડા | ૦૬ | ૦૨ |
| ખાનપુર | ૦૩ | -- |

(૨) ચાલુ વર્ષે આદિજાતિ વિસ્તાર માટે મંજૂર સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાનપુર તાલુકા માટે સૂચવવામાં આવેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન નીચે પ્રાયોજના વહીવટદાર તરફથી એજન્સીને આપેલ કામો**

૩૮૪૨ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટ્રાયબલસબપ્લાનતા.૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાયોજના વહીવટદાર તરફથી ભરૂચ જિલ્લામાં કઈ કઈ એજન્સીઓને ક્યા ક્યા કામો સોંપવામાં આવેલા છે, | (૧) પરિશિષ્ટ-૧માં એજન્સીઓની માહીતી દર્શાવેલ છે અને પરિશિષ્ટ-૨માં કામોની વિગત દર્શાવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) સને ૨૦૦૬-૦૭માં ૫૧૧૭ કામો અને વર્ષ ૨૦૦૭-૦૮માં ૫૪૦ કામો પુર્ણ થયા છે. |
| (૩) કેટલી રકમ તે અન્વયે ચૂકવવામાં આવી ? | (૩) વર્ષ ૨૦૦૬-૦૭માં રૂ. ૧૪૨૫.૮૦ લાખ તથા ૨૦૦૭-૦૮માં રૂા. ૨૦૨૧.૫૮ લાખની રકમ ચુકવવામાં આવી છે. |

**પરિશિષ્ટ-૧**
**(વર્ષ-૨૦૦૬-૦૭)**
**એજન્સીના નામ અને તેઓને સોંપેલા ક્રમની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | એજન્સીનું નામ | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | ઈન્ડો જર્મન ટુલ રૂમ | |
| ૨ | સહયોગ ખાદી ગ્રામોદ્યોગ | |
| ૩ | ફલેમીંગો ફાર્મ | |
| ૪ | વિજ્ય ભારતી સંસ્થા | |
| ૫ | ઈન્ડસ્ટ્રી ઓફ ટેક્નોલોજી | |
| ૬ | રીગલ મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કૂલ | |
| ૭ | એક્ઝીલ્યમ સંસ્થા | |
| ૮ | એલ. સી. સી. | |
| ૯ | એનાર્ડે ફાઉન્ડેશન | |
| ૧૦ | આયોજન અધિકારી-સહ-તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝઘડીયા | |
| ૧૧ | સીપેટ સંસ્થા | |
| ૧૨ | જીવન વિકાસ પરિવાર | |
| ૧૩ | આદિવાસી એસોશીએશન ઓફ ગુજરાત | |
| ૧૪ | માનસી સંસ્થા | |
| ૧૫ | ઈશ્વા સંસ્થા | |
| ૧૬ | આયોજન અધિકારી-સહ-તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાલીયા | |
| ૧૭ | ફર્સ્ટ લેડી | |
| ૧૮ | ક્રિષ્ણા મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કૂલ | |
| ૧૯ | નવજીવન ટેક્નીકલ એજ્યુકેશન | |
| ૨૦ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, અંક્લેશ્વર | |
| ૨૧ | આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ | |
| ૨૨ | બ્રાઈટ્સ એકેડેમી | |
| ૨૩ | તાલુકા વિકાસ અધિકારી, આમોદ | |
| ૨૪ | શાંતિ પર્યાવરણ ચેરીટેબલ ટ્રસ્ટ | |
| ૨૫ | તાલુકા વિકાસ અધિકારી, હાંસોટ | |
| ૨૬ | ગ્રોમસીસ સંસ્થા | |
| ૨૭ | જ્યુ મોટર ડ્રાઈવીંગ | |
| ૨૮ | તાલુકા વિકાસ અધિકારી, વાગરા | |
| ૨૯ | સમર્થ શક્તિ મહિલા ઓ. સ. મં. લી. | |
| ૩૦ | તાલુકા વિકાસ અધિકારી, ભરૂચ | |
| ૩૧ | તાલુકા વિકાસ અધિકારી, જંબુસર | |
| ૩૨ | એગ્રો સર્વિસ સેન્ટર | |
| ૩૩ | રીઝીયોનલ કો. ઓર્ડીનેટરશ્રી, નહેરૂ યુવા કેન્દ્ર, વડોદરા | |
| ૩૪ | સરકારી ખાતાની જુદી જુદી અમલીકરણ એજન્સીઓ | |
| ૩૫ | સમન્વય સંસ્થા | |

**પરિશિષ્ટ-૧**
**(વર્ષ-૨૦૦૭-૦૮)**
**એજન્સીના નામ અને તેઓને સોંપેલા ક્રમની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | એજન્સીનું નામ | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | ક્રિષ્ણા મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કૂલ | |
| ૨ | ઉદય ફાઉન્ડેશન, નેત્રંગ | |
| ૩ | વિજ્ય ભારતી, સારસા | |

| ક્રમ | એજન્સીનું નામ | રીમાર્કસ |
|---|---|---|
| ૪ | રચનાત્મક ચેરીટેબલ ટ્રસ્ટ | |
| ૫ | ડી. એસ. પી. ક્ચેરી, ભરૂચ | |
| ૬ | એલ. સી. સી. | |
| ૭ | આદિવાસી વિક્લાંગ સંસ્થા | |
| ૮ | ઈન્ડો જર્મન ટુલ રૂમ, અમદાવાદ | |
| ૯ | લોક સહાયક સાર્વજનિક ટ્રસ્ટ | |
| ૧૦ | જ્યુ મોટર ડ્રાઈવીંગ | |
| ૧૧ | રીગલ મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કૂલ | |
| ૧૨ | આઈશેડ સંસ્થા | |
| ૧૩ | જીવન વિકાસ પરિવાર | |
| ૧૪ | શાંતિપર્યાવરણ ચેરીટેબલ ટ્રસ્ટ | |
| ૧૫ | શ્રી શક્તિ મહિલા વિકાસ મંડળ | |
| ૧૬ | શબરી સેવાધામ ટ્રસ્ટ | |
| ૧૭ | ગુજરાત લોક્સભા ચેરીટેબલ ટ્રસ્ટ | |
| ૧૮ | ચાણક્ય કોમ્પ્યુટર એકેડેમી | |
| ૧૯ | આયોજન અધિકારી-સહ-તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝઘડીયા | |
| ૨૦ | મારૂતિ એજ્યુકેશન સેન્ટર | |
| ૨૧ | જય ભીમ સેના યુવક મંડળ | |
| ૨૨ | આયોજન અધિકારી-સહ-તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાલીયા | |
| ૨૩ | યોગી સંસ્થા | |
| ૨૪ | રચનાત્મક ટ્રસ્ટ | |
| ૨૫ | શ્રી વિકાસ કેન્દ્ર | |
| ૨૬ | જીવન વિકાસ પરિવાર, નેત્રંગ | |
| ૨૭ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, અંક્લેશ્વર | |
| ૨૮ | વિજ્ય ભારતી સંસ્થા | |
| ૨૯ | સમર્થ શક્તિ મહિલા ઓ.સ.મં.લી., ભરૂચ | |
| ૩૦ | સર્જન રૂરલ ડેવલપમેન્ટ, હિંમતનગર | |
| ૩૧ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભરૂચ | |
| ૩૨ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, હાંસોટ | |
| ૩૩ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, જંબુસર | |
| ૩૪ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાગરા | |
| ૩૫ | સરકારી ખાતાની જુદી જુદી અમલીકરણ એજન્સીઓ | |

**પરિશિષ્ટ-૨**

**વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન કરેલ કામો.**

૧. પાક અને કૃષિ વ્યવસ્થા
૨. ભુમી અને જળ સંરક્ષણ
૩. ડેરી/પશુપાલન અને સ્વરોજગારીને લગતા કામો
૪. શિક્ષણ અંગેના કામો
૫. આરોગ્ય
૬. આદિજાતિ કલ્યાણ
૭. મધ્યાહન ભોજન/પોષણ
૮. આંતર માળખાકીય સુવિધાઓને લગતા કામો

--------

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં શ્રમિકોને મળતી રોજગારી

૪૬૨૪ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ શ્રમિકોને પ્રતિદિન કેટલી રોજગારી આપવામાં આવે છે, અને

(૨) કામના સ્થળે શ્રમિકોને શું શું સુવિધાઓ અપાય છે ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ શ્રમિકોને કાયદાકીય જોગવાઈઓને આધિન રહી શ્રમિક દ્વારા કરવામાં આવેલ કામની ઉત્પાદક્તા સાથે સંકળાયેલ હોય શ્રમિકોને કરેલ કામના પ્રમાણે સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ એસ.ઓ.આર.આર. પ્રમાણેના ભાવો ધ્યાને લઈ પ્રતિદિન રોજગારી આપવામાં આવે છે.

(૨) કામના સ્થળે શ્રમિકોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજનાની ગાઈડ લાઈન મુજબ પીવાના પાણીની, છાંયડાની ઘોડીયાઘર તેમજ મેડીક્લ કીટની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

---------

## રાજ્યમાં સમરસ ગ્રામ પંચાયતો

૪૬૫૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તે પેકી કેટલી ગ્રામ પંચાયતો સો ટકા મહિલા સમરસ થઈ, અને

(૨) તે માટે રાજ્ય સરકારે કોઈ વિશિષ્ટ અનુદાન આપવાની જોગવાઈ કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૦૦૪ ગ્રામ પંચાયતો સમરસ થઇ તે પેકી ૪૦ મહિલા સમરસ ગ્રામ પંચાયતો છે.

(૨) ના, જી.

---------

## નિરોગી બાળ વર્ષ હેઠળ થયેલ કામગીરી

૩૭૯૧ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નિરોગી બાળ વર્ષ હેઠળ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં શી કાર્યવાહી થઈ છે, અને

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યની આગવી પ્રણાલી મુજબ માનવ વિકાસના નિર્દેષકની પહોંચ માટે ૨૦૦૮-૦૯નું વર્ષ ""**નિરોગી બાળ વર્ષ**"" ઉજવી બાળકના સમગ્ર પરિપેક્ષ્યને ધ્યાને લઈ એક સંકલિત ભાવનાસભર અભિગમ અમલમાં મૂકવામાં આવેલ છે. નિરોગી બાળકની વિભાવનાને શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સ્વસ્થતાના સ્વરૂપમાં મૂર્તિમંત કરવા માતાની કોખથી માંડીને કુમારવસ્થાના જીવનચક્રને આવરી લેવામાં આવેલ છે.

નિરોગી બાળ વર્ષ અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**સલામત માતૃત્વ માટે થયેલ કામગીરી**

મમતા અભિયાન સુદ્રઢ કરવામાં આવ્યું. જેમાં નીચે મુજબની કાર્યવાહી થઈ છે.

-- સગર્ભા બહેનોની પૂર્વ તપાસ, પૂર્વ પ્રસૂતિ તપાસ કરવામાં આવી.

-- સગર્ભા બહેનોને ધનૂર વિરોધી રસી આપવામાં આવી.

-- સગર્ભા અને ધાત્રી માતાઓને આયોડીન યુક્ત મીઠું તેમજ આવશ્યક્તા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

-- સગર્ભા બહેનોને કોઈ મુશ્કેલ પરિસ્થિતિ હોય તો તેનું વહેલું નિદાન કરી સલામત પ્રસૂતિ માટે સંદર્ભ સેવામાં મોકલવામાં આવી.

**સલામત પ્રસૂતિ માટે થયેલ કામગીરી**

સંસ્થાકીય પ્રસૂતિની માત્રા વધારવા વિવિધ પગલાં લેવામાં આવ્યા.

-- કોમ્પ્રીહેન્સીવ ઈમરજન્સી ઓબસ્ટ્રેટીક કેર અને ઈમરજન્સી ઓપરેશનલ કેરની તાલીમ તબીબો/પેરા મેડીકલ સ્ટાફને આપવામાં આવી.

-- લાઈફ સેવીંગ્ઝ સ્કીમ, એનેસ્થેસીયા ઈન પ્રેગન્સીની તાલીમ આપવામાં આવી.

-- ઈ. એમ. આર. આઈ. ૧૦૮ની સેવાઓ વિસ્તૃત કરવામાં આવી.

**બાળ સંભાળ માટે થયેલ કામગીરી**

-- નવજાત શિશુ અને બાળકોની યોગ્ય નિદાન અને સારવાર માટે ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ નિયોનેટલ એન્ડ ચાઈલ્ડ હુલ ઈલનેસ (આઈ.એમ.એન.સી.આઈ.) પ્રોટોકોલનો અમલ ૧૮ જીલ્લાઓમાં શરૂ કરવામાં આવી.

-- સરકારી તબીબોને ઈમરજન્સી ન્યુ બોર્ન કેરની ૩ માસની સર્ટીફીકેટ તાલીમ મેડીકલ કોલેજ વડોદરા-જામનગરમાં શરૂ કરવામાં આવી.

-- હોસ્પિટલો અને ફર્સ્ટ રેફરલ યુનિટમાં નવજાત શિશુ સારવાર સુવિધા ઉપલબ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

-- ૧થી ૫ વર્ષના બાળકોને સંપૂર્ણ રસીકરણ, વીટામીન-એ આપવાની કાર્યવાહી કરવામાં આવી.

-- મમતા અભિયાન અને સંકલિત બાળ વિકાસ યોજનાના આંગણવાડી બહેનોના સહયોગથી કુપોષણવાળા બાળકોનું નિદાન કરી યોગ્ય આહાર અને લોહતત્વ જેવા માઈક્રોન્યુટ્રીઅન્ટ આપવામાં આવ્યાં.

-- બાળરોગ નિષ્ણાત તબીબોને તાલીમમાં મોકલવાની કામગીરી કરવામાં આવી.

**તરૂણાવસ્થા માટે થયેલ કામગીરી**

-- તરૂણાવસ્થા માર્ગદર્શન કેન્દ્રો શરૂ કરવાની કાર્યવાહી કરવામાં આવી.

નિરોગી બાળવર્ષ અંતર્ગત જનજાગૃતિ માટે દરેક જીલ્લામાં પદાધિકારીશ્રીઓ, સ્વેચ્છિક સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ વગેરે માટે સંમેલનો કરવામાં આવેલ છે. તદઉપરાંત બાળ તંદુરસ્તી હરીફાઈ, રેલીઓ વગેરે દ્વારા પણ જનજાગૃતિ અભિયાન કરેલ છે.

(૨) આ કાર્યવાહી થકી મેળવાયેલ સિધ્ધિઓ શું છે ?

(૨) નિરોગી બાળ વર્ષ અન્વયે મેળવેલ સિધ્ધિઓનું પત્રક સામેલ છે.

**પત્રક**

**નિરોગી બાળવર્ષની ઉજવણી અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં મેળવાયેલ સિધ્ધિઓનું પત્રક**

| અ. નં. | સુચકાંક | રાજ્ય ધ્યેય | સિધ્ધિ |
|---|---|---|---|
| ૧ | કુલ પ્રસૂતિ પૈકી સંસ્થાકીય પ્રસૂતિ | ૯૫ % | ૨૦૭૨૫૬ (૮૫ %) |
| ૨ | નોંધાયેલ પ્રસુતાની લેવાયેલ ત્રણ મુલાકાત | ૭૫ % ૨૦૦૮-૦૯ની નોંધાયેલ માતાઓ પૈકી | ૧૩૭૨૩૯ (૬૭ %) |
| ૩ | કુલ જન્મ થયેલ બાળકો પૈકી ઓછા વજનવાળા નોંધાયેલા બાળકો | ૧૦ % જીવીત જન્મના | ૨૮૪૬૨ (૧૩.૩ %) |
| ૪ | જન્મ બાદ ૧ કલાકમાં સ્તનપાન અપાયેલ બાળકો | ૧૦૦ % | ૧૭૬૪૫૮ (૭૭.૪ %) |
| ૫ | સંપૂર્ણ રસીકરણ કરાયેલ બાળકો | ૧૦૦ % | ૨૨૦૮૫૧ (૬૮ %) |
| ૬ | સંપૂર્ણ રસીકરણ કરાયેલ બાલીકાઓ | ૧૦૦ % | ૧૦૪૪૧૭ (૭૦ %) |
| ૭ | વિટામીન-એ નો પ્રથમ ડોઝ અપાયેલ બાળકો | ૧૦૦ % | ૨૧૯૭૪૯ (૬૮ %) |
| ૮ | મમતા દિવસ કુલ વજન થયેલ બાળકો પૈકી ઓછા વજનવાળા બાળકો | ૫ % દર વર્ષે કુપોષણમાં ઘડાડો લાવવો. | ૧૯૬૧૬૯ (૨૧ %) |
| ૯ | આર્યન ફોલીક ટેબલેટ અપાયેલ ૫ વર્ષ નીચેના બાળકો | પાંચ વર્ષ નીચેના તમામ બાળકો આવરી લેવા | ૨૧૭૧૬૦ (૨૮ %) |
| ૧૦ | આર્યનફોલીક ટેબલેટ અપાયેલ તરૂણા અવસ્થાવાળી બાલીકાઓ | ૧૦૦ % તરૂણીઓ આવરી લેવી. | ૯૫૯૮૪૬ (૮૮ %) |
| ૧૧ | મમતા દિવસ આયોડીનયુક્ત મીઠું અપાયેલ સગર્ભા -ધાત્રી માતા | ૧૦૦ % સગર્ભા ધાત્રી માતા આવરી લેવી | કુલ સગર્ભા માતાના (૧૬ %) |
| ૧૨ | સ્ત્રી-પુરૂષ વ્યંધિકરણ થયેલ દંપતિ | વાર્ષિક કાર્યભાર ૩,૫૦, ૦૦૦ સાપેક્ષ કાર્યભાર ૯૮,૦૦૦ | ૬૫૧૪૧ (૬૭ % સાપેક્ષ કાર્યભાર આધારિત) |
| ૧૩ | લાયક દંપતિ પૈકી આઈ.યુ.ડી. મુકેલ દંપતિ | વાર્ષિક કાર્યભાર ૬,૧૧, ૯૫૦ સાપેક્ષ કાર્યભાર ૨,૫૭,૦૧૯ | ૧૯૫૫૬૮ (૭૬ % સાપેક્ષ કાર્યભાર આધારિત) |

---------

**પંચાયત વિભાગના દયનીય પરિસ્થિતિ ન હોવાને કારણે રહેમરાહે નોકરી ન મળવા અંગે**

૪૧૦૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે તા. ૩૦/૬/૨૦૦૮ ની સ્થિતિએ પંચાયત વિભાગના કેટલા રહેમરાહે આશ્રિતોને નોકરી દયનીય પરિસ્થિતિમાં નહી હોવાને કારણે આપવામાં આવી નથી,

(૨) દયનીય સ્થિતિમાં વાર્ષિક આવક અથવા માસિક આવક શું ગણવામાં આવે છે, અને

(૩) શું આ આવક મર્યાદા સરકારે દાખલ કરેલ છે અને કેટલી ?

**જવાબ**

(૧) ૧૫૨

(૨) કુટુંબની દયનીય સ્થિતિના મુલ્યાંક્ન માટે સ્વ. ના કુટુંબને મળતું માસિક કુટુંબ પેન્શન, ગ્રેજ્યુઈટી, જૂથ વીમો, રજાનું રોકડમાં રૂપાંતર, જી. પી. એફ. ખેતી, સ્થાવર /જંગમ મિલ્કતની આવક કુટુંબમાં અન્ય કમાતા સભ્યોની આવક તથા અન્ય આવક ધ્યાનમાં લેવામાં આવે છે.

(૩) કુટુંબની દયનીય સ્થિતિનું મૂલ્યાંક્ન કરવાનું રહે છે. કોઈ આવકમર્યાદા દાખલ કરવામાં આવેલ નથી.

---------

**ઈ- ગ્રામ વિશ્વગ્રામ યોજનામાં ગ્રામ પંચાયતોને જોડવા બાબત**

૪૬૧૫ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૮ ની

**જવાબ**

(૧) રાજ્યની કુલ ૧૨૩૮૭ ગ્રામ પંચાયતોને બ્રોડ

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં "ઈ" ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ કેટલી ગ્રામ પંચાયતોને જોડવામાં આવી છે, અને

બેન્ડ ઈન્ટરનેટ ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને હજુ જોડાણ આપવાના બાકી છે ?

(૨) બાકી રહેલ કુલ ૧૩૦૬ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈન્ટરનેટ ક્નેક્ટીવીટી જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**આદીવાસી યુવાનોને મારૂતિ ઉદ્યોગ લીમીટેડના સહયોગથી ડ્રાઈવીંગ તાલીમની રેસીડેન્સી સ્કૂલ**

૩૬૫૩ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર-પાવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિવાસી યુવાનોને ડ્રાઈવીંગ શીખવવા વડોદરા જિલ્લાના વાઘોડીયા ખાતે મારૂતી ઉદ્યોગ લીમીટેડના સહયોગથી રૂા. ૧૬ કરોડના માતબર ખર્ચે ડ્રાઈવીંગની તાલીમ આપવા રેસીડેન્સીયલ સ્કૂલ ક્યારે ચાલુ કરવામાં આવી

(૨) તે અન્વયે તા. ૩૧/૭/૨૦૦૮ સુધીમાં કેટલા આદિવાસી યુવકોને તેની તાલીમ આપવામાં આવી, અને

(૩) સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના વાઘોડીયા ખાતે ડ્રાઈવીંગની તાલીમ આપવા રેસીડેન્સીયલ સ્કૂલ શરૂ કરવાની કાર્યવાહી ચાલું છે.

(૨) ૩૯ યુવકોને વડોદરા ખાતે હંગામી વ્યવસ્થા કરીને તાલીમ આપવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮માં આ ડ્રાઈવીંગ રેસીડેન્સીયલ સ્કુલ/તાલીમ સંસ્થા માટે રૂા. ૪.૧૦ કરોડ ખાસ કેન્દ્રિય સહાય તથા રાજ્ય સરકાર તરફથી રૂા.૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. તે પેકી તા.૩૧-૭-૨૦૦૮ સુધીમાં રૂા.૬.૮૮ લાખ ખર્ચ થયેલ છે.

--------

**દાહોદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૪૦૫૧ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત અર્ધ શિક્ષિત બેરોજગારીની કેટલી સંખ્યા નોંધાયેલ છે, અને

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| ઝાલોદ | ૬૪૬૭ | ૨૫૨ | ૬૭૧૯ |
| દાહોદ | ૫૩૯૯ | ૧૭૪ | ૫૫૭૩ |
| ફતેપુરા | ૨૫૧૦ | ૪૭ | ૨૫૫૭ |
| ગરબાડા | ૧૮૪૧ | ૪૬ | ૧૮૮૭ |
| દેવગઢબારીયા | ૨૧૭૩ | ૧૪૮ | ૨૩૨૧ |
| ધાનપુર | ૧૧૬૩ | ૯૩ | ૧૨૫૬ |
| લીમખેડા | ૩૧૮૩ | ૯૩ | ૩૨૭૬ |
| કુલ | ૨૨૭૩૬ | ૮૫૩ | ૨૩૫૮૯ |

(૨)

| તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| ઝાલોદ | ૧૪૦૪ | ૧૦૫ | ૧૫૦૯ |
| દાહોદ | ૧૨૪૧ | ૭૫ | ૧૩૧૬ |
| ફતેપુરા | ૧૧૧૬ | ૨૨ | ૧૧૩૮ |
| ગરબાડા | ૧૧૫૪ | ૧૯ | ૧૧૭૩ |

| | | | |
|---|---|---|---|
| ગરબાડા | ૧૧૫૪ | ૧૯ | ૧૧૭૩ |
| દેવગઢબારીયા | ૮૨૭ | ૬૩ | ૮૯૦ |
| ધાનપુર | ૪૭૯ | ૩૩ | ૫૧૨ |
| લીમખેડા | ૭૯૪ | ૩૬ | ૮૩૦ |
| કુલ | ૭૦૧૫ | ૩૫૩ | ૭૩૬૮ |

---------

**નસવાડી તાલુકાને ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

૩૬૭૪ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાને તા.૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ ગ્રાન્ટ પેકી કેટલી ગ્રાન્ટ ઉક્ત સ્થિતિએ વણવપરાયેલી પડી રહી છે ?

**જવાબ**

(૧) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તાલુકા/જીલ્લાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ દરેક વિભાગોને સદરવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. તદઅનુસાર આદિજાતિ વિકાસ વિભાગને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પેકી વડોદરા જીલ્લાના નસવાડી તાલુકાને તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા.૪૨૫.૮૦ લાખ, વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા.૫૯૩.૨૩ લાખ, અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૧૫૦.૦૭ લાખ સપ્ટેમ્બર-૦૮ અંતિત ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) કોઈ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ નથી.

---------

**રાજકોટ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે થયેલ કામ**

૩૯૨૮ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર )** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૦/૬/૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ફાળવેલ લક્ષાંક સામે વાંકાનેર, માળીયા અને મોરબી તાલુકામાં કેટલું કામ અધૂરું છે, અને

(૩) આ યોજના અંતર્ગત સન ૨૦૦૮-૦૯ ના

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ અન્વયે તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૩,૭૭૦/- હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) રાજકોટ જિલ્લાના તાલુકાઓમાં ફાળવેલ લક્ષ્યાંકો સામે નીચેની વિગતે વાંકાનેર, માળીયા-મીયાણા અને મોરબી તાલુકામાં કામો અધૂરા છે.

(હાલ ચાલુ છે.)

| અ. નં. | તાલુકાનું નામ | ૫ વર્ષનો કુલ લક્ષ્યાંક (હેકટર) | તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ અધુરૂ કામ (હેકટર) |
|---|---|---|---|
| ૧ | વાંકાનેર | ૧૮૫૦૦ | ૯૦૧૬ |
| ૨ | મળીયા | ૧૪૫૦૦ | ૧૧૫૩૬ |
| ૩ | મોરબી | ૨૨૦૦૦ | ૧૬૨૮૨ |
| | કુલ : | ૫૫૦૦૦ | ૩૬૮૩૪ |

(૩) આ યોજના અંતર્ગત સને ૨૦૦૮-૦૯ના

નાણાકીય વર્ષમાં કેટલો ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

નાણાકીય વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | સને ૨૦૦૮-૦૯ની ખર્ચની જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | વાંકાનેર | ૧૩૫.૦૦ |
| ૨ | માળીયા | ૯૦.૦૦ |
| ૩ | મોરબી | ૧૬૮.૦૦ |
| | **કુલ :** | **૩૯૩.૦૦** |

**રાજકોટ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા**

૩૮૪૦ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લા રોજગાર કચેરીમાં રાજકોટ શહેર અને તાલુકા વાઈઝ કેટલા બેરોજગારો નોંધાયેલા છે ?

**જવાબ**

| ક્રમ | શહેર/તાલુકાનું નામ | તા. ૩૧-૮-૦૮ સ્થિતિ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ શહેર | ૨૧૦૩૪ |
| ૨ | રાજકોટ તાલુકો | ૯૪૦ |
| ૩ | ગોંડલ | ૩૬૧૯ |
| ૪ | લોધિકા | ૩૪૨ |
| ૫ | કોટડા સાંગાણી | ૬૧૮ |
| ૬ | જસદણ | ૨૩૮૨ |
| ૭ | જેતપુર | ૨૨૩૩ |
| ૮ | જામકંડોરણા | ૭૬૫ |
| ૯ | ધોરાજી | ૨૨૭૧ |
| ૧૦ | ઉપલેટા | ૨૪૧૯ |
| ૧૧ | વાંકાનેર | ૧૫૫૧ |
| ૧૨ | ટંકારા | ૯૫૪ |
| ૧૩ | મોરબી | ૩૪૪૩ |
| ૧૪ | માળિયા મિયાંણા | ૬૬૧ |
| ૧૫ | પડધરી | ૬૯૭ |
| | કુલ | ૪૩૯૨૯ |

**સુરત અને તાપી જિલ્લામાં પેરા મેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ**

૪૬૧૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લાઓમાં આરોગ્ય ખાતાની વિવિધ કચેરીઓમાં પેરા-મેડિકલ સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ તમામ સંવર્ગની જગ્યાઓ ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લાઓમાં આરોગ્ય ખાતાની વિવિધ કચેરીઓમાં પેરા-મેડિકલ સંવર્ગની ૨૮૫ જગ્યાઓ ખાલી છે,

(૨) આ તમામ જગ્યાઓ ભરવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને જરૂરી માંગણીપત્રક મોકલેલ છે. પંચાયત સેવા હેઠળની જગ્યા ભરવા માટે પંચાયત સેવા પસંદગી મંડળને જરૂરી માંગણીપત્રક મોકલેલ છે.

(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા પંચાયતસેવા પસંદગી મંડળ સુરત ધ્વારા ઉમેદવારોની ભલામણ થયેથી જગ્યા ભરવામાં આવશે.

**ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાનો**

૪૨૩૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસો હેઠળ તાલુકાવાર

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસો હેઠળ તાલુકાવાર કુલ

કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

૮૦૮૧ મકાનો મંજૂર કરવામાં આવ્યા,
(સામેલ પત્રક-૧ના કોલમ નં.૬ મુજબ)

(૨) કેટલા આવાસો તે પૈકી પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ૫૧૭૬ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા.
(સામેલ પત્રક-૧ના કોલમ નં.૧૦ મુજબ)

(૩) લક્ષ્યાંકો પૂર્ણ કરવા સમયબધ્ધ ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું ?

(૩) લક્ષ્યાંકો પૂર્ણ કરવા તાલુકવાર લક્ષ્યાંકોની ફાળવણી કરી, ઈન્દિરા આવાસની કાયમી પ્રતિક્ષાયાદીમાંથી લાભાર્થીને આવાસ મંજુર કરી ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં લક્ષ્યાંકો પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

**પત્રક-૧**

**ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસમાં મંજૂર કરેલ આવાસ તથા પૂર્ણ આવાસોની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર આવાસ | | | | પુર્ણ આવાસ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૦૬-૦૭ | વર્ષ ૦૭-૦૮ | વર્ષ ૦૮-૦૯ (તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ) | કુલ | વર્ષ ૦૬-૦૭ | વર્ષ ૦૭-૦૮ | વર્ષ ૦૮-૦૯ (તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ) | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | જંબુસર | ૩૪૨ | ૨૭૫ | ૨૯૦ | ૯૦૭ | ૩૪૨ | ૨૭૫ | ૯ | ૬૨૬ |
| ૨ | આમોદ | ૨૧૨ | ૨૩૧ | ૨૬૨ | ૭૦૫ | ૨૧૨ | ૨૨૧ | ૦ | ૪૩૩ |
| ૩ | વાગરા | ૨૩૮ | ૨૫૯ | ૧૭૦ | ૬૬૭ | ૨૩૮ | ૨૫૯ | ૬ | ૫૦૩ |
| ૪ | ભરૂચ | ૨૩૯ | ૩૦૯ | ૩૬૨ | ૯૧૦ | ૨૩૯ | ૩૦૯ | ૨ | ૫૫૦ |
| ૫ | અંકલેશ્વર | ૧૬૪ | ૨૨૨ | ૨૭૮ | ૬૬૪ | ૧૬૪ | ૨૨૨ | ૫૫ | ૪૪૧ |
| ૬ | હાંસોટ | ૧૩૧ | ૧૮૫ | ૧૧૮ | ૪૩૪ | ૧૩૧ | ૧૮૫ | ૧ | ૩૧૭ |
| ૭ | વાલીયા | ૪૬૨ | ૭૧૩ | ૬૩૪ | ૧૮૦૯ | ૪૬૨ | ૭૦૮ | ૦ | ૧૧૭૦ |
| ૮ | ઝઘડીયા | ૪૭૬ | ૬૮૪ | ૮૨૫ | ૧૯૮૫ | ૪૭૬ | ૬૬૦ | ૦ | ૧૧૩૬ |
| | કુલ | ૨૨૬૪ | ૨૮૭૮ | ૨૯૩૯ | ૮૦૮૧ | ૨૨૬૪ | ૨૮૩૯ | ૭૩ | ૫૧૭૬ |

---------

**જામનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની ફાળવણી**

૪૦૯૨**શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ-વાનો ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ૧૦ તાલુકાઓમાં કુલ - ૧૩ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવેલ છે. જેમાં જામનગર તાલુકામાં-૩ ઓખા તાલુકામાં-૨ તથા બાકીના તાલુકામાં એક એક એમ્બ્યુલન્સ ફાળવવામાં આવેલ છે.

(૨) જો પૂરતી ફાળવણી ન થઈ હોય તો કેટલા સમયમાં પૂરતી ફાળવણી કરવાનું આયોજન છે ?

(૨) સમગ્ર જિલ્લામાં સેવા પુરી પાડવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં સ્થાનિક લોકોને રોજગારી આપવા અંગે**

૩૯૫૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એકમોમાં કેટલા વ્યક્તિઓને તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવી,

**જવાબ**

(૧) જૂન-૨૦૦૬ ના અંતે ૫૮,૧૩૩
જૂન-૨૦૦૭ ના અંતે ૫૬,૫૨૧
જૂન-૨૦૦૮ ના અંતે ૫૭,૪૦૬

(૨) ક્યા ક્યા ઓદ્યોગિક એકમોએ સ્થાનિક લોકોને રોજગારી આપવાની સરકારની નીતિનો ભંગ કરેલ છે,

(૨) જૂન-૨૦૦૬ અંતિત નીતિનો ભંગ કરતાં
**(અ) ખાનગીક્ષેત્રના એકમો :**
(૧) સોલસન્સ એકઝીમ, મુ. ચાંગોદર, તા. સાણંદ

(૨) મોર્ડન ડેનીમ, યુનીટ-૨, પીલુપુરા બસસ્ટેન્ડ સામે, તા. સાણંદ
(૩) એરકન્ટ્રોલ એન્ડ કેમીકલ્સ એન્જીનીયરીંગ કુ. લી., મુ. બારેજડી, તા. દસક્રોઈ
(૪) શર્મા એન્ડ કુ., નરોડા, અમદાવાદ
(૫) અનાર કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ, વટવા, અમદાવાદ

**(બ) કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો :**

(૬) રાષ્ટ્રિય કેમીકલ એન્ડ ફર્ટી. લિ., ખાનપુર, અમદાવાદ
(૭) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લી., સાબરમતી, અમદાવાદ
(૮) મીનરલ્સ એન્ડ મેટલ ટ્રેડીંગ કોર્પોરેશન લી, આશ્રમરોડ, અમદાવાદ
(૯) ધી સ્ટેટ ટ્રેડીંગ કોર્પો. ઓફ ઈન્ડિયા લી., આશ્રમરોડ, અમદાવાદ
(૧૦) નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડ, જમાલપુર, અમદાવાદ
(૧૧) સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, પાલડી, અમદાવાદ
(૧૨) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, અમદાવાદ
(૧૩) કોલ ઈન્ડિયા લી., આશ્રમ રોડ, અમદાવાદ
(૧૪) નેશનલ સીડસ કોર્પોરેશન ઈન્ડિયા લી., અમદાવાદ

**(ક) રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો :**

-- શૂન્ય --

**જૂન-૨૦૦૭ અંતિત નીતિનો ભંગ કરતાં**

**(અ) ખાનગીક્ષેત્રના એકમો :**

(૧) રીયલ સ્ટ્રીપ્સ લી., મુ. સરી, તા. સાણંદ
(૨) એરકન્ટ્રોલ એન્ડ કેમીકલ્સ એન્જીનીયરીંગ કુ. લી., મુ. બારેજડી, તા. દસક્રોઈ

**(બ) કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો :**

(૩) રાષ્ટ્રિય કેમીકલ એન્ડ ફર્ટી. લિ., ખાનપુર, અમદાવાદ
(૪) મીનરલ્સ એન્ડ મેટલ ટ્રેડીંગ કોર્પોરેશન લી, આશ્રમરોડ, અમદાવાદ
(૫) ધી સ્ટેટ ટ્રેડીંગ કોર્પો. ઓફ ઈન્ડિયા લી., આશ્રમરોડ, અમદાવાદ
(૬) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, અમદાવાદ
(૭) સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, પાલડી, અમદાવાદ
(૮) ધી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી., આશ્રમરોડ, અમદાવાદ
(૯) કોલ ઈન્ડિયા લી., આશ્રમ રોડ, અમદાવાદ

**(ક) રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો :**

-- શૂન્ય --

**જૂન-૨૦૦૮ અંતિત નીતિનો ભંગ કરતાં**

**(અ) ખાનગીક્ષેત્રના એકમો :**

(૧) બ્લુ બેન્ડસ (ઈન્ડિયા) લી., પીપળજ ગામ પાસે, અમદાવાદ
(૨) યુનીમાર્ક રેમેડીઝ કુ.લી. નળસરોવર રોડ,

કેરાળા, તા, બાવળા
(૩) બજાજ હર્બલ પ્રા. લી. મુ. ચાંગોદર, તા.સાણંદ
(૪) કન્હાઈ ફૂડઝ પ્રા. લી., મુ. ચાંગોદર, તા.સાણંદ
**(બ) કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો :**
(૫) રાષ્ટ્રિય કેમીકલ એન્ડ ફર્ટી. લિ., ખાનપુર, અમદાવાદ
(૬) મીનરલ એન્ડ મેટલ ટ્રેડીંગ કોર્પોરેશન લી, આશ્રમરોડ, અમદાવાદ
(૭) ધી સ્ટેટ ટ્રેડીંગ કોર્પો. ઓફ ઈન્ડિયા લી., આશ્રમરોડ, અમદાવાદ
(૮) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, અમદાવાદ
(૯) સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, પાલડી, અમદાવાદ
(૧૦) ધી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી., આશ્રમરોડ, અમદાવાદ
**(ક) રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો :**
-- શૂન્ય --

(૩) આવા એકમો સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે, અને

(૩) (૧) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી પ્રોત્સાહીત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.
(૨) બિન પ્રોત્સાહિત એકમો સામે પગલા લેવાની ઠરાવમાં કોઈ જોગવાઈ નથી.
(૩) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમીક્ષા કરવામાં આવે છે.

(૪) આ નિતિનો સંપૂર્ણ અમલ કરવા સરકારનું શું આયોજન છે ?

(૪) રાજ્યના સ્થાનિક બેરોજગાર યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે સરકારશ્રીએ તા. ૩૧-૩-૯૫ના ઠરાવથી જાહેર સાહસો અને સંયુક્ત ક્ષેત્રિય તેમજ મોટાં ઉદ્યોગોમાં ૮૫ ટકા જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોથી ભરવા અંગેની નીતિ અમલમાં મૂકેલ છે. આ નીતિનું પાલન થાય તથા સ્થાનિકોની રોજગારીનું પ્રમાણ જળવાય તે માટે રાજ્યમાં આવેલ તમામ ઉત્પાદનલક્ષી એકમો પાસેથી જૂન અને ડીસેમ્બર અંતિત જે તે એકમોની રોજગારી તથા તે પેકી સ્થાનિક રોજગારીની માહિતી મેળવવામાં આવે છે.

## રાજ્યમાં રાંધણ ગેસના બાટલાઓનો ગેરકાયદેસર ઉપયોગ

૩૬૨૫ **શ્રી રામસિંહ પ્ર.પરમાર(ઠાસરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં રાંધણગેસના સબસીડીયુક્ત બાટલાઓનો ગેરકાયદેસર ઉપયોગ કરતા ઈસમોની સામે જિલ્લાવાર ધરપકડ કરી પગલાં લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં રાંધણગેસના સબસીડીયુક્ત બાટલાઓની ગેરકાયદેસર ઉપયોગ કરતા નીચે મુજબના ઈસમોની જિલ્લાવાર ધરપકડ કરી પગલાં લેવામાં આવ્યા,

| અ.નં. | જિલ્લાનું નામ | ધરપકડ કરી પગલાં લેવામાં આવેલ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૫ |
| ૨ | અમદાવાદ જીલ્લો | ૧ |

| | | |
|---|---|---|
| ૨ | અમદાવાદ જીલ્લો | ૧ |
| ૩ | અમરેલી | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૫ |
| ૫ | ભરૂચ | ૧ |
| ૬ | ગાંધીનગર | ૧ |
| ૭ | જામનગર | ૪ |
| ૮ | જુનાગઢ | ૮ |
| ૯ | ખેડા | ૪ |
| ૧૦ | પંચમહાલ | ૧ |
| ૧૧ | પાટણ | ૪ |
| ૧૨ | રાજકોટ | ૧ |
| ૧૩ | સાબરકાંઠા | ૩ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૨ |
| | **કુલ..** | **૪૩** |

(૨) આવા રાંધણ ગેસના બાટલાઓ ડીલીવરી મેન તથા ગેસ એજન્સીઓ દ્વારા ઉંચા ભાવે કાળા બજારમાં વેચી દેવાય છે તે સામે સરકારે શાં પગલાં લીધા અને કઈ કઈ ગેસ એજન્સીઓની માન્યતા રદ કરી ?

(૨) રાંધણગેસના સબસીડી યુક્ત બાટલાઓ ડીલીવરી મેન તથા ગેસ એજન્સીઓ દ્વારા ઉંચા ભાવે કાળા બજારમાં વેચી દેવાય છે તે સામે સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

-૧૪૯ ગેસ એજન્સીની તપાસમાં જણાયેલ ગેરરીતિઓ બદલ રૂા. ૫૦,૮૨,૭૪૧/-ની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો અને રૂા. ૩,૯૦,૯૨૬/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, રૂા. ૧,૧૭,૧૭૫/-ની અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી, ૫ (પાંચ) પરવાના મોકુફ રાખ્યા, ૨ (બે) પરવાના રદ કર્યા.

-૮ ગેસ એજન્સીના સંચાલક તેમજ ૨ (બે) ડીલીવરીમેન સામે પોલીસ ફરીયાદ દાખલ કરી.

-૧ (એક) ગેસ એજન્સીના પરવાનેદારની પી.બી.એમ. એકટ હેઠળ અટકાયત કરવામાં આવી.

-નીચે મુજબની ગેસ એજન્સીઓની માન્યતા રદ કરી.

(૧) શ્રીજી ગેસ એજન્સી, ભાવનગર

(૨) રોહિત ગેસ એજન્સી, ખેડા

---------

## મેઘરજ તાલુકામાં વનબંધુ યોજના હેઠળ પાણી, આરોગ્ય અને રસ્તાઓ

૪૩૨૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારશ્રીની વન બંધુ યોજનાઓ પૈકી પાણી, આરોગ્ય અને રસ્તાઓ બનાવવાની સુવિધાઓ આપવાની સરકારની યોજના પૈકી તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ મેઘરજ તાલુકામાં કેટલા ગામોને આ યોજના પૈકી સુવિધાઓ મળેલ છે,

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના એ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ એક નવું પેકેજ છે અને આ પેકેજ હેઠળ કામગીરી કરવા માટે દરેક વિભાગોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તાલુકાવાર/જીલ્લાવાર ફંડ ફાળવવામાં આવતું નથી. પરંતુ સદરવાર ફંડ ફાળવવામાં આવે છે. તે મુજબ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની યોજનાઓ પૈકી ૭૨ ગામોને સુવિધાઓ મળેલ છે.

(૨) આ સુવિધાઓમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે,

(૨) ૨૩૧ કામો

(૩) કેટલા અને ક્યા ક્યા કામો પડતર છે,

(૩) રસ્તા-૭૬, આરોગ્ય-૭, પાણી-૩૦ આમ કુલ ૧૧૩ કામો પ્રગતિ હેઠળ છે.

(૪) આ પડતર કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે,

(૪) સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

(૫) ભવિષ્યમાં આ યોજનાના લક્ષ્યાંકો શું છે, અને

(૫) ભવિષ્યમાં મેઘરજ તાલુકાના રસ્તા, આરોગ્ય, પાણી સુવિધાથી વંચિત તમામ ગામોને સુવિધાઓ આપવાના લક્ષ્યાંક છે.

(૬) લક્ષ્યાંકો પૂર્ણ કરવાની સમય મર્યાદાઓ શું છે ?

(૬) ચાલુ પંચવર્ષિય યોજનાના અંત સુધીમાં આ લાભ આપવાનો લક્ષ્યાંક છે.

---------

**કચ્છ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ થયેલ પ્રોજેક્ટ**

૪૦૮૬ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં તા. ૩૦મી જૂન ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વોટરશેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

કચ્છ જિલ્લામાં તા. ૩૦મી જૂન ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ ડીડીપી હરિયાળી બેચ-૧૨ અંતર્ગત ૯૧ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવિન આઈ.ટી.આઈ. શરૂ કરવા અંગે**

૩૮૭૬ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૮-૦૯ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી નવિન આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

૦૨ નવિન આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન છે

(૨) ક્યા ક્યા તાલુકામાં ?

(૨) (૧) વાવ (૨) વડગામ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન છે.

---------

**પંચમહાલ જિલ્લામાં વનબંધુ યોજનાના લાભ**

૩૭૬૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ વનબંધુ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર શું લાભો મળેલ છે, અને

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજનાએ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ એક નવું પેકેજ છે. અને આ પેકેજ હેઠળ કામગીરી કરવા માટે દરેક વિભાગને તાલુકાવાર/જીલ્લાવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ સદરવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. તદ્દઅનુસાર આદિજાતિ વિકાસ વિભાગને ફાળવેલ ગ્રાન્ટ પેકી પંચમહાલ જીલ્લામાં કુલ નવ તાલુકાઓમાં રૂા. ૯૦૩.૨૭ લાખના ૬૧૩ કામોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. તાલુકાવાર પત્રક સામેલ છે. આ રકમથી આ તાલુકાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ, રોજગારીની વધારે સગવડો, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ અને અન્ય આનુસાંગિક કામગીરી કરવામાં

આવી છે.

(૨) આ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં સરકારે આગામી શું આયોજન કરવા વિચારેલ છે ?

(૨) આ યોજના હેઠળ પંચમહાલ જીલ્લામાં અંદાજીત રકમ રૂા. ૧૯૧૦.૦૪ લાખના ૧૧૨૪ કામોનું આયોજન કરેલ છે.

---------

**ચિરંજીવી યોજના હેઠળ પ્રસૂતિની ટકાવારી**

૩૭૦૧ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચિરંજીવી યોજના શરૂ થયા બાદ રાજ્યમાં સંસ્થાકીય પ્રસૂતિઓની ટકાવારી ઉપર તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું અસર પડી છે, અને

**જવાબ**

(૧) ચિરંજીવી યોજના શરુ થયા બાદ રાજ્યની સંસ્થાકીય પ્રસૂતિની ટકાવારીમાં ઉત્તરોતર વધારો થયેલ છે. છેલ્લા ત્રણ વર્ષની વિગતો આ પ્રમાણે છે.

| અ.નં. | વર્ષ | સંસ્થાકીય પ્રસૂતિની ટકાવારી |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૬૭.૬૨ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૭૭.૮૩ |
| ૩ | ૨૦૦૮-૦૯ (જુલાઈ-૦૮ અંતિત) | ૮૪.૯૮ |

(૨) રાજ્ય સરકારના સંસ્થાકીય પ્રસૂતિ બાબતમાં શું લક્ષ્યાંક છે ?

(૨) રાજ્ય સરકારના વર્ષ ૨૦૦૮-૦૯ના સ્માર્ટ ગોલ મુજબ સંસ્થાકીય પ્રસૂતિના લક્ષ્યાંક્ની ટકાવારી ૭૮% થી ૯૫% સુધી લઈ જવાનો નિર્ધાર કરેલ છે. અને વર્ષ ૨૦૧૦ સુધીમાં સંસ્થાકીય પ્રસૂતિ ૧૦૦% સુધી લઈ જવાનો ધ્યેય છે.

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા તથા તરણેતરના મંદિરનો યાત્રાધામ તરીકે વિકાસ**

૪૨૨૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ચોટીલા ખાતે શ્રી ચામુંડા માતાજીનું તેમજ તરણેતર ખાતે પ્રસિધ્ધ શંકર ભગવાનનું એમ બે પ્રસિધ્ધ દેવસ્થાનો આવેલા છે, આ બે દેવસ્થાનોના વિકાસ માટે આધુનિક સાધનોના ઉપયોગ સાથે વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી રકમ ફાળવવામાં આવી છે,

(૨) આ યાત્રાધામોના વિકાસ માટે કેવા પ્રકારની યાત્રાળુઓને સુવિધા સાથેનું આયોજન કરવામાં આવ્યું છે,

**જવાબ**

(૧) અને (૨) ચોટીલા ખાતે ચામુંડા માતા મંદિર દેવસ્થાન ખાતે રૂા. ૧૦૦ લાખના ખર્ચે પેવર બ્લોક, વીજળીકરણ, ટ્રી પ્લાન્ટેશન, ડ્રેનેજ, રોડ કેનાલ, એરીયા બ્યુટીફીકેશન, ગાર્ડનના કામકાજો માટેનું આયોજન છે, આ ઉપરાંત ૫૯ મા વન મહોત્સવ વખતે ચોટીલા ચામુંડામાતા દેવસ્થાન ખાતે ભક્તિવન વિક્સાવવા રૂા. ૫૦ લાખના ખર્ચે વોટર ટેન્ક, પીવાના પાણી અને શોચાલય વ્યવસ્થા, સ્ટોન પેવીંગ કામ, લેન્ડ સ્કેપીંગ, બોર, પાણીની પાઈપ લાઈન અને ઈલેકટ્રીક મોટર સહિત વીજળીકરણના કામકાજોનું આયોજન કરવામાં આવ્યું છે.

જ્યારે તરણેતર ખાતે પ્રસિધ્ધ શંકર ભગવાનના દેવસ્થાન માટે જરૂરી નાણાકીય સહાય મેળવવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી છે, જે મંજુર થયા બાદ કેવા પ્રકારનું આયોજન કરવું તે નક્કી કરવામાં આવશે.

(૩) ચોટીલાના ડુંગર પર રોપ-વે શરૂ કરવાની વિચારણામાં છે કે કેમ, અને

(૩) ના, જી.

(૪) જો હા, તો કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવનાર છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દ્વારકા યાત્રાધામની સલવતો સુધારવા કાર્યવાહી**

૩૭૧૭ **શ્રી પબુભા માણેક(ધ્વારકા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં દ્વારકા યાત્રાધામનો વિકાસ કરવા હયાત સવલતો સુધારવા તેમજ નવી યાત્રાધામની પ્રવાસને લગતી સવલતો ઉભી કરવા શી કાર્યવાહી થઇ છે,

(૨) આ કાર્યવાહી અંતર્ગત તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કઇ કામગીરીની મંજૂરી અપાઇ છે, અને

(૩) આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) આ માહિતિ પત્રક-૧માં દર્શાવી છે.

**પત્રક-૧**

**(અ) દ્વારકા ખાતે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ૫૦ ટકાના સહયોગથી રૂા. ૭.૫૦ કરોડના નીચેના વિકાસ કાર્યોનું આયોજન કરવામાં આવેલ છે. આ કામગીરી જેમ બને તેમ જલ્દીથી શરૂ કરવામાં આવશે.**

| | | |
|---|---|---|
| ૧. | ટેમ્પલ સ્કેવર વિકાસ યોજનારૂા. ૧.૪૫ કરોડ | |
| ૨. | સુદામા સેતુ | રૂા. ૧.૬૯ કરોડ |
| ૩. | પંચકુઈ વિકાસ યોજના | રૂા. ૪.૩૬ કરોડ |

(બ) **આ ઉપરાંત રાજ્યમાં સને ૨૦૦૮-૦૯માં તા. ૩૧/૭/૦૮ની સ્થિતિએ દ્વારકા યાત્રાધામ ખાતે પ્રવાસન નિગમ વિભાગ દ્વારા કુલ ૩૧૨૨ લાખના વિકાસ કાર્યો ભારત સરકારમાં રજુ કરેલ હતા. જે પેકી રૂા. ૭૯૮.૯૦ લાખના નીચેના વિકાસ કાર્યો મંજુર કરવામાં આવ્યા. આ કામગીરી જેમ બને તેમ જલ્દીથી શરૂ કરવામાં આવશે.**

**દ્વારકા ખાતે :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પરિક્મા પથ | - | રૂા. | ૫૦.૦૦ લાખ |
| ૨. | રેવલા તળાવ ખાતે પ્રવાસી સ્વાગતકક્ષ | - | રૂા. | ૧૦૦.૦૦ લાખ |
| ૩. | મંદિર ચોક અને બાલભદ્રસ્ટ્રીટ | - | રૂા. | ૧૧.૦૧ લાખ |
| ૪. | સનસેટ પોઈન્ટ અને ભદ્રેશ્વર મંદિર | - | રૂા. | ૨૪.૬૩ લાખ |
| ૫. | ગોમતીઘાટ સુધારણા | - | રૂા. | ૨૨.૫૦ લાખ |
| ૬. | તહેવારો માટે | - | રૂા. | ૨૦.૦૦ લાખ |
| ૭. | બીચ વિકાસ સમુદ્રનારાયણ મંદિર ફેઝ-૧- | - | રૂા. | ૧૭૦.૧૩ લાખ |
| | ફેઝ-૨ | - | રૂા. | ૪૨.૬૭ લાખ |

**નાગેશ્વર ખાતે :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પોન્ડ વિકાસ અને મંદિર પરિસર | - | રૂા. | ૩૮.૯૫ લાખ |
| ૨. | પ્રવાસીપથ | - | રૂા. | ૩૨.૭૨ લાખ |
| ૩. | ગ્રામ હાટ વિકાસ | - | રૂા. | ૬૪.૩૯ લાખ |

**સમરાસર (ગોપી) ખાતે :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પોન્ડ વિકાસ અને વોક વે | - | રૂા. | ૨૪.૪૫ લાખ |
| ૨. | ગામ પરિસર વિકાસ | - | રૂા. | ૨૨.૪૧ લાખ |

**ઓખા મઢી ખાતે :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | વીક એન્ડ ડેસ્ટીનેશન | - | રૂા. | ૨૦.૮૦ લાખ |

**શીવરાજપુર ખાતે :-**

| | | | |
|---|---|---|---|
| ૧. | કેમ્પીંગ સાઈટ વિકાસ | - રૂા. | ૧૫.૬૦ લાખ |

**પોસીત્રા ખાતે :-**

| | | | |
|---|---|---|---|
| ૧. | કેમ્પીંગ સાઈટ ખાતે ઈકો પ્રવાસન વિકાસ | - રૂા. | ૨૭.૪૩ લાખ |

**ચારખલા ખાતે :-**

| | | | |
|---|---|---|---|
| ૧. | સાઈનેજ મુખ્ય રસ્તો | - રૂા. | ૫.૬૦ લાખ |

**બેટ દ્વારકા ખાતે :-**

| | | | |
|---|---|---|---|
| ૧. | બીચ વિકાસ અને પદ્મેશ્વર મહાદેવ મંદિર | - રૂા. | ૪૩.૦૦ લાખ |
| ૨. | રણછોડ તળાવ ખાતે ઉજવણી હેતુસભર | - રૂા. | ૪૦.૧૦ લાખ |
| ૩. | પ્રવેશદ્વાર | - રૂા. | ૨૨.૫૦ લાખ |

---------

**પ્રવાસન ક્ષેત્રે કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ**

૩૬૯૧ **શ્રી રમણભાઈ પાટકર(ઉમરગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં ક્યા ક્યા પ્રોજેક્ટ કઇ કઇ પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યા છે, અને

(૨) આ એવોર્ડ કોના દ્વારા અપાયા તેમજ કઇ તારીખે અને કોના હાથે અપાયા છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં પ્રવાસન ક્ષેત્રે નીચે મુજબના એવોર્ડ મેળવેલ છે.

૧. બેસ્ટ ટુરીઝમ ફીલ્મ પોર ""ધોળાવીરા"" એ ફ્યુચરીક મેટ્રોપોલીસ ઓફ ધી પાસ્ટ એવોર્ડ
૨. ટુ ડેઝ ટ્રાવેલ મેગેઝીન, બેસ્ટ સ્ટેટ પ્રમોટીંગ ફેર્સ એન્ડ ફેસ્ટીવલ એવોર્ડ
૩. સાટે ૨૦૦૭-મોસ્ટ એથનીક ટુરિઝમ પેવેલીયન.

(૨) ઉપરોક્ત એવોર્ડ અનુક્રમે નીચેની તારીખે નીચેના મહાનુભાવોના હાથે મળેલ છે.

૧. તા. ૨૭-૨-૦૮ શ્રીમતિ અંબીકા સોની, માન. મંત્રી શ્રી (પ્રવાસન અને સાંસ્કૃતિક, ભારત સરકાર)
૨. તા. ૨૭-૮-૦૮ શ્રીમતિ અંબીકા સોની, માન. મંત્રીશ્રી (પ્રવાસન અને સાંસ્કૃતિક, ભારત સરકાર)
૩. તા. ૨૨-૪-૦૭ શ્રી એસ. કે. મિશ્રા, ચેરમેન, ઈન્ટેક.

---------

**હડફ કબુતરી અને પાનમ ડેમના અસરગ્રસ્તોને જંગલની જમીનની ફાળવણી**

૪૩૪૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હડફ-કબુતરી અને પાનમડેમના અસર-ગ્રસ્તોને છેલ્લા ૨૫ વર્ષથી જંગલની જમીનો ફાળવેલ હોવા છતાં તા. ૩૧-૮-૦૮ સુધીમાં અસરગ્રસ્તોને જમીનો તબદીલ ન કરવાના કારણો શા છે, અને

(૨) આ અન્વયે સરકાર તાકીદે શાં પગલાં ભરવા

**જવાબ**

(૧) અસરગ્રસ્તોને ફાળવેલ જંગલની જમીન નિયમીત ફરી આપવા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અંતર્ગત દરખાસ્ત ભારત સરકારને રજૂ કરવામાં આવેલ તે ભારત સરકારના તા. ૪-૫-૮૨, તા.૫-૫-૮૨, તા.૨૧-૫-૮૨ અને તા.૧૪-૬-૮૨ના પત્રોથી નકારવામાં આવી છે.

(૨) ભારત સરકારને સશક્ત અને સબળ કારણો

માંગે છે ?

સહિતની અસરકારક રજૂઆત સાથે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ પુનઃવિગતવાર દરખાસ્ત રજૂ કરવા સિંચાઈ વિભાગને જણાવવામાં આવેલ છે.

---------

**અંબાજી મંદિરની આવક**

૪૧૯૦ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ની અંબાજી મંદિરમાં કેટલી આવક થઇ,

(૨) મંદિર માટે ખરીદવામાં આવતી ચીજવસ્તુઓ ભાવપત્રકથી ખરીદવામાં આવે છે કે કેમ, અને

(૩) ભાવપત્રકથી ખરીદવામાં ન આવતી હોય તો જવાબદાર સામે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ની રૂા. ૧૮,૯૩,૨૫,૧૨૪.૦૦ તેમજ વર્ષ ૨૦૦૭-૦૮ની રૂા. ૨૨,૪૭,૯૨,૫૨૫.૦૦ અંબાજી મંદિરની આવક થવા પામે છે.

(૨) સરકારની નીતિ નિયમો મુજબ ચીજવસ્તુઓની ખરીદ પ્રક્રિયા અનુસાર ખરીદ કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**યાત્રાધામ વિકાસ માટેના કાર્યક્રમો**

૩૬૮૪ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના યાત્રાધામ વિભાગ દ્વારા આયોજન હેઠળ હોય તેવા તીર્થધામ વિકાસ માટેના કાર્યક્રમો ક્યા ક્યા છે, અને

(૨) આ કાર્યક્રમો અમલમાં મૂકવાનું અંદાજીત સમયપત્રક શું ?

**જવાબ**

(૧) નીચે મુજબ

| | **તીર્થધામ** | **વિકાસ કાર્યક્રમ** |
|---|---|---|
| ૧ | સોમનાથ | - શ્રી સોમનાથ જ્યોર્તિલિંગ રતનાકર તટ વિકાસ યોજના |
| | **તીર્થધામ** | **વિકાસ કાર્યક્રમ** |
| ૨ | ગિરનાર | - શહેરથી ગિરનાર તળેટી સુધીના રોડ બ્યુટીફિકેશન અંગેના ૧૦ વિકાસ કાર્યો<br>- અંબાજી ટુંક વિકાસ યોજના બે તબક્કામાં |
| ૩ | અંબાજી | ગબ્બર પરીક્રમા વિકાસ યોજના |
| ૪ | દ્વારકા | - ટેમ્પલ સ્ક્વેરનો વિકાસ<br>- સુદામા ઝુલા પંચકુઈ વિકાસ યોજના ભાગ-૧ તથા ભાગ-૨ |
| ૫ | ડાકોર | પાદુકાજી બ્યુટીફિકેશન યોજના યાત્રા સુવિધા વિસ્તાર વિકાસ |
| ૬ | પાલીતાણા | તળેટી બ્યુટીફિકેશન અંગેના વિકાસ કાર્યો પાર્કિંગ નોડ |

તેમજ રાજ્ય સરકાર હસ્તકના ૩૩૯ દેવસ્થાનોના આંતરમાળખાકીય સુવિધા સભરના વિકાસ કાર્યો બાબતે સંબંધિત કલેકટરશ્રીઓની દરખાસ્ત અન્વયે રૂા. ૨૫ લાખનું અનુદાન ફાળવવાનું આયોજન છે.

(૨) ઉપરોક્ત વિકાસ કાર્યોના કાર્યક્રમો અમલમાં મુક્વાનું આગામી એક વર્ષમાં આયોજન છે.

---------

**સંસ્થાકિય પ્રસૂતિ માટે ગાયનેકોલોજીસ્ટની સેવાઓ**

૩૬૮૩ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જે વિસ્તારોમાં સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ ઓછું છે, તેવા વિસ્તારો માટે રાજ્ય સરકારે ગાયનેકોલોજીસ્ટની સેવાઓ ઉપલબ્ધ બને તે માટે ખાસ યોજના જાહેર કરી છે તે હેઠળ પ્રોત્સાહન આપવાના ધોરણો શું છે,

(૨) આ યોજના ક્યારથી અમલમાં આવી, અને

**જવાબ**

(૧) આ માટે જાહેર થયેલ ચિરંજીવી યોજના દ્વારા રાજ્ય સરકારે ગાયનેકોલોજીસ્ટની સેવાઓ ઉપલબ્ધ બને તે માટે ખાસ યોજના જાહેર કરી છે તે હેઠળ પ્રોત્સાહનરૂપે એક પ્રસુતિ દીઠ રૂા. ૧૭૯૫/- ગાયનેકોલોજીસ્ટને આપવામાં આવે અને તેમાંથી રૂા. ૨૦૦/-પ્રસુતાને ટ્રાન્સપોર્ટેશનના તેમજ એટેડન્ટને રૂા. ૫૦/-ચુકવવાના ધોરણો છે.

(૨) આ ચિરંજીવી યોજના તા. ૯/૧૧/૨૦૦૫થી

રાજ્યના પાંચ જિલ્લાઓમાં તેમજ સમગ્ર રાજ્યમાં તા. ૮/૯/૦૬ થી અમલી બનાવી.

(૩) આ યોજના રાજ્યના ક્યા ક્યા વિસ્તારો માટે ઉપલબ્ધ છે ?

(૩) આ ચિરંજીવી યોજના સમગ્ર રાજ્યમાં ઉપલબ્ધ છે.

---------

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને મળતા ઘઉં/ચોખા**

૪૬૪૧ **શ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ(વડોદરા ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી શું ભાવે ઘઉં અને ચોખા મળે છે, અને

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી જે ભાવે ઘઉં અને ચોખાના જથ્થાની ફાળવણી થાય છે તેની યોજનાવાર ભાવની વિગતો નીચે મુજબ છે.

(ભાવ પ્રતિકિલો રૂા. પૈસા)

| | યોજનાનું નામ | ઘઉં | ચોખા |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય | ૨.૦૦ | ૩.૦૦ |
| ૨ | બીપીએલ | ૪.૧૫ | ૫.૬૫ |
| ૩ | એપીએલ | ૬.૧૫ | -- |

(૨) રાજ્ય સરકાર શા ભાવે લાભાર્થીઓને વિતરણ કરે છે ?

(૨) રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીઓને વિતરણ કરવા માટે ઠરાવેલ ભાવની યોજનાવાર વિગતો નીચે મુજબ છે.

(વિતરણ ભાવ પ્રતિ કિલો રૂા. પૈસા)

| | યોજનાનું નામ | ઘઉં | ચોખા |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય | ૨.૦૦ | ૩.૦૦ |
| ૨ | બીપીએલ | ૨.૦૦ | ૩.૦૦ |
| ૩ | એપીએલ | ૭.૦૦ | -- |

**સાપુતારા ગિરિમથકના વિકાસ માટે કાર્યવાહી**

૩૬૮૮ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યસરકારના પ્રવાસન વિભાગ દ્વારા સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં સાપુતારા ગીરીમથકના વિકાસ માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સાપુતારા ગિરીમથકના વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધા ઉભી કરવા માટે ભારત સરકારને મોકલેલ પ્લાન ભારત સરકારે મંજૂર કરેલ છે અમલીકરણની કાર્યવાહી અમલમાં છે.

(૨) તે અંતર્ગત થઇ રહેલ વિવિધ કાર્યવાહી તા.૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) ઉપર મુજબ

---------

**ચોટીલા ખાતે ભક્તિવન પ્રકલ્પ માટે મંજૂર કરેલ રકમ**

૩૭૦૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ચોટીલા ખાતે વિકસાવાઈ રહેલ પ્રકલ્પમાં પ્રવાસન વિભાગ ધ્વારા કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) રૂા. ૧૨૫.૦૦ લાખ.

(૨) આ રકમ થકી થનાર કામગીરીની વિગતો શું છે ?

(૨) કામગીરીની વિગતો નીચે મુજબ છે.

પેવર બ્લોક, બ્યુટીફીકેશન, ટાઈલ્સ કાર્બીંગ, ઇલેક્ટ્રીફીકેશન, ગાર્ડન, સેન્ડવર્ક, ફર્ટીલાઇઝર, પ્લાન્ટ, ટ્રી પ્લાન્ટેશન, મજુરી, ગટર વ્યવસ્થા અને રોડ કેનાલ તેમજ બે ઓવરહેડ વોટર ટેન્ક, લેન્ડ સ્કેપીંગ, ટેરીંગ બ્લોક,

ટોયલેટ ફેસીલીટી, બોર વોટર પાઈપલાઈન અને સ્ટોન પેકીંગવર્ક.

--------

**અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ**

૩૯૦૨ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા-૧૦૮ કેટલા તાલુકાઓમાં ચાલુ કરવામાં આવેલ છે, | (૧) ૧૧ તાલુકામાં. |
| (૨) આ સેવા શરૂ થઈ ત્યારથી કેટલા દર્દીઓનો જીવ બચાવવામાં આવેલ છે, અને | (૨) ૧૦૫૦. |
| (૩) બાકી રહેલા તાલુકાઓમાં કેટલા સમયમાં એમ્બ્યુલન્સ-૧૦૮ સેવા ચાલુ કરવામાં આવશે ? | (૩) અમદાવાદ જિલ્લાનો કોઈ તાલુકો બાકી રહેલ નથી. |

---------

**કચ્છ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની ખાલી જગાઓ**

૪૫૯૮ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કઈ કઈ ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં ક્યા ક્યા ટ્રેડના વ્યાખ્યાતાઓની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) તારીખ : ૩૧-૦૮-૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટ્રેડવાર વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ સામેલ પત્રક ""અ"" મુજબ છે. |
| (૨) આ જગ્યાઓ ન ભરવાના શાં કારણો છે, અને | (૨) (૧) ઓદ્યોગિક તાલીમ સંસ્થા, રાપર તથા મુદ્રાની ગત વર્ષે તથા ભચાઉની જગાઓ ચાલુ નાણાંકીય વર્ષમાં મંજૂર થયેલ છે.<br>(૨) નવા વ્યવસાયો ઉમેરાતાં તેના માટે નવું મહેકમ મંજૂર થયેલ હોવાથી જગ્યાઓ ખાલી રહેલ છે.<br>(૩) ખાલી જગ્યાઓ કરાર આધારીત હોવાથી ઉમેદવારો મળતા નથી અગર તો નિમણુંક થયા બાદ નોકરી છોડી જતા રહેતા હોવાથી. |
| (૩) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) ઘટ મહેકમની જગ્યાઓ ૧૧ માસના કરારથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. આ જગ્યાઓ નિયમિત ભરવા માટે ગોણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રક મોકલી આપવામાં આવેલ છે. |

**પત્રક - અ**

**જીલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વ્યાખ્યાતા (ટીચીંગ સ્ટાફ) ની ખાલી જગ્યાઓની માહિતી.**

| ક્રમ | આઈ.ટી.આઈ.નું નામ | વ્યાખ્યાતા (સુ.ઈ.)ની જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઓ.તા. સંસ્થા, ગાંધીધામ | સુ.ઈ. ઈલેક્ટ્રીશ્યન | ૨ |
| | | સુ.ઈ. વાયરમેન | ૨ |
| | | સુ.ઈ. જનરલ. મીકે. | ૨ |
| | | સુ.ઈ. મોટર મીકે. | ૧ |
| | | સુ.ઈ. મીકે. ડીઝલ | ૧ |

| ક્રમ | આઈ.ટી.આઈ.નું નામ | વ્યાખ્યાતા (સુ.ઈ.)ની જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | સુ.ઈ. મરીન એન્જીન | ૧ |
| | | ગૃપ ઈન્સ્ટ્ર. (કોપા) | ૧ |
| | | સી.ઓ.ઈ. ઈલેક્ટ્રીકલ(બી.બી.બી.ટી.) | ૬ |
| | | સી.ઓ.ઈ. ઈલેક્ટ્રીકલ(એડવાન્સ મોડ્યુલ) | ૧ |
| | | ગાંધીધામ કુલ : | ૧૭ |
| ૨ | ઓ.તા.સંસ્થા, અંજાર | સુ.ઈ. ફીટર | ૧ |
| | | સુ.ઈ. વાયરમેન | ૨ |
| | | સુ.ઈ. જનરલ મીકે. | ૩ |
| | | ગૃપ ઈન્સ્ટ્ર. (કોપા) | ૨ |
| | | સુ.ઈ. કટીંગ એન્ડ સુઈંગ | ૨ |
| | | અંજાર કુલ : | ૧૦ |
| ૩ | ઓ.તા.સંસ્થા, ભૂજ | સુ.ઈ. ફીટર | ૩ |
| | | સુ.ઈ. ટર્નર | ૩ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રીશ્યન | ૧ |
| | | સુ.ઈ. વાયરમેન | ૧ |
| | | સુ.ઈ. મોટર મીકેનીક | ૧ |
| | | ગૃપ ઈન્સ્ટ્ર (કોપા) | ૧ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રોનીક્સ | ૧ |
| | | સી.ઓ.ઈ. ઓટો | ૭ |
| | | સુ.ઈ.વેલ્ડર | ૧ |
| | | સુ.ઈ.એમ્બ્રોયડરી એન્ડ નીડલ | ૧ |
| | | સુ.ઈ.હેર એન્ડ સ્કીન કેર | ૧ |
| | | સુ.ઈ. નેટવર્ક ટેક્નીશીયન | ૧ |
| | | સુ.ઈ. મલ્ટીમીડીયા ટેક્નોલોજી | ૧ |
| | | સુ.ઈ. ટુવ્હીલર ઓટો રીપેરર | ૧ |
| | | સુ.ઈ. મરીન એન્જીન ટેક. | ૧ |
| | | ભૂજ કુલ :- | ૨૫ |
| ૪ | ઓ.તા. સંસ્થા, માંડવી | સુ.ઈ. ફીટર | ૨ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રીશ્યન | ૧ |
| | | સુ.ઈ. વાયરમેન | ૨ |
| | | ગૃપ ઈન્સ્ટ્રકટર (કોપા) | ૧ |
| | | સુ.ઈ. વેલ્ડર | ૨ |
| | | સુ.ઈ.મીકે. ડીઝલ | ૧ |
| | | સુ.ઈ. જનરલ મીકે. | ૨ |
| | | સુ.ઈ.નેટવર્ક ટેક્નીશ્યન | ૧ |
| | | સુ.ઈ. કટીંગ સુ.ઈ. | ૧ |
| | | સુ.ઈ. આર્મેચર મોટર રીવા. | ૧ |
| | | સુ.ઈ. મલ્ટીમીડીયા ટેક. ડીટીપી | ૧ |
| | | માંડવી કુલ :-- | ૧૫ |

| ક્રમ | આઈ.ટી.આઈ.નું નામ | વ્યાખ્યાતા (સુ.ઈ.)ની જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ઓ.તા. સંસ્થા, પાનન્ધ્રો | સુ.ઈ.ઈલેક્ટ્રીશ્યન | ૨ |
| | | સુ.ઈ.વાયરમેન | ૧ |
| | | પાનન્ધ્રો કુલ :- | ૩ |
| ૬ | ઓ.તા. સંસ્થા, મુન્દ્રા | સુ.ઈ.ફીટર | ૫ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રીશ્યન | ૨ |
| | | સુ.ઈ. વાયરમેન | ૩ |
| | | ગૃપ ઈન્સ્ટ્રક્ટર (કોપા) | ૪ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રોનીક્સ મીકે. | ૧ |
| | | સુ.ઈ. વેલ્ડર | ૧ |
| | | સુ.ઈ. મરીન એન્જી. ટેક્નીશ્યન | ૧ |
| | | મુન્દ્રા કુલ :- | ૧૭ |
| ૭ | ઓ.તા. સંસ્થા, રાપર | ગૃપ ઈન્સ્ટ્રક્ટર (કોપા) | ૨ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રીશ્યન | ૬ |
| | | સુ.ઈ. ફીટર | ૩ |
| | | સુ.ઈ. જનરલ મીકે. | ૧ |
| | | સુ.ઈ. વાયરમેન | ૧ |
| | | સુ.ઈ. ડ્રોઈંગ ક્મ મેથ્સ | ૧ |
| | | રાપર કુલ :- | ૧૪ |
| ૮ | ઓ.તા. સંસ્થા, ભચાઉ | સુ.ઈ. ફીટર | ૧ |
| | | સુ.ઈ. ઈલેક્ટ્રીશ્યન | ૨ |
| | | ગૃપ ઈન્સ્ટ્રક્ટર (કોપા) | ૨ |
| | | સુ.ઈ. વેલ્ડર | ૨ |
| | | ભચાઉ કુલ :- | ૭ |
| | **કુલ સરવાળો :--** | | ૧૦૯ |

---------

## આદિવાસી યુવક-યુવતિઓને ઉદ્યોગ સાહસિક્તાની તાલીમ

૩૮૧૫ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન આદિજાતિ વિભાગ ધ્વારા આદિવાસી યુવક-યુવતિઓને ઉદ્યોગ સાહસિક્તાની તાલીમ કઈ સંસ્થા ધ્વારા આપવામાં આવી છે,

(૨) આ તાલીમ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તાલીમ પામેલ યુવક-યુવતિઓ પૈકી કેટલા તાલીમાર્થીઓએ ઉદ્યોગો સ્થાપ્યા ?

**જવાબ**

(૧) ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટપ્રીનીયોરશીપ એન્ડ કેરીયર ડેવલપમેન્ટ (આઈરોડ) અમદાવાદ

(૨) રૂપિયા ૮૬.૯૨ લાખ.

(૩) (અ) ૧૪૮ તાલીમાર્થીઓએ નાના ગૃહ ઉદ્યોગ કાર્યરત કરેલ છે.

(બ) ૪૪૯ તાલીમાર્થીઓએ રોજગારી મેળવેલ છે.

---------

## રાજ્યમાં ૧૦૮ ની એમ્બ્યુલન્સવાનમાં પ્રસુતિના બનાવો

૩૯૬૧ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા શરૂ થયેલ ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલી

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા શરૂ થયેલ ૧૦૮ ની એમ્બ્યુલન્સ સેવા તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં ૩૦૦

એમ્બ્યુલન્સોની ફાળવણી થયેલ છે, અને

(૨) આ એમ્બ્યુલન્સની સેવા દરમ્યાન હોસ્પિટલ પહોંચતા પહેલાં એમ્બ્યુલન્સ વાનમાં જ પ્રસુતિ થઈ હોય તેવા કેટલા બનાવ બનેલ છે ?

એમ્બ્યુલન્સની ફાળવણી થયેલ છે. અને

(૨) આ એમ્બ્યુલન્સની સેવા દરમ્યાન હોસ્પિટલ પહોંચતા પહેલાં એમ્બ્યુલન્સવાનમાં જ પ્રસુતિ થઈ હોય તેવા ૫૧૭ બનાવ બનેલ છે.

---------

**ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવા બાબત**

૪૬૨૧ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકાર ધ્વારા તા. ૧, એપ્રિલ, ૨૦૦૮થી તા. ૧૫મી ઓગષ્ટ-૨૦૦૮ સુધીમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી રાજ્યને શું ફાયદો થયો ?

**જવાબ**

(૧) ૪,૭૬,૦૩૦ રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા.

(૨) તેનાથી રાજ્યને અનાજમાં માસિક રૂા. ૩૩,૭૧,૮૬૬/-ખાદ્યતેલમાં આ સમયગાળામાં રૂા. ૭૦,૨૯,૫૧૯/-અને કેરોસીનમાં રૂા. ૨,૯૫,૫૫,૨૦૦ માસિક ફાયદો થશે.

---------

**અમદાવાદ શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ**

૪૦૦૨ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી,

(૨) આ એમ્બ્યુલન્સ સેવામાં રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી શું સહાય મળેલ છે, અને

(૩) રાજ્યના બીજા ક્યા શહેરોને આ સુવિધાનો સરકાર લાભ આપવા માંગે છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તા. ૨૯-૮-૨૦૦૭થી શરૂ કરવામાં આવેલ છે.

(૨) આ એમ્બ્યુલન્સ સેવામાં નેશનલ રૂરલ હેલ્થ મિશનમાંથી ગુજરાત રાજ્યને મળવાપાત્ર ગ્રાન્ટમાંથી રૂા. ૫૯૦૭.૧૩ લાખની સહાય મળેલ છે. તથા રાજ્ય સરકાર તરફથી રૂા. ૧૨૦૦.૦૦ લાખ ઓપરેશનલ ફંડ તરીકે જોગવાઈ કરી નાણાં ફાળવી આપવામાં આવેલ છે.

(૩) રાજ્યના તમામ જિલ્લા અને તાલુકાઓમાં આ સુવિધાનો સરકાર લાભ આપવા માંગે છે.

---------

**રાજ્યની મેડીકલ કોલેજોમાં ""ના વાંધા પ્રમાણપત્ર""**

૩૭૧૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગ ધ્વારા રાજ્યની મેડીકલ કોલેજમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ડિગ્રી /ડિપ્લોમાં/ સર્ટિફીકેટ કોર્ષમાં નવી બેઠકો મંજૂર કરવા માટે ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કોને કેટલી સીટ માટે ""ના વાંધા"" પ્રમાણપત્ર અપાયા, અને

**જવાબ**

(૧) **સ્નાતક કક્ષાએ :** એક પણ નહી.

**અનુસ્નાતક કક્ષાએ :**

(૧) પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ ખાતે ૧-ડીગ્રી અને ૧૧ ડીપ્લોમા પી.જી. કોર્ષ શરૂ કરવા,

(૨) પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ, કરમસદ ખાતે ૪-ડીગ્રી અને ૧ ડીપ્લોમા પી.જી. કોર્ષની સીટો વધારવા

(૩) શ્રીમતી બી. કે.શાહ મેડીકલ ઈન્સ્ટી. એન્ડ રીચર્સ સેન્ટર, વાઘોડીયા ખાતે ૧૯ ડીગ્રી અને ૧૨ ડીપ્લોમા પી.જી. કોર્ષ શરૂ કરવા

(૪) ઈ.એસ.આઈ.પોષ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ, સાયન્સ રિસર્ચ અમદાવાદ ખાતે ૬-ડીગ્રી અને ૪ ડીપ્લોમા પી.જી. કોર્ષ શરૂ કરવા,

(૫) બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ-૧ ડીગ્રી

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| | પી.જી. કોર્ષ શરૂ કરવા માટે. |
| (૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે ? | (૨) આ અભ્યાસક્રમો ભારત સરકાર દ્વારા મંજૂરી મળ્યાં બાદ શરૂ થશે. |

---------

**રાજ્યની નર્સિંગ કોલેજમાં ""ના વાંધા પ્રમાણપત્ર""**

૩૬૯૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગ ધ્વારા રાજ્યની નર્સિંગ કોલેજમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કોને કેટલી સીટ માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયા, અને

(૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે ?

**જવાબ**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની નર્સિંગ કોલેજમાં સ્નાતક કક્ષાએ તા. ૧-૧-૦૮ થી તા.૩૧-૭-૦૮ દરમ્યાન નીચે મુજબ કુલ-૪ સંસ્થાને ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. સંસ્થાની બેઠકની મંજુરી ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સીલ દ્વારા આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | સંસ્થાનું નામ | આઈ.એન.સી./જી. એન.સી. દ્વારા ફાળવેલ સીટ |
| --- | --- | --- |
| ૧ | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી | ૫૦ |
| ૨ | અંબાજી એજ્યુકેશન ટ્રસ્ટ, વિસનગર | ફાળવણી બાકી છે. |
| ૩ | ભગવતહરિ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ | ફાળવણી બાકી છે. |
| ૪ | બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી જિ. સુરત | ૩૦ |

અનુસ્નાતક કક્ષાએ ઉક્ત સમયગાળા દરમ્યાન કોઈ ""ના વાંધા પ્રમાણપત્ર"" આપવામાં આવેલ નથી.

સરકારી સ્નાતક/અનુસ્નાતક કોલેજો માટે નો-ઓબજેક્શન પ્રમાણપત્ર આપવાનું થતુ નથી

સરકારશ્રીની નર્સિંગ સ્કૂલ વડોદરા, ભાવનગર, રાજકોટ, સુરત, જામનગરને નર્સિંગ કોલેજમાં અપગ્રેડ કરવામાં આવેલ છે જેમા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ/ગુજરાત નર્સિંગ કાઉન્સીલ દ્વારા સીટોની ફાળવણી નીચે મુજબ આ સમય દરમ્યાન થયેલ છે.

| સરકારી કોલેજની વિગત | બેઠકની વિગત |
| --- | --- |
| નર્સિંગ કોલેજ અમદાવાદ | ૬૦ [સ્નાતક]<br>૨૫ [અનુસ્નાતક] |
| નર્સિંગ કોલેજ વડોદરા | ૫૦ [સ્નાતક] |
| નર્સિંગ કોલેજ જામનગર | ૪૦ [સ્નાતક] |

(૨) ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સીલની મંજુરી મળેથી સંસ્થા અભ્યાસક્રમ શરૂ કરી શકે છે.

---------

**ખેડા જિલ્લામાં ગાયનેક તબીબો અને સોનોગ્રાફી સેન્ટરોમાં દરોડા**

૩૯૮૨ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગાયનેક તબીબો અને સોનોગ્રાફી સેન્ટરોમાં કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગાયનેક તબીબો અને સોનોગ્રાફી સેન્ટરોમાં દરોડા પાડવામાં આવ્યા નથી. |
| (૨) આ દરોડા દરમ્યાન દરોડાવાર શી ગેરરીતિઓ માલૂમ પડી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા ક્યા ડોકટરો ક્યા ક્યા પ્રકારની ગેરરીતિ તથા ગેરકાનૂની પ્રવૃત્તિ કરતા પકડાયા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ ગુનાહિત ડોકટરો સ્ટાફ સામે શી કાર્યવાહી થઈ અને કેટલા સામે ફોજદારી કાર્યવાહી થઈ અને કેટલા સાધનો જપ્ત કર્યા, આ સાધનો કોના કબજામાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ચેરના વૃક્ષો ઉગાડવા બાબત**

૩૮૮૨ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચેરના વૃક્ષો ઉગાડવા માટે ખાસ કરીને કેવો વિસ્તાર અનુકૂળ હોય છે, અને | (૧) ચેરના વૃક્ષ ઉગાડવા માટે દરિયાના ભરતી-ઓટના પાણી સપ્રમાણ રહેતું હોય તેવા કિચ્ચડયુક્ત વિસ્તારો અને નદીના મુખ પ્રદેશ કે જ્યાં નદી સમુદ્રને મળતી હોય તેવા દરિયાની ભરતી-ઓટના કિચ્ચડયુક્ત વિસ્તારો અનુકૂળ વિસ્તારો ગણી શકાય. |
| (૨) સન ૨૦૦૭-૦૮ માં ચેરના વૃક્ષોનું વાવેતર રાજ્યમાં કઈ કઈ જગ્યાએ કેટલું કરવામાં આવેલ છે ? | (૨) સને ૨૦૦૭-૦૮માં ચેરના વૃક્ષોનું વાવેતર રાજ્યમાં નીચે પ્રમાણેની જગ્યાએ કરવામાં આવેલ છે. |

| ક્રમાંક | જિલ્લાનું નામ | વાવેતર વિસ્તાર **(હેક્ટરમાં)** |
|---|---|---|
| ૧ | કચ્છ | ૧૫૦૦ |
| ૨ | રાજકોટ | ૮૦૦ |
| ૩ | જામનગર | ૧૫૦૦ |
| ૪ | આણંદ | ૧૪૦૦ |
| ૫ | ભરૂચ | ૧૦૭૫ |
| ૬ | સુરત | ૧૦૧૫ |
| ૭ | વલસાડ | ૬૦ |
| | **કુલ...** | **૭૩૫૦** |

--------

**રાજ્યની ડેન્ટલ કોલેજોમાં ""ના"" વાંધા પ્રમાણપત્ર**

૩૬૯૭ **શ્રી રજનીકાન્ત પટેલ (ચાણસ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની ડેન્ટલ કોલેજમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજુર કરવા માટે ૧લી જાન્યુઆરી ૨૦૦૮ થી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કોને અને કેટલી સીટ માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયા, અને | (૧) અનુસ્નાતક કક્ષાએ (૧) અમદાવાદ ડેન્ટલ કોલેજ, સાંતેજને ૭ વિષયોમાં અને (૨) એમ.પી. પટેલ ડેન્ટલ કોલેજ, વડોદરાને ૬ વિષયોમાં એમ.ડી.એસ. કોર્ષ શરૂ કરવા એસેન્સીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. આ અભ્યાસક્રમમાં ભારત સરકાર દ્વારા સીટો સાથેની મંજુરી આપવામાં આવે છે. |
| (૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે? | (૨) આ અભ્યાસક્રમો ભારત સરકાર દ્વારા મંજુરી મળ્યા બાદ શરૂ થશે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશની બદલીમાં રોકડ રકમ**

૪૬૬૨ **શ્રી ઉદેસિંહ મ. ઝાલા(બાયડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ગણવેશ આપવાની યોજનામાં ફેરફાર કરી રૂા. ૧૫૦/- રોકડા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જિલ્લામાં દરેક તાલુકામાં ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેટલા વિધાર્થીઓને કેટલા રૂપિયા રોકડા ચૂકવવામાં આવ્યાં?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ : ૭૪,૭૭૨ વિદ્યાર્થીઓને રૂા. ૧,૧૨, ૧૫,૮૦૦/- (તાલુકાવાર પત્રક સામેલ છે.)

**પત્રક**

**સાબરકાંઠા જિલ્લો**

ગણવેશ યોજના ૨૦૦૭-૦૮

| અ. નં. | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ગણવેશ પેટે ચૂકવવામાં આવેલ સહાયની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૩૨૮૨૫ | ૪૯,૨૩,૭૫૦/- |
| ૨ | ભિલોડા | ૧૬૦૦૨ | ૨૪,૦૦,૩૦૦/- |
| ૩ | મેઘરજ | ૮૨૨૫ | ૧૨,૩૩,૭૫૦/- |
| ૪ | વિજયનગર | ૧૦૮૨૭ | ૧૬,૨૪,૦૫૦/- |
| ૫ | ઈડર | ૧૬૭૩ | ૨,૫૦,૯૫૦/- |
| ૬ | વડાલી | ૫૨૪ | ૭૮,૬૦૦/- |
| ૭ | હિંમતનગર | ૮૭૮ | ૧,૩૧,૭૦૦/- |
| ૮ | મોડાસા | ૧૨૬૪ | ૧,૮૯,૬૦૦/- |
| ૯ | ધનસુરા | ૭૪૪ | ૧,૧૧,૬૦૦/- |
| ૧૦ | બાયડ | ૬૭૪ | ૧,૦૧,૧૦૦/- |
| ૧૧ | માલપુર | ૫૮૭ | ૮૮,૦૫૦/- |
| ૧૨ | પ્રાંતિજ | ૨૮૭ | ૪૩,૦૫૦/- |
| ૧૩ | તલોદ | ૨૬૨ | ૩૯,૩૦૦/- |
| | **કુલ** | **૭૪૭૭૨** | **૧,૧૨,૧૫,૮૦૦/-** |

---------

**પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ટ્રેન શરૂ કરવા દરખાસ્ત**

૩૬૯૮ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે પેલેસ ઓન વ્હીલ જેવી કોઈ ટ્રેઈન શરૂ કરવા રાજ્ય સરકારે ભારત સરકારને દરખાસ્ત કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ આ બાબત ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) જી. હા.

(૨) ભારત સરકારના પ્રવાસન મંત્રાલયને તા. ૨૦-૩-૦૮ ના રોજ દરખાસ્ત કરવામાં આવેલ છે, જે પ્રવાસન મંત્રાલય સમક્ષ વિચારાધીન છે.

**યુ.એન.મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટીટયુટના વિસ્તરણ માટે ફાળવેલ જમીન**

૩૬૮૦ **શ્રી અનિલકુમાર અ.માળી(દીયોદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યની યુ.એન. મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટીટયુટના વિસ્તરણ માટે ક્યારે મંજૂરી અપાઈ, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યની યુ.એન.મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટના વિસ્તરણ માટે સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક :

આઈ.કે.ડી.-૨૦૦૮-૪૨૭-સ, તા. ૨૯-૪-૨૦૦૮ થી મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) આ વિસ્તરણ થકી વધારાની કેટલી સવલતો ઉપલબ્ધ થશે?

(૨) ૧ ઓ.પી.ડી. વિભાગનું વિસ્તરણ થશે.
૨ એક કેથેટરાઈઝેશન લેબોરેટરી તથા બે કાર્ડીયોથોરાસીક સર્જરી ઓપરેશન થીએટરનો વધારો થશે.
૩ પીડીયાટ્રીક કાર્ડીયોલોજી તેમજ પીડીયાટ્રીક કાર્ડિયોથોરાસીક સર્જરી વિભાગનું અપગ્રેડેશન કરવામાં આવશે.
૪ આઈ.સી.સી.યુ., સી.ટી.આર. રીકવરી રૂમ તેમજ સર્જીકલ અને મેડીકલ (કાર્ડિયાક) પથારીઓની સંખ્યામાં જરૂરીયાત મુજબ વધારો કરવામાં આવશે.
૫ શૈક્ષણિક (એકેડેમીક) તેમજ સંશોધન જેવી પ્રવૃત્તિઓ માટે અલાયદો માળ ફાળવવામાં આવશે.

---------

## તાપી જિલ્લામાં વન વિભાગ હસ્તકના કાચા રસ્તાઓ

૩૯૮૦ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ વન વિભાગ હસ્તકના કાચા રસ્તા કેટલા છે,

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ વર્કીંગ પ્લાન મુજબ ૧૦ કાચા રસ્તા અને ૧૧ મેટલ સપાટીના રસ્તા છે.

(૨) આ કાચા રસ્તાને ડામર સપાટીવાળા કરવા સન ૨૦૦૮-૦૯માં સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) આ મેટલ સપાટીના રસ્તા ડામર સપાટીના કરવા સને ૨૦૦૮-૦૯માં ટ્રાયબલ એરીયા સબ પ્લાનમાં દરખાસ્ત કરેલ છે.

(૩) કેટલા સમયમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે ?

(૩) ટ્રાયબલ એરીયા સબ પ્લાન તરફથી ગ્રાન્ટ મળ્યેથી આ કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

## પાલીતાણામાં માનસિંહ હોસ્પિટલમાં ડૉકટરની ખાલી જગ્યાઓ

૩૯૮૬ **શ્રી મહેન્દ્રસિંહ પ.સરવૈયા(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાલિતાણામાં આવેલ સર માનસિંહજી હોસ્પિટલમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ડૉકટર્સનું મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૪ |
| વર્ગ-૨ | ૪ |

(૨) તે પૈકી કેટલી જગ્યા ખાલી છે,

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩ |
| વર્ગ-૨ | ૨ |

(૩) આ ખાલી જગ્યા પર સરકાર ભરતી કરવા માંગે છે કે કેમ, અને

(૩) હા.

(૪) જો, હા, તો ભરતીની પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૪) બનતી ત્વરાએ.

---------

## મહેસાણા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓને ઈન્દિરા આવાસ મફ્ત ફાળવવા બાબત

૪૦૯૮ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીને અનુ. ૧૭ થી ૨૦ સ્કોરના અરજદારોને મફ્ત ઈન્દિરા આવાસ ફાળવવામાં આવતા નથી, તે હકીક્ત સાચી છે,

(૨) જો, હા, તો ક્યા કારણસર, અને

(૩) આ બાબતે સરકાર શું કરવા માંગે છે?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીને અનુ. ૧૭ થી ૨૦ સ્કોરના અરજદારોને મફ્ત ઈન્દિરા આવાસ ફાળવવામાં આવતા નથી, તે હકિક્ત સાચી છે.

(૨) રાજ્ય સરકારની માર્ગદર્શક સુચનાઓ અન્વયે ૦ થી ૧૬ ગુણાંક્ના બીપીએલ લાભાર્થીને ભારત સરકારની ગ્રામ વિકાસની યોજના માટે પાત્ર ગણેલ હોઈ તે મુજબ ઈન્દિરા આવાસ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) આ બાબત સરકારશ્રીની નીતિ વિષયક બાબત છે.

---------

## આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સુવિધા

૪૨૩૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિ વિભાગ દ્વારા આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સુવિધા માટે વર્ષ પ્રમાણે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટમાંથી વર્ષ પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આને લીધે કેટલા આદિવાસી તાલુકાઓને કેટલા હેકટર સિંચાઈની સુવિધા આપી શકાઈ?

**જવાબ**

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૪૦૧૭.૮૧ |
| ૨૦૦૭-૦૮ | ૨૫૪૫૬.૧૭ |
| ૨૦૦૮-૦૯<br>૩૦-૯-૦૮ અંતિત | ૧૫૦૬૬.૫૬ |

(૨)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૩૨૫૬.૫૦ |
| ૨૦૦૭-૦૮ | ૨૪૭૯૯.૧૮ |
| ૨૦૦૮-૦૯<br>જુલાઈ-૦૮ અંતિત | ૪૫૮૪.૯૭ |

(૩) ૨૫ આદિવાસી તાલુકાઓને ૨૯૭૫૧ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા આપી શકાય.

---------

## રાજ્યના શ્રમયોગીઓને આપેલ પુરસ્કાર અંગે

૪૬૬૯ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ઓદ્યોગિક શ્રમયોગીઓને પ્રોત્સાહિત કરવા માટે તા.૪-૯-૨૦૦૮ની સ્થિતિએ કોઈ પુરસ્કાર આપવાની યોજના છે,

(૨) જો યોજના હોય તો કેટલા પુરસ્કાર આપવામાં આવ્યા છે,

(૩) આ પુરસ્કારમાં શ્રમયોગીઓને શું આપવામાં આવે છે,

(૪) છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ

**જવાબ**

(૧) હા જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ૪૦ પુરસ્કારો આપવામાં આવ્યા છે.

(૩) પ્રમાણપત્ર, સ્મૃતિચિન્હ અને રોકડ રકમ આપવામાં આવે છે.

(૪)

કેટલા શ્રમયોગીઓને આવા પુરસ્કાર આપવામાં આવેલ છે,

| વર્ષ | પુરસ્કાર અપાયેલ શ્રમયોગીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૮ |
| ૨૦૦૪-૦૫ | ૧૭ |
| ૨૦૦૫-૦૬ | ૧૭ |
| **કુલ** | **૪૨** |

(૫) આ પુરસ્કાર આપવા તે માટે કોઈ કમિટિની રચના થયેલ છે, અને

(૫) હા જી.

(૬) જો, હા, તો તે કમિટિના મેમ્બર કોણ છે?

(૬) પત્રક ""ક"" મુજબ

**પત્રક - ક**

**કમિટિના મેમ્બર નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ | અધ્યક્ષ |
| ૨ | સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ | સભ્ય |
| ૩ | સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ | સભ્ય |
| ૪ | ઉદ્યોગ કમિશ્નરશ્રી | સભ્ય |
| ૫ | શ્રમ આયુક્તશ્રી | સભ્ય |
| ૬ | નિયામકશ્રી, રોજગાર અને તાલીમ | સભ્ય |
| ૭ | ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી, (સી.ઈ.ઓ.) ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર | સભ્ય |
| ૮ | એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, ગુજરાત એમ્પ્લોયર્સ ઓર્ગેનાઈઝેશન, વડોદરા | સભ્ય |
| ૯ | નિયામકશ્રી, ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય | સભ્ય સચિવ |

---------

**રાજ્યની ફિઝીયોથેરાપી કોલેજોમાં ""ના વાંધા પ્રમાણપત્ર""**

૩૬૯૩ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની ફિઝીયોથેરાપી કોલેજમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ નવી બેઠકો મંજૂર કરવા માટે ૧લી જાન્યુઆરી ૨૦૦૮થી તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં કોને અને કેટલી સીટ માટે ""ના વાંધા પ્રમાણપત્ર"" અપાયા, અને

**જવાબ**

(૧) ફિઝીયોથેરાપી કોલેજમાં સ્નાતક કક્ષાએ નીચે મુજબ સીટો વધારવા ના વાંધા પ્રમાણપત્રો આપવામાં આવેલ છે.

(૧) આર. કે. ફિઝીયોથેરાપી કોલેજ, રાજકોટ, ૨૦ સીટો.

(૨) સી. યુ. શાહ ફિઝીયોથેરાપી કોલેજ, સુરેન્દ્રનગર, ૨૦ સીટો.

(૩) સિગ્મા ઇન્સ્ટીટ્યુટ ઓફ ફિઝીયોથેરાપી કોલેજ, વડોદરા, ૧૦ સીટો.

(૪) સ્વામિનારાયણ ફિઝીયોથેરાપી કોલેજ, જામનગર, ૧૦ સીટો માટે.

તેમજ નવી ફિઝીયોથેરાપી કોલેજ શરૂ કરવા નીચે મુજબ ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે.

(૧) જે. જી. ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદને ૫૦ સીટો.

(૨) પાયોનિયર ફિઝીયોથેરાપી કોલેજ, વડોદરાને ૨૫ સીટો.

(૩) સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, જી. જી. હોસ્પિટલ, જામનગરને ૧૦૦ સીટો અનુસ્નાતક કક્ષાએ કોઇ ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

(૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે ?

(૨) ચાલુ વર્ષ ૨૦૦૮-૦૯ થી.

**સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખે સમોડા ગામના સર્વે નં. ૬૯૪ ઉપર કરેલ ગેરકાનૂની બાંધકામ**

૪૬૦૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રીએ સમોડા ગામે સર્વે નં. ૬૯૪માં ખોટા દસ્તાવેજો કરી ગેરકાનૂની રીતે બાંધકામો ઉભા કરેલ છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) એક. |
| (૨) મળેલ ફરિયાદો પછી સરકારે શા પગલાં લીધાં ? | (૨) કાર્યવાહી ચાલુ છે. |

---------

**આણંદ જિલ્લામાં હોસ્પિટલ તેમજ આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૪૩૩૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કાર્યરત જિલ્લા સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | હોસ્પિટલ | સા.આ.કેન્દ્રો | પ્રા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૨૦ | ૧૦ | -- |
| વર્ગ-૨ | ૦૫ | ૨૫ | ૪૪ |
| વર્ગ-૩ | ૫૫ | ૧૩૪ | ૧૩૨ |
| વર્ગ-૪ | ૩૬ | ૯૯ | ૧૭૬ |

(૨) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સાથેના પત્રક-અ મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) પ્રા. આ. કેન્દ્રોની જગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા ભરવામાં આવે છે.

વર્ગ-૧ની જગ્યા માટે દર મંગળવારે એડહોક ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વર્ગ-૨ની જગ્યા ભરવા માટે મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ તબીબો તથા ફીક્સ પગારથી કરારબધ્ધ ધોરણે નિમણુંક આપવામાં આવે છે.

વર્ગ-૩ની જગ્યાઓ ગોણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા ભરવામાં આવે છે.

**પત્રક-અ**

**સરકારી હોસ્પિટલ પેટલાદ જી. આણંદની વર્ગ-૧ થી વર્ગ-૪ની સ્ટાફીંગની વિગત દર્શાવતું પત્રક**

**તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | કઇ તારીખથી ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧ | મુખ્ય જિલ્લા તબીબી અધિકારી વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | - |
| ૨ | નિવાસી તબીબી અધિકારી વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૦૧-૦૫-૦૮ |
| ૩ | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૦૮-૦૫-૦૬ |
| ૪ | પેથોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | - |
| ૫ | એન્થેસીયા વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | - |
| ૬ | રેડીયોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૦૮-૦૨-૦૩ |
| ૭ | ઓપ્થોલ્મીક સર્જન વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | - |
| ૮ | પેડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૨૨-૦૭-૦૪ |
| ૯ | ફીઝીશન વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | - |
| ૧૦ | ગાયનેક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | - |
| ૧૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૩ | ૧ | ૧૪-૦૮-૦૭ |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | કઇ તારીખથી ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧૨ | પ્રિન્સીપાલ નર્સીંગ ઓફીસર વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦૬-૧૧-૦૭ |
| ૧૩ | કચેરી અધિક્ષક વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - |
| ૧૪ | સીનીયર આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | - |
| ૧૫ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૨ | ૧ | ૧ | ૦૫-૦૫-૦૮ |
| ૧૬ | જુનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૨ | ૧ | ૧ | ૩૦-૦૮-૦૮ |
| ૧૭ | સીનીયર ફાર્માશીસ્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - |
| ૧૮ | જુનીયર ફાર્માશીસ્ટ વર્ગ-૩ | ૪ | ૪ | ૦ | - |
| ૧૯ | લેબ. ટેક્ની. વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | - |
| ૨૦ | લેબ. આસી. વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧૨-૦૬-૦૮ |
| ૨૧ | એક્સ-રે ટેક્ની. વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - |
| ૨૨ | એક્સ-રે આસી. વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૩૧-૧૨-૦૪ |
| ૨૩ | ડ્રાયવર વર્ગ-૩ | ૨ | ૧ | ૧ | ૦૧-૧૧-૦૦ |
| ૨૪ | પંપમેન કમ વાયરમેન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - |
| ૨૫ | ઓથલ્મીક આસી. વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - |
| ૨૬ | મેટરન વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | - |
| ૨૭ | હેડ નર્સ વર્ગ | ૫ | ૫ | ૦ | - |
| ૨૮ | સ્ટાફનર્સ | ૨૧ | ૨૧ | ૦ | - |
| ૨૯ | એએન.એમ. વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૦૧-૦૩-૦૪ |
| ૩૦ | હેલ્થ વીઝીટર વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - |
| ૩૧ | નર્સીંગ ટ્યુટર વર્ગ-૩ | ૫ | ૫ | ૦ | - |
| ૩૨ | વર્ગ-૪ સંવર્ગ | ૩૬ | ૨૮ | ૮ | - |
| | કુલ : | ૧૦૬ | ૮૬ | ૨૦ | - |

---------

**મહુવા તાલુકામાં વનીકરણ યોજનાઓ**

૩૬૬૬ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વનીકરણની કઈ કઈ યોજનાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વનીકરણ અંગેની નીચે મુજબની યોજનાઓ માટે તે યોજના સામે જણાવ્યા મુજબની રકમ મંજૂર કરવામાં આવી છે.

| વર્ષ | યોજનાનું નામ | મંજૂર કરેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | એસ.એમ.સી | ૧.૯૦ |
| | એન.એ.પી. | ૭.૫૫ |
| | સી.એફ.પી. | ૧.૮૧ |
| | ખાસ અંગ ભૂત યોજના | ૦.૫૬ |
| | નગર નંદનવન યોજના | ૦.૫૫ |
| | શહેરી વિકાસ યોજના | ૦.૩૬ |
| | કુલ : | ૧૨.૭૩ |
| ૨૦૦૮-૦૯ | એસ.એમ.સી | ૧૪.૩૭ |
| | સી.એફ.પી. | ૧૨.૨૪ |
| | ખાસ અંગ ભૂત | ૦.૬૯ |

| | | |
|---|---|---|
| | યોજના | |
| | નગર નંદન વન યોજના | ૦.૬૬ |
| | કુલ : | ૨૭.૯૬ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ થઈ છે અને કેટલી બાકી છે, અને

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કરવામાં આવેલ વાવેતરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને તેની જાળવણીની કામગીરી ચાલુ છે.

(૩) આ યોજનાઓ આગામી કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે ?

(૩) વર્ષ ૨૦૦૭-૦૮માં કરવામાં આવેલ વાવેતરની જાળવણી વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં અને ૨૦૦૮-૦૯માં કરવામાં આવેલ વાવેતરની જાળવણી ૨૦૧૦-૧૧ ના વર્ષમાં પૂર્ણ થશે.

## મૂળી અને હળવદ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

૪૨૨૩ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ક્યા ક્યા તાલુકાઓમાં આવેલ છે,

(૧)

| તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| લીમડી | ૦૪ |
| ચોટીલા | ૦૩ |
| મુળી | ૦૩ |
| સાયલા | ૦૨ |
| હળવદ | ૦૩ |
| પાટડી | ૦૫ |
| ધ્રાંગધ્રા | ૦૩ |
| વઢવાણ | ૦૩ |
| લખતર | ૦૩ |
| ચુડા | ૦૨ |
| કુલ : | ૩૧ |

(૨) તે પેકી મૂળી અને હળવદ તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ક્યા ક્યા સંવર્ગની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) પત્રક-અ મુજબ.

(૩) આ જગ્યાઓ પુરવા સરકારે કેટલા અને કેવા કેવા પ્રયાસો કર્યા ?

(૩) તબીબી અધિકારી, વર્ગ-૨ની જગ્યાઓ માટે તા. ૧૧-૧-૨૦૦૮, તા. ૧૮-૬-૨૦૦૮, તા. ૨૬-૬-૨૦૦૮ અને તા. ૩૦-૮-૨૦૦૮ના રોજ ઇન્ટરવ્યુનું આયોજન કરીને કુલ ૨૦ બોન્ડેડ તબીબોના આદેશ કરવામાં આવેલ છે.

અન્ય જગ્યાઓ ભરવા માટે જિલ્લા પંચાયત દ્વારા તા. ૩૦-૬-૨૦૦૬ થી વિકાસ કમિશ્નરશ્રીને માંગણા પત્રકો મોકલી આપેલ છે.

**પત્રક-અ**

**મૂળી અને હળવદ તાલુકાના પ્રા. આ. કેન્દ્રમાં ૭ + ૨ પેટર્ન મુજબ માહિતી (સ્ટાફીંગ પોઝીશન)**
**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૪૨૨૩ માન. ધારાસભ્યશ્રી દેવજીભાઇ ફતેપરા (હળવદ મત વિસ્તાર)**

| અ.નં. | તાલુકાનું નામ | પ્રા.આ.કેન્દ્રનું નામ | મેડીકલ ઓફીસર | | | ક્યારથી ખાલી છે | જુનીયર ફાર્મસીસ્ટ | | | ક્યારથી ખાલી છે | લેબટેક | | | ક્યારથી ખાલી છે | ડ્રાઈવર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી |
| ૧ | મુળી | ટીકર (૫૨) | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ |
| ૨ | | સરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ |
| ૩ | | વગડીયા | ૧ | ૦ | ૧ | ૧૧-૬-૨૦૦૮ | ૧ | ૦ | ૧ | ૧૫-૯-૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૧૫-૯-૨૦૦૫ | ૧ | ૦ | ૧ |
| ૪ | હળવદ | મયુરનગર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૯-૭-૨૦૦૩ | ૧ | ૦ | ૧ |
| ૫ | | માથક | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧-૪-૨૦૦૫ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ |
| ૬ | | ટીકર રણ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ |
| | | | ૬ | ૫ | ૧ | | ૬ | ૪ | ૨ | | ૬ | ૪ | ૨ | | ૬ | ૧ | ૫ |

| ક્યારથી ખાલી છે | વોર્ડ બોય | | | ક્યારથી ખાલીછે. | વોર્ડ આયા | | | ક્યારથી ખાલી છે | પાર્ટ ટાઈમ સ્વીપર | | | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલી | | મંજુર | ભરેલ | ખાલ ૧ | |
| | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૨ | ૦ | ૨ | ૧-૩-૧૯૯૫ |
| ૩૦-૪-૦૮ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૨ | ૦ | ૨ | ૧-૩-૧૯૯૫ |
| ૧૫-૯-૦૫ | ૧ | ૦ | ૧ | ૧૫-૯-૦૫ | ૧ | ૦ | ૧ | ૧૫-૯-૦૫ | ૨ | ૦ | ૨ | ૧૫-૯-૦૫ |
| ૩૧-૭-૦૨ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૨ | ૦ | ૨ | ૧-૩-૧૯૯૫ |
| ૩૦-૪-૦૭ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૨ | ૦ | ૨ | ૧-૩-૧૯૯૫ |
| ૩૧-૧૨-૦૨ | ૧ | ૦ | ૧ | ૧-૩-૧૯૯૫ | ૧ | ૧ | ૦ | | ૨ | ૦ | ૨ | ૧-૩-૧૯૯૫ |
| | ૬ | ૦ | ૬ | | ૬ | ૧ | ૫ | | ૧૨ | ૦ | ૧૨ | |

## પાટણ જિલ્લામાં રાંધણગેસના કાળા બજાર

૪૧૯૨ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા રાંધણગેસના સબસીડીવાળા ગેસના સીલીન્ડરો કાળાબજારમાં કે ગેરકાયદેસર ઉપયોગ અન્વયે પકડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના રાંધણગેસના સબસીડીવાળા ગેસના સીલીન્ડરો કાળાબજારમાં કે ગેરકાયદેસર ઉપયોગ અન્વયે પકડવામાં આવ્યા.

| તાલુકાનું નામ | પકડવામાં આવેલ ગેસ સીલીન્ડર |
|---|---|
| પાટણ | ૩૨ |
| સિધ્ધપુર | ૬૨ |
| હારીજ | ૬ |
| સમી | ૩ |
| રાધનપુર | ૯ |
| કુલ : | ૧૧૨ |

**પ્રશ્ન**

(૨) પકડાયેલા ઈસમો સામે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૨) નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.
૧. રૂા. ૧,૧૬,૬૬૩/- ની કિંમતનો જથ્થો સીઝર કર્યો.
૨. રૂા. ૧,૦૦,૭૯૬/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.
૩. રૂા. ૧,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરી.
૪. ૪ કેસમાં પોલીસ કેસ કર્યા.
૫. એક કેસમાં અટકાયત કરી.

---------

## સરદાર સરોવરનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ

૩૮૫૭ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સરદાર સરોવર બંધની આજુબાજુમાં આવેલ સરોવરમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકાર દ્વારા શું આયોજન થઈ રહેલ છે ?

**જવાબ**

(૧) પ્રવાસન નિગમ દ્વારા અમદાવાદથી સરદાર સરોવર તથા તેની આજુબાજુમાં આવેલ સરોવર માટે આયોજીત પ્રવાસ ઉપાડવામાં આવે છે.

(૨) સરદાર સરોવર બંધની આજુબાજુમાં આવેલ સરોવર-૩ પર નોકાવિહાર શરૂ કરવામાં આવેલ છે.

(૩) આ ઉપરાંત બંધ સ્થળની આજુબાજુમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તે માટે વિશ્રામ કુટિરો, પ્રવાસીઓ માટે બેઠકો, પીવાના પાણી, શૌચાલયો, પાકા રસ્તા વિગેરે બનાવવામાં આવેલ છે.

(૪) આ ઉપરાંત સરોવરમાં જેટ ફાઉન્ટેઇન વિગેરે વિકસાવવાનું આયોજન થયેલ છે.

---------

**રાજ્યના ગીર અભ્યારણ્યમાં પ્રવાસીઓને આકર્ષવા આયોજન**

૩૭૦૯ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૮-૦૯માં ગીર અભ્યારણ્યને અમરેલી જિલ્લામાં આમરડી ખાતે પ્રવેશ મળે તે રીતે વિસ્તારી પ્રવાસીઓને આકર્ષવા માટેની યોજનાનુ રાજ્ય સરકારે આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો આ યોજના અંતર્ગત થનાર કામગીરી તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આમરડી વાઇલ્ડ લાઇફ ઇન્ટરપ્રીટેશન પરિયોજના માટે ભારત સરકાર દ્વારા રૂા. ૪૭૪.૨૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે અને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે સેન્ટ્રલ ઝુ ઓથોરીટીની મંજૂરી મળેલ છે. જ્યારે નામદાર સુપ્રીમ કોર્ટની મંજૂરી મેળવવા માટે વન વિભાગ દ્વારા ૫-૬-૨૦૦૮ ના પત્ર દ્વારા એડવોકેટને વિનંતી કરવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં કોમ્પ્યુટરની સુવિધા ગ્રામ પંચાયતોને આપવા બાબત**

૪૩૪૨ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ પંચાયતોને આપવામાં આવેલ કોમ્પ્યુટર ધ્વારા ઓનલાઈન ૭/૧૨ અને ૮અ, ના ઉતારા આપવાની સુવિધા તા.૩૧/૮/૦૮ સુધી ખેડા જિલ્લામાં કેટલી અને કઈ કઈ ગ્રામ પંચાયતોને આપવામાં આવી છે, અને

(૨) બાકીની ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં આ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૭૪ ગ્રામ પંચાયતોને આ સુવિધા તા. ૩૧-૮-૦૮ સુધીમાં આપવામાં આવેલ છે. (પત્રક સામેલ છે.)

(૨) બાકી રહેલ ૪૮૫ ગ્રામ પંચાયતોને ડીસેમ્બર-૦૮ સુધીમાં આ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે.

**પત્રક**

**ખેડા જિલ્લા હસ્તકની ગ્રામ પંચાયતોમાં ચાલુ થયેલ આર.ઓ.આર.ની વિગત દર્શાવતું પત્રક તા. ૩૧-૮-૦૮ અંતિત**

| અ.નં. | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ | અ.નં. | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ | અ.નં. | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ | અ.નં. | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કપડવંજ | નિરમાલી | ૧ | માતર | લીંબાસી | ૧ | ઠાસરા | ખીંજલપુર (ત) | ૧ | ખેડા | મહીજ |
| ૨ | | દાસલવાડા | ૨ | | મરાલા | ૨ | | નેસ | ૨ | | ખુમરવાડ |
| ૩ | | ગરોડ | ૩ | | નગરામા | ૩ | | વાઘરોલી | ૩ | | રઢુ |
| ૪ | | નવાગામ | ૪ | | રણાસર | ૪ | | પાલી | ૪ | | નવાગામ |
| ૫ | | આંતરસુંબા | ૫ | | ભલાડા | ૫ | | જરગાલ | ૫ | | નાયકા |
| ૬ | | તોરણા | ૬ | | લવાલ | ૬ | | માસરા | | | |
| ૭ | | આંત્રોલી | ૭ | | વાલોતરી | ૭ | | ખીંજલપુર (વા) | | | |
| ૮ | | આંબલીયારા | ૮ | | બામણગામ | ૮ | | રાણીયા | | | |
| ૯ | | અંતિસર | ૯ | | મલીયાતજ | ૯ | | મીઠાના મુવાડા | | | |
| ૧૦ | | મોટી ઝેર | ૧૦ | | શેખુપુર | ૧૦ | | વાડદ | | | |
| ૧૧ | | દનાદરા | ૧૧ | | સંધાણા | ૧૧ | | ઘુનાદરા | | | |

| તાલુકો | સંખ્યા |
|---|---|
| કપડવંજ | ૧૫ |
| માતર | ૨૯ |
| ઠાસરા | ૨૫ |
| ખેડા | ૦૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | | થવાદ | ૧૨ | | રતનપુર | ૧૨ | | સલુણ |
| ૧૩ | | ભાઇલાકુઇ | ૧૩ | | ઉંઢેળા | ૧૩ | | ગુમડીયા |
| ૧૪ | | ભુંગળીયા | ૧૪ | | અલીન્દ્રા | ૧૪ | | ભદ્રાસા |
| ૧૫ | | કેવડીયા | ૧૫ | | માતર | ૧૫ | | સોનેયા |
| | | | ૧૬ | | ગરમાળા | ૧૬ | | શામળપુરા |
| | | | ૧૭ | | મહેલજ | ૧૭ | | ઓરંગપુર |
| | | | ૧૮ | | અસલાલી | ૧૮ | | વજેવાલ |
| | | | ૧૯ | | ત્રાણજા | ૧૯ | | વિઠ્ઠલપુરા |
| | | | ૨૦ | | પુનાજ | ૨૦ | | સનાદરા |
| | | | ૨૧ | | બરોડા | ૨૧ | | સોનીપુર |
| | | | ૨૨ | | નધાનપુર | ૨૨ | | સાંગોલ |
| | | | ૨૩ | | અસામલી | ૨૩ | | રાવળીયા |
| | | | ૨૪ | | સીંજીવાડા | ૨૪ | | પીપલવાડા |
| | | | ૨૫ | | પરીયેજ | ૨૫ | | મહી ઇટાડી |
| | | | ૨૬ | | કુંજરા | | | |
| | | | ૨૭ | | પાલ્લા | | | |
| | | | ૨૮ | | ખરેટી | | | |
| | | | ૨૯ | | ત્ર્લોલી | | | |

| | |
|---|---|
| કુલ : | ૭૪ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની ફાળવણી

૪૩૩૬ **શ્રી હરીભાઈ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ફાળવવામાં આવી, અને

(૨) જો આવી સેવાઓ ફાળવવામાં આવી ન હોય તો કેટલા સમયમાં ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં દરેક તાલુકા દીઠ ૧ એમ બધા તાલુકામાં ૧૦ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ખેડા જિલ્લામાં પી.એચ.સી અને સી.એચ.સી.માં સંવર્ગવાર ઘટ

૩૬૪૪ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાદીઠ સંવર્ગવાર કેટલી ઘટ છે, અને

(૨) આવી ઘટ પૂરી કરવા સરકારે શા પગલાં લીધા?

**જવાબ**

(૧)

| તાલુકો | સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે. | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પ્રા. આ. કેન્દ્ર | | | સા. આ. કેન્દ્ર | | | |
| | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| બાલાસિનોર | - | ૦૫ | ૦૮ | ૦૨ | - | ૦૨ | ૦૩ |
| ઠાસરા | - | ૧૨ | ૨૩ | ૦૪ | - | ૦૭ | ૦૯ |
| કપડવંજ | - | ૦૬ | ૨૪ | - | - | ૦૬ | ૦૩ |
| માતર | - | ૦૯ | ૧૮ | ૦૧ | - | ૦૫ | ૦૧ |
| મહેમદાવાદ | - | ૦૯ | ૨૧ | ૦૧ | - | ૦૨ | ૦૫ |
| નડીયાદ | - | ૦૯ | ૨૪ | ૦૧ | - | ૦૧ | ૦૪ |
| વીરપુર | - | ૦૪ | ૦૭ | ૦૧ | - | ૦૩ | ૦૬ |
| મહુધા | - | ૦૭ | ૧૭ | - | - | ૦૩ | ૦૨ |
| કઠલાલ | - | ૦૬ | ૧૯ | - | - | ૦૧ | ૦૩ |
| ખેડા | - | ૦૪ | ૦૯ | ૦૧ | - | ૦૩ | ૦૨ |
| કુલ... | - | ૭૧ | ૧૭૦ | ૧૧ | - | ૩૩ | ૩૮ |

(૨) વર્ગ-૧ અને વર્ગ-૨ માટે દર મંગળવારે એડહોક ઓપન ઈન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવે છે. વધુમાં તબીબી કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણુંક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ગ-૩ પેરા મેડીકલ સંવર્ગની તેમજ બેકલોગની જ્ગ્યાઓ ભરવા માટે ગોણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રકો મોકલી આપવામાં આવે છે.

સ્ટાફ નર્સની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે દૈનિક પેપરોમાં જાહેરાત આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની ખાલી જ્ગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવે છે.

### બરવાળા અને ધંધુકા તાલુકામાં આરોગ્ય સુવિધા વધારવા દરખાસ્ત

૪૩૨૫ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦/૬/૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બરવાળા અને ધંધુકામાં કેવા પ્રકારની આરોગ્ય કેન્દ્રની સુવિધા વધારવાને લગતી દરખાસ્તો આવેલ છે,

(૨) આ પ્રકારની દરખાસ્ત ક્યા કક્ષાએ વિચારણામાં છે અને

(૩) નિર્ણય ક્યારે લેવામાં આવે તેમ છે ?

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બરવાળા અને ધંધુકામાં સુવિધા વધારવા કોઈ પણ દરખાસ્ત મળેલ નથી. તેમ છતાં અમદાવાદ જિલ્લામાં બરવાળા, ધંધુકા, ધોલેરા ખાતે ૧૦૮ની ઈ.એમ.આર.ની સુવિધા કરવામાં આવી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જામનગર જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓ

૪૦૪૭ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૫/૨૦૦૮ ની સ્થિતિએ બી.પી.એલ.ના લાભાર્થીઓએ લાભાર્થી તરીકે નોંધણી કરાવવા તાલુકાવાર કેટલી અરજીઓ આવેલ છે,

(૨) આવેલ અરજીઓ પેકી કેટલા અરજદારોને બી.પી.એલ.ના લાભાર્થી તરીકે તાલુકાવાર મંજૂર કર્યા,

(૩) કેટલા અરજદારોની અરજીઓ નામંજૂર કરી, અને ?

(૪) અરજીઓ નામંજૂર કરવાના કારણો ક્યા હતા ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૮ની સ્થિતિએ બી.પી.એલ.ના લાભાર્થીઓએ લાભાર્થી તરીકે નોંધણી કરાવવા આવેલ તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | નોંધણી કરવામાં આવેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૬૮૦૭ |
| ૨ | ધ્રોળ | ૪૩૩૭ |
| ૩ | જોડીયા | ૩૮૪૬ |
| ૪ | કાલાવડ | ૫૧૮૨ |
| ૫ | લાલપુર | ૪૨૪૫ |
| ૬ | ભાણવડ | ૨૪૮૭ |
| ૭ | જામજોધપુર | ૯૪૭ |
| ૮ | ખંભાળીયા | ૪૩૮૯ |
| ૯ | કલ્યાણપુર | ૮૧૨ |
| ૧૦ | દ્વારકા | ૨૧૪૩ |
| | કુલ... | ૩૫૧૯૫ |

(૨) આવેલ અરજીઓ પેકી બી.પી.એલ. લાભાર્થીઓ તરીકે તાલુકાવાર અરજીઓ મંજુર કરવા માટે ૧૯૬૨ અરજીઓ નિર્ણયની પ્રક્રિયા હેઠળ છે. ૯૬૮૦ અરજી માટે નવા ફોર્મ ભરવાની કામગીરી ચાલુ છે. ૮૨૧૬ ફોર્મની ચકાસણી ચાલુ છે. તથા ૧૮૮૨ ફોર્મની ડેટા એન્ટ્રીની કામગીરી ચાલુ છે.

(૩) આવેલ અરજીઓ પેકી ૧૩૪૫૫ અરજદારોની અરજીઓ નામંજુર કરેલ છે.

(૪) અગાઉ મોજણીમાં સર્વે થઈ ગયેલ હોય તેમજ પાત્રતા ધરાવતાં ન હોય અરજીઓ નામંજુર કરેલ છે.

---------

### મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો બાંધવા બાબત

૪૬૪૫ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના

કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપ્યો ?

કુલ-૩૭૦૫ મકાનો બનાવવામાં આવ્યા.

(૨) બનાવવામાં આવેલ આવાસો પેકી તમામ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવેલ છે.

---------

**જંગલ અધિકાર કાનૂનના અમલીકરણની કાર્યવાહી**

૩૯૧૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૮/૨૦૦૮ની સ્થિતિએ લોકસભાએ પસાર કરેલ જંગલ અધિકાર કાનૂન-૨૦૦૬ (રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ) મુજબ સરકારે અમલીકરણ માટે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાનૂન હેઠળ જંગલની જમીન ખેડતા કેટલા ખેડૂતો અંદાજે કેટલા હેકટર જમીન ખેડતા હોવાની માહિતી મળી છે, | (૨) આ કાનૂન હેઠળ જંગલની જમીન ખેડતા ૭૪,૨૫૧ ખેડૂતોએ અંદાજે ૧.૨૫ લાખ હેક્ટર જમીન ખેડતા હોવાની માહિતી મળી છે. |
| (૩) કેટલી જમીન માટે ગ્રામ સભા/ખેડૂતો પાસેથી દાવાઓ મેળવવામાં આવ્યા છે, | (૩) અંદાજે ૧.૨૫ લાખ હેક્ટર જમીન માટે. |
| (૪) તે અન્વયે કેટલી જમીનને સનદ આપવામાં આવી, અને | (૪) કોઈ જમીનને સનદ આપવામાં આવેલ નથી. પરંતુ કાયદા અને નિયમોની જોગવાઈ અન્વયે ૧૨ જિલ્લાના ૪૩ તાલુકાના ૨૧૫ ગામોમાં સ્થળ તપાસ કાર્યક્રમો બહાર પાડવામાં આવેલ છે. |
| (૫) ખેડૂતોને સનદ આપવાના દાવાઓની પતાવટ કરવાની કેટલા સમય સુધીની ધારણા છે ? | (૫) ખેડૂતોને અધિકાર પત્ર આપવા માટે જિલ્લા દ્વારા બહાર પાડેલ કાર્યક્રમો મુજબ વન અધિકાર સમિતિ તરફથી સ્થળ ચકાસણી પૂર્ણ થયા બાદ વહેલી તકે દાવાઓની પતાવટ કરવામાં આવશે. |

---------

**ગારીયાધાર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરની નિમણૂક**

૩૭૨૧ **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગારીયાધાર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૩૧/૭/૨૦૦૮ની સ્થિતિએ એક જ ડૉક્ટર છે તે હકીકત સાચી છે, | (૧) ના. |
| (૨) જો હા, તો અન્ય ડૉક્ટરની નિમણૂક આપવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં ડૉક્ટરની નિમણૂક આપવામાં આવશે ? | (૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી. |

--------

**કેન્દ્ર સરકાર તરફથી મળેલ ચોખા/ઘઉં**

૪૩૨૯ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર તરફથી શું ભાવે ઘઉં અને ચોખા મળે છે, અને | (૧) કેન્દ્ર સરકાર તરફથી જે ભાવે ઘઉં અને ચોખાના જથ્થાની ફાળવણી થાય છે તેની યોજનાવાર ભાવની વિગતો નીચે મુજબ છે. |

(ભાવ પ્રતિ કિલો રૂા. પૈસા)

| | યોજનાનું નામ | ઘઉં | ચોખા |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય | ૨.૦૦ | ૩.૦૦ |
| ૨ | બીપીએલ | ૪.૧૫ | ૫.૬૫ |
| ૩ | એપીએલ | ૬.૧૫ | -- |

(૨) રાજ્ય સરકાર શા ભાવે લાભાર્થીઓને વિતરણ કરે છે ?

(૨) રાજ્ય સરકાર ધ્વારા લાભાર્થીઓને વિતરણ કરવા માટે ઠરાવેલ ભાવની યોજનાવાર વિગતો નીચે મુજબ છે. (વિતરણ ભાવ પ્રતિ કિલો રૂા. પેસા)

| | યોજનાનું નામ | ઘઉં | ચોખા |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય | ૨.૦૦ | ૩.૦૦ |
| ૨ | બીપીએલ | ૨.૦૦ | ૩.૦૦ |
| ૩ | એપીએલ | ૭.૦૦ | -- |

---------

**પંચમહાલ જિલ્લામાં વનબંધુ યોજનામાં થયેલ કામગીરી**

૪૬૦૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૪/૦૬ થી તા. ૩૧/૩/૦૮ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર વનબંધુ યોજના હેઠળ ક્યા ક્યા પ્રકારની સહાય/કામગીરી કરવામાં આવી,

(૨) તે પૈકી કઈ કઈ સંસ્થાઓને કામગીરી સુપ્રત કરી, અને

(૩) સંસ્થા દ્વારા થયેલ કામગીરી દરમ્યાન આદિવાસી લાભાર્થીઓને લાભ મળેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના એ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનું નવું પેકેજ છે. અને આ પેકેજ હેઠળ કામગીરી કરવા માટે આદિજાતિ વિકાસ વિભાગ તરફથી દરેક વિભાગને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જીલ્લાવાર અને તાલુકાવાર ફંડ ફાળવવામાં આવતું નથી. પરંતુ સદરવાર ફંડ ફાળવવામાં આવે છે. તદ્અનુસાર સને ૨૦૦૭-૦૮માં આ યોજનામાં આદિજાતિ વિકાસ વિભાગ તરફથી રૂા. ૩૦૨૨.૫૪ લાખની વ્યક્તિગત તથા સામુહિક સહાય/કામગીરી કરવામાં આવેલ છે.

(૨) આદિજાતિ કલ્યાણની કામગીરી મોટે ભાગે અમલીકરણ અધિકારી મારફતે કરાવવામાં આવે છે. નીચે મુજબની સંસ્થાઓને પણ કામગીરી સુપ્રત કરવામાં આવે છે.

૧. ગુજરાત લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, નંદીસર
૨. ઈન્ડો જર્મન ટુલ્સ રૂમ, અમદાવાદ
૩. સી. પેટ, અમદાવાદ
૪. આઈ. રોડ, અમદાવાદ
૫. પંચમહાલ ડેરી, ગોધરા

(૩) હા, જી.

---------

**વડોદરા જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ**

૪૨૩૯ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ કેટલા બી.પી.એલ. રેશનકાર્ડ ધારણકર્તા કુટુંબો છે,

(૨) બી.પી.એલ.ની યાદીમાં નામ સમાવિષ્ટ ન થવા બાબત કેટલી ફરિયાદ સરકારને મળી છે, અને

(૩) આ ફરિયાદ ના નિકાલ માટે શી કામગીરી થઈ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ૧,૪૫,૫૩૭ બી.પી.એલ. રેશનકાર્ડ ધારણકર્તા કુટુંબો છે.

(૨) વડોદરા જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં નામ સમાવિષ્ટ ન થવા બાબતે ૭૨૪૩૯ અરજીઓ મળેલ છે.

(૩) અરજીઓના નિકાલ બાદ બાકી રહેલ ૧૧૨ ફરીયાદોના નિકાલ માટે વડોદરા મહાનગર, સેવાસદનને તથા જિલ્લાગ્રામ વિકાસ એજન્સી વડોદરાને આ અંગેનો ત્વરિત નિકાલ કરવા માટે નિયામકશ્રી એ સબંધકર્તાને જાણ કરેલ છે.

**અકસ્માત સામે ટ્રોમા સેન્ટરનું નેટવર્ક સઘન બનાવવા અંગે**

૩૬૮૭ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે અકસ્માત સામે તાત્કાલિક સારવાર મળે તે હેતુથી ટ્રોમા સેન્ટરોનું નેટવર્ક તૈયાર કરી તાત્કાલિક સારવાર વ્યવસ્થા સઘન બનાવવા વિચારેલ છે કે કેમ, અને

(૨) તા. ૧ લી જાન્યુઆરી, ૨૦૦૮ થી તા. ૩૧/૭/૨૦૦૮ સુધીમાં રાજ્યમાં કેટલા નવા ટ્રોમા સેન્ટરોનું ઉદ્દઘાટન માન. મુખ્ય મંત્રીશ્રીના હાથે થયું ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે તા. ૧-૫-૨૦૦૮ અને ૨. જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે તા. ૧૪-૮-૨૦૦૮ના રોજ ટ્રોમા સેન્ટરોનું ઉદ્દ્ઘાટન માન. મુખ્ય મંત્રીશ્રીના હસ્તે થયેલ છે.

---------

**જામનગર જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા અંગે**

૪૬૪૭ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જામનગર જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ભુતિયા રેશનકાર્ડ તાલુકાવાર રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા

| અ. નં. | તાલુકાનું નામ | રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૫૩૩૧ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૨૫૮૪ |
| ૩ | જોડીયા | ૧૦૧૧ |
| ૪ | ધ્રોળ | ૯૭૫ |
| ૫ | કાલાવાડ | ૧૬૮૬ |
| ૬ | લાલપુર | ૧૧૩૯ |
| ૭ | ખંભાળીયા | ૨૪૦૪ |
| ૮ | ભાણવડ | ૧૬૬૮ |
| ૯ | જામજોધપુર | ૧૫૬૬ |
| ૧૦ | કલ્યાણપુર | ૧૬૪૭ |
| ૧૧ | દ્વારકા | ૧૧૭૯ |
| | **કુલ :** | **૨૧૧૯૦** |

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયતના વિભાજનની દરખાસ્તો**

૩૮૧૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકા દીઠ, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન કઇ કઇ પંચાયતના વિભાજનની દરખાસ્તો આવી,

(૨) આવેલ પ્રત્યેક દરખાસ્ત તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ ક્યા તબક્કે પડતર છે, અને

**જવાબ**

(૧) કુલ ચાર દરખાસ્તો મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગા. પં. નું નામ |
|---|---|---|
| ૧ | વાવ | પાનસડા |
| ૨ | થરાદ | વડગામડા |
| ૩ | દિયોદર | વજેગઢ |
| ૪ | પાલનપુર | વાઘણા |

(૨) આવેલ દરખાસ્તોની તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રામ પંચાયતોનું નામ | હાલની સ્થિતિ |
|---|---|---|
| ૧ | પાનસડા | તા. ૧૧-૯-૨૦૦૭ના જાહેરનામાથી વિભાજન મંજૂર કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૨ | વડગામડા | જિલ્લા પંચાયતમાં પડતર છે. |
| ૩ | વજેગઢ | વિભાગમાં પડતર છે. |
| ૪ | વાઘણા | વિભાગમાં પડતર છે. |

(૩) પડતર દરખાસ્તોનું હકારાત્મક પરિણામ ક્યાં સુધીમાં આવશે ?

(૩) પૂર્તતા થયેથી વહેલી તકે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

---------

**આણંદ જિલ્લામાં રોજગાર ગેરંટી યોજના**

૩૯૨૬ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રોજગાર ગેરંટી યોજનામાં તાલુકાવાર તારીખ ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કેટલા કામો શરૂ કરવામાં આવ્યા,

(૨) તેમાંથી કેટલા કામો પૂર્ણ ક્યાં,

(૩) આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા માનવ-દિનની રોજગારી આપવામાં આવી, અને

(૪) આણંદ જિલ્લામાં તાલુકાવાર થયેલ કામોમાં તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રોજગાર ગેરંટી યોજનામાં તાલુકાવાર તા. ૧-૪-૨૦૦૮થી તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં ૩૪૯ કામો શરૂ કરવામાં આવ્યા.

| **તાલુકો** | **ચાલુ કરેલ કામની વિગત** |
|---|---|
| આણંદ | ૩૯ |
| ઉમરેઠ | ૨૪ |
| બોરસદ | ૭૧ |
| આંકલાવ | ૧૯ |
| પેટલાદ | ૬૧ |
| સોજીત્રા | ૨૩ |
| ખંભાત | ૮૨ |
| તારાપુર | ૩૦ |
| **કુલ :** | **૩૪૯** |

(૨) તેમાંથી ૭૬ કામો પૂર્ણ ક્યાં.

(૩) આણંદ જિલ્લામાં ૭૮૮૮૧ માનવદિનની રોજગારી આપવામાં આવી.

| **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** |
|---|---|
| આણંદ | ૨૭૭૯ |
| ઉમરેઠ | ૨૪૫૦ |
| બોરસદ | ૧૬૯૩૦ |
| આંકલાવ | ૧૨૫૧ |
| પેટલાદ | ૨૯૪૨ |
| સોજીત્રા | ૨૩૭૫ |
| ખંભાત | ૩૩૯૧૩ |
| તારાપુર | ૧૬૨૪૧ |
| **કુલ :** | **૭૮૮૮૧** |

(૪) આણંદ જિલ્લામાં તાલુકાવાર થયેલ કામોમાં તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કુલ રૂા. ૨૫.૬૯ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| **તાલુકો** | **કરેલ ખર્ચ** |
|---|---|
| આણંદ | ૧.૪૬ |
| ઉમરેઠ | ૧.૩૫ |
| બોરસદ | ૨.૭૭ |
| આંકલાવ | ૦.૬૫ |

| | |
|---|---|
| આંક્લાવ | ૦.૬૫ |
| પેટલાદ | ૧.૦૨ |
| સોજીત્રા | ૧.૦૦ |
| ખંભાત | ૧૧.૧૯ |
| તારાપુર | ૬.૨૫ |
| કુલ : | ૨૫.૬૯ |

---------

**પાલનપુર ખાતે મહિલા સરપંચોનું સંમેલન**

૩૬૫૨ **શ્રી દિતભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૮ની સ્વાતંત્રદિનની ઉજવણી પ્રસંગે પંચાયતી રાજના તમામ મહિલા સરપંચોનું રાજ્ય કક્ષાનું સંમેલન પાલનપુર આદર્શ નિવાસી શાળા ખાતે યોજવામાં આવેલ હતું તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ અંગે એસ.ટી. ની કેટલી બસો જિલ્લાવાર મુકવામાં આવી હતી, અને

**જવાબ**

(૧) હા.

(૨) સાથેના પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

**જિલ્લા પંચાયત મારફતે કરેલ વ્યવસ્થાની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.**

| અ. નં. | જિલ્લાનું નામ | એસ.ટી. બસની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૩ |
| ૨ | અમરેલી | ૦૨ |
| ૩ | આણંદ | ૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૦૦ |
| ૫ | ભાવનગર | ૦૩ |
| ૬ | ભરૂચ | ૦૧ |
| ૭ | દાહોદ | ૦૨ |
| ૮ | ડાંગ | ૦૦ |
| ૯ | ગાંધીનગર | ૦૨ |
| ૧૦ | જામનગર | ૦૩ |
| ૧૧ | જુનાગઢ | ૦૩ |
| ૧૨ | કચ્છ | ૦૨ |
| ૧૩ | ખેડા | ૦૦ |
| ૧૪ | મહેસાણા | ૦૪ |
| ૧૫ | નર્મદા | ૦૧ |
| ૧૬ | નવસારી | ૦૨ |
| ૧૭ | પંચમહાલ | ૦૪ |
| ૧૮ | પાટણ | ૦૩ |
| ૧૯ | પોરબંદર | ૦૧ |
| ૨૦ | રાજકોટ | ૦૨ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૦૫ |
| ૨૩ | સુરત | ૦૧ |
| ૨૪ | વડોદરા | ૦૧ |
| ૨૫ | વલસાડ | ૦૧ |
| ૨૬ | તાપી | ૦૦ |
| | **કુલ :** | **૪૬** |

**પત્રક-૨**

**જિલ્લા પંચાયત મારફતે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.**

| અ. નં. | જિલ્લાનું નામ | થયેલ ખર્ચની રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૯૬૧/- |
| ૨ | અમરેલી | ૩૮૯૪૪/- |
| ૩ | આણંદ | ખર્ચ પાડવામાં આવેલ નથી. |
| ૪ | બનાસકાંઠા | ખર્ચ પાડવામાં આવેલ નથી. |
| ૫ | ભાવનગર | ૫૨૨૮૪/- |
| ૬ | ભરૂચ | ૧૧૯૮૪/- |
| ૭ | દાહોદ | ૩૧૨૩૨/- |
| ૮ | ડાંગ | ૧૧૪૧૩/- |
| ૯ | ગાંધીનગર | ૧૩૨૯૦/- |
| ૧૦ | જામનગર | ૮૫૯૧૦/- |
| ૧૧ | જુનાગઢ | ૬૫૩૮૦/- |
| ૧૨ | કચ્છ | ૨૫૦૭૨/- |
| ૧૩ | ખેડા | ૨૧૮૬૪/- |
| ૧૪ | મહેસાણા | ખર્ચ પાડવામાં આવેલ નથી. |
| ૧૫ | નર્મદા | ૨૦૦૦૦/- |
| ૧૬ | નવસારી | ૫૫૪૧૧/- |
| ૧૭ | પંચમહાલ | ૪૭૦૮૦/- |
| ૧૮ | પાટણ | ૨૭૩૯૫/- |
| ૧૯ | પોરબંદર | ૩૪૬૦૭/- |
| ૨૦ | રાજકોટ | ખર્ચ પાડવામાં આવેલ નથી. |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫૧૯૫/- |
| ૨૨ | સાબરકાંઠા | ૪૯૬૪૦/- |
| ૨૩ | સુરત | ૪૨૯૧૮/- |
| ૨૪ | વડોદરા | ૩૬૮૮૮/- |
| ૨૫ | વલસાડ | ૩૧૩૯૩/- |
| ૨૬ | તાપી | ખર્ચ પાડવામાં આવેલ નથી. |
| | **કુલ :** | **૭,૨૮,૮૬૧/-** |

(૩) તેનો ખર્ચ જિલ્લા પંચાયતોના સ્વભંડોળમાંથી કરવાની સુચનાઓ અધિક વિકાસ કમિશ્નર દ્વારા થયેલ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) આવી કોઈ સૂચના અધિક વિકાસ કમિશ્નર દ્વારા આપવામાં આવેલ નથી પરંતુ સંમેલન અન્વયે થયેલ ખર્ચની વિગતો સામેલ **પત્રક-૨** મુજબ છે.

---------

**બનાસકાંઠા જિલ્લાના સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૪૨૦૦ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને

**જવાબ**

(૧) ડીસા ખાતે સરકારી હોસ્પીટલ છે.
૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને બે જિલ્લા પંચાયત

જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના કેટલા ક્યા ક્યા ગામે ચાલે છે,

સંચાલિત દવાખાના છે.

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

(૧) જુના ડીસા (૨) સમો મોટા (૩) કુચાવાડા (૪) ડાવસ-(૫) જેરડા (૬) રામસણ (૭) ભીલડી (૮) મોટા કાપરા (૯) લાખણી (૧૦) વરલોડા જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના : (૧) દાસા (૨) આસેડા

(૨) આ તમામ આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમની સામે કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| કેન્દ્રો | મંજૂર જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| પ્રા. આ. કેન્દ્રો | ૮૦ | ૫૨ | ૨૮ |
| જિ. પં. સંચાલિત દવાખાના | ૦૨ | ૦૨ | -- |

(૩) ખાલી જગ્યાઓ કેટલા વખતથી ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ કે ૨ ની કોઈ જગ્યા ખાલી નથી વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા ભરવામાં આવે છે.

---------

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને ઘઉં/ચોખા મળવા બાબત**

૪૬૩૭ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી શું ભાવે ઘઉં અને ચોખા મળે છે, અને

(૧) કેન્દ્ર સરકાર તરફથી જે ભાવે ઘઉં અને ચોખાના જથ્થાની ફાળવણી થાય છે તેની યોજનાવાર ભાવની વિગતો નીચે મુજબ છે.

| | **યોજનાનું નામ** | **ભાવ પ્રતિ કિલો ઘઉં** | **રૂા. પેસા ચોખા** |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય | ૨.૦૦ | ૩.૦૦ |
| ૨ | બીપીએલ | ૪.૧૫ | ૫.૬૫ |
| ૩ | એપીએલ | ૬.૧૫ | -- |

(૨) રાજ્ય સરકાર શા ભાવે લાભાર્થીઓને વિતરણ કરે છે ?

(૨) રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીઓને વિતરણ કરવા માટે કરાયેલ ભાવની યોજનાવાર વિગતો નીચે મુજબ છે. (વિતરણ ભાવ પ્રતિ કિલો રૂા. પેસા)

| | **યોજનાનું નામ** | **ઘઉં** | **ચોખા** |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય | ૨.૦૦ | ૩.૦૦ |
| ૨ | બીપીએલ | ૨.૦૦ | ૩.૦૦ |
| ૩ | એપીએલ | ૭.૦૦ | -- |

---------

**તાપી જિલ્લામાં વન વિભાગ દ્વારા ચેક ડેમો અને વન તલાવડીઓ બનાવવા બાબત**

૪૨૪૧ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાપી જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામોમાં ચેક ડેમો અને વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૧) તાપી જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેના ગામોમાં ચેક ડેમ બનાવેલ છે. વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

| **વર્ષ** | **તાલુકાનું નામ** | **ગામનું નામ** | **બનાવવામાં આવેલ ચેકડેમની સંખ્યા** |
|---|---|---|---|
| **૨૦૦૭-૦૮** | વ્યારા | પીઠાદરા | ૦૨ |
| | | બેશનીયા | ૦૧ |
| | | **કુલ :** | **૦૩** |
| | સોનગઢ | હિન્દલા | ૦૧ |
| | | લવલાચી | ૦૧ |
| | | જામખડી | ૦૧ |
| | | દોણ | ૦૧ |
| | | મેઢા | ૦૧ |
| | | અજવાર | ૦૧ |
| | | આમલદી | ૦૧ |
| | | સાતકાશી | ૦૧ |
| | | લીબી | ૦૧ |
| | | કુલ : | ૦૯ |
| | ઉચ્છલ | આમોદા | ૦૧ |
| | | ચંદાપુર | ૦૧ |
| | | ટોકરવા | ૦૧ |
| | | **કુલ :** | **૦૩** |
| | | **કુલ : ૨૦૦૭-૦૮** | **૧૫** |
| **૨૦૦૮-૦૯ (તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ)** | **વ્યારા** | બોરકચ્છ | ૦૧ |
| | | ચુનાવાડી | ૦૧ |
| | | પદમડુંગરી | ૦૨ |
| | | પેરવડ | ૦૧ |
| | | વાઘપાણી | ૦૧ |
| | | **કુલ :** | **૦૬** |
| | **સોનગઢ** | ચીમેર | ૦૧ |
| | | શ્રાવણીયા | ૦૧ |
| | | મલંગદેવ | ૦૧ |
| | | મેઢા | ૦૧ |
| | | ગુનખડી | ૦૧ |
| | | નીંદવાડ | ૦૨ |
| | | આછલવા | ૦૧ |
| | | ઝીરકીપાણી | ૦૧ |
| | | કેન્દ્રીપાણી | ૦૧ |
| | | સાતકાશી | ૦૨ |
| | | કુલ : | ૧૨ |
| | **ઉચ્છલ** | ધારેશ્વર | ૦૧ |
| | | જાંબીપાણી | ૦૧ |
| | | ટોકરવા | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| | | કુલ : | ૦૪ |
| | | **કુલ : ૦૮-૦૯** | **૨૨** |

(૨) આ અધૂરા કામો ક્યારે પૂરા કરવામાં આવશે ?

(૨) સને ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯માં તા. ૩૦-૬-૦૮ અંતિત બનાવેલ તમામ ચેક ડેમોના કામ પૂર્ણ થઈ ગયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ શહેરમાં રાંધણગેસના બાટલાઓના ગેરકાયદેસર ઉપયોગ**

૪૦૧૧ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) જો હા, તો આ યોજના અંર્તગત થનાર કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબકકે છે? | (૨) આમરડી વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રીટેશન પરિયોજના માટે ભારત સરકાર ધ્વારા રૂા.૪૭૪.૨૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે અને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે સેન્ટ્રલ ઝુ ઓથોરીટીની મંજૂરી મળેલ છે જ્યારે નામદાર સુપ્રીમ કોર્ટની મંજૂરી મેળવવા માટે વન વિભાગ ધ્વારા ૫/૬/૨૦૦૮ના પત્ર ધ્વારા એડવોકેટને વિનંતી કરવામાં આવેલ છે. |

**ખેડા જિલ્લામાં વન વિભાગ દ્વારા બનાવેલ ચેકડેમ અને વન તલાવડીઓ**

૩૯૮૩ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામોમાં ચેકડેમો, વન તલાવડીઓ બનાવવામાં આવી,

(૨) ગામવાર કેટલો ખર્ચ થયો છે, અને કેટલા અને ક્યા ક્યા કામો અધૂરા છે, અને

(૩) આ અધૂરા કામો ક્યારે પૂરા કરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેના ગામોમાં ચેકડેમ બનાવેલ છે અને કોઇપણ ગામે વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

| વર્ષ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | વિરપુર | ઘાટડા |
| | બાલાશિનોર | પાંડવા |
| | કપડવંજ | લાલના માંડવા |
| | કપડવંજ | વાઘાવત |
| ૨૦૦૮-૦૯ તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ) | - | - |

(૨) ગામવાર ચેકડેમ બનાવવા માટે નીચે મુજબ ખર્ચ થયેલ છે. અને કોઇ કામ અધુરા નથી.

| તાલુકાનું નામ | ગામનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| વિરપુર | ઘાટડા | ૧.૧૦ |
| બાલાશિનોર | પાંડવા | ૨.૪૦ |
| કપડવંજ | લાલના માંડવા | ૧.૨૦ |
| કપડવંજ | વાઘાવત | ૦.૫૫ |
| | કુલ : | ૫.૨૫ |

(૩) તમામ કામો પૂર્ણ થઇ ગયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં ખાનગી ટયુશન ફી સહાય**

૪૨૦૬ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન સહાય આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭ દરમ્યાન કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) આ ટયુશન ફી માટે વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા કઈ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૬ દરમ્યાન ૧ વિદ્યાર્થી
વર્ષ ૨૦૦૭ દરમ્યાન ૩ વિદ્યાર્થી

(૩) રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક.

---------

**રાજ્યની હોસ્પિટલોમાં એમ.આર.આઈ. મશીનોની વ્યવસ્થા**

૩૬૯૯ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યના આરોગ્ય વિભાગે ઉચ્ચ ટેક્નોલોજી આધારિત એમ.આર.આઈ. મશીન રાજ્યની હોસ્પિટલોમાં ઉપલબ્ધ

**જવાબ**

(૧) તબીબી શિક્ષણ પ્રભાગ હેઠળની રાજ્યમાં આવેલ અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને સુરત ખાતે આવીકરાર આધારીત વ્યવસ્થા ગોઠવવામાં

બને તે માટે કરાર આધારિત કોઈ વ્યવસ્થા ગોઠવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

આવેલ છે.

(૨) અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગર ખાતે એમ.આર.આઈ. મશીનની સુવિધાઓ પુરી પાડવા માટે મેસર્સ વીપ્રો. જી.ઈ. હેલ્થ કેર સાથે કરાર (એમ.ઓ.યુ.) કરેલ છે જ્યારે સુરત ખાતે છાંયડો સંસ્થા સાથે એમ.આર.આઈ. મશીન સબબ કરાર (એમ.ઓ.યુ) કરેલ છે.

---------

## અંબાજી ખાતે સવલતો સુધારવાની કાર્યવાહી

૩૬૮૧ **શ્રી અનિલકુમાર અ.માળી(દીયોદર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ અંબાજી ખાતે યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા હયાત સવલતો સુધારવા તેમજ નવી પ્રવાસનની સવલતો ઉભી કરવા શી કાર્યવાહી થઈ છે,

(૨) આ કાર્યવાહી અંતગર્ત કઈ કામગીરીની મંજૂરીઓ અપાઈ છે, અને

(૩) આ કામગીરી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) યાત્રાધામ અંબાજીમાં સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## તાપી જિલ્લામાં લેપ્ટોસ્પાયરોસીસ રોગને અટકાવવા લીધેલ પગલાં

૩૯૮૧ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તાપી જિલ્લામાં ભારે વરસાદ પછી લેપ્ટોસ્પાઇરોસીસ નામનો રોગ વ્યાપક બન્યો છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧/૮/૦૮ સુધીમાં કેટલા કેસો નોંધાયા, અને કેટલાના મૃત્યુ થયા, અને

(૩) આ રોગચાળો અટકાવવા સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૮-૦૮ સુધીમાં તાપી જિલ્લામાં શંકાસ્પદ લેપ્ટોસ્પાઇરોસીસના ૭૪ કેસો નોંધાવવા પામેલ છે, અને તે પેકી ૧૨ મરણ નોંધાવવા પામેલ છે.

(૩) આ રોગચાળો અટકાવવા રાજ્ય સરકારે નીચે મુજબ પગલાં લીધેલ છે.

- તાપી જિલ્લાના ૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને લેવલ ૧ સેન્ટર તરીકે આઈડેન્ટીફાઈ કરી પ્રાથમિક લેબોરેટરી નિદાન અર્થે સવલત ઉભી કરવામાં આવી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર વ્યારા ખાતે ફિઝીશ્યન ડૉક્ટરને પ્રતિનિયુક્તિ પર મુકી ૨૪ કલાક તજજ્ઞની સેવા ઉભી કરી.
- દર્દીઓને સુરત તથા બારડોલી ખાતે શીફટ કરવા વિના મૂલ્યે વાહન વ્યવસ્થા કરવામાં આવી છે.
- ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સનો પણ ઉપયોગ કરવામાં આવે છે.
- સર્વેલન્સ કામગીરીમાં ૪ રાઉન્ડ દરમ્યાન ૨૭૩૯૪ તાવના કેસોને સારવાર તથા ૨૭૮૧૯૬ જેટલી કેપ. ડોક્ષીસાયક્લીન આપવામાં આવી.
- જિલ્લાના મેડિકલ ઓફિસર, પેરામેડીકલ કર્મચારીને મોડયુલર તાલીમ આપી.
- જિલ્લાના ૧૨૯ પદાધિકારીશ્રી, આશાવર્કર, આંગણવાડી વર્કર, સ્વયંસેવકો, ગ્રામ આરોગ્ય મિત્રો તથા ખાનગી એન.જી.ઓ. સંસ્થાના ૧૪૪ ડૉકટરોને તાલીમ/માહિતી આપવામાં આવી.
- કૃષિ મહોત્સવ દરમ્યાન જનજાગૃતિ માટે ૫૨૧ ગામોમાં ૯૨ આરોગ્ય શિક્ષણ, શિબીરો, ૮ નાટકો/પપેટ શો, ૭૬ પ્રદર્શન અને ૧૨૦૦૦ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

--------

## મહેસાણા જિલ્લામાં રોગી કલ્યાણ સમિતિનું ભંડોળ

૪૦૯૭ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં રોગી કલ્યાણ સમિતિની કુલ કેટલી મીટીંગો તા. ૩૦/૬/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, આ મીટીંગો કઈ જગ્યાએ કઈ તારીખે મળેલ, | (૧) પત્રક-અ મુજબ. |
| (૨) રોગી કલ્યાણ સમિતિમાં ક્યા તાલુકામાંથી કેટલી આવક થયેલ છે, | (૨) પત્રક-બ મુજબ. |
| (૩) તા. ૩૦/૬/૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલું ભંડોળ છે, અને | (૩) પત્રક-ક મુજબ. |
| (૪) કેટલું ભંડોળ ક્યા ક્યા પ્રોજેક્ટ હેઠળ | (૪) પત્રક-ડ મુજબ. |

વાપરવામાં આવ્યું ?

**પ ત્ર ક - અ**

| ક્રમ | રોગી કલ્યાણ સમિતિનું નામ | મીટીંગોની તારીખ | મીટીંગનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિજાપુર. | ૨૮-૨-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, વિજાપુર |
| ૨ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કોલવડા. | ૨૨-૨-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, કોલવડા |
| ૩ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ખેરાલુ.. | ૩૦-૬-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, ખેરાલુ |
| ૪ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વડનગર. | ૫-૩-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, વડનગર |
| ૫ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કહોડા. | ૧૨-૧૦-૨૦૦૭<br>૨૮-૨-૨૦૦૮<br>૧૬-૫-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, કહોડા |
| ૬ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સતલાસણા. | ૨૨-૧૧-૨૦૦૭<br>૨૮-૨-૨૦૦૮<br>૪-૪-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, સતલાસણા |
| ૭ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઉદલપુર. | ૪-૧-૨૦૦૮<br>૮-૫-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, ઉદલપુર |
| ૮ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કડી. | ૧૮-૮-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, કડી |
| ૯ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, થોળ. | ૨૩-૫-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, થોળ |
| ૧૦ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, બેચરાજી. | ૨૫-૩-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, બેચરાજી |
| ૧૧ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, લાંઘણજ. | ૮-૨-૨૦૦૮<br>૧૨-૮-૨૦૦૮ | સા.આ.કેન્દ્ર, લાંઘણજ |
| ૧૨ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઉંઝા. | ૧૪-૯-૨૦૦૭<br>૨૦-૬-૨૦૦૮ | કોટેજ હોસ્પિટલ, ઉંઝા |
| ૧૩ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિસનગર. | ૪-૧૦-૨૦૦૭<br>૨-૧૧-૨૦૦૭<br>૨૦-૨-૨૦૦૮<br>૯-૫-૨૦૦૮ | જનરલ હોસ્પિટલ, વિસનગર |
| ૧૪ | રોગી કલ્યાણ સમિતિ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, મહેસાણા. | ૧૨-૩-૨૦૦૮ | કલેકટરશ્રીની કચેરી, મહેસાણા |
| | | ૨૪ | |

**પ ત્ર ક - બ**

| ક્રમ | તાલુકાનું નામ | સંસ્થાનું નામ | થયેલી આવક | | | |
|---|---|---|---|---|---|---|
| | | | સ્ટેટ બજેટ | N.R.H.M. | અન્ય | કુલ આવક |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | વિજાપુર | સા.આ.કેન્દ્ર, વિજાપુર | ૧,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૮૩,૩૫૨ | ૪,૩૩,૩૫૨ |
| ૨. | વિજાપુર | સા.આ.કેન્દ્ર, કોલવડા | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૭૪,૦૪૩ | ૫,૪૪,૦૪૩ |
| ૩. | ખેરાલુ | સા.આ.કેન્દ્ર, ખેરાલુ | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૬૬,૪૫૮ | ૫,૩૬,૪૮૫ |
| ૪. | વડનગર | સા.આ.કેન્દ્ર, વડનગર | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૬૯,૭૫૮ | ૫,૩૮,૭૫૮ |
| ૫. | કડી | સા.આ.કેન્દ્ર, કડી | ૧,૩૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૨૦,૫૧૩ | ૪,૦૦,૫૧૩ |
| ૬. | કડી | સા.આ.કેન્દ્ર, થોળ | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૨૪,૪૦૨ | ૪,૯૪,૪૦૨ |
| ૭. | કડી | સા.આ.કેન્દ્ર, લાંઘ | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૪૬,૩૮૩ | ૫,૧૬,૩૮૩ |

| ક્રમ | તાલુકાનું નામ | સંસ્થાનું નામ | થયેલી આવક | | | |
|---|---|---|---|---|---|---|
| | | ાણજ | | | | |
| ૮. | બેચરાજી | સા.આ.કેન્દ્ર, બેચરાજી | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૨,૨૨,૫૫૩ | ૬,૯૨,૫૫૩ |
| ૯. | ઉંઝા | સા.આ.કેન્દ્ર, કહોડા | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૨,૬૯,૯૫૮ | ૭,૩૯,૯૫૮ |
| ૧૦. | ઉંઝા | કો.હોં. ઉંઝા | ૧૮,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૨૭,૭૬૭ | ૨૩,૨૭,૭૬૭ |
| ૧૧. | સતલાસણા | સા.આ.કેન્દ્ર, સતલાસણા | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૪૫,૪૯૨ | ૫,૧૫,૪૯૨ |
| ૧૨. | વિસનગર | જ.હો. વિસનગર | ૨૦,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૧૭,૫૫,૦૨૦ | ૪૨,૫૫,૦૨૦ |
| ૧૩. | મહેસાણા | સા.આ.કેન્દ્ર, ઉદલપુર | ૧,૦૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૦૦ | ૪,૭૦,૦૦૦ |
| ૧૪. | મહેસાણા | જ.હો.મહેસાણા | ૨૭,૬૩,૪૮૨ | ૯,૧૩,૦૦૦ | ૩,૦૦,૬૧૧ | ૩૯,૭૭,૦૯૩ |
| | | **કુલ :-** | **૭૬,૯૩,૪૮૨** | **૫૭,૪૩,૦૦૦** | **૩૦,૦૫,૩૩૭** | **૧,૬૪,૪૧,૮૧૯** |

**૫ ત્ર ક - ક**

| ક્રમ | સંસ્થાનું નામ | ભંડોળની રકમ |
|---|---|---|
| ૧ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, વિજાપુર | ૨,૬૯,૯૯૧ |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, કોલવડા | ૪,૩૦,૦૧૦ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, ખેરાલુ | ૩,૯૨,૮૭૯ |
| ૪ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, વડનગર | ૪,૩૨,૪૭૮ |
| ૫ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, કડી | ૩,૩૭,૯૯૨ |
| ૬ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, થોળ | ૩,૬૮,૪૧૦ |
| ૭ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, લાંઘણજ | ૫,૨૫,૧૫૪ |
| ૮ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, બેચરાજી | ૭,૦૬,૭૮૫ |
| ૯ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, કહોડા | ૩,૪૮,૮૮૧ |
| ૧૦ | કોટેજ હોસ્પિટલ, ઉંઝા | ૨૭,૨૯,૫૧૪ |
| ૧૧ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, સતલાસણા | ૪,૦૬,૨૪૯ |
| ૧૨ | જનરલ હોસ્પિટલ, વિસનગર | ૨૪,૬૨,૯૬૪ |
| ૧૩ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, ઉદલપુર | ૨,૨૮,૪૨૪ |
| ૧૪ | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૫૮,૧૬,૨૬૦ |
| | **કુલ :-** | **૧,૦૨,૨૫,૯૯૧** |

**૫ ત્ર ક - ડ**

| ક્રમ | સંસ્થાનું નામ | વપરાયેલ રકમની વિગત | | | | |
|---|---|---|---|---|---|---|
| | | મહેકમ | દવાઓ | ફર્નીચર/રીપેરીંગ | અન્ય | કુલ |
| ૧. | સા.આ.કેન્દ્ર, વિજાપુર | -- | -- | -- | -- | -- |
| ૨. | સા.આ.કેન્દ્ર, કોલવડા | -- | -- | -- | -- | -- |
| ૩. | સા.આ.કેન્દ્ર, ખેરાલુ | -- | -- | ૩૩,૦૯૪ | ૧,૦૧,૨૮૧ | ૧,૩૪,૩૭૫ |
| ૪. | સા.આ.કેન્દ્ર, વડનગર | -- | -- | -- | -- | -- |
| ૫. | સા.આ.કેન્દ્ર, કડી | ૨૭,૯૩૦ | -- | -- | ૧,૦૮,૪૮૨ | ૧,૩૬,૪૧૨ |
| ૬. | સા.આ.કેન્દ્ર, થોળ | ૯,૪૫૦ | -- | -- | ૧૬,૧૪૨ | ૨૫,૫૯૨ |
| ૭. | સા.આ.કેન્દ્ર, લાંઘણજ | ૪૪,૦૧૪ | -- | -- | ૨૮,૦૭૬ | ૭૨,૦૯૦ |

| ક્રમ | સંસ્થાનું નામ | વપરાયેલ રકમની વિગત | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮. | સા.આ.કેન્દ્ર, બેચરાજી | -- | ૧૬,૬૫૫ | ૪૯,૯૦૦ | ૬૧,૬૦૮ | ૧,૨૮,૧૬૩ |
| ૯. | સા.આ.કેન્દ્ર, કહોડા | ૩૩,૪૧૨ | -- | -- | ૪,૦૧,૬૯૮ | ૪,૩૫,૧૧૦ |
| ૧૦. | કોટેજ હોસ્પિટલ, ઉંઝા | ૪૨,૭૫૦ | -- | -- | ૧,૦૫,૬૭૪ | ૧,૪૮,૪૨૪ |
| ૧૧. | સા.આ.કેન્દ્ર, સતલાસણા | ૨૫,૧૭૦ | -- | -- | ૧,૬૮,૭૩૪ | ૧,૯૩,૯૦૪ |
| ૧૨. | જનરલ હોસ્પિટલ, વિસનગર | -- | -- | -- | -- | -- |
| ૧૩. | સા.આ.કેન્દ્ર, ઉદલપુર | ૯,૦૦૦ | -- | -- | ૩,૪૦,૮૯૦ | ૩,૪૯,૮૯૦ |
| ૧૪. | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૨,૨૮,૪૨૬ | -- | -- | ૧૨,૯૩,૮૯૨ | ૧૫,૨૨,૩૧૮ |
| | **કુલ :** | **૪,૨૦,૧૫૨** | **૧૬,૬૫૫** | **૮૨,૯૯૪** | **૨૬,૨૬,૪૭૭** | **૩૧,૪૬,૨૭૮** |

---------

**ગુજરાત પેટર્ન હેઠળ થયેલ ખર્ચ**

૪૨૩૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧/૮/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગુજરાત પેટર્ન યોજના હેઠળ બજેટમાં કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી,

(૨) એમાંથી પ્રાયોજના વહિવટદારો હસ્તકના ૮૦ ટકામાંથી કેટલો વર્ષવાર ખર્ચ થયો, અને

(૩) ૨૦ ટકા રાજ્ય સરકાર હસ્તકમાંથી વર્ષવાર ક્યા ક્યા તાલુકાઓમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

એચબી-૪૫૮-૨૯

**જવાબ**

(૧) નીચે દર્શાવ્યા મુજબ.

(રકમ રૂ.કરોડમાં)

| ક્રમ | વર્ષ | ફાળવણી |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૨૬૪.૧૦ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૪૧૦.૧૭ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૩૨૦.૬૮ |

(૨) નીચે દર્શાવ્યા મુજબ.

(રકમ રૂ.કરોડમાં)

| ક્રમ | વર્ષ | ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૨૫૮.૬૮ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૩૬૫.૮૯ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૪૯.૧૬ |

(૩) પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ.

પ ત્ર ક - ૧

વર્ષ : ૨૦૦૬-૦૭

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦ ટકા રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ (ફાળવેલ રકમ રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | -- | નીલ |

વર્ષ : ૨૦૦૭-૦૮

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦ ટકા રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ (ફાળવેલ રકમ રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | દાંતા | ૧૮૮.૫૦ |

| | | |
|---|---|---|
| ૨ | અમીરગઢ | ૭૨.૫૧ |
| ૩ | થરાદ | ૧.૩૦ |
| ૪ | ધાનેરા | ૧.૮૮ |
| ૫ | વડગામ | ૨.૦૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૬૭.૫૪ |
| ૭ | વિજયનગર | ૯૨.૧૧ |
| ૮ | ભિલોડા | ૨૯૧.૯૮ |
| ૯ | મેઘરજ | ૬૯.૬૩ |
| ૧૦ | ઈડર | ૩૧.૨૨ |
| ૧૧ | વડાલી | ૧૩.૦૪ |
| ૧૨ | મોરવા હડફ | ૨૫.૦૦ |
| ૧૩ | ૠહોદ | ૮૬.૫૯ |
| ૧૪ | ગરબાડા | ૨૦.૪૯ |
| ૧૫ | ઝાલોદ | ૫૦.૦૦ |
| ૧૬ | લીમખેડા | ૧૫૨.૫૩ |
| ૧૭ | ફતેપુર | ૨૬.૩૭ |
| ૧૮ | ધાનપુર | ૩૨.૬૦ |
| ૧૯ | દેવગઢબારીયા | ૧૭.૪૦ |
| ૨૦ | છોટાઉદેપુર | ૬૦.૨૨ |
| ૨૧ | જેતપુરપાવી | ૭૬.૬૫ |
| ૨૨ | ક્વાંટ | ૬૦.૨૨ |
| ૨૩ | નસવાડી | ૪૩.૮૦ |
| ૨૪ | સંખેડા | ૩૨.૮૭ |
| ૨૫ | વાંસદા | ૨૬૫.૦૪ |
| ૨૬ | ચીખલી | ૨૧૯.૦૭ |
| ૨૭ | ગણદેવી | ૧૨.૬૮ |
| ૨૮ | નવસારી | ૧૦૩.૧૦ |
| ૨૯ | વલસાડ | ૨૭.૪૮ |
| ૩૦ | ધરમપુર | ૯.૦૦ |
| ૩૧ | પારડી | ૯.૯૭ |
| ક્રમ | તાલુકાનું નામ | ૨૦ ટકા રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ (ફાળવેલ રકમ રૂ.લાખમાં) |
| ૩૨ | કપરાડા | ૧૭૭.૬૬ |
| ૩૩ | ઉમરગામ | ૧૭.૪૪ |
| ૩૪ | માંડવી | ૧૮૭.૮૯ |
| ૩૫ | માંગરોળ | ૧૭.૬૭ |
| ૩૬ | ઉમરપાડા | ૩૦.૬૮ |
| ૩૭ | બારડોલી | ૩૧.૦૨ |
| ૩૮ | મહુવા | ૩૮.૧૬ |
| ૩૯ | પલસાણા | ૭.૨૦ |
| ૪૦ | કામરેજ | ૩.૭૨ |
| ૪૧ | ઓલપાડ | ૪.૦૦ |
| ૪૨ | ચોર્યાસી | ૨.૦૦ |
| ૪૩ | ડાંગ | ૩૩.૦૦ |
| ૪૪ | નાંદોદ | ૭૮.૫૪ |
| ૪૫ | ડેડીયાપાડા | ૪૭.૩૬ |
| ૪૬ | સાગબારા | ૧૩૬.૭૪ |

| | | |
|---|---|---|
| ૪૭ | તીલકવાડા | ૧૦.૩૫ |
| ૪૮ | જંબુસર | ૩.૯૦ |
| ૪૯ | વાલીયા | ૩૬.૯૭ |
| ૫૦ | ઝગડીયા | ૧૪૨.૩૧ |
| ૫૧ | અંકલેશ્વર | ૩૯.૩૫ |
| ૫૨ | હાંસોટ | ૧૧.૪૩ |
| ૫૩ | આમોદ | ૧૬.૮૯ |
| ૫૪ | ભરૂચ | ૮.૧૪ |
| ૫૫ | વાગરા | ૨.૪૩ |
| ૫૬ | સોનગઢ | ૧૦૦.૫૬ |
| ૫૭ | વ્યારા | ૧૧૩.૮૪ |
| ૫૮ | વાલોડ | ૪૩.૦૦ |
| ૫૯ | ઉચ્છલ | ૭.૦૦ |
| ૬૦ | નિઝર | ૨૦.૧૦ |

વર્ષ : ૨૦૦૮-૦૯

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦ ટકા રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ (ફાળવેલ રકમ રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | કડાણા | ૪૫.૫૯ |

**સાબરકાંઠા જિલ્લામાં જંગલમાંથી પસાર થતા રસ્તા અટકાવવા બાબત**

૪૬૦૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ જંગલ વિભાગ દ્વારા અટકાવવામાં આવ્યા છે,

(૨) તેના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં આ રસ્તાઓના કામો હાથ પર લેવાશે ?

**જવાબ**

(૧) અને (૨) : ના, જી. સાબરકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તક તથા સ્ટેટ હસ્તકના કોઈ રસ્તાઓની બિનજંગલ જમીનમાં થતી કામગીરી વન વિભાગ દ્વારા અટકાવવામાં આવેલ નથી. પરંતુ જંગલ જમીનમાં વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની જોગવાઈઓ અનુસાર ભારત સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે. જ્યાં સુધી કાયદા અનુસારની જરૂરી મંજૂરી મેળવવામાં ન આવે ત્યાં સુધી કામગીરી અટકાવવાની વિભાગને ફરજ પડે છે. વન સંરક્ષણ ધારા હેઠળની આવી કુલ ૨૨ દરખાસ્તો વન વિભાગને મળેલ છે.

(૩) વન સંરક્ષણ ધારા ૧૯૮૦ની જોગવાઈ મુજબ જંગલ વિસ્તારમાંથી પસાર તથા રસ્તાઓ બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ તથા પંચાયત વિભાગ તરફથી નિયત નમુનામાં સંપૂર્ણ ક્ષતિ રહિત દરખાસ્તો વન વિભાગને મળેથી ઉપરી સત્તાએ સાદર કરવામાં આવે છે. જેની ભારત સરકારશ્રીની આખરી મંજૂરી મળ્યેથી કામગીરી ચાલુ થઈ શકે છે.

**રાજ્યમાં તલાટી કમ મંત્રીઓની ખાલી જ્ગ્યાઓ**

૪૩૩૪ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર ગ્રામ પંચાયતોમાં તલાટી મંત્રીની કુલ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | ખાલી જ્ગ્યાની |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૧ |
| ૨ | અમરેલી | ૯૬ |
| ૩ | આણંદ | ૮૨ |

| | | |
|---|---|---|
| ૩ | આણંદ | ૮૨ |
| ૪ | બનાસકાંઠા | ૨૦૪ |
| ૫ | ભાવનગર | ૧૦૩ |
| ૬ | ભરૂચ | ૧૧૩ |
| ૭ | દાહોદ | ૩૪ |
| ૮ | ડાંગ | ૦૭ |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ખાલી જગ્યાની સંખ્યા** |
| ૯ | ગાંધીનગર | ૫૫ |
| ૧૦ | જામનગર | ૧૦૦ |
| ૧૧ | જૂનાગઢ | ૯૭ |
| ૧૨ | ખેડા | ૧૦૬ |
| ૧૩ | કચ્છ | ૧૨૮ |
| ૧૪ | મહેસાણા | ૭૩ |
| ૧૫ | નર્મદા | ૧૭ |
| ૧૬ | નવસારી | ૫૮ |
| ૧૭ | પંચમહાલ | ૯૮ |
| ૧૮ | પાટણ | ૫૪ |
| ૧૯ | પોરબંદર | ૩૦ |
| ૨૦ | રાજકોટ | ૧૨૪ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૮૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૭૭ |
| ૨૩ | સુરત | ૪૨ |
| ૨૪ | વડોદરા | ૧૪૯ |
| ૨૫ | વલસાડ | ૩૨ |
| ૨૬ | તાપી | ૧૨ |
| | **કુલ :** | **૨૦૫૪** |
| આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે. | | |

(૨) સરકાર ભરતીનું આયોજન કરવા માંગે છે કે કેમ, અને

(૨) વિચારણામાં છે.

(૩) જો હા, તો કેટલા સમયમાં ભરતી કરવા માંગે છે ?

(૩) બનતી ત્વરાએ.

---------

**મહુવા તાલુકામાં તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યાઓ**

૩૬૬૭ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૭/૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં તલાટી-કમ-મંત્રીઓની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૬

(૨) બનતી ત્વરાએ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મીઠાના અગરીયાઓ માટે આરોગ્ય સુવિધા**

૪૨૨૪ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા **કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મીઠા ઉદ્યોગમાં કામ કરનાર અગરીયાઓ તથા તેમના બાળકો માટે સરકારે ક્યા ક્યા ગામોમાં આરોગ્યની સુવિધા ઉભી કરી છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મીઠા ઉદ્યોગમાં કામ કરનાર અગરીયાઓ તથા તેમના બાળકો માટે નીચે પ્રમાણેના ગામોમાં આરોગ્યની સુવિધા ઉભી કરેલ છે.

| તાલુકાનું નામ | ગામનું નામ | સેવાનો પ્રકાર |
|---|---|---|
| હળવદ | ટીકર (રણ) | પ્રા.આ.કેન્દ્રની સેવાઓ |
| | માનગઢ<br>અજીતગઢ<br>ખોડ<br>જોગડ<br>કોડી<br>ઈંગોશળા<br>માલણીયાદ<br>અંજાર | મોબાઈલ હેલ્થ યુનિટ હળવદની સેવાઓ |
| ધ્રાંગધ્રા | કંકાવટી | પ્રા.આ.કેન્દ્રની સેવાઓ |
| | કુડા<br>કોપરણી<br>નિમકનગર<br>નરાળી | મોબાઈલ હેલ્થ યુનીટ હળવદની સેવાઓ |
| પાટડી | ખારાગોઢા<br>ઝીંઝુવાડા | પ્રા.આ.કેન્દ્રની સેવાઓ |
| | પીપળી<br>દેગામ<br>ફતેપુરા<br>નવાપુરા<br>રોઝવા<br>આંદુ<br>હિંમતપુરા<br>મુલાળા<br>મોતિસર<br>સુરેલ<br>વિસનગર | મોબાઈલ હેલ્થ યુનીટ પાટડીની સેવાઓ |
| | હેબતપર<br>ભડેણા<br>ભલગામ<br>ધામા<br>જીવણગઢ<br>પોરડા<br>ચીકાસર<br>મીઠાગોઠા | મોબાઈલ હેલ્થ યુનીટ બજાણાની સેવાઓ |

(૨) આ અગરીયાના કુટુંબીજનોની આરોગ્યની સુવિધા માટે ડૉક્ટર તેમજ આરોગ્ય કેન્દ્રમાં જરૂરી સ્ટાફની તા. ૩૦/૬/૨૦૦૮ની સ્થિતિએ કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઈમરજન્સી સારવાર માટે આ વિસ્તારમાં કઈ કઈ અને કેવા પ્રકારની સગવડતા છે ?

(૨) આ અગરીયાના કુટુંબીજનોની આરોગ્યની સુવિધા માટે આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગત દર્શાવતું પત્રક-૧ અને પત્રક-૨ સામેલ છે.

(૩) પાટડી તાલુકામાં સી.એચ.સી. પાટડી, પ્રા.આ. કેન્દ્રો-ખારાઘોડા, ઝીંઝુવાડા, બજાણા તથા પ્રા.આ.કેન્દ્ર ખેરવાની સગવડતા છે, તેમજ મોબાઈલ હેલ્થ યુનીટ-પાટડી તથા બજાણા કાર્યરત છે.

- હળવદ તાલુકામાં સી.એચ.સી. હળવદ તથા પ્રા.આ. કેન્દ્ર-ટીકર-રણની સગવડતા છે. તેમજ મોબાઈલ હેલ્થ યુનીટ-હળવદ કાર્યરત છે.

- ધ્રાંગધ્રા તાલુકામાં સી.એચ.સી.-ધ્રાંગધ્રાની સગવડતા છે. તેમજ મોબાઈલ હેલ્થ યુનીટ-હળવદ આ તાલુકાના અગરિયા વિસ્તારના ગામોમાં કાર્યરત છે.

**પત્રક-૧**

**પીએચસીમાં ૭+૨ની પેર્ટન મુજબનાં મહેકમની સંવર્ગવાર વિગતનું પત્રક**

| ક્રમ | પ્રા.આ.કેન્દ્રનું નામ | તબીબી અધિકારી | | | જૂની ફાર્મા/ કમ્પાઉન્ડર | | | જગ્યા ખાલી થયા તારીખ | લેબોરેટરી ટેક્નીશીયન | | | જગ્યા ખાલી થયા તારીખ | સીનીયર ક્લાર્ક | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મયુરનગર હળવદ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૯/૭/૦૩ | ૧ | ૦ | ૦ |
| ૨ | માયક/હળવદ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦૪/૧/૨૦૦૫ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૦ |
| ૩ | ટીકરરણ/હળવદ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | | ૧ | ૦ | ૦ |
| ૪ | બજાણા/પાટડી | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦૬/૮/૨૦૦૫ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૦ |
| ૫ | ખેરવા/પાટડી | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦૪/૧/૨૦૦૫ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૦ |
| ૬ | ખારાઘોડા/પાટડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૦ |
| ૭ | ઝીઝુંવાડા/પાટડી | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦૪/૧/૨૦૦૫ | ૧ | ૦ | ૧ | ૦૨/૧૨/૦૬ | ૧ | ૦ | ૦ |
| ૮ | દશાડા/પાટડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૦ |
| | કુલ.. | ૮ | ૮ | ૦ | ૮ | ૪ | ૪ | | ૯ | ૭ | ૨ | | ૮ | ૦ | ૦ |

| ડ્રાયવર | | | જગ્યા ખાલી થયા તારીખ | આયા | | | જગ્યા ખાલી થયા તારીખ | વોર્ડ બોય | | | જગ્યા ખાલી થયા તારીખ | પાર્ટટાઈમ સ્વીપર | | | જગ્યા ખાલી થયા તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ | ૧ | ૩૧/૦૭/૦૨ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૦ | ૨ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૦ | ૧ | ૩૦/૦૪/૦૭ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૦ | ૨ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૦ | ૧ | ૩૧/૧૨/૦૨ | ૧ | ૧ | ૦ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૦ | ૨ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૧ | ૧ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૦ | ૧ | ૦૪/૦૧/૦૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૧ | ૧ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૦ | ૧ | ૦૪/૦૧/૦૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૧ | ૧ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૦ | ૧ | ૦૪/૦૧/૦૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૧ | ૧ | ૦૩/૦૧/૯૫ |
| ૧ | ૦ | ૧ | ૦૪/૦૧/૦૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૯૫ | ૨ | ૧ | ૧ | ૦૩/૦૧/૯૫ |
| ૮ | ૧ | ૭ | | ૮ | ૧ | ૭ | | ૮ | ૦ | ૮ | | ૧૬ | ૫ | ૧૧ | |

* સીનીયર ક્લાર્કની જગ્યાઓ બ્લોકમાં તબદીલ કરેલ છે.
* ડ્રાઈવર અને પાર્ટટાઈમ સ્વીપરની કામગીરી આઉટ સોર્સીગથી લેવામાં આવે છે.

**પત્રક-૨**

**મોબાઈલ યુનીટની સ્ટાફીંગ માહિતી**

| ક્રમ | જિલ્લો | મોબાઈલ યુનીટ | તબીબી અધિકારી, વર્ગ-૨ | | |
|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરેલ | ખાલી |
| ૧ | સુરેન્દ્રનગર | હળવદ | ૧ | ૧ | ૦ |
| | | પાટડી | ૧ | ૧ | ૦ |
| | | બજાણા | ૧ | ૧ | ૦ |
| | | **કુલ..** | ૩ | ૩ | **૦** |

| મ.પ.હે.વર્કર/સ્ટાફ નર્સ | | | | ડ્રાઈવર | | | મોબાઈલ યુનિટ | | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મંજૂર | ભરેલ | ખાલી | જગ્યા ખાલી થયા તારીખ | મંજૂર | ભરેલ | ખાલી | ચાલુ | બંધ | |
| ૧ | ૦ | ૧ | ૦૭/૦૧/૦૭ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | |
| ૧ | ૧ | ૦ | ૨૮/૦૨/૯૬ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | |
| ૧ | ૦ | ૧ | ૩૧/૦૩/૦૮ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | |
| ૩ | **૧** | ૨ | | ૩ | ૩ | **૦** | ૩ | **૦** | |

---------

## પાટણ જિલ્લામાં બેરોજગારોને રોજગારીની તકો અંગે

૪૧૯૩ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની રોજગાર કચેરીમાં નોંધણી થયેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું | તા.૩૧-૮-૦૮ સ્થિતિએ |
|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૪૨૬૮ |
| ૨ | હારીજ | ૧૨૦૭ |
| ૩ | પાટણ | ૮૩૬૧ |

| | | |
|---|---|---|
| ૩ | પાટણ | ૮૩૬૧ |
| ૪ | રાધનપુર | ૧૩૮૫ |
| ૫ | સમી | ૨૨૬૨ |
| ૬ | સાંતલપુર | ૭૫૫ |
| ૭ | સિધ્ધપુર | ૨૪૫૩ |
| | કુલ : | ૨૦૬૯૧ |

(૨) આ નોંધાયેલ બેરોજગારો પેકી કેટલા પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયા હોવા છતાં રોજગારીની તકો અપાઈ નથી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | આ નોંધાયેલા બેરોજગારો પેકી પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા હોવા છતાં રોજગારીની તકો અપાયેલ નથી તેવા તાલુકાવાર બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૫૪૯ |
| ૨ | હારીજ | ૧૪૭ |
| ૩ | પાટણ | ૧૦૯૫ |
| ૪ | રાધનપુર | ૧૯૮ |
| ૫ | સમી | ૩૭૯ |
| ૬ | સાંતલપુર | ૧૦૨ |
| ૭ | સિધ્ધપુર | ૫૩૧ |
| | કુલ : | ૩૦૦૧ |

---------

**ખેડા જિલ્લામાં એસ.આર.જી.વાય. યોજના**

૩૬૪૫ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર એસ. આર. જી. વાય. યોજનામાં કેટલા કામો શરુ કરવામાં આવ્યા, અને કેટલા કામો પૂર્ણ થયા, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર, એસ.જી.આર.વાય. યોજનામાં કુલ ૩૨૭૩ કામો શરૂ કરવામાં આવ્યા અને ૩૨૬૯ કામો પૂર્ણ થયા.

| તાલુકો | ચાલુ કરેલ કામની સંખ્યા | પૂર્ણ કરેલ કામોની સંખ્યા | નોંધ |
|---|---|---|---|
| નડીયાદ | ૪૮૬ | ૪૮૬ | તા.૧-૪-૨૦૦૮ થી એસ.જી.આર.વાય. યોજના બંધ કરવામાં આવેલ છે. અને તેના સ્થાને રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અમલમાં આવેલ છે. |
| મહુધા | ૨૨૧ | ૨૨૧ | |
| કઠલાલ | ૨૭૭ | ૨૭૭ | |
| મહેમદાવાદ | ૩૯૭ | ૩૯૭ | |
| વિરપુર | ૨૯૬ | ૨૯૬ | |
| કપડવંજ | ૫૩૫ | ૫૩૫ | |
| ખેડા | ૧૫૨ | ૧૫૨ | |
| ઠાસરા | ૩૭૨ | ૩૬૮ | |
| માતર | ૧૯૪ | ૧૯૪ | |
| બાલાશિનોર | ૧૫૩ | ૧૫૩ | |
| જી.પં.ખેડા નડીયાદ | ૧૯૦ | ૧૯૦ | |
| કુલ.. | ૩૨૭૩ | ૩૨૬૯ | |

(૨) આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) આ કામો પાછળ કુલ રૂા.૧૨૯૦.૯૧ લાખ ખર્ચ થયો.

---------

**ધ્રોળ અને જોડીયા તાલુકામાં ભૂકંપને કારણે પંચાયત સ્ટાફ ક્વાર્ટરના મકાનો ક્ષતિગ્રસ્ત થવા બાબત**

૪૦૪૮ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોળ અને જોડીયા તાલુકા પંચાયતના સ્ટાફ ક્વાર્ટર ભૂકંપના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ બંને તાલુકાના સ્ટાફ ક્વાર્ટરનું કામ ક્યારે મંજૂર કરવામાં આવશે, અને ?

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) ભૂકંપને કારણે ક્ષતિગ્રસ્ત થતી પંચાયતોની મિલક્તોના મરામત-બાંધકામ માટે વિભાગ ધ્વારા કોઈ અંદાજપત્ર જોગવાઈ કરવામાં આવતી નથી. આમછતાં જિલ્લા પંચાયત, જામનગર ધ્વારા રૂા. ૭૬ લાખની ગ્રાન્ટની માંગણી આ હેતુસર કરી છે.

(૩) આ પ્રકારની કોઈ અંદાજપત્ર જોગવાઈ ન હોવાથી મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**શિહોર અને ગારીયાધાર તાલુકામાં પી.એચ.સી./સી.એચ.સી. માં ખાલી જ્ગ્યાઓ**

૩૮૦૪ **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ શિહોર અને ગારીયાધાર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સેટઅપ પ્રમાણે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકો | પ્રા.આ. કેન્દ્ર | | | સા.આ. કેન્દ્ર | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| શિહોર | -- | ૦૪ | ૦૯ | ૦૧ | ૦૧ | -- | ૦૧ |
| ગારીયા-ધાર | -- | ૦૪ | ૦૯ | ૦૧ | ૦૧ | ૦૫ | ૦૨ |

તારીખવાર ખાલી જ્ગ્યા સાથેના પત્રક-અ મુજબ.

(૨) વર્ગ-૧ અને વર્ગ-૨ની જ્ગ્યાઓ માટે લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જ્ગ્યાઓ પરના કાર્યભારણને ધ્યાને લઈને જરૂર જણાય ત્યાં આઉટ સોર્સીગથી કામગીરી લેવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જ્ગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા ભરવામાં આવતી હોય છે.

**પત્રક--અ**

| **અ.નં.** | **સંવર્ગ** | **સામુહિક આરોગ્ય કેન્દ્રની ખાલી જ્ગ્યાની તારીખ** | | | |
|---|---|---|---|---|---|
| | | **શિહોર** | | **ગારીયાધાર** | |
| | | **સંખ્યા** | **તારીખ** | **સંખ્યા** | **તારીખ** |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૨૬-૯-૦૩ | ૧ | ૧-૧-૯૮ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | ૩૧-૧-૦૮ | ૧ | ૩૦-૧-૦૮ |
| ૩ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૦ | | ૧ | ૫-૧-૯૧ |
| ૪ | એક્સ રે ટેક્ની. વર્ગ-૩ | ૦ | | ૧ | ૨૯-૭-૦૩ |
| ૬ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૦ | | ૩ | ૯-૩-૦૮, ૧૨-૫-૦૬, ૩-૩-૦૮ |
| ૭ | સ્વીપર વર્ગ-૪ | ૦ | | ૧ | ૯-૫-૦૫ |
| ૮ | પાર્ટ ટાઈમ વોચમેન વર્ગ-૪ | ૧ | ૧-૧-૯૯ | ૧ | ૫-૯-૯૬ |
| | **કુલ** | **૩** | | **૯** | |

| અ.નં. | સંવર્ગ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ખાલી જ્ગ્યાની તારીખ | | | |
|---|---|---|---|---|---|
| | | શિહોર તાલુકો | | ગારીયાધાર તાલુકો | |
| | | સંખ્યા | તારીખ | સંખ્યા | તારીખ |
| ૨ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૨ | ૩૦-૧૦-૦૭, ૩-૦૫ | ૨ | ૬-૦૩, ૨-૦૪, |
| ૩ | લેબોરેટરી ટેક્નીશીયન વર્ગ-૩ | ૨ | ૫-૦૬, ૩-૦૧ | ૨ | ૬-૯૭, ૮-૨૦૦૨ |
| ૬ | વોર્ડબોય વર્ગ-૪ | ૨ | ૩૧-૮-૦૦, ૩૦-૯-૦૨ | ૩ | ૪-૯૭, ૨-૨૦૦૨, ૨-૦૪ |
| ૭ | આયા વર્ગ-૪ | ૩ | ૩૦-૧૧-૯૮, ૨૩-૨-૦૬, ૨૦-૫-૦૬ | ૩ | ૪-૯૭, ૪-૯૭, ૭-૦૪ |
| ૮ | પાર્ટ ટાઈમ સ્વીપર વર્ગ-૪ | ૪ | ૬-૯૮, ૩-૦૩, ૧૮-૭-૦૮, ૨૮-૨-૦૧ | ૩ | ૩-૦૩-૩ જ્ગ્યાઓ |
| | **કુલ** | **૧૩** | | **૧૩** | |

--------

**કચ્છ જિલ્લામાં વોટર શેડ યોજનાના કામો**

૪૬૩૪ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં તા. ૩૦મી જૂન ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વોટરશેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

કચ્છ જિલ્લામાં તા. ૩૦મી જૂન, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ ડીડીપી હરિયાળી બેચ-૧૨ અંતર્ગત ૯૧ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર તાલુકામાં દવાખાનાઓમાં ડૉક્ટરોનું મહેકમ**

૪૬૫૦ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર તાલુકામાં આવેલ રેફરલ સી.એચ.સી. તથા પી.એચ.સી. દવાખાનાઓમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા ક્યા પ્રકારના ડૉક્ટરોનું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | સા.આ.કે. નું નામ | મંજુર થયેલ ડૉક્ટરનું મહેકમ | મંજુર જ્ગ્યા |
|---|---|---|---|
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| | | નિવાસી તબીબી અધિકારી વર્ગ-૧ | ૧ |
| | | ગાયનેક વર્ગ-૧ | ૧ |
| | | પેડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૧ |
| | | ઓર્થો. સર્જન વર્ગ-૧ | ૧ |
| | | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ |
| છોટાઉદેપુર | ઝોઝ | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| | | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ |
| **તાલુકાનું નામ** | **પ્રા.આ.કે. નું નામ** | **મંજુર થયેલ ડૉક્ટરનું મહેકમ** | **મંજુર જ્ગ્યા** |
| છોટાઉદેપુર | તેજગઢ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ |
| | ડોલરીયા | | ૧ |
| | દેહવાટ | | ૧ |
| | રંગપુર (સ) | | ૧ |
| | પાંધરવાટ | | ૧ |
| | ડુંગરભીત (ક) | | ૧ |

(૨) જે પૈકી કેટલા ડૉક્ટરની જગ્યા ભરેલી છે અને કેટલી ખાલી છે, અને

(૨)

| તાલુકાનું નામ | સા.આ.કે. નું નામ | મંજુર થયેલ ડૉક્ટરનું મહેકમ | મંજુર જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| | | નિવાસી તબીબી અધિકારી વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| | | ગાયનેક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | પેડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| | | ઓર્થો. સર્જન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| | | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૪ | ૧ |
| છોટાઉદેપુર | ઝોઝ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| | | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ | ૦ | ૨ |
| **તાલુકાનું નામ** | **પ્રા.આ.કે.નું નામ** | **મંજુર થયેલ ડૉક્ટરનું મહેકમ** | **મંજુર જગ્યા** | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** |
| છોટાઉદેપુર | તેજગઢ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| | ડોલરીયા | | ૧ | ૧ | ૦ |
| | દેહવાટ | | ૧ | ૧ | ૦ |
| | રંગપુર (સ) | | ૧ | ૧ | ૦ |
| | પાંધરવાટ | | ૧ | ૦ | ૧ |
| | ડુંગરભીત (ક) | | ૧ | ૦ | ૧ |

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

(૩) જે તે સંવર્ગમાં જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. તે જગ્યાઓ પર વેકલ્પિક વ્યવસ્થા કરી સેવાઓ પુરી પાડવામાં આવે છે. તેમજ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લામાં પંચાયત ઘર/કચેરી કમ તલાટી આવાસ બનાવવા બાબત**

૪૬૪૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં કુલ કેટલા ગામોમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત કચેરી કમ તલાટી આવાસ ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૭૮.

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને

(૨) ૪ (ચાર).

(૩) પંચાયત કમ તલાટી આવાસ યુનિટ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

(૩) યુનિટ દીઠ રૂા. ૩.૩૨ લાખની ગ્રાન્ટ આપવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કિંમતી ખનીજ ધરાવતા વિસ્તારની હદ મર્યાદામાં ફેરફાર**

૩૮૨૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કિંમતી ખનીજ ધરાવતા વન વિસ્તારની હદ મર્યાદામાં ફેરફાર કરાવવા સરકાર વિચારી રહી છે તે હકીક્ત સાચી,

(૧) ના, જી.

(૨) જો હા, તો તે માટે શું પગલાં લેવામાં આવ્યા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો તેના શાં કારણો છે ?

(૩) કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ની જોગવાઈ અનુસાર વન વિસ્તારના બિન જંગલ ઉપયોગ માટે ભારત સરકારશ્રીની પરવાનગી જરૂરી છે. તદઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન-૩૩૭-૯૫માં આપેલા ચુકાદા અનુસાર વન વિસ્તારને નામદાર સુપ્રિમ કોર્ટની મંજૂરી સિવાય બાકાત (ડીરીઝર્વ) કરી શકાય નહીં. આથી વન

વિસ્તારની હદ મર્યાદામાં ફેરફાર કરવાની બાબત હાલના તબક્કે શક્ય નથી. બાલારામ-અંબાજી અભ્યારણ્યની હદમાં ફેરફાર અંગેની બાબત અલગ રીતે હાથ ધરવામાં આવી રહી છે.

---------

**આણંદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૩૯૨૭ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લા પંચાયત અને તેની હેઠળની તાલુકા પંચાયતોમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સંવર્ગવાર કેટલા કર્મચારીઓ / અધિકારીઓ હોવા જોઈએ,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતમાં ક્યા ક્યા સંવર્ગોની જ્ગ્યા કેટલા સમયથી તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં ખાલી છે, અને

(૩) સરકાર જરૂરિયાત મુજબના સંવર્ગો પરની જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવાની કાર્યવાહી કરશે ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ગ | મંજુર મહેકમ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| ૧ | ૧૩ | ૦૩ |
| ૨ | ૧૨૧ | ૨૧ |
| ૩ | ૧૯૯૩ | ૫૬૬ |
| ૪ | ૨૬૨ | ૧૨૬ |

જુદા જુદા સમયથી આ જ્ગ્યાઓ ખાલી છે.

(૩) બનતી ત્વરાએ.

---------

**ડીસા તાલુકામાં હરિયાળી ક્રાંતિ યોજના**

૪૨૦૧ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ક્યા ક્યા ગામોને હરિયાળી ક્રાતિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) આ યોજનામાં સમાવિષ્ઠ ક્યા ક્યા ગામોમાં ક્યા પ્રકારના કામો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ડીસા તાલુકામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ IWDP-૧ પ્રોજેક્ટ (હરિયાળી) હેઠળ ૨૧ ગામો તથા IWDP-૨ પ્રોજેક્ટ (હરિયાળી) હેઠળ ૩૦ ગામો મળી કુલ ૫૧ ગામો આવરી લેવામાં આવેલ છે. ગામોની યાદીનું પત્રક--૧ સામેલ છે.

(૨)

| વિગત | ૦૧-૦૯-૦૬ થી ૩૧-૦૮-૦૭ | ૦૧-૦૯-૦૭ થી ૩૧-૦૮-૦૮ | કુલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| IWDP-૧ | ૨૬.૫૨ | ૧૪.૩૮ | ૪૦.૯૦ |
| IWDP-૨ | ૦.૪૨ | ૨૪.૯૬ | ૨૫.૩૮ |
| કુલ... | ૨૬.૯૪ | ૩૯.૩૪ | ૬૬.૨૮ |

(૩) આ યોજનામાં સમાવિષ્ઠ કરવામાં આવેલ ગામોમાં થયેલ કામોની વિગત દર્શાવતું પત્રક-૨ સામેલ છે.

**પત્રક-૧**

**ડીસા તાલુકામાં હરિયાળી યોજના હેઠળ આવરી લેવામાં આવેલ ગામોની નામાવલીની વિગત દર્શાવતું પત્રક.**

**આઇ.ડબલ્યુ.ડી.પી.ડીસા-૧ ના ગામો**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ખેરોલા | (૨) | શરત | (૩) | કમોડા | (૪) | કમોડી |
| (૫) | દેવસરી | (૬) | નાંદલા | (૭) | ભાદરા | (૮) | કુડા |
| (૯) | ડેકા | (૧૦) | મોટાકાપરા | (૧૧) | નાનાકાપરા | (૧૨) | વરનોડા |
| (૧૩) | નાંણી | (૧૪) | કાતરવા | (૧૫) | ડોડાણા | (૧૬) | મટુ |

(૧૭) ચેકરા (૧૮) ચિત્રોડા (૧૯) ગામડી (૨૦) આગથળા
(૨૧) લાખણી

**આઇ.ડબલ્યુ.ડી.પી.ડીસા-૨ ના ગામો**

(૧) ટેટોડા (૨) વાસણ (કુડા) (૩) થેરવાડા (૪) વિઠોદર
(૫) ધાણાં (૬) જડીયાળી (૭) કોટડા (૮) રામસણ
(૯) જસરા (૧૦) મોરાલ (૧૧) માંણકી (૧૨) ફાગુન્દ્રા
(૧૩) વિરૂણા (૧૪) કુંપટ (૧૫) બુરાલ (૧૬) કોચાસણ
(૧૭) વડાવળ (૧૮) બાઇવાડા (૧૯) શણથ (૨૦) રમુણ
(૨૧) સુંથીયા (૨૨) ચોરા (૨૩) ધનાવાડા (૨૪) પેછડાલ
(૨૫) કુચાવાડા (૨૬ ગોઢા (૨૭) ભડથ (૨૮) મેડા
(૨૯) સોડાપુર (૩૦) વાસણ (વાતમ)

પત્રક - ૨
આ યોજનામાં નીચે મુજબના ગામોમાં તેની સામે જણાવેલ પ્રકારના કામો કરવામાં આવેલ છે.
**આઇ.ડબલ્યુ.ડી.પી.ડીસા-૧ ના ગામો**

| ક્રમ | ગામનું નામ | વની-કરણ | પાઇપ લાઇન | વર્મી કમ્પોસ્ટ | ખેત તલાવડી | ચેકડેમ | આડબંધ | સીમ તળાવ | બોરીબંધ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખેરોલા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | - |
| ૨ | શરત | ૧ | - | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - |
| ૩ | કમોડા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૪ | કમોડી | ૧ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | - | - |
| ૫ | દેવસરી | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૬ | નાંદલા | - | - | ૧ | - | - | - | - | - | - |
| ૭ | ભાદરા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૮ | કુડા | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૯ | ડેકા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૧૦ | મોટાકાપરા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૧૧ | નાના કાપરા | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૧૨ | વરનોડા | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૧૩ | નાણી | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૧૪ | કાતરવા | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - |
| ૧૫ | ડોડાણા | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - |
| ૧૬ | મટુ | ૧ | - | ૧ | - | - | ૧ | ૧ | - | - |
| ૧૭ | ચેકરા | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - |
| ૧૮ | ચિત્રોડા | ૧ | - | ૧ | - | ૧ | ૧ | - | - | - |
| ૧૯ | ગામડી | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - |
| ૨૦ | આગથળા | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૨૧ | લાખણી | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | - |

**આઇ.ડબલ્યુ.ડી.પી.ડીસા-૨ ના ગામો**

| ક્રમ | ગામનું નામ | વની-કરણ | પાઇપ લાઇન | વર્મી કમ્પોસ્ટ | ખેત તલાવડી | ચેકડેમ | આડબંધ | સીમ તળાવ | બોરીબંધ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ટેટોડા | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૨ | વાસણ(કુ) | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૩ | થેરવાડા | - | - | - | - | - | - | - | - | - |
| ૪ | વિઠોદર | ૧ | - | ૧ | - | - | - | - | - | - |

| ક્રમ | ગામનું નામ | વની-કરણ | પાઇપ લાઇન | વર્મી કમ્પોસ્ટ | ખેત તલાવડી | ચેકડેમ | આડબંધ | સીમ તળાવ | બોરીબંધ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ધાણા | ૧ | - | ૧ | - | - | - | - | ૧ | - |
| ૬ | જડીયાલી | ૧ | - | ૧ | - | - | - | - | ૧ | - |
| ૭ | કોટડા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૮ | રામસણ | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૯ | જસરા | ૧ | - | - | - | - | - | - | - | - |
| ૧૦ | મોરાલ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૧૧ | માણકી | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૧૨ | ફાગુન્દ્રા | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૧૩ | વિરૂણા | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૧૪ | કુંપટ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૧૫ | બુરાલ | ૧ | - | - | - | - | - | - | - | - |
| ૧૬ | કોચાસણ | - | - | - | - | - | - | - | - | - |
| ૧૭ | વડાવલ | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૧૮ | બાઇવાડા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૧૯ | શણથ | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૨૦ | રમુણ | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૨૧ | સુંથીયા | - | - | - | - | - | - | - | - | - |
| ૨૨ | ચોરા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૨૩ | ધનાવાડા | ૧ | - | - | - | - | - | - | - | - |
| ૨૪ | કુચાવાડા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૨૫ | પેછડાલ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૨૬ | ગોઢા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૨૭ | ભડથ | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - |
| ૨૮ | મેડા | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| ૨૯ | સોડાપુર | - | - | ૧ | - | - | ૧ | - | - | - |
| ૩૦ | વાસણ(વા) | ૧ | - | ૧ | - | - | - | - | - | - |
| | | | | | | | | | | |

---------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સાધનો ખરીદવામાં ગેરરીતિઓ

૪૦૧૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં બ્રાન્ડેડ સાધનોની ખરીદીમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે, તેવી હકીક્તની જાણ રાજ્યના આરોગ્ય વિભાગને ક્યારે થઈ,

(૨) સરકારે બહાર પાડેલ પરિપત્રના આધારે મટીરીયલ્સ ખરીદવાનું નક્કી થયેલ છે. તેમ છતાં તેનો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કેટલી વખત ભંગ કરી મટીરીયલ્સ ખરીદવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) સિવિલ હોસ્પિટલ અમદાવાદને જરૂરિયાત વાળા સાધનોની ખરીદી દર વર્ષે સી.એમ.એસ.ઓ.માંથી થાય છે.હોસ્પિટલના જુદા જુદા વિભાગના વડા મારફતે આવેલ માગણી મુજબ સાધનોના ઇન્ડેન્ટ લીસ્ટ તેમજ તેનું સ્પેશીફીકેશન સી.એમ.એસ.ઓ.ને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ સરકારી ધારાધોરણ નિતિ-નિયમ મુજબ સી.એમ.એસ.ઓ. દ્વારા તેની ખરીદી કરવામાં આવે છે. જેથી આ બાબતે કોઇ ગેરરીતિ થયેલ નથી.

(૨) હોસ્પિટલો દ્વારા બ્રાન્ડેડ આઇટમની ખરીદી ન કરવા અંગે કમિશ્નરશ્રીના પત્ર ક્રમાંક : ડીએમઇઆર/ વાર્ષિક ખરીદી/એ./૨૦૦૭ તા. ૧૭/૦૩/૨૦૦૭ તથા અધિક નિયામકશ્રીના પત્ર ક્રમાંકઃડીએમઇઆર/ હિસાબી/૨૦૦૭ થી પરિપત્ર થયા મુજબ તથા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૦૮-૦૮ની સ્થિતિએ આ સંસ્થામાંથી આ નિયમનો ભંગ કરીને કોઇ મટીરીયલ્સ ખરીદવામાં આવેલ નથી અને આ પરિપત્રનો ચુસ્તપણે અમલ

(૩) આ અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ?

કરવામાં આવેલ છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી માટે એવોર્ડ**

૩૮૯૭ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને સન ૨૦૦૭-૦૮માં ક્યા ક્યા પ્રોજેક્ટ/કઈ પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યા છે, અને

(૨) એવોર્ડ કોના ધ્વારા અપાયા તેમજ કઈ તારીખે કોના હાથે અપાયા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં પ્રવાસન પ્રચાર માટે નીચે મુજબના એવોર્ડ મળેલ છે.

૧. બેસ્ટ ટુરીઝમ ફીલ્મ ફોર ""ધોળાવીરા"" એ ફયુચરિક મેટ્રોપીલીસ ઓફ ધી પાસ્ટ એવોર્ડ
૨. ટુ ડેઝ ટ્રાવેલ મેગેઝીન, બેસ્ટ સ્ટેટ પ્રમોટીંગ ફેર્સ એન્ડ ફેસ્ટીવલ એવોર્ડ.
૩. સાટે ૨૦૦૭- મોસ્ટ એથનીક ટુરીઝમ પેવેલીયન

(૨) ઉપરોક્ત એવોર્ડ અનુક્રમે નીચેની તારીખે નીચેના મહાનુભાવોના હાથે મળેલ છે.

૧. તા. ૨૭-૨-૨૦૦૮ શ્રીમતિ અંબીકા સોની, માન. મંત્રીશ્રી (પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગ, ભારત સરકાર)
૨. તા. ૨૭-૮-૨૦૦૭ શ્રીમતિ અંબીકા સોની, માન. મંત્રીશ્રી (પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગ, ભારત સરકાર)
૩. તા. ૨૪-૪-૦૭ શ્રી એસ. કે. મિશ્રા, ચેરમેન, ઇન્ટેક

---------

**દાહોદ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૪૩૪૫ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લા રોજગાર કચેરીમાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલ માસવાર શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લા રોજગાર કચેરીમાં તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલ માસવાર શિક્ષિત બેરોજગારોની સંખ્યા નીચે મુજબ છે.

| | |
|---|---|
| જુલાઇ-૨૦૦૭ | ૭૪૧ |
| ઓગસ્ટ-૨૦૦૭ | ૫૪૬ |
| સપ્ટેમ્બર-૨૦૦૭ | ૩૪૯ |
| ઓકટોબર-૨૦૦૭ | ૩૮૬ |
| નવેમ્બર-૨૦૦૭ | ૧૮૯ |
| ડિસેમ્બર-૨૦૦૭ | ૧૬૨ |
| જાન્યુઆરી-૨૦૦૮ | ૨૬૬ |
| ફેબ્રુઆરી-૨૦૦૮ | ૨૬૪ |
| માર્ચ-૨૦૦૮ | ૧૩૫ |
| એપ્રિલ-૨૦૦૮ | ૪૩૬ |
| મે-૨૦૦૮ | ૨૬૯ |
| જૂન-૨૦૦૮ | ૮૭૭ |
| કુલ : | ૪૬૨૦ |

| | |
|---|---|
| (૨) તે પેકી કેટલાને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૫૬ |

--------

**રાજ્યમાં કેન્દ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ આપેલ રોજગારી**

૩૬૩૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ તારીખ ૩૧/૭/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, | (૧) કેન્દ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ તા.૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૫૬૧૫૮ કુટુંબોને રોજગારી આપવામાં આવી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી, અને | (૨) તે અન્વયે<br>કેન્દ્ર સરકારી તરફથી રૂા. ૮૮૫૭.૩૧ લાખ<br>રાજ્ય સરકારની રૂા. ૨૫૦૮.૨૨ લાખ<br>કુલ : રૂા. ૧૧૩૬૫.૫૩ લાખ<br>ગ્રાન્ટ મળી. |
| (૩) રાજ્ય સરકારે તે અન્વયે કેટલો ખર્ચ કર્યો ? | (૩) રાજ્ય સરકારે તે અન્વયે રૂા. ૯૧૯૨.૧૨ લાખ ખર્ચ કર્યો. |

--------

**તબીબી અધિકારીઓને ટીકુ કમીશનના ઉચ્ચતર પગારનો લાભ**

૪૧૮૪ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તબીબી અધિકારીઓ વર્ગ-૧ અને વર્ગ-૨નો તા. ૩૧/૮/૦૮ સુધીમાં ટીકુ કમીશનના ઉચ્ચતર પગારના લાભ કેટલા તબીબોને આપેલ છે, અને | (૧) વર્ગ-૧ના ૨૭૨ તથા વર્ગ-૨ના ૧૨૭૩ મળી કુલ ૧૫૪૫ તબીબોને ટીકુ કમીશન અન્વયે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપેલ છે. |
| (૨) બાકીના કેટલા તબીબોને લાભ મળવાપાત્ર છે અને આ બાબતે સરકાર શું પગલાં ભરવા માંગે છે ? | (૨) વર્ગ-૧ના ૬૪ તથા વર્ગ-૨ના ૬૪૨ મળી કુલ ૭૦૬ તબીબોને આ લાભ મંજુર કરવાના બાકી છે. પાત્ર ઠરે તેવા તબીબોને આ લાભ આપવાની કાર્યવાહી નિયમિત ચાલે છે. |

---------

**સમી અને હારીજ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો**

૪૨૨૧ **ભાવસિંહ રાઠોડ(સમી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૩૧/૮/૨૦૦૮ની સ્થિતિએ સમી-હારીજ તાલુકામાં કેટલી સસ્તા અનાજની દુકાનો આવેલ છે, | (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સમી તાલુકામાં ૭૨ અને હારીજ તાલુકામાં ૩૩ સસ્તા અનાજની દુકાનો આવેલ છે. |
| (૨) તેઓને માસીક કેટલો કેરોસીનનો જથ્થો ફાળવેલ છે, | (૨) સમી તાલુકામાં માહે ઓગષ્ટ-૦૮ માસમાં ૩૩૯ કીલોલીટર અને હારીજ તાલુકામાં ૧૬૨ કીલોલીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે. |
| (૩) ગ્રાહકોને પુરતો પુરવઠા દુકાનદાર દ્વારા મળતો નથી, તો સરકાર શું આયોજન કરવા માંગે છે, અને ? | (૩) દુકાનદાર દ્વારા ગ્રાહકોને કેરોસીનનો પુરતો પુરવઠો મળી રહે તે માટે જિલ્લાના એન્ફોર્સમેન્ટ તંત્ર દ્વારા પુરતું મોનીટરીંગ કરવામાં આવે છે, તેમ છતાં કોઇ દુકાનદાર દ્વારા પુરતો પુરવઠો ન મળવા બાબતની ફરીયાદ મળે છે ત્યારે તે અંગેની તપાસણી કરી કસુરવાર દુકાનદાર સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે છે. આમ, ગ્રાહકોને તેઓને મળવાપાત્ર પુરેપુરો જથ્થો મળી રહે તે મુજબ આયોજન કરવામાં આવે છે. |
| (૪) દુકાનદારોને કેરોસીન વેચાણ કરવા મહીનાના કેટલા દિવસ આપેલ છે ? | (૪) દુકાનદારોને અઠવાડિક રજા સોમવાર સિવાયના મહિનાના તમામ દિવસોએ કેરોસીન વેચાણ કરવા નક્કી કરવામાં આવેલ છે. |

---------

**ખાનપુર તાલુકામાં રોજગાર ગેરંટી યોજનામાં કામદારોને રોજી**

૪૧૯૬ **શ્રી હરીભાઈ પટેલ(લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના ખાનપુરા તાલુકાના કેટલા ગામોમાં રોજગાર ગેરંટી યોજના અંતર્ગત તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કામદારોને રોજીના નાણાં ચૂકવવાના બાકી છે,

(૨) આ નાણાં ન ચૂકવવાના કારણો શાં છે, અને

(૩) તે કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં રોજગાર ગેરંટી યોજના અંતર્ગત તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ૧૦ ગામોમાં ૧૩૩૩ કામદારોને રૂા. ૧૦,૫૮,૮૦૧/- રોજીના નાણાં ચૂકવવાના બાકી છે.

(૨) કેન્દ્ર સરકારશ્રીની સૂચના અનુસાર શ્રમિકોનું ચૂકવણું બેન્ક/પોસ્ટ ખાતા મારફતે કરવાનું રહેતુ હોય શ્રમિકો દ્વારા બેન્ક/પોસ્ટ ઓફીસમાં ખાતા ખોલાવવામાં વિલંબ થયેલ હોય નાણાં ચૂકવાયેલ ન હતાં.

(૩) તા. ૮-૯-૦૮ તથા તા. ૧૨-૯-૦૮ના રોજ બાકી રહેલ રકમ ચૂકવાઇ ગયેલ છે.

---------

**રાજ્યમાં સ્ત્રીરોગ નિષ્ણાતોની સુવિધા**

૩૬૫૫ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર-પાવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૭/૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં ૯૩ જેટલા તાલુકાઓમાં સરકારી સ્ત્રી રોગ નિષ્ણાતો નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારે પ્રસુતિ ગૃહ આપવા અને સ્ત્રી રોગ નિષ્ણાતોની વધુ સુવિધા મળી રહે તે માટે સહાય આપવાનું નક્કી કરેલ છે, તે અન્વયે તા. ૩૧/૭/૨૦૦૮ સુધીમાં કેટલી સહાય આપવામાં આવી, અને

(૩) કેટલા ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) રાજ્ય સરકારે પ્રસૂતિ ગૃહ આપવા અને સ્ત્રી રોગ નિષ્ણાતોની વધુ સુવિધાઓ મળી રહે તે માટે તારીખ ૨૩-૪-૨૦૦૮ થી ""એક્ષ્ટેન્ડેડ ચિરંજીવી યોજના"" અમલમાં મુકેલ છે. તે અંતર્ગત ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાતો તરફથી આ યોજનામાં જોડાવા અંગેની કોઇ અરજી મળેલ ન હોવાથી સહાય ચુકવવામાં આવેલ નથી.

(૩) એક પણ નહીં.

---------

**વડોદરા, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં જંગલની જમીનો આપવા બાબત**

૩૬૭૬ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તા. ૩૧/૭/૨૦૦૮ની સ્થિતિએ કેટલા આદિજાતિના પરિવારો જંગલની જમીનો છેલ્લા દસ વર્ષ કે તેથી વધુ સમયથી ખેડે છે,

(૨) તે અન્વયે કેટલા પરિવારોને જંગલની જમીનોની સનદો આપવામાં આવી, અને

(૩) બાકી રહેતા પરિવારોને કેટલા સમયમાં આ જમીનો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) આવી કોઇ માહિતી વન વિભાગના રેકર્ડ પરથી ઉપલબ્ધ નથી. જો કે, વન વિભાગના પ્રથમ ગુન્હા અહેવાલમાં આદિજાતિ કે અન્ય પરિવારો દ્વારા જંગલની ઝાડી કાપવાના, વિસ્તાર સાફ કરવાના, જમીન ખેડવાનો પ્રયત્ન કરવાના કે ચાસ પાડવાના બનાવોનો ઉલ્લેખ હોય છે પરંતુ, તેનાથી તેઓ દ્વારા સતત ખેતી ચાલુ રાખેલ છે તેમ કહી શકાય નહીં. સને ૧૯૮૦ પહેલાંથી જંગલની જમીન ખેડતી હોય તેવી પંચમહાલ જિલ્લાની ૬૦૧, દાહોદ જિલ્લાની ૬૭૨ અને વડોદરા જિલ્લાની ૪૩૯ વ્યક્તિઓને જંગલની જમીન આપવા પાત્ર જણાય છે.

(૨) તા. ૨૫-૧૦-૧૯૮૦ પછીનાં જંગલ જમીનો પરનાં બીન અધિકૃત ખેડાણોને નિયમબધ્ધ કરવામાં આવેલ નથી. તેથી, સનદો આપવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્ય સરકાર દ્વારા શેડ્યુલ ટ્રાઇબ્સ એન્ડ અધર ફોરેસ્ટ ડેવલર્સ (રાઇટ ટુ ફોરેસ્ટ) એક્ટ-૨૦૦૬

અન્વયેની જરૂરી કાર્યવાહી હાથ ધરાયેલ છે. આ કાયદા અન્વયેની પ્રક્રિયા પૂર્ણ થયેથી મળવાપાત્ર વ્યક્તિઓને જમીન આપી શકાશે.

---------

**રાજકોટ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૩૯૩૦ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ તા. ૩૦/૬/૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરી,

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કોઇ રકમ ચૂકવવાની બાકી છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલી ?

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ સમરસ થયેલ પંચાયતોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | સમરસ ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા. ૧-૭-૦૬ થી તા. ૩૦-૬-૦૭ સુધી | ૩૪૧ |
| ૨ | તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ સુધી | ૦૦૭ |

(૨) રૂપિયા ૪,૧૨,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર કરોડ, બાર લાખ પચાસ હજાર પુરા).

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી તેમજ રોજગારી અંગે**

૪૦૯૪ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૮/૦૮ની સ્થિતિએ જામનગર રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગારની નોંધણી થયેલ છે,

(૨) તે પૈકી પાંચ વરસ કે તેથી વધુ વરસથી રોજગાર માટેની નોંધણી થઈ હોય તેવી કેટલી સંખ્યા છે, અને

(૩) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને તાલુકાવાર રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૨૪૬૨.

(૨) ૫૭૮૮.

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુવાનોને અપાયેલ તાલુકાવાર રોજગારીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૪૫૦૪ |
| ૨ | જામજોધપુર | ૨૩૯ |
| ૩ | જામખંભાળીયા | ૨૦૪ |
| ૪ | જામકલ્યાણપુર | ૧૬૧ |
| ૫ | દ્વારકા-ઓખા | ૪૪૮૬ |
| ૬ | કાલાવડ | ૨૭૭ |
| ૭ | લાલપુર | ૧૮૭ |
| ૮ | ભાણવડ | ૨૦૦ |
| ૯ | ધ્રોલ | ૨૬૮ |
| ૧૦ | જોડીયા | ૨૦૭ |
| | કુલ : | ૧૦૭૩૩ |

---------

## રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં લીધેલ સારવાર

૩૯૫૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કુલ કેટલી અને કઈ જગ્યાએ ફાળવેલ છે,

(૨) તેમાં સરકાર તરફથી કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ સેવાથી કેટલા લોકોને સારવાર મળી, કેટલી મહિલાઓને પ્રસૂતિ કરાવવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કુલ ૩૦૦ ફાળવેલ છે. ફાળવણીનું પત્રક આ સહ સામેલ છે.

(૨) આ યોજના પાછળ કુલ ૬૨૭૪.૨૮ લાખ ખર્ચ થયેલ છે.

(૩) આ સેવાથી ૧,૭૭,૨૧૧ લોકોને સારવાર મળી તથા ૩૮૭૨૩ મહિલાઓને પ્રસુતિ કરાવવામાં આવી છે.

**પત્રક**

**રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સવાનમાં સારવાર**

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૯ |
| ૨ | ગાંધીનગર | ૦૭ |
| ૩ | મહેસાણા | ૧૨ |
| ૪ | પાટણ | ૦૭ |
| ૫ | સાબરકાંઠા | ૧૨ |
| ૬ | બનાસકાંઠા | ૧૩ |
| ૭ | આણંદ | ૦૮ |
| ૮ | ખેડા | ૧૧ |
| ૯ | વડોદરા | ૨૨ |
| ૧૦ | પંચમહાલ | ૧૪ |
| ૧૧ | દાહોદ | ૧૫ |
| ૧૨ | ભરૂચ | ૦૮ |
| ૧૩ | નર્મદા | ૦૫ |
| ૧૪ | સુરત | ૨૨ |
| ૧૫ | તાપી | ૦૫ |
| ૧૬ | આહવા-ડાંગ | ૦૩ |
| ૧૭ | નવસારી | ૦૭ |
| ૧૮ | વલસાડ | ૦૭ |
| ૧૯ | ભાવનગર | ૧૫ |
| ૨૦ | અમરેલી | ૧૨ |
| ૨૧ | જામનગર | ૧૧ |
| ૨૨ | જુનાગઢ | ૧૪ |
| ૨૩ | પોરબંદર | ૦૨ |
| ૨૪ | રાજકોટ | ૧૮ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૦ |
| ૨૬ | કચ્છ-ભૂજ | ૧૧ |
| | **કુલ--** | **૩૦૦** |

---------

### પંચમહાલ જિલ્લાની તાલુકા પંચાયતોને નવીન વાહન ખરીદવાની પરવાનગી

૩૭૬૫ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૭/૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લાની કેટલી તાલુકા પંચાયતો દ્વારા નવીન વાહન ખરીદવાની પરવાનગી માંગવામાં આવેલ છે,

(૨) આ પૈકી કેટલી તાલુકા પંચાયતોને નવીન વાહન ખરીદવાની પરવાનગી આપવામાં આવેલ છે,

(૩) જે તાલુકા પંચાયતોને પરવાનગી આપવાની બાકી છે તે ક્યા કારણોસર, કેટલા સમયથી બાકી છે, અને

(૪) તે પરવાનગી કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) વાહનની માગણીની રજુઆતો મળી છે પરંતુ વિધિસરની એકપણ દરખાસ્ત તાલુકા પંચાયતો તરફથી મળી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં ""ઈ- ગ્રામ"" ગામો જાહેર કરવા બાબત

૪૨૨૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો ""ઈ-ગ્રામ"" તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) ""ઈ""-ગ્રામ તરીકે જાહેર થયેલ ગામને શું શું અને કેવા પ્રકારની સગવડો આપવામાં આવે છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર ઈ-ગ્રામ પંચાયત તરીકે જાહેર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત તરીકે જાહેર કરેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | હળવદ | ૧૦ |
| ૨ | ધાંગધ્રા | ૫ |
| ૩ | દશાડા | ૧૩ |
| ૪ | લખતર | ૫ |
| ૫ | વઢવાણ | ૩ |
| ૬ | મુળી | ૮ |
| ૭ | ચોટીલા | ૨૫ |
| ૮ | સાયલા | ૧૪ |
| ૯ | ચુડા | ૫ |
| ૧૦ | લીંબડી | ૯ |
| | કુલ : | ૯૭ |

(૨) ઈ-ગ્રામ પંચાયત તરીકે જાહેર થયેલ ગ્રામ પંચાયતને નીચે મુજબ સગવડો આપવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર હાર્ડવેર તથા સોફ્ટવેર આપવામાં આવે છે. |
| ૨ | ગ્રામ પંચાયતો ખાતે ઈ-ક્નેકટીવીટીની સુવિધા આપવામાં આવે છે. |
| ૩ | ગ્રામ પંચાયતો ખાતે જન્મ-મરણના પ્રમાણપત્રો, ચકાસણી તથા સરકારી વિવિધ યોજનાઓના ફોર્મ્સ/અરજીપત્રકો આપવામાં આવે છે. |
| ૪ | કોમ્પ્યુટર સાહસિક (મેનપાવર) ની સગવડતા |
| ૫ | ગ્રામ પંચાયતો ખાતેથી ઈ સેવાઓ પુરી પાડવી. |

(૩) આ પૈકી ચોટીલા, થાન અને સાયલા તાલુકાના ક્યા ક્યા ગામોને ""ઈ""-ગ્રામ તરીકે જાહેર કરવાના બાકી છે, અને

(૩) ચોટીલા તાલુકો તથા સાયલા તાલુકામાં એકપણ ગ્રામ પંચાયત ઈ-ગ્રામ પંચાયત તરીકે જાહેર કરવાની બાકીમાં નથી. થાન તાલુકો નથી પરંતુ થાન નગરપાલિકા છે.

(૪) આ ગામોને જાહેરાતમાંથી બાકાત રાખવાના કારણો શાં છે?

| ૧૧ | શ્રી કાશીરામ રાણા | સુરત | તા. ૨૮-૬-૨૦૦૬ |
| ૧૨ | શ્રી તુષારભાઈ અમરસિંહભાઈ ચોધરી | માંડવી | તા. ૨૮-૬-૨૦૦૬ |

-------------

**રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ**

અતારાંક્તિ : ૪૧૮ (૨૭-૨-૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) :**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સર્વીસની શરૂઆત ક્યારે કરવામાં આવી,

(૨) સદર યોજનામાં પ્રતિ એમ્બ્યુલન્સવાનનું મંજુર મહેકમ કેટલુ,

(૩) પ્રતિ એમ્બ્યુલન્સવાન પગાર, બળતણ કે અન્ય ખર્ચ માટે પ્રતિમાસ કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે,

(૪) આ યોજના માટે બજેટમાં ક્યા હેડે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૫) સદર યોજનામાં રાજ્ય-કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૮-૯-૨૦૦૮) :

(૧) રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સર્વીસની શરૂઆત તા. ૨૯-૮-૨૦૦૭થી કરવામાં આવેલ છે.

(૨) સરકારશ્રીનું કોઈ મહેકમ મંજુર થયેલ નથી. પરંતુ ઈ.એમ.આર.આઈ. દ્વારા પ્રતિ એમ્બ્યુલન્સ બે પાયલોટ (ડ્રાઈવર) બે ઈ.એમ.ટી. એક રીલીવર અને સુપરવાઈઝર (સાત એમ્બ્યુલન્સ વચ્ચે એક) મૂકવામાં આવે છે.

(૩) રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓના અમલીકરણ માટે પ્રતિ એમ્બ્યુલન્સવાન પગાર, ભથ્થા, બળતણ કે અન્ય નિભાવણી ખર્ચ માટે પ્રતિમાસ અનુદાન ફાળવવામાં આવતું નથી, પરંતુ રાજ્યના ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રીસપોન્સ સર્વીસના સમગ્ર પ્રોજેક્ટના અમલીકરણ માટે ઉક્ત હેતુઓ માટે સને-૨૦૦૮-૨૦૦૯ ના વર્ષ માટે રૂા. ૧૨.૦૦ કરોડ સરકારશ્રી ધ્વારા નિયત કામગીરી માટે મંજુર થયેલ છે અને ઈ.એમ.આઈ.આઈ.ને ઉક્ત હેતુ માટે નિયમાનુસાર તેમજ એમ.ઓ.યુ. મુજબ ફાળવવામાં આવેલ છે.

(૪) વર્ષ-૨૦૦૮-૨૦૦૯માં ગુજરાત સરકાર ધ્વારા રૂા. ૧૨.૦૦ કરોડ નીચે જણાવેલ સદરે ફાળવવામાં આવેલ છે.

માંગણી નં. ૩૯

મુખ્ય સદર-૨૨૧૦-તબીબી અને જાહેર આરોગ્ય

પેટા મુખ્ય સદર-૦૧-શહેરી આરોગ્ય સેવાઓ (એલોપેથી)

ગોણ સદર-૧૧૦-હોસ્પિટલ અને દવાખાના

પેટા સદર-૦૧-એચએલટી-સીવીલ હોસ્પિટલનો વહીવટ (પ્લાન)

(૫) આ કેન્દ્ર પુરસ્કૃત યોજના ન હોવાથી આ યોજનામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના હિસ્સા બાબતે કોઈ પેટર્ન નક્કી થયેલ નથી, ખર્ચ એન.આર.એચ.એમ. અંતર્ગત ગુજરાત રાજ્યના મળવાપાત્ર ભંડોળ તેમજ રાજ્ય સરકારના બજેટમાંથી કરવામાં આવે છે.

-------------

## આરોગ્ય અને તબીબી સંસ્થાઓના કર્મચારીઓની બઢતી

**અતારાંક્તિ : ૪૪૬ (૨૦-૬-૦૮) શ્રી ધીરૂભાઈ ભીલ** (નસવાડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આરોગ્ય કમિશ્નરના તાબા હેઠળ આવતી આરોગ્ય અને તબીબી સંસ્થાઓમાં વર્ગ-ચાર ના કર્મચારીઓ ફરજ બજાવે છે. જેઓને વર્ગ-૩ની લાયકાત ધરાવતા ધો-૧૨ પાસ અને સી.સી.સી. પાસ કર્મચારીઓને લાંબા સમય સુધી બઢતી આપવામાં આવેલ નથી તેના કારણો ક્યા ક્યા છે, અને

(૨) જિલ્લાવાર આવી કેટલી જગ્યાઓ પર બઢતી મેળવવા માટેની અરજીઓ તા. ૩૧-૫-૨૦૦૮ની સ્થિતિએ પડતરમાં છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૨-૯-૨૦૦૮) :

(૧) આરોગ્ય કમિશ્નરના તાબા હેઠળ આવતી આરોગ્ય અને તબીબી સંસ્થાઓમાં વર્ગ-ચાર ના કર્મચારીઓને લાયકાત મુજબ વર્ગ-૩ની જગ્યા પર બઢતી આપવા આરોગ્ય અને તબીબી પ્રભાગની અલગ અલગ જિલ્લાઓમાંથી એકત્ર કરીને સંયુક્ત પ્રવરતા યાદી બનાવવાની ક્રમાનુસાર લાયકાત મુજબ બઢતી આપવાની થાય છે. હાલ પ્રવરતા યાદી બનાવવાની કામગીરી ગતિમાં છે. જે પૂર્ણ થયા બાદ બઢતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) તા. ૩૧-૫-૦૮ની સ્થિતિએ બઢતી મેળવવા માટે લાયકાત ધરાવતા હોય તેવા વર્ગ-૪ના તબીબી પ્રભાગના ત્રણ કર્મચારીઓની અરજીઓ પડતરમાં છે. જ્યારે આરોગ્ય પ્રભાગ અને તબીબી શિક્ષણ પ્રભાગની કોઈ અરજીઓ પડતર નથી, પરંતુ, પ્રવરતા યાદી તૈયાર થયા બાદ લાયકાત ધરાવતા કર્મચારીઓની યાદી નવેસરથી અરજીઓ મંગાવીને તૈયાર કરવામાં આવશે.

-------------

## હાલોલ તાલુકામાં માઈનીંગ માટે અપાયેલ પરવાનગી

અતારાંકિત : ૨૫૦ (૪-૮-૦૮) **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના શિવરાજપુર ખાતે ઓલીમ્પીક કંપનીને માઈનીંગ અથવા વેસ્ટ ડમ્પ માટેની પરવાનગી કેટલા સમય માટે આપવામાં આવેલ હતી,

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલા રોયલ્ટી પાસ ઈસ્યુ કરવામાં આવેલ અને કુલ કેટલા ટન જથ્થો પરવાનગીના વર્ષો દરમ્યાન વહન કરવામાં આવેલ હતો, અને

(૩) આ વર્ષો દરમ્યાન વહન કરેલા જથ્થાની કુલ કિંમત અંદાજે કેટલી થાય છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** (૧૨-૯-૨૦૦૮) :

(૧) તા. ૨૨-૬-૮૨ થી તા. ૨૨-૬-૦૨ના સમય માટે

(૨) કુલ ૪૯૦૦ રોયલ્ટી પાસ

કુલ ૪૪૮૧૪ મે. ટન જથ્થો

(૩) કિંમત અંદાજે રૂા. ૨,૭૪,૮૫,૮૦૦/- થાય છે.

-------------

## તાપી જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંકિત : ૪૭૩ (૨૧-૬-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી ક્યા ક્યા તાલુકાના અરજદારોની કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી નામંજુર કરી,

(૩) નામંજુર કરવાના કારણો શા છે, અને

(૪) મંજુર કરેલ લાભાર્થીઓને કીટસનું વિતરણ કોના મારફતે કરવામાં આવેલ છે ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** (૬-૯-૨૦૦૮) :

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ સુધી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી છે.

| તાલુકાનું નામ | ૨૦૦૬-૨૦૦૭ | ૨૦૦૭-૨૦૦૮ | કુલ |
|---|---|---|---|
| ઉચ્છલ | ૨૧૪ | ૨૨૩ | ૪૩૭ |
| નિઝર | ૩૮૨ | ૧૭૪ | ૫૫૬ |
| વાડોલ | ૧૧૯ | ૮૩ | ૨૦૨ |
| વ્યારા | ૪૦૩ | ૨૬૫ | ૬૬૮ |
| સોનગઢ | ૩૪૧ | ૨૧૪ | ૫૫૫ |
| કુલ... | ૧૪૫૯ | ૯૫૯ | ૨૪૧૮ |

(૨) **તાલુકાનું નામ** **મંજુર** **નામંજુર**

| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ઉચ્છલ | ૨૦૪ | ૨૧૧ | ૪૧૫ | ૧૦ | ૧૨ | ૨૨ |
| નિઝર | ૩૭૬ | ૧૬૧ | ૫૩૭ | ૬ | ૧૩ | ૧૯ |
| વાડોલ | ૧૧૪ | ૭૫ | ૧૮૭ | ૫ | ૮ | ૧૩ |
| વ્યારા | ૩૯૬ | ૨૫૯ | ૬૬૬ | ૭ | ૬ | ૧૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સોનગઢ | ૩૩૩ | ૨૦૬ | ૫૩૯ | ૮ | ૮ | ૧૬ |
| કુલ... | ૧૪૨૩ | ૯૧૨ | ૨૩૪૪ | ૩૬ | ૪૭ | ૮૩ |

(૩) (૧) ૧૮ વર્ષથી ઓછી ઉંમર હોવાથી

(૨) અરજદારની વાર્ષિક આવક વધુ હોવાના કારણે.

(૪) વર્ષ ૨૦૦૬-૦૭ ના વર્ષમાં મંજુર થયેલ લાભાર્થીઓને ટુલકીટસ ગ્રીમકો દ્વારા ખરીદ કરી વિતરણની કામગીરી નીચે જણાવેલ સંસ્થાઓ મારફત કરવામાં આવેલ છે.

(૧) ઉચ્છલ/નિઝર આમકૂટિ વિ. કાર્પેટ અને હે.સ.મંડળી લી. તા. ઉચ્છલ

(૨) સોનગઢ/દરડી વિ. કાર્પેટ અને હે.સ.મંડળી લી. તા. ઉચ્છલ

(૩) વ્યારા/વાલોડ - સ્વદેશી સેવા ટ્રસ્ટ, ગાંધીનગર.

**જામનગર જિલ્લામાં સંયુક્ત પંચાયતો અલગ કરવાની માંગણીઓ**

અતારાંક્તિ : ૧૫૧ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં સંયુક્ત ગ્રામ પંચાયતોમાંથી અલગ ગ્રામ પંચાયત કરવા માટેની કેટલી માંગણીઓ સરકારમાં પડતર છે,

(૨) આ માંગણીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) આ પડતર દરખાસ્તોનો વહેલામાં વહેલી તકે કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૦-૯-૨૦૦૮) :

(૧) ચાર

(૨) ત્રણનો નિકાલ થયેલ છે. એક વહિવટી કારણોસર બાકી છે.

(૩) બનતી ત્વરાએ.

**જામનગર જિલ્લામાં સ્વસહાય જુથોની નોંધણી**

અતારાંક્તિ : ૧૫૪ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માર્ચ-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ગામે કેટલા સ્વસહાય જુથો નોંધવામાં આવ્યા, અને

(૨) સ્વસહાય જુથોને ક્યા ક્યા પ્રકારની કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૨-૯-૨૦૦૮) :

(૧) માર્ચ-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ ચાર (૪) સ્વસહાય જુથોની નોંધણી કરવામાં આવેલ છે. તાલુકાવાર વિગત પરિશિષ્ટ-અ મુજબ છે.

(૨) માર્ચ-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વસહાય જુથોને પરિશિષ્ટ-બ મુજબ સહાય ચુકવવામાં આવેલ છે.

**પરિશિષ્ટ-અ**

માર્ચ-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નોંધાયેલ સ્વસહાય જુથની તાલુકાવાર વિગત

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | જુથનું નામ | નોંધણી નંબર | નોંધણી તારીખ | જુથની પ્રવૃત્તિ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** |
| ૧ | જામનગર | નીલ | | | | | |
| ૨ | દ્વારકા | નીલ | | | | | |
| ૩ | ધ્રોલ | નીલ | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | કલ્યાણપુર | નીલ | | | | | |
| ૫ | કાલાવડ | નીલ | | | | | |
| ૬ | ખંભાળીયા | નીલ | | | | | |
| ૭ | લાલપુર | નીલ | | | | | |
| ૮ | જામજોધપુર | ઈશ્વરીયા | શ્રી ખોડીયાર બચત ધિરાણ જુથ | ૨૫૭/૦૦૩/૧ | ૦૭/૦૩/૨૦૦૭ | બચત | |
| | | | શ્રી દશામાં બચત ધિરાણ જુથ | ૨૫૭/૦૦૩/૨ | ૦૭/૦૩/૨૦૦૭ | બચત | |
| | | સોનવડીયા | શ્રી શક્તિ મહિલા બચત ધિરાણ જુથ | ૨૫૭/૦૦૩/૪ | ૨૮/૩/૨૦૦૭ | બચત | |
| | | | શ્રી આંબેડકર બચત ધિરાણ જુથ | ૨૫૭/૦૦૩/૩ | ૨૦/૩/૨૦૦૭ | બચત | |
| ૯ | જોડીયા | નીલ | | | | | |
| ૧૦ | ભાણવડ | નીલ | | | | | |

-------------

**પરિશિષ્ટ-બ**

માર્ચ-૨૦૦૭ની સ્થિતિએ એક વર્ષમાં જામનગર જિલ્લામાં નોંધાયેલ સ્વસહાય જુથો

| અ. નં. | તાલુકાનું નામ | ગામનું નામ | જુથનું નામ | ચુકવવામાં આવેલ સહાયની રકમ (રૂા. લાખમાં) | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | રીવોલ્વીંગ ફંડ | લોન | સહાય | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | જામનગર | જામવંથલી | એક્તા મહિલા બચત જુથ | ૦.૧૦ | ૦.૪૨ | ૦.૪૨ | ૦.૯૪ |
| | | ધ્રાંગડા | જય ઉમિયા સ્વનિર્ભર જુથ | ૦.૧૦ | ૧.૩૭ | ૧.૩૬ | ૨.૮૩ |
| | | મોટી ભલસાણ | ખુશ્બુ મહિલા બચત જુથ | ૦.૧૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૧.૧૦ |
| | | હાપા | જાગૃતિ સ્વસહાય જુથ | ૦.૧૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૨.૧૦ |
| ૨ | દ્વારકા | નીલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ધ્રોલ | નીલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | કલ્યાણપુર | નીલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | કાલાવડ | જશાપર | શ્રી શ્રધ્ધા મહિલા સ્વસહાય બચત જુથ | ૦.૦૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૧.૨૦ |
| | | સનાળા | શ્રી ચામુંડા સ્વસહાય બચત જુથ | ૦.૧૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૦ |
| | | | શ્રી શક્તિ સ્વસહાય જુથ | ૦.૧૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૦ |
| ૬ | ખંભાળીયા | શક્તિનગર | શ્રી ગણેશ સેલ્ફ હેલ્પ ગૃપ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૨.૦૦ |
| | | | શ્રી ચામુંડા સ્વસહાય જુથ | ૦.૦૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૧.૨૦ |
| | | કંડોરણા | શ્રી શક્તિ બચત ધિરાણ જુથ | ૦.૦૦ | ૧.૪૪ | ૦.૮૦ | ૨.૨૪ |
| ૭ | લાલપુર | નીલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | જામજોધપુર | નીલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | જોડીયા | તારાણા | બંસીધર બચત ધિરાણ જુથ | ૦.૧૦ | ૫.૦૦ | ૧.૨૫ | ૬.૩૫ |
| ૧૦ | ભાણાવડ | નીલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ :-** | | | **૦.૭૦** | **૧૧.૯૩** | **૭.૫૩** | **૨૦.૧૬** |

-----------

### સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ જામનગર જિલ્લામાં થયેલ કામો

અતારાંક્તિ : ૧૫૫ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ જામનગર જિલ્લામાં ક્યા ક્યા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ યોજના હેઠળ કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો ચાલુ છે અને ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૨-૯-૨૦૦૮) :

(૧) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના હેઠળ તા. ૩૦-૬-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જીલ્લામાં તાલુકાવાર **૨૪૨૯** કામો મંજૂર કરવામાં આવ્યા અને આ કામોમાં બોરીબંધ, જાહેર રસ્તાના રીપેરીંગના કામો, જાહેર સ્વચ્છતા/સફાઈને લગતા કામો, તળાવ રીપેરીંગ કામો, પાળા બનાવવાના કામો, પાણીની પાઈપ લાઈન ના કામો, વરસાદી પાણીના નિકાલના કામો વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી કુલ **૨૧૮૭** કામો પૂર્ણ થયેલ છે.

(૩) તા. ૩૦-૬-૨૦૦૭ની સ્થિતિએ જે **૨૪૨** કામો ચાલુ હતા તે કામો તા. ૩૧-૩-૨૦૦૮ અંતિત પૂર્ણ થઈ ગયેલ છે.

-------------

### ખેડા જિલ્લામાં વોટર શેડ યોજના નીચે થયેલ પ્રોજેક્ટ

અતારાંક્તિ : ૧૭૫ (૨૨-૭-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ, અને

(૨) તાલુકા દીઠ કેટલો ખર્ચ થયેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૨-૯-૨૦૦૮) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ કોઈ પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### સુરત જીલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

અતારાંક્તિ : ૨૬૨ (૨૧-૭-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં સુરત જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતને સમરસ જાહેર કરી છે,

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કોઈ રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) જો હા, તો તેના કારણો શાં છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૧-૯-૨૦૦૮) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જીલ્લામાં સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સમરસ થયેલ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|
| ૨૦૦૫ | !!શૂન્ય!! |
| ૨૦૦૬ | ૨૨૪ |
| ૨૦૦૭ | ૧૦ |

(૨) રૂપિયા ૨,૬૫,૫૦,૦૦૦/-

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પંચાયત અધિનિયમમાં સુધારો કરવા અંગે**

અતારાંક્તિ : ૩૫૨ (૨૧-૭-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ પટેલ(ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં પંચાયત અધિનિયમમાં સુધારા કરવા અંગે રચવામાં આવેલ સમિતિએ ક્યારે આખરી અહેવાલ આપેલ છે,

(૨) એ અંગે ત્યાર બાદ તબક્કાવાર તા. ૩૧-૫-૨૦૦૮ સુધીમાં શી કામગીરી થયેલ છે, અને

(૩) આ કામગીરી ક્યા તબક્કે ક્યા કારણોસર પડતર છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૧-૯-૨૦૦૮) :

(૧) તા. ૧૩-૧૨-૧૯૯૯ના રોજ.

(૨) સમિતિના અહેવાલ ઉપરાંત અન્ય જરૂરી સુધારાઓનો સમાવેશ કરવાની વિચારણા થયેલ છે,

(૩) આ બાબતે સમગ્રતઃ જરૂરી તેવા તમામ સુધારાઓ એક સાથે આવરી લેવાની બાબત સક્રિય વિચારણા હેઠળ છે.

-------------

**રાજ્યમાં નવા જિલ્લાઓની રચના માટે થયેલ માંગણીઓ**

અતારાંક્તિ : ૩૬૫ (૨૨-૭-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ પટેલ(ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં નવા જિલ્લાઓની રચના માટે માંગણીઓ થયેલ છે કે કેમ, ક્યારે અને કોના દ્વારા,

(૨) ઉત્તર ગુજરાતમાં વિસનગર અને ડિસાને અલગ જિલ્લો બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૩) જિલ્લા તાલુકાઓના વિભાજન અને નવરચના માટે રચવામાં આવેલી સમિતિ કાર્યરત છે કે કેમ, અને

(૪) આવી કામગીરી ક્યારે શરૂ કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૧-૯-૨૦૦૮) :

(૧) હા, નીચે મુજબ

| ક્રમ | કોના દ્વારા માંગણી થયેલ છે. | ક્યારે |
|---|---|---|
| ૧ | શ્રી કંચનભાઈ પટેલ, બોડેલી | તા. ૧૪-૮-૨૦૦૭ તથા તા. ૭-૭-૨૦૦૮ |
| ૨ | શ્રી ઠક્કર રસીકલાલ હરીલાલ, વિરમગામ | તા. ૧-૧૦-૨૦૦૭ |
| ૩ | પ્રમુખશ્રી, મોરબી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીસ, મોરબી | તા. ૨૨-૯-૨૦૦૭ |

(૨) આવી કોઈ રજૂઆત નથી.

(૩) ના

(૪) નિયમોનુસારની ધોરણસરની દરખાસ્ત સરકારશ્રીમાં મળ્યેથી.

## જામનગર ખાતે હાપા માર્કેટીંગ યાર્ડના રસ્તાના કામો

અતારાંક્તિ : ૭૧ (૧૨-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર ખાતે આવેલ હાપામાર્કેટીંગ યાર્ડને જોડતાં રસ્તાનું કામ મંજૂર કરવા અંગે કોઈ દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ રસ્તાનું કામ ક્યારે મંજૂર થશે, અને

(૩) તેનું કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૯-૯-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) કિસાન પથ યોજના હેઠળ કામ મંજૂર થયેલ છે.

(૩) જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે કામ હાથ ધરવામાં આવશે.

-------------

## કિસાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તા

અતારાંક્તિ : ૧૮૩ (૧૨-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કિસાન પથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના આયોજનમાં ખેડા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને

(૨) તે ક્યારે પૂર્ણ થશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૯-૯-૨૦૦૮) :

(૧) ૩૭ રસ્તા રૂા. ૯૫૫.૮૩ લાખની કિંમતના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ૩૭ રસ્તા પેકી, ૨૬ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. બાકી રહેતા ૧૧ રસ્તાના કામો પ્રગતિમાં છે. જે નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવામાં આવશે.

-------------

## સુરત જિલ્લામાં ભારે વરસાદથી તૂટેલ નાળીયા અને પુલ

અતારાંક્તિ : ૨૬૭ (૧૨-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ વહીયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૭ના ચોમાસા દરમ્યાન સુરત જિલ્લામાં ભારે વરસાદના કારણે કેટલા નાળા-પુલીયા તૂટી ગયા છે.

(૨) તે પેકી કેટલા કામો તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ પ્રગતિમાં છે, અને

(૩) બાકી કામો કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૯-૯-૨૦૦૮) :

(૧) સન ૨૦૦૭ ના ચોમાસા દરમ્યાન સુરત જિલ્લામાં ભારે વરસાદના કારણે ૧૮ નાળા પુલીયા તૂટી ગયા છે.

(૨) તે પેકી ૮ કામો તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ પ્રગતિમાં છે.

(૩) ૧૮ પેકી ૧૦ કામો પૂર્ણ થયેલ છે બાકીના કામો જેમ બને તેમ ઝડપથી.

-------------

## પુષ્પાવતી નદી ઉપર બ્રિજ બાંધવાની વિચારણા

અતારાંક્તિ : ૩૬૯ (૨૦-૬-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

દાસજ ગામ પાસે પુષ્પાવતી નદી પર પુલ બાંધવાનું આયોજન સરકારની વિચારણા હેઠળ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૯-૨૦૦૮) :

ના, જી.

-------------

## સુરત જિલ્લાના મહુવા તાલુકાના ગામડાઓમાં પાકા રસ્તા બનાવવાનું આયોજન

અતારાંક્તિ : ૫૬૮ (૧૪-૮-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ વહીયા** (મહુવા) **(મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લાના મહુવા તાલુકાના ગામડાઓ તાલુકા મથક સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગામોને ડામરના પાકા રસ્તાઓથી જોડવા માટે સરકારનું સન ૨૦૦૮-૨૦૦૯ માં શું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૯-૯-૨૦૦૮) :

(૧) ના, જી.

(૨) બધા ૬૯ ગામો ડામરના પાકા રસ્તાથી જોડાયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## જામનગર જિલ્લાના છાત્રાલયોમાં ક્ષતિઓ

અતારાંક્તિ : ૧૦૨ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં દરેક તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની તેમજ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ક્યા ક્યા ટ્રસ્ટો દ્વારા ચાલે છે,

(૨) તે પૈકી કેટલા છાત્રાલયોની કેટલીવાર તપાસ છેલ્લા બે વર્ષ દરમ્યાન કરવામાં આવી,

(૩) તપાસ દરમ્યાન કેટલા છાત્રાલયોમાં ક્ષતિઓ જણાઇ આવી, અને

એચબી-૪૬૧-૮ (૪) આવી ક્ષતિઓ સામે શું શું કાર્યવાહી કરવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૧૧-૯-૨૦૦૮) :

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પત્રક-૧માં દર્શાવ્યા મુજબના ૨૯ છાત્રાલયો ચાલે છે.

અનુસૂચિત જાતિના ૬ (છ) છાત્રાલયો પત્રક-૨ મુજબ ચાલે છે.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૨૮ છાત્રાલયોની છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ ૬૩ વાર તપાસ કરવામાં આવી તેમજ અનુસૂચિત જાતિના ૬ (છ) છાત્રાલયોની છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ ૫૧ વાર તપાસ કરવામાં આવી,

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૮ છાત્રાલયોમાં ક્ષતિઓ જણાઇ આવી, અનુસૂચિત જાતિના ૧ (એક) છાત્રાલયમાં ક્ષતિ જણાઇ આવી.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૫ સંસ્થાઓને તાકીદ આપવામાં આવી તેમજ ત્રણ સંસ્થાઓને ગ્રાન્ટ કપાત કરવાની શિક્ષા કરવામાં આવી. અનુસૂચિત જાતિની એક સંસ્થાની ગ્રાન્ટ કપાત કરવામાં આવી.

## પત્રક-૧

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના છાત્રાલયો જામનગર જિલ્લો

| ક્રમ | તાલુકો | છાત્રાલયની સંખ્યા | ટ્રસ્ટનું નામ સરનામું | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલીવાર તપાસ કરવામાં આવી ? | તપાસ દરમ્યાન ક્ષતિ જણાઇ છે ? (હા કે ના) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લાલપુર | ૧ | શ્રી ધરમપુર વિદ્યોતેજક મંડળ, તા. લાલપુર. | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | લાલપુર | ૧ | હા |
| ૨ | ધ્રોલ | ૧ | અમીને શરીઅત એજ્યુ. ટ્રસ્ટ, રાજકોટ રોડ, મું. ધ્રોલ. | ૧. નુરી કુમાર છાત્રાલય | ધ્રોલ | ૩ | હા |
| ૩ | દ્વારકા | ૧ | શ્રી ઓખા મંડળ વિદ્યા વિસ્તાર કેન્દ્ર એસ. ટી. સામે, દ્વારકા. | ૧. શ્રી વિરમભા આશાભા માણેક સાર્વજનિક કુમાર છાત્રાલય | દ્વારકા | ૨ | હા |
| ૪ | ખંભાળીયા | ૨ | શ્રી કૃષ્ણ એજ્યુ. એન્ડ વેલફેર ટ્રસ્ટ વંડીફળી, જામખંભાળીયા. | ૧. વિકસતી જાતિ કુમાર છાત્રાલય. | હરિપર | ૨ | હા |
| | | | | ૨. બક્ષીપંચ કુમાર છાત્રાલય | ભાડથર | ૨ | હા |
| | | ૧ | શ્રી રામકૃષ્ણ એજ્યુ. ટ્રસ્ટ, જામખંભાળીયા | ૧. બક્ષીપંચ કન્યા છાત્રાલય | જામખંભાળીયા | ૨ | હા |
| | | ૧ | શિવમ એજ્યુ. ટ્રસ્ટ, રામનાથ સોસાયટી, જામખંભાળીયા | ૧. શ્રી બક્ષીપંચ કન્યા છાત્રાલય | જામખંભાળીયા | ૧ | હા |
| | | ૧ | શ્રી કૃષ્ણ એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ, મોટી ખોખરી, જામખંભાળીયા | ૧. શ્રી બક્ષીપંચ કુમાર છાત્રાલય | જામખંભાળીયા | ૧ | હા |
| ૫ | ભાણવડ | ૧ | શ્રી માલધારી કેળવણી મંડળ, વેરાડ, તા. ભાણવડ. | ૧. શ્રી માલધારી કુમાર છાત્રાલય. | વેરાડ | ૧ | હા |
| | | ૧ | શ્રી લાલકી કેળવણી મંડળ, મેઘપર-ટીંટોડી, તા. કલ્યાણપુર. | ૧. વિકસતી જાતિ કુમાર છાત્રાલય | મોટાગુંદા | ૧ | હા |
| ૬ | જામનગર | ૧ | સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ, ભાડથર, તા. ખંભાળીયા. | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | જામનગર | ૩ | હા |
| | | ૨ | શ્રી ચંદરીયા ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ, જામનગર. | ૧. નવસર્જન કુમાર છાત્રાલય | રાવલસર | ૩ | હા |
| | | | | ૨. નવસર્જન કુમાર છાત્રાલય | નાઘુના | ૩ | હા |
| | | ૧ | શ્રી જામનગર જિલ્લા ભરવાડ સમાજ જામનગર | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | નવાગામ ઘેડ | ૨ | હા |
| | | ૧ | શ્રી આહિર વિદ્યાર્થી ભવન, જામનગર | ૧. શ્રી આહિર વિદ્યાર્થી ભવન | જામનગર | ૨ | હા |
| | | ૧ | શ્રી માનવ કલ્યાણ સંઘ, મુ. તા. જામનગર | ૧. શ્રી સિધ્ધાર્થ કુમાર છાત્રાલય | ગોકુલનગર જામનગર | ૩ | હા |
| | | ૧ | શ્રી દ્વારકેશ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, જામનગર. | ૧. શ્રી વિકસતી જાતિ કુમાર છાત્રાલય. | બાલમુકુંદનગર જામનગર | ૩ | હા |
| ૭ | જામજોધપુર | ૧ | શ્રી સર્વોદય સંસ્કાર કેન્દ્ર ભવનાથ મું. મોટા વડીયા, તા. જામજોધપુર. | ૧. બક્ષીપંચ કન્યા છાત્રાલય | જામજોધપુર | ૧ | હા |
| | | ૧ | સ્વ. ધરણાંતભાઇ આહીર એજ્યુ. ટ્રસ્ટ, મું. આંબરડી, તા. જામજોધપુર | ૧. શ્રી વિકસતી જાતિ કુમાર છાત્રાલય | જામજોધપુર | ૧ | હા |
| ૮ | જામ કલ્યાણપુર | ૧ | શ્રી વિદ્યાધામ સંસદ, મું. ટંકારીયા, તા. કલ્યાણપુર | ૧. સાર્વજનિક કુમાર છાત્રાલય | ટંકારીયા | ૨ | હા |
| | | ૨ | શ્રી યદુનંદન કેળવણી મંડળ, નંદાણા, તા. જામ કલ્યાણપુર | ૧. વિકસતી જાતિ કુમાર છાત્રાલય | નંદાણા | ૩ | હા |
| | | | | ૨. બક્ષીપંચ કુમાર છાત્રાલય | મેઘપર-ટીટોડી | ૩ | હા |
| | | ૧ | શ્રી મુરલીધર એજ્યુ. ટ્રસ્ટ, મોટા આસોટા, તા. જામ કલ્યાણપુર | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | મોટા આસોટા | ૩ | હા |
| | | ૧ | શ્રી નવયુગ એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ, મુ. બાંકોડી તા. કલ્યાણપુર | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | બાંકોડી | ૩ | હા |
| | | ૧ | ગોકુલ એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ. રાજપરા, તા. કલ્યાણપુર | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | રાજપરા | ૪ | હા |
| | | ૧ | શ્રી આહિર એજ્યુ. ટ્રસ્ટ, ભાટીયા, તા. કલ્યાણપુર | ૧. શ્રી વિકસતી જાતિ કન્યા છાત્રાલય | ભાટીયા | ૩ | હા |
| | | ૧ | શ્રી ગ્રામ વિકાસ મંડળ, ભાટિયા, તા. કલ્યાણપુર | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | રણજીતપુર | ૧ | હા |
| | | ૧ | શ્રી યદુવંશી એજ્યુ. ટ્રસ્ટ, મોચીનગર-૬, એરોડ્રામની બાજુમાં જામનગર રોડ, રાજકોટ. | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | લાંબાબંદર | - | - |
| ૯ | કાલાવડ | ૧ | શ્રી મોટી માટલી એજ્યુ. ટ્રસ્ટ, મોટી માટલી, તા. કાલાવડ | ૧. બક્ષીપંચ કુમાર છાત્રાલય | મોટી માટલી | ૪ | હા |

## પત્રક-૨

## અનુસૂચિત જાતિના છાત્રાલયો જામનગર જિલ્લો

| ક્રમ | તાલુકો | છાત્રાલયની સંખ્યા | ટ્રસ્ટનું નામ / સરનામું | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલીવાર તપાસ કરવામાં આવી ? | તપાસ દરમ્યાન ક્ષતિ જણાઇ છે ? (હા / ના) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨ | ગૌતમ બુધ્ધ કેળવણી મંડળ c/o પંચશીલ સાર્વ. કન્યા છાત્રાલય, ૮૦, ક્વાર્ટર્સ પાછળ, મું. નવાગામ (ઘેડ), તા. જી. જામનગર | પંચશીલ સાર્વજનિક કન્યા છાત્રાલય | નવાગામ ઘેડ | ૯ | ના |
| | | | શ્રી માનવ કલ્યાણ સંઘ વર્ધમાન માર્કેટ સુમેર કલબ રોડ, જામનગર | પંચશીલ સાર્વજનિક કુમાર છાત્રાલય | જામનગર | ૭ | ના |
| ૨ | લાલપુર | ૧ | માનવ કલ્યાણ સંઘ જામનગર | મેઘમારૂ કુમાર છાત્રાલય | લાલપુર | ૪ | ના |
| ૩ | ખંભાળીયા | ૧ | શ્રી મેઘજી પેથરાજ સાર્વ. છાત્રાલય ટ્રસ્ટ. જડેશ્વર ટેકરી નજીક મુ. તા. ખંભાળીયા, જિ. જામનગર | શ્રી મેઘજી પેથરાજ સાર્વજનક કુમાર છાત્રાલય. | ખંભાળીયા | ૧૦ | ના |
| ૪ | કાલાવડ | ૨ | સ્વ. રામજી ડાયા સોમેયા શ્રી કાલાવડ તાલુકા મેઘવાર સેવા સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ, મ્યુનિસીપલ હાઇસ્કુલની પાછળ, જામનગરરોડ, મુ. તા. કાલાવડ જિ. જામનગર. | શ્રી સાર્વજનિક કુમાર છાત્રાલય | કાલાવડ | ૧૦ | ના |
| | | | શ્રી જ્યોતિ વિદ્યા એજ્યુકેશન ટ્રસ્ટ, શ્રધ્ધા સોસાયટી, મુ. તા. કેશોદ, જિ. જુનાગઢ. | વિદ્યા સાગર સાર્વજનિક કન્યા છાત્રાલય | કાલાવડ | ૧૧ | હા |

## રાજ્યમાં જિલ્લાવાર રાષ્ટ્રીય કુટુંબ યોજનાના લાભાર્થીઓ

અતારાંક્તિ : ૧૬૭ (૨૦-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ, અને

(૨) તે પૈકી યોજના હેઠળ જીલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને કેટલા બાકી છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૯-૯-૨૦૦૮) :

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૧૭૦ |
| ૨ | મહેસાણા | ૬૦૫ |
| ૩ | રાજકોટ | ૯૨૮ |
| ૪ | ભાવનગર | ૯૭૯ |
| ૫ | સુરત | ૨૫૩૮ |
| ૬ | વડોદરા | ૧૭૨૫ |
| ૭ | ખેડા | ૧૦૬૭ |
| ૮ | બનાસકાંઠા | ૫૦૫ |
| ૯ | સાબરકાંઠા | ૪૪૪ |
| ૧૦ | જામનગર | ૨૧૨૮ |
| ૧૧ | જુનાગઢ | ૯૩૨ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૩૯૯ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૫૮૭ |
| ૧૪ | અમરેલી | ૩૫૮ |

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧૫ | વલસાડ | ૧૦૦૯ |
| ૧૬ | ભરૂચ | ૫૦૮ |
| ૧૭ | પંચમહાલ | ૧૪૧૦ |
| ૧૮ | ગાંધીનગર | ૨૦૬ |
| ૧૯ | આહવા | - |
| ૨૦ | દાહોદ | ૧૮૭ |
| ૨૧ | નવસારી | ૪૩૮૨ |
| ૨૨ | નર્મદા | ૩૦૫ |
| ૨૩ | આણંદ | ૧૦૨૪ |
| ૨૪ | પાટણ | ૧૦૬૯ |
| ૨૫ | પોરબંદર | ૧૮૮ |
| ૨૬ | તાપી | - |
| | કુલ : | ૨૭૬૫૩ |

(૨) તે પૈકી આ યોજના હેઠળ જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. અને ૩૮૦૯ અરજીઓ ચકાસણી હેઠળ બાકી છે.

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૬૯૨ |
| ૨ | મહેસાણા | ૩૦૬ |
| ૩ | રાજકોટ | ૧૭૦ |
| ૪ | ભાવનગર | ૫૯૫ |
| ૫ | સુરત | ૧૮૮૧ |
| ૬ | વડોદરા | ૧૧૩૫ |
| ૭ | ખેડા | ૫૧૨ |
| ૮ | બનાસકાંઠા | ૩૩૪ |
| ૯ | સાબરકાંઠા | ૨૯૯ |
| ૧૦ | જામનગર | ૭૦૨ |
| ૧૧ | જુનાગઢ | ૪૯૨ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૨૪૩ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૪૨ |
| ૧૪ | અમરેલી | ૧૯૯ |
| ૧૫ | વલસાડ | ૫૩૭ |
| ૧૬ | ભરૂચ | ૧૩૦ |
| ૧૭ | પંચમહાલ | ૫૦૬ |
| ૧૮ | ગાંધીનગર | ૯૪ |
| ૧૯ | આહવા | -- |
| ૨૦ | દાહોદ | ૫૯ |
| ૨૧ | નવસારી | ૧૬૪૦ |
| ૨૨ | નર્મદા | ૧૩૧ |
| ૨૩ | આણંદ | ૫૮૩ |
| ૨૪ | પાટણ | ૩૧૩ |
| ૨૫ | પોરબંદર | ૭૫ |
| ૨૬ | તાપી | -- |
| | કુલ : | ૧૩૭૭૦ |

------------

## રાષ્ટ્રીય કુટુંબ યોજનાના લાભાર્થીઓ

અતારાંક્તિ : ૨૩૭ (૧૭-૬-૨૦૦૮) **શ્રી દિતાભાઈ મછાર**(ઝાલોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ,

(૨) તે પૈકી યોજના હેઠળ જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

એચબી-(૩)ા-બાકી છે તેમને ક્યારે લાભ આપવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૦-૯-૨૦૦૮) :

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૧૭૫ |
| ૨ | મહેસાણા | ૮૦૮ |
| ૩ | રાજકોટ | ૧૧૭૦ |
| ૪ | ભાવનગર | ૧૪૧૩ |
| ૫ | સુરત | ૩૧૭૬ |
| ૬ | વડોદરા | ૨૧૪૩ |
| ૭ | ખેડા | ૧૩૮૦ |
| ૮ | બનાસકાંઠા | ૬૪૩ |
| ૯ | સાબરકાંઠા | ૫૭૬ |
| ૧૦ | જામનગર | ૨૨૧૫ |
| ૧૧ | જુનાગઢ | ૧૫૬૩ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૪૯૭ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૮૬૭ |
| ૧૪ | અમરેલી | ૫૨૨ |
| ૧૫ | વલસાડ | ૧૩૩૬ |
| ૧૬ | ભરૂચ | ૬૫૯ |
| ૧૭ | પંચમહાલ | ૧૫૮૬ |
| ૧૮ | ગાંધીનગર | ૨૪૮ |
| ૧૯ | આહવા | -- |
| ૨૦ | દાહોદ | ૩૧૯ |
| ૨૧ | નવસારી | ૭૧૩૦ |
| ૨૨ | નર્મદા | ૪૪૪ |
| ૨૩ | આણંદ | ૧૪૭૪ |
| ૨૪ | પાટણ | ૧૩૮૧ |
| ૨૫ | પોરબંદર | ૩૦૫ |
| ૨૬ | તાપી | -- |
| | કુલ : | ૩૮૦૩૦ |

(૨) તે પૈકી આ યોજના હેઠળ જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૪૬૬ |
| ૨ | મહેસાણા | ૪૪૪ |
| ૩ | રાજકોટ | ૨૫૧ |
| ૪ | ભાવનગર | ૮૬ |
| ૫ | સુરત | ૨૨૯૨ |
| ૬ | વડોદરા | ૧૬૨૪ |

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૭ | ખેડા | ૫૫૬ |
| ૮ | બનાસકાંઠા | ૩૯૫ |
| ૯ | સાબરકાંઠા | ૪૦૪ |
| ૧૦ | જામનગર | ૯૪૬ |
| ૧૧ | જુનાગઢ | ૬૬૮ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૩૦૫ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૩૦ |
| ૧૪ | અમરેલી | ૨૧૩ |
| ૧૫ | વલસાડ | ૭૮૫ |
| ૧૬ | ભરૂચ | ૧૦૯ |
| ૧૭ | પંચમહાલ | ૬૫૧ |
| ૧૮ | ગાંધીનગર | ૧૨૬ |
| ૧૯ | આહવા | -- |
| ૨૦ | દાહોદ | ૮૭ |
| ૨૧ | નવસારી | ૪૨૭૫ |
| ૨૨ | નર્મદા | ૧૯૩ |
| ૨૩ | આણંદ | ૮૮૮ |
| ૨૪ | પાટણ | ૪૩૯ |
| ૨૫ | પોરબંદર | ૧૨૨ |
| ૨૬ | તાપી | -- |
| | કુલ : | ૨૧૪૬૮ |

(૩) ચકાસણી કરી સત્વરે લાભ આપવામાં આવશે.

**રાષ્ટ્રીય કુટુંબ યોજનાના લાભાર્થીઓ**

અતારાંક્તિ : ૨૫૯ (૨૦-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી આ યોજના હેઠળ જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) કેટલા બાકી છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૦-૯-૨૦૦૮) :

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૮૨૭ |
| ૨ | મહેસાણા | ૫૨૯ |
| ૩ | રાજકોટ | ૫૬૨ |
| ૪ | ભાવનગર | ૮૧૨ |
| ૫ | સુરત | ૧૨૪૬ |
| ૬ | વડોદરા | ૮૬૩ |
| ૭ | ખેડા | ૭૭૧ |
| ૮ | બનાસકાંઠા | ૨૨૮ |
| ૯ | સાબરકાંઠા | ૩૮૦ |
| ૧૦ | જામનગર | ૯૫૩ |
| ૧૧ | જુનાગઢ | ૯૦૧ |

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧૨ | કચ્છ-ભુજ | ૩૧૫ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૫૮૭ |
| ૧૪ | અમરેલી | ૩૫૧ |
| ૧૫ | વલસાડ | ૬૮૧ |
| ૧૬ | ભરૂચ | ૩૨૩ |
| ૧૭ | પંચમહાલ | ૩૭૯ |
| ૧૮ | ગાંધીનગર | ૧૧૧ |
| ૧૯ | આહવા | -- |
| ૨૦ | દાહોદ | ૨૧૬ |
| ૨૧ | નવસારી | ૫૮૦૪ |
| ૨૨ | નર્મદા | ૩૧૭ |
| ૨૩ | આણંદ | ૩૭૩ |
| ૨૪ | પાટણ | ૬૮૨ |
| ૨૫ | પોરબંદર | ૧૭૨ |
| ૨૬ | તાપી | -- |
| | કુલ : | ૨૧૩૮૩ |

(૨) તે પૈકી આ યોજના હેઠળ જિલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

| અ.નં | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૮૦૧ |
| ૨ | મહેસાણા | ૩૭૬ |
| ૩ | રાજકોટ | ૧૧૧ |
| ૪ | ભાવનગર | ૭૧૫ |
| ૫ | સુરત | ૮૭૮ |
| ૬ | વડોદરા | ૧૬૫૫ |
| ૭ | ખેડા | ૧૯૭ |
| ૮ | બનાસકાંઠા | ૧૦૮ |
| ૯ | સાબરકાંઠા | ૩૦૦ |
| ૧૦ | જામનગર | ૬૯૬ |
| ૧૧ | જુનાગઢ | ૩૩૧ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૨૧૧ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૬૭ |
| ૧૪ | અમરેલી | ૧૬૪ |
| ૧૫ | વલસાડ | ૪૮૧ |
| ૧૬ | ભરૂચ | ૧૪૭ |
| ૧૭ | પંચમહાલ | ૨૧૪ |
| ૧૮ | ગાંધીનગર | ૫૪ |
| ૧૯ | આહવા | -- |
| ૨૦ | દાહોદ | ૬૦ |
| ૨૧ | નવસારી | ૪૨૪૭ |
| ૨૨ | નર્મદા | ૧૨૮ |
| ૨૩ | આણંદ | ૨૧૨ |
| ૨૪ | પાટણ | ૨૯૪ |
| ૨૫ | પોરબંદર | ૮૩ |
| ૨૬ | તાપી | -- |
| | કુલ : | ૧૪૬૩૦ |

(૩) ૩૭૬૪ અરજીઓ ચકાસણી હેઠળ બાકી છે.

------------

## તાપી જિલ્લામાં ઝુપડાપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૪૭૦ (૬-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઝુપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) કેટલી અરજીઓનો સર્વે થયેલ છે અને કેટલાને ક્નેકશન આપવામાં આવ્યાં, અને

(૩) ધારાસભ્ય પાસેથી મળેલ અગ્રતા માટેના ગામો પૈકી કેટલા ગામોમાં કામ પૂર્ણ થયા અને બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા)** : (૧૦-૯-૨૦૦૮) :

(૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તાર માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને એકપણ અરજી મળેલ નથી. જ્યારે શહેરી વિસ્તાર માટે સોનગઢ નગરપાલિકામાં ૨૯૭ અરજીઓ મળી છે, તે પૈકી ૧૯૭ અરજીઓનો સર્વે થયેલ છે, અને વીજ જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) ધારાસભ્યશ્રી પાસેથી મળેલ અગ્રતા માટેના કોઇ ગામમાંથી ""ઝુપડા વીજળીકરણ યોજના"" અંતર્ગત કોઇ અરજી મળેલ નથી. પરંતુ વાલોડ તાલુકાના ધારાસભ્યશ્રી તરફથી મળેલ ૧૧ ગામોની ૭૭૯ અરજીઓને ""ઝુપડા વીજળીકરણ યોજના"" સિવાયની અન્ય યોજનાઓ હેઠળ આવરી લઇ વીજજોડાણ આપવામાં આવેલ છે. તેમજ સોનગઢના ધારાસભ્યશ્રી તરફથી મળેલ ૧૦ ગામોની ૮૭ અરજીઓની કામગીરી ""કુટિર જ્યોતિ યોજના"" હેઠળ પૂર્ણ કરવામાં આવેલ છે.

-------------

## જામનગર જિલ્લાના વાડીનાર બંદરનો વિકાસ

અતારાંક્તિ : ૨૯૮ (૧૨-૬-૨૦૦૮)**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં આવેલ વાડીનાર બંદરને સ્વતંત્ર રીતે વિક્સાવવાના તથા કંડલા પોર્ટ ટ્રસ્ટમાંથી મુક્ત કરવા કેન્દ્ર સરકારને તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ કેટલી વખત રજુઆત કરવામાં આવી, અને

(૨) આ બાબતે કેન્દ્ર સરકાર દ્વારા કોઇ નિર્ણયની રાજ્ય સરકારને જાણ કરવામાં આવેલ છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** : (૧૧-૯-૨૦૦૮) :

(૧) ૨૧ વખત.

(૨) હા, જી. તા. ૩-૧-૦૬ના પત્રથી આપની આ માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર મળેલ છે. પ્રસ્તુત બાબતે નવી દિલ્હી ખાતે મળેલ તા. ૧૯-૬-૦૭ના રોજ બેઠકમાં નક્કી થયા અનુસાર વાડીનાર બંદરનો કંડલા પોર્ટ ટ્રસ્ટ અને ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા સંયુક્ત રીતે વિક્સાવવાની દરખાસ્તના અનુસંધાને કંડલા પોર્ટ ટ્રસ્ટ અને ગુજરાત મેરીટાઇમ બોર્ડના અધિકારીશ્રીઓની બેઠક યોજવા સુચન થયેલ હતું કંડલા પોર્ટ ટ્રસ્ટની જરૂરિયાત મુજબ બોર્ડ કક્ષાએ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી કંડલા પોર્ટ ટ્રસ્ટને મોક્લતા તેઓએ તે અંગે બોર્ડ તરફથી જરૂરી પૂર્તતા મળ્યા બાદ બેઠક્નું આયોજન કરવા જણાવેલ છે.

-------------

## રાજ્યમાં કિશોરી શક્તિ યોજનાના ઘટકોની સંખ્યા

અતારાંક્તિ : ૪૩૭ (૪-૮-૨૦૦૮) **શ્રી ધીરુભાઇ ભીલ (નસવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં રાજ્યમાં કિશોરી શક્તિ યોજના અંતર્ગત કેટલા ઘટકોને આવરી લેવામાં આવ્યા છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** : (૧૨-૯-૨૦૦૮) :

૨૬૦ ઘટકો.

------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩, ૪, ૫, ૬ | ૪ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૩૮, ૧૪૨, ૧૯૫, ૧૯૮, ૨૪૬, ૨૬૯, ૩૯૫, ૩૯૬, ૩૯૯, ૪૬૩, ૫૦૪, ૫૪૦, ૫૭૪, ૫૭૬ | ૧૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૪૦૪, ૪૫૪ | ૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો | ૨૪૦, ૨૬૩, ૫૨૮, ૫૨૯, ૫૩૦, ૫૩૧ | ૬ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૫૬, ૪૧૮, ૪૪૬ | ૩ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૫૦, ૪૭૩ | ૨ |
| ૭ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૫૧, ૧૫૪, ૧૫૫, ૧૭૫, ૨૬૨, ૩૫૨ | ૬ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૩૬૫ | ૧ |
| ૯ | માર્ગ અને મકાન વિભાગ | ૭૧, ૧૮૩, ૨૬૭, ૩૬૯, ૫૬૮ | ૫ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૦૨, ૧૬૭, ૨૩૭, ૨૫૯ | ૪ |
| ૧૧ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૪૭૦ | ૧ |
| ૧૨ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૯૮ | ૧ |
| ૧૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૩૭ | ૧ |
| | | કુલ : | ૫૦ |

--------------

# છઠ્ઠી અતારાંકિત યાદી

## જામનગર જિલ્લામાં ખેડૂતોને અપાયેલ સબસીડી

અતારાંકિત : ૧૪૩ (૪-૮-૨૦૦૮) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોળ, જોડીયા અને જામનગર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોએ ટ્રેકટરની સબસીડી મેળવવા માટે અરજી કરી,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને ટ્રેકટરની સબસીડી ચૂકવવામાં આવી, અને

(૩) બાકી રહેતા ખેડૂતોને ક્યારે સબસીડી ચૂકવવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી (૧૭-૯-૦૮) :**

(૧)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૫ તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ | વર્ષ ૨૦૦૬ તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ | વર્ષ ૨૦૦૭ તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ |
|---|---|---|---|
| જામનગર | ૨૨ | ૪૩ | ૬૬ |
| ધ્રોળ | ૨૦ | ૫૫ | ૫૯ |
| જોડીયા | ૦૯ | ૪૦ | ૪૭ |

(૨)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૫ તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ | વર્ષ ૨૦૦૬ તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ | વર્ષ ૨૦૦૭ તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ |
|---|---|---|---|
| જામનગર | ૦૮ | ૧૧ | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| ધ્રોળ | ૦૬ | ૧૩ | ૦૬ |
| જોડીયા | ૦૬ | ૧૬ | ૦૯ |

(૩) બાકી રહેતા ખેડૂતોને વર્ષના લક્ષ્યાંકો અને ઉપલબ્ધ નાણાકીય જોગવાઈઓને ધ્યાને લઈ અગ્રતાક્રમ મુજબ ચુકવણીની કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**ખેડા જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે અપાયેલ રકમ**

અતારાંક્તિ : ૧૯૨ (૨૧-૭-૨૦૦૮) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા ક્યા પ્રકારની અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા ક્યા સરકારી ફાર્મમાંથી કેટ કેટલી કિંમતે રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી (૧૨-૯-૦૮) :**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ફળઝાડના વાવેતર માટે રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની યોજનાઓમાં જુદા જુદા ફળ પાકો પ્રમાણે હેકટરે રૂા. ૨૫૦૦/- થી રૂા. ૭૦૦૦૦/- સુધીના સહાયના ધોરણોને ધ્યાનમાં લઈ મળવાપાત્ર થતી સહાય જુદા જુદા તાલુકાઓમાં નીચે મુજબ આપવામાં આવે છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦-૭-૦૮ તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા |
| ૧. | નડિયાદ | ૩૬૧૪૩૦ | ૬૯ | ૩૭૦૧૬૯ | ૫૭ | ૪૦૮૭૧૭ | ૫૦ | ૧૧૪૦૩૧૬ | ૧૭૬ |
| ૨. | મહેમદાવાદ | ૬૮૮૭૦ | ૨૧ | ૨૨૩૭૬૪ | ૩૮ | ૭૧૨૧૩ | ૧૧ | ૩૬૩૮૪૭ | ૭૦ |
| ૩. | માતર | ૫૬૧૫૦ | ૧૨ | ૧૦૨૨૮૨ | ૧૯ | ૧૨૮૩૦૦ | ૧૯ | ૨૮૬૭૩૨ | ૫૦ |
| ૪. | ખેડા | ૧૯૯૧૪૪ | ૬૬ | ૧૧૭૨૮૮ | ૨૧ | ૧૪૫૮૩૦ | ૨૦ | ૪૬૨૨૬૨ | ૧૦૭ |
| ૫. | મહુધા | ૧૫૩૮૯૨ | ૨૯ | ૨૫૦૨૧૭ | ૩૬ | ૧૭૮૭૪૦ | ૨૨ | ૫૮૨૮૪૯ | ૮૭ |
| ૬. | કઠલાલ | ૭૬૧૮૪ | ૧૯ | ૧૭૭૮૩૭ | ૨૩ | ૧૭૫૨૦૦ | ૧૭ | ૪૨૯૨૨૧ | ૫૯ |
| ૭. | કપડવંજ | ૧૬૯૯૩૦ | ૪૨ | ૨૭૫૯૮૫ | ૪૩ | ૧૫૨૫૫૦ | ૧૭ | ૫૯૮૪૬૫ | ૧૦૨ |
| ૮. | ઠાસરા | ૮૨૯૫૦ | ૨૦ | ૫૦૧૯૭૯ | ૬૩ | ૭૭૦૬૨૫ | ૯૨ | ૧૩૫૫૫૫૪ | ૧૭૫ |
| ૯. | બાલાસિનોર | ૪૧૪૦૮ | ૧૬ | ૧૪૬૧૮૨ | ૧૮ | ૭૦૮૭૫ | ૯ | ૨૫૮૪૬૫ | ૪૩ |
| ૧૦. | વિરપુર | ૫૯૯૦૭ | ૧૫ | ૮૨૯૪૪ | ૧૦ | ૨૩૨૪૧૩ | ૩૩ | ૩૭૫૨૬૪ | ૫૮ |
| | કુલ :- | ૧૨૬૯૮૬૫ | ૩૦૯ | ૨૨૪૮૬૪૭ | ૩૨૮ | ૨૩૩૪૪૬૩ | ૨૯૦ | ૫૮૫૨૯૭૫ | ૯૨૭ |

(૨) ખેડા જીલ્લામાં સરકારી ફાર્મ (નર્સરી) ન હોવાથી પ્રશ્ન રહેતો નથી.

-------------

**ખેડા જિલ્લામાં ખેડૂતને ઉતારેલ વીમા અંગે**

અતારાંક્તિ : ૧૯૩ (૨૧-૭-૨૦૦૮) શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોનો વીમો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉતાર્યા,

(૨) તેમાંથી કેટલા ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા,

(૩) આ પૈકી કેટલા ખેડૂતોને વળતર મળ્યું, કેટલા કેસો પેન્ડીંગ છે,

(૪) આ પેન્ડીંગ કેસોને ક્યારે વળતર મળશે, અને

(૫) કેટલા કેસ ના મંજૂર થયા ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) અને (૨) વર્ષ ૨૦૦૫-૦૬માં, રેવન્યુ વિભાગના લેન્ડ રેકર્ડમાં ૫ હેકટરની મર્યાદામાં નોંધાયેલ રાજ્યના અને સમગ્ર ખેડૂતોની સંખ્યા નક્કી કરી કુલ આંકડાના આધારે વીમા કંપનીને ખેડૂતોનું પ્રિમીયમ ભરી વીમો ઉતારવામાં આવેલ છે. જેમાં જિલ્લાવાર કે તાલુકાવાર ખેડૂતોની સંખ્યા નક્કી કરી અલગથી કોઈ પ્રિમીયમ ભરેલ નથી. ખેડૂતોના મૃત્યુ થવાના કારણે અને નવા ખેડૂતો ઉમેરાતા હોવાથી ખેડૂતોની સંખ્યામાં વધ-ઘટ ની પ્રક્રિયા નિરંતર થતી રહે છે. તા. ૧-૬-૨૦૦૬ બાદ ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાનું અમલીકરણ રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે, જેમાં ૫ હેકટરની મર્યાદામાં રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વીમા કવચ પૂરૂ પાડવામાં આવે છે. તેથી તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોનો વીમો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉતાર્યો. તેની ચોકકસ સંખ્યા નક્કી કરવી અશકય છે. પરંતુ ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૫ હેકટરની મર્યાદામાં આવતા તમામ ખાતેદાર ખેડૂતોને વીમા કવચ પુરૂં પાડેલ છે. અને તે અન્વયે તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર વર્ષવાર કુલ ૧૯૫ દાવા અરજીઓ મળેલ છે. તેમાંથી નીચે મુજબ તાલુકાવાર કુલ ૧૯૩ ખાતેદાર ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયાની અને ૨ ખાતેદાર ખેડૂતો અકસ્માતે કાયમી અપંગ થયા અંગેની દાવા અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મૃત્યુ | | | કુલ | કાયમી અપંગતાના દાવા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૭-૦૮ | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | નડિયાદ | ૧૧ | ૫ | ૧૨ | ૨૮ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨ | મહુધા | ૯ | ૪ | ૧૬ | ૨૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ખેડા | ૮ | ૧ | ૬ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | મહેમદાવાદ | ૬ | ૮ | ૮ | ૨૨ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૫ | માતર | ૬ | ૧ | ૩ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | કપડવંજ | ૮ | ૩ | ૯ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | કઠલાલ | ૮ | ૬ | ૧૪ | ૨૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | બાલાસિનોર | ૩ | ૧ | ૫ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | વિરપુર | ૨ | ૧ | ૪ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઠાસરા | ૯ | ૫ | ૧૧ | ૨૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૭૦ | ૩૫ | ૮૮ | ૧૯૩ | ૦ | ૦ | ૨ | ૨ |

(૩) આ પૈકી નીચે મુજબ તાલુકાવાર ૮૯ ખાતેદાર ખેડૂતોના વારસદારને વિમા વળતર મળ્યુ, અને ૫૨ દાવા અરજીઓ પેન્ડીંગ છે.

| અ. નં. | તાલુકાનું નામ | આવેલ કુલ દાવા | મંજૂર દાવા | પડતર દાવા |
|---|---|---|---|---|
| ૧ | નડિયાદ | ૨૯ | ૮ | ૯ |
| ૨ | મહુધા | ૨૯ | ૧૦ | ૧૦ |
| ૩ | ખેડા | ૧૫ | ૬ | ૪ |
| ૪ | મહેમદાવાદ | ૨૩ | ૧૨ | ૮ |
| ૫ | માતર | ૧૦ | ૭ | ૧ |
| ૬ | કપડવંજ | ૨૦ | ૧૦ | ૪ |
| ૭ | કઠલાલ | ૨૮ | ૧૬ | ૬ |
| ૮ | બાલાસિનોર | ૯ | ૪ | ૪ |
| ૯ | વિરપુર | ૭ | ૩ | ૨ |
| ૧૦ | ઠાસરા | ૨૫ | ૧૩ | ૪ |
| | કુલ | ૧૯૫ | ૮૯ | ૫૨ |

(૪) પેન્ડિંગ દાવા અરજીઓની પૂર્તતા થયે તાત્કાલિક નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

(૫) ૫૪ દાવાઓ નીચે મુજબ તાલુકાવાર નામંજૂર થયા.

| અ. નં. | તાલુકાનું નામ | નામંજૂર થયેલ દાવા |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૧૨ |
| ૨ | મહુધા | ૯ |
| ૩ | ખેડા | ૫ |
| ૪ | મહેમદાવાદ | ૩ |

| | | |
|---|---|---|
| ૫ | માતર | ૨ |
| ૬ | કપડવંજ | ૬ |
| ૭ | કઠલાલ | ૬ |
| ૮ | બાલાસિનોર | ૧ |
| ૯ | વિરપુર | ૨ |
| ૧૦ | ઠાસરા | ૮ |
| | કુલ | ૫૪ |

--------

## દાહોદ જિલ્લામાં ફળઝાડના રોપાઓનું વિતરણ

અતારાંક્તિ : ૨૪૫ (૨૧-૭-૦૮) **શ્રી દિતાભાઈ મછાર**(ઝાલોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા ક્યા પ્રકારની અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા ક્યા સરકારી ફાર્મમાંથી કેટકેટલી કિંમતે વિતરણ કરવામાં આવેલ છે ?

કૃષિ મંત્રીશ્રી (૧૨-૯-૦૮) :

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ ફળઝાડના વાવેતર માટે રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની યોજનાઓમાં જુદા જુદા ફળપાકો પ્રમાણે હેક્ટરે રૂા. ૨૫૦૦/- થી રૂા. ૨૪૨૦૦/- સુધીના સહાયના ધોરણોને ધ્યાનમાં લઈ મળવાપાત્ર થતી સહાય જુદા જુદા તાલુકાઓમાં નીચે મુજબ આપવામાં આવે છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂક્વેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા |
| ૧. | દાહોદ | ૬૨૫૦ | ૨૦ | ૨૪૦૫૭૭ | ૩૩૫ | ૨૩૬૧૦૦ | ૧૫૨ | ૪૮૨૯૨૭ | ૫૦૭ |
| ૨. | ગરબાડા | ૮૮૧૨ | ૧૦૫ | ૮૭૧૮૮ | ૮૯ | ૫૧૨૧૧ | ૩૧ | ૧૦૭૨૧૧ | ૨૫૫ |
| ૩. | ધાનપુર | ૮૪૮૦૦ | ૮૧ | ૧૪૮૮૩૩ | ૩૮૪ | ૧૬૮૭૪૧ | ૧૬૧ | ૪૦૨૩૭૪ | ૬૨૬ |
| ૪. | દેવ.બારીયા | ૬૨૪૨૧૮ | ૬૬૦ | ૨૨૮૦૧૨ | ૯૭ | ૧૩૮૩૮૦ | ૧૬૫ | ૯૯૦૬૧૦ | ૯૨૨ |
| ૫. | લીમખેડા | ૫૯૪૪૦ | ૨૪૩ | ૬૮૯૯૫૩ | ૬૫૨ | ૨૧૨૮૩૨ | ૧૯૫ | ૯૬૨૨૨૫ | ૧૦૯૦ |
| ૬. | ઝાલોદ | ૨૫૮૭૦ | ૮૬ | ૭૧૫૧૩ | ૧૭૮ | ૬૫૫૩૨ | ૮૫ | ૧૬૨૯૧૫ | ૩૪૯ |
| ૭. | ફતેપુરા | ૩૯૫૩૫ | ૧૪૪ | ૨૧૫૪૫ | ૫૯ | ૦ | ૦ | ૬૧૦૮૦ | ૨૦૩ |
| | કુલ :- | ૮૪૮૯૨૫ | ૧૩૩૯ | ૧૪૪૭૬૨૧ | ૧૭૯૪ | ૮૭૨૭૯૬ | ૭૮૯ | ૩૧૬૯૪૨ | ૩૯૨૨ |

(૨) સરકારી ફાર્મ કે નર્સરી ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## સુરત જિલ્લામાં ફળઝાડના રોપાઓનું વિતરણ

અતારાંક્તિ : ૨૬૮ (૨૧-૭-૦૮)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા ક્યા પ્રકારની અને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા ક્યા સરકારી ફાર્મમાંથી કેટકેટલી કિંમતે વિતરણ કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૨-૯-૦૮) :

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ફળઝાડના વાવેતર માટે રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની યોજનામાં જુદા જુદા ફળપાકો પ્રમાણે હેક્ટરે રૂા. ૨૫૦૦/- થી રૂા. ૨૪૨૦૦/- સુધીના સહાયના ધોરણોને ધ્યાનમાં લઈ મળવાપાત્ર થતી સહાય જુદા જુદા તાલુકાઓમાં નીચે મુજબ આપવામાં આવે છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦-૭-૦૮ (તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા |
| ૧. | ઓલપાડ | ૨૨૧૫૧૪ | ૨૮૬ | ૩૩૦૭૦ | ૨૮ | ૩૮૫૦૮ | ૪૪ | ૨૯૩૦૯૨ | ૩૫૮ |
| ૨. | ચોર્યાસી | ૭૪૦૬૯ | ૨૧ | ૨૧૭૧૬૪ | ૫૨ | ૪૪૪૮૩ | ૧૭ | ૩૩૫૭૧૬ | ૯૦ |
| ૩. | બારડોલી | ૧૨૧૭૭૦૦ | ૧૦૦૧ | ૨૯૧૮૦૦ | ૯૯ | ૩૨૬૨૫ | ૩૩ | ૧૫૪૨૧૨૫ | ૧૧૩૩ |
| ૪. | કામરેજ | ૬૮૫૧૨ | ૫૦૨ | ૧૧૭૩૯૬ | ૧૭૯ | ૪૫૬૫૮ | ૨૭ | ૨૩૧૫૬૬ | ૭૦૮ |
| ૫. | માંડવી | ૮૨૯૩૮૨ | ૬૨૬ | ૯૧૬૭૩૦ | ૧૯૫ | ૬૮૬૨૫ | ૫૨ | ૧૮૧૪૭૩૭ | ૮૭૩ |
| ૬. | માંગરોલ | ૧૧૩૯૧૨ | ૨૨૮ | ૧૧૪૬૧૬ | ૧૦ | ૧૮૦૧૦ | ૨૨ | ૨૪૬૫૩૮ | ૨૬૦ |
| ૭. | ઉમરપાળા | ૧૪૦૯૦૦ | ૭૦૧ | ૨૩૫૩૩ | ૧૨૭ | ૬૫૫૪૭ | ૪ | ૨૨૯૯૮૦ | ૮૩૨ |
| ૮. | મહુવા | ૩૮૪૨૫૫૩ | ૨૫૫૫ | ૧૪૧૭૪૫૪ | ૩૫૦ | ૮૦૮૫૨ | ૪૧ | ૫૩૪૦૮૫૯ | ૨૯૪૬ |
| ૯. | પલસાણા | ૪૬૩૦૦ | ૩૦૩ | ૨૭૬૫૯૯ | ૪૩ | ૪૦૧૨૪ | ૩ | ૩૬૩૦૨૩ | ૩૪૯ |
| | કુલ :- | ૬૫૫૪૮૪૨ | ૬૨૨૩ | ૩૪૦૮૩૬૨ | ૧૦૮૩ | ૪૩૪૪૩૨ | ૨૪૩ | ૧૦૩૯૭૬૩૬ | ૭૫૪૯ |

(૨) સુરત જિલ્લામાં સરકારી ફાર્મ કે નર્સરી આવેલ નથી એટલે વિતરણ કરવામાં આવેલ નથી.

----------

**આણંદ જિલ્લામાં યોજાયેલ કૃષિ માર્ગદર્શન શિબિરો**

અતારાંક્તિ : ૩૯૭ (૨૧-૭-૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યાં ક્યાં અને ક્યારે કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવેલ, અને

(૨) તે પૈકી દરેક શિબિર પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને કોના મારફતે કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૭-૯-૦૮) :

(૧) તા. ૩૧-૦૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર યોજવામાં આવેલ, કૃષિ માર્ગદર્શન શિબિરોની વિગત સામેલ **પત્રક-૧** મુજબ છે.

(૨) દરેક શિબિર પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગત **પત્રક-૨** મુજબ છે અને તે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, આણંદ દ્વારા કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**તાપી જિલ્લામાં ખેડૂતોના વીમા ઉતારવા અંગે**

અતારાંક્તિ : ૪૬૨ (૨૧-૭-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોનો વીમો છેલ્લા બે વર્ષનો વર્ષવાર ઉતાર્યો અને તેમાંથી કેટલા ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા,

(૨) આ પેકી કેટલા ખેડૂતોને વળતર મળ્યું અને કેટલા કેસો પેન્ડીંગ છે,

(૩) આ પેન્ડીંગ કેસો વાળા ઈસમોને ક્યારે વળતર મળશે, અને

(૪) કેટલા કેસો નામંજૂર થયા ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં, રેવન્યુ વિભાગના લેન્ડ રેકર્ડમાં ૫ હેકટરની મર્યાદામાં નોંધાયેલ રાજ્યના સમગ્ર ખેડૂતોની સંખ્યા નક્કી કરી કુલ આંકડાના આધારે વીમા કંપનીને ખેડૂતોનું પ્રિમીયમ ભરી વીમો ઉતારવામાં આવેલ છે. જેમાં જિલ્લાવાર કે તાલુકાવાર ખેડૂતોની સંખ્યા નક્કી કરી અલગથી કોઈ પ્રિમીયમ ભરેલ નથી. ખેડૂતોના મૃત્યુ થવાના કારણે અને નવા ખેડૂતો ઉમેરાતા હોવાથી ખેડૂતોની સંખ્યામાં વધ-ઘટની પ્રક્રિયા નિરંતર થતી રહે છે. હવે તા. ૧-૬-૨૦૦૬ બાદ ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાનું અમલીકરણ રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે, જેમાં ૫ હેકટરની મર્યાદામાં રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વીમા કવચ પૂરૂં પાડવામાં આવે છે. તેથી તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોનો વીમો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉતાર્યો, તેની ચોકક્સ સંખ્યા નક્કી કરવી અશક્ય છે. પરંતુ, તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫ હેકટરની મર્યાદામાં આવતા તમામ ખાતેદાર ખેડૂતોને વીમા કવચ પુરૂં પાડેલ છે અને તેમાંથી તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૪ ખાતેદાર ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા અને ૧ કાયમી અપંગ થયા અંગેની નીચે મુજબ તાલુકાવાર- વર્ષવાર દાવા અરજીઓ મળેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૬-૦૭ | | વર્ષ ૨૦૦૭-૦૮ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મૃત્યુ | કાયમી અપંગ | મૃત્યુ | કાયમી અપંગ | મૃત્યુ | કાયમી અપંગ |
| ૧ | વ્યારા | ૨ | ૦ | ૫ | ૦ | ૭ | ૦ |
| ૨ | વાલોડ | ૧ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૩ | ઉચ્છલ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૪ | નિઝર | ૧ | ૦ | ૩ | ૦ | ૪ | ૦ |
| ૫ | સોનગઢ | ૧ | ૧ | ૯ | ૦ | ૧૦ | ૧ |
| કુલ | | ૬ | ૧ | ૧૮ | ૦ | ૨૪ | ૧ |

(૨) આ પેકી નીચે મુજબ તાલુકાવાર ૧૩ દાવા અરજીઓમાં ખાતેદાર ખેડૂતોના વારસદારોને વીમા વળતર મળ્યું, અને હાલ કોઈ દાવા પેન્ડિંગ નથી.

| અ. નં. | તાલુકાનું નામ | આવેલ કુલ દાવા | મંજૂર દાવા | પડતર દાવા |
|---|---|---|---|---|
| ૧ | વ્યારા | ૭ | ૪ | ૦ |
| ૨ | વાલોડ | ૨ | ૧ | ૦ |
| ૩ | ઉચ્છલ | ૧ | ૧ | ૦ |
| ૪ | નિઝર | ૪ | ૪ | ૦ |
| ૫ | સોનગઢ | ૧૧ | ૩ | ૦ |
| કુલ | | ૨૫ | ૧૩ | ૦ |

(૩) હાલ કોઈ દાવા પેન્ડિંગ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ૧૨ દાવા નીચે મુજબ તાલુકાવાર નામંજૂર થયા.

| અ. નં. | તાલુકાનું નામ | નામંજૂર થયેલ દાવા |
|---|---|---|
| ૧ | વ્યારા | ૩ |
| ૨ | વાલોડ | ૧ |
| ૩ | ઉચ્છલ | ૦ |
| ૪ | નિઝર | ૦ |
| ૫ | સોનગઢ | ૮ |
| કુલ | | ૧૨ |

----------

## સહકારી માળખાને સંગીન બનાવવા અમલમાં મુકાયેલ યોજના

અતારાંક્તિ : ૪૬૮ (૨૧-૭-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા સહકારી માળખાને સંગીન બનાવવા કઇ કઇ યોજનાઓ રાજ્યમાં મંજૂર કરેલ છે અને કેટલી ગ્રાંટ ફાળવેલ છે અને

(૨) તે પૈકી તાપી જિલ્લામાં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે અને તે અંતર્ગત કેટલી સંસ્થા / વ્યક્તિઓને લાભ મળશે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૭-૯-૦૮) :

(૧) કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ ધિરાણ સહકારી માળખાને સંગીન બનાવવા વેદ્યનાથન કમિટીની ભલામણ મુજબ કૃષિ ધિરાણ તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ સહાય મંજુર થયેલ છે, જેમાં ગુજરાત રાજ્ય સહભાગી થયેલ છે. જેમાં પ્રથમ તબક્કે તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ "એ" કેટેગરીવાળી ૩૯૦૯ મંડળીઓને કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૧૨૧.૭૪ કરોડ તથા રાજ્ય સરકારશ્રી તરફથી રૂા. ૧૦.૬૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

(૨) ધી સુરત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. સાથે સંયોજીત તાપી જિલ્લાની "એ" કેટેગરીની કુલ ૧૦ મંડળીઓને કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૩૦.૨૪ લાખ તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા. ૯.૪૫ લાખની સહાય ચૂકવાયેલ છે.

"બી" કેટેગરીની કુલ ૨૧ તેમજ "સી" કેટેગરીની કુલ ૬૦ મંડળીઓને કેન્દ્ર સરકારશ્રી દ્વારા અનુક્રમે રૂા. ૧૮૫.૫૪ લાખ તેમજ રૂા. ૧૮૦.૦૩ લાખ અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા. ૯૩.૧૩ લાખ તેમજ રૂા. ૫૫.૫૩ લાખની સહાય આ અંગે નિયત કરાયેલ જોગવાઇઓ / ધોરણોને સંતોષતાં હશે, તેને નિયત પાત્રતા પ્રમાણે મળવાપાત્ર થશે.

-------------

## તાપી જિલ્લામાં ખેડૂતોને ફળઝાડના વાવેતર માટે ચૂકવાયેલ રકમ

અતારાંક્તિ : ૫૩૯ (૪-૮-૦૮)**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા ક્યા પ્રકારની અને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા ક્યા સરકારી ફાર્મમાંથી કેટકેટલી કિંમતે રોપાઓનું વિતરણ કરવામાં આવે છે?

**કૃષિ મંત્રીશ્રી** (૧૨-૯-૦૮) :

(૧) તાપી જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ ફળઝાડના વાવેતર માટે રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની યોજનામાં જુદા જુદા ફળપાકો પ્રમાણે હેકટરે રૂા. ૨૫૦૦/- થી રૂા. ૨૪,૨૦૦/- સુધીના સહાયના ધોરણોને ધ્યાનમાં લઇ મળવાપાત્ર થતી સહાય જુદા જુદા તાલુકાઓમાં નીચે મુજબ આપવામાં આવેલ છે.

| **અ.ન.** | **તાલુકાનું નામ** | **૨૦૦૬-૦૭** | | **૨૦૦૭-૦૮** | | **૨૦૦૮-૦૯ તા. ૧-૪-૦૮ થી તા.૩૦-૬-૦૮ ની (સ્થિતિએ)** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા |
| ૧ | વાલોડ | ૧૬૭૮૪૩ | ૧૧૬ | ૧૨૦૭૨૪૦ | ૩૦૧ | - | - | ૧૩૭૫૦૮૩ | ૪૧૭ |
| ૨ | વ્યારા | ૭૩૮૨૯૯ | ૨૩૩ | ૨૧૯૭૩૨૯ | ૬૯૩ | - | - | ૨૯૩૫૬૨૮ | ૯૨૬ |
| ૩ | સોનગઢ | ૮૧૫૭૬૫ | ૨૧૦ | ૧૬૯૦૦૮૭ | ૬૬૭ | - | - | ૨૫૦૫૮૫૨ | ૮૭૭ |
| ૪ | ઉચ્છલ | ૫૮૭૩૫૬ | ૧૫૯ | ૪૯૧૫૨૨ | ૫૦૬ | - | - | ૧૦૭૮૮૭૮ | ૬૬૫ |
| ૫ | નિઝર | ૬૦૨૮૪ | ૩૩ | ૧૩૫૦૦ | ૨૦ | - | - | ૭૩૭૮૪ | ૫૩ |
| | **કુલ :** | **૨૩૬૯૫૪૭** | **૭૫૧** | **૫૫૯૯૬૭૮** | **૨૧૮૭** | - | - | **૭૯૬૯૨૨૫** | **૨૯૩૮** |

(૨) તાપી જિલ્લામાં સરકારી ફાર્મ કે (નર્સરી) નથી, જેથી પ્રશ્ન રહેતો નથી.

-------------

**જામનગર જિલ્લામાં શૈક્ષણિક કર્મચારીઓની ખાલી જગ્યાઓ**

અતારાંક્તિ : ૮૩ (૨૯-૭-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ જામનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રિન્સીપાલ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી પડેલ જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૭-૮-૦૮) :

(૧)

| | | **બિન સરકારી** | **સરકારી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧૮ | ૧૧ | ૦૨૯ |
| ૨ | માધ્યમિક શિક્ષકો | ૧૦૫ | ૧૫ | ૧૨૦ |
| ૩ | ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો | ૦૨૮ | ૦૫ | ૦૩૩ |
| ૪ | બિનશૈક્ષણિક | ૦૯૩ | ૧૮ | ૧૧૧ |
| | **કુલ** | **૨૪૪** | **૪૯** | **૨૯૩** |

(૨) હા, જી.

-----------

**ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોની ઘટ**

અતારાંક્તિ : ૨૦૧ (૨૦-૬-૨૦૦૮)શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક શિક્ષકોની તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ ઘટ છે,

(૨) ક્યા ક્યા તાલુકામાં કેટલા શિક્ષકોની ઘટ છે,

(૩) આ ઘટ રહેવાના કારણો શાં છે, અને

(૪) સરકાર આ ઘટ કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૭-૦૮) :

(૧) ૨૯૫

(૨) તા. ૩૧-૩-૨૦૦૮ના રોજ તાલુકાવાર શિક્ષક ઘટ નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઘટ** |
|---|---|---|
| ૧ | મહુધા | ૧૮ |
| ૨ | નડીયાદ | ૩૧ |
| ૩ | કઠલાલ | ૩૪ |
| ૪ | કપડવંજ | ૪૨ |
| ૫ | માતર | ૨૧ |
| ૬ | મહેમદાવાદ | ૧૨ |
| ૭ | ખેડા | ૧૬ |
| ૮ | ઠાસરા | ૩૫ |
| ૯ | વીરપુર | ૪૪ |
| ૧૦ | બાલાસિનોર | ૪૨ |
| | **કુલ :** | **૨૯૫** |
| | | |

(૩) દર વર્ષે પ્રાથમિક શિક્ષકોની વય નિવૃત્તિ, સ્વેચ્છિક રાજીનામા, અવસાન તેમજ વિદ્યાર્થીઓના શાળા પ્રવેશ તથા વર્ગ વધારાના કારણે આ ઘટ ઉભી થાય છે.

(૪) હાલમાં વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા ચાલુ છે. ટુંક સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવનાર છે.

-----------

**દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો**

અતારાંક્તિ : ૨૩૯ (૨૧-૭-૨૦૦૮)**શ્રી દિતાભાઈ મછાર**(ઝાલોદ) **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો વસ્તીના ધોરણે આપવામાં આવી છે કે કેમ,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલી કાર્યરત છે,

(૩) કાર્યરત દુકાનોએ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના નિયમોનો ભંગ કરેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો આવી દુકાનોના પરવાનેદારો સામે શું પગલાં ભરવામાં આવ્યાં ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) હા, દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો વસ્તીના ધોરણે આપવામાં આવી છે, જે પેકી ફક્ત દાહોદ તાલુકામાં ૧૯ દુકાનોની જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવી છે, કુલ : ૧૯ પેકી ૧૦ દુકાનો જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં મંજૂર થયેલ છે. જેના હુકમો હવે પછી કરવામાં આવશે. બાકી ૯ દુકાનો પેકી (૨) દુકાનો નવેસરથી જાહેરાત બહાર પાડવા નક્કી થયેલ છે. બાકી ૭ (સાત) દુકાનો પેકી ૩ (ત્રણ) દુકાનો જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિએ વધુ તપાસ માટે પેન્ડિંગ રાખેલ છે, અને ૪ (ચાર) દુકાનો તાલુકા પુરવઠા સલાહકાર સમિતિની મંજૂરી પર બાકી છે.

(૨) ૬૧૧

(૩) હા, જી. ૧૯૫ દુકાનોમાં સરકારી નિયમોનો ભંગ કરવામાં આવેલ છે.

(૪) ગેરરીતીવાળી ૧૯૫ દુકાનોમાં ઘી, આવશ્યક ચીજવસ્તુધારા-૧૯૫૫ની કલમ-૬-એ તથા ખાતારાહે પગલાં નીચે મુજબ લેવામાં આવેલ છે.

(૧) રૂા. ૯૯૬૯૭/- ની કિંમતનો જથ્થો કબજે કર્યો.

(૨) રૂા. ૩૫૨૦૨/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.

(૩) રૂા. ૮૮૯૬૦/- ની અનામત રકમ રાજ્યસાત કરી.

(૪) ૨૦ પરવાના મોકુફ કર્યા.

**આણંદ અને ખેડા જિલ્લામાં વન તલાવડીઓ**

અતારાંક્તિ : ૩૮૯ (૨૧-૭-૨૦૦૮)**શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **:માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ નાણાંકીય વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી,

(૨) ક્યા ક્યા તાલુકામાં કેટલી સંખ્યામાં બનાવવામાં આવી, અને

(૩) તેની પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** (૧૭-૯-૦૮) :

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ નાણાંકીય વર્ષમા કોઈ વન તલાવડીઓ બનાવવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં બોન્ડેડ ડોકટરોની વસુલાતની કાર્યવાહી

અતારાંક્તિ : ૧૬૨ (૨૦-૬-૨૦૦૮) શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા બોન્ડેડ ડોકટરોને ગ્રામ વિસ્તારમાં ફરજ બજાવવા હાજર કર્યા,

(૨) જે તબીબો ગ્રામ વિસ્તારમાં નોકરી પર હાજર થયા નથી તેઓના બોન્ડ વસુલ કરવા શી કાર્યવાહી કરી

(૩) તેનાથી કેટલી રકમ પ્રાપ્ત થઈ, અને કેટલી બાકી છે, અને

(૪) આ બાકી રકમની કેટલા સમયમાં વસુલાત કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૨-૯-૦૮) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર હાજર થયેલ -૪૦૩ બોન્ડેડ ડોકટરોની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

(૨) જે તબીબો ગ્રામ વિસ્તારમાં નોકરી પર હાજર થતા નથી તેઓને મામલતદાર (વસુલાત) તબીબી શિક્ષણ ગાંધીનગર તરફથી પ્રથમ સાદી નોટીસ ત્યાર બાદ જમીન મહેસૂલ કાયદાની ક્લમ-૧૫૨, ક્લમ-૧૫૪ મુજબની નોટીસ તેમજ જામીનદારશ્રીને નોટીસ બજાવવવામાં આવે છે જરૂર પડે રૂબરૂ સંપર્ક તેમજ પોલીસ દ્વારા નોટીસની બજવણી કરાવી વસુલાતની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) તેનાથી રૂા. ૧૦,૬૨,૬૫૦૦૦/-ની બોન્ડ રકમની વસુલાત થયેલ છે અને રૂા. ૭,૫૪,૫૫,૦૦૦/- ની વસુલાત બાકી છે.

(૪) વસુલાતની કાર્યવાહી તબકકાવાર નોટીસ બજાવી તેમજ જરૂર પડે રૂબરૂ સંપર્ક કરી તથા પોલીસ ધ્વારા નોટીસની બજવણી કરાવી શક્ય તેટલા ઓછા સમયમાં વધુમાં વધુ વસુલાત કરાવાની કાર્યવાહી ચાલુમાં છે.

**પત્રક**

**તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર ફરજ પર હાજર થયેલ બોન્ડેડ ડોકટેરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | જીલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૩ |
| ૨ | ખેડા | ૧૧ |
| ૩ | આણંદ | ૧૩ |
| ૪ | સુરેન્દ્રનગર | ૩ |
| ૫ | ગાંધીનગર | ૨૧ |
| ૬ | મહેસાણા | ૪૧ |
| ૭ | પાટણ | ૨૦ |
| ૮ | બનાસકાંઠા | ૧૪ |
| ૯ | સાબરકાંઠા | ૩૦ |
| ૧૦ | વડોદરા | ૨૦ |
| ૧૧ | નર્મદા | ૨ |
| ૧૨ | પંચમહાલ | ૭ |
| ૧૩ | દાહોદ | ૧૩ |
| ૧૪ | ભરૂચ | ૯ |
| ૧૫ | સુરત | ૨૪ |
| ૧૬ | વલસાડ | ૧૮ |
| ૧૭ | નવસારી | ૧૫ |
| ૧૮ | ડાંગ | ૪ |
| ૧૯ | રાજકોટ | ૩૩ |
| ૨૦ | જામનગર | ૧૮ |
| ૨૧ | કચ્છ | ૭ |
| ૨૨ | ભાવનગર | ૨૬ |

| ક્રમ | જીલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૨૩ | અમરેલી | ૧૧ |
| ૨૪ | જુનાગઢ | ૧૭ |
| ૨૫ | પોરબંદર | ૩ |
| | કુલ : | ૪૦૩ |

-------------

**રાજકોટ જિલ્લામાં મેલેરીયા નાબૂદી કાર્યક્રમ હેઠળ થયેલ ખર્ચ બાબત**

અતારાંકિત : ૪૮૯ (૨૧-૭-૨૦૦૮)**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મેલેરિયા નાબૂદી કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં શું શું પગલાં લેવામાં આવ્યા, અને

(૨) તે કામગીરીમાં ક્યા ક્યા કામ પાછળ કેટલો ખર્ચ તાલુકાવાર ક્યારે કરવામાં આવ્યો ?

**આરોગ્ય અને પરિવાર મંત્રીશ્રી** (૧૨-૯-૦૮) :

(૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન મેલેરીયા નાબુદી માટે નીચે મુજબના પગલાંઓ લેવામાં આવેલ છે.

**વિગતવાર પત્રક-૧ અને ૨ સામેલ છે.**

- જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષ દરમ્યાન ૩૭૩૭૬૨ લોહીના નમૂના લઇ જાહેર થયેલ ૨૩૯૪ મેલેરીયા કેસોને સંપૂર્ણ સારવાર આપવામાં આવી.
- છેલ્લા એક વર્ષ દરમ્યાન સમગ્ર જિલ્લામાં ૩૭૨૭૦૬ મચ્છર ઉત્પતિ સ્થાનો શોધી તેનો નાશ કરવામાં આવેલ છે.
- જિલ્લામાં ૯૦૫૩ મચ્છર ઉત્પતિ સ્થાનોમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ છે.
- છેલ્લા એક વર્ષ દરમ્યાન ૮૩૮૩ મચ્છરદાની જંતુનાશક દવાયુક્ત કરી વિતરણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૦૭ દરમ્યાન બીજા રાઉન્ડમાં ૨૧૯ ગામની ૪૧૮૮૨૯ અને ત્રીજા રાઉન્ડ દરમ્યાન ૧૭૫ ગામની ૩૪૦૦૩૦ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૦૮ દરમ્યાન પ્રથમ રાઉન્ડમાં ૧૨૧ ગામની ૨૬૩૭૮૨ વસ્તીને નિયત જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લીધેલ છે.
- છેલ્લા વર્ષ દરમ્યાન જિલ્લામાં મેલેરીયા અંગેની જનજાગૃતિ કેળવવા સારૂ આરોગ્ય શિક્ષણની પ્રવૃતિઓ સઘન બનાવવામાં આવેલ છે.

(૨) છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં મેલેરીયા નાબુદી કાર્યક્રમ હેઠળ રૂા. ૨,૧૯,૨૮,૬૭૬/-નો ખર્ચ થયેલ છે.

**પત્રક-૧**

**તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મેલેરીયા નાબુદી કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં લેવામાં આવેલ પગલાંઓ.**

**રાજકોટ ગ્રામ્ય વિસ્તાર માહિતી પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | તાવના દર્દીઓના લેવામાં આવેલ લોહીના નમુનાઓની સંખ્યા | જાહેર થયેલ મેલેરીયા પોઝીટીવ દર્દીઓને સારવાર આપેલ કેસોની સંખ્યા | મચ્છર ઉત્પતિ સ્થાનો નાશ કર્યાની સંખ્યા | પોરાભક્ષક માછલી મુકવામાં આવેલ સ્થાનોની સંખ્યા | જંતુનાશક દવાયુક્ત કરવામાં આવેલ મચ્છરદાનીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ઉપલેટા | ૨૧૯૭૫ | ૧૩૭ | ૫૧૮૦ | ૧૧૫૦ | ૬૯૨ |
| ૨ | ધોરાજી | ૨૩૫૨૨ | ૧૧૨ | ૨૯૫૧ | ૪૦૪ | ૨૧૬ |
| ૩ | જેતપુર | ૨૮૮૪૧ | ૧૪૨ | ૭૫૫૮ | ૩૩૭ | ૩૨૮ |
| ૪ | જામકંડોરણા | ૧૬૨૬૬ | ૬૭ | ૪૨૨૦ | ૪૯૫ | ૭૦૯ |
| ૫ | ગોંડલ | ૪૯૧૦૩ | ૪૮૩ | ૩૩૩૭૮ | ૨૯૭ | ૧૫૪ |

| ક્રમ | તાલુકાનું નામ | તાવના દર્દીઓના લેવામાં આવેલ લોહીના નમુનાઓની સંખ્યા | જાહેર થયેલ મેલેરીયા પોઝીટીવ દર્દીઓને સારવાર આપેલ કેસોની સંખ્યા | મચ્છર ઉત્પતિ સ્થાનો નાશ કર્યાની સંખ્યા | પોરાભક્ષક માછલી મુક્વામાં આવેલ સ્થાનોની સંખ્યા | જંતુનાશક દવાયુક્ત કરવામાં આવેલ મચ્છરદાનીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | કોટડા સંગાણી | ૧૧૧૨૩ | ૫૧ | ૧૬૮૯૩ | ૧૦૭ | ૨૧૩૦ |
| ૭ | જસદણ | ૩૧૬૯૫ | ૧૫૯ | ૫૬૮૬ | ૫૭૧ | ૫૦૧ |
| ૮ | મોરબી | ૪૯૮૮૫ | ૩૮૨ | ૧૬૩૨૨૦ | ૧૩૧૯ | ૪૨૬ |
| ૯ | માળીયા મી. | ૧૮૭૪૦ | ૧૨૭ | ૧૬૬૮૦ | ૪૮૦ | ૧૨૧૦ |
| ૧૦ | વાંકાનેર | ૧૭૪૭૨ | ૫૪ | ૧૫૬૬૫ | ૧૨૨૬ | ૩૮૯ |
| ૧૧ | ટંકારા | ૩૭૦૯૦ | ૨૭૩ | ૧૪૦૯૦ | ૧૫૧૭ | ૪૬૯ |
| ૧૨ | રાજકોટ | ૩૧૩૮૨ | ૨૧૨ | ૭૦૯૮૮ | ૯૩૬ | ૯૫૬ |
| ૧૩ | લોધીકા | ૧૪૮૨૬ | ૪૯ | ૪૭૮૨ | ૨૦ | ૦ |
| ૧૪ | પડધરી | ૨૧૮૪૨ | ૧૪૬ | ૧૧૪૧૫ | ૧૯૪ | ૨૦૩ |
| | કુલ : | ૩૭૩૭૬૨ | ૨૩૯૪ | ૩૭૨૭૦૬ | ૯૦૫૩ | ૮૩૮૩ |

-------------

## પત્રક-૨

## તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મેલેરીયા નાબુદી કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં લેવામાં આવેલ પગલાંઓ.

## (જંતુનાશક દવા છંટકાવની કામગીરી)

| ક્રમ | તાલુકાનું નામ | જંતુનાશક દવા છંટકાવમાં આવરેલ ગામોની સંખ્યા (રેગ્યુલર-૨૦૦૭) | જંતુનાશક દવા છંટકાવમાં આવરેલ વસ્તી (રેગ્યુલર-૨૦૦૭) | જંતુનાશક દવા છંટકાવમાં આવરેલ ગામોની સંખ્યા (રેગ્યુલર-૨૦૦૭) | જંતુનાશક દવા છંટકાવમાં આવરેલ વસ્તી (રેગ્યુલર-૨૦૦૭) | જંતુનાશક દવા છંટકાવમાં આવરેલ ગામોની સંખ્યા (રેગ્યુલર-૨૦૦૮) | જંતુનાશક દવા છંટકાવમાં આવરેલ વસ્તી (રેગ્યુલર-૨૦૦૮) |
|---|---|---|---|---|---|---|---|
| | | બીજો રાઉન્ડ | | ત્રીજો રાઉન્ડ | | પ્રથમ રાઉન્ડ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ઉપલેટા | ૨ | ૧૮૨૮ | ૨ | ૧૮૨૮ | ૦ | ૦ |
| ૨ | ધોરાજી | ૨ | ૩૫૨૮ | ૨ | ૩૫૨૮ | ૦ | ૦ |
| ૩ | જેતપુર | ૧ | ૭૪૩ | ૧ | ૭૪૩ | ૧ | ૪૮૬૧ |
| ૪ | જામકંડોરણા | ૧૮ | ૧૫૨૨૨ | ૧૮ | ૧૫૨૨૨ | ૫ | ૩૨૯૩ |
| ૫ | ગોંડલ | ૨૬ | ૬૫૧૩૮ | ૨૬ | ૬૫૧૩૮ | ૮ | ૨૭૦૭૭ |
| ૬ | કોટડા સંગાણી | ૫ | ૧૨૦૫૭ | ૨ | ૯૩૪૨ | ૪ | ૩૩૭૮૩ |
| ૭ | જસદણ | ૨૦ | ૫૨૨૮૨ | ૧૪ | ૩૬૬૮૦ | ૧૦ | ૩૧૪૬૯ |
| ૮ | મોરબી | ૧૭ | ૩૯૦૩૩ | ૧૭ | ૩૯૦૩૩ | ૧૦ | ૨૨૨૩૭ |
| ૯ | માળીયા મી. | ૨૭ | ૬૬૦૫૩ | ૨૭ | ૬૬૦૫૩ | ૧૧ | ૧૫૯૯૪ |
| ૧૦ | વાંકાનેર | ૨૮ | ૪૯૯૩૨ | ૨૮ | ૪૯૯૩૨ | ૧૧ | ૨૫૦૭૪ |
| ૧૧ | ટંકારા | ૨૪ | ૩૭૨૪૯ | ૨૩ | ૩૭૨૪૯ | ૧૭ | ૨૭૨૩૦ |
| ૧૨ | રાજકોટ | ૨૫ | ૪૯૭૭૩ | ૧૦ | ૧૦૩૬૩ | ૨૧ | ૩૩૪૮૦ |
| ૧૩ | લોધીકા | ૫ | ૪૯૧૯ | ૫ | ૪૯૧૯ | ૮ | ૧૩૦૩૨ |
| ૧૪ | પડધરી | ૧૯ | ૨૧૦૭૨ | ૦ | ૦ | ૧૫ | ૨૬૨૫૨ |
| | **કુલ :** | **૨૧૯** | **૪૧૮૮૨૯** | **૧૭૫** | **૩૪૦૦૩૦** | **૧૨૧** | **૨૬૩૭૮૨** |

## પત્રક-૩

## મેલેરીયા તેમજ અન્ય વાહકજન્ય રોગોના નિયંત્રણ અને અટકાયત સંબંધિત પ્રવૃત્તિઓ માટે

## તા. ૧-૦૭-૨૦૦૭ થી તા. ૩-૦૬-૨૦૦૮ દરમ્યાન કરેલ ખર્ચ.

| ક્રમ | બ્લોક-(તાલુકા) અને જિલ્લા | તાવના કેસોનું સર્વેલન્સ, નિદાન અને સારવાર અંગેનો ખર્ચ | મચ્છર ઉત્પતિ સ્થાનોનો નાશ કરવા અંગે થયેલ ખર્ચ | પોરાભક્ષક માછલી મુકવા અંગે થયેલ ખર્ચ | મચ્છરદાનીને જંતુનાશક દવાયુક્ત કરવાનો ખર્ચ | આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિ હેઠળ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ધોરાજી-ઉપલેટા | ૧૭૫૬૧૨૯ | ૧૩૫૦૦ | ૪૬૫૦૦ | ૨૦૦૦ | ૦ |
| ૨ | જેતપુર-જામકંડોરણા | ૧૬૪૨૨૯૯ | ૦ | ૨૧૩૪૪ | ૦ | ૦ |
| ૩ | ગોંડલ-કોટડા સાંગાણી | ૨૮૫૮૬૦૮ | ૨૮૦૦૦ | ૦ | ૩૦૦ | ૩૦૦૦ |
| ૪ | જસદણ | ૧૪૦૫૧૬૮ | ૦૦ | ૩૧૯૯૦ | ૦ | ૦ |
| ૫ | મોરબી-માળીયા મી. | ૧૩૮૯૦૭૬ | ૩૫૬૫૦ | ૧૫૮૫૦ | ૨૮૦૦ | ૫૨૫૦ |
| ૬ | વાંકાનેર-ટંકારા | ૧૫૭૭૦૩૮ | ૦ | ૦ | ૦ | ૬૩૧૦૮ |
| ૭ | રાજકોટ-લોધીકા-પડધરી | ૧૪૭૫૦૧૧ | ૦ | ૫૩૪૬૦ | ૧૩૦૮ | ૮૦૦૦ |
| ૮ | જિલ્લા કક્ષાએથી થયેલ ખર્ચ | ૦ | ૦ | ૬૯૯૩૭ | ૪૩૫ | ૧૭૫૦૯૨ |
| | જીલ્લાનો ખર્ચ | ૧૨૧૦૩૩૨૯ | ૭૭૧૫૦ | ૨૩૯૦૮૧ | ૬૮૪૩ | ૨૫૪૪૫૦ |

| જંતુનાશક દવા છંટકાવ કામગીરીના મહેનતાણાનો ખર્ચ | મચ્છરદાની ખરીદી અંગે થયેલ ખર્ચ | જંતુનાશક દવા ખરીદી અંગે થયેલ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૦ | ૦ | ૦ | ૧૮૧૮૧૨૯ |
| ૦ | ૦ | ૦ | ૧૬૬૩૬૪૩ |
| ૦ | ૦ | ૦ | ૨૮૮૯૯૦૮ |
| ૦ | ૦ | ૦ | ૧૪૩૭૧૫૮ |
| ૪૭૮૦ | ૦ | ૦ | ૧૪૫૩૪૦૬ |
| ૦ | ૦ | ૦ | ૧૬૪૦૧૪૬ |
| ૧૬૯૫ | ૦ | ૦ | ૧૫૩૯૪૭૪ |
| ૨૩૨૧૯૪૮ | ૧૧૦૦૦૦ | ૬૮૦૯૪૦૦ | ૯૪૮૬૮૧૨ |
| ૨૩૨૮૪૨૩ | ૧૧૦૦૦૦ | ૬૮૦૯૪૦૦ | ૨૧૯૨૮૬૭૬ |

-------------

## રાજ્યમાં મેલેરીયા નાબૂદી માટે જંતુનાશક દવાઓની ખરીદી બાબત

અતારાંક્તિ : ૪૯૮ (૨૨-૭-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મેલેરિયા નાબુદી માટે કેટલી જંતુનાશક દવાઓની ખરીદી કરવામાં આવી,

(૨) ખરીદી ક્યારે અને કોની પાસેથી ક્યા ભાવે કરવામાં આવેલ હતી,

(૩) માંગણી મુજબ ક્યા જિલ્લાને કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૪) તે પૈકી વર્ષવાર ખરીદી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૨-૯-૦૮) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નીચે મુજબની વિગતે જંતુનાશક દવાઓની ખરીદી કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **દવાનું નામ** | **જથ્થો** |
|---|---|---|
| ૧ | મેલેથીયોન ૨૫ ટકા | ૩૫૦૦ મે. ટન. |
| ૨ | ડેલ્ટામેથ્રીન | ૧૫૫ મે. ટન. |
| ૩ | આલ્ફાસાયપરમેથ્રીન | ૨૪૫ મે. ટન |
| ૪ | બાયોલાર્વીસાઇડ | ૧૫૮૦૦ કિ. ગ્રા. |
| ૫ | ડેલ્ટામેથ્રીન ફ્લો | ૧૬૦૦૦ લીટર |

(૨) માહિતી દર્શાવતું પત્રક-(૧) આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

**ખરીદી ક્યારે અને કોની પાસેથી ક્યા ભાવે કરવામાં આવેલ હતી.**

| ક્રમ | જંતુનાશક દવાનું નામ | પેઢીનું નામ | ખરીદ તારીખ | ભાવ (પ્રતિ મે. ટન) | કુલ ખરીદેલ જથ્થો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મેલેથીયનનો ૨૫ ટકા (ડબલ્યુ.ડી.પી.) | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૮-૦૯-૨૦૦૫ | ૪૮૫૦૦ | ૬૦૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૮-૦૪-૨૦૦૬ | ૪૮૫૦૦ | ૩૧૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૧૧-૦૫-૨૦૦૬ | ૪૮૫૦૦ | ૨૯૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૧૧-૦૮-૨૦૦૬ | ૪૮૫૦૦ | ૪૦૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૩-૧૦-૨૦૦૬ | ૪૮૫૦૦ | ૨૦૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૩-૦૪-૨૦૦૭ | ૪૮૫૦૦ | ૨૦૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૧૫-૦૫-૨૦૦૭ | ૪૮૫૦૦ | ૨૮૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૭-૦૬-૨૦૦૭ | ૪૮૫૦૦ | ૨૨૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૦-૦૨-૨૦૦૮ | ૪૮૫૦૦ | ૧૫૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૫-૦૨-૨૦૦૮ | ૪૮૫૦૦ | ૧૬૦.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૧૭-૦૩-૨૦૦૮ | ૪૮૫૦૦ | ૧૫૦.૦૦ |

| ક્રમ | જંતુનાશક દવાનું નામ | પેઢીનું નામ | ખરીદ તારીખ | ભાવ (પ્રતિ મે. ટન) | કુલ ખરીદેલ જથ્થો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૨૭-૦૩-૨૦૦૮ | ૪૮૫૦૦ | ૨૧૫.૦૦ |
| | | હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઇડ લી. | ૩-૦૫-૨૦૦૮ | ૪૮૫૦૦ | ૩૨૫.૦૦ |
| ૨ | આલ્ફાસાયપરમેથ્રીન | મેઘમણી ઓર્ગેનિક્સ લી. | ૫-૦૬-૨૦૦૬ | ૯૦૪૫૨ | ૫૨.૫૦ |
| | | ઘરડા કેમિક્લ્સ લી. | ૨૯-૦૬-૨૦૦૬ | ૯૦૪૫૨ | ૨૭.૫૦ |
| | | ઘરડા કેમિક્લ્સ લી. | ૧૦-૦૭-૨૦૦૬ | ૯૦૪૫૨ | ૨૫.૦૦ |
| | | મેઘમણી ઓર્ગેનિક્સ લી. | ૧૦-૧૦-૨૦૦૬ | ૯૦૪૫૨ | ૧૨.૫૦ |
| | | ઘરડા કેમિક્લ્સ લી. | ૩૧-૦૧-૨૦૦૭ | ૯૦૪૫૨ | ૧૨.૫૦ |
| | | મેઘમણી ઓર્ગેનિક્સ લી. | ૨-૦૬-૨૦૦૭ | ૮૧૩૭૦ | ૩૫.૦૦ |
| | | મેઘમણી ઓર્ગેનિક્સ લી. | ૨૩-૦૭-૨૦૦૭ | ૮૧૩૭૦ | ૩૪.૦૦ |
| | | ક્લિપેસટ ઇન્ડીયા લી. ભોપાલ | ૪-૦૭-૨૦૦૭ | ૭૮૨૪૦ | ૪૬.૦૦ |
| ૩ | ડેલ્ટામેથ્રીન ૨.૫ ટકા | ઘરડા કેમિક્લ્સ લી. | ૨૯-૦૯-૨૦૦૫ | ૧૭૩૦૦૦ | ૨૫.૦૦ |
| | | ઘરડા કેમિક્લ્સ લી. | ૧૦-૧૦-૨૦૦૫ | ૧૭૩૦૦૦ | ૨૦.૦૦ |
| | | ઘરડા કેમિક્લ્સ લી. | ૨૯-૦૬-૨૦૦૬ | ૧૬૪૫૦૦ | ૬૫.૦૦ |
| | | ઘરડા કેમિક્લ્સ લી. | ૧-૦૯-૨૦૦૬ | ૧૬૪૫૦૦ | ૪૫.૦૦ |
| ૪ | બાયોલાર્વીસાઇડ | બાયોટેક ઇન્ટરનેશનલ લી. દિલ્હી | ૧૫-૦૬-૨૦૦૬ | ૮૧૪.૪૦ (પ્રતિ કિ. ગ્રા.) | ૯૧૦૦.૦૦ |
| | | બાયોટેક ઇન્ટરનેશનલ લી. દિલ્હી | ૬-૦૬-૨૦૦૮ | ૮૧૪.૪૦ (પ્રતિ કિ. ગ્રા.) | ૬૭૦૦.૦૦ |
| ૫ | ડેલ્ટામેથ્રીન ફ્લો | ઘરડા કેમિક્લ્સ લી. મુંબઇ | ૨૩-૦૫-૨૦૦૭ | ૧૮૦.૦૦ (પ્રતિ લીટર) | ૧૬૦૦૦.૦૦ |

(૩)

(૩) ફાળવેલ જથ્થાની વિગત દર્શાવતું પત્રક-(૨) આ સાથે સામેલ રાખેલ છે.

## પત્રક-૨

## માંગણી મુજબ ક્યા જિલ્લાને કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો.

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ કુલ જથ્થો | | | | |
|---|---|---|---|---|---|---|
| | | મેલેથીયન (મે. ટન) | ડેલ્ટામેથ્રીન (મે. ટન) | આલ્ફાસાયપરમેથ્રીન (મે. ટન) | બાયોલાર્વીસાઇડ (કિ. ગ્રા.) | ડેલ્ટામેથ્રીન ફ્લો (લિટરમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ | ૧૮૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૪૦૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | અમરેલી | ૨૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | બનાસકાંઠા | ૪૪૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | વડોદરા | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭.૫૦ | ૨૬૫૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | ભાવનગર | ૨૫.૦૦ | ૫.૦૦ | ૦.૦૦ | ૨૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | ભરૂચ | ૦.૦૦ | ૧૭.૫૦ | ૦.૦૦ | ૨૫૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | વલસાડ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | જામનગર | ૧૭૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | જુનાગઢ | ૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ | ૨૫૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | નડિયાદ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૫૪.૫૦ | ૪૦૦.૦૦ | ૩૭૦૦.૦૦ |
| ૧૧ | કચ્છ | ૬૯૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૨ | મહેસાણા | ૧૫.૦૦ | ૧૫.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | ગોધરા | ૦.૦૦ | ૦.૦૦ | ૪૩.૫૦ | ૨૦૦.૦૦ | ૩૮૦૦.૦૦ |
| ૧૪ | રાજકોટ | ૪૨૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૩૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | સાબરકાંઠા | ૩૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૩૭૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | સુરત | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭.૦૦ | ૨૨૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | ગાંધીનગર | ૧૦.૦૦ | ૫.૦૦ | ૦.૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | આહવા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | આણંદ | ૦.૦૦ | ૨૫.૦૦ | ૩૪.૦૦ | ૨૫૦.૦૦ | ૩૭૦૦.૦૦ |
| ૨૧ | નવસારી | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૫૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૨૨ | પાટણ | ૪૫૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | દાહોદ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૫.૦૦ | ૧૫૦.૦૦ | ૩૮૦૦.૦૦ |
| ૨૪ | નર્મદા | ૦.૦૦ | ૧૭.૫૦ | ૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ |
| ૨૫ | પોરબંદર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૬ | મુખ્ય મથક | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | કુલ : | ૩૫૦૦.૦૦ | ૧૫૫.૦૦ | ૨૪૫.૦૦ | ૧૫૮૦૦.૦૦ | ૧૬૦૦૦.૦૦ |

(૪) તે પેકી વર્ષવાર નીચે મુજબની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | તા. ૧-૭-૨૦૦૫ થી તા. ૩૦-૬-૨૦૦૬ | ૯૧૩.૨૫ |
| ૨ | તા. ૧-૭-૨૦૦૬ થી તા. ૩૦-૬-૨૦૦૭ | ૮૦૭.૦૩ |
| ૩ | તા. ૧-૭-૨૦૦૭ થી તા. ૩૦-૬-૨૦૦૮ | ૬૦૩.૨૨ |

-----------

## રાજ્યમાં એલોપેથીક દવાખાનાઓને ચૂકવવાની બાકી રકમ

અતારાંક્તિ : ૫૦૦ (૨૨-૭-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્યમાં ચાર વર્ષ દરમ્યાન એલોપેથીક દવાખાનાઓની કેટલી રકમ કઈ કઈ જિલ્લા પંચાયતોને ચૂકવવી બાકી છે,

(૨) આ રકમ ચૂકવવા સરકારને ક્યારે ક્યારે દરખાસ્તો મળી છે,

(૩) તે પરત્વે શી કાર્યવાહી કરવામાં આવી,

(૪) રકમ સમયસર ન ચૂકવવા પાછળના કારણો શાં હતા, અને

(૫) ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) રાજ્યમાં છેલ્લા ચાર વર્ષ દરમ્યાન એલોપેથીક દવાખાનાઓની કોઈ રકમ કોઈ જિલ્લા પંચાયતને ચૂકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## આણંદ અને ખેડા જિલ્લામાં નોંધાયેલ અકસ્માત

અતારાંક્તિ : ૩૭૮ (૫-૭-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ અને ખેડા જીલ્લામાં પોલીસ સ્ટેશનવાર તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલા માર્ગ અકસ્માત થયા,

(૨) આ અકસ્માતોમાં કેટલી વ્યક્તિઓના મોત થયા, અને

(૩) અકસ્માતે મૃત્યુ પામેલ કોઈ વ્યક્તિના વારસદારોને સહાય ચુકવવામાં આવી હતી કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૧૬-૯-૦૮) :

(૧)

| પોલીસ સ્ટેશનનું નામ (ખેડા જિલ્લો) | છેલ્લા બે વર્ષમાં થયેલ અકસ્માતની સંખ્યા | પોલીસ સ્ટેશનનું નામ (આણંદ જીલ્લો) | છેલ્લા બે વર્ષમાં થયેલ અકસ્માતની સંખ્યા |
|---|---|---|---|
| નડીયાદ ટાઉન | ૩૨૮ | આણંદ ટાઉન | ૩૫૫ |
| નડીયાદ રૂરલ | ૧૮૯ | આણંદ રૂરલ | ૨૭૨ |
| નડીયાદ પમિ | ૧૧૦ | વિદ્યાનગર | ૧૨૯ |
| ચકલાસી | ૨૬૮ | ખંભળોજ | ૧૩૯ |
| ઠાસરા | ૧૮૦ | ઉમરેઠ | ૨૪૧ |

| પોલીસ સ્ટેશનનું નામ (ખેડા જિલ્લો) | છેલ્લા બે વર્ષમાં થયેલ અકસ્માતની સંખ્યા | પોલીસ સ્ટેશનનું નામ (આણંદ જીલ્લો) | છેલ્લા બે વર્ષમાં થયેલ અકસ્માતની સંખ્યા |
|---|---|---|---|
| ડાકોર | ૧૪૦ | વાસદ | ૨૩૮ |
| વસો | ૧૦૯ | પેટલાદ ટાઉન | ૮૪ |
| માતર | ૧૫૨ | બોરસદ | ૨૮૨ |
| લીબાસી | ૩૭ | પેટલાદ રૂરલ | ૧૭૮ |
| કપડવંજ ટાઉન | ૮૯ | મહેળાવ | ૯૨ |
| કપડવંજ રૂરલ | ૭૩ | ભાદરણ | ૮૮ |
| આંતરસુબા | ૫ | આંક્લાવ | ૨૦૪ |
| કઠલાલ | ૩૨૬ | ખંભાતસીટી | ૪૬ |
| મહેમદાવાદ | ૩૧૨ | ખંભાતરૂરલ | ૧૧૧ |
| ખેડા-ટાઉન | ૧૯૨ | તારાપુર | ૨૧૬ |
| મહુધા | ૧૫૭ | સોજીત્રા | ૯૯ |
| બાલાસિનોર | ૯૩ | વિરસદ | ૫૮ |
| વિરપુર | ૨૯ | -- | -- |
| કુલ | ૨૭૮૯ | કુલ | ૨૮૩૨ |

(૨) કુલ ૧૧૫૭ મૃત્યુ

(૩) આણંદ જિલ્લાના વાસદ પોલીસ સ્ટેશનની હદના મોગરગામની સીમમાં અક્સ્માતમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓના વારસદારોને રાજ્ય સરકાર દ્વારા એક એક લાખની સહાય ચૂકવવામા આવેલ હતી.

-------------

**જામનગર જિલ્લામાં નોંધાયેલા વિવિધ ગુનાઓ**

અતારાંક્તિ : ૫૧૦ (૪-૮-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવાડ તાલુકામાં તા. ૧-૪-૦૭થી તા. ૩૧-૩-૦૮ સુધીમાં લૂંટ, ચોરી, હત્યા અને બળાત્કારના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૨) આ ગુનાઓ પેકી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા, અને

(૩) જે ગુનેગારો પકડાયેલ નથી તેને પકડવા માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૬-૯-૦૮) :

(૧) તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૮ સુધીમાં નોંધાયેલ કેસો

| | ધ્રોલ | જોડિયા | જામનગર | કાલાવાડ |
|---|---|---|---|---|
| લૂંટ | ૧ | ૧ | ૫ | ૧ |
| ચોરી | ૨૧ | ૩૬ | ૧૭ | ૨૩ |
| હત્યા | ૩ | ૫ | ૧ | ૧ |
| બળાત્કાર | -- | -- | -- | ૧ |

(૨) તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૮ સુધીમાં પકડાયેલ આરોપીઓ

| | ધ્રોલ | જોડિયા | જામનગર | કાલાવાડ |
|---|---|---|---|---|
| લૂંટ | ૪ | ૩ | ૧૦ | -- |
| ચોરી | ૧૧ | ૬ | ૧૪ | ૯ |
| હત્યા | ૭ | ૧૫ | ૫ | ૧ |
| બળાત્કાર | -- | -- | -- | ૨ |

(૩) બાકી રહેલા ગુનેગારોને પકડવા તેમના રહેણાંક્ના મકાને અવાર નવાર તપાસ કરવામાં આવે છે તેમજ વૉચ રાખી, બાતમીદારો તથા તાબાના માણસો દ્વારા માહિતી મેળવવાના પ્રયાસો સતત ચાલુ છે. આ આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ નામદાર કોર્ટમાંથી મેળવવામાં આવેલ છે. સી.આર.પી.સી. કલમ ૮૨ તથા ૮૩ મુજબ પગલાં લેવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

## સુરત જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેની કામગીરી

અતારાંક્તિ : ૨૮૩ (૨૦-૬-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧-૦૮ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપેલ છે, અને

(૩) તે પૈકી જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કરેલ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ દરમ્યાન જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

-- ડુમસ ખાતે અમલિકરણ એજન્સી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડા તથા નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા અનુક્રમે રૂા. ૧,૧૭,૭૮,૯૫૬/- તથા રૂા. ૮૭,૦૯,૧૭૦/-ના ખર્ચ કરી પ્રોટેક્શન વોલના બાંધકામ તથા વન કુટીર, સાઈન બોર્ડ બેઠક વ્યવસ્થા, મરીનએક્વેરીયમ વગેરે આ ઉપરાંત ડોસાવાડા તળાવ જનસુવિધા અને બાગ બગીચા, રીક્રિએશન એન્ડ ફેસીલીટીઝ, ગાર્ડન એન્ડ ટુરીઝમ, ગોમુખ ધોધ ખાતે ટોયલેટ કોમ્પલેક્ષ ની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જ્યારે સને ૨૦૦૭-૦૮ દરમ્મ્યાન સુરત જિલ્લામાં ગળતેશ્વર, ટીંબા રોડના બાંધકામ, ડભારી તા. ઓલપાડ રોડનું બાંધકામ, કાકરાપાર વિયરનું કામ ઉકાઈ ડેમની આસપાસ પાર્કીંગ, ગાર્ડન આંતરીક રસ્તાના કામો તથા કેવડી તા. માંડવી ખાતે રહેણાંક અને કિંચન ટોયલેટ, પાણીની સુવિધા, રસ્તાની કામગીરી, હાથ ધરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. તેમજ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. આમ પ્રવાસીઓ માટે આંતરમાળખાકિય અને પ્રવાસન સુવિધાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ બે વર્ષ માટે રાજ્ય સરકારે નીચે મુજબની ગ્રાન્ટ આપેલ છે.

-- વર્ષ ૨૦૦૬-૦૭ રૂા. ૨૫૦.૦૦ લાખ

-- વર્ષ ૨૦૦૭-૦૮ રૂા. ૧.૧૬ કરોડ

(૩) -- વર્ષ ૨૦૦૬-૦૭ રૂા. ૨૨૧.૦૦ લાખ

-- વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષ માટે ખર્ચ કરેલ નથી.

-------------

## જામનગર શહેર અને જિલ્લામાં અકસ્માત વળતરનાં પડતર કેસો

અતારાંક્તિ : ૧૦૪ (૨૦-૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર શહેર અને જિલ્લામાં અકસ્માતનાં વળતરનાં કેટલા કેસો નાંધાયેલ,

(૨) આ નોંધાયેલ કેસો કેટલા સમયથી પડતર છે,

(૩) તે પૈકી છેલ્લા બે વર્ષ અને તેથી વધુ વર્ષનાં વર્ષવાર કેટલા કેસો છે,

(૪) આવા કેસોનો લાંબાગાળા સુધી નિકાલ ન થવાનાં કારણો શા છે, અને

(૫) આ કેસોની ઝડપી કાર્યવાહી માટે સરકારે શું વ્યવસ્થા કરી ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** (૧૭-૯-૦૮) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર શહેર અને જિલ્લામાં અકસ્માત વળતરનાં નોંધાયેલા કેસોની સંખ્યા નીચે મુજબ છે.

| | | સને ૨૦૦૬ વર્ષ દરમ્યાન નોંધાયેલ કેસોની સંખ્યા | સને ૨૦૦૭ વર્ષ દરમ્યાન નોંધાયેલ કેસોની સંખ્યા | કુલ નોંધાયેલ કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| (૧) | જામનગર શહેર | ૧૧૫ | ૧૫૫ | ૨૭૦ |
| (૨) | જામનગર જિલ્લા | ૬૧૩ | ૭૦૮ | ૧૩૨૧ |
| | | | **કુલ :** | **૧૫૯૧** |

(૨) આ નોધાયેલ કેસો બે વર્ષથી પડતર છે. જેની સંખ્યા નીચે મુજબ છે.

| | | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ | કુલ પડતર કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| (૧) | જામનગર શહેર | ૧૦૯ | ૧૫૫ | ૨૬૪ |
| (૨) | જામનગર જિલ્લા | ૫૩૫ | ૭૦૮ | ૧૨૪૩ |
| | | ૬૪૪ | ૮૬૩ | **કુલ : ૧૫૦૭** |

(૩) તે પૈકી છેલ્લા બે વર્ષ અને તેથી વધુ વર્ષના વર્ષવાર પડતર કેસોની સંખ્યા દર્શાવતી માહિતી નીચે મુજબ છે.

| | | છેલ્લા બે વર્ષના | છેલ્લા બે વર્ષથી વધુ વર્ષના |
|---|---|---|---|
| (૧) | જામનગર શહેર | ૨૬૪ | ૯૭૨ |
| (૨) | જામનગર જિલ્લા | ૧૨૪૩ | ૨૫૭૩ |
| | **કુલ :** | **૧૫૦૭** | **૩૫૪૫** |

**તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી વધુ વર્ષવાર પડતર કેસોની સંખ્યા :-**

| સને | જામનગર શહેર | જામનગર જિલ્લા | | કુલ પડતર કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૯૯૨ | ૦૧ | ૦૨ | = | ૦૩ |
| ૧૯૯૪ | ૦૩ | ૧૧ | = | ૧૪ |
| ૧૯૯૫ | ૦૪ | ૦૭ | = | ૧૨ |
| ૧૯૯૬ | ૦૮ | ૨૩ | = | ૩૧ |
| ૧૯૯૭ | ૨૯ | ૮૫ | = | ૧૧૪ |
| ૧૯૯૮ | ૯૨ | ૧૩૫ | = | ૨૨૭ |
| ૧૯૯૯ | ૫૩ | ૧૫૩ | = | ૨૦૬ |
| ૨૦૦૦ | ૧૦૮ | ૨૯૭ | = | ૪૦૫ |
| ૨૦૦૧ | ૧૭૯ | ૩૭૦ | = | ૫૪૯ |
| ૨૦૦૨ | ૧૨૫ | ૩૬૫ | = | ૪૯૦ |
| ૨૦૦૩ | ૧૪૩ | ૩૫૯ | = | ૫૦૨ |
| ૨૦૦૪ | ૧૨૪ | ૩૨૮ | = | ૪૫૨ |
| ૨૦૦૫ | ૧૦૩ | ૪૩૮ | = | ૫૪૧ |
| | **૯૭૨** | **૨૫૭૩** | | **૩૫૪૫** |

(૪) આવા કેસોનો લાંબા ગાળા સુધી નિકાલ ન થવાના સામાન્ય કારણો નીચે મુજબ છે.

(૧) પક્ષકારી જાગૃત થવાની એમએસીપી કેસો વધારે કોર્ટમાં દાખલ થવાથી કેસોની સંખ્યામાં વધારો થયેલ છે.

(૨) દરેક કોર્ટમાં કામના નક્કી થયેલ ભારણની સંખ્યામાં જજોની સંખ્યા અપૂરતી હોવાને કારણે કેસોની સંખ્યામાં વધારો થયેલ છે.

(૩) અકસ્માત થયેલ વાહન વિમાદારની માહિતી ન મળવાને લીધે કેસોનો નિકાલ થતો નથી.

(૫) ભારતીય બંધારણના અનુચ્છેદ-૨૩૫ની જોગવાઈ હેઠળ વડીઅદાલત તાબાની જ્યુડીયરી ઉપરાંત અલગ રીતે વહીવટી અંકુશ ધરાવે છે. આ રીતે વડીઅદાલત દ્વારા તાબાની કોર્ટોમાં કેસોના ઝડપી નિકાલ કરવા માટે યોગ્ય તે પગલા લઈ રહી છે.

હાઈ કોર્ટ જૂનો કેસો પર દેખરેખ રાખે છે. અને જ્યાં જરૂરી લાગે ત્યાં જૂના કેસોના નિકાલ કરવા માટે જરૂરી સૂચનાઓ જારી કરે છે. એપીએસપીના કેસોના કામના ભારણને પહોંચી વળવા માટે સરકારશ્રીએ વડીઅદાલતના પરામર્શમાં કુલ-૯ વધારાના જિલ્લા ન્યાયાધીશની કોર્ટો કાર્યરત કરેલ છે. આ પ્રકારના કેસો અલાયદી રીતે ચલાવવામાં આવે છે. હાલમાં જરૂરીયાત સામે મોટર અકસ્માત વળતરના કેસો ચલાવવા માટે ટ્રીબ્યુનલની સંખ્યા ઓછી છે. પરિણામે હાલમાં એપેલેટ જજો મોટર અકસ્માત કેસો ઉપરાંત બીજા દિવાની અને ફોજદારી કેસો હાથ ધરી રહયા છે. ઈન્ફરમેશન ટેક્નોલોજીની મદદ સાથે ઈનોવેટીવ મેથોડોલોજી પધ્ધતિ ટ્રીબ્યુનલો/નીચલી કોર્ટોમાં કેસોના નિકાલ માટે વડીઅદાલત દ્વારા દાખલ કરાયેલ છે. તેથી શક્ય તેટલી રીતે કામગીરીની પધ્ધતિની રચના કોમ્પ્યુટરાઈઝડ કરેલ છે. વારંવાર રાજ્યમાં લોક અદાલતો દ્વારા આવા પ્રકારના કેસોનો પણ નિકાલ કરવામાં આવે છે.

-----------------

## ખેડા જિલ્લાના અકસ્માત વળતરનાં પડતર કેસો

અતારાંક્તિ : ૨૩૨ (૨૦-૬-૨૦૦૮)**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં અકસ્માત વળતરના કેટલા કેસો કેટલા સમયથી પડતર છે,

(૨) તે પેકી છેલ્લા બે વર્ષ અને તેથી વધુ વર્ષનો વર્ષવાર કેટલા કેસો છે,

(૩) આવા કેસોનો લાંબા ગાળા સુધી નિકાલ ન થવાના કારણો શાં છે અને

(૪) આ કેસોની ઝડપી કાર્યવાહી માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૧૭/૯/૨૦૦૮)

(૧) ૧૮૩૦૪ કેસો વર્ષવાર માહિતી પત્રક-કમાં આપવામાં આવી છે.

(૨) પત્રક - ક મુજબ

(૩) ૧. પક્ષકારોમાં જાગૃતિ આવવાથી કેસોમાં વધારો થયેલ છે.

૨. દરેક કોર્ટોમાં કામના ભારણની સામે જજોની સંખ્યા ઓછી હોવાથી.

૩. અકસ્માત થયેલ વાહનના વિમાદારની માહિતી ન મળવાને કારણે.

(૪) ૧. નામ. ગુજરાત હાઈકોર્ટ જિલ્લા અદાલતોને જુના કેસોના નિકાલ માટે સૂચનાઓ આપે છે.

૨. ૯ વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીઓની કોર્ટો કાર્યરત કરવામાં આવી છે.

૩. આ કેસોના ઝડપી નિકાલ માટે તાલુકા/જિલ્લાની કોર્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-ક**

| | | |
|---|---|---|
| ૨૦૦૭ સુધી છેલ્લા બે વર્ષના પડતર કેસો | : | ૪૫૫૮ |
| ૨૦૦૫ | : | ૨૧૪૭ |
| ૨૦૦૪ | : | ૧૭૦૧ |
| ૨૦૦૩ | : | ૨૧૨૧ |
| ૨૦૦૨ | : | ૧૧૦૨ |
| ૨૦૦૧ | : | ૧૩૫૪ |

| | | |
|---|---|---|
| ૨૦૦૦ | : | ૧૦૮૭ |
| ૧૯૯૯ | : | ૧૧૫૪ |
| ૧૯૯૮ | : | ૧૩૨૮ |
| ૧૯૯૭ | : | ૬૭૯ |
| ૧૯૯૬ | : | ૩૮૩ |
| ૧૯૯૫ | : | ૧૬૬ |
| ૧૯૯૪ | : | ૧૬૮ |
| ૧૯૯૩ | : | ૫૦ |
| ૧૯૯૨ | : | ૧૬૬ |
| ૧૯૯૧ | : | ૬૫ |
| ૧૯૯૦ | : | ૭૪ |
| ૧૯૮૯ | : | ૧ |

-------------

**રાજ્યમાં પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિ : ૩૮૪ (૫-૭-૨૦૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કોર્ટોમાં પબ્લીક પ્રોસીક્યુટર અને આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ખાલી જગાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૧૮-૯-૦૮)

(૧) સાથેના પત્રક -અ તથા પત્રક-બ મુજબ

(૨) આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨ની જ્ગ્યાઓના ભરતી નિયમો તથા સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો પ્રસિધ્ધ કરી, ૨૪૨ જ્ગ્યાઓનું માગણી પત્રક જાહેર સેવા આયોગને તારીખ : ૩૦-૮-૨૦૦૮ના રોજ પહોંચાડવામાં આવેલ છે. તાકીદની વ્યવસ્થા માટે ખાલી પડેલ જ્ગ્યાઓ પર સીઆરપીસી કલમ ૨૫(૩) હેઠળ સંવર્ગના નિવૃત્ત અધિકારીઓ તેમજ જાહેરાત ધ્વારા લાયક ઉમેદવારોની એડહોક નિમણૂંકો જેતે કલેકટરશ્રીઓ ધ્વારા કરવામાં આવી છે.

(૩) આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨ની સીધી ભરતી જાહેર સેવા આયોગ ધ્વારા નિયત પ્રક્રિયા અનુસરી ઉમેદવારો ઉપલબ્ધ થયે કરવામાં આવે છે. પબ્લીક પ્રોસીક્યુટર્સ તથા એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર અને મદદનીશ સરકારી વકીલની નિમણૂંકોની કાર્યવાહી જે જે જીલ્લામાં જ્યારે જ્યારે જગ્યા ખાલી થાય ત્યાં નિયમાનુસાર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી પાસેથી પેનલ મંગાવતા પેનલ આવ્યા બાદ તે જગ્યા ઉપર નિમણુક આપવાની કાર્યવાહી ચાલુ છે.

**પત્રક -અ**

**રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨ની ખાલી જગ્યાઓ તા. ૩૧-૩-૦૮ની સ્થિતિ**

| ક્રમ | જિલ્લાનું નામ | ખાલી જગ્યાનું નામ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | અમદાવાદ (ગ્રામ્ય)<br>બે જગા<br>મેટ્રો મેજીસ્ટ્રેટ કોર્ટ નં-૧૫ | તા. ૧-૬-૨૦૦૬ તથા<br>તા. ૩૧-૧૦-૨૨૦૦૬<br>તા. ૧-૧૦-૨૦૦૭ |
| ૨. | અમરેલી | અમરેલી-૧ | ૧-૭-૨૦૦૫ |

| | | | |
|---|---|---|---|
| | | ધારી-૧<br>રાજુલા-૧<br>બગસરા-વડીયા-૧<br>લાઠી-બાબરા-૧<br>સાવરકુંડલા-૧ | ૨૬-૮-૨૦૦૪<br>૧૬-૫-૨૦૦૭<br>૯-૧-૨૦૦૪ |
| ૩. | આણંદ | કોઈ જગ્યા ખાલી નથી | -- |
| ૪. | ખેડા | ખેડા-૧ | તા. ૨૦-૬-૨૦૦૭ |
| ૫. | બનાસકાંઠા | કોઈ જગ્યા ખાલી નથી | -- |
| ૬. | ભરૂચ | વાલીયા | તા. ૩૦-૬-૨૦૦૭ |
| ૭. | ભાવનગર | ભાવનગર-૩<br>શિહોર-૧<br>પાલીતાણા-૧<br>ગઢડા-૧<br>મહુવા-૧<br>તળાજા-૧ | તા. ૧-૧-૨૦૦૪<br>તા.૧-૮-૨૦૦૭<br>તા. ૬-૬-૨૦૦૭<br>તા. ૨૨-૬-૨૦૦૭<br>તા. ૩૦-૬-૨૦૦૭<br>તા. ૩૧-૭-૨૦૦૭ |
| ૮. | દાહોદ | કોઈ જગ્યા ખાલી નથી | -- |
| ૯. | ગાંધીનગર | કોઈ જગ્યા ખાલી નથી | -- |
| ૧૦. | જામનગર | જામનગર<br>જામનગર<br>જામનગર<br>ભાણવડ<br>ધ્વારકા | તા. ૨૭-૬-૨૦૦૫<br>તા. ૩૦-૬-૨૦૦૫<br>તા. ૫-૫-૨૦૦૫<br>તા. ૨૦-૬-૨૦૦૫<br>તા. ૨૦-૬-૨૦૦૫ |
| ૧૧. | જુનાગઢ | જુનાગઢ-૧<br>તલાલા-૧ | તા. ૧૮-૧-૨૦૦૪<br>તા. ૧૮-૧-૨૦૦૪ |
| ૧૨. | કચ્છ | ભૂજ-૧<br>ભચાઉ-૧<br>અંજાર-૧<br>રાપર-૧ | તા. ૧૩-૯-૨૦૦૪<br>તા. ૨૮-૨-૨૦૦૭<br>તા. ૩-૧-૨૦૦૪<br>તા. ૧૫-૬-૨૦૦૭<br>તા. ૨૪-૪-૨૦૦૭ |
| ૧૩. | મહેસાણા | વિજાપુર-૧ | તા. ૨૬-૯-૨૦૦૭ |
| ૧૪. | નવસારી | વાંસદા-૧<br>નવસારી-૧ | તા. ૩૧-૧-૨૦૦૭<br>તા. ૩૧-૩-૨૦૦૭ |
| ૧૫. | પંચમહાલ | ગોધરા-૨<br>ગોધરા-૧<br>કાલોલ-૧<br>શહેરા-૧ | તા. ૪-૭-૨૦૦૫<br>તા. ૩-૫-૨૦૦૭<br>તા. ૧૮-૬-૨૦૦૭<br>તા. ૧-૫-૨૦૦૭ |
| ૧૬. | પાટણ | કોઈ જગ્યા ખાલી નથી | -- |

| | | | |
|---|---|---|---|
| ૧૭. | પોરબંદર | પોરબંદર-૨ | એપ્રિલ-૨૦૦૭ |
| ૧૮. | રાજકોટ | રાજકોટ<br>રાજકોટ<br>રાજકોટ<br>રાજકોટ<br>ગોંડલ<br>જસદણ<br>ઉપલેટા<br>મોરબી | તા. ૩૧-૩-૨૦૦૪<br>તા. ૧૫-૩-૨૦૦૫<br>તા. ૬-૧-૨૦૦૬<br>તા. ૧૮-૬-૨૦૦૭<br>તા. ૨૨-૧૧-૨૦૦૮<br>તા. ૧-૫-૨૦૦૭<br>તા. ૩૧-૧૨-૨૦૦૪<br>તા. ૧-૮-૨૦૦૪ |
| ૧૯. | નર્મદા | ખાલી નથી | -- |
| ૨૦. | સાબરકાંઠા | હિંમતનગર | તા. ૧-૨-૨૦૦૮ |
| ૨૧. | સુરત | બારડોલી | તા. ૨૪-૮-૨૦૦૭ |
| ૨૨. | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર-૨ | તા. ૨-૫-૨૦૦૭ |
| ૨૩. | વડોદરા | વડોદરા-૧<br>સંખેડા-૧<br>છોટાઉદેપુર-૧ | તા. ૨૮-૬-૨૦૦૭<br>તા.૧૨-૯-૨૦૦૫<br>તા. ૧-૬-૨૦૦૬ |
| ૨૪. | વલસાડ | વલસાડ-૧<br>ઉમરગામ-૧ | તા. ૨૧-૩-૨૦૦૭<br>તા. ૨૧-૬-૨૦૦૭ |

**પત્રક-બ**

**રાજ્યની સેસન્સ કોર્ટોના પબ્લીક પ્રોસીક્યુટર અને એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટરની ખાલી જગ્યાઓ તા. ૩૧-૦૩-૦૮ની સ્થિતિ.**

| ક્રમ | જીલ્લાનું નામ | વિગત | કુલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧૦ | ૧૦ | ૦ | |
| ૨ | અમરેલી | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૪ | ૪ | ૦ | |
| ૩ | આણંદ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૭ | ૭ | ૦ | |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧૧ | ૧૧ | ૦ | |
| ૫ | ભરૂચ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૬ | ૬ | ૦ | |
| ૬ | ભાવનગર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧૨ | ૧૨ | ૦ | |
| ૭ | દાહોદ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |

| ક્રમ | જીલ્લાનું નામ | વિગત | કુલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | આસી. પ. પ્રો. | ૬ | ૬ | ૦ | |
| ૮ | ગાંધીનગર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૬ | ૬ | ૦ | |
| ૯ | જામનગર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૯ | ૯ | ૦ | |
| ૧૦ | જુનાગઢ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૭ | ૭ | ૦ | |
| ૧૧ | કચ્છ-ભુજ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | - | ૧ | ૧૮-૦૬-૨૦૦૭ |
| | | આસી. પ. પ્રો. | ૧૧ | ૧૧ | ૦ | |
| ૧૨ | ખેડા-નડીયાદ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૯ | ૯ | ૦ | |
| ૧૩ | મહેસાણા | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | - | ૧ | ૧૯-૧૧-૨૦૦૭ |
| | | આસી. પ. પ્રો. | ૧૦ | ૧૦ | ૦ | |
| ૧૪ | નર્મદા-રાજપીપળા | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧ | ૧ | ૦ | |
| ૧૫ | નવસારી | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૨ | ૨ | ૦ | |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧૧ | ૧૧ | ૦ | |
| ૧૭ | પાટણ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૭ | ૭ | ૦ | |
| ૧૮ | પોરબંદર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૩ | ૧ | ૨ | એપ્રિલ-૨૦૦૭થી |
| ૧૯ | રાજકોટ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧૭ | ૧૭ | ૦ | |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૮ | ૮ | ૦ | |
| ૨૧ | સુરત | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૧૪ | ૧૪ | ૦ | |
| ૨૨ | સુરેન્દ્રનગર | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૫ | ૫ | ૦ | |
| ૨૩ | વડોદરા | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | - | ૧ | ૩-૦૩-૨૦૦૮ |
| | | આસી. પ. પ્રો. | ૧૬ | ૧૬ | ૦ | |

| ક્રમ | જીલ્લાનું નામ | વિગત | કુલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૨૪ | વલસાડ | પબ્લીક પ્રોસીક્યુટર | ૧ | ૧ | ૦ | |
| | | આસી. પ. પ્રો. | ૪ | ૪ | ૦ | |

-----------

## તાપી જિલ્લામાં અકસ્માત વળતરના બાકી કેસો

અતારાંકિત : ૫૧૪ (૧૨-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં વાહન અકસ્માત વળતરના કેટલા કેસો કેટલા સમયથી પડતર છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષથી અને તેથી વધુ વર્ષના કેટલા કેસો છે,

(૩) આવા કેસોનો લાંબા ગાળા સુધી નિકાલ ન આવવાના કારણો શાં છે અને

(૪) આ કેસોનો ઝડપી નિકાલ લાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**ન્યાય મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૭-૯-૦૮) :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ૨૭-૯-૨૦૦૭ની અધિસૂચનાથી તા. ૨-૧૦-૨૦૦૭થી નવીન તાપી મહેસૂલી જિલ્લો અમલમાં આવેલ છે. પરંતુ તાપી ન્યાયીક જિલ્લો અસ્તિત્વમાં આવેલ નથી તેમ છતાં સુરત જિલ્લાના વ્યારા ખાતેની કાર્યરત કોર્ટોમાં ૩૦-૦૬-૨૦૦૮ની સ્થિતિએ ૧૦૯૨ કેસો ૧૮ વર્ષ ૬ માસથી પડતર છે.

(૨) ઉપર્યુક્ત પડતર કેસો પૈકી છેલ્લા બે વર્ષના ૧૭૨ અને બે વર્ષથી વધુ સમયના ૬૨૮ કેસો છે.

(૩) આવા કેસોનો લાંબા ગાળા સુધી નિકાલ ન થવાના કારણો નીચે મુજબ છે.

૧. પક્ષકારો જાગૃત થવાથી એમએસીપી કેસો વધારે કોર્ટમાં દાખલ થવાથી કેસોની સંખ્યામાં વધારો થયેલ છે.

૨. દરેક કોર્ટોમાં કામના નક્કી થયેલ ભારણની સંખ્યામાં જજોની સંખ્યા અપૂરતી હોવાને કારણે કેસોની સંખ્યામાં વધારો થયેલ છે.

૩. અકસ્માત થયેલ વાહનના વિમાદારની માહિતી ન મળવાને લીધે કેસોનો નિકાલ થતો નથી.

(૪) ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ની જોગવાઈ હેઠળ વડી અદાલત તાબાની જ્યુડીશીયરી ઉપરાંત અલગ રીતે વહીવટી અંકુશ ધરાવે છે. આ રીતે વડી અદાલત ધ્વારા તાબાની કોર્ટોમાં કેસોના ઝડપી નિકાલ કરવા માટે યોગ્ય તે પગલાં લઈ રહી છે.

હાઈકોર્ટે જૂના કેસો ઉપર દેખરેખ રાખે છે અને જ્યાં જરૂરી લાગે ત્યાં જૂના કેસોના નિકાલ કરવા માટે જરૂરી સૂચનાઓ જારી કરે છે. એમએસીપીના કેસોના કામના ભારણને પહોંચી વળવા માટે સરકારશ્રીએ વડી અદાલતના પરામર્શમાં કુલ ૯ વધારાના જિલ્લા ન્યાયાધીશની કોર્ટો કાર્યરત થયેલ છે. આ પ્રકારના કેસો અલાયદી રીતે ચલાવવામાં આવે છે. હાલમાં જરૂરીયાત સામે મોટર અકસ્માત વળતરના કેસો ચલાવવા માટે ટ્રીબ્યુનલની સંખ્યા ઓછી છે પરિણામે હાલમાં એપેલેટ જજો મોટર અકસ્માત કેસો ઉપરાંત બીજા દિવાની અને ફોજદારી કેસો હાથ ધરી રહયા છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પધ્ધતિ ટ્રીબ્યુનલો / નીચલી કોર્ટમાં કેસોના નિકાલ માટે વડી અદાલત ધ્વારા દાખલ કરાયેલ છે. તેથી શક્ય તેટલી રીતે કામગીરીની પધ્ધતિની રચના કોમ્પ્યુટરાઈઝડ કરેલ છે. વારંવાર રાજ્યમાં લોક અદાલતો ધ્વારા આવા પ્રકારના કેસોનો નિકાલ કરવામાં આવે છે.

----------

## આણંદ જિલ્લામાં કેનાલોની સફાઈ કામગીરી

અતારાંકિત : ૪૧૩ (૧૨-૬-૨૦૦૮) **શ્રી અમિતભાઈ ચાવડા**(બોરસદ) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મુખ્ય કેનાલ, સબ માઈનોર કઈ કઈ છે, કેટલી લંબાઈ છે,

(૨) તે પૈકી કેટલી લંબાઈમાં બ્રીક્સ કે સીમેન્ટ લાઈનીંગ થયેલ છે, કેટલી લંબાઈ બાકી છે,

(૩) કેનાલવાર ઉક્ત સ્થિતિએ ગત બે વર્ષમાં સફાઈ મરામત માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૪) કેટલી અને કઈ કઈ કેનાલની સફાઈ મરામત કરવી જરૂરી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૯-૦૮) :

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જીલ્લામાં ૧૫૦૫.૨૯ કિ. મી. લંબાઈની નહેરો આવેલ છે, જે સામેલ પત્રક-૧ મુજબ છે તથા તાલુકાવાર નહેરોની વિગતો પત્રક-૨ મુજબ છે.

(૨) બ્રીક્સ/સીમેન્ટ લાઈનીંગવાળી નહેરો-૨૩૮.૭૩ કિ. મી...
બ્રીક્સ/સીમેન્ટ લાઈનીંગ વગરની નહેરો-૧૨૬૬.૫૬ કિ. મી. છે.

(૩) વર્ષ ૨૦૦૬-૦૭ રૂા. ૧૫૭.૧૦ લાખ અને
વર્ષ ૨૦૦૭-૦૮ રૂા. ૧૬૭.૦૮ લાખ.

(૪) બધી નહેરોમાં સમયાંતરે સફાઈ કરવી જરૂરી છે.

**પત્રક -૧**

**તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જીલ્લામાં નીચેની વિગતે નહેરો છે.**

| ક્રમ | નહેર | લંબાઈ (કિ. મી.) |
|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૨૭.૦૦ |
| ૨ | પેટલાદ શાખા | ૫૫.૭૩ |
| ૩ | બોરસદ શાખા | ૨૩.૭૭ |
| ૪ | ખંભાત શાખા | ૩૬.૭૧ |
| ૫ | લીંબાસી શાખા (૦ થી ૧૦૯૩૯ કિ. મી.) | ૩.૩૩ |
| ૬ | વિશાખા નહેરો | ૨૯૯.૪૮ |
| ૭ | વિશાખા હેઠળની વિસ્તરણ નહેરો | ૬૭૬.૯૭ |
| ૮ | માઈનોર/સ.મા.નહેર (ડાયરેકટર) | ૩૮૨.૨૯ |
| | **કુલ :** | **૧૫૦૫.૨૯ કિ. મી.** |

**પત્રક -૨**

**જિલ્લો : આણંદ**

| અ. નં. | તાલુકો | નહેરની વિગત | નહેરની કુલ લંબાઈ (કિ. મી.) |
|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | મુખ્ય નહેર સા. ૧૩૪૦૦૦ થી ૨૨૨૦૦૦ ફૂટ | ૨૭.૦૦ |
| ૨ | ઉમરેઠ | પેટલાદ શાખા સાં. ૦ થી ૪૫૦૦૦ ફૂટ | ૧૩.૭૧ |
| ૩ | આણંદ | ખેરડા વિશાખા વીથ સીસ્ટમ | ૨૦.૫૬ |
| ૪ | આણંદ | વાસ વિશાખા | ૨૫.૫૮ |
| ૫ | આણંદ | સારસા વિશાખા | ૧૧.૮૮ |
| ૬ | આણંદ | ચિખોદરા વિશાખા | ૩૨.૬૦ |
| ૭ | ઉમરેઠ | ભરોડા વિશાખા | ૩૬.૭૧ |
| ૮ | ઉમરેઠ | ભાલેજ માઈનોર | ૧૬.૧૫ |
| ૯ | ઉમરેઠ | અહીમા માઈનોર | ૨૯.૨૭ |
| ૧૦ | ઉમરેઠ | ઓડ માઈનોર | ૧૧.૯૪ |
| ૧૧ | આણંદ | સારસા સ. મા. | ૭.૭૫ |
| ૧૨ | આણંદ | મોગર સ. મા. | ૩.૨૪ |
| ૧૩ | આણંદ | ચિખોદરા સ. મા. | ૭.૧૧ |
| ૧૪ | આણંદ | બેડવા સબ માઈનોર | ૧.૫૨ |
| ૧૫ | આણંદ | વડોદ માઈનોર | ૩.૬૫ |
| ૧૬ | આણંદ | રામનગર સ. મા. | ૫.૪૮ |
| ૧૭ | આણંદ/પેટલાદ | પેટલાદ શાખા | ૩૩.૩૫ |

| અ. નં. | તાલુકો | નહેરની વિગત | નહેરની કુલ લંબાઈ (કિ. મી.) |
|---|---|---|---|
| ૧૮ | આણંદ | લાંભવેલ વિશાખા | ૮.૨૩ |
| ૧૯ | આણંદ | ઘુટેલી વિશાખા | ૧૧.૭૪ |
| ૨૦ | આણંદ | આણંદ વિશાખા | ૮.૩૨ |
| ૨૧ | આણંદ | સદ્દાનાપુરા સ. મા. | ૪.૫૭ |
| ૨૨ | આણંદ | રાવળાપુરા સ. મા. | ૨.૦૪ |
| ૨૩ | આણંદ | સામરખા સ. મા. | ૬.૯ |
| ૨૪ | આણંદ | સ. મા. ૩/જમણો એક્સ લાંભવેલ વિશાખા | ૪.૮૫ |
| ૨૫ | આણંદ | ટેઈલ સ. મા. એક્સ લાંભવેલ વિશાખા | ૧.૩૭ |
| ૨૬ | આણંદ | ક્ણજરી સ. મા. | ૧.૧૯ |
| ૨૭ | આણંદ | બાકરોલ સ. મા. નં. ૧ | ૧.૨૨ |
| ૨૮ | આણંદ | જોળ સ. મા. | ૨.૨૫ |
| ૨૯ | આણંદ | વડતાલ સ. મા. | ૧.૨૩ |
| ૩૦ | આણંદ | બાકરોલ સ. મા. નં. ૨ | ૧.૯૮ |
| ૩૧ | આણંદ | કરમસદ સ. મા. | ૧.૯૫ |
| ૩૨ | આણંદ | સિંહોલ સ. મા. | ૧૧.૩૧ |
| ૩૩ | પેટલાદ | આશી. સ. મા. | ૧.૪૬ |
| ૩૪ | પેટલાદ | વેણીકુવા સ. મા. | ૧.૫૫ |
| ૩૫ | બોરસદ | કાવીઠા સ. મા. | ૨.૩૧ |
| ૩૬ | પેટલાદ | સામરડા સ. મા. | ૫.૨૪ |
| ૩૭ | પેટલાદ | રૂપિયાપુરા સ. મા. | ૦.૯૧ |
| ૩૮ | પેટલાદ | વિશ્રામપુરા સ. મા. | ૧.૧૭ |
| ૩૯ | બોરસદ | દેદરડા સ. મા. | ૫.૧૨ |
| ૪૦ | બોરસદ | દહેમી સ. મા. | ૪.૫૭ |
| ૪૧ | બોરસદ | સુરકુવા માઈનોર | ૮.૪૭ |
| ૪૨ | બોરસદ | ના. પા. સ. મા. | ૨.૯૮ |
| ૪૩ | બોરસદ | બોરસદ શાખા | ૬.૮૦ |
| ૪૪ | બોરસદ | અલારસા વિશાખા વીથ સીસ્ટમ | ૨૬.૫૫ |
| ૪૫ | બોરસદ | સીસ્વા માઈનોર વીથ સીસ્ટમ | ૧૮.૪૭ |
| ૪૬ | બોરસદ | દહેવાણ વિશાખા વીથ સીસ્ટમ | ૫૪.૯૯ |
| ૪૭ | બોરસદ | રાસ વિશાખા વીથ સીસ્ટમ | ૨૩.૫૩ |
| ૪૮ | બોરસદ | કઠાણા માઈનોર વીથ સીસ્ટમ | ૨૫.૬૨ |
| ૪૯ | બોરસદ | વડેલી સબ માઈનોર | ૪.૧૨ |
| ૫૦ | પેટલાદ | વિરોલવિ શાખા | ૫૧.૩૧ |
| ૫૧ | બોરસદ | બોરસદ શાખા | ૧૪.૦૦ |
| ૫૨ | આંક્લાવ | અડાસ વિશાખા અને વિસ્તરણ નહેરો | ૫૮.૭૦ |
| ૫૩ | આંક્લાવ | બોરસદ વિશાખા અને વિસ્તરણ નહેરો | ૨૪.૪૮ |
| ૫૪ | આંક્લાવ | આંક્લાવ વિશાખા અને વિસ્તરણ નહેરો | ૫૮.૪૯ |
| ૫૫ | બોરસદ | ઝારોલા વિશાખા અને વિસ્તરણ નહેરો | ૨૬.૧૫ |

| અ. નં. | તાલુકો | નહેરની વિગત | નહેરની કુલ લંબાઈ (કિ. મી.) |
|---|---|---|---|
| ૧ | પેટલાદ | શાખા | ૧૭.૭૮ |
| | સોજીત્રા | | ૧૪.૬૦ |
| | તારાપુર | | ૧૪.૦૦ |
| | ખંભાત | | ૨.૪૪ |
| | | કુલ : | ૪૮.૮૨ |

| | | | |
|---|---|---|---|
| ૨ | પેટલાદ | વિશાખા | ૨૨.૫૪ |
| | સોજીત્રા | | ૧૪.૪૪ |
| | તારાપુર | | ૨૬.૦૧ |
| | ખંભાત | | ૮૧.૦૭ |
| | | **કુલ :** | **૧૪૪.૦૬** |
| ૩ | પેટલાદ | માઈનોર | ૨૯.૦૭ |
| | સોજીત્રા | | ૧૫.૭૧ |
| | તારાપુર | | ૪૬.૭૯ |
| | ખંભાત | | ૨૨.૯૩ |
| | | **કુલ :** | **૧૧૪.૫૦** |
| ૪ | પેટલાદ | સબ માઈનોર | ૬૮.૬૭ |
| | સોજીત્રા | | ૧૦૨.૫૯ |
| | તારાપુર | | ૧૦૮.૦૪ |
| | ખંભાત | | ૧૩૪.૯૭ |
| | | **કુલ :** | **૪૧૪.૨૭** |
| | | **કુલ -** | **૭૨૧.૬૫** |
| | | **એકંદરે કુલ લંબાઈ** | **૧૫૦૫.૨૯ કી. મી.** |

-------------

**રાજ્યમાં સમરસ ગ્રામ પંચાયતો**

અતારાંક્તિ : ૬૮ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ પટેલ**(જોડીયા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭માં વર્ષ દરમ્યાન તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) આ ગ્રામ પંચાયતો સમરસ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા દબાણોથી સમરસ કરવા માટે વિભાગને કેટલી ફરિયાદો મળી, અને

(૩) પ્રોત્સાહન આપવા માટે સમરસ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ આપવામાં આવે છે તે ક્યાંથી આવે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) પત્રક મુજબ

(૨) શૂન્ય.

(૩) રાજ્ય સરકારશ્રીની બજેટ જોગવાઈમાંથી.

***પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

**ખેડા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

અતારાંક્તિ : ૧૭૦ (૨૧-૭-૨૦૦૮) **શ્રી ગોતમભાઈ ઝાલા** (કઠલાલ) :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે,

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવી છે,

(૩) કોઈ રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) જો હા, તો કેટલી ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થયેલ છે.

| અ. નં. | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૧ | ૫૨ |
| ૨ | ૨૦૦૨ | ૧૫ |
| ૩ | ૨૦૦૩ | ૩ |
| ૪ | ૨૦૦૫ | ૨ |
| ૫ | ૨૦૦૬ | ૬૭ |
| ૬ | ૨૦૦૭ | ૯ |
| | કુલ : | ૧૪૮ |

(૨) કુલ રૂા. ૧,૨૫,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ પચીસ લાખ અને નેવું હજાર પુરા).

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**દાહોદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

અતારાંકિત : ૨૪૪ (૪-૮-૦૮) **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતને સમરસ જાહેર કરેલ છે,

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય તરીકે મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) કોઈ રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) જો હા, તો તેના કારણો શા છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવેલ છે.

| અ. નં. | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૬ | ૪૬ |
| ૨ | ૨૦૦૭ | ૧ |
| ૩ | ૨૦૦૮ | ૧ |
| | કુલ :- | ૪૮ |

(૨) કુલ રૂા. ૫૧,૮૭,૫૦૦/- (અંકે રૂપિયા એકાવન લાખ સત્યાસી હજાર પાંચસો પુરા)

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અલગ સ્વતંત્ર ગ્રામ પંચાયત બનાવવાની દરખાસ્ત**

અતારાંકિત : ૩૫૫ (૨૧-૭-૦૮) **શ્રી નારાયણભાઈ પટેલ(ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૦ની સ્થિતિએ અલગ સ્વતંત્ર ગ્રામ પંચાયત બનાવવાની કેટલી દરખાસ્તો ક્યા સ્તરે પડતર છે,

(૨) છેલ્લા પાંચ વર્ષમાં આ અંગે શું કામગીરી કરવામાં આવી છે, અને

(૩) બાકી પડતર દરખાસ્તો ઉપર ક્યાં સુધીમાં નિર્ણય કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) કુલ ૨૦૪ દરખાસ્તો પડતર છે.

| સરકારશ્રી કક્ષાએ | વિકાસ કમિશ્નરશ્રી કક્ષાએ | જિલ્લા કક્ષાએ |
|---|---|---|
| ૪૮ | ૨ | ૧૫૪ |

(૨) તા. ૧૫-૨-૨૦૦૪ થી તા. ૧૨-૧૨-૨૦૦૬ દરમ્યાન ભારતીય સીમાંકન પંચ દ્વારા વિભાજન બાબતે પ્રતિબંધ મુક્વામાં આવેલ હતો. ત્યારબાદ છેલ્લા એક વર્ષમાં ૪૬ ગ્રામ પંચાયતોને વિભાજનની મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) વિભાજન અંગેના હયાત માપદંડ પૂર્ણ થતા હોય અને ગ્રામ પંચાયતની હયાત બોડી સાથે પરામર્શ પૂર્ણ થયેલ હોય તેવા કિસ્સાઓમાં બનતી ત્વરાએ નિર્ણય કરવામાં આવશે.

-----------

## તાપી જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર

**અતારાંક્તિ : ૫૨૫ (૪-૮-૦૮) શ્રી પરેશભાઈ વસાવા(નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતને પોતાના પંચાયત ઘર નથી, અને

(૨) આ બાકી પંચાયતોને કયાં સુધીમાં પંચાયત ઘરો બનાવવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) તમામ ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## જામનગર જિલ્લામાં અપંગોને જમીન ફાળવણી

અતારાંક્તિ : ૭૭ (૧૬-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં સરકારના પરિપત્ર અન્વયે અપંગોને જમીન ફાળવવા અંગેની કેટલી માંગણીઓ આવેલ છે,

(૨) આ આવી માંગણીઓ પૈકી કેટલાને જમીન ફાળવવામાં આવેલ છે, અને

(૩) જેમને જમીન નથી ફાળવેલ તેના કારણો શાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૮-૭-૦૮) :

(૧) એક પણ માંગણી આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય

અતારાંક્તિ : ૮૮ (૨૨-૭-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય સરકાર દ્વારા અને મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડ દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં મુખ્ય મંત્રી રાહત ફંડમાં કેટલો ફંડ ફાળો આવ્યો,

(૨) જિલ્લાવાર કેટલો ખર્ચ કરેલ અને ક્યા હેતુસર વાપરવામાં આવ્યો ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૨-૯-૦૮) :

(૧) રાજ્ય સરકાર દ્વારા અને મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડ દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં મુખ્ય મંત્રી રાહત ફંડમાં કુલ રૂા. ૫૪,૪૭,૨૯,૩૬૦/- ફંડ ફાળો આવ્યો.

(૨) જિલ્લાવાર કરેલ કુલ ખર્ચ અને હેતુસરની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તબીબી સહાયની રકમ | કુદરતી મૃત્યુ સહાયની રકમ | માનવ સર્જિત મૃત્યુ સહાયની રકમ | આર્થિક સહાયની રકમ | કુલ સહાયની રકમ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૬૦,૦૧,૦૦૦/- | ૩,૦૦,૦૦૦/- | ૫૭,૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૬૩,૬૮,૫૦૦/- |
| અમરેલી | ૧૮,૪૫,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | - | - | ૧૯,૪૫,૦૦૦/- |
| આણંદ | ૮,૧૩,૦૦૦/- | ૧૦,૦૦,૦૦૦/- | ૨૫૦૦૦/- | - | ૧૮,૩૮,૦૦૦/- |
| બનાસકાંઠા | ૧૬,૫૪,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | - | - | ૧૭,૫૪,૦૦૦/- |
| ભરૂચ | ૬,૧૫,૦૦૦/- | ૮,૦૦,૦૦૦/- | - | ૨૦,૦૦૦/- | ૧૪,૩૫,૦૦૦/- |
| ભાવનગર | ૧૬,૮૧,૦૦૦/- | ૨,૦૦,૦૦૦/ | ૧,૨૨,૫૦૦/- | - | ૨૦,૦૩,૫૦૦/- |
| દાહોદ | ૮૭,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | - | - | ૧,૮૭,૦૦૦/- |
| ડાંગ | ૧૧,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | - | - | ૧,૧૧,૦૦૦/- |
| ગાંધીનગર | ૧૪,૬૭,૦૦૦/- | ૨,૦૦,૦૦૦/- | - | - | ૧૬,૬૭,૦૦૦/- |
| જામનગર | ૧૫,૧૪,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | ૭૫૦૦/- | - | ૧૬,૨૧,૫૦૦/- |
| જુનાગઢ | ૧૭,૧૯,૫૦૦/- | ૨,૦૦,૦૦૦/- | ૧૦,૦૦૦ | - | ૧૯,૨૯,૫૦૦/- |
| ખેડા | ૯,૫૦,૦૦૦/- | ૧૦,૦૦,૦૦૦/- | - | - | ૧૯,૫૦,૦૦૦/- |
| કચ્છ | ૬,૧૩,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | ૨૭,૫૦૦/- | - | ૭,૪૦,૫૦૦/- |
| મહેસાણા | ૧૨,૨૨,૦૦૦/- | ૧,૫૫,૦૦૦/- | ૧૨,૫૦૦/- | ૧,૦૦૦/- | ૧૩,૯૦,૫૦૦/- |
| નર્મદા | ૩૯,૦૦૦/- | ૨,૦૦,૦૦૦/- | - | - | ૨,૩૯,૦૦૦/- |
| નવસારી | ૧૭,૮૭,૫૦૦/- | ૮,૦૦,૦૦૦/- | - | - | ૨૫,૮૭,૫૦૦/- |
| પંચમહાલ | ૫,૭૪,૦૦૦/- | ૨,૪૦,૦૦૦/- | ૫૦,૦૦૦/- | - | ૮,૬૪,૦૦૦/- |
| પાટણ | ૮,૪૨,૦૦૦/- | ૪,૫૦,૦૦૦/- | - | - | ૧૨,૯૨,૦૦૦/- |
| પોરબંદર | ૩,૨૧,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | ૭,૫૦૦/- | - | ૪,૨૮,૫૦૦/- |
| રાજકોટ | ૧૬,૮૯,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | ૨૭,૫૦૦/- | ૧૮,૦૭૫/- | ૧૮,૩૪,૫૭૫/- |
| સાબરકાંઠા | ૫,૪૪,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | - | - | ૬,૪૪,૦૦૦/- |
| સુરત | ૯૧,૧૩,૦૦૦/- | ૨૫,૦૦,૦૦૦/- | ૧૨,૬૫,૦૦૦/- | ૫૬,૦૦૦/- | ૧,૨૯,૩૪,૦૦/- |
| સુરેન્દ્રનગર | ૫,૮૪,૦૦૦/- | ૧,૦૫,૦૦૦/- | ૨,૫૦૦/- | - | ૬,૯૧,૫૦૦/- |
| વડોદરા | ૮,૩૨,૦૦૦/- | ૧૦,૦૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | - | ૧૮,૬૨,૦૦૦/- |
| વલસાડ | ૬,૩૨,૦૦૦/- | ૫,૦૦,૦૦૦/- | - | - | ૧૧,૩૨,૦૦૦/- |
| કુલ :- | ૩,૭૧,૫૦,૦૦૦/- | ૧,૦૫,૫૦,૦૦૦/- | ૧૬,૪૫,૦૦૦/- | ૧,૦૫,૦૭૫/- | ૪,૯૪,૫૦,૦૭૫/- |

-----------

## રાજ્યમાં સ્વતંત્ર મહેસૂલી ગામ બનાવવાની પડતર દરખાસ્તો

અતારાંક્તિ : ૩૬૩ (૨૨-૭-૦૮) **શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) (જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં અલગ સ્વતંત્ર મહેસૂલી ગામ બનાવવાની કેટલી દરખાસ્તો ક્યા સ્તરે પડતર છે,

(૨) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ અંગે શી કામગીરી કરવામાં આવી છે,

(૩) બાકીની પડતર દરખાસ્તો ઉપર ક્યાં સુધીમાં નિર્ણય કરવામાં આવશે, અને

(૪) વર્ષો સુધી પડતર દરખાસ્તો ઉપર કામગીરી / નિર્ણય ન કરનાર અધિકારીઓ ઉપર અત્યાર સુધી ક્યારે અને કેવા પ્રકારનાં પગલાં ભરવામાં આવેલા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૭-૯-૦૮) :

(૧) બે દરખાસ્તો વિભાગમાં ચકાસણી હેઠળ છે.

(૨) સરકારશ્રીનાં તા. ૩૧-૧-૨૦૦૩નાં પરિપત્રની જોગવાઈ મુજબની દરખાસ્ત મળ્યેથી નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નિર્ણય કરવામાં આવશે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## જામનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારની અરજીઓ

અતારાંક્તિ : ૫૦૩ (૨૨-૭-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવાડ તાલુકામાં મામલતદાર ક્ચેરીએ તા. ૧-૪-૦૭થી તા. ૩૧-૩-૦૮ સુધીમાં ખેડૂત ખાતેદાર અંગેના પ્રમાણપત્ર મેળવવાની કેટલી અરજીઓ આવી,

(૨) આ આવેલ અરજીઓ પૈકી કેટલા અરજદારોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા અરજદારોને પ્રમાણપત્ર ન આપવાનાં કારણો શાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૭-૯-૦૮) :

(૧) ૧૧૨૦

(૨) ૧૧૦૭

(૩) અરજદારોએ જરૂરી આધાર પુરાવાઓ રજૂ નહીં કરવાને કારણે.

-----------

**જામનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામો**

અતારાંક્તિ : ૭૨ (૧૨-૬-૦૮)**શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ જામનગર જિલ્લામાં કેટલા કામો મંજૂર કરેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેલા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧)

| વર્ષ | મંજૂર કરેલ કામોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩ |
| ૨૦૦૬-૦૭ | ૩ |
| ૨૦૦૭-૦૮ | ૧૧ |
| **કુલ :-** | **૧૭** |

(૨) શૂન્ય.

(૩) તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના મંજૂર થયેલ ૬ કામો પુર્ણ થયેલ છે અને વર્ષ ૨૦૦૭-૦૮ના મંજુર થયેલ ૧૧ કામો પૈકી ૩ કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ થશે, જ્યારે બાકીના ૮ કામોના ઈજારદારશ્રી નક્કી થયેથી નિયત સમયમર્યાદામાં કામો પુર્ણ કરવામાં આવશે.

**રાજ્યમાં ૧૨મા નાણાં પંચના રસ્તા માટેના કામો**

અતારાંક્તિ : ૧૮૨ (૧૬-૬-૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૭માં ૧૨મા નાણા પંચના રસ્તાઓના ક્યા ક્યા કામ ખેડા જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) ૯૭૫.૧૪ લાખની વહીવટ મંજુરી આપી.

**પત્રક**

**બારમાં નાણાપંચના નીચે જણાવેલ ખેડા જિલ્લાના રસ્તાઓ હાથ ધરવામાં આવેલ**

| **અનુ.** | **રસ્તાનુ નામ** |
|---|---|
| ૧ | બાલાશિનોર ભાથલા રોડ |

| અનુ. | રસ્તાનુ નામ |
|---|---|
| ૨ | સુરાવત એપ્રોચ રોડ |
| ૩ | કપડવંજ ગરોડ અંતિસર રોડ |
| ૪ | લાડવેલ બ્રાન્ચ રોડ |
| ૫ | નડીયાદ મહુધા કઠલાલ રોડ |
| ૬ | વડતાલ નરસંડા ઉતરસંડા રોડ |
| ૭ | નવાગામ હાથજ રોડ |
| ૮ | મહેલજ ત્રાજ અલીન્દ્રા વસો પીજ રોડ |
| ૯ | લીંબાસી માડાવાળા સોજીત્રા રોડ |
| ૧૦ | મહેમદાવાદ કઠલાલ રોડ |
| ૧૧ | ખેડા માતર તારાપુર રોડ |
| ૧૨ | ધારાનગર એ રોડ |
| ૧૩ | કોસમ મીઠાના મુવાડા રોડ |
| ૧૪ | નેસ હરખોલ રોડ |
| ૧૫ | જનોડ બાલાશિનોર રોડ સ્ટેટ હાઈવે સુધી |
| ૧૬ | ડેભારી કોયલા રોડ |
| ૧૭ | ઘોડાલી ભુમાપુરા રોડ |
| ૧૮ | સાવલી ચુણેલ રોડ |
| ૧૯ | ધંધોડી વણસોલી રોડ |
| ૨૦ | ચરેડ બદરપુરા રોડ |
| ૨૧ | કોસમ એપ્રોચ રોડ |
| ૨૨ | બોભા તેલનાર નિરમાલી વ્યાસ વાસણા રોડ |
| ૨૩ | સોલડથી મોટી રત્નાકર માતા રોડ |
| ૨૪ | માંછીયેલ ત્રણજા માલાવાડા રોડ |
| ૨૫ | વડદલા નેનપુર રોડ |
| ૨૬ | અસલાલી એ રોડ |

## કઠલાલ તાલુકાના પાકા રસ્તાથી વંચિત ગામો

અતારાંક્તિ : ૧૮૭ (૧૬-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ૫૦ ગામડાઓ તાલુકા મથક કઠલાલ સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી તે માર્ગો ડામરના બને તે માટે સરકારનુ ૨૦૦૮-૦૯માં શું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

કુલ ૫૯ ગામો પેકી ૫૪ ગામો ડામર સપાટીવાળા રસ્તાથી અને ૫ ગામો મેટલ સપાટીવાળા રસ્તાથી જોડાયેલા છે. મેટલ સપાટીવાળા રસ્તાઓને ડામર સપાટી કરવા પી.એમ.જી.એસ.વાય. તથા નાબાડ હેઠળ આયોજન કરેલ છે.

-------------

## ખેડા જિલ્લામાં રસ્તાઓના જોબવર્ક

અતારાંક્તિ : ૧૮૮ (૧૬-૬-૨૦૦૮)**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા રસ્તાઓના જોબ નંબરો આપવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા ચાલુ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જોબનંબરની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **જોબનંબરની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ઠાસરા | ૨૮ |
| ૨ | બાલાશિનોર | ૮ |
| ૩ | ખેડા | ૭ |
| ૪ | મહેમદાવાદ | ૧૮ |
| ૫ | મહુધા | ૨૯ |
| ૬ | માતર | ૨૦ |
| ૭ | નડીયાદ | ૨૧ |
| ૮ | વિરપુર | ૨૦ |
| ૯ | કપડવંજ | ૩૯ |
| ૧૦ | કઠલાલ | ૧૧ |
| | **કુલ** | **૨૦૧** |

(૨) તે પૈકી ૧૩૩ કામો પૂર્ણ અને ૫૨ કામો પ્રગતિમાં છે.

-------------

### ખેડા જિલ્લાના રસ્તાઓની મરામત કામગીરી

અતારાંક્તિ : ૧૮૯ (૨૦-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના તાલુકાવાર ક્યા ક્યા રસ્તાઓ રાજ્ય અને પંચાયત હસ્તક્ના જર્જરીત હાલતમાં છે,

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી રસ્તાવાર ક્યારે કરવામાં આવશે, અને

(૩) મરામત કામગીરી પાછળ રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧), (૨) અને (૩) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના રાજ્ય અને પંચાયત હસ્તક્ના રસ્તાઓ વાહન વ્યવહાર લાયક હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ખેડા જિલ્લામાં ભારે વરસાદથી નાળીયા--પુલ તૂટી જવા અંગે

અતારાંક્તિ : ૧૯૧ (૧૬-૬-૨૦૦૮) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭ના ચોમાસા દરમ્યાન ખેડા જિલ્લામાં ભારે વરસાદના કારણે કેટલા નાળા-પુલીયા તૂટી ગયા છે,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) બાકી કામો કેટલા સમયમાં પુરા કરવાનું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

(૧) ૫૪

(૨) ૩૩ કામો

(૩) હાલની સ્થિતીએ ૩૮ કામો પૂર્ણ થયેલ છે. બાકીના કામો જેમ બને તેમ જલ્દી થી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## તાપી જિલ્લામાં પંચાયત હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ

અતારાંક્તિ : ૫૪૨ (૪-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તાપી જિલ્લામાં સન ૨૦૦૭-૦૮માં પંચાયત હસ્તકના કેટલાં રસ્તાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેલ રસ્તાઓનું કામ પૂરું ન કરવાના કારણો શાં છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૯-૦૮) :

(૧) તાપી જિલ્લામાં સન ૨૦૦૭-૦૮માં પંચાયત હસ્તકના ૧૮ રસ્તાના કામો મંજૂર થયેલ છે.

(૨) તે પેકી તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ૮ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે.

(૩) વહીવટી કારણોસર બાકી કામો પૂર્ણ કરવામાં વિલંબ થયેલ છે.

-------------

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૫૨૧ (૪-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ સમયસર અને યોજનાબંધ રીતે વાપરવા ઉપલબ્ધ કરાતી નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો ના, તો તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૬-૦૮ દરમિયાન સરકારે નિયત કર્યા પ્રમાણે ક્યા ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ઉપલબ્ધ કરાઈ, કેટલી વપરાઈ અને કેટલી ગ્રાન્ટની બચત રહી, ગ્રાન્ટની બચત રહેવાના કારણો શા છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૧-૯-૦૮) :

(૧) ના. જી.

(૨) સામેલ રાખેલ પત્રક--૧ મુજબ *

**પત્રક--૧**

**વર્ષ : જાન્યુઆરી--૨૦૦૬ થી જુન--૨૦૦૮ સુધી**

**(રૂા. લાખમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત ગ્રાન્ટ | બચત રહેવાના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૮૪૧.૧૬ | ૪૭૬૪.૪૧ | ૭૬.૭૫ | માહે : જુન--૦૮ માસ દરમ્યાન કુલ રૂા. ૩૪.૩૮ કરોડની ગ્રાન્ટ જીલ્લા ક્ચેરીઓને ફાળવેલ હતી. જીલ્લા તિજોરી ક્ચેરીઓ પગારભથ્થા અને પેન્શનના બિલોની ચુકવણીના હેતુસર મહિનાના આખરના ૯ દિવસોમાં અન્ય બિલો સ્વીકારતી ન હોવાથી ગ્રાન્ટ બચત રહેલ છે. જેનો પછીના માહે : જુલાઇ-૦૮ માસ દરમ્યાન ખર્ચ થઇ ગયેલ છે. નાણાંકીય વર્ષના અંતે કોઇ ગ્રાન્ટ બચત થયેલ કે લેપ્સ ગયેલ નથી. છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં ૧૦૦ ટકા ઉપરાંત ખર્ચ થયેલ છે. |
| ૨ | ગાંધીનગર | ૨૩૮૪.૫૩ | ૨૩૬૦.૨૧ | ૨૪.૩૨ | |
| ૩ | મહેસાણા | ૨૬૭૪.૬૪ | ૨૬૬૪.૯૭ | ૯.૬૭ | |
| ૪ | પાટણ | ૩૦૩૩.૦૨ | ૨૯૬૦.૩૭ | ૭૨.૬૫ | |
| ૫ | ખેડા | ૩૮૬૧.૪૭ | ૩૮૪૦.૪૧ | ૨૧.૦૬ | |
| ૬ | આણંદ | ૨૭૬૬.૯૯ | ૨૭૬૩.૮૮ | ૩.૧૧ | |
| ૭ | સાબરકાંઠા | ૪૬૧૪.૭૧ | ૪૬૦૩.૧૪ | ૧૧.૫૭ | |
| ૮ | બનાસકાંઠા | ૩૩૬૬.૩૨ | ૩૩૬૧.૧૪ | ૫.૧૮ | |
| ૯ | રાજકોટ | ૩૭૪૭.૬૨ | ૩૭૪૭.૯૩ | -૦.૩૧ | |
| ૧૦ | જામનગર | ૨૫૫૨.૬૬ | ૨૪૩૫.૨૬ | ૧૧૭.૪૦ | |
| ૧૧ | જુનાગઢ | ૪૨૬૦.૧૫ | ૪૨૨૮.૯૯ | ૩૧.૧૬ | |
| ૧૨ | પોરબંદર | ૮૮૭.૭૩ | ૮૮૧.૧૧ | ૬.૬૨ | |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૬૦૫.૪૮ | ૨૫૫૦.૫૬ | ૫૪.૯૨ | |
| ૧૪ | ભાવનગર | ૪૨૮૫.૭૦ | ૪૨૬૯.૬૪ | ૧૬.૦૬ | |
| ૧૫ | અમરેલી | ૨૧૭૫.૦૭ | ૨૧૨૦.૫૪ | ૫૪.૫૩ | |
| ૧૬ | ભુજ | ૧૫૬૦.૫૨ | ૧૫૬૦.૧૨ | ૦.૪૦ | |
| ૧૭ | સુરત | ૧૯૩૭.૫૧ | ૧૮૫૧.૯૩ | ૮૫.૫૮ | |

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત ગ્રાન્ટ | બચત રહેવાના કારણો |
|---|---|---|---|---|---|
| ૧૮ | વડોદરા | ૨૩૪૦.૫૩ | ૨૩૨૫.૭૦ | ૧૪.૮૩ | |
| ૧૯ | ભરૂચ | ૯૩૧.૧૫ | ૮૯૪.૭૦ | ૩૬.૪૫ | |
| ૨૦ | નર્મદા | ૨૧૨.૬૫ | ૨૦૯.૬૪ | ૩.૦૧ | |
| ૨૧ | વલસાડ | ૭૩૬.૦૮ | ૭૩૧.૪૭ | ૪.૬૧ | |
| ૨૨ | નવસારી | ૭૬૪.૫૮ | ૭૨૧.૨૧ | ૪૩.૩૭ | |
| ૨૩ | ડાંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૨૪ | પંચમહાલ | ૩૪૬૦.૩૨ | ૩૪૫૧.૧૨ | ૯.૨૦ | |
| ૨૫ | દાહોદ | ૧૬૯૯.૮૦ | ૧૬૭૮.૧૫ | ૨૧.૬૫ | |
| | કુલ | ૬૧૭૦૦.૩૯ | ૬૦૯૭૬.૬૦ | ૭૨૩.૭૯ | |

-------------

## ભાવનગર શહેરના રીંગરોડની કામગીરી

અતારાંક્તિ : ૨૫૨ (૨૧-૭-૨૦૦૮) **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ભાવનગરના આઉટર રીંગ રોડનું કામ હાલ ક્યા તબક્કે છે અને તે ક્યારે પૂર્ણ થશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

ભાવનગરના આઉટર રીંગ રોડનું કામ ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ તથા રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ હસ્તક ચાલુ છે તથા સ્થાનિક પરિસ્થિતિ તથા નાણાંની ઉપલબ્ધિ મુજબ કામગીરી પૂરી થશે.

-------------

## ભાવનગરમાં ટી. પી. સ્કીમો

અતારાંક્તિ : ૨૫૩ (૨૧-૭-૨૦૦૮) **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલી ટી. પી. સ્કીમો મંજૂર કરાઈ છે, અને

(૨) સરકાર પાસે ભાવનગરની ટી. પી. સ્કીમો કેટલી મંજૂરી માટે પડેલ છે, અને ક્યારે મંજૂર થશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) ત્રણ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ.

(૨) એકપણ નહીં.

## નિર્મળ ગુજરાત વર્ષ દરમ્યાન પે એન્ડ યુઝ ટોયલેટોનું નિર્માણ

અતારાંક્તિ : ૪૨૮ (૪-૮-૨૦૦૮) શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન જાહેર સ્વચ્છતાની જાળવણી માટે રાજ્યમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટોનું નિર્માણનું આયોજન હતું.

(૨) તે પેકી તા. ૩૧-૩-૨૦૦૮ સુધીમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે,

(૩) તે પેકી ખેડા જિલ્લામાં કેટલી સંખ્યામાં ફાળવવાનું આયોજન છે, અને

(૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) ૧૨૫

(૨) ૨૭

(૩) ખેડા જિલ્લાની કપડવંજ નગરપાલિકાને ૨ (બે), નડીઆદ નગરપાલિકાને ૨ (બે), મહુધા નગરપાલિકાને ૨ (બે), કઠલાલ નગરપાલિકાને ૨ (બે), અને ઠાસરા નગરપાલિકાને ૧ (એક) મળી કુલ ૫ નગરપાલિકાઓને કુલ ૯ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક ફાળવવામાં આવેલ છે.

(૪) ખેડા જીલ્લાની નડીઆદ નગરપાલિકાને ૨ (બે), કઠલાલ નગરપાલિકાને ૧ (એક) અને ઠાસરા નગરપાલિકાના ૧ (એક), એમ કુલ ૩ નગરપાલિકાઓના મળી કુલ ૪ પે એન્ડ યુઝ ટોઈલેટના બ્લોક પૂર્ણ થયેલ છે. જ્યારે કપડવંજ નગગરપાલિકાના ૨ (બે), મહુધા નગરપાલિકાના ૨ (બે), અને કઠલાલ નગરપાલિકાના ૧ (એક) મળી કુલ ૫ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક પ્રગતિ હેઠળ છે. આ કામો તા. ૩૦-૯-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવેલી છે.

-------------

## પે એન્ડ યુઝ ટોયલેટનું નિર્માણ

અતારાંક્તિ : ૫૪૯ (૪-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ વસાવા**(નિઝર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિર્મળ ગુજરાત વર્ષ દરમિયાન જાહેર સ્વચ્છતાની જાળવણી માટે રાજ્યમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટના નિર્માણનું આયોજન હતું.

(૨) તા. ૩૦-૬-૨૦૦૮ સુધીમાં કેટલા પે એન્ડ યુઝ ટોઈલેટનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે,

(૩) તાપી જિલ્લામાં કેટલી સંખ્યામાં ફાળવવાનું આયોજન છે, અને

(૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૫-૯-૦૮) :

(૧) ૧૨૫

(૨) ૨૯

(૩) તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકાને ૨ (બે) પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક ફાળવવામાં આવેલ છે.

(૪) વ્યારા નગરપાલિકામાં ૧ (એક) પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્નું કામ એપ્રિલ ૨૦૦૮માં જ્યારે બીજા ૧ (એક) પે એન્ડ યુઝ બ્લોક્નું કામ જુલાઈ ૨૦૦૮માં પૂર્ણ થયેલ છે.

-------------

## રાજ્યમાં આંગણવાડીઓની સંખ્યા

**અતારાંક્તિ : ૪૩૬ (૨૨-૭-૨૦૦૮) શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી):** માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૮ની સ્થિતિએ જિલ્લાવાર આંગણવાડી કેન્દ્રોની કેટલી સંખ્યાઓ છે, અને

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ કેન્દ્ર સરકાર દ્વારા બાંધવામાં આવેલ છે, અને રાજ્ય સરકાર દ્વારા કેટલી આંગણવાડીઓ રાજ્યના ખર્ચે બાંધવામાં આવેલ છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૯-૦૮) :

(૧) આંગણવાડી કેન્દ્રોના મકાનોની જીલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક

| અ. નં. | જિલ્લાનું નામ | મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૮૧૬ | ૨૮૧૩ |
| ૨ | અમરેલી | ૧૫૬૧ | ૧૪૮૦ |
| ૩ | બનાસકાંઠા | ૨૩૯૭ | ૨૩૭૪ |
| ૪ | વડોદરા | ૨૩૩૪ | ૨૨૮૧ |
| ૫ | ભરૂચ | ૧૧૫૯ | ૧૧૫૯ |
| ૬ | નર્મદા | ૮૩૫ | ૭૬૫ |
| ૭ | ભાવનગર | ૨૧૭૭ | ૨૧૩૦ |
| ૮ | ડાંગ | ૩૦૨ | ૩૦૨ |
| ૯ | જામનગર | ૧૭૫૪ | ૧૭૫૪ |
| ૧૦ | જૂનાગઢ | ૨૩૯૭ | ૨૨૭૨ |
| ૧૧ | પોરબંદર | ૪૫૨ | ૪૪૦ |

| અ. નં. | જિલ્લાનું નામ | મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧૨ | ગોધરા (પંચ) | ૨૦૬૦ | ૨૦૫૭ |
| ૧૩ | દાહોદ | ૨૪૭૨ | ૨૪૩૭ |
| ૧૪ | કચ્છ | ૧૭૭૪ | ૧૫૧૮ |
| ૧૫ | મહેસાણા | ૧૬૩૬ | ૧૬૩૬ |
| ૧૬ | પાટણ | ૧૧૬૬ | ૧૧૬૬ |
| ૧૭ | રાજકોટ | ૧૯૨૦ | ૧૮૯૬ |
| ૧૮ | સાબરકાંઠા | ૨૮૯૫ | ૨૮૯૫ |
| ૧૯ | સુરત | ૩૧૫૬ | ૩૧૫૨ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧૪૩૫ | ૧૪૧૪ |
| ૨૧ | ગાંધીનગર | ૯૦૨ | ૯૦૨ |
| ૨૨ | ખેડા | ૧૯૪૯ | ૧૯૪૯ |
| ૨૩ | આણંદ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૨૪ | વલસાડ | ૧૫૬૫ | ૧૫૬૫ |
| ૨૫ | નવસારી | ૧૨૧૪ | ૧૧૩૮ |
| | **કુલ સરવાળો :** | **૪૪૧૭૯** | **૪૩૩૪૬** |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ૧૫૬ તથા રાજ્ય સરકાર દ્વારા ૨૦૫૫૫.

------------

## તાપી જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ બાકી લાભાર્થીઓ

અતારાંકિત : ૫૪૩ (૪-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ વસાવા**(નિઝર) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યો છે,

(૨) કેટલી બાલિકાઓ લાભથી વંચિત છે, અને

(૩) બાકી રહેલ બાલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવાશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૯-૦૮) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ લાભ આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | વ્યારા ઘટક-૧ | ૭૦૦ |
| ૨ | વ્યારા ઘટક-૨ | ૪૦૦ |
| ૩ | વાલોડ | ૨૦૦ |
| ૪ | સોનગઢ | ૪૧૬ |
| ૫ | ઉચ્છલ | ૦ |
| ૬ | નિઝર | ૫૮૮ |
| | | **કુલ : ૨૩૦૪** |

(૨) ૨૨૧૩

(૩) રાજ્ય સરકાર દ્વારા આ યોજના માટે વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ જોગવાઈની મર્યાદામાં મહત્તમ બાલિકાઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

-----------

## તાપી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન

**અતારાંકિત : ૫૪૩ (૪-૮-૨૦૦૮) શ્રી પરેશભાઈ વસાવા(નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લાના નિઝર અને ઉચ્છલ તાલુકાના કેટલા આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન નથી,

(૨) આવી આંગણવાડી કેન્દ્રોના મકાનો નહી બાંધવાના કારણો શાં છે, અને

(૩) આંગણવાડી કેન્દ્રોના મકાનો ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૯-૦૮) :

(૧) ૫૪

(૨) આંગણવાડી કેન્દ્રોના મકાનો જીલ્લા પંચાયત સ્વ. ભંડોળ, ટ્રાયબલ સબ પ્લાન, એમ. પી. / એમ.એલ.એ. ફંડ જેવા ફંડમાંથી તેયાર કરવામાં આવતાં હતાં.

છેલ્લા ત્રણેક વર્ષથી રાજ્ય બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે. અને તબક્કાવાર મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવે છે. ઉચ્છલ ઘટકમાં ૯ આંગણવાડી કેન્દ્રોના મકાનો આયોજનની ગ્રાન્ટમાં, ૯ આંગણવાડી કેન્દ્રોના મકાનો ટ્રાયબલ સબ પ્લાનની ગ્રાન્ટમાં તથા ૧ આંગણવાડી કેન્દ્રનું મકાન અતિપછાતની ગ્રાન્ટમાં સને ૨૦૦૮-૦૯ માં દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ નિઝર ઘટકમાં ૧૨ આંગણવાડી કેન્દ્રોના મકાનો ટ્રાયબલ સબપ્લાનની ગ્રાન્ટમાં સને ૨૦૦૮-૦૯માં દરખાસ્ત કરવામાં આવેલ છે.

આમ, નિઝર ઘટકમાં ૧૯ અને ઉચ્છલ ઘટકમાં ૧૨ આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવાનું આયોજન સને ૨૦૦૮-૦૯માં કરવામાં આવેલ છે.

(૩) સને ૨૦૧૧-૧૨ સુધીમાં.

---------------

## વન અધિકાર કાયદો ૨૦૦૬ના અમલીકરણ અંગે

**:અતારાંકિત : ૪૪૨ (૨૨-૭-૨૦૦૮) શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

અનુસૂચિત જનજાતિ અને વંશપરંપરાગત જંગલમાં રહેનારાઓ માટેનો વન અધિકાર કાયદો ૨૦૦૬ના અમલીકરણ માટે રાજ્ય સરકારે સને ૨૦૦૮-૦૯માં શું આયોજન કરેલ છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૧૬-૯-૦૮) :

* વિવિધ સમિતિઓની રચના કાયદાની જોગવાઈ મુજબ કરવામાં આવી છે.
* માસ્ટર ટ્રેનરથી માંડીને ૧૮.૪૮૬ વ્યક્તિઓને તાલીમ આપવામાં આવી છે.
* ક્ષેત્રિય કક્ષાએ જરૂરી સ્ટાફ અને સાધનો માટે વ્યવસ્થા કરવામાં આવી છે.
* ઉક્ત વ્યવસ્થાને લીધે ઓગસ્ટ-૨૦૦૮ના અંત સુધીમાં ૪૧૩૭૬ જાતિ પ્રમાણપત્રો, ૬૯૬૯૧ વ્યક્તિગત દાવાઓ અને * ૧૪૬૦ સામુહિક દાવાઓ ગ્રામ કક્ષાની વન અધિકાર સમિતિને મળેલ છે.
* હવે, મળેલ દાવાઓની ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

-----------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૪૩, ૧૯૨, ૧૯૩, ૨૪૫, ૨૬૮, ૩૯૭, ૪૬૨, ૪૬૮, ૫૩૯ | ૯ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૮૩, ૨૦૧ | ૨ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો | ૨૩૯ | ૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૮૯ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૬૨, ૪૮૯, ૪૯૮, ૫૦૦ | ૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૭૮, ૫૧૦ | ૨ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૮૩ | ૧ |
| ૮ | કાયદા વિભાગ | ૧૦૪, ૨૩૨, ૩૮૪, ૫૧૪ | ૪ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ | ૪૧૩ | ૧ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ | ૬૮, ૧૭૦, ૨૪૪, ૩૫૫, ૫૨૫ | ૫ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૭૭, ૮૮, ૩૬૩, ૫૦૩ | ૪ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૭૨, ૧૮૨, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૧, ૫૪૨ | ૭ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીત્તા વિભાગ | ૫૨૧ | ૧ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૨, ૨૫૩, ૪૨૮, ૫૪૯ | ૪ |
| ૧૫ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૩૬, ૫૪૩, ૫૪૪ | ૩ |
| ૧૬ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૪૨ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

------------

# અરજીની રજૂઆત (નિયમ-૨૪૪)

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અરજદારની સહીવાળી નંદેસરી વિસ્તારની કેમિકલ ફેકટરીઓમાંથી નીકળતું પ્રદુષણયુકત પાણી મીની નદીમાં છોડવાથી થતું પ્રદુષણ અટકાવવા અંગેની અરજી સાદર કરું છું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### અરજી સમિતિના અધ્યક્ષ તરીકે ઉપાધ્યક્ષની નિમણૂંક અને ચૂંટણી અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજી અહીંયા જે નિયમ નીચે રજૂ થઈ છે. અરજી સમિતિ અંગેના આપણા નિયમો તરફ માનનીય અધ્યક્ષશ્રી હું આપનું ધ્યાન દોરું છું અને જે આપણા નિયમોની જોગવાઈ છે, નિયમ ૨૪૪ નીચે આ અરજી અહીંયા રજૂ થઈ છે, નિયમ ૨૪૪ નીચે ખાનગી સભ્યશ્રી જયારે અરજી આ ગૃહમાં રજૂ કરે ત્યારે અરજી સાદર થયા પછી અરજી સાદર કરનારનું નિવેદન નિયમ- ૨૪૫ અરજી સમિતિને સોંપવા બાબત નિયમ-૨૪૬ અને નિયમ- ૨૪૭ અરજી સમિતિ નિયમ- ૨૪૭ (૧) ધેટ ઈઝ વેરી રિલેવન્ટ, દર વર્ષે વિધાનસભાના પહેલા સત્રની શરૂઆત પછી જેમ બને તેમ જલદી અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની રચના કરવી. (૨) સમિતિ ઉપાધ્યક્ષ ઉપરાંત અધ્યક્ષે નીમેલા સાત કરતાં વધારે ન હોય તેટલા સભ્યોની બનેલી રહેશે અને ઉપાધ્યક્ષ એના પ્રમુખ રહેશે. આ આપણા નિયમોથી અપાયેલી જવાબદારી અરજી સમિતિને છે અને એના અધ્યક્ષ ઉપાધ્યક્ષ રહેવાના છે ત્યારે ઉપાધ્યક્ષની ચૂંટણી નથી કરવામાં આવતી. ઉપાધ્યક્ષનું પદ વિરોધપક્ષને આપવાનું હોય છે એ પ્રણાલિકા છે. ઉપાધ્યક્ષની રચના નહીં થવાના કારણે આપણા ઉપર નિયમોથી લદાયેલી જવાબદારીના કારણે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના પાસેથી આ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાથી એ જાણવા માગું છું કે આ નિયમો પ્રમાણે ઉપાધ્યક્ષની રચના કયારે કરાશે? અને એ જવાબદારી પહેલા સત્રમાં જ થાય તેવું છે આમાં.

**અધ્યક્ષશ્રી** : અત્યારે માત્ર અરજીની રજૂઆતનો પ્રશ્ન આપણી પાસે છે, જયારે અરજી સમિતિની રચના કરીને ગૃહમાં આવ્યો ત્યારે ઉપાધ્યક્ષની જગ્યા ખાલી હતી એટલે અરજી સમિતિના અધ્યક્ષ તરીકે મેં મારી સત્તાઓથી શ્રી નારાયણભાઈ પટેલને મૂકયા છે એટલે સમિતિના અધ્યક્ષનું પદ ખાલી છે એ પ્રશ્ન રહેતો નથી. નેકસ્ટ, (અંતરાય) જે પરિસ્થિતિ છે તે મેં કહી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રક્ષણ આપણી પાસે ન માગીએ તો કોની પાસે માગીએ? માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે પીંચ કરે છે કે નિયમોની જોગવાઈ સ્પષ્ટ છે કે પહેલા સત્રમાં અરજી સમિતિ બને અને એના અધ્યક્ષ તરીકે ઉપાધ્યક્ષ રહે અને ઉપાધ્યક્ષની ચૂંટણી આપણે ન કરીએ તો અધ્યક્ષ તરીકે આપ અમને રક્ષણ ન આપો, નિયમોમાં જોગવાઈ હોવા છતાં ઉપાધ્યક્ષની ચૂંટણી ન થાય તો આપ એટલી તો ખાતરી આપો કે આપ સરકારના ઉપર એટલું પ્રેસર કરી શકશો કે ઉપાધ્યક્ષની ચૂંટણી થાય.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, એમાં બે પાસાં છે, એક માનનીય અધ્યક્ષશ્રીની સત્તાઓ અને જે સત્તાઓ મુજબ અધ્યક્ષશ્રીએ ઉપાધ્યક્ષશ્રી હોય તો ઉપાધ્યક્ષને એના અધ્યક્ષપદે નીમવા એવી વાત આ નિયમ કરે છે. જયારે ઉપાધ્યક્ષશ્રી નથી, કોઈપણ કારણસર ઉપાધ્યક્ષની ચૂંટણી થઈ હોય છતાં સાહેબ એવું પણ બની શકે કે ઉપાધ્યક્ષની ચૂંટણી થઈ હોય છતાં પણ કોઈ સભ્યશ્રી ઉપાધ્યક્ષ તરીકે રાજીનામું આપે, કોઈ સભ્યશ્રી દિવગંત થાય તો પણ આ જગ્યા ખાલી રહી શકે છે. એટલે ઉપાધ્યક્ષ ઉપાધ્યક્ષશ્રીની જગ્યા ખાલી છે, This technicality is a matter of consideration of the House. That cannot be imposed upon the Hon'ble Speaker. That responsibility does not lie with Hon'ble Speaker. As far as the position of Deputy Speaker is concerned it has to be decided according to the set norms of democracy. અને સાહેબ, ઉપધ્યક્ષશ્રીની જગ્યા ખાલી એમના સમયમાં નથી રહી એવું તો બન્યું નથી. મારે એનો દાખલો જો આપવો હોયને આ વિધાનસભામાં એક સિનિયર સભ્ય અને દલિત આગેવાન ઉપાધ્યક્ષ ન બને એ માટેની પેરવી એ લોકોએ કરી છે. They are arguing the case. એટલે સાહેબ, આ અધ્યક્ષશ્રીની જવાબદારી એમના માથે મૂકી શકાય નહીં. I think this is encroachment upon the rights of the Hon'ble Speaker. These are two separate issues and the second issue can be discussed and debated accordingly.

**અધ્યક્ષશ્રી :** ૨૪૭ નિયમ નીચે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે, ઉપાધ્યક્ષશ્રીની જગ્યા ખાલી છે માટે એ સમિતિના પ્રમુખ પદે અન્ય સભ્યશ્રીને મૂકી ન શકાય. આ સમિતિનું ગઠન એ મારો અધિકાર છે અને એ વખતે તે જગ્યા ખાલી હતી એટલે મેં શ્રી નારણભાઈ પટેલને મૂકયા છે, આ અરજી સમિતિ આજે કાર્યરત છે અને અરજી સમિતિ કાર્યરત રહે છે. એટલે જો અરજી સમિતિને કાર્યરત ન રખાય તો અરજી સમિતિનું કામ ન થાય અરજી સમિતિનું કામ કેટલાય વર્ષો પછી આ નિયમ નીચે લઈને આવે છે ત્યારે અરજી સમિતિ કામ કરતી થાય અને સમાજ જીવનના શ્રેષ્ઠ લોકો પણ સભાગૃહની અંદર આ પ્રશ્નને મૂકી શકે, અરજી સમિતિ એટલે પિટિશન કમિટિ લોકસભાની અંદર ખૂબ સક્રિય છે અને એજ રીતે જયારે રાઈટ ઓફ ઈન્ફોર્મેશનનો કાયદો ન હતો ત્યારે આ નિયમોની અંદર આ નિયમ મૂકવામાં આવ્યો હતો એ નિયમના આધારે આ અરજી સમિતિ લોકસભા અને દેશની જુદી જુદી વિધાનસભાઓમાં કામ કરે છે એટલે એના પ્રમુખ પદે જે છે એ જે તે સમયે મૂકાતા હતા અને મૂકાતા હોય ત્યારે આપે જો આ મુદ્દો ઉપસ્થિત કર્યો હોત તો ઠીક છે પણ ઉપધ્યક્ષશ્રીની જગ્યા ખાલી છે કે ખાલી નથી એ અંગેના વિવાદમાં હું પડવા માગતો નથી. અરજી સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે છે, હું આ અરજીને અરજી સમિતિને સોંપું છું.

**અરજી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી અને અરજી સમિતિને સોંપવામાં આવી.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઓડિટ અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૨-૨૦૦૩ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો પરનો ઓડિટ અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં**

### ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલરઅને

ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને ટિપ્પણ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય વખાર નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વખાર નિગમનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યો**

**ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા**

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ઓડિટ અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૬-૦૭નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડનો અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૦૪-૦૫ અને સન ૨૦૦૫-૦૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, ઓડિટ અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો અહેવાલ**

**ડૉ. માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, ઓડિટ અહેવાલ ટીપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત માનવ અધિકાર આયોગનો અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના**

**શ્રી જયનારાયણ વ્યાસ ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તારીખ ૨૦-૮-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: જીએચટી-૨૦૦૮(૧૩)એમએનઆર-૧૦૨૦૦૭-૨૨૭૧૩૬-અ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શિક્ષણ વિભાગની અધિસૂચના**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની-

(અ) સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની

(૧) તા.૧-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ(જીએચએન-૬) એસસીએફ ૨૦૦૮-૮૭૮-એસ.

(૨) તા.૧-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૭/૨૦૦૮/પીવીએસ ૧૦૨૦૦૩/૬૩૯-એસ.
(૩) તા.૧૨-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૦૮/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૩/૬૩૧-એસ.
(૪) તા.૨૩-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૦/૨૦૦૮/એમબીએ/ ૧૦૨૦૦૮/૬૩૩-એસ.
(૫) તા.૨૩-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૧/૨૦૦૮/એમસીએ/ ૧૦૨૦૦૮/૬૩૩-એસ.
(૬) તા.૨૭-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૨/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૮/૮૧૫-એસ.
(૭) તા.૨૮-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૩/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૩/૧૨૮૨-એસ.
(૮) તા.૨૮-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૪/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૮/૬૩૨-એસ.
(૯) તા.૨૯-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૫/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૮/૧૪૬૫-એસ.
(૧૦) તા.૩૦-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૬/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૮/૬૩૨-એસ.
(૧૧) તા. ૨-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૭/૨૦૦૮/પીવીએસ/ ૧૦૨૦૦૮/૧૩૧૭-એસ
(૧૨) તા. ૭-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ(જીએચએન-૧૮)એસસીએફ/ ૨૦૦૮-૮૭૮-એસ.
(૧૩) તા. ૨૧-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૧૯/૨૦૦૮/ પીવીએસ/ ૧૦૨૦૦૮-૧૦૨૭-એસ
(૧૪) તા. ૨૪-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૨૦/૨૦૦૮/ પીવીએસ ૧૦૨૦૦૮-૧૬૪૧-એસ
(૧૫) તા. ૫-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૨૧/૨૦૦૮/ પીવીએસ/ ૧૦૨૦૦૮-૨૭૨-એસ
(૧૬) તા.૮-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૨૨/૨૦૦૮/ પીવીએસ/ ૧૦૨૦૦૮-૧૨૫૧-એસ
(૧૭) તા.૧૯-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૨૪/૨૦૦૮/ પીવીએસ/ ૧૦૨૦૦૮-૬૩૪-એસ
(બ) સન ૨૦૦૭ના ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અધિનિયમ અન્વયેની તા.૮-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/એસએચ-૨૩/૨૦૦૮/ જીટીયુ/ ૧૦૨૦૦૮ -૯૬૦-એસ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**નાણાં વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા (નાણાંમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગની સન ૨૦૦૩ની ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૧૫) વીએટી-૨૦૦૮ -એસ.૫(૨) (૨૧)-ઠ.
(૨) તા. ૧-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૨૧) વીએટી-૨૦૦૮ -એસ.૫એ(૧)(૧)-ઠ.
(૩) તા. ૧-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૧૯) વીએટી-૨૦૦૮ -એસ. ૪૦(૧)(૪)-ઠ.
(૪) તા. ૧-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૧૬) વીએટી-૨૦૦૮ -એસ. ૫એ(૧)(૧)-ઠ.
(૫)તા. ૧-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૨૨) વીએટી-૨૦૦૮ -એસ. ૫એ(૧)(૨)-ઠ.
(૬) તા. ૧-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૨૩) વીએઆર-૨૦૦૮ (૧૬)-ઠ.
(૭) તા. ૧-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૨૬) વીએટી-૨૦૦૮-એસ. ૫(૨)(૨૩)-ઠ.
(૮) તા. ૧૬-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૨૮) વીએટી- ૨૦૦૮એસસીએચ(૨) (૨૩.એ) (૧૪)-ઠ.

(૯) તા. ૧૬-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૨૯) વીએટી-૨૦૦૮-એસસીએચ. (૪૨.અ)-૧૫-ઠ.
(૧૦) તા. ૧૯-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૩૦) વીએઆર-૨૦૦૮ (૧૭)-ઠ.
(૧૧) તા. ૨૦-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૩૧)વીએઆર-૨૦૦૮ (૧૮)-ઠ.
(૧૨) તા. ૧૦-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૩૨)વીએટી-એસ. ૫ (૨) (૨૪)-ઠ.
(૧૩) તા. ૧-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૩૫)વીએઆર-૨૦૦૮ (૧૯)-ઠ.
(૧૪) તા. ૨૮-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન-૩૭)વીએટી-એસ ૫(૨) (૨૫)-ઠ.
સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પ્રથમ અહેવાલની રજૂઆત

**શ્રી જીતેન્દ્ર સુખડીયા (સમિતિના પ્રમુખશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પ્રથમ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો પ્રથમ અહેવાલની રજૂઆત**

**શ્રી બાબુભાઈ જ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો પ્રસ્તાવ**

**શ્રી જીતેન્દ્ર સુખડીયા (સમિતિના પ્રમુખશ્રી):**માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રથમ અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

**અતિવૃષ્ટિને કારણે અસરગ્રસ્ત લોકોને મદદરૂપ થવા લીધેલાં પગલાં બાબત**

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ હેઠળ નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરું છું.

" તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર-પાટડી તાલુકાના ૭૨ જેટલા ગામો પાણીમાં ગરકાવ છે. પાંચ લાખ કરતાં વધુ હેક્ટર જમીનનો પાક ધોવાઈ ગયેલ છે. કૃષિ ઉપજને ભારે ફટકો પડયો છે. હજારો કાચા-પાકા મકાનો તૂટી પડ્યાં છે. પશુધન તારાજ થઈ ગયું છે. હજારો લોકો બેઘર બન્યા છે અને હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે. કુદરતી આવી પડેલી આ આફતમાં અસરગ્રસ્ત અને બેસહાય લોકોને મદદરૂપ થવા સરકારે બચાવ અને રાહતના લીધેલાં પગલાં અંગે સભાગૃહ ચર્ચા કરે."

માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૧૪ વર્ષ પછી વિરોધપક્ષના કોઈ ધારાસભ્યની જાહેર અગત્યની બાબત અંગેની ૧૧૨ નીચેની નોટિસ અંગે આ સભાગૃહમાં ચર્ચા થઈ રહી છે તે વાતનો આનંદ વ્યકત કરતાની સાથે સાથે મારી વાત આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિને કારણે સુરેન્દ્રનગર, અમદાવાદ, પોરબંદર, જુનાગઢ, જામનગર અને ખેડા જેવા જિલ્લાઓમાં અસંખ્ય ગામોમાં પાણીના કારણે ભારે તારાજી થઈ છે. આ જિલ્લાઓનો દ ેડ વિસ્તાર, નળ કાંઠા વિસ્તાર અને ભાલ વિસ્તારમાં નીચાણવાળા આ ભાગના અસંખ્ય ગામોમાં પાણી પેસી ગયા, દિવસો સુધી ત્યાં પાણી રહ્યાં અને તેને કારણે લગભગ ૧૧ થી વધારે લોકોના મૃત્યુ થયાં છે. પારાવાર બહુ મોટી સંખ્યામાં લોકોના ઘરોને નુકસાન થયા છે. અગણિત ઢોર ઢાંખરની હાનિ થઈ છે. લાખો એકર જમીનની અંદર ઉભો પાક ધોવાઈ ગયો છે અને તેનાથી પણ વિશેષ બહુ મોટા પાયા ઉપર જમીનોનું ધોવાણ થયું છે અને તેના કારણે રાજયના ખેડૂતો ઉપર આ કુદરતી આફતના કારણે એક મોટી વિપત્તિનો જાણે તે લોકો સામનો કરી રહ્યાં હોય એવી સ્થિતિ આ વિસ્તારોમાં ઉભી થઈ છે.

સાહેબ, અમે એક ટીમ તરીકે આ વિસ્તારના કેટલાક ગામોની મુલાકાત લીધી હતી. અને તે મુલાકાત દરમિયાન અમને જાણવા મળ્યું કે માત્ર લખતર અને પારડી તાલુકાના જ ૭૨થી વધારે ગામોમાં ભારે મોટી તારાજી થઈ છે. તેમાંય ખાસ કરીને નાની કચેટી, મોટી કચેટી રાણાગઢ, આવા ગામો તો સાહેબ સાત સાત દિવસથી વધારે સમય સુધીમાં પાણીમાં રહ્યાં અને જ્યારે વહિવટી તંત્રને રજૂઆત કરવામાં આવી કે આટલા બધા દિવસથી પાણી છે તમે ત્યાં મદદ મોકલાવો ત્યારે જવાબ એવો મળ્યો કે પાણીના કારણે ત્યાં પહોંચી શકાતું નથી

અને એટલા માટે અમને મદદ મોકલવામાં વિલંબ થઈ રહ્યો છે. સાહેબ, અમારી ટીમના સભ્યો હોળી મારફતે તે ગામોમાં જઈ શક્યા પણ વહિવટી તંત્ર તે ગામમાં પહોંચી ના શકે એવી વાતના આધારે લોકોને સહાય કરવામાં વિલંબ કરવામાં આવે તો આપણે એક વિચારવા જેવી બાબત થાય. સાહેબ, આ ગામોમાં સાત સાત દિવસ સુધી વીજળીનો પ્રવાહ બંધ રહ્યો, અનાજ પાણીમાં રહેવાને કારણે કોહવાઈ ગયું. અને આ ગામડાંઓમાં સ્થિતિ એવી ઉભી થઈ કે સાહેબ, આ ગામના લોકો પાસે ખાવા માટે કંઈ રહ્યું નહીં કેમ કે જે અનાજ ઘરમાં હતું તે બધું કોહવાઈ ગયેલુ હતું એવી સ્થિતિમાં પણ આપણે તેમને સમયસર મદદ પહોંચાડી શક્યા નથી. કડુ અને દેરવાડા જેવા ગામોની જ્યારે મુલાકાત લીધી ત્યારે ખેડૂતોની આંખોમાંથી આંસુ વરસતા અમે જોયા. કહે આ ઉભો પાક તો ધોવાઈ ગયો છે પણ તેની સાથે સાથે અમારી જમીનોનું જે ધોવાણ થયું છે તેને અમે સરખી કેવી રીતે કરીને આવનારા દિવસોમાં કેવી રીતે ઉભા થઈ શકીશું તેની ચિંતા ખેડૂતોને એટલી હતી કે ખેડૂતો ચોધાર આંસુએ રડી પડ્યા હતા એવી સ્થિતિ આ ગામોમાં પેદા થઈ હતી.ત્યાંથી પણ અધિકારીઓ સાથે વાત કરી કે આટલી મોટી મુશ્કેલીમાં કમસેકમ કેશડોલ્સ અને એ બધી મદદ તો તાત્કાલિક પહોંચાડો. ત્યારે એમણે એમ કહ્યું કે બે ત્રણ દિવસમાં ટીમ બનાવીને મદદ પહોંચાડવા માટે સરવે કરાવવાની શરૂઆત કરીએ છીએ. એટલે જાણે આપત્તિના સમયે વહીવટીતંત્રની સંવેદનશીલતા કયાંક ઓછી થઈ જતી હોય એવું આ બધા બનાવોમાંથી કંઈક જોવા મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાના કેટલાક ગામોમાં આજે પણ કેડ સમાણા પાણી છે અને ગામના લોકો એટલી બધી મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે કે તેની કોઈ સીમા નથી. લીમડી તાલુકાના લક્ષ્મીસર ગામમાં કેનાલ તૂટી જવાથી એટલું મોટું નુકસાન થયું કે સમગ્ર ગામની જમીન પાણીમાં આવી ગઈ અને મોટા પાયા ઉપર ઘરો નાશ પામ્યા. આપણે ડિઝાસ્ટર મેનેજમેન્ટની વાતો કરીએ, પણ આ સમગ્ર બનાવમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના કોઈપણ માણસ ફરકયા હોય એવું જાણવા મળ્યું નથી. આપણે કેશડોલ્સ વહેંચવામાં પણ આટલો બધો વિલંબ કરીએ? અને બીજી એક વાત મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવી છે કે આ કેશડોલ્સના અને સહાયના આંકડા વર્ષો જૂના નકકી થયેલા આંકડા છે. ૧૫ રૂપિયા કેશડોલ્સ અને ઘરવખરીના નુકસાન પેટે આપણે ૧૨૫૦ રૂપિયા આપીએ છીએ. આ રકમ વર્ષો પહેલા નકકી થયેલી છે. આજની બદલાયેલી પરિસ્થિતિમાં અને આજની મોંઘવારીમાં આ આંકડા માટે ફેરવિચારણા કરવી જોઈએ. કમસેકમ બે ટંકનું ભોજન એ લોકો ખાઈ શકે એવી રીતે આ રકમમાં સુધારો કરવો જોઈએ એવી મારી લાગણી આપના દ્વારા વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર વિસ્તારમાં જે પરિસ્થિતિ છે એને ધ્યાનમાં લઈને કેશડોલ્સ અને ઘ ારવખરીની સહાય તાત્કાલિક ચૂકવાઈ જાય, પાક નાશ પામ્યો હોય તો તેનો સરવે કરીને પાકના વળતરની રકમ ખેડૂતોને ચૂકવવાની જાહેરાત થાય, જમીનનું ધોવાણ થયું હોય ત્યાં જમીનને સરખી કરવા માટે કોઈ યોજના નીચે ખેડૂતોને લાભ મળે. મૃત્યુ પામેલાના કુટુંબીજનોને વળતર અપાય અને રસ્તા અને નાળા તૂટી ગયા છે તે તાત્કાલિક રીપેર કરવાની વ્યવસ્થા ગોઠવાય એવી હું માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સિદ્ધાર્થભાઈએ જે વિષય મૂકયો છે, એના સંદર્ભમાં એમની જે વાતો થઈ છે.• (xxxx) નાની કટેચી અને મોટી કટેચી તો..

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ પાસે માહિતી નથી એમ કહેવા કરતાં સીધે સીધું તમારે જે કહેવાનું હોય તે જ કહો ને.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : આ ગામડા લીમડી તાલુકામાં આવે છે. પાટડી કે લખતરમાં

**અધ્યક્ષશ્રી:** કોઈપણ સભ્યશ્રીની માહિતી સાચી નથી એવું કોઈ સભ્યશ્રી નહીં કહી શકે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** :માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૬ અને ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ ભારે વરસાદ થયો જેમાં ૨ દિવસમાં લખતર તાલુકામાં ૩૨ ઈંચ અને પાટડી તાલુકામાં ૧૧ ઈંચ વરસાદ થયો હતો. લખતર તાલુકામાં વાર્ષિક વરસાદની સરેરાશ કરતાં ૨૨ ઈંચ જેટલો ૧ાા ગણો વધારે વરસાદ બે જ દિવસમાં ૧૪૨ ટકા જેટલો વરસાદ થવાના કારણે ૪૩ જેટલાં ગામમાં પાણી ભરાઈ ગયાં હતાં અને નાગરિકો ફસાઈ ગયા હતા. આ સમાચાર મળતાં જ  જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજય સરકાર પાસેથી બચાવ અને રાહત કામગીરી માટે બોટો અને  ટૂકડીઓ માટે માગણી થતાં તુરત જ રાહત અને બચાવની ટૂકડીઓ મોકલી હતી. ચાર બચાવ રાહતની બોટ અને ટૂકડી રાજકોટ ખાતેથી અને બે બચાવ રાહતની ટૂકડી રવાના કરી હતી. બે એમ્બ્યુલન્સ વાન સ્ટાફ સાથે અને હેલિકોપ્ટર દ્વારા પણ મદદ લીધી છે, એસ.આર.પી.ના ૬૦ જવાનો લાઈફ જેકેટ અને દોરડાઓ સાથેની ટૂકડીઓ પહોંચાડી હતી. આર્મીની કોલમની પણ મદદ લીધી છે, હંગામી ધારેણે ૧૬૩૨૨ વ્યકિતઓનું સ્થળાંતર કરવામાં આવેલ છે. વરસાદ ખૂબ થયો છે(અંતરાય) જેના કારણે જેટલાં ગામડાંમાં પાણી ભરાયાં હતાં ત્યાં તત્ર દ્વારા જે કામગીરી કરવામાં આવેલ છે એની મારી પાસે આંકડાકીય માહિતી છે તો એ માહિતી તો મારે વાંચીને જ કહેવી પડે ને?

---

• **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**અધ્યક્ષશ્રી:** બીજા ઉપર ધ્યાન ન આપો, આપ આપની પાસે મુદ્દાઓ રાખી શકો છો, મુદ્દામાંથી જોઈને બોલી શકો છો.

**શ્રી શંભુપ્રસાદ ટુંડીયા:** માનનીય અધ્યક્ષશ્રી, હેલીકોપ્ટરની મદદથી ૧૧ નાગરિકોને બચાવી લીધા છે. બોટોની મદદથી ૮૧ નાગરિકો અને ગામલોકોની સહાયથી ૧૨ નાગરિકોને બચાવી લીધા છે. ખારાઘોડા વિસ્તારમાં અગરીયાઓ રણમાં મીઠાના અગરોમાં કામ કરીને પોતાનું જીવનનિર્વાહ કરે છે. એમને બચાવવા માટે લગભગ ૧૭ કિલોમિટર જેટલા અંદરના વિસ્તારમાં બોટ મારફતે જઈને રાજય સરકારના અધિકારીઓ દ્વારા અને તંત્ર દ્વારા જે કંટ્રોલ રૂમ હતો એના સક્ષમ અધિકારીઓ દ્વારા ૫૬ જેટલા અગરિયાઓને બચાવી લીધા છે અને જેના કારણે ખૂબ સફળતાપૂર્વક આ કામગીરી આપણે પાર પાડી શકયા છીએ અને પાણી ઉતરતાં જ વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ૯૭૭૬ કુટુંબોની ૪૦૭૯૪ વ્યકિતઓને લગભગ ૧૮ લાખ ૩૮ હજાર જેટલી રકમ કેશડોલ્સના માધ્યમથી ચૂકવી દીધી છે અને એ પણ ત્રીજા જ દિવસે ચૂકવાઈ છે. કેશડોલ્સની સહાય અને ઘરવખરીના માધ્યમથી પણ જે ૮૦૭ જેટલા પરિવારોને લગભગ ૧૩ લાખ ૧૫ હજાર જેટલી રકમ ઘરવખરીની સહાય પેટે તુરત જ ચૂકવી દીધી છે અને ઝૂંપડાં અને મકાનોના નુકસાનના સરવે માટે લખતર, પાટડી અને લીમડી આ જે સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા છે એના ગામો અને ખાસ કરીને લખતર વિસ્તારમાં ભારે વરસાદના કારણે અને પાટડી ભારે વરસાદના કારણે સરવે માટે ૨૫ જેટલી ટીમો તાત્કાલિક ધોરણે કાર્યરત કરી છે. આ પુરના અસરગ્રસ્ત નાગરિકોને પૂરના સમયે ૭૧૨૯૨ જેટલાં ફૂડ પેકેટોનું વિતરણ કર્યુ છે, ૨૮૦૦ કિલો લીલાં શાકભાજી પૂરાં પાડયાં છે, ૧૪૪૦૦ પારલે બિસ્કીટનું વિતરણ કર્યુ છે, ૧૧ હજાર જેટલાં પાણીનાં પાઉચ આ વિસ્તારમાં પૂરાં પાડયાં છે. ૧૧૩ કિલો દૂધ પાવડર પૂરો પાડયો છે, આ ઉપરાંત રાજય સરકારે અસરગ્રસ્ત કટુંબોને ૨૦ હજાર અને એમાં માત્ર ૪ જ મૃત્યુના બનાવ નોંધાયો છે એમને રાજય સરકાર દ્વારા ૧-૧ લાખ રૂપિયાની સહાય તુરત જ ચૂકવી દીધી છે અને એમાં માત્ર એક કિસ્સામાં એફ.એસ.એલ ના રિપોર્ટને કારણે એ સહાય ચૂકવાઈ નથી. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા એ સમયે ૨૦ હજાર રાહત ફૂડ પેકેટસ વિતરણ કર્યા છે અને ચોખા, દાળ, મીઠું, મસાલા વગેરેનો સમાવેશ કરીને પૂર પીડીતો માટે સહાય કરી છે. આ રીતે રાજયના અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી અસરગ્રસ્ત વિસ્તારના પશુધન માટે પણ કિલોએ ૧ રૂપિયાના ભાવે સૂકું ઘાસ પૂરું પાડવામાં આવ્યું છે કારણ કે આ વિસ્તારમાં પાણીના પૂરના કારણે જે પ્રકારે કાંપ છવાઈ ગયો અને એના લીધે પશુઓને ચરવા માટે લીલું ઘાસ ઉપલબ્ધ નહોતું એવા સમયે રાજય સરકાર દ્વારા જે તે વિભાગના અધિકારીઓ દ્વારા આ કામગીરી કરવામાં આવી છે. રાજય સરકારના મંત્રીશ્રીઓ રમણલાલ વોરા, શ્રી કિરીટસિંહજી રાણા અને શ્રી ફકીરભાઈ વાઘેલા આ બધા તાત્કાલિક બીજા જ દિવસે આ વિસ્તારની મુલાકાતે ગયા છે અને એ મુલાકાત પછી તુરત જ પશુધનની ચિંતા કરી છે. માલધારીઓના ગોકુળ સમાજની ચિંતા કરી છે અને ૧ રૂપિયાના ભાવે પશુધનને સૂકું ઘાસ પૂરું પાડવામાં આવ્યુ છે.**અધ્યક્ષશ્રી** : આ બાજુ ૨૦ મિનિટ અને આ બાજુ ૪૦ મિનિટ છે. ૧૦ મિનિટ સિધ્ધાર્થભાઈના પ્રવચનમાં પૂરી થઈ ગઈ છે. એટલે આપ મને નામ આપો તો તે બે વ્યકિતઓને સમય ફાળવી શકાય, એક-એક મિનિટ દસ સભ્યો બોલે તો પણ મને વાંધો નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રીઓ બોલતા હતા તેની હું ટીકા કરવા નથી માગતો પણ મેં જાતે લીંબડી તાલુકાના ગઢેચી, નાની ગઢેચી, રાણાગઢની મુલાકાત લીધેલી, એ વિસ્તારોમાં સાત દિવસ સુધી વીજળી નહોતી, હું જાતે તેના ગામોમાં ફર્યો છે. બે બે કિલોમીટર હોડીમાં જઈ અને ફરીને મેં જોયું છે. જે કાંઈ માહિતી અપાય છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, એ ગામોની મેં મુલાકાતલી છે અને પછી કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, પાટડી અને લખતર તાલુકાના ગામોની મેં જાતે મુલાકાત લીધી છે. વહીવટી તંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ છે એ ટોટલી જે થોડીક સહાય માટે ટીમો આવી હતી સરકારી એ સિવાય ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ફકત જેને કહેવાય કે કાગળ ઉપર રહ્યું છે અને બિલકૂલ નિષ્ફળ ગયું છે. એટલે આ જે કંઈ માહિતી અહીં અપાઈ રહી છે તેમાં મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જે કેસ ડોલ્સની સહાય માનવતાના ધોરણે અપાવી જોઈએ તેના બદલે પણ કયાંક પક્ષીય ધોરણે અપાઈ છે. મારે બે ગામના નામની યાદી આપવી છે. બાવળા તાલુકાનું દુર્ગી અને મેણી ગામમાં ગઈ કાલ સુધી વહીવટી તંત્રનો એક પણ માણસ ગયો નથી. ગઈ કાલે કલેકટર અને ડી.ડી.ઓ. સાથે મેં જયારે વાત કરી ત્યારે એવું કહેવામાં આવ્યું તંત્ર તરફથી કે અમારું વહીવટી તંત્ર ગયું છે પણ કલેકટરે મને રાત્રે વાત કરી કે આજે હું ત્યાં ટીમ મોકલું છું. એક બાજુ તંત્ર તરફથી એમ કહેવામાં આવે છે કે ટીમ ગઈ છે જયારે કલેકટર ખુદ સ્વીકારીને એમ કહે છે કે ટીમ તો હું આજે મોકલું છું. માનનીય અધ્યક્ષશ્રી, ફેદરાની બાજુમાં ૩ વ્યકિતઓ તણાઈ ગઈ ત્યારે પણ મેં જાતે કલેકટરને હેલીકોપ્ટર મોકલવા માટે કહયું હતું પણ એ વખતે એમની પાસે હેલીકોપ્ટર નહોતું, પાટડી અને લખતરની વાત કરવામાં આવી છે ત્યારે જે ૧૫ વ્યકિતઓ પુરમાં ફસાઈ ગઈ હતી અને વારંવાર એ લોકોએ કાકલુલીઓ કરી કે એને બચાવવા માટે હેલીકોપ્ટર મોકલો, પણ એ વખતે હેલીકોપ્ટર નહોતું, મોકલ્યું અને ૧૫ વ્યકિતઓને બચાવવામાં આવી છે તે તો ખુદ ગામના લોકોએ બચાવી છે. કોઈ વહીવટી તંત્ર ત્યાં ગયું નથી. ફકત અને ફકત અત્યારે જે કેસ ડોલ્સ અપાય છે તે દરરોજના ૧૫ રૂપિયા લેખે ફકત ૩ દિવસના ૪૫ રૂપિયાની કેશ ડોલ્સ અપાય છે. અને કાર્ડ દીઠ ૫

વ્યકિતઓ ધ્યાને લઈને આ કેશડોલ્સ અપાઈ છે. જે વિસ્તારમાં પાક અને જમીનનું ટોટલી ધોવાણ થઈ ગયું છે અને પાણી ભરાઈ ગયાં છે ત્યાં પાક નાશ પામ્યો છે તે જગ્યાએ તાત્કાલિક સરકારે તેના પેકેજ નકકી કરીને સહાય મળે તેના માટેની વ્યવસ્થા કરવી જોઈએ. અહીં મારી પુર્વના વકતાઓએ કહી રહ્યા હતા તેમાં મારે બે શબ્દો કહી અને મારી વાત પૂરી કરવી છે. ખાસ કરીને લીંબડી અને પાટડી અને ઘેડ વિસ્તારમાં સાવ ટોટલ પાક નિષ્ફળ ગયો છે જયાં પાક સૂકાઈ ગયો છે નિષ્ફળ ગયો છે ત્યાં તાત્કાલિક એના પેકેજ નકકી કરીને સહાય મળે તેવી આપના મારફતે હું વિનંતી કરું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં માનનીય સિદ્ધાર્થભાઈએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેના જવાબમાં મારે એટલું જ કહેવું છે કે ખરેખર વાસ્તવિકતા એ છે કે હું ઝાલાવાડમાંથી ચૂંટાયેલી ધારાસભ્ય છું. એ વખતે જયારે ૧૬ અને ૧૭ તારીખે અતિવૃષ્ટિ થઈ ત્યારે અતિવૃષ્ટિના સમયમાં અને તેની પહેલા પણ માનનીય મંત્રી શ્રીમતી આનંદીબહેન ત્યાં આવ્યાં હતાં, ત્યારે કલેકટરની અને અધિકારીઓની મુલાકાત લીધી હતી અને આગોતરું આયોજન કરીને આવી કોઈ આપત્તી આવી પડે તો શું કરવું તે અંગેની તે વખતે કલેકટરશ્રીઓને તેમણે અગાઉથી સૂચનાઓ આપેલી હતી કે આપણે આપણી જે શાળાઓમાં મધ્યાહન ભોજન ચાલે છે તે ચાલુ રાખજો, કે જેથી કરીને આવી કોઈ આપત્તીનો સમય આવી પડે તો ભોજનની કોઈ તકલીફ ન પડે. આ ઉપરાંત આરોગ્યની દવાઓ વહેલી મોકલવી એવી સૂચના આપી હતી. તદ્ઉપરાંત નજીકના સરપંચોના અને બધાના ટેલીફોન નંબરો હાથ ઉપર રાખવાની પણ સૂચના આપી હતી. આનું માત્ર એવું કારણ નહોતું કે આપણી ઉપર આપત્તી આવવાની છે, પરંતુ તંત્ર જાગૃત હોવાને કારણે અને તંત્રનું આગોતરું આયોજન હોવાના કારણે આવેલી મુશ્કેલીમાં વહીવટી તંત્રને તરત જ જાણકારી આપવામાં આવી અને વહીવટી તંત્ર તરત જ જાગૃત બનીને પાણી ઉતરતાની સાથે જ કેડ સમા પાણીમાં આરોગ્ય અધિકારીઓએ ગામડે ગામડે જઈ અને દવાઓ અને સવલતો પૂરી પાડી છે. મારી શાળામાં જ પાંચ હજાર ફૂડ પેકેટો ૧૭મી તારીખે સાંજે જ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બનાવી અને વિતરણ કરવામાં આવ્યું છે. બીજા દિવસે સવારે ૧૦ હજાર ફૂડ પેકેટ્સ બનાવવામાં આવ્યાં હતાં. એન. જી. ઓ. ની જે સહાય મળી છે તે સહાય, ગુજરાત સરકારની સાથે સાથે એન.જી.ઓ.એ પણ ખૂબ મદદ કરેલી હતી. સરકારશ્રીની મદદ છે તે બધી જ મદદ અહીં મારા પક્ષના ધારાસભ્યશ્રી શંભુપ્રસાદે વર્ણવી છે. પરંતુ મેં જાતે જોયેલી ઘટના છે. વિરમગામ માલવણ વચ્ચે જે નર્મદા કેનાલમાં ૨૦૦ ફૂટનું ગાબડું પડ્યું હતું અને એ ગાબડાની વચ્ચે દસ જેટલા માણસો ફસાયા હતા એને તાત્કાલિક બચાવવામાં આવ્યા અને એ ગાબડું પૂરવા માટે ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગે પરંતુ આપણી સરકારની કામગીરીના હિસાબે માત્ર ચાર જ દિવસની અંદર આ ગાબડું પૂરી દેવામાં આવ્યું છે અને માલવણ વિરમગામ સ્ટેટ હાઈવે ચાલુ કરી દેવામાં આવ્યો છે. એવી જ રીતે વિરમગામ લખતરના રોડની સમસ્યા હતી એની અંદર આ રોડને ચાલુ કરવા માટે રાજય સરકારે જરૂરી બધી જ સંવેદના બતાવી છે એટલા માટે કે માત્ર લખતર તાલુકા પૂરતું નહિ પરંતુ જનજીવન ઠપ્પ ન થઈ જાય એની પણ ચિંતા કરવામાં આવી છે.

મહિલા મોરચા તરફથી અને બહેનો તરફથી પણ આ સંવેદના એવી હતી કે આપણે જેટલા શકય તેટલા વહેલા ગામડે ગામડે પહોંચ્યા છીએ. લખતર તાલુકાના ધાર, કડુ છારદ વગેરે રોડ પરના ગામો છે એ ગામોમાં જઈને મદદ કરી હતી. આ ઉપરાંત પણ સરકારની ૧૦૮ની વાન છે એ લખતર તાલુકાની અંદર એક પ્રસૂતા મહિલાને બચાવવા માટે પણ આપણે એ વાનનો ઉપયોગ કરીને સગર્ભા મહિલા અને જીવને બચાવ્યો છે એ પણ સરકારની ૧૦૮ની મોબાઈલ છે એ આવા વખતે કેટલી આશીર્વાદરૂપ લાગે છે એ લોકોને સમજાયું છે. અમે આઠ દિવસ ગામડે ગામડે માનનીય સભ્યશ્રી શંભુપ્રસાદ સાથે પ્રવાસ કર્યો છે તે વખતે દરેક મંત્રીશ્રી સતત અમારા સંપર્કમાં રહીને આ બંને તાલુકાને બચાવવા માટે રાહત આપવા માટે સતત અમારી સાથે જાગૃત રહ્યા છે. માનનીય નીતિનભાઈ, માનનીય દિલીપભાઈ, માનનીય આનંદીબહેન અને અમારા પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સર્વે જાગૃત બનીને આ બંને તાલુકાને મદદરૂપ બનવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા છે. લોકો પણ સાથે હતા અને આજે પણ ઝાલાવાડની ધરતી તો સૂકી ધરતી છે, ૩૦ વરસે કુદરત મહેરબાન બની છે, આજે આપ આવો તો પાણી તમને કયાંય જોવા ન મળે આ બધું પાણી જમીનમાં ઊતરી ગયું છે ત્યારે આવી નાની નાની આફતોની અંદર સરકારે જે મદદ કરી છે એની આપણે સૌ સરાહના કરીએ અને આવતા સમયમાં તો જે કંઈ જમીનનું ધોવાણ થયું છે એ ધોવાણની અંદર પણ સરકારને સરવે કરીને આપી દેવામાં આવ્યો છે. જે કંઈ મદદ થવાની છે એનો પણ સરવે થઈ ગયો છે અને સરકારને સુપરત કરી દેવામાં આવ્યો છે. મારી પાસે જે કંઈ માહિતી હતી એ મેં સભાગૃહને આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર):** માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વખત પછી ૧૧૨ની નોટિસ આવી છે, એક ગંભીર વિષય ઉપર નોટિસ છે અને છતાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે અહીંયા માત્ર રાજકીય અવલોકનો કરીને આ જે તક મળી છે એને વેડફી નાખી છે.

પોરબંદર જુનાગઢ જિલ્લાનો જે ઘેડ વિસ્તાર છે એનો આકાર રકાબી આકારનો છે, ભાલ વિસ્તાર અને નળકાંઠાનો વિસ્તાર આ ત્રણેય વિસ્તારો એવા છે કે જે આ વરસે વધારે પ્રકાશમાં આવ્યા. બાકી આ પ્રજાની હાલત દર ચોમાસાની અંદર જોરદાર વરસાદ થાય ત્યારે આવી જ દશા થાય છે. ઘેડ વિસ્તારમાં આ વખતે પણ ઘણા

ગામોમાં તકલીફ થયેલી છે. એમાંના એક ગામની બહેનને ડિલિવરી માટે હોડી સમયસર ન મળી જે ખાનગી લોકોએ મોકલી હતી એ સમયસર ન મળતાં એ બહેનનું મૃત્યું થયું. એ સિવાય ચાર લોકોના મૃત્યુ થયાં છે. આવી જ દશા આ વખતે નળકાંઠા અને ભાલ વિસ્તારની થઈ છે. આમાં મદદ ક્યારે કરી કોણે કરી એનો બચાવ કરવાનો સવાલ નથી. આયોજન કરવામાં તથા મદદ કરવામાં આપણે તમામ મોરચે નિષ્ફળ જઈએ છીએ આ બાબતમાં પ્રમાણિકપણે વાત કરવી જોઈએ. દર વરસે આવી ઘટના બને છે આવી ઘટના નિવારવી હોય તો જે રીતે ૧૯૬૦માં ઘેડ વિકાસ સમિતિ બનાવી હતી એ ઘેડ વિકાસ સમિતિ અસ્તિત્વમાં છે અને સિંચાઈ મંત્રીશ્રી એના અધ્યક્ષ છે, છતાં ઘેડ વિસ્તારમાં દર વરસે આવી ઘટના બને છે, એવી જ સ્થિતિ ભાલ વિસ્તારની બની છે, નળકાંઠા વિસ્તારમાં બની છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય અર્જુનભાઈ, માનનીય સિદ્ધાર્થભાઈનો પ્રસ્તાવ લખતર અને સુરેન્દ્રનગર જિલ્લાનો છે ત્યારે માનનીય મંત્રીશ્રી તમારો જવાબ કેવી રીતે આપશે?

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા:** મારે તો આનો માત્ર ઉલ્લેખ કરવો છે. પ્રશ્ન ત્રણેય વિસ્તારનો સરખો છે.

**અધ્યક્ષશ્રી:** આપ જેવા સિનિયર મેમ્બર સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરે તો સારું રહેશે. ઘેડ અને પોરબંદર માટે અલગ નોટિસ આપી શકો છો.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા:** મેં ભાલ કાંઠા, નળકાંઠા સાથે ઘેડનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે આ ત્રણેયની ભૌગોલિક સ્થિતિ એક સરખી છે. એના માટે લાંબા ગાળાનું આયોજન કરવું જરૂરી છે. આને મજાકમાં લેવાની જરૂર નથી. મારા મિત્રો મજાકમાં લે છે. વાત સારી નથી. દર વર્ષે આ પ્રકારની પરિસ્થિતિ ન ઉદ્ભવે તેના માટે જે નિષ્ણાતોની ટીમ બનાવી અને આ ઘટનાઓ દર વર્ષે રોકાય, દર વર્ષે આપણે જે સહાયનો ઉદ્યોગ ખોલીને સહાયના નામે રાજનીતિ કરીએ છીએ એ ન થાય એટલા માટે હું કહું છું કે એનું પુનઃસ્થાપન વારેઘડીએ ન કરવું પડે, લોકોને સહાય દર વખતે ન લેવી પડે અને લોકો નિર્ભય રીતે બીજા વિસ્તારો સાથે કનેકટેડ રહે તે માટે નિષ્ણાતો દ્વારા આયોજન થાય તે માટે સરકારશ્રીને આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ અતિ ભારે વરસાદમાં મારી નજરે મેં સરકારની કામગીરી જોઈ છે. ૧૮મી તારીખે વહેલી સવારે મારા ઉપર ફોન આવ્યો, દોલતપુરા ગામના સરપંચનો કે પાંચ લોકો પાણીમાં ફસાયા છે અને હૅલિકૉપ્ટર સિવાય બચે તેમ નથી. તો આ અંગે સરકારમાં તમે આની રજૂઆત કરો. આ વાત સવારે મેં અમારા મહેસૂલ મંત્રી આનંદીબેનને કરી, તેમણે હૅલિકૉપ્ટર આપવાની ખાતરી આપી અને મને કહે, તમે સ્થળ ઉપર પહોંચો અને જગ્યા લૉકેટ કરો કે કઈ જગ્યાએ હૅલિકૉપ્ટરની જરૂર છે? માનનીય અધ્યક્ષશ્રી, હું ૭-૩૦ વાગ્યે ૧૮મી તારીખે નાની મજેઠી ગામ પાસે રોડ ઉપર જ્યાં એ લોકો ફસાયા હતા, એક કિલોમીટર ચાલીને અમદાવાદ જિલ્લાના અને સુરેન્દ્રનગર જિલ્લાના બન્ને વહીવટીતંત્રને સાથે રાખીને અમે સ્થળ ઉપર ગયા હતા. અમને અઢી વાગ્યે હૅલિકૉપ્ટરની ટ્રીપ મળી. એ જામનગર એરફોર્સ ઉપરથી અમને હૅલિકૉપ્ટર ફાળવી આપવામાં આવ્યું હતું અને આ હૅલિકૉપ્ટરે પહેલી ટ્રીપમાં સાત લોકોને બચાવ્યા અને સાડા પાંચ વાગ્યાની છેલ્લી ટ્રીપમાં બીજા છ લોકોને બચાવ્યા. પછી આ બચાવ કામગીરી નાની મજેઠી ગામની પૂરી થઈ હતી. આ મારી નજર સમક્ષ અને સમગ્ર ગુજરાતમાં નાઈન ટી.વી.એ લાઈવ બતાવ્યું હતું અને એના તંત્રીએ કહ્યું હતું કે સરકારે કોઈ કચાશ બચાવ કામગીરીમાં રાખી નથી. આ વાત મિડિયાએ પણ કરી હતી.

**શ્રી હરિલાલ મો. પટેલ (ધાંગધ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર, પાટડી અને ધ્રાંગધ્રામાં એટલી બધી પરિસ્થિતિ ખરાબ છે કે આ કેશડોલ્સ કરતાં પણ લાખો એકર જમીન ધોવાઈ ગયેલી છે અને જે વાત કરી, ૧૬,૧૭ તારીખે વરસાદ થયો, ૧૭ તારીખે રાત્રે ૯-૦૦ વાગ્યે લખતરમાં સૌથી પહેલાં હું ૫૦૦૦ પૅકૅટ લઈને પહોંચ્યો, ત્યારે આખા તંત્ર તરફથી કોઈ પણ માણસ લખતરમાં રાત્રે ૯-૦૦ વાગ્યે આવેલું ન હતું. મારું કહેવાનું એ છે કે તંત્ર જાગૃત નથી એને જાગૃત કરવા ખેડૂતને કેશડોલ્સ કરતા પણ તેનો જે લાખો એકરનો પાક જમીનમાં ધોવાઈ ગયો છે તેનો કાયમી ધોરણે ઉકેલ થાય અને નદી, નાળા, તળાવ જે તૂટી ગયેલા છે એ રિપેર કરે અને તાત્કાલિક આમાં કોઈ પણ રાજકારણ લાવ્યા સિવાય જે ખેડૂતોને નુકસાન થયું છે એ આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ખેડૂતોની વહારે આવે.

**શ્રી જયંતભાઈ ર. પટેલ (સારસા)** : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઈ બોલવામાં બહુ હોંશિયાર છે. કોમેન્ટ કરવામાં હોંશિયાર છે.

**અધ્યક્ષશ્રી** : જયંતભાઈ, મહેરબાની કરીને આપનો સમયનો વ્યય ન કરો.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : જે ખાતાના મંત્રી છે, આ વરસાદમાં તેમનું તંત્ર એકદમ નિષ્ફળ ગયું છે. મારા વિસ્તારમાં બોરીયાવી, નડિયાદ, કંજરી નડિયાદમાં પોતે આવ્યા હતા. આજના દિવસે નડિયાદમાં પાણી ભરેલું છે. ખરેખર..

**અધ્યક્ષશ્રી** : જયંતભાઈ, પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લાનો છે, તેની વાત આપ કરો.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : આ આવ્યું એટલે મારે મારા વિસ્તારની વાત કરવી જોઈએ. બોરીયાવીમાં આજની તારીખે છે અને આણંદ જિલ્લામાં ..

**અધ્યક્ષશ્રી** : જયંતભાઈ, આપ એક પાર્ટીના નેતા છો, સિનિયર ધારાસભ્ય છો. જે ચર્ચા ચાલી રહી છે એ સુરેન્દ્રનગર જિલ્લાની છે. એટલે સુરેન્દ્રનગર જિલ્લાની વાત આપ કરો.

**શ્રી જયંતભાઈ ર. પટેલ** : ખરેખર જે પરિસ્થિતિ નિર્માણ થઈ એ આવતા ચોમાસામાં નિર્માણ ન થાય એ રીતે તંત્ર સાબદું રાખીને ખાસ કરીને આણંદ જિલ્લામાં જે કાંસને સાફ કરવાની કામગીરી છે એ ચોક્કસપણે થાય તો મને લાગે છે કે તમે જે નડિયાદના પ્રવાસે આવ્યા, લોકોની રજૂઆત સાંભળી, નડિયાદ, અમારા શંકરભાઈનો વિસ્તાર ચકલાસી, મારો વિસ્તાર બોરીયાવી ત્યાં આજના દિવસે પાણી ભરાયેલું છે તો ચોક્કસપણે તમે પાણી કાઢજો એવી વિનંતી કરું છું.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા (ચોટીલા)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૨ની નોટિસ માનનીય સિદ્ધાર્થભાઈ પટેલ લઈને આવ્યા છે, તેના વિશે કહેવાનું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં જે અતિ વરસાદ પડયો. એના કારણે આખા જિલ્લાના તમામ ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે, કપાસનો પાક ઉભો સુકાઈ ગયો છે, મગફળી, બાજરો અને જુવારને મોટું નુકસાન થયું છે. ખેડૂતોની જમીન છે એ ધોવાઈ ગઈ છે. તો તાત્કાલિક ધોરણે ખેડૂતોને કોઈ સહાય મળે એ જોવું જોઈએ. પશુ પાલકોના ઘણા ઢોર તણાઈ ગયા છે. તો એવા પશુપાલકોને પશુઓનું વળતર મળે અને જે ખેડૂતોનો ખેતીનો પાક નિષ્ફળ ગયો છે એનું સરવે કરીને એને વળતર મળે અને ગ્રામ્ય વિસ્તારોમાં જે મકાનો પડી ગયાં છે એના રહેવાસીઓને વળતર મળે એવી આ તકે સરકારશ્રીને વિનંતી કરું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, પાટડી અને લીમડી એમાં જે વરસાદ પડયો અને એટલું બધું પાણી આવ્યું કે આખા વિસ્તારમાં પાણી છવાઈ ગયું અને એના કારણે ભોગાવો દ્વારા બાવળા મત વિસ્તારના જે ગામડાઓ છે ત્યાં થઈને પાણી જાય છે એના કારણે ચારેબાજુ પાણી છવાઈ ગયું હતું. હમણાં માનનીય કુંવરજીભાઈએ કહ્યું કે, ગામડાઓમાં કોઈ પહોંચ્યું નથી. તાલુકા વિકાસ અધિકારી અને અમે ત્યાં પહોંચી ગયા હતા. અમારા બોનેટ સુધી પાણી આવી ગયું હતું. ટ્રેકટર વડે તાલુકા વિકાસ અધિકારીને બચાવવા પડયા હતા. એવી જ રીતે ફુડ પેકેટસ તાત્કાલિક પહોંચાડયા છે, સરવે પણ તાત્કાલિક થયો છે, મૃત્યુ સહાય પણ તાત્કાલિક પહોંચાડી છે અને એક ડોકટરોની ટીમ લઈને, હોડી દ્વારા અમે ત્યાં પહોંચ્યા છીએ. એક બહેન સગર્ભા હતી એની સારવાર કરી છે. એક ભાઈને સાપ કરડયો હતો એને બાવળા લાવીને સારવાર કરી છે, એક ભાઈને એટેકની બિમારી હતી તો એને વી.એસ.માં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા છે. ગામડાઓના લોકોને બચાવ્યા છે. ફુડ પેકેટસ અને કિટસનું વિતરણનું કામ ચાલુ છે. શ્રી કુંવરજીભાઈએ હીરજી ગામમાં ફોન કરીને જે વિતરણ થતું હતું એ અટકાવી દીધું છે. આપણે એમને કહીએ કે, જે લોકો સાચા છે એમને આપવા દે એમને અટકાવે નહીં. તો આવું કામ નહીં કરતાં જે આપવાની કામગીરી છે એ ચાલુ રાખવી જોઈએ. તેઓ ત્યાં આપવા દેતા નથી અને અહીં ફરિયાદ કરે છે કે કિટસનું વિતરણ થતું નથી તો એ સારું ન ગણાય. સરકારની કામગીરીને આગળ વધવા દે.

માનનીય અધ્યક્ષશ્રી, મામલતદાર, ટી.ડી.ઓ અને માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ આવ્યા હતા, માનનીય મંત્રીશ્રી રમણભાઈ પણ આવ્યા હતા. શ્રી ભુપેન્દ્રભાઈ તથા અન્ય લોકો સતત ત્યાં આવીને આ બચાવની કામગીરી છે એની દેખરેખ રાખી છે. એટલે ખૂબ સુંદર કામગીરી સરકાર તરફથી થયેલી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૨ની નોટીસ માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈએ આપી છે. એમાં દસ ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે. લખતર અને પાટડીમાં જે અનરાધાર વરસાદ થયો અને જે પરિસ્થિતિનું નિર્માણ થયું એની વાત કરી છે. મારે એ વાત કરવી છે કે, રાજય સરકારે આ વિષયને ખૂબ ગંભીરતાપૂર્વક લીધો હતો. કયાંય પક્ષાપક્ષીથી લીધો નથી, કોઈ રાજકીય આટા-પાટા ખેલ્યા નથી. ઈશ્વરની કૃપાથી છેલ્લા સાત વર્ષથી આ રાજયની અંદર અનરાધાર વરસાદ પડયો છે અને એના કારણે ખેતીનું ઉત્પાદન હોય, પીવાના પાણી સમસ્યા દૂર કરવાની હોય આ બધી બાબતોમાંથી રાજય સરકાર મુકત થઈ છે. એમના જમાનામાં ટેન્કરો હતા, આજે ટેન્કરો રહ્યા નથી. એનું કારણ આટલો સારો વરસાદ પડયો છે. છેલ્લે તારીખ ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે સુરેન્દ્રનગર જિલ્લાના ર તાલુકા, લખતરમાં ૩૧ ઈંચ જેટલો ભારે વરસાદ થયો અને પાટડીમાં ૨૧ ઈંચ જેટલો ભારે વરસાદ થયો. હું તો આને ઈશ્વરની પ્રસાદી સમજું છું. જયારે ખેડૂતોએ વરસાદ માગ્યો, ૧૫ દિવસ થયા અને નક્કી કર્યું હોય કે હવે વરસાદ પડે ત્યારે ઈશ્વરે વરસાદ વરસાવ્યો છે. આપણે આવી ઘટનાઓ છેલ્લા પાંચ-સાત વર્ષથી જોઈ રહ્યા છીએ. જયારે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વરસાદ શરૂ થયો ત્યારે અને ૧૮મી તારીખે જ અમારા પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ અને સ્થાનિક મંત્રીશ્રી કિરિટસિંહ અને શ્રી આઈ.કે. જાડેજા આ બધા જ આપણા મંત્રીશ્રીઓ તાત્કાલિક ત્યાં જવા સવારે વહેલા ૫-૦૦ વાગે નીકળી અને લખતર, પાટડી, અને લીંમડી વગેરે સ્થાનો પર પહોંચ્યા હતા એટલું જ નહીં તાત્કાલિક અસરથી લગભગ ૭૩ ગામોની અંદર આની અસર હતી ૩૦ પાટડીના ગામો હતા અને ૪૩ લખતરના ગામો હતા જેમાં પાણી ભરાયાં હતાં અને એટલે અમદાવાદથી બોટો મોકલવામાં આવી, રાજકોટથી મોકલવામાં આવી, એમ્બ્યુલન્સો મોકલવામાં આવી સ્ટાફ સાથે, હૅલિકૉપ્ટર વાયુસેનાનું, મોકલવામાં આવ્યું, એસ.આર.પી.ના ૬૦ જવાનો સામાન સાથે ત્યાં પહોંચ્યા, ધાંગધ્રાથી એક આર્મીની કોલમ પણ ત્યાં પહોંચાડવામાં આવી અને એને કારણે આ બધા જે પહોંચ્યા એમણે કેટલા લોકોના જીવ બચાવ્યા એમાં હૅલિકૉપ્ટરથી ૧૧ નાગરિકોને બચાવવામાં આવ્યા, હમણાં જ

પ્રાગજીભાઈએ જે વાત કરી, એમણે પોતે નિહાળ્યું છે, અને હું કંટ્રોલરૂમમાં હતી અને હું સમયે સમયે કંટ્રોલરૂમ અને ત્યાંના આપણા અધિકારીઓ, કલેક્ટર હોય, મામલતદાર હોય, પ્રાંત ઑફિસર હોય, કોઈપણ વ્યકિતઓની સાથે સતત અમે સંપર્કમાં હતા અને જે પણ એમને જરૂર પડે એ તાત્કાલિક એની વ્યવસ્થા કરવામાં આવતી હતી. બોટથી ૮૧ નાગરિકોને બચાવવામાં આવ્યા, ગામ લોકોના સહકારથી ૧૨ વ્યકિતઓને બચાવવામાં આવી અને બોટ દ્વારા ૫૬ અગરિયાઓને પણ આ સરકારે બચાવી લીધા છે. માત્ર લખતરની અંદર ૪ વ્યકિતોઓના મૃત્યુ થયાં છે અને પાટડીની અંદર ૨ વ્યકિતઓના મૃત્યુ થયાં છે. હમણાં સહાયની આપ ચિંતા કરતા હતા પરંતુ આમાંથી ચારને સહાય ચૂકવાઈ ગઈ છે, એકની સહાય નામંજૂર કરવામાં આવી છે, કારણ કે કપડા સૂકવતી વખતે કરંટથી ઘરમાં એમનું મૃત્યુ થયું હતું અને એટલા માટે એમાં આવી શકતું નથી અને એકને હજુ ચૂકવાઈ નથી કારણ કે કઈ રીતે એમનું મૃત્યુ થયું છે એના માટે એફ.એસ.એલ.ની અંદર મોકલવામાં આવ્યું છે અને જ્યારે પણ એનો જે કંઈ ચુકાદો આવશે એ પ્રમાણે એમને પણ ચૂકવી આપવામાં આવશે. લખતરની અંદર ૭૨૭૫ કુટુંબોને ૩૦૪૪૪ વ્યકિતઓને કેશડોલ ચૂકવી દેવામાં આવી છે અને તેનો ખર્ચ થયો છે ૧૩ લાખ ૬૭હજાર રૂપિયા, એ જ રીતે ૧૪૦ કુટુંબોને ઘરવખરીની સહાય ચૂકવી દેવામાં આવી છે, ૧.૭૫ લાખ રૂપિયાની સહાય ચૂકવાઈ છે. પાટડીની અંદર ૯૩૭ કુટુંબોને ૩૮૯૪ વ્યકિતઓને ૧.૭૬ લાખ રૂપિયા ચૂકવેલા છે અને ૩૭૯ કુટુંબોને ૪.૫૫ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે. બાકી જે કોઈ છે એમને આવતા બે દિવસોની અંદર ચૂકવી દેવામાં આવશે કારણ કે કામગીરી વગેરે ચાલુ છે. અમારા ધારાસભ્યશ્રીઓએ પણ કહ્યું કે ઘાસની જ્યારે પણ જરૂર પડી ત્યારે તાત્કાલિક, કોઈએ માગ્યું નહોતું, પરંતુ કંટ્રોલરૂમમાંથી અમે નક્કી કરીને કહી દીધું કે ઘાસ જેમને પણ જોઈએ અને જેટલું પણ જોઈએ એટલું ઘાસ એમને આપવામાં આવે અને ત્યાં જેમને પણ જરૂર પડે છે તે આવીને ઘાસ લઈ જાય છે. આ સરકાર કેટલી સંવેદનશીલ છે અને ગતિશીલ છે એનો આ નમૂનો છે કે ૫૧ ગામોની અંદર વીજળી એક દિવસ માટે બંધ થઈ હતી, બીજે દિવસે ૫૧ ગામોની અંદર વીજળીને ચાલુ કરી દેવામાં આવી હતી. એક પણ દિવસ બાકી નથી રહ્યો, ખુદ અમારા મંત્રી સૌરભભાઈ પટેલ પોતે લખતરની અંદર, પાટડીની અંદર સવારથી સાંજ સુધી રહ્યા અને પોતે પોતાની દેખરેખ હેઠળ આ વીજની શરૂઆત કરવામાં આવી હતી અને આજે એક પણ ગામ એવું નથી કે જેની અંદર, પાણી ન હોય, વીજ ન હોય. એવી જ રીતે ૫૧ ગામોની અંદર પાણી બંધ હતું કારણ કે વીજળી નહોતી અને એટલા માટે જેવી વીજળી ચાલુ થઈ કે તરત જ પાણી પણ ચાલુ થયું અને કોઈપણ જગ્યાએ પાણીનો પ્રશ્ન ઉભો નથી થયો. પશુ મૃત્યુ બંને તાલુકાઓમાં લખતરમાં ૨૮ પશુઓના મૃત્યુ થયાં છે અને પાટડીની અંદર ૧૬ પશુઓના મૃત્યુ થયાં છે એમ કુલ ૪૪ પશુઓના મૃત્યુ થયાં છે અને આ ૪૪ જે સહાય છે એના પણ ધોરણ અનુસાર અત્યારે હાલ એની ચૂકવણી થઈ રહી છે. પશુઓનું રસીકરણ, ચિંતા તો એ કરવાની હતી કે પશુઓ મૃત્યુ પામ્યા પરંતુ રોગ ના ફેલાય અને જે પશુઓ મૃત્યુ પામ્યા છે એમનો તાત્કાલિક નાશ કરવામાં આવે એના માટે તાત્કાલિક કામનો આરંભ કરવામાં આવ્યો. ૩૨૯૨૨ પશુઓને રસીકરણ આપી દેવામાં આવ્યું છે. ૩૬૬૭ પશુઓને સારવાર આપવામાં આવી છે જેના કારણે કોઈપણ પ્રકારનો રોગ એ વિસ્તારમાં ફેલાયો નથી. જ્યારે સહાયની વાત કરવામાં આવે ત્યારે સામેથી એમ કહેવામાં આવે કે પક્ષીય ધોરણે આ કામ કરવામાં આવે છે. અમે પક્ષીય ધોરણે આ કામ નથી કરતા, માનવતાના ધોરણે આ કામ કરીએ છીએ, અને માનવતા કેવી હોય એ તો નજરે જઈને જોઈએ ત્યારે ખબર પડે છે.અને એટલે જ કોઈ પણ રાજકીય આટા-પાટા ખેલ્યા વગર આ સરકારે જ્યાં પણ ફૂડ પેકેટસ મોકલવાની જરૂર છે ત્યાં મોકલ્યા છે. જ્યાં પાણી મોકલવાની જરૂર છે ત્યાં પાણી મોકલી આપ્યું છે. શાકભાજી હોય કે દૂધનો પાઉડર હોય કે પાણી હોય એ બધું એ ઉપરાંત જ્યારે ઘરોમાં અનાજ પલળી ગયેલું હોય ત્યારે ૨૦ હજારથી વધારે અનાજની કીટસ પણ મોકલવામાં આવી છે.ફૂડ કીટસ દ્વારા બધું પૂરું પાડવામાં આવ્યું છે. પાણી આવે ત્યારે પાણી આવવાના કારણે બે-ત્રણ દિવસ સુધી પાણી રહેવાના કારણે ગામોમાં રોગોનો ફેલાવો થતો હોય છે. એટલે જ આરોગ્ય વિભાગ શરૂઆતથી જ સક્રિય હતું. લખતરના ૨૭ ગામો અને પાટડીના ૧૩ ગામોએ તાત્કાલિક પહોંચી જઈને સારવાર આપવામાં આવી છે. ૨,૬૭,૧૬૦ કલોરિનેશનની ટેબ્લેટ આપવામાં આવી છે. જેથી કરીને કોઈ રોગ ન ફેલાય. ૧૫૮ કિલોગ્રામ બ્લીચિંગ પાઉડરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૬૩૫૨ લોકોને સારવાર અપાઈ છે અને આજે એક પણ ગામ એવું નથી કે જ્યાં આરોગ્યની ટીમ કાર્યરત ન હોય.

નર્મદા યોજના સુરેન્દ્રનગરની અંદરથી પસાર થાય છે. લખતરના લીલાપુર પાસે નહેરનો અઢી મિટરનો પાળો તુટી ગયો હતો. એ ઉપરાંત પંપીંગ સ્ટેશનમાં જે ડક હોય છે એ ખસી ગયા હતા. લખતર તાલુકાના તાવી ગામ પાસે નહેરમાં ગામડું પડ્યું હતું. આ ત્રણેય જગ્યાએ જેવું પાણી ઊતર્યું કે તરત જ આ નહેરનું રીપેરીંગ કામ કરી દેવામાં આવ્યું છે અને હવે એક પણ કામ બાકી રહેતું નથી. માર્ગ અને મકાનની વાત થઈ. સ્ટેટ હાઈવે ૧૬ જેટલા બંધ હતા. એમાં એકાદ-બે સ્થાનો ઉપર ગાબડાં પડ્યાં હતાં, પરંતુ તાત્કાલિક ધોરણે એને પૂરી દેવામાં આવ્યા અને અત્યારે માર્ગ વ્યવહાર ચાલુ થઈ ગયો છે. ૧૬ સ્ટેટ હાઈ-વેનું કામ ચાલુ છે. પંચાયતના રસ્તા ૧૧૪ જેટલા ચાલુ કર્યા છે. માત્ર બે રસ્તાની કામગીરી હાલ ચાલુ છે. જે એકાદ-બે દિવસમાં પૂર્ણ થશે. મારી પાસે જે માહિતી આવી છે, માનનીય ધારાસભ્યશ્રીએ જે માહિતી આપેલ છે એમાં ગામ તળાવોની પાળો તૂટી છે. ઉપરાંત ખેતરોમાં જવાના રસ્તાઓને અસર થઈ છે અને એ રસ્તાઓ ધોવાઈ ગયા છે. આ બન્ને બાબતો ધ્યાન ઉપર મૂકી

છે. એનો સરવે કરાવવાની કલેકટરશ્રીને આજે જ મેં સવારે સૂચના આપી છે. ગામ તળાવોની પાળો તૂટી હોય, ખેતરમાં જવાના રસ્તા તૂટી ગયા હોય તો એનું સરવે કરાવીને એના કામને પૂરું કરવામાં આવશે અને એની વિશેષ ગ્રાન્ટ એ વિસ્તારને આપી દેવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાત્રિના ૯-૩૦ વાગ્યે મિટિંગ પૂરી કરી અને મંત્રીશ્રીઓને તાત્કાલિક સૂચના સાથે બેઠક બોલાવી હતી અને આયોજન કરીને મંત્રીશ્રીઓએ કયા કયા તાલુકામાં પ્રવાસ કરવો અને ત્યાં જઈને કયા પ્રકારની કામગીરી કરવાની છે એની સૂચના આપી છે. એ પ્રમાણે બધા મંત્રીશ્રીઓ નડીયાદ, બોરસદ, પાટડી, બરવાળા કે ધંધૂકા હોય એ બધા સ્થાનો ઉપર અમારા મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ પહોંચ્યા હતાં અને ત્યાં બધો સરવે વગેરે કરવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય મંતીશ્રીનો જવાબ પૂરો થાય પછી વિરામનો સમય રાખીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ૯-૪૦ વાગ્યે શરૂ થયું હતું.

**અધ્યક્ષશ્રી** : પહેલા મંત્રીશ્રીનો જવાબ પૂરો થવા દો. પછી રાઈટ ટુ ક્વેશ્ચનવાળી વાત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મંત્રીશ્રીના જવાબ પછી બે-ત્રણ પ્રશ્નોની છૂટ આપતા હોઈએ છીએ. આજ સુધીનો અનુભવ એવો છે. મંત્રીશ્રી કોઈપણ નિવેદન કરે પછી રાઈટ ટુ ક્વેશ્ચન હોય છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હવાઈ નિરીક્ષણ કર્યું હતું. એમણે પણ જ્યાં જરૂર લાગે ત્યાં સચિવશ્રીઓ અને મંત્રીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. હમણાં અર્જુનભાઈ મોઢવાડીયા એમના વિસ્તારની વાત કરતા હતા. કડચ ગામની વાત કરતા હતા.

**અધ્યક્ષશ્રી** : પોરબંદરનો પ્રશ્ન છે. એને છોડી દો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ખોટી માહિતી ન જાય એટલા માટે મારે કહેવું છે. ધારાસભ્યશ્રીએ લખીને મને આપ્યું છે. સત્ય હકીકત એ છે કે હોડી મોકલવામાં આવી હતી. હોડી દ્વારા બેનને લાવવામાં આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે એમને હોસ્પિટલમાં લઈ ગયા અને રાત્રિના ત્રણ વાગ્યે ડિલિવરીમાં એ મૃત્યું પામ્યા છેકોઈ સહાય નથી મળી એમ કહીને આ * (વિધાનસભાને ગેરમાર્ગે દોરવું) એ યોગ્ય નથી. ત્યાં હોડી પણ પહોંચી છે ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ વાન પણ પહોંચી છે અને બેનને મદદ કરવાની પૂરી તૈયારી કરવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, પોઈન્ટ ઓફ ઓર્ડર છે (અંતરાય) મેં હોડી મોકલી હતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ હું ઊભો છું એટલી વાર તો રહેવા દો. (અંતરાય) મેં સાંભળ્યું છે, આપ બેસી જાવ. માનનીય મંત્રીશ્રી

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હોડી તો સરકારની હતી. એમણે

**અધ્યક્ષશ્રી** : તમે વિગત આપી છે એ બરાબર છે પણ તમે જે એક વાક્ય વાપર્યુ છે * (વિધાનસભાને ગેરમાર્ગે દોરવું એ શબ્દ આપ પાછા ખેંચી લો.)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ મારો જવાબ ચાલુ રહેશે. ૧૦-૩૦ રીસૅસ હશેને.

**અધ્યક્ષશ્રી** : રીસૅસનો સમય લંબાવી દીધો છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એમણે કહ્યું પાછળ..

**અધ્યક્ષશ્રી** : નહિ, રીસૅસ દરમ્યાન તમારું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી આપણે સમય લંબાવ્યો છે. આપ આપનું વકતવ્ય પૂરું કરો એટલા માટે, શબ્દો પાછા ખેંચવા..(અંતરાય) શબ્દો પાછા ખેંચી લો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, શ્રી નીતિનભાઈ મંત્રી જવાબ આપવા સક્ષમ છે. (અંતરાય) હજુ આપની પાસે ૧૦ થી ૧૨ મિનિટ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ સમય મર્યાદામાં પૂરું કરી દઈશ. માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક કહેવામાં આવ્યું કે પાણીના કારણે સરકાર એટલે કે મંત્રી અથવા કોઈ અધિકારીએ એવો જવાબ આપ્યો કે ત્યાં પહોંચી નથી શક્યા. સાહેબ, એક પણ ગામ એવું નહોતું કે જે ગામની અંદર હોડી દ્વારા અથવા હેલીકોપ્ટર દ્વારા અથવા તો બીજા કોઈ સાધન દ્વારા એસ.આર.પી. ના પહોંચી હોય અને આવો કોઈ જવાબ કોઈ તંત્રએ અથવા તો કોઈ અધિકારીએ કોઈને આપ્યો હોય એવું હું નથી માનતી. કારણ કે અમે સતત આ બધા અધિકારીઓની સાથે સંપર્કની અંદર હતા અને એટલા માટે એ વાત કરવી યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાત દિવસ પાણી રહ્યું. સાત દિવસ પાણી રહ્યું જ નથી. બીજે દિવસે તો પાણી ઊતરવા માંડ્યા હતા અને જેમ જેમ પાણી ઊતરતાં ગયાં એમ એમનો સંપર્ક સ્થાપિત થયો અને આપણે કામગીરી પણ શરૂ કરવામાં આવી. જે જમીનનું ધોવાણ થયું છે એની મારે વાત આપને કરવી છે. સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં ૭૦ ગામોમાં પ્રાથમિક અંદાજ મુજબ ૧૨,૭૯૧ હેકટરમાં ઊભા પાકને નુકસાન થયું છે, આ

* (               ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા.

પ્રાથમિક અંદાજ છે. એ જ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાની અંદર ૪૩ ગામોમાં એકંદરે ૭,૬૮૦ હેકટરમાં ઊભા પાકને નુકસાન થયું છે. એજ પ્રમાણે જે જમીનના ધોવાણની વાત છે એનો પ્રાથમિક અંદાજ છે કે લખતર તાલુકાના અંદાજિત ૪૨ ગામોની અંદર લગભગ ૨૫,૦૦૦ હેકટર વિસ્તારની અંદર જમીન ધોવાણના પ્રાથમિક અંદાજો આપણી પાસે છે અને પાટડી તાલુકાની અંદર ૩૦ ગામોમાં પણ ૨૫,૦૦૦ હેકટરમાં નુકસાન થયું હોય એવો પ્રાથમિક અંદાજ આપણી પાસે છે અને અત્યારે હાલ બંને તાલુકાઓની અંદર ૨૫ જેટલી ટીમો આનો સરવે અને વિગેરે કરી રહ્યાં છે અને સરવેના આધારે રાજ્ય સરકાર પી.એલ.એફ.ના જે નિયમો છે એ પ્રમાણે તાત્કાલિક ધોરણે એમની ચૂકવણી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે જે ગામોમાં સતત વરસાદ આવે છે અને ગામો સંપર્ક વિહોણા બની જાય છે. પાછલાં બે વર્ષની અંદર જે સતત વરસાદ આવ્યો છે એને કારણે રાજય સરકારે આ રાજ્યની અંદર ૨૫૦ ગામો એવા આઈડેન્ટીફાય કર્યા છે અને એ ૨૫૦ ગામોને વિલેજ ગામ તરીકે આપણે એને સ્પેશ્યલ ગ્રાન્ટ આપવા માટે નિર્ણય કર્યો છે. એ ગામની અંદર પહોંચવા માટે જેટલો પણ ખર્ચ થાય એટલો ખર્ચ રાજ્ય સરકાર કરવા માટે તૈયાર છે અને એના કન્સ્લટંન્ટ પણ નિમાઈ ગયા છે. આ વર્ષની અંદર ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૧૨૫ ગામોને આની અંદર આવરી લેવામાં આવ્યા છે જેથી એનો રસ્તો ઊંચો બનાવવાની જરૂર પડે યા નાળા મૂકવાની જરૂર પડે યા કન્વર્ટ મૂકવાની જરૂર પડે અથવા તો ડીપ હોય તો એનો બ્રિજ બનાવવાની જરૂરિયાત પડે પરંતુ એ કાયમી ધોરણે આવા ગામો કટ ના થઈ જાય એના માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ વર્ષે ૧૨૫ ગામોને ૨૦૦૮-૦૯ના બજૅટમાં આવરી લેવામાં આવ્યા છે એના ટેન્ડરો બહાર પડ્યા છે અને આવતા દિવસોમાં આ કામો અમે પૂર્ણ કરવા માગીએ છીએ અને ૨૦૦૯-૧૦માં બીજા ગામો છે, ઉપરાંત બીજા કોઈ ગામોનો આમાં સમાવેશ કરવાની જરૂરિયાત ઊભી થશે તો રાજય સરકાર અવશ્ય એ ગામોનો સમાવેશ કરી લેશે. માનનીય અધ્યક્ષશ્રી, જે મકાનો કાચા-પાકા જે મકાનોને અસર થઈ છે એની વાત મારે કરવી છે. લખતર તાલુકામાં સંપૂર્ણ નાશ પામ્યા છે એવા ૨૯ ઝૂંપડા છે અને અંશતઃ નાશ પામ્યા છે એવા ૭૬ ઝૂંપડા છે, ૮૯૦ કાચાં મકાનો નાશ પામ્યાં છે અને ૨૬૮૪ જેટલા મકાનોને અંશતઃ નુકસાન થયું છે. પાકા મકાનો સંપૂર્ણ નાશ થયા છે એવા ૭૭ અને અંશતઃ ૭૮૫ મકાનોનો અત્યારે પ્રાથમિક અંદાજ મારી પાસે છે. માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે પાટડીમાં કાચા મકાનો સંપૂર્ણ નાશ પામ્યા છે એવા ૭૨ છે અને ૫૩૭ અંશતઃ નાશ પામ્યા છે, પાકા મકાનોમાં અંશતઃ નાશ પામ્યા હોય એવા ૭૪ મકાનો છે આ લખતર અને પાટડી તાલુકામાં કાચા-પાકા મકાનો જે સંપૂર્ણ નાશ પામ્યા છે અથવા તો અંશતઃ નાશ પામ્યા છે એનો સરવે લગભગ પૂર્ણતાના આરે છે અને થોડા સમયમાં આ મકાનોની સહાય પણ રાજય સરકાર ચૂકવશે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય શરૂ થયો છે અને ૩૦ મિનિટ પછી ફરી આપણે મળીશું (અંતરાય) (આ તકે વિરોધપક્ષના નેતાશ્રી કાંઈક બોલતાં) તમે ૧૧૨ તરફ જુઓ તો એમાં બહુ જ સ્પષ્ટ છે એમાં કયાંય પ્રશ્ન (અંતરાય) નહીં, નહીં મંત્રીશ્રી બજૅટ બેઠકમાં બોલતા હોય ત્યારે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : આપનો અધિકાર છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, મારો અધિકાર નહીં, હું તો નિયમ પ્રમાણે ચાલુ છું, ૧૧૨માં સભ્ય પ્રશ્ન મૂકે, મંત્રીશ્રીને જવાબ આપવાની પૂરતી તક આપવી, એ ૧૧૨ માં છે, ૧૧૨ મેં જોઈ લીધો છે. (અંતરાય) મારી પાસે એક ચિઠ્ઠી આવી છે એ પ્રમાણે શ્રી રમણલાલભાઈ વોરા, માનનીય મંત્રીશ્રીનો આજે જન્મ દિવસ છે, હું એમને જન્મ દિવસની શુભેચ્છા પાઠવું છું.

**(વિરામ, સવારના ૧૦.૩૭ થી ૧૧.૧૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ...

**સચિવશ્રી::** બાબત ક્રમાંક-૭ સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦) માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સબજયુડિસ મેટર સભાગૃહમાં ચર્ચવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. હું નિયમ-૩૪ તરફ આપનું ધ્યાન દોરું છું, એમાં બહુ સ્પષ્ટ લખેલું છે કે જે કોઈપણ બાબત ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા ન્યાયાલય સમક્ષ નિર્ણયાધિન હોય તે બાબત વિશે ઉલ્લેખ કરવો નહીં અને એના પછી બીજો કલોઝ છે એમાં પણ બહુ કલીયર છે કે આવી બાબતની ચર્ચા કરી શકાય નહીં. માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે એ ગુજકોકને પાસ કરવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરતો પ્રસ્તાવ છે અને આ જ પ્રકારની દાદ જસ્ટીસ ઓન ટ્રાયલ નામની સંસ્થાએ ગુજરાત હાઈકોર્ટની અંદર આ જ પ્રકારની દાદ માગેલી છે એટલે હાઈકોર્ટમાં જે વિચારાધિન બાબત છે એ જ બાબત આપણે લઈ આવ્યા છીએ. એ સિવાય પણ કોલ અને

શકધરના જે વોલ્યુમ છે એના પાના નં. ૧૦૬૬ ઉપર બહુ જ વિગતવાર બધી જ છણાવટ કરેલી છે. માત્ર એમાં છૂટ આપી છે એ કોઈ સંકલ્પને તમામ જગ્યાએ બાદ રાખ્યો છે પણ જો કોઈ નવો કાનૂન બનાવવો હોય તો કાનૂન પૂરતી છૂટ છે. આ નવો કોઈ કાનૂન નથી. કાનૂન ઓલરેડી બની ગયેલો છે અને જે કક્ષાએ વિચારણાધિન છે એને આ આપણો જે ગુજકોક કાનૂન બનાવેલો છે એને મંજુર કરવા માટે કેન્દ્ર સરકારને આદેશ આપવા માટેની દાદ ગુજરાત હાઈકોર્ટમાં માંગેલી છે અને એવી જ વિચારણા, એ જ પ્રકારની વિચારણા આજે આપણે આ ગૃહની અંદર કરીએ છીએ. અત્યાર સુધીની પરંપરા એવી છે કે તમામ વખતે જે અધ્યક્ષશ્રીઓના અગાઉના જે નિર્ણયો છે એ તમામ નિર્ણયો માનનીય અધ્યક્ષશ્રી, હું બધા રીફર કરવા માગતો નથી.

**અધ્યક્ષશ્રી** : તમારે રીફર કરવા હોય તો પણ મને વાંધો નથી કારણકે આ સરસ ચર્ચા છે પરંતુ આ પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા આ ચર્ચા પૂરી થયા પછી પ્રસ્તાવની ચર્ચાનો એક કલાક રહેશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને કોઈ વાંધો નથી સાહેબ. હું સમય ઘટાડવાની વાત કરતો જ નથી. મેં સમય ઘટાડવાની વાત કરી જ નથી.

**અધ્યક્ષશ્રી** : એ તમારો અધિકાર છે. તમે જે રીતે પ્રશ્નને મૂકવા માગતા હોય એ રીતે મૂકો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૧૨૫ પાના ઉપર ૧૯૨મો જે નિર્ણય છે એમાં પણ બહુ સ્પષ્ટ વાત કરેલી છે કે જે બાબત કોર્ટ સમક્ષ હોય તે બાબત ઉપર ચર્ચા ન થઈ શકે. એ સિવાય પણ અનેક નિર્ણયો જે આપેલા છે એ તમામ નિર્ણયોની અંદર પણ આ જ પ્રકારની સબજયુડિસ મેટર છે એના ઉપર છે. ૪૫૮ નંબરનો જે નિર્ણય છે ૩૧૮મા પાના ઉપર એમાં પણ બહુ સ્પષ્ટ છે કે સબજયુડિસ બાબત ઉપર ન્યાયની કોર્ટ સ્વતંત્ર રીતે પોતાના નિર્ણય ઉપર આવી શકે એટલા માટે જે બાબત ન્યાયની કોર્ટ સમક્ષ પડેલી હોય તે અંગે સભાગૃહે પોતાનો અભિપ્રાય વ્યકત ન કરવો જોઈએ. સભાગૃહ એ જ બાબત ઉપર પોતાનો અભિપ્રાય વ્યકત કરવા જઈ રહ્યું છે. જે બાબત કોર્ટ સમક્ષ વિચારણામાં છે એ જ બાબત આપણે અહીંયા વિચારીશું અને એ જ બાબતમાં આપણો અભિપ્રાય આપીશું એટલે એ પછીના નિર્ણયો પણ એવા જ છે કે જેમાં કાયદા બનાવવા સિવાયની પ્રક્રિયા છે. કાયદો બનાવવો એ આ ગૃહનો અધિકાર છે. આ ગુજકોકનું બીલ ફરી પાછું લઈ આવીને વિચારણા કરવી હોય તો કરી શકે.પણ જે વિચારણા ગુજરાત હાઈકોર્ટ કરી રહી છે, તે પ્રકારની વિચારણા છે કે કેન્દ્ર સરકારને આદેશ કરવાનો, કેન્દ્ર સરકારને વિનંતી કરવાની અને એ જ સંકલ્પ અહીયાં લઈ આવેલ છે. કાયદો લઈ આવેલ નથી. માત્ર સંકલ્પની વિચારણા છે, એટલા માટે આ વિચારણા થઈ શકે નહિ અને આ બાબતે નિર્ણય આપ આપો એવી મારી આપને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : હું નિર્ણય આપું તે પહેલાં આપને સાંભળીશ જ. આપની જાણ માટે. માનનીય અર્જુનભાઈ આ અંગે એક પત્ર વિરોધપક્ષના નેતાશ્રીએ મને લખ્યો હતો, એના ઉપર મેં ખૂબ જ, પહેલા બે તબક્કે જવાબ આપ્યો છે. એ જવાબ જોઈ ગયા હોત તો અત્યારે પ્રશ્ન ઉપસ્થિત કરો છો. એની અંદર મેં એમાં ઘણું જ ચિંતન કર્યુ છે એ મારા રૂલિંગની અંદર કહીશ. મેં આ અંગે ખૂબ જ આ દાખલ કરતી વખતે અને એના પછી પણ પત્ર આવ્યા પછી ખૂબ એકેડેમેકલી ચર્ચા કરી છે. ચિંતા કરી છે અને લોકસભાનો પણ અભિપ્રાય મંગાવ્યો છે. આપ બંનેને સાંભળીને હું નિર્ણય કરીશ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે મુદો ઉપસ્થિત કર્યો. વિધાનસભાના નિયમોને લાગે વળગે છે. નિયમોને જ્યારે એક યા બીજી રીતે interpret કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે સંસદીય પ્રણાલિઓ અને કાર્યરીતિને લગતી બાબતો પણ લક્ષમાં લેવાની હોય છે. Jurisprudence પાયાનો સિદ્ધાંત એ છે કે When you have any doubt regarding the basic intention of the law just lift the wale and look beyond and you will come to know what was the intention for which such kind of law was created. મારી વાતના સંદર્ભમાં અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગૃહ જે પ્રસ્તાવ લઈ આવવા માગે છે એ સંપૂર્ણપણે યોગ્ય છે, એના સંદર્ભમાં આ સંસદીય પ્રણાલિઓ અને કાર્યરિતી જે પુસ્તક છે એના ભાગ-૨, પાન નં. ૯૧૮ અને ૯૧૯ પરથી કેટલીક બાબતો ટાંકવી છે. આ પુસ્તકમાં ન્યાયાધીન બાબતો હોય તેવી બાબતો અંગેની ચર્ચા અંગે ખૂબ જ સરસ છણાવટ આપવામાં આવી છે. એમાં એવું કહેવામાં આવ્યું છે કે દેશના વહીવટને લગતી બધી જ બાબતોને લગતી ચર્ચા વિચારણા કરવી તે ધારાસભ્ય અને તેના સભ્યોનો વિશેષાધિકાર છે. ગૃહમાં વાણી સ્વાતંત્ર એ સંસદીય લોકશાહીનું તત્ત્વ છે અને આ સ્વાતંત્ર ઉપર જે નિયંત્રણો મૂકવામાં આવ્યા છે, તે અમુક અંશે ગૃહે પોતાના ઉપર લાદેલા છે. This is a self-imposed limitation of the House restraining itself to express on a certain particular issue. અને એ નિયંત્રણ જે લાગ્યું છે એ ગૃહે પોતાના ઉપર જાતે લાદેલું નિયંત્રણ છે. એમાનું એક નિયંત્રણ એ છે કે જે બાબતો કોર્ટમાં ન્યાયાધીન હોય તે બાબતોની ચર્ચા ગૃહમાં ટાળવી જોઈએ, ન થઈ શકે એવું નથી કહ્યું. જેથી કોર્ટોની બહાર જે કઈ કહેવામાં આવે એનાથી કોર્ટો ઉપર અવળી અસર પડે નહિ. સાહેબ આગળ એવું કહ્યું છે કે subjudice નિયમ લાગુ પાડતી વખતે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે વાણી સ્વાતંત્રના પ્રાથમિક અધિકાર ઉપર ધારાસભાના હિતની વિરૂદ્ધ બીનજરૂરી રીતે કોઈ કાપ તો નહિ આવે ને? વાણી સ્વાતંત્રનો પ્રાથમિક જે અધિકાર છે એ આ ટેકનિકાલિટીના કારણે આ ગૃહ સર્વોચ્ચ છે અને એના વાણી સ્વાતંત્રના અધિકાર ઉપર એના મૂળભૂત અધિકાર ઉપર આ પ્રકારનું નિયમન

લાદવાથી કોઈ તરાપ આવશે? આ બાબતે લોકસભાના અધ્યક્ષે ૯-૫-૬૯ ના રોજ એક એવો નિર્ણય આપ્યો હતો કે જે બાબત કોર્ટમાં ન્યાયધીન છે, તે બાબતને લગતો પ્રસ્તાવ દાખલ કરવો કે ગૃહમાં ચર્ચાવા દેવો કે કેમ? તેને લગતા નિયમનું અર્થઘટન ચુસ્તરીતે કરવું જોઈએ. એક બાજુ અધ્યક્ષે ધ્યાનમાં રાખવાનું છે કે ગૃહની ચર્ચા ન્યાયની પ્રક્રિયાને અવળી અસર કરે નહિ, ત્યારે બીજી બાજુ અધ્યક્ષે એ પણ જોવાનું છે કે કોઈ બાબતને મળતી આવતી અથવા તેની સાથે સંકળાયેલી બાબત કોર્ટમાં હોય તે જ કારણસર ગૃહને કોઈ તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર ચર્ચા કરતા રોકવું જોઈએ નહિ. માનનીય અધ્યક્ષશ્રી, આપની મંજૂરી મળે એ પ્રસ્તાવ દાખલ કરવા માટેની એનો અર્થ એ થાય કે તેને ઓર્ડર ઓફ ધી ડેમાં દર્શાવવામાં આવ્યું એનો અર્થ એ થાય કે આ બાબતે લોકસભાના અધ્યક્ષશ્રીએ જે તે સમયે રૂલિંગ આપ્યું છે તે અંગે પૂરતી વિચારણા કરવામાં આવી છે અને આપે માનનીય વિપક્ષના નેતાશ્રીને શું જવાબ આપ્યો તેની મને ખબર નથી પણ મને લાગે છે ત્યાં સુધી આ બાબતે આપે જે કઈ માર્ગદર્શન આપવાનું હશે તે આપ્યું હશે. આગળ એવું કહેવાયું છે કે મારા અભિપ્રાય પ્રમાણે "સબજયુડિસની કસોટી એ હોવી જોઈએ કે ગૃહમાં જે બાબત ચર્ચા માટે માગણી કરવામાં આવી છે તે તત્વત: કોર્ટમાં જે બાબત ન્યાયાધીન છે તેના જેવી છે" ત્યારબાદ તે સંસ્થાપિત થયેલો નિયમ છે કે ન્યાયાધીન બાબતની ચર્ચા નિયમ બાહ્ય છે અને એવો નિર્ણય આપવામાં આવ્યો છે કે જયાં સુધી કાયદાકીય કાર્યવાહી ખરેખર શરૂ ન થાય ત્યાં સુધી બાબત ન્યાયાધીન બનતી નથી. કોઈ બાબત ન્યાયાધીન છે કે કેમ? તેનો નિર્ણય અધ્યક્ષ દરેક કેસના ગુણદોષ ઉપર કરે છે. The ultimate authority to decide about whether the subject under discussion is subjudice and therefore this House should be permitted to debate on that or not ultimately vested in the authority of the House, that is Hon'ble Speaker. The matter is to be adjudicated at your level, Sir. By quoting any Rule of the Assembly it will not become subjudice. અધ્યક્ષશ્રી, કોર્ટમાં રીટ પીટીશન દાખલ થવા ઉપર બાકી હોય તે બાબત સબજયુડિસ બનતી નથી. જયાં સુધી વિશેષાધિકારની બાબતોને સંબંધ છે ત્યાં સુધી તેના વિશેષાધિકારની બાબતમાં ફકત ધારાસભા એકલી જ તેના અંગે નિર્ણય કરી શકે છે. સબજયુડિસનો નિયમ તેને લાગુ પડતો નથી. The House is supreme as far as the specific rights are concerned. The authority of the House cannot be superceded by any other extraneous authorities which abrogates the authority which is vested in this supreme body. એટલા માટે જ આ વાંધો ટકતો નથી. ત્યારપછીની વાત કરીએ તો સુપ્રીમ કોર્ટમાં અપીલ બાકી હોવાના કારણે જે બાબત સબજયુડિસ છે તેને લગતા વિધેયક ઉપરની ચર્ચા પણ નિયમસરની છે. Even if it is pending in the Supreme Court. કરી શકાય. સર પાગે સમિતિ રચવામાં આવી હતી આના માટે પાગે સમિતિની પ્રમુખ અધિકારીઓની સમિતિ એટલે પાગે સમિતિએ સબજયુડિસના નિયમની વિચારણા કરી નીચેના માર્ગદર્શક સિધ્ધાંતો આપ્યા છે. તેને એવું કહયું છે કે વાણી સ્વાતંત્ર્ય પ્રાથમિક અધિકાર છે. The cardinal principle is the Freedom of Speech which is a right given by the Constitution. It is the constitutional right which cannot be abrogated in any manner. વાણી સ્વાતંત્ર્ય પ્રાથમિક અધિકાર છે. જયારે સબજયુડિસનો નિયમ તે ધારાસભાએ પોતે લાદેલું નિયંત્રણ છે. જયારે બંને વચ્ચે પસંદગી કરવામાં આવે When you have to give preference to the fundamental rights which is assured to you and this August House by the provisions under Constitution and something which is self-restraint created by this House for a well meaning reasonability, Sir, I think Fundamental Rights prevails over it amd therefore the right of this House is perfect within its own rights to discuss matters. I will slightly elaborate this when I go further. વિશેષાધિકારની બાબતમાં સબજયુડિસનો નિયમ લાગુ પડતો નથી. સામાન્ય રીતે કાયદો પસાર કરવાની બાબતને સબજયુડિસ નિયમ લાગુ પડતો નથી. સબજયુડિસનો નિયમ ભારતના કોઈપણ ભાગની દિવાની અને ફોજદારી કોર્ટો અને કોર્ટ માર્શલ આગળની કાર્યવાહીને લાગુ પડવો જોઈએ અને સામાન્ય રીતે બીજી ન્યાયિક અને અન્ય ન્યાયિક સંસ્થાઓને લાગુ પડતો નથી. સબજયુડિસનો નિયમ વિધેયક, પ્રશ્નો, નિવેદનો લગતા પ્રસ્તાવો સિવાયના પ્રસ્તાવો, સંકલ્પો અને બીજી ચર્ચાઓને લાગુ પડે છે. સબજયુડિસનો નિયમ ફકત કોર્ટ સમક્ષ જે ચોકકસ મુદ્દા હોય તેને જ લાગુ પડે છે. I will come to that point which the Hon'ble Member has raised. એકબીજા સાથે સંકળાયેલી બાબતો કે જેનો અમૂક ભાગ સબજયુડિસ હોય અને અમૂક ભાગ સબજયુડિસ ન હોય તેવા કિસ્સામાં જે બાબતો સબજયુડિસ ન હોય તે બાબતોની ચર્ચા કરવા દઈ શકાય અને સબજયુડિસના નિયમ બાબત જે સમય દરમ્યાન કોર્ટ અથવા કોર્ટ માર્શલની સક્રિય વિચારણા ચાલુ હોય તે સમય પૂરતો આ નિયમ લાગુ પડે Sir, having quoted this, now I will try to answer the issues raised by the Hon'ble Member. He has raised some very pertinent issues,Sir. પહેલો મુદ્દો એ છે કે એવું કહેવામાં આવ્યું કે કોઈ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા જે રીટ કરવામાં આવી છે, તે રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ ગુજકોક બિલને કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિને સર, રીટ શાના માટે છે? What are we going to discuss? રીટ એના માટે છે કે કેન્દ્ર સરકાર એક વખત, આ વિધાનસભાએ કાયદો મંજૂર કર્યો, કેન્દ્ર સરકારને મોકલ્યો, માનનીય અમીતભાઈ, એની વિગતો

કાલે આપી છે, હું પુનરોકિતમાં પડતો નથી. પણ કેન્દ્ર સરકારે કહયું કે આ બે કલમો બરાબર નથી એટલે તમે એને પડતી મૂકો, આપણે સ્વીકારી અને પુન: મોકલ્યો, આ પછીની પ્રક્રિયા એ છે કેન્દ્ર સરકારે જાતે એના ઉપર કોઈપણ પ્રકારના નિર્ણય લેવાની પ્રક્રિયાની There is reasonability. In any law there is a reasonability of time. You cannot withhold it indefinitely. આપ કઈ રીતે માનનીય રાષ્ટ્રપતિ સામે નથી મૂકતા? You place it before his Excellency the President of India. It is his sole right and prerogative of the President of India to give assent to the bill or not. સાહેબ, અહીંયા તો લોકશાહી રીતે ચૂંટાયેલી સરકાર, લોકશાહી પ્રણાલિના costitutional authority છે, એની પાસે સાહેબ એ જવા ન દે, એના માટે રીટ કરવામાં આવી છે. (અંતરાય) માનનીય શકિતસિંહજી...

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, આપે જે કહેવું હોય તે કહી શકશો, મારી વાત સાંભળો, કામકાજ સલાહકાર સમિતિમાં થયેલી વાત ( અંતરાય) તમે શા માટે માનનીય નીતિનભાઈને કહો છો? મને ખબર નથી પડતી, પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર આપણે એક ગંભીર ચર્ચા કરીએ છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, ગંભીરતાને સમજીએ, પણ પોઈન્ટ ઓફ ઓર્ડર મુદ્દાને સમજીએ પ્રવચન કરવા માટે....

**અધ્યક્ષશ્રી** : નહીં, પહેલી વાત એ છેકે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર સબજયુડિસ છે કે નહીં, એ મુદ્દા ઉપર માનનીય સભ્યશ્રી, આપણી પ્રણાલિકાઓ (અંતરાય) આપને પણ તક આપીશું, કોઈ સવાલ જ નથી. મેં આ ચર્ચાને ખૂબ academically લીધી છે, આપે પત્ર લખ્યો એ પત્રના જવાબમાં પણ academically લીધો છે અને અહીંયા અત્યારે પણ હું ચર્ચાને રોકવા માગતો નથી. ચર્ચા માટે જે સમય યોગ્ય હોય તે આપવો પડે (અંતરાય ) મહેરબાની કરીને બાકીના કોઈ સભ્ય કોઈપણ પ્રકારની ટીકા કરશે તો એને બહાર કાઢી, (અંતરાય) એ ચલાવી નહીં લઉં, ભાઈ. આપ બહાર જાઓ, માનનીય જયંતિભાઈ, રોજ તમારી ટેવ છે, આપ બહાર જાઓ, નહીં, સોરી, કારણ કે તમને હું રોજ સૂચના આપું છું અને રોજ તમે ડીસ્ટર્બ કરો છો.

(આ તબકકે સભ્યશ્રી જયંતિભાઈ ભાનુશાળી માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ છોડી ગયા.)

**શ્રી જયનારાયણ વ્યાસ** : સર, I will continue what I was saying. કે જે રાજય સરકારે કાયદો પસાર કરીને મોકલ્યો છે, એ કાયદાને મંજૂરી આપવા માટેની પ્રક્રિયા અર્થે જ, સાહેબ, જે રીટને ટાંકવામાં આવે છે તે એની મંજૂરી આપવાની પ્રક્રિયાનો કેન્દ્ર સરકારને directive આપવા માટેની રીટ છે. આ પ્રસ્તાવ ઉપર એના સમર્થન માટે, એટલે કોઈ રીતે એ રીટના વિરૂદ્ધ અથવા કોઈ રીતે એને prejudice કરે એવું નથી.

સાહેબ, મારો મુદ્દો બીજો છે, એ વખતે આ સન્માનનીય ગૃહે આ બિલ મંજૂર કર્યુ છે, એ મંજૂર કરેલું બિલ એ જે એની જે પ્રક્રિયા નિર્ણયની છે એ પ્રક્રિયા આગળ વધારીને મંજૂરી આપવી એના માટેનો આ પ્રસ્તાવ છે. This is a process in continuance. This house passed the resolution and the House is just trying to pick up the thread as there is no result emerging out of it. સાહેબ, કોઈપણ જગ્યાએ ફોલોઅપ કરવાનો અધિકાર તો જેને છે એ તો છેને, મેં અરજી કરી છે, મારી અરજી ત્યાં પડતર છે મેં બે વખત resolution પાસ કર્યું છે, મને મંજૂરી આપો. સર, આ પ્રસ્તાવનો હાર્દ છે તે આ છે.

સાહેબ, ત્રીજો મૃદ્દો એ છે કે, અત્યાર સુધીના કિસ્સામાં આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રીએ મુદ્દો ટાંકયો તે તો, વડી અદાલત (અંતરાય) રાજય કક્ષાએ પડતરની વાત છે. સર, આ સન્માનનીય ગૃહમાં સુપ્રીમ કોર્ટમાં પડતર કિસ્સાઓ હોયને, નર્મદા યોજના એ એમાંનો એક કેસ હતો, એના ઉપર આ ગૃહમાં એક કરતાં વધારે ચર્ચાઓ અને ઠરાવો પસાર થયા છે. નર્મદા યોજના એ ગુજરાતના હિતની યોજના હતી, સર્વપક્ષિય વિચારણામાં લઈ એના ઉપર ઠરાવ થયા છે. હું માનું છું કે ગુજરાતના એકેએક નાગરિકને સંરક્ષણ મળે, ગુજરાતનો એકેએક નાગરિક ચેનથી જીવી શકે. ગુજરાતના એકેએક નાગરિકને સલામતી મળે એ માટે મને નવાઈ એ લાગે છે કે, એમના જ • (xxxx) બે-ત્રણ દિવસ પહેલા જાહેર એ કર્યું છે કે, આ દેશમાં પોટા કરતાં પણ વધારે કડક કાયદો હોવો જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયનારાયણભાઈ, પ્લીઝ આઈ રીકવેસ્ટ યુ કે તમે પૉઈન્ટ ઑફ ઑર્ડરની અંદર જ કહો અને એજ લાઈન ઉપર તમે છો બીજી જે રાજકીય ચર્ચા કે રાજકીય અવલોકનો હોય એને બાદ કરો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : નર્મદા યોજના ઉપર પણ આ ગૃહે પ્રસ્તાવો કર્યા છે. સર, મારો છેલ્લો મુદ્દો એ છે કે કોઈ પણ બાબત સબજયુડિસ છે એટલે વિધાનસભામાં એની ચર્ચા ન થઈ શકે એવું કહેવું ઉચિત નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ વાતને મેં કાઢી નાંખી છે, તમે કહો એ પહેલા મેં કાઢી નાંખી છે.

---

•(xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : આપ એમને * (xxxx) પણ નથી કહેવા માગતા? (અંતરાય) વિધાનસભાની સામે કોઈ મુદ્દો સબજયુડિસ છે એમ કહીને એની ચર્ચા ન થઈ શકે એમ કહેવું યોગ્ય નથી. આ ગૃહના અધિકારો આપણે નક્કી કરીએ. હા, એ કોઈ પણ રીતે કોર્ટની પ્રક્રિયામાં આડી આવતી હોય, કોર્ટની પ્રક્રિયાને ક્યાંક પ્રેજયુડાઈઝ કરે એવી વાત હોય, ક્યાંક કોર્ટના નિર્ણયને અસર કરે એવી બાબત હોય તો ગૃહ એનો અભિપ્રાય વ્યક્ત કરે, એનો છેવટનો નિર્ણય લેવાની ગૃહની સર્વોચ્ચ સત્તા અમે આપને આપીએ છીએ. એટલા માટે તો અમારી સુપ્રીમ કોર્ટ ગૃહમાં એ માનનીય અધ્યક્ષશ્રી છે તેવા સમયે આ મુદ્દો સબજયુડિસ છે એવી ટેકનિકાલિટીના કારણે જે બિલનો પેસેજ અટવાયો છે એ અંગે આ વિધાનસભા કોઈ ઠરાવ પસાર ન કરે, કોઈ પ્રસ્તાવ હાથ પર વિચારણામાં ન લે એવી વાત કરવી એ ઉચિત નથી. એટલે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈના જે વાંધાઓ છે પૉઈન્ટ ઑફ ઑર્ડર નીચેના અને અર્જુનભાઈએ જે વાત કરી છે એમાં મેં જે વાત વિગતે કરી છે એના કારણસર એ ટકતા નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને પત્રો બે વચગાળાના મોકલ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એક તરફ નિયમો બહુ સ્પષ્ટ હોય બીજી તરફ કોઈ પ્રણાલિકાઓ હોય ત્યારે what will prevail? આપણા રૂલ્સ છે એ પ્રીવેઈલ કરે. I would like to draw your attention on page no.૧૩. આપણા રૂલ્સ, વિધાનસભાના નિયમો ગુજરાતી બૂકમાં પાના ૧૩, નિયમ-૩૪, "દરેક વક્તવ્યની બાબત જે પ્રસ્તાવ પર વક્તવ્ય કરવામાં આવે તેને લગતી હોવી જોઈએ. સભ્ય બોલતા હોય ત્યારે - this is very relevant, તેમણે જે કોઈ પણ બાબત ભારતના કોઈ પણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા ન્યાયાલય સમક્ષ નિર્ણયાધીન હોય તે બાબત વિશે ઉલ્લેખ કરવો નહીં." માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણયાધીન કોને ગણીએ? એ બાબત પર હું આવું છું. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીએ ભૂતકાળમાં જે નિર્ણયો આપ્યા છે તેના તરફ આપને હું દોરી જઈશ. એક વાત માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈના વાંચનમાંથી સ્પષ્ટ એમણે કરી કે, "સ્વયમ્ લાદેલી શિસ્ત છે." તો શું આપણે સ્વયમ્ લાદેલી શિસ્તને તોડવા માગીએ છીએ? આપણે સ્વયમ્ લાદેલી શિસ્ત છે કે આ બાબત અમે નહીં ચર્ચીએ કે જે ન્યાયાધીન છે. શું આપણે નર્મદાના ગુજરાતના હિત અને ગુજકોક કે જેમાં ટેરેરીઝમ નામનો કોઈ ઉલ્લેખ નથી, ટેરેરીસ્ટને કંઈ લેવાદેવા નથી એના માટે જુદા કાયદાને એક ગણીને ચાલીશું? માનનીય અધ્યક્ષશ્રી, એ સંજોગોમાં હું આપનું ધ્યાન માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪, નિર્ણય ક્રમાંક ૪૫૮, to save time of this Hon'ble Honour, I will read only relevant lines. પાનું ૩૧૯ પર પહેલી લીટી પછીનો જે પેરેગ્રાફ છે એમાં સેકન્ડ પેરેગ્રાફ.....કોર્ટના તિરસ્કારના ગુના માટે...... I will read further, Your Honour may kindly underline this, આ કોર્ટના તિરસ્કાર ગુના માટે જવાબદાર થવાના અને એને આ સભાગૃહના સભ્યોનું જે રક્ષણ છે એ રક્ષણ એમને રહે, એટલે આ સભાગૃહ હંમેશા એ રીતે વિચાર કરીને ચાલે કે કોર્ટ સ્વતંત્ર રીતે પોતાના નિર્ણય ઉપર આવે એટલા માટે પોતે કોઈપણ અભિપ્રાય વ્યકત ન કરે આજે જે સવાલ છે એ સવાલમાં જે બળાત્કાર સંભોગનો ગુનો છે એને કાંઈ સંબંધ આવતો નથી. એવી જ રીતે હુલ્લડ મચાવવાવાળા લોકોએ કોણે હુલ્લડ મચાવ્યું હતું એ પ્રશ્ન પણ આવતો નથી એટલે એ પ્રશ્નની ફરિયાદો પોલીસમાં પડી હોય કે કોર્ટમાં થઈ હોય તો પણ એ આપણે માટે અત્યારે મહત્વની નથી. મહત્વની વાત માત્ર એટલી જ છે કે ગોળીબારથી જે મરણ થયું છે એ મરણ એ વખતે થયેલું છે કે કેમ અને ગોળીબારથી થયું હોય તો કોની ગોળીથી થયું છે એ પ્રશ્ન અત્યારે પણ ચર્ચાવા પડે અને એ જ પ્રશ્ન જે કોઈપણ ઈન્કવાયરી કરનાર ઓથોરિટિ હોય પછી ન્યાયાધીશ હોય કે ગમે તે હોય એણે પણ એ જ પ્રશ્નનો નિર્ણય કરવો પડે. એટલે એકજ વખતે ન્યાયની કોર્ટ અને ન્યાયની કોર્ટ સિવાયની વ્યકિત બે એકજ કામના માટે નિર્ણય ઉપર આવવાનું કરી નહિ શકે એવું કરવાની વાત આપણે કરીએ એ આપણા નિયમોની સાથે સુસંગત નહિ થાય એટલે મને એમ લાગે છે કે આ સંકલ્પની ચર્ચા આપણે અહીં કરી શકીશું નહિ. માનનીય અધ્યક્ષશ્રી, પેલા કરતાં સામાન્ય બાબત, એમ છતાં માનનીય રાઘવજીભાઈ લેઉઆનો એ નિર્ણય, કે આ ચર્ચાઓ અહીંયા નહિ થઈ શકે, માનનીય મનોહરસિંહજી જાડેજાના પોઈન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં, ન્યાયાધિન બાબતોને હાઉસમાં ન ચર્ચવી, એ માટેના નંબર ઓફ જજમેન્ટ્સ છે હું આપને લેખિત સ્વરૂપે મોકલી આપીશ, જેથી જયારે આપ, આપનો નિર્ણય કરવાના હો ત્યારે, આપનો નિર્ણય કરવામાં આપને એ મદદરૂપ થઈ શકે. આપ જે નિર્ણય આપવાના છો એની અસરો દુરોગામી પડવાની છે. આપે નિર્ણય આપ્યો છે. આ પોઈન્ટ ઓફ ઓર્ડર, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ, એક એકેડેમીક ડિસ્કશન થાય એના માટે આપે ફુલફલેઝ એલાઉ કર્યો છે. હું માનું છું એ સારી બાબત છે. ગુજકોક તો ચર્ચાવાનો છે અને અમારી સંપૂર્ણ તૈયારી છે અને અમે એનો જવાબ પણ આપીશું, આતંકવાદ સામે લડવા માટેની અમારી કટિબધ્ધતા અમે બરાબર સાબિત કરીને રહીશું, હું આપને જે બાબત કહેવા માગતો હતો, કે ન્યાયલય પાસે કઈ બાબત પેન્ડિગ છે, મેં આપને સ્પેશ્યલ સી.એ.નો નંબર આપ્યો છે. I do understand that if the matter is just filed before the Hon'ble Court, we cannot say it is subjudice matter. તો આપણા અધિકાર ઉપર તરાપ આવશે કે કાલે કોઈપણ બાબત આવવાની હોય અને હું હાઈકોર્ટમાં મેટર ફાઈલ

કરી આવું, This matter is pending before Hon'ble Court, do not disucss it. નો સર, આ મેટરને લાગેવળગે છે ત્યાંસુધી એ સ્ટેજ નથી. મેં જાતે સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નંબર-૨૪૯૨૩/૨૦૦૬ filed by Justice on Trial V/s Union of India and others wherein, in this matter, Government of Gujarat is a contesting party. કેટલીક બાબતો આ પોઈન્ટ ઓફ ઓર્ડરને રિલેવન્ટ છે. બધી જ બાબત હું લેવા નથી માગતો અને એ બાબત એ છે કે, આ મેટર નામદાર હાઈકોર્ટ પાસે ફાઈલ થાય છે, નામદાર હાઈકોર્ટમાં મેટર સરકયુલેટ થાય છે, નામદાર હાઈકોર્ટ આ મેટરને at length સાંભળે છે. After hearing the petitioner, Hon'ble Court was pleased to issue notice. નોટિસ ઈસ્યુ થાય છે, નોટિસ ઈસ્યુ થયા પછી within span of five weeks Government of India is filing a reply to the matter. ગુજરાત સરકાર જે ગુજકોકની ચિંતા કરે છે, આ જ વિષયની મેટર હાઈકોર્ટમાં, આઠ મહિના સુધી નામદાર હાઈકોર્ટમાં એફીડેવીટ ફાઈલ નથી કરતી. આઠ મહિના પછી આ મેટરમાં ગુજરાત સરકારની એફીડેવીટ ફાઈલ થાય છે.ડે ટુ ડે basis ચલાવો તે આરગ્યુમેન્ટ થાય છે. Give direction to Government of India, give direction to President of India કે અમને આ બિલ અમારું મંજૂર કરીને આપો. જયાં નથી ફવાતું મેટર આજકાલની પેન્ડીંગ નથી. મેટર ડે ટુ ડે બેઈસીઝ પર હિયરીંગ્સ ચાલે છે Proceedings are completed, affidavit, counter affidavit, reply, rejoinder - everything is filed. શું આપણે આને subjudice નહીં કહીએ ? જો આપણે આને subjudice નહીં કહેવાના હોઈએ because we have some political interest. We want to discuss this in the House to gain political mileage, તો મને એમ લાગે છે કે માનનીય અર્જૂનભાઈએ અત્યંત વાજબી મુદ્દો ઉપસ્થિત કર્યો છે. મને વાંધો નથી ગુજકોકની બાબતમાં કે નાણાવટી કમિશનની બાબતમાં કોંગ્રેસ પક્ષ ચર્ચાથી કયારેય દૂર જવાનો નથી. કોશિષ થશે ઉશ્કેરીને બહાર કાઢવાની નહીં જઈએ, અહીં બેસીને અમારો કેસ મૂકીશું આપની સામે અને ગુજરાતની જનતા સામે કે કયાં અમે છીએ અને એટલા માટે આ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દામાં હું આ ચર્ચાઓને રોકવા નથી માગતો પણ(અંતરાય)માનનીય અધ્યક્ષશ્રી, આપ મને રોકવાવાળા બેઠા છો પણ કયાંક સાચું આવેને તો ચચળે છે. તે ચચળાટ છે, આપ મને રોકવા બેઠા છો. માનનીય જયનારાયણભાઈએ જે રીતે ચલાવ્યું..

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી, મારે તમને જરાય નથી રોકવા, જરાય નથી ટોકવા, તમને ઉંચકીને બહાર પણ નથી કાઢવા. તમે બોલ્યા એટલે મારે કહેવું પડે છે. કે કોશિષ થશે, પણ બહાર કાઢવાની જવાબદારી મારી છે. અને જયાં સુધી કોઈ પણ સભ્ય બેઠક છોડીને વેલમાં આવ્યા પછી જ તે નિર્ણય કરવાનો છે અને તમે કહો છો કે આ નથી કરવાના, પછી તે પ્રશ્ન રહેતો નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયનારાયણભાઈએ ચલાવ્યું એવું બોલ્યા. એ શબ્દો પાછાં ખેંચાવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈ અસંસદીય શબ્દોને વાંચી લે અને તેમાં જો ચલાવ્યું હોય તો હું પાછાં નહીં તેમની માફી માંગીશ.(અંતરાય) આપ વાંચતા શીખોને? પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવતાં પહેલાં વાંચવાની ટેવ રાખો.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી, નીતિનભાઈ, કહ્યું અને ચલાવ્યું તેમાં શું ફેર પડે? .(અંતરાય) અરે, એલાઉ જ છે તમે પણ કહી શકો. તમે પણ વાપરી શકો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે સરસ બુકલેટ હમણાં તૈયાર કરી છે તે શાંતિથી વાંચી જાય.

**અધ્યક્ષશ્રી** : આમાં કંઈ અણછાજતું હોય તો હું તરત કહું. આપ બન્ને વચ્ચે, હવે વચ્ચે વચ્ચે રિશેષ જોઈતી હોય બે-ત્રણ મિનિટની તો આપવા માટે પ્રયત્ન કરતા હોય તેમ લાગે છે. માનનીય શકિતસિંહજી આપ પોઈન્ટ ઉપર આવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ પોઈન્ટ ઓફ ઓર્ડરને લગતા મુદ્દામાં મારી મેઈન ત્રણ જ વસ્તુ ઉપસ્થિત કરું છું. આપણા નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ છે કે આ નિયમો આપણને ન્યાયાધિન બાબતોની ચર્ચા કરતાં જયારે નિયમ રોકતો હોય ત્યારે નિયમની ઉપરવટ કશું જ ના હોય, નિયમ સ્પષ્ટ ના હોય તો જ આપણે કયાંક બહાર નજર દોડાવવી પડે. અહીં નિયમ સ્પષ્ટ છે. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો આપ નિર્ણય આપો તે પહેલાં હું આપને મોકલી આપીશ.અને તેમાં સ્પષ્ટ છે કે ન્યાયાધિન બાબતોની ચર્ચા ના થઈ શકે. ત્રણ હું જે વાત કરું છું તે સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન - it is not just filed. It is accepted, notices were issued and when the notice or Rule is issued, and if Rule is issued, it means the matter is admitted before the Hon'ble High Court. When Rule is issued, matter is admitted before the High Court. અને તે પછી ડે ટુ ડે બેઝીઝ ચાલી છે. Affidavit, counter affidavit બધું ફાઈલ થયું છે. તે સંજોગોમાં કદાચ આજે આપણે ગુજકોક ચર્ચી લીધો અમારી બિલકુલ તેમાં સહેજ પણ ચિંતા નથી. આપે પરમીટ કર્યુ છે પરંતુ આના પછીનો જે નિર્ણય આવે તે દુરોગામી એવો રહેવો જોઈએ કે ન્યાયાલયમાં

ન ફાવીએ તો અહીંયા આવીએ અહીંયા ચર્ચા કરીને ન્યાયાલય પર અસર પાડવાનો પ્રયત્ન કરીએ એવું ના થાય સ્વયમ્ લાદેલી શિસ્તનું સ્વયમ્ સંસ્કારિતાથી પાલન થાય એવો આપનો નિર્ણય આવે એવી અપેક્ષા રાખું છું.

**શ્રી અમિત શાહ (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ જે મુદ્દા ઉભા કર્યા. ગૃહના અધિકારો, આપના અધિકારો એ બધાની સાથે હું સંમત જ છું, પરંતુ એનું રીપીટેશન હું કરવા માગતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે મુદ્દો ઉપસ્થિત થયો છે તે એ છે કે એક રીટ પીટીશન હાઈકોર્ટમાં થઈ છે, સબજયુડિસ એટલે કે આ મેટર સબજયુડિસ છે. એમાં કોલ શકધરના પુસ્તકના પાના નં. ૧૦૬૭ પરની પહેલી લીટી તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું. એમાં બહુ સ્પષ્ટ કર્યુ છે. કે વિષયને ન્યાયાધીન કયારે ગણાય, રીટ પીટીશન એડમીટ થવાના સ્ટેજે કોર્ટ સમક્ષ પેન્ડિગ હોય અને એડમિટ ન થઈ હોય તો એ સબજયુડિસ ન ગણાય. અત્યારે જે રીટ પીટીશનનો અહીં ઉલ્લેખ થયો છે એ હજુ એડમિટ થઈ નથી, એડમિટ થવાની બાકી છે. એટલે એ એડમિટ થયા પહેલા એને સબજયુડિસ ન ગણી શકાય. અને એ સબજયુડિસ હોય તો પણ માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ કહ્યું તેમ એની ચર્ચા થઈ શકે છે, જો એ લોકોને સ્પર્શતી વાત હોય. અને એ સિવાય પણ સબજયુડિસનો નિયમ બિલની પ્રોસિઝરને કાયદો બનાવવાની પ્રોસિઝરને નથી લાગતો. એ પણ બહુ સ્પષ્ટતાપુર્વક કોલ શકધરના પુસ્તકમાં સ્પષ્ટ કરેલ છે. આ કાયદો બનાવવાની બાબત ચર્ચવાની છે, જયાં સુધી મહામહિમ રાષ્ટ્રપતિ કાયદાને મંજૂરી ન આપે અથવા તો વિધાનસભા પાસે પરત ન મોકલે ત્યાં સુધી કાયદો બનાવવાની પ્રક્રિયા પૂરી થતી નથી. એ ચાલુ પ્રક્રિયા છે. એના કોઈપણ સ્ટેજ ઉપર ચર્ચા કરવાનો આ સન્માનનીય ગૃહનો અધિકાર છે. કારણ કે કાયદો બનાવવાની પ્રક્રિયા ત્યારે જ પૂરી થાય કે કાં તો મહામહિમ રાષ્ટ્રપતિ એને મંજૂરી આપે અથવા વિધાનસભાગૃહ પાસે પરત વિચારણા માટે મોકલી આપે. એ બેમાંથી એકેય પ્રક્રિયા થઈ નથી. એટલે ગુજકોકનો કાયદો બનાવવાની પ્રક્રિયા અત્યારે પણ ચાલુ છે. એના કોઈપણ તબકકે આ ગૃહ ગમે ત્યારે ચર્ચા કરી જ શકે. એટલે આ વાતને સબજયુડિસ ગણવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત આ ગૃહમાં ઘણીબધી વાત શકિતસિંહભાઈએ કરી અને જૂના જૂના ઘણા માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો કાઢયા, એની ચર્ચાઓ પણ કાઢી અને નિર્ણયો પણ ટાંકયા. મારે એક નાનકડું ધ્યાન દોરવું છે. સુપ્રીમ કોર્ટમાં આપણા નર્મદા બંધની ઉંચાઈ માટે ૩૬૦૮/૮૫ની એસ.એલ.પી. થઈ અને એ પછી ૧૯૯૪ અને ૧૯૯૭માં રીટ દાખલ થઈ. એ પછી દાખલ થયેલી રીટ પછી એસ.એલ.પી. પછી ૧૯૮૯, ૧૯૯૦, ૧૯૯૩, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭ અને ૧૯૯૮માં આ ઈસ્યુ ઉપર આ ગૃહના બંને તરફના સભ્યોએ વિશદ્ છણાવટ કરી છે. કલાકો સુધી ચર્ચા કરી છે. પોતપોતાના મંતવ્યો એના ઉપર સ્વતંત્રતાથી વ્યકત કર્યા છે. જયાં સુધી સવાલ નર્મદાના પ્રશ્નનો અને ગુજકોકનો હોય તો હું સ્પષ્ટતાપૂર્વક કહેવા માગું છું કે આ સરકાર ગુજકોકના ઈસ્યુને નર્મદાના ઈસ્યુથી એક ઈંચ પણ ઉણો ઉતરતો માનતી નથી. લોકોની સુરક્ષા માટેનો પ્રશ્ન છે અને સંગઠિત ગુનાખોરી અને આતંકવાદને ડામવાનો પ્રશ્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે રાજકીય અવલોકન કર્યુ કે આની અંદર પોલિટિકલ ઈન્ટરેસ્ટ હોય તો ચર્ચા થાય. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પોલિટિકલ ઈન્ટરેસ્ટ નથી. આ સરકારની એ નીતિ છે કે આતંકવાદીઓ સામે કડક હાથે કામ લેવાનું. આ નીતિનો અમલ કરવા માટે જ આ ચર્ચા લઈને આવ્યા છીએ. આ કોઈ રાજકીય ડિસિસન નથી. આ કોઈ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોની સુરક્ષા માટેનો કાયદો બનતો નથી. ગુજરાતની સાડાપાંચ કરોડની જનતાની સુરક્ષા માટેનો કાયદો બને છે. એમાં પોલિટિકલ વાત કયાં આવીને ઉભી રહે છે? કોઈ જગ્યાએ પોલિટિકલ વાત નથી.

એમણે કહ્યું કે ગુજકોકની અંદર કયાંય આતંકવાદનો ઉલ્લેખ નથી. એમની વાત સાચી છે. ગુજકોક કાયદામાં જયારે અમે કાયદો લઈને આવ્યા. હું જ આ ગૃહ સમક્ષ એ કાયદો લઈને ઉપસ્થિત થયો હતો. સભાનતાપૂર્વક આંતકવાદનો ઉલ્લેખ ટાળ્યો હતો, કારણ કે એ વખતે પોટા ઉપસ્થિત હતો. પોટા અવેલેબલ હતો. પોટા રદ કર્યો નહોતો. એટલે સંગઠિત ગુનાના નામે અને એ જ પ્રકારના કાયદાની જોગવાઈઓથી આતંકવાદ પણ ડામી શકાય એ પ્રકારનો કાયદો છે. એની અંદર આતંકવાદનો ઉલ્લેખ એટલા માટે નથી. કે એ વખતની ભારત સરકારે એક વિશેષ કાયદો, પોટા નામનો કાયદો આતંકવાદને ડામવા માટે કર્યો હતો અને રાજય સરકારે એને સમર્થન આપતો બીજો એક સમાંતર કાયદો કર્યો હતો. જેમાં સંગઠિત ગુનાખોરીને ડામવા માટેનો ઉલ્લેખ છે. એટલે આ કાયદાથી આતંકવાદને ડામી શકાય તેમ છે જ અને મને એ સમજણ પડતી નથી કે જો પોલિટીકલ ઈન્ટરેસ્ટની વાત થતી હોય, જો ડે ટુ ડે ચાલે છે એવી વાત કરતા હોય, ૮ વર્ષ સુધી એફિડેવિટ ના કરી એ વાત કરતા હોય તો મારે સ્પષ્ટતા કરવી જરૂરી છે કે હાઈકોર્ટમાં ૨૬ વાર આ રીટ દાખલ થયા પછી આ ભારત સરકારે મુદત લીધી છે, ગુજરાત સરકારે એકવાર પણ લીધી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અત્યારે આ ચર્ચા ખૂબ જ સારી રીતે ચાલે છે એની અંદર પાટલીઓ ખખડાવવાને બદલે અમીતભાઈ શાહ જયારે આ પ્રસ્તાવનો જવાબ આપે ત્યારે પાટલીઓ ખખડાવજો.

**શ્રી અમીત શાહ:** ભારત સરકારે ૨૬ વાર મુદત લીધી છે કારણ કે એફિડેવિટ કરી શકાય તેમ નથી. એફિડેવિટ કરીને શું કર્યુ? એફિડેવિટ કરીને એવું કહયું છે કે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, હું આપને આની ઉપર બોલવા માટેની તક જરૂર હશે તો આપીશ (અંતરાય) પણ હું તક આપવાની કયાં ના પાડું છું, હું આપને આની ઉપર બોલવા માટે તક આપવા માગું છું, હું ના નથી પાડતો. હું આપને લાગે તો ચોકકસ તક આપીશ, પરંતુ અત્યારે વચ્ચે ના બોલો, આ એક સરસ ચર્ચા ચાલે છે. હું સભ્યશ્રીઓને પણ કહું છું કે આ એક અગત્યની સરસ મજાના મુદ્દા ઉપર ચર્ચા થતી હોય, લો પોઈન્ટ ઉપર ચર્ચા ચાલતી હોય ત્યારે આપણે સૌ મર્યાદા રાખીએ. આ ચર્ચાને સમજો, સાંભળો અને આ પ્રકારની આટલી સરસ એકેડેમિક પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપરની ચર્ચા થઈ રહી છે, તમારામાંથી કોઈને પણ કોઈપણ જાતની આ મુદ્દા ઉપર એકેડેમિકલી ચર્ચા કરવી હોય તો હું ચર્ચામાં ભાગ લેવા માટે નિમંત્રણ આપું છું, પરંતુ અમીતભાઈએ કહેલો મુદ્દો તમને ગમે છે એ માટે તમે પાટલીઓ ખખડાવો એ પ્રક્રિયા કરશો તો એકેડેમિક ચર્ચા નહીં થાય, જયુડિશિયલી ડિસ્કશન નહીં થાય, એટલે મારી વિનંતી છે કે અમીતભાઈ આ ગુજકોકની ચર્ચાનો જવાબ આપે ત્યારે તમારે જે કોઈ પ્રતિભાવ આપવો હોય એ આપજો, જે કોઈ પ્રતિભાવ પ્રગટ કરવો હોય તે કરજો. અત્યારે આ પ્રવચન એની ઉપર કરતા નથી. ત્યારે આ લો પોઈન્ટ ઉપર ખૂબ જ ગંભીરતાપૂર્વક રજૂઆત ચાલી રહી છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી એ વાતને હું વળગી રહું છું કે ૨૬ વાર ભારત સરકારે મુદત માગી અને પછી હાઈકોર્ટે છેલ્લ્રી તાકીદ કરી કે આ તારીખ પહેલાં એફિડેવિટ રજૂ કરો. પછી ભારત સરકારે એ એફિડેવિટ કજૂ કરી છે અને ગુજરાત સરકારે એફિડેવિટ રજૂ નહીં કરવાનું એક માત્ર કારણ ભારત સરકારનું હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ થવાનું બાકી હતું.. રિટ એન.જી.ઓ. અને ભારત સરકાર વચ્ચે છે, ગુજરાત સરકાર તો ત્રીજી પાર્ટી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી, મેં આપને કહયું છે ને કે હું આપને આની ઉપર બોલવા માટે ફરીથી તક આપીશ.

**શ્રી અમિત શાહ** :પહેલાં ભારત સરકારે સોગંદનામું રજૂ કરવું જોઈએ પછી બીજા લોકોનો સોગંદનામું રજૂ કરવાનો પ્રશ્ન ઉભો થાય. એટલે કે કોઈપણ પ્રકારે આ મેટર સબજયુડિસ નથી કારણ કે આ મેટર એડમિટ થઈ જ નથી .બીજું કે આ સબજયુડિસનો નિયમ એ લેજીસલેશનને લાગતો નથી અને લાગુ પડતો હોય તો પણ એકવાર મેં નર્મદાનું ઉદાહરણ આપ્યું એ રીતે જાહેર અગત્યની બાબતમાં લોકોને સ્પર્શતી બાબતમાં સબજયુડિસ હોય તો પણ ગૃહે એની ચર્ચા કરી છે, સ્વતંત્રતાથી એના ઉપર વિચારો વ્યકત કર્યો છે, ઠરાવ કર્યા છે અને પ્રસ્તાવ પણ કર્યા છે અને સંકલ્પ પણ કર્યા છે અને આ ગુજકોકનો મુદો એ કોઈપણ રીતે સહજ પણ નર્મદાથી સહજરીતે પણ લોકહિતની દ્રષ્ટિએ ઉણો ઉતરતો નથી. એટલે હું ચોકકસપણે માનું છું કે આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ટકવાનું કોઈ કારણ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ઓથ ઉપર ફાઈલ થયેલ કોપીઝ છે અને મારી વિનંતી છે કે અમારા બંન્નેની વાતમાંથી વિધાનસભાની સમિતિને આ સોંપવામાં આવે અને જો હું ખોટો ઠરું તો મને સજા કરે અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ખોટા ઠરે તો એમને સજા કરવામાં આવે. The affidavit was filed on ૩0 November, ૨૦૦૬, I have copy of the affidavit. Notice was issued by Honorable High Court on December ૧, ૨૦૦૮. ૧ લી ડિસેમ્બર, ૨૦૦૬ માં નોટિસ ઈસ્યુ થયા પછી ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૭ Affidavit in reply on behalf of Union of India was filed. કોણે એફિડેવિટ કરી હતી એની પણ ડેઝીગનેશન આપી દઉં.કોણે એફીડેવીટ કરી તેનું તમને ડેઝીગ્નેશન પણ આપી દઉં. ઓફેન્ડ બાય ડાયરેકટર મીનીસ્ટ્રી, મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા, કઈ તારીખે થઈ, ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૭, ગણતરીના અઠવાડિયામાં, આપે કયારે એફીડેવીટ ફાઈલ કરી, અમારી એફીડેવીટ કેન્દ્રની ફાઈલ થાય પછી કરવી હતી તો, કઈ તારીખે ફાઈલ થઈ, ૩૧ જુલાઈ ૨૦૦૭, પાંચ મહિના બીજા, દોઢ પોણા બે મહિના કેન્દ્રના અને આ આટલા મહિના એમના ગયા, અને એ પછી ૨૩ જાન્યુઆરી ૨૦૦૮ ના રોજ માનનીય અધ્યક્ષશ્રી, ફર્ધર એફીડેવીટ યુનિયન ઓફ ઈન્ડીયાએ ફાઈલ કરી, એની ફર્ધર એફીડેવીટ ગુજરાત સરકારે કયારે ફાઈલ કરી? તો ૧૦-૦૧-૨૦૦૮, You can count the month, ૧૦મી જાન્યુઆરી ૨૦૦૮, અને મારી પાસે સર્ટીફાઈડ થયેલી કોપી છે, હાઈકોર્ટમાંથી ઓફીસીયલ લીધેલી કોપીઓ છે. એટલા માટે હું આપ સાહેબને વિનંતી કરું છું કે આપ આ બાબતો જયારે ચકાસો ત્યારે આપ નામદાર હાઈકોર્ટમાંથી જે રેકોર્ડ છે તેની ઓફીસીયલ કોપી મંગાવી અને કયારે કઈ એફીડેવીટ ફાઈલ થઈ તેની લીસ્ટ ઓફ ઈવેન્ટ્સ પણ આપ મંગાવી લો, લીસ્ટ ઓફ ઈવેન્ટ્સની કોપી જે સર્ટીફાઈડ કોપી મેં મેળવેલી છે તે લીસ્ટ ઓફ ઈવેન્ટ્સની કોપી હું પણ આપને સબમીટ કરીશ, મારી વાત એટલી જ છે કે કેન્દ્ર સરકાર સમય માગે કે રાજય સરકાર સમય માગે, સમય હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ આપે છે. અને પાર્ટી જો સહેજ પણ કોર્ટથી ભાગવા માટે ખોટો સમય માગે તો હાઈકોર્ટ કયારેય સમય આપતી નથી. સમય ત્યારે જ મળે,

**અધ્યક્ષશ્રી :** આપણે બહુ જ નાજુક ચર્ચા કરી રહ્યા છીએ, હાઈકોર્ટમાં થયેલી કામગીરી આપણે જોવાની નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : લીસ્ટ ઓફ ઈવેન્ટસ જે મેં કહ્યું છે તે લીસ્ટ ઓફ ઈવેન્ટસની સર્ટીફાઈડ કોપી પણ આપ સાહેબને આપવા માટે હું તૈયાર છું.

**શ્રી અમિત શાહ** : મેં જે વાત કરી તે બિલકૂલ સત્ય વાત છે, હાઈકોર્ટે ૧૦-૯-૨૦૦૮ પહેલા ભારત સરકારને રીપ્લાય ફાઈલ કરવા માટે સૂચના આપી હતી. છેલ્લી સૂચના છે એવો ઉલ્લેખ કર્યો હતો તે પછી ૧૦-૯-૨૦૦૮ એ ડીટેઈલ એફીડેવીટ ફાઈલ થઈ છે. દરેક વખતે વાત એવી કરવામાં આવતી હતી કે ઉચ્ચ સ્તરે આ મામલો વિચારાધિન છે. તમે શું માનો છો તે બાબતનો પહેલો રીપ્લાય ૧૦-૯-૨૦૦૮ના દિવસે કરેલો અને તે પણ રેકોર્ડનો જ ભાગ છે આપશ્રી પણ મંગાવી શકો છો, માનનીય વિરોધપક્ષના નેતા પણ આપે અને હું પણ આપીશ, કારણ કે એ તો પબ્લિક ડોકયુમેન્ટસ છે એટલે હું પણ પુરા પાડીશ, આપ નિર્ણય કરજો માનનીય અધ્યક્ષશ્રી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત મારે કરવાની છે એ અમારા નેતા આદરણીય શકિતસિંહ ભાઈએ કહ્યું, પણ એ નિર્ણયનું ટાઈટલ જ એવું છે કે સબજયુડિસ બાબતો ઉપર ન્યાયની કોર્ટ સ્વતંત્ર રીતે પોતાના નિર્ણય ઉપર આવી શકે એટલા માટે જે બાબત ન્યાયની કોર્ટ સમક્ષ પડેલી હોય તે અંગે સભાગૃહે પોતાનો અભિપ્રાય વ્યકત કરવો જોઈએ નહીં. આ બાબત ઉપર આ સભાગૃહ પોતાનો અભિપ્રાય વ્યકત કરવા જઈ રહી છે. નંબર બે, માનનીય જયનારાયણ ભાઈએ પાગે કમીટીનો ઉલ્લેખ કર્યો કે, પાગે કમિટીના રેકમન્ડેશન આ છે. એ રેકમન્ડેશન કોના સંદર્ભમાં હતા? પાગે કમિટીની એક અગત્યની રેકમન્ડેશન હતી, એ એવી હતી કે જે કોઈ પણ બિલ આવે તે બિલનો રેફરન્સ ગવર્નરના એડ્રેસમાં થવો જોઈએ. જયારે ગુજકોક આવ્યો ત્યારે તેનો રેફરન્સ ગવર્નરના એડ્રેસમાં નહોતો, ત્યારે આપણને અનુકૂળ ન લાગ્યું અને હવે ફરી પાછો આ બાબતમાં પાગે કમીટીનો રેફરન્સ લેવામાં આવે છે. બીજું જે પાર્લામેન્ટ્રી પ્રેકટીસ, કોલ એન્ડ શકધરનું વોલ્યુમ છે તેમાં પાના ૧૦૬૭, એમાં બહુ જ સ્પષ્ટ છે, કે કઈ કઈ બાબતોની વિચારણા ન કરી શકાય, જે કોર્ટને વિચારાધિન હોય તે બાબત કોની કોની ન લઈ શકાય, તો એની કવેશ્ચન હોય, હું આખો પેરેગ્રાફ વાંચું છું. આપણે અહીંયા મોશન મૂવ કરી રહ્યા છીએ, તમામ એફિડેવીટ કરી દીધી છે. (અંતરાય) એનો ખુલાસો કરી આપ્યો છે અને કરવાનો હશે તો હજી એ કરશે.

**અધ્યક્ષશ્રી:** માનનીય અમિતભાઈ અર્જુનભાઈને વાત પૂરી કરી લેવા દો.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** :હું તો રેકર્ડમાંથી વાંચું છું માનનીય મંત્રીશ્રી આ બિલના પ્રભારી સભ્ય પણ છે એમણે સરકારના રેકર્ડની માહિતી પણ છૂપાવી હતી અંતે અમારા નેતાએ આ બાબતને કરેકટ કરી, ગૃહને એવી માહિતી આપી હતી કે ૨૨-૨૨ મહિના સુધી જવાબ નહોતો આપ્યો અને અહીંયા મને કહે છે કે પહેલી લીટી વાચો એના માટે અહીંયા અમારા એકસપર્ટ નેતા છે. સુપ્રીમ કોર્ટને તમારી જેમ અમારા નેતાને કોઈ વોર્નિંગ આપવી પડી નથી. બીજી વાત એવી છે કે આ કોને લાગુ ન પડે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, • (xxxx)

**અધ્યક્ષશ્રી**: નીતિનભાઈ, વારંવાર તમને કહું છું. તમે પહેલા બોલ્યા છો?

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** : એ પહેલાં બોલ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ અને અર્જુનભાઈ, હું આખી ચર્ચા જોઈ જઈશ પણ આ સભાગૃહની અંદર કોઈપણ ચર્ચા ખૂબ ગંભીરતાપૂર્વક ચાલતી હોય ત્યારે એ બીજે રસ્તે વાળવાને કારણે જે વાતાવરણ બગડે છે એ ન બગડે એ માટે કહું છું, પહેલા પણ મેં આ વાત કહી હતી, તમારા માટે શું બોલ્યા શું ન બોલ્યા એ હું જોઈ જઈશ અથવા તો તમે લખીને આપજો હું જોઈને પછી નિર્ણય કરીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ રેફરન્સ લેતા હતા તે વખતે કોમેન્ટ કરી, મેં રાહ જોઈ, આપ રેફરન્સમાંથી ફ્રી થાવ એ દરમિયાન કોમેન્ટ આવી એનો મેં જવાબ આપ્યો. એટલે આ મોશન છે legislation નથી કોને એમાંથી બાદ આપી છે એમાં જે પોલીસ ઈન્વેસ્ટીગેશન છે એને સબજયુડિસ ગણી શકાય નહિ એની ચર્ચા કરી શકાય છે. Legislation બાબતે છૂટ આપી છે નવેસરથી કાયદો લાવો એ પછી એના ઉપર ચર્ચા થાય આપણે કાયદો બનાવવો છે, આ તો માત્ર કેન્દ્ર સરકારને વિનંતી કરતી બાબત છે, એ વિનંતી કરવાની બાબત એ આદેશ આપવાની બાબત એ બંને બાબતો હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે એ અંગે વિચારણા કરીએ છીએ. માનનીય મંત્રીશ્રીએ નર્મદાની વાત મૂકી હતી, નર્મદામાં તો કેટલા બધા ઈસ્યુ ઉભા થયા હતા એમાં આ ગૃહે પોતાની ભાવના વ્યકત કરી હતી. આ પહેલો પ્રેસિડેન્સ પડે છે એ રોકવો જોઈએ. વાત ગુજકોકની આવી, ગુજરાતના હિતની વાત એ અંગેના અભિપ્રાયો અલગ અલગ હશે. મારે માત્ર એટલી વાત કરવાની છે કે ૧૯૮૫માં Terrorists And Disruptive Activities Act આવ્યો, ૧૯૮૫માં રાજીવ ગાંધી લઈ આવ્યા તે વખતે લોકસભામાં ભારતીય જનતા પાર્ટીના માત્ર બે જ સભ્યો હતા અને રાજસભામાં ઘણા સભ્યો હતા ત્યારે વિરોધ શા માટે કર્યો હતો? • (xxxx)

**અધ્યક્ષશ્રી** : આ વાત હું રેકર્ડમાંથી કાઢી નાંખુ છું. માનનીય અર્જુનભાઈ આપ બેસી જાવ તમે રીલેવન્ટ વાતની બહાર જાવ છો.. આપ બેસી જાવ કારણ કે તમે રીલેવન્ટ વાતની બહાર જાવ છો. નહીં, નહીં, અર્જુનભાઈ આપ, જે મુદ્દાઓ આ સભાગૃહમાં ઉપસ્થિત થયા છે..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બન્ને સભ્યશ્રીઓ બોલ્યા છે.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : જે મુદ્દા ઉપસ્થિત થયા છે, હવે કોઈને સાંભળવાના નથી, અર્જુનભાઈ, આપને જે કહેવું હોય એ મુદ્દાસર કહી દો અને લો પૉઈન્ટ ઉપર કહો. લો પૉઈન્ટ સિવાયની બાકીની કોમેન્ટમાં ન પડો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ બધી કોમેન્ટો મારી સામે થયેલી છે. રાજકુમારની વાત પણ કરી હતી એ લોકોએ અને..

**અધ્યક્ષશ્રી** : તેમને મેં રોક્યા છે. ભાષણ કરવાની છૂટ જ્યારે મળશે ત્યારે આપ કરજો. (અંતરાય) અત્યારે હવે નહીં, પ્લીઝ કોઈ નહીં. મને પૂરતું માર્ગદર્શન મળી ગયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એક મિનિટમાં પૂરું કરું છું. હું આપના મારફત એટલી વિનંતી કરું છું, ટ્રેઝરી બેન્ચને લાગતું હોય કે આના ઉપર ફરી પાછી નવેસરથી આ જ કાયદો બનાવીને મૂકવાની જરૂર છે તો બે દિવસ ચર્ચા કરવાની અમારી તૈયારી છે. પણ જે બાબત હાઈકોર્ટ સમક્ષ નિર્ણયાધિન, પેન્ડીંગ છે એ જ બાબત આપણે આજે સંકલ્પના રૂપમાં લઈ આવીએ છીએ. આજે કોઈ કાનૂન માનનીય અમિતભાઈએ, માનનીય રાજયના ગૃહમંત્રીશ્રીએ કોઈ કાનૂન મૂક્યો નથી. માત્ર કેન્દ્ર સરકારને આ બાબતની ગૃહની જે ભાવના છે, આ લેજીસ્લેચર બાબતની એ આ મોશનની અંદર લઈ આવ્યા છે અને એ જ બાબત હાઈકોર્ટ સમક્ષ પેન્ડીંગ છે. એ બાબતમાં સરકારે પોતાનો અભિપ્રાય આપ્યો છે. કેન્દ્ર સરકારે પોતાનો અભિપ્રાય આપ્યો છે. એક બીજી સંસ્થાએ પણ પોતાનો અભિપ્રાય આપ્યો છે અને હવે ગુજરાત હાઈકોર્ટ એનો નિર્ણય કરવાની છે. એ નિર્ણય ઉપર આજનો સંકલ્પ અસર કરે તેમ છે એટલે આપણે આના ઉપર વિચારણા નહીં કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી**: આ સભાગૃહમાં માનનીય શ્રીઅર્જુનભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો, તેને શ્રી શકિતસિંહભાઈએ સમર્થન આપ્યું, શ્રી જયનારાયણભાઈએ અને શ્રી અમિતભાઈએ એ માટે પોતાના વિચારો રજૂ કર્યા અને બન્નેએ જે વિચારો રજૂ કર્યા તેમાંથી જે મુદ્દાઓ ઉપસ્થિત થાય છે, શ્રી અર્જુનભાઈએ એમ કહ્યું કે પ્રસ્તાવની બાબત સબજયુડિસ છે માટે રજૂ ન કરી શકાય અને તેમણે તેના સમર્થનમાં એમ પણ કહ્યું કે નર્મદાનો પ્રશ્ન હતો એ ભાવનાનો પ્રશ્ન હતો અને એટલા માટે એ વખતે ચર્ચાયો હતો. શ્રી શકિતસિંહજીભાઈએ આ અંગે મને તા. ૧૬ સપ્ટેમ્બર-૨૦૦૮ના રોજ એક પત્ર લખ્યો હતો અને તેમના આ પત્રને ખૂબ જ ગંભીરતાપૂર્વક લીધો હતો. એ પત્ર મળ્યા પછી મેં લોકસભાના સેક્રેટરી જનરલને પણ પત્ર લખીને તેમનો અભિપ્રાય મેળવ્યો હતો. એટલે સબજયુડિસ મેટર ચર્ચી શકાય કે ન ચર્ચી શકાય એ પ્રશ્ન જે શકિતસિંહજીએ કહ્યું તે વાત સાથે હું સંમત થાઉ છું કે લાંબાગાળાની અસરો આમાંથી થાય તો મારો કોઈ પણ નિર્ણય એ લાંબાગાળા સુધી તેમાંથી નિર્ણય એ પ્રમાણે રહે તે રીતે ધ્યાનમાં રાખીને મેં આ પ્રશ્ન જોયો છે. અહીં કોલ-શકધરની વાત કરવામાં આવી. કારણ કે કોલ-શકધર આપણી પાસે ખૂબ જ માર્ગદર્શક પુસ્તક છે અને તેમાં આપણા માટે બે મુદ્દા છે. સૌથી મોટો મુદ્દો સબજયુડિસ છે કે નહીં અને સબજયુડિસ કઈ મેટરને કહેવાય, આ મેટર સબજયુડિસ છે કે નહીં અને સબજયુડિસ હોય તો ચર્ચાય કે ન ચર્ચાય તે માટે પુસ્તકના પાના નં. ૧૦૬૬,૬૭ ઉપર કોલ-શકધરમાં કહ્યું છે કે "a matter does not become sub-judice, if a writ petition on the matter is pending before a court for admission." હવે આ જે મેટર છે, આ પીટીશન છે એ પીટીશન સ્પેશિયલ S.C.A. ૨૪૯૨૩/૦૬ એ હાઈકોર્ટ પાસે એડમિશન માટે પેન્ડીંગ છે. ગુજરાત હાઈકોર્ટમાં જે પીટીશન છે તેની બધી જ વિગતો મગાવી છે. તેમાં ચોક્કસ આપ કહો છો તે પ્રમાણે નોટિસ નીકળી છે પણ પીટીશન એડમીટ નથી થઈ, પીટીશન એડમીટ ન થઈ હોય તો એ ચર્ચી શકાય એ એક વાત મને કોલ-શકધરમાંથી મળે છે. બીજી વસ્તુ એ છે કે, એમાં બહુ સ્પષ્ટ છે કે, "a matter is not sub-judice until the legal proceedings have actually started. The question whether a particular matter is sub-judice or not is decided by the Speaker on the merit of each case. A matter does not become sub-judice, if a writ petition on the matter is pending before a Court for admission." એટલે આ માટે મારા પ્રયત્નોને વધારે આગળ લઈ જતાં સંપૂર્ણ વિગતો સાથે મેં એક પત્ર લોકસભાને લખ્યો હતો અને લોકસભા સચિવાલયમાંથી મને જે જવાબ મળ્યો એ જવાબ શ્રી વી.કે.શર્મા, જોઈન્ટ સેક્રેટરીના પત્ર નં. ૨૧/૭૩/૨૦૮/ એલ-૧ તા.૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ હું આખો પત્ર નથી વાંચતો પણ જે ઘણું બધું રિલેવન્ટ છે એ વાંચું છું. The Government resolution giving notice of by the Minister, if passed, will be in the nature of a collective will of the Assembly to impress upon the Central Government to translate the legislative will of the Gujarat Legislative Assembly into legislative enactment by obtaining the assent of the President to the Bill. The resolution, therefore, nothing but a continued effort and expression of will of the Legislative Assembly in the field of legislation, which began with the introduction of the Bill in the Assembly. Therefore, even if the matter is sub-judice, there appears to be no objection in admitting the resolution. આપણે સૌ કોઈ જાણીએ છીએ કે આપણા સૌ માટે, વિધાનસભાઓ માટે માર્ગદર્શક સંસ્થા હોય તો એ લોકસભા છે. એટલે લોકસભાનો આ અભિપ્રાય મેં મેળવ્યો અને આ મેળવીને આ દાખલ કરતાં પહેલાં એક મારી વાત જે શ્રી અર્જુનભાઈએ કરી છે, શ્રી અર્જુનભાઈએ એક બહુ સારો શબ્દ ભાવના વાપર્યો, બિલની ભાવના શું છે અને બિલની ભાવના એ જે માનનીય અમિતભાઈએ કહ્યું એ નર્મદાની ચર્ચા થઈ ત્યારે જે ભાવના હતી એ ભાવનાથી આ બિલમાં, આ પ્રસ્તાવમાં રજૂ થયેલી ભાવનાને હું જુદી ગણતો નથી. આ બન્ને ભાવનાઓ સભાગૃહની છે. આ ભાવનાને પ્રદર્શિત કરતો પ્રસ્તાવ આવે અને લોકસભા

સચિવાલય એમ કહે કે આ બિલ એ કન્ટીન્યૂ પ્રોસેસ છે અને પ્રક્રિયા છે. મારે શ્રી અર્જુનભાઈ, આપની પાસેથી એક વાત સમજવી છે એ હું આ પછી સમજવાનો પ્રયાસ કરીશ. બીજો કાયદો લવાય કેવી રીતે? એક કાયદો કેન્દ્ર સરકાર પાસે વિચારણા હેઠળ પડયો છે, જેના ઉપર કેન્દ્ર સરકાર કેટલાય સમયથી નિર્ણય ઉપર આવી નથી. એ નિર્ણય ઉપર કેમ નથી આવી એ મારી ચર્ચાનો વિષય નથી. પણ મારે એ સમજવું છે કે, એક કાયદો નિર્ણય માટે અનિર્ણિત હોય અને કેન્દ્ર સરકારે એના ઉપર સહી કરી ન હોય તો બીજા કાયદા ઉપર ગૃહ ચર્ચા કરે તો એ કેટલું યોગ્ય છે? એ આપ મને કયારેક સમજાવવાનો પ્રયત્ન કરજો. પણ હું સ્પષ્ટપણે માનું છું કે, એક કાયદો કેન્દ્ર સરકાર પાસે અનિર્ણિત પડયો હોય તો એ કાયદાનું બીજું બિલ ન લવાય, એના માટેનો પ્રસ્તાવ લવાય, એના માટેની અપીલ કરી શકાય. હું આપને ફરીથી વિનંતી કરું છું કે, આ ભાવનાઓનું નથી, આ પાટલીઓ ખખડાવવાનો પ્રશ્ન નથી. ખુશ થાવ તો પણ ખુશી બહાર આવી જાય છે. આજે હું ખુશી કે નાખુશીના ઉપર હું આ નિર્ણય નથી કરતો. હું નિર્ણયને ન્યાયિક રીતે જોવાનો પ્રયત્ન કરું છું. એટલા માટે હું આ કહું છું. એ જ રીતે વિરોધપક્ષના નેતાશ્રીએ પત્ર લખ્યો ત્યારે સંકલ્પની વસ્તુ, એની હકીકત અને માહિતીલક્ષી વિગતો પણ મેં મંગાવી અને સરકારે મને જાણ કરી, મેં આ બાબતમાં સરકારને પણ પૂછયું કે આ ન્યાયાધીન છે કે નહીં? અને એટલે એમણે જે જાણ કરી એ પછી મેં એરસ્કીન, લિખિત મેજ પાર્લામેન્ટરી પ્રેકટીસ પુસ્તકને પણ રીફર કર્યુ છે. તેના પાના ૪૫૩ ઉપર એક રીલેવન્ટ ભાગ છે, where a ministerial decision is in question, or a case concerns issues of national importance such as the national economy, public order or the essentials of life, reference may be made at the discretion of the Leader of the House, who must be satisfied that there is no real and substantial danger of prejudice to the proceedings. આ ઈસ્યુ દેશની અને રાજયની પ્રજાની શાંતિ માટેનો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ખૂબ જ અગત્યનો પ્રસ્તાવ છે એ હું માનું છું અને એટલા માટે આ પાર્લામેન્ટરી પ્રૅક્ટિસમાં કહેલી વાત સાથે હું સંમત થાઉ છું અને એનો પણ હું આશરો લઉ છું. એ જ પ્રમાણે તે પુસ્તકમાં ઉલ્લેખ છે કે The House has expressly resolved that the sub-judice rule is qualified by the right of the House to legislate on any matter. આપણા માટે ચોક્કસ સબજયુડિસનો પ્રશ્ન જયનારાયણભાઈએ કહયા પ્રમાણે, એ ન્યાયાધીન હોવા છતાં પણ ચર્ચી શકાય એ ગૃહે નક્કી કરવાનું છે, અને ગૃહે જો નક્કી કરવાનું હોય તો એને મત ઉપર મૂકવાની જરૂર નથી. એને મત ઉપર મૂકીને સબજયુડિસ છે કે નહીં એ નક્કી કરવાનું નથી. એટલા માટે જ અધ્યક્ષે જ્યારે નક્કી કરવાનું હોય ત્યારે અધ્યક્ષે પોતાના મંતવ્ય આપતાં પહેલાં એને બંધારણની અંદર શું કહ્યું છે અને બંધારણની કલમ ૧૯૪થી રાજયના વિધાનમંડળનાં ગૃહને ગૃહમાં વાણી સ્વાતંત્રનો અધિકાર મળ્યો છે. આ અધિકાર વિધાનસભાના નિયમોથી લદાયેલ નિયંત્રણોને આધીન છે. સંસદીય લોકશાહીમાં ગૃહના સભ્યોના વાણી સ્વાતંત્રના અધિકાર સંબંધે કોલ શકધરના પુસ્તકના પાના ૧૦૬૬ ઉપર કહ્યું છે કે It is the absolute privilege of the Legislatures and members thereof to discuss and deliberate upon all matters pertaining to the governance of the country and its people. Freedom of speech on the floor of the House is the essence of parliamentary democracy. Certain restrictions on this freedom have, to a limited degree, been self-imposed. One such restriction is that the discussions on matter pending adjudication before courts of law should be avoided on the floor of the House, so that the courts function uninfluenced by anything said outside the ambit of trial in dealing with such matters. While applying the restrictions regarding the rule of sub-judice, care has to be taken to see that the primary right of freedom of speech is not unduly impaired to the prejudice of the Legislatures. અને એટલા માટે આજે આ સભાગૃહને પાર્લામેન્ટરી ડૅમોક્રેસીના તત્ત્વથી આપણે જોઈએ તો આ સભાગૃહને પોતાનું મંતવ્ય રજૂ કરવાનો, અભિપ્રાય આપવાનો અધિકાર છે અને એ જો અધિકાર હોય તો એ અધિકાર હેઠળ નિયમ ૩૪ની વ્યાખ્યાને જરા વધારે સ્પષ્ટ કરવી પડે એમ મને ચોક્કસ લાગે છે. એ વાત ચોક્કસ છે કે અત્યાર સુધીના મારા પૂરોગામી અધ્યક્ષોએ અધ્યક્ષશ્રીના આદેશો અને નિર્ણયોમાં આ જાતના ઉદાહરણ નથી આપ્યા. કારણ કે એમની પાસે આ પ્રશ્ન આવ્યો નહોતો, આવ્યો હોય તો એ પણ હું માનું છું કે, આ જ રીતનો પ્રશ્ન આવ્યો હોત તો એ પણ સબજયુડિસના પ્રશ્ન ઉપર નિર્ણય કરતી વખતે કોલ શકધર, મેજ પાર્લામેન્ટરી પ્રૅક્ટિસ અને ન્યાયાધીન બાબતોના વિષયની અંદર જે નિર્ણય કરે, તે નિર્ણય આજે હું કરું છું. એ નિર્ણય મારો નથી. પરંતુ ભારતના બંધારણની કલમ ૧૯૪ની નીચે પ્રાપ્ત થતા વાણી સ્વાતંત્રનો અધિકાર હેઠળ કરું છું. આ સભાગૃહ સર્વોચ્ચ છે અને સર્વોચ્ચ સભાગૃહને કાયદો ઘડવાનો અધિકાર છે અને કાયદો ઘડવાનો અધિકાર ત્યારે પૂરેપૂરો પ્રાપ્ત થયો ગણાય કે જ્યારે કાયદા ઘડવાની પ્રક્રિયા પૂરી થાય. અહીંયા કાયદો ઘડાયો અને એ પછી એ કાયદો કેન્દ્ર સરકાર પાસે મોકલવામાં

આવ્યો અને એ કાયદાની પ્રક્રિયા પૂરી નથી થઈ એટલે એને કાયદો નહીં પણ વિધેયકના સ્વરૂપે જ ગણાય અને એ કાયદો ઘડવાની પ્રક્રિયાનો આજે જે પ્રસ્તાવ છે એ એનો જ એક ભાગ છે અને જ્યારે એ ભાગ હોય ત્યારે એ ભાગની ચર્ચા કરવી એ આ સભાગૃહનો બંધારણીય અધિકાર છે. આ વાત વિરોધપક્ષના નેતાશ્રી પણ કાયદાના વિદ્યાર્થી છે. કાયદો ઘડવાની પ્રક્રિયા ક્યારે પૂરી થાય, કાયદો ક્યારે ઘડાયેલો ગણાય અને એ ઘડવાની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે કોઈપણ અદાલતની ન્યાયિક વ્યવસ્થા કરતાં આ સભાગૃહને એની ચર્ચા અને ચિંતા કરવાનો અધિકાર છે. એ એનો લૅજીસ્લેટીવ રાઈટ છે. મેઈઝ પાર્લામેન્ટરી પ્રૅક્ટિસ કહે છે, એમ કોલ શકધર કહે છે એમ લોકસભાના મેં મગાવેલા અભિપ્રાય પછી પણ હું એ બાબતમાં સંમત થાઉં છું. એટલે હું માનું છું કે આજે લવાયેલો ૧૨૦ નીચેનો પ્રસ્તાવ આ મર્યાદાઓમાં ચોક્કસ આવે છે. એ સબજયુડિસ મર્યાદામાં નથી આવતો અને એટલે જ અગાઉના નિર્ણયોને હું યથાવત રાખીને, એ નિર્ણયથી જુદા પ્રકારનો મારો નિર્ણય છે એવું નહીં પરંતુ દરેક નિર્ણય માટે બહુ સ્પષ્ટ કહેવાયું છે કે ઈન્ડીવીજ્યુઅલ કેસની સ્ટડી કરો તો આ કેસમાં અગાઉના નિર્ણયો આપતી વખતે કોઈ અધ્યક્ષશ્રી પાસે આવો પ્રસ્તાવ આવ્યો ન હતો. જો નર્મદા યોજનાની ચર્ચા વખતે તે વખતના વિરોધપક્ષે આ સબજયુડિસ મુદ્દો ઉપસ્થિત કર્યો હોત તો મારે એ વખતના મારા પૂરોગામી અધ્યક્ષો છે એમનો ચુકાદો આજે હું જે આપું છું એ જ પ્રકારનો ચૂકાદો મળત એવી હું આશા રાખું છું. પરંતુ એવો કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નર્મદા યોજનાની ચર્ચા કરતી વખતે તત્કાલીન વિરોધપક્ષે ઉપાડ્યો ન હતો. કારણ કે તે વખતે જાહેર હિતની ચર્ચા વિધાનસભામાં કરવી જોઈએ એવો...(અંતરાય) મારા માટે વિશ્વાસ કે અવિશ્વાસનો સવાલ નથી. શક્તિસિંહજી, પ્રશ્ન એટલો જ છે કે એ વખતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ન હતો અને એટલા માટે એનું જજમૅન્ટ આપણે ત્યાં આવ્યું નથી. એનું રૂલિંગ આજે મને મળતું નથી. એનું કારણ આ છે. આજે જે મુદ્દો મારી સમક્ષ આવ્યો છે, આપે અને અર્જુનભાઈએ ઉપસ્થિત કર્યો છે એ માટે આપણા બધા જ સબજયુડિસ ઉપર અપાયેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરોનો અભ્યાસ કર્યો. એક પણ મુદ્દો આજના મુદ્દાની સમકક્ષ નથી, વિચારવા લાયક નથી અને તેથી હું એમ સ્પષ્ટપણે માનું છું કે જે મેટર કોર્ટમાં એડમિશનના સ્થાને હોય એને સબજયુડિસ કહેવી યોગ્ય નથી. હું સ્પષ્ટપણે માનું છું કે જે મેટર ધારાકીય પ્રક્રિયાના ભાગરૂપે હોય એને સબજયુડિસનો નિયમ લાગુ પડે નહીં અને એવો પ્રસ્તાવ આ સભાગૃહમાં ચર્ચી શકાય. એટલા માટે એ પ્રકારનું એક રૂલિંગ આપી મારી વાતને પૂરી કરું છું.

# સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

## ગુજકોકના વિધેયકને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મેળવી આપવા કેન્દ્ર સરકારને અનુરોધ કરવા અંગે

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૨૦ હેઠળ નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું:-

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરહદી રાજ્ય છે. દરિયાઈ તેમજ જમીન સરહદ ખૂબ લાંબી હોઈ, ત્રાસવાદી સંગઠનો વ્યવસ્થિત રીતે અને આયોજનબદ્ધ રીતે આતંકવાદ ફેલાવી રહ્યા છે જે સમાજ માટે, રાજ્ય માટે અને રાષ્ટ્ર માટે પડકારરૂપ અને જોખમરૂપ બનેલ છે. રાષ્ટ્રહિત વિરૂદ્ધની પ્રવૃત્તિઓ જેવી કે ધાકધમકીથી પૈસા પડાવવા, દાણચોરી કરવી અને તે દ્વારા કેફી દ્રવ્યો, શસ્ત્રો અને વિસ્ફોટક સામગ્રી લાવવી, બનાવટી નોટો ચલણમાં ઘુસાડવી અને સોપારી આપીને કોઈ વ્યક્તિ વિશેષની હત્યા કરવી કે તેનું અપહરણ કરવું અને તે રીતે સમાજ અને રાજ્યની શાંતિ અને સંપને ડહોળી નાખવા વગેરે કામગીરી સંગઠિત ગુન્હાહિત સિન્ડિકેટ જેવા ત્રાસવાદી સંગઠનો દ્વારા થઈ રહી છે. ગુજરાત રાજ્ય એ રાષ્ટ્રમાં સૌથી લાંબી દરિયાઈ પટ્ટી ધરાવતું રાજ્ય છે. તેથી ગુજરાત ત્રાસવાદીઓની ઘૂસણખોરી અને દેશદ્રોહી જેવા આતંકવાદી સંગઠનો દ્વારા ચલાવાતી પ્રવૃત્તિઓનો પહેલો શિકાર બને છે. વળી, ગુજરાત વિશ્વ કક્ષાએ જ્યારે આર્થિક, સામાજિક પ્રગતિની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે રાજ્યમાં ઔદ્યોગિક, રાજકીય અને કોમી એખલાસ અને શાંતિની સ્થિરતા આવા આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી સંગઠનોને આંખમાં ખૂંચે તે સ્વાભાવિક છે.

૨. આ પ્રકારની સંગઠિત ગુનાખોરી ઉપર નિયંત્રણ લાવવા માટે ભારત સરકારની જ અગાઉની સૂચના અનુસાર આ વિધાનસભાએ ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ બિલ સને ૨૦૦૩માં પસાર કર્યુ હતું. આ બિલ દાખલ કરતાં અને પસાર કરતાં પહેલા કેન્દ્ર સરકાર પાસેથી આગોતરી વહીવટી અનુમતિ પણ મેળવવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા ગૃહે 'ગુજકોક' બિલ પસાર કરી તેને મહામહીમ રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મેળવવા ભારત સરકારના ગૃહ મંત્રાલયને તા.૧૯/૬/૨૦૦૪ ના રોજ મોકલી આપેલ છે, જેને લાંબો સમય થયો હોવા છતાં મંજૂરી મળી નથી. આ વિધેયકને રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મેળવી આપવા માટે ભારત સરકાર સાથે અવાર નવાર પત્રવ્યવહાર કરવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ વડાપ્રધાનશ્રીને પત્ર લખી આ કાયદાને મંજૂરી આપવા વિનંતી કરેલ છે અને રાજ્યના સંસદ સભ્યશ્રીઓના પ્રતિનિધિ મંડળે પણ માનનીય વડાપ્રધાનશ્રીને આ કાયદાને મંજૂરી આપવા આવેદન પત્ર પાઠવેલ છે. રાજ્યની મંત્રીમંડળની બેઠકમાં આ અંગે એક ઠરાવ પસાર કરીને કેન્દ્ર સરકારને સત્વરે આ કાયદાને મંજૂરી આપવા માટે રાષ્ટ્રપતિશ્રી સમક્ષ તેને રજૂ કરવા વિનંતી કરેલ છે અને વિધાનસભા ગૃહમાં પણ ગુજકોકના કાયદાને મંજૂરી આપવા માટે એક બિન સરકારી સંકલ્પ પસાર કરાયેલ હતો.

૩. દેશના અન્ય રાજ્યો જવાં કે, મહારાષ્ટ્ર, કર્ણાટકમાં હાલમાં આ કાયદો અસ્તિત્વમાં છે જ અને ભારત સરકારે તેને મંજૂરી આપેલ છે ત્યારે ગુજરાત રાજ્યનો આ ગુજકોકનો કાયદો જે મહારાષ્ટ્રના કાયદા જેવો જ છે તેને મંજૂરી ન મેળવી આપી રાજ્યને અને રાષ્ટ્રહિતને ખૂબ નુકસાન થઈ રહ્યું છે અને દેશના સંઘીય ઢાંચા માટે પણ આ યોગ્ય નથી.

૪. આતંકવાદ એ કોઈ રાજ્ય કે રાષ્ટ્રની સમસ્યા નથી પરંતુ વૈશ્વિક માનવીય સમસ્યા છે. છેલ્લા કેટલાંક વર્ષોથી સંગઠિત ગુનાઓ આપણા સમાજ માટે ગંભીર જોખમરૂપ બનેલા છે. સંગઠિત સિન્ડીકેટસને ત્રાસવાદી સંગઠનો સાથે સંબંધ હોવાનું સામાન્ય કારણ છે અને તે ત્રાસવાદને ઉત્તેજન આપે છે. શરૂમાં જણાવ્યું તેમ ગુજરાત એક સરહદી રાજ્ય છે. ૧૬૪૦ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો છે. વળી વેપાર વાણિજ્ય અને આર્થિક દ્રષ્ટિએ ખૂબજ વિકસિત રાજ્ય છે. રાજ્યની પ્રજા શાંતિપ્રિય છે. સાડા પાંચ કરોડ ગુજરાતીઓની શાંતિ હણાય, ગુજરાતની સમૃદ્ધિ હણાય અને લોકોમાં આતંકની લાગણી ફેલાય તે રાજ્ય અને દેશ માટે જોખમરૂપ છે. ગુજરાત એ વિશ્વકક્ષાએ હરણફાળ ભરતું રાજ્ય છે. ગુજરાતની જનતાને આતંકવાદથી બચાવવાની જવાબદારી રાજ્ય અને કેન્દ્ર સરકારની પણ છે. સમગ્ર દુનિયાને આતંકવાદે બાનમાં લીધેલ છે. સમગ્ર વિશ્વના બધા જ દેશો આતંકવાદ સાથે લડવા માટે પોતાના સુરક્ષા દળોને સજ્જ કરી રહ્યાં છે. એમને કાયદાકીય સમર્થન પૂરું પાડી રહ્યાં છે અને આતંકવાદની સામે લડવા માટે એક રાજકીય ઈચ્છાશકિત વ્યકિત કરી રહ્યાં છે. હમણાંની અમદાવાદ અને સુરતની આતંકવાદી ઘટનાઓ ધ્યાને લઈ અને જ્યારે પોટાનો કાયદો પણ હવે નથી ત્યારે ગુજરાતના આ સન્માનનીય સભાગૃહે રાષ્ટ્ર અને રાજ્યના હિતમાં સંગઠિત ગુનાખોરીને કડક હાથે ડામી દેવા માટે સર્વ સંમતિથી પસાર કરેલા ગુજકોકના વિધેયકને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ સત્વરે મેળવી આપવા માટે જરૂરી કાર્યવાહી કરવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : શ્રી ભગવાનભાઈ બારડ પોતાનો સુધારો રજૂ કરે. - માનનીય સભ્યશ્રી ગેરહાજર.
( થોડીવાર બાદ ) શ્રી જગદીશભાઈ ઠાકોર.

**શ્રી જગદીશ ઠાકોર( વિરોધપક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો રજૂ કરું છું.

(૧) ફકરા-૩ માં, બીજી લીટીમાં, " તેને મંજૂરી આપેલ છે ત્યારે " તે શબ્દ પછી " ગુજરાત સરકાર દ્વારા કાયદાનો દૂરપયોગ થશે તેવી દહેશત વ્યકત કરીને" એ શબ્દો ઉમેરવા.

(૨) ફકરા-૪ માં, ૭મી લીટીમાં, " રાજ્ય અને દેશ માટે જોખમરૂપ છે" તે શબ્દો પછી " ત્યારે આતંકવાદ ઊભો થવા માટેનાં મૂળ કારણો શોધી કાઢીને આતંકવાદ ઊભો થતો જ અટકાવવાના ઉપાયો અને પ્રયત્નો કરવામાં આવે." એ શબ્દો ઉમેરવા.

(૩) ફકરા-૪માં, ૧૩મી લીટીમાં, " અને જ્યારે પોટાનો કાયદો પણ હવે નથી" એ શબ્દોને બદલે "અને જ્યારે કેન્દ્ર સરકારે કેટલાક કારણોસર પોટાનો કાયદો રદ કર્યો છે" એ શબ્દો મૂકવા.

**સુધારા રજૂ કરવામાં આવ્યા.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ૨૦૦૩માં આ સભાગૃહે એને પસાર કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ની અંદર.

**અધ્યક્ષશ્રી** : આ બાજુ ૨૦ મિનિટ અને આ બાજુ ૪૦ મિનિટ અને ચર્ચા શરૂ થઈ ત્યારથી, પૉઈન્ટ ઑફ ઑર્ડરવાળી નહીં.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, વિષય એક એવો આવે છે કે, આ વિધેયકની અંદર કયાંય આતંકવાદનો, આતંકવાદ એવો શબ્દ નથી. આતંકવાદ એટલે કોઈ સ્પેશીફીક ચહેરો નથી. આતંકવાદ એટલે એક વિચારધારા છે અને એક એવી વિચારધારા છે કે, જે આખી દુનિયાને ઈસ્લામિક હકૂમત નીચે લાવવા માટેનો એમનો ઉદેશ છે અને આ ઉદેશને પાર પાડવા માટે પોતાની ઇચ્છા મુજબ ગમે તે હદ સુધી જઈ શકે એ પ્રકારના કૃત્યો કરાવાવાળા લોકોની ટોળી. એમાં હવે એવું નથી રહ્યું કે માત્ર દાઢીવાળા લોકો જ હશે, કોઈ પણ જગ્યાએ ગમે તેવા કાયદાનો પણ જરૂર પડે તો ઉપયોગ કરીને આધુનિક (અંતરાય) એમાં છત્રપતિ શિવાજી મહારાજની પણ હતી અને અફઝલખાનની પણ હતી એટલે દાઢીએ દાઢીએ ફેર હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા તત્ત્વોને ઝેર કરવાનું કામ કાયદાથી આપણે લેવું જોઈએ. શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે,

" યદા યદા હી ધર્મશ્ય ગ્લાની ભવતું ભારત
અભ્યુથ્થાનમ્ અધર્મસ્ય, તદાત્માનામ્ સૃજામ્યહમ્
પરિત્રાણાય સાધુનામ્ વિનાશાય ચ દૃષ્કૃતમ્
ધર્મ સંસ્થાપનાય સંભવામિ યુગે યુગે. "

ભગવાન કૃષ્ણે આ કહેતાની સાથે એક બીજું પણ કહ્યું છે કે, **સંઘે શકિત કલયુગે**, કલયુગમાં ઈશ્વરનું સ્વરૂપ સમૂહ રીતે હશે. સંઘ એટલે હું માનું છું કે, અત્યારનું આપણું વિધાનગૃહ, આ વિધાનગૃહ ઈશ્વરનું સ્વરૂપ છે અને

ઈશ્વરનું સ્વરૂપ, જેણે નિદોર્ષ પ્રજાને રંજાડનારા તત્ત્વોને ડામવા માટેનું કામ જો કોઈએ કરવાનું હોય, એવો કાયદો બનાવવાની કોઈની જવાબદારી હોય તો એ આપણા વિધાનગૃહની છે આપણે તો આ કામ કર્યુ પરંતુ હવે ભારત સરકારે પણ આ કાયદાને મંજૂરી આપવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, તાત્કાલિક કાયદાને મંજૂરી ના મળવાના કારણે રાજયમાં આપણે જે પ્રમાણે પગલાં લેવાં જોઈએ એ પ્રમાણે લઈ શકતા નથી. હમણાં જ કર્ણાવતીમાં આતંકી હુમલાના કેટલાક નિદોર્ષ લોકો ભોગ બન્યા, એમનો વાંક શું હતો ? કેવા લોકો હતા? જે ઘરેથી કહીને નીકળ્યા હશે કે હમણાં હું આવું છું અને ઘરે બાળકો રાહ જોતા હશે, અને મા-બાપ ઘર સુધી ન પહોંચી શક્યા આવા નિદોર્ષ લોકો દેશ આખામાં મોતને ભેટી રહ્યા છે અને ત્યાંથી આવું કૃત્ય કરવાવાળા લોકોને ડામવા માટેનો કાયદો ભારત સરકારમાં વિચારાધીન છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની અંદર એવી જોગવાઈઓ કરી છે કે, જેની અંદર ત્રાસવાદી પ્રવૃત્તિ કરતા પહેલાં એને સેલ્ટર આપવાવાળા લોકો હોય જે રક્ષણ આપવાવાળા લોકો છે એને દંડી શકાય. આંતરિક વાતચીત ચાલતી હોય તો જેના ઉપર શંકા લાગે કે આ આતંકવાદી પ્રવૃત્તિ હવે કરશે તો એના મેલ કે ટેલિફોનને પણ આંતરીને બાકીની માહિતી શોધીને આતંકવાદી ઘટના થઈ ના શકે એ માટેની પણ જોગવાઈ છે. એક વખત પકડાયા પછી એને સખતમાં સખત સજા થઈ શકે એ માટેની પણ જોગવાઈ છે, જરૂર પડે અલાયદી કોર્ટની પણ વ્યવસ્થા કરવાની આ કાયદામાં જોગવાઈ છે. પોલીસની પાસે લીધેલો પુરાવો એ માન્ય રાખી શકાય, ઘણી વખત આવા આતંકી લોકોની સામે કોઈ જવાબ, પુરાવા આપવા માટે તૈયાર નથી થતું ત્યારે એક ઉચ્ચ કૅડરના અધિકારી પાસે જે જવાબ લીધો હોય એને જયુડીશીયલી માન્ય રાખવા માટેની પણ જોગવાઈ છે. પરંતુ મને સમજાતું નથી કે, આ કાયદાને મંજૂરી કેમ નથી મળતી? આપણે જોઈએ તો આતંકવાદ એ આખી વૈશ્વિક સમસ્યા છે, ૧૧મી સપ્ટેમ્બર,૨૦૦૧ની અંદર વર્લ્ડ ટ્રેડ ઉપર હુમલો થયો, એ હુમલા પછી માત્ર દોઢ મહિનાના સમયગાળામાં અમૅરિકાએ ૨૬ ઑક્ટોબર, ૨૦૦૧ના રોજ પેટ્રિયોટ નામનો કાયદો બનાવ્યો જેને દેશભક્ત નામ એમણે આપ્યું છે અને લગભગ સર્વ સંમતિથી એને પસાર કર્યો, એમાં વિરોધપક્ષ, શાસક પક્ષ આવું કાંઈ હતું જ નહીં, દેશની પ્રજાની સુરક્ષા એ લોકોએ કેન્દ્ર સ્થાને રાખી, પાંચ વર્ષ માટે એ કાયદાની જોગવાઈ કરી હતી પરંતુ ફરી એ પાંચ વર્ષ પુરા થયા ત્યારે ફરી એ કાયદાને આગળ લંબાવી અને કાયમી એ કાયદાનો ભાગ રહે એ પ્રમાણેની જોગવાઈ પણ એ કાયદામાં કરી.માનનીય અધ્યક્ષશ્રી, ઈંગ્લેન્ડે પણ હમણાં ૨૦૦૧માં એક કાયદો બનાવ્યો અને એ કાયદો એન્ટી ટેરરીસ્ટ એકટ, યુ.કે. એ પછી ૨૦૦૫ની સાલની અંદર જયારે ફરી ટ્રેન્ડની અંદર હુમલો થયો બોમ્બ વિસ્ફોટ થયા એ પછી ફરી જામીનની પણ જોગવાઈ ન મળે એ પ્રમાણેનો કાયદો બનાવ્યો. આજે શિક્ષિત સૌથી આગળ વધી ગયા છે એવા શકિતશાળી દેશોની અંદર પણ શાસક પક્ષ, વિરોધ પક્ષ બંને સર્વસંમતિથી રાજનીતિ યા મતોની રાજનીતિ જોયા સિવાય નિર્ણય કરી રહયા છે ત્યારે આપણા દેશની અંદર જોઈએ તો કેટકેટલા હુમલા થયા છે. માત્ર એક હુમલાને કારણે એમણે કાયદા બનાવ્યા. આપણે ત્યાં ૨૦૦૩ની અંદર મુંબઈની અંદર ૧૧ લોકોના મૃત્યુ થયા. મુંબઈમાં ૨૦૦૩ની અંદર ૨૫ ઓગષ્ટે ૬૦ લોકોના મૃત્યુ થયા. આસામની અંદર ૨૦૦૪માં ૧૪ લોકોના મૃત્યુ થયા. ૨૦૦૫માં નવી દિલ્હીમાં ૬૬ લોકોના મૃત્યુ થયા. વારાણસીની અંદર ૧૫ લોકોના મોત. ૨૦૦૬ની અંદર ૧૮૦થી વધારે મૃત્યુ. ૨૦૦૬માં ૩૨ લોકોના માલેગાંવમાં મૃત્યુ. સમજૌતા એકસપ્રેસની અંદર ૬૬ લોકોના મૃત્યુ. હૈદરાબાદની અંદર ૧૧ લોકોના મૃત્યુ. ૨૦૦૭માં હૈદરાબાદની અંદર ૪૦ના મોત. જયપુરમાં ૬૩ના મોત. બેંગ્લોરની અંદર એકનું મોત ૧૫ લોકો ઘાયલ. અમદાવાદની અંદર પણ ૫૭ લોકોના મૃત્યુ થયા. નવી દિલ્હીની અંદર ૨૪ લોકોના મૃત્યુ હમણાં જ થયા. આટલી આટલી ઘટનાઓ બનવા પછી પણ આપણી સરકાર શું કરી રહી છે. આ યુ.પી.એ.ની સરકારે આવતાની સાથે પહેલો આતંકવાદની સામે સૌથી મજબુત કાયદો બનાવવાની જરૂર હતી એની જગ્યાએ શું કર્યું? પોટાનો કાયદો રદ કર્યો. શેના માટે કર્યો? ત્રાસવાદીને શું સમાચાર આપવા માગે છે? આના કારણે આતંકવાદીઓને એ મેસેજ પહોંચશે કે અમારી લાગણી સમજવાવાળી સરકાર દિલ્હીની અંદર બેઠી છે. આ બાબત દેશ માટે બહુ ચિંતાજનક છે. ચિંતા હોવી જોઈએ આતંકનો ભોગ બનવાવાળા લોકોની અને એની જગ્યાએ ત્રાસવાદીઓની લાગણી સમજવાવાળી સરકાર આવો જો મેસેજ ત્રાસવાદીઓ, આતંકવાદીઓ સુધી પહોંચે તો હું માનું છું કે એ કોઈપણ રીતે ઠીક નથી. પોટાનો કાયદો હતો એ રદ કર્યો. કારણ શું આપે છે કે અમે અમારા ચૂંટણીના એજન્ડાની અંદર એવું નકકી કર્યું હતું કે અમે સત્તા ઉપર આવીશું તો પોટાનો કાયદો રદ કરીશું. મતોની રાજનીતિ કોઈપણ રીતની હોઈ શકે પરંતુ જયાં દેશ હિત આવતું હોય, પ્રજાની સુરક્ષાની જવાબદારી આવતી હોય, પ્રજાની સુરક્ષાની જવાબદારી સરકારની છે. સૌથી પ્રાથમિક કામ જો સરકારનું હોય તો સુરક્ષા અને ન્યાયનું છે અને ત્યારે પ્રજાની સુરક્ષા માટે કડકમાં કડક કાયદો બનાવવાની જરૂર છે. આટલા આટલા હુમલા થયા દેશની અંદર પણ એક પણ જગ્યાએ કર્ણાવતી અને દિલ્હીને બાદ કરતા આ કયો મોરલો કળા કરી ગયો એની જાણકારી પણ ન મળે. કયા ટેરરીસ્ટ છે, કયા લોકોએ આની અંદર હુમલો કર્યો, કેમ કર્યો એની કોઈ માહિતી ન મળે એવી સ્થિતિ દેશની અંદર હતી. મારે અભિનંદન આપવા છે મુખ્યમંત્રીશ્રીને અને ગુજરાતની પોલિસને. એમણે ઐતિહાસિક કામ કર્યું છે અને ત્રાસવાદના, આતંકવાદના મુળીયા સુધી પહોંચવાનું કામ આ ગુજરાતની પોલિસે કર્યું છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રવિણભાઈ, આપ પાછા જાવ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામ ત્યારે જ થઈ શકે જયારે દ્રઢ ઈચ્છાશકિત હોય ત્રાસવાદ સામે લડવાની. દેશના કેટલાક નેતાઓ તો આતંકવાદ નામ બોલતા પણ ગભરાય છે. એમને લાગે છે કે મતબેંક લુંટાઈ જશે. હિન્દુસ્તાનની અંદર નરેન્દ્ર મોદી નામનું નેતૃત્વ એવું છે કે જે ત્રાસવાદની સામે ખુલ્લંખુલ્લા લડી રહયા છે.

**અધ્યક્ષશ્રી** : શંકરભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. મિનિટો પૂરી થાય એટલે પૂરું થાય.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : એક વાકય પૂરું કરી દો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક મિનિટમાં જ પૂરું કરીશ. ગુજકોકનો કાયદો, પોલિસ જયારે એના હાથમાં રાઈફલ હોય છે અને ત્રાસવાદીને પકડવા જાય છે ત્યારે સામે ત્રાસવાદીઓ કંઈ ચોપડી લઈને નથી બેઠા હોતા કે કાયદાની ચોપડી લઈને. એમના હાથમાં આધુનિકમાં આધુનિક હથિયાર હોય છે. જો પોલિસ એમની સામે કંઈ કાર્યવાહી કરે તો એને તાત્કાલિક જેલમાં જવું પડે કહેવાય છે એન્કાઉન્ટર કરી નાખ્યું.અને જો આની અંદર મૃત્યુ પામે તો જે એન્કાઉન્ટરની વાત કરવાવાળી આખે આખી જમાત એક શબ્દ બોલતા નથી. પોતાના દીકરાની સારવાર કરવાની જગ્યાએ દેશની પ્રજાને મદદ કરવા માટે કામ કરવાવાળા પોલીસના જવાનોને કાયદા દ્વારા પીઠબળ આપવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. મારી પાસે જયંતિભાઈ ભાનુશાળીની દિલગીરી અને માફી વ્યક્ત કરતો પત્ર આવ્યો છે. એમને સભાગૃહમાં બેસવાની મંજૂરી આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ સામે લડવા માટે કોંગ્રેસનું સંપૂર્ણ કમિટમેન્ટ છે. બે દિવંગત નેતાઓ કોંગ્રેસના આતંકવાદ સામે લડતા લડતા શહીદ થયા છે. માત્ર વાણી વિલાસ નથી કર્યો. વાસ્તવિક રીતે આતંકવાદની સામે લડ્યા છીએ. આતંકવાદી હિન્દુનો દુશ્મન નથી. આતંકવાદી મુસ્લિમનો દુશ્મન નથી. આતંકવાદી હિન્દુસ્તાનનો દુશ્મન છે. એ વાત આપણે સમજવી પડશે. આપણે સૌએ રાજકારણથી પર ઊઠીને આતંકવાદ સામે લડવા માટે એક થઈને લડવું પડશે અને રાજકીય ખીચડીઓથી પર નીકળવું પડશે. આતંકવાદ ન આવે તો હું મર્દ અને આવે તો કોઈકને ગાળ એમ નહિ. ચાલો સાથે બેસીએ. આતંકવાદ સામે લડવા માટેનો નિર્ધાર નક્કી કરીએ. ગુજકોકને લઈને જે રાજકારણ થઈ રહ્યું છે, ત્યારે કેટલીક હકીકતો આપની મારફત ગુજરાતની જનતાને આ માનનીય સભાગૃહ સમક્ષ રાખવા માગું છું. બાબાસાહેબ આંબેડકરે આપેલ બંધારણમાં સ્પષ્ટ વાત છે. કેન્દ્રની સત્તાઓ, રાજયની સત્તાઓ અને કન્કરન્ટ લિસ્ટ, સ્ટેટ લિસ્ટ, સેન્ટ્રલ લિસ્ટ અને કન્કરન્ટ લિસ્ટ. જે રાજયની સત્તા જ ન હોય એવો કાયદો રાજય બનાવે તો તમારી સરકાર હોય તો ના થાય, બીજી સરકાર હોય તો ન થાય. અને કરાવીએ તો પણ કોર્ટ અલ્ટ્રાવાયરર્સ ડિકલેર કરે. ૨૬-૧૨-૨૦૦૧ આ નોંધવા જેવી તારીખો છે. ૨૬-૧૨-૨૦૦૧ ના રોજ ગુજરાત કન્ટ્રોલ ઑફ ઓર્ગેનાઈઝડ બિલ ૨૦૦૨ એનો ડ્રાફ્ટ કેન્દ્ર સરકારને મોકલ્યો. કોની સરકાર ઉપર હતી? આપની સરકાર હતી એન.ડી.એ.ની. અહીયાથી આપે મોકલ્યું. આ મોકલ્યા પછી ૧૮-૩-૨૦૦૨ ના રોજ સુધારા વધારા કરવા પાછું મોકલાયું. ડ્રાફ્ટ બિલ. એ પછી ૨૬ માર્ચ ૨૦૦૩. ગુજરાતની આ વિધાનસભાએ ગુજકોકનું બિલ પસાર કર્યુ. ગવર્નર સાહેબને મોકલાયું. કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર. ગવર્નર સાહેબ આપના. આપની અહીયા સરકાર. આપે ગુજકોક પસાર કર્યુ. ૨૬-૩-૨૦૦૩. ગવર્નર સાહેબ સીધી એસેન્ટ આપી શકે. નહિ આપી એસેન્ટ એમણે. કારણ કે બિલ તમારા કાર્યક્ષેત્ર અધિકાર બહારનું હતું. એમણે મોકલી આપ્યું કેન્દ્ર સરકારને. કેન્દ્રમાં આપના નાયબ વડાપ્રધાન એ જ ગૃહપ્રધાન હતા અડવાણીજી. એમણે બિલ માટે કોમેન્ટસ મંગાવી. અઠવાડિયા સુધી કોઈ મંત્રાલયે ન આપી, પછી કહ્યું આ નહિ થઈ શકે, એટલા માટે ૮ માર્ચ ૨૦૦૪ ના રોજ અડવાણીજીની ફાઇલ પર સહી થઈને મોકલાયું. કે આ બિલ ગુજરાતને પાછું મોકલો કે તમારી વિધાનસભામાં પાછું લઈ જાવ. ૮ માર્ચ ૨૦૦૪સુધીમાં બે વર્ષ અને ૩ મહિના ગુજકોકનું બિલ અહીથી પસાર કરેલું કેન્દ્રની ભાજપની સરકારે પાછું તમને મોકલ્યું. બે વર્ષ અને ૩ મહિના સુધી ત્યાં સુધી તમને આતંકવાદની ચિંતા ન થઈ. એક બિલ પાછું આવ્યા પછી ઈન્ડિયા શાઈનિંગવાળી સરકાર ગઈ. સત્તા પરિવર્તન થયું. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવી. આપની ફરજ હતી કે પહેલા આપની ભૂલો સુધારો. નહિ સુધારી એનું એ જ બિલ રાજકીય લાભ લેવા માટે વિધાનસભાગૃહમાં લાવવામાં આવ્યું. સમગ્ર વિરોધ પક્ષને ઊચકીને બહાર. એક જ મિનિટમાં બિલ પસાર. ચર્ચા વગર પસાર અને મોકલાયું પાછું. આ બિલમાં સ્પષ્ટ વાતો એવી છે કે કોઈ પણ કેન્દ્રમાં આપનો અનુભવ થઈ ગયો ભુતકાળમાં આપની સરકારમાં ગુજકોક નામંજૂર થયું. કેન્દ્રનો કોઈપણ કાયદો હોય અને રાજ્યનો કાયદો આવે ત્યારેરાજયનો કાયદો તે કેન્દ્રના કાયદાથી વિરૂદ્ધનો ન હોઈ શકે તે બંધારણીય જોગવાઈ છે. બાબાસાહેબ આંબેડકરની કરેલી. મારી કે આપની કરેલી નહીં. કેન્દ્રના કાયદાથી જુદો કાયદો આપણો ન આવી શકે. આપે એમ છતાં ગુજકોકમાં જે જોગવાઈ કરી ઈન્ડિયન એવીડન્સ એકટ સેકશન-૨૫ એમ કહેતી હોય કે જે કઈ કસ્ટડીમાં નિવેદન આપ્યું હોય, પોલીસ પાસે દંડાના જોરે હોય તેને એવીડન્સ ના ગણાય. આપ એવીડન્સ એકટથી બહાર જાઓ. નો, પોલીસ દંડાના જોરે કહે તે કરી દો તો એ કેન્દ્રના કાયદાથી વિરૂદ્ધની જોગવાઈ થઈ, કયારેય મંજૂરી ના આપે. આપ શા માટે ૧૬૪ ઉપયોગ નથી કરતા. ન્યાયાલય પાસે પાવર છે. લઈ જાઓ ન્યાયાધીશ પાસે. એકયુઝનું નિવેદન રેકર્ડ કરાવો એને પુરાવા

તરીકે વાપરી શકાય. આપ વધારે કાયદા કડક લાવો. આતંકવાદને ડામવા જેટલી કડકાઈ કરવી હોય તે કરો પણ તે કાયદાઓ તટસ્થ અદાલત, કોર્ટ પાસે હોવા જોઈએ. નહીં કે એવા લોકો પાસે જે આપણી ટયુન પર ડાન્સ કરતા હોય અને એના કારણે આ આપણા આ ગૃહના માજી ધારાસભ્ય માનનીય યતીનભાઈ ઓઝાને કે પોલીસને અધિકારો આપવાથી શું થાય છે. તેમને બહુ સારો અનુભવ છે. કોર્ટમાં એમની મેટર ચાલે છે. એમની આર્ગ્યુમેન્ટસ મેં સાંભળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સપોર્ટ ઑફ પ્રોપર્ટી એકટનો કાયદો છે તેનાથી વિરૂદ્ધની જોગવાઈઓ ગુજકોકમાં છે. ક્રિમીનલ પ્રોસિઝર કોડ એની તમામ જોગવાઈઓથી વિરૂદ્ધની જોગવાઈઓ ગુજકોકમાં છે. પછી આપણે એમ કહીએ કે ગુજકોક પસાર કરતા નથી. આતંકવાદ કે આતંકવાદી સંગઠનનો તો આમાં કયાંય ઉલ્લેખ જ નથી. આતંકવાદની સામે લડવા માટે કેન્દ્રએ પોટાને રીપીલ કર્યા પછી કાયદો આપ્યો છે અન લો ફુલ એકટીવીટીઝ એકટ-૨૦૦૪ એના એમેન્ડમેન્ટ જરા જોઈ જજો આપ. તે કાયદો છે આતંકવાદ સામે લડવા માટે ગુજકોક કરતાં સેંકડો ઘણો પાવરફુલ કાયદો છે. વાપરો આપ તેને. પણ આપને આતંકવાદ ડામવામાં રસ નથી. આતંકવાદના નામે બીજી વાતમાં રસ છે. અડધી મિનિટમાં પૂરું કરીશ. કાયદાથી આતંકવાદ રોકાતો હોત તો પોટાનો કાયદો હતો, આપની સરકાર કેન્દ્રમાં હતી. રઘુનાથ મંદિર પર હુમલો થયો, પાર્લામેન્ટ પર હુમલો થયો, અહીં અક્ષરધામ પર હુમલો થયો, લાલ કિલ્લા પર હુમલો થયો, કાશ્મીરની વિધાનસભા પર હુમલો થયો , હરેન પંડયાની હત્યા થઈ અને બેગો ભરીને કંદહાર આતંકવાદીને મૂકવા જવું પડયું ત્યારે પોટાનો કાયદો હતો. અને કાયદાથી આતંકવાદ નથી રોકાતો. આતંકવાદને રોકવા માટે છાતી જોઈએ જે ઈન્દિરાજી પાસે હતી. એક મહિલા છતાં મરદ હતી જે આતંકવાદ સામે લડયા. તે શબ્દો સાથે આ કાયદાનો જે દૂરપયોગ થવાનો છે. જે રીતે પોટાનો દૂરપયોગ થયો, એક ૧૪ વર્ષની દીકરીને પોટા નીચે રાખી અને કેટલાય સમય સુધી હેરાન કરીને પછી ખબર પડી કે નિર્દોષ હતી આ પરિસ્થિતિ વચ્ચે ગુજકોક લાવવામાં આવ્યો છે. આશારામ જેવાને પકડવા માટે કાયદો છે તે વાપરતા નથી અને ગુજકોકની વાત કરો છો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય સંસદીય વિભાગોના માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે તે સંકલ્પના સમર્થનમાં મારી વાત રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૬મી જુલાઈ અમદાવાદમાં સિવિલ ટ્રોમા સેન્ટરમાં એક ભયાનક બ્લાસ્ટ થયો અને આ બ્લાસ્ટની અંદર મારા વિસ્તારના ૨૧ જેટલા લોકો મૃત્યુ પામ્યા. ૪૭ જેટલા લોકો ઈજાગ્રસ્ત બન્યા. મારા વિસ્તારમાં ગ્રીનપાર્ક સોસાયટી સિવિલ પોલીસ ચોકીની સામે તેની અંદર એક નાનકડો પરિવાર રહે છે. દુષ્યંતભાઈ, રોહન, યશ અને દુષ્યંતભાઈના પત્ની ગીતાબેન. જયારે આ ઘટનાની અંદર ગીતાબેને પોતાના પતિ દુષ્યંતભાઈ તથા પોતાનો નાનો વ્હાલસોયો દીકરો રોહન અને હજી પણ એપોલો હૉસ્પિટલમાં જે સારવાર લઈ રહ્યો છે ઈજાગ્રસ્ત આ યશના સંદર્ભમાં હું એમના ઘરે મળવા માટે ગયો. હું એના સંદર્ભમાં કહેવા માગું છું કે આ ગીતાબેને ચોધાર આંસુની સાથે એક જ વાત કરી કે, માનનીય નરેન્દ્રભાઈ મોદીને જઈને કહેજો કે મેં મારો પતિ ગુમાવ્યો છે, મેં મારો દીકરો ગુમાવ્યો છે, મારો બીજો દીકરો હજી હોસ્પિટલના બીછાને છે પણ આવનારા દિવસોમાં આ જે લોકો પકડાય એ પકડાયેલા લોકોને ફાંસીના માંચડે લટકાવવા માટેનો આપ કાયદો બનાવજો, એ દિવસનું દૃશ્ય મેં મારી નજરે જોયું છે, જબરજસ્ત ધડાકો, આગની જવાળાઓ, ચીચીયરીઓ, લોહીના ફૂવારા, માંસના ઢગલા, આંતરડાના ઢગલા, કયાંક કોઈએ હાથ ગુમાવ્યો, કયાંક કોઈએ પગ ગુમાવ્યો, કયાંક કોઈએ કુટુંબનો મોભી ગુમાવ્યો, કયાંક કોઈએ પોતાનો વહાલસોયો દીકરો ગુમાવ્યો આ આતંકવાદનું નગ્ન દૃશ્ય, નગ્ન તાંડવ...

**: સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરું છું કે, આજના દિવસની કામકાજની યાદીના પેટા બાબત- ૮માં ત્રણ વિધેયકો દર્શાવ્યા છે, હજી તો આ સંકલ્પ ઉપર ચર્ચા ચાલે છે, તો ત્રણેય વિધેયકોની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સહમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સૌ સહમત છે? ( થોડીવાર બાદ ) ત્રણેય વિધેયકો પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, આ આખાય દૃશ્યો મેં નજરે જોયા છે, જે બહારના ભાગમાં જે સળગતા લોકો સળગતા સળગતા ઉભા થઈને કેજયઅલ્ટી મેડીકલના ઓફિસરના રૂમ સુધી પહોંચતા, એની ચીચીયારીઓની કલ્પના કરીએને તો આજે પણ હૃદય દ્રવી ઉઠે છે, આ ઘટનાની જયારે ખબર પડી ત્યારે કેટલાક સેવાભાવી કાર્યકર્તાઓ, ભારતીય જનતા પાર્ટીના વોર્ડના પ્રમુખ ભાઈ શ્રી પ્રદીપભાઈ પરમાર, ભાઈશ્રી રમણભાઈ માળી, ભાઈ શ્રી ગુલાબસિંહ આ બધા મારી સાથે હતા. એ બધા ઈજાગ્રસ્ત બન્યા, સીવીલ સંકુલના ૧૧ જેટલા સીવીલ પરિવારના લોકો આની અંદર મૃત્યુ પામ્યા, અસારવાના ઈતિહાસમાં એક સાથે ત્રણ ત્રણ

નનામીઓનો વખત નીકળ્યો અને જયારે આની સ્મશાનયાત્રાઓ નીકળતી હતી પંદર પંદર વીસ વીસ હજાર લોકો એકત્રિત થતા હતા ત્યારે ત્યાંના યુવાનોમાં એક જ અવાજ હતો આ ગુનેગારોને NO F.I.R., ONLY FIRE કરીને આ લોકોને ખતમ કરી દેવા જોઈએ. ૨૦૦૪ થી ૨૦૦૭ દરમિયાન જે National Counter Terrorism આંકડા આવ્યા છે એમાં પ્રથમ નંબરે આતંકવાદમાં ઈરાક છે અને બીજા નંબર ભારત છે. ૩૬૭૪ લોકો આતંકવાદના ભોગ બન્યા છે. પહેલાં આપની પાસે પોટાનો કાયદો હતો. આ દેશની લશ્કરની ત્રણેય પાંખના વડાઓએ એક જ અવાજે કહયું હતું આ દેશની સલામતી સુરક્ષા માટે આ કાયદો આવશ્યક છે, આ દેશની સલામતી સંસ્થાના અધિકારીઓએ કહયું હતું કે આ દેશની સલામતી માટે આ કાયદો આવશ્યક છે, માનનીય અધ્યક્ષશ્રી, ભારત અને પાકિસ્તાનના યુધ્ધમાં અત્યાર સુધીમાં જેટલા શહાદતો લશ્કરના સૈનિકો નથી પામ્યા અને એના કરતાં વધારે લોકો Cross-Boarder Terrorism ના કારણે આપણા દેશની અંદર મૃત્યુ પામ્યા છે. દંભી બિનસાંપ્રદાયિકતા અને લઘુમતિના તૃષ્ટિકરણ માટે , વોટબેંકની રાજનીતિ માટે ચૂંટણીનો એજન્ડો બનાવીને લઘુમતિના મત લેવા માટે આ પોટાનો કાયદો રદ કરવામાં આવ્યો હતો. જયારથી આ પોટાનો કાયદો રદ કરવામાં આવ્યો છે, ત્યારથી આતંકવાદીઓ નિર્ભય બન્યા છે. મને એ ખબર નથી પડતી કે આતંકવાદીઓની પગચંપી આપણે શાના માટે કરવી પડે છે? મને એ ખબર નથી પડતી કે આતંકવાદીઓની સામે આપણે મુજરા શાને માટે કરવા પડે છે? મને એ ખબર નથી પડતી કે અફજલ ગુરુ જેવા તત્વોને હજી સુધી ફાંસીએ કેમ નથી લટકાવી શકતા? ગુજરાતની ધરાને નિર્દોષ નાગરિકોના રકતથી ભીંજવા માટેના આ આતંકવાદીઓના મનસુબાને કોઈપણ હિસાબે આપણે દૂર કરવા માટે ગુજકોકનો કાયદો આપણા માટે આવશ્યક છે. હમણાં મોઈલી સમિતિનો ૧૮૫ પાનાનો અહેવાલ અને એ અહેવાલની અંદર આપણે જોયું કે અત્યારે જે કાયદા છે એ કાયદા પૂરતા નથી. એના માટે કડક કાયદાની આવશ્યકતા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગર્વનર કોન્ફરન્સની અંદર પણ કડક કાયદાની વાત થઈ, માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા પણ કડક કાયદાની વાત થઈ. એનાથી આગળ વધીને આ દેશના સ્પીકરોની કૉન્ફરન્સ ચંડીગઢમાં હતી અને ચંડીગઢમાં જે ઘોષણા પત્ર તૈયાર થયું કે જન્મુ કાશ્મીર અને ૧૩ ડિસેમ્બર ૨૦૦૧નો સંસદનો હુમલો ઉપરાંત અત્યાર સુધી આ દેશમાં જે હુમલાઓ થયા છે એમાં જે લોકોએ જાન ગુમાવ્યા છે એના માટે આ કાયદો આવશ્યક છે. અમૅરિકાના ટ્રેડ સૅન્ટરથી ટ્રોમા સૅન્ટર સુધી આ આતંકવાદે દુનિયાને છોડી નથી અને માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ વિચારમાંથી જન્મે છે અને આતંકવાદને ડામવા માટે પ્રબળ રાજકીય ઈચ્છાશકિતનું સામર્થ્ય ધરાવતો પૂરુષ એવા નરેન્દ્ર મોદી જ આ આતંકવાદ સામે લડી શકે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે મિત્રો શંકરભાઈ અને પ્રદિપસિંહે વક્તવ્ય આપ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મને થોડી નવાઈ એ લાગી કે • (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ સીધી વાત ઉપર આવો. આઈ ઓબ્જેકટ, આઈ ઓબ્જેકટ. હું એ શબ્દો કાઢી નાંખું છું. કોઈ સભ્ય પોતાનું વક્તવ્ય રજૂ કરે એ ક્રાઇમ ઉપર બોલે, ગૃહ વિભાગ ઉપર બોલે કે બીજા કોઈ પણ વિષય પર બોલે એને સાંકળીને આપ કહી શકો નહીં માટે શંકરભાઈ માટે આપે જે વિધાનો કર્યા છે એને હું કાર્યવાહીમાંથી કાઢી નાંખું છું. આપ ચર્ચા પર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો શેના પર વક્તવ્ય આપ્યું એની વાત કરી, પણ હવે હું મૂળ વાત ઉપર આવું છું. માનનીય અધ્યક્ષશ્રી, શંકરભાઈએ વાત કરી, પ્રદિપસિંહજીએ જે વાત કરી મારે તો એટલું જ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીના એક પણ આગેવાને કોઈ શહીદી વહોરી છે આતંકવાદ સામે લડવામાં? માનનીય અધ્યક્ષશ્રી, કૉન્ગ્રેસ પાસે તો શહીદીનો વારસો છે. કૉન્ગ્રેસ પક્ષના ૩૦૦ લોકોએ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ બાજુના સભ્યશ્રીઓને કહું છું કે, ભરતભાઈ, ફતેહસિંહભાઈ જુઓ મારી વાત સાંભળો, આપણે સમય મર્યાદામાં પૂરું કરવાનું છે. ભરતભાઈ, કાં તો તમે તમારા દંડકને કહો કે તમને બોલવા ઉભા કરે. આ બાજુથી બોલતા હતા ત્યારે કોઈ વચ્ચે બોલ્યું નથી ત્યારે આપણે પણ એટલું ધૈર્ય રાખવું જ પડશે. આપણે ચર્ચાને આગળ લઈ જવી છે અને દરેકનું પોતાનું મંતવ્ય છે એ એમનું મંતવ્ય રજૂ કરી શકે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કૉન્ગ્રેસ પાસે તો ધારાસભ્ય અને સંસદ સભ્યશ્રી કરતા ઊંચી જગ્યા હોય એવા ૩૦૦ લોકોએ શહીદી વહોરી છે. માત્ર એ શહીદી નહીં, ગુજરાતની અંદર પણ ગુજરાતની અંદર જે દેશી આતંકવાદ પ્રવેશ્યો છે એ દેશી આતંકવાદ આશારામનો હોય કે પોરબંદરના ગુંડાઓનો હોય એની સામે પણ અમે લડ્યા છીએ. મારા બાર સાથીઓએ, આ રાજ્ય સરકારને આશ્રિત ગુંડાઓની ગૅન્ગ છે એની સામે લડતા લડતા એ બાર સાથીઓએ શહીદી વહોરી છે. અમને અધિકાર છે આની સામે લડવાનો અને લેગેસી અમારી પાસે છે. એન્કાઉન્ટરની વાત થતી હતી, એન્કાઉન્ટર કયાં કર્યા હતા શંકરભાઈ? એ મારે પૂછવું છે. એન્કાઉન્ટર થયા હતા અક્ષરધામ મંદિરની અંદર અને એમાં શહીદ થયો હતો અલ્લારખા નામનો ઉનાનો એસ.આર.પી.નો સૈનિક અને એની અંદર માનનીય અધ્યક્ષશ્રી, ગોળીઓ ખાધી હતી યોગેન્દ્રસિંહ રાજપુત અને

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા

શૈલેશ બારોટ નામના બે આપણા ચેતક કમાન્ડો ફૉર્સના જવાનોએ હજી એમના શરીરમાં ગોળીઓ છે.હજી એમના શરીરમાં ગોળીઓ છે અને છતાં એને માન આપવાની વાત તો કયાં ગઈ, એવોર્ડની વાત પણ નથી થતી, પણ અહીંયા તો વાત એવી છે કે, એક આતંકવાદી આવ્યો હતો, આઈ.એસ.આઈ. નો એજન્ટ હતો, દાઉદની સાથે મળેલો હતો અને મુખ્યમંત્રીને મારવા આવ્યો હતો. બાર જણાને, બાર વ્યકિતઓને મારવામાં આવ્યા, અને મારવાવાળાને આ જ સરકારે પાછા જેલમાં મોકલ્યા અને હવે આતંકવાદીઓ મુખ્યમંત્રીને મારવા શું કરવા નથી આવતાં, મારી વાત એ છે કે, જેમ મુખ્યમંત્રીને હીરો બનાવવા માટે ગોળીઓ છોડાઈ હતી એમ આ અમદાવાદ બ્લાસ્ટ કે સુરત બ્લાસ્ટની અંદર જે આવ્યા એની પાછળ ગોળીઓ કયાં ગઈ હતી તમારી? આજેય હું આ ગૃહના રેકોર્ડ ઉપર કહેવા માગું છું કે, આ રાજય સરકાર પાસે આમિલ પરવેઝ અને સફદર નાગોરીના નિવેદનો હતા એ રેકોર્ડ ઉપર મૂકવા માગું છું અને એમાં અગિયાર જણાને જે પકડયા છે એ અગિયારે અગિયારના નામો હતા છતાં •(xxxx) સરકારે એને પકડવાની કે એને ઈન્ટ્રોગેશન કર્યુ નહિ. (અંતરાય) સરકાર માટે શબ્દ વાપર્યો છે, સરકાર માટે શબ્દ વાપર્યો છે મેં, કોઈ બીજા માટે નહિ. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) એનાથી આગળ જઈને કહું છું અફઝલની વાત કરી છે,

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર છે, એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે,

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા:** સાહેબ પછી અમે ગૃહમંત્રીને નહિ સાંભળીએ પછી કહેતા નહિ અમને.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દ પાછા ખેંચવા બાબત

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે, માનનીય અર્જુનભાઈ જે કંઈ પોતાના વિચારો વ્યકત કરી રહ્યા હતા એમાં એમણે 'આ સરકાર (xxxx) સરકાર છે ' એ પ્રકારનો જે શબ્દપ્રયોગ કર્યો છે આ જે શબ્દ પ્રયોગ કર્યો છે એ શબ્દો પાછાં ખેંચવા જોઈએ કેમકે આ પ્રકારનો શબ્દ પ્રયોગ કરવો એ આવા સિનિયર સભ્ય માટે શોભાસ્પદ નથી.

**અધ્યક્ષશ્રી** : આપણી અસંસદીય શબ્દોની યાદી હમણાં મેં જે પ્રગટ કરી છે એમાં (xxxxx) અને (xxxxx) બન્ને શબ્દો અસંસદીય ગણ્યા છે અને માટે એ શબ્દ હું કાઢી નાંખું છું. (અંતરાય) એ શબ્દ કાઢી નાંખ્યા. (અંતરાય) (xxxxx) આપના શબ્દ માટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો હતો એ પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર્યો છે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ નવો સભ્ય હોય અને પ્રથમ વખત આવીને આ ગૃહમાં બોલતો હોય તો સમજી શકાય તેમ છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દ મેં કાઢી નાંખ્યો છે અને એ શબ્દ અસંસદીય જાહેર કરેલ છે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દ એમણે પાછા ખેંચવા જોઈએ અને માફી માગવી જોઈએ, માનનીય અધ્યક્ષશ્રી, એમણે માફી માંગવી જોઈએ. અર્જુનભાઈ સિનિયર સભ્ય છે સાહેબ,

**અધ્યક્ષશ્રી** : મેં જે કર્યુ છે એ બરાબર કર્યુ છે અને નિયમ પ્રમાણે કર્યુ છે, અસંસદીય શબ્દ વપરાયો અને એ શબ્દને મેં રેકોર્ડ પરથી દૂર કરેલ છે. અર્જુનભાઈ આપ આપનું પ્રવચન ચાલુ કરો.

# સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦) (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે મોઢવાડિયાM#> :** મેં પાછા ખેંચી લીધા, તમે એને બહાદુરી ગણતાં હોય તો મને કોઈ વાંધો નથી. એનાથી આગળ જઈને કહું છું બીજી વાત માનનીય પ્રદીપસિંહજીએ કરી કે ભાઈ, અફઝલગુરૂને ફાંસી નથી આપતા, મારે એટલી જ વાત કરવાની છે કે, એન.ડી.એ.નું શાસન હતું અને ત્યારે આ સરકારે અઝહર મસૂદ, ઓમર શેખ અને અઝહર મહંમદ નામના ત્રણ ત્રાસવાદીઓને છોડ્યા, અને આ અઝહર મસૂદે પાકિસ્તાન જઈને લશ્કર-એ-તોયબાની સ્થાપના કરી અને એ લશ્કર-એ-તોયબાનો એક નાનકડો સૈનિક અફઝલગુરૂ, એણે પાર્લામેન્ટ ઉપર હુમલો કર્યો, એને ફાંસી અપાય અને ફાંસી અપાવવાની છે, તમારે ગાણાં ગાવા હોય એટલા ગાયે રાખજો, ફાંસી આપવાની છે પણ એ તમારે કે મારે નહિ, દેશના કાનૂને ફાંસી આપવાની છે, પણ મારે એટલું જ કહેવાનું છે કે, અફઝલગુરૂને ફાંસી આપવાની માગણી કરો છો તો અઝહર મસૂદને જે કંદહાર મૂકી આવ્યાં, એ કંદહાર મૂકવા જનાર ગુનેગારોને કઈ સજા કરવી એ પણ નકકી કરાવજો, મારે એટલું જ કહેવું છે કે, આ લોકો એવા છે, ૧૯૮૫માં એકટ પસાર થયો, રાજીવ ગાંધીની સરકારે મૂકયો અને એ વખતે ભારતીય જનતા પાર્ટીના સંસદમાં બે સભ્યો હતા, બન્નેએ ચર્ચામાં ભાગ નહોતો લીધો. અને રાજયસભાની અંદર આ બિલનો વિરોધ કરવામાં આવ્યો હતો ટાડાના બિલનો. આ લોકો એવા છે માનનીય અધ્યક્ષશ્રી સરકારમાં ના હોય ત્યારે એમ કહે " કસમ રામકી ખાતે હૈ મંદિર વહી બનાયેંગે " અને ૩૭૦મી કલમ નાબૂદ કરેંગે. કોમન સિવિલ કોર્ટ બનાયેંગે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પણ સરકારમાં આવે ત્યારે  રામ મંદિરકી તારીખ નહીં બતાયેંગે. અમરનાથનો મુદ્દો, તેના વખતમાં જમીન ન અપાય. અમે આપી તો હવે એમ કહે જમીન કાશ્મીર સરકાર વ્યવસ્થા નહીં કરે Shrine Board ને આપો. અરે, સેતુ સમુદ્ર પ્રોજેકટ તેને શરૂ કર્યો અને એ પ્રોજેકટ જયારે અમે આગળ કર્યો  તો કહે હવે રામસેતુને કાપવા નહીં જઈએ. એટલે જે પોતે ના કરી શકે તેવી વાતની કોંગ્રેસ પાસે અપેક્ષા રાખે. પહેલાં બહાદુરી બતાવો, બહાદુરીપૂર્વક લડવાનું કામ કરો અને તેના પછી બતાવો કે અમે આતંકવાદનો ઉપયોગ માત્ર ભાષણ કરવા કે ચૂન ચૂનકે મારુંગા એમ કરવા માટે નહીં આ જે ત્રાસવાદીઓ આવે છે તેને ગોળીએ દેવા માટે આ કાયદાનો ઉપયોગ કરીશું એવી ખાતરી થાય પછી જ તમે તમારી સાર્થકતા પ્રાપ્ત કરી શકશો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ  (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી ગુજકોક ઉપર પ્રસ્તાવ પસાર કરવાનો પ્રસ્તાવ લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે આતંકવાદ સામે કડકમાં કડક હાથે કામ લેવું જોઈએ એ અમારું લક્ષ્ય છે. અહીંયા જે ભાવાત્મક ભાષણો કરવાનો બે સભ્યોએ પ્રયત્ન કર્યો સાહેબ, ભાવાત્મક ભાષણો કરવાથી આતંકવાદ સામે લડાતું નથી. આતંકવાદ સામે લડવું હોય તો રાજકીય ઈચ્છાશકિત જોઈએ. આતંકવાદ સામે કડકમાં કડક કાયદો લાવવો પડે તો એ કાયદો લાવવા માટે અમે સંપૂર્ણપણે સંમત છીએ પણ સવાલ એ છે કે, ગુજકોક એ કાયદાનો વિકલ્પ છે કે કેમ? સાહેબ, ગુજકોક કેટલાક પ્રશ્નો ઉભા કરે છે. મારે રાજકીય વાત નથી કરવી. પણ આજે આ ગૃહના સન્માનીય સભ્યો સમક્ષ કેટલીક મહત્વની ગુજકોકની વાત મૂકવી છે અને હું આશા રાખું છું કે સભ્યો તટસ્થતાપૂર્વક તેના ઉપર વિચાર કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, પોટા - Prevention of Terrorism Act હતો. આપણે ગુજકોક લાવ્યા. ગુજકોક organized crime ની સામે લડવાનો કાયદો છે. કયાંય ટેરેરીઝમ શબ્દનો આ કાયદામાં ઉલ્લેખ નથી. અને તેનાથી આગળ વધી અને આજે આપણને જે નોંધ આપવામાં આવી છે તેમાં પણ લખ્યું છે કે આ કાયદો ધાક-ધમકીથી પૈસા પડાવતા લોકો સામે, દાણચોરી કરતા લોકો સામે, સોપારી આપનારા લોકો સામે અને ગેરકાયદેસર સ્ત્રોત્રમાંથી મળેલાં નાણાંનું રોકાણ કરનારા લોકો સામે આ કાયદાનો ઉપયોગ થશે એટલે મારો કહેવાનો અર્થ એટલો જ સાહેબ કે ગુજકોકનું ક્ષેત્ર આતંકવાદ પૂરતું મર્યાદિત નથી તેનાથી ઘણું બધું વિસ્તૃત છે. અને તે સંદર્ભમાં આગળ જઈએ તો ઈન્ડિયન પીનલ કોડની કલમ જે ૧૦૭ જેના ઉપર લગાડવામાં આવી હોય તેના ઉપર પણ ગુજકોક લાગી શકે એવી જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.  આજે તો સાહેબ હાલતા ચાલતા ઘણાં લોકો ઉપર ૧૦૭ લાગવામાં આવે છે. તો શું તમે એ બધા લોકો ઉપર ગુજકોક લગાડવાના છો? સાહેબ, હમણાં કહેવાયું કે સરકારનું કામ પ્રજાની રક્ષા કરવાનું છે. સાહેબ તેની સાથે બિલકુલ સંમત. પણ ગુજકોક ખરેખર પ્રજાની રક્ષા કરી શકે તેમ છે? ગુજકોકના પ્રાવધાનો શું ? સાહેબ, આ કાયદામાં ૧૪ દિવસના રિમાન્ડ ૩૦ દિવસના કરવામાં આવ્યા. આ રિમાન્ડ આપવા માટે કોર્ટમાં જ જવું પડે એવું ફરજિયાત નહીં. નિયુકત પોલીસ અધિકારી પણ આ રિમાન્ડ આપી શકે એવી જોગવાઈ કરવામાં આવી. છ મહિના સુધી આ કાયદો લગાડયા પછી જામીન ના મળી શકે અને આરોપી પાસેથી લેવામાં આવેલું નિવેદન કોર્ટમાં તેની સામે પૂરાવા તરીકે રજૂ થાય. એટલે આખી પરિસ્થિતિનો વિચાર કરીએ તો એક એવી પરિસ્થિતિ કે એક વ્યકિતને પકડવામાં આવે. એના ઉપર પોલીસ અધિકારીઓ દ્વારા ૩૦ દિવસના રીમાન્ડ આપવામાં આવે, ૬ મહિના સુધી એને જામીન ન મળે એટલે જેલમાં રાખવામાં આવે અને એની પાસે બળજબરીથી કોઈ નિવેદન લખાવી લેવામાં આવે અને એ નિવેદન એની સામે જ કોર્ટમાં પુરાવા તરીકે ઉપયોગમાં લેવામાં આવે, તો સામાન્ય માણસની સુરક્ષા કયાં રહી? એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થાય છે.

સાહેબ, પોટાની વાત કરાઈ. (અંતરાય) બે મિનિટમાં પૂરું કરું છું. પોટાની વાત કરવામાં આવે છે. હું એક જ દાખલો આપવા માગું છું. ૧૯૯૯થી ૨૦૦૪ સુધી પોટા અમલમાં હતો. અને જયારે પોટા અમલમાં હતો ત્યારે ટેરેરીસ્ટ એકટથી જે સિવિલ કેજયુઆલિટિઝ થઈ એની સંખ્યા ૪૪૦૫ હતી. પોટા અમલમાં હતો અને આ ગાળા દરમયાન ૪૪૦૫ સિવિલ કેજયુઆલિટિઝ થઈ. ત્યારપછીના ગાળામાં એટલે કે ૨૦૦૪થી ૨૦૦૮ના અત્યારસુધીના ગાળામાં પોટા અમલમાં નથી. એટલો જ સમય અને જે સિવિલ કેજયુઆલિટિઝ થઈ ટેરેરિસ્ટ એકટથી એ ૧૬૨૬. પોટા અમલમાં હતો એના કરતા પોટા અમલમાં નહોતો ત્યારે સિવિલ કેજયુઆલિટિની સંખ્યા ઘટી છે. એટલા માટે માત્ર કાયદાથી જ ટેરેરીઝમને અટકાવી શકાય છે એ વાત આનાથી સાબિત થતી નથી.

છેલ્લી વાત કે જયારે કાયદો ઘડવાનો આપણે પ્રયત્ન કરીએ, આ ગૃહ દ્વારા, ત્યારે એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે Let us not play with the act.

**શ્રી અમિત શાહ Mi#>  (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યના વિષય ઉપર ગૃહના બન્ને બાજુના સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો વ્યકત કર્યા છે. સમયની મર્યાદાના લીધે હું આનો વિગતે જવાબ આપવાની જગ્યાએ જે કેટલાક પ્રશ્નો ઉભા થયા છે અને શબ્દોથી • (xxxx) ઉભો કરવાનો પ્રયત્ન થયો છે, માનનીય અધ્યક્ષશ્રી.. (સતત અંતરાય)

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સભ્યશ્રી બોલ્યા છે. આપ જોઈ શકો છો. શબ્દોથી • (xxxx) ઉભો થઈ શકે છે એ નહીં કહી શકાય.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું દૂર કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો આપ કાઢી શકો છો. કાઢી નાંખીએ. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક સ્પષ્ટતાઓ હું આ ગૃહના રેકર્ડ પર મૂકવા માગું છું. પહેલી વાત કે સરકાર એ કન્ટીન્યુઅસ પ્રોસેસ છે. કેન્દ્ર સરકાર એટલે કેન્દ્ર સરકાર. એનું ગૃહ મંત્રાલય. ગમે તે પક્ષની સરકાર હોય માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ મંત્રાલય ભારત સરકારનું કહેવાય. ગૃહ મંત્રાલય ગુજરાત સરકારનું કહેવાય. સૌથી પહેલી વાત કે આ ગુજકોકના કાયદાનો મુસદ્દો ભારત સરકારના ગૃહ મંત્રાલયે એટલે કે કેન્દ્રીય સરકારે રાજયની સરકારને મોકલ્યો છે, રાજય સરકારે નથી બનાવ્યો. એટલે એની જોગવાઈઓ પર જે અત્યારે મીંમાસા થઈ રહી છે,માનનીય અધ્યક્ષશ્રી, એ જોગવાઈઓને કેન્દ્ર સરકારે જોઈને આપણને આવો કાયદો કરો એવી એડવાઈઝરી નોટ મોકલાવી છે. એના આધાર ઉપર આપણે કાયદો લાવ્યા છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી થઈ જવા દો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી થઈ જવા દો. પ્રશ્નો પૂછી શકે છે, હું જવાબ આપીશ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર છે, તમારો? શું છે?

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : મંત્રીશ્રી અધૂરી વાત કરીને • (xxxxx) અધૂરી વાત છે, તેમની.

**અધ્યક્ષશ્રી** : તમારો પોઈન્ટ શું છે?

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : જે વખતે કેન્દ્ર સરકારે તેમને મોકલ્યો, તે વખતે પોટા અમલમાં હતો અને આ મુસદ્દો પોટા સાથે સુસંગત હતો. ગુજરાત સરકારે જયારે કાયદો પસાર કરીને ત્યાં મોકલ્યો, ત્યારે પોટા રિફીલ થઈ ગયો હતો અને ....

**અધ્યક્ષશ્રી** : આ વાત શકિતસિંહજીએ તેમના પ્રવચનમાં કરી છે. પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.(અંતરાય) સિદ્ધાર્થભાઈ, પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, એમને એમનું વકતવ્ય કરવા દો. અને અધૂરી વાત લાગતી હોય તો આ વાત એમણે કહી જ દીધેલી છે. આ મુદ્દા ઉપર શકિતસિંહજીએ પોતાનાં મંતવ્યો આપ્યાં છે. એટલે There is no point of order.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોટા ના હોય તો તો આની રિલેવન્સી અને પ્રાસંગિકતા ઘણી વધી જાય છે. પોટ હોય તો તો પોટા અંતર્ગત પણ કેસ થઈ શકે. પોટા ના હોય તો તો કોઈ કાયદો જ નથી. સી.આર.પી.સી. સિવાય, અને એટલા માટે આ કાયદાનો મુસદ્દો ભારત સરકારે મોકલ્યો હતો. ગુજરાત સરકારે એના ઉપર ગુજકોક બિલ બનાવીને ભારત સરકારને મંજૂરી માટે મોકલ્યું હતું તેમાં ભારત સરકારે સૂચવેલ સુધારા સહિત બિલને અહીં પરત મોકલ્યું, રસ્તામાં ન્યાયિક પ્રક્રિયામાં ૨ કલમો ૨દ થઈ એ ૨ કલમો પણ ૨દ કરવા માટે પાછું મોકલ્યું અને એ બે કલમો પણ ૨દ કર્યા પછી ગૃહે ફરીવાર બિલ મંજૂર કરીને ફરી મોકલ્યું અને કેવળને કેવળ રાજય સરકારને રાજકીય કારણોથી ભારત સરકાર આ બિલને આ કાયદાને મંજૂરી આપતી નથી આ એક હકીકત છે અને એ સ્વીકારવી પડે અને માનનીય વિરોધપક્ષના મિત્રોને કહું છું કે તેમણે કરેલી દલિલો કે પોલીસ આગળ કરેલ નિવેદન એ પુરાવો થઈ જાય, જામીન ના મળે, એના રિમાન્ડનો સમય વધી જશે, તો એમને હું એ વાત કરવા માગું છું કે આ કાયદો મહારાષ્ટ્ર સરકારમાં અને કર્ણાટકમાં ચાલે છે અને ત્યાં તમારી સરકાર છે ત્યાં આજે પણ અમલમાં છે તો કેમ મહારાષ્ટ્ર સરકાર એને ૨દ કરતી નથી? આ કઈ રીતે સંગીય કરવા માગો છો? સંગીય ઢાંચો આ રીતે ચાલે છે કે એક રાજયમાં ગુનો થાય તો જુદો કાયદો અને બીજા રાજયમાં ગુનો થાય તો જુદો કાયદો, જુદા જુદા રાજયમાં જુદી જુદી પાર્ટીની સરકાર છે અને એ રીતે એનો નિર્ણય થાય છે. તો આ સંગીય ઢાંચાને આ રીતે ચલાવવા માગો છો અને આ રીતે નિર્ણય થશે. તો આ રીતે તો દેશના સંગીય ઢાંચાને બહુ મોટું નુકસાન થવાનું છે. એ મુદ્દો સ્પષ્ટતાપૂર્વક આ ગૃહમાં રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે કેટલીક દલીલો કરી. માનનીય અર્જુનભાઈને જયારે પણ આતંકવાદ ઉપર બોલવાની તક મળે. ત્યારે અઝર મસુદની વાત કરે છે. તો આ અઝર મસુદની વાત છે એ એક હકીકત છે, પરંતુ એ અઝર મસુદને આપણે કયા સંજોગોમાં છોડવો પડયો હતો કે ૩૦૦ જેટલા લોકો સાથેના વિમાનનું અપહરણ કરીને કંદહાર લઈ જઈને એમને બાનમાં લીધા હતા, એ ૩૦૦ જણાની જીંદગી બચાવવા માટે આ અઝર મસુદને છોડવો પડયો હતો અને મારે કહેવું છે કે રૂબિયાને કાશ્મીરમાં છોડી ત્યારે એ માત્ર એક મંત્રીશ્રીની દીકરી જ બાનમાં હતી અને એની સામે આતંકવાદીને છોડયા હતા. ચરારે શરીફની વાત કરું તો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપ મને રક્ષણ આપો.

**અધ્યક્ષશ્રી** : સિધ્ધાર્થભાઈ, આપ ખૂબ જ ઉત્સાહમાં આવી જાઓ છો (અંતરાય)

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ન હતી, ત્યારે જે રૂબિયાબહેનને છોડવામાં આવ્યા ત્યારે તમે જેમની સાથે કો-એશનમાં બેઠા છો એ પાર્ટીની સરકારમાં કાશ્મીરમાં મુકિત મહંમદ સૈયદ એ રાજયના ગૃહમંત્રી તરીકે હતા. ચરારે શરીફમાં શું કર્યુ એ બધા જ આપણે સૌ જાણીએ છીએ. આવા અનેક ઈસ્યુ છે, પણ હું એ રાજકીય મિમાંસામાં પડવા માગતો નથી, આરોપ અને પ્રતિ આરોપોમાં પડવા માગતો નથી. આ તો મારે એટલું જ કહેવું છે કે પોલિટીકલ અવલોકનો કરીને મૂળ ચર્ચાના વિષયને જુદા પાટા ઉપર ચઢાવવા માગો છો. એ પાટા ઉપર પણ તમારી ગાડી ચાલે તેમ નથી. અફઝલની પણ વાત કરી. અફઝલને ફાંસી આપીશું તેવી વાત કરી. તો હું અર્જુનભાઈને પૂછવા માગું છું કે અફઝલને ફાંસી આપવી હોય તો કોણ તમને રોકે છે? સુપ્રીમ કોર્ટે તો ફાંસીનો હુકમ કરી જ દીધો છે અને એ હવે તમારી પાસે પ્રસ્તુત છે. ફાંસી આપવી હોય તો તમને કોઈ રોકતું નથી, કાલે જ આપી શકાય તેમ છે, પરંતુ પેલું તો ૩૦૦ નાગરિકોને બચાવવા માટે અઝર મસુદને છોડયો હતો, પરંતુ આ અફઝલને ફાંસી કેવળ મતોના રાજકારણને લીધે આપતા નથી અને આતંકવાદીઓને હિંમત વધારવાનું તમે કામ કરો છો. પોટાનો કાયદો નાબૂદ કર્યો તેમાં પણ આવી દલીલો, ગુજકોકને મંજૂરી આપતા નથી એમાં પણ એવી જ રીતની દલીલો, તો કોને તમે બચાવવા માગો છો? જે લોકો નિર્દોષ નાગરિકો ઉપર હુમલાઓ કરે, બોંબ બ્લાસ્ટ કરે, બાળકો, મહિલાઓ, ગરીબો, દર્દીઓ, ડોકટરો એ બધાની હત્યા કરે તેમને બચાવવા માટે તમે પેરવી કરો છો અને મેં આવી બાલીસ દલિલો નિવેદનમાં વાંચી છે કે પોટા હતો તો પણ આટલા હુમલા થયા, પોટા હતો તો પણ આટલા આટલા એકટ થયા.માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું પૂછવું છે કે ૩૦૨ ની કલમ છે તોય ખૂન થાય છે, એટલે આપણે ૩૦૨ ની કલમ કાઢી નાખવી છે? પોટા હતો તો પણ આતંકવાદી કૃત્ય થયું એટલે પોટા કાઢી નાખવાનો? અરે ભાઈ, પોટા હતો એટલે જ સજાઓ થઈ, પહેલા સજાઓ નહોતી થતી, અક્ષરધામના કેસમાં બે વર્ષમાં સજા થઈ, સંસદ પર હુમલાના કેસમાં બે વર્ષની અંદર સજા થઈ, અને એટલા માટે સજા થઈ કે પોટા હતો, પોટા એટલા માટે જોઈએ છે, ગુજકોક એટલા માટે જોઈએ છે કે આ કૃત્ય કરતા જે લોકો પકડાય તેને ફાંસીની સજા થઈ શકે, અને સજાના દાખલાથી નવા લોકો આની અંદર જોડાતા અચકાય. કોઈ કાયદો ગુના ન અટકાવી શકે, એ દલીલ કયા પ્રકારની છે? ગુના થાય છે એટલે કાયદો નાબૂદ કરી નાખવો? તો આખો સી.આર.પી.સી. એકટ ફાડીને ફેંકી દેવો પડે. સી.આર.પી.સી.ની. એકેય કલમ એવી નથી કે જેનાથી ગુના ન થતા હોય, જુગાર રમવા પર પ્રતિબંધ છે, જુગાર રમાય છે. દારુ પીવા પર પ્રતિબંધ છે, દારુ પીવાય છે. બળાત્કાર પર પ્રતિબંધ છે બળાત્કાર થાય છે. તો આ બધા કાયદા ફાડીને ફેંકી દેવાના? તમે કદાચ અહીં બેસી જાઓ તો આવું યે કરો. આવું યે કરો, પણ માનનીય અધ્યક્ષશ્રી, એના કારણે જ ૧૭-૧૭ વર્ષથી બેસી નથી શકતા. માનનીય અધ્યક્ષશ્રી, કાયદાના દુરઉપયોગની વાત કરી, તો માનનીય અધ્યક્ષશ્રી, પોટાનો કાયદો ગુજરાતની અંદર ૧૪ કેસમાં લાગુ થયો હતો. એમાંથી ૧૧ કેસની અંદર કેસ ચાલી ગયા છે, ૧૧ કેસની અંદર સજા પડી ગઈ છે. આ ૧૪ કેસ બે બે પોટા રીવ્યુ કમીટીએ રીવ્યુ કર્યા છે. પહેલાં જયારે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે પોટા રીવ્યુ કમીટી બની હતી એણે આ કેસ રીવ્યુ કર્યા અને ૧૪ કેસમાં પોટા કન્ફર્મ કર્યો છે. પછી યુ.પી.એ.ની સરકાર આવી, એટલે એવું વિચાર્યુ કે કદાચ આની અંદર કંઈક ગરબડ હશે. એટલે બીજી પોટા રીવ્યુ કમીટી બનાવી અને બીજી પોટા રીવ્યુ કમીટીએ પણ ૧૩ કેસની અંદર પોટાને કન્ફર્મ કર્યો છે. કેન્દ્ર સરકારે બનાવેલી પોટા રીવ્યુ કમીટીએ કહ્યું છે કે ૧૩ કેસમાં પોટા બરાબર લાગ્યો છે. અને ૧૪મો કેસ કયો? ફરી એકવાર • (મતનું રાજકારણ,) ૧૪મો કેસ ગોધરાના ટ્રેઈનના ડબ્બાને આગ લગાડવાનો કેસ હતો. એ કેસની અંદર પોટા રીવ્યુ કમિટીએ નિર્ણય લીધો કે આમાં પોટા નથી લાગતો, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હકીકત જ આપે છે.

**શ્રી અમિત શાહ** : સાહેબ ડિકલેર થઈ ગયેલા જજમેન્ટ જ કહું છું. એ જજમેન્ટ હવે પબ્લિક પ્રોપર્ટી છે. જયુડીશીયલ કમીટીએ ડીકલેર કરેલા જજમેન્ટની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : હું એ જ કહું છું, વિગતો જ આપી છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### કોર્ટના જજમેન્ટ ઉપર અવલોકનો કરવા બાબત

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ બોલ્યા કે ગોધરા ટ્રેઈનનો જે બનાવ છે એ • (મતના રાજ કારણ) માટે તે પોટા કાઢી નાખવામાં આવ્યો છે. પણ આ પોટા સરકારે નથી કાઢયો, આ નિર્ણય જયુડીશીયલ રીવ્યુ કમિટીએ કર્યો છે. એટલે આ કોર્ટના જજમેન્ટ ઉપર અવલોકન કરી શકે નહીં. એટલે આ શબ્દો રદ કરવા પડે.

---

• (            ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : અમિતભાઈ, તમે પોટા રીવ્યુ કમિટીની અંદર કહ્યું છે કે કેમ? *(મતના રાજકારણ) વાળા શબ્દો પાછા ખેંચો.

**શ્રી અમિત શાહ** : ભલે સાહેબ, ખેંચું છું, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, એમાં પણ કાલે દૂધ નું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું. નાણાવટી કમિશને કાલે સિધ્ધ કરી દીધું કે ગોધરાની અંદર ષડયંત્ર કરવામાં આવ્યું હતું, ભાઈ, ગોધરામાં ષડયંત્ર કરવામાં આવ્યું હતું અને બહાર થી અંદર ઘૂસી પેટ્રોલ નાખી અને ટ્રેઈન સળગાવી હતી અને કાર સેવકોના જીવ ગયા હતા, આ નાણાવટી કમિશને

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપનો સમય પૂરો થાય છે.

**શ્રી અમિત શાહ** : સાહેબ, મને ૨૦ મિનિટ આપી હતી. અને મેં ૧-૧૦ વાગ્યે ચાલુ કર્યુ છે. મને આપે ૨૦ મિનિટ આપી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મેં બરાબર ૧-૧૧ મિનિટે બોલવાનું ચાલુ કર્યુ છે. મને ૨૦ મિનિટ આપવામાં આવી છે. **અધ્યક્ષશ્રી** : મને પણ જોઈ લેવા દો, મારા રેકર્ડ ઉપર અહીંયા પણ સમય લખાય જ છે. વચ્ચે લગભગ ચારેક મિનિટ ગઈ છે. સભ્યશ્રીને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરવાનો અધિકાર છે. આપણી પાસે એક કલાકનો સમય હતો એ એક કલાકનો સમય પૂરો થવા આવ્યો છે. વચ્ચેના સમયની અંદર સમય ગયો છે. ૪૦ મિનિટ ભારતીય જનતા પાર્ટીને આપવામાં આવી હતી અને ૨૦ મિનિટ કોંગ્રેસ પક્ષને આપવામાં આવી હતી એમાંથી એક પણ મિનિટ કાપવામાં આવી નથી. (અંતરાય) કુલ આપણી પાસે એક કલાકનો સમય હતો. એમાંથી છએક મિનિટ પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં ગઈ છે. ભારતીય જનતા પાર્ટીને ૪૦ મિનિટ મળે એમાંથી અમિતભાઈ ૧૨ મિનિટ બોલ્યા છે. ૧ અને ૨૪ વાગ્યે પૂરું થવું જોઈએ પરંતુ એમાં પાંચ થી છ મિનિટ પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં ગઈ છે. માનનીય સિદ્ધાર્થભાઈને વધારે મિનિટ આપી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં સમય ગયો એ એમને મળે?

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડરની મિનિટ સિદ્ધાર્થભાઈને મળી છે.

**શ્રી આર.સી. ફળદુ** : એક અને બાર મિનિટે અમિતભાઈએ પોતાનું પ્રવચન ચાલુ કરેલ છે.

**અધ્યક્ષશ્રી** : ૧૨.૨૪ વાગ્યે ચર્ચા શરૂ થઈ અને ૧.૨૪ વાગ્યે ચર્ચા પૂરી થાય પરંતુ વચ્ચેના ગાળામાં સમય ગયો છે. બધાને સમય પૂરતો આપ્યા પછી છેલ્લે મિનિટો કપાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ બિનજરૂરી ખલેલ કરવા ઊભા થયા એટલે સમય બગડ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અમિતભાઈ, તમે ત્રણ મિનિટમાં પૂરું કરો.

**શ્રી અમિત શાહ** : હું મારી વાત ઝડપથી પૂરી કરી દઈશ. હું એવું માનુ છું કે રાજકીય પક્ષાપક્ષીથી ઉપર જઈને આતંકવાદને ડામવા માટે કડક કાયદો કરવો જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ એમનો સમય પૂરો થયો છે.

**અધ્યક્ષશ્રી** : સમય વધારે આપવાનો મને અધિકાર છે અને એ પ્રમાણે મેં ત્રણ મિનિટ વધારી આપી છે.

**શ્રી અમિત શાહ** : આ રાજય સરકાર મને છે કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીના જવાબ પછી તમારે ન હોય એ તમે જાણો છો. ત્રણ મિનિટ પછી ચર્ચા પૂરી થાય છે.
ચર્ચા પૂરી કરીએ છીએ. . (અંતરાય)

**શ્રી અમિત શાહ** : હું એવું માનું છું કે રાજકીય પક્ષાપક્ષીથી પર થઈને આ કાયદાનું બધાએ સમર્થન કરવું જોઈએ. રાજય સરકાર માને છે કે અત્યારે જે આતંકવાદનું વરવું સ્વરૂપ છે, તેને અટકાવવા માટે આ કાયદો અત્યંત જરૂરી છે. તેની જોગવાઈઓ ખૂબ જ જરૂરી છે. ટેલિફોન ટેપીંગને પુરાવામાં ગણવો જરૂરી છે. વધુ રીમાન્ડનો સમય જરૂરી છે. પોલીસ કસ્ટડી પણ જરૂરી છે અને પોલીસ આગળ અપાયેલા નિવેદનને પુરાવો ગણવો એ પણ જરૂરી છે. એટલા માટે આ કાયદાને બધા સમર્થન આપે એવી હું વિનંતી કરું છું,
**(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા " ભારતીય જનતા પાર્ટી હાય હાય" ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)** હું એવું ચોક્કસ માનું છું કે મહારાષ્ટ્રમાં જે કાયદો અમલમાં હોય એ કાયદો ગુજરાતમાં અમલમાં ન લાવવા દેવો એ ગુજરાત સાથે અન્યાય છે. ગુજરાતની જનતાની સુરક્ષા સાથે ચેડાં છે અને કેન્દ્ર સરકાર ગુજરાતની જનતાની સુરક્ષા માટે આ કાયદાને ઝડપથી મંજૂરી આપે એના માટે આ સભાગૃહને ઝડપથી આ કાયદાને મંજૂરી આપવા માટેનો અનુરોધ છે. તેને સર્વાનુમતે મંજૂરી આપે એવી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ સંકલ્પ ઉપર જે સુધારો આવ્યો છે એ સુધારા ઉપર એક મિનિટ બોલો.

**શ્રી જગદીશ ઠાકોર**: માનનીય અધ્યક્ષશ્રી, આ જે સંકલ્પ લઈને માનનીય ગૃહમંત્રીશ્રી આવ્યા છે તેના ઉપર જે સુધારા મૂક્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા કાયદાનો દૂરપયોગ થશે. તેવી દહેશત વ્યક્ત કરીએ. એ શબ્દ ઉમેરાવ્યો છે. અત્યારે ગુજકોક નથી તો પણ શું થાય છે તે આપના દ્વારા મારે સરકારને

કહેવું છે.[•] (xxxx)

**અધ્યક્ષશ્રી** : અત્યારે ગુજકોક ઉપરનો પ્રસ્તાવ છે તેમાં પાસાની વાત આવતી નથી. આપ સીધી વાત કરો.(અંતરાય)

**શ્રી જગદીશ ઠાકોર**: આ કાયદાના દૂરપયોગ કેવા થશે, (xxxx)

**અધ્યક્ષશ્રી** : તમારી આ ચર્ચા હું કાઢી નાખું છું, નહીં, નહીં,..

**શ્રી જગદીશ ઠાકોર**: સાહેબ, (xxxx) આ થાય છે. આ કાયદાના દૂરપયોગ (xxxx)થાય છે. (અંતરાય) ૧૨૦ કરોડની..

**અધ્યક્ષશ્રી** : આપ આ પ્રસ્તાવ ઉપર જ બોલો. પ્રસ્તાવ સિવાયની વાત કાઢી નાખું છું. તમારે પાસાના દૂરપયોગની વાત કરવી હોય તો બીજી રીતે કરી શક્યા હોત. હું કાઢી નાખું છું. આપનો સમય પૂરો થયો છે. આપ સુધારો પાછો ખેંચો છો કે ચાલુ રાખો છો?

**શ્રી જગદીશ ઠાકોર**: મારો સુધારો ચાલુ રાખું છું.

**સંકલ્પ ઉપરનો સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ

**અધ્યક્ષશ્રી** : હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મને મળેલી સત્તાની રૂએ કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર તા.૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ સવારે ૧૦-૪૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ સોમવાર તા. ૨૦-૯-૨૦૦૮ના રોજ હાથ ધરવાના કામકાજ સંબંધમાં વિચારણા કરી નીચે મુજબની ભલામણ કરી હતી.

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો, ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો નિયમ-૧૦૧ નીચે

(૧) આરોગ્ય સેવાઓ છેવાડાના સામાન્ય માનવી સુધી પહોંચે અને ગુજરાત રાજય મેડીકલ ટુરીઝમ ક્ષેત્રે પ્રથમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કરે તેવું આયોજન કરવા બાબતનો માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્યનો પ્રસ્તાવ.

(૨) રાજય સરકારી નોકરીઓમાં ફીકસ પગારને બદલે રેગ્યુલર પગાર ચૂકવવાની નીતિ અપનાવવા અંગેનો માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણનો પ્રસ્તાવ.

(ખ) ગુજરાત વિધાનસભાના નિયમ ૯૩ અન્વયે પ્રસ્તાવ

સાબરમતી એકસપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ લગાડવાના બનાવની તપાસ માટે રાજય સરકારે નીમેલ જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસપંચના અહેવાલના ભાગ -૧ ઉપર ચર્ચા વિચારણા કરવા અંગેનો માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીનો પ્રસ્તાવ. ઉપરોકત પ્રસ્તાવોની ચર્ચા માટે સાઈઠ સાઈઠ મિનિટનો સમય ફાળવવો.**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

### વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવો અને સરકારી વિધેયકો

### સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક:૨૫

# ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણકિંમત નિર્ધારણ) વિધેયક,૨૦૦૮

કપાસિયાના પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને તેનું વેચાણ કિંમત નિર્ધારણ કરવા માટેનું અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સન ૨૦૦૮નો વટહુકમ ક્રમાંક-૧ સન ૨૦૦૮નો ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણનું અને વેચાણ કિંમત નક્કી કરવાનું નિયમન કરવા બાબત) વટહુકમ નામંજૂર કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

[•] (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક- ૨૫ સન ૨૦૦૮નું ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫ સન ૨૦૦૮નું ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા છ-સાત વર્ષથી ગુજરાતમાં કપાસિયાનું જે જીનેટીકલી મોડીફાઈડ હાઈબ્રીડ બિયારણ ખેડૂતો વાવતા થયા છે, એ બિયારણ વાવવાથી ખેડૂતોનું ઉત્પાદન વધ્યું છે અને આ કપાસમાં દવા છાંટવાનો ખર્ચ ઓછો થયો છે. પરંતુ જે વખતે આ કપાસનું બિયારણ વપરાતું હતું ત્યારે એની કિંમત બહુ ઓછી હતી. એક થેલીના ૧૦૦ થી ૧૫૦ રૂપિયા હતા, પણ છેલ્લા ૨-૩ વર્ષથી આ મોડીફાઈડ જે બિયારણ છે હાઈબ્રીડ બિયારણ છે જે બેલગાર્ડ છે બેલગાડર્સ ૧ અને ૨ એની કિંમત બેફામ રીતે વધતી ગઈ છે અને એના લીધે ખેડૂતોના અર્થતંત્ર પર ખૂબ મોટી અસર પડી છે. આ બાબત લગભગ ૨-૩ વર્ષથી આ સરકારના ધ્યાન પર હતી. ગયા વખતે બજેટ સત્ર વિધાનસભાનું થયું, સરકાર ચોક્કસ જે બંધારણની કલમ છે ૨૪૩ અન્વયે એ વટહુકમ લાવી શકે પણ જ્યારે સરકારને ખબર હતી કે ખેડૂતો ૨-૩ વર્ષથી ખૂબ લૂંટાઈ રહ્યા છે ત્યારે આ વટહુકમ અથવા તો એ વિધેયક તે વખતે કેમ લાવવામાં ના આવ્યું? બીજું જ્યારે ખેડૂતો મોટાભાગે અખાત્રીજ પછી કપાસનું બિયારણ વાવી દેતા હોય છે અને કપાસ ઉગાડી દેતા હોય છે. મોટાભાગે મેની આખરમાં અને જૂનના શરૂઆતના અઠવાડિયામાં ખેડૂતો કપાસ પાણી નાખી અને ઉગાડી દે છે. આ જે વટહુકમ બહાર પાડવામાં આવ્યો તે ૧૦-૬-૨૦૦૮ના રોજ બહાર પાડવામાં આવ્યો. આટલો મોડો વટહુકમ બહાર પાડવાનું કારણ શું એ મને સમજાતું નથી. બીજું એનો જે વટહુકમ છે એમાં બિયારણ પૃથક્કરણનો જે અહેવાલ છે એ અહેવાલમાં જે કલમો છે એમાં કલમ-૫ એમાં પેટા કલમ (૨) હેઠળ સંદર્ભ પ્રયોગશાળા દ્વારા મોકલવામાં આવેલ અહેવાલ કોઈપણ કાર્યવાહીઓમાં રજૂ કરવામાં આવ્યો હોય ત્યારે કોઈપણ કાર્યવાહીમાં પૃથક્કરણ માટે લીધેલો કોઈપણ આવો કોઈપણ અથવા તેનો ભાગ રજૂ કરવાની જરૂર રહેશે. સરકાર એકબાજુ આ ગુજરાત ગુજરાતીઓનું છે અને એમાં જે ગુજરાતીમાં જે અહેવાલ બાર પાડયો છે, નિયમો બહાર પાડયા છે એમાં કહે છે કે તમારે આ જે નમૂનો છે એ રાખવાનું એમ કહે છે સરકાર જ્યારે મને અંગ્રેજી પણ કોપી મળી છે, અંગ્રેજીમાં કોપી મળી છે એ કૉપીમાં એમ કહે છે કે , "When the report sent by the referral laboratory under sub-section (૩) is produced in any proceedings, it shall not be necessary to produce any such sample or part thereof taken for analysis in any proceeding." એકબાજુ અંગ્રેજીમાં એમ કહે છે કે નમૂનાની જરૂર નથી. બીજી બાજુ સરકાર એમ કહે છે કે આ જરૂર છે. જે ખરેખર ગુજરાતના જે ગુજરાતીઓ છે એમને તો આ ગુજરાતી વાંચીને ખબર પડે કે આ નમૂનાની ખરેખર જરૂર છે. એટલે સરકારની જે નીતિઓ છે એ નીતિ સ્પષ્ટ આ નિયમોમાં દેખાતી નથી અથવા તો કંઈ ભૂલ હોય એમ દેખાઈ રહ્યું છે એટલે મારી સરકારને વિનંતી છે કે આમાં સુધારો કરવાની જરૂર છે.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

બીજુ કલમ-૧૭માં પણ જે કપાસીયા દાખલ કરવા એટલે, કપાસીયા સરકાર દાખલ કરવા એનો મતલબ શું એ સમજાતો નથી. એવો જ એક કલમ-૨૨ છે , એ ૨૨ કલમમાં નિયમો કરવાની સત્તા છે. આ કલમ હેઠળ જે ૨૨ કલમ છે એની કલમ નં. ૩ સબકલમ છે એમાં એવું છે કે આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો તે કરવામાં આવે તે પછી શકય હોય તેટલા જલદી ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધીમાં રાજય વિધાનસભા મંડળ સમક્ષ મૂકવા જોઈએ, એમાં કલમમાં એમ કહે છે જ્યારે અંગ્રેજી કલમમાં કંઈક બીજું જ કહે છે. એમાં એમ કહે છે કે ૩૦ દિવસ સુધી મૂકવા જોઈએ એમ કહે છે. સાહેબ એ હું વાંચી જાવ છું. "All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as possible after they are made and shall be subject to rescission by the State Legislature or to such modification as the State Legislature may make during the session in which they are so laid or the session immediately following." એટલે આમાં નિયમોમાં વિસંગતતા છે, બીજું વિધેયક જે લઈને આવ્યા છે એ વિધેયકમાં પણ કલમ -૧૮ છે એ કલમ-૧૮માં એમ કહેવામાં આવ્યું છે કે આ કલમથી જે ખેડૂતોએ પોતાની જગ્યામાં કપાસ ઉગાડેલો હોય વેચાણ કરેલ હોય અને બીજા ખેડૂતને વિતરણ કરેલ હોય તેને અધિનિયમની જોગવાઈઓમાંથી મુક્તિ માટે જોગવાઈ કરી છે. આ જે મોટા મોટા કંપનીઓ વાળા

---

* વિધેયક તા.૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

છે એ કંપનીઓ પોતાની કંપનીમાં આ કપાસનું બિયારણ ઉગાડતા નથી એ મોટાભાગે જે ગામડાના જે ખેડૂતો છે એ ખેડૂતને આ બિયારણ ઉગાડવા માટે પ્લોટ આપતા હોય છે અને આ રીતે આ ખેડૂતો બિયારણ તૈયાર કરીને પાછા કંપનીને મોકલતા હોય છે. બિયારણ પછી સર્ટિફાઈડ થતું હોય છે પણ જ્યારે કોઈ ખેડૂત આ રીતે પ્લોટમાં જે કપાસ ઉગાડેલો હોય અને કપાસ જે તૈયાર થયો અને જે બિયારણ તૈયાર થયું અને સર્ટિફાઈડ નહીં થયું અને પોતાના બાજુવાળાને વેચી દે કારણ કે અનસર્ટિફાઈડ બિયારણ પાછું જ્યારે બાજુવાળાને વેચે ત્યારે આ નિયમ લાગુ પડતો નથી તો પેલા બાજુવાળા ખેડૂતો છે એ ખેડૂતોને ખૂબ નુકસાન જાય એટલે આ નિયમમાં પણ સુધારો કરવાનો જરૂર લાગે છે. ત્રીજી એક વાત પણ મારે કહેવી છે કે જ્યારે કૃષિરથ આપણે આ વખતે ફેરવવામાં આવ્યો હતો અને કૃષિરથ વખતે જે બિયારણની જે કીટ આપવામાં આવી હતી એ બિયારણ પણ અનસર્ટીફાઈડ હતું. એવું ઘણી જગ્યાએ જોવા મળે છે અને એનું જે ઉત્પાદન થવું જોઈએ એ થઈ શકતું નથી. બીજું જમીન ચકાસણી અંગે મારો ગઈકાલે એક ૧૩૭ નંબરનો પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન હતો. એમાં એવું કહેવામાં આવ્યું છે કે ગુજરાતના ૨૨૫ તાલુકાઓ છે એમાંથી ૨૦૬ તાલુકા મથકે જમીનની ચકાસણી માટે લૅબૉરૅટરીઓ નથી. જ્યારે ૨૨૫ માંથી ૨૦૬ તાલુકામાં લૅબૉરૅટરીની ઑફિસ ન હોય અને જમીનની ચકાસણી ન થતી હોય ત્યારે બીજ ચકાસણીની વ્યવસ્થા સરકારની કેવી છે? કારણ કે ગામડામાંથી શહેર સુધી ખેડૂતો આવી શકે એવું બનવાનું નથી. એના માટે કોઈક વ્યવસ્થા હોય અને વ્યવસ્થા કરે તો જ આ કાયદો યથાયોગ્ય અને ખેડૂતોને રાહતરૂપ થશે એવું મને લાગે છે. અત્યારે બિયારણનું જે પૅકીંગ આવે છે એનું લેબલ બહુ સરસ હોય છે. એના ઉપર જે બીજ બતાવેલ હોય છે એ બહુ સરસ હોય છે. ખેડૂતો ઘેર જઈને પૅકીંગ ખોલે છે ત્યારે ૧૦ થી ૧૫ ટકા બિયારણ નકામું હોય છે અને ઊગતું નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પૅકીંગ બનાવવામાં આવે એ પારદર્શક હોવું જોઈએ. જેથી જ્યારે ખેડૂત બિયારણ ખરીદે ત્યારે પૅકીંગમાં પણ ખબર પડે કે બિયારણ કેવું છે. સારું છે કે નહિ? પહેલી નજરે બિયારણ સારું દેખાય એ જરૂરી છે.એટલે મારી વિનંતી છે. એટલા માટે મેં આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મને ગુજરાત કપાસિયા પુરવઠા, વિતરણ, વેચાણનું અને વેચાણ કિંમત નક્કી કરવાનું નિયમન કરવા બાબતના વિધેયક ઉપર વટહૂકમ નામંજૂર કરતા માનનીય અનિલભાઈનો પ્રસ્તાવ અને મારા દ્વારા વિધેયકને કાયદાના સ્વરૂપે લાવતા એક ખેડૂતના દીકરા તરીકે અને એક કૃષિ મંત્રી તરીકે ગૌરવ અને આનંદની લાગણી થાય છે. ગુજરાતમાં આ કાયદો શેના માટે, વટહૂકમ શેના માટે લાવવો પડ્યો, વહેલો લાવી શકાયો હોત, સ્વભાવિક છે કે પૂરતો અભ્યાસ આ બાબતનો જો થાય તો આ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. કોઈપણ બિયારણના નિયંત્રણ માટે કેન્દ્ર સરકારના બિયારણ અધિનિયમ ૧૯૬૬ તળે અધિકારો કેન્દ્ર સરકારને છે. એ બિયારણ કેન્દ્ર સરકાર નોટીફાઈડ કરે છે અને એના આધારે બિયારણ ઉપર નિયંત્રણ થઈ શકે છે. પરંતુ અનિલભાઈના માધ્યમથી ગુજરાતની જનતા અને આ ગૃહમાં કેટલીક હકીકતો ધ્યાન ઉપર મૂકવા માગું છું. આ બી.ટી. કપાસના બિયારણની ગુણવત્તા નિયંત્રણ માટે બિયારણ અંકુશ હુકમ ૧૯૮૩ને અમલમાં મૂકી શકાય. પરંતુ આ હુકમો જે પાક બિયારણને આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ હેઠળ આવરી લેવામાં આવ્યો. કોઈ અગમ્ય કારણોસર આ કપાસના બિયારણને તા. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ એસૅન્શિયલ કોમોડિટી એક્ટ હેઠળથી દૂર કરવામાં આવ્યું. એટલે રાજ્ય સરકારને આવા બિયારણ ઉપર જે કન્ટ્રોલ કરવાના અધિકારો હતા એ અધિકારો કેન્દ્ર સરકારે ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ એસૅન્શિયલ કોમોડિટી એક્ટ હેઠળથી દૂર કરવાનાકારણે,આવા કંટ્રોલ કરવાના અધિકારો રાજ્ય સરકારને રહ્યા નહિ અને આ અધિકારો નહિ રહેવાના કારણે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં કપાસનું વાવેતર, કપાસનું ઉત્પાદન, કૃષિક્ષેત્રના વિકાસ દરમાં અપાતું મહત્ત્વ ખૂબજ મોટું છે. આખા દેશમાં જે કુલ કપાસ ઉત્પન્ન થાય છે એમાંથી ગુજરાતમાં ૩૦ ટકા જેટલો કપાસ ઉત્પન્ન થાય છે. જે ઉપલબ્ધ માહિતી મળેલી છે તેમાં દેશમાંથી જે નિકાસ થાય છે એમાં આશરે ૫૦ ટકા જેટલો હિસ્સો ગુજરાતના કપાસનો છે. ગુજરાતના કપાસની કવોલિટી એટલી સરસ છે કે વિદેશમાં ગુજરાતના કપાસની માંગ ખૂબજ મોટા પ્રમાણમાં છે એટલે કૃષિ ક્ષેત્રે કપાસનું ખૂબજ મોટું યોગદાન છે. અનિલભાઈએ કૃષિ મહોત્સવનો ઉલ્લેખ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની મૌલિક સૂજથી આ કૃષિ મહોત્સવની ગુજરાતને ભેટ મળી અને ગુજરાતના કૃષિ મહોત્સવના કારણે અન્ય કૃષિ પેદાશના આંકડામાં મારે જવું નથી પણ તમે સૌ જાણો છો કે કેન્દ્ર સરકારે આ દસમી પંચવર્ષીય યોજનામાં કૃષિ દરનો લક્ષ્યાંક બનાવ્યો હતો ૪ ટકા એ પહોંચવાનું, જે ૨ ટકા હતું અને અંતમાં અઢી ટકા સુધી પહોંચ્યા. જ્યારે ગુજરાતના ખેડૂતો અને ગુજરાત સરકારની નીતિના આધારે આજે સાડા અગિયાર થી બાર ટકાએ પહોંચી શક્યા છીએ, એમાં કૃષિ મહોત્સવનું ખૂબજ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. ૧૮,૬૦૦ ગામોમાં ધોમ ધખતા તાપમાં આ રાજ્યના એક લાખ જેટલા કર્મચારી / અધિકારીઓ અને તજજ્ઞો અને યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ઠેર ઠેર જઈને કૃષિકારોને જે માર્ગદર્શન આપ્યું છે, એ માર્ગદર્શનના આધારે જે ખેતીમાં પરિવર્તન આવ્યું. એ પરિવર્તન ખૂબજ મહત્ત્વનું છે. ૮૫ લાખ હેકટરના આ ખરીફ સિઝનના વાવેતરમાં આશરે ૨૫ લાખ હેકટરમાં કપાસિયાનું વાવેતર થાય છે. આ કપાસિયાનું આટલું ઉંચું વાવેતર થતું હોય ત્યારે એની અનિલભાઈએ બહુ સાચી વાત કરી છે કે કંપનીઓ પોતાને મનફાવે તેવા ભાવો નક્કી કરીને ખેડૂતોને લૂંટી શકે નહિ. આ લૂંટવાનું શરૂ ક્યારે કર્યુ આવશ્યક ચીજવસ્તુ ધારામાંથી જ્યારે એમને મુકિત મળી ગઈ કે તરત રાજ્ય સરકારે જે કેન્દ્ર સરકારના કાયદા

પ્રમાણે બી.ટી. કપાસના બિયારણના ઉત્પાદનની કંપની તેના ભાવો ખૂબ ઉંચા દરે ભાવ વસૂલ કરવાની શરૂઆત કરી ત્યારે મોનોપોલી સ્થાપિત આ સ્થિતિમાં મોનોપોલી રિસ્ટ્રીકશન એન્ડ ટ્રેડ પ્રેકટિશનર કમિશન જે કેન્દ્ર સરકારના કાયદા દ્વારા બનેલ છે એમાં ગુજરાત રાજ્ય સરકારે એક પિટિશન દાખલ કરીને આ મોનોપોલીથી ભાવ ના લે એના માટેનો એક પ્રયાસ છે. આ પ્રયાસનો હજુ આખરી નિર્ણય, ચુકાદો નથી આવ્યો, પરંતુ વચગાળાનો ચુકાદો લેવામાં રાજય સરકારે સફળતા મેળવી અને જે ૧૭૫૦ થી ૧૮૦૦ રૂપિયા ૪૦૦ ગ્રામના લેતા હતા એના બદલે આપણે ૯૦૦ રૂપિયે શરૂઆતમાં જે નક્કી કર્યા હતા એના બે વર્ષ પહેલા ૭૫૦ રૂપિયા આ રાજ્યમાં બિયારણના નક્કી કર્યા છે. પરંતુ આથી પણ આપણે એને ઉત્પાદન ક્ષેત્રે, ખરીદનારના ક્ષેત્રે ખૂબ જ પડતર કિંમત ઓછી પડે અને ખેડૂતોને સસ્તા અને વાજબી ભાવે આપી શકાય એ ધ્યાને લઈને આ કાયદો લાવવો જરૂરી લાગ્યું એટલા માટે લેશ માત્ર રાહ જોયા વિના રાજય સરકારે વટહુકમ દ્વારા આ કાયદાનું અમલીકરણ થાય એના માટેનો પ્રયત્ન કરીને જે સ્થિતિ નિમાર્ણ થઈ એ સ્થિતિમાં ખેડૂતોને આગામી દિવસોમાં ખૂબ લાભદાયી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કપાસ એ ગુજરાત માટે ખૂબ મહત્ત્વનો પાક છે, એ મહત્ત્વનું છે ત્યારે વારંવાર ગુજરાત સરકાર તરફથી, ખેડૂતોને તરફથી, ખેડૂત મંડળો તરફથી આ કપાસના પ્રિમિયમ ઉપર, પાક વીમાના પ્રિમિયમ ઉપર જે વધારો થઈ રહ્યો છે એ ઘટાડવા માટે પણ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦માં આ કપાસના પ્રિમિયમ જે લેવાતું હતું એ ૫ ટકા લેવાતું હતું, ૨૦૦૧માં ૫.૫, ૨૦૦૨માં ૯.૮૦ અને સતત વધારો કરતા કરતાં જ્યારે

**સભાપતિશ્રી** : દિલિપભાઈ સમયની મર્યાદા છે, મર્યાદા ઘણી છે.

**શ્રી દિલીપ સંઘાણી** : સમયમર્યાદામાં પૂરું કરું છું. કેન્દ્ર સરકારમાં જ્યારે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમારે પણ બોલવાનું છે.

**સભાપતિશ્રી** : તમારા નામો નહીં આવેલા એટલા માટે. શકિતસિંહભાઈ તમારા નામો નહીં આવેલા એટલે હું તો ખુશ થઈ ગયો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નામો મોકલવાની (અંતરાય)

**સભાપતિશ્રી** : કાંઈ વાંધો નહીં.

**શ્રી દિલીપ સંઘાણી** : સાહેબ, હું પૂરું કરું છું. (અંતરાય) હા એટલે વટહુકમની જ વાત કરું છું. આ બીલ કેમ લાવવું પડ્યું આ વટહુકમ નામંજૂર કરવા માટે(અંતરાય) આ સ્થિતિમાં આ વટહુકમ લાવીને રાજયના ખેડૂતોને અમે ખૂબ જ સમયસર બચાવવાનો, લૂંટાતા ભાવથી બચાવવાનો પ્રયત્ન કર્યો છે એટલે હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે એમનો નામંજૂર કરતો વટહુકમનો પ્રસ્તાવ પાછો ખેચે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પ્રસ્તાવ લાવ્યો છું તે વટહુકમ પૂરતો જ છે અને એમાં મારે જે કલમ ૧૧ અને બિયારણ પૃથ્થકરણની જે કલમ-૫ એ બાબતમાં છે કે નમૂનો રજૂ કરવો કે નહીં? આ આપના અમને જે વટહુકમની કોપી છે એમાં એમાં લખ્યું છે કે એનો નમૂનો રજૂ કરવો પડશે. જ્યારે તમારું અત્યારે જે નવું બીલ છે એમાં એવું છે કે, નમૂનો રજૂ કરવાની જરૂરિયાત રહેશે નહીં એટલે આ વિસંગતતા છે એટલા માટે મેં આ વટહુકમ રજૂ કર્યો હતો અને એજ પ્રમાણે કલમ-૧૨માં પણ જે વિસંગતતા હતી એ પણ તમને, સોરી કલમ-૨૨ એ પણ તમારા ધ્યાન પર મૂકું છું એટલે એટલા પૂરતું જ છે બીજું જે તમે આ બીલ જે લઈને આવ્યા છો

**સભાપતિશ્રી** : માનનીય જોષીયારા સાહેબ હવે તમે પછી પાછળથી ઉલ્લેખ કરો, કારણ કે, હવે ચર્ચામાં મૂકવાના છે તમને તક મળવાની છે.

**શ્રી દિલીપ સંઘાણી** : નહીં, હું કહી દઉં વટહુકમ કલમ-૨૨(૩)માં અંગ્રેજી, ગુજરાતીમાં ૩૦ દિવસમાં કોઈ મૂકતા જ નથી.

**સભાપતિશ્રી** : નહીં, ચર્ચા, શ્રી દિલિપભાઈ ચર્ચા જ અસ્થાને છે. ભાઈ પ્રાગજીભાઈ. પ્રાગજીભાઈ પાંચ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સને ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૫, ગુજરાત કપાસિયા અધિનિયમ જે લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસ ઉપર નજર નાખીએ તો ભારત ત્રણ હજાર વર્ષ કરતાં પણ વધુ વર્ષોથી કપાસનું ઉત્પાદન કરતો આવ્યો છે અને ભારત દેશ આજે પણ કપાસના ઉત્પાદનમાં અગ્રેસર છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશના વિકાસની વાત કરવા જઈએ તો દેશના સાડા સાત ટકા (અંતરાય) શાના માટે આ જરૂર પડી છે, આ એમનું, એમને મૂવ કરવાનું હતું મને એમ લાગે છે( અંતરાય) આ ભેગું જ હાલે છે એવું દેખાય છે. એક જ છે બીલ ઉપર, એક સ્ટેપ રહી ગયું છે માનનીય મંત્રીશ્રીનું

**સભાપતિશ્રી** : ચર્ચા થાય ને નામ આવ્યા છે ને, ઓ.કે. નીતિનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સુધારાની વાત છે એ પૂરી થાય પછી બીલ સબમીટ થાય પછી બધા સભ્યો બોલવાના હોય તો બધા સભ્યોને છૂટ આપીએ.

**સભાપતિશ્રી:** બીલ સબમીટ થઈ ગયું છે.

**શ્રી વજુભાઈ વાળા** : બીલ પણ રજૂ થઈ ગયું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : બીલ રજૂ થઈ ગયું અને પહેલું વાંચન પણ થઈ ગયું.

**શ્રી વજુભાઈ વાળા** : હંમેશા ચર્ચા બધી ભેગી જ થાય. તો એમને વટહુકમ પાછો ખેંચવો કે નહીં એ સવાલ આવે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, દેશના વિકાસમાં કપાસ ઉત્પાદન જી.ડી.પી.ના સાડાસાત ટકા જેટલો હોય છે અને ગુજરાતની અંદર વાત કરવા જઈએ તો સમગ્ર ગુજરાત પણ આજે ખેતી ઉત્પાદનની અંદર દુનિયાના દેશોની હરોળમાં છે અને ભૂતકાળમાં તો અમદાવાદને કાપડ ઉદ્યોગ માટે ભારતનું માન્ચેસ્ટર પણ કહેવાતું. એ વખતે પણ ગુજરાતની અંદર કાપડની સૌથી વધુ મિલો હતી. મારે વાત કરવી છે કે આ બીલ લાવવાની જરૂરિયાત કેવી રીતે ઉભી થઈ. ચાલુ વર્ષે પણ ખેડૂતોએ અને ખેડૂતોના સંગઠનોએ રજૂઆત કરી હતી સરકારમાં કે બીયારણના ભાવ ઘટાડવા જોઈએ ત્યારે સરકારે પણ આ વિક્રેતાઓ અને બીયારણના ઉત્પાદકોને બોલાવી સૂચનો કર્યા હતા પરંતુ એની અંદર હકારાત્મક પરિણામો ન મળ્યા. સારા પરિણામો ન મળ્યા એટલે આ બીલ લાવવાની જરૂરિયાત ઉભી થઈ છે. કાયદાકીય રીતે વાત કરવા જઈએ તો કપાસના બિયારણની ગુણવત્તા માટે અગાઉ બિયારણ અધિનિયમ ૧૯૬૬ અમલમાં હતો. બિયારણ નિયંત્રણ ધારો ૧૯૮૩ પણ અમલમાં હતો. એની અંદર અંગભૂત જોગવાઈ હતી આ બાબતમાં પરંતુ ૧૯૫૫નો આવશ્યક ચીજવસ્તુ ધારો આવ્યો અને એની અંદરથી કપાસના બિયારણને જયારે રદ કરવામાં આવ્યું ત્યારે આ બીલ લાવવાની જરૂરિયાત ઉભી થઈ છે. આ બીલ લાવવાથી ખેડૂતોને શું ફાયદો થશે. આ બીલ લાવવાથી રાજયના ખેડૂતોને કપાસના બિયારણનું વિતરણ અને વેચાણનું નિયંત્રણ થતાં પૂરતા જથ્થામાં અને સમયસર ખેડૂતોને એનું બિયારણ મળશે. આ કપાસના બિયારણની ગુણવત્તા માટે કાયદાકીય પીઠબળ મળશે જેના કારણે ખેડૂતોને ગુણવત્તાવાળું બિયારણ મળશે અને ખેડૂતોને વ્યાજબી ભાવે બિયારણ મળશે અને ચોથો મહત્વનો ફાયદો એ છે કે બિયારણની નિયત ગુણવત્તાની ઘટની વાત આવે ત્યારે ખેડૂતોને રક્ષણ આ બીલની કલમ-૮ની અંદર આપવામાં આવ્યું છે. આ બીલની અંદર કલમ-૮ની અંદર એવું ખેડૂતોને રક્ષણ આપવામાં આવેલું છે કે કપાસિયાના ઉત્પાદક અથવા વિતરક અથવા વિક્રેતા અથવા યથાપ્રસંગ જેનું સરનામું લેબલ ઉપર હોય એવું જણાતી તે એવી વ્યકિત આપેલી શરતો હેઠળ આવા બિયારણની અપેક્ષિત નિયંત્રક સમક્ષ જાહેર કરવી જોઈએ અને આવી આપેલી પરિસ્થિતિ હેઠળ અપેક્ષિત નિયંત્રણ રાખવામાં નિષ્ફળ જાય તો રાજય સરકાર અથવા ખેડૂત ધારાઓમાં આવે તે રીતે વળતરનો દાવો કરી શકશે. ખેડૂતોને પ્રોટેકટ કરતી સારામાં સારી જોગવાઈ આ બીલની અંદર કરવામાં આવી છે. જે આ કાયદાનો ભંગ કરે એના માટે પણ આ કાયદામાં કડક શિક્ષા કરવામાં આવેલી છે. એની કલમ-૧૩ની અંદર ત્રણ વર્ષની કેદ અને પાંચ હજાર રૂપિયાનો દંડ અથવા બંને.

**સભાપતિશ્રી:** એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : હાજી. કોઈપણ વ્યકિત કપાસિયાના ખોટા વેપાર કે વેચાણ કરે તો પણ એને આ સજા લાગુ પડશે. કંપનીએ કોઈ ગુનો કર્યો હોય તો એની અંદર પણ આ સજા લાગુ પડે છે. હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે કપાસીયા સરકાર દાખલ કરવાની કલમ-૧૭માં જોગવાઈ છે. માનનીય સભ્યશ્રી વાત કરતા હતા. ખબર નથી પડતી. મારે કહેવું છે કે કલમ-૧૭ની અંદર જોગવાઈ છે કે જે સીઝ કરેલા કપાસિયા હોય, જે આ કાયદાનું ઉલ્લંઘન કરીને જે કપાસીયા પકડાય અને સરકારમાં પકડે એની અંદર એ સીઝ કરેલા કપાસીયા સરકારમાં દાખલ થાય અને એનું ડિસ્પોઝલ સરકાર કરી શકે એની પણ જોગવાઈ છે અને મહત્વની કલમ-૧૮માં પણ જોગવાઈ આપેલી છે. ખેડૂતો માટે આ બીલમાં ખૂબ જ સારી જોગવાઈ છે કે આ અધિનિયમનો કોઈપણ મજકુર કોઈપણ ખેડૂત દ્વારા ઉગાડવામાં આવતા અથવા બીજા ખેડૂતોને વાવણીના હેતુ માટે તેના દ્વારા ઉપયોગમાં લેવા માટે પોતાની જગામાંથી સીધેસીધું વેચાણ અથવા વિતરણ કરવામાં આવતા કોઈ કપાસીયાને આ અધિનિયમ લાગુ પડશે નહીં એટલે કોઈપણ ખેડૂત જયારે પોતાના ખેતરમાં કપાસીયાનું ઉત્પાદન કરે અને બીજા ખેડૂતને એના ખેતરમાંથી સીધેસીધું આપે તો એને આ અધિનિયમમાંથી, આ કપાસીયાને એમાંથી બાકાત રાખવામાં આવે છે એટલે આ બીલ હું માનું છું કે રાજયના ખેડૂતોના હિતમાં અને રાજયના હિતમાં હોઈ હું એને સમર્થન કરું છું. **શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત કપાસિયા પુરવઠા, વિતરણ, વેચાણ અને નિયમન વેચાણ કિંમત નિર્ધારણ વિધેયક-૨૦૦૮ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

જે ખેતી છે અને ખેતીનું વિજ્ઞાન આગળ વધ્યું છે. ગુજરાતની અંદર હોય કે દેશની અંદર હોય જે કૃષિની અંદર ક્રાંતિ આવી, એ ક્રાંતિની અંદર સૌથી મોટો કોઈનો ફાળો હોય તો એ ટૅક્નૉલૉજીની અંદર સૌથી પ્રથમ આપવું હોય તો એ બીજ સુધારણાને આપી શકાય. આને કારણે જે ક્રાંતિકારી ખેડૂતોએ બીજી પદ્ધતિઓ તો અપનાવી, પણ જે બીજ આવ્યા નવા પ્રકારના, એના કારણે ઉત્પાદનમાં અને ઉત્પાદકતાની અંદર બંને ક્ષેત્રની અંદર ભારત અને ખાસ કરીને ગુજરાતે ખૂબ હરણફાળ ભરી છે અને એમાં ગુજરાતનો ખેડૂત હંમેશા બીજા કરતાં પ્રગતિશીલ રહ્યો છે. નવી ટૅક્નૉલૉજીને અપનાવવામાં અગ્રેસર રહ્યો છે. એ મગફળીનું બિયારણ હોય કે મગફળીના બિયારણની અંદર સંશોધન હોય, ઘઉંનું બિયારણ હોય કે ઘઉંના બિયારણનું સંશોધન હોય તો એમાં

અને કપાસનું બિયારણ હોય આ બધાની અંદર કોઈ અગ્રેસર રાજય રહ્યા હોય તો પંજાબ, હરિયાણા અને ગુજરાત રહ્યા છે અને એના કારણે આપણે સૌએ જે આ અનાજના ક્ષેત્રની અંદર પગભર થયા હોય તો એનું કારણ આજે આ જે ખેડૂતોએ નવી ટૅક્નોલૉજી અપનાવી એનું કારણ એ છે. હમણાં હું મુંબઈ ગયેલ અને ત્યારે જે કપાસની અને ખાસ કરીને જે કૉટનની અંદર નવા પ્રવાહો આવ્યા અને આપણે ત્યાં જે ગારમેન્ટ ઈન્ડસ્ટ્રિઝ છે, ટૅક્સટાઈલ ઈન્ડસ્ટ્રિઝ છે અને એની અંદર નવી નીતિ આવી, એના કારણે આજે ટૅક્સટાઈલની અંદર જે ૨૦૦૪ પહેલાની સ્થિતિ હતી, એના કરતાં એક્ષપોર્ટમાં ડબલ થઈ. આજે જે ૨૦૦૪ પહેલા ખેડૂતોની જે પરિસ્થિતિ હતી. આપણા કપાસના લેવાલ કોઈ નહોતું, એની જગ્યાએ વિશ્વની અંદર ડિમાન્ડ થઈ. ભારતના કપાસની બીજા દેશોમાં નિકાસ થાય છે અને આપણે આપણી જરૂરિયાત માટે ચિંતા કરવી પડશે, એટલી બધી ડિમાન્ડ આપણા કપાસની, આપણા કૉટનની અને આપણા ગારમેન્ટસની બીજા દેશોમાં થાય છે. આના કારણે દેશમાં સૌથી વધારેમાં વધારે કોઈ રોજગારી આપતો ઉદ્યોગ હોય તો બીજો કોઈ નહિ,પણ આ ટૅક્સટાઈલ ઉદ્યોગ છે અને એટલા માટે આ દેશની અંદર માત્ર ખેડૂતો માટે નહિ, પરંતુ દેશના યુવાનોને નવી રોજગારી આપવી હશે તો એના માટે જે આવનારા દિવસોમાં ટૅક્સટાઈલ ઈન્ડસ્ટ્રિઝ છે, એને રૉ-મટીરિયલ આપતું આપણું કૉટન, કપાસ છે એના ઉપર સૌથી વધારે ભાર મૂકવો પડશે, એની ચિંતા સૌથી વધારે કરવી પડશે. મને આનંદ છે કે નવી ટૅક્સટાઈલ પૉલિસી બની એનો લાભ લેવા માટે વિશ્વના લોકો આપણા દેશમાં આવે છે અને આજે વિશ્વના દેશની અંદર કપાસથી માંડીને તૈયાર ગારમેન્ટની ડિમાન્ડ સૌથી વધારે છે. મારે કોઈ કારણસર યુ.કે. જવાનું થયું છે અને હું આજથી ૧૦ વર્ષ પહેલાં ઈન્ગ્લેન્ડ ગયેલો, ત્યારે મારા એકલા મતવિસ્તારના ગારમેન્ટ બનાવનારા એ લેઝર વીઅર હોય કે ડેનીમ વીઅર. આ બંનેનું સૌથી વધારેમાં વધારે ઉત્પાદન કરનાર આખા યુ.કે.નું, એમાં ૫૦ ટકા પ્રોડકશન છે એ આપણા દેશના ગુજરાતીઓનું અને ૫૦ ટકા મારા મત વિસ્તારના લોકો હતા. યુરોપ એક થયું. આપણા દેશની પૉલિસી બદલાઈ, બીજા દેશની પૉલિસી બદલાઈ, એના કારણે જે ઉત્પાદન આજે લેસ્ટરની અંદર આખા યુરોપને પહોચાડતું હતું, લેઝર વીઅર અને ડેનીમ વીઅર એ ભાંગીને અને આપણા દેશમાં, ચાઈનામાં આવ્યું. અને આપણે ત્યાં તક ઊભી થઈ છે, એના માટે સારામાં સારું કૉટન પેદા થાય એ ખૂબ જરૂરી છે. આજે સારામાં સારું કોટન બીજા દેશોમાંથી આયાત કરવું પડે છે. તે પછી ઈજીપ્શ્યન કોટન હોય કે પછી બીજા દેશોનું કોટન હોય. આજે બીજ સારું ન આપીએ તો કવોલિટી યાર્ન આપણે પ્રોડકટ નહીં કરી શકીએ. આજે પણ કવોલિટી ફેબ્રીકસ માટે બીજા દેશોના કોટન ઉપર આપણે આધાર રાખવો પડે છે. આજે આપણે કોટનની અંદર તે લેવલે પહોંચ્યા નથી. તેના માટે આ પાયાની જરૂરિયાત હતી કે સારામાં સારું બીજ બને અને કવોલિટીવાળું બીજ બને અને ખેડૂતો પાસે પહોચે. માત્ર વારંવાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિરથ બેને કારણે ઉત્પાદન વધતું નથી. તો તો કૃષિરથ આપણે ફેરવે રાખ્યા હોત. પણ આપણે સાચા અર્થમાં ટેકનોલોજી છે, ગયા વખતે એવી વાત થઈ હતી કે લેબ ટુ લેન્ડ પ્રોગ્રામ આવ્યો. જયારથી કૃષિ યુનિવર્સિટી બની ત્યારથી એના કાર્યક્રમમાં લેબ ટુ લેન્ડ પ્રોગ્રામ ચાલે છે. છતાં આપણે એમ કહીએ કે અમે પ્રોગ્રામ લઈ આવ્યા. ગુજરાતનો ખેડૂત છે તે પ્રગતિશીલ રહયો છે અને તેને કારણે સૌથી વધારેમાં વધારે જે એકસપીરીમેન્ટ થયા તે આપણા ખેડૂતો સુધી પહોંચ્યા છે. બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે અને તે બાબતની અંદર ભાવ નિર્ધારણ ઉપર જરૂરથી કંટ્રોલ આવ્યો છે પણ મંત્રીશ્રી અમરેલી જિલ્લામાંથી આવે છે અને સૌથી વધારેમાં વધારે નકલી બિયારણનો ભોગ અમરેલી જિલ્લો અને પછી બાકીના જિલ્લાઓ બન્યા છે અને તેનું કારણ એ છે કે નાના નાના બીજ ઉત્પાદકો છે જેના ઉપર આપણો કંટ્રોલ રહેતો નથી તે અને લેભાગુ વિક્રેતાઓ તેની સાથે સીન્ડીકેટ થઈ અને ખોટા, સાચા માર્કા મારી અને ખેડૂતોને આપે છે અને જયારે બીજ ઉગે ત્યારે ખેડૂતને ખબર પડે કે આ બીજ તો નકલી હતું અને તેનું આખું વર્ષ ફેઈલ જાય છે. જે ખેડૂતોનો સૌથી વધારે પાક નિષ્ફળ જાય તે જ ખેડૂતોને કયારેક આપઘાત પણ કરવો પડતો હોય છે. એટલે ભાવ નિર્ધારણ જરૂર કર્યુ પણ સાથે સાથે ઉત્પાદન જે પ્રક્રિયા છે તે પ્રક્રિયાની અંદર સિસ્ટમ એવી બનાવવી પડશે કે તે પ્રક્રિયાની અંદર કોઈ જગ્યાએ લુફોલ્સ રહે નહીં અને સુપરવીઝન જે છે તે એકદમ સ્ટ્રીક બનાવવું પડશે અને તે બનાવીશું તો વિતરણમાં કદાચ ૫૦-૧૦૦ રૂપિયા વધારે બિયારણ મોંઘું પડશે તો ચલાવશે પણ નકલી બિયારણ છે તે ઘાતક પૂરવાર થયું છે અને ભવિષ્યમાં તે નકલી બિયારણ ઘાતક પૂરવાર થશે. ઉત્પાદન માટે પણ આપણે એકદમ કડક કાયદા, વિતરણ અને ઉત્પાદન બંનેને સાથે જોડી અને તે કાયદાઓનો અમલ સખત રીતે કરાવવો પડશે. આ બિલની અંદર પહેલી વખત આવ્યું છે, કયાંક કચાસ પણ રહી હશે અને આપણે ત્યાં એક પરંપરા રહી છે કે બિલ પાસ કરવા માટે હંમેશો ઓવર ટાઈમ જ કરાવવાનો હોય છે. કદાચ સભ્યો બધા કોન્ટ્રીબ્યુટ ન કરી શકતા હોય. આપણે રાત્રે બિલ પાસ કરીએ છીએ. સવારના આઠથી રાત્રીના નવ દસ સુધી અમારા પૂર્વ અધ્યક્ષ છે તેમને ખબર છે. તેને કારણે કદાચ આની અંદર સુધારા વધારાનો અવકાશ હશે.. શું કામ મારી સામે જુઓ છો? તમારા મોઢા ઉપર ચમક એટલે છે કે કડીની અંદર ટેકસટાઈલ ઓઈલ ઈન્ડસ્ટ્રી કેટલું બધુ વિકસી ગયું.

**સભાપતિશ્રી:** મોઢવાડીયાજી બીલની અગત્યતા ઉપર બોલો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : તમે પહેલીવાર પોઝીટીવ બોલો છો એટલે ધ્યાનથી સાંભળું છું

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને તો પોઝીટીવ બોલવાની આદત છે. એટલા માટે કોઈ જગ્યાએ લુફોલ્સ હોય તો પૂરા કરીને તેના દ્વારા ખેડૂતોને બીજની અંદર જે લોકો છેતરપિંડી કરે તેને સખત નશ્યત થાય.

કારણ કે એ પાંચ પચાસ રૂપિયાના લોભ ખાતર ખેડૂતોને હજારો કરોડો રૂપિયાનું નુકસાન બીજની અંદર થઈ શકે છે. કદાચ બીજા ક્ષેત્રમાંય મીલાપીપણું થાય છે, નથી થતું એવું નથી. ખાતર હોય તો કદાચ ઉત્પાદનની અંદર પાંચ દશ ટકાનો ઘટાડો આવે પણ બિયારણની અંદર ખૂબ મોટાપાયે નુકસાન થાય છે એ અટકાવવું ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ આ સુધારા વિધેયક લઈને આવ્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને, પ્રધાન મંત્રી મંડળના સભ્યશ્રીઓને મારે કહેવું છે કે, જુના વખતમાં જિલ્લા પંચાયત સંચાલિત બીજ ઉત્પાદન કેન્દ્રો હતાં અને એના માટેના ફાર્મ હતા એ ફાર્મ છે એ જિલ્લા પંચાયતે હવે મોટા પાયે એ ફાર્મ બંધ કરી દીધા છે. એ બંધ થયેલા ફાર્મ એમને એમ પડયા છે, કોઈક જગ્યાએ પેશકદમી થઈ છે. કોઈક જગ્યાએ મારા જેવા લોકોની નજર છે કે આ સરકાર પાસેથી કયારે પડાવી લઈએ, મારા વિસ્તારની અંદર પણ એક એવું ફાર્મ છે. મારા જિલ્લામાં મજીવાડા ગામ છે એના ઉપર કેટલાક લોકોની નજર છે. મેં માનનીય રેવન્યુ મંત્રીશ્રીને, માનનીય કૃષિ મંત્રીશ્રીને, માનનીય મુખ્ય મંત્રીશ્રીને પત્રો લખીને કહયું છે કે જેટલા જેટલા આ પ્રકારના બીજ ઉત્પાદન જે કેન્દ્રો હતા અને એની જમીન હતી એ જમીન આજે રેવન્યુના હવાલે પડેલી છે. તો મારી આપના મારફતે વિનંતી છે કે, આ જે બીજ ઉત્પાદન કેન્દ્રો છે, આ જે બીજ ઉત્પાદન કેન્દ્રોના ફાર્મ છે એ જો આપણી કૃષિ યુનિવર્સિટીને અપાઈ જાય તો એ પ્રવૃત્તિ જે તે વિસ્તારના સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખી અને એનો ઉપયોગ થઈ શકે અને જે ભૂતકાળની અંદર કોઈક જગ્યાએ કોઈક ફાર્મ વેચાઈ ગયા હશે અને આજે બીજી કોઈકને કોઈક જગ્યાએ વેચાવાની તૈયારીમાં છે, સુરતની અંદર એક બીજ ફાર્મ હતું, શહેરની વચ્ચે હતું, એ એક ઉદ્યોગપતિ હતા એને હોટલ બનાવવા માટે સરકારે નિર્ણય કરી દીધો. સારું થયું કે ત્યાંના ખેડૂતો હાઈકોર્ટમાં ગયા અને એના ઉપર સ્ટે લઈ આવ્યા, બીજી જગ્યાએ પણ આ ફાર્મનો દૂરપયોગ ન થાય એટલા માટે એ ફાર્મ છે એ પ્રકારના બધા જ કૃષિ યુનિવર્સિટીને પાછા અપાઈ જાય અને એના ઉપર ફરીથી આ બીજ ઉત્પાદનની પ્રવૃત્તિઓ શરૂ થાય એવી વિનંતી સાથે હું મારા વિચારો પૂરા કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી, ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ) વિધેયક ૨૦૦૮ લઈને આવ્યા છે તેના ઉપર હું મારાં મંતવ્યો, મારા વિચારો રજૂ કરું છું.

માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, કે જે બિલનું નામ અંગ્રેજીમાં છે, ધ ગુજરાત કોટન સીડ્સ, રેગ્યુલેશન ઓફ સપ્લાય, ડીસ્ટ્રીબ્યુશન, સેલ એન્ડ ફીકસેશન ઓફ સેલ પ્રાઈસ બિલ છે તો એનું જે ગુજરાતી કર્યું છે એ ગુજરાત કપાસિયા એટલે કપાસિયા નામની વાત એવી હતી કે જીનીંગ ફેકટરીઓમાં કપાસિયાના ઢગલા દેખાય છે, પહેલી નજરે દેખાય કે આ કપાસિયાના ઢગલા, એના માટે આ પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ કરવાનું છે. એની જગ્યાએ જો ગુજરાત કપાસ બીજ, એ સુધારો કરવામાં આવે તો એ સુયોગ્ય અને બરાબર રહેશે.

બીજું, ગુજરાતના ખેડૂતો અને ગુજરાતમાં કપાસ એ મુખ્ય પાક તરીકે અને રોકડીયા પાક તરીકે ખેડૂતોએ અપનાવેલો પાક છે. વર્ષોથી વવાતા કપાસની અંદર જુદી જુદી વેરાઈટીઓ બદલાતી ગઈ અને આપણા ગુજરાતના જ એક વૈજ્ઞાનિક શ્રી સી ટી પટેલે સુરતમાંથી ક્રાંતિકારી પગલું ભરી અને હાઈબ્રીડ શંકર -ચાર કપાસની જાત એમણે ઉત્પન્ન કરી એના માટે આજે પણ આપણે શ્રી સી ટી પટેલને યાદ કરવા પડે. તે પછી આ શંકર-ચાર અને હાઈબ્રીડ વેરાઈટીઓ છે એમાં ઈયળ ઉપદ્રવના પરિણામે ગુજરાતનો ખેડૂત કપાસના પાકથી વિમુકત થવા લાગ્યો, ત્યારે આ ઈયળ માટે જે બીટી કપાસનું સંશોધન થયું કે જેને આ ઈયળ નુકસાન ન કરી શકે એ ખેડૂત સમાજ માટે અને કપાસના પાક માટે ખૂબ આશીર્વાદરૂપ આ બીટી કપાસ એ આપણા માટે છે. અને બી.ટી. કપાસમાં ઈયળનો ઉપદ્રવ ન થવાથી એની ગુણવત્તા પણ ખૂબ સારી રહે છે. એના પ્રમાણે, એના હિસાબે આપણે જે ગુણવત્તા વાળો કપાસ મેળવવા માગતા હોઈએ એ ગુણવત્તા વાળો કપાસ આપણે મેળવી શકીએ છીએ. પરંતુ આજે હાઈબ્રિડ કપાસ છે એની જુદી જુદી વૅરાઇટીઓ છે એમાં કપાસના અનેક જાતના જે ગુણધર્મો છે, કેટલીક જાતોનું સ્ટેપલ લાંબુ હોય, કેટલીક જાતોનું સ્ટેપલ ટૂંકું હોય, કેટલીકની મજબૂતાઈ ઓછી હોય, કેટલાકમાં મજબૂતાઈ વધારે હોય પણ આપણા ખેડૂતો બધી જ જાતનો એક જ ખેડૂત ત્રણ ચાર વૅરાઇટીનું ઉત્પાદન કરે અને એ બધી જ વૅરાઇટીનો ઢગલો સાથે કરે એટલે આપણે જે પ્રકારની સીમીલારીટી જોઈએ એ પ્રકારની સીમીલારીટી મળતી નથી માટે આપણે જે પરદેશમાં એકસ્પોર્ટ કરીએ છીએ ત્યારે અત્યારે તો બધા કોમ્પ્યુટરાઈઝ સાધનો થયા એમાં એની લૅન્થમાં દસ ટકાનો હાર ફેર હોય તો બરાબર પણ દસ ટકાથી વધારે હાર ફેર હોય તો કોમ્પ્યુટર તરત જ એનું મશીન બંધ કરી દે છે. એના પરિણામે કેટલીક વખત આપણો કપાસ એકસ્પોર્ટ કરીએ છીએ એ એકસ્પોર્ટ કરવામાં આપણને તકલીફ પડે છે. એટલે જો સરખી સીમીલારીટી જળવાઈ રહે એ પ્રમાણે જો આયોજન કરવામાં આવે તો આપણે કપાસનું પૂરેપૂરું એકસ્પોર્ટ કરી શકીએ. બીજી જે અત્યારે સેંકડો બી.ટી. જાતની વૅરાઇટીઓ બજારમાં ઉપલબ્ધ છે એમાંથી જુદા જુદા નામે જુદી જુદી કંપનીઓ પોતાના બ્રાન્ડ નેઈમ પર વેપાર કરે છે પણ એમાં કેટલીક જાતો તો સરખી જ હોય છે. એના નર અને માદા એક જ હોય પણ 'એક્સ' કંપની એનું 'એ' નામ આપતી હોય અને 'વાય' કંપની એનું 'બી' નામ આપતી હોય પણ વેરાયટી એકની એક જ હોય છે એટલે ખેડૂતોને લેવામાં તકલીફ પડે છે એટલે આપણે જ્યારે આ બિલ પસાર કરવાના છીએ ત્યારે જે એનું

બિયારણનું પૅકેટ હોય એ પૅકેટ ઉપર એના નર અને માદા ફરજિયાત એનું નામ લખવામાં આવે તો ખેડૂતને એની ખબર પડે કે આ 'એ' કંપનીની વેરાયટી અને 'બી' કંપનીની વેરાયટી નામ ભલે જુદા છે પણ વેરાયટી એક જ છે. એટલે આ એક મહત્ત્વનું કામ માનનીય મંત્રીશ્રી કરશે તો ખેડૂતો એનાથી બચી શકશે. અત્યારે ૧૦૦ વેરાયટી છે એમાંની ૫૦ જ વેરાયટીઓ થઈ જશે. કારણ કે એક જ જાતના કપાસ નર અને માદા એક જ હોય પણ કંપનીએ નામ અલગ આપ્યા હોય એના પરિણામે ખેડૂતોને આ દ્વિધા ઉભી થાય છે અત્યારે કંપનીઓ દ્વારા ખૂબ ઊંચા ભાવ લેવામાં આવતા હતા અને એમાં સરકારી નિયંત્રણ ન હતું એના માટે જે સરકાર આ બિલ લાવી છે એ ખૂબ જ સારી બાબત છે અને એમાં પણ હમણાં માનનીય અર્જૂનભાઈએ કહ્યું તેમ એમાં જે કોઈ તૃટીઓ હોય એ તૃટીઓ દૂર કરીને આ બિલ મંજૂર કરવામાં આવશે તો ખેડૂતોને ઉપયોગી આ બિલ થઈ પડશે અને એમાં જે બિયારણ પકવવામાં આવે અને પોતે જ એ ખેડૂત વાપરે અથવા એના પડોશી ખેડૂતને વાપરવા માટે આપે એમાં જે મુકિત આપી છે એ પણ સારી વાત છે પણ, આપણા સભ્યશ્રી અનિલભાઈએ કહ્યું તેમ જે આ કંપનીઓ આ બીજ ઉત્પાદનના પ્લોટ કરે છે એમાં કોઈ પ્લોટ નાપાસ થયો હોય એ ખેડૂત નાપાસ થયેલો પ્લોટ બીજે ન વેંચે એના માટે પણ કંઈક જોગવાય થવી જોઈએ. એ બિયારણ કંપનીએ લઈ લેવું જોઈએ અથવા એ બિયારણનો નાશ થવો જોઈએ જેથી ભળતું કે ખોટું બિયારણથી ખેડૂતને નુકસાન ન થાય એ માટે આ બિલમાં જોગવાઈ થવી જોઈએ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ (બાબરા)** : માનનીય કૃષિમંત્રીશ્રી જે કપાસના બિયારણ માટેનું બિલ લઈને આવ્યા છે અને વટહુકમથી બિલ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો અને સૂચનો વ્યકત કરું છું.

આ બિલનો વટહુકમ તારીખ ૧૧-૬ એ થયો, આ રાજયમાં ૨૩ લાખ ગાંસડી કપાસ, જયારે બી.ટી. કોટન નહોતું થતું ત્યારે ઉત્પન્ન થતો હતો અને બી.ટી. કોટન આવ્યા પછી ૧ કરોડ અને ૨૩ લાખ ગાંસડી કપાસ ગુજરાતમાં ઉત્પન્ન થવાનું શરૂ થયું. પણ આ બી.ટી. કપાસ જયારથી આવ્યો ત્યારે સૌપ્રથમ ૧૮૫૦ રૂપિયામાં ડબલ બી.ટી. ની ૪૫૦ ગ્રામની થેલી વેચાતી હતી અને ૧૩૫૦ રૂપિયામાં સિંગલ બી.ટી. કપાસ વેચાતો હતો, માનનીય કૃષિમંત્રીશ્રીએ જે આ વટહુકમ બહાર પાડ્યો, ખૂબ સારી વાત છે, પણ છેલ્લાં છ સાત વર્ષથી રાજયના લાખ્ખો ખેડૂતોના કરોડો રૂપિયા ગયા પછી આ બિલ આવ્યું અને વટહુકમ આવ્યો.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ગયા વર્ષે ૯૨૫ રૂપિયામાં ડબલ બી.ટી. અને ૭૫૦ રૂપિયામાં સિંગલ બી.ટી. કપાસ વેચાતો અને વટહુકમ આવ્યાં પછી ઘણી કંપનીઓએ આ વટહુકમ આવ્યો અને ૧૦૦ રૂપિયા ઘટાડો કરવાનો નિર્ણય લીધો, એમાં ઘણી કંપનીઓએ એવી જાહેરાત કરી કે અમે કપાસનું બિયારણ અમારું પાછું ખેંચી લઈએ છીએ અમારે આ ભાવે વેચવું નથી અને ત્યારે ઘણી કંપનીઓ એવી હતી કે જેણે કપાસનું જે વેચાણ કરેલું હતું એમાં ૧૦૦ રૂપિયા રિફંડ પણ આ રાજયના ખેડૂતોને આપ્યું. એમાં રાસી, વિક્રમ, બાયર,અજીત જેવી કંપનીઓએ રિફંડ પણ ના આપ્યું અને એનું બિયારણ પાછું ખેંચી લીધું. આ જ બિયારણ પાછું બિલ વગર એના જુના ભાવે રાજયની અંદર ઘણી જગ્યાએ વેચાયું, પણ રાજય સરકાર બીજ નિગમ દ્વારા જે બીજ ઉત્પન્ન કરે છે અને આ રાજય સરકાર બીજ નિગમમાં જે 'બીજધન' નામનું પોતાનું બી.ટી.કોટન આ રાજયની અંદર વેચાય છે આ બી.ટી. કોટન ૯૫૦ રૂપિયામાં ડબલ બી.ટી. અને ૭૦૦ રૂપિયામાં સિંગલ બી.ટી.નું સમગ્ર રાજયની અંદર કપાસનું વેચાણ થયું. આપણે એમ કહીએ છીએ કે અમે આ રાજયના ગરીબ ખેડૂતોને, લાખ્ખો ખેડૂતોને, ભાવથી લુંટાતા હતા અને કોઈ નિયમ અને બંધારણ નહોતું એટલે અને રાજય સરકારનો કોઈ નિયમ નહોતો એટલા માટે અમે આ નિયમ લઈ આવ્યાં અને અમે આ બિયારણ સસ્તા ભાવે રાજયના ખેડૂતોને મળી રહે એના માટેનો અમે આ વટહુકમ બહાર પાડયો છે પણ બીજ નિગમનું બિયારણ પણ ૯૨૫ રૂપિયા અને ૭૨૫ રૂપિયામાં વેચાયું, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, રાજયની અંદર જે મલ્ટીનેશનલ કંપનીઓ અહીંયા બીજ ઉત્પન્ન કરે છે, આ મલ્ટીનેશનલ કંપનીઓ, ખેડૂતોને ૧૨૦ થી ૧૨૫ રૂપિયાના ભાવે એને વળતર ચૂકવે છે અને બિયારણ ખરીદે છે અને કંપનીના જે અત્યારે ભાવ બંધાયા છે એ ડબલ બી.ટી.ના ૭૫૦ રૂપિયા અને સિંગલ બી.ટી.ના ૬૫૦ રૂપિયા. તો માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આપણી સરકાર દ્વારા જે બીજ નિગમમાં જે બીજ ઉત્પન્ન થાય છે આ બીજ ખૂબ મોટા જથ્થામાં ઉત્પન્ન થાય અને રાજયના ખેડૂતોને ૩૦૦ થી ૪૦૦ રૂપિયા આપવા પોસાય એવી પરિસ્થિતિ છે ત્યારે આ બાબતમાં પણ માનનીય મંત્રીશ્રી કંઈ વિચારે. રાજયમાં જે બી.ટી.કપાસ ૧૨૫ રૂપિયામાં ખેડૂતોની પાસેથી કંપનીઓ ખરીદતી હોય અને આપણે એમ કહીએ કે આ કંપનીઓ ઉંચા ભાવે ખેડૂતોને વેંચે છે. ગુજરાત સરકારનું બીજ નિગમ પણ આ જ ભાવે વેચે છે તો રાજય સરકાર ખૂબ નીચા ભાવ લઈ આવે એટલે ઓટોમેટીક મોટી કંપનીઓએ પણ તેના ભાવે વેંચવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કલમ-૮માં જે ધ્યાન દોર્યુ છે કે કોઈ ખેડૂત પોતે બીજ ઉત્પન્ન કરી શકશે અને ખેડૂત પોતે વેચી પણ શકશે એવી કલમ-૧૨ની અંદર માનનીય મંત્રીશ્રીએ જે જોગવાઈ કરી છે. તો માનનીય મંત્રીશ્રીનું એક ધ્યાન દોરું છું કે, રાજયની અંદર બી.એસ.સી. એગ્રી., એમ.એસ.સી.એગ્રી. અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ છે જે બેકાર છે અને જે પોતાના અનુભવનો નાના પાયે પ્લોટ કરીને ઉત્પાદન કરે છે અને રાજયની અંદર વેંચે છે તો તેમને પણ કાયદેસર જેમ ખેડૂતોને પરમીશન આપી છે,

જેમ કંપનીઓને પરમીશન આપી છે તેમ તેને પણ પરમીશન આપે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ જ રીતે જે કપાસના જે લેબોરેટરી દ્વારા આ કપાસના બિયારણને ચેક કરવાનું જ્યારે થશે અને ભાવ બંધનું જ્યારે વટહુકમથી આવ્યું છે ત્યારે ઘણી કંપનીઓ માનનીય મંત્રીશ્રી તે બાબતે ખાસ ધ્યાન આપે કે ઘણી કંપનીઓનું દશ ટકા બિયારણ એવું આવે છે

**અધ્યક્ષશ્રી** : બાવકુભાઈ, મને વાંધો નથી પણ આપણી પાસે હજુ બીજાં બે બિલો બાકી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : પૂરું કરું છું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, દશ ટકા છોડ ખરાબ આવે છે. દશ ટકાથી ત્રીસ ટકા છોડ એવા હોય છે કે જે બીજ જન્ય સુકર  હોય છે. ત્રીસ ટકાથી ચાલીસ ટકા કપાસ લાલ થઈ જાય છે તો જે કંપનીનું બિયારણ આ ટાઈપનું આવે અને લેબોરેટરીની અંદર તેની ચકાસણી થાય અને તેમાં આ રીતની ખામીઓ થાય તેનો પણ આ બિલની અંદર સમાવેશ કરવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, બિલની અંદર જે કંપનીઓ ઉપર કન્ટ્રોલ કરવા માટેની જે જોગવાઈ કરી છે. મારે એક જ વાત કરવી છે કંપનીઓ કોઈ ગુન્હો કરે તો આ કંપનીઓને રાજયની અંદર લાખો, કરોડો ખેડૂતોને બિયારણો વેચી અને અબજો અબજો રૂપિયા આમાંથી કમાય અને બિયારણની અંદર કોઈ ખામી નીકળે, અથવા તેના ભાવ ઉંચા લે તો તેમાં કંપનીઓએ કરેલા ગુન્હાની અંદર  જોગવાઈ છે કે તેને ત્રણ વર્ષની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ. અબજો અબજો રૂપિયાનો ગુન્હો કરે અને તેને ત્રણ વર્ષની સજા અને પાંચ હજાર રૂપિયા દંડ અને તેમાંય પાછું આ કંપનીઓને કઈ રીતે છટકવું તેની પણ આમાં જોગવાઈ છે તો એ જોગવાઈ દૂર કરવી જોઈએ. એમાં એવું છે કે ગુન્હો તેની જાણ બહાર થયો હોય અથવા તે ગુન્હો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હોય તો તે વ્યકિતને આ પેટા કલમમાં કોઈ પણ મજકૂરના અધિનિયમનની જોગવાઈ કરેલી કોઈ શિક્ષાને પાત્ર થશે નહીં. તો આ કંપનીઓએ કરેલા ગુન્હા જે પાના નં. ૭ ઉપર ૧૪ નંબર છે તેમાં કંપનીઓને છટકવા માટે પૂરેપૂરી વ્યવસ્થા રહે એવી ખામી છે તો આમાં પણ સુધારો કરે અને આ સાથે  જે ખેડૂતોને કોઈપણ નુકસાન થાય તો જે ટેકાના ભાવ બાંધેલા છે અને કેટલું ઉત્પાદન થાય છે એ પ્રમાણે ખેડૂતોને કોઈ ખામી રહે તો વળતર મળે એવી જોગવાઈ આ બિલમાં નથી, તો માનનીય મંત્રીશ્રી આ બે સુધારા કરે એવું હું ધ્યાન દોરું છું.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના હિતમાં ગુજરાતમાં જે કપાસનું વાવેતર થઈ રહ્યું છે એના બિલ ઉપર માનનીય પ્રાગજીભાઈ, અર્જુનભાઈ, મણિભાઈ, બાવકુભાઈ વગેરેએ આ સન્માનનીય ગૃહના મારા સાથી સભ્યશ્રીઓએ જે પોતાના વિચારો પ્રગટ કર્યા, અનિલભાઈએ પણ પહેલા, એમના વિચારો પ્રગટ કર્યા. હું એમના કેટલાંક સૂચનો જે છે તે હું સ્વીકારું છું. કે નામના કારણે વિસંગતતા દૂર કરવાની જરૂરિયાત ઉભી થાય તો એનો અભ્યાસ કરીને કરવામાં આવશે, પણ ગ્રાઉન્ડનટ સીડ્સ કહેવામાં આવે છે. આપણે મગફળીનું બિયારણ કે મગફળી બી કહેવાના બદલે મગફળી શબ્દ વાપરતા હોઈએ છીએ, તેવા હેતુથી જ આ છે. છતાંયે જરૂરી લાગશે તો સુધારો કરીશું. કલમોની વિસંગતતા જેવું કે અંગ્રેજી અને ગુજરાતીના ટ્રાન્સલેશનમાં હશે એ પણ સુધારો કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, પુનઃ મારે આ ચર્ચા ફરી વખત થઈ એટલે ધ્યાન દોરવું છે. કે ગુજરાત સરકારનો બીજ ઉત્પન્ન કરવા માટેનો કાયદો નથી એ કેન્દ્ર સરકારે ૧૯૬૬માં બીજ નિયંત્રણ ધારો જે પસાર કર્યો એના આધારે સમગ્ર દેશમાં બીજ નિયંત્રણ કરવામાં આવે છે અને એમાં નોટિફાઈડ બીજની યાદી બહાર પાડવામાં આવે છે. એમાં આ બી.ટી. કોટનનો સમાવેશ કરવામાં આવ્યો નથી. બીજી રીતે પણ આ બી.ટી. કોટન બિયારણને નિયંત્રણ કરી શકાય, બિયારણ અંકુશ હુકમ ૧૯૮૩ની અમલવારીથી પણ એને અમલ કરવો હોય તો અધિનિયમ આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫ હેઠળ એને આવરી લેવામાં આવે. પરંતુ ફેબ્રુઆરી ૨૦૦૭માં ૧૨ મી ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર સરકારે કેવા કારણોસર વિદેશી શબ્દ બોલીશ તો નહીં ગમે. કંપનીઓ મોટા ભાગે વિદેશી આવીને આ દેશમાં આ બી.ટી. કોટન લાવવાની શરૂઆત થઈ છે. એટલે આ વિદેશીના પ્રભાવના કારણે સમગ્ર કાયદો બદલી નાંખે અને ગુજરાત અને દેશના ખેડૂતોને લૂંટાવા માટેની પરિસ્થિતિ પેદા કરી દે, આ સ્થિતિમાંથી મૂકત થવા માટે ગુજરાત સરકારે આ કાયદો લાવવાની જરૂરિયાત પડી. આ વટહુકમ લાવવાની જરૂરિયાત પડી. એટલા માટે આ વટહુકમ જયાં સુધી આવશ્યક ચીજવસ્તુ ધારામાંથી મૂકિત નહોતી આપી ત્યારે કરવા માટેના સરકાર પાસે કાયદામાં અધિકારો હતા. પણ આ અધિકારો જયારે ઝૂંટવાઈ ગયા ત્યારે આ કાયદો લાવવાની જરૂર પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં ખેડૂતોએ જે પ્રગતિ કરી છે, ખેડૂતોએ જે મહેનત કરી છે એમાં કોઈ શંકા નથી. પરંતુ ખેડૂતો માટેની વ્યવસ્થાઓ, આપણે જોવું જોઈએ કે સમગ્ર દેશમાં તાજેતરમાં જે સરવે કરવામાં આવ્યો, એમાં પાણીના તળ સમગ્ર દેશમાં તમામ રાજયોમાં નીચાં જતાં જાય છે. ગુજરાતમાં એકમાત્ર તાજેતરના કેન્દ્ર સરકારના રીપોર્ટમાં ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવ્યાં છે. કેમ? કારણ કે ચેકડેમ કરવામાં આવે છે, તળાવ ઉંડા કરવામાં આવે છે અને પાણી રોકવા માટે જે સુવિધાઓ અન્ય રાજયોમાં નથી તે ૯૦-૧૦ની યોજનાના માધ્યમથી ગુજરાતમાં ઠેર ઠેર પાણી રોકાય એના માટે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં અમારા નાણામંત્રી કોથળી ખુલ્લી મૂકીને ખેડૂતોને પાણી રોકવા માટે છૂટ આપે છે એના કારણે ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવ્યાં છે.  અને એના કારણે નર્મદા અને સુજલામ્ સુફલામ્ યોજના છે એ..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે સમયમર્યાદામાં પૂરું કરવાનું છે. અહીં પાણીની વ્યવસ્થા અંગેની કોઈ ચર્ચા કરવાની નથી. આજે આપણી પાસે એના માટેનો સમય નથી. એટલે બિલ ઉપર જ ચર્ચા કરો અને બિલની દલીલો ઉપર બોલો.

**શ્રી દિલીપ સંઘાણી** : આ પરિસ્થિતિમાં ગુજરાતના ઉત્પાદનની સમગ્ર દુનિયામાં ડબલ્યુ.ટી.ઓ.ના સમયમાં એના ભાવની તુલના દેશ, વિદેશમાં અને અન્ય રાજયોમાં થાય છે. તો ગુજરાતનો વિકાસ જે શરૂઆતના વર્ષોમાં ૨૨ લાખ ગાંસડી ઉત્પાદન થતું હતું તે હમણાં તાજેતરમાં જ માનનીય સાથી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ કે જેઆએ કડીની જીનીંગ એસોસિએશનની મિટિંગમાં મને બોલાવ્યો હતો, ત્યારે ત્યાંના જીનીંગ એસોસિએશનના મિત્રોએ મને જણાવ્યું હતું કે આજે ગુજરાતમાંથી ૧ કરોડ ૨૦ લાખ ગાંસડી ઉત્પન્ન થાય છે અને એમાંથી વિદેશમાં નિકાસ થાય છે એ ૪૦ લાખ ગાંસડીની નિકાસ થાય છે. એટલે સમગ્ર દેશના ૫૦ ટકા જેટલી નિકાસ એ એકલા ગુજરાતમાંથી થતી હોય અને એવા સમયે કેન્દ્ર સરકાર વિદેશમાં નિકાસ માટેનો પ્રતિબંધ મૂકે એટલા માટે કે ગુજરાતના ખેડૂતોને વધારે ભાવ મળતા હોય અને ગુજરાતના ખેડૂતો સમૃધ્ધ બને એ જોઈ નહીં શકવાને કારણે આ પ્રતિબંધ મૂકે એ વાજબી નથી. કૃષિ ઉત્પાદન ડબલ્યુ.ટી.ઓ.ના સમયમાં કોઈપણ કૃષિ ઉત્પાદન ઉપર પ્રતિબંધ ના થાય મૂકાય એ પરિસ્થિતિ પેદા કરી છે. એટલું જ નહીં, પરંતુ એકબાજુથી ખેડૂતોને માટે દેવા નાબૂદીની વાત કરવામાં આવે છે, પરંતુ આ કપાસ ઉપર પ્રિમિયમ જે ૫ ટકા હતું એ આજે આ નવી સરકાર આવ્યા પછી વધારીને ૧૭.૨૦ કર્યુ છે. એકબાજુથી આ ૧૭.૨૦ નું પ્રિમિયમ લેવામાં આવે અને બાકીના ૭ ટકા વ્યાજ ગણીએ જે આજે ગુજરાતનો ખેડૂત મેળવી શકતો નથી, તો પણ આ ખેડૂતને કઈ કક્ષાએ એ પડે એ સ્થિતિમાં ગુજરાતનો ખેડૂત નોંધારો ના મૂકાય, કેન્દ્ર સરકાર તરફથી ચારે બાજુથી ઘેરી લેવામાં આવે ત્યારે ખેડૂતને કુદરતી ભરોસે ના મૂકવા માટે અને રક્ષણ આપવા માટે આ કાયદો લાવવાની ફરજ પડી છે. આ સ્થિતિમાં હું ૨ દિવસથી જોઈ રહ્યો છું કે (અંતરાય) હું લાંબી વાત કરવા માગતો નથી, પરંતુ એ કહેવા માગું છું કે આ કાયદો એટલા માટે લાવવામાં આવ્યો છે કે(અંતરાય) આ સ્થિતિમાં જે ચિચીયારી સંભળાય છે ત્યારે (અંતરાય) એક વાત એ કરવા માગું છું કે અહીંયાં અર્જુનભાઈ, હાઉસમાં આ ચીચીયારી શબ્દ સાચું બોલવામાં સાચવવું પડે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આ બિલ ઉપર જ વાત કરો, બાકીની ચર્ચા જવા દો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે કોગ્રેસના મિત્રોના અભિપ્રાય વિશે કહેવું નથી કારણ કે ખેડૂતોના હિતમાં આ બિલ લાવ્યો છું ત્યારે એના માટે કોઈક કંઈક અવાજો ઉડતા હશે. જેમ કુદરતી ભેખડ ધસી પડે અને જો કોઈ દબાઈ જાય તો લોકો ચારે બાજુથી જોવા ભેગા થાય અને એ દબાઈ ગયેલા લોકો કિકિયારી પાડતા હોય છે અને ત્યારે જો એમના કોઈ સંબંધી એમાં હોય તો એને ઉગારવા માટે એ મહેનત કરતા હોય છે. (અંતરાય) તાજેતરમાં લોકસભાની ચૂંટણીમાં મોટી ભેખડ ધસી પડી અને કોંગ્રેસના લોકો એમાં ફસાઈ ગયા છે ત્યારે એમની કીકીયારી પ્રત્યે મને કોઈ રોષ કે ગુસ્સો નથી, પરંતુ હવે ફરીથી લોકસભાની ચૂંટણીઓ આવે છે ત્યારે એ કીકીયારીમાંથી મુકિત આપશે. એ સાથે આપસૌને આ બિલને સર્વાનુમત્તે મંજૂર કરવા માટે વિનંતી છે.

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**પહેલા વાચનના પ્રસ્તાવનો પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮નું ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૨૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮નું ગુજરાત કપાસિયા (પુરવઠા, વિતરણ, વેચાણ નિયમન અને વેચાણ કિંમત નિર્ધારણ) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને વિના વિરોધે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૪**

# મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૦૮

## મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

• વિધેયક, ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજું કરું છું કે, ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સર્વાંગી વિકાસ માટે રાજયમાં ઔદ્યોગિક વિકાસ અનિવાર્ય છે. આ માટે મોટા ઉદ્યોગગૃહોને તેમના પ્રોજેકટ સ્થાપવામાં કોઈ મુશ્કેલી ન પડે તેવો રાજય સરકારનો અભિગમ રહ્યો છે. ઉદ્યોગગૃહોને તેમના ઉદ્યોગ માટે ઘણા મોટા પ્રમાણમાં જમીન બિન ખેતી કરાવવી પડે છે. બિન ખેતી પરવાનગી લેવાની આ પ્રક્રિયામાં પસાર થવામાં વિલંબ થાય તો આવા ઉદ્યોગગૃહોએ કરેલ મોટા મૂડી રોકાણના સંદર્ભમાં ઘણી મુશ્કેલી અનુભવવી પડે છે. આ મુશ્કેલી દૂર કરવા માટે જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫(ખ)ની જોગવાઈ કરીને ઉદ્યોગ વિભાગ દ્વારા પ્રામાણિત કરાયેલ ઉદ્યોગ ગૃહોને ડીમ્ડ એન.એ. નો લાભ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જેના કારણે ઉદ્યોગગૃહો જમીન ખરીદ કરીને જમીનનો સરળતાથી બિનખેતી ઉપયોગ શરૂ કરી શકે છે.

(૨) બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫(ખ) ગુજરાત એકટ નંબર-૬/૧૯૯૭થી ઉમેરવામાં આવી છે જેનો અમલ તા. ૨૪-૧૨-૧૯૯૬થી કરવામાં આવ્યો છે. કલમ ૬૫(ખ)(૧)(બી)(૧)(૬)ની જોગવાઈથી વિસ્તાર વિકાસ સત્તા મંડળ અને શહેરી વિકાસ સત્તા મંડળની હકૂમતની અંદરના વિસ્તારના ઘેરાવાના પાંચ કિલોમીટરની અંદર આવતા પેરીફેરી વિસ્તારમાં ઉદ્યોગગૃહોને કલમ ૬૫(ખ)ની જોગવાઈ મુજબ ડીમ્ડ એન.એ. નો લાભ મળતો નથી. આ જોગવાઈના કારણે જે ઉદ્યોગગૃહ દ્વારા આવા પાંચ કિલોમીટરની અંદર આવતા પેરીફેરી વિસ્તારમાં ઉદ્યોગ માટે મૂડીરોકાણ કરી નાખ્યું હોય, અને કલમ ૬૫(ખ)ની જોગવાઈ મુજબ તે ઉદ્યોગગૃહને ડીમ્ડ એન.એ.નો લાભ મળે નહિ તો આવા કેસમાં મૂડીરોકાણ કરી નાખ્યું હોય તેવા ઉદ્યોગગૃહને મુશ્કેલ સ્થિતિમાં મૂકાવું પડે છે. વળી, આ ઉદ્યોગગૃહોને જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫ હેઠળ રેગ્યુલર બિનખેતી પરવાનગી આપવા સામે કોઈ બાધ નથી, ત્યારે આવા પ્રામાણિત ઉદ્યોગોને કલમ ૬૫(ખ) નો લાભ ન મળે તે ઉચિત ન હોવાની રાજય સરકારને ફરિયાદો મળવા લાગી.

(૩) રાજય સરકારમાં વિવિધ સ્તરે/ઉચ્ચ કક્ષાએ આવા ઉદ્યોગગૃહો દ્વારા અવારનવાર કરવામાં આવતી રજૂઆતો ઉપર રાજય સરકારે ગંભીરતાથી વિચારણામાં લઈને રાજયની ક્રિટીકલ પોલીસી લેવલ ઈસ્યુ અંગેની તારીખ ૨૪-૬-૦૮ની મિટિંગમાં આ મુદ્દે વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ આ બાબતનો સમાવેશ તે બેઠકની કાર્યવાહી નોંધના એજન્ડા નંબર-૧માં ડીમ્ડ એન.એ. એન્ડ ચેઈન્જ ઓફ ઝોન કરવામાં આવ્યો હતો. જેમાં ઉકત સમિતિએ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫(ખ)ની જોગવાઈ જેમાં પાંચ કિલોમીટરના પેરીફેરી વિસ્તારનો ઉલ્લેખ છે, તે જોગવાઈને તારીખ ૨૪મી ડિસેમ્બર,૧૯૯૬ની (આ જોગવાઈનો અમલ થયો તે તારીખથી) પશ્ચાતવર્તી અસરથી રદ કરવાનું સૂચવવામાં આવ્યું હતું.

(૪) રાજય સરકારની ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવાની નીતિના ભાગરૂપે આમેજ કરાયેલ કલમ ૬૫(ખ)નો લાભ પાંચ કિલોમીટરની અંદર આવતા પેરીફેરી વિસ્તારની જોગવાઈના કારણે સિમિત થાય છે. જેના કારણે મૂળ હેતુ સરતો ન હોવાથી રાજય સરકારે જાહેર હિતમાં કલમ ૬૫(ખ)(૧)(બી)(૧)(૬)ની પાંચ કિલોમીટરની અંદર આવતા પેરીફેરી વિસ્તારની જોગવાઈ પછી proviso ઉમેરીને જે ઉદ્યોગગૃહને (વિસ્તાર વિકાસ સત્તા મંડળ અને શહેરી વિકાસ સત્તા મંડળની હકૂમતની અંદરના વિસ્તારના ઘેરાવાના પાંચ કિલોમીટરની અંદર આવતા પેરીફેરી વિસ્તારમાં કલમ ૬૫ (ખ)ની જોગવાઈ મુજબ ડીમ્ડ એન.એ.નો લાભ મળતો નથી તેવા કેસમાં રાજય સરકાર આ જોગવાઈનો લાભ આપવા અંગે નિર્ણય લઈ શકશે તેવો સુધારો આ બિલમાં કરવામાં આવ્યો છે ત્યારે સભાગૃહ આ બિલને મંજૂરી આપે તેવી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે કંઈ નીતિ નક્કી થાય, આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. કૃષિ પ્રધાન દેશમાં ખેડૂતોને નજર સામે રાખીને નીતિ નક્કી કરવાને બદલે આજે જે સુધારા વિધયેક લાવ્યા છે એ ઉદ્યોગગૃહોને નજરમાં રાખીને લાવવામાં આવ્યું છે.

ખેતીની જમીનો પર ઘણા બધાની ટાંચ આવતી જાય છે. જમીન ખેડતો માણસ એની પાંચ કિલોમીટરની પેરીફેરીમાં જમીન છે એનો એને ખ્યાલ નથી કે આ જમીનની કિંમત પાંચ વર્ષ પછી કયાં પહોંચવાની છે. નાના નાના પ્રલોભનોથી અને ઉદ્યોગગૃહોને અનુકૂળતા કરવા માટે કેટલી હદ સુધી આપણે આગળ વધી રહ્યા છીએ. જે સમયે કલમ ૬૫(ખ) ની રચના કરવામાં આવી હતી એ સમયે જે જોગવાઈઓ કરવામાં આવી હતી ૬૫(ખ)માં ગમે તે મજકૂર હોય ત્યારે ખરેખર જો ઔદ્યોગિક માટે વધુ જમીનનો ઉપયોગ કરવો એની આ વિધાનસભા ગૃહે એ કાયદો બનાવતી વખતે કેટલીક કાળજીઓ રાખી હતી, એ કાળજીઓને આજે આપણે બરાબર સાઈડમાં મૂકીને એવી વ્યવસ્થા કરવા માગીએ છીએ કે જેથી નામ આપણે ઉદ્યોગ ગૃહોના ફાયદા માટે આપીએ છીએ પરંતુ એના કારણે ખેડૂતોનું કેટલું શોષણ થશે એની ચિંતાની આપણે કયારેય દરકાર કરી છે ખરી? ૬૫(ખ)માં ગમે તે મજકૂર હોય તે આવી જમીનનો ખાતેદાર હોય, આવી જમીન અથવા તેના કોઈ ભાગનો-

(૧) કોઈ પણ રસાયણ અથવા પેટ્રોકેમિકલ્સના ઉત્પાદન અથવા સંગ્રહના હેતુ સિવાયના ખરેખર ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ કરવાની ઈચ્છા રાખતો હોય ત્યારે, નીચેની શરતોનું પાલન કરવાને આધીન રહીને,કલેક્ટરની પરવાનગી સિવાય આવા ખરેખર ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ કરવાનું તે માટે કાયદેસર ગણાશે અને કેટલાક પ્રોવાઈઝો મૂકેલા. ખાતેદારને આવી જમીન ઉપર ચોખ્ખો હક્ક હોય, આવી જમીન અથવા તેનો ભાગ-ખ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ કોઈ પણ વિકાસ યોજનાના મુસદ્દા અથવા છેવટની વિકાસ યોજના અથવા નગર યોજનાના મુસદ્દામાં અથવા છેવટની નગર યોજનામાં જાહેર હેતુ માટે અનામત તરીકે દર્શાવી ન હોય, એ રિઝર્વ તરીકે દર્શાવેલી ન હોવી જોઈએ. જમીન સંપાદન અધિનિયમ ૧૯૯૪ અથવા તે સમયે અમલમાં હોય એવા કોઈ બીજા કાયદા હેઠળ સંપાદન કરવા માટે જાહેર કરેલી ન હોય. રાજય સરકારે તૈયાર કરેલા કોઈ પણ માર્ગ-નકશાની લાઈન દોરીની અંદર અથવા સિંચાઈ પ્રોજૅક્ટમાં સિંચાઈ પ્રોજૅક્ટ ક્ષેત્રની અંદર આવેલી ન હોય, કેન્દ્ર સરકાર અથવા ભારતીય રેલવે કંપની લિમિટેડે રેલવેના હેતુ માટે ઘેરાયેલ કોઈ પણ જમીનની હદથી ૩૦ મીટરની અંદર આવેલ ન હોય, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ કોઈ પણ વિસ્તારના સત્તા મંડળ અથવા શહેરી સત્તા મંડળની હકૂમતની અંદરના વિસ્તારના ઘેરાવના પાંચ કિલોમીટરની અંદર ન હોય, આ રાખવા પાછળનો શુભ આશય છે અને એ આશયના કારણે આપણે જે શહેરની વસતિની આજુબાજુમાં જે ગ્રીન બેલ્ટની વ્યવસ્થા રાખવા માગીએ છીએ, આપણે જે ખેડૂતોની જમીનને બચાવવા માગીએ છીએ એ બચતી હતી. આ સરકાર આમ જનતાના બદલે ઉદ્યોગકારોના હિતની ચિંતા, એ ચિંતા સેવે, ઔદ્યોગિક વિકાસ થાય, રાજયનો વિકાસ થાય એમાં સૌને રસ છે પણ આપણાં સમીકરણો માટે રાજયનું જે થવું હોય તે થાય. એ જે પ્રક્રિયા છે એ પ્રક્રિયાના ભાગ રૂપે માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે જેને કોઈ સંજોગોમાં સમર્થન આપી શકાય તેમ નથી. ૬૫-ખની વિદ્યમાન જોગવાઈઓ જે ખેતી વિષયક હેતુ માટેની છે તેમાંથી બહાર નીકળી જવાની વ્યવસ્થા એ હું માનું છું કે આવતા દિવસોમાં ખેતીની જે મહત્ત્વની જમીનો છે તેના માટે ઘાતક પૂરવાર થવાની છે, એટલા માટે હું આશા રાખું છું કે આ વિધેયક છે તેને પસાર કરાવવાનો આગ્રહ રાખવાના બદલે પ્રવર સમિતિને સોંપવું જોઈએ. પ્રવર સમિતિ આની ગંભીરતાથી વિચારણા કરે. જરૂર પડે તો જાહેર જનતાના અભિપ્રાયો મગાવીને પણ એકસપર્ટસ્ પાસે પૂછીને પણ બજેટસત્ર દરમ્યાન કે એ પછી જ્યારે લાવવું હોય ત્યારે પુખ્ત વિચારણાના અંતે જ આ વિધેયક આવે એવી આશા સાથે વિરમું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આપણા દેશનું સૌથી વધુ ઝડપી ગતિએ ઔદ્યોગિક રીતે વિકસતું રાજય છે અને આ વિકાસના મૂળમાં રાજય સરકારનો એ અભિગમ રહેલો છે. એ ઔદ્યોગિક ક્ષેત્રે ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓ નિવારીને ફેસીલીટેશન ઉદ્યોગોને કઈ રીતે મળે જેના કારણે રાજયના લાખો યુવાનોને ઉદ્યોગ ક્ષેત્રે રોજગારી મળી શકે તેની પાછળ આ પ્રકારનો જ્યારે ઉદ્દેશ રહેલો છે ત્યારે જે ઉદ્યોગોને ખાસ કરીને લઘુ ઉદ્યોગો અને જે ઉદ્યોગો શહેરના યુવાનોને રોજગારી આપવા માટે ટૅક્સટાઈલ કે એવા પ્રકારના ઉદ્યોગો કે જેમાં વધુ રોજગારીની જરૂર હોય છે. એવા ઉદ્યોગો શહેરની નજીકમાં જ્યારે સ્થાપવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ શહેરની નજીકની જમીનોની ઉદ્યોગોને જરૂર પડે અને ત્યારે ૧૦ વર્ષ પહેલાં રાજય સરકારે ડીમ્ડ એન.એ. ૬૫-ખની જે જોગવાઈ કરી તેના કારણે માત્ર જી.આઈ.ડી.સી.માં જ ઉદ્યોગો ન આવે પણ જી.આઈ.ડી.સી. વિસ્તાર બહાર પણ ઉદ્યોગો પોતાનો વિસ્તાર કરી શકે એટલા માટે આ ૬૫-ખની જોગવાઈ રાજયમાં કરવામાં આવી અને તેના કારણે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં ખૂબ ઝડપી ઔદ્યોગિક વિકાસ થયો છે અને ડબલ ડીજીટ આર્થિક વિકાસ જેને કહી શકાય તે વિકાસ ગુજરાત આજે જ્યારે હાંસલ કરી રહ્યું છે ત્યારે હું માનનીય મહેસૂલ મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે તેમણે આ જે ઉદ્યોગોને નડતો જે પ્રશ્ન હતો એ ઉદ્યોગોને નડતા પ્રશ્નને ખાસ કરીને જે ૧૦ વર્ષ પહેલાં ૬૫-ખની જોગવાઈઓમાં,૫ કિ.મી.ની મર્યાદામાં રિસ્ટ્રીકશન હતું. જેના કારણે મારી દૃષ્ટિએ ખેડૂતોને પણ વાજબી ભાવ આ વિસ્તારની અંદર નહોતા મળતા. એ ખેડૂતોના હિતમાં જયારે આ પ્રકારની છૂટ મળે ત્યારે ઉદ્યોગો શ્રેષ્ઠ કિંમત આપીને ખેડૂતોની જમીન ખરીદી શકે અને એ પૈસાથી ખેડૂતો પોતે થોડેક દૂર બમણી કે ચારગણી જમીન ખરીદી શકે. જેથી સારી ખેતી કરી શકાય. આ પ્રકારની ભાવના આ બિલમાંથી ઉભી થાય છે ત્યારે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે દુરોગામી પગલાં તરીકે ૬૨ ખની રસ્ટ્રિકશનની જોગવાઈ હતી એ દૂર કરવાનું વિધેયક લઈને આવ્યા છે એને હું આવકારું છું અને મને પૂરી આશા છે કે, આ પ્રકારનું વિધેયક જે ઉદ્યોગો શહેરી વિસ્તારમાં ઉભા થશે એમાં યુવક અને યુવતીઓને બેરોજગારીની સમસ્યા નડી રહી છે એ બેરોજગારીની સમસ્યામાંથી છૂટકારો મેળવવા માટે ઉપયોગી થશે. એટલા માટે મહેસૂલ મંત્રીશ્રીને ધન્યવાદ આપી આ બિલને મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, જમીનો બાબતે રાજય સરકારમાં કોઈ ચોક્કસ નીતિ હોવી જોઈએ. એ શહેરની જમીન હોય કે શહેર બહારની જમીન હોય. પણ જે સુધારાઓ છેલ્લા વખતથી આવી રહ્યા છે એ એ પ્રકારના છે કે એમાં ચોક્કસ ઉદ્યોગો કે ચોક્કસ ઉદ્યોગગૃહોને ધ્યાનમાં રાખી અને જે સુધારાઓ કરવાના છે એ હું છેલ્લા દિવસોની અંદર જોઈ રહ્યો છું એ એ પ્રકારે થાય છે. જે સામાન્ય લોકો છે, માનનીય શકિતસિંહે કહ્યું એ પ્રમાણે સામાન્ય ખેડૂતો છે એનું હિત ધ્યાનમાં રાખવાના બદલે માત્રને માત્ર કાં તો

કયાંક બિલ્ડરોનું હિત સમાયેલું હોય, કાં તો ઉદ્યોગગૃહોનું હિત સમાયેલું હોય. હમણાં જે વાત થઈ એમાં માનનીય વિરોધપક્ષના નેતા વાત કરતા હતા ત્યારે ૫ કિ.મી.ના ખેડૂતોની ચિંતા કરી પણ એ ચિંતા આ સરકારને ન થઈ. એટલું જ નહીં પણ આપણે એક તરફથી એમ કહીએ છીએ કે, ગુજરાત છે એ સૌથી અર્બનાઈઝેશન તરફ આગળ વધી રહ્યું છે. સૌથી વધારેમાં વધારે શહેરીકરણ આપણે ત્યાં થાય છે. એટલે કે શહેરો હોય, નગરો હોય, મહાનગરો હોય એની આજુબાજુમાં ખૂબ વિકાસ થવાનો છે. જયારે ૬૫ ખ કલોઝ છે એ દાખલ કરવામાં આવ્યું ત્યારે એ ચિંતા રાખવામાં આવી હતી કે, ખેડૂતો પાસે એની જમીન જળવાઈ રહે અને સાથોસાથ ભવિષ્યમાં જયારે રહેઠાણ માટે જમીનની જરૂર પડે ત્યારે લોકોને એટલીસ્ટ પોતાનું ઘર મળે અને વાજબી ભાવે મળે અને એ પ્રકારનું શહેરોનું આજુબાજુના વિસ્તારોમાં કોન્સન્ટ્રેટ થવા દઈશું તો લોકોને રહેવા માટે ઘર જોઈશે તો શહેરોની અંદર ઘર મળશે નહીં. એના ભાવ સ્કાય રોકેટની ગતિએ ઉંચા જતા રહેવાના. એનો ફાયદો ઉદ્યોગો અને બિલ્ડરોને મળવાનો છે. ખેડૂતો ઘસાઈ જવાના અને એની સાથોસાથ જે જમીનો રહેઠાણની હતી અને અનામત રાખવી જોઈતી હતી એ પણ નથી રહેવાની.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પરિસ્થિતિ એવી ઉભી થઈ છે કે, શહેરોની આસપાસ નવી સગવડતાઓ જોઈએ છે. નવી સગવડો માટે કોઈ જગ્યાએ જમીનો ઉપલબ્ધ થતી નથી. રેલ્વેનું વિસ્તૃતીકરણ કરવું છે પણ એના માટે જમીનો નથી. અમદાવાદ, રાજકોટ, પોરબંદર, જામનગર આ બધાના એરપોર્ટનું વિસ્તૃતિકરણ કરવું છે પણ એના માટે જમીન નથી. સરકારી નવી ઓફિસો બાંધવા માટે જમીન નથી. સરકારને પોતાની ઓફિસો માટે પણ જમીન નથી. આજે પોરબંદર નવો જિલ્લો થયો છે એના કલેકટર જે મુશ્કેલી અનુભવી રહ્યા છે. કે નવી જમીન આપવી છે એના માટે જમીનો માટે પ્રશ્નો ઉભા થયા છે. આ પાંચ કિલોમીટરની જમીનની અંદર એટલા માટે રાખવામાં આવી હતી અને એના માટે પાંચ કિલોમીટરની જમીન આપી શકાય પણ કેવા લોકોને આપી શકાતી હતી કે જ્યાં જરૂર પડે તો આ પાંચ કિલોમીટરની અંદર રાજય સરકારને યોગ્ય લાગે તો આ શહેરી વિકાસ માટેનો જે પ્લાન બને એ ટાઉન પ્લાનીંગની જોગવાઈઓ માટે પણ એને અનામત રખાતું હતું. રાજય સરકાર કોઈ માર્ગની લાઈન દોરી નક્કી કરે અને એના માટે એના લોકોને વસાવવા માટે સંપાદન કરવાની જરૂર પડે તો એના માટે રખાતું હતું. રેલવેના હેતુઓ માટે એમાં મંજૂરી અપાતી હતી. વીજળીની લાઈનો અને ટ્રાન્સમીશન સેન્ટરો માટે એ જમીનોનો પાંચ કિલોમીટરનો ઉપયોગ થતો હતો એ ઉપરાંત અત્યારે નવી શાળાઓ ઉભી થાય છે, નવા દવાખાનાઓ ઉભા થાય છે, નવી કોલેજો માટે જમીન જોઈએ છે એ પાંચ કિલોમીટરની અંદર જો આપણે ઉદ્યોગોને આપીશું તો આ જે સગવડતાઓ શહેરી લોકોને માટે જરૂરી હતી એના માટે જગ્યા રહેવાની નથી અને એના બદલામાં પરિસ્થિતિ એવી થવાની છે કે આ કારખાનું શહેરની નજીક બનવાનું અત્યારે નવો વિચાર એવો રજૂ થયો છે કે શહેરથી દૂર જે મોટા ઉદ્યોગો, આવે નાના ઉદ્યોગો આવે એનું કલસ્ટર બને અને એની આજુબાજુમાં એની સેટેલાઈટ ટાઉનશીપ બને જેથી શહેરની ઉપરના દબાણ ઘટે, શહેર ઉપરનું વસ્તીનું ભારત પણ થોડું એનું દબાણ વધે છે એ પણ ઘટે અને સાથેસાથે જે સેવાઓ પર પણ દબાણ આવે છે એ દબાણો પણ ઓછા થાય. એને બદલે ઉદ્યોગો અહીંયા થવાના, વસ્તીનું કંજકશન પણ અહીંયા થવાનું, પ્રદૂષણ પણ અહીંયા થવાનું, અને જે એકઝીસ્ટીંગ વસ્તી છે, નવી વસ્તી માટે તો અહીંયા કોઈ જગ્યા રહેવાની નથી પણ જે અત્યારના શહેરોની વસ્તી છે એને માટે પણ માત્ર કચરો અને પ્રદૂષણ બચવાના છે એટલે આ જે સુધારો લઈ આવ્યા છે એ માત્ર ઉદ્યોગગૃહો અને થોડાક બિલ્ડરોને લાભ કરાવવા માટે છે અને એમાં ફાયદો માત્ર આ બે વર્ગને થવાનો છે. શહેરના લોકોને તો માત્ર પ્રદૂષણ આપવાના છે અને જમીન જે અત્યારે થોડાઘણા પ્લોટ ઉપલબ્ધ થવાના છે કે નવી શૈક્ષણિક સંસ્થાઓ માટે, મૅડિકલ સંસ્થાઓ માટે, મેદાનો માટે કે બીજા જાહેર હેતુઓ માટે જે જમીન થોડી ઘ ણી પણ મળતી હતી એ આ વિધેયક પછી જમીન મળવાની નથી અને શહેરનો અને રાજયનો વિકાસ રૂંધાવાનો છે એટલે કોઈપણ સંજોગોમાં આ બિલ સાથે સંમત થઈ શકાય એમ નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ જે જોગવાઈ છે એ રદ જ નથી થતી . (અંતરાય ) જરા વાંચી લો બરાબર, નથી મુકિત અપાતી માત્ર પરંતુક શબ્દ ઉમેરાય છે અને સરકાર જે વિશિષ્ટ પ્રકારના ઉદ્યોગો અને તે પણ ઉદ્યોગ વિભાગ જેને બોનાફાઈડ કરીને આપશે એવા જ ઉદ્યોગો આવા વિસ્તારોની અંદર સ્થાપી શકાશે. બાકી નહીં સ્થાપી શકાય અને એટલા માટે આ બિલ સ્વયમ્સ્પષ્ટ છે. આમાં રાજય સરકાર માત્ર ઉદ્યોગોનો જ વિકાસ કરી રહી છે એવો કોઈ પ્રશ્ન જ નથી આવતો. આ રાજય સરકાર છેલ્લા સાત વર્ષથી કૃષિ, શિક્ષણ, આરોગ્ય, પાણી આ બધાનો સર્વાંગી વિકાસ કરી રહી છે, અને સૌના હિત માટે કામ કરી રહી છે. માત્ર ઉદ્યોગ માટે જ કામ કરી રહી છે એવું નથી. બિલ્ડરો માટે જ કામ કરી રહી છે એવું નથી. એ ભૂતકાળમાં જેમણે કર્યુ હશે એમણે કર્યુ હશે. આ રાજય સરકાર આ માટે કામ કરતી નથી. આ રાજય સરકાર સર્વાંગી વિકાસ થાય, ગુજરાતના હિતની અંદર લોકોનો વિકાસ થાય એના માટે કાર્યરત છે. અને આ વિસ્તારની અંદર આ પાંચ કિલોમીટરના પેરાફેરીની અંદર ૧૯૯૬થી લઈને ૨૦૦૭ સુધી અનેક ઉદ્યોગો નંખાઈ ગયા, વગર એન.એ. એ આ બધા ઉદ્યોગો થયા, અને એટલા માટે એક વખત આ ઉદ્યોગોને એક એક કેસ લઈને એમને એન.એ.ની પરમીશન આપી અને ભવિષ્યમાં બોનાફાઈડ જે ઉદ્યોગો હોય, વિશિષ્ટ પ્રકારના ઉદ્યોગો હોય એવા જ ઉદ્યોગોનો આની અંદર સમાવેશ કરવો, બાકી ૬૫-ખની કલમ યથાવત રહેશે. માનનીય અધ્યક્ષશ્રી,

મારું આ બિલ અને એના ઉપરનો સુધારો સ્વયમ્સ્પષ્ટ છે. એથી વિશેષ કંઈ કહેવાની જરૂર નથી અને સભાગૃહ એને મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૮ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩**

# ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયક,૨૦૦૮

**મહાનગર વિસ્તાર માટેની વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે દરેક મહાનગર વિસ્તારમાં મહાનગર આયોજન સમિતિની રચના કરવાની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં * અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૮ના ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૮ના ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના ૭૪મા સુધારા અધિનિયમની કલમ-૨૪૩ (શહેરી)ના અનુસંધાને રાજ્ય સરકાર આ બિલ લાવી છે. ભારત સરકારે બંધારણમાં સુધારો કરી ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરો જે છે એની આજુબાજુના વિસ્તારને સાંકળી લઈ એક સંકલિત નગર વિકાસ થાય, સંકલિત મૅટ્રોપૉલીટન શહેરના વિસ્તારનો વિકાસ થાય એ માટે મૅટ્રોપૉલીટન વિસ્તાર તરીકે નિર્દિષ્ટ વિસ્તારોને સંકલિત કરી એક કમિટી બનાવી એનું આયોજન કરવું એના માટેની સૂચના અને માર્ગદર્શન રાજ્ય સરકારને કરી છે. આ બંધારણીય સુધારો છે એટલા માટે ફરજિયાત રીતે દરેક રાજ્ય સરકારે આનો અમલ કરવાનો રહે છે. એટલા માટે આ વિધેયક અમે આજે દાખલ કર્યું છે. હમણાં આગળના બિલમાં જે માનનીય સભ્યશ્રીઓની લાગણી પ્રદર્શિત થઈ કે ગુજરાતમાં શહેરોનો વિકાસ થઈ રહ્યો છે. અત્યારે ગુજરાતના શહેરોમાં રાજ્યની ૪૦ ટકા પ્રજા વસવાટ કરે છે જે નજીકના ભવિષ્યમાં ૫૦ ટકા સુધી પહોંચવાની છે, ત્યારે શહેરનો જે વિકાસ થાય એ આડેધડ ન થાય, એના બદલે આયોજન પ્રમાણે, પ્લાનીંગ પ્રમાણે વિકાસ થાય એ જરૂરી છે. કોઈ કોરપોરેશન હોય એ કોરપોરેશનની બાજુમાં કોઈ નાની નગરપાલિકા આવી હોય, શક્ય છે કે નાના ગામડાંની પંચાયતો પણ આવેલી હોય તો કોરપોરેશન, નગરપાલિકા, પંચાયત બધા સાથે મળીને રાજ્ય સરકાર જે વિસ્તાર નક્કી કરે એ વિસ્તારને સંકલિત કરીને સંકલિત આયોજન જો કરવામાં આવે તો આખા વિસ્તારનો સુગ્રથિત વિકાસ કરી શકીએ છીએ. અને ભવિષ્યમાં કોઈ પ્રશ્નો ઊભા ના થાય એના માટેનું આપણે અગાઉથી આયોજન કરી શકીએ છીએ. હું એકજ નાનો દાખલો માનનીય સભ્યશ્રીઓને આપવા માગું છું કે દા.ત. અત્યાર સુધી કોઈ શહેર હોય કે કોઈ નગરપાલિકા હોય એ પોતાના વરસાદના ચોમાસું પાણીનો નિકાલ કરવો હોય તો શહેર મહાનગર હોય તો મહાનગર પોતાના વિસ્તાર બહાર એ પાણી પહોંચી જાય. પછી એ પાણી કોઈ ગામડામાં જશે, કોઈ નગરપાલિકા વિસ્તારમાં જશે, કેવી રીતે પાણીનો નિકાલ થશે એવું કોઈ આયોજન કરતાં નથી. એવી રીતે રસ્તાઓ બાબતમાં પણ કોઈ વ્યવસ્થિત પ્લાનિંગ નહિ હોવાના કારણે એક રસ્તો એક જગ્યાએ પૂરો થાય અને પછી ત્યાં આગળ લિંક ના મળે તો વધારાના મેઈન રોડને જોડવાના પણ આપણે મુખ્ય આયોજન કરી શકતા નથી એવા પ્રકારની નાની નાની વિસંગતતાઓથી માંડી કોઈ મોટા પ્રકારની વિસંગતતા ના થાય. દા.ત. એક નગરપાલિકાએ એક વિસ્તારને ટી.પી. સ્કીમ કરી અને રેસીડન્સ વિસ્તાર તરીકે મૂકે અને એજ વિસ્તારના બાજુનું શહેર ઔદ્યોગિક ઝોન મૂકે અને ત્યાં આગળ કોઈ મોટી ઔદ્યોગિક કેમિકલ ફેકટરી આવે તો બંને શહેરો પોત પોતાનું ટી.પી. બનાવી, પોતપોતાના

---

* વિધેયક તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિસ્તારનો પૂરતો મર્યાદિત વિકાસ કરી અને જે આયોજન કરે છે એ એક શહેર માટે ફાયદાકારક હોય, એક શહેર માટે ઉપયોગી હોય પણ કદાચ શક્ય છે કે બાજુના ગામડા માટે, બાજુની પંચાયત માટે કે બાજુના વિસ્તાર માટે એ નુકસાનકારક પણ હોઈ શકે છે તો આવું ના થાય એટલા માટે આ મેટ્રોપોલિટીન આયોજન સમિતિની રચના કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓનો પણ અવાજ રહે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાનો અવાજ રજૂ કરી શકે એ માટે સુંદર આયોજન કર્યુ છે. ૨/૩ સભ્યોએ ચૂંટાયેલા સભ્યો હશે. કોરપોરેશન એરિયાના કોરપોરેટર હોય, કોઈ નગરપાલિકા આવતી હોય તો એના સભ્યો હોય, કોઈ ગ્રામ પંચાયત આવતી હોય તો એ વસ્તીના ધોરણે એ હોદ્દેદાર આમાં નીમવાનું આયોજન કર્યુ છે. જે મેટ્રોપોલિટીન આયોજન સમિતિ બનશે એના ચેરમેન તરીકે રાજ્ય સરકાર કોઈ એક મંત્રીની નિમણૂક કરી શકશે. માનનીય ધારાસભ્યશ્રીઓ અને માનનીય સંસદસભ્યશ્રી એના કાયમી આમંત્રિત સભ્ય તરીકે રહેવાના છે અને જિલ્લા પંચાયત જે આવતી હોય દા.ત. એક વિસ્તારમાં બે જિલ્લા પંચાયત લાગુ પડે છે તો જે વધુ વસ્તી ધરાવતી જિલ્લા પંચાયત આવતી હોય એ જિલ્લા પંચાયતના અધ્યક્ષ આ કમિટીમાં મેમ્બર તરીકે રહેવાના છે. આ કમિટીમાં જે ચૂંટાયેલા સભ્યો છે એની પણ પ્રક્રિયા ચૂંટણીથી નક્કી કરીને આ સમિતિના સભ્ય બને એ પ્રકારની આમાં વ્યવસ્થા છે. બીજી ખાસ અગત્યની બાબત આ સમિતિએ જે કરવાનું છે એમાં આજુબાજુનું પ્લાનિંગ, એમાં ફાઈનાનશિયલ, એન્જિનિયરિંગ અને વહીવટીને લગતા નિષ્ણાંતો હોય એની પણ રાજ્ય સરકાર નિમણૂક કરી શકશે. માનનીય ગર્વનરશ્રી, પણ કોઈ સૂચન કરે તો એ માનનીય રાજ્યપાલશ્રીના સૂચનને અનુરૂપ આમાં કાર્યવાહી કરવાનું પણ આયોજન છે અને આ કમિટીનું મુખ્ય કામ છે એ મેટ્રોપોલિટીન વિસ્તાર માટે વિકાસ નકશા, નકશાના મુસદ્દા તૈયાર કરવા અને રાજ્ય સરકારને, શહેરી વિકાસ વિભાગને મોકલી આપવા એટલે એક નગરપાલિકા હોય, એક મહાનગરપાલિકા હોય, એક ગ્રામ પંચાયત હોય તો એ ત્રણેયના વિચારો જુદા હોય, ત્રણેયનું આયોજન જુદું હોય એનું સંકલન આ કાઉન્સિલમાં થાય અને પછી એને યોગ્ય લાગે તો એ પ્રમાણે રાજ્ય સરકારને સૂચન કરે અને રાજ્ય સરકાર એની વ્યવહારિક રીતે જે જરૂરિયાત હોય, કાયદાકીય રીતે જે શક્ય હોય એ પ્રમાણે અમલ કરે એ આ કમિટીનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. અત્યારે ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ આ ચાર શહેરો એ દસ લાખની વસ્તી કરતા વધારે વસ્તી ધરાવતા શહેરો છે. પ્રથમ તબક્કે અત્યારે ગુજરાતમાં ચાર મેટ્રોપોલિટીન વિસ્તારો અત્યારે જાહેર કરવાના છે અને માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે રાજ્યનું શહેરીકરણ જે રીતે વધી રહ્યું છે એનું સુવ્યવસ્થિત આયોજન થાય એ માટે આ કમિટીની ખાસ જરૂરિયાત છે એટલે આપ સૌ આને સમર્થન આપી મંજૂર કરો એવી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે એના હાર્દ સાથે હું સંમત છું. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી પદ્ધતિમાં સમતુલીત વિકાસની ચિંતા સેવાય છે. આપણા બંધારણને વિશ્વના એક આદર્શ બંધારણ તરીકે, લેખિત બંધારણ તરીકે ગણી શકીએ એવું પણ બંધારણ છે. અને આજનું બીલ છે એ આર્ટિકલ્સ ૨૪૩ ZE ને અનુરૂપ આવેલું છે. બંધારણના આર્ટિકલ્સની જોગવાઈ મુજબ આવેલું આ બીલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થયો હોત કે માનનીય મંત્રીશ્રીએ કેટલાક પાસાંઓ આના સાથે જે સંકળાયેલા છે એને સકારાત્મક રીતે આવકાર્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, શહેરોને ભૂતકાળમાં કયારેય ન મળ્યા હોય એવા નાણા જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મિશન નીચે ગુજરાતમાં કરોડો રૂપિયા શહેરોના વિકાસ માટે આવ્યા અને એ આવ્યા એના સાથે તાકીદ પણ થઈ કે આપ આપના નગરો માટેની આવી આયોજન માટેની સમિતિઓ બનાવો, આર્ટિકલ્સ ૨૪૩ ZE ને ધ્યાનમાં રાખીને બનાવો અને એને અનુરૂપ માનનીય મંત્રીશ્રી બીલ લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વાતો અને વાણી વિલાસ વિકાસ નથી આપતો, નક્કર કાર્યક્રમો વિકાસ આપે. નહીંતો કેટલાક લોકો આજે અમદાવાદમાં એને મેટ્રોસીટી તરીકેનું સ્ટેટસ મળ્યું એ પછી આ સરકાર આવ્યા પછી એ સ્ટેટસ આપ્યા પછી કેન્દ્રની મેગા સીટીના સ્ટેટસ પછી એને જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મિશનના પૈસા પછી વિકાસના એક જુદા દ્વાર ખુલ્યા, નહિતો વાતો તો થતી હતી કર્ણાવતી, કર્ણાવતી, સાત વર્ષ થયા કર્ણાવતી ના કરી શક્યા એટલે હું આ કહેવા માગું છું કે એ વાણી વિલાસ હતો અને સત્તા પણ હતી, કરી દેવું હતું ને તો ત્યારે? નગરનું નામ બદલાવવાની વાત કરી હતી એ પણ નથી કર્યુ અને વિકાસનું સાચું કામ એ અગાઉ માનનીય અધ્યક્ષશ્રી થયું છે. બહુ સહેલું હોય છે એ રીતે વાત કરવાનું. માનનીય અધ્યક્ષશ્રી, આ બીલને હું અને મારા પક્ષના મારા માનનીય સભ્યશ્રીઓ વિરોધ કરવા માટે વિરોધ નથી કરવાના, કારણ કે, આ બંધારણીય રીતે આવેલું બીલ અને એના ઉપર લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓની કમિટીઓની નજર રહે એ હંમેશા આવકારદાયક હોય છે. કારણ કે, ખરેખર પ્રજામાંથી આવેલો પ્રતિનિધિ એનું મોનીટરીંગ નથી કરતો ત્યારે લોકશાહીનો આધાર નથી જળવાતો અને વ્યકિતઓ નિર્ણય કરતી હોય છે અને આ વ્યકિતઓ નિર્ણય કરતી હોય છે ત્યારે વ્યકિતગત સ્વાર્થ વચ્ચે આવવાના સંભાવનાના કારણો હોય છે. આ માત્ર બે-ચાર સૂચનો હું માનનીય મંત્રીશ્રીને કરવા માગું છું અને હું માનું છું કે, આશા પણ રાખું છું કે સકારાત્મક દૃષ્ટિથી એમને જોવાનો પ્રયત્ન કરશે. જ્યારે આપ આ આખી કમિટી બનાવો છો ત્યારે જરૂરી નથી કે કયા રાજકીય પક્ષનો માણસ છે, આપ કોરપોરેશનના મેયરને એમાં આમંત્રિત કરો છો તો એજ જે કમિટી આપ મંત્રીના અધ્યક્ષસ્થાને બનાવવાના

છો એમાં કોરપોરેશન જે પક્ષ વિરોધપક્ષ હોય કોરપોરેશનના વિરોધપક્ષના નેતાને પણ જો આપ એમાં સભ્ય તરીકે સમાવેશ કરશો તો એક બેલેન્સ વાત ઊભી થવાની, એનાથી એક સકારાત્મક વાત બંને પક્ષ તરફથી કારણ કે, આ સમિતિ જે છે એ ત્યાં કોઈ રાજકારણ કરવા માટે ભેગા નથી થવાના આપણે, વિકાસના કામનું આયોજન કરવા માટે ભેગા થવાના છીએ આપણે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ આશા રાખું છું કે, શહેરી વિસ્તારના જે ધારાસભ્યશ્રીઓ છે એમના ઘણા પ્રશ્નો હોય છે ત્યારે હવે જે એક આ નવો ભાગ ઊભો થયો છે જવાહરલાલ નહેરુઅર્બન રિન્યુઅલ મિશનનો અને નવા ફંડ રાજય સરકાર પણ શહેરો માટે કાંઈક નવું આપશે ત્યારે એ બધું જ આયોજન આ સમિતિમાં થવાનું છે. તો જો એની એક પેટા સમિતિ વિચારી શકાય કે કોઈ પણ વહિવટી કામો માટે ફાયનલ ડિસીસન ઓથોરીટી જે છે એમાં એ વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓની એક સબ કમિટી હોય એ સબ કમિટી કારણ કે, ડે ટુ ડે તમારે આયોજનની આટલી મોટી સમિતિ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને વારંવાર નહીં મળી શકે પરંતુ જો ધારાસભ્યશ્રીઓની એક કમિટી બને તો એમના રોજબરોજના સૂચનોનો પણ એમાં અમલીકરણમાં, વિકાસમાં એમના વિઝનનો પણ ફાયદો મળી શકે અને આ વાત કરું છું ત્યારે ચૂંટાયેલા ધારાસભ્યોશ્રી શહેરી વિસ્તારમાં મોટાભાગના સત્તાધારી પક્ષના છે પરંતુ એમ છતાં આ વાત એટલા માટે લાવું છું કે, કયા પક્ષના છે એ નહીં લોકોના ચૂટાયેલો પ્રતિનિધિ. કમિશ્નર નિર્ણય કરે કે કોઈ સેક્રેટરી નિર્ણય કરે એના બદલે પ્રજાની વચ્ચે રહેલો ચૂટાયેલો વ્યકિત એમાં બેસીને નિર્ણય કરશે તો લોકહિતના વધારે સારા કામો થશે. ભૂતકાળમાં આપણે આવા અભિગમો રાખ્યા હતા. બોર્ડ, કોર્પોરેશન, નિગમોમાં ભૂતકાળમાં સરકાર હતી ત્યારે આ નિર્ણયો રાખ્યા હતા અને એમના જ પ્રતિનિધિઓ હતા. જનતાનાં કામ કરતા લોકોને સ્થાન આપ્યું હતું પરંતુ એ આ બીલના સ્ટેજમાં અસ્થાને છે અને એમાં હું પડવા માગતો નથી પરંતુ આ બાબતોની કાળજી રાખીને માનનીય મંત્રીશ્રી બીલને થોડા સુધારા સાથે લાવશે તો હું માનું છું વધારે ઉચિત રહેશે અથવા તો બજેટ સત્રમાં લાવી શકાય તો આજે પસાર કર્યા પછી પણ આજે ગૃહમાં જે ચર્ચા થઈ છે એના સુધારાઓ સાથે બજેટ સત્ર દરમિયાન સુધારા વિધેયક લાવીને પણ એમાં એડ કરવાનો પ્રયત્ન કરે એવી વાત કરીને બીલના હાર્દ સાથે સહમત થઈને વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયક લાવ્યા છે, એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. અગાઉ જે રીતે કહેવાયું એ રીતે ગુજરાત શહેરીકરણ તરફ જતું સમગ્ર ભારતનું એક અગ્રેસર રાજય બન્યું છે એટલે શહેરીકરણની સમસ્યાઓ પણ ઘણી ઉભી થવાની છે અને શહેરીકરણની સમસ્યાઓ અને એના જે પડકારો આવવાના છે એની જો અત્યારથી કાળજી નહીં લઈએ તો શહેરોની અંદર રહેવું દુષ્કર બની જાય એવી પરિસ્થિતિ આપણા સૌના માટે થવાની છે અને એટલા માટે માત્ર જે શહેર અત્યારનું છે એટલું જ નહીંપણ ભવિષ્યના ૨૫-૫૦ વર્ષમાં આસપાસનો વિસ્તાર ડેવલપ થવાનો છે એનો વિકાસ પણ કેવી રીતે પ્લાન દ્રષ્ટિથી કરવો એ પણ આપણે સૌએ અત્યારથી વિચારવું પડશે. આ પહેલો વિચાર છે એ દિલ્હીની અંદર નેશનલ કેપીટલ રીઝીયન જે છે, દિલ્હીની આસપાસનો જે બધો વિસ્તાર છે એના માટેની ઓથોરીટી બનાવી અને એને કારણે દિલ્હીનું જે પ્લાનીંગ છે એ પ્રમાણમાં કંઈક ઠીક કહી શકાય એવું કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ સાક્ષી હતા જયારે બીઝનેસ એડવાઈઝરી કમિટીની વાત થતી હતી એ વખતે આપણે જે થોડી અનૌપચારિક ચર્ચા થઈ હતી ત્યારે પણ એવું થયું હતું કે આજથી સો વર્ષ પહેલા દિલ્હીની રચના થઈ અને એ વખતે જે રસ્તાઓ બન્યા એ વખતે કદાચ આજે જે વાહનો છે એ વાહનોની સંખ્યાના એક ટકા વાહનો હતા ત્યારે આવા પહોળા રસ્તાઓ બનાવેલા હતા. એ વખતે વિઝનરી લોકો હતા. વિઝનરી લોકોના હાથમાં પ્લાનીંગ હતું અને આનો અમલ એ રીતે થયો એને કારણે આજે આપણું પાટનગર છે એ, દિલ્હી છે એ વિશ્વની અંદર બતાવવા જેવું કહી શકાય. હું એવા વિસ્તારમાંથી આવું છું કે ૧૯૪૭ પહેલા ત્યાં નગર આયોજન છે. પોરબંદર હોય કે ગોંડલ હોય. આજે સમગ્ર દેશમાં નોંધ લેવી પડે એવું નગર આયોજન જો કોઈ શહેરનું કે કોઈ રાજયના શહેરોનું થયું હોય તો ગોંડલ નંબર-૧ કહી શકાય અને એના પછી મારું નગર આવે પોરબંદર. એના પછી નંબર આવે. ગોંડલનું નગર આયોજન તો એવું છે કે આજે એની તોલે ગુજરાતની અંદર એ નગર જેવી એક સોસાયટી બનાવી શકયા નથી. એ વખતે ભુગર્ભ ગટર, એ વખતે અન્ડરગ્રાઉન્ડ વાયરીંગ, એ વખતે સ્ટ્રીટલાઈટો, એ વખતે પણ મોટા ચોક, એ વખતે પણ જે સ્કુલોથી માંડી, દવાખાનાઓથી માંડી, બગીચાઓની વ્યવસ્થા આ પ્રકારનું આયોજન હતું કારણકે દ્રષ્ટિવંતા રાજા હતા અને દ્રષ્ટિવંતા અમલકર્તા હતા પણ એ પછી મારે કહેવું જોઈએ કે આપણે સૌએ એમાં આ પક્ષની કે તે પક્ષની વાત નથી કરતા પણ આપણે સૌએ આ શહેરોને બગાડવાનું કામ કર્યું છે. બધાએ સાથે મળીને આ વાત ચલાવી છે અને આયોજન, આજે તો અમુક શહેરો તો એવા છે કે એમાં ટાઉન પ્લાનીંગ પચ્ચીસ પચ્ચીસ કે ત્રીસ વર્ષથી ટાઉન પ્લાનીંગ નથી થયું. નવા વિસ્તારો વિકસ્યા, જિલ્લા પંચાયતમાં ગયા, એન.એ. કરાવ્યું અને ત્યાં એન.એ. કરાવ્યા પછી રોકડી આપી અને સોસાયટીઓ બની ગઈ. એક રસ્તો આ બાજુ જતો હોય અને બીજો ત્યાં કલોઝ થઈ જાય.કોઈ નવા રસ્તા નહિ, કોઈ નવી વ્યવસ્થા નહિ. અમુક જગ્યાએ રેલ્વે માટેની રિઝર્વ જગ્યાએ સોસાયટીઓ બની ગઈ, કોઈ જગ્યાએ રસ્તો છે એ બ્લૉક થઈ ગયો. કોઈએ ચિંતા ન કરી અને આજે આ બિલ લઈને આવેલ છે. બિલના હાર્દને હું પણ આવકારું છું, એટલા માટે દર વખતે ચોમાસું આવે અને ઘણાં શહેરો એવાં છે કે એમાં જે પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વોટર ડ્રેનેજ એ જમાનામાં એન્જિનિયરિંગ નૉલેજ ઓછું હતું, ત્યારે બનાવેલી

હોય. એ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ ઉપર આપણા લોકોએ નવી સોસાયટીઓ બાંધી દીધી હોય. દર ચોમાસામાં પાણી ભરાય અને પ્રજાના પ્રતિનિધિઓને હંમેશા ગાળો ખાવી પડે છે. ગયા ચોમાસાની વાત કરું. મારા ગામની અંદર એક ડ્રેઈન બનાવેલ છે. એ ડ્રેઈન એમાંથી દર વર્ષે પાણીનો નિકાલ થાય નહિ. ગઈ વખતે પણ શહેરી વિકાસ વિભાગના મંત્રીશ્રી, બીજા મંત્રીશ્રી આવ્યા હતા. પ્રભારી મંત્રીશ્રી આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ૫૦ લાખ રૂપિયા આપ્યા. સાફ કરી નાખો. સાફ કેવી રીતે થાય? એના ઉપર મકાનો બની ગયાં. આ પરિસ્થિતિ છે. આજે મારે એક વાતની નોંધ લેવી પડે. જિલ્લા પંચાયતોમાં ખૂબ મોટા પાયે રોકડી ચાલતી હતી. જ્યારે જ્યારે એન.એ. ની ફાઈલ આવે મોટા પાયે વકરો થતો હતો. (અંતરાય) આ લોકોને નૉન પોલિટિકલ લૅક્ચર પોષાતું નથી. બીન રાજકીય રીતે વાત કરીએ છીએ એ પોષાતું નથી. રાજયને મોટું નુકસાન જતું હતું, જે લોકોને મકાન જોઈતા હતા, એને મોટું નુકસાન થતું હતું. એ રોકડી બંધ થઈ. કેટલાક લોકોના પેટમાં તેલ રેડાયું હશે, પણ હજુ મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે નગરપાલિકા કડીની હોય, નગરપાલિકા પોરબંદરની હોય કે નગરપાલિકા પાટણની હોય. આ નગરપાલિકાની અંદર

**શ્રી આર.સી. ફળદુ** : પેટમાં તેલ રેડાયુ એ શબ્દ પાછો ખેંચાય તો સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારી સરકારે કર્યુ છે. શું કરવા આ બધાને પેલું કરો છો. સમજણ વગરની વાત કરો છો. મેં તો તમને એપ્રીસીએટ કર્યા છે. તમે તો નિર્ણય કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : એના માટે નથી કહ્યું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આજે પણ જે નગરપાલિકાઓ છે. કૉર્પોરેશનને બાદ કરો. *(xxxx) શહેરના પ્લાનિંગનું ધનોત પનોત કાઢી નાખે છે. આ તમામ લોકોને સસ્પૅન્ડ કરવાના અધિકાર સરકાર પાસે છે.(અંતરાય) માધુભાઈ આપણે ગેરકાયદેસર સોસાયટીની વાત નથી થતી. આ ટાઉન પ્લાનિંગ સુધારવાની વાત થાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ. બંને વસ્તુ. પહેલી વસ્તુ કે આપણે અહીયા સભાગૃહની અંદર છીએ. આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ ટાઉન પ્લાનિંગ સમિતિમાં રાજયની જુદી જુદી સમિતિમાં હોય એ * (xxxx) કરે છે, એવો આક્ષેપ અહીંયાંથી કરવો એ સભાગૃહને શોભતો નથી અને આપને પણ શોભતો નથી અને પછી એ શબ્દ ઉપર કોઈ કોમેન્ટ થાય ત્યારે આપણે સામસામે આવી જઈએ છીએ. મને લાગે છે કે તમે પણ આત્મમંથન કરીને વિચાર કરશો. કોઈ રાજકીય નથી કહ્યું તમે, પણ સમગ્ર રાજયની ટાઉન પ્લાનિંગ કમિટીના સભ્યો * (xxxx)કરે છે એવું તમે કહ્યું છે. જે લોકો *(xxxx)કરતા નથી એને પણ દુ:ખદ લાગે. એટલે એવો ગોળગોળ આક્ષેપ સમગ્ર રાજયના.(અંતરાય) યોગેશભાઈ પ્લીઝ. એટલે સારું નથી. એ રીતે પણ કહેવું કે આ પક્ષના હોય કે તે પક્ષના બધા જ આવું કરે છે. એ પણ ચૂંટાયેલા પ્રતિનિધિ છે. એમના માટેની જુદી વ્યવસ્થા છે. તપાસ કરવાની. અહીથી કહેવું આપના માટે સારું નથી લાગતું તેથી આ શબ્દ પાછા ખેંચો, નહિંતર શબ્દ કાઢી નાખો. **શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી કહેવાની વાત અને હું શબ્દોને વળગી રહેતો નથી. આમાં આત્મખોજ સૌએ કરવાની જરૂર છે. ટાઉન પ્લાનિંગ કમિટીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે. હું આત્મખોજ કરવાનું સૌને કહું છું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ પેલા શબ્દો ટાઉન પ્લાનિંગ કમિટીમાં બધા તે પાછા ખેંચો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તે શબ્દો મેં પાછા ખેંચી લીધા છે. મારી કહેવાની વાત એ હતી કે તમામ ગેરકાયદેસર મંજૂરીઓ અપાય કે ગેરકાયદેસર કામ થાય તો જિલ્લા પંચાયત હોય કે બીજા ગમે તેની હોય તેને સુપરસીડ કરવાની, સસ્પેન્ડ કરવાની તમામ જોગવાઈઓ છે. મંત્રીશ્રી પણ કોઈક જગ્યાએ ખોટું કરે તો એની સામે તપાસ કરાવવાની જોગવાઈ છે. આ ટાઉન પ્લાનિંગ કમિટીઓ જે શહેરની બની છે તેની સામે પગલાં લેવાની કોઈપણ જગ્યાએ કલેકટર હોય, સેક્રેટરી હોય, મંત્રી હોય કે માનનીય મુખ્યમંત્રીશ્રી હોય કોઈ પાસે તેના અધિકાર નથી અને તેની ફરિયાદો વારંવાર થાય છે. વાત એટલા માટે કરતો હતો કે મહાનગરોનો ખ્યાલ રખાયો, તેના પાસે એક સારું મેનેજરીયલરીતે કેપેબલ માળખું મહાનગરોને અપાયું. તેની પાસે સારી ટેકનિકલ ટીમ અપાય, તેની પાસે અધિકારો અપાયા પણ નગરપાલિકા પાસે કોઈ જાતના અધિકારો છે નહીં આ પ્રકારના અને નગરપાલિકાની અંદર કોઈ જગ્યાએ કયાંક ભ્રષ્ટાચાર થાય તો એની સામે એવું મિકેનીઝમ નથી કે તેને રોકી શકાય. એટલા માટે કહું છું કે સારા શહેરો હતા તે તમામ સારા શહેરોની હાલત એવી છે કે ત્યાં આજે વધારાની વસ્તી ટકી શકે અથવા તો સસ્ટેનેબલ ડેવલપમેન્ટ થાય તેવી કોઈ વ્યવસ્થા નથી. એટલા માટે આપના મારફત વિનંતી કરવા જઈ રહયો છું કે મહાનગરો માટેની ચિંતા રાજય સરકારે પણ કરી છે. જે.એન.યુ.આર.એમ. પ્રોગ્રામ હેઠળ મેન્ડેટરી બનાવ્યું છે કે આવા પ્લાનિંગ માટેના રિફોર્મ લાવવા. તે જ રીતે નાના નગરો માટે ખાસ કરીને તેનું ટાઉન પ્લાનિંગ ન બગડે તેના માટે વ્યવસ્થા કરવી પડશે. એટલા માટે કે જયાં

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વાંકળા હોય તેના ઉપર ચણી દેવાયું, બગીચાઓ હતા તેના ઉપર કરી દેવાયું તેમાં સુધારો કરવો જરૂરી છે. હું સ્કોપની બહાર નથી બોલતો નીતિનભાઈ અને તમને ન ગમે તેવું નથી બોલ્યો.

**અધ્યક્ષશ્રી** : દિલીપભાઈ અર્જુનભાઈને બોલવા દો. તમારે બોલવાની કયાં જરૂર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તમને ન ગમે તેવું બોલ્તો નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું કયાં કશું બોલ્યો છું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપ આપની વાત ઉપર રહો. દિલીપભાઈને જે કહેવું હોય તે મને કહો. આપ ચાલુ રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અબજો રૂપિયા આપણે નવી યોજનાઓ પાછળ ખર્ચીએ છીએ અને નવી યોજનાઓ માટેના નાણાં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર ખૂબ મોટા પાયે આપે છે. હવે વધારે પડતો ટેકસ નાંખીને તે પૈસા પણ નગરપાલિકા, મહાનગરપાલિકાને મળે છે પણ એના આયોજન માટે ઘ્યાન અપાતું નથી. માત્ર થોડા દાખલાઓ આપીશ કે આ થોડા સમયની અંદર કેટલા વિકાસની અંદર આપણે હરણફાળ ભરી શકયા છીએ. અમદાવાદની અંદર બી.આર.ટી.એસ. યોજના થઈ અને જે માસ ટ્રાન્જીસ્ટ સિસ્ટમ છે તે સફળ થયેલી છે તેના આધારે મોડલ બનાવાયું. કેન્દ્ર સરકારે પૈસા આપ્યા, મને કહેતાં આનંદ થાય છે કે જે.એન.યુ.આર.એમ. હેઠળ સૌથી વધારે પ્રોજેકટ મંજૂર કરાવનાર અને સૌથી વધારે પૈસા મેળવનાર ગુજરાત રાજય છે અને પહેલી વખત શહેરોની અંદર ઈન્ફ્રાસ્ટ્રકચર જોઈશે તેની ચિંતા કોઈએ કેન્દ્રમાં કરી હોય તો યુ.પી.એ. સરકારે કરી છે અને તેના માટે આજે બી.આર.ટી.એસ.ની યોજના થઈ અને આ યોજના હેઠળ અથવા તો બીજી કોઈ યોજના હેઠળ જે.એન.યુ.આર.એમ.નો ઓરવબ્રીજ બનતો હોય અને તેમાં કેન્દ્ર સરકારે પૈસા આપ્યા હોય અને ઉદ્‌ઘાટન કરવા જઈએ ત્યારે કેન્દ્ર સરકારનો ઉલ્લેખ ન કરીએ, JNNURM નો ઉલ્લેખ ન કરીએ, એવી આપણી પરંપરા કે એવી આપણી સંસ્કૃતિ નથી પણ એને બદલે આપણે તો ઉદ્‌ઘાટન કરતી વખતે કેન્દ્ર અન્યાય કરે છે એવા ભાષણો કરીએ અને પછી એમ કહીએ કે સંગીન માળખું બરોબર ચાલતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર બે જ આંકડા આપવા માગું છું કે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ માટે જે ૨૦૦૪ પહેલાં કશું અપાતું ન હતું, ત્યાં ૩૬૯૧ કરોડ રૂપિયાના પ્રોજેકટ મંજૂર થયા છે અને એમાં ૧૬૩૬ કરોડની વધારાની કેન્દ્રિય સહાય મળવાની છે. ઈન્ટિગ્રેટેડ હાઉસિંગ એન્ડ સ્લમ ડૅવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ ૦૭-૦૮ની અંદર ૪૫ કરોડ અને ૦૬-૦૭ની અંદર ૧૮ કરોડ રૂપિયા મળ્યા હતા અને હજી પણ આપણા ભાગની અંદર ખૂબ મોટા પાયે પ્રોજેકટ મંજૂર કરી શકાય એટલી ક્ષમતા આ સ્લમ વિસ્તારોની અંદર હજી પણ ક્ષમતા પડેલી છે. આ બધાનો ઉપયોગ કરવો હશે આયોજનપૂર્વક તો બધાને જેમ માનનીય શકિતસિંહે વાત કરી એ પ્રમાણે વિકાસની અંદર સૌએ સાથે મળીને કન્ટ્રીબ્યુટ કરવું પડશે. સૌની પોતપાતાની દૃષ્ટિ વિકાસની હશે સાથે બેસી આયોજન કરવાની, બીજા કોઈની નહીં પણ આયોજન કરવાની અંદર સૌએ સાથે મળીને નિર્ણય કરીશું તો જે ગોંડલ જે ઉત્તમ શહેરી પ્લાનિંગ માટેનું અર્બન પ્લાનિંગ માટેનું આ ગોંડલ સ્ટેટ છે એ ઉત્તમ નમૂનો હતો એ ઉત્તમ નમૂનો આજે બગડી રહ્યો છે પણ એવું એ પ્રકારનું આયોજન ન થઈ શકે તો કોઈ વાંધો નહીં પણ જે શહેરો બગડી રહ્યા છે એને રોકવા માટે પણ આ સિવાયનો વધારાનો કાયદો લઈ આવે અને જે ગેરકાયદેસર બાંધકામ કરનારી જે ટોળકીઓ ઉપસ્થિત થઈ છે અને જે લોકોને બાનમાં રાખીને બેઠા છે એને પૂરેપૂરું પનીશમેન્ટ થઈ શકે એવો પ્રગતિશીલ નિર્ણય પણ રાજય સરકાર કરે એવી વિનંતી સાથે હું મારા વિચારો પૂરા કરું છું.

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયક, ૨૦૦૮ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા નેતાશ્રીએ આ વિધેયક ઉપર અને મારા સાથી નેતા શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પણ આ ઉપર વિચારો રજૂ કર્યા છે, આ વિધેયક જ્યારે મહાનગરપાલિકાઓ માટે કેન્દ્ર સરકારની યોજના જવાહરલાલ નહેરૂ અર્બન ડૅવલપમેન્ટ દ્વારા જે નાણાં આવવાના છે એ નાણાંના ભાગરૂપે શહેરોનો જે વિકાસ થવાનો છે એના ભાગરૂપે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની અંદર માનનીય મંત્રીશ્રી આ સમિતિના અધ્યક્ષ હશે તેમની સાથેસાથે મેયરશ્રી કે જિલ્લા પંચાયતના પ્રમુખ હશે તે આ સમિતિના સભ્યશ્રી તરીકે હશે અને આની અંદર જ્યારે કોરપોરેશનની વાત હોય છે ત્યારે હું અમદાવાદ શહેરમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈને આવું છું ત્યારે શહેરમાં જે કોઈ ધારાસભ્યો કે સંસદસભ્યો હશે એ પોતાની ગ્રાન્ટનો ઉપયોગ શહેરના વિકાસ માટે કે પોતાના મતવિસ્તાર માટે કરતા હોય છે, આની અંદર જે ધારાસભ્યો કે સંસદસભ્યોને કાયમી જે આમંત્રિત તરીકે બોલાવવા માટે જે પ્રોવીઝન કર્યુ છે એમાં મારી વિનંતી છે કારણ કે ધારાસભ્યો પોતાની ગ્રાન્ટ પોતાના વિસ્તારમાં જ વાપરતા હોય છે, અમદાવાદ શહેર હોય કે બીજું કોઈ કે સીટી હોય એ કાયમી આમંત્રિત તરીકે હશે અને કોઈ વખત મીટિંગ હશે અને આમંત્રિતને બોલાવાવા નથી કારણકે મેયર હોય, ચેરમેન તરીકે મંત્રીશ્રી હશે અને જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે જ્યારે કોઈ સભ્યશ્રી હશે એટલે લોકશાહી ઢબની અંદર જીતેલા પ્રતિનિધિઓને પોતાનો હક્ક મળ્યો હોય, પોતાનો હક મેળવવો હોય ત્યારે મેં જોયું આ બિલની અંદર કે કલેકટરશ્રી હોય, કમિશનરશ્રી હોય કે ડી.ડી.ઓ.શ્રી હોય એ લોકોને આમાં સભ્યશ્રી તરીકે મૂક્યા છે પણ એના ફાઈનાન્સ હોય, પ્લાનિંગ હોય કે બીજા જે અધિકારીશ્રીઓ છે એને પણ આની અંદર કાયમી સભ્ય તરીકે મૂક્યા છે. મારી આપને વિનંતી છે કે ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓને સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવે તો કોઈ વખત એવું ન બને કે આ ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓને કોઈ મીટિંગ હોય એમાં એ આમંત્રિતોને બોલાવવામાં ન આવે અને એમાં એનું નામ રદ થઈ જાય માટે ગૃહના તમામ માનનીય સભ્યશ્રી વતી હું આપને વિનંતી કરું છું. કોઈ પણ કોરપોરેશનની અંદર કોઈ પણ પાર્ટીની કોરપોરેશન હોય કોરપોરેશનની અંદર જ્યારે પ્લાનિંગની વાત હોય, આયોજનની વાત હોય ત્યારે એ મેયર હોય, ડૅપ્યુટી મેયર હોય, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હોય એ પક્ષના નેતા હોય કે વિપક્ષના નેતા હોય એ પાંચેય જણની એક કમિટી હોય છે અને આ કમિટીના ભાગરૂપ એ લોકો સાથે મળીને પોત-પોતાના વિસ્તારમાં પોત-પોતાના શહેરનું પ્લાનિંગ કરતા હોય છે. આની અંદર પ્રોવિઝન આપ્યું છે કે ફક્ત મેયરને જ આની અંદર સ્થાન આપવામાં આવે છે. મારી એક વિનંતી છે કે, વિરોધ પક્ષના નેતા કોઈ પણ પાર્ટીના હોય વિરોધ પક્ષના નેતાને પણ આની અંદર સ્થાન મળવું જોઈએ. બીજું મારે ખાસ એ કહેવું છે કે આની અંદર ચૂંટણીની પ્રક્રિયા રાખવામાં આવી છે, જ્યારે વિસ્તારની વાત હોય, વિસ્તારના વિકાસની વાત હોય અને એમાં ચૂંટણીની પ્રક્રિયા જો મૂકવામાં આવશે તો આ વિધાનસભા ગૃહમાં આપણે બે દિવસથી જોઈ રહ્યા છીએ અને ભૂતકાળમાં પણ આપણે જોયું છે કે, જ્યાં રાજકીય વાત આવશે અને જ્યાં ચૂંટણીની વાત આવશે ત્યાં વિકાસની વાત અટકતી દેખાશે. એટલે ચૂંટણીનું જે પ્રાધાન્ય આની અંદર જે મૂકવામાં આવ્યું છે એના બદલે જે તે પાર્ટીના સિલેકટેડ સભ્યોને મૂકવામાં આવે તો યોગ્ય થશે. કેમ કે આ ચૂંટણીની પ્રક્રિયા જો

ચાલશે તો હું માનું છું કે, વિકાસના કામમાં સો ટકા રોળા ઉભા થશે. જ્યારે ડો.મનમોહનસિંઘની સરકારે અમદાવાદ શહેરને મેટ્રો સીટી તરીકેની માન્યતા આપી છે ત્યારે જે રીતે નાણાં અમદાવાદ શહેરને માટે વપરાયા છે અને એ નાણાંને લીધે જે રોડ-રસ્તા અને બ્રિજ બન્યા છે એમાં પણ એક ખાસ ધ્યાન દોરવું છે કે, રોડ-રસ્તા અને બ્રિજને કારણે ઝૂંપડપટ્ટી કે નાના લોકોના મકાનો ના તૂટી જાય એનું પણ ખાસ આપણે આમાં ધ્યાન રાખવું પડશે. બીજું જે રીતે બી.આર.ટી.એસ.નો પ્રોજેક્ટ છે અત્યારે એ બી.આર.ટી.એસ.ના પ્રોજેક્ટમાં અમદાવાદ શહેરની પ્રજા જે તકલીફ અનુભવી રહી છે કેમ કે જે બી.આર.ટી.એસ.ના પ્રોજેક્ટો બની રહ્યા છે એના કારણે રોડ નાના થઈ ગયા છે, સાંકડા થઈ ગયા છે ત્યારે એમાં યોગ્ય ધ્યાન આપવામાં આવે. માટે વધુ વાત ન કરતા આ બિલની અંદર મેં જે સૂચનો કર્યા છે એ સ્વીકારવામાં આવે તો સો ટકા જે તે વિસ્તારનો વિકાસ પૂર્ણ કરી શકાશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ અને માનનીય સભ્યશ્રી શૈલેષભાઈના જે સૂચનો છે એમાં હું એમને કેટલીક સ્પષ્ટતાઓ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતનો બંધારણીય સરકારી સુધારો છે એમાં ચૂંટણી એ ત્યાંથી બંધારણીય રીતે કરવાની જોગવાઈ છે એમાં કોરપોરેટરો જે ચૂંટાયેલા હશે એ કોરપોરેશનમાંથી કેટલાક કોરપોરેટરો પ્રમાણસર આ કમિટીમાં જશે એ નક્કી કરવાની રાજય સરકારની પણ સત્તા નથી કે એ કોરપોરેશનના મેયર કે કમિશનરશ્રીની પણ સત્તા નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાંથી અમદાવાદની મેટ્રોપોલીટન કાઉન્સિલ માટે જે સભ્યો મૂકવાના થશે એ ફરજિયાત રીતે ચૂંટણી કરીને મૂકવાના છે. એક વસ્તુ થઈ શકે કે એમાં સંકલન કરી અને પ્રમાણસર પ્રતિનિધિત્વ જળવાતું હોયને મૂકે એ વાત અલગ છે, પણ કાયદાકીય બંધારણીય જોગવાઈ જ આ પ્રમાણેની છે એટલે એમાં રાજય સરકારને કાંઈ કરવાનું રહેતું નથી. મોટા ભાગની જે જોગવાઈઓ આ બિલમાં આપણે લીધી છે એ બંધારણીય જોગવાઈ અને ભારત સરકારે જે ગાઈડલાઈન આપી છે એ પ્રમાણે જ આપણે લીધી છે એટલે આપણે આમાં વધારે કાંઈ ફેરફાર કરવાનો અવકાશ રહેતો નથી. બીજું માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ JNNURM યોજનાની વાત કરી, શહેરોના દબાણની વાત કરી, પ્લાનિંગની વાત કરીપણ હું બધા સભ્યશ્રીઓને કહેવા માગું છું કે, ૧૦ વર્ષ પહેલાંનું અમદાવાદ, વડોદરા, રાજકોટ કે સુરત, આ મહાનગરો કેવા હતા અને આજે કેવાં છે, આજે હું અર્જુનભાઈને ખાસ કહેવા માગું છું કે, ૨૦૦૫માં રાજય સરકારે શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરી અને એ વખતે લગભગ એક લાખ જેટલા દબાણો, કોઈપણ જાતની રાજકીય વગ, દબાણનો ઉપયોગ કર્યા સિવાય ફકત ન્યાયના હિતમાં, શહેરના હિતમાં ગુજરાત રાજયની સ્થાપના થયાં પછી, રાજકીય નૈતિક શકિત વાપરીને જો કોઈએ દૂર કર્યા હોય તો માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે એક લાખ દબાણો દૂર કર્યા હતા અને અત્યારે તમે એમ કહો છો કે, જે વિકાસ કરો એમાં કંઈ પણ ચલાવવું નહિ અને ગેરકાયદેસર દબાણો હોય એ દૂર કરવા અને પછી સરકાર કે મ્યુનિસિપલ કોરપોરેશન કે નગરપાલિકા જયારે દબાણ દૂર કરે, ત્યારે આપણે જ પછી રાજકીય લાભ લેવા માટે, ગરીબોને અન્યાય કરે છે અને આ સરકાર ગરીબોની નથી અને આ સરકાર કરોડપતિઓની છે, અહીંયા બોલવાનું જુદું અને બહાર કરવાનું જુદું, તમે અહીંયા નકકી કરો કે કોઈપણ દબાણ ગમે તેનું હશે એને જયારે સરકાર કે મ્યુનિસિપાલિટી કે કોરપોરેશન નિયમ અનુસાર દૂર કરતી હશે ત્યારે અમે કોંગ્રેસ પક્ષના લોકો આમાં કોઈપણ જાતનો રાજકીય ઉપયોગ નહિ કરીએ તો હું ચોકકસ કહીશ કે અમે પૂરેપૂરી તાકાતથી કોઈપણનું દબાણ હશે, એ દૂર કરવાના છીએ, અહીંયા જ માનનીય શૈલેષભાઈએ હાલ જ કહયું આ ગૃહમાં જ કે તમે બી.આર.ટી.એસ. કરો છો તો એમાં ગરીબોના દબાણો દૂર ના થાય એની કાળજી રાખજો, આ કરજો, તે કરજો, એકબાજુ વિકાસ કરવો અને એકબાજુ દબાણો ચાલુ રાખવા, એકબાજુ સરકારની ટીકા કરવી, એકબાજુ સરકાર પાસે અપેક્ષાઓ રાખવી, આ બધું એ બની શકે નહિ (અંતરાય) હા ગેરકાયદેસર દબાણ કે બાંધકામ બન્ને એકજ શબ્દ છે, દબાણ, બાંધકામ અર્જુનભાઈ એકજ શબ્દ છે તમારા પોરબંદરમાં પણ આપણે ૨૦૦૫માં કેટલા દૂર કર્યા, અમદાવાદમાં પણ કેટલા દૂર કર્યા એ જોઈ લેજો અને પાણી નિકાલ માટે, રસ્તાઓ ખુલ્લા કરવા માટે સરકારે એ વખતે બહુ કડકાઈથી કામ કર્યુ હતું. બીજું જેન્યુઆરએમ યોજનાની માનનીય અર્જુનભાઈએ વાત કરી એ પણ એમના ધ્યાન પર મૂકવા માગું છું કે, ૨૦૦૫માં ગુજરાત સરકારે આખા દેશની અંદર શહેરી વિકાસ વર્ષ નિમિત્તે ૨૦૦૫ના ફેબ્રુઆરી માસમાં સરકારે શરૂઆત કરી, ભૂતકાળમાં કોઈ સરકારે ગુજરાત રાજયની નગરપાલિકાઓને જેટલી ગ્રાન્ટ ના આપી હોય એના કરતાં અનેકગણી, કરોડો રૂપિયાની વિકાસની ગ્રાન્ટો નાનામાં નાની નગરપાલિકાઓને આપી અને ૨૦૦૫ના ફેબ્રુઆરીમાં રાજય સરકારે ચાલુ કર્યુ અને ભારત સરકારના જેન્યુઆરએમનો આપ ઉલ્લેખ કરો છો એ ભારત સરકારે જેન્યુઆરએમ ૨૦૦૫ના નવેમ્બરમાં લાવ્યું, ગુજરાતના શહેરોનો વિકાસ જોઈ અને ત્યાં આગળ કેન્દ્ર સરકારમાં જયારે ચર્ચા વિચારણા થઈ, ભારત સરકારના સચિવશ્રીઓએ અહીંયા મુલાકાત લીધી અને એમને એમ લાગ્યું કે આ યોજના ખૂબ ફાયદાકારક છે એટલે ભારત સરકારે ગુજરાતના મોડેલ ઉપર, ગુજરાતના શહેરી વિકાસ વર્ષની સફળતા જોઈ અને ત્યાં આગળ એનો ઉપયોગ કરવાનું ચાલુ કર્યુ, એ યોજના ત્યારબાદ અમલમાં આવી છે બીજું એમાં જે પ્રોજેકટો આપણે કર્યા છે એમાં કેન્દ્ર સરકારની સહાય ચોકકસ મળી છે એ માટે હું આભાર માનું છું પણ સાથે સાથે એ પણ કહેવા માગું છું કે, રાજય સરકારે પણ આમાં ખૂબ મોટી રકમના નગરપાલિકાઓ અને કોરપોરેશનને સહાય આપી છે આ મેચીંગ ગ્રાન્ટવાળી યોજના છે ભારત સરકાર એકતરફી ફાળવણી કરતી નથી ગુજરાત સરકારની પણ આમાં ફાળવણી છે જે તે કોરપોરેશન, જે તે નગરપાલિકાની પણ એમાં ફાળવણી છે અને ત્રણેય પક્ષ ભેગાં થાય તો જ યોજનાને સફળતા મળે છે એટલે આપણે બધા સાથે મળી ગુજરાતની નગરપાલિકાઓ, કોરપોરેશનનો વિકાસ કરીએ અને એમાં આપ સૌ સહયોગ આપો, આ કાઉન્સીલમાં કોઈપણ જાતનું રાજકીય રીતેનું કે કોઈપણ રીતે નથી, બંધારણીય સુધારાને અનુરૂપ આપણે આ સુધારો લાવ્યા છીએ તો આપ સૌ સર્વાનુમતે પસાર કરો એવી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઈનો જે હાર્દ હતો, કોંગ્રેસ પક્ષની જે લાગણી છે એ બાબતે માનનીય મંત્રીશ્રીને એ રીતે પૂછવા માગું છું કે, આપ જયારે દબાણો હટાવો ત્યારે નામદાર હાઈકોર્ટે પણ કહયું છે કે એક માનવીય અભિગમ રાખવો જોઈએ. પ્રિન્સિપલ ઓફ નેચરલ જસ્ટીસ ફોલો કરવા જોઈએ, ઓલ્ટરનેટીવ વ્યવસ્થા આપવી જોઈએ અને પછી હટાવવા જોઈએ વિકાસ માટે જરૂર હોય ત્યારે આ ધોરણો જાળવીને સરકાર આ કામ કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ચોક્કસ આ પ્રમાણે કરવા માગીએ છીએ અને અમે કરી રહ્યા છીએ. શહેરોના ગરીબો માટે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના JNNURM પ્રોજેકટ અને રાજય સરકારના પ્રોજેકટ મારફતે એક લાખ ગરીબોના આવાસો ફક્ત નગરપાલિકાઓમાં અને કોર્પોરેશનમાં અત્યારે એલ.આઈ.સી.ના બની રહ્યાં છે અને અત્યારે પાંચ હજાર કરતાં વધુ મકાન માનનીય શકિતસિંહજી અમદાવાદમાં બન્યા, રાજકોટમાં પણ બન્યા,

વડોદરામાં, સુરતમાં પણ બન્યા અને શહેરી ગરીબો જે ઝૂંપડપટ્ટીમાં રહે છે, જે ફૂટપાથ ઉપર રહે છે તેમની ઓળખ કરવામાં આવે છે. કેટલા વર્ષથી રહે છે તે પ્રમાણે પ્રાયોરિટી કરી, ગંદા વિસ્તારની નાબૂદી કરી તેમને ત્યાંથી સારા સ્વચ્છ વાતાવરણમાં, સારા મકાનોમાં રહેવા માટેનો અમલ આપણે ચાલુ કરી દીધો છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માંગુ છું કે, શહેરી વિસ્તારના વિકાસ અને નગરપાલિકાઓના વિકાસ માટે સમગ્ર ગુજરાતે ભારત સરકારમાં ખૂબ મોટા પ્રોજેકટો મૂક્યા છે તે કેટલા પ્રોજેકટ મૂક્યા અને ૨૦૧૦ સુધીમાં કેટલી સહાય આપણને ભારત સરકારની મળવાની છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે આમાં વાત ઉપસ્થિત નહીં થાય પણ એટલું ચોક્કસ કહું કે આખા દેશની અંદર પહેલા બે ત્રણ નંબરમાં ગુજરાતનો નંબર આવે છે કે જેને JNNURM પ્રોજેકટનો પૂરેપૂરો શકિતથી ઉપયોગ કર્યો હોય આપણે તો ભારત સરકારને વિનંતી કરી છે કે તમે અમારી પ્રાંત સિલિંગ ગુજરાતની વધારી આપો અને એક મારે ખાસ કહેવાનું છે તમે વારંવાર જે દિલ્હીની વાત કરો છો અર્જુનભાઈ માટે ખાસ કે પોરબંદર તેમનું પોતાનું છે, ગાંધીનગર આપણું કેપિટલ અને સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્ય ભૂમિ કરમસદને આખા દેશના નોર્મ્સ પ્રમાણે મંજૂર કરવી જોઈતી હતી જે આ કરાવી શક્યા નથી. હજુ પણ તેમને કહું છું કે પોરબંદર, ગાંધીનગર અને કરમસદને તમે JNNURMમાં મંજૂરી અપાવો અને તમારી શકિતનો વગનો ઉપયોગ કરો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક -૨૩, સન ૨૦૦૮નું ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ર થી ૧ર કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક -૨૩, સન ૨૦૦૮નું ગુજરાત મહાનગર આયોજન સમિતિ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજુ વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અને પુસ્તક પ્રદર્શનના કાર્યક્રમ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, આવતીકાલે સવારે ૯-૩૦ વાગ્યે આપણા સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલની ૧૩૫મી જન્મજયંતી છે. પુષ્પાંજલિનો કાર્યક્રમ પણ રાખેલો છે.આ કાર્યક્રમના ભાગરૂપે 'ભારતની સંસદીય લોકશાહીના ઈતિહાસમાં ગુજરાતનું યોગદાન' એ વિષયનું એક પુસ્તક પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવ્યું છે. ગુજરાતમાં રાજકોટ, ભાવનગર, વડોદરા, કચ્છ, પોરબંદર, જૂનાગઢ એ રાજયોમાં આઝાદી મળ્યા પહેલા જે પ્રજા પરિષદો ચાલતી હતી તેનું પુસ્તક પ્રદર્શન નીચે ગોઠવવામાં આવશે. ૨૭, ૨૮ અને ૨૯ એમ ૩ દિવસ માટે આ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવશે. ગુજરાતના સંસદીય ઈતિહાસનો એક અનેરો વારસો જે અભિલેખાકાર વિભાગ અને ગુજરાત વિધાનસભાના સહયોગથી યોજવામાં આવ્યું છે. આવતીકાલથી એ શરૂ થશે. એમાં આપસૌને પધારવા નિમંત્રણ છે.

બીજુ માનનીય સભ્યશ્રી રજનીભાઈ પટેલ, આપનું ધ્યાન દોરું કે સભાગૃહની બહાર આપનો મોબાઈલ ફોન આવે અને એના ઉપર વાત પૂરી કરીને પછી જ આપ આવો, આપે વાત કરતા કરતા ગૃહમાં પ્રવેશ કર્યો છે એ યોગ્ય નથી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૦૧ કલાકે પૂરું થતાં સભાગૃહ સોમવાર, તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮**
**આશ્વિન ૭, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ સવારના ૦૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ, ભાવનગર, અમરેલી, જામનગર અને પોરબંદર કલેકટર કચેરીમાંથી બાકી તુમારો**

***૪૪૫૯ શ્રી બાબુભાઈ જ. પટેલ (દસકોઈ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ, ભાવનગર, અમરેલી, જામનગર અને પોરબંદરમાં કલેકટર કક્ષાએ કેટલા તુમારો બાકી છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

અમદાવાદ-૧૩૭, ભાવનગર-૧૨૯૧, અમરેલી-૩૭૧, જામનગર-૨૦૨, પોરબંદર-૧૩૪૦.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મહેસૂલ મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મહેસૂલ વિભાગના પડતર તુમારોનો નિકાલ કરવા માટે કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કલેકટર ઓફિસમાં જે તુમારો બાકી છે તેનો નિકાલ કરવા માટે વર્ષમાં બે વાર, જુન અને ડિસેમ્બર મહિનામાં એક અભિયાનના સ્વરૂપમાં કામ કરવામાં આવે છે. એ ઉપરાંત આ વર્ષે ૧૫મી સપ્ટેમબર થી ૩૦મી સપ્ટેમ્બર સુધી ૧૫ દિવસ સુધી સતત કલેકટર કચેરી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી અને વિભાગની કચેરી એ બધામાં તુમારોના નિકાલ માટે આયોજન પૂર્વકની કામગીરી હાથ ધરી છે અને તેના પરિણામ સ્વરૂપે મેં લેખિત જે જવાબ આપેલ છે તે ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદમાં ૧૩૭ તુમારો નિકાલ કરવાના બાકી હતા તેમાથી તા.૨૫-૯-૨૦૦૮ની સ્થિતિએ ૯૨ બાકી રહ્યા છે. એ જ રીતે ભાવનગરમાં ૧૨૯૧ બાકી હતા તેમાંથી ૧૦૫૩ બાકી રહ્યા છે. અમરેલીમાં ૩૭૧ બાકી હતા તેમાંથી ૨૦૬ બાકી રહ્યા છે. જામનગરમાં ૨૦૨ બાકી હતા તેમાંથી ૧૧૯ બાકી છે. અને પોરબંદરમાં ૧૩૪૦ બાકી હતા તેમાંથી ૭૬૩ બાકી રહ્યા છે અને આવતા બે મહિનામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે ૧ વર્ષથી ઉપરના તુમારો કેટલા છે અને કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષથી ઉપરના તુમારો ભાવનગરમાં ૧૮, અમરેલીમાં ૨૨, જામગનરમાં ૧૮, પોરબંદરમાં ૧૬૩ એમ કુલ ૨૨૧ તુમારો બાકી છે, જયારે બે વર્ષથી ઉપરના અમરેલીમાં ૪૫ અને પોરબંદરમાં ૫૪ છે એમ ૧૮૯ તુમારો નિકાલ કરવાના બાકી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે અમદાવાદ જિલ્લામાં નોંધાયેલા તુમારો કેટલા હતા અને એમાંથી કેટલાનો નિકાલ થયો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : અમદાવાદ જિલ્લામાં નોંધાયેલા તુમારો ૨૧૭૧૬ હતા એમાંથી ૩૯૧૦નો નિકાલ થયો છે. ૧૭૮૦૬ નિકાલ કરવાના બાકી છે.

**વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

***૪૭૨૨ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ કેટલી નગરપાલિકાઓને છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ૧૫૬ નગર પાલિકાઓને છૈલ્લા બે વર્ષમાં ૧,૨૧,૨૮,૩૦,૮૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ સરકાર કરોડો રૂપિયા ગ્રાન્ટ આપે છે પણ એ જ પ્રમાણે લોન પણ આપવાની પદ્ધતિ શું છે અને તેના નિયમો શું છે, અને લોન કોણ આપે છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાજપાઈ નગર વિકાસ યોજના એ ગુજરાત સરકારની એક વિશિષ્ઠ અને અનોખી યોજના છે. શહેરોમાં રહેતા નાગરિકોને સુવિધા પ્રાપ્ત થાય એ માટે રાજય સરકાર તરફથી આંતર માળખાકીય સગવડ, પીવાના પાણી, રસ્તા, ગટર લાઈન અને અન્ય કામગીરી માટે લોન આપવાની અને ગ્રાન્ટ આપવાની જોગવાઈ છે. રાજયમાં કુલ ૧૫૯ નગરપાલિકાઓ છે એમાંથી વસતિના ધોરણ પ્રમાણે "અ" થી "ડ" વર્ગ જેવા વર્ગીકરણ કરેલા છે અને જે પ્રમાણે વસતિ હોય તે પ્રમાણે આપણે લોન અને ગ્રાન્ટ

બન્ને આપીએ છીએ. દા. ત. "અ" વર્ગની નગરપાલિકામાં યોજનાની ગ્રાન્ટ કુલ અઢી કરોડ રૂપિયા સરકાર આપે છે.તેમાં ૧૦૦ ટકા ગ્રાન્ટની જોગવાઈ લેખે ૫૦ ટકા આપીએ છીએ. ૫૦ ટકા સંસ્થાકીય લોન આપીએ છીએ અને અનુસૂચિત જાતિ ગંદા વિસ્તારની ખાસ કામગીરી કરવા માટે આ ઉપરાંત વધારાની રકમ ૧૦ ટકા લેખે દરેક નગરપાલિકાઓને આપણે આપીએ છીએ. એવી રીતે "બ" વર્ગની નગરપાલિકા એટલે કે ૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ સુધીની વસતિ ધરાવતી હોય તેમને આપણે કુલ બે કરોડ રૂપિયા આપીએ છીએ. તેમાં સહાયનું ગ્રાન્ટનું ધોરણ ૬૦ ટકા છે અને ૪૦ ટકા લોન પેટર્ન છે. એવી રીતે ૨૫,૦૦૦થી ૫૦,૦૦૦ સુધીની વસતિ ધરાવતી "ક" વર્ગની નગરપાલિકા હોય તેને આપણે ૭૦ ટકા ગ્રાન્ટ આપીએ છીએ અને ૩૦ ટકા લોન આપીએ છીએ અને દોઢ કરોડ સુધી આપણે તેમને મદદ આપીએ છીએ. તેવી રીતે નાનામાં નાની નગરપાલિકા એટલે ૨૫,૦૦૦થી ઓછી વસતિ ધરાવતી "ડ" વર્ગની નગરપાલિકાને સરકાર તરફથી દોઢ કરોડ રૂપિયા બાજપાઈ નગર વિકાસ યોજના પેટે આપવામાં આવે છે. તેમાં ૭૦ ટકા ગ્રાન્ટ છે અને ૩૦ ટકા લોન પેટર્ન છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનામાં કયા કયા પ્રકારના કામો મંજૂર કરવામાં આવે છે અને આવા કામોની કુલ સંખ્યા કેટલી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યા પ્રમાણે નગરપાલિકામાં આંતર માળખાકીય સુવિધા વધારવા માટે રાજય સરકારે આ જોગવાઈ કરી છે. તેમાં પાણી પુરવઠો, ગટર વ્યવસ્થાનું કામ, વરસાદી પાણીના નિકાલ માટેની યોજના, ઘન કચરાનો નિકાલ કરવો હોય તેનું આયોજન, શુદ્ધિકરણ એટલે કે વોટર ફીલ્ટરેશન પ્લાન્ટ નાંખવો હોય તો તેનું આયોજન, ગંદા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ, જાહેર શૌચાલય, બાથરૂમ, ધોબીઘાટ વગેરેની વ્યવસ્થા, રસ્તાઓ અને સ્ટ્રીટ લાઈટ વગેરેનું અપગ્રેડેશન એ પ્રમાણેના કામો આપણે લઈએ છીએ અને બે વર્ષથી રાજયમાં જે રીતે જળ સંચયનું કામ ઉપાડ્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ રેઈન વોટર હાર્વેસ્ટીંગ માટે તળાવો અને પરકોલેશન ટૅન્ક બનાવવા માટે અને નગરપાલિકા વિસ્તારમાં જેટલા જાહેર બિલ્ડીંગો આવ્યા હોય તેમાં ચોમાસામાં ધાબામાં પાણી ભરાય એ વહી ન જાય પણ તેને ભૂગર્ભમાં ઉતારવા માટે પણ નગરપાલિકા પોતાની મિલકતો ઉપર કામ કરી શકે એવી જોગવાઈ છે.

તેમનો બીજો પ્રશ્ન છે કે કેટલા કામ મંજૂર થયા? તો આ બીજો તબક્કો છે. બાજપાઈ નગર વિકાસ યોજનાનો પહેલો તબક્કો સફળતાપૂર્વક પૂરો થયો. એટલે બીજા તબક્કાની મંજૂરી આપીને કામ શરૂ કરાવ્યા છે. બીજા તબક્કામાં અત્યાર સુધી જે કામો મંજૂર થયાં છે તેની કુલ સંખ્યા ૨,૯૪૪ છે અને તેમાંથી અત્યારે ૧,૩૮૨ કામ પૂર્ણ થયા છે અને ૧૩૫ કરોડ રૂપિયા ગ્રાન્ટ નગરપાલિકાઓ માટે આ બીજા તબક્કામાં મંજૂર કરી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૧૫૯ નગરપાલિકાઓમાં વિવિધ યોજનાઓ નીચે જુદા જુદા કામ માટે જુદી જુદી ગ્રાન્ટ અને લોન ફાળવવામાં આવે છે. હું એ જાણવા માગું છું કે જે વિવિધ યોજનાઓ હેઠળ જુદા જુદા કામો ફાળવવામાં આવે છે તેમાં રાજય સરકારનો હિસ્સો કેટલો અને જુદા જુદા કામો પાછળ કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો? કોઈક નગરપાલિકાઓમાં જે રસ્તા વગેરે આર.સી.સી.ના કામ, પાણી પુરવઠાના કામ પહેલા તબકકામાં અતિ નબળા થયા હોવાની અનેક ફરિયાદ રાજય સરકારમાં જે તે વખતે થઈ છે. જે અતિ નબળા કામો થયેલ છે તેના માટે તપાસ કરીને તે કામ સુધારવા માટે કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં બે દિવસ પહેલાં જ આ ગૃહમાં જ કહ્યું હતું કે કેન્દ્ર સરકારના પહેલાં રાજય સરકારે શહેરી વસતિની સુખાકારી માટે કામો શરૂ કર્યા છે અને ૧૯૯૯થી યોજના શરૂ કરીને અત્યાર સુધીમાં ૩૫૦ કરોડ કરતાં પણ વધુ રકમ શહેરોના વિકાસ માટે, આંતર માળખાકીય સુવિધા માટે આ સરકારે ફાળવી છે. આ યોજના પ્યોરલી ગુજરાત સરકારની યોજના છે. એન.યુ.આર.એમ. યોજના તો હમણાં જ આવી. આ યોજના સફળતાપૂર્વક સાત વર્ષ પહેલાં શરૂ થઈ છે અને એના આધારે જ મેં કહ્યું હતું તે પ્રમાણે કેન્દ્ર સરકારે એન.યુ.આર.એમ યોજના આ યોજનાની સફળતા જોઈને ભારત સરકારે શરૂ કરી છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વાજપાઈ નગર વિકાસ યોજના સારી છે પણ મારા બાલાસિનોર નગરપાલિકામાં સ્મશાન અને ગટરના કામમાં ખૂબ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો છે, એની રજૂઆતો પણ થઈ છે તો સરકાર તપાસ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટ બજેટમાં મંજૂર થયા પછી સરકાર નગરપાલિકાઓને આપે છે. નગરપાલિકાઓમાં ચૂંટાયેલું બોર્ડ છે એમની દેખરેખ નીચે આ કામો થાય છે. માનનીય કુંવરજીભાઈએ કહ્યું અને આપે પણ કહ્યું છે. કોઈપણ પ્રકારની કમ્પ્લેઈન હોય તો ચોક્કસ આપજો અમે તપાસ કરાવીશું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નગરપાલિકાઓને ગ્રાન્ટ ફાળવવાની જે પદ્ધતિ શરૂ થઈ છે એ પહેલાં નગરપાલિકાઓના વિકાસ માટેની જે

જકાતની જોગવાઈ હતી. આ જકાતની જોગવાઈ હેઠળ નગરપાલિકાઓની વાર્ષિક આવક કેટલી હતી અને આજની તારીખે જે ગ્રાન્ટ કે લોનના માધ્યમથી ચૂકવણી કરવામાં આવે છે એમાં કેટલો તફાવત છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓની ઑક્ટ્રૉયને આની સાથે કોઈ લેવાદેવા નથી. ઑક્ટ્રૉયની અલગ ચૂકવણી કરવામાં આવે છે. એના માટેની અલગ ગ્રાન્ટ છે. શહેરોના વિકાસ માટે ગુજરાત સરકારના આયોજનથી બનેલી બજૅટવાળી યોજના છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત એ પૂછવા માગું છું કે, આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં કેટલો ખર્ચ થયો અને ૨૦૦૮-૨૦૦૯માં કેટલો ખર્ચ કરવાનું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટના કામો છે એ એની પદ્ધતિ પ્રમાણે મંજૂર કરીએ છીએ. ત્યારબાદ નગરપાલિકા બોર્ડમાં ઠરાવ કરી અને એને મંજૂરી આપે છે. પછી આપણે જેમ ધારાસભ્યની ગ્રાન્ટ હોય, સંસદસભ્યની ગ્રાન્ટ હોય એ પ્રમાણે વહીવટી મંજૂરી આપીએ છીએ અને નગરપાલિકા એ કામ કરે છે. અત્યાર સુધીમાં બીજા તબક્કામાં રૂા.૧૮૫ કરોડનાં કામો થયાં છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૨૦૦૮માં કેટલો ખર્ચ થયો અને ૨૦૦૮-૨૦૦૯માં કેટલો ખર્ચ કરવાનું આયોજન છે? આ તો સાત વર્ષની યોજના છે. મારે માત્ર એક વર્ષના આંકડા જોઈએ છે. આ વર્ષ માટે આયોજન છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ૧૮૫ કરોડ રૂપિયાનું આયોજન છે અને ફરી કહું છું કે, આપણે એકવાર બજૅટ મંજૂર કરી દીધા પછી.

**અધ્યક્ષશ્રી** : બન્ને વસ્તુ માગી છે. એમાં ૨૦૦૭-૨૦૦૮નો ખર્ચ કેટલો એ આવી જાય છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ૧૨૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનો ખર્ચ માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ માં ૧૨ કરોડ રૂપિયા થયો છે અને ૨૦૦૮માં ૯૨ કરોડ રૂપિયા થયો છે. ફરીથી કહું છું કે, આનો વહીવટ નગરપાલિકાઓ મારફતે થાય છે અને નગરપાલિકાઓ ઝડપ કરે એ માટે અમે પ્રોત્સાહન આપીએ છીએ. અમે બજૅટમાં પૂરેપૂરી જોગવાઈ કરી છે. નગરપાલિકાઓ સમયસર એનું કામ કરે.

### ઑક્ટ્રૉય નાબૂદીથી મહાનગરપાલિકાને આર્થિક સહાય

***૪૭૧૦ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

મહાનગર પાલિકાઓમાંથી ઑક્ટ્રૉય નાબૂદ થવાને પરિણામે રાજય સરકાર દ્વારા મહાનગર પાલિકાઓને કેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવે છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

સને ૨૦૦૮-૨૦૦૯માં રૂા.૧૮૨૫ કરોડ

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મહાનગર પાલિકાઓને ગ્રાન્ટ આપવાની પદ્ધતિ શું છે? ગ્રાન્ટ ચૂકવવાની બાકી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જે ચમત્કારો કર્યા છે એ પૈકી આ એક મોટો ચમત્કાર છે. ઘણા ચમત્કારો કર્યા છે. ઑક્ટ્રૉય નાબૂદી સાત મહાનગરપાલિકા વિસ્તારોમાં ઘણો મોટો અગત્યનો પ્રશ્ન હતો.વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો, કાર્યકરો, નગરપાલિકાના સભ્યો અને અનેક વર્ષની આ રજૂઆત પેન્ડિંગ હતી અને જ્યારે નગરપાલિકાની ઑક્ટ્રૉય નાબૂદ થઈ પછી મહાનગરપાલિકાની પણ ઑક્ટ્રૉય નાબૂદ થાય એ ભારતીય જનતાપક્ષના ચૂંટણી ઢંઢેરાના સંકલ્પપત્રમાં પણ અમારું એક વચન હતું અને એ વચન પણ અમારી સરકારે પૂર્ણ કર્યુ છે અને ગુજરાતમાં નગરપાલિકા હોય, મહાનગર નગરપાલિકા હોય કે ગ્રામપંચાયત હોય, કોઈપણ જગ્યાએ ઑક્ટ્રૉય લેવાતી નથી એ રીતે આખા દેશની અંદર એક મોડેલ રાજય તરીકે સરકારે કામ કર્યુ છે એની અગત્યની બીજી બાબત એ છે કે ફક્ત નીતિ વિષયક નિર્ણય લઈ અને બજૅટનું એનું સપોર્ટીંગના કરીએ અને નગરપાલિકા કે મહાનગરપાલિકાને એના ઉપર છોડી દઈએ એવું આ સરકારે નથી કર્યુ. એના માટે પૂરેપૂરી નાણાકીય જોગવાઈ અને મદદ સરકારે કરી છે અને જે મહાનગરપાલિકાની જે ઑક્ટ્રૉયની જે આવક હતી એના પ્રમાણે સરેરાશ કરી અને દરેક મહાનગરપાલિકાઓને આપણે નિયમિત એની અવેજમાં રકમ ચૂકવીએ છીએ. બીજું મારે એ પણ કહેવું છે કે એની માગણી ચડી જાય અને એની ડિમાન્ડ આવે એવી રીતે નહીં પણ એડવાન્સમાં કૉર્પોરેશનને આ રકમ આપણે ચૂકવીએ છીએ. આ વર્ષના ના સપ્ટેમ્બર મહીનાના આખર સુધીની ગ્રાન્ટ સરકારે રીલીઝ કરી દીધી છે. દર વખતે આ પ્રમાણે એડવાન્સમાં ગ્રાન્ટ આપણે રીલીઝ કરીએ છીએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઑક્ટ્રૉય નાબૂદીના કારણે ગુજરાતના વેપારીઓ, નાના ઉદ્યોગકારોને પડતી અનેક મુશ્કેલીઓ આપણે દૂર કરી ચૂક્યા છીએ. આપણને એન.યુ.આર.એમ. દ્વારા કેટલીક યોજનાઓ માટે નાણા મળે છે. અત્યારે

અમદાવાદ શહેર બ્યુટીફીકેશન, બી.આર.ટી.એસ. કાંકરિયા લેક ડૅવલપમેન્ટ, અમદાવાદની જે ગલીમાં જાવ ત્યાં વિકાસના કામો ચાલે છે પણ એન.યુ.આર.એમ. દ્વારા જે ફંડ આપવામાં આવે છે એમાં અત્યારે દરેક યોજનામાં ૫૦-૫૦ ટકા જેટલો ભાવવધારો છે તો આ ભાવવધારાના કારણે જે વધારાનો પડતો બોજ એ એન.યુ.આર.એમ. આપે છે કે આપણે મહાનગરપાલિકાઓને આપીએ છીએ?

**અધ્યક્ષશ્રી** : ફકત ઑકટ્રૉય પૂરતી મર્યાદિત છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ઑકટ્રૉય પૂરતો પ્રશ્ન છે પણ મારે આ ગૃહને માહિતી આપવી છે (અંતરાય) મારી પાસે જે માહિતી હોય એ આપું સાહેબ, ના હોય તો ના એ આપું. માનનીય અધ્યક્ષશ્રી, એન.યુ.આર.એમ.માં લોખંડ અને સિમેન્ટનો જે અતિ ભાવવધારો થયો અને કેન્દ્ર સરકારની નિષ્ફળતાના કારણે અનેક રાજયોને એનો ભોગ બનવું પડ્યું છે. પણ આની વારંવારની રજૂઆત છતાં એની બજૅટ કિંમતમાં કોઈ વધારાની ગ્રાન્ટ આપવાની કેન્દ્ર સરકારે ના પાડી છે એટલે કૉર્પોરેશન અથવા ગુજરાત સરકારનું આયોજન અમે કરી રહ્યા છીએ કે કેવી રીતે મદદ કરી શકાય.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નનો પૂરક પ્રશ્ન પ્રશ્નમાંથી જ ઉપસ્થિત થતો હોય તે પૂછવાનો આગ્રહ રાખવો જોઈએ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે મહાનગરપાલિકાને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એમાં દરેક મહાનગરપાલિકાને કેટલી કેટલી વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકાઓને જ્યારે ઑકટ્રૉય નાબૂદ કરી એ વર્ષે એમની જે આવક હતી એના અનુસંધાનમાં આ રકમ ફાળવવામાં આવે છે અને જુદાજુદા કોર્પોરેશનોને એની જે આવક હતી એ પ્રમાણે દર વર્ષે અમે એડવાન્સમાં મેં કહ્યું એમ ગ્રાન્ટ ફાળવીએ છીએ અને આ વર્ષે લગભગ અંદાજ પ્રમાણે ૧૮૦૦ કરોડ રૂપિયા સાત મહાનગરપાલિકાઓને રાજય સરકાર તરફથી મદદ પેટે આપવામાં આવશે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, :ઑકટ્રૉય નાબૂદ કર્યા પછી કઈ મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ગુજરાત સરકારે ફાળવી એ હું આપના દ્વારા હું જાણવા માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી આ તો નિયમિત જેમ મહીનો થાય અને અને કર્મચારીને પગાર ચૂકવાઈ જાય એ પ્રમાણે દર વર્ષનું આપણે આયોજન કરીએ છીએ અને ૧૮૦૦ કરોડ રૂપિયા આપણે દરેક મહાનગરપાલિકાને ફાળવી આપીએ છીએ. નગરપાલિકા/કૉર્પોરેશન દીઠ જો આંકડા જોઈતા હોય તા આપું..

**અધ્યક્ષશ્રી** : લીસ્ટ લાંબુ હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમણે પૂછયું છે.

**અધ્યક્ષશ્રી** : એમણે પૂછયું છે પણ મારે પણ સમયની જોડે ચાલવાનું છે. છ મિનિટ થઈ ગઈ છે. તમે ટેબલ ઉપર સાંજ સુધીમાં મૂકી દેજોને.

### ગોધરા બાયપાસ રોડના કામ અંગે

***૪૫૦૦ શ્રી સી.કે. રાઉલજી (ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ગોધરા બાયપાસ પરવડીથી પોપટપુરા અને પરવડીથી છબનપુર રોડના કામ ક્યારે મંજૂર થયા,

(૨) આ કામો મંજૂર થયા પછી તા. ૩૧-૮-૦૮ સુધીમાં કામો શરૂ ન થવાના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં આ કામો શરૂ થશે અને પૂર્ણ ક્યારે થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ગોધરા બાયપાસના પરવડીથી પોપટપુરા અનુભાવના કામને તા. ૨૮-૪-૨૦૦૫થી વહીવટી મંજૂરી મળે છે. જ્યારે પરવડીથી છબનપુર અનુભાગને તા. ૪-૮-૦૬થી કેન્દ્ર સરકારની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે.

(૨) પરવડીથી પોપટપુરા અનુભાવમાં રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે. જ્યારે પુલનું કામ પ્રગતિમાં છે અને પરવડીથી છબનપુર અનુભાગનું કામ જમીન સંપાદન, યુટીલીટી, શીફટીંગ જંગલ જમીન સંપાદન, એન્વાયરોનમેન્ટ કલીયરન્સ તથા ટેન્ડર મંજૂરીમાં વિલંબ થવાથી.

(૩) પરવડીથી પોપટપુરા અનુભાગના રસ્તામાં આવતા પુલની કામગીરી તા. ૮-૧૦-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું અને પરવડીથી છબનપુર અનુભાગના રસ્તાનું કામ તા.૩૧-૭-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગોધરામાં અને પંચમહાલમાં બધું બાયપાસ થઈ જાય છે. પાણી પણ બાયપાસ થઈ જાય છે અને કેનાલ બાયપાસ થઈ જાય છે. (અંતરાય) આ ખરેખર ઓરીજનલ બાયપાસ શા માટે છે. આજે તા. ૪-૮-૦૫ ના રોજ કેન્દ્ર સરકારની વહીવટી મંજૂરી મળી ગઈ છે. તેમ છતાં માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આજે છેલ્લા જોબ નંબરો કેમ મળ્યા નથી અને કેન્દ્રની સૈદ્ધાંતિક મંજૂરી ત્રણ વર્ષ પહેલા મળી છે તો આ કામો વહેલી તકે કરવા માગે છે કે કેમ? અમને ચિંતા છે કે ર૬મી જાન્યુઆરીએ જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ગોધરા પધારવાના છે તો હૅલિકૉપ્ટરથી ન આવે પણ રોડ મારફતે આવે. વહેલી તકે આ રોડ થાય એવી વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પંચમહાલના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ કેવી રીતે આવવું એ એમનો વિષય નથી. હૅલિકૉપ્ટરથી આવવું કે વિમાનમાં આવવું એ એમનો વિષય નથી. એની ચિંતા એ ન કરે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની વાત સાચી છે. ૨૦૦૫માં ગોધરા બાયપાસ મંજૂર થયો હતો. પરંતુ ત્યાર પછી હાલોલ-ગોધરા-શામળાજી રોડ છે એને ફૉર લેન બનાવવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી કેન્દ્ર સરકારની હમણાં આપણને મળી અને આ જે રોડ ફોરલેન બનાવવાનો છે એ ૧૭૩ કિલોમિટરની લંબાઈ ધરાવે છે. એમાં આ ગોધરા બાયપાસ એનો એક અનુભાવ બને છે. એટલે હાલોલ-ગોધરા અને શામળાજીનો જે રસ્તો બનાવવાનો છે એના વર્ક ઑર્ડર તા. ૧૭-૯-૨૦૦૮ના રોજ આપી દેવામાં આવ્યા છે. હમણાં નીતિનભાઈએ કહ્યું કે ચમત્કારો સર્જ્યા છે. આ બીજો એક ચમત્કાર છે. સામાન્ય રીતે બી.ઓ.ટી.ના ધોરણે રસ્તાઓ બને છે. એ રસ્તાઓ કંપની બનાવે અને ત્યાર પછી ટોલટેક્સ લે અને અમુક વર્ષ પછી રાજ્યને હેન્ડ ઓવર કરતા હોય છે. આ આખો રોડ હાલોલ-ગોધરા-શામળાજીનો એલ.એન્ડ ટી. કંપનીએ બનાવવાનું માથે લીધું છે. આમ તો રોડ બનાવવાનો હતો એમાં આપણે ૩૧૭ કરોડ રૂપિયા આપવા પડ્યા હોત. પણ આપણા બજૅટમાંથી રોડ બનાવવા માટે કંઈ આપવાનું નથી. પરંતુ પોતાના ખર્ચે આ રોડ પોતે બનાવશે અને ૨૦ વર્ષમાં પહેલીવાર આખા દેશમાં ૧૭૭૨ કરોડ રૂપિયા રાજ્ય સરકારને પ્રિમિયમ રૂપે કંપની આપશે. એટલે મેં કહ્યું કે આ એક ચમત્કાર છે. દિલ્હીમાં આયોજન પંચની બેઠક થઈ ત્યારે એમને નવાઈ લાગી હતી કે આ પ્રકારની યોજના કેવી રીતે બનાવીને લાવ્યા? એટલે કહ્યું કે આ ચમત્કાર છે. જ્યારે હાલોલ-ગોધરા-શામળાજીનો રસ્તો આપણે જ્યારે ફોરલેન બનાવવા જઈ રહ્યા છીએ ત્યારે આ બાયપાસ એ ૭ મિટર જે આપણે નક્કી કર્યો હતો પણ હવે એને પહોળો બનાવવો પડે. એના વચ્ચે રેલવેનો બ્રિજ આવે છે જે ૭ મિટર નક્કી કર્યો હતો એ પણ હવે ફોરલેનના સ્ટાન્ડર્ડ છે એ મુજબ ૧૦ મિટર બનાવવો પડે. અંદાજો રિવાઈઝ થયા છે. પરવડીથી પોપટપુરાનો રસ્તો પૂર્ણ થયો છે. પરવડીથી પોપટપુરાનો રસ્તો ૧૦.૨૨ કિલોમિટર લંબાઈ ધરાવે છે. આ રોડ પૂરો થઈ ગયો છે અને ૮૪૦ લાખ ખર્ચ થયો છે. પરવડીથી પોપટપુરા વચ્ચે મેસરી નદી આવે છે એના ઉપર પુલ બનાવવાના ટેન્ડરો આવી ગયા છે અને કામ પ્રગતિમાં છે અને કામ તા.૮.૧૦.૨૦૦૯ના રોજ પૂર્ણ કરવાનું આયોજન છે.બીજો પાર્ટ છે પરવડીથી છબનપુર એ બીજો ભાગ છે એના અંદર હાલોલ અને શામળાજીનો રસ્તો બનાવવાનો છે એનો એક અનુભાગ છે. એમાં જમીન સંપાદન કરવાની છે. ૬ ગામોની જમીન સંપાદન થવાની છે. ૨૦.૬૧ હેકટર જમીન સંપાદન કરવા માટેનું જાહેરનામું કલમ-૪ હેઠળ બહાર પાડી દીધેલ છે. કલમ-૬ નું જાહેરનામું ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. બે ગામોની રિઝર્વ ફૉરેસ્ટ આવે છે એ બે ગામની જમીન પણ સંપાદન કરવાની છે. એટલી જમીન સામે વળતર રૂપે આપવી પડે એટલે કલેકટરશ્રીને પણ આપણે દરખાસ્ત કરી દીધી છે, એક મહિનામાં આપણને એની મંજૂરી મળી જશે, પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની એન.ઓ.સી. મળી ગઈ છે, એન્વાયરમેન્ટ કલીયરન્સ ટૂંક સમયમાં મળશે, મતલબ કે જે શીફટીગ વગેરે કરવાની જરૂરિયાત હતી એ બધા જ કામો આપણે પૂરા કરી દીધા છે અને આ આખોય રોડ હાલોલ-ગોધરા-શામળાજી, આખોય રોડ ૨૦૧૧માં સંપૂર્ણપણે પૂરો થઈ જશે અને બાય પાસ એની સાથે જ પૂર્ણ થશે અને હું માનું છું કે, એક સારો લાભ આપણને આનાથી થશે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ હાલોલ-ગોધરા-શામળાજીનો રસ્તો જે મંજૂર થયો એ બદલ સરકારને અને આદરણીય શ્રી નરેન્દ્રભાઈને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્નમાનીય ગૃહને પણ કહેવા માગું છું અને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગોધરાના માનનીય ધારાસભ્યશ્રીએ જે કહ્યું કે, ગોધરાને બાય પાસ કરવામાં આવે છે, એમની વાત સાચી છે કે, કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગોધરાને નહીં સમગ્ર પંચમહાલને બાય પાસ કરવામાં આવતો હતો અને આ ગોધરાનો જે રસ્તો મંજૂર કર્યો છે એ આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની નેતૃત્વ હેઠળની સરકારે કર્યો છે, એના માટે કરોડો રૂપિયા અમારી ભા.જ.પ.ની સરકારે આપ્યા છે.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : પૂર્વ ભૂમિકા બાંધું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહી, પૂર્વ ભૂમિકા નહીં.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : • (xxxx) એટલા માટે..

**અધ્યક્ષશ્રી** : નહીં, કોઈ (xxxx) નથી દોરતું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, હાલોલ-ગોધરા અને શામળાજીનો જે સમગ્ર રસ્તો છે એની પાછળ જે રકમ કહી એ રકમ કુલ કેટલા રૂપિયા અને આ બે જે રસ્તાઓ છે એ બે રસ્તાઓ પાછળ કુલ કેટલા રૂપિયાની રકમ વપરાવાની છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પરવડીથી પોપટપુરાનો જે રસ્તો છે એ ૧૦.૨૨ કિલોમીટરની લંબાઈ ધરાવે છે એ રસ્તાનું કામ પૂર્ણ થયું છે જેની પાછળ ૮૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે અને

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એ આખોય રસ્તો પૂર્ણ થઈ ગયો છે. બીજી જે વાત એમણે કરી છે પરવડીથી છબનપુરનો જે અનુભાગ છે એમાં મેં કહ્યું તેમાં બધી જ કાર્યવાહી લગભગ પૂર્ણ થવાના આરે છે શીફટીંગ વગેરે કરવાની અને મેં કહ્યું એમ જુલાઇ,૨૦૧૧માં પૂર્ણ થશે અને ૮૦૮ કરોડનો આ પ્રોજેક્ટ છે પરંતુ મેં કહ્યું એમ કે આમાં આ કોઈ ખર્ચ રાજય સરકારે કરવાનો નથી, એલ.એન્ડ ટી. કંપની પોતે જ બધો જ ખર્ચ કરવાની છે અને ઉપરથી બાવીસ વર્ષની અંદર ૧૭૦૦ કરોડ રૂપિયા જેટલું પ્રીમિયમ રાજય સરકારને આપવાની છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**મહિલાઓ માટે તાલુકા કક્ષાએ કાનૂની સહાય કેન્દ્રો**

**<#M* ૪૪૬૬ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજય સરકારે રાજયમાં મહિલાઓને કાયદાકીય પ્રશ્નો/સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા તાલુકા કક્ષાએ કેન્દ્રો શરૂ કરવા વિચારેલ છે કે કેમ, અને

(૨) આ કેન્દ્રો ચલાવતી સંસ્થાઓને કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) હા, જી. જિલ્લા કક્ષાના કેન્દ્રને મહત્તમ રૂા.૨.૨૫ લાખ તથા તાલુકા કક્ષાના કેન્દ્રને મહત્તમ રૂા.૧.૨૫ લાખ સહાયક અનુદાન આપવામાં આવે છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મહિલાઓના કાયદાકીય પ્રશ્નો અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવાનું કામ ખાસ કરીને ગ્રામ્યની પ્રજા માટે ખૂબ ઉપકારક સાબિત થયું છે તે માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજયમાં હાલ જિલ્લા અને તાલુકા કક્ષાએ આવા કેટલા કેન્દ્રો કાર્યરત છે, તેની કામગીરી શું છે અને તે મેળવવા માટેની પાત્રતા શું છે?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ, મુંજાયેલી અને અસહાય બહેનોને એક જ સ્થળેથી માર્ગદર્શન મળી રહે એ માટે સ્વયમ્ સેવી સંસ્થાઓના માધ્યમથી આ રાજયમાં કુલ, જિલ્લા કક્ષાના ૧૮ અને તાલુકા કક્ષાના ૨૧૦ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે. માનનીય સભ્યશ્રીને જાણવું છે કે, આ કેન્દ્રોમાં શું શું કામગીરી થાય છે? આ કેન્દ્રોમાં મહિલાઓને સામાજિક, આર્થિક, કૌટુંબિક અને કાયદાકીય પ્રશ્નોમાં માર્ગદર્શન આપવામાં આવે છે, એમને રોજગારલક્ષી જાણકારી આપવામાં આવે છે, સરકારની યોજનાઓ શું શું છે એની જાણકારી આપવામાં આવે છે, કયાંથી તેમને લોન મળશે એવી જાતનું માર્ગદર્શન આપવામાં આવે છે, ઉપરાંત કાયદાકીય, દહેજ, મહિલા અત્યાચાર, ભરણપોષણ, કુંટુંબ કલેશ, પતિ-પત્નીના કુટુંબીક વિખવાદ અને અન્ય કોઈપણ સામાજિક પ્રશ્નોમાં અટવાયેલી બહેનોને માર્ગદર્શન આપવામાં આવે છે, કાઉન્સિલિંગ ત્યાં કરવામાં આવે છે. ગામડાંઓમાં જઈને પણ શિબિર કરવામાં આવે છે. જનજાગૃતિના કાર્યક્રમ કરવામાં આવે છે. કિશોરીઓ માટે પણ, તો આ કેન્દ્ર જયારે ફાળવવામાં આવે છે ત્યારે તે સંસ્થાની નાણાકીય સ્થિતિ કેવી છે એની તપાસ કરવામાં આવે છે અને આ સંસ્થા સદ્ધર છે કે નહીં, લોકભાગીદારીનાં નાણા ઉપલબ્ધ કરાવી શકશે કે કેમ એ જોવામાં આવે છે. ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી એણે મહિલા કલ્યાણની પ્રવૃત્તિ કરી છે કે કેમ એ જોવામાં આવે છે અને ટ્રસ્ટી વિવિધલક્ષી કેન્દ્રોમાં કારકિર્દી અને સ્વવિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. પાત્રતાની વાત કરી માનનીય મંડળમાં એક કાયદાકીય નિષ્ણાત હોવા જોઈએ એ તપાસવામાં આવે છે અને પછી નકકી કરવામાં આવે છે. ટ્રસ્ટીઓમાં ૫૦ ટકા મહિલાઓ હોવી જોઈએ તો જ આ સંસ્થાને આપણે વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર ફાળવીએ છીએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ કહયું કે તાલુકા કક્ષાએ એક એક આવા માર્ગદર્શન કેન્દ્રો ચાલે છે તો મારા ધ્યાન ઉપર એ આવ્યું છે કે કોઈક કોઈક જગ્યાએ ફકત અને ફકત કાગળ ઉપર ચાલતું હોય છે. રાજયમાં તાલુકાવાઈઝ આવા કેટલા માર્ગદર્શન કેન્દ્રો કાર્યરત છે? એ પૈકીના કેટલા આવા મહિલા કેન્દ્રોની આપણે ત્યાંથી ઉચ્ચકક્ષાએથી, સરકાર કક્ષાએથી ખરેખર કાર્યરત છે કે કેમ એની તપાસ કરવામાં આવી?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા કક્ષાના ૨૧૦ વિવિધલક્ષી કેન્દ્રો કાર્યરત છે અને એની ચકાસણી માટે વિસ્તરણ અધિકારી હોય છે. સંસ્થાનું ઓડિટ થાય છે. દર ત્રણ મહિને વિસ્તરણ અધિકારીએ સરકારમાં રિપોર્ટ કરવાનો હોય છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ષ ૨૦૦૮ના બજેટમાં આ આયોજન માટે કેટલી જોગવાઈ છે અને કેટલા નાણા વાપર્યા છે? ગત વર્ષમાં કેટલી જોગવાઈ હતી?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે વર્ષ ૨૦૦૮-૦૯ માટે આ યોજના માટે ૩.૫૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી ૮૧.૬૧લાખ રૂપિયા વપરાઈ ગયા છે અને ગયા વર્ષે ૩.૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

**હાંસોટ-કુડાદરા-કંટાળાજાળ તથા મોતવાણ પારોલી રોડને ફેરબદલ કરવા અંગે**

*** ૩૯૬૭ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જિલ્લા પંચાયત હસ્તકના હાંસોટ-રોહિદ-કુડાદરા, હાંસોટ-કંટાળાજાળ અને હાંસોટ-મોતવાણ-પાનોલી રસ્તાને રાજય સરકાર હસ્તકના રસ્તામાં ફેરબદલ કરવા માટેની કાર્યવાહીમાં પ્રગતિ થઈ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કાર્યવાહીનો કયારે અમલ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) મંજૂરી મળેથી તુર્તજ અમલ કરવામાં આવશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાંસોટથી કોસંબા રોડ ઉપર સુગર ફેકટરી, ગ્લાસ ફેકટરી આવેલ છે. હાંસોટથી કંટાળાજાળ ગામ દરિયાકિનારાનું છેવાડાનું ગામ છે તેમજ હાંસોટથી પારોલી રોડ ઉપર ઓઈલ ફિલ્ડ એરિયા આવેલ છે. આ તમામ રસ્તાઓ સાંકડા હોવાને કારણે વારંવાર અકસ્માત સર્જાય છે. ઉપરોકત રસ્તાઓને પહોળા કરવા ચાલુ વર્ષના બજેટમાં જોગવાઈ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ રસ્તા હાંસોટ- કંટીયાજાળ રોડ, હાંસોટ-રોહિદ-કુડાદરા-સોસોદરા-કોસંબા રોડ અને હાંસોટ-મોતવાણ-પાનોલી રોડ આ ત્રણ રોડ એ મુખ્ય જિલ્લા માર્ગો છે. એના ઉપર વાહનવ્યવહારનું પ્રમાણ ધીરેધીરે વધતું જાય છે અને એટલા માટે રાજય સરકારે હાંસોટ-રોહિદ-કંડાદરા-સિસોદરા-કોસંબા રોડ ચાર કિલોમીટરનો રસ્તો રિસરફેસિંગ કરવા માટે અંદાજીત ૯૦લાખ રૂપિયાની બજેટમાં જોગવાઈ પણ કરી છે અને સાથેસાથે એનું ટેન્ડર પણ આવી ગયું છે અને ૨૨-૯ ના રોજ ટેન્ડર ઓપન પણ કરવામાં આવ્યું છે અને હવે વર્ક ઓર્ડર પણ આપવામાં આવશે. એ જ રીતે હાંસોટ-મોતવાણ-પાનોલી રોડને નાબાર્ડની અંદર લેવામાં આવ્યો છે અને પાંચ કિલોમીટરનો રસ્તો છે. ૮૭.૭૫ લાખ રૂપિયા અંદાજીત ખર્ચ થશે એનું પણ ટેન્ડર ૨૨-૯-૦૮ના રોજ ઓપન કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં વર્ક ઓર્ડર આપીને કામની શરૂઆત કરવામાં આવશે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે જિલ્લા પંચાયત હસ્તકના રાજય સરકારને હવાલે કરવા માટેના રસ્તાઓના કયા કયા ધારાધોરણ છે અને જિલ્લા પંચાયતના રસ્તાની કેટલા કામોની દરખાસ્ત રાજય સરકાર પાસે આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માત્ર ત્રણ રસ્તાઓનું જે સ્પેસિફિકલી પૂછવામાં આવ્યું છે પણ સામાન્ય રીતે પંચાયત હસ્તકના રસ્તાઓ જલદીથી રીપેર નથી થતા અથવા તો વાઈડનીંગ નથી થતા કારણકે પંચાયત પાસે બજેટ ઓછું હોય છે અને એટલે કેટલાક એવા રસ્તાઓ હોય કે જે રસ્તાઓ સ્ટેટ હાઈવેને જોડતા હોય તો એવા રસ્તાઓને વાઈડનીંગ કરવા..અને સ્ટેટ હાઈવે સાથે નેશનલ હાઈવેની વચ્ચે ક્યાંક એકાદ-બે કિ.મી.ની કડી રહી જતી હોય તો એવા રસ્તાને પહોળો બનાવવા માટે આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, એટલે આ ૩ રસ્તાઓ અંગે માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું છે એ પંચાયતો હસ્તકના રસ્તાઓ છે અને આ રસ્તાઓને પહોળો કરવા માટે, રિપેરિંગ કરવા માટે પંચાયત પાસે ફંડ ન હોવાના કારણે રાજયના ૩ રસ્તાઓ આપવામાં આવ્યા છે, જેના કારણે સ્ટેટમાંથી આટલું બજેટ ફાળવવામાં આવ્યું છે.

**બારમા નાણાપંચ હેઠળ પંચમહાલ જિલ્લામાં રસ્તાનાં કામો**

***૪૩૬૪ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) બારમાં નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં પંચમહાલ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા અને

(૨) આ કામગીરી કયા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે?

**માર્ગ મકાનમંત્રીશ્રી :**

(૧) બારમાં નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં પંચમહાલ જિલ્લા માટે ૨૧ રસ્તાનાં કામો અંદાજીત રૂપિયા ૭૧૪-૦૦ લાખની રકમના મંજૂર કર્યા છે.

(૨) આ કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે, જે પ્રક્રિયા પૂર્ણ થયે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ માં પંચમહાલ જિલ્લામાં બારમાં નાણાપંચમાં

તાલુકાવાર કેટલી લંબાઈના, કેટલી રકમના અને કેટલાં કામો મંજૂર થયાં એ માનનીય મંત્રીશ્રી જણાવે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની અંદર પંચાયત હસ્તકની અંદર ૨૦૦૮-૦૯ ના ત્રીજા તબક્કામાં ૨૧ કામો મંજૂર થયાં છે. આ મંજૂર થયેલ કામમાં ૫૨.૫૦ કિ.મી.ની લંબાઈના રોડ લેવામાં આવેલ છે. અંદાજિત ખર્ચ ૭૧૪ લાખ રૂપિયાનો થવાનો છે. એમાં ગોધરાના ૬ કામો લેવામાં

આવેલ છે. કાલોલના ૧, હાલોલના ૩, લુણાવાડાના ૫, ઘોઘંબાના ૨, મોરવા હડપનો ૧, સંતરામપુરનો ૧, કડાણાના ૧ કામો લેવામાં આવેલ છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગોધરા તાલુકાના ૬ કામો કયા પ્રકારના અને આમાં કેટલી રકમ ફાળવવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ગોધરામાં તારબોરડી એપ્રોચ રોડ ૧.૮૦ કિ.મી. ૨૨ લાખ રૂપિયાનો, ગોધરામાં પ્રતાપપુરા એપ્રોચ રોડ ૧.૬૦ કિ.મી. અને ૧૯ લાખ રૂપિયાનો, ગોધરાનો ત્રીજો રસ્તો તોરણા એપ્રોચ રોડ ૧.૫૦ કિ.મી.નો એમાં ૮ લાખ રૂપિયા મંજૂર થયા છે. એનો ચોથો રસ્તો વાવડી ઘડુકપુર રોડ ૧.૧૦ કિ.મી. ૧૫ લાખના ખર્ચે, ગોધરાનો પાંચમો રસ્તો નદીસર માતાના મુવાડા રોડ ૨.૪૦ કિ.મી.નો ૩૦ લાખ ખર્ચ અને ગોઠડા સુખપરી રોડ ૨.૭ કિ.મી. ૫૨ લાખ રૂપિયા, ચીખોદરા એપ્રોચ રોડ ૧.૬૦ કિ.મી. માં ૨૫ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

## વડોદરા જિલ્લાના રસ્તાઓના જોબ નંબર

***૪૦૩૬શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સને ૨૦૦૫-૨૦૦૬, ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં તથા તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમના અને કયા કયા સદરે કેટલી રકમના જોબ નંબરો રસ્તાઓ માટે ફાળવ્યા,

(૨) તે અન્વયે કયા કયા રસ્તાઓ પૂર્ણ થયા, અને

(૩) બાકીના રસ્તાઓની કાર્યવાહી હાલ કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) પરિશિષ્ટ-૧ મુજબ

(૨) તે અન્વયે સામેલ પરિશિષ્ટ-૨ મુજબના કુલ ૧૩૦ રસ્તાનાં કામો પૂર્ણ થયેલ છે.

(૩) બાકી રહેલ ૪૨ રસ્તાનાં કામોના પૈકી ૨૩ રસ્તાનાં કામો પ્રગતિ હેઠળ ૧૦ રસ્તાનાં કામો ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે.**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પહેલં તો મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે બહુ સારું ખાતું છે એમની પાસે, એટલે ગુજરાત હરિયાળું થશે, કારણ કે ગુજરાતનો વિકાસ કરવો હોય તો એવી વ્યક્તિ હોય એને એવું ખાતું હોય કે નાણા વિભાગ વધારે પૈસા આપે. હું જાણવા માગું છું કે મને પરિશિષ્ટ-૨ માં જે જવાબ આપ્યો છે એમાં સાવલી તાલુકાની અંદર હરણી વિરોચ પાંડુ આ લગભગ ૮૫ કિ.મી. લાંબો પહોળો રસ્તો છે. એ રસ્તો પંચાયતનો હતો જે સ્ટેટમાં કન્વર્ટ કર્યો છે. આમાં લગભગ ૩ તબક્કે એને જુદા જુદા હેડે જોબ નંબર આપીને ટ્રિટમેન્ટ કરવામાં આવી., પરંતુ ચારણપુરાથી સાઢાસલ, વસંતપુરા અને પાંડુ સુધીનો એ રસ્તો પંચાયતમાં હતો, ત્યારે કરવામાં આવેલ. એ રસ્તો એટલો બધો ખરાબ થઈ ગયો છે. તો એ રસ્તાને નવેસરથી કરવા માગો છો કે કેમ? આ રસ્તા ઉપર ૧૦ વર્ષ થયા. બીજો પ્રશ્ન પરિશિષ્ટ-૨ માં જણાવ્યું છે અમે સાવલીથી વડોદરા ૩૨ કિ.મી. લાંબો રસ્તો છે. સાવલીથી વડોદરા વચ્ચે જી.આઈ.ડી.સી. છે. એ આખો રસ્તો એવો છે કે સાઈકલ પણ ન જઈ શકે તેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે. એ રસ્તા ઉપર માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ સાવલી આવતા હતા તે દિવસે મેં એવું કહેલ કે આ રસ્તા ઉપર ચાલો છો તો આ રસ્તો કેવો દેખાય છે તેનો સંદેશો માનનીય આનંદીબેનને પહોંચાડજો, તે સંદેશો પહોંચાડયો કે નહીં તેની ખબર નથી. કેટલો ખરાબ રસ્તો છે. સાવલી વડોદરા ૩૨ કિલોમીટરનો રસ્તો છે અને બે તબકકામાં જોબ નંબર આપ્યા છે. એક તો બી.ઓ.ટી.માં છે સાવલી થી જી.આઈ.ડી.સી. સુધીનો ૧/૩ કામ પૂરું કર્યુ છે. આખું સિલકોટ થયેલો રસ્તો આજે ચકાસશો તો આ રસ્તો ખલાસ થઈ ગયો છે. તે રસ્તા માટે કમ્પલેઈન કરી છે અને જિલ્લા સંકલન સમિતિમાં પ્રશ્નો કર્યા છે, ઈજારદાર સામે પગલાં લેવા અને જવાબદાર અધિકારીઓ સામે કાળજી ન રાખતા હોય તો તેમની સામે પગલાં લેવા મેં કાગળ લખ્યો છે. તો આ રસ્તા માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ અને આ કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરવા માગો છો કે કેમ અને મંજુસર જી.આઈ.ડી.સી.થી સાવલી સુધીનો રસ્તો છે તેનું ટેન્ડર ઈન્વાઈટ થઈ ગયું છે પણ તેની ઉપર સાઈકલ પણ જઈ શકે તેમ નથી તો એને વિભાગ મારફત એટલે કે ડીપાર્ટમેન્ટલી કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારે આ સન્માનનીય સભાગૃહના સૌ સદસ્યશ્રીઓને કહેવું છે કે પહેલીવાર રાજય સરકારે અને માર્ગ મકાન વિભાગે નિર્ણય કર્યો છે કે પંચાયતના રસ્તાઓ જે દસ વર્ષ પહેલાં થયા હતા અને દસ વર્ષથી રીપેરીંગ નથી થયા તે રસ્તાઓનું આયોજન વિચારેલ છે. તે જ રીતે સ્ટેટના રસ્તાઓ જે સાત વર્ષ પહેલાં બન્યા હોય, તેના ઉપર કારપેટ વગેરે કામ થયા હોય તેવા રસ્તાઓનું આયોજન વિચારેલ છે. એટલે હું નથી માનતી કે કોઈ ધારાસભ્યને દસ વર્ષથી રસ્તાઓ રીપેર થતા નથી તે કહેવાનો કોઈ મોકો મળે. માનનીય ખુમાનસિંહભાઈએ વાત કરી છે તેમાં સાહેબ તેમનો પ્રશ્ન તો જોબ નંબરોનો છે કે ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ અને ૩૧-૮-૦૮ સુધીમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર

કેટલી રકમના અને કયા કયા સદરે કેટલી રકમના જોબ નંબરો રસ્તાઓ માટે આપ્યા છે. તે માટે તેમણે પ્રશ્ન પૂછયો હતો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ વિગતવાર જવાબ આપ્યો છે અને મારા માટે તે પ્રશ્નો એક મિનિટ, તે પ્રશ્ન છાપવો અઘરો પડતો હતો એટલે મેં પરિશિષ્ટમાં મૂકયો છે અને તેમના ટેબલ ઉપર પણ છે અને બાકીના સભ્યોને આની વિગતો જોઈતી હતી તો લાઈબ્રેરીમાંથી મળશે. લાંબો અને બધો વિગતવાર જવાબ છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પરિશિષ્ટમાં બતાવ્યું છે હરણી વિરોચ પાંડો રસ્તો..

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે રસ્તાની વાત કરી છે સાવલીના

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, માનનીય મંત્રીશ્રી તમારા પ્રશ્નનો જવાબ આપે છે. આવી જાય પછી તમને તક આપીશ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે રસ્તાની વાત કરી છે કે રસ્તાના રીપેરીંગ વગેરે સારું નથી થયું તેની તપાસ કરવા માગો છો ?તો હું કહું કે અમે ચોકકસ તપાસ કરીશું અને જે જવાબદારો હશે તેની ઉપર પગલાં લઈશું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અભેસિંહભાઈ, ખુમાનસિંહભાઈ તમને તક આપું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા માધ્યમથી સૌ પ્રથમ તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને માર્ગ મકાન મંત્રીશ્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું કે મારા તાલુકામાં ૧૨ કરોડના ખર્ચે ૩૬ રસ્તાના કામોના જોબ નંબરનો લાભ મળ્યો છે. માનનીય સભ્યશ્રીને ખ્યાલ ન હોય તેમની સરકાર હતી તેમણે કેટલું કર્યુ તે પૂછવું પડે. આ સરકારે આ કામ કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અભેસિંહભાઈ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપર આવું છું. ખુમાનસિંહભાઈ બોલ્યા એટલે બોલવું પડે છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાસ મરામતની બજેટ જોગવાઈ હેઠળ કુલ મરામત માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો તે જાણવા માગું છું. **શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ મરામત હેઠળ રાજય સરકારે અત્યાર સુધીમાં ૪૮૯ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે એટલે રાજયના રસ્તાઓ,. પંચાયતના રસ્તાઓના ૮૩૦ લાખનો ખર્ચ કર્યો છે. રાજય પંચાયત સીઆરએફની અંદરથી ૯૬૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે, પ્રગતિ પથ રાજય પંચાયત બે રાજયના ૧૫૬૪ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પ્રવાસી પથમાં ૪૪૬ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે, રૂરલ રોડનો ૨૨૩ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. નાબાર્ડમાં ૨૧૦૯ નો ખર્ચ કર્યો છે. બારમું નાણાપંચ ૨૦૭૪ લાખનો ખર્ચ કર્યો છે, એસ.આર.માંથી ૧૭૯૯ લાખનો ખર્ચ કર્યો છે, કિસાન પથમાં પંચાયતના રસ્તા ઉપર ૮૩૯ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આમ ટોટલ ૧૫૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૧૩૦ રસ્તાઓના કામ પૂર્ણ થઈ ગયા છે, ૪૨ રસ્તાઓના કામ પૈકી ૨૩ રસ્તાઓના કામ પ્રગતિમાં છે. ૧૯ રસ્તાઓના કામો ટેન્ડર પાડવાની પ્રક્રિયા બાકી છે. મારે એ જાણવું છે કે, આ જે ૧૯ રસ્તાઓની ટેન્ડરની પ્રક્રિયા બાકી છે એની કેટલા સમયમાં એના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થશે અને આ ૨૩ રસ્તાઓના કામ પ્રગતિમાં છે એ કયા તાલુકામાં છે? મારા વિસ્તારની વાત કરું તો, આ જે ૧૯ રસ્તાઓની ટેન્ડરની પ્રક્રિયા બાકી હશે ને, હું એવું માનું છું કે, નસવાડી અતિપછાત તાલુકો છે, કવાંટ એ અતિપછાત તાલુકો છે, આ ટેન્ડરની પ્રક્રિયામાં કેટલો સમય થશે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને આવા કામ પૂર્ણ કરવા ટ્રાયબલ વિસ્તારમાં એનું કોઈ નક્કર આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭૨ રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા હતા, એમાંથી ૧૩૦ રસ્તાઓના કામ પૂર્ણ થયા, ૪૨ રસ્તાઓના કામ બાકી છે, જેમાં ૨૩ રસ્તાઓના કામ પ્રગતિમાં છે, માર્ચ પહેલાં આ રસ્તાઓનાં કામો પૂર્ણ થઈ જશે. ૧૪ કામ ટેન્ડરની પ્રક્રિયામાં છે, અને આ ટેન્ડર તા. ૮-૧૦-૦૯ના દિવસે ઓપન થવાના છે. મહિનાના અંતે ટેન્ડર આપી દેવામાં આવશે અને કામની શરૂઆત થશે. એક કામ બાકી છે જેમાં નકશા અને અંદાજો ઉપર બાકી છે એટલે નકશા અને અંદાજો થઈ રહ્યા છે. બે કામ બાંધકામ સમિતિમાં મંજૂરી માટે પેન્ડિગ પડ્યા છે જિલ્લામાં, અને એક કામ ટેન્ડર એનું બાકી છે, એનું ટૂંક સમયની અંદર ટેન્ડર આપવામાં આવશે. મતલબ ૨૩ કામો માર્ચ પહેલાં પૂર્ણ કરવાનો અમારો અંદાજ છે, અને બાકીના જે કામો છે એ જેમ બને તેમ જલદી થી પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારો બીજો એક પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને પૂછ્યો કે, સાવલી થી વડોદરાના રસ્તાનો જોબ નંબર મળી ગયો છે, અને લગભગ મારી દ્દષ્ટિએ એકાદ બે દિવસમાં ટેન્ડર બહાર પડશે એવું મને જાણવા મળ્યું છે, પણ આ રસ્તો આખો ૩૨ કિલોમીટરનો ખરાબ થઈ ગયો છે, આ જે રસ્તો છે, એ લગભગ પંદરેક કિલોમીટરનો રસ્તો એ છે, તો એ ડિપાર્ટમેન્ટલી કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ રોડ જોવડાવી લઈશ, અને જે કંઈ કરવાનું થતું હશે તે થશે.

## સૂરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીના મકાનો

***૪૪૬૮શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ સૂરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીના કેટલા મકાનો બનાવવાનાં બાકી છે, અને

(૨) બાકી મકાનો બનાવવા માટે શું આયોજન છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૯૦૧

(૨) ચાલુ વર્ષમાં ૧૨૫ મકાનો બનાવવાનું આયોજન કરેલ છે. બાકી ૭૭૬ મકાનો આગામી વર્ષોમાં તબક્કાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સૂરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓ છે, કેટલા મકાનો સરકારના પોતાના છે તેમજ મકાનોના બાંધકામ પેટે કુલ કેટલી રકમ ફાળવાઈ છે અને મકાનની પ્રતિ યુનિટ કોસ્ટ શું છે.

**ડૉ. માયાબેન સુ.કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, સૂરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૪૩૫ આંગણવાડીઓ મંજૂર થઈ છે, તે પૈકી ૧૪૧૫ આંગણવાડીઓ કાર્યરત છે. પોતાના મકાન અંગે માનનીય સભ્યશ્રી જે જાણવા માગે છે તો કુલ ૫૧૪ પોતાના મકાન છે. આ વર્ષના બજૅટમાં કુલ ૧૨૫ નવા મકાનો બનાવવાનું આયોજન છે અને યુનિટ કોસ્ટ પહેલાં જે બે લાખ હતી એ વધારીને અઢી લાખ કરવામાં આવી છે, માનનીય અધ્યક્ષશ્રી, તે પેટે સૂરેન્દ્રનગર જિલ્લામાં જ ૩ કરોડ અને ૧૨ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, આંગણવાડી આમ કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના હોવા છતાં મકાનો બનાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી એક પણ રૂપિયો ફાળવવામાં આવતો નથી. આ વર્ષના બજૅટમાં પહેલી વખત ૪૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આંગણવાડીઓના મકાન બનાવવા માટે ફાળવામાં આવી છે અને ૧૦ કરોડ રૂપિયા આંગણવાડીઓના મકાનોની મરામત માટે ફાળવવામાં આવ્યા છે.

## સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના કામો

*** ૪૬૮૫શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી,** જણાવવા કૃપા કરશે કે,

**(૧)** તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ કાચા છે અને કેટલાને ડામર સપાટી કરવાની બાકી છે, અને

(૨) જે ગામોમાં કાચા રસ્તા છે તેને પાકા રસ્તાની સુવિધા કેટલા સમયમાં સરકાર આપવા માગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ૨ ગામો કાચા રસ્તાથી અને ૧૦૬ ગામો મેટલ સપાટીથી જોડાયેલા છે. જેને ડામર સપાટી કરવાની બાકી છે.

| તાલુકો | કાચા રસ્તાથી જોડાયેલ ગામો | મેટલ રસ્તાથી જોડાયેલ ગામો |
|---|---|---|
| હિંમતનગર | ૧ | ૨ |
| પ્રાંતિજ | - | ૨ |
| તલોદ | - | ૩ |
| વડાલી | - | ૩ |
| મોડાસા | - | ૩ |
| ધનસૂરા | - | ૭ |
| માલપુર | - | ૧૭ |
| બાયડ | - | ૧૫ |
| ઈડર | - | ૩ |
| ખેડબ્રહ્મા | - | ૧૦ |
| વિજયનગર | - | ૧૦ |
| ભીલોડા | ૧ | ૧૦ |
| મેઘરજ | - | ૨૧ |
| કુલ.. | ૨ | ૧૦૬ |

(૨) કાચા રસ્તાથી જોડાયેલ ૨ ગામો પૈકી મહાદેવપુરા ગામના રસ્તાનું કામ પ્રગતિમાં છે. જે માર્ચ ૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જયારે પાદરડી ગામ જંગલ વિસ્તારમાં આવતું હોય જમીન સંપાદન થયેથી જેમ બને તેમ ઝડપથી પાકા રસ્તાની સુવિધા આપવામાં આવશે.

મેટલ રસ્તાથી જોડાયેલ ૧૦૧ ગામોના રસ્તાના કામો મંજૂર થયેલ છે, જે નાણાકીય ઉપલબ્ધતા અનુસાર જેમ બને તેમ ઝડપથી ડામર સપાટી કરવામાં આવશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, એમણે જે કોઠો આપેલ છે એ મેં વાચ્યો એની અંદર મેટલથી બતાવેલ ગામોની સંખ્યા બતાવી છે.૧૦૬ જયારે મંજૂર થયેલ રસ્તાઓની સંખ્યા ૧૦૧ બતાવેલ છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ૧૦૧ રસ્તાઓ મંજૂર થયેલા છે તે કઈ ગ્રાન્ટ હેઠળ મંજૂર થયેલ છે, અને એ કયારે ચાલુ કરવામાં આવશે? બીજો મારો પ્રશ્ન એ છે કે જે ૧૦૬ બતાવેલ છે એમાંથી ૧૦૧ મંજૂર થયેલા છે તો જે બાકી રહી જાય છે એ પાંચ ગામડાઓ કયા છે? બીજુ માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં મને બોલવાનો મોકો મળ્યો છે અને હું ઉભો થયો છું ત્યારે કહેવા માગું છું અને જે  માનવતાનો પ્રશ્ન છે એ અંગે બોલવા માગું છું. કેમ કે, ફરીથી મારો વારો નહીં આવે એટલે કહેવા માગું છું જયારે ગૃહના નેતાશ્રી બેઠા છે અને અમારા નેતાશ્રી પણ બેઠા છે ત્યારે મારે એ પ્રશ્ન કહેવો છે જો આપ મંજૂરી આપો તો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, આપ આપના પ્રશ્ન પૂરતા મર્યાદિત રહો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં મેટલ રસ્તાથી જોડાયેલા રસ્તાઓ છે એ ૧૦૬ છે અને કાચા રસ્તાથી જોડાયેલ ગામો ૨ છે. ૧૦૧ રસ્તાઓનું પ્લાનિંગ થઈ ગયું છે અને એમણે જે પાંચ રસ્તાની માહિતી માગી છે અને કયા હેડ નીચે છે એ પૂછયું છે ત્યારે કહેવું છે કે આ ૧૦૧ રસ્તાઓ છે એ પી.એમ.જી.એસ.વાય. હેડ નીચે છે જેમા ૧૧ ગામોના રસ્તાઓ આવે છે અને એની લંબાઈ છે ૩૧.૮૯ કી.મી. અને અંદાજીત ખર્ચ થશે ૫૪૭.૧૦ લાખ રૂપિયા, નાબાર્ડ નીચે ૮૫ રસ્તાઓ લેવામાં આવ્યા છે અને ૧૮૫.૨૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે અને ૪૨૫૫.૬૫ લાખ રૂપિયાનો ખર્ચ થશે, બજેટ ઉચ્ચ જોગવાઈમાં ત્રણ રસ્તાઓ લીધા છે એમાં ૨૩.૭૦ કી.મી.નો રસ્તો છે અને ૩૨૦.૦૫ લાખ રૂપિયાનો ખર્ચ થશે. ગુજરાત પેટર્નમાં એક રસ્તો લીધો છે જે પાંચ કી.મી.નો છે જેમાં ૯૫ લાખ રૂપિયાનો ખર્ચ થશે અને અતિ પછાતમાં આર્ટિકલ ૨૦૧માં એક રસ્તો લીધો છે એની ૨ કી.મી.ની લંબાઈ છે અને ૩૬ લાખ રૂપિયાનો એમાં ખર્ચ થશે. આમ ૧૦૧ રસ્તા પાછળ ૫૨૫૩.૮૦ લાખ રૂપિયાનો અંદાજીત ખર્ચ થવાની સંભાવનાઓ છે. માનનીય અધ્યક્ષશ્રી, એના ટેન્ડરો આપી દીધા છે અને ૬-૧૦ ના રોજ એ ટેન્ડરો ખોલવાના છે ત્યાર પછી કામનો આરંભ થશે. જે પાંચ ગામની વાત કરી છે એમાં એક પાથોરા ગામ ખેડબ્રહ્મા તાલુકાનું આવે છે એમાં પી.એમ.જી.એસ.વાય. ૮ના ડી.પી.આર.માં મંજૂરી હેઠળ છે. એટલે ૮મો તબક્કો હજુ મંજૂર નથી થયો એ થશે એટલે એ કામ પણ થશે. સોનગઢ એ પણ ખેડબ્રહ્મા તાલુકાનું ગામ છે અને એમાં વન વિભાગનો પ્રશ્ન આવે છે એટલે રીઝર્વ ફોરેસ્ટમાં એ ગામ આવે છે એટલે કઈ રીતે એ જમીન સંપાદિત કરવી એનો વિચાર થઈ રહ્યો છે. ફાસારેલ, મગોડી અને ભુતા એ માલપુર તાલુકાના ગામો છે એ ત્રણે ગામોના રસ્તાઓ છે એ વાત્રક સિંચાઈ વિભાગના રસ્તાથી જોડાયેલા છે એટલે માર્ગ અને મકાન વિભાગ પાસે આ રસ્તાઓ નથી, આ સિંચાઈ વિભાગ પાસે રસ્તાઓ છે એટલે આ પાંચ રસ્તાઓ આની અંદર આવતા નથી બાકી ૧૦૧ રસ્તાઓના ટેન્ડરો બહાર પડી ગયાં છે અને વર્ક ઓર્ડર આપ્યા પછી તુરત જ આ કામો શરૂ થશે.

**ડૉ. અનિલ  જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી માનનીયમંત્રીએ જણાવ્યું છે કે, ભીલોડા તાલુકાનો એક રસ્તો કાચો રસ્તો છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ પાદરણીનો રસ્તો છેલ્લા સાત વર્ષની આની આ પરિસ્થિતિમાં છે અને એના સિવાયના ઘણા બધા ગામડાઓ કાચા રસ્તાથી પણ જોડાયેલા નથી. એવા ગામડાઓ છે મુનાઈ ઘાટી, સાઈડી, કેસરપુરા, ચુવાડીયા જયાં બાળકો ચોમાસા દરમ્યાન વધુ વરસાદ પડે તો સ્કૂલે જવાનું બંધ રાખે છે.મેં લોકલ ત્યાંના જે અધિકારીઓ છે તેમની સમક્ષ પણ ઘણી વખત રજૂઆત કરી છે. સંકલનમાં પણ મુદ્દા લીધા છે, બાળકો સ્કૂલે ન જઈ શકે તેવી પરિસ્થિતિ પેદા થાય છે, ભલે પાકો ના થઈ શકે, પણ કમસેકમ જે વાંઘા હોય છે તેના પર નાળીયુ પણ થાય તો બાળકો જઈ શકે એવી પરિસ્થિતિ પણ થવી જોઈએ એટલે અને મુખ્ય રસ્તાઓ છે ટાંકા-ટૂવા-ટોરડા અત્યારે જે ડામર સપાટી નથી થઈ પણ મેટલ પણ નથી દેખાતું એવી પરિસ્થિતિ પેદા થઈ છે અને આ મુખ્ય રસ્તાઓ છે એવી જ રીતે ભીલોડાથી વિરપુરનો રસ્તો પણ સાવ જે ત્રણ મીટર હોય છે એ તૂટતાં તૂટતાં અઢી મીટર થઈ ગયો છે તો આવા રસ્તાઓ કેમ રિપેર નથી થતાં અને આ જે ગામડાંઓ છે એને જોડવા માટે સરકારનું શું આયોજન છે અને છેલ્લે શિલાદરી ગામમાં, મેં આ અંગે સંકલનમાં પણ મુદ્દો લીધો છે ત્યાં બસ નથી જતી, બસવાળા કહે છે કે રસ્તો નથી બરાબર અને રસ્તાવાળાને પૂછીએ છીએ તો કહે છે કે ના ના રસ્તો બરાબર છે એટલે કોઈકને કોઈક લેવલે કયાંક મુશ્કેલી છે અને બાળકો સ્કૂલે નથી જઈ શકતા ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આપનું સરકારી તંત્ર આવા વિસ્તારોમાં ફેરવીને જોવડાવે કે આ ખરેખર મુશ્કેલી છે એવી જ પરિસ્થિતિ અમારા મેઘરજમાં પણ છે ત્યાં પણ આ જ હાલત છે, જયારે અધિકારીઓ લઈ જાય છે ત્યારે મુખ્ય રસ્તાઓ ઉપર લઈ જાય છે એ મુખ્ય એક રસ્તો હોય એ તો સારો જ હોય પણ અંદરના આંતરિક રસ્તાઓ બધા જ ખરાબ છે એના માટે તંત્ર જરાક સજાગ રહે અને આ રસ્તાઓ ટાંકા-ટૂવા-ટોરડાં અને ભીલોડા - વીરપુર કયારે કરવા માગો છો એ હું જાણવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કાચા રસ્તાથી જોડાયેલા જે ગામ છે એ હિંમતનગરનું એક ગામ છે અને ભીલોડાનું એક ગામ છે આમાં મહાદેવપુરા ગામનો જે રસ્તો છે, એ રસ્તો માર્ચ, ૨૦૦૯ સુધીમાં પૂર્ણ થઈ જશે એ રસ્તાનું કામ અત્યારે હાલ ચાલુ છે એ જ રીતે પાદરડી ગામનો જે રસ્તો છે એ જંગલ વિસ્તારની અંદર આવેલો છે અને જંગલ વિસ્તારની જમીનની સંપાદનની કાર્યવાહી ચાલુ છે એટલે આ બન્નેના ગામોના રસ્તાઓ પણ આ વરસે જ પાકા થશે. એમણે જે વાત કરી એમાં હિંમતનગર તાલુકાનો એક રસ્તો અને ભીલોડાના ત્રણ રસ્તા એમ કુલ ચાર ગામો ડૂબમાં જતા હોવાના કારણે આપણે એ રસ્તાઓ લઈ શકતા નથી. મેં કહયું એમ ૧૦૧ રસ્તાઓ સંપૂર્ણ તપાસ કર્યા પછી આ લેવામાં આવેલા છે અને આ રસ્તાઓ તમારી પાસે નામની યાદી નહિ હોય એટલે કયા રસ્તાઓ લેવામાં આવ્યાં છે એ શકય છે કે તમને ખબર નહિ હોય પરંતુ હું મેજ ઉપર મૂકીશ. આ બધા જ ગામના કયા રસ્તાઓ લેવામાં આવેલ છે એની યાદી છે.

**અધ્યક્ષશ્રી:** : આપે મોકલી આપેલા છે એ સચિવશ્રીના ટેબલ ઉપર છે મેં નોંધમાં પણ મૂકેલું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એટલે એ યાદીમાં હું માનું છું કે, આ બધા જ રોડ આવી જતા હશે.

**જુનાગઢ જિલ્લામાં પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

*** ૩૮૩૦ શ્રી રાજસીભાઈ વી. જોટવા (સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તારીખ ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જુનાગઢ જિલ્લાના વેરાવળ, તાલાળા, કેશોદ અને માંગરોળ તાલુકામાં પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી રકમ લાભાર્થીઓને ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

| | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ.** |
|---|---|---|
| (૧) | વેરાવળ | ૯૬ |
| | તાલાળા | ૯૮ |
| | કેશોદ | ૫૧ |
| | માંગરોળ | ૭૩ |
| | | ૨૮૮ |

(૨) ૨૨૦ અરજીઓ મંજૂર કરી રૂ.૫૯.૪૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ચાર તાલુકાદીઠ કેટલી મકાન સહાય ચૂકવવામાં આવી છે અને આ ચાર તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને તે અંગેના કારણો શું છે અને ત્રીજો પ્રશ્ન એ છે કે, આ ચાર તાલુકાઓ માટે આવેલ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી પૂછી છે એમાં તારીખ ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેરાવળમાં ૬૬ અરજીઓ મળેલ છે, તાલાળામાં ૯૮ અરજીઓ મળેલ છે કેશોદમાં ૫૧ અરજીઓ મળેલ છે અને માંગરોળમાં ૭૩ અરજીઓ મળેલ છે કુલ ૨૮૮ અરજીઓ મળેલ છે એમાંથી ૨૨૦ અરજીઓ મંજૂર કરી છે અને એની પાછળ ૫૯.૪૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. બીજો પ્રશ્ન એમનો એ છે કે બાકીની પડતર અરજીઓના કારણો શું છે, એમાં ચાર તાલુકાદીઠ જે સંખ્યા છે એમાં કચેરી કક્ષાએ સાધનિક પુરાવા પૂર્ણ કરેલ ન હોવાથી, સ્થાનિક પરિસ્થિતિ અંગેની ચકાસણી બાકી હોવાથી અને અધિકારી જયારે જવાબ લેવા જાય ત્યારે અરજદાર ન મળવાના કારણે પડતર અરજીઓ રહેવા પામેલ છે બાકીની જે અરજીઓ રહેલ છે તે અરજીઓનો એક માસની અંદર પૂર્ણ નિકાલ કરવામાં આવશે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ યોજનામાં સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે અને આ અરજીઓ મંજૂર કરવા બાબત આ ચાર તાલુકામાંથી કોઈ જગ્યાએથી ફરિયાદ મળેલ છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચાર તાલુકાઓમાં જે અરજીઓ મળેલ છે એની મેં અગાઉ પણ વાત કરી એમ આ યોજનામાં બે હપ્તાથી ચૂકવણું કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી:** : પ્રશ્નોત્તરીઓ સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જંત્રીમાં સુધારો કરવા અંગે

૪૪૬૩ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મિલ્કતોના ખરીદ વેચાણ દરમિયાન ભાવોમાં થતી વિસંગતતા દૂર કરવા સારુ જંત્રીમાં કોઈ સુધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને | (૧) મિલ્કતોના ખરીદ વેચાણ દરમિયાન ભાવોમાં થતી વિસંગતતા દુર કરવા સારૂ જંત્રીમા હાલમાં કોઈ સુધારો કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો ક્યારથી અને તેની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

### પાટણ જિલ્લામાં તળાવો બનાવવા મંજૂરી

૪૨૯૨ **ભાવસિંહ રાઠોડ(સમી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નાની સિંચાઈ ધ્વારા કેટલા તળાવો બનાવવાની મંજૂરી આપેલ છે, | (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નાની સિંચાઈ હેઠળ તળાવો બનાવવાની કોઈ મંજૂરી આપેલ નથી. |
| (૨) તેમાંથી કેટલી એજન્સીએ તળાવો બનાવ્યા, તેમાં શી ગેરરીતિઓ થઈ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો થઈ હોય તો એજન્સીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ઉકાઈ ડેમમાંથી લીંક કેનાલની કામગીરી

૪૨૫૫ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઉકાઈ ડેમમાંથી ઉકાઈ જમણા કાંઠા, ગોળધા લીંક કેનાલ કરવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા.૨૨-૦૯-૯૭ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાની કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) નહેર માટે સંપાદન કરવાની થતી જંગલની જમીન માટે વન વિભાગને દરખાસ્ત મોકલવામાં આવેલ છે જંગલની જમીન છૂટી થયેથી બજેટની ઉપલબ્ધિ મુજબ તબક્કાવાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) આ યોજના હેઠળ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલી છે ? | (૩) વર્ષ ૨૦૦૮-૦૯ માટે રૂપિયા ૧૦/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. |

---------

### વાંકાનેર, મોરબી અને માળીયા તાલુકામાં પડતર જમીનો ઉપર દબાણ દૂર કરવા મળેલ ફરિયાદ

૩૯૩૨ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર, મોરબી અને માળીયા તાલુકામાં ગામવાર સરકારી પડતર જમીન ઉપર થયેલ દબાણ દૂર કરવા કેટલી ફરિયાદો તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી છે, | (૧) (૧) મોરબી તાલુકો-ગામો-૧<br>(૨) માળીયા તાલુકો-ગામો-૦<br>(૩) વાંકાનેર તાલુકો-ગામો-૨૨<br>તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ. ૨૩ ફરિયાદો મળેલ છે. |

(૨) કઈ કઈ સરકારી પડતર અને સર્વે નંબરવાળી જમીન ઉપર દબાણ થયું છે, અને

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) આ દબાણ હટાવવા શાં શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

(૩) જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે.

**પત્રક**

**તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | સર્વે નંબર | જમીનનું ક્ષેત્રફળ | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મોરબી | વજેપર | ૧૪૧૫ | ૧૦૦ ચો.મી. | જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| ૨ | માળીયા | - | - | - | - |
| ૩ | વાંકાનેર | વાલાસણ | ૪૧ પે. | એ.૪-૦૦ ગુઠા | -,,- |
| | | વાલાસણ | ૪૧ પે. | એ.૪-૦૦ ગુઠા | -,,- |
| | | વાલાસણ | ૧૧૯ પે. | એ.૪-૦૦ ગુઠા | -,,- |
| | | વાલાસણ | ૧૧૯ પે. | એ.૪-૦૦ ગુઠા | -,,- |
| | | કોઠી | ૩૮૦/૧ પે. | એ.૧-૦૦ ગુઠા | -,,- |
| | | પીપળીયા અગાભી | ૪૨૦ પે. | એ.૦-૦૨ ગુઠા | -,,- |
| | | દિઘલયા | ૨૩ પે. | એ.૦-૨૨ ગુઠા | -,,- |
| | | ચિત્રાખડા | ૪૭/૧ પે. | એ.૦-૧૩ ગુઠા | -,,- |
| | | વાંકાનેર | ૧૪૭/૧ પે. | ૧૬૫.૫૫ ચો. મી. | -,,- |
| | | નવી કલાવડી | ૩૪૮ | એ.૬-૧૨ ગુઠા | -""- |
| | | નવી કલાવડી | ૫૧૯ પે. | એ.૫.૦૦ ગુઠા | જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| | | સિધાવદર | ૧૨૬ પે. | એ.૧.૦૦ ગુઠા | -""- |
| | | સિધાવદર | ૧૨૬ પે. | એ. ૧.૦૦ ગુઠા | -""- |
| | | ગારીડા | ૧૫૮ પે. | - | તપાસ હેઠળ |
| | | અદેપર | ૧૫૭ પે. | - | જમીન મહેસૂલ અધિનિયમ કલમ-૬૧ હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| | | ચંદ્રપુર | ૧૭૮ પે. | એ. ૦.૨૦ ગુઠા | દબાણ અગાઉ દૂર કરાવેલ છે. |
| | | ચંદ્રપુર | ૧૬૯ પે. | એ. ૦.૨૦ ગુઠા | ચોમાસા બાદ ઝુંપડાઓનું દબાણ હટાવવામાં આવશે. |
| | | ખેરવા | ૯૯.૧૬૪ | - | તપાસ હેઠળ |
| | | કોઠારીયા | ૩૩૪, ૩૪૬ | - | જમીન મહેસૂલ અધિનિયમ કલમ-૬૧ હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| | | મહીકા | ૫૦૧ | - | -""- |
| | | રાજસ્થળી | ૪૧/૧ | - | -""- |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | સર્વે નંબર | જમીનનું ક્ષેત્રફળ | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | તિથવા | ૮૫૧/૬ | - | રસ્તાનું દબાણ દૂર કરાવેલ છે. |
| | કુલ : | ૨૩ | - | - | |

---------

**વડોદરા જિલ્લાની મેઈન કેનાલોના વિસ્તારમાં સિંચાઈ સુવિધા**

૩૬૭૭ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી, ક્વાંટ, જેતપુર પાવી અને સંખેડા તાલુકાના નર્મદા મેઈન કેનાલની પૂર્વમાં આવેલ વિસ્તારના ગામોમાં સિંચાઈની સુવિધા આપવા રાજ્ય સરકારે તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૨) જો કોઈ આયોજન ન કરેલ હોય તો લીફ્ટ ઈરીગેશન યોજના ધ્વારા સિંચાઈ સુવિધા આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨)

સુખી તેમજ રામી જળાશય યોજના દ્વારા સિંચાઈ કરવામાં આવે છે તેમજ વધુ સિંચાઈ સુવિધા આપવા મોટા તથા નાના ચેકડેમોનું આયોજન કરેલ છે. તદઉપરાંત ચેકડેમ તથા સુખી જળાશય આધારિત કુલ-૭ લીફ્ટ ઈરીગેશન યોજના દ્વારા સિંચાઈની સુવિધા આપવાનું આયોજન છે.

---------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં વિજળી પડવાથી મૃત્યુ પામેલ પરિવારોને સહાય**

૪૨૮૭ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા. (હળવદ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૮ના વર્ષના ચોમાસા દરમિયાન સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં વીજળી પડવાથી કેટલા માણસોના મરણ થયા છે,

(૨) આ મૃત્યુ પામેલા વ્યક્તિઓના પરિવારને સરકારે કેટલી સહાય ક્યારે ચૂકવી,

(૩) આ પરિવારને જો સહાય ન ચૂકવવામાં આવી હોય તો તેના કારણો શાં છે, અને

(૪) આવી સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર - ૫ મરણ

રાજકોટ - ૪ મરણ

(૨) ૬ વ્યક્તિને વ્યક્તિ દીઠ રૂા. ૧.૦૦ લાખ લેખે જુન/જુલાઈ-૨૦૦૮માં કુલ રૂા. ૬.૦૦ લાખ ચૂકવવામાં આવેલ છે.

(૩) ૨ વ્યક્તિના મૃત્યુ તા. ૧૨-૯-૨૦૦૮ના રોજ થયેલ છે. પ્રાથમિક અહેવાલ આધારે વિગતવાર તપાસ બાકી હોઈ સહાય ચૂકવવાની બાકી છે. ૧ વ્યક્તિના કિસ્સામાં પોલીસ ફરિયાદ કે પી.એમ. થયેલ ન હોઈ કાયદેસરના વારસદારોને સહાય ચૂકવેલ નથી.

(૪) ૨ વ્યક્તિના કિસ્સામાં વિગતવાર તપાસ કરીને સહાય તાત્કાલિક ચૂકવવામાં આવશે.

---------

**મહિલાઓ માટે તાલુકા કક્ષાએ કાનૂની સહાય કેન્દ્રો**

૪૪૬૫ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં મહિલાઓને કાયદાકીય પ્રશ્નો તથા સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા તાલુકા કક્ષાએ કેન્દ્રો શરૂ કરવા વિચારેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કેન્દ્રો ચલાવતી સંસ્થાઓને કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ ?

(૨) હા, જી.

જિલ્લા કક્ષાના કેન્દ્રને મહત્તમ રૂા. ૨.૨૫ લાખ તથા તાલુકા કક્ષાના કેન્દ્રને મહત્તમ રૂા. ૧.૨૫ લાખ સહાયક અનુદાન આપવામાં આવે છે.

---------

## રાજ્યમાં ક્લેકટર કચેરીમાં રેકર્ડનું વર્ગીકરણ

૪૪૮૬ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ક્લેકટર કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ કયા જિલ્લાઓમાં બાકી રહેલ છે ?

**જવાબ**

મહેસાણા સિવાયના તમામ જિલ્લાઓમાં.

## ભાવનગર જિલ્લામાં જમીન માપણી કચેરીમાં ખાલી જગ્યાઓ

૩૮૦૮ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફિસમાં સંવર્ગવાર કેટલી ખાલી જગ્યાઓ કેટલા સમયથી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફિસમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| અ. નં. | સંવર્ગ | ખાલી જગ્યાની વિગત | | |
|---|---|---|---|---|
| | | | જગ્યા | કેટલા સમયથી |
| ૧ | સર્વેયર | તાલુકા સર્વેયરની ૮ જગ્યાઓ | ૧ | તા. ૬-૧-૨૦૦૬થી |
| | | | ૪ | તા. ૧-૫-૨૦૦૬થી |
| | | | ૧ | તા. ૫-૯-૨૦૦૭થી |
| | | | ૧ | તા. ૧-૪-૨૦૦૮થી |
| | | | ૧ | તા. ૧-૮-૨૦૦૮થી |
| | | | **કુલ : ૮** | |
| | | રીઝર્વ સર્વેયરની ૫ જગ્યાઓ | ૩ | તા. ૧-૫-૨૦૦૬થી |
| | | | ૧ | તા.૧૫-૮-૨૦૦૭થી |
| | | | ૧ | તા. ૧-૯-૨૦૦૭થી |
| | | | **કુલ : ૫** | |
| | | આસી. ડીસ્ટ્રી.. ઈન્સપેકટર લેન્ડ રેકર્ડ સર્વેયરની ૩ જગ્યાઓ | ૧ | તા. ૩૧-૮-૨૦૦૬થી |
| | | | ૧ | તા.૩-૮-૨૦૦૮થી |
| | | | ૧ | તા. ૩૦-૮-૨૦૦૮થી |
| | | | **કુલ : ૩** | |
| | | જમીન સંપાદન સર્વેયરની ૪ જગ્યાઓ | ૩ | તા. ૧-૫-૨૦૦૬થી |
| | | | ૧ | તા.૪-૧-૨૦૦૮થી |
| | | | કુલ : ૪ | |
| ૨ | જુનિયર ક્લાર્ક | જુનિયર ક્લાર્કની ૨ જગ્યાઓ | ૧ | તા. ૧-૫-૨૦૦૪થી |
| | | | ૧ | તા.૧૨-૫-૨૦૦૫થી |
| | | | **કુલ : ૨** | |
| ૩ | પટાવાળા | આઠ માસિક પટાવાળા | ૭ | તા. ૩૦-૪-૨૦૦૮થી |

(૨) ભાવનગર ખાતે આવેલ જમીન માપણી ઓફિસમાં ખેડૂતો ધ્વારા પોતાની જમીન માપણીની ફી

(૨) ૪૦૨

ભરેલ હોય તેવા કેટલા કેસોમાં જમીનની માપણી કરવાની બાકી છે ?

---------

## રાજ્યમાં કિશોરી શક્તિ યોજના અંગે

૪૬૮૯ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિશોરી શક્તિ યોજના હેઠળ રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮માં કેટલી કિશોરીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) આ યોજનાની વિગતો શું છે ?

**જવાબ**

(૧) (૧) ૩,૧૯૦૨૭- પૂરક પોષણ
(૨) ૨,૦૯૦૭૦ - વોકેશનલ ટ્રેનિંગ
(૩) ૪,૦૫૮૮૮ - આઇએફએ ટેબ્લેટ
(૪) ૨,૯૩૦૪૪-ન્યુટ્રીશ્યન હેલ્થ એજ્યુકેશન

(૨)રાજ્યના ૨૫ જિલ્લાઓમાં ૨૬૦ ઘટકોમાંઘટકદીઠ રૂા. ૧.૧૦ લાખના ખર્ચે આ યોજના અંતર્ગત ૧૧ થી ૧૮ વર્ષની કિશારીઓને આંગણવાડી ખાતે પુરકપોષણ તથા આયર્ન ફોલિક એસીડની ટેબ્લેટ આપવામાં આવે છે. તદ્ઉપરાંત કિશોરીઓને વોકેશનલ ટ્રેનિંગ તથા ન્યૂટ્રીશ્યન હેલ્થ એજ્યુકેશન પણ આપવામાં આવે છે.

--------

## સુરત જિલ્લામાં સરકારી છાત્રાલય શરૂ કરવા અંગે

૩૯૭૩ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેર તથા જિલ્લામાં કોઇ સરકારી કન્યા છાત્રાલય છે કે કેમ, અને

(૨) જો ના, તો સરકાર સુરત ખાતે કોલેજોની કન્યાઓ માટે સરકારી છાત્રાલય શરૂ કરવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી

(૨) ના, જી

--------

## રાજ્યમાં નર્મદા આધારિત પીવાનું પાણી

૩૯૯૨ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નર્મદા આધારિત પાઇપ લાઇનથી પાણી આપવા ૮૦૦૦ ગામો તેમજ ૧૬૫ શહેરોને પીવાનું પાણી આપવાનું લક્ષ્યાંક ૩૦ જુન, ૨૦૦૮ સુધીમાં પૂર્ણ થયું નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ૮૦૦૦ ગામડા અને ૧૬૫ શહેરો પેકી કેટલા ગામો અને શહેરોને પીવાનું પાણી ૩૦ જુન, ૨૦૦૮ સુધી પહોચ્યું નથી, અને

(૩) જો ના, તો તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ જિલ્લાવાર નક્કી કરાયેલા કેટલા ગામોમાં પીવાના પાણી માટેની નર્મદા પાઇપથી જોડાણ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) અંશતઃ સાચી

(૨) સુધારેલા આયોજન મુજબ હવે ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને નર્મદાનું પાણી આપવાનું છે તે પેકી ૫૨૦૬ ગામો અને ૮૯ શહેરોને પાણી પહોંચાડેલ છે.

(૩) ૩૦-૦૬-૦૮ની સ્થિતિએ જોડાણ આપવામાં આવેલ ગામોની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.ન | જિલ્લો | કુલ ગામ/શહેરો | જોડવામાં આવેલ |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૬૧૫/૮ | ૪૪૩/૭ |
| ૨ | ભાવનગર | ૭૯૦/૧૩ | ૭૮૫/૧૩ |
| ૩ | જુનાગઢ | ૯૨૩/૧૨ | ૩૨૨/૯ |
| ૪ | પોરબંદર | ૧૮૨/૫ | ૧૧/૦૦ |
| ૫ | રાજકોટ | ૮૪૪/૧૦ | ૪૩૨/૬ |
| ૬ | જામનગર | ૬૯૮/૧૬ | ૧૭૨/૪ |
| ૭ | કચ્છ | ૮૮૬/૮ | ૪૫૮/૮ |

| | | | |
|---|---|---|---|
| ૭ | કચ્છ | ૮૮૬/૮ | ૪૫૮/૮ |
| ૮ | સુરેન્દ્રનગર | ૬૫૦/૭ | ૩૯૩/૩ |
| ૯ | અમદાવાદ | ૫૪૬/૨૫ | ૫૦૭/૨૧ |
| ૧૦ | ગાંધીનગર | ૨૯૧/૪ | ૨૮૪/૩ |
| ૧૧ | મહેસાણા | ૪૭૧/૭ | ૪૪૮/૭ |
| ૧૨ | પાટણ | ૪૨૧/૫ | ૨૯૩/૪ |
| ૧૩ | બનાસકાંઠા | ૮૦૯/૨ | ૪૫૪/૨ |
| ૧૪ | સાબરકાંઠા | ૯૫૬/૬ | ૨૦૪/૨ |
| ૧૫ | પંચમહાલ | ૪૦૮/૩ | ૦૦/૦૦ |
| ૧૬ | નર્મદા | ૭૮/૦૦ | ૦૦/૦૦ |
| ૧૭ | ખેડા | ૬૫/૦ | ૦૦/૦૦ |
| | કુલ : | ૯૬૩૩/૧૩૧ | ૫૨૦૬/૮૯ |

## અમદાવાદ ખાતેના ગૌરવ પુરસ્કારના કલાકારોનું સન્માન

૩૮૫૧ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા લલિત કલા ક્ષેત્રના સિધ્ધહસ્ત કલાકારોને ગૌરવ પુરસ્કાર દ્વારા તાજેતરમાં અમદાવાદમાં કેટલા કલાકારો ક્યા ક્યા શહેરમાંથી સન્માનવામાં આવ્યા, અને

(૨) પસંદગી કમિટીમાં કેટલા સભ્યો છે?

**જવાબ**

(૧) કુલ : ૧૮ કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા. આ પૈકી ૯-અમદાવાદના, ૭-વડોદરાના તથા રાજકોટ અને જયપુરના એક એક કલાકારોને સન્માનવામાં આવ્યા છે.

(૨) ૬ (છ)

--------

## મહિલાઓને કાનૂની માર્ગદર્શન આપવા વ્યવસ્થા

૪૪૪૬ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મહિલાઓની સમસ્યાઓ માટે કાનૂની માર્ગદર્શન આપવા રાજ્યમાં શી વ્યવસ્થા છે, અને

(૨) આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરકાર આ દિશામાં આગળ વધવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં જિલ્લા મથકે અને તાલુકા મથકે વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે અને તેમાં મહિલાઓની સમસ્યા માટે કાનૂની માર્ગદર્શન આપવા માટે કાયદાના તજજ્ઞની સંસ્થા દ્વારા નિમણૂંક કરાવવામાં આવે છે.

(૨) હા, જી
૫૩ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોને સેટેલાઇટ કોમ્યુનીકેશનથી જોડવામાં આવેલ છે.

--------

## વડોદરા જિલ્લામાં નાબાર્ડ હેઠળ રસ્તાના કામો

૪૩૫૫ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય હસ્તકના કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળેલ છે, અને

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય હસ્તકના ૨૦ રસ્તાઓને રૂા. ૧૦૯૪-૦૦ લાખની મંજૂરી મળેલ છે.

(૨) મંજૂર રસ્તાઓ પૂર્ણ કરવાનું આયોજન શું છે?

(૨) ટેન્ડરમાં નિયત કરેલ સમય મર્યાદા અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**ડીસા ડીવીઝન સુજલામ સુફલામના સ્પ્રેડીંગ કેનાલના કામોનું ચૂકવણું**

૪૧૦૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળ સંપત્તિ વિભાગ હેઠળના ડીસા ડીવીઝનના સમો સબડીવીઝન હેઠળ સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલના ૨૮૯-૦૫ કી.મી. થી ૨૯૫-૯૪૫ કી.મી. ૨૭૬.૯૭૦ કી.મી., ૨૭૭.૬૭૦ કી.મી. થી ૨૭૮.૯૬૦ કી.મી., થી ૨૮૦.૯૧૦ કી.મી. ના મેજરમેન્ટ થયેલ જણાવી કામનું કઇ તારીખે કેટલા રૂપિયાનું ચૂકવણું કરેલ છે,

(૨) કામ કર્યા પહેલાં કેટલા રૂપિયા કઇ તારીખે ચૂકવણું કરેલ છે,

(૩) કોના દ્વારા ચૂકવણું થયેલ છે, અને

(૪) સરકાર આ બાબતે શી તપાસ કરવા માગે છે ?

**જવાબ**

(૧) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાં. ૨૮૯.૦૪૫ કી.મી. થી ૨૯૫.૯૪૫ કી.મી. વચ્ચેના માટીકામનું રૂા. ૪૮૦.૮૦ લાખનું ચુકવણું તા. ૧૬-૭-૦૭ના રોજ કરવામાં આવેલ છે.

(૨) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાં. ૨૭૬.૯૬૦ કી.મી. થી ૨૭૭.૬૭૦ કી.મી. અને સાં. ૨૭૮.૯૬૦ કી.મી. થી ૨૮૦.૯૧૦ કી.મી. વચ્ચેના માટીકામની કામગીરીમાં ચાર વચગાળાના બીલ તા. ૧૬-૯-૦૮ સુધીમાં રૂા. ૧૯૩.૨૧ લાખના નીચેની વિગતે ચૂકવવામાં આવેલ છે.

| | |
|---|---|
| તા. ૨૯-૨-૦૮ | રૂા. ૪૭.૫૧ લાખ |
| તા. ૨૪-૩-૦૮ | રૂા. ૮૬.૭૮ લાખ |
| તા. ૨૯-૮-૦૮ | રૂા. ૨૬.૦૦ લાખ |
| તા. ૧૬-૯-૦૮ | રૂા. ૩૨.૯૨ લાખ |
| કુલ | રૂા. ૧૯૩.૨૧ લાખ |

(૨), (૩) અને (૪) કામ કર્યા પહેલાં કોઈ ચુકવણું કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ઝાલોદ પી.ટી.સી. કોલેજ ખાતે અનુસૂચિત જાતિની કન્યાઓને ફીની પરત ચૂકવણી**

૩૬૫૬ **શ્રી દિતભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝાલોદ પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષની ફી પરત મળેલ નથી તેવી કેટલી ફરિયાદો સમાજકલ્યાણ અધિકારી ઝાલોદને તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં મળી છે,

(૨) આવી ફી સત્વરે પરત ચુકવાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ ફી પરત ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) સમાજ કલ્યાણ અધિકારી ઝાલોદની કોઈ કચેરી નથી, પરંતુ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, દાહોદની કચેરીમાં આવી કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

--------

**ઓક્ટ્રોય નાબૂદીથી મહાનગરપાલિકાને આર્થિક સહાય**

૪૭૧૫ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહાનગરપાલિકાઓમાંથી ઓક્ટ્રોય નાબૂદ થવાને પરિણામે મહાનગરપાલિકાઓને રાજ્ય સરકાર દ્વારા કોઇ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ ? | હા, જી. |

--------

**નવસારી જિલ્લામાં રસ્તાઓને મંજૂરી**

૪૩૬૯ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારે વરસાદ અને પૂરના કારણે વારંવાર ઓવરટોપીંગ તથા રાજ્ય ધોરીમાર્ગને બારમાસી બનાવવા સરકારશ્રીએ કોઇ આયોજન વિચારેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળી ? | (૨) ૪. રસ્તાના ૧૨ અનુભાગોને રૂા. ૬૦૭.૮૦ લાખની મંજૂરી મળેલ છે. |

--------

**ખાસ અંગભૂત યોજના હેઠળ પાટણ જિલ્લાના રસ્તાના કામો**

૪૪૦૩ **શ્રી રજનીકાન્ત પટેલ(ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાસ અંગભૂત યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં પાટણ જિલ્લામાં કેટલા રસ્તાઓ માટે કેટલી રકમ મંજૂર કરી, અને | (૧) ૪૭ રસ્તાઓ રૂા. ૨૪૩૮.૫૫ લાખના મંજૂર કરેલ છે. |
| (૨) આ કામગીરી તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ ક્યા તબક્કે છે અને ક્યારે પૂર્ણ થશે ? | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

--------

**આશારામ આશ્રમ ધ્વારા સરકારી જમીન પર થયેલ દબાણ**

૩૬૩૬ **શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર(ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં આશારામ બાપુ આશ્રમ માટે રાજ્ય સરકારે કેટલી જમીન ફાળવેલ છે, | (૧) ૨,૨૫,૭૫૯-૦૦ ચો.મી |
| (૨) આવી ફાળવેલ જમીનો ઉપરાંત વધારાની જમીનો ઉપર ગેરકાયદેસર દબાણો કરી સરકારી પચાવી પાડેલ દબાણ વાળી આ જમીનો કેટલા સમયમાં છૂટી કરશે, અને | (૨) ગેરકાયદેસર દબાણો દૂર કરવા પ્રવર્તમાન નિયમાનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી. |
| (૩) આવું વધારાનું દબાણ કરેલ હોય છતાં અધિકારીઓ તરફથી કોઇ પગલાં ન લેવાતાં સરકાર આવા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવા માંગે છે કે કેમ? | (૩) નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી નક્કી કરી શકાય. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

૪૪૩૧**વર્ષાબેન દોશી(વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ | (૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ ૪૬૨ |

| | |
|---|---|
| કેટલી અરજીઓ મળી, | અરજીઓ મળી, |
| (૨) તે પૈકી કેટલી મંજૂર થઇ, અને | (૨) તે પૈકી ૨૪૦ મંજૂર થઇ. |
| (૩) કેટલી મંજૂર થવાની બાકી છે ? | (૩) ૮૨ ચકાસણી હેઠળ બાકી છે. |

--------

**રાજ્ય ધોરીમાર્ગો બારમાસી બનાવવા અંગે**

૪૩૫૪ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભારે વરસાદ/પૂરના કારણે વારંવાર ઓવરટોપીંગ થતા રાજ્ય ધોરી-માર્ગોને બારમાસી બનાવવા સરકારે કોઇ આયોજન વિચાર્યુ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળી ? | (૨) બે રસ્તાના ૪ અનુભાગોને રૂા. ૮૨૪.૧૧ લાખની મંજૂરી મળેલ છે. |

--------

**નવસારી તથા વલસાડ જિલ્લામાં રેવન્યુ રેકર્ડમાં થયેલ અસંખ્ય ભૂલો**

૩૮૨૪ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| નવસારી તથા વલસાડ જિલ્લામાં રેવન્યુ રેકોર્ડનું પ્રમોલગેશન થયેલ છે, તેમ છતાં સ્થળ ઉપર સર્વે નંબર બીજાના ખાતામાં ઉમેરાવા, જમીન બીજાના નામે થવી જેવી અસંખ્ય ભૂલો રેવન્યુ રેકર્ડમાં થયેલ છે, જે બાબત સરકારના ધ્યાન પર છે કે કેમ ? | નવસારી જિલ્લામાં રેવન્યુ રેકર્ડના પ્રમોલગેશનની કામગીરી દરમ્યાન સર્વે નંબર બીજા ખાતામાં ઉમેરાવા જમીન બીજાના નામે થવી જેવી કોઈ ભૂલો ધ્યાને આવેલ નથી.<br>વલસાડ જિલ્લામાં સર્વે નંબર બીજાના ખાતામાં ઉમેરવા કે જમીન બીજાના નામે થવા જેવી ભૂલો રેવન્યુ રેકર્ડમાં થયેલ છે. જે બાબત ધ્યાન ઉપર આવેલ છે. સદર ભુલો અંગે ક્ષતિ સુધારવામાં આવી રહેલ છે. |

--------

**પાટણ તાલુકામાં દાંતીવાડા કેનાલનું સિંચાઇનું પાણી**

૪૨૬૩ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ તાલુકામાં દાંતીવાડા કેનાલમાંથી માઇનોર કેનાલમાં સિંચાઇનું પાણી આપવાનું સરકારે આયોજન કરેલ છે, તે હકીક્ત સાચી છે, | (૧) હાલમાં દાંતીવાડા જળાશયમાં પાણીનો જથ્થો અપૂરતો હોઇ, પાટણ તાલુકામાં સિંચાઇનું પાણી આપવાનું આયોજન કરેલ નથી. |
| (૨) જો હા, તો પાટણ તાલુકામાં કેટલી માઇનોર કેનાલો તેયાર છે, અને<br>(૩) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ધંધુકા તાલુકામાં પાણીની પાઇપ લાઇનમાં ભંગાણ**

૩૬૩૪ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૭ ના વર્ષમાં ધંધુકા તાલુકાના પીપળી ગામ પાસે પાણીની પાઇપમાં ભંગાણ પડતા કેટલાય ગામોના લોકોને પાણીની તંગી પડી છે તે માટે તથા ભંગાણ સાંધવા માટે શાં પગલાં લીધા છે, | (૧) ૨૦૦૭ના વર્ષમાં ધંધુકા તાલુકાના પીપળી ગામ પાસે પાણીની પાઇપમાં ભંગાણ પડેલ નથી ચોમાસાથી ઋતુમાં પાઇપની નીચે ધોવાણ થયેલ હતું. આમ છતાં જે તે ગામોને જરૂરિયાત મુજબ પીવાનું પાણી પુરૂં પાડવામાં આવેલ છે અને પાણી પુરવઠામાં કોઇ વિક્ષેપ પડેલ નથી. |
| (૨) આ ભંગાણ ક્યા કારણોસર પડ્યું હતું, અને | (૨) પાઇપમાં ભંગાણ પડેલ નથી પરંતુ ભારે વરસાદને કારણે નાળામાં પાણીના પ્રવાહને લીધે પાઇપ |

(૩) સરકારે તે માટે શું તજવીજ કરી છે ?

લાઇનની નીચે જમીનનું ધોવાણ થયેલ છે.
(૩) વરસાદી નાળાથી દૂર નવેસરથી પાઇપલાઇન નાંખવાની કામગીરી હાથ ધરેલ છે.

## ખાનપુર તાલુકામાં ભાદર સિંચાઇ યોજનાનો કમાન્ડ વિસ્તાર

૪૨૬૬ **શ્રી હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ ભાદર સિંચાઇ યોજનાનો કુલ કમાન્ડ વિસ્તાર કેટલો છે,
(૨) આ યોજના ક્યારે શરુ થઇ, અને
(૩) સીઝનમાં કેટલા વિસ્તારને કેટલી વખત સિંચાઇનો લાભ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૮૦૦૦ હેક્ટર.
(૨) માર્ચ - ૧૯૭૮ માં.
(૩) રવિ સીઝનમાં સરેરાશ ૩૦૦૦ હેક્ટર વિસ્તારને ૪ થી ૫ પાણીનો સિંચાઇનો લાભ આપવામાં આવે છે.

--------

## વડોદરા જિલ્લામાં કાંસ સુધારણા પાછળ ખર્ચ

૪૦૬૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં કાંસ સુધારણા કાર્યક્રમ હેઠળ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ કેટલા કાંસ સુધારવામાં આવ્યા, અને
(૨) આ સુધારણા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) એક પણ નહીં.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## રાજ્યમાં મહિલાઓના નામે મિલક્ત ખરીદીના દસ્તાવેજો

૩૯૦૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિલાઓના નામે મિલક્ત ખરીદીના કેટલા દસ્તાવેજો થયેલ છે,
(૨) મહિલાઓને આનાથી સ્ટેમ્પ ડ્યુટી ઓછી થવાનો કેટલો લાભ થયો, અને
(૩) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં મહીલાઓનાં નામે કુલ-૧,૯૩,૧૭૯ દસ્તાવેજો થયેલ છે.
(૨) સરકારશ્રીએ મહીલાઓની તરફેણમાં થતા દસ્તાવેજોમાં સ્ટેમ્પ ડ્યુટી માફીનો લાભ આપેલ નથી, પરંતુ તારીખ : ૧૧-૬-૦૪ થી નોંધણી ફી ભરપાઇ કરવામાંથી માફી આપેલ છે.
(૩) જેનાંથી તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં રૂા. ૪૫,૪૫,૧૫,૮૩૨/- (અંકે રૂપિયા પિસ્તાલીસ કરોડ પિસ્તાલીસ લાખ પંદર હજાર આઠસો બત્રીસ પૂરા) ની નોંધણી ફી માફીનો લાભ આપેલ છે.

--------

## રજીસ્ટર્ડ દસ્તાવેજના પત્રકોના ઝડપી અમલીકરણ બાબત

૩૮૨૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રજીસ્ટર્ડ દસ્તોવેજથી થતી સ્થાવર મિલક્તની તબદીલીની ગ્રામ્ય વિસ્તારમાં ગામ નમુના નંબર-૬ તથા ૭-૧૨ અને શહેરી વિસ્તારમાં પ્રોપર્ટી કાર્ડ જેવા મહેસૂલી દફ્તરે નોંધ કરાવવાની જવાબદારી કાયદા પ્રમાણે સ્થાવર મિલક્ત તબદીલ કરાવનારની નથી ત્યારે તેવી નોંધ પાડવા દસ્તાવેજ નોંધણી અધિકારીશ્રી તરફથી સંબંધિત

**જવાબ**

(૧) હા, જી,
નોંધણી અધિકારીશ્રી તરફથી ગ્રામ્ય વિસ્તારના સ્થાવર મિલક્ત તબદીલીના દસ્તાવેજોની નોંધણીના આધારે અ-એફ પત્રક સ્વરૂપે સંબંધિત મામલતદારશ્રીને દર માસને અંતે ગ્રામ્ય દફ્તરે નોંધ પાડવા સારૂ મોકલી આપવામાં આવે છે તથા શહેરી વિસ્તારના સ્થાવર મિલક્ત

ગામ/શહેરની સ્થાવર મિલક્ત તબદીલીના માસિક પત્રકો સંબંધિત મામલતદારશ્રીને મોક્લવામાં આવે છે તે હકીક્ત ખરી છે,

(૨) જો ના, તો તેના શું કારણો છે, અને

(૩) જો હા, તો આવા પત્રકોનું ઝડપી અમલીકરણ કરવામાં થતો ભારે વિલંબ નિવારવા શું પગલાં લેવામાં આવ્યા છે ?

તબદીલીના દસ્તાવેજોની નોંધણીના આધારે સીટીએસ પત્રક સ્વરૂપે સંબંધિત સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીને દર માસને અંતે દફ્તરે પ્રોપર્ટી કાર્ડમાં નોંધ પાડવા સારૂ મોક્લી આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવા પત્રકોના ઝડપી અમલીકરણ માટે ""અ"" ""એફ"" પત્રકો તથા સીટીએસ પત્રકો કોમ્પ્યુટરાઈઝડ સીસ્ટમ હેઠળ તૈયાર કરવામાં આવે છે. તથા રાજ્યના તમામ નોંધણી અધિકારીશ્રીઓને આ પત્રકો પ્રત્યેક માસના પહેલાં અઠવાડીયામાં તૈયાર કરી સંબંધિત મામલતદારશ્રી તથા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને મોક્લી આપવા અત્રેથી સુચનાઓ આપવામાં આવેલ છે.

--------

## વનબંધુ યોજના અન્વયે ભિલોડા તાલુકામાં રસ્તાના કામો

૪૨૮૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકા માટે કુલ કેટલા રસ્તાઓ મંજૂર કરી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) એમાંથી તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલા રસ્તાઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૭૪ રસ્તાઓ અંદાજી રકમ રૂા. ૩૫૭૫.૩૦ લાખના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ૧૪ રસ્તાઓનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં ચેકડેમો બનાવવાનું આયોજન

૪૭૨૮ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમ બનાવવાનું સરકારનું આયોજન છે, અને

(૨) જો હા, તો ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની કામગીરીની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| તા. ૧-૯-૦૬ થી તા. ૩૧-૮-૦૭ | | તા. ૧-૯-૦૭ થી તા. ૩૧-૮-૦૮ | | |
|---|---|---|---|---|
| પુર્ણ ચેકડેમ | પ્રગતિ હેઠળ | પુર્ણ ચેકડેમ | પ્રગતિ હેઠળ | ટેન્ડર સ્ટેજ હેઠળ |
| ૧ | ૨ | ૨ | ૮ | ૩ |

---------

## માર્ગ અને મકાન વિભાગમાં તાંત્રિક કર્મચારીઓનું મહેકમ

૪૨૬૨ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માર્ગ અને મકાન ટેસ્ટ અને પંચાયતના તાંત્રીક કર્મચારીઓનું મહેકમ કેટલું, | (૧) વર્ગ-૧ : ૧૭૪<br>વર્ગ-૨ : ૧૯૦૭<br>વર્ગ-૩ : ૨૭૯૫<br>વર્ગ-૪ : ૩૭૭ |
| (૨) તે પૈકી તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી જગ્યા ખાલી છે, | (૨) વર્ગ-૧ : ૪૫<br>વર્ગ-૨ : ૪૩૦<br>વર્ગ-૩ : ૮૫૫<br>વર્ગ-૪ : ૭૨ |
| (૩) મંજૂર થયેલ કામની રકમ પ્રમાણે નિયમ મુજબ કેટલા કર્મચારીની જરૂરીયાત હોય છે, | (૩) મંજૂર થયેલ કામની રકમ પ્રમાણે કર્મચારીઓ ફાળવવાની જોગવાઈ નથી. |
| (૪) જો આવા પૂરતા કર્મચારી ન હોય તો કામની ગુણવત્તા પર તેની શું અસર થાય છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## નગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબુદીથી ગ્રાન્ટ ફાળવવા અંગે

૩૯૭૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે નગરપાલિકાઓમાંથી ઓક્ટ્રોય નાબૂદ કર્યા પછી સરકાર તરફથી સમયસર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સમયસર ગ્રાન્ટ ન ફાળવતા વિકાસના કામો ઉપર ગંભીર અસરો પડે છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## કલોલ નગરને પાણી પુરવઠો પહોંચાડવા પાઈપ લાઈન

૪૪૪૭ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલોલ નગર પાલિકાને પીવાના પાણીનો પુરવઠો સિંચાઈની લાઈનમાંથી પંપીગ સ્ટેશન ચાલુ કર્યાના ૧૦ કલાક બાદ મળે છે, જે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) ના, જી. આ બાબત સાચી નથી. |
| (૨) જો હા, તો પાણી પુરવઠાની ૧૮૦૦ મીટર પાઈપ લાઈન અધૂરી છે, તે પૂરી કરવા સરકારે જોગવાઈ કરી છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરી ક્યારે પૂરું કરવામાં આવશે ? | (૩) નવેમ્બર-૨૦૦૮ થી શરૂ કરી ચાલુ નાણાકિય વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

## સુરત જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ રસ્તાના કામો

૪૩૭૧ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાબાર્ડ યોજના હેઠળ હયાત ડામર સપાટીવાળા રસ્તાઓની સુધારણા અને મજબૂતીકરણની કામગીરી વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં સુરત જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા | (૧) સુરત જિલ્લાના કુલ:૫૮ કામો રૂપિયા ૫૬૫૫-૨૯ લાખના મંજૂર કરેલ છે. |
| (૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) ઉપરોક્ત કામો પેકી ૫૭ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ૧ (એક) કામ ડ્રોપ કરેલ છે. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | (૩) ટેન્ડર મંજૂરી બાદ જેમ બને તેમ સત્વરે. |

---------

## કચ્છ જિલ્લામાં બાકી તુમારો

૪૩૭૭ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કલેકટર કક્ષાએ કેટલા તુમારો બાકી છે ? | ૧૭૦૬ |

---------

## વાસ્મો સંસ્થાને રાષ્ટ્રીય એવોર્ડ

૪૭૦૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા વાસ્મો સંસ્થાને તા.૩૧-૮-૦૮ સુધીમાં કોઈ રાષ્ટ્રીય એવોર્ડ મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મુખ્યત્વે કઈ કામગીરી માટે એવોર્ડ આપવામાં આવેલ છે ? | (૨) રાજ્યમાં પીવાના પાણીના ક્ષેત્રે વ્યાપક લોકભાગીદારીની કામગીરી માટે રાજ્ય સરકારની સંસ્થા ""વાસ્મો""ને રાષ્ટ્રિય કક્ષાનો ""લોક પ્રસાશનમાં ઉત્કૃષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર"" આપવામાં આવેલ છે. |

---------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ કામગીરી

૪૧૧૫ **શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા)** : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ સ્વજલ ધારા હેઠળ ભરૂચ અને નર્મદા જિલ્લામાં કેટલી ગ્રામ્ય પંચાયતોને આ યોજના હેઠળ આવરી લીધેલા છે, અને

(૧) સ્વજલધારા કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં ૮૪ ગ્રામ પંચાયતોની ૮૬ ગામ / ફળિયાઓની યોજનાઓને અને નર્મદા જિલ્લામાં સ્વજલ ધારા હેઠળ એકપણ નહી પરંતુ રાજ્ય સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ ૯૪ ગ્રામ પંચાયતોની ૧૩૨ ગામ / ફળિયાઓની યોજનાઓને આવરી લીધેલ છે.

(૨) તેની કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે ?

(૨)

| જિલ્લો | યોજના પૂર્ણ | યોજના પ્રગતિમાં |
|---|---|---|
| ભરૂચ | ૧૦ | ૭૬ |

| | | |
|---|---|---|
| (સ્વજલધારા કાર્યક્રમ) | | |
| નર્મદા<br>રાજ્ય(સરકારની સેકટર રીફોર્મ યોજના) | ૯ | ૧૨૩ |

---------

**જામનગર જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલીવાળા ગામો**

૪૦૯૮ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર શહેર અને જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની કાયમી મુશ્કેલીઓ ધરાવતા કેટલા ગામો તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છે, અને

(૨) આવા ગામોમાં પીવાના પાણીની કાયમી અછત દૂર કરવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૧ ગામ તાલુકો કલ્યાણપુર.

(૨) આ ગામને જળાશય આધારિત જૂથ યોજના હેઠળ આવરી લઇને ચાલુ નાણાંકિય વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**સુજલામ સુફલામ યોજનામાં ગેરરીતિ અન્વયે અહેવાલ**

૪૪૭૫ **શ્રી હરીભાઈ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ યોજનામાં થયેલ વ્યાપક ગેરરીતિ અન્વયે સરકારે તપાસ સમિતિની રચના કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૮-૦૮ સુધીમાં તપાસ સમિતિની કેટલી વખત બેઠકો મળી, અને

(૩) રાજ્ય સરકારને આ સમિતિએ અહેવાલ આપ્યો છે કે કેમ ?

**જવાબ**

(૧) હા જી.

(૨) કુલ-૧૫ (પંદર).

(૩) હા જી.

**વીરપુર તાલુકામાંથી પસાર થતી સુજલામ સુફલામ યોજના હેઠળ રસ્તા માટે પડતી મુશ્કેલી**

૩૬૪૬ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વિરપુર તાલુકામાંથી પસાર થતી સુજલામ સુફલામ યોજનાને કારણે નજીકના ગામોને જવા-આવવા માટે રસ્તા મૂકેલા નથી તેથી આમ જનતાને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ રસ્તા મૂકવા સરકારે શા પગલાંઓ લીધા છે?

**જવાબ**

(૧) અને (૨) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલને ક્રોસ કરતા રસ્તાઓ ઉપર પુલ બનાવવામાં આવેલ છે. તેમ છતાં, ખેતરોમાં, સ્કૂલ અને ડેરી વિગેરે સ્થળોએ જવા-આવવા માટે લોકો દ્વારા ફૂટબ્રીજની માંગણી થયેલ છે. આ માંગણી અનુસાર કુલ ૮ ફૂટબ્રીજ કરવાનું આયોજન છે. જે પૈકી ૧ ફૂટબ્રીજનું કામ પ્રગતિમાં છે. બાકી ૭ ફૂટબ્રીજ માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની મળેલ અરજીઓ**

૪૨૪૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ઓગષ્ટ, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી જૂની શરતમાં ફેરફાર કરવા માટેની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૩૧ ઓગષ્ટ, ૨૦૦૮ની |
|---|---|---|
| ૧ | જંબુસર | ૧૪૮ |
| ૨ | આમોદ | ૨૫ |

| | | |
|---|---|---|
| ૨ | આમોદ | ૨૫ |
| ૩ | વાગરા | ૨૮ |
| ૪ | ભરૂચ | ૦૫ |
| ૫ | અંકલેશ્વર | ૩૧ |
| ૬ | હાંસોટ | ૩૨ |
| ૭ | વાલીયા | ૧૭ |
| ૮ | ઝઘડીયા | ૩૩ |
| | કુલ : | ૩૧૯ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા કિસ્સાઓમાં મંજૂરી આપવામાં આવી,

(૨)

| ક્રમ | તાલુકો | આપેલ મંજૂરીઓ |
|---|---|---|
| ૧ | જંબુસર | ૧૦૪ |
| ૨ | આમોદ | ૨૧ |
| ૩ | વાગરા | ૨૮ |
| ૪ | ભરૂચ | ૦૫ |
| ૫ | અંકલેશ્વર | ૦૭ |
| ૬ | હાંસોટ | ૨૯ |
| ૭ | વાલીયા | ૧૧ |
| ૮ | ઝઘડીયા | ૩૩ |
| | કુલ : | ૨૩૮ |

(૩) કેટલા કેસો પડતર છે, અને

(૩)

| ક્રમ | તાલુકો | પડતર કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૪૪ |
| ૨ | આમોદ | ૦૪ |
| ૩ | વાગરા | -- |
| ૪ | ભરૂચ | -- |
| ૫ | અંકલેશ્વર | ૨૪ |
| ૬ | હાંસોટ | ૦૩ |
| ૭ | વાલીયા | ૦૬ |
| ૮ | ઝઘડીયા | -- |
| | કુલ : | ૮૧ |

(૪) મંજૂર ન થવાના કારણો શાં છે ?

(૪) જરૂરી પૂર્તતા ન થવાને કારણે.

---------

**માંડવી, ભૂજ અને નખત્રાણા તાલુકામાં પંડિત દિનદયાળ આવાસ યોજનાના લાભાર્થીઓ**

૩૮૨૭ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી, ભૂજ અને નખત્રાણા તાલુકામાં પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલી રકમ લાભાર્થીઓને ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| માંડવી | -- |
| ભૂજ | ૧૨ |
| નખત્રાણા | ૫૮ |
| કુલ : | ૭૦ |

(૨) ૪૮ અરજીઓ મંજૂર કરી રૂા. ૧૨.૨૦ લાખ સહાય ચૂકવી.

---------

## મહિલાઓને કાનૂની માર્ગદર્શન આપવા અંગે તાલુકાવાર શરૂ કરેલ કેન્દ્રો

૪૨૪૮ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલાઓને કાયદાકીય પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકાકક્ષાએ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલાં અને ક્યા ક્યા કેન્દ્રો છે, કઇ કઇ સંસ્થા સંચાલિત છે, અને

(૩) આ સંસ્થાઓને તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઇ કઇ બાબતે આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તાપી જિલ્લામાં કુલ-૩ કેન્દ્રો છે, જે નીચેની સંસ્થાઓ દ્વારા તાલુકાવાર સંચાલિત છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | નિઝર | ગુજરાત એસોશીએશન ફોર રુરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ |
| ૨ | સોનગઢ | શ્રી સેવા ઉત્તેજક ટ્રસ્ટ |
| ૩ | ઉચ્છલ | આદિવાસી મહિલા ઉત્કર્ષ સમિતિ |

(૩) નીચે મુજબની ગ્રાન્ટ કર્મચારીના પગાર, તાલીમ, શિબિર, મહિલા કલ્યાણ માટે પ્રચાર, પ્રસાર પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ માર્ચ થી મે |
|---|---|---|---|---|---|
| ૧ | નિઝર | ગુજરાત એસોશીએશન ફોર રુરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ | - | ૫૪૭૫૦ | ૩૧૦૦૦ |
| ૨ | સોનગઢ | શ્રી સેવા ઉત્તેજક ટ્રસ્ટ | - | ૫૦૯૨૮ | ૩૧૨૫૦ |
| ૩ | ઉચ્છલ | આદિવાસી મહિલા ઉત્કર્ષ સમિતિ | - | ૫૪૫૦૦ | ૩૧૨૫૦ |

---------

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદાનું પીવાનું પાણી

૪૨૭૧ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કેટલા તાલુકાઓના કેટલા ગામોને પીવાના પાણી માટે નર્મદાના પાણીનો લાભ મળનાર છે,

(૨) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ બનાસકાંઠાના ક્યા તાલુકાઓને નર્મદાના પાણી પીવાના પાણી તરીકે લાભ મળતો થયો છે, અને

(૩) બાકીના તાલુકાઓને નર્મદાનું પાણી પીવાનું પાણી તરીકે મળતું થાય તે માટે શું આયોજન કરાયું છે ?

**જવાબ**

(૧) ૧૧ તાલુકાના ૮૦૯ ગામોને.

(૨) અને (૩) કાંકરેજ, દાંતા, વડગામ અને પાલનપુર તાલુકાઓને અંશતઃ લાભ મળતો થયો છે. આ તાલુકાઓના બાકીના ગામો તથા દિયોદર, થરાદ, વાવ, ભાભર, ડીસા, દાંતીવાડા અને અમીરગઢ તાલુકાઓના ગામો માટે જૂથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી આપવાનું આયોજન છે.

---------

## સેઝ માટે સંપાદન કરેલ જમીન

૪૧૫૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થપાઇ રહેલ ૫૧ સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન ડેવલપ કરવા માટે તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યના ક્યા જિલ્લામાંથી કુલ કેટલી જમીન ક્યારે સંપાદન કરવામાં આવી, | (૧) રાજ્યમાં સ્થપાઇ રહેલ ૫૧ સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન ડેવલપ કરવા માટે તા. ૩૧-૭-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન નીચે દર્શાવેલા માત્ર બે જિલ્લામાં ખાનગી જમીનો સંપાદન કરવામાં આવેલ છે.<br>(૧) જામનગર જિલ્લામાં હે. ૨૬૨૫.૪૬.૧૬ ચો.મી. જમીન તા. ૧૬-૬-૦૮ના એવોર્ડથી અને<br>(૨) સુરત જિલ્લામાં હે. ૧૨૪.૫૬.૪૯ ચો.મી. જમીન તા. ૨૧-૧-૦૮ના એવોર્ડથી સંપાદન કરવામાં આવી. |
| (૨) સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે જમીન સંપાદન કરવાના માપદંડ શું છે, અને | (૨) સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન માટે જમીન સંપાદન કરવા સારુ ઓછામાં ઓછી-<br>(૧) મલ્ટીપ્રોડક્ટસ ૧૦૦૦ હેક્ટર.<br>(૧એ) મલ્ટીપ્રોડક્ટસ (ફક્ત સર્વિસીઝ માટે) ૧૦૦ હેક્ટર અથવા વધુ.<br>(૨) સેક્ટર સ્પેશીફીક અથવા (જ્યાં પોર્ટ અથવા એરપોર્ટમાં હોય) ૧૦૦ હેક્ટર અથવા વધુ.<br>(૩) ઇલેક્ટ્રોનીક હાર્ડવેર, સોફ્ટવેર અને આઇટી સ્પેસીફિક-૧૦ હેક્ટર અથવા વધુ જ્યાં બિલ્ટઅપ પ્રોસેસીંગ એરિયા એક લાખ ચો.મી. હોય.<br>(૪) બાયોટેક, એનસીઇએસ જેમ્સ જ્વેલરી-૧૦ હેક્ટર અને વધુ<br>(૫) ફ્રી ટ્રેડ અને વેરહાઉસિંગ ૪૦ હેક્ટર અને વધુ જ્યાં બીલ્ટઅપ ક્ષેત્રફળ એક લાખ ચો. મી. થી ઓછો ન હોય.<br>આ જમીનો ખુલ્લી અને સળંગ હોવી જોઇએ. |
| (૩) આ શરતોને આધીન રહી ખેતી વિષયક હેતુ માટે સરકાર જમીન આપવા માંગે છે કે કેમ ? | (૩) જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪માં આ અંગે કોઇ જોગવાઇ નથી. |

---------

## જંબુસર તાલુકામાંથી પસાર થતા દાંડી માર્ગ ઉપર થયેલ દબાણો

૩૮૪૬ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરુચ જિલ્લાના જંબુસર તાલુકામાંથી દાંડી માર્ગ પસાર થતો હોય તેના ઓરીજનલ નકશા પ્રમાણે માર્ગની અંદર થયેલા દબાણો દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ શાં પગલાં લીધા, અને<br>(૨) કેટલા દબાણો દૂર કર્યા ? | (૧) અને (૨) દાંડી યાત્રા દરમ્યાન મહાત્મા ગાંધીજી હયાત રસ્તાઓ ઉપરાંત નદીના પટ, ખાનગી ખેતરો, ગાડામાર્ગ વગેરે ઉપરથી પસાર થયેલ હતા. તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ દાંડીમાર્ગનો ભાગ થતો હોય તેવા હયાત રસ્તાઓનો હવાલો ભારત સરકારના એન.એચ.એ.આઇ. પાસે છે. ભારત સરકાર દ્વારા આ રસ્તાનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ તેયાર કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. ત્યારબાદ રસ્તાની જમીન ઉપરના જો કોઇ દબાણો હોય તો તે દુર કરવાની કાર્યવાહી થઇ શકશે. |

## જામનગર જિલ્લામાં નિરાધાર સહાય માટે અરજીઓ

૪૪૧૩ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી મંજૂર થવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ ૧૦૪૦ અરજીઓ આવી, અને

(૨) તે પૈકી ૫૭૧ મંજૂર થઇ અને ૪૭ મંજૂર થવાની બાકી છે.

## મેઘરજ અને માલપુર તાલુકામાં પીવાના પાણીની તકલીફ

૪૪૪૩ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મેઘરજ અને માલપુર તાલુકાના વિસ્તારના લોકો માટે પીવાના પાણીની તકલીફ કાયમી ધોરણે દૂર થાય તેવી કોઈ યોજના રાજ્ય સરકાર ધ્વારા અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના કઈ છે અને તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) પીવાના પાણીની કાયમી તકલીફ દૂર થાય તે માટે લાંબા ગાળાના આયોજન તરીકે જળાશયો આધારિત ૪ યોજનાઓનું આયોજન કરેલ છે.

(૨) નીચે મુજબ

| ક્રમ | યોજનાનું નામ | તાલુકાના સમાવિષ્ટ ગામ/શહેર | |
|---|---|---|---|
| | | મેઘરજ ગામ/શહેર | માલપુર ગામ/શહેર |
| ૧ | વાત્રક જળાશય આધારિત માલપુર તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજના | ૦૦ | ૭ |
| ૨ | વાત્રક જળાશય આધારિત મેઘરજ તેમજ માલપુર તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજના | ૪૫ | ૭૫/૧ |
| ૩ | માઝુમ જળાશય આધારિત મેઘરજ તેમજ માલપુર તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજના | ૬૧/૧ | ૧૬ |
| ૪ | મેશ્વો જળાશય આધારિત મેઘરજ તેમજ માલપુર તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજના | ૨૧ | ૦૦ |
| | કુલ :- | ૧૨૭/૧ | ૯૮/૧ |

## વલ્લભીપુર ઉમરાળાના રસ્તાને પહોળો કરવા અંગે

૪૩૮૮ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના વલ્લભીપુર, ઉમરાળા, રંઘોળા રસ્તાને પહોળો કરવા તથા સપાટી સુધારણા કરવા સરકારે કોઈ આયોજન વિચારેલ છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો શું આયોજન કરેલ છે, અને

(૨) રસ્તાને ૬.૧૦ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવાનું આયોજન કરેલ છે

(૩) આ કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૩) વહીવટી પ્રક્રિયામાં

## જામનગર જિલ્લામાં રસ્તાઓનું રિસરફેસીંગ

૪૩૬૬ **શ્રી લાલજીભાઈ સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સાત વર્ષથી વધુ સમયથી રિસરફેસીંગ ન થયેલ રાજ્ય વિભાગ હસ્તકના કેટલા કિલોમીટર લંબાઈના રસ્તાઓ છે, | (૧) ૭૩.૨૫ કિલોમીટર |
| (૨) આ લંબાઈ પૈકી વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા કિલોમીટર લંબાઈની કામગીરીને કેટલી રકમની મંજૂરી અપાઈ, કઈ યોજનામાંથી, અને | (૨) આ પૈકી ૪૫.૬૫ કિલોમીટર લંબાઈની કામગીરીને રૂા. ૧૦૩૨.૦૦ લાખની રકમની મંજૂરી ખાસ મરામત યોજના હેઠળ અપાયેલ છે. |
| (૩) મંજૂરી અપાયેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી. |

## ટુકડા ધારાથી ઊભી થયેલ હાડમારીઓ

૪૪૭૬ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટુકડાધારો રાજ્યમાંથી દૂર કરવા સરકાર શું પગલાં લેવા ધારે છે, અને | (૧) હાલ બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) ટુકડાધારાથી ઊભી થતી હાડમારીઓ દૂર કરવા શહેરી વિસ્તારો માટે શું સુધારો કરેલ છે ? | (૨) શહેરી વિસ્તારો માટે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ હેઠળ ટાઉન પ્લાનીંગ સ્કીમ પ્રાથમિક તબક્કે રજૂ થયેલ હોય કે ટાઉન પ્લાનીંગ સ્કીમ આખરી થયેલ હોય તેવા વિસ્તારોમાં ટુકડાધારાનો અમલ મોકૂફ રાખવાનો સરકારે તા. ૫-૯-૨૦૦૮ના જાહેરનામાથી સુધારો કરેલ છે. |

## ખંભાળીયા ભાણવડ રોડના મજબૂતીકરણની દરખાસ્ત

૩૬૧૬ **શ્રી મેઘજીભાઈ કણઝરીયા(ખંભાળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખંભાળીયા-ભાણવડ રોડના ૦-૨૭ કિ.મી. ના બાકી મજબૂતીકરણ માટેની દરખાસ્તને ક્યાં સુધીમાં મંજૂરી આપવામાં આવશે ? | ખંભાળીયા-ભાણવડ રોડના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કી.મી. ૪/૬થી ૨૮/૪ના મજબૂતીકરણની કામગીરી મંજૂર કરવા હાલ કોઈ આયોજન નથી. |

## ગરબાડા તાલુકામાં ગાગડી રોડ પર પુલનુ બાંધકામ

૪૦૫૭ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકામાં ગરબાડા ગાગડી રોડ પર પુલનું બાંધકામ કરવા માટે તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી સરકારને મળી, | (૧) દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકામાં ગરબાડા ગાંગરડી રોડ પર પુલનું બાંધકામ કરવા માટે તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાંચ માંગણી સરકારને મળેલ છે. |

(૨) મળેલ માંગણી અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ પૂલનું કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

(૨) અને (૩) સદર રસ્તા પર હયાત ડુબાઉ પુલ છે. ભવિષ્યમાં નાણાકિય ઉપલબ્ધતા તથા રસ્તાની અગત્યતા ધ્યાને લઈ પુલ બાંધવાનું આયોજન વિચારવામાં આવશે.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં બિસ્માર માર્ગોની મરામત**

૩૬૩૩ **શ્રી રામસિંહ પ્ર.પરમાર(ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર પંચાયત તથા સ્ટેટ હસ્તકના કેટલા માર્ગોની મરામત કામગીરી કરવાની બાકી છે, અને

(૨) આવા બિસ્માર માર્ગોની મરામત સત્વરે થાય તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં જરૂરીયાત મુજબ મરામત કરી રસ્તાઓ વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લાના ધોરીમાર્ગને બારમાસી બનાવવા અંગે**

૪૪૦૬ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારે વરસાદ અને પૂરને કારણે વારંવાર ઓવરટોપીંગ થતાં રાજ્ય ધોરી માર્ગોને બારમાસી બનાવવા સરકારે કોઈ આયોજન વિચારેલ છે, અને

(૨) જો હા, તો આ માટે અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બે રસ્તાના પાંચ અનુભાગને રૂા. ૨૮૩.૦૦ લાખની મંજૂરી મળેલ છે.

---------

**રાજ્યમાં શોચાલયો બાંધવા નોડલ એજન્સી નક્કી કરવા અંગે**

૩૯૩૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં સસ્તા પ્રકારના શોચાલય બાંધવા માટે કેટલી નોડલ એજન્સીઓ નક્કી કરવામાં આવેલ છે,

(૨) તે એજન્સી ધ્વારા ક્યા શહેરમાં કેટલા સસ્તા પ્રકારના શોચાલયો લાભાર્થીઓને બાંધી આપેલ છે,

(૩) ક્યા શહેરમાં તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ મળેલ છે, અને

(૪) તેમની જન સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) શહેરી રસ્તાઓમાં સસ્તા પ્રકારના શોચાલય બાંધવા માટે કુલ ૨૧ નોડલ એજન્સીઓ નક્કી કરવામાં આવેલ છે.

(૨) આ એજન્સીઓ મારફતે ૧૬૮ શહેરોમાં કુલ ૧,૧૧,૮૩૧ શોચાલયો બનાવવામાં આવ્યા છે.

(૩) તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૯,૮૦૩ લાભાર્થીને લાભ મળેલ છે.

(૪) કુટુંબ દીઠ ૬ ની જનસંખ્યાના અંદાજે છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૩૮,૮૧૮ની જનસંખ્યાને લાભ મળેલ છે.

---------

## આણંદ જિલ્લામાં મહેસૂલી કચેરીઓમાં સંવર્ગવાર ખાલી જગાઓ

૪૪૭૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ મામલતદાર, પ્રાંત તથા કલેકટર જેવી મહેસૂલ કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) સંવર્ગવાર કેટલી જગ્યાઓ, કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧)

| સંવર્ગનું નામ | મંજૂર મહેકમની સંખ્યા |
|---|---|
| નાયબ કલેકટર, વર્ગ-૧ | ૧૦ |
| મામલતદાર, વર્ગ-૨ | ૧૫ |
| નાયબ મામલતદાર, વર્ગ-૩ | ૧૩૯ |
| કલાર્ક | ૯૨ |
| કલાર્ક-કમ ટાઈપીસ્ટ, વર્ગ-૩ | ૧૪ |
| ટાઈપીસ્ટ, વર્ગ-૩ | ૦૭ |
| ડ્રાઈવર, વર્ગ-૩ | ૦૭ |
| પ્યુન કમ ડ્રાઈવર, વર્ગ-૪ | ૦૯ |
| પટાવાળા | ૪૬ |

(૨)

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|
| નાયબ કલેક્ટર વર્ગ--૧ | ૦૧ | ચાર માસથી |
| મામલતદાર, વર્ગ-૨ | ૦૪ | એક જગ્યા એક વર્ષથી અને બાકીની છેલ્લા ત્રણ માસ દરમ્યાન ખાલી પડેલ છે. |
| નાયબ મામલતદાર, વર્ગ-૩ | ૪૬ | ૪૧ જગ્યા છેલ્લા બે વર્ષ દરમ્યાન અને બાકીની તે પહેલાંથી |
| કલાર્ક | ૨૨ | બે જગ્યા ૧૧ વર્ષથી ને બાકીની છેલ્લા ચાર વર્ષ દરમ્યાન ખાલી પડેલ છે. |
| કલાર્ક-કમ ટાઈપીસ્ટ, વર્ગ-૩ | ૧૩ | એક જગ્યા છ વર્ષથી, એક જગ્યા ૧૦ વર્ષથી અને બાકીની તે પહેલાંથી |
| ટાઈપીસ્ટ, વર્ગ-૩ | ૫ | બે વર્ષ અને તેથી વધુ સમયથી |
| ડ્રાઈવર, વર્ગ-૩ | ૪ | બે જગ્યા ૧૧ વર્ષથી તથા બાકીની છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાલી પડેલ છે. |
| પ્યુન કમ ડ્રાઈવર, વર્ગ-૪ | ૫ | ૧૦ વર્ષથી |
| પટાવાળા | ૧૮ | સાત ત્રણ વર્ષથી અને બાકીની તે પહેલાંથી |

## જૂનાગઢમાં તળાવના નિર્માણની દરખાસ્ત

૪૨૭૨ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેશોદ તાલુકાના મુ. મોવાણા ગામે વિશાળ તળાવોના નિર્માણ માટે જિલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્ત સરકાર મંજૂર કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ દરખાસ્ત ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) હા જી, તાજેતરમાં એક દરખાસ્ત મળેલ છે. આ રજુઆતમાં કામની તાંત્રિક તેમજ આર્થિક યોગ્યતા ચકાસાયા બાદ તાંત્રિક તેમજ આર્થિક રીતે પોષણક્ષમ જણાયેથી વિગતવાર સર્વેક્ષણ કરાયા બાદ અનુદાન ઉપલબ્ધ થયેથી હાથ ધરવામાં આવશે.

## વ્યારા ગામે પૂર્ણા નદી ઉપર પુલ બનાવવા બાબત

૩૯૯૪ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાના વ્યારા ગામે ધામણદેવી ઓવારા પૂર્ણા નદી ઉપર પૂલ બનાવવા જોબ નંબર ક્યારે ફાળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તાપી જિલ્લાના વ્યારા ગામે ધામણદેવી ઓવારા પૂર્ણા નદી ઉપર પૂલ બનાવવા જોબ નંબર ફાળવવામાં આવેલ નથી.

(૨) આ જોબ નંબર આપ્યા પછી આ પૂલના બાંધકામ માટેની કાર્યવાહી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

--------

**ક્સિાન પથ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં મંજૂર કરેલ રસ્તાઓ**

૪૩૮૬ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્સિાન પથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં કચ્છ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા, | (૧) ૧૪ રસ્તાઓ, રૂા. ૯૮૬.૦૦ લાખના મંજુર કરેલ છે. |
| (૨) આ કામગીરી તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ. |

--------

**મહેસાણા જિલ્લાના ખેરવા, લાંઘણજ, વેડા, નારદીપુરના રસ્તાઓ પહોળા કરવા કરેલ આયોજન અંગે**

૪૩૯૧ **શ્રી કાંતિભાઈ પટેલ(વિજાપુર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા તાલુકાના ખેરવા, લાંઘણજ, વેડા, નારદીપુર રસ્તાને સાત મીટર પહોળો કરવા સરકારે વિચારણા હાથ ધરી છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રસ્તો પહોળો કરવા વર્ષ ૨૦૦૮-૦૯માં ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને | (૨) આ રસ્તાના કી.મી. ૦/૦ થી ૨૦/૦ લંબાઈમાં ૫.૫ મીટર પહોળાઈમાંથી ૭ મીટર પહોળો કરવાનું આયોજન કરેલ છે. |
| (૩) આ કામગીરી ક્યારે શરૂ થનાર છે, અને ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી. |

--------

**હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં પી. એમ. જી.એસ.વાય. યોજના હેઠળના રસ્તાના કામો**

૩૭૬૬ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ હાલોલ અને જાંબુઘોડા તાલુકાઓમાં પી.એમ.જી.એસ.વાય. યોજના હેઠળ બનાવવામાં આવેલ રસ્તાઓ અને સ્ટ્રક્ચરો પેકી કેટલાને રીપેરીંગ કરવાની જરૂરીયાત છે, | (૧) તા. ૩૧/૭/૨૦૦૮ ની સ્થિતિએ હાલોલ અને જાંબુઘોડા તાલુકાઓમાં પી.એમ.જી.એસ.વાય. યોજના હેઠળ બનાવવામાં આવેલ રસ્તાઓની સ્થિતિ સારી છે પરંતુ એક રસ્તા પર ભારે વરસાદથી બે ડીપને નુકશાન થયેલ છે. જેની મરામત કરવાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) આવા રીપેરીંગ કરવા પાત્ર રસ્તાઓ અને સ્ટ્રક્ચરોનું કામ કરનાર ઇજારદારની ડીપોઝીટ જમા છે કે પરત ચૂકવી દીધેલ છે, અને | (૨) ઈજારદારની ડીપોજીટ જમા છે. |
| (૩) રીપેરીંગ કરવા પાત્ર રસ્તાઓ કેટલા સમયમાં રીપેરીંગ કામ પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) જેમ બને તેમ ઝડપથી. |

--------

**ધ્રોળ, જોડીયા અને કાલાવડ તાલુકામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત**

૪૦૫૩ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોળ-જોડીયા કાલાવડ અને જામનગર તાલુકાની તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ આવી, | (૧) કુલ-૨૯૪ અરજીઓ આવેલ. |

| | |
|---|---|
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૭૨ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, | (૩) ૨ અરજીઓ ના મંજુર કરવામાં આવી. |
| (૪) તે પેકી કેટલી અરજીઓ પડતર છે, અને | (૪) ૨૦ અરજીઓ પડતર છે. |
| (૫) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૫) સત્વરે નિકાલ કરવામાં આવશે. |

--------

**નર્મદા જિલ્લામાં નાબાર્ડ યોજનાના રસ્તાના કામો**

૪૩૭૦ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાબાર્ડ યોજના હેઠળ મહેસૂલી ગામોને ડામર સપાટીથી જોડવાની કામગીરી વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં નર્મદા જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર ર્ક્યા, | (૧) કુલ ૪૧ કામો અંદાજી રકમ રૂા. ૧૯૨૨.૯૫ લાખના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી ક્યા તબક્કે છે. અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | (૩) ટેન્ડર મંજૂર થયે નિયત સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**ઓક્ટ્રોય નાબુદીથી મહાનગરપાલિકાને આર્થિક સહાય**

૪૭૨૬ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહાનગરપાલિકાઓમાંથી ઓક્ટ્રોય નાબુદ થવાને પરિણામે મહાનગરપાલિકાઓને રાજ્ય સરકાર દ્વારા કોઇ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ ? | હા, જી. |

--------

**સુજલામ સુફ્લામ યોજનાની ગેરરીતિઓ અંગે સમિતિનો અહેવાલ**

૩૮૯૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફ્લામ યોજનામાં થયેલ વ્યાપક ગેરરીતિઓ અન્વયે રાજ્ય સરકારે તપાસ સમિતિ નીમેલ તે હકિક્ત સાચી છે, આ સમિતિના સભ્યો કોણ કોણ છે, | (૧) હા, જી.<br>સમિતિ૧ (૧) શ્રી વી.એસ.ગઢવી, આઈ.એ.એસ. સચિવશ્રી (પા.પુ.)<br>(૨) શ્રી એસ.જે.દેસાઈ, સચિવશ્રી (નર્મદા)<br>સમિતિ૨ (૧) ડૉ. મંજુલાબેન સુબ્રમણ્યમ, આઈ.એ.એસ. સચિવશ્રી (પા.પુ.)<br>(૨) શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ. સચિવશ્રી (પા.પુ.)<br>(૩) શ્રી.એસ.જે.દેસાઈ, સચિવશ્રી (નર્મદા) |

(૨) જો હા, તો આ સમિતિની રચના પછી તા. ૩૧-૮-૦૮ સુધીમાં આ સમિતિની કેટલી વખત બેઠકો મળી, અને

(૨) કુલ૧૫ (પંદર)

(૩) આ સમિતિ તેનો અહેવાલ સરકારને ક્યારે સુપ્રત કરશે ?

(૩) અહેવાલ સરકારશ્રીને સુપ્રત થયેલ છે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં સિંચાઇ માટે પાણી**

૪૨૫૦ **શ્રી અનિલકુમાર અ.માળી(દીયોદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી નાખી બનાસ નદીને જીવંત કરવાનું કોઇ આયોજન થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા સમયમાં કામ શરૂ કરવામાં આવશે, અને

(૩) આ યોજનાથી બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓને સિંચાઇનું પાણી મળનાર છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા જળાશયમાં નર્મદાનું પાણી નાખીને આ જળાશયના હયાત કમાન્ડ વિસ્તારમાં પાણી આપવાનું આયોજન કરેલ છે.

(૨) ટેન્ડર પ્રક્રિયા શરૂ કરેલ છે.

(૩) કાંકરેજ, ડીસા અને દાંતીવાડા તાલુકાના ૨૨ તળાવો તથા સીપુ અને દાંતીવાડા જળાશયના હયાત કમાન્ડ વિસ્તારને પાણી આપવાનું આયોજન છે.

--------

**દાહોદ તાલુકામાં હયાત હેન્ડપંપો**

૪૪૯૬ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

દાહોદ તાલુકાના (૧) ભાઠીવાડા (૨) ચોસાલા અને (૩) ખરોદા ગામે તા.૩૧-૭-૦૮ની સ્થિતિએ કુલ કેટલા હેન્ડપંપ હયાત છે ?

**જવાબ**

(૧) ભાઠીવાડા-૭૨ (૨) ચોસાલા-૪૧ અને (૩) ખરોદામાં ૧૫૩ હેન્ડપંપ હયાત છે.

**માધુપુર શીલ થી વેરાવળ બંધારાની લંબાઈની કામગીરી**

૪૨૬૯ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માધુપુર શીલ થી વેરાવળ સુધીના બંધારા છે તેના લીંક કેનાલમાં જોડવાની કામની લંબાઈ તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી છે,

(૨) આ કામગીરી તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) બાકી રહેલ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આશરે ૪૬.૦૦ કિ.મી.

(૨)
૧. સાબલી-નેત્રાવતી - કામ પૂર્ણ
૨. નેત્રાવતી-નોલી - પ્રગતિ હેઠળ
૩. નોલી-મેઘલ - પ્રગતિ હેઠળ
૪. મેઘલ-આદ્રી - કામ પૂર્ણ
૫. દેવકા-ખરી - ટેન્ડર પ્રક્રિયા હેઠળ

(૩) પ્રગતિ હેઠળનાં કામો પૈકી નેત્રાવતી-નોલી અને નોલી-મેઘલ માહે ૧૨/૨૦૦૮ તથા દેવકા-ખારી માહે ૧૨/૨૦૦૯માં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**ખેડા જિલ્લામાં મહિલાઓને માર્ગદર્શન માટે ફાળવેલ ગ્રાન્ટ**

૩૯૮૮ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકા કક્ષાએ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા

**જવાબ**

(૧) હા,જી.

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર એક વિવિધલક્ષી

ક્યા કેન્દ્રો છે, કઈ કઈ સંસ્થા સંચાલિત છે, અને

મહિલા કલ્યાણ કેન્દ્ર, કુલ-૧૦ કેન્દ્રો છે. જે નીચેની સંસ્થાઓ દ્વારા તાલુકાવાર સંચાલિત છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | માતર | વિલેજ વર્કર ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૨ | ખેડા | હેલ્પી હેન્ડ કુટિર એન્ડ ગ્રામોદ્યોગ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૩ | નડિયાદ | મહિલા સમાજ |
| ૪ | મહેમદાવાદ | ચામુંડા ખાદી ગ્રામોદ્યોગ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૫ | મહુધા | ગુજરાત મહિલા અને બાળ વિકાસ પરિષદ |
| ૬ | વિરપુર | ભગીની કેતન |
| ૭ | બાલાશિનોર | અરૂણોદય જન સેવા ટ્રસ્ટ |
| ૮ | કઠલાલ | ગુજરાત લોક સેવા ટ્રસ્ટ |
| ૯ | ઠાસરા | નવસર્જન રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ |
| ૧૦ | કપડવંજ | ગુજરાત મહિલા અને બાળ વિકાસ પરિષદ |

(૩) આ સંસ્થાને તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઈ કઈ બાબતે આપવામાં આવી છે ?

(૩) નીચેની વિગતેની ગ્રાન્ટ કર્મચારીના પગાર, તાલીમ, શિબિર, મહિલા કલ્યાણ માટે પ્રચાર, પ્રસાર અને કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ ૩૦-૬-૦૮ સુધી |
|---|---|---|---|---|---|
| ૧ | માતર | વિલેજ વર્કર ચેરીટેબલ ટ્રસ્ટ | ૭૩૫૬૦ | ૪૫૦૯૫ | ૩૦૪૮૭ |
| ૨ | ખેડા | હેલ્પી હેન્ડ કુટિર એન્ડ ગ્રામોદ્યોગ ચેરીટેબલ ટ્રસ્ટ | ૭૩૫૬૪ | ૫૫૫૦૩ | ૩૦૪૨૦ |
| ૩ | નડિયાદ | મહિલા સમાજ | ૧૧૬૧૭૦ | ૧૫૫૦૭૩ | ૩૯૮૫૫ |
| ૪ | મહેમદાવાદ | ચામુંડા ખાદી ગ્રામોદ્યોગ ચેરીટેબલ ટ્રસ્ટ | -- | ૫૦૭૬૪ | -- |
| ૫ | મહુધા | ગુજરાત મહિલા અને બાળ વિકાસ પરિષદ | -- | ૪૩૬૫૯ | -- |
| ૬ | વિરપુર | ભગીની કેતન | -- | ૫૨૨૭૧ | -- |
| ૭ | બાલાશિનોર | અરૂણોદય જન સેવા ટ્રસ્ટ | -- | ૪૭૯૩૮ | ૩૦૯૩૭ |
| ૮ | કઠલાલ | ગુજરાત લોક સેવા ટ્રસ્ટ | -- | -- | -- |
| ૯ | ઠાસરા | નવસર્જન રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ | -- | ૮૫૫૫ | ૨૩૨૬૯ |
| ૧૦ | કપડવંજ | ગુજરાત મહિલા અને બાળ વિકાસ પરિષદ | -- | ૪૩૬૫૯ | -- |

--------

**જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ ફાળવેલ રકમ**

૩૬૫૭ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર-પાવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તથા તા.૩૧-૭-૨૦૦૮ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) જવાહરલાલ નહેર નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૭-૨૦૦૮ સુધીમાં નીચે મુજબની વિગતે રકમ ફાળવવામાં આવી.

| યોજના | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|
| યુઆઈજી | ૧૫૫.૭૬ | ૨૪૫.૬૩ | ૮૩.૩૬ | ૪૮૪.૭૫ |
| બીએસયુપી | ૯૮.૬૮ | ૮૬.૯૭ | ૧૪.૮૩ | ૨૦૦.૪૮ |
| યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. | ૬૦.૦૨ | ૨૬.૭૯ | ૨૩.૯૮ | ૧૧૦.૭૯ |
| આઈ.એચ.એસ.ડી.પી. | ૧૭.૯૯ | ૫૩.૫૨ | ૦ | ૭૧.૫૧ |
| **કુલ :** | **૩૩૨.૪૫** | **૪૧૨.૯૧** | **૧૨૨.૧૭** | **૮૬૭.૫૩** |

(૨) આ ફાળવેલ રકમ પેકી ક્યા ક્યા શહેરોના વિકાસ માટે કેટલી રકમ ફાળવી આપી ?

(૨) આ ફાળવેલ રકમ પેકી નીચેની વિગતે યોજના મુજબ જુદા જુદા શહેરના વિકાસ માટે નગરપાલિકા / મહાનગરપાલિકાને રકમ ફાળવી આપેલ છે.

| શહેર | યુ.આઈ.જી. | બી.એસ.યુ.પી. | યુ.આઈ.ડી.એસ. એસ.એમ.ટી. | આઈ.એચ. એસ.ડી.પી. | કુલ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૫૮.૯૫ | ૮૭.૪૧ | -- | -- | ૨૪૬.૩૬ |
| સુરત | ૨૧૪.૦૪ | ૮૩.૫૬ | -- | -- | ૨૯૭.૬ |
| વડોદરા | ૪૯.૭૩ | ૧૦.૫૪ | -- | -- | ૬૦.૨૭ |
| રાજકોટ | ૮૦.૪૮ | ૧૮.૯૭ | -- | -- | ૯૯.૪૫ |
| ખેડા | -- | -- | ૧.૯૯ | -- | ૧.૯૯ |
| મહેસાણા | -- | -- | ૩.૭૬ | -- | ૩.૭૬ |
| કડી | -- | -- | ૨.૦૯ | -- | ૨.૦૯ |
| ગોધરા | -- | -- | ૫.૭૯ | -- | ૫.૭૯ |
| રાધનપુર | -- | -- | ૦.૯ | -- | ૦.૯ |
| હિંમતનગર | -- | -- | ૩.૨૬ | ૨.૩૫ | ૫.૬૧ |
| પ્રાંતિજ | -- | -- | ૧.૧૨ | ૦.૮૬ | ૧.૯૮ |
| સુરેન્દ્રનગર | -- | -- | ૩.૦૬ | -- | ૩.૦૬ |
| વલસાડ | -- | -- | ૧.૨૪ | ૧.૮૭ | ૩.૧૧ |
| ધોરાજી | -- | -- | ૩.૩૭ | -- | ૩.૩૭ |
| ભરૂચ | -- | -- | ૨.૬૪ | -- | ૨.૬૪ |
| કપડવંજ | -- | -- | ૧.૫૮ | -- | ૧.૫૮ |
| અમરેલી | -- | -- | ૪.૩૩ | ૧.૮૩ | ૬.૧૬ |
| જામનગર | -- | -- | ૮.૦૬ | ૧.૮૩ | ૯.૮૯ |
| ભાવનગર | -- | -- | ૪.૦૩ | -- | ૪.૦૩ |
| ગોંડલ | -- | -- | ૫.૫૧ | ૩.૬૧ | ૯.૧૨ |
| જૂનાગઢ | -- | -- | ૩.૦૭ | -- | ૩.૦૭ |
| પાલિતાણા | -- | -- | ૧.૮૨ | -- | ૧.૮૨ |
| ધાનેરા | -- | -- | ૦.૮૩ | -- | ૦.૮૩ |
| બોરીયાવી | -- | -- | ૧.૬૬ | ૧.૧ | ૨.૭૬ |
| ડાકોર | -- | -- | ૦.૯ | -- | ૦.૯ |
| લુણાવાડા | -- | -- | ૦.૯૫ | -- | ૦.૯૫ |
| ચલાલા | -- | -- | ૧.૯ ૨ | -- | ૧.૯૨ |
| જેતપુર | -- | -- | ૪.૭૭ | ૨.૬૯ | ૭.૪૬ |
| બીલીમોરા | -- | -- | ૧.૬૧ | -- | ૧.૬૧ |
| સોનગઢ | -- | -- | ૦.૬૭ | -- | ૦.૬૭ |
| ચક્લાસી | -- | -- | ૧.૪૩ | -- | ૧.૪૩ |

| શહેર | યુ.આઈ.જી. | બી.એસ.યુ.પી. | યુ.આઈ.ડી.એસ. એસ.એમ.ટી. | આઈ.એચ. એસ.ડી.પી. | કુલ (રૂા. ક્રોડમાં) |
|---|---|---|---|---|---|
| પેથાપુર | -- | -- | ૦.૮૬ | -- | ૦.૮૬ |
| વિજાપુર | -- | -- | ૧.૦૯ | -- | ૧.૦૯ |
| છોટાઉદેપુર | -- | -- | ૦.૭૪ | -- | ૦.૭૪ |
| બાલાસીનોર | -- | -- | ૧.૦૪ | -- | ૧.૦૪ |
| વઢવાણ | -- | -- | ૩.૦૮ | -- | ૩.૦૮ |
| સુત્રાપાડા | -- | -- | ૧.૩૨ | -- | ૧.૩૨ |
| જસદણ | -- | -- | ૦.૬૮ | -- | ૦.૬૮ |
| કઠલાલ | -- | -- | ૦.૭૯ | -- | ૦.૭૯ |
| મહુધા | -- | -- | ૧.૦૬ | -- | ૧.૦૬ |
| બગસરા | -- | -- | -- | ૦.૯૨ | ૦.૯૨ |
| ધ્રાંગધ્રા | -- | -- | ૨.૯૨ | ૧.૨૧ | ૪.૧૩ |
| પાટણ | -- | -- | -- | ૨.૨૮ | ૨.૨૮ |
| ખંભાત | -- | -- | ૧.૭૬ | ૧.૧૭ | ૨.૯૩ |
| હાલોલ | -- | -- | -- | ૧.૨૨ | ૧.૨૨ |
| ઊના | -- | -- | -- | ૨.૪૨ | ૨.૪૨ |
| વાપી | -- | -- | -- | ૧.૮ | ૧.૮ |
| ઊંઝા | -- | -- | -- | ૧.૩૯ | ૧.૩૯ |
| માંડવી | -- | -- | -- | ૩.૨૯ | ૩.૨૯ |
| ધરમપુર | -- | -- | -- | ૦.૨૯ | ૦.૨૯ |
| ધંધુકા | -- | -- | -- | ૧.૫૮ | ૧.૫૮ |
| મહુવા | -- | -- | -- | ૦.૯૧ | ૦.૯૧ |
| લિંબડી | -- | -- | -- | ૦.૭૪ | ૦.૭૪ |
| ઉમરેઠ | -- | -- | ૧.૫૩ | ૧.૮૭ | ૩.૪ |
| ઉપલેટા | -- | -- | -- | ૦.૮૭ | ૦.૮૭ |
| **કુલ** | **૫૦૩.૨** | **૨૦૦.૪૮** | **૮૯.૨૩** | **૩૮.૧** | **૮૩૧.૦૧** |

## પાટણ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો

૪૪૬૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો શરૂ કરવાના બાકી છે, અને

(૨) આંગણવાડી કેન્દ્રો વધુ કાર્યક્ષમ બનાવવા સરકાર શું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) આંગણવાડી કેન્દ્રો કાર્યક્ષમતાથી કામગીરી ચાલુ રાખે તે માટે તેના પર સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

## આણંદ જિલ્લામાં પીવાના પાણીના હેન્ડ પંપો

૩૯૩૫ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૦૮ થી તા.૩૧-૮-૦૮ સુધીમાં આણંદ જિલ્લામાં પીવાના પાણી માટે હેન્ડપંપ બેસાડવા તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) તા.૩૧-૮-૦૮ સુધીમાં જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ બેસાડવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) હેન્ડપંપ બેસાડવા તાલુકાવાર આવેલ અરજી અને બેસાડવામાં આવેલ હેન્ડપંપની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | બેસાડવામાં આવેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઉમરેઠ | ૪ | ૨૨ |
| ૨ | બોરસદ | ૨ | ૨૪ |
| ૩ | પેટલાદ | ૨ | ૧૧ |
| ૪ | સોજીત્રા | ૩ | ૩ |
| ૫ | આણંદ | - | ૧૪ |
| ૬ | આંકલાવ | - | ૨ |
| ૭ | ખંભાત | - | ૧૪ |
| | કુલ | ૧૧ | ૯૦ |

--------

## જામનગર જિલ્લામાં સિંચાઈ યોજના પૂર્ણ કરવા આયોજન

૪૬૯૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં પ્રગતિ હેઠળની સિંચાઈ યોજનાઓ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે,

(૨) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી,

(૩) ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૮-૦૮ સુધીમાં સિંચાઈની સગવડમાં વધારો કરવા માટે નવી નાની કે મધ્યમ કઈ કઈ યોજનાઓને મંજૂરી આપવામાં આવી, અને

(૪) તે ક્યારથી શરૂ થશે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)

૮ (આઠ) યોજનાઓ જૂન"૨૦૦૯, ૫ (પાંચ) યોજનાઓ ડીસેમ્બર"૨૦૦૯ અને ૪ (ચાર) યોજનાઓ માર્ચ"૨૦૧૦ સુધીમાં પુરૂં કરવાનું આયોજન છે.

ઉપરોક્ત યોજનાઓ પૂર્ણ થયે, નવી મંજૂરીઓ હાથ પર લેવાનું આયોજન છે.

--------

## ડૉ. આંબેડકર ભવન બનાવવા પાછળ કરેલ ખર્ચ

૩૯૬૪ **શ્રી કાંતિલાલ ર઼ા. લકુમ(બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાકક્ષાએ કુલ કેટલા ડૉ. આંબેડકર ભવનો બનાવેલ છે,

(૨) કુલ કેટલા જિલ્લામાં બનાવવાના બાકી છે,

(૩) ડૉ. આંબેડકર ભવન બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) આ ભવનો બનાવવાનો શું આશય છે ?

**જવાબ**

(૧) ૯ (નવ).

(૨) ૧૧ (અગિયાર) જિલ્લાઓમાં.

(૩) અત્યાર સુધીમાં કુલ ૧૪ જિલ્લાઓમાં ડૉ. આંબેડકર ભવનો બનાવવામાં આવેલ છે. જેમાં કુલ રૂા. ૫૧૯.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૪) મુખ્યત્વે નીચે જણાવેલ હેતુઓ/પ્રવૃત્તિઓ માટે જિલ્લા કક્ષાએ આંબેડકર ભવનો બનાવવાનું આયોજન છે.

(અ) ડૉ. બાબાસાહેબ આંબેડકરની અગત્યની તસ્વીરો તથા સ્મૃતિચિન્હોનું કાયમી સંગ્રહાલય બનાવવા.

(બ) ડૉ. બાબાસાહેબ આંબેડકર લીખીત પુસ્તકો તથા તેમના વિષે પ્રકાશિત થયેલ સાહિત્યની લાયબ્રેરી બનાવવા.

(ક) જિલ્લાના અગત્યના મથકોએ આવેલ ડૉ. આંબેડકર ભવન સામાજીક ન્યાયની પ્રવૃત્તઓિના મુખ્ય કેન્દ્રો બને તેવી પ્રવૃત્તિઓ કરવા માટે.

(ડ) નબળા નર્ગોના લોકો અને નારી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ અને તેમની ફરીયાદો માટેનું મહત્વનું કેન્દ્ર બનાવવા.

(ઈ) દલિત વર્ગના ન્યાય ઉત્કર્ષ માટે સામાજીક અને સાંસ્કૃતિક સંમેલનો/કાર્યક્રમો/સમારંભો અને અન્ય ઉજવણી માટે આ ભવનોનો ઉપયોગ કરવા તથા આવી પ્રવૃત્તિઓ માટે રાહત દરે અને અગ્રતાના ક્રમ પ્રમાણે આ વર્ગના લોકોના ઉપયોગ માટે.

**રાજ્યમાં ઈ-ધરા કેન્દ્રોને કોમ્પ્યુટરોથી સુસજ્જ કરવા અંગે**

૪૪૫૫ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ઈ-ધરા કેન્દ્રોને કોમ્પ્યુટરથી સુસજ્જ કરવા કેટલા કોમ્પ્યુટરો ૨૦૦૮-૦૯ના વર્ષમાં વસાવવાના છે ? | ૪૭૧ (ચારસો ઈકોતેર) |

--------

**ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં વરસાદી પાણીના નિકાલની કાંસો**

૪૦૩૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા સિંચાઈ અને વરસાદી પાણીના નિકાલ માટેના કાંસો આવેલ છે, અને | (૧) ગાંધીનગર ૧૫<br>મહેસાણા ૫૪<br>પાટણ ૨૨<br>સાબરકાંઠા ૫૩<br>કુલ ૧૪૪ કાંસો આવેલ છે. |
| (૨) આ કાંસોની મરામત પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૪૮૩.૧૯ લાખનો ખર્ચ થયેલ છે. |

--------

**અમદાવાદ મહાનગરમાં આંગણવાડી કાર્યકરોમાંથી મુખ્ય સેવિકા તરીકે નિમણૂકની સૂચનાઓ**

૪૦૦૫ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ મહાનગરમાં આંગણવાડી કાર્યકરોમાંથી મુખ્ય સેવિકા તરીકે નિમણૂક આપવા અંગે સરકાર તરફથી છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યારે શી સૂચનાઓ આપવામાં આવી, | (૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર ના ક્રમાંકઃ આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ, તા. ૧૩/૧૨/૨૦૦૫ના ઠરાવ અન્વયે નામ નિયુક્તિથી આંગણવાડી વર્કરોમાંથી સુપરવાઈઝરમાં નિમણૂંક આપવા સૂચવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કાર્યવાહી કરવાનિયામકશ્રીICDSનાપત્રનં/ક્રમાંક/એન/૨/ આઈસીડીએસ/આ.વા.વર્કર/મું.સે.નિમણૂંક/૧૭૪/તા.૧૦/૨/૨૦૦૬ના પત્રથી જરૂરી કાર્યવાહી કરવા જીલ્લાના તમામ પ્રોગ્રામ અધિકારીશ્રીઓને સુચનાઓ આપવામાં આવેલ હતી ત્યાર બાદ સમયાંતરે સરખા ક્રમાંક ના તા.૨૫/૭/૨૦૦૬,૨૫/૯/૨૦૦૬,૩/૧૧/૨૦૦૬, ૯/૧/૨૦૦૭,૨/૩/૨૦૦૭,૭/૭/૨૦૦૭, ૧૮/૮/૨૦૦૭, ૮/૯/૨૦૦૭,૧૦/૪/૨૦૦૮, તથા ૩૦/૭/૨૦૦૮ અને ૨૨/૮/૨૦૦૮ ના પત્રોથી નિયામકશ્રી ICDS એ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા અને પ્રોગ્રામ અધિકારીશ્રીઓ તમામને કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ છે. |
| (૨) આ સૂચના પછી કેટલા આંગણવાડી કાર્યકરોને નિમણૂક આપવામાં આવી, અને | (૨) કુલ-૧૭ આંગણવાડી કાર્યકરોને મુખ્ય સેવિકા તરીકે નિમણૂક આપવામાં આવી. |
| (૩) કેટલા આંગણવાડી કાર્યકરોને નિમણૂક આપવાની બાકી છે ? | (૩) કુલ-૦૪ આંગણવાડી કાર્યકરોને નિમણૂંક આપવાની બાકી છે |

---------

### ગાંધીનગર શહેરમાં દબાણ હટાવવા અંગે

૪૨૮૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર શહેરના સેકટર-૩, ૫ અને ૬ માં તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કેટલા ઝૂપડાં હટાવવામાં આવ્યા, | (૧) કુલ :-૨૧૮ |
| (૨) આ દબાણ દૂર થયા પછી તે સ્થળે ફરી દબાણ થઈ ગયા છે, તે હકીક્ત સરકાર જાણે છે, | (૨) દબાણ દૂર કર્યા બાદ અવાર નવાર દબાણ પુનઃ થાય છે. |
| (૩) જો હા, તો આ દબાણ કાયમી દૂર થઈ જાય તે માટે કોઈ વ્યવસ્થા સરકારે કરી છે, | (૩) દબાણ દૂર કરવા વ્યવસ્થા કરવામાં આવેલ છે. |
| (૪) સેકટર-૬-બી માં ૩૩૦ ચો.મી.ના પ્લોટો પર કરાયેલા ક્યા ક્યા પ્લોટો પરના દબાણો છેલ્લા ૬ વર્ષથી દૂર કરવાના પ્રયત્ન થયા જ નથી તે સરકાર જાણે છે, | (૪) પ્લોટનો કબજો આપ્યા બાદ થયેલ દબાણ માટે સરકારની જવાબદારી રહેતી નથી. |
| (૫) આ પ્લોટો પર દબાણો દૂર ન કરનાર કર્મચારી/અધિકારીઓ સામે સરકાર તપાસ કરાવીને પગલાં ભરવા માંગે છે, અને | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૬) જો હા, તો કેવા પ્રકારનાં ? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ""ધંધુકા તાલુકામાં તળાવો વેચવા અંગે""

૪૪૪૨ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા તળાવો સરકારે કેટલી રકમમાં વેચાણ કર્યા, | (૧) શૂન્ય |
| (૨) કોને વેચવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા હેતુ માટે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) શરતભંગ થયેલ છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજ્યમાં આંગણવાડીઓના મકાનો

૪૬૮૮ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલી આંગણવાડીઓ તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ મંજૂર છે, અને કેટલી કાર્યન્વિત છે, | (૧) મંજૂર --૪૪૧૭૯<br>કાર્યાન્વિત --૪૩૫૮૫ |
| (૨) તે પેકી આંગણવાડીઓના પોતાના કેટલા મકાનો છે, અને | (૨) ૨૧૫૮૩ |
| (૩) ૨૦૦૮ના વર્ષના અંત સુધીમાં કેટલા નવા આંગણવાડી કેન્દ્રોના બાંધકામનું આયોજન છે ? | (૩) ૨૬૬૬ |

---------

## ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકા પંચાયત હસ્તકના ડામર ર્ક્યા વગરના રસ્તાઓ

૪૦૯૫ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકામાં નવિન રોડની કઈ કઈ કેટલી માંગણીઓ આવી, | (૧) પરિશિષ્ટ-૧ મુજબ ૨૩ નવિન રોડની માંગણીઓ આવેલ છે. |
| (૨) તાલુકા પંચાયત હસ્તકના રસ્તાઓ અને રાજ્ય હસ્તકના ક્યા ક્યા અને કેટલા રસ્તાઓ છેલ્લા પાંચ વર્ષથી ડામર ર્ક્યા વિનાના પડતર પડેલ છે, અને | (૨) પરિશિષ્ટ-૨ મુજબ પંચાયત (મા.મ.) તથા રાજ્ય વિભાગના ૨૯ રસ્તાઓ પાંચ વર્ષથી ડામર ર્ક્યા વિનાના છે. |
| (૩) આ કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે? | (૩) ૧૩ રસ્તાઓની કામગીરી પ્રગતિમાં છે અને ૧૦ રસ્તાઓની કામગીરી મંજુર કરેલ છે જે વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી તુર્તજ હાથ ધરવામાં આવશે જ્યારે બાકીના ૬ રસ્તાઓની કામગીરી અંગે નાણાકીય ઉપલબ્ધતા અને રસ્તાની અગત્યતા અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

## ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકા પંચાયત હસ્તકના ડામર ર્ક્યા વગરના રસ્તાઓ
### પરિશિષ્ટ--૧

| ક્રમ | તાલુકો | માંગણી કરવામાં આવેલ નવીનરોડનું નામ | સૂચિત કામગીરી |
|---|---|---|---|
| ૧. | ખેરાલુ | ડભાડ મહદેવાસણા જિ. હદ સુધીનો રોડ | માટીથી ડામર |
| ૨. | "" | વિઠોડા કોદરામથી જિ. હદ સુધીનો રોડ | "" |
| ૩. | "" | હુડા શીવપણુરા થઈ સાગયાણા રોડ | "" |
| ૪. | "" | બળાદ વિઠોદા રોડ | "" |
| ૫. | "" | ડભોડા માધુગઢ રોડ | "" |
| ૬. | "" | અરઠી ચોટીયા મલારપુરા રોડ | "" |
| ૭. | "" | વરેઠા ડાલીસણા રોડ | "" |
| ૮. | "" | હોટલપુર આગથાળા રોડ | "" |
| ૯. | "" | ડભોડા હડોલ રોડથી નળુ ગામને જોડતો રોડ | "" |
| ૧૦. | "" | ગણેશપુરા છેદાસરણ રોડ | "" |
| ૧૧. | "" | માધુપુરા બળાદથી ફતેપુરાને જોડતો રોડ | "" |
| ૧૨. | "" | મલેકપુર મહાદેવપુરા રોડ | "" |
| ૧૩. | "" | રોડ લક્ષ્મીપુરાથી શાહપુરા (વડ) ઉઢાઈ વડનગરને જોડતો રોડ | "" |
| ૧૪. | "" | મુદ્રોપુર સુવરીયા રોડ | "" |
| ૧૫. | "" | થાંગણા સુંઢિયા રોડ વિ. થાંગણા ડીઓપપુરા રોડ | "" |
| ૧૬ | વડનગર | ખતોડા બાજીપુરા રોડ | "" |
| ૧૭ | "" | ખતોડા જગાપેરા રોડ | "" |
| ૧૮ | "" | સુલતાનપુરા (વડ) થી રેડ લક્ષ્મીપુરા રોડ | "" |
| ૧૯ | "" | આનંદપુરા મંડાલી રોડ | "" |
| ૨૦ | સતલાસણા | સતલાસણા ગોઠડા રોડ | "" |
| ૨૧ | "" | વઘાર કેશરપુરા ડભોડા રોડને જોડતો એ. રોડ | "" |
| ૨૨ | "" | ભીમપુર રીંછડા રોડ | "" |
| ૨૩ | "" | ફતેપુરા (ગઢ) થી ધરોઈ ખોડામલી રોડને જોડતો રોડ | "" |

**ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકા પંચાયત હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ**

**પરિશિષ્ટ--૨**

| ક્રમ | તાલુકો | માંગણી કરવામાં આવેલ નવીન રોડનું નામ |
|---|---|---|
| ૧. | ખેરાલુ | ગોરીસણા દેલવાડા કુડા રોડ |
| ૨. | "" | લુલવા વાવડી રોડ |
| ૩. | "" | પાલનપુર વડગામ કોદરામ રોડ કિ.મી. ૦-૬ થી ૨-૫ અને કિ.મી. ૮-૦ થી ૧૧-૨ |
| ૪. | "" | ઉમતા સુંઢીયા ખેરાલુ રોડ કિ.મી. ૩૫-૦ થી ૪૧-૨ |
| ૫. | "" | ડભોડા ગલાલપુર રોડ |
| ૬. | "" | મંડાલી પાન્છા રોડ |
| ૭. | "" | મહેકુબપુરા એપ્રોચ રોડ |
| ૮. | વડનગર | વડનગર કમાલપુર રોડ |
| ૯ | "" | સબલપુર એપ્રોચ રોડ |
| ૧૦ | "" | શાહપુર (વડ) થી રેડ લક્ષ્મીપુરા રોડ |
| ૧૧ | "" | આનંદપુરા કરબટીયા રોડ |
| ૧૨ | "" | કરબટીયા પિંપળદર રોડ |
| ૧૩ | "" | ત્રાંસવાડા આનંદપુરા રોડ |
| ૧૪ | "" | ખેરાલુ શીપોર વલાસણા રોડ કિ.મી. ૦-૦ થી ૧૭-૨ |
| ૧૫ | "" | ઉમતા સુંઢીયા ખેરાલુ રોડ કિ.મી. ૨૯-૦ થી ૩૫-૦ |
| ૧૬ | સતલાસણ | વરેઠા સુદાસણા મુકેશ્વર રોડ |
| ૧૭ | "" | તારંગા ટીંબા રોડ |
| ૧૮ | "" | ખેરાલુ સતલાસણ રોડ કિ.મી. ૭૦-૦ થી ૭૬-૦ |
| ૧૯ | "" | નવા સુદાસણા ઉમરેચા રોડ |
| ૨૦ | "" | જાસપુરથી ખીલોડ રોડ |
| ૨૧ | "" | વઘાર જાસપુર ખીલોડ રોડ |
| ૨૨ | "" | સરદારપુર ડાવોલ રોડ |
| ૨૩ | "" | રાણપુર તાલેગઢ ઉમરી રોડ |
| ૨૪ | "" | આનંદ ભાખરી રોડ |
| ૨૫ | "" | ખોડામલી વાવડી રોડ |
| ૨૬ | "" | ઉમરેચા હિંમતપુર રોડ |
| ૨૭ | "" | બેડસ્મા એપ્રોચ રોડ |
| ૨૮ | "" | ભાટવા એપ્રોચ રોડ |
| ૨૯ | "" | હડોલ ખોડામલી રોડ |

**રાજકોટ, લોધીકા અને કોટડા સાંગાણી તાલુકાઓમાં નર્મદાનું પાણી**

૪૬૯૦ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજકોટ, લોધીકા અને કોટડા સાંગાણી તાલુકાઓમાં પાણી પુરવઠા યોજના અંતર્ગત કુલ કેટલા ગામોમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે પાણી આપવામાં આવે છે.

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૧ |
| ૨ | લોધીકા | ૧૪ |
| ૩ | કોટડા સાંગાણી | ૧૫ |

(૨) જે ગામોમાં પાણી આપવામાં આવતું નથી તે તાલુકાના ગામોમાં કેટલા સમય સુધીમાં પાણી પહોંચાડવાનું સરકારનું આયોજન છે ?

(૨) ત્રણેય તાલુકાના બાકીના ગામોને માર્ચ-૨૦૦૯ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે.

---------

**દાંતીવાડા અને સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાખવા અંગે**

૩૮૭૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાખવા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) તે આયોજનમાં ધાનેરા તાલુકાના બાયલા રેલ નદીમાં પાણી નાખવા માટેનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાંખવા માટે સરકારશ્રીએ નર્મદા મુખ્ય નહેરની સાં. ૩૭૫ કી.મી. ગામ ચાંગા તાલુકો શિહોરી પાસેથી પાણી ઉદ્વહન કરવા માટે પાઈપ લાઈન યોજનાનું આયોજન કરેલ છે.

(૨) રેલ નદીમાં પાણી નાખવા અંગે જુદા જુદા પ્રકારના વિકલ્પો ઉપર હાલ વિચારણા ચાલે છે.

**વલસાડ જિલ્લામાં કાંસ સાફ કરવા પાછળ ખર્ચ**

૪૪૮૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં કાંસ સાફ કરવા માટે સી.આર.એફ. સદર દ્વારા ખનકી સાફ કરવા માટે દમણગંગા યોજના વર્તુળને છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તેમાં ખનકીના કાંસ સાફ કરવા એક કી.મી.નો શો ભાવ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સી.આર.એફ. હેઠળ કુલ રૂા. ૧૨૨૪.૨૩ લાખની રકમ ફાળવવામાં આવેલ હતી. અને તેમાંથી ખનકી સાફ કરવા ૧૦૬૭.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) થયેલ કામના જથ્થાને આધારે સરેરાશ રૂા. ૮૭૪૭૫ પ્રતિ કી.મી.નો ભાવ આવે છે.

**ખાસ અંગભૂત યોજના હેઠળ જુનાગઢ જિલ્લાના રસ્તાના કામો**

૪૩૯૮ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાસ અંગભૂત યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં જુનાગઢ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા,

(૨) આ કામગીરી તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૨૪ રસ્તા, રૂા. ૧૫૨૭.૪૮ લાખના મંજુર કરવામાં આવ્યા.

(૨) આ કામગીરી વહીવટી પ્રક્રિયા હેઠળ છે.

(૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

**મહુવા તાલુકાના જર્જરિત થયેલા રસ્તાઓ**

૩૬૧૪ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં કલસારથી માળવાવ થઈને રોહીસા તથા કલસારથી નઈપ થઈને સથરા ગામ સુધીના રસ્તાઓ ખૂબ જ જર્જરિત થઈ ગયા છે તેમજ જરૂરીયાતના પ્રમાણમાં ખૂબ જ સાંકડા છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો આ રસ્તાઓને રીપેર કરવા માટે તથા પહોળાઈ વધારવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુજલામ સુફલામ યોજનામાં ગેરરીતિઓ અંગે તપાસ સમિતિનો અહેવાલ**

૪૦૧૪ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજનામાં થયેલ વ્યાપક ગેરરીતિઓ અન્વયે રાજ્ય સરકારે તપાસ સમિતિની રચના કરેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમિતિએ તેનો અહેવાલ તૈયાર કરવા કેટ કેટલી વખત બેઠકો યોજી સમીક્ષા કરી, અને | (૨) કુલ : ૧૫ (પંદર) |
| (૩) આ અહેવાલ સરકારને ક્યારે સુપ્રત થશે ? | (૩) અહેવાલ સરકારને સુપ્રત થયેલ છે. |

--------

**માંગરોળ તાલુકાની સ્પ્રેડીંગ કેનાલનું કામ**

૪૬૯૬ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની મુળ માધુપુરથી આંગોલા સુધીની સ્પ્રેડીંગ કેનાલનું કામ ક્યા તબક્કે છે, અને | (૧) મોજણી અને સંશોધનના તબક્કે. |
| (૨) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) મોજણી સંશોધન તબક્કે હોઈ, હાલ આખરી કરેલ નથી. |

---------

**શહેરી વિસ્તારમાં અમૃતધારા યોજના હેઠળ લાભ**

૪૭૧૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં પાણી પુરવઠા માટે અમૃતધારા યોજના હેઠળ છેલ્લા બે વર્ષ દરમ્યાન તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી નગરપાલિકાઓને લાભ આપેલ છે ? | રાજ્યમાં રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં પાણી પુરવઠા માટે અમૃતધારા યોજના હેઠળ તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ<br>(૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં કુલ ૪૯ નગરપાલિકાઓને કુલ : રૂા. ૩૮૨૨.૦૦ લાખ તથા<br>(૨) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ૭ નગરપાલિકાઓને કુલ : રૂા. ૬૦૦.૦૦ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે. |

---------

**ઉકાઈ ડેમમાંથી સિંચાઈ માટેનું પાણી આપવા અંગે**

૪૬૮૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના ઉકાઈ ડેમમાંથી મે, ૨૦૦૮ દરમિયાન ૩૨૦ ફૂટની સપાટીએ પાણી હોવા છતાં, જરૂર વગર પાણી છોડવાના કારણો શાં હતાં, | (૧) મે-૨૦૦૮માં જરૂર વગર પાણી છોડવામાં આવેલ નથી. |
| (૨) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ઉકાઈ ડેમની સપાટી કેટલી છે, અને | (૨) ૩૧૭.૬૨ ફૂટ |

(૩) આ ડેમમાંથી ઉનાળામાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી કેટલા વિસ્તારમાં સરકાર આપવા માંગ છે ?

(૩) ચોમાસાના અંતે જળાશયમાં પાણીના જથ્થાને ધ્યાને રાખી નક્કી કરવામાં આવશે.

---------

**રાજકોટ, સુરત, અમદાવાદની ટી.પી. સ્કીમો આખરી કરવા પગલાં**

૪૭૦૪ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ, સુરત, અમદાવાદની ટી.પી. સ્કીમોની ઝડપી આખરી કરવા માટે સરકાર ધ્વારા શું પગલાં લેવામાં આવે છે ?

**જવાબ**

નગરરચના યોજનાઓ સત્વરે આખરી કરવા માટે આ શહેરોમાં ૧૦ નવા એકમો મંજૂર કરવામાં આવ્યા છે. નગરરચના અધિકારીઓની ક્ચેરીઓ અદ્યતન કમ્પ્યુટર તથા અન્ય સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે. નગરરચના અધિકારીઓની કામગીરીની સમયાંતરે મધ્યસ્થ કક્ષાએ તથા વિભાગીય કક્ષાએ સમીક્ષા કરવામાં આવે છે.

---------

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર બિસ્માર રસ્તાઓની કામગીરી**

૪૫૦૧ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના કેટલા રસ્તાઓ કેટલા સમયથી બિસ્માર હાલતમાં છે, અને

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) રસ્તાઓ જરૂરી મરામતની કામગીરી કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં આંગણવાડીઓ**

૪૪૬૭ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ કેટલી આંગણવાડી કાર્યરત છે,

(૨) જિલ્લામાં હજુ કેટલી આંગણવાડી શરૂ કરવાની બાકી છે, અને

(૩) તે ક્યારે શરૂ થશે ?

**જવાબ**

(૧) ૧૯૪૯

(૨) ખેડા જિલ્લાની મંજૂર થયેલ તમામ આંગણવાડી કાર્યરત હોય, કોઈ આંગણવાડી શરૂ કરવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ઉકાઈ ડેમમાં પિયત માટે પાણીનો જથ્થો**

૩૯૬૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉકાઈ ડેમમાં આગામી રવિ સીઝન સુધી પિયત થાય એટલો પાણીનો જથ્થો પર્યાપ્ત છે કે કેમ,

(૨) જો હા, તો સિંચાઈકારોને રોટેશન વિના તમામ પાકો માટે એકધોરો પાણીનો જથ્થો ઉપલબ્ધ કરાવી શકાશે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

સિંચાઈકારોને એકધારો પાણીનો જથ્થો નહિ પરંતુ રોટશનથી પાણી આપવાની પધ્ધતિ છે. આ રોટેશનનો

| | |
|---|---|
| (૩) જો ના, તો રોટેશનનો સમયગાળો શું હશે ? | સમયગાળો જળાશયમાં હાલના ઉપલબ્ધ જથ્થા મુજબ ૧૮ થી ૨૪ દિવસ હશે. |

---------

**પંચમહાલ જિલ્લામાં રસ્તાઓનું રીસરફેસીંગ**

૪૩૬૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસીંગ ન થયેલ રાજ્ય હસ્તકના કેટલા કિલોમીટર લંબાઈના રસ્તાઓ છે, | (૧) પંચમહાલ જિલ્લામાં સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ રાજ્ય હસ્તકના ૧૨૦.૪૪૧ કિલોમીટર લંબાઈના રસ્તાઓ છે. |
| (૨) આ લંબાઈ પૈકી વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા કિલોમીટર લંબાઈની કામગીરી અને કેટલી રકમની મંજૂરી અપાઈ અને કઈ યોજનામાંથી, અને | (૨) આ લંબાઈ પૈકી વર્ષ ૨૦૦૮-૦૯માં ૫૧.૩૪૧ કિલોમીટર લંબાઈની કામગીરી રૂા. ૧૬૦૦.૦૦ લાખ રકમની મંજૂરી ખાસ મરામત યોજના હેઠળ અપાઈ છે. |
| (૩) મંજૂરી અપાયેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ટેન્ડરમાં નિયત કરેલ સમયની મર્યાદામાં જેમ બને તેમ જલદી. |

---------

**સાવલીથી વડોદરા સુધીનો મંજૂર થયેલ રસ્તાની કામગીરી અંગે**

૪૦૩૭ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી-વડોદરા રોડ જી.આઈ.ડી.સી. સુધી મંજૂર થયેલ રસ્તો ક્યારે શરુ કરેલ છે, | (૧) તા. ૫-૧૦-૨૦૦૭થી શરૂ કરેલ છે. |
| (૨) આ રસ્તો શરુ કર્યા પછી તુરત તૂટી ગયેલ છે તે હકીક્ત સાચી, | (૨) કુલ લંબાઈ પૈકી થયેલ કામગીરીની આંશિક લંબાઈમાં ચોમાસા દરમ્યાન સપાટીને નુક્સાન થવા પામેલ છે. |
| (૩) જો હા, તો આ રસ્તામાં ઈજારદારને કેટલી રકમનું રનીંગ બીલ અદા કરેલ છે, અને | (૩) સદર કામમાં રૂા. ૧૯.૯૯ લાખનું ચૂકવણું કરેલ છે. |
| (૪) આ રસ્તો તૂટી જવાથી ઈજારદાર/ અધિકારીઓ સામે સરકારે શાં પગલાં લીધા ? | (૪) કામ પ્રગતિમાં હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં અપૂરતા વરસાદના કારણે ડેમોમાં નર્મદાનું પાણી નાંખવા આયોજન**

૪૬૮૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | |
|---|---|
| (૧) સન ૨૦૦૮ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અપૂરતા વરસાદના કારણે કેટલા ડેમોમાં પાણીનો સંગ્રહ ખૂબજ ઓછો થયેલ છે, અને | (૧) ૧૦ મોટા / મધ્યમ જળાશયોમાં પાણીનો સંગ્રહ ઓછો થયેલ છે. |
| (૨) આવા ડેમોમાં નર્મદાનું પાણી ભરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) ૧૦ મોટા / મધ્યમ બંધ પૈકી ગુહાઈ, હાથમતી, વાત્રક, માઝમ તથા મેશ્વો ડેમમાં નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી ઉદ્વવહન કરી, પાઈપલાઈન દ્વારા ભરવાનું આયોજન છે. હાથમતી-ગુહાઈ ઉદ્વવહન યોજનાનું કામ પૂર્ણતાને આરે છે. વાત્રક-માઝમ-મેશ્વો ઉદ્વવહન યોજનાના કામ માટે કાર્યવાહી હાથ ધરેલ છે. |

## જુનાગઢ જિલ્લામાં વિક્સતી જાતિના વિદ્યાર્થીઓને ચૂક્વવાની બાકી શિષ્યવૃતિ

૩૮૩૧ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ, કેશોદ, તાલાળા અને માંગરોળ તાલુકામાં વિક્સતી જાતિ માટે પ્રી-મેટ્રીક અને પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃતિ ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ, કેશોદ, તાલાળા અને માંગરોળ તાલુકાઓમાં વિક્સતી જાતિના વિદ્યાર્થીઓને નીચે મુજબ શિષ્યવૃતિ ચૂકવવામાં આવી.

| પ્રિ. મેટ્રીક શિષ્યવૃતિ | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ષ ૨૦૦૭-૦૮ | | | | વર્ષ ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ) | |
| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ચૂક્વેલ શિષ્યવૃતિ (રૂા.) | વિદ્યાર્થીની સંખ્યા | ચૂક્વેલ શિષ્યવૃતિ (રૂા.) |
| ૧ | વેરાવળ | ૩૪૮૪૯ | ૪૪૬૭૭૭૬ | ૨૭૦૭૮ | ૩૨૫૭૬૦૨ |
| ૨ | કેશોદ | ૧૪૮૮૨ | ૧૭૨૨૨૪૬ | ૧૪૦૭૪ | ૧૬૨૦૧૭૫ |
| ૩ | તાલાળા | ૧૪૨૩૨ | ૧૬૬૮૪૬૩ | ૧૨૬૭૨ | ૧૪૯૫૭૫૦ |
| ૪ | માંગરોળ | ૨૨૫૨૫ | ૨૭૪૫૪૭૯ | ૧૮૯૨૨ | ૨૨૧૯૫૭૩ |
| | કુલ | ૮૬૪૮૮ | ૧૦૬૦૩૯૬૪ | ૭૨૭૪૬ | ૮૫૯૩૧૦૦ |
| પોષ્ટ મેટ્રીક શિષ્યવૃતિ | | | | | |
| વર્ષ ૨૦૦૭-૦૮ | | | | વર્ષ ૨૦૦૮-૦૯ | |
| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ચૂક્વેલ શિષ્યવૃતિ (રૂા.) | વિદ્યાર્થીની સંખ્યા | ચૂક્વેલ શિષ્યવૃતિ (રૂા.) |
| ૧ | વેરાવળ | ૩૪૫૭ | ૩૮૭૮૮૬૭ | ૨૮૨૧ | ૩૨૦૨૪૨૭ |
| ૨ | કેશોદ | ૧૫૮૦ | ૧૮૯૮૫૧૧ | ૧૨૬૧ | ૧૩૦૮૯૭૭ |
| ૩ | તાલાળા | ૯૪૯ | ૮૬૩૯૧૫ | ૯૦૬ | ૭૬૯૨૧૦ |
| ૪ | માંગરોળ | ૧૬૫૩ | ૧૭૮૫૧૦૨ | ૬૪૧૨ | ૧૨૭૮૦૭૫ |
| | કુલ | ૭૬૩૯ | ૮૪૨૬૩૯૫ | ૬૨૫૨ | ૬૫૫૮૬૮૯ |

(૨) કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવાની બાકી છે, અને

(૨) (૧) વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન પ્રિ.મેટ્રીક શિષ્યવૃતિ તથા પોષ્ટ મેટ્રિક શિષ્યવૃતિની કોઈ ચૂકવણી બાકી નથી.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન નીચે મુજબ શિષ્યવૃતિ ચૂકવવાની બાકી છે.

| પ્રિ મેટ્રીક શિષ્યવૃતિ | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ચૂક્વવાની બાકી શિષ્યવૃતિ રૂા. |
| ૧ | વેરાવળ | ૮૯ | ૧૯૭૨૫ |
| ૨ | કેશોદ | ૧૫૯ | ૧૫૮૨૫ |
| ૩ | તાલાળા | ૦૦ | ૦૦ |
| ૪ | માંગરોળ | ૧૭૮ | ૧૬૭૫૦ |
| | કુલ | ૪૨૬ | ૫૨૩૦૦ |
| પોષ્ટ મેટ્રિક શિષ્યવૃતિ | | | |
| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ચૂક્વવાની બાકી શિષ્યવૃતિ રૂા. |
| ૧ | વેરાવળ | ૬ | ૫૩૧૦ |
| ૨ | કેશોદ | ૧૧ | ૧૮૦૯૦ |
| ૩ | તાલાળા | ૧૧૩ | ૧૬૩૬૮૦ |
| ૪ | માંગરોળ | ૧૦૧ | ૨૯૩૦૨૮ |
| | કુલ | ૨૩૧ | ૪૮૦૧૦૮ |

(૩) બાકી રહેલ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) શક્ય તેટલી વહેલી

---------

## સુરત અને તાપી જિલ્લાના ચેકડેમોની ગુણવત્તા

૪૨૫૬ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯માં તા. ૩૧-૮-૦૮ સુધીમાં સુરત અને તાપી જિલ્લામાં કઈ કઈ યોજના હેઠળ કેટલા ચેક ડેમો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯માં તા. ૩૧-૮-૦૮ સુધીમાં સુરત અને તાપી જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૮૦:૨૦) અંતર્ગત કુલ [illegible]

૧૨૭ ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) ૧૦૪ ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) પૂર્ણ થયેલ ચેક ડેમોની ગુણવત્તા કેવી છે ?

(૩) ચેકડેમોની ગુણવત્તા સારી છે.

---------

**રાજકોટ જિલ્લામાં મહિલાઓને માર્ગદર્શન માટે ફાળવેલ ગ્રાન્ટ**

૩૯૩૩ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલાઓને કાયદાકિય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકા કક્ષાએ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા કેન્દ્રો છે, કઈ સંસ્થા સંચાલિત છે,

(૨) રાજકોટ જિલ્લામાં કુલ ૧૫ કેન્દ્રો છે જે નીચેની સંસ્થાઓ ધ્વારા સંચાલિત છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | મોરબી | મહિલા પ્રગતિ મંડળ |
| ૨ | ટંકારા | શ્રી મહિલા કલા નિકેતન ટ્રસ્ટ |
| ૩ | રાજકોટ | અનમોલ એજ્યુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ |
| ૪ | રાજકોટ | જય ગુરૂદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ |
| ૫ | જસદણ | લઘુમતી ઉત્કર્ષ ટ્રસ્ટ |
| ૬ | વાંકાનેર | એસ. પી. મહિલા ઉ. વે. સ. મંડળી |
| ૭ | ઉપલેટા | જયપરશુરાત રચનાત્મક સેવા સમિતિ |
| ૮ | ગોંડલ | અનમોલ એજ્યુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ |
| ૯ | પડધરી | સહયોગ |
| ૧૦ | જેતપુર | વિકાસ સેવા સંઘ |
| ૧૧ | લોધિકા | જય ગુરૂદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ |
| ૧૨ | માળીયા મિયાણા | માધવી જન કલ્યાણ ટ્રસ્ટ |
| ૧૩ | ધોરાજી | સહયોગ ગ્રામ્ય મહિલા નવનિર્માણ સંઘ |
| ૧૪ | જામ કંડોરણા | શ્રી જય ખોડિયાર એજ્યુ. ટ્રસ્ટ |
| ૧૫ | કોટડા શાંગાણી | સ્વ. માતૃશ્રી વી. એ. જોષી એજ્યુ. એન્ડ ચેરી ટ્રસ્ટ |

(૩) આ સંસ્થાને તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઈ કઈ બાબત આપવામાં આવી છે, અને

(૩) નીચેના પત્રકમાં સામેલ વિગત મુજબની ગ્રાન્ટ કર્મચારીના પગાર તાલીમ શિબિર, મહિલા કલ્યાણ માટે પ્રચાર, પ્રસાર પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવી છે. જુન, જુલાઈ, ઓગષ્ટ-૦૮ની ગ્રાન્ટ હવે પછી ખર્ચ પત્રક રજુ થયેથી ચૂકવવામાં આવશે.

| ક્રમ | તાલુકા | સંસ્થાનું નામ | ૨૦૦૬- | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮- |
|---|---|---|---|---|---|
| ૧ | મોરબી | મહિલા પ્રગતિ | ૭૮૩૩૫ | ૧૧૨૯૭૮ | ૧૮૪૮૨ |
| ૨ | ટંકારા | શ્રી મહિલા કલા | ૭૨૬૬૯ | ૧૨૦૪૦૪ | ૩૧૯૧૫ |
| ૩ | રાજકોટ | અનમોલ | ૪૪૨૪૯ | ૧૫૨૩૩૨ | ૩૧૨૫૦ |
| ૪ | રાજકોટ | જય ગુરૂદેવ | ૭૭૭૫૩ | ૧૯૨૬૪૦ | ૩૫૧૪૭ |
| ૫ | જસદણ | લઘુમતી ઉત્કર્ષ | -- | ૫૪૪૦૦ | ૩૦૩૬૯ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૬ | વાંકાનેર | એસ. પી. | ૫૪૨૯૦ | ૫૪૨૯૦ | ૩૧૨૫૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | સ. મંડળી | | | |
| ૭ | ઉપલેટા | જયપરશુરાત રચનાત્મક સેવા સમિતિ | -- | ૨૮૩૫૬ | ૨૫૯૬૭ |
| ૮ | ગોંડલ | અનમોલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ | -- | ૫૪૨૫૦ | ૩૧૨૫૦ |
| ૯ | પડધરી | સહયોગ | -- | ૨૧૬૭૩ | ૧૮૨૧૩ |
| ૧૦ | જેતપુર | વિકાસ સેવા સંઘ | -- | ૩૨૧૬૮ | ૨૯૦૪૯ |
| ૧૧ | લોધિકા | જય ગુરૂદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ | -- | ૫૬૩૦૦ | ૩૦૫૫૪ |
| ૧૨ | માળીયા મિયાણા | માધવી જન કલ્યાણ ટ્રસ્ટ | -- | ૧૨૨૫૦ | ૨૭૭૫૦ |
| ૧૩ | ધોરાજી | સહયોગ ગ્રામ્ય મહિલા નવનિર્માણ સંઘ | -- | ૧૩૩૭૫ | ૨૮૨૫૦ |
| ૧૪ | જામ કંડોરણા | શ્રી જય ખોડિયાર એજ્યુ. ટ્રસ્ટ | -- | -- | -- |
| ૧૫ | કોટડા શાંગાણી | સ્વ. માતૃશ્રી વી. એ.જોષી એજ્યુ. એન્ડ ચેરી ટ્રસ્ટ | -- | ૩૧૨૫૦ | ૩૧૨૫૦ |

(૪) કેટલી આપવાની બાકી છે ?

(૪) સને ૨૦૦૮-૦૯માં માર્ચ, એપ્રિલ, મે માટેના પ્રથમ ક્વાર્ટર માટેની ગ્રાન્ટ ચુકવી આપવામાં આવેલ છે. જુન, જુલાઈ, ઓગષ્ટ-૦૮ની ગ્રાન્ટ હવે પછી ખર્ચ પત્રક રજૂ થયેથી ચૂકવવામાં આવશે.

## વડોદરા જિલ્લાનું વિભાજન

૩૬૭૮ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાનું વિભાજન કરી નવીન જિલ્લો બનાવવાનું તા. ૩૧-૭-૦૮ની સ્થિતિએ કામ ક્યા તબક્કે છે, અને

(૨) કેટલા સમયમાં તેનું વિભાજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાનું વિભાજન કરી નવીન જિલ્લો બનાવવાની દરખાસ્ત તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ વિચારણાધીન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## મૂળી અને હળવદ તાલુકામાં રસ્તાઓના બાકી કામો

૪૨૮૯ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી અને હળવદ તાલુકાના ગામડાંઓના રાજ્ય હસ્તક, પંચાયત હસ્તક તથા વડા પ્રધાન ગ્રામ્ય રસ્તા યોજના હેઠળ ઉપરોક્ત તાલુકાના ગામડાઓના તા. ૩૦-૬-૦૮ની સ્થિતિ ક્યા ક્યા ગામોના રસ્તાના કામ બાકી છે,

(૨) ઉપરોક્ત કામો અંગે કુલ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા છે,

(૩) કેટલાં અને ક્યા ક્યા ગામડાઓના કાચા રસ્તા, કેટલાં ગામોમાં એપ્રોચ રોડ કરવાનાં બાકી છે,

(૪) આ રસ્તાઓ કેટલા સમયથી કરવાના બાકી છે, અને

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) મુળી અને હળવદ તાલુકાના બધા મહેસૂલી ગામો ડામર/મેટલ સપાટીવાળા પાકા રસ્તાથી જોડાયેલા હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) આ તાલુકાઓના દરેક ગામડાઓ ડામરના રસ્તાઓ વાળા કરવા માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

(૫) કુલ ૧૨૫ ગામો પૈકી ૧૨૩ ગામો ડામર સપાટીના રસ્તાથી જોડાયેલ છે. બાકીના બે ગામો મેટલ સપાટીના રસ્તાથી જોડાયેલ છે. જેને ડામર સપાટીના કરવા માટે મંજુરી આપેલ છે.

---------

## ભરૂચ જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળના રસ્તાઓ

૪૩૪૮ **શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય હસ્તકના કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળેલ છે, અને

(૨) મંજૂર રસ્તાઓ પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય હસ્તક્ના ૧૯ રસ્તાઓને રૂા. ૯૫૬.૪૦ લાખની મંજુરી મળેલ છે.

(૨) મંજૂર થયેલ રસ્તાઓ ટેન્ડરમાં નિયત કરેલ સમય મર્યાદામાં જેમ બને તેમ સત્વરે.

---------

## ગારીયાધાર શહેરમાં લીઝ હકકમાં ફેરવવાની અરજીઓ

૩૮૦૭ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગારીયાધાર શહેરમાં આવેલ રાવળા, ચવ, ઉભડ મકાનોને લીઝ હકકમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ મળેલ છે,

(૨) મળેલ અરજીઓમાં કેટલા અરજદારોને નિયમસર કાર્યવાહી કરીને લીઝ હકકમાં ફેરવી આપેલ છે, અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર અરજીઓના નિકાલ કેટલા સમયમાં કરીને અરજદારોને લીઝ હકકમાં ફેરવી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭૦૮

(૨) અરજદારોની મળેલ અરજીઓ પૈકી

| | | |
|---|---|---|
| ૨૨૯ | -- | મંજૂર |
| ૮૪ | -- | નામંજૂર |
| ૩૯૫ | -- | પડતર |
| ૭૦૮ | કુલ | |

(૩) સત્વરે

---------

**ક્લેકટર ક્ચેરીમાં કારકુનની ખાલી જ્ગ્યાઓ**

૪૭૧૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| મહેસૂલ સંવર્ગમાં ક્લેકટર ક્ચેરીમાં કારકુનોની ખાલી જ્ગ્યાઓ ભરવા શું આયોજન છે ? | તા. ૨૮-૮-૨૦૦૮ના રોજ કારકુન સંવર્ગની સીધી ભરતીના ફાળે આવતી ૯૩૪ જ્ગ્યાઓ ભરવા માટેનું માંગણાપત્રક ગૌણ સેવા પસંદગી મંડળને મોક્લી આપવામાં આવેલ છે. |

---------

**રાજ્યમાં મહેસૂલ રેકર્ડનું પ્રમોલગેશન**

૪૪૮૦ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સમગ્ર રાજ્યમાં મહેસૂલ રેકર્ડનું પ્રમોલગેશન કામ ક્યારે પૂરું થશે ? | સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

---------

**ભૂકંપ અસરગ્રસ્તો માટે ફાળવેલ ગ્રાન્ટ**

૩૯૯૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૨૦૦૧ના ભૂકંપથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પુનઃવસન/પુનઃ સગવડના હેતુસર રાજ્યના બજેટમાં જોગવાઈ થતી રકમ ગત વર્ષમાં ખર્ચી શકાઈ નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના |
| (૨) જો હા, તો ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષ માટે રાજ્યના બજેટમાં નિર્ધારીત કરેલ રકમ સામે કેટલી રકમ ખર્ચાયા વગરની રહી, અને | (૨) લાગુ પડતુ નથી. |
| (૩) જો ના, તો તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષોમાં વર્ષવાર રાજ્યના અંદાજપત્રમાં મંજૂર કરવામાં આવેલ રકમ સામે કેટ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) છેલ્લા ત્રણ વર્ષની વિગત (રૂા. કરોડમાં) |

| વર્ષ | અંદાજપત્રમાં જોગવાઈ | થયેલ ખર્ચ |
| --- | --- | --- |
| ૦૫-૦૬ | ૯૫૯.૦૪ | ૭૯૦.૩૨ |
| ૦૬-૦૭ | ૪૬૦.૫૯ | ૧૭૦.૮૯ |
| ૦૭-૦૮ | ૪૪૧.૭૧ | ૪૪૧.૧૦ |

---------

**સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત નગરપાલિકાઓને રકમની ફાળવણી**

૩૮૫૨ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત રાજકોટ જિલ્લાની કઈ કઈ નગરપાલિકાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને | (૧) સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત સરકારશ્રી તરફથી નગરપાલિકાઓને કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી. |
| (૨) ઉપલેટા નગરપાલિકાને ફાળવાયેલ રકમમાંથી શું કામગીરી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં રસ્તાઓ રિસરફેસ કરવા અંગે**

૪૩૫૮**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં રાજ્ય વિભાગ હસ્તકના રસ્તાઓની સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ | (૧) વડોદરા જિલ્લામાં સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ લંબાઈ પેકી ૨૦૦૮-૦૯માં ૫૬.૩૨ |

લંબાઈ પૈકી વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા કિલોમીટર લંબાઈની કામગીરીને કેટલી રકમની મંજૂરી કઈ યોજનામાંથી અપાઈ, અને

(૨) મંજૂરી અપાયેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

કી.મી. લંબાઈની કામગીરી માટે રૂા. ૧૫૧૪.૦૦ લાખની મંજુરી ખાસ મરામત કાર્યક્રમ અંતર્ગત અપાયેલ છે.

(૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ સત્વરે.

--------

**ગાંધીનગર ખાતે સરકારી મકાનોની કરેલ માંગણીઓ**

૪૧૦૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પૂર્વમંત્રીશ્રીઓ,પૂર્વસાંસદો,પૂર્વધારાસભ્યશ્રીઓએ ગાંધીનગરમાં સરકારી મકાનની માંગણીઓ કરી, | (૧) તા. ૧-૭-૦૬ થી તા. ૩૦-૬-૦૮ સુધીના છેલ્લા બે વર્ષમાં ૫ માગણી આવેલ છે. |
| (૨) ક્યા દરે માંગણી કરેલ છે, | (૨) ૩ માગણીમા દરનો ઉલ્લેખ નથી. ૧ માગણી નિયમાનુસારના ભાડેથી માગણી છે. ૧ ટોકન દરે અથવા અર્થિક દરે માગણી છે. |
| (૩) કોને ક્યા પ્રકારનું મકાન ક્યારે આપવામાં આવ્યું, | (૩) (૧) પુર્વ મંત્રીશ્રી છત્રસિંહ મોરીને ઘ કક્ષાનું આવાસ તા. ૧૦/૧/૦૮ થી ફાળવેલ છે. (૨) પુર્વ મંત્રીશ્રી આઈ. કે. જાડેજાને ગ-૧ કક્ષાનું આવાસ તા. ૨૨/૪/૦૮ થી ફાળવેલ છે. આ સિવાય અન્ય કોઈને ફાળવેલ નથી. |
| (૪) મકાનો ખાલી હોવા છતાં ક્યા કારણથી આપવામાં આવેલ નથી, અને | (૪) નિયમોમાં જોગવાઈ ના હોવાથી તેમજ ખાસ કિસ્સાની આ માગણીના કારણો યોગ્ય ન જણાતા મકાન ફાળવણી કરેલ નથી. |
| (૫) માર્કેટ દરે કોણે માંગેલ છે તે અંગે શું કાર્યવાહી કરેલ છે ? | (૫) ઉપરોક્ત પૈકી કોઈએ માર્કેટ દરે માગણી કરેલ નથી. |

---------

**પાટણ જિલ્લાના ઘોરીમાર્ગોને બારમાસી બનાવવા અંગે**

૪૪૦૫ **શ્રી રજનીકાન્ત પટેલ (ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારે વરસાદ અને પૂરને કારણે વારંવાર ઓવર ટોપીંગ થતા રાજ્ય ધોરી માર્ગોને બારમાસી બનાવવા સરકારે કોઈ આયોજન વિચારેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળી ? | (૨) ૩ રસ્તાના ૧૬ અનુભાગોને રૂા. ૭૭૪.૨૦ લાખની મંજૂરી મળેલ છે. |

---------

**રાજ્યમાં મામલતદાર કચેરીના નવા મકાન બાંધકામ અંગે**

૪૪૬૦ **વર્ષાબેન દોશી(વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં મામલતદાર કચેરીના નવા મકાનો બનાવવાનું ૨૦૦૮-૦૯ના વર્ષમાં શું આયોજન છે ? | અગિયાર મામલતદાર કચેરીના મકાનો બનાવવા જોગવાઈ કરવામાં આવી છે. |

---------

## આણંદ જિલ્લામાં રસ્તાઓનું સમારકામ

૪૩૭૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસીંગ ન થયેલ રાજ્ય હસ્તકના કેટલા કિ.મી. લંબાઈના રસ્તાઓ છે, | (૧) રાજ્ય વિભાગ હસ્તકના ૮૦.૦૭ કિ.મી. લંબાઈના રસ્તા સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસીંગ થયેલ નથી. |
| (૨) આ લંબાઈ પેકી વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા કિલોમીટર લંબાઈની કામગીરીને કેટલી રકમની મંજૂરી અપાઈ, કઈ યોજનામાંથી, અને | (૨) આ પેકી ૩૭.૩૦ કી.મી. લંબાઈની કામગીરીને ખાસ મરામત સદરે રૂા. ૧૭૪૦ લાખની તથા ૧૪ કી.મી. લંબાઈની કામગીરીને કોર નેટવર્ક હેઠળ રૂા. ૪૫૦ લાખની મંજૂરી આપેલ છે. |
| (૩) મંજૂરી અપાયેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે જેમ બને તેમ જલ્દીથી. |

---------

## કેલીયા અને સુજ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ

૩૮૨૫ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાની વાંસદા તાલુકાની કેલીયા અને સુજ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરવા સરકારનું શું આયોજન છે, અને | (૧) હાલ લોકાર્પણ કરવાનું આયોજન નથી. |
| (૨) આ યોજનાનું કામ કેટલું બાકી છે, અને ક્યારે પૂરું થશે ? | (૨) યોજનાના મોટા ભાગના કામો પૂર્ણ થયેલ છે. |

---------

## પાટણ તાલુકાના વેલાડા ગામને પાકા રસ્તાની સુવિધા

૪૨૬૪ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના પાટણ તાલુકામાં આવેલ નાના વેલાડા ગામમાં જવા આવવા માટે કોઈ રસ્તો નથી તે હકીકત સાચી છે, અને | (૧) પાટણ તાલુકાનુ મહેસુલી ગામ વેલાડાનુ પરુ નાના વેલાડા કાચા રસ્તાથી જોડાયેલ છે. |
| (૨) જો હા, તો ચોમાસા દરમ્યાન આ ગામની જનતાને અવરજવર માટે અવાર નવાર મુશ્કેલીઓ પડતી હોય આ ગામને પાકા રસ્તાની સુવિધા આપવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) હાલમાં કોઈ આયોજન કરેલ નથી. |

---------

## ધંધુકા તાલુકામાં વિધવા બહેનોને સહાય

૩૯૩૭ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ધંધુકા તાલુકામાં કેટલી વિધવા બહેનોને સહાય મળે છે, | (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ધંધુકા તાલુકામાં ૨૩૩ વિધવા બહેનોને સહાય મળે છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિધવા બહેનોની સહાય બંધ કરેલ છે, અને | (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪ (ચાર) વિધવા બહેનોની સહાય બંધ કરેલ છે. |
| (૩) જેમની સહાય બંધ કરી છે તેના કારણો શા છે ? | (૩) કુલ ૪ (ચાર) લાભાર્થીઓની સહાય બંધ કરવામાં આવેલ છે. જે પેકી ૧ (એક) લાભાર્થી ૬૦ વર્ષ પૂર્ણ કરતા અને ૩ (ત્રણ) લાભાર્થીના પુત્ર ૨૧ વર્ષના થતાં નિયમોનુસાર સહાય બંધ થયેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં વિધવા બહેનોને સહાય**

૪૨૬૮ **શ્રી હરીભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને સહાય ચૂકવવામાં આવી છે, અને

(૨) આ સહાય દર માસે સમયસર ચુકવાતી નથી તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે કુલ ૬૨૪૮ વિધવા બહેનોને સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૨૭૨ |
| ૨ | લલોલ | ૯૧૭ |
| ૩ | હાલોલ | ૫૨૭ |
| ૪ | ઘોઘંબા | ૩૨૦ |
| ૫ | મોરવા (હ) | ૪૨૮ |
| ૬ | જાંબુઘોડા | ૨૯૩ |
| ૭ | લુણાવાડા | ૭૧૭ |
| ૮ | શહેરા | ૫૮૭ |
| ૯ | ખાનપુર | ૩૨૧ |
| ૧૦ | સંતરામપુર | ૫૨૨ |
| ૧૧ | કડાણા | ૩૪૪ |
| | કુલ : | ૬૨૪૮ |

(૨) આ સહાય ચૂકવવામાં વિલંબ ન થાય તે માટે પોસ્ટ ઓફિસ મારફત ચૂકવવામાં આવે છે અને આ માટે અગ્રતાના ધોરણે ગ્રાન્ટ મેળવીને ચૂકવણામાં વિલંબ ન થાય તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.

--------

**અમદાવાદ જિલ્લામાં તળાવો ઊંડા કરવા અંગે**

૩૯૦૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર ગામ તળાવ અને સીમ તળાવ ઊંડા કર્યા તેની સંખ્યા કેટલી છે, અને

(૨) તળાવો ઊંડા કરવાનો ખર્ચ કેટલો થયો ?

**જવાબ**

(૧) કુલ : ૨૨૯.

(૨) કુલ ખર્ચ રૂા. ૧૦૧૨.૫૫ લાખ.

---------

**નર્મદાના પાણી બાલારામ અને મુક્તેશ્વર ડેમમાં ભરવા કાર્યવાહી**

૩૮૨૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાના પાણીથી, બનાસકાંઠાના સીપુ તથા દાંતીવાડાના બંધો ભરવા માટે જે રીતે કાર્યવાહી કરવામાં આવી છે, તેજ રીતે બાલારામ તથા મુક્તેશ્વર ડેમ ભરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૨) જો કોઇ કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેના શું કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨) હાલ આયોજન હેઠળ નથી.

---------

## ભિલોડા તાલુકામાં પંચાયત હસ્તકના રસ્તાના કામો

૪૨૮૪ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પંચાયત હસ્તકના કુલ કેટલા રસ્તાઓ છેલ્લા ૭ વર્ષ (સાત) થી ઉપરના ડામર ર્ક્યા વગરના છે,

(૨) આ રસ્તાઓ ડામર ન કરવાના કારણો શા છે, અને

(૩) સરકાર ક્યાં સુધી આ રસ્તાઓ ડામર કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૨૫ રસ્તાઓ.

(૨) નાણાક્યિ ઉપલબ્ધતા તથા રસ્તાની સપાટીની સ્થિતિ તેમજ રસ્તાની અગત્યતા ધ્યાને લઇ મંજુર કરવામાં આવે છે.

(૩) ૨૫ રસ્તાઓ પેકી ૧૫ રસ્તાઓનું આયોજન કરવામાં આવેલ છે. આયોજન થયેલ રસ્તાઓની કામગીરી વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ પુર્ણ કરવામાં આવશે. આયોજન બાકી ૧૦ રસ્તાના કામો નાણાક્યિ ઉપલબ્ધતા તથા રસ્તાની સપાટીની સ્થિતિ તેમજ રસ્તાની અગત્યતા ધ્યાને લઇ મંજુર કરવા આયોજન વિચારવામાં આવશે.

---------

## કલોલ નગરપાલિકામાં ટી.પી. સ્કીમોની કામગીરી

૪૪૪૮ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલોલ નગરપાલીકામાં નવીન ટી.પી. સ્કીમ બનાવવા સરકાર દ્વારા કોઇ કાર્યવાહી થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી નવી ટી.પી. સ્કીમોની કામગીરી છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ થયેલ છે, અને

(૩) તે ક્યારથી અમલમાં આવશે ?

**જવાબ**

(૧) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઇઓ અન્વયે નવીન (મુસદ્દારૂપ) નગર રચના યોજના બનાવવાની કામગીરી સ્થાનિક સત્તામંડળે કરવાની રહે છે. તથા ઉક્ત અધિનિયમની કલમ-૪૮(૨) હેઠળ રાજ્ય સરકાર તે મંજુર કરે છે.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરત મહાનગરપાલિકાની હદથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ સુધીનો રસ્તો પહોળો કરવા અંગે

૪૩૭૨ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરપાલિકાની હદથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ જોડતા રાજ્ય ધોરીમાર્ગને પહોળો કરવાનું આયોજન સરકારે વિચારેલ છે કે કેમ,

(૨) જો હા, તો શું આયોજન કરેલ છે, અને

(૩) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) સુરત મહાનગરપાલિકાની હદથી રાષ્ટ્રીય ધોરી માર્ગને જોડતા સુરત જહાંગીરપુરા વરીયાવ રસ્તાને (કી.મી. ૮/૫ થી ૨૧/૮૨૫) ચાર લેઇન પહોળો કરવાનું આયોજન છે.

(૩) નકશા-અંદાજો બનાવવાની પ્રક્રિયામાં.

---------

### કચ્છ જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ રસ્તાઓની સુધારણા

૪૩૮૪ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાબાર્ડ યોજના હેઠળ મહેસૂલી ગામોને ડામર સપાટીથી જોડવાની કામગીરી વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં કચ્છ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા, | (૧) ૫૫ રસ્તાઓ, રૂા. ૩૭૨૭.૫૭ લાખના મંજુર કરેલ છે. |
| (૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

### જામનગર જિલ્લાના બિસ્માર હાલતના રસ્તાઓ

૪૧૦૦ **શ્રી બ્રિજરાજસિંહ હે.જાડેજા(જામજોધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ (પંચાયત અને સ્ટેટ) ના બિસ્માર હાલતમાં છે, અને | (૧) અને (૨) રસ્તાઓ વાહનવ્યવહાર યોગ્ય હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ રસ્તાઓની મરામત કામગીરી કેટલા સમયમાં હાથ ધરવામાં આવશે ? | |

---------

### ખેડા જિલ્લામાં જવાહરલાલ નહેરૂ અર્બન મીશન હેઠળ ફાળવેલ રકમ

૪૪૯૩ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ જવાહરલાલ નહેરૂ અર્બન મિશન હેઠળ ખેડા જિલ્લામાં શહેરોના વિકાસ માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ સરકારે ફાળવી, | (૧) જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ યુ.આઇ.ડી. એસ.એસ.એમ.ટી. યોજના હેઠળ જે તે નગરપાલિકાઓને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ખેડા જિલ્લામાં આવેલ ૭ નગરપાલિકાઓને તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૦.૯૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. |
| (૨) આ ફાળવેલ રકમ ક્યા ક્યા શહેરો પાછળ ફાળવી, અને | (૨) આ રકમ ખેડા, કપડવંજ, ડાકોર, ચકલાસી, બાલાશિનોર, કઠલાલ અને મહુધા નગરપાલિકા એમ ખેડા જિલ્લાની કુલ-૭ નગરપાલિકાઓને ફાળવવામાં આવી છે. |
| (૩) કેટલા કામો પૂર્ણ થયા ? | (૩) આ યોજના હેઠળ તમામ સાત નગરપાલિકાઓમાં હાથ ધરાયેલ પાણી પુરવઠાના પ્રોજેક્ટ પ્રગતિમાં છે. |

---------

### ભરૂચ - દહેજના માર્ગ અંગે

૪૨૪૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ - દહેજ રસ્તાનું કામ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ આ રસ્તાની ૪૮.૨૦૦ કી.મી. પૈકી ૪૭.૦૦ કી.મી. લંબાઇમાં ડામર કામ પુર્ણ કરેલ છે. તથા આ રસ્તા પર બે આર.ઓ.બી. નું કામ સર્વિસ રોડ, ડ્રેઇનેઝ તથા ટોલ પ્લાઝાનું કામ બાકી છે. |

(૨) આ રસ્તા ઉપરના આર.ઓ.બી. (રેલ્વે ઓવર બ્રિજ)ના કામો ન થવાના ક્યા કારણો છે, અને

(૨) (૧) રેલ્વેની મંજુરી તા. ૨૬-૨-૦૮ના રોજ મળેલ હોવાથી.
(૨) ઇજારદાર સાથેના કરારની સમય મર્યાદા તા. ૩૦-૪-૦૮ ના રોજ પુર્ણ થવાથી.
(૩) જમીન સંપાદનમાં વિલંબ થવાથી.
(૪) રેલ્વે સત્તાવાળાની મંજુરીમાં ઘણી બધી શરતો હોવાથી.

(૩) આ બ્રિજના કામો ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) રેલ્વે સત્તાવાળાઓ તરફથી મંજુરી મળેથી તથા જમીન સંપાદન થયેથી બનતી ત્વરાએ.

---------

## માંડવી, ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને ચૂકવવાની બાકી શિષ્યવૃત્તિ

૩૮૨૮ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના માંડવી, ભુજ અને નખત્રાણા તાલુકાઓમાં વિકસતી જાતિ માટે પ્રિ. મેટ્રીક અને પોષ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) કચ્છ જીલ્લાના માંડવી, ભુજ અને નખત્રાણા તાલુકાઓમાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને નીચે મુજબ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી.

| **પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ** | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ ૨૦૦૭-૦૮** | | | | **વર્ષ ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ)** | |
| **ક્રમ** | **તાલુકો** | **વિદ્યાર્થીની સંખ્યા** | **ચૂકવેલ શિષ્યવૃત્તિ રૂા.** | **વિદ્યાર્થીની સંખ્યા** | **ચૂકવેલ શિષ્યવૃત્તિ (રૂા.)** |
| ૧ | માંડવી | ૮૬૯૩ | ૮૫૯૦૦૦ | ૧૦૪૪૮ | ૧૦૧૬૮૪૦ |
| ૨ | ભૂજ | ૧૮૬૪૨ | ૨૫૪૪૦૦૦ | ૧૫૭૦૦ | ૧૯૮૩૩૧૮ |
| ૩ | નખત્રાણા | ૬૫૦૨ | ૬૪૨૦૦૦ | ૭૨૪૮ | ૭૦૫૫૬૨ |
| | **કુલ :** | **૩૩૮૩૭** | **૪૦૪૫૦૦૦** | **૩૩૩૯૬** | **૩૭૦૫૭૨૦** |
| **પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ** | | | | | |
| **વર્ષ-૨૦૦૭-૦૮** | | | | **વર્ષ-૨૦૦૮-૦૯** | |
| **ક્રમ** | **તાલુકો** | **વિદ્યાર્થીની સંખ્યા** | **ચૂકવેલ શિષ્યવૃત્તિ રૂા.** | **વિદ્યાર્થીની સંખ્યા** | **ચૂકવેલ શિષ્યવૃત્તિ (રૂા.)** |
| ૧ | માંડવી | ૩૧૦ | ૩૯૮૦૦૦ | ૨૫૭ | ૩૧૦૮૨૫ |
| ૨ | ભૂજ | ૧૦૪૬ | ૧૧૬૦૦૦૦ | ૫૦૭ | ૫૮૦૭૭૭ |
| ૩ | નખત્રાણા | ૭૯ | ૬૩૦૦૦ | ૮૯ | ૭૮૫૬૪ |
| | **કુલ :** | **૧૪૩૫** | **૧૬૨૧૦૦૦** | **૮૫૩** | **૯૭૦૧૬૬** |

(૨) કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી છે, અને

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ ના સમયની આ ત્રણ તાલુકાઓમાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ કોઈને ચૂકવવાની બાકી નથી.

વર્ષ ૨૦૦૮-૦૯ની વિગત નીચે મુજબ છે.

**પ્રિ. મેટ્રિક શિષ્યવૃત્તિ**

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ચૂકવવાની બાકી શિષ્યવૃત્તિ રૂા. |
|---|---|---|---|
| ૧ | માંડવી | ૫૪ | ૯૪૫૦ |
| ૨ | ભૂજ | ૪ | ૮૩૮ |
| ૩ | નખત્રાણા | ૧૧ | ૧૫૯૧ |
| | **કુલ :** | **૬૯** | **૧૧૮૭૯** |

**પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ**

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | ચૂકવવાની બાકી શિષ્યવૃત્તિ રૂા. |
|---|---|---|---|
| ૧ | માંડવી | ૦ | ૦ |
| ૨ | ભૂજ | ૧૦૭ | ૧૨૪૬૯૬ |
| ૩ | નખત્રાણા | ૦૦ | ૦૦ |
| | **કુલ :** | **૧૦૭** | **૧૨૪૬૯૬** |

(૩) બાકી રહેલ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) શક્ય તેટલી વહેલી ચૂકવવામાં આવશે.

**બનાસકાંઠા જિલ્લાના રસ્તાઓનું રીસરફેસીંગ કરવા અંગે**

૪૩૯૪ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય હસ્તકના રસ્તાઓની સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ લંબાઇ પેકી વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા કિલોમીટર લંબાઇની કામગીરીને કેટલી રકમની મંજૂરી અપાઇ,

(૨) કઇ યોજનામાંથી, અને

(૩) મંજૂરી અપાયેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્ય વિભાગ હસ્તકના ૭ વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ લંબાઈ પેકી ૫૪.૯૬ કિ. મી. લંબાઈની કામગીરી રૂા. ૧૯૫૩ લાખની રકમથી મંજૂર કરેલ છે.

(૨) ખાસ મરામત

(૩) વહીવટી પ્રક્રિયામાં હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં મોટા ઉદ્યોગ ગૃહોને જમીન ફાળવણી**

૪૨૫૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જુલાઇ, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મોટા ઉદ્યોગ ગૃહો - અદાણી ગ્રુપ અને રિલાયન્સ ગ્રુપને ક્યા જિલ્લાની કેટલી જમીન ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

અદાણી ગૃપને કચ્છ જિલ્લામાં
હે. ૯૩૯-૩૪-૨૦ ચો. મી. તા. ૨૪-૧૦-૨૦૦૭થી
હે. ૪૦-૪૭-૦૦ ચો. મી. તા. ૧૪-૧૧-૨૦૦૭થી
હે. ૪૦૨-૨૪-૦૨ ચો. મી. તા. ૧૯-૧૧-૨૦૦૭થી
જમીન ફાળવી.

તેમજ

રિલાયન્સ ગૃપને જામનગર જિલ્લામાં
હે. ૧૩૩૩-૫૪-૩૮ ચો. મી. તા. ૨-૪-૨૦૦૮થી,
હે. ૫૯-૫૮-૮૧ ચો. મી. તા. ૭-૮-૨૦૦૭થી
ફાળવેલ છે.

**માલપુર મેઘરજ તાલુકાના વાત્રક ડેમના અસરગ્રસ્તોને વળતર**

૪૪૪૪ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માલપુર અને મેઘરજ તાલુકાના ગામોને જે તે સમયે વાત્રક ડેમ યોજનાના અમલીકરણ વખતે જે ખેડૂતોના જમીન/મકાન ડુબમાં ગયેલ તેઓને વળતર ચૂકવાયેલા કેસો પેકી તા. ૩૦-૬-૦૮ સુધીમાં કેટલા લાભાર્થીઓના નામ સરકારના ચોપડે નોંધેલ નથી,

**જવાબ**

(૧) તમામ લાભાર્થીઓના નામ સરકારશ્રીના રેકર્ડમાં નોંધેલ છે.

| | |
|---|---|
| (૨) આવા લાભાર્થીઓ પૈકી તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓના નામ ચોપડે નોંધવા માટેની અરજીઓ સરકારના વિભાગ હસ્તક પડતર છે, અને | (૨) કોઈ લાભાર્થીની અરજી પડતર નથી. |
| (૩) આ બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કિસાન પથ યોજના હેઠળ ભાવનગર જિલ્લાના રસ્તાઓને મંજૂરી**

૪૩૮૯ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કિસાન પથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં ભાવનગર જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા, | (૧) ૧૨ રસ્તાઓ રૂા. ૮૬૩.૦૦ લાખના મંજૂર કરેલ છે. |
| (૨) આ કામગીરી તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**રાજ્ય ધોરી માર્ગો બારમાસી બનાવવા**

૪૩૬૭ **શ્રી લાલજીભાઈ સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભારે વરસાદ અને પૂરને કારણે વારંવાર ઓવરટોપીંગ થતા રાજ્ય ધોરી માર્ગોને બારમાસી બનાવવા સરકારે કોઇ આયોજન વિચારેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા રસ્તાઓને કેટલી રકમની મંજૂરી મળી ? | (૨) બે રસ્તાના ત્રણ અનુભાગોને રૂા. ૭૪૭.૦૦ લાખની મંજૂરી મળેલ છે. |

**ગરબાડા તાલુકાના મોહનખોલ તળાવના પાણીનું સર્વે**

૪૦૫૮ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકામાં મોહનખોલ તળાવનું પાણી પીવા માટેનું એલ.આઇ.નું સર્વે કામ ક્યારે હાથ ધરાયું, અને | (૧) જુન-૨૦૦૮માં સર્વેક્ષણ હાથ ધરેલ છે. |
| (૨) આ તળાવનું પાણી પીવા માટે ક્યારથી આપવાનું આયોજન છે ? | (૨) યોજનાને મંજૂરી મળ્યેથી તથા ફંડની ઉપલબ્ધી અનુસાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

---------

**જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ ફાળવેલ રકમ**

૩૬૩૫ **શ્રી રામસિંહ પ્ર.પરમાર(ઠાસરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ તા. ૩૧-૭-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્ય સરકારને ફાળવી, અને

(૨) ફાળવેલ રકમ પૈકી ખેડા અને આણંદ જિલ્લા માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં જૂદી જૂદી યોજનાઓ માટે તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ નીચે મુજબની વિગતે રકમ ફાળવી.

(રકમ રૂા. કરોડમાં)

| યોજના | તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવેલ રકમ |
|---|---|
| યુઆઈજી | ૪૪૧.૨૩ |
| બીએસયુપી | ૨૦૦.૪૮ |
| યુઆઈડીએસએસએમટી | ૧૦૮.૭૩ |
| આઈએચએસડીપી | ૭૧.૫૨ |
| **કુલ :** | **૮૨૧.૯૬** |

(૨) જવાહરલાલ નહેરૂ, નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ નગરપાલિકાઓને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમ છતાં ખેડા અને આણંદ જિલ્લામાં આવેલ નગરપાલિકાઓને ફાળવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂા. કરોડમાં)

| ખેડા જીલ્લા હેઠળની નગરપાલિકાઓ | ફાળવેલ રકમ | આણંદ જીલ્લા હેઠળની નગરપાલિકાઓ | ફાળવેલ રકમ |
|---|---|---|---|
| ખેડા | ૧.૯૯ | બોરિયાવી | ૨.૭૬ |
| કપડવંજ | ૧.૫૮ | ખંભાત | ૨.૯૩ |
| ડાકોર | ૦.૯૦ | ઉમરેઠ | ૩.૪૦ |
| ચકલાસી | ૧.૪૩ | | |
| બાલાસિનોર | ૧.૦૪ | | |
| કઠલાલ | ૦.૭૯ | | |
| મહુધા | ૧.૦૬ | | |
| **કુલ :** | **૮.૭૯** | | **૯.૦૯** |

---------

**અમરેલી જિલ્લામાં પ્રમોલગેશનની કામગીરી**

૪૫૦૪ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં પ્રમોલગેશનની કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી બાકી છે, અને

(૨) ક્યારે પૂરી થશે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં જિલ્લાવાર રમતગમત સંકુલો બનાવવા અંગે**

૪૪૭૪ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ જિલ્લા કક્ષાના રમતગમત સંકુલ ક્યા ક્યા જિલ્લાઓમાં છે, | (૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ જિલ્લા કક્ષાના રમતગમત સંકુલો નીચેના જિલ્લાઓમાં આવેલા છે.<br>૧. ભાવનગર<br>૨. અમદાવાદ |
| (૨) રમતગમત સંકુલની જિલ્લા કક્ષાએ સુવિધા ન ધરાવતા જિલ્લાઓમાં સંકુલ બનાવવા માંગો છો કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) કેટલા સમયમાં બનાવવા માંગો છો? | (૩) જમીન ઉપલબ્ધ થયે, અંદાજપત્રીય જોગવાઈ થયેથી સત્વરે. |

---------

**કેશોદ મત વિસ્તારના શહેર તેમજ ગ્રામ્ય રસ્તાઓ અંગે**

૪૨૭૩ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ઓગષ્ટ ૨૦૦૮ ની સ્થિતિએ કેશોદ બાયપાસ રસ્તાનું નિર્માણ, કેવદ્રાથી એક્લેરા રસ્તો, શેરગઢથી કૃષ્ણનગર રસ્તો, બામણાસા (ઘેડ)થી માંડોદરા ધાર રસ્તો, ઇંદ્રાણાથી બાલાગામ રસ્તો, કોયલીથી નેશનલ હાઇવે તથા કોયલીથી નાંદરખી અને જુનાગઢથી ધંધુસર રસ્તો સરકાર ક્યારે કરવા ઇચ્છે છે ? | • કેશોદ બાયપાસ રસ્તાનું નિર્માણ ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રાધિકરણને સોંપવામાં આવેલ છે. જેનો પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.<br>• કેવદ્રા થી એક્લેરા રસ્તો, કોયલી થી નાંદરખી રસ્તો તથા જૂનાગઢ થી ધંધુસર રસ્તો કિ.મી.૮/૨૦ થી ૧૯/૪૫, વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં મંજૂર કરેલ છે. જે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી હાથ ધરવામાં આવશે.<br>• શેરગઢથી કૃષ્ણનગર રસ્તો, બામણાસા (ઘેડ) થી માંડોદરા ધાર રસ્તો, ઈંદ્રાણા થી બાલાગામ રસ્તો, કોયલી થી નેશનલ હાઈવે તથા જુનાગઢથી ધંધુસર રસ્તો કિ.મી. ૦/૦ થી ૮/૨, નાણાકીય ઉપલબ્ધતા અનુસાર રસ્તાની અગત્યતા ધ્યાને લઈ આયોજન વિચારવામાં આવશે. |

--------

**નાબાર્ડ દ્વારા મંજૂર થયેલ રસ્તાના કામો**

૩૯૯૫ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં નાબાર્ડ દ્વારા મંજૂર થયેલ રસ્તાઓના કામોની સત્તા કોની પાસે છે, અને<br>(૨) તે અન્વયે જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીને વિશ્વાસમાં લેવાય છે કે કેમ ? | (૧) અને (૨) નાબાર્ડમાં ગ્રામ્ય માળખાક્યિ વિકાસ ભંડોળ (RIDF) હેઠળ સમગ્ર રાજ્યને ધ્યાનમાં રાખીને જુદી જુદી યોજનાકીય કામોની દરખાસ્ત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે. ધારાસભ્યશ્રીઓના મત વિસ્તાર પ્રમાણે યોજનાઓ મંજૂર થતી ન હોય જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીને વિશ્વાસમાં લેવાનો પ્રશ્ન નથી. |

**રાજ્યમાં નવી આંગણવાડી શરૂ કરવા અંગે**

૪૪૨૨ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કુલ કેટલી આંગણવાડી મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યરત છે, અને | (૧) ૪૩૫૮૫ |
| (૨) જ્યાં આંગણવાડી નથી ત્યાં આંગણવાડી શરૂ કરવાનું શું આયોજન છે ? | (૨) જ્યાં આંગણવાડી નથી તેવા વિસ્તારોમાં આંગણવાડી શરૂ કરવા ભારત સરકારને નવી આંગણવાડી, મીની આંગણવાડી તથા નવા ઘટકો મંજૂર કરવા દરખાસ્ત કરેલ છે. |

--------

**નિરાધાર વિધવાઓને સ્વનિર્ભર કરવા અંગે**

૪૪૧૫ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિધવા સહાય લાભાર્થી બહેનોને પ્રતિમાસ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૧) ૧૮ થી ૬૦ વર્ષની વયજૂથની નિરાધાર વિધવા લાભાર્થી બહેનોને પ્રતિમાસ માસિક રૂા. ૫૦૦/- તથા તેઓના ઉપર આધારિત બાળકોને (બે બાળકોની મર્યાદામાં) બાળક દીઠ માસિક રૂા. ૮૦/-લેખે પોસ્ટ ઓફિસ બચત ખાતા દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. |
| (૨) આ બહેનો સ્વનિર્ભર બની શકે તે માટે સરકારે શું યોજના બનાવેલ છે ? | (૨) આ પૈકીની ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથની નિરાધાર વિધવા લાભાર્થી બહેનો સ્વનિર્ભર બની શકે તે માટે તેઓને સ્વરોજગારલક્ષી તાલીમ આપી, સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર લાભાર્થીઓને સ્વરોજગારી શરૂ કરવા માટે રૂા. ૩૦૦૦/-ની મર્યાદામાં તાલીમને અનુરૂપ સાધન સહાયની કીટ અથવા રૂા. ૩૦૦૦/- ની મર્યાદામાં સ્વરોજગારી લોન માટે માર્જિન મની આપવામાં આવે છે. |

--------

**જાંબુઘોડા ગામમાં વરસાદના પાણી**

૩૭૬૭ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ગામમાં તા. ૧૨-૮-૨૦૦૮ના રોજ થયેલ વધારે વરસાદમાં પૂરના પાણી ગામમાં ફરી વળ્યા તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પૂરના પાણી જાંબુઘોડા ગામમાં આવતા અટકાવવા માટે જરૂરી એવી પૂર સંરક્ષણ દિવાલ કરવા માંગો છો કે કેમ ? | (૨) શક્યતાદર્શી અભ્યાસ કરવાનું આયોજન છે. |

--------

**ધ્રોલ, જોડીયા અને કાલાવાડ તાલુકામાં એસ.આર. હેઠળ ડામરના રસ્તાઓ**

૪૦૫૪ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ જોડીયા, કાલાવાડ અને જામગનર તાલુકાના તા. ૩૧-૩-૨૦૦૮ની | (૧) કુલ ૨૧ રસ્તાઓ પરિશિષ્ટ-૧ મુજબ |

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર. પ્રોગ્રામ હેઠળ ક્યા ક્યા રસ્તાઓનું ડામર કામ કરવામાં આવ્યું,

**ધ્રોલ, જોડીયા અને કાલાવાડ તાલુકામાં એસ.આર. હેઠળ ડામરના રસ્તાઓ**

**પરિશિષ્ટ--૧**

| ક્રમ | તાલુકો | રસ્તાનુ નામ |
|---|---|---|
| ૧. | જામનગર | રાવલસર એપ્રોચ રોડ |
| ૨. | "" | ગોરધનપુર એપ્રોચ રોડ |
| ૩. | "" | ગલપાદર સાવલી મોરવાડી રોડ |
| ૪. | "" | નાની વાવડી લક્ષ્મીપુર મોટી ભગેડી રોડ |
| ૫. | "" | જાયવા એપ્રોચ રોડ |
| ૬. | "" | રામનગર એપ્રોચ રોડ |
| ૭. | "" | કાલાવડ સ્ટેટ હાઈવેથી વરૂડી માતાના મંદીર સુધીનો રોડ |
| ૮. | "" | સરમત એપ્રોચ રોડ (એરફોર્સ) |
| ૯. | "" | સપડા એપ્રોચ રોડ |
| ૧૦. | "" | ક્નસુમરામ મસીતીયા રોડ |
| ૧૧. | "" | ધુંવાવ ધીંગેશ્વર રોડ |
| ૧૨. | "" | મુંગણી ગાગવા રોડ |
| ૧૩. | "" | નારણપર નાધુના રોડ |
| ૧૪. | કાલાવડ | વજીરખાખરીયાથી રા.ધો.મા.ને જોડતો રોડ |
| ૧૫. | "" | ચેલાબેડી એપ્રોચ રોડ |
| ૧૬. | જામનગર | સિક્કા પાટીયા રોડ કિ.મી. ૦-૦ થી ૨-૫ તથા<br>૨-૫ થી ૫-૦ અને એરોડ્રામ એપ્રોચ રોડ કિ.મી. ૦-૦ થી ૧-૬ |
| ૧૭. | "" | રાજકોટ ધ્રોલ જામનગર રોડ કિ.મી. ૮૧-૯૪૫ થી ૮૩-૦ |
| ૧૮. | "" | રાજકોટ ધ્રોલ જામનગર રોડ કિ.મી. ૮૩-૦ થી ૮૪-૦૫૫ |
| ૧૯. | "" | બેડેશ્વર વાલસુરા રોડ કિ.મી. ૨-૫ થી ૩-૭ |
| ૨૦. | ધ્રોલ | ધ્રોલ ભાદરા પાટીયા રોડ કિ.મી. ૧૧-૨ થી ૧૩-૬ |
| ૨૧. | "" | ધ્રોલ લતીપુર રોડ કિ.મી. ૮-૦ થી ૯-૬ |

(૨) આ ડામર કરેલ કામોવાળા રસ્તા સારી સ્થિતિમાં છે કે કેમ,

(૨) હા, જી.

(૩) નબળી સ્થિતિમાં છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને

(૩) એક રસ્તા માટે એક ફરીયાદ મળેલ છે.

(૪) આ નબળી કામગીરી વાળા કોન્ટ્રાકટરો સામે સરકારે શું પગલાં લીધા ?

(૪) તપાસની કાર્યવાહી પ્રગતિમાં છે. જેનો આખરી નિર્ણય થયેથી યોગ્ય પગલાં લેવામાં આવશે.

---------

## રાજ્યમાં સેન્ટ્રલ રીલીફ ફંડ અને નેશનલ કેલેમીટી કન્ટીજન્સી ફંડ હેઠળ થયેલ ખર્ચ

૩૮૯૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સેન્ટ્રલ રીલીફ ફંડ અને નેશનલ કેલેમીટી કન્ટીજન્સી ફંડ હેઠળ વર્ષવાર કેટલી રકમ જમા થયેલી હતી, અને | (૧) |

| વર્ષ | જમા રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૮૭૪.૮૫ |
| ૨૦૦૭-૦૮ | ૬૪.૭૬ |
| ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ) | ૨૭૭.૯૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટકેટલો ખર્ચ થયો ? | (૨) |

| વર્ષ | ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૮૫૮.૬૨ |
| ૨૦૦૭-૦૮ | ૨૯૩.૭૨ |
| ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ) | ૮૭.૯૨ |

--------

## દાહોદ તાલુકામાં જી.આઇ.ડી.સી. રોડ ડામરનો બનાવવા કરેલ આયોજન

૪૪૯૭ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ તાલુકાનો દાહોદ ખરેડી જી.આઇ.ડી.સી. ચાકલીયા રોડ અત્યંત બિસ્માર હાલતમાં થયેલ છે એ હકીકત સાચી છે, અને | (૧) જરૂરી મરામત કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. |
| (૨) જો હા, તો આ રોડ તાત્કાલિક ડામર થાય તે માટે શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## મહી પરિએજ યોજનાનું અમલીકરણ

૪૨૭૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં મહી પરિએજ યોજનાના અમલીકરણ માટે કેટલો ખર્ચ થવાનો છે, અને | (૧) રૂા. ૯૫૬ કરોડ ખર્ચ અંદાજેલ છે. |
| (૨) આ કાર્યવાહી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) નીચે મુજબ<br>(૧) ૩૧૫ ગામો અને ૮ શહેરની કામગીરી પૂર્ણ કરેલ છે.<br>(૨) ૪૧ ગામોની કામગીરી પ્રગતિમાં છે.<br>(૩) રાજૂલાથી વેરાવળ સુધીની બલ્ક પાઈપ લાઈનના ટેન્ડરો મંજૂરી હેઠળ છે.<br>(૪) ૪૧૬ ગામો અને ૩ શહેરની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.<br>(૫) ૧૫૧ ગામોની કામગીરી સર્વેક્ષણના તબક્કે છે. |

--------

**વડોદરા જિલ્લાના અસરગ્રસ્તોને ફાળવેલ જમીન**

૩૬૫૮ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર-પાવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાના અસરગ્રસ્તો માટેની વડોદરા જિલ્લાની પડતર ખરાબાની જમીનો વર્ષ ૧૯૭૫ સુધી બાનમાં મૂકવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો આ બાન ક્યારથી ઉઠાવી લેવામાં આવ્યો છે, અને | (૨) તા. ૨૫-૧-૨૦૦૫થી |
| (૩) તે અન્વયે બે થી પાંચ એકરની આવી ખરાબાની પડતર જમીનો જે તે ખેડૂતો-ઇસમોને કાયમી ધોરણે ફાળવવા માંગો છો કે કેમ ? | (૩) સાંથણીથી જમીન ફાળવવાની જોગવાઈ અમલમાં છે જ |

--------

**આણંદ જિલ્લામાં પાકા ડામરના બનાવવાના રસ્તા**

૩૯૩૬ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ગ્રામીણ કાચા રસ્તાઓને પાકા ડામરના બનાવવા માટે તાલુકાવાર કેટલા રોડ બનાવવા માટે તા. ૩૧-૮-૦૮ સુધીમાં છેલ્લા એક વર્ષમાં અરજીઓ આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૧૪ રોડ બનાવવા માટે અરજીઓ આવેલ છે.

| **તાલુકો** | **રોડની સંખ્યા** |
|---|---|
| આણંદ | ૩૨ |
| ઉમરેઠ | ૧૯ |
| બોરસદ | ૩ |
| આંકલાવ | ૩૨ |
| પેટલાદ | ૩ |
| સોજીત્રા | ૧ |
| ખંભાત | ૨૧ |
| તારાપુર | ૩ |
| **કુલ** | **૧૧૪** |

(૨) સરકાર દ્વારા કેટલા ગ્રામીણ રસ્તા પાકા ડામરના રસ્તા બનાવવાનું આણંદ જિલ્લામાં તાલુકાવાર શું આયોજન છે,

(૨) તાલુકાવાર નીચે મુજબ કુલ ૪૯ રસ્તા પાકા ડામરના બનાવવાનુ આયોજન છે.

| **તાલુકો** | **રસ્તાની સંખ્યા** |
|---|---|
| આણંદ | ૪ |
| ઉમરેઠ | ૮ |
| બોરસદ | ૧૪ |
| આંકલાવ | ૬ |
| પેટલાદ | ૯ |
| સોજીત્રા | ૧ |
| ખંભાત | ૭ |
| **કુલ** | **૪૯** |

(૩) આણંદ જિલ્લાના બધાજ તાલુકાના કાચા રસ્તા ડામરવાળા પાકા બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૩) અને (૪) આણંદ જિલ્લાના તમામ મહેસૂલી ગામો ડામર રસ્તાથી જોડાયેલ છે. વધારાના રસ્તાઓની માંગણીઓ અન્વયે નાણાકિય ઉપલબ્ધતા તથા રસ્તાની આવશ્યકતા મુજબ આયોજન વિચારવામાં આવશે.

--------

**જામનગર જિલ્લામાં પંડીત દિનદયાળ યોજનાના લાભાર્થીઓ**

૪૬૯૩ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના કુલ કેટલા લાભાર્થીને તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લાભ આપેલ છે, અને | (૧) ૧૨૦૩ લાભાર્થીને લાભ આપેલ છે. |
| (૨) આ યોજના તળે નવી કેટલી વસાહત ઊભી કરવામાં આવી ? | (૨) ૨(બે) વસાહતો ઉભી કરવામાં આવેલ છે. ૩(ત્રણ) વસાહતોનું કામ પ્રગતિમાં છે. |

--------

**અમદાવાદ જિલ્લામાં ખોટા દસ્તાવેજની ફરિયાદ**

૩૯૬૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં જમીનના ખોટા દસ્તાવેજ થયા છે એવી છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ કેટલી ફરિયાદ મળી છે, | (૧) અમદાવાદ જિલ્લામાં જમીનના ખોટા દસ્તાવેજ થયા છે એવી છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૦૩-૦૮ ની સ્થિતિએ-૨(બે) ફરીયાદ મળેલ છે. |
| (૨) ખોટા દસ્તાવેજ કરનાર સામે શી કાર્યવાહી કરી છે, | (૨) મુદ્દા નં.-૧માં દર્શાવેલ બંને ફરિયાદમાં નીચેની વિગતે નામદાર હાઈકોર્ટ તથા નામદાર સીટી સીવીલ કોર્ટ અમદાવાદ ખાતે દાવો દાખલ થયેલ છે.<br>(૧) સબરજિસ્ટ્રાર ક્ચેરી, મેમનગર ખાતે નોંધાયેલ મોજે-આંબલી તા. દસ્ક્રોઈની મિલ્કતનો દસ્તાવેજ અનુક્રમ નં. ૨૫૮૨ તા. ૧૮-૩-૨૦૦૬ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સીવીલ એપ્લીકેશન નં. ૬૫૭૧/૦૭ દાખલ થયેલ છે.<br>(૨) સબરજિસ્ટ્રાર ક્ચેરી, મેમનગર ખાતે નોંધાયેલ મોજે-શેખપુર ખાનપુરની મિલ્કતો દસ્તાવેજ અનુક્રમ નં. ૩૦૯૬ તા. ૨૧-૦૩-૨૦૦૭ માં નામદાર સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ ખાતે દિવાની મુકદમા નં. ૫૨૭/૨૦૦૮ થી દાવો દાખલ થયેલ છે. |
| (૩) કેટલા લોકોને સજા થઇ, અને | (૩) સજા થયેલ નથી. |
| (૪) કેટલા લોકો સામે કાર્યવાહી કરવાની બાકી છે ? | (૪) શૂન્ય. |

--------

**રાજ્યમાં બક્ષીપંચની નવી આશ્રમ શાળાઓની સંખ્યા**

૪૦૩૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી બક્ષીપંચની નવી આશ્રમશાળાઓ ફાળવવામાં આવી ? | એક પણ નહીં. |

--------

**અનુસૂચિત જાતિઓની અનામતની બેક્લોગની જગ્યાઓ ભરવા અંગે**

૪૦૦૧ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અનુસૂચિત જાતિઓની અનામતની બેક્લોગની જગ્યાઓ તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી ભરવાની બાકી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૧૫૨ (એક્સો બાવન)

(૨) શક્ય તેટલા વહેલા

--------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં રસ્તાના કામો**

૪૨૭૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાવાર કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યાં,

**જવાબ**

(૧) નીચે મુજબ તાલુકાવાર કુલ ૧૦ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે.

| **તાલુકો** | **રસ્તાની સંખ્યા** |
|---|---|
| ચોટીલા | ૪ |
| સાયલા | ૨ |
| દસાડા | ૧ |
| હળવદ | ૧ |
| મુળી | ૨ |
| **કુલ** | **૧૦** |

(૨) ચોટીલા, થાન અને સાયલા તાલુકાના ક્યા ક્યા ગામોના અને કેટલા કિ. મી. ના રસ્તાને આવરી લીધાં છે,

(૨) નીચે મુજબના કુલ ૩૯.૭૯ કિ.મી.ના રસ્તા આવરી લીધાં છે.

| તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ કિ.મી. |
|---|---|---|
| ચોટીલા | ખાટડી સાલખડા રોડ | ૫.૩૦ |
| ,, | મોરથડા આણંદપુર રોડ | ૪.૩૦ |
| ,, | નાનીમોલડી મોટી મોલડી ઝીઝુંડા ચીરોડા રોડ | ૧૦.૫૦ |
| ,, | ચીરોડા રાજપર રોડ | ૪.૫૦ |
| સાયલા | વાટાવચ્છ એપ્રોચ રોડ | ૦.૭૨ |
| ,, | આયા સીતાગઢ ઈશ્વરીયા ચીત્રાલક રોડ | ૧૪.૪૭ |
| | **કુલ** | **૩૯.૭૯** |

(૩) ઉપરોક્ત તાલુકાઓના ડુંગરાળ વિસ્તારમાં આવેલાં ક્યા ક્યા ગામોના રસ્તાને આવરી લેવાયા છે,

(૩) ખાટડી, સાલખડા, નાનીમોલડી, મોટીમોલડી, ઝીંઝુડા, ચીરોડા અને રાજપરા ગામોને આવરી લેવાયા છે.

(૪) આ યોજના હેઠળ ઉપરોક્ત તાલુકાના ગામડાઓ માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૪) રૂા. ૪૧૦.૬૪ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે અને રૂા. ૧૧.૬૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૫) આ રસ્તાઓ કેટલા સમયમાં તૈયાર થઇ જશે ?

(૫) ૨રસ્તાના કામ પૂર્ણ થયેલ છે અને ૮રસ્તાના કામ પ્રગતિમાં છે. જે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**વલસાડ જિલ્લામાં જળસંચય યોજના હેઠળ ચેકડેમો**

૪૪૯૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે બનાવેલા ચેકડેમોની વિગત નીચે મુજબ છે.

(૨)

| ક્રમ | તાલુકો | કુલ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૦ |
| ૨ | પારડી | ૧૩ |
| ૩ | ધરમપુર | ૪૩ |
| ૪ | કપરાડા | ૬૦ |
| ૫ | ઉમરગામ | ૦૨ |
| | **કુલ** | **૧૪૮** |

(૨) તે અન્વયે ૨૦૦૮ ના વર્ષમાં તાજેતરના વરસાદમાં કેટલા ચેકડેમો તૂટી ગયા ?

(૨) તે અન્વયે ૨૦૦૮ના વર્ષમાં તાજેતરના વરસાદમાં કોઈ ચેકડેમ તૂટેલા નથી.

--------

**૧૨મા નાણા પંચ હેઠળ જૂનાગઢ જિલ્લાના રસ્તાના કામો**

૪૩૯૯ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૨મા નાણા પંચ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ ના આયોજનમાં જુનાગઢ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજુર કર્યા,

(૨) આ કામગીરી તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૨માં નાણાં પંચ હેઠળ કામો મંજૂર થયેલ નથી.

(૩) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શેત્રુંજી સિંચાઇ યોજના હેઠળ સથરા ટેઇલ પાછળ ખર્ચ**

૩૬૬૮ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાની શેત્રુંજી સિંચાઇ યોજનામાં જમણા કાંઠા કેનાલ અંતર્ગત તા. ૩૧-૭-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "સથરા ટેઇલ"માં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) હવે પછી "સથરા ટેઇલ"માં કોઇ કામ (મરામત કે નવું) બાકી છે કે કેમ, અને

(૩) આ કેનાલમાં (સથરા ટેઇલમાં) પાણી વહાવી ખેડૂતોને સિંચાઇ માટે આપવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) રૂા. ૩૧,૦૫,૧૬૮-૦૦

(૨) સામાન્ય મરામત એ સતત પ્રક્રિયા છે.

(૪) શેત્રુંજી જળાશયનું સરપ્લસ પાણી ઉલબ્ધ થયે, "સથરા ટેઈલ"માં વહેવડાવવાનું આયોજન છે.

**અમદાવાદ શહેરમાં મિલક્ત પાછી મેળવવાની નોટીસો**

૪૦૧૫ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ૯૯ વર્ષના ભાડા પટ્ટે આપેલ જમીન પાછી લેવા માટે અમદાવાદ શહેરમાં કેટલા આવા મિલક્ત ધારકોને છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ નોટીસો પાઠવી, અને

(૨) આવી નોટીસો પાઠવ્યા પછી કેટલા મિલક્ત ધારકો પાસેથી મિલક્તો પરત લેવાઇ ?

**જવાબ**

(૧) ૧૩૩૨

(૨) ૨ (બે)

**માંગરોળ તાલુકામાં પાણી પુરવઠા યોજનાનું કામ**

૪૬૯૭ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) જુનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકામાં નર્મદા આધારિત ૩૮ ગામોની યોજના પૂર્ણ કરવામાં આવેલ છે. ૬ ગામો માટેની યોજના પ્રગતિ હેઠળ છે. ૧૯ ગામો માટેની યોજના હાથ ધરવાનું આયોજન છે.

| | |
|---|---|
| (૨) ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) માર્ચ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની ખાલી જગા**

૪૭૨૦ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય નગરપાલિકાઓમાં તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ વર્ગ-૧ અને વર્ગ-૨ના ચીફ ઓફીસરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓમાં વર્ગ-૧ના ચીફ ઓફિસરની કોઈ જગ્યા ખાલી નથી જ્યારે વર્ગ-૨ના ચીફ ઓફિસરની અગીયાર જગ્યાઓ ખાલી છે. |
| (૨) તે ભરવા માટે સરકાર તરફથી શું પગલાં લેવામાં આવ્યા ? | (૨) ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

**ઉકાઈ વર્તુળ હસ્તકના અધિકારી/કર્મચારીઓની ખાતાકીય તપાસ**

૪૬૮૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તકમાં ફરજ બજાવતાં કેટલા કર્મચારીઓ/અધિકારીઓ સામે તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખાતાકીય તપાસ પડતર છે, અને | (૧) તા. ૩૧-૮-૦૮ના રોજની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતાકીય તપાસ પડતર નથી. |
| (૨) આવા અધિકારીઓની આ વર્તુળ બહાર બદલી ન કરવાના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ઓકટ્રોય નાબૂદીથી મહાનગરપાલિકાને આર્થિક સહાય**

૪૭૦૫ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| મહાનગરપાલિકામાંથી ઓકટ્રોય નાબૂદ થવાને પરિણામે મહાનગરપાલિકાઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ ? | હા, જી. |

---------

**ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા પડતી મુશ્કેલીઓ દૂર કરવા અંગે**

૪૫૧૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેતીની જમીનને બીન ખેતીમાં ફેરવવા માટે પડતી મુશ્કેલીઓ દૂર કરવા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો રહેણાંક્ના હેતુ માટે બીન ખેતીની મંજૂરી કેટલા દિવસમાં આપવામાં આવે છે ? | (૨) વૈધાનિક જોગવાઈ મુજબ ત્રણ માસ વહીવટી સૂચના મુજબ ૩૦ દિવસ |

## અંક્લેશ્વર અને હાંસોટ તાલુકામાં નવીશરતની જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે

૩૯૬૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંક્લેશ્વર અને હાંસોટ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા માટે કેટલી માંગણીઓ આવી,

(૨) આવેલ માંગણીમાંથી કેટલી માંગણીઓ શરત ભંગ થઈ છે,

(૩) તે પેકી કેટલી માંગણીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૪) બાકી માંગણીઓ વિલંબ થવાના શાં કારણો છે, અને

(૫) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંક્લેશ્વરમાં-૩૧ અને હાંસોટ તાલુકામાં-૨૫ માંગણીઓ નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે આવેલ છે.

(૨) આવેલ માંગણીઓમાંથી કોઈ શરત ભંગ થયેલ નથી.

(૩) આવેલ માંગણીઓ પેકી અંક્લેશ્વરમાં-૭ અને હાંસોટમાં-૨૧ માંગણીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૪) જરૂરી પૂર્તતા ન થવાના કારણે.

(૫) સત્વરે.

---------

## પંચમહાલ જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ રસ્તાઓની સુધારણા

૪૩૬૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાબાર્ડ યોજના હેઠળ હયાત ડામર સપાટીવાળા રસ્તાઓની સુધારણા અને મજબુતીકરણની કામગીરી અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં પંચમહાલ જિલ્લાના કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) નાબાર્ડ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં કુલ ૮૯ કામો ૫૨૯૮=૬૨ લાખના મંજુર કરેલ છે.

(૨) ૮૯ કામો પેકી ૫ કામના ટેન્ડર મંજુર થયેલ છે, ૧૨ ટેન્ડરો મંજુરી હેઠળ છે. ૭૨ કામો ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે.

(૩) ટેન્ડરની નિયત કરેલ સમયમર્યાદામાં જેમ બને તેમ જલ્દી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપો ચાલુ કરવા અંગે

૪૬૮૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો આવેલા છે,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | કુલ હેન્ડપમ્પની સંખ્યા | સામાન્ય રીપેરીંગ હેઠળ બંધ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૨૮ | ૬ |
| ૨ | પ્રાંતિજ | ૯૫ | ૧ |
| ૩ | તલોદ | ૩૧૮ | ૧ |
| ૪ | ઈડર | ૬૭૦ | ૦ |
| ૫ | વડાલી | ૩૭૫ | ૧ |
| ૬ | ખેડબ્રહ્મા | ૨૬૪૮ | ૧૦ |
| ૭ | વિજયનગર | ૧૫૨૫ | ૫ |
| ૮ | ભિલોડા | ૨૫૬૫ | ૭ |
| ૯ | મેઘરજ | ૨૨૪૪ | ૩ |
| ૧૦ | મોડાસા | ૭૪૩ | ૭ |
| ૧૧ | ધનસુરા | ૪૯૪ | ૫ |
| ૧૨ | માલપુર | ૭૫૨ | ૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | બાયડ | ૬૪૪ | ૭ |
| | કુલ... | ૧૩૫૦૧ | ૫૯ |

(૨) તે અન્વયે કેટલા હેન્ડપંપો કેટલા સમયથી બંધ છે, અને

(૨) ૫૯ હેન્ડપંપો આશરે બે અઠવાડિયાથી સામાન્ય રીપેરીંગ હેઠળ બંધ છે.

(૩) બંધ પડેલ હેન્ડપંપો કેટલા સમયમાં ચાલુ કરવામાં આવશે ?

(૩) બંધ પડેલ તમામ હેન્ડપંપો હાલ ચાલુ કરવામાં આવેલ છે.

---------

## વેરાવળ અને કેશોદ તાલુકાઓમાં સાતફેરા સમૂહલગ્ન યોજનાની મળેલ અરજીઓ

૩૮૩૨ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વેરાવળ અને કેશોદ તાલુકાઓમાં સાત ફેરા સમૂહ લગ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમના ચેક ઈસ્યુ કરવામાં આવ્યા, અને

(૩) બાકી લાભાર્થીઓને ચેકો કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વેરાવળ | ૨૦ |
| કેશોદ | ૦૦ |
| કુલ.... | ૨૦ |

(૨) ૧૮ અરજીઓ મંજૂર કરી અને ૨ અરજી નામંજૂર કરી, રૂા. ૦.૯૦ લાખના ચેક ઈસ્યુ કરવામાં આવ્યા.

(૩) એક પણ અરજી પડતર ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજકોટ જિલ્લામાં પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પુરું પાડવા આયોજન

૩૯૩૪ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠાની કેટલી જૂથ યોજનાઓ કાર્યરત છે,

(૨) તે અંતર્ગત કેટલા ગામોને પાણી પુરું પાડવામાં આવે છે, અને

(૩) જે ગામોને પાણી આ યોજનામાંથી પહોંચાડી શકાતું નથી, તેવા ગામોને પાણી પુરુ પહોંચાડવા માટે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૪ તાલુકાઓમાં ૨૬ જૂથ પાણી પુરવઠા યોજનાઓ સામેલ પરિશિષ્ટ મુજબ કાર્યરત છે.

(૨) ૫૩૩ ગામ અને ૨ શહેરોને.

(૩) એક ગામ માટે જરૂરી કામગીરી હાથ ધરી ચાલુ નાણાકિય વર્ષમાં પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન છે.

પરિશિષ્ટ

રાજકોટ જિલ્લામાં પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પુરૂં પાડવા આયોજન

| ક્રમ | તાલુકો | જુથ યોજના ક્રમ | જુથ યોજના |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રાજકોટ | ૧ | (૧) મચ્છુ-૧ જુથ |
| | | ૨ | (૨) રાજકોટ ગૃપ |
| ૨ | લોધીકા | | |
| ૩ | પડધરી | ૩ | (૧) પડધરી ગૃપ |
| ૪ | જસદણ | ૪ | (૧) સાણથલી જુથ |
| | | ૫ | (૨) ભાડલા જુથ |
| | | ૬ | (૩) વિંછીયા જુથ |
| | | ૭ | (૪) ભડલી જુથ |
| ૫ | ગોંડલ | ૮ | (૧) કોટડા ગૃપ |
| | | ૯ | (૨) રીબડા ગૃપ |
| | | ૧૦ | (૩) મોવેયા ગૃપ |
| ૬ | મોરબી | ૧૧ | (૧) મો. મા. જો. |
| | | ૧૨ | (૨) લીલાપર-ખાનપર |
| | | ૧૩ | (૩) હડમતીયા |
| ૭ | માળીયા | | (૧) મો. મા. જો. |
| ૮ | વાંકાનેર | ૧૪ | (૧) વાંકાનેર |
| | | ૧૫ | (૨) ખેરવા-ખખાણા |
| ૯ | ટંકારા | | (૧) હડમતીયા |
| | | | (૨) લીલાપર-ખાનપર |
| | | ૧૬ | (૩) ખીજડીયા |
| | | ૧૭ | (૪) અમરાપળ-ટોળ |
| ૧૦ | ઉપલેટા | ૧૮ | (૧) વેણુ-૨ ભાગ-૧ |
| | | ૧૯ | (૨) મોજ |
| ૧૧ | જેતપુર | ૨૦ | (૧) ધોળીધાર |
| | | ૨૧ | (૨) ભાદરા |
| | | ૨૨ | (૩) અમરનગર |
| | | ૨૩ | (૪) રેશમડી |
| | | ૨૪ | (૫) છાપરવાડી |
| ૧૨ | ધોરાજી | | |
| ૧૩ | જામકંડોરણા | | (૧) ભાદરા |
| | | ૨૫ | (૨) ફોફળ-૧ |
| | | ૨૬ | (૩) ફોફળ-૨ |
| ૧૪ | કોટડા સાંગાણી | | (૧) મોવેયા ગૃપ |
| | | | (૨) કોટડા ગૃપ |
| | | | (૩) રીબડા ગૃપ |
| | | કુલ : ૨૬ જુથ યોજનાઓ | |

---------

**#SB/વડોદરા જિલ્લામાં રસ્તાઓનું મરામત કામ**

૩૬૭૯ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા રસ્તાઓ (સ્ટેટ અને પંચાયત) તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છેલ્લા એક વર્ષથી છે, અને

**જવાબ**

(૧) રસ્તાઓ મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) આવા રસ્તાઓની મરામત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ઐતિહાસિક વાવોની સફાઈ કામગીરી**

૪૨૯૦ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ઐતિહાસિક વાવોની સફાઈની કામગીરી યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ કઈ વાવોની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે, અને

(૨) આ કામગીરી ક્યારે કરવામાં આવી છે?

**જવાબ**

(૧) રાજ્યની ઐતિહાસિક વાવોની સફાઇની કામગીરી યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં જળસંપત્તિ વિભાગ દ્વારા ૩૮ વાવો અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૩૩ વાવો મળીને કુલ ૭૧ વાવોની (યાદી સામેલ છે - પત્રક - "અ" અને પત્રક "બ") સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી છે.

(૨) આ કામગીરી એપ્રિલ-૨૦૦૭ થી નવેમ્બર-૨૦૦૭ સુધીમાં કરવામાં આવી છે.

**પત્રક-અ**

**જળસંપત્તિ વિભાગ દ્વારા સફાઇ કરેલ વાવોની યાદી**

| અનુ. નં. | વાવનું નામ | ગામ | તાલુકા |
|---|---|---|---|
| ૧ | વાઘેલાની વાવ | વાઘેલા | વઢવાણ |
| ૨ | મેલડીવાળી વાવ | દુધરેજ | વઢવાણ |
| ૩ | દિપડાવાળી વાવ | કટુડા | વઢવાણ |
| ૪ | મોચીની વાવ | રામપરા | વઢવાણ |
| ૫ | આંબા પટેલ તલાવડી વાવ | દુધરેજ | વઢવાણ |
| ૬ | ટીકરના રસ્તે વાવ | વેળાવદર | વઢવાણ |
| ૭ | વેળાવદર વાવ | વેળાવદર | વઢવાણ |
| ૮ | વેળાવદર ડાભોડીયા વાવ | વેળાવદર | વઢવાણ |
| ૯ | વિઠ્ઠલવાવ | આણંદપર | ચોટીલા |
| ૧૦ | વાલાવાવ | તરણેતર | ચોટીલા |
| ૧૧ | માઘાવાવ | થાન | ચોટીલા |
| ૧૨ | પાદવાળી વાવ | પીયાવા | ચોટીલા |
| ૧૩ | વીડની  વાવ | સાયલા | સાયલા |
| ૧૪ | પરસોત્તમ નાથાવાળી વાવ | સાયલા | સાયલા |
| ૧૫ | કંસારી વાવ | સાયલા | સાયલા |
| ૧૬ | કલાલ વાવ | સાયલા | સાયલા |
| ૧૭ | વખતપરની વાવ | વખતપર | સાયલા |
| ૧૮ | ભાડૂકા ડોડિયા મૂળી રોડ વાવ | ભાડુકા | સાયલા |
| ૧૯ | ખાડીયા કંથારીયા રોડવાવ | ખાડિયા | ચુડા |
| ૨૦ | ગંગા વાવ | ભુગુપર | ચુડા |
| ૨૧ | નાગનેશ ચોરણિયા મઢીવાવ | નાગનેશ | ચુડા |
| ૨૨ | ભાણેજડા પશ્ચિમે વાવ | ભાણેજડા | ચુડા |
| ૨૩ | ભૂતની વાવ | નાગનેશ | ચુડા |
| ૨૪ | ધોળીવાવ | માલવણ | ધ્રાંગધ્રા |
| ૨૫ | ઇશ્દ્રા-ફલકુ નદીના કાંઠે | ઇશ્દ્રા | ધ્રાંગધ્રા |
| ૨૬ | શિતળા માના રસ્તે વાવ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા |
| ૨૭ | ગામતળના કાંઠે | વાવડી | ધ્રાંગધ્રા |
| ૨૮ | હરીપર ઇસ્દ્રાને રસ્તે | હરીપર | ધ્રાંગધ્રા |

| અનુ. નં. | વાવનું નામ | ગામ | તાલુકા |
|---|---|---|---|
| ૨૯ | પરોઠીયા પીરની વાવ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા |
| ૩૦ | નાગજી બાવાની વાવ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા |
| ૩૧ | કંકાવટી રાયસંગની વાવ | કંકાવટી | ધ્રાંગધ્રા |
| ૩૨ | ટોડારીની વાવ | રહામલપુર | ધ્રાંગધ્રા |
| ૩૩ | ભોયકા-ગોઠની વાવ | ભોયકા | લીંબડી |
| ૩૪ | ખેતા વાવ | વેગડવાવ | હળવદ |
| ૩૫ | ડોકા મરડાની વાવ | વેગડવાવ | હળવદ |
| ૩૬ | ભટોડી વાવ (મૂળી સાયલા રસ્તે) | મુળી | મુળી |
| ૩૭ | વાઘાબાવાની વાવ | ક્વાડીયા | હળવદ |
| ૩૮ | ધોળી માર્ગ ઉપર ગોરખડા વાવ | ધોળી | ધ્રાંગધ્રા |

**પત્રક-બ**

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલ વાવોની યાદી**

| અનુ. નં. | વાવનું નામ | ગામ | તાલુકા |
|---|---|---|---|
| ૧ | રાણખાતરા | ઢોકળવા | ચોટીલા |
| ૨ | ચોમુખી | ગોબારી | ચોટીલા |
| ૩ | નાગરપાટ | વડાળી | ચોટીલા |
| ૪ | ભીમોરાવાવ | ભીમોરા | ચોટીલા |
| ૫ | રતાબાપાની વાવ | નાની મેલડી | ચોટીલા |
| ૬ | કપુરવાવ | અમરાપર | ચોટીલા |
| ૭ | સીમાડાની વાવ | ખાંડિયા | ચુડા |
| ૮ | નાસીણછરાનીવાવ | ખાંડિયા | ચુડા |
| ૯ | ઘાથુંવાવ, સેજકપરના બોર્ડની વાવ | લરોલ | ચુડા |
| ૧૦ | કબીર આશ્રમવાળી વાવ | ખાંડિયા | ચુડા |
| ૧૧ | ભુતની વાવ | ગોખરવાળા | ચુડા |
| ૧૨ | ભુતની વાવ | કરખડ | ચુડા |
| ૧૩ | હામપર મેલડીમાંની વાવ | હામપર | ધ્રાંગધ્રા |
| ૧૪ | સીમાડાવાળી વાવ | નાગનેશ | ચુડા |
| ૧૫ | માત્રીવાવ | જેગડવા | ધ્રાંગધ્રા |
| ૧૬ | વીડવાળી વાવ | બોરણા | લીંમડી |
| ૧૭ | દુધિયાની તલાવડીવાળી વાવ | ભોયકા | લીંમડી |
| ૧૮ | પીલુડીવાળી વાવ | ઉંટડી | લીંમડી |
| ૧૯ | ખોડીયાર વાવ | શિયાણી | લીંમડી |
| ૨૦ | ગોરમાની વાવ | મુળી | મુળી |
| ૨૧ | અલકવાવ | મુળી | મુળી |
| ૨૨ | દશાડા તળાવની વાવ | દશાડા | પાટડી (દશાડા) |
| ૨૩ | વિહોતમાતા મંદિરની વાવ | વિસાવડી | પાટડી (દશાડા) |
| ૨૪ | સમરવાવ | ઝીઝુંવાડા | પાટડી (દશાડા) |
| ૨૫ | માત્રીમાની વાવ | ઝીઝુંવાડા | પાટડી (દશાડા) |
| ૨૬ | પીરની દરગાહની વાવ | રાવલાશ | પાટડી (દશાડા) |
| ૨૭ | ભરડાકી વાવ | રાવલાશ | પાટડી (દશાડા) |
| ૨૮ | નગવાડા પાદરની વાવ | નગવાડા | પાટડી (દશાડા) |
| ૨૯ | મીનળવાવ (ધુંધળીમલની વાવ) | ધાંધલપુર | સાયલા |
| ૩૦ | વાવ | વેળાવદર | વઢવાણ |
| ૩૧ | વાવ | રામપરા જ.બા. | વઢવાણ |
| ૩૨ | વાવ | ખોડું | વઢવાણ |

| અનુ. નં. | વાવનું નામ | ગામ | તાલુકા |
|---|---|---|---|
| ૩૩ | વાવ | માળોદ | વઢવાણ |

---------

## ૧૨મા નાણાપંચ હેઠળ ભરૂચ જિલ્લામાં મંજૂર થયેલ રસ્તાઓ

૪૩૪૯ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૨મા નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં ભરૂચ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા,

(૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૧૨મા નાણાંપંચ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં ભરૂચ જિલ્લા માટે ૧૩ રસ્તાના કામો રૂા. ૭૭૨.૦૦ લાખની રકમના મંજૂર કર્યા છે.

(૨) ટેન્ડર માંગવામાં આવેલ છે.

(૩) ટેન્ડર મંજુર થયે નિયત સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## ગારીયાધાર ખાતે આવેલ બિયારણ વૃધ્ધિ કેન્દ્રની જમીનના કબજા અંગે

૩૭૨૨ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર ખાતે આવેલ બિયારણ વૃધ્ધિ કેન્દ્રનો કબજો મહેસૂલ વિભાગ દ્વારા કઈ તારીખે સંભાળેલ છે અને કેટલી જમીનનો કબજો સંભાળેલ છે, અને

(૨) સંભાળેલ જમીનનો સરકાર શું ઉપયોગ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૧૩-૧૧-૨૦૦૦ના રોજ હે. ૭-૦૭-૬૬ ચો.મી.

(૨) બાબત નીતિવિષયક છે.

---------

## એકત્રિત ભંડોળમાંથી કરેલ ખર્ચ

૪૦૩૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી આફતો માટે એકત્રિત ભંડોળમાં દર્શાવાયેલ રકમનું છેલ્લા ત્રણ વર્ષમાં પુરૂં ખર્ચ થઈ શક્યુ નથી/કરી શક્યું નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો કેલેમીટી રીલીફ ફંડ/નેશનલ કેલેમીટી રીલીફ ફંડ અન્વયે કુદરતી આફતોના ભંડોળમાં આ સ્થિતિએ વર્ષવાર કેટકેટલી રકમ જમા હતી અને વર્ષવાર કેટકેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં એકત્રિત ભંડોળમાં કુદરતી આફતોમાં ભંડોળમાં વર્ષવાર જમા રકમ કેટલી અને ખર્ચ માટે છુટી કરવામાં આવેલ રકમ શી છે ?

**જવાબ**

(૧) હાજી

(૨)

| વર્ષ | | જમા રકમ (રૂા.કરોડમાં) | ખર્ચ (રૂા.કરોડમાં) |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૫-૦૬ | ૫૫૦.૩૧ | ૩૮૨.૯૬ |
| ૨. | ૨૦૦૬-૦૭ | ૮૭૪.૮૫ | ૮૫૮.૬૨ |
| ૩. | ૨૦૦૭-૦૮ | ૬૪.૭૬ | ૨૯૩.૭૨ |
| | કુલ : | ૧૪૮૯.૯૧ | ૧૫૩૫.૩૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લામાં વિધવા સહાયના લાભાર્થીઓ

૩૮૫૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વિધવા બહેનોને દર મહિને રૂપિયા ૫૦૦/-ની વિધવા સહાય આપવામાં આવે છે તેના રાજકોટ જિલ્લામાં તા.૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓ છે અને તેમાંથી ઉપલેટા તાલુકામાં કેટલા છે, | (૧) રાજ્ય સરકાર દ્વારા વિધવા બહેનોને દર મહિને રૂા. ૫૦૦/- ની વિધવા સહાય આપવામાં આવે છે. તેના રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કુલ ૬૨૬૧ લાભાર્થીઓ છે. અને તેમાંથી ઉપલેટા તાલુકામાં ૪૭૮ છે. |
| (૨) લાભાર્થીઓને સમયસર વિધવા સહાયની રકમ મળતી નથી તે હકીક્ત સાચી છે, | (૨) હા, જી. કેટલીકવાર વિલંબ થાય છે. |
| (૩) જો હા, તો ક્યા કારણોસર મળતી નથી, | (૩) જ્યારે ગ્રાન્ટની ઉપલબ્ધિ ઓછી હોય ત્યારે ચૂકવણીમાં વિલંબ થાય છે. |
| (૪) છેલ્લે ક્યાં સુધી વિધવા સહાયની રકમ ચૂકવાઈ છે, | (૪) આવી સહાય જે તે જિલ્લામાં આવેલ હેડ પોસ્ટ ઓફીસ મારફ્ત ચૂકવવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં રાજકોટ H.O. દ્વારા જૂન-૦૮ સુધી અને ગોંડલ H.O. દ્વારા જુલાઇ-૦૮ સુધી વિધવા સહાયની રકમ ચૂકવાઇ છે. |
| (૫) કેટલા મહિનાથી બાકી છે, અને | (૫) રાજકોટ H.O. દ્વારા જુલાઇ-૦૮થી અને ગોંડલ H.O. દ્વારા ઓગષ્ટ-૦૮ થી બાકી છે. |
| (૬) વહેલામાં વહેલી ક્યારે રકમ ચૂકવાશે ? | (૬) ચાલુમાસમાં. |

---------

## રાજ્ય ધોરી માર્ગોને બારમાસી બનાવવા અંગે

૪૩૫૯ **શ્રી ગુલસીંગભાઈ ૨.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારે વરસાદ અને પૂરને કારણે વારંવાર ઓવરટોપીંગ થતા રાજ્ય ધોરી માર્ગોને બારમાસી બનાવવા સરકારે કોઈ આયોજન વિચારેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળી ? | (૨) ૩ રસ્તાના ૧૩ અનુભાગોને રૂા. ૭૦૮.૧૯ લાખની મંજુરી અપાયેલ છે. |

---------

## સિંચાઈ વિભાગના સબ ડીવીઝન મારફ્ત વાપરેલ રકમ

૪૧૦૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસંપત્તિ વિભાગ હેઠળના શેઢી સિંચાઈ ડીવીઝન, નડીયાદ હેઠળના સબ ડીવીઝન ડાકોર હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮માં કેટલી રકમ ક્યા ક્યા કામ અર્થે વાપરવામાં આવી,

**જવાબ**

(૧) કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| | | |
|---|---|---|
| (અ) | શેઢી શાખા નહેર ઉપર પાંચ નવા બ્રીજ/સાયફ્નના કામો (પત્રક-૧* મુજબ) | ૭૭.૯૮ |
| (બ) | સ્ટ્રક્ચર્સ તથા નહેર સુધારણાના ૧૪ કામો (પત્રક-૨* મુજબ) | ૧૫૪.૮૭ |
| (ક) | નહેરની મરામતના ૪ કામો (પત્રક-૩* મુજબ) | ૨.૨૮ |
| (ડ) | પૂર નિયંત્રણના ૭ કામો (પત્રક-૪* મુજબ) | ૧૦.૧૪ |

| | | |
|---|---|---|
| | (પત્રક-૪* મુજબ) | |
| (ઇ) | કાંસના ૮ કામો<br>(પત્રક-૫* મુજબ) | ૧૨૬.૩૮ |

(૨) કઈ કઈ જગ્યાએ કેટલી રકમના કાંસ બનાવવામાં આવ્યા,

(૨) સામેલ પત્રક*-૫ મુજબ.

(૩) આ કાંસની સ્થળ તપાસ ક્યા અધિકારી દ્વારા ક્યારે થઈ, અને

(૩) સામેલ પત્રક*-૬ મુજબ.

(૪) તપાસ કરતાં કરેલ કામ સંતોષકારક છે કે કેમ ?

(૪) મહદ્‌અંશે સંતોષકારક છે.

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં હક્ક પત્રકોમાં બાકી નોંધો**

૪૪૫૧ **શ્રી રજનીકાન્ત પટેલ (ચાણસ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં હક્ક પત્રકની નોંધો તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી પ્રમાણિત કરવાની બાકી છે, જે બાકી છે તે ક્યારે પ્રમાણિત થશે,

(૨) ઈ-ધરા કેન્દ્રોને વધુ કાર્યક્ષમ બનાવવા શું આયોજન છે, અને

(૩) ઈ-ધરા કેન્દ્રોમાં કાયમી કોમ્પ્યુટર ઓપરેટરો આપવા માટે સરકાર શું વિચારે છે ?

**જવાબ**

(૧) મહેસાણા - ૨૦૯૮૨
પાટણ - ૧૩૪૧૧
બનાસકાંઠા - ૨૧૨૫૨
સત્વરે

(૨) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ઇ-ધરા કેન્દ્રોને કાર્યક્ષમ બનાવવા માટે તમામ ૨૨૫ તાલુકાઓને તાલુકા દીઠ ૨ લેખે અને ૭ સીટી તાલુકાઓને તાલુકા દીઠ ૩ લેખે કુલ ૪૭૧ કોમ્પ્યુટર્સ આયોજન મુજબ ફાળવવામાં આવેલ છે.

(૩) આ બાબત વિચારણા હેઠળ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રમોલગેશન કામગીરી**

૪૪૬૧ **વર્ષાબેન દોશી(વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રમોલગેશનની કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કેટલી બાકી છે, અને

(૨) ક્યારે પૂરી શકાશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ કુલ ૭૭ ગામો પ્રમોલગેશન કરવાના બાકી રહેલ છે.

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૦-૦૮ સુધીમાં તમામ ગામોનું પ્રમોલગેશન પૂર્ણ કરવામાં આવશે.

**નગરપાલિકાઓને ઘનકચરા યોજના હેઠળ સાધનો**

૪૭૨૩ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની નગરપાલિકાઓને ઘન કચરા યોજના અંતર્ગત ક્યા ક્યા સાધનો આપવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ છે, અને

**જવાબ**

(૧) પોલીઈથીલીન બકેટસ, હાથલારી, ટ્રાઈસીકલ, કાળા અને લીલા કન્ટેઈનર્સ, લીફટીંગ ડીવાઈસ, ટ્રેકટર, ફ્રન્ટ એન્ડ લોડીંગ કમ ડોઝીંગ એટેચમેન્ટ જેવા સાધનો આપવાનું નક્કી કરેલ છે.

(૨) તા. ૩૧-૮-૨૦૦૮ સુધીમાં કુલ કેટલા સાધનો નગરપાલિકાઓને પહોંચતા કરવામાં આવેલ છે ?

(૨)

| પહોંચતા કરેલ સાધનો | સાધનોની સંખ્યા |
|---|---|
| પોલીઈથીલીન બકેટસ | ૫૩૩૮૬ |
| હાથલારી | ૩૯૦૭ |
| ટ્રાઈસીકલ | ૩૬૯૮ |
| લીલા કન્ટેઈનર્સ | ૧૬૦૩ |
| કાળા કન્ટેઈનર્સ | ૧૩૦૩ |

--------

## ધરમપુર તાલુકાના અવધા ગામે પુલનું કામ ચાલુ કરવા અંગે

૩૮૨૬ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં અવધા ગામે માન નદી ઉપર પુલનું કામ ક્યારે કરવા માગો છે ?

**જવાબ**

હાલ કોઈ આયોજન નથી.

---------

## વાગડોદ તાલુકામાં રસ્તાઓની સુવિધા

૪૨૬૫ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ પાટણ જિલ્લાના વાગડોદ તાલુકાના કેટલા ગામ અને પરા વિસ્તારમાં રસ્તાઓની સુવિધાઓ નથી, અને

(૨) આ સુવિધાઓ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં વાગડોદ તાલુકો નથી પરંતુ વાગડોદ વિધાનસભા મત વિસ્તારના તમામ ૧૧૦ મહેસુલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે. આ મહેસુલી ગામોના ૪૧ પરા પૈકી ૨૮ પરાને પાકા રસ્તાની સુવિધા નથી.

(૨) નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

---------

## અમદાવાદ શહેર ખાતે આંગણવાડીમાં મુખ્ય સેવિકા તરીકે નિમણૂક

૪૫૧૭ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં આંગણવાડી કાર્યકરોમાંથી મુખ્ય સેવિકા તરીકે નિમણૂક આપવા સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ ક્યારે ક્યારે શી સૂચનાઓ આપવામાં આવી,

**જવાબ**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર ના ક્રમાંકઃ આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ, તા. ૧૩/૧૨/૨૦૦૫ના ઠરાવ અન્વયે નામ નિયુક્તિથી આંગણવાડી વર્કરોમાંથી સુપરવાઈઝરમાં નિમણૂંક આપવા સૂચવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કાર્યવાહી કરવાનિયામકશ્રી ICDSનાપત્રનં/ક્રમાંક/એન/૨/ આઈસીડીએસ/આ.વા.વર્કર/મું.સે.નિમણૂંક/૧૭૪/તા.૧૦/૨ /૨૦૦૬ના પત્રથી જરૂરી કાર્યવાહી કરવા જીલ્લાના તમામ પ્રોગ્રામ અધિકારીશ્રીઓને સુચનાઓ આપવામાં આવેલ હતી ત્યાર બાદ સમયાંતરે સરખા ક્રમાંક ના તા.૨૫/૭/૨૦૦૬, ૨૫/૯/૨૦૦૬, ૩/૧૧/૨૦૦૬, ૯/૧/૨૦૦૭,૨/૩/૨૦૦૭,૭/૭/૨૦૦૭, ૧૮/૮/૨૦૦૭, ૮/૯/૨૦૦૭,૧૦/૪/૨૦૦૮, તથા ૩૦/૭/૨૦૦૮ અને ૨૨/૮/૨૦૦૮ ના પત્રોથી નિયામકશ્રી ICDS એ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા અને પ્રોગ્રામ અધિકારીશ્રીઓ તમામને કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ છે.

(૨) આ સૂચના પછી કેટલા આંગણવાડી કાર્યકરોને નિમણૂક આપવામાં આવી,

(૨) કુલ-૧૭ આંગણવાડી કાર્યકરોને નિમણૂક આપવામાં આવી.

(૩) બાકીનાને કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૩) કાર્યવાહી ગતિમાં છે.

---------

**અમદાવાદ જિલ્લામાં રસ્તા પહોળા કરવા અંગે**

૪૩૮૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાના આંબલી, બોપલ, ઘુમા, સાણંદ રસ્તા પરના ભારે વાહનવ્યવહારના કારણે ખુબ મુશ્કેલી પડે છે તેનું નિવારણ કરવા સરકારે આ રસ્તાને પહોળો કરવા કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું આયોજન કરેલ છે, અને | (૨) મા. મ. વિભાગ હસ્તકના આ રસ્તાના કિ.મી. ૧૬-૪ થી ૨૦-૦ સુધીના રસ્તાને ૧૫ મીટર તથા કિ.મી. ૨૦-૦ થી ૨૫-૨ સુધીના રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાનું આયોજન કરેલ છે. |
| (૩) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડરની પ્રક્રિયામાં. |

---------

**ભિલોડા તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પીવાના પાણીની સુવિધા**

૪૨૮૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત પીવાના પાણી માટેની કઈ કઈ યોજનાઓ બનાવી, | (૧) છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૧૫ ફળિયાની મીની પાઈપ લાઈન યોજનાઓ તથા ૯૪ ફળીયાની હેન્ડપંપની યોજનાઓ બનાવી. |
| (૨) એમાં ક્યા ક્યા આદિવાસી ગામોને પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી, અને | (૨) ચાર ફળિયાઓમાં મીની પાઈપ લાઈન યોજના તથા ૯૪ ફળિયાઓમાં હેન્ડપંપ યોજના દ્વારા સુવિધા કરવામાં આવી *(સામેલ પત્રક મુજબ) |
| (૩)એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂા. ૭૪.૪૦ લાખ |

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**રાજ્ય ધોરીમાર્ગને બારમાસી બનાવવા અંગે**

૪૩૭૩ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભારે વરસાદ અને પૂરને કારણે વારંવાર ઓવરટૉપીંગ થતા રાજ્ય ધોરીમાર્ગોને બારમાસી બનાવવા સરકારે કોઈ આયોજન વિચારેલ છે કે કેમ, અને | (૧) હા જી |
| (૨) જો હા, તો આ માટે સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા રસ્તાને કેટલી રકમની મંજૂરી મળી ? | (૨) ૪ રસ્તાના.૮ અનુભાગોને રૂા. ૧૪૩૦.૬૮/- લાખની મંજૂરી મળેલ છે. |

---------

**આંગણવાડીના બાળકો માટે પોષણ યોજના**

૪૪૨૧ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડી બાળકોને પોષણક્ષમ આહારની યોજનાના શું પરિણામો મળ્યા છે, અને

(૨) આ યોજનામાં સુધારા કરવાનું કોઈ આયોજન છે ?

**જવાબ**

(૧) આંગણવાડી બાળકોને પોષણક્ષમ આહારની યોજનાના પરિણામે કુપોષિત/અતિકુપોષિત બાળકોની સંખ્યામાં ઘટાડો થયેલ છે.

(૨) આ યોજના હેઠળ લાભાર્થીઓનું કવરેજ વધારવા તેમજ યોજનાનું મૂલ્યાંક્ન કરાવવા માટેનું આયોજન છે.

---------

**ખેડા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના ધ્વારા ગામોને પાણી**

૪૪૯૪ **શ્રી માનસિંહ કો.ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી જુથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે બાલાશીનોર અને વિરપુર તાલુકામાં ટાંકી ધ્વારા કેટલા ગામોને પાણી આપવામાં આવે છે, અને

(૩) વર્ષ ૨૦૦૭-૦૮માં બાલાશીનોર અને વિરપુર તાલુકામાં પાણીની પાઈપો, મોટર રીપેરીંગ અને ડીઝલ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નીચેમુજબ

| ક્રમ | તાલુકો | કાર્યરત યોજના |
|---|---|---|
| ૧ | ખેડા | ૧ |
| ૨ | માતર | ૨ |
| ૩ | મહેમદાવાદ | ૨ |
| ૪ | કપડવંજ | ૧ |
| ૫ | કઠલાલ | ૩ |
| ૬ | બાલાશીનોર | ૨ |
| ૭ | ઠાસરા | ૨ |
| ૮ | વિરપુર | ૧ |
| | **કુલ** | **૧૪** |

(૨) બાલાશીનોર તાલુકામાં ૧૦ ગામ/પરા અને વિરપુર તાલુકામાં ૧૪ ગામ/પરાને ટાંકી દ્વારા પાણી આપવામાં આવે છે.

(૩) બાલાશીનોર તાલુકામાં રૂા.૧૯.૫૪ લાખ અને વિરપુર તાલુકામાં રૂા. ૭.૪૧ લાખ

---------

**માંડવી, મુન્દ્રા, ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં સાતફેરા સમૂહલગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૩૮૨૯ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માંડવી, મુન્દ્રા, ભુજ અને નખત્રાણા તાલુકાઓમાં સાતફેરા સમૂહ લગ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષિણક રીતે પછાત વર્ગની કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| માંડવી | ૦૩ |
| મુન્દ્રા | ૦૦ |
| ભૂજ | ૦૩ |
| નખત્રાણા | ૦૨ |
| **કુલઃ-** | **૦૮** |

(૨) ૫ અરજીઓ મંજૂર કરી રૂા.૨૫૦૦૦/- (અંકે

રકમના ચેક ઈશ્યુ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના લાભાર્થીઓને ચેકો કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના ચેક ઈસ્યુ કરવામાં આવ્યા.

(૩) બાકી ત્રણ અરજીઓ પેકી ૧ અરજી નામંજૂર કરવામાં આવેલ છે જ્યારે ૨ અરજીઓમાં ક્ષતિ પૂર્તતા કરવા અરજદારને જણાવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લાના રાજ્ય ધોરીમાર્ગો ઉપરના સાંકડા પૂલો પહોળા કરવા અંગે**

૪૩૯૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં રાજ્ય ધોરીમાર્ગો ઉપરના કેટલા સાંકડા પૂલોને પહોળા કરવાનું વર્ષ ૨૦૦૮-૦૯માં આયોજન કર્યું,

(૨) કેટલી રકમના, અને

(૩) આ કામ પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) બે

(૨) રૂા.૧૭૦ લાખ.

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

--------

**રાજકોટ જિલ્લામાં કુવા-ધોરિયા માટે બે ગુંઠા જમીન આપવા અંગે**

૪૨૫૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુલાઇ, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુવા-ધોરિયા માટે બે ગુંઠા જમીન મેળવવાની કેટલી અરજીઓ આવી, અને

(૨) આ પેકી તાલુકાવાર ચકાસણી કરી કેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|
| રાજકોટ શહેર | ૦૦ |
| રાજકોટ તાલુકો | ૦૫ |
| જસદણ | ૩૨ |
| લોધીકા | ૨૪ |
| કોટડાસાંગાણી | ૪૪ |
| મોરબી | ૧૨ |
| માળીયા | ૦૦ |
| ટંકારા | ૩૭ |
| વાંકાનેર | ૭૪ |
| પડધરી | ૧૫ |
| ગોંડલ | ૩૮ |
| જેતપુર | ૫૯ |
| ધોરાજી | ૦૬ |
| ઉપલેટા | ૩૦ |
| જામકંડોરણા | ૪૪ |

(૨) ૯૪ અરજીઓ.

--------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાના કામો**

૪૪૪૫ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાના ગામોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલી દરખાસ્તો તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવેલ છે,

(૨) આ દરખાસ્તો પેકી કેટલી દરખાસ્તોમાં કામગીરી શરૂ થયેલ છે, અને કેટલી પડતર છે, પડતર રહેવાના કારણો શું છે, અને

**જવાબ**

(૧) ૫૨ દરખાસ્તો તાલુકાવાર નીચે જણાવેલ વિગતોએ આવેલ છે.

| તાલુકો | દરખાસ્તોની સંખ્યા |
|---|---|
| મેઘરજ | ૨૦ |
| માલપુર | ૦૨ |
| બાયડ | ૨૧ |
| ધનસુરા | ૦૯ |
| કુલ :- | ૫૨ |

(૨) ૩૪ દરખાસ્તો મંજૂર થયેલ છે. ૧૮ દરખાસ્તો ભારત સરકારને મંજૂરી અર્થે રજુ કરેલ છે.

(૩) આ દરખાસ્તો પૂર્ણ કરવાની સમય મર્યાદા શું છે ?

(૩) ભારત સરકાર દ્વારા મંજૂરી મળેથી.

--------

**મહેસૂલી કચેરીઓ માટે મકાનો બાંધકામ**

૪૫૦૯ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસૂલી કચેરીઓ માટે મકાનો બનાવવાનું શું આયોજન છે, અને

(૨) ભાવનગર જિલ્લામાં મહેસૂલી તંત્રના મકાનો માટે શું જોગવાઇ થઇ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ચાર કલેકટર કચેરીઓ અને અગિયાર મામલતદાર કચેરીઓના મકાનો બનાવવાનું આયોજન છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં મામલતદાર કચેરી ઘોઘા માટે રૂા.૧૩.૭૬ લાખ, મામલતદાર કચેરી પાલીતાણા માટે રૂા.૧૮.૩૫ લાખ અને મામલતદાર કચેરી શિહોર માટે રૂા.૧૮.૩૫ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. તેમજ કુલ ૪ કલેકટર કચેરીઓ અને ૧૧ મામલતદાર કચેરીઓના મકાન બાંધકામ અંગે રૂા.૯.૨૩ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. તેમાં મામલતદાર કચેરી ભાવનગર (શહેર) નો સમાવેશ કરવામાં આવેલ છે.

--------

**દાહોદ જિલ્લામાં પીવાના પાણીની અપૂરતી સુવિધાઓ**

૪૦૫૯ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની અપૂરતી સુવિધાઓ છે, અને

(૨) આ ગામોને પીવાના પાણીની પૂરતી સુવિધા સત્વરે મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં કલેકટર કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી**

૪૫૦૫ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કલેકટર કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી ક્યા જિલ્લામાં બાકી રહેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની શું કામગીરી થયેલ છે ?

**જવાબ**

(૧) મહેસાણા સિવાય તમામ જિલ્લાઓમાં.

(૨) ૨૯૫૯ ફાઈલોનું વર્ગીકરણ થયેલ છે.

--------

**વંથલી અને કેશોદ તાલુકાઓમાં રસ્તાના જોબ નંબર**

૪૨૭૪ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વંથલી તથા કેશોદ તાલુકામાં ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન તા. ૩૧-૮-૦૮ સુધીમાં કેટલા રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા અને કેટલી રકમના ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## તાપી જિલ્લામાં આંગણવાડી વર્કર અને સખી વર્કરની ખાલી જ્ગ્યાઓ

૩૯૯૭ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં આંગણવાડી વર્કર-મુખ્ય સેવિકા-સખી મંડળના ક્ન્સલ્ટન્ટ અને સખી મંડળના સોશીયલ વર્કરની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૮-૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં આંગણવાડી વર્કર-મુખ્ય સેવિકા-સખી મંડળના ક્ન્સલ્ટન્ટ અને સખી મંડળના સોશીયલ વર્કરની નીચે જણાવ્યા મુજબની જ્ગ્યાઓ નીચે જણાવેલ સમયથી ખાલી છે.

| અ.નં. | જ્ગ્યાનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | આંગણવાડી વર્કર | ૦૭ | તા.૧-૭-૦૮-વ્યારા<br>તા.૩૧-૫-૦૮- સોનગઢ<br>તા.૩૧-૫-૦૮-સોનગઢ<br>તા.૧-૭-૦૮-ઉચ્છલ<br>તા.૧-૬-૦૮-નિઝર<br>તા.૧-૬-૦૮-નિઝર<br>તા.૧-૬-૦૮-નિઝર |
| ૨ | મુખ્ય સેવિકા | ૧૧ | તા.૧-૭-૦૮-સોનગઢ<br>તા.૧-૬-૦૮-સોનગઢ<br>તા.૧-૭-૯૭-ઉચ્છલ<br>તા.૨૧-૬-૯૯-ઉચ્છલ<br>તા.૧-૬-૦૭-ઉચ્છલ<br>તા.૧-૬-૯૮-નિઝર<br>તા.૧-૩-૯૮-નિઝર<br>તા.૧-૪-૦૮-નિઝર<br>તા.૧-૪-૦૮-નિઝર<br>તા.૧-૪-૦૮-નિઝર<br>તા.૧-૮-૦૮-નિઝર |
| ૩ | સખી મંડળના ક્ન્સલ્ટન્ટ | ૦૧ | સુરત જિલ્લાના ક્ન્સલ્ટન્ટને ચાર્જ સોંપેલ છે. |
| ૪ | સખી મંડળના સોશીયલ વર્કર | ૦૩ | તા.૧-૪-૦૮-વ્યારા<br>તા.૧-૪-૦૮-વ્યારા<br>તા.૨-૪-૦૮-સોનગઢ |

(૨) મુખ્ય સેવિકાની ૧૧ જ્ગ્યાઓ આંગણવાડી કાર્યકરમાંથી નામ નિયુક્તિથી નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે.

આંગણવાડી કાર્યકરની ખાલી જ્ગ્યા ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

તાપી જિલ્લામાં વ્યારા અને સોનગઢ તાલુકામાં સોશીયલ વર્કરની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ઈન્ટરવ્યુ થઈ ગયેલ છે અને તેઓને તા.૨૦-૯-૦૮ સુધીમાં હાજર થવા જણાવેલ છે.

--------

## કચ્છ જિલ્લામાં ઇ-ધરા કેન્દ્ર પરથી આપેલ નકલો અન્વયે થયેલ આવક

૪૫૧૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ઇ-ધરા કેન્દ્રો પરથી એપ્રિલથી જુન, ૨૦૦૮ સુધીમાં ૭/૧૨, ૬ ની કેટલી નકલો આપવામાં આવી, અને

(૨) આ નકલોની કેટલી આવક થઇ છે ?

**જવાબ**

(૧) ગા.ન.નં. ૭/૧૨ ૧,૯૦,૩૫૫ નકલો
ગા.ન.નં.૬ ૩૬,૨૫૫ નકલો

(૨) ગા.ન.નં. ૭/૧૨ રૂા. ૯,૫૧,૭૭૫
ગા.ન.નં.૬ રૂા. ૧,૮૧,૨૬૦

--------

## જામનગર જિલ્લામાં સિંચાઇ યોજનાની કાચી કેનાલો

૪૦૫૫ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાની કઇ કઇ સિંચાઇ યોજનાની કેનાલો કાચી છે,

(૨) આ કાચી કેનાલોને પાકી બનાવવા સિંચાઇ યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે,

(૩) આ કેનાલો કેટલા સમયમાં પાકી બનાવવામાં આવશે, અને

(૪) કાચી કેનાલો થકી કેટલા ટકા પાણીનો બગાડ થાય છે ?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ પત્રક મુજબની યોજનાઓની કેનાલો કાચી છે તે પૈકી અનુ.નં. ૧ થી ૩ પર દર્શાવેલ યોજનાઓનાં આશરે રૂા.૧૦.૨૪ કરોડ ખર્ચ અંદાજવામાં આવેલ છે. બાકીની યોજનાઓની નહેરો પાકી કરવાનું આયોજન નથી. (પત્રક મુજબ)

(૩) ઉન્ડ-૨, વર્તુ-૨ અને સસોઈ સિંચાઈ યોજનાઓમાં નાણાંકીય ઉપલબ્ધી પ્રમાણે તબક્કાવાર કેનાલોને પાકી કરવાનું આયોજન છે.

(૪) સામાન્યતઃ કેનાલો પાકી કરવાથી આશરે ૨૫ ટકા કાર્યક્ષમતામાં સુધારો થાય છે.

**પ ત્ર ક**

**નીચેની યોજનાઓમાં કેનાલો કાચી છે.**

| ક્રમ | યોજનાનું નામ | તાલુકા | અંદાજીત ખર્ચ રૂા.લાખમાં |
|---|---|---|---|
| ૧ | ઉંડ-૨ | ધ્રોળ | ૧૦૦ |
| ૨ | વર્તુ-૨ | ભાણવડ | ૪૯૦ |
| ૩ | સસોઈ | લાલપુર | ૪૩૪ |
| ૪ | ફુલઝર-૨ | જામનગર | -- |
| ૫ | રંગમતી | જામનગર | -- |
| ૬ | ફુલઝર-૧ | કાલાવડ | -- |
| ૭ | સપડા | જામનગર | -- |
| ૮ | વિઝરખી | જામનગર | -- |
| ૯ | વાડીસંગ | જામનગર | -- |
| ૧૦ | ડાયમીણસાર | જામનગર | -- |
| ૧૧ | વર્તુ-૧ | ભાણવડ | -- |
| ૧૨ | સોનમતી | ભાણવડ | -- |
| ૧૩ | સીંધણી | કલ્યાણપુર | -- |
| ૧૪ | શેઢા ભાડથરી | કલ્યાણપુર | -- |
| ૧૫ | ફોફળ-૨ | કાલાવડ | -- |
| ૧૬ | સિંહણ | ખંભાલીયા | -- |
| ૧૭ | હંસ્થળ | ખંભાલીયા | -- |
| ૧૮ | વેદમતી | ખંભાલીયા | -- |
| ૧૯ | ઢાંઢાવાડા | ખંભાલીયા | -- |
| ૨૦ | કોલવા | ખંભાલીયા | -- |
| ૨૧ | કોટડીયા | ખંભાલીયા | -- |
| ૨૨ | સામોર | ખંભાલીયા | -- |
| ૨૩ | ગુલાબસાગર | ભાણવડ | -- |
| ૨૪ | બાલંભડી | કાલાવડ | -- |
| ૨૫ | ઉમરાળા | કાલાવડ | -- |
| ૨૬ | પાંચદેવડા | કાલાવડ | -- |
| ૨૭ | મછલીવડ | કાલાવડ | -- |
| ૨૮ | લલોઈ | કાલાવડ | -- |

| ક્રમ | યોજનાનું નામ | તાલુકા | અંદાજીત ખર્ચ રૂા.લાખમાં |
|---|---|---|---|
| ૨૯ | વેણું | જામજોધપુર | -- |
| ૩૦ | બમથીયા-૧ | જામજોધપુર | -- |
| ૩૧ | બમથીયા-૨ | જામજોધપુર | -- |
| ૩૨ | સોગઠી | જામજોધપુર | -- |
| ૩૩ | ગેબનશાપીર | જામજોધપુર | -- |
| ૩૪ | મુઆલ | જામજોધપુર | -- |
| ૩૫ | ઢાંઢર | જામજોધપુર | -- |
| ૩૬ | રૂપાવટી | લાલપુર | -- |
| ૩૭ | ખડખંભાલીયા | લાલપુર | -- |
| ૩૮ | પીપરટોડા | લાલપુર | -- |
| ૩૯ | જગેડી | જામનગર | -- |
| ૪૦ | ઢંઢ | કલ્યાણપુર | -- |
| ૪૧ | ભંગ | કલ્યાણપુર | -- |
| ૪૨ | બતડીયા | કલ્યાણપુર | -- |
| ૪૩ | હમાપર | ધ્રોલ | -- |
| ૪૪ | ગઢડા | ધ્રોલ | -- |
| ૪૫ | ડાંગરા | ધ્રોલ | -- |
| ૪૬ | નાના ગરેડીયા | ધ્રોલ | -- |
| ૪૭ | ગોમતી | દ્વારકા | -- |
| ૪૮ | ધરમપુર | લાલપુર | -- |

--------

**રાજ્યમાં મહિલા સંમેલનો**

૩૯૦૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માન. મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં ક્યારે ક્યા સ્થળે સંમેલનો થયા,

(૨) આ દરેક સંમેલન પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ સંમેલનો પાછળ થયેલ ખર્ચ કોના કોના ધ્વારા ચૂકવાયેલ છે ?

**જવાબ**

(૧) માંગ્યા મુજબની માહિતી **પત્રક-અ** માં સામેલ છે.

(૨) માંગ્યા મુજબની માહિતી **પત્રક-બ** માં સામેલ છે.

(૩) માંગ્યા મુજબની માહિતી **પત્રક-ક** માં સામેલ છે.

**પત્રક-અ**

| વર્ષ ૨૦૦૬-૦૭ | | |
|---|---|---|
| ક્રમ | સંમેલનની તારીખ | સંમેલનનું સ્થળ (પુરૂં સરનામું) |
| | | જામનગર |
| ૧ | ૧૭-૩-૨૦૦૭ | જીઈબી કચેરી પાસે, કાલાવડ શીતલા, તા. કાલાવડ, જિ. જામનગર |
| | | સાબરકાંઠા |
| ૨ | ૧૦-૦૩-૨૦૦૭ | વાત્રક, તા. બાયડ |
| | | પંચમહાલ |
| ૩ | ૨૫-૩-૨૦૦૭ | સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ, ગોધરા |
| | | ભરૂચ |
| ૪ | ૨૫-૦૧-૨૦૦૭ | દહેજ, મુ.પો. દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ |
| | | કચ્છ |

| | | |
|---|---|---|
| ૫ | ૨૬-૩-૦૭ | જ્યુબીલી ગ્રાઉન્ડ, ભુજ-કચ્છ |
| | | **વર્ષ ૨૦૦૭-૦૮** |
| ક્રમ | | સંમેલનનું સ્થળ (પુરૂં સરનામું) |
| | | **વલસાડ** |
| ૧ | ૨૯-૪-૦૭ | ઉમરગામ, તા. જિ. વલસાડ |
| | | **અમરેલી** |
| ૨ | ૬-૪-૨૦૦૭ | ફોરવર્ડ સ્કુલનું ગ્રાઉન્ડ, અમરેલી |
| | | **આણંદ** |
| ૩ | ૨૮-૦૪-૨૦૦૭ | જે. ડી. પટેલ, દાવોલવાળા, કોલેજ કેમ્પસ, બોરસદ, તા, બોરસદ, જિ. આણંદ (મોકુફ) |
| ૪ | ૨૩-૦૬-૨૦૦૭ | ચિત્રકુટધામ, કોલેજ ગ્રાઉન્ડ, દંતાલી રોડ, પેટલાદ, જિ. આણંદ |
| ૫ | ૨૮-૦૬-૨૦૦૭ | શ્રીકુંજ કુટીર, જલારામ મંદિર પાસે, તારાપુર-બોરસદ રોડ, તારાપુર, તા. તારાપુર, જિ. આણંદ |
| ૬ | ૬-૦૬-૨૦૦૭ | કેળવણી મંડળ સંચાલીત, સરદાર પટેલ, વિનય મંદિર, શાળાના મેદાનમાં, ઓડ, તા. જિ. આણંદ **(મોકુફ)** |
| ૭ | ૨૭-૦૭-૨૦૦૭ | કેળવણી મંડળ સંચાલીત, સરદાર પટેલ, વિનય મંદિર, શાળાના મેદાનમાં, ઓડ, તા. જિ. આણંદ. |
| | | **અમદાવાદ** |
| ૮ | ૨૬-૫-૦૭ | એમ. જે. હાઈસ્કુલ ગ્રાઉન્ડ, વિરમગામ |
| ૯ | ૨-૧૦-૦૭ | જી.એમ.ડી.એસ. ગ્રાઉન્ડ, અમદાવાદ |
| | | **ભરૂચ** |
| ૧૦ | ૬-૦૫-૨૦૦૭ | મુ.પો. નાહિયેર, તા. આમોદ, જિ. ભરૂચ |
| | | **ભાવનગર** |
| ૧૧ | ૪-૦૫-૨૦૦૭ | ગાયત્રી નગર પાછળ, મુ. મહુવા, જિ. ભાવનગર |
| | | **ડાંગ-આહવા** |
| ૧૨ | ૨૧-૫-૨૦૦૭ | પોલીસ પરેડ ગ્રાઉન્ડ, આહવા-જિ. ડાંગ |
| | | **ખેડા** |
| ૧૩ | ૧-૦૪-૨૦૦૭ | ઈન્દ્રપ્રસ્થાન સોસાયટી, મુ. કઠલાલ, તા. કઠલાલ, જિ. ખેડા |
| | | **નવસારી** |
| ૧૪ | ૩૦-૫-૨૦૦૭ | એસ.ટી.સ્ટેન્ડની સામે, ચીખલી, જિ. નવસારી |
| | | **પોરબંદર** |
| ૧૫ | ૨૪-૦૫-૨૦૦૭ | ચોપાટી ગ્રાઉન્ડ, પોરબંદર |
| | | **પાટણ** |
| ૧૬ | ૨૭-૪-૨૦૦૭ | મુ. ચાણસ્મા, જિ. પાટણ |
| | | **રાજકોટ** |
| ૧૭ | ૧૩-૪-૨૦૦૭ | જસદણ એન.સી.સી. ગ્રાઉન્ડ જસદણ બાયપાસ, તા. જસદણ, જિ. રાજકોટ |
| | | **ગાંધીનગર** |
| ૧૮ | ૧૧-૪-૨૦૦૭ | નહેરૂ ચોકડી ચાર રસ્તા, મુ. દહેગામ, તા. દહેગામ, જિ. ગાંધીનગર |
| | | **સુરત** |
| ૧૯ | ૨૩-૫-૦૭ | ગુણસદા, તા. સોનગઢ, જિ. સુરત |
| | | **બનાસકાંઠા** |
| ૨૦ | ૨૫-૫-૨૦૦૭ | ડીસા, જિ. બનાસકાંઠા |
| | | **દાહોદ** |
| ૨૧ | ૨૪-૬-૨૦૦૭ | સ્પોર્ટસ કોમ્પલેક્ષ, દેવગઢ બારીયા, જિ. દાહોદ |
| | | **જુનાગઢ** |
| ૨૨ | ૨૦-૦૯-૨૦૦૭ | મુ. ચિરોડા, તા. મેંદરડા, જિ. જુનાગઢ |
| | | **વડોદરા** |
| ૨૩ | ૧૨-૪-૨૦૦૭ | સેગવા, તા. સિનોર |
| | | **સુરેન્દ્રનગર** |
| ૨૪ | ૧૦-૫-૨૦૦૭ | પાણી પુરવઠા કચેરીની બાજુમાં, લીંબડી, વઢવાણ હાઈવે રોડ, લીંબડી |
| | | **મહેસાણા** |
| ૨૫ | ૭-૫-૨૦૦૭ | સરદાર પટેલ માર્કેટ, કડી |
| | | **નર્મદા** |
| ૨૬ | ૯-૬-૨૦૦૭ | કેવડીયા કોલોની, મુ.પો. કેવડીયા, તા. નાંદોદ, જિ. નર્મદા |

## પત્રક-બ

| વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન નીચે મુજબની વિગતે મહિલા સંમેલન પાછળ ખર્ચ થવા પામેલ છે. | | |
|---|---|---|
| ક્રમ | સંમેલનનું સ્થળ (પુરૂં સરનામું) | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું કુલ ખર્ચ |
| | **જામનગર** | |
| ૧ | જીઈબી ક્ચેરી પાસે, કાલાવાડ શીતલા, તા. કાલાવડ, જિ. જામનગર | ૨૧૬૫૭૮૦ |
| | **સાબરકાંઠા** | |
| ૨ | વાત્રક, તા. બાયડ | ૨૮૪૩૭૦૬ |
| | **પંચમહાલ** | |
| ૩ | સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ, ગોધરા | ૪૭૬૯૦૦૦ |
| | **ભરૂચ** | |
| ૪ | દહેજ, મુ.પો. દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ | ૪૫૪૮૦ |
| | **કચ્છ** | |
| ૫ | જ્યુબીલી ગ્રાઉન્ડ, ભુજ-કચ્છ | ૨૧૮૦૦૪૮ |
| | **કુલ :-** | **૧૨૦૦૪૦૧૪** |
| **વર્ષ ૨૦૦૭-૦૮** | | |
| ક્રમ | સંમેલનનું સ્થળ (પુરૂં સરનામું) | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું કુલ ખર્ચ |
| | **વલસાડ** | |
| ૧ | ઉમરગામ, તા. જિ. વલસાડ | ૨૧૯૭૦૦૦ |
| | **અમરેલી** | |
| ૨ | ફોરવર્ડ સ્કુલનું ગ્રાઉન્ડ, અમરેલી | ૨૭૨૪૬૮૬ |
| | **આણંદ** | |
| ૩ | જે.ડી.પટેલ, દાવોલવાળા, કોલેજ કેમ્પસ, બોરસદ, તા. બોરસદ, જિ. આણંદ **(મોકુફ)** | ૧૦૫૮૬૬૭૭ |
| ૪ | ચિત્રકુટધામ, કોલેજ ગ્રાઉન્ડ, દંતાલી રોડ, પેટલાદ, જી. આણંદ | |
| ૫ | શ્રીકુંજ કુટીર, જલારામ મંદિર પાસે, તારાપુર-બોરસદ રોડ, તારાપુર, તા. તારાપુર, જિ. આણંદ | |
| ૬ | કેળવણી મંડળ સંચાલીત, સરદાર પટેલ, વિનય મંદિર, શાળાના મેદાનમાં, ઓડ, તા. જિ. આણંદ **(મોકુફ)** | |
| ૭ | કેળવણી મંડળ સંચાલીત, સરદાર પટેલ, વિનય મંદિર, શાળાના મેદાનમાં, ઓડ, તા. જિ. આણંદ | |
| | **અમદાવાદ** | |
| ૮ | એમ. જે હાઈસ્કુલ ગ્રાઉન્ડ, વિરમગામ | ૫૧૭૫૯૧૬ |
| ૯ | ઊ.એમ.ડી.એસ. ગ્રાઉન્ડ, અમદાવાદ | ૩૮૪૩૯૩ |
| | **ભરૂચ** | |
| ૧૦ | મુ.પો. નાહિયેર, તા. આમોદ, જિ. ભરૂચ | ૧૯૫૫૧૪૭ |
| | **ભાવનગર** | |
| ૧૧ | ગાયત્રી નગર પાછળ, મુ. મહુવા, જિ. ભાવનગર | ૧૧૭૩૩૯૧૧ |
| | **ડાંગ-આહવા** | |
| ૧૨ | પોલીસ પરેડ ગ્રાઉન્ડ, આહવા-જિ. ડાંગ | ૨૭૬૯૫૦૫ |
| | **ખેડા** | |
| ૧૩ | ઈન્દ્રપ્રસ્થાન સોસાયટી મુ. કઠલાલ, તા. કઠલાલ | ૨૮૪૪૩૪૬ |
| | **નવસારી** | |
| ૧૪ | એસ.ટી.સ્ટેન્ડની સામે, ચીખલી, જિ. નવસારી | ૪૯૨૯૮૨૨ |
| | **પોરબંદર** | |
| ૧૫ | ચોપાટી ગ્રાઉન્ડ, પોરબંદર | ૪૫૩૮૩૯૨ |
| | **પાટણ** | |
| ૧૬ | મુ. ચાણસ્મા, જિ. પાટણ | ૩૬૪૮૦૦૦ |
| | **રાજકોટ** | |
| ૧૭ | જસદણ એન.સી.સી. ગ્રાઉન્ડ જસદણ બાયપાસ તા. જસદણ, જિ. રાજકોટ | ૧૦૯૫૩૧૪૩ |
| | **ગાંધીનગર** | |
| ૧૮ | નહેરૂ ચોકડી ચારરસ્તા, મુ. દહેગામ, તા. દહેગામ, જિ. ગાંધીનગર | ૨૩૩૦૨૬૬ |
| | **સુરત** | |
| ૧૯ | ગુણસદા, તા. સોનગઢ, જિ. સુરત | ૪૧૯૭૫૨૯ |
| | **બનાસકાંઠા** | |
| ૨૦ | ડીસા, જિ. બનાસકાંઠા | ૩૮૨૯૪૨૧ |
| | **ઞાહોદ** | |
| ૨૧ | સ્પોર્ટ કોમ્પલેક્ષ, દેવગઢ બારીયા, જિ. દાહોદ | ૨૧૧૧૯૭૩ |
| | **જુનાગઢ** | |
| ૨૨ | મુ. ચિરોડા, તા. મેંદરડા, જિ. જુનાગઢ | ૪૩૦૯૨૧૭ |
| | **વડોદરા** | |
| ૨૩ | સેગવા, તા. સિનોર | ૫૦૯૬૫૭૪ |
| | **સુરેન્દ્રનગર** | |
| ૨૪ | પાણી પુરવઠા ક્ચેરીની બાજુમાં, લીંબડી, વઢવાણ હાઈવે રોડ, લીંબડી | ૬૬૭૫૨૬૫ |
| | **મહેસાણા** | |
| ૨૫ | સરદાર પટેલ માર્કેટ, કડી | ૨૪૭૯૪૨૫ |
| | **નર્મદા** | |

| | | |
|---|---|---|
| ૨૬ | કેવડીયા કોલોની, તા. નાંદોદ, જિ. નર્મદા | ૧૬૩૧૩૯૪ |
| | કુલ... | ૯૭૧૦૨૦૦૨ |

**પત્રક-ક**

**વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન અને ૨૦૦૭-૦૮ દરમ્યાન હેડવાઈઝ નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે.**

**વર્ષ-૨૦૦૬-૨૦૦૭**

| ક્રમ | જિલ્લો | અન્ય સરકારી વિભાગોએ ભોગવેલ ખર્ચ | અન્ય બોર્ડ કોર્પોરેશનોએ ભોગવેલ ખર્ચ | કેન્દ્ર સરકાર અને તેને સંલગ સંસ્થાઓના હેડમાં નાખેલ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | - | ૧૬૧૦૭૦૧ | ૫૫૫૦૭૯ | ૨૧૬૫૭૮૦ |
| ૨ | પંચમહાલ | - | ૪૭૬૯૦૦૦ | - | ૪૭૬૯૦૦૦ |
| ૩ | ભરૂચ | - | ૪૫૪૮૦ | - | ૪૫૪૮૦ |
| ૪ | કચ્છ | - | ૨૧૮૦૦૪૮ | - | ૨૧૮૦૦૪૮ |
| ૫ | સાબરકાંઠા | - | ૨૮૪૩૭૦૬ | - | ૨૮૪૩૭૦૬ |
| | કુલ : | - | ૧૧૪૪૮૯૩૫ | ૫૫૫૦૭૯ | ૧૨૦૦૪૦૧૪ |

**વર્ષ-૨૦૦૭-૨૦૦૮**

| ક્રમ | જિલ્લો | અન્ય સરકારી વિભાગોએ ભોગવેલ ખર્ચ | અન્ય બોર્ડ કોર્પોરેશનોએ ભોગવેલ ખર્ચ | કેન્દ્ર સરકાર અને તેને સંલગ સંસ્થાઓના હેડમાં નાખેલ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | - | ૨૧૯૭૦૦૦ | - | ૨૧૯૭૦૦૦ |
| ૨ | અમરેલી | - | ૨૭૨૪૬૮૬ | - | ૨૭૨૪૬૮૬ |
| ૩ | આણંદ | - | ૧૦૫૮૬૬૭૭ | - | ૧૦૫૮૬૬૭૭ |
| ૪ | અમદાવાદ (પ્રથમ સંમેલન) | - | ૫૧૭૫૯૧૬ | - | ૫૧૭૫૯૧૬ |
| ૫ | અમદાવાદ (બીજું સંમેલન | - | - | ૩૮૪૩૯૩ | ૩૮૪૩૯૩ |
| ૬ | ભરૂચ | - | ૧૯૫૫૧૪૭ | - | ૧૯૫૫૧૪૭ |
| ૭ | ભાવનગર | - | ૧૧૭૩૩૯૧૧ | - | ૧૧૭૩૩૯૧૧ |
| ૮ | ડાંગ-આહવા | - | ૨૭૬૯૫૦૫ | - | ૨૭૬૯૫૦૫ |
| ૯ | ખેડા | - | ૨૮૪૪૩૪૬ | - | ૨૮૪૪૩૪૬ |
| ૧૦ | નવસારી | - | ૪૯૨૯૮૨૨ | - | ૪૯૨૯૮૨૨ |
| ૧૧ | પોરબંદર | - | ૪૫૩૮૩૯૨ | - | ૪૫૩૮૩૯૨ |
| ૧૨ | પાટણ | - | ૩૬૪૮૦૦૦ | - | ૩૬૪૮૦૦૦ |
| ૧૩ | રાજકોટ | ૧૦૦૦૦૦૦ | ૯૯૫૩૧૪૩ | - | ૧૦૯૫૩૧૪૩ |
| ૧૪ | સુરત | ૨૯૫૦૦૦ | ૩૯૦૨૫૨૯ | - | ૪૧૯૭૫૨૯ |
| ૧૫ | પાલનપુર બ.કા. | - | ૩૮૨૯૪૨૧ | - | ૩૮૨૯૪૨૧ |
| ૧૬ | જુનાગઢ | ૮૩૩૭૮૯ | ૩૪૭૫૪૨૮ | - | ૪૩૦૯૨૧૭ |
| ૧૭ | સુરેન્દ્રનગર | - | ૬૬૭૫૨૬૫ | - | ૬૬૭૫૨૬૫ |
| ૧૮ | મહેસાણા | - | ૨૪૭૯૪૨૫ | - | ૨૪૭૯૪૨૫ |
| ૧૯ | નર્મદા | - | ૧૬૩૧૩૯૪ | - | ૧૬૩૧૩૯૪ |
| ૨૦ | ગાંધીનગર | - | ૨૩૩૦૨૬૬ | - | ૨૩૩૦૨૬૬ |
| ૨૧ | દાહોદ | ૬૦૦૦૦ | ૨૦૫૧૯૭૩ | - | ૨૧૧૧૯૭૩ |
| ૨૨ | વડોદરા | - | ૫૦૯૬૫૭૪ | - | ૫૦૯૬૫૭૪ |
| | કુલ : | ૨૧૮૮૭૮૯ | ૯૪૫૨૮૮૨૦ | ૩૮૪૩૯૩ | ૯૭૧૦૨૦૦૨ |

## દાહોદ જિલ્લામાં પૂર્ણ થયેલ સ્વજલધારા યોજનાઓ

૪૪૯૮ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ તથા ઝાલોદ તાલુકામાં કુલ કેટલી સ્વજલ ધારા યોજનાઓ વર્ષવાર મંજૂર થયેલ છે, અને

(૨) આ પેકી કુલ કેટલી યોજનાઓ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સ્વજલધારા કાર્યક્રમ હેઠળ એકપણ નહીં પરંતુ રાજ્ય સરકારની સેક્ટર રીફોર્મ યોજના હેઠળ નીચેની વિગતે

| વર્ષ | મંજૂર થયેલ યોજના | |
|---|---|---|
| | દાહોદ | ઝાલોદ |
| ૨૦૦૫-૦૬ | ૦ | ૧ |
| ૨૦૦૬-૦૭ | ૮ | ૧૯ |
| ૨૦૦૭-૦૮ | ૦ | ૦ |
| કુલ :- | ૮ | ૨૦ |

(૨) દાહોદ તાલુકામાં એક જ્યારે ઝાલોદ તાલુકામાં એકપણ નહીં.

**જેતપુર પાવી તાલુકામાં હેન્ડ પંપોની મરામત કામગીરી**

૩૬૫૯ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(જેતપુર- પાવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ કેટલા હેન્ડપંપો કેટલા સમયથી બંધ હાલતમાં છે, અને | (૧) ૭૧ હેન્ડપંપ સરેરાશ દશ દિવસથી. |
| (૨) તેની મરામત કામગીરી કરાવવા સરકારે શું કાર્યવાહી કરી ? | (૨) હેન્ડપંપ રીપેર કરી પાણી પુરવઠો ચાલુ કરી આપેલ છે. |

---------

**આણંદ જિલ્લાના તાલુકાઓમાં વિશ્રામગૃહોની સુવિધા**

૪૨૭૮ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં નવનિર્મિત તાલુકાઓમાં તાલુકા મથકે તાલુકા કક્ષાનું સરકારી આરામગૃહની વ્યવસ્થા છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો સરકારી આરામગૃહની તાલુકા મથકે વ્યવસ્થા ન હોય તો સરકારનું તાલુકા કક્ષાનું આરામગૃહ બનાવવાનું આયોજન છે કે કેમ, અને | (૨) હાલ કોઈ આયોજન નથી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં સિંચાઈ માટે ખેડૂતોને પાણી**

૩૯૬૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધોળકા-બાવળા, સાણંદમાં નર્મદા નહેરમાંથી ફતેવાડી ધ્વારા સિંચાઈ માટે ખેડૂતોને પાણી આપવામાં આવે છે પરંતુ આ કેનાલો જુની હોઈ મોટા પ્રમાણમાં તૂટી ગયેલ છે અને નાળા દરવાજા તૂટી ગયેલ છે કેનાલોમાં પૂરાણ થઈ ગયેલ છે અને મહામુલુ પાણી ગટરોમાં અને વોકળાઓ ધ્વારા વહી જાય છે અને ખેડૂતોને પાણી મળતું નથી, છેલ્લા કમાન્ડ વિસ્તારના ખેડૂતોને પાણી મળતું નથી આ રીપેરીંગ ક્યારે કરવામાં આવશે, | (૧), (૨) અને (૩) : નહેરોનું રીપેરીંગ જરૂરીયાત મુજબ સતત ચાલતી રહેતી પ્રક્રિયા છે. જેમાં નાણાંકીય ઉપલબ્ધતા અન્વયે આવશ્યક સ્થળોએ જરૂરીયાત મુજબ લીલ શેવાળ કાઢવાનો સમાવેશ થાય છે. |
| (૨) ચાલુ પાણીમાં લીલ, શેવાળથી પાણી આગળ ચાલતું નથી તો તેના માટે મજૂરો મૂકી કામ કરવા માટે કોઈ કાર્યવાહી કરવા માંગો છો કે કેમ, અને | |
| (૩) જો હા, તો ક્યારે અને કેટલી ? | |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાને સહાય**

૪૨૮૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૬થી તા. ૩૦-૬-૦૮ સુધીમાં કેટલી નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૬ થી તા.૩૦-૬-૨૦૦૮ સુધીમાં નીચે મુજબ નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી. |

આવી,

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૮૨૧ |
| ૨ | લીંબડી | ૩૨૦ |
| ૩ | ચૂડા | ૯૮ |
| ૪ | સાયલા | ૮૨ |
| ૫ | ચોટીલા | ૧૫૧ |
| ૬ | મૂળી | ૯૩ |
| ૭ | ધ્રાંગધ્રા | ૨૬૯ |
| ૮ | હળવદ | ૬૪ |
| ૯ | લખતર | ૬૨ |
| ૧૦ | પાટડી-દસાડા | ૨૧૯ |
| | કુલ સરવાળો : | ૨૧૭૯ |

(૨) આ પૈકી સાયલા, ચોટીલા અને થાન વિસ્તારની કેટલી વિધવા બહેનો સહાય મેળવે છે,

(૨) આ પૈકી સાયલા વિસ્તારની ૮૨ અને ચોટીલા તથા થાન વિસ્તારની ૧૫૧ વિધવા બહેનો સહાય મેળવે છે.

(૩) કેટલી નિરાધાર વિધવા બહેનોને સહાય બંધ કરવામાં આવી, અને

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૭૧ લાભાર્થીઓને સહાય બંધ કરવામાં આવી.

(૪) તેના કારણો શાં છે ?

(૪) - ૬૦ વર્ષની ઉંમર થતાં ૫૧ લાભાર્થી
- પુત્ર પુખ્ત વયની ઉંમરનો થતાં ૨૮૬ લાભાર્થી
- અવસાન થતાં ૪ લાભાર્થી
- પુનઃ લગ્ન કરેલ ૪ લાભાર્થી
- આવક વધારે હોવાથી ૧૧ લાભાર્થી
- અન્ય કારણોસર ૧૫ લાભાર્થી

---------

## વલસાડ જિલ્લામાં સાંથણીની જમીનના લાભાર્થીઓ

૪૪૯૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને સાંથણીની જમીન તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવી, અને

(૨) ફાળવેલ જમીન કુલ કેટલી થાય છે ?

**જવાબ**

(૧) વલસાડ - શૂન્ય
ધરમપુર - શૂન્ય
કપરાડા - ૨૯૯
પારડી - શૂન્ય
ઉમરગામ - શૂન્ય

(૨) હે.૧૮૭-૫૬-૯૩ ચો.મી.

---------

## ટુકડા ધારામાં સુધારા કરવા અંગે

૪૪૮૫ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ટુકડા ધારાથી ઉભી થયેલ હાડમારીઓ દૂર કરવા સરકાર શું સુધારા કરવા માંગે છે ?

**જવાબ**

આ બાબતે મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીના અધ્યક્ષપદે એક ઉચ્ચકક્ષાની સમિતિ તા.૧-૩-૨૦૦૫ ના રોજ નિમવામાં આવેલ હતી. સમિતિએ કાયદાની સંબંધિત હયાત જોગવાઈઓ તથા સમિતિએ તેમાં સૂચવેલ ફેરફારની ટૂંકમાં ભલામણો તથા ફેરફાર કરવાથી થનાર ફાયદા/ગેરફાયદાને આવરી લેતો તેનો અભ્યાસપૂર્ણ અહેવાલ તેમની ભલામણો સહ સરકારને તા.૧૯-૭-૦૬ ના રોજ રજુ કરેલ છે. જે હાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

આ ઉપરાંત શહેરી વિસ્તારો માટે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ હેઠળ ટાઉન પ્લાનીંગ સ્કીમ પ્રાથમિક તબક્કે રજૂ થયેલ હોય કે

ટાઉન પ્લાનીંગ સ્કીમ આખરી થયેલ હોય તેવા વિસ્તારોમાં ટુકડાધારાનો અમલ મોકૂફ રાખવાનો સરકારે તા.૫-૯-૨૦૦૮ના જાહેરનામાથી સુધારો કરેલ છે.

---------

**માલણ બંધારાનું કામ પૂર્ણ કરવા અંગે**

૩૬૬૯ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકાની માલણ-બંધારા યોજનાનું કામ તા. ૩૧-૭-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧)<br>૧. આ યોજનાનું આશરે ૭૭.૫૦ ટકા જેટલું પૂર્ણ થયેલ છે.<br>૨. છલતી બંધનું કામ ૪.૨૫ મીટરનાં લેવલ સામે ૩.૧૦ મી.નાં લેવલ સુધી પૂર્ણ થયેલ છે.<br>૩. માટીયાર બંધમાં ૯.૭૫ મી.નાં લેવલ સામે સરેરાશ ૭.૦૦ મી.નાં લેવલ સુધી પૂર્ણ કરેલ છે.<br>૪. ટેન્ડરમાં સમાવિષ્ટ રસ્તાનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે.<br>૫. હાલ આ કામ પ્રગતિમાં છે. |
| (૨) આ યોજના પૂર્ણ કરવાની સમય મર્યાદા વીતી ગઈ છે તે હકીકત સાચી છે, અને | (૨) હા. |
| (૩) જો હા, તો હવે પછી કેટલી સમય મર્યાદામાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૩) આ યોજનાનું કામ ચોમાસા-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. |

---------

**માંગરોળ તાલુકામાં નવલખા ડેમની કામગીરી**

૪૬૯૮ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના નવલખા ડેમ બનાવવાની કામગીરી તા. ૩૧-૮-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) મોજણી અને સંશોધન તબક્કે છે. |
| (૨) આ કામગીરી પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) અને (૩) : મોજણી સંશોધન તબક્કે હોઈ, હાલ આખરી કરેલ નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

---------

**ઉકાઈ હાઈલેવલ કેનાલના માટીકામથી નુકસાન**

૪૬૮૩ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉકાઈ પૂર્ણા હાઈલેવલ કેનાલનું માટીને લગતું કામ ચોમાસુ સામું હોવા છતાં મે/જૂન-૨૦૦૮માં કેમ ચાલુ કરવામાં આવ્યું, | (૧) યોજના વહેલીતકે કાર્યાન્વિત થાય તે માટે |
| (૨) ચોમાસા અગાઉ કરેલ કામ વરસાદને લીધે નિષ્ફળ જતાં સરકારને કેટલું નુકસાન થયું, અને | (૨) શૂન્ય |
| (૩) આ નુકસાન થયેલ છે તેની જવાબદારી નક્કી કરીને શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી વલ્લભભાઈ આશાભાઈ પટેલ અને સ્વ.શ્રી ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલના અવસાન અંગે**

**શ્રીનરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વલ્લભભાઈ આશાભાઈ પટેલનું તારીખ ૧૬મી, સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૭મી મે, ૧૯૨૪ના રોજ થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે અભ્યાસકાળથી ઉદેલ યુવક મંડળ દ્વારા સામાજિક કાર્યોની શરૂઆત કરી. તેઓશ્રીએ ઉદેલ કેળવણી મંડળની સ્થાપના કરી કેળવણીના ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ ઉદેલ ગ્રામ પંચાયતના સરપંચ અને ખંભાત તાલુકા પંચાયત તથા ખેતીવાડી ઉત્પન્ન બજારના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ખંભાત એજ્યુકેશન સોસાયટીના મંત્રી તરીકે અને અનેક સામાજિક સંસ્થાઓના સભ્ય તરીકે યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઈ આવી ખંભાત મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલના અવસાન અંગે**

મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલનું તારીખ: ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ ૫૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ તારીખ:૧૪મી માર્ચ, ૧૯૫૧ના રોજ આણંદ મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે એસ.એસ.સી.સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી ખેતી અને ડેરી ઉદ્યોગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલ સહકારી પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવતા હતા અને ખેડૂતોને સ્વાવલંબી બનાવવા મટે સતત કાર્યરત રહેતા હતા. તેઓશ્રીએ પ્રજાલક્ષી કાર્યો માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે આઠમી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઈ આવી આણંદ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને એક જાગૃત ધારાસભ્ય તરીકે પ્રજાના હિત માટે તત્પર રહેતા. હતા. સ્વર્ગસ્થશ્રી પટેલ વાંચન અને સંગીતમાં રસ ધરાવતા હતા અને દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડનો વિદેશ પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયે સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ સામાજિક કાર્યકર્તા ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખો અહીંયા રજૂ કર્યા છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ વલ્લભભાઈ આશાભાઈ પટેલ આ ગૃહના સભ્ય રહ્યા પછી ૮૪ વર્ષની ઉંમર સુધી સતત ખેડૂતોને માર્ગદર્શન આપતા રહ્યા. વિસ્તારમાં સાચા અર્થમાં લોકસેવાના એક સેવક તરીકે, જાહેર જીવનમાં માત્ર ગ્લેમરમાં જ રહેવું તેમ નહીં સેવાના કાર્યમાં પણ સતત પ્રવૃત્ત રહ્યાં. તેમના અનુભવનો જાહેર જીવનનો નિચોડ તે સરપંચથી શરૂ કરીને વિધાનસભાના ગૃહ સુધીનો એક લોકશાહી વ્યવસ્થામાં મૂળથી લઈને ગૃહ સુધીની તેમણે સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થને હું આપના સૌના વતી શોકાંજલિ અર્પુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલ આ ગૃહના સભ્ય હતા અને તેમના સાથે આ ગૃહના સભ્ય તરીકે કામ કરવાનો મને મોકો મળ્યો હતો. વિસ્તારના પ્રશ્નો માટે માત્ર રજૂઆત જ કરવી એમ નહીં

એગ્રેસિવ રજૂઆત કરીને એ પ્રશ્નો માટે પોતાના જ પક્ષના મુખ્યમંત્રી કે મંત્રી હોય, તો પણ એમની સાથે એમના પ્રશ્નો માટે ઝઝૂમવાનું કામ કરતા મેં તેમને નજીકથી જોયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં મતદાતા તરીકે માનનીય ધારાસભ્યશ્રીઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મત આપવાના પ્રસંગે આવતા હોય છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હારજીત માટે એકાદ મતથી એવું બનતું નથી કે આમતેમ થાય. એમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને ડોકટરની સલાહ પણ નહીં કે તમે ગાંધીનગર સુધી પ્રવાસ કરીને જવું. પેન્ટ ન પહેરી શકાય તેમ હોય તો લૂંગી પહેરીને પણ ડોકટરની સલાહ વિરુદ્ધ જઈને તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મત આપવા માટે અહીં આવ્યા હતા. તેમની સભ્ય તરીકેની ફરજ બજાવવામાં તેઓ કેટલા જાગૃત હતા તેના દર્શન તેમણે કરાવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે બન્ને શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવી એમને સ્મરણાંજલિ અર્પીને વિરમું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીઓના અવસાન અંગે જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખંભાતના માજી ધારાસભ્ય વલ્લભભાઈ આશાભાઈ પટેલે એક નાના ખેડૂતમાંથી લોકશાહીની બધી વ્યવસ્થાઓમાં હોદ્દો ગ્રહણ કરીને જે પ્રકારે ખંભાત તાલુકાની સેવા કરી, આજે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી સરકારે જયોતિગ્રામ અને એવી વિશિષ્ટ યોજનાઓ શરૂ કરીને વિકાસ માટે મહેનત કરી છે, પણ આ માણસે એ દિવસોમાં માનનીય બાબુભાઈ જશભાઈ પટેલની સરકારમાં ૪૦ ગામોનું વીજળીકરણ કરાવ્યું, ત્યારે વિકાસની વાતો હતી જ નહીં. એવા સમયમાં તેઓએ સરપંચ તરીકે રહી, તાલુકા પંચાયતના પ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ, ખરીદ વેચાણ સંઘના પ્રમુખ, એમ.એમ.સી.ના પ્રમુખ હતા. મને યાદ છે કે અમે બોર્ડમાં જોડે હતા. આટલી બધી જગ્યાએ વહીવટ કરવા છતાં પણ સાઈકલ લઈને નગરપાલિકામાં આવે. અમારા નગીનદાસ શાહ પણ ભાવનગરમાં સાઈકલ લઈને આવતા હતા. એમના જવાથી એક વડિલ ગયા છે તેવું લાગે છે. ખાસ કરીને સમાજના જાહેરજીવનમાં વાતો કરીએ છીએ ભ્રષ્ટાચાર નાબૂદીની, પણ સાચેસાચ મૂલ્યનિષ્ઠ જીવનનું જે કૌવત હોવું જોઈએ, એ ધીરે ધીરે ખતમ થઈ ગયું છે એ હકીકત છે. ત્યારે મને માહિતી છે કે વલ્લભભાઈ પાસે ૨૫ એકર જમીન હતી, પરંતુ જાહેરજીવનમાં જરૂર પડતા તેમણે જમીન વેચીને સારું મકાન બનાવ્યું, ત્યારપછી જરૂર પડતા એ વેચીને નાનું ટેનામેન્ટ બનાવી તેમાં રહેવા ગયા. તેમનું અવસાન થયું ત્યારે તેઓ નાના ટેનામેન્ટમાં રહેતા હતા. એમના દીકરાને પણ માંડ માંડ નોકરી મળી. આજે પ્રમાણિક વ્યકિતઓની જયારે ખોટ છે ત્યારે એ બાબતમાં એમને મૂલવી શકાય.

એવા જ એક બીજા આણંદના ધારાસભ્ય સ્વર્ગસ્થ ઘનશ્યામભાઈ જેમને અમે બાપજી કહેતા. પેંડાવાળા કહેતા,. તેઓ ખૂબ એગ્રેસિવ હતા. કોઈપણ વાત હોય, પોલીસ અધિકારી કે મામલતદાર કે કલેકટરશ્રી સાથે વાત હોય તો પણ ઘડીકમાં તેમનો પિત્તો જાય. પણ, કામ થઈ જાય. અમે એમને કહીએ કે શાંતિ રાખો, તો કહે કે ના. તમે બ્રાહ્મણ છો, અમે પટેલ છીએ. તેઓ લોકોના કામમાં સતત તરબોળ રહેતા હતા. તેમને પણ હું મારી અંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેરજીવનની આ બે વ્યકિતઓને હું અંજલિ આપું છું. તેમના કુટુંબીજનો પર આવી પડેલી આફતને સહન કરવાની ઈશ્વર તેમને શકિત આપે તેવી પ્રાર્થના.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહના નેતાશ્રી આપણા પૂર્વ ધારાસભ્યશ્રીઓ સ્વ. શ્રી વલ્લભભાઈ પટેલ અને સ્વ. શ્રી ધનશ્યામભાઈ રાવજીભાઈ પટેલના અવસાન અંગેના શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને જેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

આ બન્ને વ્યકિતત્વો સાથે પાંચમી ગુજરાત વિધાનસભામાં જયારે હું પહેલીવાર ચૂંટાયો ત્યારે સ્વ. શ્રી વલ્લભભાઈ પટેલ સાથે અને ત્યારપછી સ્વ. શ્રી ધનશ્યામભાઈ પટેલ સાથે પણ આ ગૃહમાં કામ કરવાનો મને મોકો મળ્યો છે. શ્રી વલ્લભભાઈ મમતાતુલ્ય, માયાળુ સ્વભાવના માણસ અને જયારે જ્યારે અને ત્યારપછીના સમયમાં પણ જયારે ધારાસભ્ય તરીકેના કામો લઈને આવે ત્યારે પણ ખૂબ જ પ્રેમથી કાર્ય કરાવવાની મનોવૃત્તિવાળા માણસ હતા અને માનનીય શિરીષભાઈએ કહયું તેમ પ્રમાણિકતા અને નિષ્ઠાને વરેલા હતા. તેવી જ રીતે સ્વ. શ્રી ધનશ્યાભાઈ પટેલ એક ઉગ્ર શૈલીવાળા, પરંતુ આત્મીયતાવાળા માણસ હતા. તેમની શૈલી ખૂબ ઉગ્ર હતી, પરંતુ સ્વભાવ એકદમ આત્મિયતાવાળો હતો અને એટલા માટે તેમના આત્મીયતાના પ્રતિભાવરૂપે સમગ્ર આણંદનો વિસ્તાર તેમને બાપજી તરીકે ઓળખતો હતો. તેઓ એક દૂધની દુકાને બેસતા અને એવા વ્યકિતવાળા આ માણસ એ સમાજ સેવા સતત કરતા રહ્યા હતા. આવા આ બન્ને વ્યકિતત્વોને આપણે સૌ શ્રધ્ધાંજલિ અર્પીએ અને બે મિનિટ મૌન પાળીને તેમને શાંકાંજલિ અર્પીએ.

(બે મિનિટ મૌન બાદ)

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આ લાગણી તેમના કુટુંબીજનોને પહોંચાડવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૬-૨૦૦૭ નો ઓડિટ અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલી આવક) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૬-૦૭ નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગુજરાત જળસપત્તિ નિગમનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ,સમીક્ષા તથા નિવેદન**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી)**:માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૦૫-૨૦૦૬ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સૂરત પુર હોનારત તપાસ પંચનો અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૂરત પુર હોનારત તપાસ પંચનો અહેવાલ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને વિગતો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ (પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટીપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ (બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું, ગુજરાત મેરી ટાઈમ બોર્ડના સન ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક વહીવટી અહેવાલો અને સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટીપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટીપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશનનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશનનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૭નો વાર્ષિક અહેવાલ તથા આયોગની ભલામણના અસ્વીકારની સ્પષ્ટીકરણનોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને સ્પષ્ટીકરણ નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો તથા હિસાબો**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૪-૨૦૦૫ અને સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર ઑડિટર જનરલની ટિપ્પણ, સમીક્ષા તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાતના સન ૨૦૦૫-૨૦૦૬, સન ૨૦૦૬-૨૦૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮ ના વાર્ષિક અહેવાલો**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાતના સન ૨૦૦૫-૨૦૦૬, સન ૨૦૦૬-૨૦૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૦૪-૨૦૦૫ અને સન ૨૦૦૫-૨૦૦૬ના ઑડિટ અહેવાલો તથા આ અહેવાલોને

સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ભારતના સીમાંકન આયોગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા (સામાન્ય વહીવટ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના સીમાંકન આયોગની સન ૨૦૦૨ની સીમાંકન અધિનિયમ અન્વયેની તા. ૨૯-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-૨૮૨/જીજે/૨૦૦૬ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**નાણા વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની-

સન ૧૯૭૬ના ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા.૬-૧૦-૨૦૦૭ની અધિસૂચનાક્રમાંક-(જીએચએન-૩૯)/પીએફ.ટી-૨૦૦૭/એસ.૨૭(૧)(૧૧)ઠ.

(૨) તા.૧-૪-૨૦૦૮નીઅધિસૂચનાક્રમાંક-(જીએચએન-૨૪)/પીએફ.ટી-૨૦૦૮/(એસ.૨૭) ૧)(૧૨)ઠ.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની તા. ૧૨-૮-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-કેવી-૧૧૯ની ૨૦૦૮-ઈએસટી-૧૦૨૦૦૪-૧૨૮૦-આર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

સચિવશ્રી: **બાબત ક્રમાંક-૨૧.**

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગે**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન સન ૧૯૮૫થી માર્ચ-૨૦૦૨ દરમ્યાન જે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો અપાયા છે તેના પુસ્તકના પાના નં. ૨ તરફ દોરવા માગું છું. હું એ બાબત ઉપર નથી કે આ અધિસૂચના મેજ ઉપર ન મૂકવા દો. જે તે સમયે ડિમાન્ડ થઈ હતી. હું તો એ ઉપર છું કે જે વિધાનસભાનો અધિકાર છે, કારણ કે આખરે નુકસાન આ ગૃહને જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, પાના નં. ૨ ઉપર નિર્ણય ક્રમાંક-૨, અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં વિલંબ થયો હોય તેથી તેને મેજ ઉપર મૂકવાની ના ન પાડી શકાય. તા. ૨૮-૧-૮૬ના રોજ સમાજ કલ્યાણ મંત્રી ડો. સુશીલાબેન શેઠ ૧૯૮૫ના સ્ત્રીઓના અનૈતિક વ્યવહારને ડામવા અંગેના ગુજરાત નિયમોને ઘડતી સમાજ કલ્યાણ વિભાગની ૧૮-૨-૮૫ની અધિસૂચના ક્રમાંક-જીએચ/૨૪/એસ.આઈટી/૧૦૭૯/૪૫૦૯૧/૮૩/પીએચ. વિધાનસભાના મેજ ઉપર મૂકવા ઉભા થયા ત્યારે સૂરેશચંદ્ર મહેતાએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કરતા જણાવ્યું કે પ્રસ્તુત નિયમો ઘડતી અધિસૂચના બહાર પાડ્યા પછી સભાગૃહના બે સત્રો પસાર થયા. માનનીય અધ્યક્ષશ્રી, I will pause here for a moment and I draw your attention, sir, ત્યારે શું હતું સાહેબ, ૧૮-૨-૮૫, મૂકાય ક્યારે? ૨૮-૧-૮૬આજે શું છે? અધિસૂચનાઓ ૨૯-૮-૨૦૦૭ અનેઆજની તારીખે ૨૯-૯-૨૦૦૮ બજેટ સત્ર અને આ બીજા સત્રનો છેલ્લો દિવસ ત્યાં સુધી આ ધ્યાને આવ્યું નથી. મેજ ઉપર મૂકવાના પ્રસ્તુત નિયમો બહાર પાડયા પછી સભાગૃહના બે સત્રો પસાર થયા છતાં તેને વિધાનસભાના મેજ ઉપર મૂકી નથી અને કાયદાની જોગવાઈ પ્રમાણે આવી અધિસૂચનાઓ ઘડયા પછી એ જેમ બને તેમ જલદી વિધાનસભાના મેજ ઉપર મૂકાવી જોઈએ અને અધિસૂચનાઓ સમયસર વિધાનસભાના મેજ ઉપર મૂકાઈ ન હોવાથી મેજ ઉપર મૂકવાની પરવાનગી આપી શકાય નહીં. સભ્યશ્રી અશોક ભટ્ટ પણ સભ્યશ્રી મહેતાએ ઉપસ્થિત કરેલા મુદ્દાનું સમર્થન કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રીએ પોતાનો નિર્ણય મુલતવી રાખ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી હું આખો નિર્ણય નથી વાંચતો. I will just read the relevant paragraph because I am on a different footing. હું એમ નથી કહેતો કે વિધાનસભાના મેજ ઉપર ન મૂકો. હું એમ કહું છું કે, આ ઝડપથી મૂકાવું જોઈએ અને એ વખતના માનનીય અધ્યક્ષશ્રીનું ત્રણ મુદ્દા સાંકળીને અવલોકન છે કે, As early as possible does not mean કે સરકારને

શેલ્ટર મળે છે. વર્ષો વર્ષો થાય તો પણ એ early છે. Page ૪, second paragraph: If you look at the section in the Act, sub-section (૪) of section ૨૩, reads as under:

All rules made under this Act shall as soon as may be after they are made be laid before the State Legislature.

So again here the Government is trying to take shelter under the words as soon as may be I have already expressed earlier in my ruling that it is not a healthy practice and the Government should try to come to the House as early as possible, the Government loses nothing as the Rules become effective on the day either they are framed or on the day they are notified in the Gazette. To that extent it is pertinent to note the observations made by the Calcutta High Court. I am referring to the Book titled Delegated Legislation in India. The relevant remarks are at page ૧૫૮. I quote: Now what the laying provision requires is that Rules shall be laid as soon as possible after they are made. Obviously the old position is that Rules may come into effect on their notification seems to remain unchanged. No doubt Rules are directed to be subjected to such modifications as parliament may make within the prescribed period after their laying but this direction does not affect the validity of the Rules prior to passing of such modifications if any.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આના પરથી જે માનનીય અધ્યક્ષશ્રીનું ruling હતું એ વખતે વાત એવી લેવામાં આવી હતી કે, ગૃહના મેજ ઉપર જ મૂકાવી ન જોઈએ. હું એમ નથી કહેતો કે આપ એમને રોકો. પણ એ વખતના માનનીય અધ્યક્ષશ્રી, એ વખતના માનનીય સભ્યશ્રીઓએ જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો માનનીય સભ્યશ્રી સૂરેશભાઈ મહેતા અને સભ્યશ્રી અશોકભાઈ ભટ્ટે ઉઠાવ્યો એનું હાર્દ શું હતું? આ ગૃહનો અધિકાર છે. Rule says that as early as possible અહીંયાં કયારે થયું છે? અધિસૂચના તા.૨૯-૮-૨૦૦૭, આજે કયાં છીએ તા.૨૯-૯-૨૦૦૮ બજેટ સેશન આખું ગયું, એ પછીના સેશનમાં પહેલા દિવસે પણ લાવવામાં આવ્યું નથી અને છેલ્લા દિવસે આ લાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે, વિલંબને સમજાવતા કારણો, પહેલા સુધી એક હેલ્ધી પ્રોસિઝર- હાઉસમાં કાગળો મૂકાય એ પહેલાં અમારા pigeon box માં મૂકાય so that we can go through it. આ વિલંબ માટેના કારણો છે એ વાજબી છે ખરા? એક હેલ્ધી પ્રેકટીસ રહી છે. હવે તો એ પણ બંધ થયું છે. હું આપના મારફત એવી પણ અપેક્ષા રાખું છું કે, આ ગૃહના સભ્યશ્રીઓને અહીંયાં મંત્રીશ્રી ઉભા થાય એ પહેલાં અમારા pigeon box માં પત્ર હોવા જોઈએ અને જે વર્ષોથી ચાલતી આવતી આવી પ્રેકટીસ છે, વર્ષો સુધી આ ગૃહના સભ્ય તરીકે અનુભવ્યું છે. કે અમારા એ રાઈટની સતત ચિંતા આપના કાર્યાલય દ્વારા થાય અને એ જે અમારો અધિકાર છે એમાં કયાંય કોઈ જગ્યાએથી છટકબારી કોઈ મેળવી ન શકે એવી પણ આપના પાસેથી આ પૉઈન્ટ ઑફ ઑર્ડર ના મુદ્દામાં હું બે બાબતોના મુદ્દા ઉપસ્થિત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભ્યોના અધિકાર માટે હું હંમેશા જાગૃત રહ્યો છું. મારું વિધાનસભા સચિવાલય પણ જાગૃત છે. ગયા સત્ર દરમિયાન સત્રની શરૂઆતમાં મેં આગ્રહ રાખ્યો હતો અને આ આગ્રહના પરિણામે તમે આજે જોઈ શકશો કે ત્રણ દિવસના નાના સત્રની અંદર પણ ત્રણેય દિવસ મેજ પર મૂકવાના કાગળોની જે સંખ્યા છે એ કોઈપણ વર્ષા સત્રની અંદર મૂકાય એના કરતાં વધારે છે. આજની તારીખની અંદર પણ નાણા વિભાગ, શહેરી વિકાસ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓને આપણે જોઈએ તો એ ગયા સત્ર પછીની મોટાભાગની છે. એક જે ૨૯-૮-૨૦૦૭નું તમે જેના ઉપર ધ્યાન દોર્યું તે ગયા વિધાનસભાના સત્ર વખતે રજૂ કરી શકાઈ હોત એ વસ્તુ સ્પષ્ટ છે. હું જે તે વિભાગના મંત્રીશ્રીને કહું છું કે એના વિલંબના કારણો જે છે એ એમણે રજૂ કર્યા છે. મેજ ઉપર મૂકવાની આપણી સમિતિ છે એ ખૂબ જ સક્રિયતાથી કાર્ય કરી રહી છે અને એટલા માટે એનો અહેવાલ પણ આપણી સમક્ષ વિધાનસભાના મેજ ઉપર આવે છે અને આ અહેવાલ પણ જોશો તો એ સમિતિએ પણ ખૂબ ચિંતા કરી છે. આ વિલંબના કારણોને મેજ ઉપર મૂકવાની સમિતિ સંપૂર્ણપણે તપાસે અને આવતી વખતે એ કારણો ઉપર આપણને માર્ગદર્શન આપે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આઈટમ નં. ૧૯ અને ૧૯માં .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મેં કહી દીધી છે ભાઈ બંને ..

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** :સાહેબ આઈટમ નં. ૧૯માં ...

**અધ્યક્ષશ્રી** : ૧૯,૨૦ અને ૨૧ ત્રણેનો ઉલ્લેખ કર્યો છે, મેં આ ત્રણેના ઉલ્લેખ કર્યા છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : સાહેબ આઈટમ નં. ૧૯માં વિલંબ દર્શાવવાના કારણો દર્શાવતું નિવેદન આમાં મૂકવામાં આવેલ નથી.

**અધ્યક્ષશ્રી** : હું સમિતિને કહીશ કે એની ,પણ તપાસ કરે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશ:)

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની

૧. તા:૨૯-૮-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૭-(૧૨)/જીઆઈડી-૧૦૨૦૦૬-૩૧૧૭-જી તથા આ અધિસૂચનાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.
૨. તા:૧-૪-૨૦૦૮ ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૮-૨૦૦૮-જીઆઈડી-૧૦૨૦૦૪-૧૪૯૬-જી.
૩. તા:૧૮-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૮-(૨૩)/જીઆઈડી-૧૦૯૯-૩૪૦-જી
૪. તા:૧૬-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૦૮-(૨૪)/જીઆઈડી-૧૦૯૯-૩૪૦-જી
૫. તા:૬-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૧૦૨૦૦૮-(૨૫)/જીઆઈડી-૧૦૨૦૦૮-૩૦૬૦-જી

ની અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**જાહેર હિસાબ સમિતિનો અહેવાલની રજૂઆત**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના પહેલા અને બીજા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી :** મને જણાવતાં અનંદ થાય છે કે ગયા પાંચ વર્ષની અંદર જાહેર હિસાબ સમિતિનો એક પણ અહેવાલ આવ્યો ન હતો.આ વખતે બે એક સાથે રજૂ થાય છે.

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો અહેવાલની રજૂઆત**

**શ્રી આત્મારામ મ. પરમાર(સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અને બીજા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

**રાજય સરકારના કર્મચારીઓને ફીકસ પગારને બદલે પૂરો પગાર આપવા બાબત**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (સાવલી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૦૧ નીચે પ્રસ્તાવ રજૂ કરું છું કે,

" ભારતના બંધારણની જોગવાઈ મુજબ દરેક નાગરિકને જીવન જીવવાનો અધિકાર છે. જીવન જીવવા માટે નાગરિકોને રોજગારી મળી રહે તે જરૂરી છે. નાગરિકોને રોજગારી પૂરી પાડવાની જવાબદારી રાજય સરકારની છે પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી સરકારે સરકારી નોકરીઓમાં ભરતી કરવાનું બંધ કરી દીધું છે. તેને બદલે ફીકસ પગારધોરણથી ભરતીઓ કરવાનું શરૂ કર્યુ છે. પોલીસ, તલાટી, શિક્ષકો, પ્રોફેસરો સુધીની ભરતી ફીકસ પગારથી કરવામાં આવે છે, જેના પરિણામે બેદરકારી, નિષ્ફળતા, બેજવાબદારીભર્યા વર્તનના કિસ્સાઓ વધતા જાય છે. કર્મચારીઓમાં અસંતોષ વધતો જાય છે. ઓછા પગારમાં ઘરની આજીવિકા ચલાવવી ઘણી મુશ્કેલભરી બને છે. વાહનવહવાર ખર્ચ પણ નીકળતો નથી. સરકારની આ ફીકસ પગારની નીતિના કારણે ભારતના બંધારણ તથા લઘુત્તમ વેતનધારાનો ભંગ થાય છે, ત્યારે માનવીય અભિગમ અપનાવીને સમાજના લોકોને રોજગાર પૂરો પાડવા ફીકસ પગારની યોજના તાકીદે બંધ કરી રેગ્યુલર પગાર ચૂકવવાની નીતિ અપનાવવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે." **પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે મારો ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કર્યો છે ત્યારે આપણે જ્યારે ૨૧મી સદી તરફ જઈ રહ્યા હોય, ગુજરાત જ્યારે વિશ્વના દેશોમાં એક નંબર થવાની વાતો કરતું હોય, ઈન્ફર્મેશન એન્ડ ટૅક્નૉલૉજીનો જમાનો આવ્યો હોય ત્યારે રોજબરોજ છાપાઓમાં આપણે વાંચીએ છીએ કે મોંઘવારી વધતી જાય છે. મોંઘવારી માટે જુદા જુદા મંડળો દ્વારા કલેકટરશ્રી, સરકારી અધિકારીઓ અને સરકારમાં બેઠેલા પદાધિકારીઓ હોય એમને મોંઘવારીની બાબતમાં કેટલાય આવેદનપત્રો પણ આપવામાં આવે છે. રોજ આપણે છાપાઓના માધ્યમ દ્વારા વાંચીએ છીએ કે મોંઘવારી, મોંઘ

ાવારી, મોંઘવારી, પણ સાથોસાથ આ સરકારને હું એ કહેવા માગું છું કે ગુજરાતની અંદર જે રોજગારીની તકો હતી એ રોજગારીની તકો લગભગ દિવસે દિવસે છીનવાતી જાય છે. આજે કમ્પ્યુટર યુગ આવ્યો છે, ૨૧મી સદીનો યુગ આવ્યો છે અને કુદરતી આફતો પણ આપણા તરફ આવતી જાય છે. માનવસર્જિત આપત્તિઓ પણ પક્ષાપક્ષીના રાજકારણમાં વધતી જાય છે. મતોના રાજકારણમાં આપણે રાખીએ છીએ ત્યારે આવી આફતોમાં ગુજરાતને કોઈ એવી દિશામાં લઈ જવું હોય, ગુજરાતનો વિકાસ કરવો હોય, ગુજરાતનો સંતુલિત વિકાસ આપણે કરવો હોય તો મને લાગે છે કે મારો જે આ પ્રસ્તાવ છે એના બાબતમાં સરકારે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. એ વિચારવા માટે હું આ સરકારને વિનંતી કરું છું. પક્ષાપક્ષીની વાતો આપણે છોડી દઈએ અને એ વાત એટલા માટે છોડી દેવા માગીએ છીએ કે આજે સરકારી તંત્રમાં બેફામ ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે. મામલતદાર કચેરી હોય કે તાલુકા પંચાયત....(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી માટેનો પ્રસ્તાવ છે એમાં જો ભ્રષ્ટાચારની વાતો કરશે તો પોલીટીકલ વ્યુહ આવી જશે. અમારે પછી કેન્દ્ર સુધીના ભ્રષ્ટાચારની વાતો કરવી પડશે. એમનો પ્રસ્તાવ ફક્ત એટલો જ છે કે રોજગારી કેવી રીતે મળે, એને નિયમિત પગાર આપવો જોઈએ એટલી જ વાત છે. એમાં ભ્રષ્ટાચારની વાતો કરીશું તો કર્મચારી માટેની વાત છે એટલે પોલીટીકલ સ્પીચ ન આવે એ રીતે વાત કરે. નહિ તો હું પણ જવાબ આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બન્ને પક્ષે આ વાત રાખે તો અમારો વાંધો નથી. ભ્રષ્ટાચાર સરકારનો નથી કહ્યો. આ કરવાથી તંત્ર ૨૫૦૦ કે ૧૫૦૦ રૂપિયામાં નોકરી કરવા મોકલે છે એને પૂરું થવાનું નથી એ હકીકત છે. એટલે તંત્રમાં ભ્રષ્ટાચાર આવે એની વાત કરે છે. છતાં આજની ચર્ચામાં પોલીટીકલ ઓબ્ઝર્વેશન ન કરાય પણ ત્યાં પણ ધ્યાન રખાય એટલી જ વાત છે.

**અધ્યક્ષશ્રી** : એક તો પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં જે સમય જાય છે એ સમય હું બંનેના ફાળે ભાગી નાખું તો પણ મુશ્કેલી થશે, તે વખતે થઈ હતી એટલે બને ત્યાં સુધી પૉઈન્ટ ઑફ ઑર્ડર જે છે એ થાય પણ આપણે જે શબ્દો છે જે, એમણે જે શબ્દો વાપર્યા (અંતરાય) મારા માટે સમયસર એક કલાક એટલે એક કલાકની અંદર ચર્ચા પૂરી કરવી છે એની અંદર બાકીના પ્રશ્નો પેદા થાય, એ જવાબમાં આવે તો વાંધો નથી અને બાકીના જો પ્રશ્નો આપણે ઊભા કરી અને એક બીજા સામે કરીશું તો સમય લંબાશે અને દરેકનો સમય કપાશે, શ્રી ખુમાનસિંહભાઈ.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : મારો કહેવાનો આશય એ હતો કે, આ સરકારની જે યોજનાઓ છે, એ યોજનાઓને આપણે સારી રીતે પૂરી પાડવી હોય, લોકો સુધી પહોંચાડવી હોય તો પદાધિકારી અને અધિકારી એ એકબીજાના પૂરક અંગો છે અને એ જ્યારે પૂરક અંગો હોય અને એવા પૂરક અંગો માટે જો આપણે સહાનુભૂતિપૂર્વક નહીં વિચારીએ તો મને લાગે છે કે, આ પક્ષની સરકાર હોય કે પેલા પક્ષની સરકાર હોય, કોણ બેઠું છે એ મહત્ત્વનું નથી પણ ગુજરાતનો વિકાસ કરવો હોય, સમતુલીત વિકાસ કરવો હોય તો મારી દૃષ્ટિએ મેં જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એ પ્રસ્તાવનો હાર્દ જો આ સરકાર સમજે, મારી જે ભાવના છે એ ભાવનાઓને જો આ સરકાર સમજે તો મને લાગે છે કે, વજુભાઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર જે ઉઠાવવાનો કોઈ પ્રસંગ હું નથી માનતો કે આવે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી , મારી બહુ સીધી સાદી વાત છે , એક એવા ઘરમાંથી , એક એવા સમાજમાંથી , એક એવા ગામમાંથી આવું છું કે, મને અનુભવ છે કે, મામલતદાર, તાલુકા પંચાયત, સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર એટલો બધો ફૂલ્યો ફાલ્યો છે કે, વાત ન કરો અને એનું મૂળ કારણ હોય તો આ ૨૫૦૦/-નો ફીકસ પગાર છે. સાહેબ છેલ્લા દસ વર્ષોથી ગુજરાતની સરકારે સચિવાલયમાં જે કર્મચારીઓ નોકરી કરે છે એનો એક રૂપિયો જો પગાર વધારો કર્યો હોય તો જાહેર જીવન છોડી દેવા તૈયાર છું. સાહેબ આજે આપણે જોઈએ છીએ કે ભરતી નિયમો સુધરતા નથી, ભરતીઓ થતી નથી, બેકલોગ પૂરો થતો નથી અને એના કારણે જે ફીકસ પગારમાં જે નોકરીઓ જે લોકોને આપવામાં આવે છે, સાહેબ મધ્યાહ્‌ન ભોજન યોજનાના સંચાલકો હોય, પોલીસ રક્ષકો હોય, તલાટીઓ હોય, ગ્રામ મિત્રો હોય, હોમ ગાર્ડ હોય આ બધા સાહેબ ૨૫૦૦/-ના ફીકસ લગભગ ૨૫૦૦/- થી ૩૫૦૦/-ના ફીકસ પગારેથી આજે ગુજરાતમાં જુદી જુદી કચેરીઓમાં આજે કામ કરે છે અને આ જ્યારે ફીકસ પગારથી ૨૫૦૦/-ના ફીકસ પગાર લઈને કામ કરતા હોય ત્યારે એ કર્મચારીઓમાં શું નિષ્ઠા આવવાની છે? શું આ સરકાર માટે પ્રેમ કે લાગણી ઉભરાવવાની છે? શું જે વિભાગનું કામ કરતો હોય, જે વિભાગમાં એને નોકરી મળી હોય એ વિભાગનું કામ દીપાવવા માટે એ કર્મચારી એના માટે તનતોડ પ્રયત્ન કરે અથવા નિષ્ઠા ધરાવે? એ હું આ સરકારને કહેવા માગું છું. સાહેબ છેલ્લા ઘણા લાંબા સમયથી આ ફીકસ પગાર, ફીકસ પગાર, સાહેબ સંસ્કારો અને શિક્ષણ એટલે પાયાની વાત થઈ અને એમાં જો સંસ્કારો અને શિક્ષણ જો સારું સિંચાશે લોકોમાં તો આ ગુજરાતનો વિકાસ થશે એટલે સાહેબ શિક્ષકોને પણ આજે ફીકસ પગારથી નોકરીમાં રાખવામાં આવે છે ત્યારે આજે ગુજરાતમાં જુદા જુદા વિભાગોમાં ૫૦,૦૦૦/- જેટલા કર્મચારીઓ ફીકસ પગારથી નોકરી કરે છે. હવે સાહેબ ૨૫૦૦/-માં આજની મોંઘવારીમાં શું એને મળે? એટલે હું કહું છું કે, ભ્રષ્ટાચારે માઝા મૂકી છે, સાહેબ દલાલો પેદા થઈ ગયા છે..

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ આ ચર્ચા ઉપર (અંતરાય) ખુમાનસિંહ આ ચર્ચા ઉપર કુલ ૬૦ મિનિટ ફાળવવામાં આવી છે, ૨૦ મિનિટ આ બાજુ છે અને ૪૦ મિનિટ આ બાજુ છે એટલે આપ જેટલું બોલો એનો

મને જરાય વાંધો નથી ત્યાર પછી આપના નેતાએ સાત જણા બોલવાના નામો આપ્યા છે, હું બધાનો સમાવેશ નહીં કરું એટલા માટે આપ હવે પૂરું કરશો તો હું એક-બે જણાને વધારે સમાવી શકીશ.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ** : સચિવાલયમાં પણ ચોથા વર્ગના દસ હજાર જેટલા કર્મચારીઓ ફીકસ પગારથી જ નોકરી કરે છે.માનદ વેતનથી નોકરી કરે છે ત્યારે આ સરકારને મારી વિનંતી એટલી છે કે આ ઉદ્યોગપતિઓની સરકાર છે એમ અમે કહીએ છીએ એ ખોટું નથી. ચાર-પાંચ ઉદ્યોગપતિઓની સરકાર છે અને આ ફીકસ પગારનો એનો નમૂનો છે. ઉદ્યોગપતિઓની ચિંતા કરવાને બદલે આ નાના નાના સરકારી કર્મચારીઓની ચિંતા કરશે તો આ ગુજરાત હરિયાળું થશે, આ ગુજરાતનો વિકાસ થશે. આ ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવો હોય તો મારી આ જે દરખાસ્ત છે એ દરખાસ્ત માટે સરકાર ગંભીરતાપૂર્વક વિચારે એવી આશા સાથે વિરમું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એની સાથે હું સંમત થઈ શકતો નથી. રાજય સરકારે ૧૯૯૮થી ફીકસ પગારની સ્કીમ શરૂ કરી છે અને આ ફીકસ પગારની સ્કીમને કારણે રાજયમાં હજારો યુવાનોને રોજગારી મળી છે પછી એ શિક્ષણમાં હોય, માધ્યમિક શિક્ષણમાં હોય કે સરકારના જુદાજુદા વિભાગોમાં હોય. આમ લાખો યુવાનોને આમાં રોજગારી મળી છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે સરકાર ગંભીરતાથી વિચારતી નથી પણ હું કહીશ કે જે રીતે શિક્ષણમાં, પોલીસમાં અને અન્ય વિભાગોમાં સરકારે નિમણૂક કરી છે એને કારણે શિક્ષણનો વ્યાપ છેક છેવાડાના ગામ સુધી વધ્યો છે અને છેક છેવાડાના ગામડાંઓમાં શિક્ષકો ગયા છે, વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું છે એને કારણે રાજયના વિદ્યાર્થીઓના નામાંકનમાં જબરજસ્ત વધારો થયો છે. સો ટકા જેટલા નામાંકનની સિદ્ધિઓ અમે પ્રાપ્ત કરી છે. એનું મુખ્ય કારણ હોય તો ફીકસ પગાર સાથે શિક્ષકોની નિમણૂક. હું કહીશ કે માધ્યમિક શિક્ષકો અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને પણ ચારહજારના પગારથી નોકરી આપવામાં આવી છે એને કારણે શિક્ષણનું સ્ટાન્ડર્ડ રાજયમાં સુધર્યું છે. રાજય સરકારે એટલે ખાસ કરીને નાણા વિભાગે જે નિમણૂકો કરવાની પ્રક્રિયા છે એમાં અમુક શરતો મૂકી છે કે નાણા વિભાગની પૂર્વમંજૂરી હોય તો જ નિમણૂકો આપવામાં આવે અને એમાં પણ ખાસ કરીને નિમણૂકોમાં ૨૦ટકા કાપ મૂકવામાં આવ્યો છે. હું કહીશ કે આ નિમણૂકો માટે સુપ્રીમ કોર્ટે પણ મંજૂરી આપી છે. આ યોજના સામે સુપ્રીમ કોર્ટમાં લડત કરવામાં આવી હતી પણ કોર્ટે સરકારની વાત માન્ય રાખી છે અને એને કારણે રાજય સરકારે આ નિમણૂક કરી છે. વિદ્યા સહાયકમાં ૯૪૦૦૦ જેટલી નિમણૂક થઈ એમાંથી પચાસ હજાર જેટલા વિદ્યા સહાયકો તો કાયમી થઈ ગયા. પાંચ વર્ષમાં પચાસ હજાર જેટલા વિદ્યા સહાયકો શિક્ષક તરીકે કાયમી થઈ ગયા. એ આ રાજય સરકારની એક મોટી સિદ્ધિ છે. આપણે જાણીએ છીએ કે ખાનગી ક્ષેત્રમાં પણ જે નિમણૂકો થતી હોય છે. ફ્રેશ યુવાન ગ્રેજયુએટ થયો હોય અને એની નિમણૂક થાય તો એને પણ ફીકસ પગાર આપવામાં આવે છે. ક્રમશઃ એને જયારે અનુભવ પ્રાપ્ત થાય એ અનુભવ પછી જ એ ખાનગી ક્ષેત્રમાં વધારે પગાર મેળવી શકતો હોય છે. એ જ રીતે રાજય સરકારે પણ એ જ ધોરણ અપનાવ્યું છે અને રાજયના વિવિધ વિભાગોમાં પાંચ વર્ષ પછી જ કાયમી નિમણૂક આપવાની શરૂઆત કરી છે. ટેકનીકલ ક્ષેત્રમાં પણ આપણે જાણીએ છીએ એમાં પણ નિમણૂક આપી હોય અને ખાસ કિસ્સા હોય, મેનેજરીયલ પોસ્ટ હોય તો રાજય સરકાર ખાસ કિસ્સામાં વિચારતી હોય છે કે આ કિસ્સામાં અનુભવી કેન્ડીડેટ આવ્યો છે, કવોલીફાઈ કેન્ડીડેટ આવ્યો છે.તો એને નિમણૂક આપવી જોઈએ તેવા ખાસ કિસ્સા ભાગ્યે બનતા હોય છે. આયોજનના કારણે મીનીમમ ફિક્સ પગારના એક્ટ હેઠળ આવરી શકાય નહિ તેમ શ્રમ અને રોજગારનો પણ અભિપ્રાય છે. ભૂતકાળમાં તાજેતરમાં આમ કહીએ તો શ્રમ સેવા સંસ્થાન, અમદાવાદે અનેક પિટિશન કરી હશે. અરજી રાજય સરકારમાં કરી હશે. હાઈકોર્ટે પણ આ પિટિશન ડિસમીસ કરી છે. કહેવાનો આશય એ છે કે રાજયમાં જે રીતે નિમણૂકો થયેલ છે, જે નિમણૂકો કરવામાં આવી છે અને એના કારણે રાજયના વહીવટમાં, જુદા જુદા વહીવટમાં ખાલી જગ્યાઓ હોય તે પુરવાની શરૂઆત થઈ એના કારણે રાજયના નાગરિકોને એનો લાભ મળ્યો છે. કોઈપણ વિભાગ હોય, જે વિભાગમાં ખાસ કરીને શિક્ષણ માટે કહીશ કે આ વિભાગમાં નિમણૂકના કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો. શહેરી સ્કૂલોમાં આ નિમણૂકના કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો અને કદાચ દાખલો આપીશ કે વડોદરા શહેરમાં આ વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શિક્ષણ સમિતિએ કહેવું પડ્યું કે આ વર્ષે હવે તમને પ્રવેશ મળશે નહિ. આવતા વર્ષે પ્રવેશ આપીશું. તો આ એક રાજય સરકારની મોટી સિદ્ધિ છે, જેમાં કૉર્પોરેશનની સ્કૂલોમાં પ્રવેશની પ્રક્રિયા પૂરી કરવામાં આવી અને આવતા વર્ષમાં જે આ શિક્ષકોની નિમણૂક છે, એના કારણે ક્વોલિટીવાળું શિક્ષણ આ વિદ્યાર્થીઓને મળતું થશે. આ રાજ્યના નાગરિકોએ અનુભવ કર્યો છે. હું કહીશ કે આમ તો વર્ગ-૩ માટે જે પગાર ધોરણ છે એ ૧૦,૫૦૦ સુધીનું છે. વર્ગ-૪ માટે ૨૫૫૦ સુધીનું છે. આ ફિક્સ પગારના કારણે રાજ્યની તિજોરીમાં ૪૬૦ કરોડ જેટલો છેલ્લો ખર્ચ થયો છે, જે ૧૬૨૦ કરોડ થવાનો હતો. એના કારણે જે મંજૂર થયેલ સંખ્યા ૧,૩૦,૫૬૨ જેટલી એમાં અમે સફળ થયા છીએ. આ મંજૂર સંખ્યામાં યોગ્ય ક્વોલિફાઈડ યુવાનોને નોકરી આપી શક્યા છીએ. આપ જાણો છો કો જે અધિકારી રિટાયર્ડ થાય છે, પછી નિમણૂક આપવામાં આવે છે, એમાં પગારની અસમાનતા હતી. એ પ્રક્રિયા પણ રાજય સરકારે તાજેતરમાં બંધ રાખી છે. આ રીતે રાજય સરકાર ફિક્સ પગારના કારણે રાજયમાં સારી એવી, લાખોની સંખ્યામાં રોજગારી આપી

શક્યા છે અને આ પ્રક્રિયા શિક્ષણ વિભાગમાં આજે પણ ચાલુ છે અને આપ જાણો છો કે આ ફિક્સ પગાર એ પાંચ વર્ષ માટે જ છે અને ૫ વર્ષ પછી આ ફિક્સ પગાર કાયમી રહેતો નથી અને જે નૉર્મલ પ્રક્રિયા છે. નૉર્મલ ગ્રેડ છે એ પગાર ધોરણમાં આ યુવાનોને બીજી કોઈ પણ અરજી ફરીથી લેવામાં આવતી નથી અને નૉર્મલ કારણોસર એને છઠ્ઠા વર્ષથી જોબ ફિક્સ પગારના બદલે સામાન્ય પગારથી શરૂ થાય છે, જે આ માનનીય સભ્યશ્રી ફિક્સ પગારનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારી વર્ગ એ તંત્રના હાથપગ છે. ફિકસ પગાર આપણે જે આપવાની વાત કરીએ છીએ, તે બંધારણના આર્ટીકલ ૩૦૯ થી જુદા પ્રકારની એનાથી વિરુદ્ધ છે. એક જ સરખું કામ, એક જ સરખી ફરજ. પગારમાં ફરક કેટલો વર્ગ-૪ માં ૨૭૫૦ થી ૪૪૦૦. આપણે શું આપીએ છીએ? ૧૫૦૦ રૂપિયા, વર્ગ-૩ માં ૪૦૦૦ થી ૬૦૦૦ નું ધોરણ હોય. આપણે શું આપીએ છીએ? ૨૫૦૦ રૂપિયા. માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૩માં ઉપર જઈએ તો ૬૫૦૦ થી ૧૦,૫૦૦નો પગાર મળવો જોઈએ તેના બદલે આપણે માત્ર ૪૫૦૦ રૂપિયા આપીએ છીએ. જે કર્મચારીઓને ફીકસ પગારમાં રાખવામાં આવે છે તેઓને માત્ર પગારથી જ અન્યાય થાય છે એવું નથી . જે કર્મચારીઓ પગાર ધોરણ મેળવતા હોય તેમને રજાઓ નિયમ મુજબ મળે છે અને ફીકસ પગારવાળાને મહિનામાં એક દિવસની માત્ર રજા મળે છે. તબીબી સારવાર નિયત પગાર ધોરણમાં હોય તો તેને મળે છે પણ ફીકસ પગારવાળાને તબીબી સારવારમાં આપણે શૂન્ય આપીએ છીએ. આપણે અપેક્ષા રાખતા હોઈએ મજબૂત વહીવટી તંત્રની, આપણે અપેક્ષા રાખતા હોઈએ આતંકવાદ સામે લડવા માટેની અને આપણે જો તેમાં કોન્સ્ટેબલ કે પી.એસ.આઈ.ને મર્યાદિત પગાર ધોરણની રચનામાં મૂકી દઈશું અને પછી અપેક્ષા રાખીએ કે આ બધુ તંત્રએ બરાબર કરવું જોઈએ તો કયાંથી થશે? ભૂતકાળમાં સરકારો હતી. કયારેય આવું નહોતું આવ્યું કે પાંચ પાંચ વર્ષ સુધી આપણે એવું શોષણ કરીએ કે એમને મળવાપાત્ર પગારો પણ મળે નહીં. તંત્ર જાગૃત થશે તેની પીઠ થાબડશું અને તેને યોગ્ય આપીશું અને આપણે રોડ ઉપર ચાલી ન શકીએ, હવામાં ઉડી શકીએ તો તંત્રના કર્મચારીઓ માટે પણ આપણે કંઈક નવું આપવું પડશે. છઠ્ઠું પગારપંચ કેન્દ્રમાં અમલ થઈ જાય અને આપણે અહીયાં અમલ ન કરીએ તે પણ મને લાગે છે વ્યાજબી નથી. હું ભાઈશ્રી ખુમાનસિંહભાઈ સરસ પ્રસ્તાવ લાવ્યા છે. બે લાખ કર્મચારીઓ છે આ ગુજરાતમાં એના પ્રશ્નને વાચા આપવા માટેનો પ્રયત્ન કર્યો છે તે ખુમાનસિંહભાઈને અભિનંદન આપી તેના પ્રસ્તાવને સમર્થન આપી વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેની સાથે હું સંમત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આપનો પ્રસ્તાવ છે અને આપના ભાઈબંધ હોય તો બહાર સાથે ભોજન કરજો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસમાં આવુ બોલે બહાર શું થાય?

**અધ્યક્ષશ્રી** : મર્યાદિત મિનિટો બધા માટે છે. ખુમાનસિંહભાઈ આપને ડીસ્ટર્બ કરે તો ન થતા. તમારું વકતવ્ય ચાલું રાખો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ તબકકે હું આ સરકારને અભિનંદન આપવા માગું છું કે છેલ્લા પાંચ વર્ષથી શ્રમ રોજગાર વિભાગ દ્વારા આ સરકારને વધારેમાં વધારે રોજગારી આપવા માટે એવોર્ડ મળ્યા છે તેવા સંજોગોમાં માનનીય ખુમાનસિંહભાઈ આ પ્રસ્તાવ લઈને આવ્યા છે એટલે થોડો આંચકો લાગે. મારે જે વાત કરવી છે કે અહીંયાં પ્રસ્તાવમાં જે શિક્ષકો અંગેનો ઉલ્લેખ છે, પ્રોફેસરો અંગેનો ઉલ્લેખ છે. હું તો એમ કહું છું કે મારે કોઈના નામ લઈને કહેવું નથી પણ આપણે સરકાર પાસે પૂરા પગારની અપેક્ષા રાખતા હોઈએ ત્યારે આપણે જે સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓ ચલાવીએ છીએ, આત્મખોજ કરીએ કે આપણે કેટલાને પૂરો પગાર આપીએ છીએ. ચેરીટી બીગેઈન્સ એટ હોમ આપણે ત્યાંથી શરૂઆત કરો. એમ છતાં હું તો આ સરકારને અભિનંદન આપું છું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના શબ્દો પ્રમાણે બે લાખ જેટલી રોજગારી જેમની સાથે સંકળાઈ છે એવી કમસેકમ રોજગારી તો અમે આપી. સાહેબ અમે પંદર વીસ વર્ષ પહેલાં ગામડામાં જતા તો નિશાળના રૂમ નહીં હોય, રૂમ હોય તો શિક્ષક નહીં હોય, શિક્ષક હોય તો ભણવાવાળા વિદ્યાર્થી નહીં હોય. અમે તો એક નિશાળના રૂમો બનાવીને, ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડીને, વિદ્યા સહાયકોની નિમણૂકો કરીને અને કહયું ગુજરાતના ગામડાના લોકોને કે આવો અમે પ્રવેશોત્સવ શરૂ કરીએ છીએ. તમારા દીકરા દીકરીને ભણાવવા મોકલો. ગુજરાતના નહીં દેશના ઈતિહાસમાં કદાચ પહેલીવાર એવા પ્રસંગો થયા ગામડામાં કે માનનીય મંત્રીશ્રીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારીશ્રીઓ નિશાળના પ્રવેશોત્સવમાં ગામડાના ગરીબના ખોરડામા જઈને ગરીબ મા-બાપના દીકરાની આંગળી પકડીને, વિધવા માની દીકરીની આંગળી પકડીને ભણવા લાવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે,અગિયાર વાગે સભાગૃહ મળશે.

**વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦**

### અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### પ્રાચીન વિધાનસભાઓનું પ્રદર્શન નિહાળવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, વિધાનસભાના પોડિયમની અંદર ગુજરાતમાં પ્રાચીન વિધાનસભાઓ જે ચાલતી હતી તેનું એક પ્રદર્શન છે, વડોદરા રાજયની અંદર, રાજકોટની અંદર, જૂનાગઢની અંદર, પોરબંદરની અંદર લગભગ ૩૦૦ કરતાં વધારે દસ્તાવેજો, અલભ્ય તસવીરો, અને સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ અને દાદા સાહેબે કરેલાં કાર્યોનું એક પ્રદર્શન અહીયાં પરમદિવસથી ચાલુ છે, જે આજ સાંજ સુધી ખુલ્લું છે, આપણે ત્યાં ગુજરાતમાં સંસદીય ઈતિહાસનો અમૂલ્ય વારસો અભિલેખાકાર વિભાગના સહયોગથી અત્રે રજૂ થયેલો છે, એટલે આપ સૌને વિનંતી છે કે, આપ સમય કાઢીને અનુકૂળતા પ્રમાણે આજ મોડી સાંજ સુધી એનો લાભ લેશો.

# નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ (ક્રમશ:)

**શ્રી આત્મારામ મ. પરમાર (ક્રમશ:)**: માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કહેવી હતી કે, આ પરિસ્થિતિમાંથી આજે ગુજરાતને પહેલીવાર દરેક ગામોમાં જેટલા જોઈએ એટલા નિશાળના રૂમો બન્યા છે, જેટલા નિશાળના રૂમો એટલા વર્ગો છે, અને જેટલા વર્ગખંડ છે એટલા શિક્ષકો છે. આ એક સરકારની આ નીતિનું આ પરિણામ છે, અને આમાંય જયારે મારે એક વાત મારા મિત્રોને યાદ અપાવવી છે અને એ જરૂરી છે કારણ કે તમારું જોડાણ રાજકીય હતું, આમાં માનનીય અધ્યક્ષશ્રી, કેટલીકવાર જોડા હોય તો લાંબું ચાલે પણ કજોડા હોય એ તૂટી જાય

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, વિષય ઉપર જાઓ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય છે એ જોડા-કજોડામાંથી આવ્યો છે, સાહેબ આ કોંગ્રેસની કમનસીબી એ છે સત્તાના માળખાની બહાર રહેવાતું નથી., ગમે તે રીતે, આગલા બારણે પ્રજા નહીં ચૂંટે તો પણ પાછળના બારણાથી સત્તા ઉપર પહોંચવા....

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, વિષય ઉપર આવો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, વિષય મારો એમાં આવે જ છે, આ એટલા માટે નહીંતર, રાજકીય ટીકા-ટિપ્પણી કરવાનો મારો વિષય નથી પણ મારે મારા મિત્રોને યાદ દેવડાવવું છે કે રાજપાની સરકારના ટેકેદારો કોણ હતા? સરકાર કોના ટેકાથી બનેલી? સાહેબ, આ બાળગુરુની યોજના જો શરૂ થઈ હોયને તો એ શાસનમાં શરૂ થઈ હતી, એ મારે યાદ અપાવવું છે, અને તમે કરો એ •[•] (xxxx)

**અધ્યક્ષશ્રી**: આ શબ્દો હું કાઢી નાખું છું, માનનીય સભ્યશ્રી, ફરીથી કહું છું કે, આપ વિષય ઉપર બોલો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસ્તાવનું જે મૂળ છે, એ કયારથી શરૂ થયું છે? કોંગ્રેસના ટેકાવાળી રાજપા સરકારના શાસનમાં બાળગુરુની યોજના શરૂ થઈ, એ આખી વાત જ કયાંય આવે નહીં સાહેબ, અને આ સરકારની ટીકા કરવાની માનસિકતા, હું તો સાહેબ, ત્યાં સુધી કહું છું કે , આજે લાખો ગરીબ દીકરા દીકરીઓને આમાં રોજગારી મળી છે, અને હું તો ત્યાં સુધી કહીશ કે, અમે શિક્ષણની સુવિધા વધારી છે, હું સાહેબ, ગામડામાં એક કાર્યક્રમમાં હતો, એ પ્રવેશોત્વસના કાર્યક્રમમાંથી બહાર નીકળ્યો પછી મને એક દાદીમાએ રોકયો, એમણે કહયું, કે દીકરા ઉભા રહો, પછી એમ કહયું કે, બેટા આ પ્રવેશોત્સવનો કાર્યક્રમ જે અત્યારે શરૂ થયો, એ વર્ષો પહેલાં કોઈકે શરૂ કર્યો હોત તો કાંઈ વાંધો આવત? મેં કહયું, માતાજી, માજી, આ આવો કાર્યક્રમ શરૂ કરવા માટે માનનીય નરેન્દ્રભાઈ મોદી જેવા મુખ્ય મંત્રીશ્રી જોઈએ કે જેની પાસે વિઝન હોય, જેની પાસે દિશા હોય, સાહેબ, અમારે તો વંચિતોના વિકાસની વાત કરવી છે, અમારે તો ઉપેક્ષિતોનો વિકાસ કરવો છે, આ પ્રવેશોત્સવના કાર્યક્રમના માધ્યમથી, વિદ્યા સહાયકોના નિમણૂકના માધ્યમથી, જે ભણવા ગયા છે ને, એ મિલમાલિકોના દીકરાઓને અમે ભણવા માટે નિશાળમાં નથી લઈ ગયા, ઉદ્યોગપતિના દીકરાની આંગળી પકડીને નિશાળમાં અમે એને મૂકવા નથી ગયા, આઈએએસ, આઈપીએસ અધિકારીઓના દીકારા દીકરોઓને આંગળી પકડીને ભણાવા માટે અમે નથી લઈ ગયા, પણ શ્રમિકો છે, વંચિતો છે, છેવાડાના માણસો છે કે જે આખો દિવસ ગરીબ માબાપ અને વિધવા મા મજૂરી કરતી હોય, એમના દીકરા દીકરીઓને ભણાવવાનું કામ અમે કર્યુ છે. આ વિદ્યા સહાયકોની નિમણૂક અને એમાંથી ઉભી થયેલી સુવિધાઓને પરિણામે આજે ગુજરાતમાં શિક્ષણનું જે પ્રમાણ વધ્યું છે. એનો યશ કોઈને જતો હોય તો આ યોજનાઓને જાય છે અને એટલા માટે આપના પ્રસ્તાવની સાથે હું સહમત થતો નથી.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસની ચિંતા આ સભાગૃહમાં બેઠેલા સૌ કોઈને હોય એ સ્વાભાવિક છે. કોઈ પણ સરકાર હોય પણ બાળકોનું શિક્ષણ, નાગરિકોનું આરોગ્ય અને

---

[•] (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વહીવટી તંત્ર ઉપરની પકડ એ સરકાર માટે બહુ જ મહત્વના છે. આજે જે પરિસ્થિતિ ઉભી થઈ છે એમાં આપણે વિદ્યા સહાયકોને ૨૫૦૦ રૂપિયાના પગાર આપી અને એમની નિમણૂક કરવાની શરૂઆત કરી એ ૨૫૦૦ રૂપિયા મેળવનાર શિક્ષક બાળકોને કયા પ્રકારનું શિક્ષણ આજે પ્રાથમિક શાળાઓમાં આપી રહ્યો છે એનો પણ એક અભ્યાસ કરવાની જરૂરિયાત છે. અને એમ કહેવામાં આવ્યું કે, આ યોજના તો બહુ જૂની દાખલ કરવામાં આવેલ હતી. સાચી વાત છે. ૧૯૯૬માં ખરેખર આ યોજના દાખલ થઈ અને તે વખતે યોજના એવી હતી કે ૨૫૦૦ રૂપિયાનો પગાર આપવો અને ત્રણ વર્ષ પછી એમને કાયમ કરવા. આજે ૧૯૯૬ થી ૨૦૦૮ એટલે ૧૨ વર્ષ વીતી ગયા તેમ છતાં પણ એમાં કોઈ વધારો કરવાનો આ સરકારને વિચાર આવ્યો નથી. એના ઉપરાંત ત્રણ વર્ષના બદલે સમય મર્યાદા પાંચ વર્ષની કરવામાં આવી. પાંચ વર્ષ પછી એમને કાયમ કરવાની પધ્ધતિથી આપણે ચાલી રહ્યા છીએ. ૨૫૦૦ રૂપિયાનો પગાર એટલે રાષ્ટ્રિય રોજગાર યોજના નીચે ખેતરમાં કામ કરતા દાડીયાને પણ ૧૦૦ રૂપિયા આપણે આપીએ છીએ અને આ એનાથી પણ ઓછો પગાર આપી આ ગ્રેજયુએટ થયેલા યુવાનોનું શોષણ નહીં તો આપણે શું કરી રહ્યાં છીએ એનો વિચાર પણ આ સભાગૃહે કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદની સામે લડવા માટેની આપણે કટિબધ્ધતાની વાત કરીએ છીએ અને બે દિવસ પહેલા બહુ ઉગ્રતાપૂર્વક આપણે આ સભાગૃહમાં ચર્ચા કરી પણ આતંકવાદ ડામવો હોય તો આપણું જે તંત્ર છે અને પોલીસ દળ છે એ પોલીસ દળની અંદર એક આંતરિક તાકાત ઉભી કરવી પડશે. એમનું મોરલ લિફ્ટ કરવું પડશે. આપણે ૨૫૦૦ રૂપિયાના પગારથી કોન્સ્ટેબલ રાખી અને ૪૫૦૦ના પગારથી પી.એસ.આઈ. રાખી અને જો પોલીસ તંત્રનું મોરલ ઉંચું કરવા માગતા હોઈએ તો આ બે વાત સુસંગત થવાની નથી. આજે પોલીસ તંત્રમાં ૧૦ હજાર જગ્યાઓ કોન્સ્ટેબલની ખાલી છે, ૧૫૦૦ જગ્યાઓ ઉપરના અધિકારીઓની ખાલી છે અને તેમ છતાં આપણે આ આતંકવાદ સામે લડવાની વાત કરતા હોઈએ તો માત્ર સભાગૃહને મારી એટલી જ વિનંતી કે આ ફિક્સ પગારના નામે કર્મચારીઓનું જે શોષણ થાય છે એ અટકાવવાની દિશામાં આ સભાગૃહે વિચાર કરવો જોઈએ.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સૂરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે જે પ્રસ્તાવ મૂકયો છે એ સંબંધમાં હું મારા વિચારો રજૂ કરીશ. મને લાગે છે કે, એપ્સ્યુટલી પોલીટીકલ મોટિવેટેડ વિષય છે. જયાં આ પ્રસ્તાવ લાવવા પાછળનું કદાચ મતોનું રાજકારણ હોઈ શકે કે જેના કારણે આ ઉમેદવારોને એક વહાલા થવાની નીતિના ભાગરૂપે આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય એવું મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ઈચ્છે તો મતોના રાજકારણની નીતિ અપનાવીને નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપીને તૃષ્ટિકરણની નીતિ અપનાવી શકી હોત. પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત સરકારે ફકતને ફકત ફાઈનાન્સિયલ મેનેજમેન્ટના સિધ્ધાન્તોને ધ્યાનમાં રાખીને જ આ નીતિને સ્વીકારેલી છે. આ નીતિની ભલામણ અગ્ર સચિવ પી.કે.દાસના વડપણ હેઠળ કરવામાં આવેલ સમિતિએ ભલામણ કરેલ છે. એના સૂચન અનુસાર સરકારશ્રીએ એના નોનપ્લાન એકસ્પેન્ડીચરમાં ઘટાડો કરવો જોઈએ અને એ ભલામણને સ્વીકારીને સરકારે આ નીતિ અમલમાં મૂકી છે. સરકાર દ્વારા બજેટમાં કરવામાં આવતા પ્લાન અને નોન પ્લાન એકસ્પેન્ડીચરના જે એસ્ટીમેટો થાય છે એનો રેશિયો હોય છે.સરકારની પોતાની આર્થિક નીતિની પારાશીશી હોય છે અને એટલે જ જયારે ડો. પી.કે. દાસની કમિટિ તરફથી નોન પ્લાન હેઠળના એકસપેન્ડીચરના કાપની ભલામણ થઈ ત્યારે સરકારે રાજયની તમામ નોકરીઓમાં નવી સીધી ભરતી પ્રથમ પાંચ વર્ષ માટે ફિકસ પગારથી કરવાની ભલામણ થયેલી અને તેના દ્વારા સરકારે આ નોન પ્લાન એકસપેન્ડીચરને ઘટાડવા માટેનો પ્રયત્ન કર્યો છે. Policy of the Government of Gujarat to check and control non-plan expenditure has created miracle in the budgetary system of Government of Gujarat. ગુજરાતની અંદર વર્ષો સુધી deficit ચાલતી હતી છેલ્લાં બે વર્ષમાં સરપ્લસ બજેટની સિસ્ટમ આપણે લાવી શકયા છીએ. I should say the Government experienced deficit financial system, We have controlled our non-plan expenditure in such a way કે વર્ષના અંતે જયાં ખાધ હતી ત્યાં આપણે પુરાંતની પરિસ્થિતિ લાવી શકયા છીએ. આ નીતિના અમલના કારણે આ શકય બન્યું છે. જેટલીવાર આપણે સરપ્લસ બજેટ લાવીએ છીએ એટલીવાર આપણે આપણા પ્લાન એકસપેન્ડીચરની અંદર વધુને વધુ કોન્સન્ટ્રેશન કરીને ગુજરાત રાજયના વિકાસનો જે વૃધ્ધિદર મેળવવા માગતા હોઈએ છીએ એ વૃધ્ધિદર આપણે મેળવી શકતા હોઈએ છીએ. સામાન્ય રીતે સરકારની નીતિ રહી છે કે, આવશ્યક જે જે જગ્યાઓ છે ત્યાં આગળ નિવૃત્ત કર્મચારીઓને નોકરી આપીને આ જગ્યાઓ ભરતા હોઈએ છીએ. પરંતુ એના કારણે પગારનું જે ભારણ છે એની અંદર ઘટાડો થતો નથી અને નવા રોજગારવાંચ્છુઓ જે હોય છે એ લોકોને હતાશા લાગે, નિરાશા લાગે, આવી લાગણી થાય એવી પરિસ્થિતિ સર્જાય છે, આ સ્થિતિના નિવારણ માટે પાંચ વર્ષ માટે ફિકસ પગારના સહાયક તરીકેની નિમણૂંક માટેની ભરતી પધ્ધતિ ઉપયોગી નિવડે છે. એવી ડો. દાસની ભલામણ રહી છે. એટલે પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન સરકાર મોટા પ્રમાણમાં વેતનના ભારણમાંથી પોતાના બજેટરી સિસ્ટમને બહાર રાખી શકે છે અને મારે કહેવું છે કે, પાંચ વર્ષ પૂરાં થયાં પછી આ તમામ કર્મચારીઓને રેગ્યુલર પગાર ધોરણની અંદર નિમણૂક આપવા માટે સરકાર તૈયાર છે.

નવી ભરતીના નિયમમાં, નવી ભરતીમાં નિયમીત પગાર ધોરણની નીતિ અપનાવવામાં આવે તો સરકારના પગાર ખર્ચમાં ખૂબ મોટું ભારણ થાય છે, ૨૫૫૦ થી માંડીને ૧૦૫૦૦ સુધીના જે વિવિધ સંવર્ગ છે પગાર ધોરણના એમાં ૧૫૦૦ થી ૪૫૦૦ સુધીનો ફિકસ પગાર આપવા માટેની નાણાં ખાતાની ભલામણ છે, ઠરાવ છે. સરકાર દ્વારા આ યોજના હેઠળ વર્ગ-૩ અને વર્ગ-૪માં કુલ્લે ૧,૩૦,૫૬૨ જેટલી નોકરીઓ મંજૂર કરી આપવામાં આવી છે અને આ જ નોકરીઓને ફકત ફિકસ પગાર આપીને જો આ લોકોને નોકરીએ રાખવામાં આવે તો સરકારને વર્ષ દરમ્યાન કુલ અંદાજે ૪૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ થનાર છે, એની અગેઈન્સ્ટમાં જો નિયમીત પગાર ધોરણ સાથે આ ૧,૩૦,૫૬૨ જેટલાને નિયમીત પગાર ધોરણમાં નોકરીમાં રાખવામાં આવે તો ૧,૬૨૦ કરોડ રૂપિયા જેટલું ભારણ સરકારને આવતા વર્ષોમાં લાગુ પડે એટલે ૧૧૦૭ કરોડ રૂપિયા જેટલી વધારાની રકમ સરકારને ચૂકવવી પડે અને એ પાંચ વર્ષ પ્રમાણે ગણીએ તો ૫૮૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ સરકાર આ નીતિને કારણે બચાવી શકી છે આ ૫૮૦૦ કરોડ રૂપિયાની રકમ સરકાર એના પ્લાન એકસપેન્ડીચરની અંદર ખર્ચ કરવા માટે સમર્થ બની શકી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂમાનસિંહભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાત રાજયમાં લગભગ મોટાભાગના વિભાગમાં ૩૫ થી ૪૦ ટકાનો અત્યારે સ્ટાફ છે અને આ સ્ટાફ દ્વારા મેળા, ઉત્સવ, માહિતી અને મિટિંગની જ કામગીરી લેવાય છે અને રાજયના સામાન્ય લોકોની કામગીરી નથી થતી અને એમાં જે ફિકસ પગારના કર્મચારીઓની ભરતી થાય છે આ ભરતીમાં રાજયના જે આશાસ્પદ યુવાનો છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબના દીકરાઓ છે એમને ૧૫૦૦ રૂપિયા, ૨૫૦૦ રૂપિયા એવા પગારથી એમનું ઘર ચલાવવાનું રહે છે, માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારા મોંઘવારીના આંદોલનો થાય, પણ રાજય સરકાર આ રાજયના યુવાનોને એક વિધવા બહેનનો જે મોટો દીકરો હોય તે ૧૫૦૦ રૂપિયામાં નોકરી કરતો હોય. ૧૫૦૦ રૂપિયામાં તેનું કુટુંબ કઈ રીતે ચાલે અને આ યુવાનને કેવો અનુભવ સરકારનો થતો હશે. આપણે આ રાજયમાં દેશના મોટાભાગના રાજયની અંદર છઠ્ઠા પગારપંચની અમલવારીની જાહેરાત થઈ છે. આપણે આખા ભારત દેશમાં અને દુનિયામાં વાતો કરીએ છીએ કે અમારું રાજય નંબર વન છે પણ આ રાજયના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માટે સમિતિઓ રચાય અને સમિતિઓમાં મીટિંગો થાય અને તેમ કરીને સમય કાઢવામાં આવે અને તેમને તેમનો હક્ક આપવામાં આવતો નથી. આ રાજયમાં જે વન સહાયકની ભરતી કરવામાં આવે છે જુનાગઢના ગીરના જંગલની અંદર હું એક વખત ગયો હતો જુનાગઢની એક પ્રજાપતિની આપણી બહેન એક એક રૂમની અંદર સાત કર્મચારીઓ ગીરના જંગલમાં રહે તેમાં છ પુરૂષો અને આ એકલા બહેન. મેં તેમને પૂછ્યું કે બહેન તમારે આવી જરૂરિયાત કેમ ઉભી થઈ ? આ બહેને કહ્યું કે હું ઘરમાં એક જ કમાનાર છું અને મારા ભાઈઓ નાના છે અને મારા બાપુજી બીમાર છે. ચોવીસ કલાકની ડ્યૂટી અને ફક્ત ૨૫૦૦ રૂપિયા પગાર. આપણે પી.એસ.આઈ. અને પોલીસને, વિદ્યા સહાયક તેમને આતંકવાદ સામે લડવાની ( સમય સૂચક ઘંટડી )

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈ ચૌહાણ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી આ જે ફીકસ નોકરી કરવાના જે મુદ્દા ઉપસ્થિત થયા છે તેમાં કર્મચારીઓને જે અન્યાય થાય છે ફીકસ પગારમાં તેને પહોંચી નથી વળાતું એના જીવનમાં તેના કુટુંબના સભ્યોને ઘણું બધું નુકસાન રાજયમાં થઈ રહ્યું છે. પેલાની સરકારે જે નોકરીઓ આપી તેની તુલનામાં આ સરકારે..

**અધ્યક્ષશ્રી** : આપ પાછળથી બેસજો, મારી અને સભ્યશ્રીની વચ્ચે આવ્યા, એમનું પ્રવચન પૂરું થાય પછી આવીને બેસો.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ફીકસ પગારની વાત કરીએ ત્યારે મારે આ સન્માનીય ગૃહમાં એક વાત કહેવી છે કે હું એવા આદિવાસી વિસ્તારમાંથી આવું છું કે, મારા મત વિસ્તારના ત્રણ ચાર એરિયામાં ફરીને આવ્યો છું ત્યારે મને આ ગુજરાતના ઘણાં યુવાનો અને જેમણે ડિગ્રી મેળવી છે તેમણે વાત કરી કે અમરસિંહભાઈ તમે વિધાનસભામાં જાવ છો તો આ સરકાર અમને નોકરીએ રાખતી નથી તો તેની વાત કેમ કરતા નથી? એની રજૂઆત કેમ કરતા નથી? અને જેને નોકરી આપે છે તેને ૨૫૦૦ રૂપિયા પગાર મળે છે તેના કારણે ઘણા બધા પ્રશ્નો ઉભા થયા છે અને સરકારે અમને નોકરી સાથે જે કામગીરી સોંપી એ કામગીરી અમે કરી નથી શકતા અને અમારે બીજી કામગીરી કરવી પડે છે. મેં કહ્યું કે એવી તે કઈ કામગીરી તમારે કરવી પડે છે ? ત્યારે મને ઘણાં વિદ્યા સહાયકોએ એવી વાત કરી કે અમારે તો ૨૫૦૦માં છોકરાઓને ભણાવવાના, અઠવાડિયામાં પાંચ દિવસ મીટિંગોમાં જવાનું અને પછી છોકરાઓને અમે ભણાવી શકતા નથી, ઉપરાંતમાં મુખ્યમંત્રીના કાર્યક્રમો હોય તો એમાં અમારે ગામડાંના લોકોને ભારતીય જનતા પાર્ટીની મીટિંગોમાં આગેવાનોને લઈને જવું પડે એવી અમારી પરિસ્થિતિ ઉભી થઈ છે તો અમારે શું કરવું ? એટલે આ બધી વાત ગામડાંના લોકોએ કરી મારે માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં કહેવું છે કે આજે ગુજરાતની એક નંબરની જે સરકારની વાતો થાય છે, વહીવટની પણ એક નંબરની વાત કરીએ, આજે ગુજરાતનું મંત્રી મંડળ છે તેમનું મારે ધ્યાન દોરવું છે કે, જે

નંબરની વાત કરી તેમાં પટાવાળાની પણ જગ્યા આ સરકાર ભરી શકતી નથી એટલે મારે આ સરકારને આપના મારફતે આની જાણ કરવી છે. **શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમરસિંહભાઈએ હમણા કીધું કે અમારા આદિવાસી વિસ્તારના શિક્ષકભાઈઓ એમ કહે છે કે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં અમારે જવાનું હોય છે, તો આપના વિસ્તારમાં મુખ્યમંત્રી કયારે આવે છે અને વર્ષમાં કેટલા દિવસ શિક્ષકોએ જવાનું હોય છે? એટલે આ વાત શિક્ષકો કહે છે કે આપ કહો છો એ સવાલ છે. શિક્ષકોની વાત છે કે આપની વાત છે? (અંતરાય) (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય નટવરસિંહનો તો વારો જ આવવા દેતા નથી તમે કોઈ. માનનીય અધ્યક્ષશ્રી, નટવરસિંહનો તો એકેયવાર બોલવામાં વારો આવ્યો નથી. કે પછી દસાડાના દફતરમાંથી નામ કાઢી નાંખ્યું છે? મને તો કોઈ વાંધો નથી. આપણે હજુ તો ૩ વાગ્યા સુધી બેસવાના છીએ. કમસેકમ એમને વારો આપજો. હું ટીકા કરતો નથી, પણ બોલવાવાળામાં • (પરચૂરણ) હોય ત્યારે કાંઈ કોઈ, બાકી તો એકથી આઠ જણામાં નવનો વારો નથી આવતો.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યો માટે * (પરચૂરણ) શબ્દનો પ્રયોગ કર્યો છે.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: * (પરચૂરણ) હોય તો કાઢી નાંખો. હું બોલ્યો નથી. બાકી એ શબ્દો પાછા ખેંચી લઉં છું, એમાં કોઈ સવાલ નથી.

**અધ્યક્ષશ્રી** : શબ્દ પાછો ખેંચી લે છે.

**શ્રીવજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખુમાનસિંહ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એનું હાર્દ એટલું જ છે કે કર્મચારીને તમે ફીકસ પગારથી નોકરીમાં રાખો છો એના બદલે તમે એને પૂરા પગારથી રાખવા જોઈએ. એને પૂરો પગાર આપવો જોઈએ. આ એક વાત છે. મારે એમને યાદ કરાવવાનું કે રાજય સરકારની અંદર કામની જરૂરિયાત હતી અને ખાસ કરીને શિક્ષણ વિભાગમાં આજે ગ્રામ્ય વિસ્તારમાં એક શાળા હોય અને એ એક શાળામાં ૪ વર્ગો ચાલતા હોય, પણ શિક્ષક એક કે બે જ હોય. એ લોકો પાસે કલાસરૂમ નહોતા. એટલે આ રાજય સરકારે નકકી કર્યુ કે એકેએક ગામમાં કલાસરૂમ હોવા જોઈએ અને એક એક કલાસરૂમમાં એક એક શિક્ષક હોવા જોઈએ. આ ગુજરાત રાજયમાં શિક્ષણનું સ્તર સુધરે એટલા માટે આ રાજય સરકારે યોજના કરી કે કોઈપણ શિક્ષક કે જેને પાંચ પાંચ, સાત સાત વર્ષ સુધી નોકરી મળતી નહોતી એવા શિક્ષકને આપણે ભરતી કરવી અને આ ભરતીના અન્વયે રાજય સરકારે નકકી કર્યુ કે પ્રાથમિક શિક્ષકોને ૫ વર્ષ સુધી ૨૫૦૦ રૂપિયાના ફીકસ પગારથી નોકરી આપવી અને ૫ વર્ષ પૂરા થાય એટલે એના માટે થઈને એને પૂરેપૂરો પગાર આપવો. માનનીય સિદ્ધાર્થભાઈને કહેવાનું કે ૩ વર્ષ નહીં, ૫ વર્ષનું જ હતું. આ ૫ વર્ષ માટે માનનીય શકિતસિંહજીએ જે પ્રમાણે કહ્યું કે સરખું કામ કરે એને સરખું વેતન મળવું જોઈએ. કોન્સ્ટીટયૂશનલી પણ કોઈપણ માણસ પ્રોબેશન કે અજમાયશી પીરીયડ ઉપર હોય ત્યારે તેનો પગાર ઓછો હોય છે. એ દરેકમાં હોય છે. તેથી આ બાબતમાં પ્રાથમિક શિક્ષકોની બાબતમાં જે શિક્ષક ભાઈ-બહેનો હતા, એમણે હાઈકોર્ટમાં રીટ કરેલી. ત્યાંથી સુપ્રીમ કોર્ટમાં પણ ગયેલા. અને સુપ્રીમ કોર્ટે પણ નિર્ણય આપેલો કે રાજય સરકારનું આ જે પગલું છે, તે બરાબર છે. ત્યારપછી માધ્યમિક શિક્ષકો, બોર્ડના, એ પણ હાઈકોર્ટમાં ગયેલા, ત્યારે પણ હાઈકોર્ટે આ પ્રમાણે કહેલું. હજુ હમણાં જ તાજેતરમાં કોઈ સંસ્થા તરફથી અરજી થયેલી છે, એમાં પણ હાઈકોર્ટે સરકારને આ બાબતમાં વિચારણા કરવા માટેની વાત છે. સવાલ એ છે કે સમાજને જેની જરૂરિયાત હતી, શિક્ષણની જરૂરિયાત હતી. આપ કહો છો અને આપણે બધા માનીએ છીએ. કે બંધારણે બાળકોને હક્ક આપ્યો છે અધિકાર આપ્યો છે કે ૬ થી ૧૪ વર્ષના બાળકો હોય એમને પ્રાથમિક શિક્ષણ આપવું એ ફરજીયાત છે. આ રાજય સરકારની અને કેન્દ્ર સરકારની જવાબદારી છે. બાળકોના એ હક્ક અને અધિકાર બને છે. આ હક્ક અને અધિકારથી બાળકો વંચિત રહેતા હતા એ હક્ક અને અધિકાર તેમને મળે એટલા માટે આ શિક્ષકોની ભરતી કરી અને બાળકો પોતાનો અભ્યાસ કરી શકે એટલા માટે આ ભરતી કરી છે એમાં શોષણનો કોઈ સવાલ નથી, કોઈ વાત નથી. અમે આવા શિક્ષક ભાઈબહેનોની ભરતી કરી છે તેમની અત્યાર સુધીની સંખ્યા ૯૪૮૩૯ છે અને એમાંથી આજે ૫૫ હજાર જેટલા શિક્ષક ભાઈબહેનોને ઓલરેડી રેગ્યુલર પગારધોરણમાં તેમની નિમણૂક પણ કરી દીધી છે અને તેમને પૂરો પગાર મળે છે. એ જ રીતે માધ્યમિક શિક્ષકોમાં પણ ૧૮ હજાર જેટલા શિક્ષક ભાઈબહેનોની ભરતી કરી છે અને એમાંથી ૯ હજાર જેટલા શિક્ષકોને કાયમી કરીને તેમને પૂરા પગારે નોકરીમાં રાખવામાં આવેલ છે. આમાં કોઈ શોષણની વાત નથી. અમે સમજીએ છીએ કે જેની પાસેથી કામ લેવાનું હોય એને આપવું જોઈએ. ટીકાના સ્વરૂપમાં કહેવું નથી, પરંતુ અમે તો આ સંદર્ભમાં ભરતી કરી છે, ૫-૫ વર્ષ સુધી એમ્પ્લોયમેન્ટ કચેરીમાં રોજગારી માટે નંબર ના આવે અને એમને નોકરી ના મળે એના બદલે ફીકસ પગારથી એમને એક વખત ખાતરી થઈ ગઈ હોય કે હું ભલે અત્યારે ફીકસ પગારમાં છું, પરંતુ હું સરકારનો કાયમી નોકર છું અને પાંચ વર્ષ પછી મને કાયમી કરવાના છે. આજે રાજય સરકારની આર્થિક સ્થિતિ

---

• (      ) માનનીય મંત્રીશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા છે.

વિશે કહું તો કર્મચારી આ આર્થિક સ્થિતિમાં બોજારૂપ થવાનો નથી. ભૂતકાળમાં જયારે સ્વ. ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રીશ્રી તરીકે હતા ત્યારે ૨૨-૧૦-૯૨ ના ઠરાવથી એમણે ૧૦ ટકાનો કાપ મૂકયો હતો કે આપણી પાસે અત્યારે જેટલા કર્મચારીઓ છે એમાં ૧૦ ટકાનો કાપ મૂકવાનો છે અને એ કાપ મૂકયા પછી ફરીથી બીજા ૧૦ ટકાનો પણ કાપ મૂકીને કુલ કર્મચારીઆની સંખ્યામાં કુલ ૨૦ ટકાનો કાપ મૂકવામાં આવ્યો હતો. આજે કોઈ કાપની વાત નથી. જે કોઈ જગ્યાએ જગ્યાની જરૂરિયાત હોય તો એમાં ભરતી કરવા માટેની સરકારની વાત છે. જયાં જરૂર હશે ત્યાં ચોકકસ એ રીતે ભરતી કરીશું અને જયારે આદરણીય ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડે વાત કરી કે આજે એમને આ રીતે આપવું જોઈએ, આ આપવું જોઈએ તો આ માનનીય ધારાસભ્યશ્રી પહેલાં અહીં પણ મંત્રીમંડળમાં હતા. તો અહીં હોય ત્યારે ભાષા એમની જુદી હોય અને ત્યાં આગળ જાય એટલે ભાષા જુદી રાખે તો મારે તેમને કહેવું છે કે તમે ભાષા એક રાખો. તમારો ભાવ ભલે બદલાય, પરંતુ કમસે કમ ભાષા તો એકસરખી રાખો, (અંતરાય) આ બધું છે એ એક જ છે., એ કોઈ સવાલ નથી. (અંતરાય) માનનીય અર્જુનભાઈ, અમે તો આપને પણ ચેતવીએ છીએ કે એ અમારા ભેગા હતા ત્યારે એમની ભાષા જુદી હતી અને તમારી સાથે બેઠા છે ત્યારે ભાષા જુદી છે અને ભવિષ્યમાં શું ભાષા બોલશે એ પણ નકકી નહીં થઈ શકે. તો તમારે કેટલો ભરોસો રાખવો એ તમારે નકકી કરવાનું છે, તેજીને ટકોરો બસ છે. (અંતરાય) બાબુભાઈ, આપ રહેવા દો ને. હવે એક એક કરીને આ કયાં..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ કર્યો છે એટલે એક દાખલો આપવો છે કે (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : દાખલો કયાં આપો છો, અમે તો આખેઆખા આપી દીધા છે તમને.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમાં પ્રદિપસિંહ અને માયાબેનની ભાષા પણ બદલાઈ ગઈ છે.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈની ભાષા નથી બદલાણી, અત્યાર સુધી ગુપ્ત પડી હતી તેમાં નિખાર આવ્યો છે. પહેલેથી જ હતી તે બોલવા માંડયા છે. આમાં ભાષા કોઈની બદલાઈ નથી. અને અમારી મહેરબાની કરીને ચિંતા ન કરો, ૧૧૭ માંથી ૧૧૬ થવાના નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય વજુભાઈ, આ બાજુ તમારી વાણીને વધારે માણવાની ઈચ્છા હોય છે. તમારા જવાબ કરતા તમારા ચાબખા સાંભળવાની ઈચ્છા હોય છે.

**શ્રી વજુભાઈ વાળા** : સાહેબ હું તો કંઈ બોલતો જ નથી, પણ આ રીતે શિક્ષકો અંગેની જે વાત કરી એમાં રાજય સરકારે ૨૦૦૬માં જે ઠરાવ કર્યો કે વર્ગ-૪ અને વર્ગ-૩ ના જે કર્મચારીઓ છે તેના માટે પણ આ રીતે પગાર રાખવાનો છે, એટલી સ્પષ્ટ વાત છે કે પાંચમા પગાર પંચ અને ત્યાર પછી ૬ ઠું પગાર પંચ પણ આવ્યું અને છઠ્ઠા પગાર પંચને કારણે કર્મચારીઓના પગારો ચોક્કસ આગળ વધવાના છે. બને એટલું વહેલામાં વહેલી તકે. (અંતરાય) છઠ્ઠું પગાર પંચ માટે થઈ અને તેનો સ્ટડી કરવા માટે અમે કમિટીની નિમણૂક કરી છે કમીટીનો સ્ટડી થઈ જાય પછી (અંતરાય) સાંભળો, ભૂતકાળમાં પણ પાંચમું પગાર પંચ આવ્યું હતું અને કેન્દ્ર સરકારે જે તારીખથી અને જે રીતે આપ્યું હતું તે રીતે કરવા માટેની વાત હતી, અને તે જ રીતે આનો પણ હજુ અમારી પાસે રિપોર્ટ આવશે ત્યાર પછી વહેલામાં વહેલી તકે થાય તે રીતે કરવાનું છે. (અંતરાય) કહેવાનો ભાવાર્થ એ છે કે ચોકકસ મોંઘવારી વધી છે.

મોંઘવારી કોના કારણે વધી છે? અરે ભાઈ દિવાળી નહીં, જે દિવસે કર્મચારીને પૈસા આપીએ તે દિવસે દિવાળી શરૂ થાય, અને એને આપશું જ, એમાં કોઈ સવાલ નથી, માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરું છું કે આજે પાંચ વર્ષની એ કર્મચારીને એટલું એન્સ્યોરન્સ મળે તે માટે કોઈ સવાલ નથી, અત્યારે જે જે ભાઈઓ નોકરી કરે છે તેને કોઈ અજંપો નથી, અજંપો ફકત એટલો છે કે આટલા બધા જે પગારમાં, હું જો ફીકસ પગારમાંથી કાયમી થઈ જાઉ તો મને ઘણો પગાર મળે, તે ઘણાં પગારના આધારે મને અત્યારે ઓછો પગાર મળે છે, તો ઓછા પગારમાંથી તેને કેમ પગાર વધારો થાય, તેને આ ફિકસ પગારમાં ૧૫૦૦, ૨૫૦૦ અને માધ્યમિક શિક્ષકને ૪૦૦૦ રૂપિયા મળે છે અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને ૪૫૦૦ પગાર મળે છે તેની અંદર પણ આ તમામની અંદર રાજય સરકાર આમાં ચોકકસ ફેર વિચારણા કરવા માટેની વિચારણાની રીતે ચાલે છે. એટલે હું માનનીય ખુમાનસિંહજીને વિનંતી કરું છું કે આપનો જે અહીંયા પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમાં પ્રસ્તાવની અંદર આપનું હાર્દ એટલું જ છે કે એને રોજમદારને ફિકસ પગાર આપો છો તેને બદલે નિયમિત પગાર આપવો જોઈએ, ફિકસ પગાર વાળાનો સમય પૂરો થાય ત્યારે તેને નિયમિત પગાર તો મળે જ છે. અને આ બાબતની વાત સુપ્રિમ કોર્ટે પણ સ્વીકારેલી છે. એટલે કોઈનું અમે શોષણ કરતા નથી, કોઈને અન્યાય થતો નથી. બેકાર લોકોને બરાબર નોકરી મળે તેના માટે થઈ અને પૂરેપૂરું ધ્યાન રાખીએ છીએ, અને ફકત રાજય સરકારમાં બેકાર લોકોને નોકરી મળે એટલું જ નહીં પણ આખા હિન્દુસ્તાનમાં છેલ્લા પાંચ વર્ષમાં એમ્પ્લોયમેન્ટ એકસ્ચેન્જમાં જે નોકરી મળી છે એમ્પ્લોયમેન્ટ એકસ્ચેન્જના કારણે, તેમાં ગુજરાત રાજય છેલ્લા પાંચ વર્ષથી પહેલા નંબરે છે. ૨૦૦૬ માં ૧ લાખ ૭૬ હજાર લોકોને આખા હિન્દુસ્તાનમાં નોકરી મળી હતી તેમાંથી ગુજરાતમાં ૯૯૦૦૦ લોકોને નોકરી મળી હતી. અને ૨૦૦૬ પછી ૨૦૦૭ની અંદર ૧ લાખ અને ૯૧ હજાર લોકોને નોકરી મળેલ છે. અને આઈ.એન.બી. સેવન ચેનલ છે તેણે, હિન્દુસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, ડો. એ.પી.જે. અબ્દુલકલામશ્રીએ પણ એવોર્ડ ગુજરાત રાજયને

આપ્યો છે. ૧ લાખ ૯૧ હજાર લોકોને નોકરી આપવા માટે થઈને પ્રથમ નંબરનો એવોર્ડ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાત રાજયને આપ્યો છે. આટલી રોજગારી ગુજરાત રાજયમાં મળે છે. ફક્ત સરકારમાં મળે છે એટલી જ વાત નહીં, ગુજરાતમાં રોજગારી મળે, અમારું તો સુત્ર છે, " હર હાથ કો કામ દો, હર ખેત કો પાની દો " અમે દરેક ખેતર સુધી પાણી પહોંચાડીશું. દરેક હાથને અમે કામ આપીશું. તેનો કોઈ સવાલ નથી અને આ ચાર વર્ષમાં વધુમાં વધુ લોકોને કામગીરી મળે તેના માટે છે. આજે વાઈબ્રન્ટ ગુજરાતના કારણે ઉદ્યોગોના ૬,૬૬,૦૦૦ના એમ.ઓ.યુ. કર્યા હતા. હજી વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૦૯નું સેશન્સ આવશે તેમાં અનેક ઉદ્યોગો ગુજરાત રાજયમાં આવવાના છે. તેના કારણે અનેક લોકોને રોજગારી મળવાની છે. આજે સ્થિતિ એવી છે કે આજે જોઈએ તેટલા લોકો, સરકારમાં જોઈતા હોય એવા પ્રકારના મળતા નથી. આજે ટૅક્નીકલ લોકો નથી મળતા તો અમે વિચાર કરીએ છીએ કે ટૅક્નીકલ લોકોને પૂરા પગારથી રાજયમાં કેમ લાવી શકાય તેના માટે થઈને પણ કમિટીની રચના કરી છે. તેને પૂરો પગાર આપીને પણ કરવાની વાત છે. એટલે આમાં કોઈ શોષણનો સવાલ નથી. એટલે હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું કે આપ આપનો સંકલ્પ પાછો ખેંચી લો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગતો હતો કે ફીકસ પગાર વાળા વર્ગ-૩ અને વર્ગ-૪માં આજની તારીખે ગુજરાતમાં કેટલા કર્મચારીઓ છે?

**શ્રી વજુભાઈ વાળા** : ૧,૭૪,૮૦૦ જેટલા કર્મચારીઓ અત્યાર સુધીમાં નોંધ્યા હતા. તેમાંથી ૬૪,૦૦૦ શિક્ષકોને ઓલરેડી એ રીતે આપી દીધું છે. બાકીના ૧૨,૦૦૦ અને ૫૦,૦૦૦ એટલે અંદાજે ૬૨,૦૦૦ લોકો જે શરૂ થયા તેને પાંચ વર્ષ નથી થયા તેને ૨૦૦૬ના ઠરાવથી તેની નિમણૂક આપી છે. તેને પાંચ વર્ષ થશે ત્યારે એ કાયમી થશે. એટલે આ પ્રમાણે ૧,૧૨,૮૩૯ જે શિક્ષક ભાઈબહેનો હતા તેમાંના ૬૪,૦૦૦ લોકોને ઓલરેડી નોકરી આપી દીધી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**આરોગ્ય વિષયક સેવાઓના સુદૃઢ આયોજન અંગે**

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નિયમ-૧૦૧ અન્વયેનો નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું કે

" આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત રાજયની સમગ્ર પ્રજાને આરોગ્ય અને સુખાકારીની સેવાઓ સુલભ થાય તે માટે પેટા કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી શરૂ કરીને જનરલ હૉસ્પિટલો તથા તબીબી કૉલેજો દ્વારા સમગ્ર રાજયની પ્રજાની આરોગ્ય અને સુખાકારીની જાળવણી કરવામાં આવે છે. રાજયમાં પરિવાર કલ્યાણ યોજનાઓને ગતિશીલ કરી પરિવાર કલ્યાણના સ્વૈચ્છિક કાર્યક્રમને લોકભોગ્ય બનાવવા પગલાં લેવાઈ રહ્યાં છે. ચેપીરોગો, મેલેરીયા ઉન્મુલન, પોલીયો નાબૂદી, એઇડ્ઝ જેવા રોગો સામે જાગૃતિ વગેરે અંગે જુદા જુદા સપ્તાહની ઉજવણી, રેલી, બૅનરો દ્વારા પ્રચાર, સૅમિનાર વિગેરેનું આયોજન કરી સમગ્ર રીતે લોકોમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવાનો અભિગમ અપનાવાયો છે. ૧૦૮ની ઈ.એમ.ઈ.આર.ની સેવાઓ પૂરી પાડવા માટેનું રાજય સરકારે સુદ્રઢ આયોજન કરેલ છે. ૨૦૦૮-૨૦૦૯ના વર્ષને સરકાર નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવી રહી છે ત્યારે આમ આદમીને કેન્દ્ર સ્થાને રાખીને આરોગ્ય સેવાઓ છેવાડાના દરેક માનવી સુધી પહોંચે તેવું આયોજન કરી ગુજરાત રાજય મૅડિકલ ટુરીઝમ ક્ષેત્રે પ્રથમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કરે તેવું સુદૃઢ આયોજન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે. "

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની કલ્પના, તેમના સ્વપ્નો, ગુજરાતના છેવાડાના માણસો સુધી સુખ-સંપત્તિ પહોંચે, તમામ સુવિધાઓ પહોંચે એ પ્રકારના છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત એ નેમ સાથે કામ કરનારી આ સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ સમૃદ્ધ ગુજરાતના સ્વપ્નદૃષ્ટા,સ્વર્ણીમ ગુજરાતના શિલ્પી અને ગુજરાતની જનતાના હૃદય સમ્રાટ એવા મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કર્યું છે એ એટલું જબરજસ્ત આયોજન છેલ્લા સાત વર્ષમાં વીસ-વીસ કલાક કામ કરીને લોકોને, છેવાડાના લોકોને કેવી રીતે સુવિધા પ્રાપ્ત થાય, ગુજરાત કેવી રીતે સમૃદ્ધ બને? એ પ્રકારની કાર્યવાહી કરી છે.

**માનનીય સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આરોગ્ય અને પરિવાર કલ્યાણની વાત કરવી છે. આરોગ્ય અને પરિવારની સંપૂર્ણ વાત કરવી હોય તો સપ્તાહ બેસાડીએ તો પણ દિવસો ઓછા પડે. લોકોપયોગી જે યોજનાઓ છે એની હાઈલાઈટસ્ જ હું કહીશ. સૌથી અગત્યની યોજના છે એ ચિરંજીવ યોજના છે. એના દ્વારા ગામડાની ગરીબ બહેનો સુધી પૂરેપૂરી સારવાર મળે અને એ લોકોને સંપૂર્ણ સુવિધા મળે તે જાતની વ્યવસ્થા આ યોજનામાં કરવામાં આવી છે. ડૉક્ટરો મળતા નથી. તો એના માટે ચિરંજીવ યોજના બનાવવામાં આવી. ૮૫૧ ખાનગી ડૉક્ટરો આ યોજનામાં જોડાયા અને ૨,૨૩,૯૬૪ પ્રસૂતિઓ આ ખાનગી ડૉક્ટરો દ્વારા થઈ.

એના કારણે ૮૪૭ માતાના મૃત્યુ આપણે બચાવી શક્યા અને ૭૫૫૮ બાળ મૃત્યુ prenatal death આપણે બચાવી શક્યા. આટલું જબરજસ્ત કામ ચિરંજીવ યોજનાને લીધે થયું અને તેમાં પણ આ યોજના એટલી બધી પોપ્યુલર બની છે કે, દેશ-વિદેશના લોકો આ યોજનાનો અભ્યાસ કરવા માટે ગુજરાતમાં આવતા થયા. ઈવન વિશ્વની અંદર આ યોજનાની સરાહના થઈ અને Asian Innovation Award આ યોજનાને પ્રાપ્ત થયો. આવી આ યોજનાનો લાભ ગામડાની ગરીબ બહેનો સુધી પહોંચ્યો એની સાથોસાથ બેટી બચાવ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. દીકરીને જન્મવાનો અધિકારી આપવા માટેનો PNDT નો જે કાયદો છે એ ઘણા વખતથી હતો. પણ બેટી બચાવ અભિયાન શરૂ કરીને, સામાજિક ઉત્કર્ષ કરીને, સામાજિક જાગૃતિ લાવીને આ PNDT એકટનું કડક અમલીકરણ થાય તેવી વ્યવસ્થા ગોઠવીને State Supervisor બોર્ડની નિમણૂક કરવામાં આવી અને વારંવાર ફોલોઅપ કરીને આખો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો અને આજે આ યોજનાની અંદર, બેટી બચાવો આંદોલનની અંદર સમાજ લેવલે અનેક સંમેલનો કરવામાં આવ્યા, પોસ્ટરો લગાડવામાં આવ્યા, બૅનરો લગાડવામાં આવ્યા, શેરી નાટકો કરવામાં આવ્યા, સૅમીનારો કરવામાં આવ્યા, શાળાઓની અંદર વકૃત્વ સ્પર્ધાઓ યોજવામાં આવી અને એના લીધે સામાજિક જાગૃતિ ઊભી થઈ. બીજી બાજુ PNDT Act હેઠળ ૧૪૭ જેટલા સોનોગ્રાફી મશીનો સીલ કરવામાં આવ્યા અને ડૉક્ટરો ઉપર પગલાં લેવામાં આવ્યા. જે ડૉક્ટરો sex determination કરે છે એમના ઉપર કાયદાનો કડક અમલ કરવામાં આવ્યો અને તબીબો ઉપર પણ કેસ કરવામાં આવ્યા. અત્યારે આ સૅક્સ રેશિયો છે એ ૧૦૦૦ પર અમુક જિલ્લાઓની અંદર ૮૮૪ સુધી પહોંચ્યો છે. એક સમય એવો હતો કે આ રેશિયો બહુ નીચો થઈ ગયો હતો અને આ રેશિયો ૧૦૦૦ એ ૯૨૦ સુધી પહોંચાડવાની આ વર્ષની નેમ છે અને ત્યાર પછી ક્રમે ક્રમે સો ટકા સિદ્ધિ હાંસલ કરવાનું આયોજન આ બેટી બચાવો આંદોલનમાં કરવામાં આવ્યું છે. લોકો એમ વાત કરે છે કે, આ નરેન્દ્રભાઈ મોદી લોકોના હૃદય સમ્રાટ કેવી રીતે થઈ ગયા? આ માણસ વચન સિદ્ધ કેવી રીતે થઈ ગયા? એ જે બોલે છે એ કામ થઈ જાય, એ જે કહે છે એ કામ થઈ જાય, ગમે તેવા અઘરા કામો પણ થઈ જાય. આના માટે વિચાર કરતાં મને એમ લાગે છે કે, આજે માતાઓના આશીર્વાદ છે, ગરીબ માતાઓને ચિરંજીવ યોજના દ્વારા મૃત્યુમાંથી બચાવી છે એ માતાઓના આશીર્વાદ છે. જે દીકરીઓને જન્મવા દેવામાં નહોતી આવતી અને સ્ત્રી ભ્રૂણ હત્યા થતી હતી એવી અનેક દીકરીઓને જન્મવાનો અધિકાર આપ્યો. એ દીકરીઓના આશીર્વાદને લીધે આ વચન સિદ્ધિ મુખ્યમંત્રીશ્રીને પ્રાપ્ત થઈ છે. એમના ઉપર માતાઓના અને દીકરીઓના આશીર્વાદ છે. હું આપને કહું છું કે, આટલાથી સંતોષ ન લેતાં નીરોગી બાળ વર્ષની જાહેરાત કરવામાં આવી. આપણા જે બાળકો છે એનો પણ શારીરિક વિકાસ થાય, માનસિક વિકાસ થાય, સાંસ્કૃતિ વિકાસ થાય, સામાજિક વિકાસ થાય એ વસ્તુને ધ્યાને લઈ અને આ નિરોગી બાળવર્ષ ૨૦૦૮-૦૯ને આ નિરોગી બાળવર્ષ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું અને એની અંદર કુપોષણથી પીડાતા બાળકો અને માતાઓ આની અંદર માત્ર બાળકોની સારવાર નહીં કે સંબંધ નહીં પણ એની સાથે માતાની કૂખમાંથી કે પ્રેગનેન્ટ મધરને પણ પૂરેપૂરું પોષણ મળે એવું આયોજન કરવાામાં આવ્યું અને લોકોને સાથે રાખીને કામ કરવાની જે નેમ છે એમાં સુખડી વિતરણની વ્યવસ્થા કરવામાં આવી. સુખડી વિતરણનો જે કાર્યક્રમ છે એમાં મારે કહેવું છે કે ગામડે- ગામડેથી લોકો આ સુખડી વિતરણના કાર્યકમમાં જોડાયા છે અને જે માતાઓ પ્રેગનેન્ટ છે, જે લોકોને પૂરતું પોષણ નથી મળતું એવી માતાઓને આ સુખડી આપવામાં આવે છે. કે જેથી ગર્ભની અંદર પણ બાળકને સારું પોષણ મળે શકે અને સાથેસાથે ડેરીમાં જે લોકો દૂધ ભરે છે એ લોકોને પણ જગાડવામાં આવ્યા અને એ લોકોને જ્યારે આ વાત કરી ત્યારે એ લોકો દર અઠવાડિયે પોતાનું જે દૂધ ભરે છે એમાંથી દૂધ આપતા થયા અને આંગણવાડીના બાળકોને આવું દૂધ આપીને કુપોષણથી પીડાતા જે આંગણવાડીના બાળકો છે એ લોકોને પણ આ દૂધ દ્વારા સારું પોષણ મળે એવી વ્યવસ્થા કરવામાં આવી.

**સભાપતિશ્રી :** નીમાબેન, બે મિનિટમાં પૂરું કરો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : મારે તો હજી ઘણુંબધુ કહેવાનું છે. મને સમય આપવામાં આવ્યો છે. ૨૦ મિનિટનો ફાળવ્યો છે.

**સભાપતિશ્રી** : દંડકે ફાળવેલો છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, રમકડાં પણ ઉઘરાવી અને આંગણવાડીના બાળકોને આપવામાં આવ્યા અને આ યોજનામાં બાળગોકુલમ અને ચિલ્ડ્રન યુનિવર્સિટી સુધીનું આયોજન કરવામાં આવ્યું. ૧૦૮ એમ્બ્યુલન્સની મારે ખાસ વાત કરવી છે. ઇમરજન્સી મેનેજમેંન્ટ અને રીસ્પોન્સ સર્વિસ પ્રોજૅકટ હેઠળ ઇમરજન્સી સર્વિસ એકટનો અમલ કરવામાં આવ્યો અને ઇમરજન્સીની અંદર જે લોકોને અત્યારે તો આપ જોઈ શકો છો કે કોમી રમખાણો અને આતંકવાદને લીધે જે હુમલાઓ થાય છે એની અંદર જે માણસો ગંભીર રીતે ઈજા પામે છે, કુદરતી આપત્તિઓની અંદર અકસ્માતની અંદર એ સમયે આપ ૧૦૮ નંબર ડાયલ કરો એટલે પોલીસ સાથે આ એમ્બ્યુલન્સ ૧૪ મિનિટમાં પહોંચી જાય. મોટા ભાગે તો પાંચ મિનિટમાં પહોંચી જાય છે. આ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ૩૦૦ એમ્બ્યુલન્સો આજે રાજયમાં ફરતી કરાઈ છે અને આ વર્ષામાં ૪૦૦ એમ્બ્યુલન્સ ફરતી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને આ એમ્બ્યુલન્સ એ તબીબી સારવારથી સજજ હોય છે. વેન્ટીલેટર છે, ઓક્સિજન છે, પૂરી લાઈફ સેવીંગ ડ્રગ છે, પૂરતો સ્ટાફ છે અને હું તો અમારા સભ્યોને કહીશ કે એક રીંગ તો કરો ૧૦૮ ઉપર બીજી રીંગે તમને જવાબ મળે છે અને તાત્કાલિક એમ્બ્યુલન્સ આવે છે. આની અંદર ૩૦૦

જેટલી તો ડિલિવરી આ એમ્બ્યુલન્સમાં થઈ છે. માતાઓના જીવ બચ્યા છે, ખૂબ સારી સેવા છે. ગામડાઓની અંદર એક આશીર્વાદરૂપ થઈ છે. પહેલા ગામડાની અંદર જ્યારે ડિલિવરીનો કેસ હોય ત્યારે બેનના પરિવારવાળા સૂઈ ના શકે કે રાત્રે તકલીફ થશે તો કયાં જઈશું તો તાત્કાલિક એમ્બ્યુલન્સ આવવાથી આજે નિરાંતે ઊંઘ લેતા થયા છે. નહીં તો ટૅક્સી અને જીપના ૫૦૦-૫૦૦ રૂપિયા એડવાન્સ આપવા પડતા હતા. આવી ૧૦૮ની એમ્બ્યુલન્સની સેવા માટે ૧૨ કરોડ રૂપિયાની જોગવાઈ આ વખતે કરવામાં આવી છે. આ ઉપરાંત ટ્રોમા સૅન્ટર કરવાનું નક્કી કર્યુ છે. જે નેશનલ હાઈવે પરની હૉસ્પિટલો છે એની અંદર ટ્રોમા સૅન્ટર અને એના દ્વારા આપ જાણો છો તેમ અગાઉ અકસ્માતથી ખૂબ જ મૃત્યુ થતાં અને ગમે તેવો માણસ હોય અકસ્માતથી મૃત્યુ થતાં, પ્રિ-હોસ્પિટલ સારવાર એને મળી શકતી નથી અને સારવારના અભાવે એ માણસ મૃત્યુ પામતો હોય છે ત્યારે આ ટ્રોમા સેન્ટરોને લીધે એની ખૂબ સારી સારવાર થઈ શકશે. ટ્રોમા સૅન્ટરમાં તમામ હૉસ્પિટલોને દોઢ દોઢ કરોડના ખર્ચે અપગ્રેડ કરવાનું નકકી કરવામાં આવ્યું છે. અને એન.એ.ડી.એચ. હેઠળ એ દરેક હૉસ્પિટલોનું એક્રેડેશન સર્ટિફિકેટ મેળવવાનું નક્કી થયું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય બેનશ્રી નીમાબેનનો આભાર માનું છું કે સભ્યશ્રી સારો પ્રસ્તાવ લઈને આવ્યા છે. એમના પ્રસ્તાવમાં ઉલ્લેખ છે ૧૦૮ની એમ્બ્યુલન્સની સેવાઓ અંગે. સત્તાની એક ખુરશી પર બેઠેલો માણસ કયારેય અસત્ય ના બોલે એ સામાન્ય શિરસ્તો અને પરંપરા રહી છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રી એમ કહે કે કેન્દ્ર સરકારની ફૂટી કોડી પણ ૧૦૮ની સેવામાં નથી. મેં માહિતીના અધિકાર નીચે એક એપ્લીકેશન કરી.કે ૧૦૮ની સેવામાં કોના કેટલા પૈસા છે એ માહિતી અધિકાર નીચે કેન્દ્રની સરકારે નહીં, (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય વિપક્ષના નેતાશ્રીએ આક્ષેપ માનનીય મુખ્યમંત્રીશ્રીના નામે કરેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આજે ગૃહમાં હાજર નથી એટલે કાં તો એમણે એના પુરાવા રજૂ કર્યા બાદ આપની મંજૂરી લઈને આક્ષેપ કરવા જોઈએ. ગમે તે રીતે આક્ષેપ ન કરી શકાય. વિપક્ષના નેતા તો પાર્લામેન્ટરી પદ્ધતિના જાણકાર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું પુરાવા આપવા તૈયાર છું. મારા પુરાવા આપવા તૈયાર છું અને આ ગૃહના સભ્ય છે એમણે હાજર રહેવું જોઈએ. ખુલાસો કરવા તૈયાર રહેવું જોઈએ.

**સભાપતિશ્રી** : તમે સિનિયર છો. આરોગ્ય મંત્રી હાજર છે. મુખ્યમંત્રીશ્રીએ હાજર રહેવું જોઈએ એવો આગ્રહ ન રાખવો જોઈએ. તમે તો કાયદાના નિષ્ણાત છો. મારી દ્રષ્ટિએ આરોગ્ય મંત્રી હાજર હોય ત્યારે મુખ્યમંત્રીશ્રી હાજર રહે એવો આગ્રહ રાખવો જોઈએ નહીં. આમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને વચ્ચે લાવવા જોઈએ નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય આરોગ્ય મંત્રીશ્રી કહે છે તો નડીયાદની માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રવચનની સી.ડી. જોઈ જાય. એમની પાસે ન હોય તો હું આપીશ.

**સભાપતિશ્રી** : સી.ડી. મેં ક્યાં સાંભળી છે? આ ચર્ચા જ અસ્થાને છે. આપ મૂળ વાત પર આવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું મારી વાત પર આવું છું. મારી વાત એટલી જ છે કે મેં માહિતી અધિકારના કાયદા નીચે હકીકતો માગી હતી એ હકીકતો માગી ત્યારે માહિતી અધિકાર નીચે કેન્દ્ર સરકારે નહીં પણ અહીંની આ રાજ્ય સરકારે માહિતી અધિકારના કાયદા નીચે આપેલ હકીકતો એમ કહે છે કે ૧૦૮માં કેન્દ્ર સરકારના ૫૯.૬ કરોડ રૂપિયા છે. આપનું શું છે? આપની ફાળવણી માત્ર ૫ કરોડ રૂપિયાની છે. ૫૯ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારના છે. આ હું નથી કહેતો...(અંતરાય) આ પૈસા જે ફળવાયા છે એ એમની રાજ્ય સરકારે માહિતી અધિકારના કાયદા હેઠળ અપાયેલા આંકડા હું બોલું છું. આમાં મારા ઘરનું કશું નથી. ભારત સરકારે આપેલો માહિતી અધિકારનો કાયદો એવું પાવરફૂલ ટૂલ છે કે સત્ય પ્રકાશિત કરી શકાય. ગુજરાતને આરોગ્યમાં અન્યાય આવી વાતો થાય છે ત્યારે મને આંકડા આપવા દો. આપના પક્ષની આગેવાની નીચે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે ૨૦૦૨-૦૩માં રાજ્યનો વસતિ વધારો અટકાવવા ૮૯૩૨ લાખ રૂપિયા આપે આપ્યા હતા. આ આપના આંકડા છે. ૨૦૦૭-૦૮માં આ આંકડો ૧૨૯૦૨ લાખ રૂપિયા થયો. કેટલા વધ્યા એના આંકડાઓ પણ નોંધે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. અત્યારે જે વિષય છે એ મૅડિકલ ટૂરિઝમની વાત છે. કેન્દ્ર સરકારના ઉલ્લેખની વાત નથી.

**સભાપતિશ્રી** : આમાં આવી જાય. આપ બેસો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે પાંચ મિનિટ આપેલ છે એમાં એક મિનિટ બાકી છે અને હું આંકડા આપું છું. ટી.બી. કન્ટ્રોલ માટે માત્ર ૧૯૨ લાખ રૂપિયા વર્ષ ૨૦૦૨-૦૩માં આપતા હતા. યુ.પી.એ.ની સરકારે ૫૪૬.૧૩ લાખ રૂપિયા આપ્યા છે. આ આંકડાઓ માહિતી અધિકાર નીચે ગુજરાત સરકારે આપેલા આંકડાઓ છે. મારા આંકડાઓ નથી. (અંતરાય) મોંઘવારી વધે, ટેક્સ વધે એ સરખામણી આપ કરો છો. એન.ડી.એ. સરકારમાં અને આ સરકારમાં આ ટેક્સ આધારિત સહાય નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લી એટલી જ વાત કરીશ કે, આપણે ત્યાં કહેવાયું છે કે,

સજન રે જૂઠ મત બોલો,
સજન રે જૂઠ મત બોલો,
ભગવાન કે ઘર જાના હે,
વહાં ન હૅલિકૉપ્ટર હે,
વહાં ન હવાઈ જહાજ હૈ,
વહાં તો કંધો પે હી જાના હૈ

( અંતરાય) આટલી જ વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

**સભાપતિશ્રી** : પ્રફૂલભાઈ પટેલ. ભાઈ તમે શાંતિથી સાંભળો, વચ્ચે ડિસ્ટબન્સ ન જોઈએ.(અંતરાય) પ્લીઝ, ઈન બીટવીન ડિસ્કસ ના કરો, પ્લીઝ, ચાલો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સન્નમાનીય સભ્ય બહેન શ્રી નીમાબેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ વાતને સમર્થન કરવા માટે હું ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજય સરકારની પોતાના રાજયના નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ શ્રેષ્ઠ રીતે પૂરી પાડવાની એક જવાબદારી હોય છે અને આ જે સુવિધાઓ છે, ચાહે શિક્ષણના સ્વરૂપમાં હોય, ચાહે રસ્તાના સ્વરૂપમાં હોય, ચાહે પાણીના સ્વરૂપમાં હોય કે ચાહે આરોગ્યના સ્વરૂપમાં હોય, છેલ્લા પચાસ વર્ષોમાં જે કોઈ રાજય સરકારો આવી છે એ તમામ રાજય સરકારોએ પોતપોતાની ક્ષમતા અનુસાર, પોતાની દૃષ્ટિ અનુસાર અને પોતાની વૃત્તિ અનુસાર આ સુવિધાઓ પૂરી પાડવાનો નિશ્ચિતપણે પ્રયાસ કરેલો છે એમાં બેમત હોઈ શકે નહીં પણ આ રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા પાંચ-સાત વર્ષોમાં જે પ્રગતિ થઈ છે, જે વિકાસ થયો છે અને જે સુવિધા આપવાનો જે પ્રયત્ન થયો છે એ ખરેખર વંદનીય અને અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આ ગૃહના આદરણીય સન્માનનીય સિનિયર સભ્યશ્રી શકિતસિંહજીએ ૧૦૮ની સેવાઓના સંદર્ભમાં જે વાતો કરી, મારે એની ટીકા-ટિપ્પણીમાં નથી પડવું, કે એની નાણાકીય કે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ કેટલી કે રાજય સરકારની ગ્રાન્ટ શું અને ફાળવણી શું થઈ છે? મારે એક વાતની પીડા ચોક્કસ-ચોક્કસ થાય છે છેલ્લા ૬૦ વર્ષમાં આ દિશામાં કયાંય કોઈ વિચાર ન આવ્યો? અને જેને વિચાર આવ્યો એને અભિનંદન આપવાની જગ્યાએ એની ટીકા કરવાની વાત છે આ પ્રશંસનીય કામ કરવા બદલ આ રાજયના મુખ્ય મંત્રીશ્રીને ફરીથી લાખ લાખ અભિનંદન આપું છું અને વંદન પણ કરું છું. (અંતરાય)

**સભાપતિશ્રી** : શાંતિ જાળવો, પ્લીઝ.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કરવા માટે વહીવટી કુશળતાની સાથે સાથે સંવેદના પણ એટલી જ અનિવાર્ય હોય છે અને આ સંવેદના સભર આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ રાજયમાં માતાઓ, બહેનો અને બાળકો માટે ચિરંજીવી યોજના, બાળ ભોગ યોજના, સ્ત્રી ભ્રૂણ હત્યા, ઘણી બધી યોજનાઓનો અમલ કર્યો છે અને આ રાજય સરકારે માત્ર પોતાની રાજકીય જવાબદારી નહીં, રાજકીય જવાબદારીની સાથે સાથે એની સામાજિક જવાબદારીઓ પણ નિભાવવાની પ્રતિબધ્ધતા બતાવી છે. આ રાજયના સામાન્યમાં સામાન્ય નાગરિકને શ્રેષ્ઠ સુવિધા મળે, આરોગ્યની શ્રેષ્ઠ સુવિધા મળે, બીજી બધી બાબતોમાં આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને રાજય સરકારને જુદી જુદી સંસ્થાઓ મારફતે, એન.જી.ઓ. મારફતે અને કેન્દ્ર સરકાર મારફતે ઢગલાબંધ પુરસ્કારો મળેલા છે અને આપણા બધા માટે પણ અને આ રાજયની પ્રજા માટે પણ ગૌરવનો વિષય છે કે રાજયને પણ આવા પુરસ્કારોથી પુરસ્કૃત કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુવિધાઓ પૂરી પાડી એની સાથે સાથે આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ છેલ્લા પાંચ વર્ષને દરેક વર્ષને અલગ અલગ રીતે ઉજવણી કરવાનો નિર્ધાર કર્યો છે, ચાલુ વર્ષને નીરોગી બાળ વર્ષ તરીકે આ વર્ષને ઉજવણી કરવાનો નિર્ધાર કર્યો છે. આ નીરોગી બાળ વર્ષમાં એક આખી ભાવી પેઢીની ચિંતા કરી છે આ ન્યુ બેબી બોર્ન માટે એક માત્ર નવજાત બાળ શિશુની માટે ચિંતા નથી કરી, આવનાર પેઢીના સાસુની પણ ચિંતા કરી છે આ એક ગુરુચાવી બનવાની છે અને આ આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ સુખડી વિતરણનો કાર્યક્રમ, બહેન નીમાબહેને આનો સવિસ્તાર ચિતાર આપેલો છે, સુખડી વિતરણનો કાર્યક્રમ , ડેરીમાંથી નાના બાળકોને દૂધ મળી રહે એ દિશામાં ચિંતા કરી અને જે સરગવાના વૃક્ષમાંથી જે પોષણક્ષમ આહાર મળી રહેતો હોય છે પ્રસૂતા બહેનને એની પણ આટલી નાનકડી વાતની પણ આ રાજયના મુખ્ય મંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈએ ચિંતા કરી છે. વિશેષ આ રાજયમાં તબીબી ક્ષેત્રે લોકોને ખૂબ સારી સુવિધા પ્રાપ્ત થાય.. એ દિશામાં મેડિકલ ફેકલ્ટીમાં ખૂબ મોટી સંખ્યામાં સીટોનો વધારો કરવામાં આવ્યો છે. આ છેલ્લા એક વર્ષમાં ૭૦૦ સીટોનો વધારો કરવામાં આવ્યો છે અને પાંચ મેડિકલ કોલેજો આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરી છે અને જેના કારણે ગત વર્ષ દરમિયાન ૭૨૦ વિદ્યાર્થીઓને અન્ય રાજયોમાં ભણવા માટે જવું પડતું હતું એ મુશ્કેલીનો અંત આવ્યો છે. આ જે મેડિકલ કોલેજો શરૂ થઈ છે હું માનું છું છેલ્લા કેટલાય વર્ષોથી કચ્છ અને ઉત્તર ગુજરાતની જે મેડિકલ કોલેજની જે માગણી હતી, પચાસ-પચાસ વર્ષથી માગણી હતી કયારેય સંતોષાઈ નહોતી. આ વર્ષે આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ અને આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈએ આને મહોર મારીને મેડિકલ કોલેજ મંજૂર કરવામાં આવેલી છે. રાજયમાં શ્રેષ્ઠ મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ થાય, એમાં સ્પેશ્યલાઈઝેશન થાય એના માટે એશિયાની સર્વશ્રેષ્ઠ એવી સિવિલ હોસ્પિટલ સો કરોડના ખર્ચે એનું મોર્ડનાઈઝેશન થાય, એનું

ટેકનોલોજી અપગ્રેડેશન થાય આ તમામ પ્રકારના પ્રયત્નો કરવામાં આવે છે. આજે રાજયમાં કેન્સર હોસ્પિટલોમાં સૌથી શ્રેષ્ઠ સુવિધા પ્રાપ્ત થાય છે. કીડની ટ્રાન્સપ્લાન્ટના કેસમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટના કેસમાં, મોતિયાના કેસમાં આ તમામ પ્રકારની સારામાં સારી સુવિધાઓ આ રાજયમાં ઉપલબ્ધ થઈ છે. જેના કારણે રાજયના પોતાના નાગરિકોને તો સુવિધા મળી છે પણ વિશ્વમાં રહેતા એન.આર.આઈ. અને એનો લગભગ ૨૫ થી ૩૦ટકા હિસ્સો જે નોન રેશીડેન્ડીયલ ગુજરાતી કે જે આ રાજયમાં પોતાના વતનમાં આવતા હોય છે અને જેને સારામાં સારી મેડિકલ સુવિધા ઉપલબ્ધ થાય અને એના કારણે રાજયને પણ ખૂબ સારી એવી આવક પણ થવાની. ડીરેકટલી, નોન ડીરેકટલી એરલાઈન્સને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ ફાયદો નિશ્ચિતરૂપે થવાનો છે. એમ કહી શકાય કે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો બુદ્ધિજીવી લોકો હોય તો ગુજરાતમાં છે એ ગુજરાતના ડોકટરોએ પોતાની હોસ્પિટલો જ નહીં પણ સાથેસાથે હોસ્પિટલાટીનો પણ અનુભવ કરાવી અને લોકોની સંવેદનાનો વિચાર કરી સંવેદનાત્મક રીતે એને મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે અને હું માનું છું આવનાર દિવસોમાં આ દેશમાં શ્રેષ્ઠ મેડિકલ સર્વીસીસ પૂરી પાડવાની જો કોઈ રાજય પહેલ કરશે તો તે ગુજરાત કરશે અને આનો પ્રારંભ ગુજરાતથી થઈ ચૂકયો છે. બહેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. નીમાબેન આચાર્ય જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો રજૂ કરું છું. સૌ પ્રથમ તો મારા મનમાં એક શંકા જાય છે કે ડો. નીમાબેન આચાર્ય આ પ્રસ્તાવ લાવ્યા કેમ? નીમાબેન એવું કહે છે કે આ સભાગૃહ ગુજરાત સરકારને ભલામણ કરે છે કે સારો વહીવટ કરો એટલે એ સ્વીકારે છે તો ચોકકસ કે ગુજરાત સરકારનો આરોગ્યનો વહીવટ સારો નથી. એ સ્વીકારવા માટે તમારો ખૂબ ખૂબ આભાર માનું છું નીમાબહેન, એમણે સ્વીકારેલું છે માનનીય અધ્યક્ષશ્રી, મેં નથી કહયું. સારો વહીવટ કરવા માટેનું સુચન કરે છે. નીમાબહેન, તમે જે પ્રસ્તાવ લઈને આવ્યા છો એ સારો છે તમે જે પ્રાથમિક આરોગ્યની વાત કરી હોસ્પિટલની પણ વાત કરી, ગામડાંના ગરીબ માણસોની પણ ચિંતા કરી છે પણ હું સરકારને પૂછવા માગું છું કે આરોગ્ય હોસ્પિટલોની અંદર ડોકટર છે ખરા? દવાઓ છે ખરી? અને ગરીબ માણસ જયારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલની અંદર જાય છે ત્યારે એમને પૂરેપૂરી સારવાર મળે છે ખરી? ગરીબ માણસ શહેરની અંદર ખાનગી હોસ્પિટલમાં જાય તો એને કેસ કઢાવવા માટે ૨૦૦ રૂપિયા આપવા પડે. ગરીબ માણસ ૨૦૦ રૂપિયા કાઢે કયાંથી? એને કારણે ગામડાં લેવલે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઊભા કર્યા તો એક ડોકટર નથી, દવા નથી એને કારણે કેસ રીફર કરીને શહેરમાં ખાનગી હોસ્પિટલમાં મોકલી આપે છે. ત્યાં ગરીબ માણસો પૈસા નથી એને કારણે પોતાનું ઘરેણું ગીરો મૂકીને, ઉછીના પાછીના પૈસા લાવીને (અંતરાય)

**સભાપતિશ્રી:** જયંતિભાઈ, આ વાત વ્યાજબી નથી. કીપ સાયલન્સ. વિધાનસભાનું ગૌરવ જાળવો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક આરોગ્યની અથવા તો આરોગ્ય અને પરિવાર કલ્યાણની જે વાત કરી છે.એમાં બીજુ અગત્યનું છે. ગ્રામ્ય લેવલે પરિસ્થિતિ બહું જ ખરાબ છે. સામાન્ય માણસ પ્રાઈવેટ હૉસ્પિટલમાં પોતાનાં ઘરેણા ગીરવે મૂકીને પૈસા લઈને પોતાની કે સગાવ્હાલાની કે પોતાના પત્નીની કે પોતાના પતિની સારવાર કરાવે છે. ગ્રામ્ય લેવલે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હૉસ્પિટલ સારી ચાલે તો ગામડાના ગરીબ માણસને શહેરની અંદર આવીને કેસ કાઢવાના ૨૦૦ રૂપિયા આપીને દાખલ ન થાય. હું માનું છું કે આ સરકાર આરોગ્ય પરિવારની બાબતમાં બહુ સારામાં સારી ચિંતા કરીને ડૉક્ટરો વધારે મૂકાવે સારાં કેન્દ્ર ચલાવે તેવી વિનંતી કરું છું. ડો. નીમાબહેન બોલતા હતા કે ગુજરાત સરકારે ઘણી એવી યોજનાઓ બનાવી છેઃ ચિરંજીવી યોજના, ૧૦૮ ની યોજના એમ ઘણી યોજનાઓ બનાવી છે. કેન્દ્ર સરકારની યોજનાનું ખાલી જુદું નામ આપી આપીને ચલાવે છે. ૧૦૮ ની યોજના કોની? એની અંદર માત્ર ઉદ્દઘાટનો કરીને પોતાની *(રાજકીય ખિચડી પકાવવા) સિવાય બીજુ કશું આમની પાસે નથી. અમારા નેતાશ્રીએ વાત કરી એ સ્પષ્ટ વાત કરી છતાં તાલુકા લેવલે ૧૦૮નું ઉદ્દઘાટન કરીને *(રાજકીય ખિચડી પકાવવા) રાજકીય સ્થાનિક ધારાસભ્યને પણ નહિ બોલાવવાના અને ફક્ત (રાજકીય ખિચડી પકાવવા) માટેનો ધંધો આ મિત્ર કરતા હોય છે. જુદી જુદી વાતો કરી છે ત્યારે..

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. (રાજકીય ખિચડી પકવવા)* એ શબ્દો પાછા ખેંચી લે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો હું પાછા ખેંચી લઉ છું. જુદી જુદી યોજનાની વાતો કરી. બેટી બચાવની વાત કરો. બેટી બચાવ યોજના એ સારી વાત છે. સંખ્યાના પ્રમાણમાં દિવસે દિવસે એની સંખ્યામાં ઘટાડો થાય છે. પાટણનો પ્રસંગ બન્યો. હજુ ભૂંસાયો નથી. દરરોજ પેપરમાં આપણે જોઈએ. આપણે જોઈએ કે એક પણ દિવસ પેપરનું પાનું ખાલી નહિ હોય કે જેમાં બહેનો ઉપર બળાત્કાર થતો હોય છે, પછી એમનું ખૂન થતું હોય છે. આપઘાત થતો હોય છે, એટલે હું કહીશ કે આરોગ્યની દ્રષ્ટિએ જુદી જુદી યોજનાઓ બનાવો એની સાથે સાથે આવા કાર્યક્રમો ઉપર કોઈ રીતે બંધન આવે તેવું આરોગ્ય મંત્રીશ્રી, રાજય

* (       ) માનનીય સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા છે.

સરકારે કરવું જોઈએ. એવું નથી થતું. ખાલી વાતો કરીને, પ્રચાર કરીને પોતાનો કેવી રીતે વધારેમાં વધારે પ્રચાર થાય, એના માટે કામ કરતાં હોય છે. મેં કહ્યું તે પ્રમાણે નીમાબેન આચાર્ય જે પ્રસ્તાવ લઈને આવ્યા છે. નીમાબહેનને વિનંતી કરું કે તમે સરકારમાં બેઠા છો, ત્યારે આમ તો અમારી જોડે હતા, પણ સામે આવી ગયા. સામે ગયા છો તો સારો વહીવટ થાય એની ચિંતા કરશો. આપ ડૉક્ટર છો. ગામડામાંથી આવો છો. ગામડાની શું પરિસ્થિતિ છે એ આપને ખબર છે. એનો ખ્યાલ રાખીને આરોગ્યમંત્રીશ્રી અને સરકારને સૂચન કરો તેવું સૂચન છે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્ય જે ૧૦૧ નો પ્રસ્તાવ લઈને વિધાનસભાગૃહ સમક્ષ આવ્યા છે, એમાં મારા વિચચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રસ્તાવ લઈને માનનીય નીમાબેન આવ્યા છે. એ આરોગ્ય અને પરિવાર કલ્યાણ એને લગતો છે. આરોગ્ય એ કોઈપણ વ્યકિત માટે એના જીવનમાં સૌથી કેન્દ્ર સ્થાને રહેલી વસ્તુ છે. ગરીબમાં ગરીબથી માંડીને અમીરમાં અમીર દુનિયાની કોઈપણ વ્યકિત પોતાના આરોગ્ય માટે સૌથી વિશેષ ચિંતિત હોય છે. આ સરકારની એવી નેમ છે કે અમીર માણસ તો આરોગ્યની સેવાઓ મેળવી લેતો હોય છે. ગમે તેવો ખર્ચ કરી શકતો હોય છે, પણ ગરીબ માણસ એને આરોગ્યની સેવા સહેલાઈથી મળી રહે એ હેતુથી આ સરકારે આરોગ્ય, વિભાગે આરોગ્યના ક્ષેત્રે કામ કર્યુ છે. આનો એક જ શ્રેષ્ઠ નમૂનો આપણે ચિરંજીવી યોજનામાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં આવ્યું કે બીજા રાજ્ય કરતા આપણું આરોગ્ય ક્ષેત્ર થોડુંક પાછળ છે, ત્યારે એવું થયું કે કેમ આમ છે? એની અંદર ધ્યાનમાં આવ્યું કે માતામૃત્યુ દર અને બાળમૃત્યુ દર બીજા રાજ્ય કરતાં પ્રમાણમાં ઘણો ઊંચો છે.ત્યારે તે બાબતનું સતત મંથન કરીને ચિરંજીવી યોજનાનો જન્મ થયો. ચિરંજીવી યોજના દ્વારા સરકારી હોસ્પિટલો તો સેવાઓ આપે છે પણ ઘણી સરકારી હોસ્પિટલોમાં આ વિષયના તજજ્ઞો નથી હોતા. સ્ત્રી રોગ નિષ્ણાત. અથવા તો છેવાડાના તાલુકો અને ગામોમાં પ્રાઈવેટ તજજ્ઞો હોય છે પણ સરકારી ગાયનેકોલોજીસ્ટ હોતા નથી એટલે તેવા લોકો માટે આ ચિરંજીવી યોજના બનાવવામાં આવી અને તેમાં પ્રાઈવેટ ગાયનેકોલજીસ્ટને આમાં સામેલ કરવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, કેટલી ઉદારતાપૂર્વક આ યોજના કરવામાં આવી. એક પ્રસૂતિદીઠ ગાયનેકોલોજીસ્ટને ૧૭૯૫ રૂપિયા મળે અને સાથે સાથે જે પ્રસૂતા દવાખાને આવે તેને પણ તેના ટીકીટ ભાડાના ૨૦૦ રૂપિયા અને સાથે આવનારને ૫૦ રૂપિયા, આ ઉદાર યોજનાને કારણે ગરીબ બહેનો, ગરીબ પરિવારો જે દવાખાને જવાનું ટાળતા હતા. આરોગ્ય માટે દરેકે દરેક વ્યકિત જાગૃત્ત હોય છે પણ જયારે તકલીફ આવે ત્યારે તે જાય છે. ગરીબાઈના કારણે આવું થાય છે. અગાઉથી સોનોગ્રાફી કરાવવી, અગાઉથી લોહીના ટકા કરાવવા જેથી કરીને એનિમીયા હોય તો ખબર પડે અને એટલા માટે ટાળે છે કે તેમાં ખર્ચા થાય છે. પછી જયારે સુવાવડનો સમય થાય ત્યારે દોડાદોડી કરે છે ત્યારે મોડું થઈ ગયું હોય છે. આ યોજના બનાવવાને કારણે પોતાના શ્રેષ્ઠ ગાયનેકોલોજીસ્ટને પસંદ કરી શકે છે, તેની પાસે અગાઉ જઈ શકે છે, નામ નોંધાવી શકે છે અને સારવાર લઈ શકે છે. આ યોજનાના કારણે બાળમૃત્યુ દર અને માતા મૃત્યુ દરની અંદર ધરખમ ઘટાડો થયો છે અને તેના કારણે ગુજરાતની પ્રજા ખરેખર આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રીને આશીર્વાદ આપે તેમાં કઈ ખોટું નથી આ સ્વાભાવિક છે. બીજી આવી એક યોજના અંધત્વ નિવારણની વાત છે. આની અંદર ગુજરાત મોખરાનું સ્થાન સાત સાત વર્ષથી ધરાવે છે. જે ટકાવારી આખા રાષ્ટ્ર માટે નકકી કરવામાં આવી છે તેની સામે આપણા ગુજરાત રાજયે તેના કરતાં વધારે સિદ્ધી મેળવી છે. એક લાખની વસ્તીએ ૧૨૧૩નું જે સમગ્ર દેશની અંદર ઓપરેશનથી આપણું રાજય મોખરે છે. બહુ આનંદની વાત એ છે કે ૯૯ ટકા જેટલા મોતીયાના ઓપરેશનો નેત્રમણી મૂકીને કરવામાં આવે છે. સરકારી હોસ્પિટલોમાં પણ તદ્દન ફ્રી. આ પણ એક ગરીબ લોકો માટે આશીર્વાદરૂપ કાર્ય આંખના વિભાગમાં આ સરકાર દ્વારા થઈ રહયું છે. આ વર્ષ આપણે નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવી રહયા છીએ. નિરોગી બાળ વર્ષ, નિરોગી બાળક એક નિમિત છે, એક વચ્ચેનું ટાર્ગેટ છે આપણું પણ જે ઘ રનું બાળક નિરોગી હોય તો આખું ઘર પણ નિરોગી હોય તે સ્વાભાવિક છે. જયાં બાળકનું ધ્યાન રાખવામાં આવતું હોય, બાળકના આરોગ્યનું ધ્યાન રાખવામાં આવતું હોય તેની સ્વચ્છતા વિશે કાળજી લેવામાં આવતી હોય ત્યારે સ્વાભાવિક છે બધા લોકો પોતાની કાળજી રાખતા હોય. તો નિરોગી બાળક તે આવતીકાલનો એક નિરોગી નાગરિક બને, નિરોગી આગેવાન બને, આવતીકાલનો નિરોગી રાજપુરુષ બને, માનસિક અને શાીરીરિક રીતે સ્વસ્થ તેવો નાગરિક તે આપણી દેશની અણમોલ સંપત્તિ આપણે ગણીએ છીએ તો આ નિરોગી બાળ વર્ષ દરમ્યાન અગાઉના કાર્યક્રમો, અગાઉ સ્વચ્છ ગુજરાતનું અભિયાન ઉપાડયું હતું. તો સ્વચ્છતા આની અંદર આવી જાય છે. કારણકે નિરોગી બાળક સ્વચ્છતા વગર શકય નથી. તો આ વર્ષ દરમ્યાન સાથે સાથે બીજા નિરોગી બાળક માટેના કાર્યક્રમ, પ્રસુતાઓને સુખડી વિતરણ અને તેમની વિશેષ કાળજી અને અન્ય અનેક લોકોને આમાં જોડવાના જે કાર્યક્રમો થઈ રહયા છે તે ખરેખર વરદાનરૂપ કાર્યક્રમો છે. મારે છેલ્લે કહેવું છે તે ગુજરાત મેડીકલ ટુરિઝમ માટે. આ વિષય આજકાલ ખૂબ જ ચર્ચાનો વિષય એટલા માટે બન્યો છે કે ખૂબ જ શિક્ષિત અને શ્રીમંત લોકો બીજા દેશમાં જાય છે., વસતા હોય છે, કાર્ય કરતા હોય છે, બિઝનેશ કરતા હોય છે. તેવા લોકો ગુજરાત તરફ આકર્ષાય છે અને તેના માટેની સવલતો અત્યારે ગુજરાતમાં ખૂબ સારી ઉભી થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર એક જ વાત છે કે, એક સો હજાર કરોડ જેટલી આવક આ તબીબ ક્ષેત્રે ગુજરાતની છે એની ૨૫ થી ૩૦ ટકા જેટલો હિસ્સો આ મૅડિકલ ટુરીઝમમાં એટલે કે બહારથી આવતા લોકો જે અહીંયા ઑપરેશન કરાવે એનો છે અને એનું કારણ કે ઊંચી કક્ષાની સારી સેવાઓ એ પછી દંત વિદ્યા હોય, દાંત ચિકિત્સા હોય, પછી એ પ્લાસ્ટિક સર્જરી હોય, કાર્ડીયોલોજી હોય, રીનલ ટ્રાન્સપ્લાન્ટ હોય અથવા તો આંખને લગતી સારવાર હોય, અથવા તો આઈવીએફ જેવી એક સર્વશ્રેષ્ઠ સ્પેશિયલ સેવા હોય તો આ બધાની અંદર બીજા દેશમાંથી ઘણા બધા લોકો યુરોપ અને અમેરિકાના દેશોમાંથી ગુજરાતમાં સેવા લેવા માટે આવે છે અને એટલું જ નહીં, ગુજરાતના ગુજરાતી લોકો તો આવે જ છે, બિન નિવાસી ભારતીય લોકો પણ અન્ય રાજયોના હોવા છતાં પણ પોતે ગુજરાતની અંદર સેવા લેવા માટે આવે છે. આપણા ત્યાં સિવિલ હૉસ્પિટલો, સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, કૉમ્યૂનિટિ હેલ્થ સેન્ટરો, આ બધાની અંદર જે ઉત્તમ સેવા અપાઈ રહી છે, અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીની જે જાગૃત્તિ છે, કે આ સેવાને હજીપણ આગળ લઈ જવી, આ જેટલું છે એનાથી સંતોષ નથી, હજી પણ ઘણા બધા તબીબોની આપણે ત્યાં જરૂર છે, હજીપણ ઘણા નર્સિંગની આપણે ત્યાં જરૂર છે, હજી આપણે ત્યાં નવી નવી મૅડિકલ કૉલેજોની જરૂર છે, આપણી જે સેવાઓ છે એની અંદર હજી પણ ઘણી બધી ગુણવત્તા વધારવાની જરૂર છે અને એ દિશામાં ખૂબ જ કોશિશ સરકારશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી કરી રહ્યા છે, અને એનો એક જ પુરાવો હું આપીશ કે, એનએબીએચ અને એનએબીએલ National accreditation એ મેળવવા માટે આ સરકાર સતત જ આપણી બધી જ સંસ્થાઓને અને લૅબૉરેટરીઓને આ સર્ટિફિકેટ મળે એ દિશામાં આપણે સજજતા મેળવી રહ્યા છીએ, અને બરોડાની આપણી લૅબૉરેટરીને આ સર્ટિફિકેટ પ્રાપ્ત થઈ ચૂકયું છે, આખાય ભારતમાં પ્રથમ વખત એનએબીએલનું આ સર્ટિફિકેટ વડોદરાની લૅબૉરેટરીને પ્રાપ્ત થયું છે એટલે હું અભિનંદન આપું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે એ માટે માનનીય નીમાબેન આચાર્ય સરકારને અનુરોધ કરતો જે પ્રસ્તાવ મૂક્યો છે, એ પ્રસ્તાવને હું આવકારું છું. માનનીય નીમાબેનને લાગ્યું કે, આપણા આરોગ્ય મંત્રીશ્રી એ છેલ્લા વર્ષથી આરોગ્યની સુવિધાઓ સુધારવા માટે જે પ્રયત્નો આદર્યા છે, એ પ્રયત્નો અપૂરતા છે, અધૂરા છે, એને પ્રોત્સાહન આપવા માટે ગૃહે આ પ્રસ્તાવ રજૂ કરવાની જરૂર છે એ બદલ માનનીય નીમાબેનને અને તેમના આ પ્રસ્તાવને હું આવકારું છું.

અત્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની દ્રષ્ટિએ જે પેટા કેન્દ્રો આવેલાં છે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે, સરકારી દવાખાનાઓ છે, એ બધા જ ક્ષેત્રોથી સામાન્ય પ્રજાને વિશ્વાસ ઊઠી ગયો છે એને એમ લાગે કે આ સરકારી દવાખાનામાં જઈશું તો આપણો રોગ મટે એમ નથી, માટે ઊંચી ફી ખર્ચીને પણ એ પ્રાઇવેટ દવાખાનામાં જવા માટેની કોશિશ કરે છે. સરકારી દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાલી છે ત્યાં કોઈ દર્દી દેખાતા નથી અને સામાન્યમાં સામાન્ય પ્રાઇવેટ ડૉકટરો હોય એમને ત્યાં લાઈનો લાગે છે, એટલે પહેલું કામ સરકારે આ પ્રજામાં વિશ્વાસ ઊભો કરવાનું કામ કરવાનું છે કે સરકારી દવાખાનાઓમાં પણ સારવાર સારી આપવામાં આવશે. બીજી એક વાત કે જે આપણે ત્યાં સરકારશ્રીના પ્રયત્નો છતાં પૂરા ડૉકટરો મળતા નથી, ડૉકટરોની કાયમ માટે અછત છે તો એ અછત પૂરી કરવા માટે સરકાર ગંભીર રીતે વિચારી અને આપણે ત્યાં નવી મૅડિકલ કૉલેજો ઊભી થાય, નર્સિંગ કૉલેજો ઊભી થાય અને આવતા પાંચ વર્ષમાં ડૉકટરોની ઘટ છે એના બદલે સરપ્લસ ડોટકરો તૈયાર થાય તો આપણી આ સેવા પૂરી કરી શકીશું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો.નીમાબેન આચાર્ય જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ અંગેનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે પેટા કેન્દ્રો પી.એચ.સી. સેન્ટરો, સામૂહિક આરોગ્ય, દવાખાના વગેરે ગામડાના છેવાડાના માનવીને સારી સારવાર મળે અને એની તરત સારવાર થાય એના માટેનો આ પ્રસ્તાવનો હેતુ છે. આજે હું એ વાત કરીશ કે ઘણા બધા પેટા કેન્દ્રો લગભગ ખૂલતા જ નથી. કેટલાક પી.એચ.સી. સેન્ટરો એવા છે કે અઠવાડિયામાં એક જ દિવસ ડૉકટર જાય. સામૂહિક આરોગ્ય કેન્દ્રોની અંદર પણ પૂરા ડૉકટરો નથી. વિધાનસભામાં પણ આ માટે પ્રશ્ન પૂછાયો ત્યારે જાણવા મળ્યું કે, અમારા ખેડા જિલ્લામાં કેટલા બધા કલાસ-વન, કલાસ-ટુ અને કલાસ-થ્રી તથા કલાસ-ફોરના જે અધિકારી/કર્મચારીઓ જોઈએ એ પૂરા ભરાયેલા નથી. આ પ્રસ્તાવનો હાર્દ સરસ છે પણ એનું જે રીતે અમલીકરણ થવું જોઈએ એ અમલીકરણ થતું નથી. માનનીય મંત્રીશ્રી ખૂબ જાગૃત છે તો મને વિશ્વાસ છે કે અહીંયા જે માનનીય સભ્યશ્રી મણીભાઈ પટેલે કહ્યું કે લોકોને વિશ્વાસ કેમ ઉઠી ગયો? સરકારી અને ખાનગી વચ્ચેની કમ્પેરીઝન કરીએ તો પ્રાઈવેટમાં લાઈનો લાગે છે અને આપણા સરકારના જે દવાખાના હોય તેમાં કેમ દર્દીઓ દેખાતા નથી? તો એના માટે વિશ્વાસ ઉભો થાય એવું કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણી વખત આપણા રાજયમાં આપણે બધા પ્રજાના પ્રતિનિધિઓ છીએ ત્યારે દવાખાને પોસ્ટમોર્ટમ માટે ગામડાના લોકો આવતા હોય છે અને કલાકો સુધી અથવા તો આખી રાત નીકળી જાય ત્યાં સુધી પેનલના ડૉકટરો મળતા નથી. મેં જાતે આ માટે પ્રયત્નો કર્યા છે. જિલ્લા પંચાયતમાં પણ મેં ફોન કરીને

પૂછયું હોય પણ ઘણી વખત આવા ડૉકટરોની પેનલ મળતી નથી અને ગામડાના લોકોને કલાકો સુધી બેસી રહેવું પડે છે અને હેરાન થવું પડતું હોય છે. અહીંયા મારા અનુભવ પ્રમાણે વાત કરીશ કે, મારા વિસ્તારમાં પણ એક વખત ગામડામાં કોઈને કૂતરું કરડયું તો ત્યાં રસી મૂકવાની દવા ન મળે એટલે એના માટે પણ આવા સેન્ટરોમાં ગામડામાં આ દવા મળવી જોઈએ કેમ કે આજે ગામડામાં સાપ કરડવાના પણ ઘણા બનાવો બનતા હોય છે ત્યારે જે ઇન્જૅકશનો રાખવા જોઈએ ઝેર ઉતારવા માટેના એવા ઇન્જૅકશનો પણ મળતા નથી એટલે અહીંયા આ પ્રસ્તાવનો જે હાર્દ છે એ ઘણો સારો છે પણ એનું અમલીકરણ જે થવું જોઈએ એ પ્રમાણે થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ૧૦૮ ની વાત કરીશ, ૧૦૮ શરૂ થઈ એ ઘણી સારી વાત છે અને ૧૦૮ અંગે અહીંયા ઘણી બધી વાત થઈ છે એટલે હું ડિટેલ્સમાં વાત નહીં કરું પરંતુ આના ઉદઘાટનો ભાજપના કાર્યકરો કરતા હોય ત્યારે સ્થાનિક ધારાસભ્ય કોઈ પણ હોય ભાજપનો હોય કે કૉંગ્રેસનો હોય એને બોલાવવો જોઈએ ખરેખર એને ન બોલાવે એ બરાબર ન કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરોમાં પણ આપણે જોઈએ તો ઘણા બધા બંધ હોય છે અને ડૉકટરો મળતા નથી. અઠવાડિયામાં કદાચ એક ડૉકટરને બેથી ત્રણ પી.એચ.સી.નો ચાર્જ આપવામાં આવે છે આવું પણ બને છે. એટલે ડૉકટરો પૂરેપૂરા મળી રહે એના માટે માનનીય મંત્રીશ્રી ચિંતા કરે એવી આશા રાખું છું.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો.નીમાબેન આચાર્ય જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહેને કહ્યું કે, જાગૃતિની જબરજસ્ત જરૂર છે અને એના માટે જે કાંઈ કાર્યક્રમો કરવા હોય એ કરવા જ જોઈએ. ભારત સરકારે "રેડ રિબન એક્સપ્રૅસ" દ્વારા હમણાં જ આખા ગુજરાતની અંદર એઈડસથી લોકો જાગૃત થાય, એઈડસનો રોગ કેટલો ખતરનાક છે અને એનાથી જાગૃતિ આવે અને એને રોકવા માટેના શું પ્રયત્નો કરવા જોઈએ એ દિશામાં પ્રયત્નો શરૂ કર્યા છે. ખૂબ દુ:ખની વાત છે કે, આજે જ પેપરમાં મેં સવારે વાંચ્યું કે બનાસકાંઠા અને મહેસાણા આ બે જિલ્લાઓને એઈડસ ગ્રસ્ત જાહેર કર્યા અને એમાં તમામ ગર્ભવતી મહિલાઓને ફરજિયાત પરીક્ષણ કરાવવું અને એની ચકાસણી કરાવવી. જરૂરી છે. આ આપણા સૌના માટે બહુ શરમજનક અને ગંભીર બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના થકી હું કહેવા માગું છું કે, આના માટે આ વિસ્તારો કે જે સરહદી વિસ્તારો છે, આદિવાસી વિસ્તારો છે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો વધુમાં વધુ ભારત સરકાર માટે માની લો કે વસતિના આંકની વાત આવતી હોય તો ગુજરાત સરકારે પોતે પોતાના આગવા નિર્ણયો લઈ અને આ સેન્ટરોમાં ખૂબ જ પૂરા પ્રમાણમાં સેન્ટરોનો વધારો થાય,અને એમાં જે સ્ટાફની અછત છે એ પૂરતી છત થાય અને વધુને વધુ કાર્યદક્ષ ડોકટરો આ વિસ્તારમાં મૂકાય અને એમાંય ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોની અંદર મૂકાય. આજે પાલનપુર, ડીસા, મહેસાણા કે સિધ્ધપુર એ વિસ્તારની અંદર ખાનગી દવાખાનાઓ પણ પૂરેપુરા છે એમાં તો ખાનગી ટ્રસ્ટો પણ પોતાના દવાખાના ઉભાં કરી રહ્યા છે પણ જે છેવાડાના વિસ્તારના દવાખાનાઓ છે કે જયાં આ સુવિધાઓ ઉપલબ્ધ થતી નથી અને જયાં આ રોગ આજે દિવસે ને દિવસે ફુલીફાલી રહ્યો છે. આ દિશામાં ખરેખર સરકારે ચિંતિત રહેવું જોઈએ એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો. નીમાબહેન જે પ્રસ્તાવ લઈને આવ્યાં છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. મારા સભ્યશ્રીએ બહુ સારી વાત કરી કે આ મેડિકલની સેવાઓ જો ખરેખર સુધારવી હોય તો ગામડાં લેવલે જે પેટા કેન્દ્રો છે અને જે પી.એચ.સી. છે એને સુધારવાની જરૂર છે. કારણકે ત્યાં જે મોટાભાગના પેટા કેન્દ્રો છે, પહેલાં એનું રેગ્યુલર ચેકીંગ થતું, એ ચેકીંગ ખરેખર ડિસ્ટ્રિકટ હેલ્થ ઓફિસરે કરવું જોઈએ એ થતું નથી, જેના લીધે ઘણા પેટા કેન્દ્રો એવા છે એ કાં તો તૂટી ગયેલી હાલતમાં છે એમાં જે ફિમેલ હેલ્થ વર્કર- બહેન હોય છે એ બહેન પણ રેગ્યુલર આવતા નથી. મારે દુ:ખ સાથે કહેવાનું કે અમારે ત્યાં છેલ્લાં પંદર દિવસમાં બે સગર્ભા બહેનો પહેલી ડિલિવરીમાં એકસપાયર થઈ ગઈ, બાળક પણ ગુમાવવું પડયું, આ પરિસ્થિતિ એટલા માટે ડેવલપ થઈ કે જે ફિમેલ હેલ્થ વર્કર હોય છે ગામડામાં એ રેગ્યુલર ચેકીંગ કરતાં નથી. સગર્ભા બહેનનું રેગ્યુલર ચેકીંગ થવું જોઈએ. આ વ્યવસ્થા જો વ્યવસ્થિત હોય તો મને લાગે છે કે આવા દિવસો આવે નહિ. સાથે સાથે જે મેલેરિયા માટે ગામડામાં ડોકટરો ન હોવાના કારણે, તાવના જે દર્દીઓ હોય છે એ નોંધાતા નથી અને ન નોંધાવાના કારણે આપણે ત્યાં જયારે દવા છાંટવાની બાબત હોય છે ત્યારે નકકી કરીએ છીએ કે એમાં કેટલા પોઝીટીવ કેસો છે અને એ પોઝીટીવ કેસો આપણને ન મળવાના કારણે આપણે ત્યાં દવા છાંટતા નથી અને આના કારણે મેલેરિયાના ઘણા બધા કેસો થાય છે અને તાવથી સપડાય છે અને એમાં અનેક લોકોના મૃત્યુ પણ થાય છે. મારે સાથે સાથે એ પણ કહેવું છે કે, ડોકટરોને પણ રક્ષણ મળવું જોઈએ. અત્યારે તો એટલી બધી મુશ્કેલી છે કે, ડોકટરોને નાની મોટી કયાંક ભુલ થઈ છે એમ કરીને એને પોલીસના હવાલે કરવામાં આવે છે. તામીલનાડુમાં પણ એક કાયદો કરવામાં આવ્યો છે કે, સુપ્રિમ કોર્ટે પણ જજમેન્ટ આપ્યું છે, ૫-૮-૨૦૦૫માં તો આ ડોકટરોને પણ રક્ષણ મળવું જોઈએ. એમાં ઈન્વેસ્ટીગેશન ઓફિસર જયારે એનું ચેકીંગ કરે પછી જ એને કાયદાકીય જે કંઈ ગુનો લાગુ પડતો હોય તે લાગુ કરવો જોઈએ. ત્યાં સુધી એને સગવડ આપવી જોઈએ એમ હું માનું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : આ ગૃહના સન્માનીય સભ્ય ડો. નીમાબહેન, જે પ્રસ્તાવ લઈને આવ્યા છે અને એ પ્રસ્તાવ ઉપર માનનીય વિરોધપક્ષના નેતા સહિત કુલ મળીને લગભગ નવ સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે, એમાં ઘણાં બધાં સૂચનો કરવામાં આવ્યાં છે મારા ખાતા માટે, એની હું હકારાત્મક નોંધ લઉં છું અને કેટલાક અવલોકનો કરવામાં આવ્યાં છે એમાંથી જે મુખ્ય છે, એ અંગેની વાત હું કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રસ્તાવ છે એ પ્રથમ તો મેડિકલ ટુરીઝમને વેગ આપવા માટેનો છે. રાજયમાં મેડિકલ ટુરીઝમ કઈ રીતે વિકસે, એ આ પ્રસ્તાવનો હાર્દ છે અને એ હાર્દની વાત આરોગ્ય વિભાગ કઈ રીતે સ્વીકારે છે એની વાત મારે ગૃહ સમક્ષ મૂકવી છે. આરોગ્ય વિભાગ એ એક ચોકકસ વ્યૂહરચનાથી ચાલે છે. જે કોઈ યોજનાઓની વાત કરવામાં આવી પછી એ ચિરંજીવી યોજના હોય, નિરોગી બાળ યોજના હોય કે અન્ય કોઈ યોજના હોય એને એક ટૂકડારૂપે નહિ પણ એક શ્રૃંખલા કે માળા તરીકે જૂએ છે અને એ રીતે ગણતરીમાં લઈને અમે કેટલાક અમારા માટેના પગથિયા અથવા તો ધારાધોરણો નકકી કર્યા છે એ દિશા બતાવે છે અમને. એનું પહેલું લક્ષ્ય એ છે કે આ રાજયમાં કોઈપણ વ્યકિત તાકીદની સેવાઓ જેને ઈમરજન્સી સર્વિસીસ કહેવાય છે એનાથી વંચિત ના રહેવો જોઈએ. અત્યારસુધી કોઈ આદિવાસી વિસ્તારમાં, છેવાડાના વિસ્તારમાં કોઈને કોઈ અકસ્માત થાય, કાંઠાના છેવાડાના વિસ્તારમાં કોઈ પ્રસૂતા બહેનને કોઈ મુશ્કેલી ઉભી થાય, અંતરિયાળ વિસ્તારમાં કોઈને ઈમરજન્સી કેર માટેની જરૂર પડે. તો તેને માટેની અત્યાર સુધીની વ્યવસ્થાઓ પૂરતી નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની જે સેવાઓ છે તે સેવાઓ થકી અમે પહેલું કામ કર્યુ છે આજે આ રાજયમાં ૪૦૦ જેટલી ૧૦૮ કાર્યરત છે અને રાજયના કોઈ પણ ખૂણે ૧૦૮ નંબર તમે ડાયલ કરો એટલે ૧૨ મિનિટથી ઓછા સમયમાં તે વાહન પહોંચે, તેના ઉપર પ્રાથમિક સુવિધાઓ હોય, તેની સાથે ડોકટરી સારવાર જોડાયેલી હોય અને તેની ઉપયોગિતાની વાત કરીએ તો ૩૫૦ કરતાં વધારે પ્રસુતિઓ આ વાનની અંદર થઈ છે. જો આ પ્રસૂતા બહેનોને આ વાન ન હોત તો કયા પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હોત તેનો પુરાવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવામાં આવ્યું વિપક્ષના નેતાશ્રી તરફથી કે આ તો કેન્દ્ર સરકારની યોજના છે. મને ખબર નહીં કે ગુજરાતી તરીકે, ગુજરાત માટે આપણને ગૌરવ અનુભવવામાં કેમ તકલીફ પડે છે ? I am proud of Gujarat and I am proud of being a Gujarati and I am proud of being an Indian. ગુજરાતમાં કોઈ સારી વસ્તુ થાય છે તેનું ગુજરાતને ગુજરાતી તરીકેનું ગૌરવ હોવું જોઈએ ત્યારે ગુજરાતમાં આ થયું તેની આ યોજના હતી. સાહેબ, કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ છે અને કેન્દ્ર સરકાર તે યોજનાના ભાગરૂપે We are ina federal system and when we are in a federal system કેન્દ્ર સરકાર કોઈ પણ રાજયને કોઈ પણ સહાય આપે છે તે પરસ્પર લેતી દેતીનો સવાલ છે, વ્યવહાર છે તે કોઈના ઉપર ઉપકાર નથી એ વાત ગુજરાતના ગુજરાતીઓને સમજાવવી જોઈએ. It is not an obligation on us. It is our right. I will challenge,my friend, go out of this House and tell the people કે ગુજરાતની પ્રજાને •(xxxxx) બહાર જઈને કહો તમારામાં હિંમત હોયતો?

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈ પણ જગ્યાએ એવું નથી કહ્યું કે કેન્દ્રની સરકાર (xxxxx) આપે છે. મેં એવું કહ્યું છે કે એન.ડી.એ.ની સરકારમાં આટલા નાણાં મળતા હતા તેના કરતાં આટલા ઘણા વધારે, કેમ આવી વાત કરે છે. મેં કોઈ આવા શબ્દો મૂક્યા નથી અને મારા મોઢામાં મૂકે છે. આવા સિનિયર સભ્ય થઈને, આપ રેકર્ડ જોઈ લેજો. મેં કયારેય એવું કહ્યું નથી, હું ગૌરવ સાથે કહું છું કે ગુજરાતને કેન્દ્ર વધારે પૈસા આપે છે તે સારી બાબત છે અને અમે ખુશી છીએ•(xxxxx) શબ્દ કયાંય વપરાયો નથી આપ આખું રેકર્ડ જોઈ લેજો.

**અધ્યક્ષશ્રી** : હું રેકર્ડ જોઈને નિર્ણય કરીશ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ અર્થ વ્યવસ્થા વિકસે તેમ કરવેરાઓ વધવાના છે. અર્થ વ્યવસ્થા વિકસે તેમ આ દેશનું જી.ડી.પી. વધવાનું છે. આજે આ દેશ દુનિયાની દશમા નંબરની અર્થ વ્યવસ્થા છે અને આ રાજય દેશની પહેલા નંબરની અર્થ વ્યવસ્થા છે અને એટલા માટે સાહેબ અમે કેન્દ્રની યોજનાઓનો

•(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સુચારુ રીતે ઉપયોગ કરીએ છીએ, અમારા ચોપડા ચોખ્ખા છે એટલે કેન્દ્ર અમને નાણાં આપે છે. સાહેબ, દિલ્હીમાં પણ બોમ્બ ધડાકા બીજી વખત થયા અને દિલ્હીમાં પણ આવી સેવાઓની જરૂર છે. દિલ્હીમાં જેટલી તકલીફો છે એટલી મને લાગે છે બીજી કોઈ જગ્યાએ નથી. છતાંય સાહેબ ૧૦૮ની સેવાઓ દિલ્હીમાં કેમ નથી શરૂ થતી ? (અંતરાય) સાહેબ, મુંબઈ દેશનું આર્થિક કેપિટલ છે. સાહેબ, અમને (અંતરાય) જેમ દિલ્હી આ દેશની આ દેશની રાજકીય રાજધાની છે તેમ મુંબઈ આ દેશની આર્થિક રાજધાની છે. મહારાષ્ટ્ર આ દેશનું ગુજરાતના સમકક્ષ, ગુજરાતના જોડિયા રાજયો છે. સાહેબ, મહારાષ્ટ્રમાં કેમ આ યોજના અમલમાં નથી આવતી ?

**અધ્યક્ષશ્રી** : જયનારાયણભાઈ, ત્રણ મિનિટ બાકી રહે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, મને સમય જોઈશે કારણકે એટલા બધા મુદ્દા, માય રીકવેસ્ટ સર, પ્લીઝ પરમિટ મી. સાહેબ, એટલા બધા મુદ્દા ઉભા કરવામાં આવ્યા છે મારા ખાતાને લગતા મારે જવાબ તો આપવો પડશેને ? સાહેબ, My humble request is to you. Please permit me.

**અધ્યક્ષશ્રી** : બન્ને જણા એગ્રી થાય તો. નહીં તો ૬૦ મિનિટે પૂરું કરીશ, (અંતરાય) એમનો જવાબ પૂરો કરી લેવા દો.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : સર, એમ કહેવામાં આવ્યું કે, 'સજન રે જૂઠ મત બોલો...' એ ગાયનની આગળની પંકિતઓ મારે માનનીય વિપક્ષના નેતાશ્રીને યાદ કરાવવી છે. સાહેબ, એમાં એવું કહ્યું છે કે 'બચપન ખેલમેં ખોયા, જવાની નીંદભર સોયા, બૂઢાપા દેખકર રોયા, યહી કિસ્સા પૂરાના હૈ. સજન રે જૂઠ મત બોલો.ખુદા કે પાસ જાના હૈ.' સાહેબ, એમને બૂઢાપામાં જે સ્વપ્નાઓ આવવા માંડયા છે એના માટે અમે જવાબદાર નથી. અમારે તો એટલું જ કહેવું છે કે આ રાજયનો વહીવટ સક્ષમતાથી ચાલે છે અને એટલે આ રાજય સરકાર સક્ષમતાથી યોજનાઓનો અમલ કરે છે અને અમને કેન્દ્ર સરકાર ધીરે છે. કેન્દ્ર સરકાર યુ.પી.એ.ની હોવા છતાં ધીરે છે. કારણ કે સાહેબ, એક પંકિત છે કે, 'સિંહણ કેરુ દૂધ હોય તે સિંહણ સૂતને ઝરે, મત્સ્યભોગી બગલો મૂકતાફળ દેખી ચંચૂ ના ભરે. જીવ તું શીદને ચિંતા કરે.' સાહેબ એમનું ગજુ નથી, એમના રાજયોમાં આ યોજનાનો અમલ કરવાનું. સાહેબ, ત્યારપછી સંતશ્રી..

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ, તમે એક બે ત્રણ ચાર પાંચમાં જવાબ આપી દો. બાકીનામાં પડો નહીં.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : જી, સાહેબ, હું હવે ટૂંકમાં જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારપછી ટ્રોમા સેન્ટર નેટવર્ક સાથે અમે આ ઈમરજન્સી સેવાઓને જોડી છે. રાજયની આરોગ્ય સેવાઓની ગુણવત્તાની વાત કરવામાં આવી. એન.એ.બી.એચ., એન.એ.બી.એલ. સાથે અમે જોડયું છે. ભાવિ માટે અમે આયોજન કર્યુ છે. ડોકટરોની તંગી નિવારવા માટે અત્યારસુધી કયારેય ન થયું હોય તેવું આયોજન, ગુજરાતના છોકરાઓ બહાર જાય, ગુજરાતના છોકરા-છોકરીઓને તકલીફ થાય, આપણું લોહી ગરમ નહોતું થતું. અમે ૫ નવી મેડિકલ કોલેજો સાથે આવતા વખતથી આ પરિસ્થિતિ ન થાય એ માટેના પ્રયત્નો અમે કરી રહ્યા છીએ.

ત્યારપછી એક વાત એવી કહેવામાં આવી કે રાજયની સરકારી હોસ્પિટલોની ગુણવત્તા ખરાબ છે. મારે માનનીય સભ્યશ્રીઓને એટલું યાદ કરાવવું છે કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા. સારામાં સારી ખાનગી હોસ્પિટલોએ પણ કહ્યું હતું કે અમે મફત સારવાર આપીશું. પણ છતાં (અંતરાય) હું એના ઉપર આવું છું, શાંતિ રાખો માનનીય મુકેશભાઈ. સાહેબ, છતાં અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટમાં ઘવાયેલા ૯૭ ટકા દર્દીઓએ સિવિલ હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ અને જાહેર હોસ્પિટલોમાં સેવાઓ લીધી. કેમ? જો હોસ્પિટલોમાં વિશ્વાસ ન હોય, હોસ્પિટલોની સેવાઓની ગુણવત્તા સારી ન હોય. ડોકટરોની તંગી છે એ એક હકીકત છે અને એમને ભરવાનો અમારો પ્રયત્ન છે. આ બધું થાય ત્યારે હું ઝડપથી એટલું કહેવા માગું છું કે આ બધી જ વસ્તુઓ થશે ત્યારે આ રાજયમાં ગુણવત્તાસભર મેડિકલ સેવાઓ ઉપલબ્ધ બનશે. એની હોસ્પિટલ સુસજજ, એન.એ.બી.એલ. અને એન.એ.બી.એચ. થકી ખાનગી સેવાઓની ગુણવત્તા સુધરશે. પૂરતા પ્રમાણમાં ડોકટરો ઉપલબ્ધ થશે અને આ બધું થશે ત્યારે રાજયમાં આરોગ્ય સેવાઓ જે છે તે આંતરરાષ્ટ્રીય કક્ષાની બને તે દિશામાં આજની ચાર કે પાંચ વર્ષ પછી અમે નેમ રાખીને બેઠા છીએ. એ સંજોગોમાં માનનીય નીમાબેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એના હાર્દ સાથે હું શતશઃ સંમત છું. જયારે આરોગ્ય વિભાગ એ દિશામાં ચોકકસ આયોજન લઈને ચાલવા માગે છે, ત્યારે મારી માનનીય નીમાબેનને વિનંતી છે કે આપે જે હેતુથી આ ગૃહ સમક્ષ આ પ્રસ્તાવ મૂકયો હતો એ હેતુની મહદ્અંશે પૂર્તિ આ ચર્ચાઓ દરમ્યાન થઈ છે. અમે જે સૂચનો થયા છે એની ગંભીરતાથી નોંધ લીધી છે. ઘણીબધી એવી વિગતો છે કે હું આપી શકયો હોત. ગરીબ માણસોની સેવાની વાત કરવામાં આવી, ત્યારે (સમય સૂચક ઘંટડી) મારે છેલ્લો પોઈન્ટ છે, સર. મારે માનનીય મુકેશભાઈ અને માનનીય માનસિંહભાઈની ચિંતાને થોડી ઠારવી છે. સાહેબ, રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના આપણે લાગુ કરી છે. ૧૮/૮/૦૮થી એનો અમલ ભરૂચથી શરૂ થયો અને અત્યાર સુધીમાં પાટણમાં ૯૩૫૭, દાહોદમાં ૧૨૦૯૨, ( સતત સમયસૂચક ઘંટડી.) ભરૂચમાં ૨૭૫૫૫ અને કચ્છમાં ૩૧૭૩ લોકોને આવરી લીધા છે. એટલે અમારી ચિંતા ગરીબો માટેની છે, રહેવાની છે અને આપ કહેશો તો અમે એથી પણ આગળ વધવા તૈયાર છીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીમાબેન, આપ ઠરાવને પાછો ખેંચો છો કે શું કરો છો?

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, જે મેડિકલ ટુરિઝમની વાત હતી મારા પ્રસ્તાવમાં, તેના માટે માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે એનાથી મને સંતોષ છે અને જે માનનીય શકિતસિંહભાઈએ કહ્યું કે આ પૈસા કેન્દ્ર સરકારના છે, તો મારે એક જ વાકય કહેવું છે કે ૧૬૦૦ કરોડ રૂપિયા અમારા ભૂકંપના બાકી છે એ લાવી દો ને કેન્દ્ર સરકારમાંથી **અધ્યક્ષશ્રી** : માનનીય નીમાબેન, તમે પ્રસ્તાવ પાછો ખેંચો છો એટલું કહો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ પ્રસ્તાવનો જે જવાબ આપ્યો છે એનાથી મને સંતોષ છે. મને વિશ્વાસ છે કે મેડીકલ ટુરિઝમ ક્ષેત્રે આનાથી આપણું ગુજરાત એ સર્વ પ્રથમ નંબર પાર કરી શકશે. માનનીય મંત્રીશ્રીના જવાબથી હું સંતુષ્ટ છું અને હું મારો પ્રસ્તાવ પાછો ખેંચવાની માનનીય સભાગૃહ સમક્ષ પરવાનગી માગું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીને તેમનો પ્રસ્તાવ પાછો ખેંચવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પ્રસ્તાવ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવે છે.

# ગુજરાત વિધાનસભાના નિયમ-૯૩ અન્વયેનો પ્રસ્તાવ

## રાજય સરકારે નીમેલ જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસ પંચના અહેવાલના ભાગ-૧ ઉપર વિચારણા કરવા અંગે

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સાબરમતી એકસપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ લગાડવાના બનાવની તપાસ માટે રાજય સરકારે નીમેલ જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસપંચના અહેવાલના ભાગ-૧ ઉપર આ સભાગૃહ વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતાના તપાસ પંચનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. આ અહેવાલ સભાગૃહમાં રજૂ થયા પછી દેશભરમાં એની ચર્ચાઓ થઈ. આ સભાગૃહમાં આ આખો જે અહેવાલ છે એની ઉપર ચર્ચા થાય અને એમાં શું સત્ય છે એ ઉજાગર કરવામાં આવે, એમાં સત્ય શું છે એ આ સભાગૃહના ધ્યાનમાં આવે એ મારો આ સભાગૃહમાં આ અહેવાલ ઉપર ચર્ચા કરવાનો હેતુ હતો અને એના ભાગરૂપે આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. ઘણી વખત એ વાત પણ થઈ કે આ જે નાણાવટી કમિશન હતું એ નાણાવટી પંચની વિશ્વસનિયતાને ડગાવવા માટે કેટ કેટલા પ્રકારના પ્રયત્નો થયા, અલગ અલગ સ્ટેટમેન્ટ થયાં. બેનરાજી કમિટીની નિમણૂક થઈ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ફત્તેસિંહભાઈ, હું ખૂબજ ગંભીરતાપૂર્વક કહું છું કે જયારે આ અહેવાલ ઉપર ખૂબ જ ગંભીરતાપૂર્વક ચર્ચા ચાલી રહી છે ત્યારે મહેરબાની કરીને બેસીને એની ઉપર કોઈ કોમેન્ટસ ના કરો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** (બેઠાં બેઠાં): માનનીય અધ્યક્ષશ્રી, બેનરજી ના બદલે બેનરાજી એવો ઉલ્લેખ કરે છે.

(અંતરાય)

**અધ્યક્ષશ્રી**: નથી ચલાવવું એટલા માટે તો હું આ કહું છું.(અંતરાય)

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ શબ્દો બિલકૂલ અંગ્રેજીમાં એનો મિનિંગ એ જ થાય છે અને ગુજરાતીમાં પણ એ જ થાય છે. A એની સાથે આગળ પાછળ લાગી શકે. એની સાથેનો A વાંચતાં બિલકૂલ આ જ થાય છે. એ પહેલાં A લાગી શકે. મારો એટલો જ મતલબ એ છે કે આ નાણાવટી કમિશન હતું એ કમિશન ઓફ ઈન્કવાયરી એકટ ૧૯૫૨ ની જોગવાઈ હેઠળ પૂર્ણ કક્ષાનું કમિશન રચાયેલું હતું અને એ કમિશનની વિશ્વસનીયતાને ડગાવવા માટે કેન્દ્રમાં બેઠેલ સરકારે એક કમિટીની રચના કરી. આ બેનરાજી કમિટીએ વારંવાર એની અંદર અલગ અલગ પ્રકારનાં સ્ટેટમેન્ટ આપીને અને જાણે આ કમિશન જે રાજય સરકારે નિમ્યું છે એ ખોટું છે એ પ્રમાણેનું વાતાવરણ ઉભું કરવા માટેના પ્રયત્નો કરાયા. આની અંદર જે જસ્ટીસ નાણાવટી જેઓ અગાઉ શીખ વિરોધી રમખાણો થયાં એનું જે તપાસ પંચ નીમાયું હતું એના અધ્યક્ષ હતા. આવા એ જયારે કેન્દ્ર સરકારે પણ તપાસ પંચ નીમ્યું એની અંદર આ જસ્ટીસ નાણાવટીને ત્યારે પણ તેમણે નીમ્યા હતા એવી વ્યકિત તટસ્થતાથી કામ કરી શકે, એ વિશ્વસનિયતાને ડગાવવાની વાત કરી. એટલા માટે કે ભારત સરકારે ત્યારે પણ આ પ્રમાણે નિર્ણય કર્યો હતો. આ તપાસ પંચમાં રાજય સરકારે માત્ર એટલું ન કહયું કે ગોધરામાં ત્યાં શું ઘટયું એની જ તપાસ ના કરો, પરંતુ હિન્દુસ્તાનના ઈતિહાસમાં પહેલી વખતે કોઈ કમિશનની રાજય સરકારે રચના કરી હોય અને રાજય સરકારે પોતે એવું કહયું હોય કે માત્ર આ ઘટના જ નહીં, પરંતુ એની સાથે સાથે ગુજરાતની પોલીસની કાર્યવાહી, રાજય સરકારના મંત્રીશ્રીઓ અને રાજય સરકારના મંત્રીશ્રીઓ, અને ત્યાં સુધી મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે મને પણ તપાસ પંચ નીચે તમે તપાસી શકો છો. આખા હિન્દુસ્તાનની આ પહેલી ઘટના છે. તપાસ પંચે કાર્યવાહી કરી, ૪૪૪૭૫ જેટલી અરજીઓ આવી, ૨૦૧૯ જેટલાં અલગ અલગ નિવેદનો લેવાયાં,

૧૦૧૬ જેટલા સાક્ષીઓને તપાસ્યા, જિલ્લામાં પણ અલગ અલગ જિલ્લાએ જઈ અને આ કમિટીએ તપાસ કરી, જે લોકોએ અરજીઓ કરી હતી અને નહોતા આવતા તેમને સમન્સ પાઠવીને પણ હાજર રાખવાની વ્યવસ્થા કરી, રેલવેના તમામ અહેવાલો સામે ચાલીને માગ્યા, જે લોકો નહોતા આપતા, ઉપર કેન્દ્રમાં લાલુ સરકાર બેઠેલી હતી અને એ વખતે જયારે કર્મચારીઓને આવતા પણ ડર લાગે તેવા સમયે સામેથી કમિશને એમને સમન્સ કાઢીને બોલાવ્યા, અને તેના પુરાવા રજૂ કરવામાં આવ્યા. અલગ અલગ ઉલટતપાસો અને એ પછી વારંવાર બેનરાજી કમિટીની અંદર એક વાત જે આવતી હતી સુફિયાબાનુ અને એક ઈન્કમટેકસના અધિકારીનું નિવેદન લેવામાં આવતું હતું તેની પણ તપાસ કરવામાં આવી. અને આ તપાસ ૨૦-૭-૨૦૦૭માં ચાર વર્ષ કરતાં પણ વધારે સમય સુધી ચાલી, અને એ પછી ચારેય બાજુનો વિચાર કર્યા પછી, ચારેય બાજુના અહેવાલો મંગાવ્યા પછી, વૈજ્ઞાનિક પધ્ધતિથી ઝીણવટભરી તપાસ કર્યા પછી આ વિધાનસભાની અંદર આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને તેની અંદર માનવ અધિકાર પંચે કરેલાં સૂચનો, એમણે જે સલાહ આપી હતી તે જાતના તમામ તથ્યોના આધારે નિર્ણય આવ્યો કે ગુજરાતની પોલીસ, ગુજરાતનું મંત્રી મંડળ અને રાજયના મુખ્યમંત્રીને કલીનચીટ આપવામાં આવી. આ દિવસ માત્ર ગુજરાત માટે જ નહીં, આખા હિન્દુસ્તાનની પ્રજામાં જે જે દેશ ભકતો છે તેના માટે આનંદ અને ગૌરવ પામનારો દિવસ હતો. ત્રાસવાદીઓને સો ટકા લાગશે, ત્રાસવાદીઓના સમર્થકોને પણ સો ટકા લાગશે કે આવું કેમ થઈ ગયું. એ લોકો પણ હોબાળો કરશે, પરંતુ હિન્દુસ્તાનની અંદર ત્રાસવાદની સામે લડવા માટેનું એક નેતૃત્વ પેદા થયું અને ગુજરાતને તેનું ગૌરવ છે કે એ નેતૃત્વ ગુજરાતે આપ્યું છે તેનું નામ છે નરેન્દ્ર મોદી, દેશની આઝાદી વખતે સરદાર પટેલ, એક લોખંડી મનોબળવાળા વ્યકિત હતા, એમણે હિન્દુસ્તાનને એક ભેટ આપી હતી, ફરી દેશમાં ત્રાસવાદ ફાલ્યો ફૂલ્યો છે તેની સામે ફૌલાદી પોલિટીકલ વીલ પાવર વાળું વ્યકિતત્વ એટલે નરેન્દ્ર મોદી. એમની બાબતમાં કયારેક કયારેક સામેથી કોમેન્ટો થતી હોય છે, ચુન ચુન કે મારુંગા, આવી વાતો કરે છે ત્યારે મારે કહેવું છે કે ચુન ચુન કે મારુંગા, કોને કહે છે? દેશના દુશ્મનોની સામે આ લલકાર છે, દેશની નિર્દોષ પ્રજાના પ્રાણ લેવાવાળા તત્વોની સામે આ પડકાર છે કે ચુન ચુન કે મારુંગા, અને તમે શું કહો છો ઝુમ ઝુમ કે નાચુંગા, નીચેથી કરીને ઉપર સુધીની આખી પાર્ટીમાં એક તો એવો નેતા બનાવો, નરેન્દ્ર મોદી જેવો કે ત્રાસવાદની સામે ખુલ્લો પડકાર ફેંકે, આ મામા-માસીના ખેલ નથી, એના માટે ત્રાસવાદ સામે લડવા માટે ૫૬ની છાતી જોઈએ, અને ૫૬ની છાતી ગુજરાતના મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી પાસે છે. ત્રાસવાદની સામે અને દેશ ભકિતની વાત હોય ત્યારે એમને કહેવાનો અધિકાર રહેતો નથી, મારે એ વાત આજે યાદ કરાવવી છે, માત્ર વર્ષો જુનો ભૂતકાળ વાગોળી વાગોળી, અમારા નેતાઓ દેશ ભકત હતા એમ કહેવામાં આવે છે, પણ આજની સ્થિતિ શું છે? આખો દેશ ત્રાસવાદથી હેરાન પરેશાન થઈ રહ્યો છે અને તેવા સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી, બે ત્રાસવાદીઓ દિલ્હીમાંથી પકડાયા, નીચે પણ દિલ્હીમાં કોંગ્રેસની સરકાર છે, અને ઉપર પણ દિલ્હીમાં કોંગ્રેસની સરકાર છે. બે ત્રાસવાદી સ્ટુડન્ટ જે જામીયા મીલીયા ઈસ્લામીયા યુનિવર્સિટીની અંદર ભણતા વિદ્યાર્થીઓ, એમની સરકારે પકડયા, કોંગ્રેસની સરકાર છે ત્યાંની પોલીસે પકડયા, અને એ પછી ત્યાંના યુનિવર્સિટીના વી.સી. મોસીરલ હસન એવી વાત કરે છે કે આ વાત આ લોકોને ત્રાસવાદીઓને લડવા માટે યુનિવર્સિટી તેમનો કાનૂની ખર્ચો ભોગવશે. માનનીય અધ્યક્ષશ્રી, હદ તો ત્યારે થાય છે કે આ દેશના માનવ સંસાધન મંત્રી શ્રીમાન અર્જુનસીંગજી એમ વાત કરે કે ત્રાસવાદીઓને બચાવવા માટે કાનૂની ખર્ચ આપવાની વાત જે યુનિવર્સિટીએ કરી છે એ સાચી છે, દેશ હિતની વાત છે. શરમ આવવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, શું થયું છે આ અર્જુનોને, એ અર્જુન દિલ્હીના હોય કે ગુજરાતના હોય, એક વખતના અર્જુનને કદાચ મહાભારતમાં વિષાદયોગ થયો હતો. પણ આજના અર્જુન તો જાણે ત્રાસવાદીઓની સામે મુજરા ભરતા હોય એવી નીતિઓ અપનાવીને બેઠા છે. ત્રાસવાદ સામે કઈ રીતે લડવું, ત્રાસવાદીઓની જે સ્ટ્રેટેજી છે એ જરા વિચારવા જેવી છે. હું સરહદી વિસ્તારમાંથી આવું છું. મારો મત વિસ્તાર પાકિસ્તાનની સરહદ ઉપર આવેલો છે. ઘણી વખત માનનીય અર્જુનભાઈ કહેતા હોય છે, શંકરભાઈ, શું કામ ઉભા થાવ છો? ત્રાસવાદનો હું પ્રત્યક્ષ રીતે ભોગ બનેલો વ્યકિત છું. મારા વિસ્તારની અંદરથી ઘૂસપેટ મોટા પ્રમાણમાં થતી. મોટા પ્રમાણમાં પાકિસ્તાનથી અવર-જવર ચાલતી. એને શેલ્ટર આપવાવાળા લોકો ત્યાં હતા. આખા વિસ્તારમાં યુવાનોની જાગૃતતા લાવીને ત્યાં ગામોગામ એની કમિટી બનાવી, જેના કારણે ત્રાસવાદીઓ અત્યારે પોલીટીકલી જ નહીં, કાયદાકીય રીતે, પાકી રીતે અવારીને કઈ રીતે હેરાન કરવા, કઈ રીતે કોર્ટના કેસ કરવા અને જાણતા, અજાણતા કોંગ્રેસ પક્ષ પણ આ ત્રાસવાદીઓને ઈન્ડાયરેકટલી સમથર્ન આપી રહેલ છે. મારે એટલું જ કહેવું છે કે વિધાતાએ ત્રાસવાદ સામે લડવા માટે હિંદુસ્તાનમાં નરેન્દ્ર મોદીને નિર્માણ કર્યા છે. એમની શકિતને જેટલી વધારીએ એટલું આ દેશનું પૂણ્ય હશે. દેશનું હિત હશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં પહેલી વખત એવું થયું કે કોઈ રિપૉર્ટ કે કોઈ વસ્તુ ગુજરાતીમાં આવી નથી. માત્ર અંગ્રેજીમાં આવી છે અને આઘાત તો એ લાગ્યો કે આખા રિપૉર્ટમાંથી એક પણ લાઈન આ રિપૉર્ટ પરની ચર્ચા કરનાર માનનીય સભ્યશ્રીએ એક પણ લાઈન રિપૉર્ટમાંથી ન વાંચી. હું સમજી શકું, જેમને જસ્ટિસ બેનરજીનું પ્રોનાઉન્સેશન ન ફાવે એ રિપૉર્ટ કેવી રીતે વાંચી શકે? ભાઈગીરી કરનારા, આપણે ગુંડાઓમાં ભાઈ વખણાય છે એવા ભાઈગીરી કરનારા ભાઈને ખુશ કરવા

માટેના પ્રયત્નો કયારેય આવકારદાયક ન હોય. મારે એ કહેવું છે કે રિપોર્ટને બે ફોલ્ડમાં જોઈએ. એક રિપૉર્ટનો એ ફોલ્ડ કે જેને માનનીય શંકરભાઈ કહે છે, એમણે ભલે કશું જ રિપૉર્ટમાંથી નથી વાંચ્યું પણ માની લઈએ કે આપ કહો છો એ આ રિપૉર્ટ સારો અને સાચો. તો પહેલો સવાલ એ કે ૧૯૯૨માં હજારો કારસેવકો ગુજરાતમાંથી ગયા. કેન્દ્રમાં  કોંગ્રેસની સરકાર, ગુજરાતમાં કોંગ્રેસની સરકાર. એક કારસેવકનો વાળ વાંકો ન થવા દીધો એ સરકારો હતી અને આ રિપૉર્ટ જો સાચો હોય તો કાવતરું હતું. પાંચ કલાક ટ્રેઈન મોડી પડી. ૨-૫૫ ના બદલે સવારમાં ૭-૪૮ મિનિટે ટ્રેઈન આવી. પાંચ કલાક મોડી પડેલી ટ્રેઈનમાં કાવતરા મુજબ ૬૦૦ માણસો ભેગા થઈ અને કારસેવકોને સળગાવી દીધા. રામના નામે મત લીધા પછી રામ સેવકને બચાવી ન શક્યા. શું ગાદી પર બેસવાનો અધિકાર છે ખરો? માનનીય અધ્યક્ષશ્રી, એક અકસ્માત થાય તો માધવરાવ સિંધિયાએ જવાબદારી સ્વીકારીને મંત્રી તરીકે રાજીનામું આપી દીધું. તમે આટલા કારસેવકો મર્યા  પછી પણ ચુન ચુનકે મારૂંગા-કીસકો? રામના પણ મરશે, રહીમના પણ મરશે અને તમે સત્તાના નાચ-ગાન કરશો. શું આને કહીશું?(અંતરાય) કહેવાયું હતું, જ્યારે ગુજરાતમાં પહેલાં રામના મર્યા પછી રહીમનાને મારવામાં આવ્યા, તેને કહેવાયું હતું કે આ તો એકશનનું રિએકશન છે. ગોધરામાં થયું એટલે બધે થયું. હવે આ તમારું નાણાવટી કમિશન શું કહે છે કે, ગોધરાના બનાવનું રીએકશન નહોતું. બીજા બનાવો એકશનનું રિએકશન છે. એમ કહીને નાણાવટી કમિશન એમ કહે છે કે ગોધરામાં બન્યું એ એકશનનું આ રિએકશન નહોતું. What does it mean? આ એક સમજાયેલી સાજીશ હતી અને પછીના બનાવો પણ બહુ મોટું કાવતરું હતું. એના માટે જવાબદાર કોણ? સવાલ પૂછજો કયારેક. અમે જવાબદાર તમને બચાવવામાં છીએ. આજ સુધીના ઈતિહાસમાં કોઈ એક મુખ્યમંત્રીને કોઈ વડાપ્રધાને કહેવું નથી પડયું કે, " રાજધર્મ નિભાવો." એ તમને કહેવું પડયું. ગુરુ ગણો છો એવા અડવાણીજીએ કહ્યું, એન.ડી.એ.ની સત્તા ગયા પછી, " ગોધરામાં જો હાદસે હુએ, વો એન.ડી.એ.કા કાલા ધબ્બા હૈ." હમણાં દેશની સુપ્રિમ કોર્ટે કહ્યું કે,  If you cannot protect your citizen, quit. આ કોણે કહ્યું આ દેશની સુપ્રિમ કોર્ટે કહ્યું. ૨૦૦૩ની અંદર નેશનલ હ્યુમન રાઈટસ્ કમિશન, (અંતરાય) અમે શાંત છીએ. નહીં બોલવા દઈએ એમના મંત્રીને..

**અધ્યક્ષશ્રી** : શ્રી અમિતભાઈ જવાબ આપવાના છે, એ સક્ષમ છે, આપ વચ્ચે દખલ ન કરો. નહીંતર જે સભ્યશ્રીઓ ઉપર મારી નજર પડી છે એવા વારંવાર દખલ કરવાવાળા છે એમને બહાર કાઢવા પડશે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્ને પક્ષે લાગુ પડે છે.

**અધ્યક્ષશ્રી** : હા, બન્ને પક્ષે લાગુ પડે છે, બધા સભ્યોને કહું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ દોઢ મિનિટ પાછા મને આપજો. નેશનલ હ્યુમન રાઈટસ્ કમિશન ૨૦૦૩માં હતું. જસ્ટીસ વર્માને કોણે નિયુકત કર્યા હતા? એન.ડી.એ.ના શાસનમાં નિયુકત કર્યા હતા. એમણે શું કહ્યું? Writ petition (criminal) No.૧૦૯/૨૦૦૩  દાખલ કરી અને એમણે કહ્યું કે, ગુજરાતમાં જે કોઈ ઘટના બની છે, ગોધરા અને ગોધરા પછીની અનું પ્રોપર ઈન્વેસ્ટીગેશન થતું નથી. ઈન્વેસ્ટીગેશન એજન્સી બદલાવો. નાણાવટી કમિશન કોના ઉપર આધાર રાખે છે? જે ઈન્વેસ્ટીગેશન એજન્સી, એમના નિમેલા નેશનલ હ્યુમન રાઈટસ્ કમિશનના જસ્ટીશ વર્માએ કહ્યું કે આ વાજબી નથી અને તમે કહો છો કે આ વાજબી છે. કહેતા હતાને કે, તપાસવા સોંપ્યું છે. મને કહેતાં આનંદ થાત. તા.૩૧-૭-૨૦૦૭ના રોજ એપ્લિકેશન ફાઈલ થઈ. મુખ્યમંત્રીને અમારે તપાસવા છે, તમારા purview માં છે. અમારે ક્રોસ એકઝામીન કરવું છે. નાણાવટી કમિશને સાંભળી કયારે? ૫-૧૦ રિમાઈન્ડર પછી. કઈ તારીખે સાંભળી?  તા.૨૭-૧૧-૨૦૦૭ના રિમાઈન્ડર પછી full fledged સાંભળી. આજ સુધી આ એપ્લીકેશન ઉપર નિર્ણય કર્યો નથી કે, મુખ્યમંત્રીને બોલાવવા કે નથી બોલાવવા. અને તમે કહો છો કે, એમનો રોલ તપાસો. અરે, નિર્ણય તો કરવો હતોને, તાકાત હતી તો કે, નથી બોલાવવા. તો કોઈક સુપ્રિમ કોર્ટમાં જઈ શકત કે એની શું હાલત થાય એ તો ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રિપોર્ટની એક બે બાબત આપના ધ્યાન ઉપર મૂકવી છે. શ્રી સત્યનારાયણ વર્મા અને જેને આપ સાધુ- સાધ્વીઓને તો માનો છોને, મિનાક્ષી દેવી, પારા ૨૦૮, પેજ ૧૪૨. એવિડન્સ શું છે અને પંચ શું કહે છે? It is true that no passenger has said that he has seen anybody entering into the coach with cargo or container filled with petrol. શું કહે છે કે, સાહેબ, એકપણ સાક્ષી નથી મળતો કે જે એમ કહે કે આ કોચના અંદર કોઈને દાખલ થતા જોયા છે, કેરબા અંદર ઢોળતા જોયા છે. આ કોણ કહે છે? આ નાણાવટી પંચનો અહેવાલ કહે છે. આપના પાસે કે.સી.બાવા આપના ઈન્વેસ્ટીગેશન ઓફિસર કહે છે. એમણે શું કર્યું?  એમણે પહેલા પોટા લગાડયા પછી આ કારસેવકોને સળગાવનારાઓ સામે પોટા ઉઠાવી લ્યો, એમ કહેતી એપ્લીકેશન ફાઈલ કરી,  The Govt. of Gujarat has opted a legal opinion with regard to Prevention of Terrorism Act, ૨૦૦૧. અને પોટા હટાવવાનો નિર્ણય કરતો કાગળ આપના ઇન્વૅસ્ટીગેશન ઑફિસરે લખીને આપ્યો.  એ કૅબિન પાસે કોઈ નહોતું એમ કોણે કીધું એ કહેનારા પણ સ્ટેશનનો એ આસીસ્ટન્ટ મેનેજર જે એના પર ઊભો હતો,  કૅબિન પર એ કહે છે.  જ્યારે સળગતા લોકો બહાર નીકળતા હતા ત્યારે રાજુ ભાર્ગવ ડી.એસ.પી. ત્યાં ઊભા હતા.  એને પૂછવામાં આવ્યું, એણે કીધું કે કોઈ કેરોસીનની વાસ નહોતી,  કોઈપણ માણસ કમરથી નીચે સળગતો નહોતો, બધા ઉપરથી સળગતા નીકળતા હતા.  જ્યારે પૂછવામાં

આવ્યું ત્યારે એમણે ક્રોસ એકઝામીનેશનમાં આ કબૂલ કર્યુ છે જ્યારે ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીએ કહ્યું કે બહારથી નાખી શકાય નહીં, અંદરથી નખાયું નથીં, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ બે શકયતા કહી, એક કે ફલેશ ફાયર હોઈ શકે, ગેસ ઉભો થયો હોય અને જો આગ થાય તો ઉપરથી આગ ઉભી થાય અને ઉપરનો ભાગ દાઝે, નીચેનો ભાગ ન દાઝે બીજી શકયતા એવી કરી કે નીચે જો પેટ્રોલ ૬૦ લિટરથી વધારે રેડાયું હોય તો જ આ થાય. બંને શક્યતાઓ માત્ર એમણે કહી હતી એમાંથી તમને ગમતી એક શક્યતા કે ૬૦ લિટર ઢોળાયું અને થઈ ગયું, આ વાત કરીને આ કમિશને હું માનું છું કે ધજાગરા ઉડાડ્યા છે. તાકાત હોય તો ચાલો આપણે સાથે મળીને જઈએ ઓનરેબલ એપેકસ કોર્ટ પાસે, બંને સાથે મળીને જઈએ કે નામદાર સુપ્રીમ કોર્ટ એક ત્રીજું પંચ નીમે અને એમાં કોઈ કલીનચીટ જો તમને મળે તો તમને ફુલહાર પહેરાવવા હું પહેલો આવીશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈ ચૌધરી જે પ્રસ્તાવ લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે, છેલ્લા છ વર્ષથી મારા તમારા, આપણા ગુજરાતને દેશ અને વિશ્વ સમક્ષ વિકૃત રીતે ચીતરવા માટેનો પ્રયાસ જે લોકોએ કર્યો છે. આ નાણાવટી કમિશનનું સત્ય જ્યારે ડંકાની ચોટ ઉપર આવીને ઊભું છે ત્યારે આ લોકોનાં મોઢાં બંધ થઈ ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૭મી ફેબ્રુઆરીએ અયોધ્યામાં રામલલ્લાના દરબારમાં શ્રદ્ધાથી માથું ટેકાવીને જ્યારે કારસેવકો પરત ફરી રહ્યા હતા ત્યારે સવારના સમયમાં "ન જાણ્યું અયોધ્યાના નાથે સવારે ગોધરામાં શું થવાનું છે." માનનીય અધ્યક્ષશ્રી, ૫૯ જેટલા રામભકતો જેની અંદર ૨૭ જેટલી મા-દિકરીઓ હતી. ૧૦ જેટલાં નાનાં ફૂમળાં બાલુડાઓ હતાં. આ ૫૯ જેટલા લોકોને જીવતા ભુંજી દીધા. જ્યારે અમદાવાદ સોલા હોસ્પિટલની અંદર એક સાથે એમની જ્યારે લાશો ગોઠવાયેલી હતી, કેટલીક લાશો તો પોટલાના સ્વરૂપે હતી. કેટલીક લાશો તો એવી હતી માતાની છાતીએ ચોંટેલો દીકરો, એના એ જ સ્વરૂપે એ દૃશ્ય જ્યારે જોતા ત્યારે ભલભલાના કાળજા કંપાઈ જતા. એ વખતની વેદના, એ વખતની ચિચિયારીઓ, એ વખતનું વાતાવરણ. આજે જ્યારે હાઉસ.ની અંદર આ જ્યારે ચર્ચા થાય છે ત્યારે એ પરિવારોની વેદનાની ઉપર એસીડ છાંટવાનું કામ કેટલાક લોકો કરી રહ્યા છે. એમના નિર્દોષ બાળકોના મોત ઉપર, એની છાતી ઉપર પગ મૂકીને અટ્ટહાસ્ય કરવાનું કામ છેલ્લા કેટલાય વરસથી કેટલાય લોકો કરી રહયા છે. આવા લોકોના જૂઠાણાઓ નાણાવટી કમિશન દ્વારા આપણા સૌની સમક્ષ આ વિધાનસભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યા છે. નાણાવટી કમિશનના એક એક પાનાનો મેં અભ્યાસ કર્યો છે. આ પૂર્વનિયોજીત કાવતરું હતું પાના નં. ૧૬૮માં ૨૦ મિનિટ સુધી પથ્થરમારો કરવામાં આવ્યો છે એનો ઉલ્લેખ છે.પાના નંબર ૨૧૮ માં ચારાભાઈના પેટ્રોલ પંપ ઉપરથી રાત્રે ૧૪૦ લિટર પેટ્રોલની ખરીદી કરવામાં આવી હતી. પાના નંબર ૨૨૩ ઉપર એસ.૬ અને એસ.૭ વચ્ચેના બે બારણા વચ્ચેનું વેસ્ટીબ્યુઅલ તોડીને હસન લાલાએ સળગતા કાકડા અંદર નાખ્યા હતા. પાના નં. ૨૨૯ માં મૌલવી ઉમરજીની દોરવણી હેઠળ આ આખું ષડયંત્ર રચાયું. રાત્રે અમન ગેસ્ટ હાઉસમાં મળીને આ પૂર્વ નિયોજિત કાવતરું રચાયું. ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લૅબૉરૅટરી એ દેશ નહિ વિશ્વમાં વિખ્યાત છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના પાના નંબર ૧૩૮,૧૩૯,૧૩૦,૧૪૦,૧૪૧ અને ૧૪૨ માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ૪૭ જેટલા ગેસ ક્રોમેટોગ્રાફીના માધ્યમથી આ પેટ્રોલ હતું, દરવાજો બંધ કરીને સળગાવી દીધા, જુદી જુદી અનેક યોજનાઓનો વિચાર કર્યો પણ છેલ્લે ફોરેન્સિક સાયન્સ લૅબૉરૅટરી અને આખી પરિસ્થિતિનું જે રીતે નિરૂપણ થયું છે એ જોતાં આ પૂર્વનિયોજિત આયોજનના માધ્યમથી આ કામ કરવામાં આવ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને આની અંદર સમાવવા ટર્મ્સ ઑફ રેફરન્સ પ્રમાણે એમણે સામે ચાલીને કહ્યું. આ જૂઠાણાઓએ ગુજરાતને વિકૃત રીતે બદનામ કરવાનો પ્રયાસ કર્યો પણ આ નાણાવટી કમિશનથી દૂધનું દૂધ અને પાણીનું પાણી આજે વિશ્વ સમક્ષ થઈ ગયું છે. એક ચેનલ બ્લૅક મેઈલીંગ માટે જાણીતી છે તે તહેલકા નામની ચેનલ પાસે જો પુરાવા હતા તો શા માટે નાણાવટી કમિશન સમક્ષ ન મૂક્યા? આ મલીન વૃત્તિઓએ એન.જી.ઓ.ની આડશમાં પોતાના જુઠાણા કરીને ગુજરાત અને દેશની પ્રજાને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીએ ત્રીજી વખત આ રાજ્યમાં શપથ લીધા, રાજધર્મ બજાવીને ગુજરાતની પ્રજાની પ્રચંડ બહુમતીથી જેમણે ગુજરાતની શાસનધુરા સંભાળી છે, જેમની ગણના દેશની અંદર નંબર-વન અને વિદેશમાં અમેરિકા અને કૅનૅડામાં એમની વિડિયો કૉન્ફરન્સ સાંભળવા લોકો પડાપડી કરે છે. શરમની વાત તો ત્યારે થાય કે, * (xxxxx)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે નામ ન લઈ શકાય.

**અધ્યક્ષશ્રી** : અધ્યક્ષશ્રીઓના અગાઉના નિર્ણયો છે કે જે આ સભાગૃહમાં હાજર ન હોય એનું નામ ન લેવાય. હું એ વાતને કાઢી નાખું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મને એવું થયું કે આવડો મોટો માણસ જો વાત કરશે તો દેશની પાર્લામેન્ટ ઉપર જેણે હુમલો કર્યો છે એવા અફઝલ ગુરુને ફાંસી આપવા માટેની વાત કરશે. આ અહીંયા બેઠેલા મિત્રોને હું વિનંતી કરું છું કે ગુજરાતમાં જેને જન સમર્થન છે એવા જવાંમર્દ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી માટે આવાં ઉચ્ચારણો કરવા બદલ તમારે માફી માગવી જોઈએ. મતોની મમતાથી આતંકવાદી પ્રવૃત્તિ નહીં રોકાય. એન.ડી.એ.

* (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

સરકારની પોટા રીવ્યુ કમિટી અને યુ.પી.એ. સરકારની પોટા રીવ્યુ કમિટી, જેણે પોટા એન્ડોસ કર્યો છે એવાનું આ ષડયંત્ર છે એમ કહે છે. ઝૂમ ઝૂમ કે નાચેંગે કહેનારા નાચ બુલબુલ તુઝે વોટ મિલેગા એવી તમારી માનસિકતા છે. હમણાં પોતાના ભથ્થામાંથી સહાય સ્વર્ગસ્થ ચંદ્રમોહન શર્મા, ઈન્સ્પેકટરના પરિવારજનોને આપવાનું નક્કી કર્યું. આ ચંદ્રમોહન શર્માના આત્માને ત્યારે જ શાંતિ મળશે કે જ્યારે તમારા કાયદાના ભાથામાં જે તીર છે એમાંનું એક તીર આતંકવાદીઓની છાતીમાં લગાડવાની સજા કરવામાં આવે. ત્યારે જ એના પરિવાર અને એના આત્માને શાંતિ મળશે. માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લે એક વાત કરવા માગું છું કે, આ સરકાર, યુ.પી.એ.ની સરકાર એ અલગતાવાદીઓને ઇશારે, પાક એજન્ટોના ઇશારે, રાષ્ટ્રવાદીઓને નારાજ અને અલગતાવાદીઓને ખુશ કરવાવાળી માનસિકતા માત્રને માત્ર લઘુમતીઓના ત્રુષ્ટીકરણ માટે, મોત માટે આ દેશની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણા વખતથી અમુક રાજકીય પક્ષોની એક મનોવૃત્તિ ડેવલપ થઈ છે કે પોતાના રાજયમાં અને પોતાના દેશમાં હિંસાઓ થાય, હત્યાઓ થાય અને આ હત્યાઓના નામે આ રાજકીય પક્ષ છે એ હંમેશા અને એ અમુક પ્રકારના જે બનાવો બને છે એનું ગૌરવ લઈને ગૌરવ યાત્રા લઈને ચાલી નીકળી પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઈએ બહુ સાચી વાત કરી (અંતરાય) કે ગોધરાની અંદર ૫૯ લોકો મરી ગયા અને એને મારી નાખવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એની અગાઉ બે વખત રેલવેની અંદર અકસ્માતના બનાવો બન્યા એક વખત લાલ બહાદૂર શાસ્ત્રી હતા બીજી વખત માધવરાવ સિંધીયા હતા, બંનેએ રાજીનામાં આપ્યાં અને જે કારસેવકોના નામે રાજનીતિ વર્ષો સુધી કરી એને જીવતા સળગાવાયા અને છતાં શરમ અનુભવવાને બદલે ભારતીય જનતા પક્ષ એણે ગૌરવ યાત્રા કાઢી એના મુખ્ય મંત્રીએ ગૌરવ યાત્રા કાઢી, ખરેખર તો આ બધાએ શરમ યાત્રા કાઢવાની જરૂર હતી. મારી વાત આપને એટલી જ છે કે, મારા મિત્રો વાત કરતા હતા કે, ઝૂમ ઝૂમ કે નાચુંગા, માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ જોયું હશે ટી.વી.ની અંદર જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી એ આ નાણાવટી કમિશનનો અહેવાલ સ્વીકારતા હતા, જાણે નોબેલ પારિતોષિકો સ્વીકારતા હોય એની જેમ ખુશ મિજાજમાં બંને આમને સામને હતા અને જ્યારે ઝૂમ ઝૂમ કે નાચવાની વાત આવે છે, ઝૂમ ઝૂમ કે નચાય કેમ, એતો ગૌરવ યાત્રામાં પણ જોયું અને જે અફઝલ ગુરુને ફાંસીને આપવાની વાત કરે છે એ આ અફઝલ ગુરુના ગુરુ અઝહર મસુદને કંધહાર મૂકવા જતા હતા (અંતરાય) ત્યારે કોણ નાચ્યું હતું એ મારે પૂછવું છે અને આ અફઝલ ગુરુને ફાંસી આપવી જોઈએ, હું તમારી વાત સાથે સંમત છું પણ આ અઝહર મસુદને મૂકવા જનારને કઈ સજા આપવી જોઈએ એ પણ અહીંયા નક્કી કરી દો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ અઝહર મસુદને ત્યાં મૂકી આવ્યા એને કોઈ સજા નહીં, અને ઝૂમ ઝૂમ કે નાચવાની વાત કરો છો? અયોધ્યા જઈએ માથું નમાવીએ એમાં વાંધો નહીં પણ જેણે આ દેશના ટુકડા કર્યા એ મહંમદઅલી ઝીણાની મઝાર ઉપર જઈને મહંમદઅલી ઝીણાને કુરનિસ બજાવીએ (અંતરાય) શરમ કરો, શરમ કરો, મારે એમ કહેવું છે. વાત આવે છે કમિશનની, મારા મિત્રોએ તો કમિશનનો ઉલ્લેખ નથી કર્યો, મારે એટલો જ કરવો છે, કમિશન પાસે પુરાવાઓ હતા અને પુરાવાઓ જે તેહલકા નામની વાત કરી છે એ તેહલકા જે ન્યૂઝ એજન્સી છે એણે અમુક હલકા લોકોના સ્ટેટમેન્ટ લીધા કે, અમે પચાસ હજાર રૂપિયા દઈ અને સ્ટેટમેન્ટ આપ્યું છે કે પેટ્રોલ અમારે ત્યાંથી ખરીદાયું હતું અને એક વ્યકિતએ એવું આપ્યું કે ભાઈ અમે ચા-બિસ્કિટ આપવા ગયા નહતા અમે તો ઘરે બેઠા હતા. અને એ કોણ હતા કુકુલ પાઠક જે બી.જે.પી.ના મીડીયા સેલના ચેરમેન હતા એના ઉપર આ, નાણાવટી કમિશને આધાર રાખ્યો છે. એણે તો એમ કહ્યું કે અમે તો ઘરે બેઠા હતા એટલું જ નહીં પણ આ પુરાવાઓ નાણાવટી કમિશન પાસે હતા એટલું જ નહીં પણ એક બીજી કૅસૅટની અંદર અહીંયાના આપણા એક વખતે ધારાસભ્ય તરીકે બેસતા હતા એ અને બીજા ત્રણ વ્યકિતએ એમ કહ્યું કે જસ્ટીસ મહેતા તો અમારા માણસ છે અને એણે અમને જામીન આપ્યા છે આની પણ એક પિટિશન પડેલી હતી એની તપાસ જે તે કોર્ટો કરતી હતી એને ફરી પાછા આ કમિશનના અધ્યક્ષ બનાવ્યા અને પછી સર્ટીફીકેટ લીધું કે આમાં મંત્રીમંડળના સભ્યો ઈન્વોલ્વ નહોતા, પણ મારે આપના મારફત પૂછવું કે આખરે આ

ઘટનાની જવાબદારી કોની હતી? એન.ડી.એ. ના શાસનની, અડવાણીની અને નરેન્દ્ર મોદીની. અટલ બિહારી બાજપાઈએ કહયું હતું કે રાજધર્મ બજાવવામાં તમે નિષ્ફળ નિવડયા છો. એટલા માટે કહું છું કે એક તરફ હત્યાઓ થવા દેવી બીજી તરફ આ હત્યાઓના નામે રાજનીતિ કરવી એ સિલસિલો બંધ કરવો જોઈએ અને આખી ઘટનાની સી.બી.આઈ.ની ઈન્કવાયરી થવી જોઈએ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણાવટી પંચે પોતાના અહેવાલનો પહેલો ભાગ સરકારને સુપરત કર્યો અને આ ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો છે. અમિતભાઈ, ૨૭મી ફેબ્રુઆરીએ એક ગોઝારો બનાવ બન્યો. ૫૯ કારસેવકોને જીવતા સળગાવવામાં આવ્યા અને એના પછી સમગ્ર ગુજરાતમાં જે બનાવો બન્યા એમાં કુલ ૧૨૦૦ જેટલા લોકોએ પોતાના જીવ ગુમાવવા પડયા. આ ગંભીર બાબત છે. હું સમજું છું કે આ ગૃહે ખૂબ જ ગંભીરતાપૂર્વક આ બાબતની ચર્ચા કરવી જોઈએ. નાણાવટી પંચે પોતાનો રિપોર્ટ આપ્યો. સાડા છ વર્ષના સમય પછી, અનેક જુબાનીઓ લીધા પછી આ રિપોર્ટ આપવામાં આવ્યો અને આ રિપોર્ટ જયારે વાંચીએ ત્યારે એમ લાગે કે જયારે આ રિપોર્ટનો આશય આ સરકાર, એના મંત્રીઓ અને આ સરકારના કેટલાક અધિકારીઓને

કલીન ચીટ આપવાનો હતો ત્યારે દુઃખ થાય કે આ ૧૨૦૦ માણસોના અવસાન થયા, એમની હત્યા થઈ અને એમ છતાં પણ આ પ્રકારનો રિપોર્ટ આવી શકે? આ રિપોર્ટમાં એવું લખવામાં આવ્યું, આ આખો રિપોર્ટ એવો દેખાય કે એક સરકારી અધિકારી નિઓલ પરમારની જે થીયરી હતી એ થીયરીને માન્ય રાખીને આખો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને આ એ જ અધિકારી કે જેમને ચાર ચાર વખત સરકારે એક્ષ્ટેન્શન આપી અને ચાલુ રાખ્યા આ રિપોર્ટ એમની તરફેણમાં આવે એટલા માટે અને પંચે પણ એના રિપોર્ટમાં લખ્યું. શું લખ્યું? He had felt that this was pre-planned. કોણે? Mr. Neol Parmar had felt that this was pre-planned. અને કમિશને સ્વીકારી લીધું સાહેબ. કેટલાક સવાલો ઉભા થાય આ રિપોર્ટ વાંચીએ તો. ૧૪૦ લીટર પેટ્રોલ લઈ જવામાં આવ્યું. જે પંપેથી પેટ્રોલ ખરીદવામાં આવ્યું એ પંપના માલિક એમ કહે કોઈ ચેનલને ઈન્ટરવ્યુ આપતા કે મને પચાસહજાર રૂપિયા આપીને મારી પાસે આવું નિવેદન લેવામાં આવ્યું હતું. આ ડબ્બામાં હાજર આઈ વીટનેસ એમ કહે કે જયારે આગ લાગી ત્યારે અમને પેટ્રોલની કોઈ વાસ આવી નહોતી. બહાર સરકારી પોલિસ અધિકારી હાજર, એ એમ કહે કે એમને કોઈ વાસ આવી નહોતી. ડબ્બામાં ૨૦૦ પેસેન્જરો હાજર અને ૨૦૦ પેસેન્જરમાંથી એક પણ પેસેન્જર એમ ન કહે કે બહારથી કેરબા લઈ જતા અમે કોઈને જોયા હતા. વજુરામ વર્મા અને મીનાક્ષી દેવી જેવા ડબ્બાના પેસેન્જરની આઈ વીટનેસની જુબાનીને પણ નાણાવટી પંચ ધ્યાનમાં ન લે, રેલવે ડિપાર્ટમેન્ટ એમ કહે કે નવા જે ગેઝેટસ લગાડવામાં આવ્યા છે એ ગેઝેટસની અંદર બહારથી ચેન ખેંચી શકાય એવી કોઈ જોગવાઈ જ નથી એવું રેલવે ડિપાર્ટમેન્ટ કહે અને એમ છતાં પણ એ વાતને નજર અંદાજ કરવામાં આવે. રેલવેના ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ગોધરા એમ કહે કે હું એ વખતે એ કેબીનમાં હાજર હતો અને એ કેબીનની બહાર કોઈ ભીડ મેં જોઈ નથી અને એના નિવેદનને પણ એમ કહે પંચ કે આ નિવેદન ખોટું છે. પેટ્રોલ પંપના માલિકોએ લાંચ આપીને લીધેલા એવા તો કેટલા નિવેદનો અને કલાન્ડર જેવા અધિકારીને.પોલીસ દ્વારા એના ઉપર ફિઝિકલ અત્યાચાર કરવામાં આવે અને એને નિવેદન આપતા રોકવામાં આવે, એમ છતાં પણ કહીએ કે આ રિપોર્ટ વિશ્વસનીય છે. કોને મૂર્ખ બનાવવા નીકળ્યા છીએ? ગુજરાતની જનતા પ્રત્યે આપણી કેટલી જવાબદારી છે. આ જ જવાબદારી...

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થયું. માનનીય અમિતભાઈ

**શ્રી અમિત શાહ(રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા માનનીય સભ્યશ્રી શંકરભાઈનો આભાર માનું છું. આ રિપોર્ટ ઉપર ચર્ચા માગી. સત્યથી આ ગૃહને અવગત કરાવવાનો મોકો આપ્યો છે. આ ગૃહ ઉપર ટ્રેઝરી બેન્ચ અને વિપક્ષના સભ્યશ્રીઓએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા છે. મારે કેટલીક વસ્તુઓની સ્પષ્ટતા પણ એમાંથી કરવી પડે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું કે આપે બંને પક્ષના સભ્યશ્રી સુપ્રીમ કોર્ટ પાસે જઈએ અને સુપ્રીમ કોર્ટને વિનંતી કરીએ કે કમિશન નીમે. જે કમિશન આખી ઘટનાની તપાસ કરે. મારે આપના માધ્યમથી શ્રી શક્તિસિંહભાઈને જણાવવું છે કે આ કમિશનની રચના એ જે પદ્ધતિ કહે છે, તે પદ્ધતિથી જ થયેલ છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત સરકારને પત્ર લખ્યો હતો. ભારત સરકારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસને પત્ર લખ્યો હતો અને જસ્ટીસ નાણાવટીનું એકમાત્ર નામ ભારતની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે સૂચવેલ છે. એના આધાર ઉપર...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તદન * (xxxxx) વાત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શક્તિસિંહજી * (xxxxx) એ શબ્દ પહેલા પાછો ખેંચો. (અંતરાય) મેં આનંદીબેનને પણ શબ્દ પાછા ખેંચાવડાવેલ હતા. પહેલા એ શબ્દ પાછા ખેંચો. (અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નિવેદન * (xxxxx) હોય તો શક્તિસિંહ પણ વિશેષાધિકાર સમિતિમાં લઈ જાય. જેણે ફોન કર્યો હોય (અંતરાય) એને વિશેષાધિકાર સમિતિમાં શક્તિસિંહ લઈ જાય.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** :*( xxxxx) તે શબ્દ પાછો ખેંચો (અંતરાય)

**શ્રી અમિત શાહ** : પહેલા મારી વાત પૂરી થવા દો. હું માગણી કરું છું કે એમણે કહ્યું આ નિવેદન *(xxxxx) છે. આ વસ્તુ વિશેષાધિકાર સમિતિમાં લઈ જવી જોઈએ. દાખલ કરવી જોઈએ અને એના ઉપર તપાસ થવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : તમે *(xxxxx) એ શબ્દ પહેલા પાછા ખેંચો. (અંતરાય) મને સાંભળી લો પહેલા. ઓર્ડર... ઓર્ડર.. (અંતરાય) આપ બેસી જાઓ. હું ઉભો છું. આ ગૃહની અંદર...એમને પણ કહું છું. તમને પણ કહું છું. મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એ હું કે તમે નહિ કહી શકીએ. જવાબ આપવો એ એમનો અધિકાર છે. હવે એ જવાબની અંદર તમને યોગ્ય લાગતું ન હોય તો વિધાનસભાના નિયમો નીચે એની અંદર આપ કાર્યવાહી કરી શકો છો. તમે વિરોધ પક્ષના નેતા છો. તમે જાણો છો. તમે જ વાંધો લીધો હતો, જયારે આનંદીબેને શબ્દ વાપર્યો ત્યારે, એટલે એ જ શબ્દ તમે ફરીથી વાપર્યો છે. હું એ શબ્દ કાઢી નાખું છું અને માનનીય મંત્રીશ્રીને કહું છું કે તમે આગળ ચલાવો.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો એ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : આ કન્ફ્યુઝન ન રહે એટલા માટે કહેવા માગું છું કે ૧૮ મે ૨૦૦૨ ના દિવસે ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાએ ભારત સરકારના કાનૂન મંત્રીશ્રીને પત્ર લખ્યો છે. શ્રીમાન બી.એન. ક્રિપાલે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે. માનનીય અધ્યક્ષશ્રી કમિશનની નિમણૂકની બાબતમાં સરકાર નામ સૂચવીને મોકલતી હોય છે અને એને એપ્રુવલ મળતું હોય છે. એ વાત સાચી. કેન્દ્રમાં એમની સરકાર હતી.(અંતરાય ) તમને શું તકલીફ છે.

**શ્રી અમિત શાહ** : હું એનો જવાબ આપી દઉં.

**અધ્યક્ષશ્રી** : આજે જે કઈ સમય બગડશે, એટલો સમય તમને મળશે એક અને (અંતરાય) તમને પૂરો આપ્યો છે. (અંતરાય) પૂરો સમય આપ્યો છે. એક એક મિનિટ હું ગણું છું. એક એક મિનિટ ગણી છે. હું ગણીને આપું છું. તમે એમને કેવો જવાબ આપવો, મંત્રીશ્રીને કેવો જવાબ આપવો તેવી ફરજ વિરોધપક્ષ પાડી શકશે નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમને ડીસ્ટર્બ કર્યા છે. ત્રણે ત્રણને ડીસ્ટર્બ..

**અધ્યક્ષશ્રી** : મેં તે વખતે રોકયા છે અને નેઈમ પણ કર્યા છે. બધો સમય ગણવો પડશે. એમને મારે ટોટલની ૨૦ મિનિટ આપવી જ પડશે. અમિતભાઈ જવાબ આપો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાએ કહયું સાહેબ.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સૂત્રોચ્ચાર કરવો હોય તો બહાર જઈ શકો છો.

**( આ તબકકે સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલ વેલમાં ઘસી આવ્યા અને કાગળના ટૂકડા વેલમાં ઉછાળ્યા)**

**અધ્યક્ષશ્રી** : અશ્વિનભાઈને બહાર લઈ જાઓ. નિયમ-૫૧ નીચે બહાર લઈ જાઓ.

**(આ તબકકે સાર્જન્ટ દ્વારા અશ્વિનભાઈ કોટવાલને ગૃહની બહાર લઈ જવામાં આવ્યા)**

**અધ્યક્ષશ્રી:** ગૃહ જેટલો સમય ઓર્ડરમાં નહીં રહે તેટલો સમય મંત્રીશ્રીને આપીશ. લખી લો, આ સમય. જેટલો સમય ગૃહ ઓર્ડરમાં નથી તેટલો સમય મંત્રીશ્રીને જવાબમાં આપવામાં આવશે.

**(આ તબકકે જૂઠું બોલવાનું બંધ કરો તેવો સૂત્રોચ્ચાર વિરોધપક્ષ તરફથી સતત કરવામાં આવ્યો)**

**અધ્યક્ષશ્રી:** સૂત્રોચ્ચાર કરવો હોય તો બહાર જઈ શકો છો. નહીં તો મારે નિયમ-૫૧ નો ઉપયોગ કરીને નિર્ણય કરવો પડશે. ગૃહને ઓર્ડરમાં રાખવાની બધાની જવાબદારી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કયારેય અમને રક્ષણ નથી મળતું.

**અધ્યક્ષશ્રી** : પૂરેપૂરું રક્ષણ આપું છું. આપ વિરોધપક્ષના નેતા તરીકે છો તેવા શબ્દો વાપરતાં પહેલાં ખબર હોવી જોઈએ. આવા શબ્દો ન વપરાય. મંત્રીને કેવો જવાબ આપવો તેવી ફરજ પાડી શકાય નહીં. નહીં નહીં. મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો તે ફરજ ના પાડી શકાય. આ નિયમ તમે જાણો છો. જો ગૃહ ઓર્ડરમાં ન રાખવાનું હોય તો તમે નિર્ણય કરીને કહો કે નથી રાખવું તો નિયમ-૫૧ નીચે નિર્ણય લેવા તૈયાર છું. નહીં, નહીં, હું મારો નિર્ણય મારી રીતે લઈશ. જયારે આવશે ત્યારે પણ કરીશ. અર્જુનભાઈ મારે ગૃહની ચર્ચા પૂરી કરવી છે. તમે એકબાજુ એમ કહો કે ગૃહ ઓર્ડરમાં ન રાખીએ અને બીજી બાજુ મંત્રીને જવાબ આપવા ન દઈએ અને સમય ન વધારીએ, સમય વધારવો તે મારી જવાબદારી છે. સમય વધારીને મંત્રીને સમય પૂરતો આપવો તે મારી જવાબદારી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ત્રણે ત્રણ સભ્યોને...

**અધ્યક્ષશ્રી** : નહીં એ વખતે પણ મેં રોકયા છે. ગૃહની અંદર મેં રોકયા છે. તે વખતે રોકયા છે. પૂરતો સમય આપ્યો છે અને કેટલી સેંકંડો ગણી છે. મારો નિર્ણય છે કે જેટલો સમય ગૃહ ઓર્ડરમાં નહીં હોય તેટલો સમય મંત્રીશ્રીને આપીશ. આપે જેટલો સમય લેવો હોય તેટલો અને વધારે સમય લેવાશે તો નિયમ-૫૧નો ઉપયોગ કરીશ. આપે નકકી કરવાનું છે.

**શ્રી ખુમાનસિંહ ચૌહાણ:** અમારો અધિકાર છે. અમે વિરોધપક્ષમાં છીએ. (બેઠા બેઠા)

**અધ્યક્ષશ્રી** : ગૃહને ઓર્ડરમાં રાખીને કાર્યવાહી આગળ ચલાવીએ. જવાબ સાંભળવો આપની જવાબદારી છે. શકિતસિંહને પૂરેપૂરું પ્રોટેકશન આપ્યું છે એટલું જ નહીં ચર્ચાઓની બાબતની અંદર પણ અને પ્રશ્નોને દાખલ કરવાની બાબતમાં મારી નિષ્પક્ષતા છે. તે ટકાવી રાખવાનું છે. એવું ટકાવી રાખવાનું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમને ત્રણેને ડીસ્ટર્બ કરવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ત્રણેને ડીસ્ટર્બ કરનારને મેં બંધ કર્યા છે. મેં બંધ કર્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અને મને તમે સમય પણ ન આપો તે..

**અધ્યક્ષશ્રી** : તમે આઠ મિનિટ માગી હતી મેં ૧૦ મિનિટ આપી છે. સાડા નવ થી દસ મિનિટ છે. આ બે.. અર્જુનભાઈને છ મિનિટ માગી છે. તમને છ મિનિટ. છ, છ અને દસ મિનિટ. માનનીય નીતિનભાઈ, પ્લીઝ, પ્લીઝ, તમે ન બોલો તો સારું, એ બોલ્યા છે, માનનીય વજુભાઈ, એ બોલ્યા છે. ચર્ચા આગળ ચલાવવી હોય તો હાઉસને ઓર્ડરમાં લાવો, જેટલી મિનિટો ગઈ છે એટલી મિનિટો ટોટલ ટાઈમની અંદર હું વધારીશ. (

અંતરાય ) નહીં, નહીં, એનો જ મને વાંધો છે, હાઉસ ઓર્ડરમાં હોય એટલી મિનિટો તો આપવી પડશે. આ મારો નિર્ણય છે, (અંતરાય) નહીં, નહીં, અવાજો હતા નહીં, સભાગૃહનો રેકર્ડ છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ લોકો ડિસ્ટર્બ કરશે તો અમે ડીસ્ટર્બ પણ ડિસ્ટર્બ કરીશું.

**અધ્યક્ષશ્રી** : તમે ડિસ્ટર્બ કરશો તો, ડિસ્ટર્બની મર્યાદા તો રહેને? એ આપની માફક ઊભા નથી થયા કે ઊભા થવા નથી દીધા, નહીં, નહીં, આ જે તમે કહો છો, આખી ચર્ચાની અંદર આ બાજુથી એક પણ સભ્યશ્રીએ ઊભા થઈને અવાજો નથી કર્યા, અને જેમણે કર્યા છે. (અંતરાય) મારો સ્પષ્ટ નિર્ણય છે કે સભાગૃહને ઓર્ડરમાં રાખવાની જવાબદારી મારી છે અને સભાગૃહ ઑર્ડરમાં આવ્યા પછી જ ચર્ચાની શરૂઆત થશે. (અંતરાય) ભાઈ, શ્રી નીતિનભાઈ તમારે શું કામ બોલવાની જરૂર પડી, તમે બોલ્યા, વિરોધપક્ષના નેતાશ્રીને બોલ્યા છે, અને મેં સાંભળ્યું છે, મેં સાંભળ્યું છે નીતિનભાઈ, તમારા આ શબ્દો હતા. વિરોધપક્ષના નેતાને તમે શું કરવા કહો છો? મેં સાંભળ્યું છે.

( આ તબક્કે "વિરોધપક્ષને ન્યાય આપો" એવા સૂત્રોચ્ચાર ચાલુ)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, જે પ્રણાલિકા આપણે પાડી છે અને જે દિશામાં આપણે આગળ જવું છે, હું ફરીથી એકવાર આપ સૌને વિનંતી કરું છું કે, તમે બધા બેસી જશો, અને હાઉસને ઓર્ડરમાં લાવીશું, અને માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી...(અંતરાય)

( આ તબક્કે " વિરોધપક્ષને ન્યાય આપો" એવા સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : ગૃહનું કામકાજ ન જ કરવું હોય તો આપને બહાર જવાની છૂટ છે, આપની પાસે બે જ વિકલ્પો છે, કાં તો ગૃહની કાર્યવાહી ચાલવા દો, બેસીને સાંભળો, (અંતરાય) હું ન્યાયની વાત કરું છું, દરેકને મિનિટો પૂરતી આપી છે, જેટલો સમય ગયો છે એટલો હું આપીશ જ. (અંતરાય)

(આ તબક્કે " વિરોધપક્ષને ન્યાય આપો"એવા સૂત્રોચ્ચાર સતત ચાલુ)

**અધ્યક્ષશ્રી** : કાં તો આપ બહાર નીકળી જાઓ, બહાર નીકળી જાઓ, મારે ૫૧નો ઉપયોગ કરવો પડશે. હું ૫૧ નો ઉપયોગ કરું? વૉક આઉટ કરવાનો તમને અધિકાર છે, ૫૧ નો ઉપયોગ કરું? મારે ગૃહને ઓર્ડરમાં રાખવું છે. મારે ગૃહ ઓર્ડરમાં રાખવું છે.

( આ તબક્કે ઊભા થયેલા સૌ સભ્યશ્રીઓએ પોતપોતાની બેઠક પર બેસી ગયા)

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, એ એમ કહે છે કે અમારી હાર થઈ છે, અમે તો આપને માન આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : મહેરબાની કરીને, દંડકશ્રી, આ બાજુ જે પ્રકારના અવાજો થતા હોય એમને ના પાડો. ચર્ચાને આગળ ચાલવા દો. (અંતરાય) કોઈ એમાં જંગ જીત્યા નથી અને આપણે ચર્ચાને આગળ ચલાવવી છે, લોકશાહીને જીવંત સ્વરૂપમાં બતાવવી છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ જસ્ટીસ નાણાવટી પંચની નિમણૂક વખતે રાજય સરકારે કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ સાહેબને વિનંતી કરી હતી. માનનીય શકિતસિંહજીએ એક પ્રશ્ન એમાં પણ ઉભો કર્યો કે, અહીંથી નામ લખીને આપણે મોકલ્યું હતું એ એમણે મંજૂર કર્યું હતું ? નાજી. આપણે એમની પાસેથી નામ માગ્યું હતું, પત્રની અંદર આપણે કોઈ નામ નહોતું લખ્યું અને સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયાના જસ્ટીસ શ્રીમાન ક્રિપાલ સાહેબે એક માત્ર નામ જસ્ટીસ નાણાવટીનું સૂચવ્યું હતું એના આધાર પર આ નિમણૂક કરવામાં આવી હતી. એ પછી શ્રી મહેતા સાહેબની નિમણૂક કરવાનો સમય આવ્યો એ વખતે પણ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસશ્રીને આપ કોઈ પણ એક નામ હાઈકોર્ટના રિટાયર્ડ જજ સાહેબનું આપો એવી વિનંતી કરવામાં આવી હતી એના આધાર પર એમણે જ શ્રી મહેતા સાહેબનું નામ આપ્યું હતું. આ નામો સરકારે નક્કી કરેલા નથી, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે નક્કી કરેલા છે એમાં શ્રદ્ધા હોય તો ઠીક છે નહીં તો રામ રામ. કોઈ પણ ન્યાયિક પ્રક્રિયામાં શ્રદ્ધા ન હોય તો કઈ રીતે ચાલે? પહેલાં આરોપો કરે કે આની તપાસ થવી જોઈએ, માગણીઓ કરી કે આની તપાસ થવી જોઈએ. સરકારે કમિશન નીમ્યું અને કમિશન નીમતી વખતે સરકારે નામ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ પાસેથી માગ્યા, હાઈકોર્ટના ચીફ જસ્ટીસ પાસેથી માગ્યા એમણે આપેલા એક માત્ર નામના કમિશનને તપાસ સોંપી પછી તપાસ પંચનો રિપૉર્ટ આવ્યો તો એ માન્ય નથી. આ જસ્ટીસ નાણાવટીને શીખ રાયોટસની તપાસ કોંગ્રેસ સરકારે સોંપી હતી એ વખતે ન્યાયમૂર્તિ નાણાવટી તટસ્થ હતા? એ રિપોર્ટ અનુકૂળ હોય એટલે એ તટસ્થ અને રિપોર્ટ અનુકૂળ ન હોય એટલે તટસ્થ નહીં? આ પ્રક્રિયા ન્યાયિક પ્રક્રિયામાં શ્રદ્ધા નથી એ વાતની સૂચક છે એવું હું ચોક્કસ માનું છું. કમિશનોનો ઈતિહાસ આ રાજયમાં નવો નથી, કોંગ્રેસની સરકારે તો ૨૩ કમિશનો નીમ્યાં હતાં એમાંથી બે કમિશનો તો વાઈન્ડ અપ કરી લીધાં. કયા બે કમિશનો? એક તો રથયાત્રા પર હુમલાની તપાસનું કમિશન વાઈન્ડપ કરી લીધું, તપાસની જરૂરત નથી અને ગૃહમાં રિપોર્ટ મૂકવાનો પ્રશ્ન જ નથી. બીજું અનામતના આંદોલનમાં હિંસાનું તપાસ પંચ હતું અને એક વડોદરામાં લઠ્ઠાકાંડ થયો હતો એનું તપાસ પંચ નીમ્યું હતું પણ પછી વાઈન્ડપ કરી દીધું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર આ રીતે કામ કરવામાં વિશ્વાસ નથી રાખતી. અમે કમિશન નીમ્યું હતું અને કમિશને ૬ વર્ષ સુધી તપાસ કરી છે, આશરે ૪૬૦૦૦ અરજીઓ પ્રોસેસ કરી છે એની પર ૧૦૦૦ કરતાં

વધુ લોકોની જૂબાની લેવામાં આવી છે, પુરાવા એકત્રિત કર્યા અને એ પછી કમિશને રિપોર્ટ આપ્યો છે એટલે આ કમિશનના રિપોર્ટ ઉપર શંકા-કુશંકા સેવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બેનરજી કમિશનની નિમણૂક કરી, બેનરજી કમિશનને કેન્દ્ર સરકારના રેલવે મંત્રાલયે નીમ્યું એની સામે એક પી.આઈ.એલ. થઈ, પી.આઈ.એલ.ની અંદર મુદો ઉપસ્થિત થયો કે એક જ ઘટનાની તપાસ બે પંચ કરી શકે કે ના કરી શકે? પરિણામ શું આવ્યું કે હાઈકોર્ટે બેનરજી કમિશનની નિમણૂકને ગેરકાયદેસર ઠેરવી. રિપોર્ટ રજૂ ન કરવા માટે હાઈકોર્ટે સૂચના આપી અને એ પછી આ નાણાવટી કમિશનનો અહેવાલ આવ્યો છે પરંતુ જસ્ટીસ નાણાવટી-મહેતા કમિશન પર શ્રદ્ધા કેમ નથી? કારણ કે અહેવાલ અમારે અનુકૂળ નથી. ભાઈ, કમિશનનું કામ કોઈને અનુકૂળ અહેવાલ આપવાનું નથી. કમિશનનું કામ ન્યાય કરવાનું છે. બેનરજી કમિશનના અહેવાલનો પ્રશ્ન જ રહેતો નથી કેમ કે એ કમિશનને હાઈકોર્ટે ગેરકાયદેસર ઠેરવેલ છે. એ ગેરકાયદેસર કમિશન હતું. (અંતરાય)

**શ્રી શકિતસિંહ ગોહીલ :** (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એ મેટર એડમિટ થયેલી પડી છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેટર એડમીટ થયેલી પડી છે પણ એની ઉપર કોઈ સ્ટે નથી અને નીચલી અદાલત એટલે સીંગલ જજે ઓર્ડર કર્યો છે કે આ ગેરકાયદેસર કમિશન છે.જ્યારે ડિવિઝન બૅન્ચ નિર્ણય કરશે ત્યારે કરશે, ના હોય તો કેમ રજૂ નથી કરતાં અહેવાલ, અહેવાલ મૂકોને સંસદના ટેબલ ઉપર, કેમ નથી કરી શકતા, અમે નિયમ પ્રમાણે ચાલીએ છીએ, અમે વાઈન્ડઅપ નથી કરતા, (અંતરાય) શકિતસિંહભાઈ, ગુજરાતની પ્રજાએ કોંગ્રેસ પાર્ટી આખી વાઈન્ડ અપ કરી નાંખી, આવડા બનાવીને મૂકી દીધા છે તમને,

**અધ્યક્ષશ્રી** : અમીતભાઈ, તમે તમારો જવાબ ચાલુ રાખો, (અંતરાય) નહિ શકિતસિંહ,

**શ્રી અમિત શાહ** : સાહેબ હું જવાબ આપું છું,

**અધ્યક્ષશ્રી** : અમીતભાઈ, તમે તમારો જવાબ ચાલુ રાખો, (અંતરાય) નહિ શકિતસિંહ, અમીતભાઈ તમે મને સંબોધીને કહેજો, શકિતસિંહજી એમના રિપૉર્ટ ઉપર તમારે જે કંઈ પ્રતિભાવો આપવા હોય (અંતરાય) તે બહાર જઈને આપી શકો છો અને ગૃહમાં ચર્ચા ઊભી કરવી હોય તો નિયમ મુજબ ચર્ચા માંગો. (અંતરાય) હવે તમે શકિતસિંહજીને ના કહેતા અને મને કહેજો અને તમારું પ્રવચન પૂરું કરો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે મારા ચાલુ વક્તવ્યમાં નુકચેતી કરી છે, એ નુકચેતીને રોકો તો હું જવાબ નહિ આપું. ચાલો નાણાંવટી કમિશનમાં પણ શ્રદ્ધા ના હોય માની લઈએ, કદાચ થોડા ઘણાં ડિસ્પ્યુટ હોય, કોઈના મનમાં શંકા હોય, કુશંકા હોય, પરંતુ આ નાણાવટી કમિશન સામે ગુજરાતના બધા રાજકીય પક્ષો, બધા એન.જી.ઓ. બધા નાગરિકોને ઉપસ્થિત થવાની છુટ્ટી. જે તે વખતના કોંગ્રેસ પક્ષના પ્રમુખ સ્વર્ગસ્થ અમરસિંહભાઈએ આ નાણાવટી કમિશન સામે એક એફિડેવિટ કરી છે, શું એફીડેવીટ કરી છે, એમાં એમણે જણાવ્યું છે કે, જે પ્રકારની
ઘટના ઘટી છે એ અકસ્માત ના હોઈ શકે, એ સ્પોન્ટેનીયસ પણ ના હોઈ શકે, આ ષડ્યંત્ર છે, એટલે એની ઊંડી તપાસની જરૂર છે, આ કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે એમણે કરેલી આ એફિડેવિટ છે. એમના પ્રમુખની વાત નથી માનતા. કારણકે હવે અત્યારે એ અનુકુળ નથી.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

## ગૃહમાં હાજર ન હોય તેવા સભ્ય અંગે ઉચ્ચારણ કરવા અંગે

**શ્રીશક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના અધ્યક્ષશ્રીના નિર્ણયો આપ જોઈ લો, જે વ્યકિત ગૃહમાં હાજર નથી, જેની એફિડેવિટની નકલ સભ્યશ્રીઓને અપાઈ નથી, જે અહીંયા ખુલાસો કરી શકે એમ નથી એને ટાંકીને કરવાનું હશે તો કાલે હું ગમે તે કાગળ લઈ આવીશ બાજપાઈજીના નામનો.

**શ્રી અમિત શાહ** : સભ્યને નકલ આપવાનો પ્રશ્ન નથી. રિપૉર્ટની નકલ અપાઈ ગઈ છે એના પેરા નંબર-૪૧માં આ ઘટના નોંધેલી છે. એ ઘટનાનો ઉલ્લેખ કરું છું. (અંતરાય) કાઢીને વાંચોને પણ, હું કયાં વંચાવું તમને? મારી જવાબદારી છે? તમે વાંચો,

**અધ્યક્ષશ્રી** : અમીતભાઈ, તમે આગળ ચાલો,

**શ્રી અમિત શાહ** : એમણે કહ્યું કે કઈ રીતે નિર્ણય પર પહોંચ્યા? એક લંબાણ પ્રક્રિયા પછી આ કમિશન નિર્ણય પર પહોંચ્યું છે. એસ-૬ અને એસ-૭ ની વચ્ચેની વેસ્ટીબ્યુટ ફાટેલી છે ત્યાં આગળના દરવાજા ખોલવાની જગ્યાએ સ્ટોપર હતી ત્યાં આગળ હોલ પાડેલો હતો, પેટ્રોલ ઢોળ્યું હતું એ જગ્યાએ એટલી બધી આગ લાગી હતી કે ખાડો પડી ગયો છે. કોઈ કેરોસીનના પ્રાઈમસથી કે કોઈ અકસ્માતથી આગ ના લાગે, આ ડબ્બો સ્વયં અગ્નિશામક પદાર્થોનો બનેલો હોય છે. નાનકડી બીડી પડી જાય, નાનકડી દીવાસળીની સળી પડી જાય કે થોડુંક કોઈનું લાવેલું કેરોસીન પડી જાય તો આગ ના લાગે, એ તો ઓલવાઈ જાય અને આ હું નથી કહેતો, રેલવે મંત્રાલય કહે છે કે આ ડબ્બાઓની રચના એ રીતે થઈ છે કે એ સ્વયં અગ્નિશામક છે, જો પરપઝફુલી આગ લગાડવામાં આવે તો, તો અને તો જ આગ લાગે. એટલા માટે આ કમિશન એ નિર્ણય પર પહોંચ્યું છે. કમિશનની જવાબદારી નથી આપણા પોલિટીકલ ઈન્ટરેસ્ટને પ્રોટેકટ કરવો. 'એ' પાર્ટી કે 'બી' પાર્ટી, કોઈનાય પોલિટીકલ ઈન્ટરેસ્ટને પ્રોટેકટ કરવાની જવાબદારી નથી, પરંતુ ૬ વર્ષ થયાં આરોપો ઘડતાં, છ વર્ષ થયાં એના

આધારે, એ આરોપોના આધારે મત લેવાની પ્રક્રિયા કરી, જ્યારે હવે જજમૅન્ટ આવ્યું છે, ત્યારે બરોબર એને સ્વીકારી શકાય એવી સ્થિતિમાં નથી, એટલે વિરોધ કરે છે, હું એવું ચોક્કસ કહું છું, એમણે કહ્યું કે આ કમિશનના રિપૉર્ટને ચેલેન્જ કરવો જોઈએ. આ દેશમાં અત્યારસુધી બધું જ ચેલેન્જ થયું છે. ગોધરાકાંડની એક એક ઘટના ન્યાયની કસોટીમાં ખરી ઊતરી છે. જે ઘટનાનો ઉલ્લેખ થાય છે, એ ધરપકડ, એની કલમો, એનો કાયદો, એની પોલીસની થિયરી, સેશન્સ કોર્ટથી માંડીને સુપ્રીમ કોર્ટ સુધી એટ લેન ડિસ્કસ થઈ છે અને જામીન નથી મળ્યા, થિયરી અને પોટાની કલમ લગાડવાનું બન્નેનું, ભારતની સુપ્રીમ કોર્ટે કન્ફર્મ કર્યુ છે એટલે હું ગૃહને વિશ્વાસથી જણાવી શકું છું કે, એ થયેલી પ્રક્રિયા સંપૂર્ણપણે જ્યુડીશીયલ પ્રક્રિયા છે, એની ઉપર આપણે આરોપ કરીએ, એ આ ગૃહની શોભા નથી, વધારે વિગતે જો અહેવાલ વાંચશે તો તરત જ ખબર પડશે કે અહેવાલની અંદર ઈંચ એન્ડ એવરી પેઈજ ઉપર એક સાઈડ અથવા તો બીજી સાઈડના બન્નેના એફીડેવીટ્સ અને એની જોગવાઈઓ બતાવેલી છે, તેમણે કહ્યું કે હાઈકોર્ટમાં આ વસ્તુ પેન્ડીંગ છે. પરંતુ આ કમિશનનો રિપોર્ટ સ્પ્રેડ થઈ ગયો છે. હવે કયાંય કોઈ જગ્યાએ આ પીટીશન રિપોર્ટ પરની ચર્ચાની બાબત કોઈ જગ્યાએ ન્યાયાલયની અંદર પેન્ડીંગ નથી. સવાલ શું છે? સવાલ સત્ય શોધવાનો છે. સત્ય શોધવાનો જો સવાલ હોય તો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે નીમેલા અને હાઈકોર્ટના ચીફ જસ્ટીસે નીમેલા ન્યાયાધીશોએ છ વર્ષ મથામણ કરી અને સત્ય શોધીને બહાર કાઢ્યું છે. સવાલ એ છે કે પોટા કેમ ઉઠાવવાની માગણી થાય છે, કેમ પોટા રિવ્યુ કમિટી બદલવામાં આવે છે, કેમ એકલો ગોધરાનો કેસ ફીંગર આઉટ થાય છે, કેમ તેની ઉપર પ્રશ્નો ઉભા થાય છે? કેમ નાણાંવટી કમિશનના અહેવાલ ઉપર પ્રશ્નો ઉભા કરવામાં આવે છે. સાહેબ, •(xxxxx) બાકી તો બધું થશે તે થશે પણ ઈશ્વર માફ નહીં કરે, ઈશ્વર માફ નહીં કરે તમને.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## તહોમતદારોને બચાવવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, તહોમતદારોને કયારેય બચાવ્યા નથી અને બચાવવાનો પ્રયત્ન હોઈ શકે નહીં. સાચા તહોમતદારો અંદર જાય તેનો પ્રયત્ન છે. આ શબ્દ છે તે રેકર્ડમાંથી દૂર કરો, મંગાવીને જુઓ. અમે બોલીએ છીએ તે માત્ર સાચા તહોમતદાર અંદર જાય તેની ચિંતા કરીએ છીએ. તહોમતદારોને બચાવવાનું કંઈ કરતા નથી. એટલા માટે આ શબ્દો દૂર થાય તે જરૂરી છે.

**અધ્યક્ષશ્રી** : હું જવાબ આપીશ. આપ બેસી જાવ. તમારી પાસે હવે માત્ર ચાર મિનિટ રહે છે એટલે હું સમય નથી બગાડવા માગતો એટલે તેમના પોઈન્ટ ઓફ ઓર્ડરનો અને તમારા કહેલા વાકયોને હું જોઈ પછી નિર્ણય કરીશ. તમારી પાસે ચાર મિનિટ રહે છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી નાણાવટી પંચનો સવાલ છે ત્યાં સુધી, લગભગ ૬ વર્ષ સુધી મથામણ કરીને આ સત્ય કાઢ્યું છે અને આખી થિયરીનું સમર્થન કર્યુ છે. એ જો અકસ્માત હોય, એક મિનિટ માટે માની લઈએ તો પથ્થર કોણે માર્યા? જો અકસ્માત હોય તો અંદરથી ડબ્બામાંથી કાર સેવકો ભાગી ના શકે એવી સ્થિતિ કોણે ઉભી કરી? અકસ્માત હોય તો લાઈબંબા સ્થળ ઉપર કેમ ના પહોંચી શક્યા? કોણે રોક્યા? જો અકસ્માત હોય તો vestibule કોણે ફાડી? જો અકસ્માત હોય તો ડબ્બાની અંદરથી કાણું પાડી કોણે ખોલ્યું ? જો અકસ્માત હોય તો ૬૦ લિટર પેટ્રોલ કોણે ઢોળ્યું? આવી રીતે બૂમો પાડવાથી કશું સત્ય છુપાશે નહીં ભાઈ. ગુજરાતની પ્રજા સત્ય જાણે છે એટલે બે બે વાર અમને mandate આપીને અહીંયાં મોકલ્યા છે અને હજુય ગોધરાનો મુદ્દો લઈને લોકસભાની ચૂંટણીમાં ઉતરવું હોય તો ઊતરજો, સૂપડાં સાફ થઈ જશે. હજુ ઊતરજો અને જો હિંમત હોય તો તમારા ભાષણોની કોપી પ્રજાની અંદર વહેંચાય એવું કરજો પ્રજા ચુકાદો આપી દેશે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે, નેકસ્ટ. અધિકારી ગેલેરીમાં અધિકારી સિવાય અને મંજૂરી મેળવ્યા સિવાયના જે અધિકારીઓ બેઠા હોય તે તરતજ નીકળી જાય...(અંતરાય) શ્રી નીતિનભાઈ, શું કરવા તમે ડિસ્ટર્બ કરો છો. પ્લીઝ, તમારા બન્નેના ગમે તેટલા સારા સંબંધો હોય, હસવાના સંબંધ હોય, મજાકના સંબંધ હોય, હાથ મેળવવાના સંબંધ હોય એ કાયમ માટે ૫ વર્ષ થાય ત્યાં સુધી બહાર રાખજો. સભાગૃહની અંદર આવીને એ મર્યાદા બન્ને બાજુ જાળવો. નેકસ્ટ.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, જે વિધેયક આજની કામકાજની યાદીમાં, પૂરક યાદીમાં બતાવવામાં આવ્યું છે, એ વિધેયક બાબતમાં બન્ને દંડકશ્રીઓએ પત્ર આપ્યો હતો અને એના આધાર ઉપર સરકારે વિધેયક્ની સૂચના આપી હતી, પરંતુ પછીથી કંઈક અસહમતિ થઈ છે, એટલે એ વિધેયક હું મૂવ કરવા માગતો નથી.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

---

**•(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ

## કેન્દ્ર સરકારે કરેલા અણુકરાર અંગે

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૦૨ હેઠળ મારો નીચે મુજબનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરું છું.

"કેન્દ્રની યુ.પી.એ. સરકારે **Comprehensive Test Ban Treaty (CTBT) તથા Nuclear proliferation Treaty (NPT)** કરારમાં સહીઓ કર્યા વગર ભારતને અણુ ટેકનોલોજી તથા યુરેનિયમ સપ્લાય કરવાના કરારો ૪૫ દેશોના ન્યુકલીયર સપ્લાય ગૃપ સાથે સફળતાપૂર્વક કર્યા છે.

અણુકરારથી ગુજરાતના અણુવિદ્યુત મથકો માટે પૂરતું યુરેનિયમ મળશે અને રાજયમાં નવા અણુમથકો સ્થાપીને ઉર્જા પ્રાપ્ત કરવાના દરવાજા ખુલ્લા થશે. ૨૦૨૦ સુધીમાં અણુ ઉર્જામાંથી આપણે એક લાખ મેગાવોટ વીજળી પ્રાપ્ત કરી શકીશું અને કૃષિક્ષેત્રે પણ હરિયાળી ક્રાંતિ લાવી શકીશું.

અણુ ઉર્જા કરારથી આપણે ઔદ્યોગિક અને ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્રાંતિમાં પગરણ માંડી શકીશું. અણુ ટેકનોલોજીનો મહત્તમ લાભ લઈને અણુ વિદ્યુત મથકો પૂરી ક્ષમતાથી ચાલે એવું આયોજન કરી શકીશું. તેના કારણે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં તથા કચ્છમાં જે એમ.ઓ.યુ.થયેલા છે, તેવા નવા અણુ વિદ્યુત મથકો કાર્યાન્વિત થઈ શકશે. નવા અણુ ઉર્જા મથકો સ્થાપીને ગુજરાતના શહેરો, ગામડાઓ, ઉદ્યોગો અને ખેડૂતોને સસ્તી અને પૂરતી વીજળી મળશે. આમ, સમગ્ર રીતે દેશના માટે ફાયદાકારક અણુકરાર પછી પ્રાપ્ત થનાર યુરેનિયમનો મહત્તમ ઉપયોગ કરીને ગુજરાત વિકાસની હરણફાળ ભરે તે માટેના આયોજન બાબતે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે. "

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું કે એક ખેડૂતના દીકરા તરીકે કેન્દ્રની આ યુ.પી.એ. સરકારને કદાચ આપણે અભિનંદન એટલા પ્રમાણમાં આપવાં જોઈએ અને આપતા આપતા મને આનંદ થાય છે કે આ જે અણુકરારો થયા છે, એનાથી આવનારા દિવસોમાં સમગ્ર દેશ અને ગુજરાતની અંદર મોટા પ્રમાણમાં એક વીજળી પ્રાપ્ત થવાની છે. આપણે સમજીએ છીએ ત્યાં સુધી ભારત ખેતીપ્રધાન દેશ છે.ખેતી આધારિત આપણે જયારે હોઈએ ત્યારે સ્વાભાવિક છે કે ઉર્જા સ્ત્રોત એ ગરીબી દૂર કરવા માટેનું એક અનુભાગ છે. અને એવા અનુભાગ માટે જયારે યુ.પી.એ. સરકાર, જયારે કરાર કરતી હોય ત્યારે સ્વાભાવિક છે કે આપણને સૌને દેશના એક નાગરિક તરીકે આનંદ થવો જ જોઈએ અને થાય જ એ સ્વાભાવિક વાત છે. આ ભારતની અંદર જે રીતે વીજ માંગ વધતી જાય છે, હજુ પણ આજે આપણે જોઈએ છીએ કે ઓરિસ્સા હોય, બિહાર હોય અને ગુજરાતના પણ આદિવાસી વિસ્તારોમાં વીજળીની માંગ એટલી બધી છે કે કેરોસીનથી દિવાઓ બળે છે. (અંતરાય) ઘણાં ગામડાં એવાં છે કે ઓરિસ્સા, બિહારમાં પણ આજે એવા કેટલાયે પરિવારો છે કે જયાં કેરોસીનથી દિવા બાળે છે. ત્યારે આ અણુ કરારથી જે ૧૯૭૪ માં ભારતે જયારે પોખરણમાં અણુધડાકો કર્યો ત્યારે તે વખતે વિદેશમાંથી આપણને અણુ ઉર્જા માટે જે અણુ ટેકનોલોજી અને યુરેનિયમ મળતું હતું એ બંધ થઈ ગયું હતું અને તેમાં અમેરિકાએ પણ આ યુરેનિયમ આપવા માટેના પ્રતિબંધમાં સૂર પૂરાવ્યો અને એણે પણ પ્રતિબંધ મૂકયો હતો અને જયારે આ કરાર થયો છે ત્યારે મારી દ્રષ્ટિએ ગુજરાત અને દેશમાં જે નવા નવા ઉદ્યોગો આવશે, એક તરફ આપણે ઈન્ફર્મેશન ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આ અણુ કરારથી ગુજરાતના અણુ વિદ્યુત મથકો માટે પૂરતું યુરેનિયમ આપણા દેશને મળવાનું છે, નવાં નવાં અણુ મથકો ઉભાં કરીને આપણી જે વીજ માંગ છે એને આપણે પહોંચી વળી શકીશું, વીજળી પ્રાપ્ત કરી શકીશું. આ અણુ ઉર્જા કરારથી ઔદ્યોગિક ક્રાંતિ, ઈન્ફર્મેશન ટેકનોલોજીની ક્રાંતિ અને ટેકનોલોજી ક્રાંતિમાં આપણે પગરણ માંડી શકીશું. અણુ વિદ્યુત મથક પણ પૂરેપૂરી ક્ષમતાથી ચાલુ કરી શકીશું. ત્યારે કેન્દ્ર સરકારની યુપીએ સરકારને જેટલાં અભિનંદન આપીએ એટલાં મારી દ્રષ્ટિએ ઓછાં છે. આ અણુ કરારથી આપણા દેશમાં લગભગ ૨૦૦૮ ની સ્થિતિએ જે વીજળીની લગભગ ૭૦ હજાર મેગાવોટની ખોટ પડે છે એ મને લાગે છે કે આ અણુ કરારથી આપણે એ પણ સરભર કરી શકીશું. મને દુ:ખ એ વાતનું છે કે આટલો મોટો એક અણુ કરાર થયો, કેન્દ્રની યુપીએ સરકારનો વિશ્વાસનો મત હતો ત્યારે લોકસભામાં બધા પક્ષોએ કાગારોળ કરી, પરંતુ એક મકકમતાપૂર્વક સરકાર જવાની હોય તો જાય, પણ આ કરાર થવો જ જોઈએ અને એ કરાર દેશના હિતમાં હતો એટલે આપણા માનનીય વડાપ્રધાન શ્રી મનમોહનસિંહે સરકારના કેટલાક સાથી પક્ષો કહેતા કે અમે ટેકો પાછો ખેંચી લઈશું. તો એમણે કહ્યું કે ટેકો પાછો ખેંચવો હોય તો ખેંચી લો, પણ આ કરાર થઈને જ રહેશે અને એ થયા ત્યારે આ અણુ કરારથી ભારતીય જનતા પાર્ટીને એમ હતું કે આ યુપીએની સરકાર, મનમોહનસિંહની સરકાર, સોનીયાજીની આગેવાની નીચેનો કોંગ્રેસ પક્ષ આનો જશ ખાટી જશે અને એમને અંદરથી તો એમ હતું કે આ કરાર થાય તો સારું છે, પણ મનમાં એમ હતું કે આ અણુ કરારથી આવનાર દિવસોમાં જે વીજળીની પ્રાથમિક જરૂરિયાત છે, જેનાથી ગરીરી દૂર થવાની છે, નવા નવા સાહસો

આવીને નવી નવી રોજગારીની તકો ઉભી થવાની છે ત્યારે આ દેશ હરણફાળ ભરશે અને વિશ્વના દેશોમાં ભારત જુદી જ જગ્યાએ ઉભું રહેશે અને એનો યશ આ યુપીએને ના મળે, કોંગ્રેસને ના મળે એટલા માટે આડા અવળા પાટા ચઢાવીને આખી દુનિયાની નજર આ સરકાર જાય છે કે રહે છે એ મીટ માંડીને બેઠી હતી, પરંતુ આ કરાર થયો ત્યારે મારો આ ૧૦૨ નો પ્રસ્તાવ બહુ સારો ઠરાવ છે ત્યારે મારી વિનંતી છે કે એકી અવાજે સર્વાનુમત્તે ઠરાવ આવે અને આ યુપીએની સરકારને ધન્યવાદ આપે એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ પ્રસ્તાવ વિશે હું મારા કેટલા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ પ્રસ્તાવમાં આ અણુ ઉર્જા કરારથી ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં ક્રાંતિનાં પગરણ માંડી શકીશું એવો જે ઉલ્લેખ થયો છે એ મને તો બહુ સમજાતું નથી. બીજું જે ઉલ્લેખ થયો છે કે ગુજરાતના ખેડૂતોને સસ્તી અને પૂરતી વીજળી મળશે. જો યુ. પી. એ. સરકારનો ટ્રેક રેકોર્ડ જોઈએ તો ગુજરાતના ખેડૂતોને વીજળીથી ડીપ્રાઈ કરવામાં કશું બાકી રાખ્યું નથી. ગુજરાતના હકકની ૨૦૦ મેગાવોટ વીજળી, વધારાની વીજળી પડાવી લઈને, કે પછી કોલસો મેળવવાનો જે અધિકાર છે તે કોલસાના દરોમાં કોઈ પણ પ્રકારની રાહત નહીં આપીને કે ઓઈલ અને ગેસ ક્ષેત્રમાં પણ રાજય સરકારની સાથે કેન્દ્રે જે અન્યાય ભર્યુ વર્તન કર્યુ છે તેના કારણે આ વીજળીમાં ખેડૂતોને સસ્તી વીજળી કેવી રીતે આ સરકાર આપી શકશે તે સમજવું મારા માટે અઘરું બની ગયું છે. આ જે અણુ કરાર છે તેનો આ સરકાર જે રીતે ઉલ્લેખ કરી રહી છે તે એક વેપારી કરણ છે. આ અણુ કરાર એ એક વેપારી કરણ છે. દરેક દેશને એનર્જી સિકયુરીટી જેને કહેવાય, ઉર્જા ક્ષેત્રે સૂરક્ષા, એ એક પાયાની જરૂરિયાતની બાબત છે. અને એને ધ્યાનમાં લઈને એનર્જી સિકયુરીટી અને એની સાથે જયારે અણુ ઉર્જાની વાત કરીએ ત્યારે નેશનલ સિકયુરીટી અને એનર્જી સિકયોરીટી બન્ને વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે. હું એમ માનું છું કે આ દેશના બે સન્માનનીય ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રીઓએ, શ્રીમતી ઈન્દીરા ગાંધીજીએ અને અટલ બિહારી બાજપાઈજીએ આ નેશનલ સીકયોરીટીને એનર્જી સિકયોરીટી કરતાં પણ વધારે મહત્વ આપી અને પોખરણની અંદર જે અણુ ધડાકા કર્યા તેનાથી સમગ્ર વિશ્વને એમણે બતાવી દીધું કે અણુ ઉર્જાના ક્ષેત્રમાં ભારત એ નેશનલ સિકયુરીટીને વધારે મહત્વ આપે છે નહીં કે એનર્જી સિકયોરીટીને, આજે એ વખતે એમણે ભારત ઉપર જે પ્રકારના ઈકોનોમિક સેંકસન લાદયા તે પછી પણ જયારે એ સેકસનની અંદર ભારતનું અર્થ તંત્ર જે રીતે વિકસ્યું, ૯૮ પછી જે વિકાસ થયો, છેલ્લા દસ વર્ષમાં ભારતના અર્થ તંત્રએ જે વિકાસ કર્યો છે તેના કારણે દુનિયાના બધા દેશોને ભારતના આ અર્થ તંત્રના ઉદ્યોગના ભાગીદાર બનવાની ઉતાવળ છે. અને એટલા માટે એમણે જે એમના નિયમો છે એ નિયમોમાં બાંધ છોડ કરવાની તૈયારી સાથે અણુ ક્ષેત્રે ટેકનોલોજી અને સાધનો આપવા માટેનો વેપાર કરવા માટે ભારત સરકાર સાથે આ વાત ચીત શરૂ કરી છે અને ભારત સરકાર અને અમેરિકાની સરકાર બન્નેનું જોઈએ તો આજે અમેરિકાની સરકાર એ પ્રેઝન્ટ એડમીનીસ્ટ્રેશન છે તેને એક મહિનો બાકી છે. ૩૦ દિવસમાં અમેરિકામાં નવી ચૂંટણી આવી રહી છે. ભારતમાં જે આજની સરકાર છે તે ટેકનીકલી લઘુમતીમાં મૂકાઈ ગયેલી સરકાર છે. તેણે છેલ્લે પાર્લામેન્ટમાં જે રીતે વિશ્વાસનો મત સંપાદન કર્યો અને જે રોકડ રકમનો વેપાર કર્યો તે અમેરિકાના ઉદ્યોગપતિઓ પાસેથી આવેલા નાણા એ આ ભારતના પાર્લામેન્ટ્રીઓને ખરીદવા માટે વપરાયા હોય તેવી શંકા ઉભી થાય તે પ્રકારનું વાતાવરણ આમાંથી ઉભું થયું છે અને આવી સરકારો જયારે ઉતાવળે પરીપકવ રીતે વિચાર કર્યા સિવાય આ કરાર કરવા માટે જે ઝડપે આગળ વધી રહી છે, અમૅરિકામાં આપ જુઓ છો ૭૦૦ મીલીયન ડોવલરના અર્થ તંત્રની જે મુશ્કેલી છે તે પેકેજને બાજુમાં મૂકી આ અણુ કરાર માટેના જે કરાર થયા છે તેને મંજૂર કરાવવા માટે, આ વેપારી કરણને મંજૂર કરાવવા માટે તેના હાઉસ ઓફ રીપ્રઝન્ટેટીવ કે સેનેટમાં આ કામગીરી થઈ રહી છે તેની પાછળનું ચાલક બળ છે તે અમેરીકા અને પશ્ચિમના દેશોના જે મોટા ઉદ્યોગ ગૃહો છે કે જેમનું અર્થ તંત્ર આજે નબળું પડયું છે તેમને કોઈ પણ રીતે છેલ્લા દસ વર્ષમાં ભારતે ૩૦૦ અબજ ડોલરનું જે ફોરેન એકસ્ચેન્જ રીઝર્વ એકઠું કર્યુ છે તે ફોરેન એકસ્ચેન્જ રીઝર્વ ઉપર તેની નજર છે. અને ભારતની સરકારે આ લેટર ઓફ ઈન્ડેન્ટ આપીને ૬૦ થી ૧૦૦ અબજ ડોલર એટલે લગભગ ૪ થી પાંચ લાખ કરોડ રૂપિયાના અણુને લગતા રિએકટર્સ અને ઉર્જા ઉત્પન્ન કરવા માટેના પ્લાન્ટ ખરીદવાની અને જે ટેકનોલોજી ખરીદવાની છે તેના માટે હજુ તો કરાર પણ નથી થયો ત્યા એને માટે લેટર ઓફ ઈન્ડેન્ટ આપવાની ઉતાવળ આ ઉદ્યોગ ગૃહો માટે કરવામાં સરકારે જે ઉતાવળ કરી છે તેમાં હું એમ માનું છું કે આપણા દેશની જો ઉર્જા સૂરક્ષા જોઈતી હોય તો આપણી પાસે વૈકલ્પિક જે સ્ત્રોતો છે. હાઈડ્રો આપણા ઈલેકટ્રિકિટ પાવર, આપણા વીન્ડ પાવર અને આપણા સોલર પાવરની અંદર આપણી પાસે સાનુકૂળતા છે તે ક્ષેત્રોને પણ કેન્દ્ર સરકાર વિકસાવી અને આનો વૈકલ્પિક ઉપયોગ કરવાની દિશામાં પણ આગળ વધવું જોઈએ. અણુ ઉર્જાના ક્ષેત્રમાં આ કામગીરી છે, જે રીતે ઉતાવળે થઈ રહી છે તેની પાછળ શંકા ઉભી થાય એવું વાતાવરણ જરૂરથી બન્યું છે. ભારત સરકાર અને ભારતીય જનતા પાર્ટીની બાજપાઈ સરકાર, એન.ડી.એ. સરકારે હંમેશા અમૅરિકા સાથે સારા સંબંધો રાખવા માટેની માનસિકતા રાખેલી છે. કારણ કે અમૅરિકા સમગ્ર વિશ્વના સૌથી શ્રેષ્ઠ અર્થતંત્ર તરીકે હોય ત્યારે તેની સાથે વેપારી સંબંધો વધારવા માટેનો અભિગમ એન.ડી.એ. સરકારે હંમેશા રાખ્યો છે. રાષ્ટ્રીય સૂરક્ષાના ભોગે આ

અભિગમને આગળ ન વધારી શકાય તેની કાળજી લેવાની જરૂર છે અને ૨૦૧૦માં Nuclear Proliferation Treaty રીવ્યુ આવવાનો છે ત્યાં સુધી જો આની રાહ જોવામાં આવી હોત તો હું એમ માનું છું કે આ જે કરાર છે એ કરારમાં ભારતને જે ન્યુકલીયર સ્ટેટ છે, અમૅરિકા, બ્રિટન, ફ્રાન્સ એ ન્યુકલીયર સ્ટેટની સમકક્ષ દરજજો મેળવીને ભારત આ કરારમાં જોડાઈ શક્યું હોય અને એના કારણે એને જે ઉર્જા ક્ષેત્રે જે ટૅક્નોલૉજી પ્રાપ્ત કરવાનો જે અધિકાર છે એ લઈને આ ક્ષેત્રમાં આગળ વધવાની જો કામગીરી થઈ હોત તો હું એમ માનું છું કે આ દેશના હિતમાં સવિશેષ રહી હોત. સાથે સાથે જ્યારે ભારતમાં આપણાં જ વૈજ્ઞાનિકો દ્વારા અણુ ક્ષેત્રે જે પ્રગતિ કરવામાં આવી છે એ ૧૯૬૦ના દાયકામાં જ્યારે જનસંઘે માગણી કરી કે આ અણુ બૉમ્બ વિકસાવવો એ ભારતના હિતમાં છે અને તે વખતે જ્યારે આ નિર્ણય થયો અને એના કારણે આપણા વૈજ્ઞાનિકોએ જે પ્રગતિ કરી એ પ્રગતિને પણ ધ્યાનમાં લઈને યુરોનિયમ, યુરોનિયમમાંથી પ્લુટોનિયમ અને પ્લુટોનિયમ પછી થૉરિયમ, જેનો ભંડાર આપણી પાસે છે, યુરેનિયમ આપણી પાસે આંધ્રપ્રદેશમાં છે, ઝારખંડમાં છે, આપણી પાસે મેઘાલયમાં છે, આપણી પાસે રાજસ્થાનમાં છે. આ યુરોનિયમ ટૅક્નૉલૉજીનો સદુપયોગ કરીને આપણે આ કામગીરી આગળ વધારવી જોઈએ. આ જે અણુ કરાર છે તેમાં કેટલીક જોગવાઈઓ એવી કરવામાં આવી છે કે જે ઈન્સપેકશનના અધિકારો છે એ IAEA કે જેન International Atomic Energy Agency આ એજન્સીને આ ઈન્સપેકશન કરવાનો અધિકાર છે એ દુનિયાના બીજા દેશો જેમણે સાઈન કરી છે એ દેશોની અંદર માત્ર પાંચ ટકા કે દસ ટકા અણુ મથકો ઉપર એને ઈન્સપેકશન કરવાનો અધિકાર છે ત્યારે ભારત સરકારના આ કરારની અંદર આપણે કોઈ પણ રીતે ભૂલ કરીને ૫૦ ટકા કરતા પણ વધારે અણુ મથકોનું ઈન્સપેકશન આપણે આ ઇન્ટરનૅશનલ વિદેશીઓના ચરણે ધરી દીધું છે અને એમાં એક જોગવાઈ એવી છે કે IAEA ના તજજ્ઞો કરતા જ્યારે જરૂર લાગે તો અમૅરિકા પોતાના તજજ્ઞોને મોકલીને પણ આ જે વૈજ્ઞાનિકોએ પ્રગતિ કરી હોય અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રે જે એડવાન્સમેન્ટ કર્યું હોય એ એડવાન્સમેન્ટને નોંધીને આપણી જે નેશનલ સિક્યોરિટી માટે જે ઉર્જાનો ઉપયોગ, કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે ઉર્જાનો ઉપયોગ બન્ને ક્ષેત્રમાં અસરકારક રીતે થઈ શકે છે. વીજ ઉત્પન્ન કરવામાં અને પોતાના માટે સંરક્ષણના સાધનો અને એટૅકના સાધનો બનાવવા માટે, જો ચાઈનામાં ૧૯૬૨ની સાલમાં જો આપણી પાસે ન્યુકલીયર સાધનો હોત તો ચાઈના આપણી ઉપર યુદ્ધ કરવાની હિંમત ન કરી શક્યું હોત. એ વાત નિર્વિવાદ છે. એટલા માટે થઈને આ કરાર કરવાની ઉતાવળ જે રીતે યુ.પી.એ. સરકાર કરી રહી છે અને બન્ને સરકારો જ્યારે ટૂંક સમયમાં જવાના છે એવા સમયમાં આ જે રીતે ઉતાવળ થઈ રહી છે તેની પાછળ આ ઉદ્યોગ ગૃહોના પાંચ લાખ કરોડ રૂપિયાના ધંધા માટેની જે ઉતાવળ છે એના માટેની ગંધ આવ્યા સિવાય રહેતી નથી અને એમ લાગે છે કે આ દિશામાં જે કામગીરી થઈ રહી છે તેના કારણે જે પ્રકારની, ગુજરાતને જે ઉર્જા મેળવવા માટેના જે આયોજનો ગુજરાત સરકારે કર્યા છે એના કારણે આપણે ૨૦૧૦માં સરપ્લસ સ્ટેટ બની શકીએ એ પ્રકારની ક્ષમતા રહેલી છે. તેમ છતાં પણ જો અણુ ઉર્જાનું અહીં વિકસાવવામાં આવે તો ગુજરાત સરકારે ભારત સરકારના ન્યુકલીયર ડૅવલપમેન્ટ કૉર્પોરેશનને પૂરો સહયોગ આપી અને ગુજરાતના બંદરે પણ આ મથકો વિકસાવવા માટે પૂરું ફેસીલીટેશન કરવા માટેની જે ફરજ છે. એ ફરજ બજાવવામાં પણ ગુજરાત સરકારે પહેલ કરી છે. એટલે આ પ્રસ્તાવ ઉપર મારા આ વિચારો રજૂ કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખુમાનસિંહભાઈને અભિનંદન આપું છું કે, આ વર્તમાન સમયમાં જેની ચર્ચા આવશ્યક છે એવા વિષયને લઈને આ વિધાનસભાગૃહ સમક્ષ આવ્યા છે. વિકાસની સાથે વીજ ઉત્પાદન સીધી રીતે જોડાયેલું છે. અત્યારે જે આપણે થર્મલ વીજળી, પવન વીજળી, fossils વીજળી તથા ગેસ અને બીજા ગેરપરંપરાગત સ્ત્રોતોમાંથી વીજળી મેળવીએ છીએ એ એક લાખ વીસ હજાર મેગાવોટ વીજળી મેળવીએ છીએ એના માત્ર ત્રણ ટકા વીજળી આપણે પરમાણું આધારિત વીજળી મેળવીએ છીએ. આપણી જે જરૂરિયાત છે એ જરૂરિયાતને પહોંચવું હશે તો ૨૦૨૦માં જો આપણે આઠ કે નવ ટકાના દરથી વિકાસ કરતા રહીશું તો ૪ લાખ ૪૮ હજાર મેગાવોટ વીજળીની જરૂરિયાત પડશે. મારો સીધો સવાલ એ છે કે, આના માટેની આપણી પાસે ક્ષમતાઓ છે? જવાબ આવશે- ના. તમામ રાજકીય પક્ષો કે તજજ્ઞો પણ કહેશે કે જે વીજ ઉત્પાદન આપણા પર્યાવરણની રક્ષા કરીને, આપણા રિસોર્સીસનો મિનિમમ ઉપયોગ કરીને મહત્તમ વીજ ઉત્પાદન આપી શકે તેવો ઓલ્ટરનેટીવ વીજ સોર્સ શું છે? અણુ વીજ ઉત્પાદન, ન્યુકિલયર વીજ ઉત્પાદન એ આનો વિકલ્પ છે. ફ્રાન્સે આ આધારને બરાબર ચકાસીને ઉપયોગ કર્યો. આખી ઈકોનોમી સ્ટ્રૉંગ થઈ ગઈ હોય તો માત્ર આના કારણે સ્ટ્રૉંગ થઈ છે. મારે એ વાત કરવી છે. અહીંયાં કહેવાયું, માનનીય સભ્યશ્રી દ્વારા નવો ઍંગલ આવ્યો. મારે કહેવું છે કે, ભારતીય જનતા પક્ષના જે તે વખતના વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ સપ્ટેમ્બર ૧૯૯૮માં, નેટ ઉપર આ ઉપલબ્ધ છે. યુ.એન.જી.એ. માં જે શબ્દો બોલ્યા છે. Accordingly after concluding those limited testing programme India announced voluntarily moderate on further underground nuclear explosion. આપ અહીંયાં કહો છો, સાહેબ, એ વોલેન્ટરી હાથ બાંધ્યા કોણે? અને જો થોડાક ઉંડા ઉતરીએ તો ભારત માતાકી જયના બદલે મગજ માતાકી જય કરીને ઉંડા ઉતરીએ તો વન, ટુ, થ્રી, ના એગ્રીમેન્ટની અંદર કયાંય કોઈ જગ્યાએ એ વાત નથી સ્વીકારાઈ કે આપણા હાથ કે આપણા કાંડા કાપવાની વાત હોય. પહેલો એક દેશ છે હિન્દુસ્તાન કે જેણે સી.ટી.બી.ટી. સાઈન કર્યા વગર

યુરેનિયમ મેળવીને ન્યુકલીયર વીજ ઉત્પાદન હાથ ધરી શકશે. Talbot નું એક પુસ્તક છે, Encouraging India એના પાના નં. ૧૪૫ પરના શબ્દો છે એ માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય ભરતભાઈને કહેવા માગું છું. Jaswant Singh said that India would sign CTBT by May and also assured me that under the Indian system signature is tantamount to ratification. આપની સરકાર હતી. આને કાંડા કાપ્યા કહેવાય. જાન્યુઆરી, ૨૦૦૪માં માનનીય અટલ બિહારી બાજપાઈજી બોલ્યા કે, The proposed Corporation will pass through a series of reciprocal criticism.

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## ગૃહમાં જે વ્યકિત હાજર ન હોય તેમના ઉલ્લેખ અંગે

**શ્રીભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આજના દિવસ દરમિયાન ત્રણ વખત પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરી એમણે વાત કરી છે. જે વ્યકિત ગૃહમાં હાજર રહી જવાબ આપી શકતી નથી એમના નામનો ઉલ્લેખ કરી શકાય નહીં. (અંતરાય) એ એમના જ નામનો ઉપયોગ કરે છે અને અમને શિખવાડે છે. શ્રી અટલ બિહારી બાજપાઈ, શ્રી જશવંતસિંહજીના નામનો ઉલ્લેખ કરે છે. અમને શિખવાડો નહીં. આપ જ એનો ભંગ કરો છો. આપ આ બધા નામનો ઉપયોગ કરો છો.

**સભાપતિશ્રી** : પ્લીઝ, શ્રી શકિતસિંહજી આપ પૂરું કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈજીના વિઝનને પણ સહન ન થાય એ પહેલી વખત મેં જોયું. છેલ્લી વાત કરીને હું મારી વાત પૂરી કરીશ. ભારતને સો અબજ ડોલર એટલે કે, ચાર લાખ સાઈઠ હજાર કરોડનો નવો બિઝનેશ આનાથી મળશે. ભારતીય એન્જિનિયરીંગ સાથે જોડાયેલા યુવાનોને, એક લાખ જેટલા લોકોને આનાથી રોજી મળવાની છે. આ એ વાત છે જે એન.ડી.એ.ની સરકારમાં ભા.જ.પ. કરવા માગતો હતો. નહોતું થયું, આ થયું છે સરકાર ટકી છે વિશ્વાસથી ટકી છે, પ્રશ્ન પૂછવામાં પૈસા લેનાર આપના પક્ષના સભ્યશ્રીઓ ત્રણ કરોડમાં ન ફૂટયા એ કોને ગળે ઉતરે એ આપ જ નક્કી કરજો.

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ જે પ્રસ્તાવો લઈ આવ્યા છો એના અનુસંધાનમાં અનિલભાઈ અને માનનીય શકિતસિંહભાઈએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, હું પણ મારા વિચારો વ્યકત કરુ છું. આ દેશની આઝાદીના ૬૦ વર્ષમાં કોંગ્રેસે ૫૦ વર્ષ લગભગ રાજય કર્યુ. દેશની શરૂઆતની રાજનીતિમાં આ કોંગ્રેસે સમાજવાદની વાત કરીને રશિયા સાથે વર્ષો સુધી રાજનીતિ કરી છે. એ સમાજવાદની વાત કરીને દેશની આર્થિક નીતિ જેવી રીતે ઘડી, બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યુ, ૧૯૭૧માં દેશની ગરીબી નાબૂદ કરવાના વચનો આપ્યા, આ બધું ભૂતકાળની અંદર એમણે કરીને ૫૦ વર્ષ મત લઈને સત્તા કબજે કરી, સાહેબ નથી દેશની ગરીબી નાબૂદ થઈ, આજે એ જ દેશ એ જ પક્ષ સમાજવાદને ભૂલી ચૂક્યો છે, વર્ષો સુધી •(xxxxx) બતાવીને લોકોના, ગરીબ લોકોના મત લઈને સત્તા પ્રાપ્ત કરીને મત પ્રાપ્તિનું, મતપ્રાપ્તિ માટેના .. ..

**સભાપતિશ્રી :** • (xxxxx) એ શબ્દ બરાબર નથી. હું રેકોર્ડમાંથી કાઢી નાખું છું. રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી આજ વાત છે. આજે જે (xxxxx) બતાવે છે ને સાહેબ સમગ્ર (xxxxx) બતાવવાની વાતો છે.

**સભાપતિશ્રી :** પ્લીઝ ભરતભાઈ, આની આ વાત રિપીટ ના કરો. હું રેકોર્ડ પરથી દૂર કરું છું. પ્લીઝ રિપીટ ના કરો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખુમાનસિંહભાઈ અને શકિતસિંહભાઈને (અંતરાય) સમગ્ર દેશની ચર્ચા કરવાની હોય તો લોકસભામાં જઈને ચર્ચા કરવી જોઈએ, બહુ ટૂંકા સમયમાં લોકસભાની ચૂંટણી આવે છે. હું ગુજરાત પૂરતી વાત કરીશ. આ ગુજરાતની અંદર આ રાજય સરકારે છેલ્લા છ વર્ષની અંદર એ ખેડૂતોને વીજળી હોય કે ગ્રામ્ય વિસ્તારની અંદર ૨૪ કલાક ૧૮હજાર ગામડાંને વીજળી પૂરી પાડવાની હોય, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ છ વર્ષ દરમિયાન વીજ સંચાલનની અંદર જી.ઈ.બી. ખોટ કરતી હતી. પહેલા દેશની અંદર કોઈ વીજળીઘરો જે રાજય સરકાર દ્વારા ચાલે છે એ ખોટ કરતાં હતાં, આ જ રાજય સરકારની અંદર પાંચ જ વર્ષના વહીવટની અંદર એ બધા સરપ્લસ થઈ ગયા, આ ખાલી વહિવટી પ્રક્રિયા, ૪૦ વર્ષ સુધી આ જે તમે દેશને ચલાવ્યું, ગુજરાત ચલાવ્યું એનાથી જી.ઈ.બી. ખોટ કરતી હતી, વીજળીમાં ખોટ થતી હતી અને પાંચ જ વર્ષની અંદર એને સરપ્લસમાં લાવ્યા, ૧૮હજાર ગામડાંની અંદર વીજળી આપી. આ હકીકત છે. થ્રી ફેઈઝ વીજળી અનઈન્ટરપ્ટેડ આપી, આ આખા દેશની અંદર ક્રાંતિકારી પગલાં લીધાં, એનાથી સમગ્ર

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દેશની અંદર જે રાજય કરે છે એમના મનમાં બીક ઉભી થઈ કે આ રાજય બાકીના રાજયો કરતાં વીજળીના સંદર્ભમાં આટલું અગ્રેસર કઈ રીતે થાય છે, હમણાં જ સભ્યશ્રીએ કહ્યું, આ બધાથી અકળાઈને ગુજરાતને સતત અન્યાય આમ તો ૬૦ વર્ષથી થાય છે, પણ જેવી ૧૮હજાર ગામડાંમાં ૨૪કલાક વીજળી મળી એટલે એમણે ૨૧૦ મેગાવોટ વીજળી તાત્કાલિક કાપી લીધી. (અંતરાય) અરે વીજળી, તમારે વીજળીની ચર્ચા નહીં એકલા અણુકરારની ચર્ચા કરવી હોય તો ઉણપો તો ઘણી છે હું કહું છું. તમે આમ કરીને લોકસભાની ચર્ચા નહીં વીજળીની ચર્ચા કરોને. તમે વીજળીમાં શું કર્યુ છે એ ચર્ચા કરોને. ૨૧૦ મેગાવોટ વીજળી છેલ્લા ચાર વર્ષથી લઈ લીધી છે. દર વર્ષે ૭૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચો આ રાજય સરકારની ઉપર છે. લગભગ ૩હજાર કરોડ રૂપિયા આ રાજય સરકારના એ ૨૧૦ મેગાવોટ વીજળી લેવાના લીધે આ ગુજરાતની પ્રજાના કોંગ્રેસના નિર્ણયને કારણે થયા છે. ખેડૂતોને આજે વીજળીની જે પણ તંગી છે, આજે ખેડૂતોના ગુજરાતની અંદર જે વીજળીની તંગી છે એનું એક માત્ર કેન્દ્ર સરકાર છે, આ અણુકરારની ચર્ચા છે. ભેંસ તો ભાગોળે છે અને ગામમાં અહીંયા બૂમાબૂમ કરે છે. કાંઈ થવાનું નથી. આજે છેલ્લો દિવસ છે. અણુ કરારના સંદર્ભમાં જે ચર્ચા થાય છે એ વીજળી પણ એટલી મોંઘી છે કે ૨૦૨૦માં માત્ર ૪ ટકા કહી શકાય. કુલ વીજ ક્ષમતાના એ ૪ ટકા થાય. એનાથી જે કચરો બહાર નીકળે છે એને સંઘરવો ક્યાં એ હજુ અમૅરિકા નક્કી કરી શક્યું નથી. પણ આ દેશમાં આ કચરો કયાં નખાશે એનું ઠેકાણું નથી. આ અણુ કરાર માટે એમનો સૌથી સાથીદાર, સૌથી અગત્યનો સાથીદાર આ દેશે હમણાં જ જોયું. એમણે વિશ્વાસનો મત કેવી રીતે લીધો? અડધો દેશ વહેંચાયેલો છે. અડધો દેશ આનો વિરોધ કરે છે અને મત કેવી રીતે લીધા છે એ આખો દેશ જાણે છે. હજુ ઝઘડો ચાલુ છે. આ મત કેવી રીતે લીધા છે, કેવી રીતે એમ.પી.ઓને ફોડ્યા છે, આખુ હજું દુનિયામાં ચાલુ છે અને એ કહે છે કે અમે જીત્યા. લોકસભામાં એ જીત બીજે દિવસે હેડ લાઈન્સ હતી, મત જીત્યા પણ લોકોની લાગણી હાર્યા છે. આનાથી આ લોકો જે રીતે અણુ કરાર કરવા માગે છે એ એમની પીઠ ઉપર છેલ્લો ખીલો ખોડવાનો છે. આ લોકો ચૂંટણીમાં જાય છે ત્યારે એ ગણતરી કરીને જાય છે કે અમને આનાથી ફાયદો થશે. પણ આનાથી ફાયદો નથી થતો. આ ગુલામીખત લખી રહ્યા છે. આ દેશને અમેરિકાનું ખંડિયું રાજ બનાવવા જઈ રહ્યા છે. એની આંતરિક વાત તો અમારા મંત્રીશ્રી કહેશે. પણ આ સમગ્ર કરારથી અમૅરિકા જોડે એ વાત કરવાથી એમના નહેરુજીએ નક્કી કરેલી બધી જ પદ્ધતિઓને લાત મારી રહ્યા છે. એમની વિદેશ નીતિને પણ એ ખોરંભે મૂકી રહ્યા છે. આર્થિક નીતિને પણ ખોરંભે મૂકી રહ્યા છે. સમગ્ર દેશને ખંડિયું બનાવવા જઈ રહ્યા છે. આ આખા સંદર્ભની અંદર ગુજરાતને, આ રાજ્યની અંદર નરેન્દ્રભાઈએ સરપ્લસ સ્ટેટ કરવા માટે આવતા પાંચ જ વર્ષમાં આમેય સરપ્લસ થઈ જવાનું છે. આ અણુ કરારની ચર્ચા કરે છે એના કેટલા ખરાબ પરિણામો છે એની ચર્ચા નથી કરતા. આ અણુ મથકથી રશિયામાં ગડબડ થઈ, દુનિયાના અનેક દેશોમાં આ અણુમથકથી ઘણી ગડબડો થઈ છે. એની સામે આપણી પાસે એવા વીજ મથકો થઈ શકે છે કે જે પાણીથી ચાલે છે. આજે ૩૩ ટકા આપણે જે વીજળી પ્રાપ્ત કરીએ છીએ એ હાઈડ્રો વીજળી છે. અને હજુ પણ આપણે વધારાની એક લાખ મેગાવોટ ઉત્પન્ન કરી શકીએ એવા પૂર્વમાં આસામમાં સ્કોપ છે એને આપણે લેતા નથી. અને એની ચર્ચા કરે છે. કુલ મળીને આ અણુકરાર ગુજરાતની અંદર વીજ પુરવઠામાં કાંઈ વધારો કરી શકે એવી પરિસ્થિતિમાં નથી. પણ જો આપણે આ કરવો હોય, હજુ પણ કરવા સામે વાંધો નથી. પણ કઈ શરતે કરીએ છીએ? આવતા દિવસોમાં કોઈ અણુ ધડાકા નહીં કરી શકીએ. આવતા દિવસોમાં આપણે મેં કહ્યું એમ કાંડા કાપીને અમૅરિકાને આપી દેવા પડશે. એમના પરિવેક્ષકો આપણને બધાને તપાસવા આવી શકે. ટૂંકમાં, ગુલામીખત લખવા જેવા કરારો આપણે કરી રહ્યા છીએ અને એટલા માટે હું એનો વિરોધ કરું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સ્વીકાર કરે કે ન કરે પણ એક વાત બહુ નિશ્ચિત છે કે આ કરાર એક ઐતિહાસિક કરાર છે. આ કરાર એ ભારત દેશનો બહુ મોટો વિજય છે. આ કરાર એ ભારતની ૧૦૦ કરોડની જનતાનો વિજય છે. એન.પી.ટી. કે સી.ટી.બી.ટી. સહી કર્યા વગર ભારત એન.એસ.જી.નો સભ્ય બનવાનો છે. ભારતના સાર્વભૌમત્વને કોઈપણ રીતે બાધ ન આવે, ભારતના અણુ ધડાકા કરવાના અધિકારને કોઈપણ રીતે બાધ ન આવે એ રીતે આપણે આ કરાર કરવાની દિશામાં આગળ વધ્યા છીએ. દેશના વડાપ્રધાનશ્રી ડૉ. મનમોહનસિંહજીની નિષ્ઠા અને એમની અડગતાનો આ વિજય છે. ૪૫ દેશોનું એન.એસ.જી. તમામ દેશો સી.ટી.બી.ટી. સહી કરીને એના સભ્ય બન્યા, માત્ર ભારત દેશ એક એવો છે કે જે સી.ટી.બી.ટી. ઉપર સહી કર્યા વગર એન.એસ.જી.નો સભ્ય બન્યો. હમણાં શક્તિસિંહભાઈએ વાત કરી કે યુરોપના દેશોએ આ કરારની સગવડોનો મોટા પાયા પર ઉપયોગ કર્યો. એમણે ફ્રાન્સનો પણ ઉલ્લેખ કર્યો, સાહેબ હું આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ફ્રાન્સ જેવા દેશો પોતાની વીજળીની જરૂરિયાતના ૮૫ ટકા વીજળી ન્યુકલીયર સ્ત્રોતમાંથી ઊભી કરે છે અને ભારત આજે માત્ર ૩ ટકા વીજળી ઊભી કરી શકે છે. આપણા ન્યુકલીયર પ્લાન્ટ, વીજ પ્લાન્ટ ગુજરાતમાં પણ બે છે, યુરેનિયમના અભાવે આ પ્લાન્ટો પૂરતી કાર્યક્ષમતાથી ચલાવી શકતા નથી. જો યુરેનિયમ હોય તો આપણા જ આ વીજ પ્લાન્ટો વધારે કાર્યક્ષમતાથી ચાલે અને આપણને વધારે વીજળીનું ઉત્પાદન મળી શકે. સાહેબ, શું ફાયદા થવાના આ કરારથી આપણને? સાહેબ, નવી ટૅક્નૉલૉજી તો મળશે દવાઓના ક્ષેત્રે ક્રાંતિકારી પગલાંઓ લઈ શકીશું, એવી સ્થિતિમાં આવીશું, વીજળીનું એટલું ઉત્પાદન થવાનું કે આવનારા દિવસોમાં દેશનું ગામડું હોય, દેશનું શહેર હોય કે દેશના ઉદ્યોગોને પૂરતી વીજળી આપી

શકીએ એવી સ્થિતિમાં આવીને આપણે ઊભા રહી શકીશું. સાહેબ બહુ ચિંતા કરવામાં આવી, અનિલભાઈએ પણ બહુ ચિંતા કરી કે ભારતનું રિઝર્વ એટલું બધું છે એ રિઝર્વ ઉપર તરાપ મારવાની વાત છે. સાહેબ મારે આપના થકી મારે એમને કહેવું છે કે, આ કરારમાં જે મશીનરી, જે યુરેનિયમ કે જે ટૅક્નૉલૉજી આપણે ખરીદવાના છીએ સાહેબ એનું પેમેન્ટ આપણે રૂપિયા, પૈસા, ડોલર કે યુરોમાં કરવાનું જ નથી. ભારતમાંથી માલસામાનની નિકાસ કરી આ પેમેન્ટ કરવાનું છે અને એનાથી આપણા ઉદ્યોગોને કેટલો વેગ મળશે એનો વિચાર કરવાનો વખત આવ્યો છે. સાહેબ, સૌથી મોટો સવાલ છે કે જે વીજળીનું આપણે ઉત્પાદન કરીશું એ વીજળી ક્લીન ઈલૅક્ટ્રીસીટી હશે, સાહેબ ૧૪૦૦ કિલો કોલસો વાપરીને જેટલું વીજળીનું ઉત્પાદન થઈ શકે એટલું ઉત્પાદન એક કિલો યુરેનિયમમાંથી થવાનું અને જે વીજળી આપણે ઉત્પન્ન કરવાના, સંપૂર્ણપણે આપણું પર્યાવરણ સૂરક્ષિત રહે એવી વીજળી આપણે ઉત્પન્ન કરી શકવાના અને એટલી વીજળી ઉત્પન્ન કરવાનો આટલો મોટો બીજો સોર્સ, સાહેબ આ બીજા કોઈ દેશ પાસે, આપણી પાસે બીજો કોઈ ઓલ્ટરનેટીવ આજે અવેલેબલ નથી. સાહેબ આવો ઐતિહાસિક કરાર થાય ભારતના વિકાસની એક નવી ક્ષિતિજો ખૂલતી હોય એમ દેખાય આવનારા વર્ષોમાં ભારત વિશ્વના વિકસિત દેશોની હરોળમાં બેસી શકે એવી દિશામાં જ્યારે આપણે જઈ રહ્યા હોઈએ ત્યારે સાહેબ આપણા વિરોધીઓ જો કોઈ હોય એ કરારનો વિરોધ કરે, પાકિસ્તાન જેવા દેશો એનો વિરોધ કરે એ તો સમજી શકાય પણ સાહેબ આપણા દેશના કેટલાક જવાબદાર રાજકીય પક્ષો જ્યારે એનો વિરોધ કરે ત્યારે એ વાત સમજી શકાતી નથી. અને સાહેબ એ વિરોધ પણ એટલા માટે એ લોકો જ્યારે સત્તા ઉપર હતા ત્યારે તો સી.ટી.બી.ટી. ઉપર સહી કરીને પણ આ કરાર કરવા માટે તલપાપડ હતા બધા પરંતુ સાહેબ આ કરાર એવો કરાર થયો કે એન.ટી.પી. ઉપર સહી મનથી કરી, સી.ટી.બી.ટી. ઉપર સહી નથી કરી અને જે કરવા માગતા હતા એના કરતાં વધારે સારી રીતે જ્યારે આપણે આ કરાર કરવાની દિશામાં જઈ રહ્યા છીએ ત્યારે કદાચ કોઈને પોતાને આ કરાર ઉપર સહી કરવાની તક ન મળી હોય અને એનો કોઈ વસવસો હોય તો મારે કહેવું પડે કે દેશનું હિત સર્વ કરતાં મહાન છે અને ભારત રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખી અને આપણે સૌ આગળ વધીને અને આ એક ઐતિહાસિક કરાર છે, ભારતના વિકાસની નવી ક્ષિતિજો ક્ષૂલે એવો કરાર છે એને આવકારીએ અને સાહેબ ગુજરાત જ્યારે વિકાસની દિશામાં આગળ વધી રહ્યું હોય ત્યારે આપના થકી સાહેબ ગુજરાતના મંત્રી મંડળના સભ્યો અને ગુજરાત સરકારને પણ હું કહેવા માગું છું કે આવો બહાર, અને બહાર આવી આ કરારનો જેટલો લાભ ગુજરાતના હિતમાં આપણે લઈ શકીએ એટલો લેવાનો પ્રયત્ન કરીએ આપણે ગુજરાતના વિકાસની ચિંતા કરીએ, ખોટી રાજનીતિમાં ન પડીએ, આવનારા દિવસો આઠ હજાર મેગાવોટની કેપેસીટીના ઊર્જા મથકો, અણુ ઊર્જા મથકો આપણે નાખી શકીએ એવી સ્થિતિમાં છીએ અને કેન્દ્ર પહેલાં તબક્કાના રાજયોમાં જ્યારે ગુજરાતનો સમાવેશ કરવાની તૈયારી બતાવતું હોય ત્યારે કેન્દ્ર સરકારની એ નીતિને પણ આવકારીએ, આપણે લાભ લઈએ અને ગુજરાતની વીજ જરૂરિયાતને કાયમી ધોરણે સંતોષવા માટે કાર્ય કરવા માટે આપણે આગળ વધીએ એટલી જ આપના થકી વિનંતી હું આ સભાગૃહને કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખુમાનસિંહભાઈને ધન્યવાદ આપું છું કે દેશ જે એક નવી ક્રાંતિની અંદર પગલાં મૂકી રહ્યો છે એનો લાભ ગુજરાત લઈ શકે એના માટેનો ઠરાવ લઈને આવ્યા છે. માનનીય ભરતભાઈએ વિરોધ શું કરવા કર્યો એ મને સમજાતું નથી એટલા માટે કે આ જે નવા કરાર થયા એનો લાભ ગુજરાતને મળે એના માટેની જે તકો ઉભી થઈ છે એનો લાભ લેવાની દરખાસ્ત આ ગૃહમાં કરી અને ગૃહની આ દરખાસ્ત છે એમાં સંમત ન હોય તો માનનીય ઉર્જા મંત્રીશ્રી છે એ કહી દે કે અમારે અણુ ટેકનોલોજી કે યુરેનિયમની રાજયની અંદર જરૂર નથી પણ સવાલ એ વાતનો આવે છે કે શું કરવા આ પરિસ્થિતિ ઉભી થાય છે? આપણા વિઝનરી વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ ડોકટર ભાભાને આ અણુ ટેકનોલોજી વિકસાવવાની જવાબદારી સોંપી અને દેશની અંદર અણુ ટેકનોલોજીના પાયા નંખાયા. પહેલો અણુ ધડાકો ૩૪ વર્ષ પહેલાં ઈન્દીરા ગાંધીએ કરેલો અને એના પછી વિશ્વના દેશોએ આપણને યુરેનિયમ અને અણુ ટેકનોલોજી આપવા ઉપર પ્રતિબંધ મુકયો. શરત એ મૂકવામાં આવી કે સી.ટી.બી.ટી.માં સહી કરો અને એન.પી.ટી.માં સહી કરો. આપણો આગ્રહ એ હતો કે આપણે આ બંને કરારની અંદર..

**અધ્યક્ષશ્રી** : તમારી મિનિટો પૂરી થઈ ગઈ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, હજી દોઢ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ, તમારી દોઢ મિનિટ થઈ છે, પણ કુલ ૨૧ મિનિટ થઈ ગઈ છે. વધારે બોલ્યા તો હું શું કરું? તમે મિનિટ, મિનિટ ગણો છો એટલે કહું છું તમે પાંચ મિનિટ લખીને આપી હતી. ખુમાનસિંહભાઈ ૮ મિનિટ બોલ્યા, શકિતસિંહ ૬ મિનિટ બોલ્યા, સિદ્ધાર્થભાઈ ૭ મિનિટ બોલ્યા કુલ ૨૧ મિનિટ થઈ ગઈ છે. એકએક મિનિટનો આપણે હિસાબ કરીએ છીએ ત્યારે....

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, આપ મંત્રીશ્રીને બોલવા દેતા હતા. માત્ર કરાર ઉપર એક જ મિનિટ..

**અધ્યક્ષશ્રી** : માત્ર કરાર ઉપર તમે બોલો કે પોલિટીકલ બોલો એ મારા માટે અગત્યનું નથી. તમને ૨૦ મિનિટ મળી છે. ૨૧ મિનિટ વપરાઈ ગઈ છે એટલે ત્રણ મિનિટ મેં તમને આપી, ૨૪ મિનિટ થઈ. આ બાજુ ૧૮ મિનિટ વપરાઈ ગઈ છે અને ૨ મિનિટ એમની બાકી રહે છે. તમે મિનિટો ગણો જ છો. તમે હિસાબ રાખો જ છો આજે કેમ નથી બોલતા? તમે પાંચ મિનિટ લખીને આપી પણ આઠ મિનિટ બોલ્યા, સાત મિનિટ બોલ્યા, છ મિનિટ બોલ્યા, એની અંદર કોઈ ડિસ્ટર્બન્સ નથી.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપની સીટ ઉપર માનનીય મહેન્દ્રભાઈ બેઠા હતા ત્યારે હું બોલતો હતો એ વખતે માનનીય ભરતભાઈએ જેમાં કશો મુદ્દો નહીં એવો પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો, ખલેલ પણ પહોંચી એ બે મિનિટથી અઢી મિનિટ બગડી એ બાકી પાંચ મિનિટમાં પૂરું કરવાનું હતું એમાં સહેજપણ મેં મારી મિનિટ જે અપાયેલી છે એમાં મેં મિનિટ વધારે લીધી નથી અને બેલ માર્યા પછી ૩૦ સેકન્ડની અંદર મેં કહયું કે હું પૂરું કરું છું. ત્રીસ સેકન્ડ પણ વધારે લીધી નથી. વચ્ચેનો પિરિયર્ડ જે ખલેલનો હતો, જે અમિતભાઈને મળ્યો હતો એ પિરિયડ અમારા સભ્યશ્રીઓને મળવો જોઈએ અને અમારા બે માનનીય સભ્યશ્રીઓ બોલવાના છે.

**અધ્યક્ષશ્રી** : મેં જે સમય છે એ ગણીને આપ્યો. મને બે ત્રણ મિનિટ કે પાંચ મિનિટ વધારવામાં કોઈ વાંધો નથી. તમારો વાંધો કાયમ રહે છે એટલા માટે જ મારે કહેવું પડયું. આઠ મિનિટની અંદર કોઈ ખલેલ નહોતી.(અંતરાય) નહીં, નહીં, ખુમાનસિંહ જયારે બોલ્યા ત્યારે કોઈ ખલેલ નહોતી. એક પણ મિનિટ નથી બગડી. શકિતસિંહજી, તમારા સિદ્ધાર્થભાઈ બોલ્યા એમાં ૨૧ મિનિટ થઈ. ૨૦ને બદલે ૨૧ તો કુલ થઈ ગઈ. ખલેલની બે મિનિટ કાપી નાખીએ તો પણ અર્જુનભાઈને ત્રણ મિનિટ પૂરી થાય છે.એક પણ મિનિટ નથી બગડી. શક્તિસિંહજી, સિદ્ધાર્થભાઈ બોલ્યા એમાં ખલેલ નથી. ૨૧ મિનિટ થઈ ગઈ. ૨૦ ને બદલે ૨૧ ટોટલ થઈ ગઈ. ખલેલની બે કાપી નાખીએ તોય ૩ મિનિટ અર્જુનભાઈને પૂરી થાય છે.

**શ્રી અમિત શાહ** : મારે જુદુ કહેવાનું છે. સાહેબ. ચર્ચા થતી હોય વાંધો ન હોઈ શકે. મારું કહેવાનું છે કે અર્જુનભાઈને ૫ મિનિટ આપો તો સૌરભભાઈને ૭-૮ મિનિટ વધારી આપો અમને કાઈ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ ચાલુ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ જે પાયો નંખાયો. એના પછી આજથી ૩૪ વર્ષ પહેલાં પોખરણની અંદર સ્વ. ઈન્દિરા ગાંધી વખતે અણુધડાકો થયો. એ અણુધડાકા પછી આપણા દેશ ઉપર નયુક્લિયર ટૅક્નૉલૉજી અને યુરેનિયમ આપવાનું વિશ્વના દેશોએ પ્રતિબંધ મૂક્યો અને પછી આજદિન સુધી પ્રતિબંધ ચાલુ છે. દુનિયાના દેશો જે ન્યુક્લિયર સપ્લાય ગ્રુપ કહેતું હતું કે આ કરાર કરો પછી જ અમે ટૅક્નૉલૉજી આપીશું. આપણે એમ કહેતા હતા કે અમારો ડિફૅન્સ ક્ષેત્રની અંદર રીસર્ચ કરવાનો અધિકાર છે. એ અધિકાર અમે ક્યારેય ગુમાવવાના નથી. એન.એસ.જી.એ એમના વતી ૪૫ દેશો વતી અમૅરિકાને મંત્રણા કરવાના અધિકાર આપ્યો. એની અંદર આપણે કોઈ કરારની અંદર સહી કર્યા વગર પહેલી વખત જ એન.ડી.એ. કરવા માગતું હતું, એ વખતે ન થઈ શક્યું. આ વખતે મંજૂરી અપાઈ, એટલું જ નહિ પણ એની અંદર આ વેપાર છે. એ વેપાર સ્વતંત્ર રીતે ગમે તે દેશની સાથે કરી શકીએ. આવી સ્વતંત્રતા અપાઈ. મારે એટલું જ કહેવાનું છે કે આજે આ કરારનો વિરોધ કોણે કર્યો? દેશની અંદર માત્ર ભારતીય જનતા પાર્ટીએ અને કોમ્યુનિસ્ટ પાર્ટીએ કર્યો. વિશ્વની અંદર માત્ર પાકિસ્તાને કર્યો. ચીને એમ કહ્યું કે માત્ર સર્કાસ્ટિકલી બોલ્યું, વિરોધ ન કર્યો. તમે ભારતની ફેવર કરો છો. તો એ રીતે બીજા દેશો છે એનો અંગુલી નિર્દેશ પાકિસ્તાન તરફ હતો. એને પણ આ જ પ્રમાણે ફેવર કરવી જોઈએ, પણ ભારત ઉપર કોઈ પક્ષ ઉપર નહિ, ભારત એક નિષ્કલંક રાષ્ટ્ર છે, એટલા માટે વિશ્વના દેશોએ આપણી ઉપર એણે વિશ્વાસ મૂક્યો અને પછી આ ટૅક્નૉલૉજીનો લાભ આપણા દેશના લોકો લે એનો ઠરાવ લઈને માનનીય સભ્યશ્રી આવ્યા છે, ત્યારે આપના મારફત વિનંતી એટલી છે કે ભરતભાઈને કહેવા જેવું નથી. અનીલભાઈ, આપ ભણેલ માણસ છો. ઊર્જા મંત્રીશ્રી છે એ ઊર્જા ક્ષેત્રના નિષ્ણાંત છે. એનો લાભ લેવાનો ઠરાવ લઈને આવ્યા છે. ફાયદો ઉઠાવે ગુજરાત નવું અણુમથક આવે. રોજગારી મળે, ૧૬ કલાક વીજળી આપવાનું વચન આપ્યું છે, જે હજુ પાળી શક્યા નથી. વીજળી પબ્લિક સેક્ટરની અંદર ઉત્પાદન કરી સસ્તી વીજળી મેળવી ખેડૂતોને ૧૬ કલાક વીજળી આપવાનું વચન પાળો તેવી આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭ માં દેશ આઝાદ થયો. પછી કોંગ્રેસની સરકાર કે ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી હોય. ફૉરેન પૉલિસીની અંદર એ લોકો એક રહ્યા હતા. જે નહેરુ ચાચાએ નૉન એલેનમેન્ટ પૉલિસી કરી હતી. એ જ પૉલિસી બાજપાઈજીએ રાખી હતી અને કયારેય ભારત દેશને ગીરવે નહોતો મૂક્યો. કયારેય ફૉરેન પૉલિસીની અંદર રશિયા હોય કે યુ.એસ.એ. એના ઉપર ડિપેન્ડન્ટ નહોતા. થોડી ઈતિહાસની વાત કરું કે જ્યારે ૧૯૬૨ નું યુદ્ધ થયું. ત્યારે આપણે ચાઈના સામે હારી ગયા. હાર્યા ત્યારે જનસંઘે પાર્લામેન્ટમાં પહેલી વખત કહ્યું આપણી મેલેટ્રી વીક છે અને આપણે અણુધડાકો કરવો જોઈએ. ૧૯૬૨ની વાત કરું છું. તે વખતે ડો. હોમી ભાભા હતા જે આપણા ન્યુકલિયરના આર્કિટેક તરીકે ઓળખાય છે તેમણે નહેરુચાચાને વાત કરી કે આપણી પાસે શકિત છે. ન્યુકલિયર ટેસ્ટ કરવાની અને ઓકટોબર ૪, ૧૯૬૪ની અંદર ડો. હોમી ભાભાએ જાહેર કર્યુ અને એ પણ કયાં લંડનમાં કે India can

detonate a nuclear bomb within eighteen months આ ૧૮ મહિનામાં થાય એટલી ભારતની શકિત છે. પણ એમણે કર્યુ I do not think such a decision will be taken by the government. માનનીય અધ્યક્ષશ્રી, જો એ દિવસ ૧૯૬૨ની અંદર આ અણુ ધડાકો કર્યો હોત તો આજે આપણે આ ચર્ચા અહીંયાં ન કરતા હોત. જે નીતિની વાત કરે છે, જે ૧૯૭૦માં ફર્મ થઈ છે જેની અંદર આપણે સભ્ય નથી. આજે. એન.પી.ટી.ની વાત કરે છે જો આ ધડાકો થયો હોત તો આજે આપણે એન.પી.ટી.માં સભ્ય હોત. તે ધડાકો ન થયો એટલે આપણે નિષ્ફળ ગયા છીએ. મારે ધ્યાન દોરવું છે કે ૧૯૭૪ની અંદર મે ૧૮મીએ ઈન્દિરા ગાંધી પ્રધાનમંત્રીએ અણુ ધડાકો કર્યો. જનસંઘે પહેલા અભિનંદન આપ્યા છે. પાર્લામેન્ટની અંદર પાર્ટીએ ઉભા થઈને અભિનંદન આપ્યા છે કે પ્રધાનમંત્રીશ્રી આપને જો કિયા હૈ વો સત્ય કીયા હૈ અને ૧૯૭૪થી માંડીને પછી મોરેટોરીયમ મૂકવામાં આવ્યું, વોલન્ટરી મોરેટોરીયમ મૂકવામાં આવ્યું. વોલન્ટરી મોરેટોરીયમ એટલે અત્યારે આપણે અણુ ધડાકો નહીં કરીએ અને પછી ૧૯૯૮ની અંદર જયારે બાજપાઈજી આવ્યા અને તુરત જ એમણે મે ૧૧ અને ૧૩ની અંદર પાંચ ધડાકા કર્યા. મારે એ કહેવું છે કે ૧૯૯૮ પછી સરકારે વોલન્ટરી મોરેટોરીયમ કર્યુ એટલે અત્યારે વોલન્ટરી એટલે પરમેનન્ટ નહીં જયારે આપણે ધડાકો કરવો હોય ત્યારે ધડાકો કરી શકીએ તે પ્રમાણેની ગોઠવણ કરી. એટલે પોખરણ-૧ અને પોખરણ-ર થયા. મારે જણાવવું છે અને કહેવું છે કે અત્યારે બધા સભ્યો ગૌરવ લેતા હતા કે આપણે એન.પી.ટી અને સી.ટી.બી.ટી. બે સહી કર્યા વગર આપણને એન.એસ.જી ગૃપ રો મટીરીયલ્સ આપશે, યુરેનિયમ આપશે. વાત સાચી છે કે આપશે પણ એન.પી.ટી. અને સી.ટી.બી.ટી.માં જે કાયદા છે કડક એનાથી વધારે કાયદા પર તમે હસ્તાક્ષર કરી આવ્યા છો અને તેના કારણે તમને રો મટીરીયલ આપવાના છે. એના કારણે. ચાઈનાએ વિરોધ નથી કર્યો. જો તમારામાં તાકાત હોત અને તમારામાં ત્રેવડ હોય તો જે ચાઈનાએ અમેરિકા જોડે ૧-૨-૩ એગ્રીમેન્ટ કર્યો છે તે એગ્રીમેન્ટ કરીને લાવવો હતો. આજની તારીખમાં ચાઈનાનો એગ્રીમેન્ટ ડો.મનમોહનસિંહજી, પ્રધાનમંત્રી ટેબલ ઉપર મૂકે અને આપણો એગ્રીમેન્ટ મૂકે અને તેની સરખામણી કરે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. ત્રણ કારણોસર મારે હાઉસનું ધ્યાન દોરવું છે કે આ ત્રણ કારણોસર કોંગ્રેસે, કેન્દ્રની સરકારે આ અણુ ધડાકા માટે જે સ્પીડ કરી છે તેના કારણો આપ્યા છે કે આપણને એક આઈસોલેશન થયું છે. ૩૪ વર્ષથી ૧૯૭૪થી આઈસોલેશન થયું છે એટલે તેની બહાર નીકળીએ. બીજું કારણ છે કે વધારે વીજળી ઉત્પાદન થાય અને ત્રીજું કારણ કે અમેરિકાની જોડે સંબંધો સુધરે. મારે વાત કરવી છે કે પહેલાં આઈશોલેશનની at what cost આ સહી કરે અને ખાલી કહું કે ૩૩ વર્ષનું કર્યુ છે કે હવે કયારેય આપણી ભારત દેશની સરકાર કયારેય અણુ ધડાકો કરશે નહીં. આ પહેલી કન્ડીશન છે. લખ્યું છે. ઈનપરપેકચ્યુઈટી, ઈનપરપેકચ્યુઈટી આનો અર્થ શું થયો કે આપણી જે ન્યુકલિયર આપણી પોલીસી હતી તે પોલીસીની અંદર આપણા જે ન્યુકલિયર વેપન્સ છે તે ધીમે ધીમે એલીબ્લીટ થઈ જશે, રીડયુસ થઈ જશે. એગ્રીમેન્ટ શું છે ધ હાઈ ડેથ એટલે જે યુ.એસ.એ.નું છે તે હાઈડથ દ્વારા અમેરિકા પ્રમુખે ઈન્ડિયાઝ મીલેટરી ન્યુકલિયર પ્રોગ્રામનો દરવર્ષે કોંગ્રેસને એન્યુઅલી રિપોર્ટ આપવો પડશે. આ એક મુદ્દો છે. બીજું ત્યાંની કોંગ્રેસમાં એટલે કે યુ.એસ. પ્રેસીડેન્ટને આપવો પડશે. બીજું, માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર લખ્યું છે કે દરેક દેશના દરેક રિએકટર, એ રિએકટરનું એ લોકો ચેકિંગ કરશે, અને એ ચેકિંગ દ્વારા એ જે પ્રોગ્રામો હશે એનું ઓડિટ થશે, એકાઉન્ટીંગ થશે અને એ યુએસએ કોંગ્રેસને આપવામાં આવશે. બીજું લખ્યું છે અગર ઈન્ડિયાવાળા ધડાકો કરે ઈન્ડિયાવાળા ધડાકો કરે તો જેટલા એક લાખ મેગાવોટ બનાવ્યું હોય કે ૫૦ હજાર મેગાવોટ બનાવ્યું હોય, જે કોઈ બનાવ્યું હોય, એ India will be required to return all nuclear supplies it has received including the reactors, the fuel in fact the last nut and bolt to the US. એટલે છેલ્લો nut and bolt પણ એ લોકો પાછા લઈ જવાની એગ્રિમેન્ટમાં સહીસિકકા કરી આવ્યા છે, એગ્રિમેન્ટ ચાલીસ વર્ષનો છે, દશ વર્ષ એડીશનલ, આ જે safeguards મૂકયા છે ને, એ permanent safeguards મૂકયા છે. એટલે આપણી દશ પેઢીઓ આવે ને, એ દશ પેઢીઓ આવશે તો પણ આની અંદર ફેરફાર નહીં કરી શકે. અત્યારે આપણી પાસે ૨૨માંથી ૧૪ ઉપર એ લોકોએ સહી કરી નાખી છે, એટલે વિચાર કરો, અમેરિકા પાસે ૨૫૦ reactors છે, એમાંથી માત્રને માત્ર IAEA એટલે માત્ર ચાર જ safeguards કરવા માટે આપ્યા છે, એટલે અમેરિકા ચાર આપે ૨૫૦માંથી અને આપણે ૨૨માંથી ૧૪ આપીએ, અને ભવિષ્યના બધા જ આપીએ એ પ્રમાણેના કરાર કર્યા છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, આપણું એક જ reactors છે સાયરસ, જે પ્લુટોનિયમ સપ્લાય કરે છે, અને આપણે weapons પ્રોગ્રામનું સૌથી મોટું reactor છે, આપણી સરકારે ૨૦૧૦માં ખાતરી આપી છે કે અમે બંધ કરી નાખીશું, આ શું બતાવે છે? આપણે weapons programme માટે રોમટિરિયલ્સ કયાંથી લાવીશું? એ પ્રમાણેના કરારો કરીને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહું કે, માનનીય જશવંતસિંહે શું કહયું? પાર્લામેન્ટમાં કે, The most important symbols of a sovereignty are (૧) foreign policy, the automony of foreign policy and (૨) the autonomy of nuclear programme આ બે વસ્તુની વાત કરી, અને today these two symbols of sovereignty are under threat માનનીય અધ્યક્ષશ્રી, threat તો નહીં, પણ આ બંને જે આપણી ઓટોનોમી જે foreign policy અને આપણે જે ન્યુકલીયર પ્રોગ્રામની અંદર ગૌરવ લઈ શકતા હતા આ બંનેના હાથકાંડા કાપી નાખ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વિચાર તો કરો, ૪૦ વર્ષના

૫૦ વર્ષમાં કોઈપણ દેશની અંદર યુએસ હોય કે ઈરાન હોય અને આપણને કહે કે યુએનમાં તમે આ પ્રમાણે વોટિંગ કરજો, આપણે ના પાડતા હતા ગૌરવ સાથે, અમારી નીતિ પ્રમાણે વોટિંગ કરશું, યુએસના Hide Act શું લખ્યું છે, કે ઈરાનની અંદર તમારે જે વોટિંગ કરવાનું છે, એ અમારી જોડે કરવાનું છે, અને એના પ્રમાણમાં યુએસ ગવર્નમેન્ટ ના કહેવા પ્રમાણે બે બે વાર આપણે ઈરાનની વિરુધ્ધમાં વોટિંગ કર્યુ છે, એટલે આપણે કરવાનું હોય તો કરવાનું, પણ કોઈ બીજું કહેને કરવાનું? આવી આપણી નીતિ છે? માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિ આવતા દિવસોની અંદર આપણને ખૂબ મુશ્કેલીમાં મૂકશે, બીજું, એટલે અડવાણીજીએ પાર્લામેન્ટમાં શું કહયું, The deal is not a deal between two sovereign countries. It seems to be a kind of agreement between two individuals and one of the individuals happened to be the Prime Minister of India. માનનીય અધ્યક્ષશ્રી, બંને individuals બંને પોતપોતાની કન્ટ્રીમાં અત્યારે weakest wicket ઉપર છે. યુઅસએ ગણો કે આપણું હિન્દુસ્તાન ગણો, અને આ એક વ્યકિત પોતાને ઈમેજ કરવા માટે દેશના કાંડાં કાપી નાખે,.ફોરેન પોલીસી કાપી નાખે, foreign policy કાપી નાખે, sovereignty કાપી નાખે? માનનીય અધ્યક્ષશ્રી, વાત કરીએ uranium ની , મારે એટલું ખાલી જાણવું છે કે, બે ટકા ત્રણ ટકા ઠીક છે જે આપવું હોય એ, શું આપણી પાસે હાઈડ્રોપાવરની શકયતા નથી? એક લાખ મેગાવોટ હાઈડ્રોપાવર આવી શકયો હોત, જો આપણે પ્લાનિંગ બરાબર કર્યું હોત તો નેપાળમાં જેટલું જેટલું પાણી આવે છે, એ ટપકું ટપકું વીજળી ઉત્પાદન કરીને નેપાળને પણ પૈસા મળ્યા હોત અને આપણને સસ્તી વીજળી મળી હોત, એવી જ રીતે અરુણાચલ પ્રદેશની અંદર એક લાખ મેગાવોટ ઉપર હાઈડ્રોપાવરની કેપેસીટી જયારે આ દેશમાં , પણ કમનસીબી તો જુઓ, કે એ tapping નથી કરતા, અને કાંડાં કાપીને ન્યુકલીઅરમાં જઈએ છીએ, માનનીય અધ્યક્ષશ્રી, ફાંસની વાત કરી સભ્યશ્રીએ પણ ફાંસમાં કોલસો નથી, ઓસ્ટ્રેલિયા પાસે સૌથી વધારે યુરેનિયમ છે, પણ ઓસ્ટ્રેલિયા હજુ સુધી એક પણ power plant નથી નાખ્યો, કારણ? કારણ એની પાસે કોલસો છે. કારણ એની પાસે કોલસો છે. ફ્રાન્સ પાસે કોલસો નથી એટલે ન્યુકિલર પાવર નાંખ્યો. ઈન્ડિયા પાસે કોલસાનો જથ્થો છે જો થોડી એફિશિયન્ટ કરી હોતને તો ૨૦ હજાર મેગાવોટ ઉત્પાદન કરી શકાતું હોત પણ કમનસીબી છે કે કોલ ઈન્ડિયા આપણને કોલસો નથી આપી શકતું અને યુરેનિયમની વાત કરીએ તો આપણી પાસે યુઝ યુરેનિયમના રીસોર્સીસ ઝારખંડ, આંધ્રપ્રદેશ, રાજસ્થાનમાં પડયા છે પણ જે જગ્યાએ આપણે યુરેનિયમ ખોદવાનું ચાલુ કરીએ છીએને તો જે કહેવાતા એન.જી.ઓ. છે, ફાઈવસ્ટાર એકિટવિસ્ટ છે એ બધા વિરોધ કરે છે કે નાના, નાના, તમારે યુરેનિયમ ન ખોદાય. કારણ કે, એ ઈચ્છે છે કે આપણે એન.પી.ટી. સહી કરીએ, કાંડા કાપી આપીએ અને અમેરિકા અને બીજા દેશોની જોડે ભાગીદાર બનીએ. યુરેનિયમ તો છે પણ આપણામાં ત્રેવડ નથી યુરેનિયમ લાવવાની. યુરેનિયમની અંદર કવોલિટી પણ છે અને કોસ્ટ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બે ચાર વિષયો ઉપર વાત કરવા માગું છું કે, એમણે ભાવની વાત કરી અને એ લોકોએ કહ્યું કે, સસ્તી વીજળી ખેડૂતોને આપશે. સસ્તી એટલે કેટલી એ કોઈ બોલ્યું ખરું? સસ્તી એટલે કેટલી એ કોઈ નથી બોલ્યું. આજે ગેસ આધારિત કરીએ તો આપણે ૩.૫૦ કરોડ રૂપિયે મેગાવોટ થાય, કોલસા આધારિત કરીએ તો ૪ કરોડથી ૪.૫૦ કરોડ રૂપિયે મેગાવોટ થાય, ઈન્ડીજીનેસ ન્યુકિલયર કરીએ તો ૭ કરોડ રૂપિયે મેગાવોટ થાય અને ઈમ્પોર્ટેડ જે કરાર કરીને આવ્યા છે એ ૧૦ કરોડ રૂપિયે મેગાવોટ થાય. એક કરોડ રૂપિયે મેગાવોટ ૪ કરોડનું હોયને તો સવા રૂપિયે એક યુનિટ પડે છે એટલે અઢી-સવા ત્રણ રૂપિયે યુનિટ અને વેરિએબલ કોસ્ટ નહીં, ખાલી વીથ કોસ્ટ સવા ત્રણ રૂપિયે પડે અને યુરેનિયમના ભાવ વધે એટલે તમારે આપવાના, કોઈ જગ્યાએ એવું લખ્યું છે કે ૪૦ વર્ષના ભાવ સરખા. આપણી કેન્દ્ર સરકારમાં ત્રેવડ હોત તો ઈન્ડોનેશિયામાં જઈને કોલસાની માઈન્સ ખરીદી આવ્યા હોત, જો આપણામાં ત્રેવડ હોત તો ઓસ્ટ્રેલિયામાં અને સાઉથ આફ્રિકામાં માઈન્સ જોઈએ એટલી પડી છે અને એ લાવો તો પણ ત્રણ રૂપિયાથી નીચે એક યુનિટ પડશે. અરે વિચાર તો કરો જાપાન સરકારે છેલ્લા પાંચ-સાત વર્ષની અંદર જાપાને અને ચાઈનાએ ૨૦-૨૦ અને ૨૫-૨૫ વર્ષના કરારો કરી અને ગેસ ખરીદ્યો છે. કતારથી ખરીદ્યો છે, ઓમાનથી ખરીદ્યો છે અને પાંચ-પાંચ દસ-દસ અને વીસ હજાર મેગાવોટ વીજળી પેદા કરી શકાય એટલો ખરીદ્યો છે, આપણી સરકારે એક કે.જી. પણ પાંચ વર્ષમાં ખરીદ્યો છે? અરે, આ તો ગુજરાત સરકારની મહેરબાની કે બે ટર્મિનલ છે ત્યારે આ ગેસ આવે છે નહીં તો એ ગેસ પણ ન આવત. વિચાર તો કરો પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટ ઈરાનથી પાઈપ લાઈન દ્વારા ગેસ લાવવાનો આજે પાંચ વર્ષ થયા તો પણ હજુ કરાર નથી કરી શકયું. વીથ કોસ્ટ સેફટી એંગલ કોઈએ વિચાર્યો છે? તમે આ ન્યુકિલયર, ન્યુકિલયર કરો છો પણ ન્યુકિલયર જયારે ખૂબ મોટી સંખ્યામાં બધા એડવાન્સ સ્ટેજીસ હોય તો કરીએ પણ એનો સેફટી એંગલ જોઈએ. તમે કોઈ પણ જગ્યાએ ન્યુકિલયર પ્લાન્ટ નાંખવાનો વિચાર કરો એટલે તુરત જ એની આજુ બાજુની પ્રજા ગભરાઈ જાય છે, કારણ કે એક ડર હોય છે. એટલે સેફટીના પ્રિકોસન્સ લેવાં જોઈએ ત્યારે કમનસીબી શું છે કે, આ કાયદામાં એવું લખવામાં આવ્યું છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સૌરભભાઈ, બે મિનિટ છે તમારી પાસે આપ પૂરું કરો.

**શ્રી સૌરભ પટેલ** : ૨૮ મિનિટની વાત થઈ છે સાહેબ. (અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ અર્જુનભાઈનો સમય વધારી આપ્યો એમ સૌરભભાઈનો સમય પણ વધારવો જ જોઈએ.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈને એક કે દોઢ જ મિનિટ વધારી છે.

**શ્રી અમિત શાહ** : ના, ના, દોઢ મિનિટ કયાં વધારી છે સાહેબ, બરોબર ચાર મિનિટ વધારે આપી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સૌરભભાઈ, આપ ચાલુ રાખો.

**શ્રી: સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે ગૃહને એક ખાસ માહિતી આપવી છે.એવી રીતે ત્યાં બિલ આવેને યુ.એસ.ની અંદર, તો યુ.એસ.ની અંદર કવેશ્ચન્સ આપેને એનો એ લોકોના વિભાગે જવાબ આપવો પડે, સેનેટ, House committee of foreign affairs એ સવાલ પુછયા, એ સવાલ પુછયા એનો જવાબ આપેલ છે, આપણી સરકાર જે કહેતી હોય પણ યુ.એસ. ગવર્નમેન્ટ ત્યાં શું કહે છે એની માહિતી આપું છું What is the administration expectation regarding the likely economic benefits of this partnership including Indias purchase of US nuclear fuels, reactors and technology. એટલે યુ.એસ.ને શું લાભ થશે. We are confident that this initiative will yield important economic benefits to the private sector in the United States. Indian officials indicate that they will plan to import at least ૧૦૦૦ MW power by ૨૦૧૨. ૩ હજારથી ૫ હજાર ન્યુ ડાયરેકટ જોબ્સ and ૧૦,૦૦૦ to ૧૫,૦૦૦ indirect jobs. સૌથી અગત્યનો વિષય આ છે, આપ સાંભળો, જે ચર્ચામાં ભાગ લીધેલ છે At least ૧૫ nuclear elected U.S. firms including General Electric and Westingal House participated in a business delegation lead by the commerce department. આપણા દેશનો કરાર થયો નથી એ પહેલાં તમે business delegation લઈને આવો. આની અંદર બીજું સ્પષ્ટ લખ્યું છે તમે કોઈપણ ડિઝાઈન અને કન્સ્ટ્રક્શન ઓપરેશન માટે ટ્રાન્સફર કરશો તો અહીંયા સ્પષ્ટ લખ્યું છે U.S. government will not assist India in the design, construction, operation of sensitive nuclear technologies. ત્રીજું લખ્યું છે અગર ઈન્ડિયા આની અંદર ન્યુક્લિયર ટેસ્ટ કરશે તો શું થશે તો it is not in the intention આની અંદર બહુ સ્પષ્ટ લખ્યું છે કે, આ જો ધડાકો કરશે તો આ અણુબોમ્બના ધડાકાના કારણે has the right to cease all the nuclear cooperation with India immediately including the supply of fuels as well as the requests to return any of. એક ધડાકો કરીને બતાવે તો ખરા અને ડો.મનમોહનસિંહમાં હિંમત હોય તો એમ કહે કે હું કાલે ધડાકો કરું છું. જયારે આ ડીલ ચાલતી હતી..

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

**શ્રી સૌરભ પટેલ** : Perpetuity માટે કાયમ માટે બંધ કરવામાં આવ્યું હતું. એટલે એના કારણે આપણે આ કર્યુ છે. એટલે દેશના કાંડા કાપી દીધા છે

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

**શ્રી સૌરભ પટેલ** : અને દેશના ઈતિહાસની અંદર.. • (આટલી કડકાઈ )સામે રાખી હોત તો,

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે. ચર્ચા પૂરી થાય છે, નેકસ્ટ, સૌરભભાઈ, ચર્ચા પૂરી થાય છે. સોરી, સૌરભભાઈ તમે મને આમ નહિ કહી શકો, મેં પૂરેપૂરી સમાનતાપૂર્વક કહયું છે કે, ૧-૫૧ એ શરૂ કર્યુ હતું, આઠ મિનિટ બગડી હતી એ આઠ મિનિટ મેં તમને વધારાની આપી છે, તમે મને નહિ કહી શકો અને તમારે મને સોરી કહેવું પડશે કે *(આટલી બધી કડકાઈ) ન રખાય, એ શબ્દો પાછા ખેંચો.

**શ્રી સૌરભ પટેલ** : સોરી સર,

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ,

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**અધ્યક્ષશ્રી** : વિભાવરીબહેનનો જે પ્રશ્ન હતો, એની માહિતી આવી ગઈ છે એની મેં મંજૂરી આપી છે માહિતી તમે મેજ ઉપર મૂકો.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૭૧૦ અન્વયે વધારાની માહિતી**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હું શ્રીમતી વિભાવરીબહેન દવેના "ઓકટ્રોય નાબુદીથી મહાનગરપાલિકાને આર્થિક સહાય" તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૭૧૦ (અગ્રતાક્રમ -૩) અન્વયે વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો મંત્રીશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, આજની અમારી ઝડપ જૂઓ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : અમારા આદેશનું તમે પાલન કર્યુ છે એ બદલ હું તમને ધન્યવાદ કહુ છું.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, જેના લેખિત જવાબો વિધાનસભા સચિવાલયને સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે માનનીય સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૨૧૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે હું સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# અતારાંકિત પ્રશ્નો

**(વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયેના અતારાંકિત પ્રશ્નો)**

## અતારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંક્તિ પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી અર્જુન મોઢવાડિયા | ૬૨ | ૧ |
| ૨ | શ્રી અમિતભાઇ ચાવડા | ૬૪,૩૭૯,૩૮૦,૩૯૦,૩૯૨,૩૯૩,૩૯૪,૪૦૯,૪૧૬,૪૧૭,૪૨૦,૪૨૧,૪૨૨ | ૧૩ |
| ૩ | શ્રી ઇશ્વરભાઇ વહિયા | ૨૬૦,૨૬૬,૨૭૨,૨૭૩,૨૭૪,૨૭૭,૫૭૦,૫૭૩,૫૭૫,૫૭૯,૮૩૬,૮૩૭,૮૫૩, ૯૬૫ | ૧૪ |
| ૪ | શ્રી કિરણકુમાર મકવાણા | ૬૭૯,૬૮૪,૬૮૫,૬૮૬,૬૮૭,૬૮૯,૬૯૦,૬૯૫,૬૯૬,૭૫૫,૭૭૩,૯૮૩,૯૮૬, | ૧૩ |
| ૫ | શ્રી કુંવરજીભાઇ બાવળીયા | ૪૮૧,૪૮૩,૪૮૪,૪૮૫,૪૮૬,૪૮૭,૪૮૮,૪૯૦,૪૯૧,૪૯૨,૪૯૩,૪૯૪,૪૯૫,<br>૪૯૬,૪૯૭,૪૯૯,૫૦૧,૭૧૬,૮૭૦,૮૭૮,૮૮૬,૮૮૭,૧૦૭૦,૧૦૮૯,૧૦૯૦, | ૨૫ |
| ૬ | શ્રી ગોતમભાઇ ઝાલા | ૨૭,૧૫૮,૧૬૦,૧૬૯,૧૭૨,૧૭૭,૧૭૮,૧૭૯,૧૮૦,૧૮૧,૧૮૪,૧૯૦,૨૦૦,<br>૨૦૩,૨૦૪,૨૦૯,૨૧૮,૪૨૫ | ૧૮ |
| ૭ | શ્રી દીતાભાઇ મછાર | ૨૩૫,૨૪૧,૨૪૩,૨૪૮ | ૪ |
| ૮ | શ્રી ધીરૂભાઇ ભીલ | ૪૩૧,૪૩૨,૪૩૩,૪૩૪,૪૩૫,૪૩૮,૪૩૯,૪૪૦,૪૪૧,૪૪૭ | ૧૦ |
| ૯ | શ્રી નારાયણભાઇ પટેલ | ૨૯૯,૩૦૨,૩૦૩,૩૧૦,૩૧૯,૩૨૯,૩૪૦,૩૪૬,૩૪૭,૩૪૯,૩૫૪,૩૫૭,૩૫૮,૩૬૬, ૩૬૭,<br>૩૭૧,૩૭૪ | ૧૭ |
| ૧૦ | શ્રી નિરંજનભાઇ પટેલ | ૧૧ | ૧ |
| ૧૧ | શ્રી પુનાભાઇ ગામિત | ૪૦ | ૧ |
| ૧૨ | શ્રી પરેશભાઇ વસાવા | ૪૫૧,૪૫૨,૪૫૩,૪૫૬,૪૫૭,૪૫૮,૪૫૯,૪૬૦,૪૬૧,૪૬૫,૪૬૬,૪૬૯,૪૭૪,<br>૪૭૬,૫૧૭,૫૧૮,૫૨૦,૫૨૨,૫૨૪,૫૨૭,૫૩૩,૫૩૬,૫૩૭,૫૩૮,૫૪૫,૫૪૬,<br>૫૪૮,૫૫૩,૫૫૫,૫૫૬,૫૫૭,૫૫૮,૫૫૯,૫૬૦,૫૬૨,૫૬૩,૫૬૪,૮૦૦,૮૦૧,<br>૧૦૧૮,૧૦૨૮,૧૦૨૯ | ૪૨ |
| ૧૩ | શ્રી બાબુભાઇ શાહ | ૩૫ | ૧ |
| ૧૪ | શ્રી ભાવસિંહ રાઠોડ | ૧૦૪૧,૧૦૫૧,૧૦૯૨,૧૦૯૬,૧૦૯૯,૧૧૦૩,૧૧૦૪,૧૧૦૫,૧૧૦૬,૧૧૦૯, ૧૧૧૪,૧૧૧૮ | ૧૨ |
| ૧૫ | શ્રી મુકેશભાઇ ગઢવી | ૯ | ૧ |
| ૧૬ | શ્રી મોહનસિંહ રાઠવા | ૧૪,૬૧ | ૨ |
| ૧૭ | શ્રી માનસિંહ ચોહાણ | ૧૮ | ૧ |
| ૧૮ | શ્રી રાકેશભાઇ શાહ | ૫૪ | ૧ |
| ૧૯ | શ્રી રાઘવજીભાઇ પટેલ | ૬૯,૭૦,૭૬,૭૯,૮૯,૯૫,૧૦૮,૧૨૮,૩૫૧,૫૦૫,૫૦૬,૫૦૭,૫૦૮,૫૧૩ | ૧૪ |
| ૨૦ | શ્રી રણછોડભાઇ મેર | ૫૯૪,૬૦૨,૬૦૬,૬૦૭,૬૧૭,૬૧૮,૬૩૦,૬૩૨,૬૩૩,૬૩૪,૬૪૬,૬૭૧,૯૩૨,<br>૯૪૪,૯૪૫,૯૪૬,૯૪૭,૯૪૯,૯૫૪,૯૫૫,૯૫૮,૯૬૦, | ૨૨ |
| ૨૧ | શ્રી વિભાવરીબેન દવે | ૨૫૪ | ૧ |
| ૨૨ | શ્રી વજેસિંગભાઇ પણદા | ૮૧૧,૮૨૫ | ૨ |
| ૨૩ | શ્રી હિરાભાઇ પટેલ | ૩૦ | ૧ |

## જામનગર જિલ્લામાં આવેલ પશુદવાખાના

અતારાંક્તિ : ૧૦૮ (૨૧-૭-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેટલા પશુદવાખાના આવેલા છે.

(૨) આવા પશુદવાખાના તાલુકાવાર ક્યા-ક્યા ગામોમાં પોતાના મકાનો ધરાવે છે, અને ક્યા-ક્યા ગામોમાં ભાડાના મકાનોમાં છે અને,

(૩) આ પશુદવાખાના ચલાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૯-૯-૨૦૦૮) :

જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ પશુદવાખાના આવેલ છે.

| (૧) | અ.નં. | તાલુકાનું નામ | પશુદવાખાનાની કુલ સંખ્યા |
|---|---|---|---|
| | ૧ | જામનગર | ૪ |
| | ૨ | ધ્રોલ | ૨ |
| | ૩ | જોડીયા | ૨ |
| | ૪ | કાલાવડ | ૪ |
| | ૫ | લાલપુર | ૨ |
| | ૬ | જામજોધપુર | ૩ |
| | ૭ | ભાણવડ | ૨ |
| | ૮ | જામખંભાળીયા | ૩ |
| | ૯ | જામકલ્યાણપુર | ૩ |
| | ૧૦ | ધ્વારકા | ૧ |
| | | કુલ : | ૨૬ |

| (૨) | અ.નં. | તાલુકાનું નામ | પશુદવાખાનાનું મકાન | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પશુદવાખાનું પોતાના મકાનમાં બેસે છે તે ગામનું નામ | પશુદવાખાનું ભાડાના મકાનમાં બેસે છે તે ગામનું નામ | પશુદવાખાનાને પોતાનું કે ભાડાનું મકાન ના હોય તેવા ગામનું નામ | તે સંજોગોમાં તે પશુ દવાખાનું હાલમાં ક્યાં બેસે છે તે સ્થળનું નામ |
| | ૧ | જામનગર | જામનગર | - | - | - |
| | ૨ | | અલીયાબાડા | - | - | - |
| | ૩ | | - | - | ફલ્લા | ગ્રામ પંચાયતના કોમ્યુનીટી હોલમાં |
| | ૪ | | - | - | લાખાબાવળ | ખાનગી મકાનમાં |
| | ૫ | ધ્રોલ | ધ્રોલ | - | - | - |
| | ૬ | | લતીપુર | - | - | - |
| | ૭ | જોડીયા | જોડીયા | - | - | - |
| | ૮ | | આમરણ | - | - | - |
| | ૯ | કાલાવડ | કાલાવડ | - | - | - |
| | ૧૦ | | નવાગામ | - | - | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૧ | | ખરેડી | - | - | - |
| | ૧૨ | | - | - | મોટીમાટલી | ગામની સમાજવાડીમાં |
| | ૧૪ | | ખડખંભાળીયા | - | - | - |
| | ૧૫ | જામજોધપુર | જામજોધપુર | - | - | - |
| | ૧૬ | | સમાણા | - | - | - |
| | ૧૭ | | - | - | તરસાઇ | ગ્રામ પંચાયતના મકાનમાં |
| | ૧૮ | ભાણવડ | ભાણવડ | - | - | - |
| | ૧૯ | | - | - | ગુંદા | ગોશાળાના મકાનમાં |
| | ૨૦ | ખંભાળીયા | ખંભાળીયા | - | - | - |
| | ૨૧ | | મોવાણ | - | - | - |
| | ૨૨ | | - | વડત્રા | - | - |
| | ૨૩ | કલ્યાણપુર | કલ્યાણપુર | - | - | - |
| | ૨૪ | | જામરાવલ | - | - | - |
| | ૨૫ | | - | ભાટીયા | - | - |
| | ૨૬ | ધ્વારકા | ધ્વારકા | - | - | - |
| (૩) | પત્રક આ સાથે સામેલ છે. | | | | | |

**પત્રક**

**જામનગર જિલ્લાના પશુદવાખાનાઓ ચલાવવા માટે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતુ પત્રક**

| ૭૬ | ઝીંઝુવાડા-અડારીયાણા-સુરેલ રોડ, મજબુતીકરણ, ૧૦/૦ થી ૨૨/૦ | ૧૩૪.૭૧ |
| ૭૭ | ગડોઇ-ટીનમાસ-અખા રોડ મજબુતીકરણ, ૦/૦ થી ૮/૧૦ | ૮૯.૩૫ |
| | **કુલ : ...** | **૧૭૧૭૬.૮૯** |

-------------

## તાપી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ અને સાતફેરા સમુહલગ્ન યોજનાના બાકી લાભાર્થીઓ

અતારાંક્તિ : ૫૨૦ (૪-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કુંવરબાઇનું મામેરૂ અને સાતફેરા સમુહલગ્ન યોજનાની તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવાની બાકી છે, અને

(૨) જો સહાય ચુકવવાની બાકી હોય તો સરકાર ક્યારે ચુકવવા માંગે છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૯-૯-૨૦૦૮) :

(૧) એક પણ લાભાર્થીઓને સહાય ચુકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાષ્ટ્રીય કુટુંબ યોજનાના જિલ્લાવાર લાભાર્થીઓ

અતારાંક્તિ : ૫૨૨ (૪-૮-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) આ પેકી યોજના હેઠળ જીલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને કેટલા બાકી છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૪-૯-૦૮) :

(૧) રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

| અ.નં. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૨૧૮ |
| ૨ | મહેસાણા | ૫૫૬ |
| ૩ | રાજકોટ | ૫૧૯ |
| ૪ | ભાવનગર | ૮૪૨ |
| ૫ | સુરત | ૧૮૦૧ |
| ૬ | વડોદરા | ૯૬૬ |
| ૭ | ખેડા | ૯૭૦ |
| ૮ | બનાસકાંઠા | ૨૫૦ |
| ૯ | સાબરકાંઠા | ૩૫૮ |
| ૧૦ | જામનગર | ૯૮૧ |
| ૧૧ | જુનાગઢ | ૮૪૩ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૩૨૫ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૫૭૧ |
| ૧૪ | અમરેલી | ૩૪૬ |
| ૧૫ | વલસાડ | ૬૯૪ |
| ૧૬ | ભરૂચ | ૩૦૮ |
| ૧૭ | પંચમહાલ | ૫૩૫ |
| ૧૮ | ગાંધીનગર | ૧૩૧ |
| ૧૯ | આહવા | ૦ |
| ૨૦ | દાહોદ | ૨૭૪ |
| ૨૧ | નવસારી | ૪૬૭૯ |
| ૨૨ | નર્મદા | ૨૯૬ |
| ૨૩ | આણંદ | ૫૯૫ |
| ૨૪ | પાટણ | ૭૨૫ |
| ૨૫ | પોરબંદર | ૧૯૮ |
| ૨૬ | તાપી | |
| | **કુલ :** | **૨૧૯૮૧** |

(૨) આ પૈકી આ યોજના હેઠળ જીલ્લાવાર નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૧૦૨૮ લાભાર્થીઓ બાકીમાં છે.

| અ.નં. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | બાકી લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૮૩ | ૫૬૨ |
| ૨ | મહેસાણા | ૪૦૫ | ૩૭ |
| ૩ | રાજકોટ | ૨૭૩ | ૦૨ |
| ૪ | ભાવનગર | ૮૩૧ | ૧૬ |
| ૫ | સુરત | ૧૧૮૬ | ૦૦ |
| ૬ | વડોદરા | ૧૭૦૯ | ૦૦ |
| ૭ | ખેડા | ૨૮૦ | ૧૪ |
| ૮ | બનાસકાંઠા | ૧૩૮ | ૦૦ |
| ૯ | સાબરકાંઠા | ૨૮૦ | ૦૦ |
| ૧૦ | જામનગર | ૪૫૩ | ૧૧૮ |
| ૧૧ | જુનાગઢ | ૨૯૨ | ૬૮ |
| ૧૨ | કચ્છ-ભુજ | ૧૬૯ | ૦૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૮૩ | ૦૯ |

| અ.નં. | જીલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | બાકી લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧૪ | અમરેલી | ૧૬૫ | ૨૨ |
| ૧૫ | વલસાડ | ૫૪૮ | ૦૦ |
| ૧૬ | ભરૂચ | ૧૨૯ | ૧૭ |
| ૧૭ | પંચમહાલ | ૨૧૧ | ૧૨૨ |
| ૧૮ | ગાંધીનગર | ૫૨ | ૦૭ |
| ૧૯ | આહવા | ૦૦ | ૦૦ |
| ૨૦ | દાહોદ | ૯૯ | ૦૦ |
| ૨૧ | નવસારી | ૪૦૧૮ | ૦૨ |
| ૨૨ | નર્મદા | ૧૪૧ | ૦૦ |
| ૨૩ | આણંદ | ૩૪૭ | ૨૧ |
| ૨૪ | પાટણ | ૩૪૫ | ૦૦ |
| ૨૫ | પોરબંદર | ૬૨ | ૧૧ |
| ૨૬ | તાપી | | |
| | **કુલ :** | **૧૪૮૯૯** | **૧૦૨૮** |

-------------

**સાયકલ ખરીદવા ઉચ્ચક રકમ અંગે**

અતારાંક્તિ : ૭૭૩ (૨૯-૮-૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાયકલ ખરીદવા કેટલી રકમ આપે છે, અને

(૨) આ રકમમાં વધારો કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૯-૯-૦૮) :

(૧) રૂા. ૧૫૦૦-૦૦ ની ઉચ્ચક રોકડ સહાય ચૂકવવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં આ રકમ વધારીને તા. ૧-૪-૦૮ થી રૂા. ૨૦૦૦/- કરવામાં આવી છે.

-------------

**રાજ્યમાં જિલ્લાવાર અંધ શારીરિક વિકલાંગ વ્યક્તિઓની નોંધાયેલ સંખ્યા**

અતારાંક્તિ : ૮૮૬ (૨૬-૯-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર અંધ, શારીરિક વિકલાંગ અને બહેરી મુંગી વ્યક્તિઓની નોંધાયેલી સંખ્યા કેટલી છે ?

(૨) કે પૈકી કેવા કેવા કિસ્સાઓમાં કેટલી સહાયની રકમો ચુકવવાનું સરકારનું સરકારે નક્કી કરેલ છે, અને

(૩) તે માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૦૮) :

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર અંધ, શારીરિક વિકલાંગ અને બહેરી મુંગી વ્યક્તિઓની નોંધાયેલી કુલ સંખ્યા ૧,૯૬,૫૯૬ છે. જે અંગેનું પત્રક-૧ સામેલ છે.

(૨) રાજ્ય સરકારની નીચે જણાવેલ યોજનાઓમાં સહાયની રકમ ચુકવવાનું ધોરણ નીચે મુજબ છે.

| **વિકલાંગ શિષ્યવૃત્તિ** | **સહાયની રકમ** |
|---|---|
| ધો. ૧ થી ૭ | રૂા. ૧,૦૦૦/- |
| ધો. ૮ થી ઉપર | રૂા. ૧૫૦૦/- |

રૂા. ૫૦૦૦/- સુધી.

**વિકલાંગ સાધન સહાય** રૂા. ૫૦૦૦/- સુધી.

**સંત સુરદાસ સહાય.**

૦ થી ૧૮ વર્ષની વય સુધી રૂા. ૨૦૦/-

૧૮ થી ૪૫ વર્ષની વય સુધી રૂા. ૪૦૦/-

(૩) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન બજેટ જોગવાઈ અને ખર્ચ અંગેનું પત્રક-૨ આ સાથે સામેલ છે.
(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

-------------

**રાજ્યમાં જિલ્લાવાર અંધ શારીરિક વિકલાંગ વ્યક્તિઓની મળેલ અરજીઓ**

અતારાંક્તિ : ૮૮૭ (૨૬-૮-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર અંધ, શારીરિક વિકલાંગ અને બહેરી મુંગી અને માનસિક ક્ષતિગ્રસ્ત વાળી વ્યક્તિઓની કેટલી સહાય માટેની અરજીઓ સરકારને મળી ?

(૨) યોજના પરત્વે સરકારે તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના બજેટમાં કુલ કેટલી રકમની જોગવાઈ કરેલ,

(૩) તે પેકી કેટલી અરજી મંજૂર કરી કેટલી રકમની સહાય ચુકવવામાં આવે અને કેટલી ચુકવણી બાકી છે,?

(૪) બાકી હોય તો તેના કારણો શું છે, અને

(૫) ક્યાં સુધીમાં સહાય ચુકવવાનું આયોજન છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૦૮) :

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર અંધ, શારીરિક વિકલાંગ અને બહેરી મુંગી અને માનસિક ક્ષતિગ્રસ્તવાળી વ્યક્તિઓની મળેલ અરજીઓનું પત્રક-૧, ૨ તથા ૩ સામેલ છે.

| વર્ષ | સાધન સહાય | સંત સુરદાસ સહાય | શિષ્યવૃતિ |
|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧,૯૫૦ | ૬,૪૪૮ | ૧૮,૫૭૮ |
| ૨૦૦૬-૦૭ | ૨,૦૬૬ | ૧૦,૪૨૦ | ૨૦,૩૨૦ |
| ૨૦૦૭-૦૮ | ૫,૫૯૩ | ૧૩,૫૪૨ | ૨૫,૬૨૦ |

(૨) તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના બજેટમાં કરેલ રકમની જોગવાઈ અંગેનું પત્રક-૪ સામેલ છે.

(૩) તે પેકી નીચે મુજબ અરજીઓ મંજુર કરી સહાય ચુકવવામાં આવેલ છે. તથા કોઈ સહાય ચુકવવાની બાકી નથી. જે અંગેનું પત્રક-૧, ૨ તથા ૩ સામેલ છે.

**વિકલાંગ સાધન સહાય**

| વર્ષ | મંજૂર અરજીઓ | ચુકવેલ સહાય |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧,૮૧૨ | ૨૪,૬૩,૦૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧,૮૮૪ | ૩૭,૬૫,૫૫૦ |
| ૨૦૦૭-૦૮ | ૫,૫૯૩ | ૧,૧૧,૦૫,૪૯૦ |

**સંત સુરદાસ સહાય**

| વર્ષ | મંજૂર અરજીઓ | ચુકવેલ સહાય |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬,૩૧૧ | ૨,૪૧,૨૫,૫૦૪ |
| ૨૦૦૬-૦૭ | ૧૦,૦૦૯ | ૪,૫૬,૫૨,૮૨૫ |

| | | |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૨,૬૩૪ | ૩,૫૧,૮૧,૪૩૦ |

**વિકલાંગ શિષ્યવૃતિ**

| વર્ષ | મંજૂર અરજીઓ | ચુકવેલ સહાય |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૮,૩૧૬ | ૧,૨૮,૧૬,૫૭૦ |
| ૨૦૦૬-૦૭ | ૨૦,૦૮૪ | ૨,૬૫,૭૩,૩૬૦ |
| ૨૦૦૭-૦૮ | ૨૫,૩૭૭ | ૩,૩૦,૯૨,૬૫૦ |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે)

-------------

**સાયકલ ખરીદવા ઉચ્ચક રકમ અંગે**

અતારાંક્તિ : ૧૦૫૧ (૨૯-૮-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ**(સમી) **:માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સને ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાયકલ ખરીદવા ઉચ્ચક કેટલી રકમ આપવામાં આવે છે, અને

(૨) આ રકમમાં વધારો કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૯-૯-૨૦૦૮) :

(૧) રૂા. ૧૫૦૦-૦૦ની ઉચ્ચક રોકડ સહાય ચૂકવવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં આ રકમ વધારીને તા. ૧-૪-૦૮ થી રૂા. ૨૦૦૦/- કરવામાં આવી છે.

-------------

**ગરીબી સમૃધ્ધિ યોજનામાં રકમની ફાળવણી**

અતારાંક્તિ : ૧૧ (૧૨-૨-૨૦૦૮) **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમની ગરીબી સમૃધ્ધિ યોજનાની જાહેરાત કરી હતી, અને

(૨) તે અન્વયે બજેટમાં કેટલી રકમ ફાળવી હતી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૦-૯-૨૦૦૮) :

(૧) વિધાનસભા નિયમોના નિયમ-૪૪ હેઠળ તા. ૨૮-૦૩-૨૦૦૭ એટલે કે વર્ષ ૨૦૦૬-૦૭માં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ રૂા. ૧૩ હજાર કરોડની પાંચ વર્ષની જોગવાઈ ધરાવતી વિવિધ વિભાગોને સાંકળતી ગરીબી સમૃધ્ધિ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનો અમલ શહેરી વિકાસ વિભાગના તા. ૩૦-૦૪-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : જીએસવાય-૧૦૨૦૦૭-૧૧૯૯-ઘ થી શરૂ થયો છે. રાજ્યના શહેરી ગરીબો માટેની આ સંકલિત યોજના અંતર્ગત સંકળાયેલા વિવિધ વિભાગો હસ્તકની શહેરી ગરીબોના કલ્યાણ માટેની યોજનાઓ માટે જે તે વિભાગો દ્વારા જરૂરી રકમની ફાળવણી કરવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ માટે વિભાગવાર ફાળવણી નીચે મુજબ છે.

| ક્રમ | વિભાગનું નામ | ફાળવેલ રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| (૧) | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૮૫૨.૭૪ |
| (૨) | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૫૮૪.૪૧ |

| | | |
|---|---|---|
| (૩) | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૦૩.૯૨ |
| (૪) | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૨.૫૫ |
| (૫) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૮.૮૬ |
| (૬) | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૩૫.૭૯ |
| (૭) | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૯.૧૫ |
| (૮) | ઉર્જા અને પેટ્રોકેમિક્લ્સ વિભાગ | ૩.૭૨ |
| | **કુલ :-** | **૩૦૪૧.૧૪** |

-------------

**મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પ્રોપર્ટી ટેક્ષના દંડનીય વ્યાજદર ઘટાડવાની દરખાસ્ત**

અતારાંક્તિ : ૧૦૮૯ (૧-૯-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કઈ કઈ મ્યુનિસિપલ કોર્પોરેશનોએ પ્રોપર્ટી ટેક્ષના દંડનીય વ્યાજ દર ઘટાડાની દરખાસ્ત સરકારને કરી,

(૨) દરખાસ્ત સમયે પ્રોપર્ટી ટેક્ષના દંડનીય વ્યાજની શું જોગવાઈ હતી,

(૩) તેમાં કેટલા ઘટાડાની દરખાસ્તો સરકારને મળી, અને

(૪) સરકારે તે પરત્વે શી કાર્યવાહી કરી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૯-૨૦૦૮) :

(૧) અમદાવાદ મહાનગરપાલિકા

(૨) ૧૮ %

(૩) ૧૮ % થી ઘટાડીને ૮ %

(૪) કોર્પોરેશન કક્ષાએ આ અંગે કોઈ રાહત યોજના-ઈન્સેન્ટીવ સ્કીમ જાહેર કરવા વિચારણા કરી શકે છે. તેવો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ.

------------

**રાજ્યમાં મેગાસીટી અને મિલિયન પ્લસ સીટીના વિકાસના કામો**

અતારાંક્તિ : ૧૦૯૦ (૧-૯-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં આવેલા મેગાસીટી અને મિલિયન પ્લસ સીટીના વિકાસ માટે તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના બજેટમાં કેટલી રકમ ક્યા ક્યા જિલ્લાઓમાં ખર્ચ કરવાનું નક્કી થયેલ,

(૨) તે પૈકી ક્યા જિલ્લામાં કેટલી રકમ ક્યા સ્વરૂપે ખર્ચ કરવામાં આવી, અને ક્યા પ્રકારના વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા,

(૩) જો વિકાસના કામો હાથ ધરવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે, અને

(૪) ક્યાં સુધીમાં આ રકમ ખર્ચ કરવાનું સરકારનું આયોજન છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૯-૨૦૦૮) :

(૧)

| વર્ષ | મેગાસીટી અને મિલિયન પ્લસ સીટી (અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા)ના વિકાસ માટે રાજ્યના બજેટમાં રાખવામાં આવેલ જોગવાઈ | |
|---|---|---|
| | જે. એન. એન.યુ.આર.એમ., પેટા મિશન-૧, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ગવર્નન્સ (યુઆઈજી) (રૂ. કરોડમાં) | જે.એન.એન.યુ.આર.એમ., પેટા મિશન-૨, બેઝીક સર્વિસિસ ટુ અર્બન પુઅર (બીએસયુપી) (રૂ. કરોડમાં) |
| ૨૦૦૮-૨૦૦૯ | ૪૦૦.૦૦ | ૧૯૨.૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૨૮૮.૦૦ | ૧૯૨.૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૪૩૨.૮૦ | ૩૨.૧૦ |
| ૨૦૦૫-૨૦૦૬ | -- | -- |

(૨) અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જીલ્લાની અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નીચે મુજબના પ્રકારના વિકાસના કાર્યો હાથ ધરવામાં આવ્યા.

**(તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ)**

| **પ્રોજેક્ટનો પ્રકાર** | **પ્રોજેક્ટની સંખ્યા** | **જે-તે કોર્પોરેશનને ફાળવવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ઘર ક્ચરાનું વ્યવસ્થાપન | ૩ | ૧૯.૧૬ |
| ગટર / વરસાદી પાણીનો નિકાલ | ૯ | ૧૪૧.૧૫ |
| બીઆરટીએસ | ૫ | ૧૬૨.૯૯ |
| સ્યુઅરિજ | ૧૪ | ૧૨૭.૪૨ |
| રોડ / ફ્લાય ઓવર બ્રીજ / રેલ્વે ઓવર બ્રીજ | ૧૯ | ૧૦૬.૮૪ |
| પાણી પુરવઠા | ૭ | ૧૫૧.૪૮ |
| શહેરી ગરીબો માટેના આવાસો | ૧૩ | ૨૮૦.૭૮ |
| **કુલ :-** | **૭૦** | **૯૮૯.૮૨** |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૪) જે.એન.એન.યુ.આર.એમ. યોજનાનો કાર્યકાળ કુલ સાત વર્ષનો છે. તેના અંતર્ગત મંજૂર કરવામાં આવતા પ્રત્યેક પ્રોજેક્ટની પૂર્ણ થવાની અવધિ પ્રોજેક્ટના પ્રકાર મુજબ જુદી જુદી નિશ્ચિત કરવામાં આવે છે. જે-તે પ્રોજેક્ટ માટે મંજૂર કરવામાં આવેલ રકમ તેના માટે નિતિ કરવામાં આવેલ અવધિ અથવા તો મિસન કાર્યકાળના અંત સુધીમાં ખર્ચ કરવાની રહે છે.

## રાજ્યમાં ગોરવપથ બનાવવા ગુણવત્તા બાબતે ફરિયાદ

અતારાંક્તિ : ૧૦૯૧ (૨૯-૮-૨૦૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લા તથા તાલુકાવાર ગોરવપથ બનાવવા માટે કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો ચાલુ છે,

(૩) કેટલા મંજૂર કરવાના બાકી છે,

(૪) કામની નબળી ગુણવત્તા બાબતે સરકારને કોઈ ફરિયાદ મળી હતી કે કેમ,

(૫) જો હા, તો ક્યારે અને કોના તરફથી જિલ્લા અને તાલુકાવાર કેટલી,

(૬) તે પરત્વે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૭) આ કામગીરીના ખર્ચમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૦-૯-૨૦૦૮) :

(૧) ગોરવપથ રાજ્ય સરકારશ્રી તરફથી મંજૂર કરાતા નથી.

(૨) થી (૭) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નિર્મળ ગુજરાત વર્ષમાં પે એન્ડ યુઝ ટોઈલેટનું નિર્માણ

અતારાંક્તિ : ૧૦૯૨ ( **તારીખ ટાઈપ કરવાની બાકી છે.** ) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ**(સમી) **:માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિર્મળ ગુજરાત વર્ષ દરમ્યાન રાજ્યમાં જાહેર સ્વચ્છતાની જાળવણી માટે કેટલા પે એન્ડ યુઝ ટોયલેટના નિર્માણનું આયોજન હતું,

(૨) તા. ૩૦-૬-૦૮ સુધીમાં કેટલા પે એન્ડ યુઝ ટોયલેટનું નિર્માણ થયેલ છે,

(૩) તે પૈકી પાટણ જિલ્લામાં કેટલી સંખ્યામાં પે એન્ડ યુઝ ટોયલેટ ફાળવવાનું આયોજન છે, અને

(૪) ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૦-૯-૨૦૦૮) :

(૧) રૂા. ૧૨૫

(૨) ૨૯

(૩) પાટણ જિલ્લાની પાટણ નગરપાલિકાને ૨ (બે), હારીજ નગરપાલિકાને ૧ (એક), રાધનપુર નગરપાલિકાને ૧ (એક), સિધ્ધપુર નગરપાલિકાને ૧ (એક), મળી કુલ ૪ નગરપાલિકાઓને કુલ ૫ (પાંચ) પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક ફાળવવામાં આવેલ છે.

(૪) આ કામો તા. ૩૦-૦૯-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવેલ છે.

-------------

## ધોળકા વિસ્તારમાં તેલ ભંડારો મળી આવવા અંગે

અતારાંક્તિ : ૩૧૯ (૬-૮-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ધોળકા વિસ્તારમાં વિપુલ પ્રમાણમાં તેલના ભંડારો મળી આવ્યા છે, તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી માત્રામાં મળેલ છે અને તેને કારણે રાજ્યને ભવિષ્યમાં કેટલા કરોડ રૂપિયાનો લાભ મળશે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૧૮-૯-૨૦૦૮) :

(૧) હા, જી.

(૨) અત્યારથી સ્થિતિ પ્રમાણે સ્થળ ઉપરનો પ્રમાણિત જથ્થો અંદાજે ૨૩ મીલીયન બેરલ જેટલો છે. ધોળકા વિસ્તાર એ સંશોધન ક્ષેત્ર છે. જે ભારત સરકાર દ્વારા ગેઈલ અને જીએસપીસીના સંયુક્ત સાહસને ફાળવવામાં આવેલ છે. જેમાં બંનેની સરખી હિસ્સેદારી છે. ઉત્પાદન વહેંચણી કરાર મુજબ રાજ્ય સરકારને રોયલ્ટી મળવાપાત્ર છે. જ્યારે જે જગ્યાથી ક્રુડ ઓઈલ પ્રાપ્ત થાય છે, તેનો વિસ્તાર કેટલો હોઈ શકે તે અંગેનું સંશોધન હજુ ચાલુ હોઈ, રાજ્ય સરકારના લાભ વિશે ચોકક્સ કહેવું હાલના તબકકે શક્ય નથી.

-------------

## રાજ્યનાં વીજ સબસ્ટેશનોની સંખ્યા

અતારાંક્તિ : ૩૨૯ (૨૮-૭-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૦૪-૦૮ની સ્થિતિએ રાજ્યમાં વિવિધ કેટેગરીના વીજ સબસ્ટેશનોની સંખ્યા કેટલી છે,

(૨) તે માટે કેટલા વીજ ઇજનેરોની નિમણુંક કરવામાં આવેલ છે,

(૩) કેટલા સબસ્ટેશનો વીજ ઇજનેર સિવાય ચાલે છે, અને

(૪) એકથી વધુ સબસ્ટેશનોનો ચાર્જ હોય તેવા વીજ ઇજનેરોની સંખ્યા કેટલી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૨-૯-૨૦૦૮) :

(૧) તા.૩૦-૦૪-૦૮ની સ્થિતિએ રાજ્યમાં વિવિધ કેટેગરીના વીજ સબસ્ટેશનોની સંખ્યા કુલ ૯૩૦ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | સબસ્ટેશનની કેટેગરી | વીજ સબસ્ટેશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. | ૮૦૬ |
| ૨ | ૧૩૨ કે.વી. | ૪૮ |
| ૩ | ૨૨૦ કે.વી. | ૬૭ |
| ૪ | ૪૦૦ | ૦૯ |
| | **કુલ** | **૯૩૦** |

(૨) તે માટે કુલ ૬૯૬ વીજ ઇજનેરોની નિમણુંક કરવામાં આવેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | સબસ્ટેશનની કેટેગરી | વીજ સબસ્ટેશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. અને ૧૩૨ કે.વી. | ૨૯૧ |
| ૨ | ૨૨૦ કે.વી. | ૨૧૬ |
| ૩ | ૪૦૦ કે.વી. | ૩૬ |
| ૪ | અન્ય વહીવટી કામગીરી | ૧૫૩ |
| | **કુલ** | **૬૯૬** |

(૩) તમામ સબસ્ટેશનો વીજ ઇજનેરથી ચાલે છે.

(૪) એકથી વધુ સબસ્ટેશનોનો ચાર્જ હોય તેવા વીજ ઇજનેરોની સંખ્યા ૨૩૮ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | એક કરતાં વધુ સબસ્ટેશનોનો ચાર્જ | વીજ ઇજનેરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૦૨ સબસ્ટેશન | ૮૭ |
| ૨ | ૦૩ સબસ્ટેશન | ૫૬ |
| ૩ | ૦૪ સબસ્ટેશન | ૪૫ |
| ૪ | ૦૫ સબસ્ટેશન | ૨૦ |
| ૫ | ૦૬ સબસ્ટેશન | ૨૨ |
| ૬ | ૦૭ સબસ્ટેશન | ૦૪ |
| ૭ | ૦૮ સબસ્ટેશન | ૦૪ |
| | **કુલ** | **૨૩૮** |

---------------

**કચ્છ અને ભાવનગર માટે અલગ વીજ વિતરણ કંપની સ્થાપવા અંગે**

અતારાંક્તિ : ૩૪૦ (૧૨-૮-૨૦૦૮) **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ અને ભાવનગર જિલ્લામાં માત્ર એક જ વીજ વિતરણ કંપની કાર્યરત છે, જેના કારણે ગ્રાહકોને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) કચ્છ અને ભાવનગરના વિસ્તારો માટે અલગ વીજ વિતરણ કંપની બનાવવા રાજ્ય સરકારે ક્યા પ્રયત્નો ર્ક્યા છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૦-૯-૨૦૦૮) :

(૧) (૨) અને (૩)

વહીવટી સુધારણાના ભાગરૂપે તત્કાલિન ગુજરાત વિદ્યુત બોર્ડનું વિવિધ કંપનીઓમાં વિભાજન કરવામાં આવ્યું છે અને જિલ્લાવાર નહિં પરંતુ સમગ્ર રાજ્યનું ચાર ઝોનમાં વિભાજન કરી ઝોન વાર ચાર વીજ વિતરણ

કંપનીઓની રચના કરવામાં આવી છે. કચ્છ અને ભાવનગર જિલ્લાના વીજ વિતરણ અને તેને આનુષાંગિક તમામ કામગીરી માટે પમિ ગુજરાત વીજ કંપની કાર્યરત છે. બંને જિલ્લાના વિદ્યુત ગ્રાહકોને કોઇ મુશ્કેલીઓ ન વેઠવી પડે તેની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રાહકોની ફરીયાદના નિવારણ માટે ભૂજ તેમજ ભાવનગર ખાતે પમિ ગુજરાત વીજ કંપની દ્વારા વિજ અધિનિયમ ૨૦૦૩ અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ પણ કાર્યરત છે. આમ ગ્રાહક લક્ષી સુવિધાઓ બંને જિલ્લાઓમાં પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ હોઇ એક અલગ વીજ વિતરણ કંપની સ્થાપવાની કોઇ જરૂરીયાત જણાતી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## મુંદ્રા-માંડવી બંદર ઉપર સાયક્લોન ડ્યુટીની તાલીમ મેળવેલ કર્મચારીઓ

અતારાંક્તિ : ૪૩૧ (૨૧-૭-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લાના મુંદ્રા-માંડવી બંદર ઉપર સાયક્લોન ડ્યુટીની ટ્રેનીંગ આપેલ વર્ગ-૨ અને વર્ગ-૩ના કર્મચારીઓની સંખ્યા કેટલી છે, તેમને આ ટ્રેનીંગ આપવા પાછળ કેટલો ખર્ચ તા.૩૧-૫-૦૮ સુધીમાં કરવામાં આવ્યો, અને

(૨) સાયક્લોનની ટ્રેનીંગ લીધેલ સ્ટાફને ફરજમુક્તિ અપાય છે અને વર્ગ-૪ ના કર્મચારીઓને ડ્યુટી સોંપાય છે તે માટે જવાબદારો સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) (૨૩-૯-૨૦૦૮) :

(૧) બંદર અધિકારી માંડવીની કચેરી ખાતે વર્ગ-૨ની ૨(બે) જગ્યાઓ ભરાયેલી છે અને વર્ગ-૩માં ૧૬(સોળ) જગ્યાઓ ભરાયેલી છે. આ પૈકી કોઈ અધિકારી -કર્મચારીને સાયક્લોન ડ્યુટીની ટ્રેનીંગ આપવામાં આવેલ નથી.

(૨) કોઇ સ્ટાફને સાયક્લોન ડ્યુટીની ટ્રેનીંગ આપેલ નથી.પરંતુ વર્ગ-૩ના કર્મચારીઓ પાસે સાયક્લોન કંટ્રોલ ડ્યુટી વહીવટી કામગીરી ખોરંભે ન પડે તે ધ્યાને રાખી શીફ્ટ ડ્યુટીમાં લેવામાં આવે છે.

વર્ગ-૪ના કર્મચારીઓને કંટ્રોલ ડ્યુટીની કામગીરી સોંપવામાં આવતી નથી, પરંતુ તેઓ પાસેથી સહાયક તરીકેની કામગીરી લેવામાં આવે છે.

---------------

## રાજ્યના બંદરો ઉપર કુદરતી આફતો સમયે વર્ગ-૪ના કર્મચારીઓને સોંપાતી ફરજો અંગે

અતારાંક્તિ : ૪૩૨ (૨૧-૭-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે-

રાજ્યના જુદા જુદા બંદરો ઉપર ચોમાસા દરમ્યાન કુદરતી આફતો સમયે બંદર ઉપરના વર્ગ-૪ના કર્મચારીઓને ફરજો સોંપાય છે પરંતુ વર્ગ-૩ના જે કર્મચારીઓને સાયક્લોન ડ્યુટીની ટ્રેનીંગ આપી સરકારે ખર્ચ કરેલ છે તેમને આવી ડ્યુટીઓ નહિં સોંપવાના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) (૨૩-૯-૨૦૦૮) :

રાજ્યના જુદા જુદા બંદરો ઉપર ચોમાસા દરમ્યાન કુદરતી આફતો સમયે બંદર ઉપરના વર્ગ-૪ના કર્મચારીઓને કંટ્રોલ ડ્યુટીની કામગીરી સોંપવામાં આવતી નથી, પરંતુ તેઓ પાસેથી સહાયક તરીકેની કામગીરી લેવામાં આવે છે.

વર્ગ-૩ના સ્ટાફને સાયક્લોન ટ્રેનિંગ આપેલ નથી. પરંતુ તેઓ પાસેથી સાયક્લોન કંટ્રોલ ડ્યુટી વહીવટી કામગીરી ખોરંભે ન પડે તે ધ્યાને રાખી શીફ્ટ ડ્યુટીમાં લેવામાં આવે છે.

---------------

## કચ્છ જિલ્લામાં મહિલાઓને માર્ગદર્શન આપવા ફાળવેલ ગ્રાંટ

અતારાંક્તિ : ૬૦૬ (૨૧-૮-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકા કક્ષાએ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલાં કેન્દ્રો છે અને કઇ સંસ્થા સંચાલિત છે,

(૩) આ સંસ્થાઓને તા.૩૦-૦૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઇ કઇ બાબત માટે આપવામાં આવી છે, અને

(૪) કેટ કેટલી આપવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૦૮) :

(૧) હા જી,

(૨) કચ્છ જિલ્લાના કુલ-૯ કેન્દ્રો છે જે નીચેની સંસ્થાઓ દ્વારા તાલુકાવાર સંચાલિત છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | ભૂજ | જયઅંબે શિક્ષણ વિકાસ સાર્વજનિક સેવા ટ્રસ્ટ |
| ૨ | ભચાઉ | ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ |
| ૩ | લખપત | આશાપુરા વિવિધલક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૪ | મુદ્રા | ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ |
| ૫ | નખત્રાણા | ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ |
| ૬ | અંજાર | શ્રી નવનિર્માણ ટ્રસ્ટ |
| ૭ | ગાંધીધામ | શ્રી ખોડીયાર ગ્રામ વિકાસ ટ્રસ્ટ |
| ૮ | રાપર | શ્રી નહેરુ લોક સ્વાસ્થ્ય સંઘ |
| ૯ | માંડવી | રૂરલ ડેવ. એન્ડ રીસર્ચ સેન્ટર |

(૩) નીચેના પત્રકમાં સામેલ વિગત મુજબની ગ્રાન્ટ કર્મચારીના પગાર તાલીમ શિબિર, મહિલા કલ્યાણ માટે પ્રચાર, પ્રસાર પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવી છે, જુન, જુલાઇ, ઓગષ્ટ-૦૮ની ગ્રાન્ટ હવે પછી ખર્ચપત્રક રજુ થયેથી ચુકવવામાં આવશે.

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ માર્ચ થી મે |
|---|---|---|---|---|---|
| ૧ | ભૂજ-કચ્છ | જયઅંબે શિક્ષણ વિકાસ સાર્વજનિક સેવા ટ્રસ્ટ | ૯૪૭૯ | ૧૧૯૪૫૧ | ૩૧૨૫૦ |
| ૨ | ભચાઉ | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ | ૭૨૦૫૬ | ૧૧૮૧૭૬ | ૩૧૨૫૦ |
| ૩ | લખપત | શ્રી આશાપુરા વિવિધલક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ | -- | ૫૪૪૦૦ | -- |
| ૪ | મુદ્રા | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ | -- | ૫૬૧૪૯ | ૩૧૨૫૦ |
| ૫ | નખત્રાણા | શ્રી ભચાઉ તાલુકા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ | -- | ૫૬૧૭૬ | ૩૧૨૫૦ |
| ૬ | અંજાર | શ્રી નવનિર્માણ ટ્રસ્ટ | -- | ૪૬૬૯૨ | ૩૧૧૪૮ |
| ૭ | ગાંધીધામ | શ્રી ખોડીયાર ગ્રામ વિકાસ ટ્રસ્ટ | -- | ૪૬૬૯૨ | ૩૧૨૫૦ |
| ૮ | રાપર | શ્રી નહેરુ લોક સ્વાસ્થ્ય સંઘ | -- | ૫૨૫૦૬ | ૩૧૨૫૦ |
| ૯ | માંડવી | રૂરલ ડેવ. એન્ડ રીસર્ચ સેન્ટર | -- | ૪૮૬૫૦ | ૨૮૫૬૩ |

(૪) સને ૨૦૦૮-૦૯ માં માર્ચ, એપ્રિલ, મે માટેના પ્રથમ ક્વાર્ટર માટેની ગ્રાન્ટ ચુકવી આપવામાં આવેલ છે લખપત કેન્દ્રએ નિયત સમયમર્યાદામાં ખર્ચપત્રક રજુ ન કરેલ હોવાથી ગ્રાન્ટ ચુકવવાની બાકી છે. જુન, જુલાઇ, ઓગષ્ટ-૦૮ ની ગ્રાન્ટ હવે પછી ખર્ચપત્રક રજુ થયેથી ચુકવવામાં આવશે.

**અમદાવાદ જિલ્લામાં મહિલાઓને માર્ગદર્શન આપવા ફાળવેલ ગ્રાંટ**

અતારાંકિત : ૬૦૭ (૨૧-૮-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકા કક્ષાએ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલાં કેન્દ્રો છે અને કઇ સંસ્થા સંચાલિત છે,

(૩) આ સંસ્થાઓને તા.૩૦-૦૬-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઇ કઇ બાબત માટે આપવામાં આવી છે, અને

(૪) કેટ કેટલી આપવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૦૮) :

(૧) હા જી,

(૨) અમદાવાદ જિલ્લામાં કુલ-૨૧ કેન્દ્રો છે જે નીચેની સંસ્થાઓ દ્વારા તાલુકાવાર સંચાલિત છે. વધુમાં અમદાવાદ જિલ્લો વસ્તી અને એરિયાની દ્રષ્ટિએ મોટો હોઇ શહેરી વિસ્તારમાં વધારે કેન્દ્ર આપેલ છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | વિરમગામ | શ્રી જાગૃત સેવા ટ્રસ્ટ |
| ૨ | ધંધુકા | અમદાવાદ મુસ્લીમ વિમેન એસોસીએશન |
| ૩ | માંડલ | શ્રી વિવેકાનંદ સમુત્થાન માનવ સેવા અને કેળવણી ટ્રસ્ટ |
| ૪ | બરવાળા | શ્રી ભવાની મહિલા સેવા સંઘ |
| ૫ | દેત્રોજ | સિધ્ધિ વિનાયક ખાદી ગ્રામોદ્યોગ કેળવણી સંસ્થા |
| ૬ | રાણપુર | ભાગ્યોદય સેવા સંઘ |
| ૭ | બાવળા | વિશ્ર્વ ભારતી સંસ્થા |
| ૮ | ધોળકા | ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ટ ડેવ.(ગરૂ) |
| ૯ | સરખેજ | વિશ્ર્વ ભારતી સંસ્થા |
| ૧૦ | શહેરી કેન્દ્ર | અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થય સંઘ ભદ્ર |
| ૧૧ | શહેરી કેન્દ્ર | અમદાવાદ વિમેન એકશન ગૃપ(અવાજ) બાપુનગર |
| ૧૨ | શહેરી કેન્દ્ર | અખંડ જ્યોત ચેરીટી ટ્રસ્ટ ફતેહપુરા |
| ૧૩ | શહેરી કેન્દ્ર | અખંડ જ્યોત ચેરીટી ટ્રસ્ટ નરોડા |
| ૧૪ | શહેરી કેન્દ્ર | જ્યોતી સંઘ નવાવાડજ |
| ૧૫ | શહેરી કેન્દ્ર | માનવ સેવા વિકાસ મંડળ રખીયાલ |
| ૧૬ | શહેરી કેન્દ્ર | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ એલીસબ્રીજ |
| ૧૭ | શહેરી કેન્દ્ર | વાત્સલ્ય ટ્રસ્ટ ચાંદલોડીયા |
| ૧૮ | શહેરી કેન્દ્ર | વિકાસ ગૃહ પાલડી |
| ૧૯ | શહેરી કેન્દ્ર | અમદાવાદ મુસ્લીમ વુમન એસોસીએશન જુહાપુરા |
| ૨૦ | શહેરી કેન્દ્ર | શ્રી ગુજરાત મસ્તુરાત સેવા ટ્રસ્ટ ખમાસા |
| ૨૧ | શહેરી કેન્દ્ર | જ્ઞાનદીપ એજ્યુકેશન ટ્રસ્ટ સેજપુર બોઘા |

(૩) નીચેના પત્રકમાં સામેલ વિગત મુજબની ગ્રાન્ટ કર્મચારીના પગાર તાલીમ શિબિર, આઇ.ઇ.સી. પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવી છે, જુન, જુલાઇ, ઓગષ્ટ-૦૮ની ગ્રાન્ટ હવે પછી ખર્ચપત્રક રજુ થયેથી ચુકવવામાં આવશે.

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ માર્ચ થી મે |
|---|---|---|---|---|---|
| ૧ | વિરમગામ | શ્રી જાગૃત સેવા ટ્રસ્ટ | -- | ૧૭૯૨૦ | ૩૨૨૫૯ |
| ૨ | ધંધુકા | અમદાવાદ મુસ્લીમ વિમેન એસોસીએશન | ૬૯૬૭૧ | ૧૨૩૩૭૭ | ૩૦૦૦૮ |
| ૩ | માંડલ | શ્રી વિવેકાનંદ સમુત્થાન માનવ સેવા અને કેળવણી ટ્રસ્ટ | -- | ૩૦૪૮૭ | ૩૦૧૨૬ |
| ૪ | બરવાળા | શ્રી ભવાની મહિલા સેવા સંઘ | -- | ૪૩૬૫૬ | ૩૧૨૫૦ |
| ૫ | દેત્રોજ | સિધ્ધિ વિનાયક ખાદી ગ્રામોદ્યોગ કેળવણી સંસ્થા | -- | ૧૬૬૦૦ | ૩૦૯૬૫ |
| ૬ | રાણપુર | ભાગ્યોદય સેવા સંઘ | -- | ૧૯૮૩૧ | ૩૦૩૭૫ |

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ માર્ચ થી મે |
|---|---|---|---|---|---|
| ૭ | બાવળા | વિશ્વ ભારતી સંસ્થા | ૬૧૧૧૮ | ૬૦૦૯૦ | ૩૧૨૫૦ |
| ૮ | ધોળકા | ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ડ ડેવ.(ગરૂ) | -- | ૩૧૧૩૪ | ૩૧૨૫૦ |
| ૯ | સરખેજ | વિશ્વ ભારતી સંસ્થા | ૯૫૨૭૪ | ૮૮૫૧૯ | ૪૬૮૨૧ |
| ૧૦ | શહેરી કેન્દ્ર | અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થય સંઘ ભદ્ર | ૭૬૫૪૩ | ૯૪૭૦૬ | ૩૦૨૨૪ |
| ૧૧ | શહેરી કેન્દ્ર | અમદાવાદ વિમેન એક્શન ગૃપ(અવાજ) બાપુનગર | ૬૨૨૬૦ | ૮૯૧૩૬ | ૩૧૦૮૧ |
| ૧૨ | શહેરી કેન્દ્ર | અખંડ જ્યોત ચેરીટી ટ્રસ્ટ ફતેહપુરા | ૫૮૯૧૪ | ૧૧૭૯૨૨ | |
| ૧૩ | શહેરી કેન્દ્ર | અખંડ જ્યોત ચેરીટી ટ્રસ્ટ નરોડા | ૬૫૮૯૯ | ૧૩૯૩૦ | ૩૦૬૫૪ |
| ૧૪ | શહેરી કેન્દ્ર | જ્યોતી સંઘ નવાવાડજ | ૭૧૪૦૭ | ૧૨૪૧૨૫ | ૩૦૨૭૪ |
| ૧૫ | શહેરી કેન્દ્ર | માનવ સેવા વિકાસ મંડળ રખીયાલ | ૭૩૮૫૮ | ૩૧૧૮૦ | ૨૧૪૧૭ |
| ૧૬ | શહેરી કેન્દ્ર | ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ એલીસબ્રીજ | ૫૮૯૨૦ | ૧૧૪૪૭૦ | ૨૭૬૭૨ |
| ૧૭ | શહેરી કેન્દ્ર | વાત્સલ્ય ટ્રસ્ટ ચાંદલોડીયા | ૪૯૨૨૭ | ૯૯૭૯૯ | ૨૭૮૭૩ |
| ૧૮ | શહેરી કેન્દ્ર | વિકાસ ગૃહ પાલડી | ૫૬૦૩૪ | ૧૧૫૧૧૪ | ૨૯૦૦૭ |
| ૧૯ | શહેરી કેન્દ્ર | અમદાવાદ મુસ્લીમ વુમન એસોસીએશન જુહાપુરા | ૬૩૨૦૩ | ૧૨૨૧૧૮ | ૩૦૫૩૭ |
| ૨૦ | શહેરી કેન્દ્ર | શ્રી ગુજરાત મસ્તુરાત સેવા ટ્રસ્ટ ખમાસા | ૬૪૨૬૯ | ૧૨૪૪૭૫ | ૩૧૨૨૪ |
| ૨૧ | શહેરી કેન્દ્ર | જ્ઞાનદીપ એજ્યુકેશન ટ્રસ્ટ સેજપુર બોઘા | ૩૧૧૫૬ | ૧૨૨૪૫૬ | ૩૧૧૨૯ |

(૪) સને ૨૦૦૮-૦૯ માં માર્ચ, એપ્રિલ, મે માટેના પ્રથમ ક્વાટર માટેની ગ્રાન્ટ ચુકવી આપવામાં આવેલ છે તા.૩૦-૬-૦૮ અંતિત અમદાવાદ જિલ્લાના કેન્દ્રો પૈકી કોઇ ગ્રાન્ટ ચુકવવાની બાકી નથી. જુન, જુલાઇ, ઓગષ્ટ-૦૮ ની ગ્રાન્ટ હવે પછી ખર્ચપત્રક રજુ થયેથી ચુકવવામાં આવશે.

---------------

## તાપી જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોને ફાળવેલ ગ્રાંટ

અતારાંક્તિ : ૮૦૦ (૨૯-૮-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહિલાઓને કાયદાકીય અને સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા રાજ્યમાં તાલુકા કક્ષાએ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો તાપી જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા કેન્દ્રો છે અને કઇ કઇ સંસ્થા સંચાલિત છે, અને

(૩) તા.૩૦-૦૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કઇ કઇ બાબત માટે આપવામાં આવી છે, કેટલી ગ્રાન્ટ આપવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૦૮) :

(૧) હા જી,

(૨) તાપીજિલ્લામાં કુલ-૩ કેન્દ્રો છે જે નીચેની સંસ્થાઓ દ્વારા તાલુકાવાર સંચાલિત છે.

| ક્રમ | તાલુકો | સંસ્થા |
|---|---|---|
| ૧ | નિઝર | ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ |
| ૨ | સોનગઢ | શ્રી સેવા ઉત્તેજક ટ્રસ્ટ |
| ૩ | ઉચ્છલ | આદિવાસી મહિલા ઉત્કર્ષ સમિતિ |

(૩) નીચે મુજબની ગ્રાન્ટ કર્મચારીના પગાર તાલીમ શિબિર, મહિલા કલ્યાણ માટે પ્રચાર, પ્રસાર પ્રવૃત્તિ અને કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકા કેન્દ્ર | સંસ્થાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ માર્ચ થી મે |
|---|---|---|---|---|---|
| ૧ | નિઝર | ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ | -- | ૫૪૭૫૦ | ૩૧૦૦૦ |
| ૨ | સોનગઢ | શ્રી સેવા ઉત્તેજક ટ્રસ્ટ | -- | ૫૦૯૨૮ | ૩૧૨૫૦ |
| ૩ | ઉચ્છલ | આદિવાસી મહિલા ઉત્કર્ષ સમિતિ | -- | ૫૪૫૦૦ | ૩૧૨૫૦ |

સને ૨૦૦૮-૦૯ માં માર્ચ, એપ્રિલ, મે માટેના પ્રથમ ક્વાટર માટેની ગ્રાન્ટ ચુકવી આપવામાં આવેલ છે તા.૩૦-૬-૦૮ અંતિત તાપી જિલ્લાના કેન્દ્રો પૈકી કોઇ ગ્રાન્ટ ચુકવવાની બાકી નથી જુન, જુલાઇ, ઓગષ્ટ-૦૮ ની ગ્રાન્ટ હવે પછી ખર્ચપત્રક રજુ થયેથી ચુકવવામાં આવશે.

-------------

**ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં નિરાધાર વિધવા મહિલાઓને સ્વનિર્ભર બનાવવા ગ્રાન્ટ**

અતારાંકિત : ૮૦૧ (૨૯-૮-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિરાધાર વિધવા મહિલાઓ આર્થિક સ્વનિર્ભર બને તે માટે તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ બે વર્ષમાં ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં કઇ કઇ સંસ્થાઓ દ્વારા ક્યાં ક્યારે ક્યા ક્યા ટ્રેડની તાલીમો આપવામાં આવી, કેટલી બહેનોને તાલીમ આપવામાં આવી,

(૨) આ તાલીમો અંગે કઇ કઇ સંસ્થાને કેટલી ગ્રાન્ટ સહાય ચૂકવવામાં આવી, અને

(૩) તાલીમો મેળવ્યા બાદ કેટલી વિધવા બહેનોને ક્યા ક્યા સાધનો સ્વરોજગારી માટે આપવામાં આવ્યા ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૩-૯-૦૮) :

(૧) નિરાધાર વિધવા મહિલાઓને આર્થિક સ્વનિર્ભર બને તે માટે તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં નીચેની સંસ્થાઓ દ્વારા નીચેની વિગતે ૪૫ વિધવા બહેનોને શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ, ઉચ્છલ, જી.સુરત દ્વારા સિવણ કામની તાલીમો આપવામાં આવી.

| **તાલુકાનું નામ** | **સંસ્થાનું નામ** | **તાલીમ આપેલ ટ્રેડનું નામ, સમયગાળો** |
|---|---|---|
| ઉચ્છલ | શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ, ઉચ્છલ | તા. ૪-૨-૦૭ થી ૧૫-૩-૦૭ સુધી સીવણકામ માટે ૧૧ બહેનોને તાલીમ આપવામાં આવી. |
| નિઝર | શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ, ઉચ્છલ | તા. ૮-૨-૦૭ થી ૧૫-૩-૦૭ સુધી સીવણકામ માટે ૧૩ બહેનોને તાલીમ આપવામાં આવી. |
| સોનગઢ | શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ, ઉચ્છલ | તા. ૫-૨-૦૭ થી ૧૫-૩-૦૭ સુધી સીવણકામ માટે ૨૧ બહેનોને તાલીમ આપવામાં આવી. |

- વર્ષ ૨૦૦૭ - ૦૮ માં આ ત્રણ તાલુકામાં કોઈ તાલીમ આપેલ નથી.

(૨) આ તાલીમો અંગે નીચે જણાવેલ સંસ્થાઓને નીચેની વિગતે ગ્રાન્ટ - સહાય ચુકવવામાં આવી.

| વર્ષ | સંસ્થાનું નામ | રકમ |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ, ઉચ્છલ | રૂા. ૧,૩૫,૦૦૦/- |
| ૨૦૦૭-૦૮ | -- | -- |
| | **કુલ :** | **રૂા. ૧,૩૫,૦૦૦/-** |

(૩) તાલીમો મેળવ્યા બાદ તમામ ૪૫ વિધવા બહેનોને સિવણકામના મશીનો સ્વરોજગારી માટે આપવામાં આવ્યા.

-------------

**વનબંધુ કલ્યાણ યોજનામાં ફાળવેલ રકમ**

અતારાંકિત : ૧૪ (૮-૨-૨૦૦૮) **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીયશ્રી આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્યના ક્યા ક્યા જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરી, અને

(૨) ફાળવેલ રકમ પેકી કેટ કેટલો ખર્ચ જિલ્લાવાર તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કરવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨૪-૯-૦૮) :

(૧) નીચે મુજબ ફાળવણી કરવામાં આવેલ છે. (રકમ રૂા. લાખમાં)

| ક્રમ | પ્રાયોજના વહીવટદાર | ફાળવેલ રકમ (ડિસ. ૦૭ અંતિત) |
|---|---|---|
| ૧ | પાલનપુર- બનાસકાંઠા | ૪૬.૫૧ |
| ૨ | ખેડબ્રહ્મા- સાબરકાંઠા | ૧૦૯.૪૬ |
| ૩ | ગોધરા- પંચમહાલ | ૧૩૩.૫૪ |
| ૪ | દાહોદ | ૩૪૩.૬૧ |
| ૫ | છોટા ઉદેપુર- વડોદરા | ૨૦૧.૯૯ |
| ૬ | નર્મદા | ૧૨૮.૫૫ |
| ૭ | ભરુચ | ૭૨.૨૫ |
| ૮ | માંડવી | ૧૮૧.૫૪ |
| ૯ | સોનગઢ- સુરત | ૧૬૫.૨૫ |
| ૧૦ | વાંસદા- નવસારી | ૧૪૬.૮૨ |
| ૧૧ | વલસાડ | ૧૯૩.૭૪ |
| ૧૨ | આહવા - ડાંગ | ૪૬.૫૫ |
| | **કુલ :** | **૧૭૬૯.૮૧** |

(૨) નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. (રકમ રૂા.લાખમાં)

| ક્રમ | પ્રાયોજના વહીવટદાર | થયેલ ખર્ચ (ડિસ. ૦૭ અંતિત) |
|---|---|---|
| ૧ | પાલનપુર- બનાસકાંઠા | ૩૫.૮૨ |
| ૪ | ખેડબ્રહ્મા- સાબરકાંઠા | ૪૮.૫૫ |
| ૩ | ગોધરા- પંચમહાલ | ૬૫.૪૩ |
| ૪ | દાહોદ | ૨૩૭.૭૩ |
| ૫ | છોટા ઉદેપુર- વડોદરા | ૧૩૩.૨૩ |
| ૬ | નર્મદા | ૧૦૫.૧૯ |
| ૭ | ભરુચ | ૬૯.૭૫ |
| ૮ | માંડવી | ૧૮૦.૩૩ |
| ૯ | સોનગઢ- સુરત | ૭૧.૬૨ |
| ૧૦ | વાંસદા- નવસારી | ૧૧૬.૧૬ |
| ૧૧ | વલસાડ | ૨૦૫.૭૧ |
| ૧૨ | આહવા - ડાંગ | ૨૬.૨૪ |
| | **કુલ :** | **૧૨૯૫.૭૬** |

## વનબંધુ કલ્યાણ યોજના

અતારાંક્તિ : ૪૩૩ (૭-૭-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકારે વર્ષ ૨૦૦૭ માટે વનબંધુ કલ્યાણ યોજના પેકેજ રૂા. ૨૩૩૫ કરોડનું ક્યા ક્યા અને કોના દ્વારા અમલીકરણ કરવામાં આવ્યું,

(૨) કઇ સંસ્થા કંપનીને કેટલા રૂપિયાનો પ્રોજેક્ટ આપવામાં આવ્યો,

(૩) તે અંગેની કેટલી ગ્રાન્ટ ક્યારે રીલીઝ કરવામાં આવી છે, અને

(૪) તે અન્વયે વનબંધુ યોજના હેઠળની કામગીરી તા. ૩૧-૫-૦૮ની સ્થિતિએ ક્યા સ્તરે ચાલે છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨૬-૯-૦૮) :

(૧) વનબંધુ કલ્યાણ યોજના એ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ એક નવું પેકેજ છે. અને આ પેકેજ હેઠળની કામગીરી જુદા જુદા ખાતા/વિભાગો દ્વારા કરવામાં આવે છે.

(૨) આદિજાતિ વિકાસ વિભાગ તરફથી હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતો પત્રક-૧માં દર્શાવ્યા મુજબ છે.

(૩) આદિજાતિ વિકાસ વિભાગ તરફથી હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતો પત્રક-૨માં દર્શાવ્યા મુજબ છે.

(૪) આદિજાતિ વિકાસ વિભાગ તરફથી હાથ ધરાવામાં આવેલ કામગીરીની વિગતો પત્રક-૩માં દર્શાવ્યા મુજબ છે.

**( * પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

-------------

## વનબંધુ યોજના અન્વયે ફાળવેલ રકમ

અતારાંક્તિ : ૪૩૪ (૭-૭-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરકારે જાહેર કરેલ વનબંધુ યોજના અન્વયે તા. ૩૧-૫-૨૦૦૮ સુધીમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) તે અન્વયે વનબંધુ પેકેજ હેઠળ ખાસ ક્યા ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨૬-૯-૦૮) :

(૧) સરકારે જાહેર કરેલ વનબંધુ યોજના અન્વયે તા. ૧-૫-૨૦૦૮ સુધીમાં વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૨૩૨૫.૯૦ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૧-૪-૨૦૦૮ થી ૩૧-૬-૨૦૦૮ સુધીમાં ૭૬૧.૯૪ કરોડ રકમ ફાળવેલ છે.

(૨) વનબંધુ પેકેજ હેઠળ દરેક વિભાગ દ્વારા જુદા જુદા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતાં. જે પૈકી નોંધપાત્ર કામગીરીની યાદી આ સાથે પત્રક-૧ માં દર્શાવેલ છે.

**પત્રક-૧**

**વનબંધુ કલ્યાણ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ ખાસ પ્રોજેક્ટોની વિગત.**

| | |
|---|---|
| ૧ | ઇન્ટીગ્રેટેડ ડેરી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ-ડાંગ, વલસાડ, નવસારી, નર્મદા વડોદરા, પંચમહલ, દાહોદ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં શરૂ કરવામાં આવ્યો જેમાં રૂા. ૨૯૩ કરોડનો ખર્ચ થશે અને ૨૦૦૭ લાભાર્થીઓને લાભ મળ્યો છે. |
| ૨ | આદિજાતિના ખેડૂતો માટે વાડી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૬૩૦ ગામો, ૯૬૫૪ એકર જમીન અને ૩૧૦૬૦ ખેડૂતોને લાભ મળશે અને રૂા. ૧૪.૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૩ | વડોદરા જિલ્લામાં મારૂતિ ઉદ્યોગ મારફતે પ્રાદેશિક ટ્રાન્સપોર્ટ તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવશે. |
| ૪ | માઇક્રો બોશ કંપની દ્વારા આદિજાતિના ૯ સેન્ટરોમાં ઓટોમોબાઇલ ટ્રેનીંગ સેન્ટર શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. |
| ૫ | દાહોદ ખાતે ૫૦ સીટની ફિઝીયોથેરાપી કોલેજ શરૂ કરવા રૂા. ૪.૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. |
| ૬ | ગોધરા ખાતે આણંદ કૃષિ યુનિવસિટી દ્વારા એગ્રેકલચર એન્જીનીયરીંગ કોલેજ રૂા. ૨૯/- કરોડના ખર્ચે શરૂ કરવાની મંજૂરી આપી છે. |
| ૭ | નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા રૂા. ૬૨.૬૨ કરોડના ખર્ચે વેટરનરી કોલેજ શરૂ કરવાની મંજુરી આપવામાં આવી છે. |
| ૮ | દાહોદ ખાતે એગ્રીકલ્ચર પોલીટેકનીક ડિપ્લોમાં કોલેજ અને એગ્રીકલ્ચર પોલીક્લીનીક સેન્ટર શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. |
| ૯ | આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દેવગઢબારીયા ખાતે મહિલા તાલીમ કેન્દ્ર શરૂ કરવા રૂા. ૧.૫૦ કરોડ મંજૂર કરવામાં આવેલા છે. |
| ૧૦ | ડેડીયાપાડા, જિ. નર્મદા ખાતે એગ્રેકલ્ચર એન્જીયરીંગ પોલીટેક્નીક કોલેજ શરૂ કરવા રૂા. ૨.૯૦ કરોડની મંજૂરી આપેલ છે. |
| ૧૧ | દાહોદ, રાજપીપળા અને વ્યારા ખાતે નર્સિંગ સ્કુલ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે અને રૂા. ૫.૯૭ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. |
| ૧૨ | ગાંધીનગર ઇન્ટિટયુટ દ્વારા લીમખેડા તાલુકામાં બકરી ઉછેર માટે રૂા. ૩૮.૬૪ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. |
| ૧૩ | છોટાઉદેપુર ખાતે બીઝનેસ પ્રોસેસીંગ આઉટ સોર્સગ (બી.પી.ઓ. યુનિટ) નો સ્થાપના કરવા માટે રૂા. ૭૫/- લાખ મંજૂર કરવામાં આવ્યા છે. |
| ૧૪ | ગરબાડા તાલુકામાં બાંધકામ કૌશલ્ય વધારવા માટે ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દ્વારા તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. તે માટે રૂા. ૪૮/- લાખ મંજૂર કરેલા છે. |
| ૧૫ | ડાંગ જિલ્લામાં મહિલાઓ માટે ગારમેન્ટ મેકીંગ તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે અને તે માટે રૂા. ૨૯/- લાખ મંજૂર કરવામાં આવ્યો છે. |
| ૧૬ | બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ધોરણ-૧ થી ૭ ના બાળકોને દૈનિક ૨૦૦ મીલી લિટર ફ્લેવર્ડ દૂધ, દુધ સંજીવની કાર્યક્રમ શરૂ કરેલો છે અને ૫૫,૦૦૦ બાળકોને લાભ મળે છે અને તે માટે રૂા. ૨.૫૦ કરોડના ખર્ચ કરવામાં આવ્યો છે. |
| ૧૭ | આદિજાતિના ૧૧ તાલુકા મથકે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા, શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. |
| ૧૮ | આરોગ્ય તપાસણી હેઠળ, ૮,૪૬,૬૭૭ લોકોની આરોગ્ય વિભાગના ડૉક્ટરો દ્વારા તપાસણી કરવામાં આવી છે. |
| ૧૯ | નાગરિક પુરવઠા વિભાગ મારફતે ૧૧ જિલ્લામાં ૬૨૦૪ એલ. પી. જી. ગેસ કનેક્શન આપવામાં આવેલા છે. |
| ૨૦ | કોન્ફીડરેશન ઓફ ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીઝ (સી.આઇ.આઇ.) દ્વારા બિજનેસ ઇન્ક્યુબેશન એન્ટર પ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ લગતો દર વર્ષ ૧૫૦૦ આદિજાતિ યુવક-યુવતિઓ તેયારી કરવાનો રૂા. ૩.૮૩ કરોડનો પ્રોજેક્ટ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. |
| ૨૧ | ગુજરાત ઇન્સ્ટીટયુટ ઓફ ડ્રાઇવીંગ રીસર્ચ ટેકનીલ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ શરૂ કરવા મારૂતિ ઉદ્યોગને રૂા. ૧૬.૩૨ કરોડના પ્રોજેક્ટ પેકી ૫.૧૦ કરોડ મંજૂર કરેલા છે અને તે અંગેનું બાંધકામ શરૂ કરવામાં આવેલું છે. |

-------------

**અનુસૂચિત જનજાતિઓ માટે રોજગારીની તકો ઉભી કરવા બાબત**

અતારાંક્તિ : ૪૩૫ (૭-૭-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૨૦૦૮ની સ્થિતિએ સરકારે અનુસૂચિત જનજાતિઓ માટે રોજગારીની તકો ઉભી કરવા આદિજાતિ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે.

(૨) કેટલી રકમ વર્ષવાર ફાળવેલ છે, અને

(૩) કેટલા અનુસૂચિત જનજાતિઓના લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨૩-૯-૦૮) :

(૧) સ્વરોજગારી માટે નીચે જણાવેલ ધંધા માટે તાલીમ આપેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| માનવગરીમા યોજના | કોમ્પ્યુટર તાલીમ | પૂર્વ પરીક્ષા તાલીમ વર્ગ | વાડી યોજના | સ્વરોજગારી સહાય |
| પોલીસ તાલીમ | ભરતગુંથણ | કડિયાકામ | વર્મી પ્રોજેક્ટ | ડ્રાઇવીંગ તાલીમ |
| વાંસકામ | સિવણવર્ગ | મોતીકામ | | |

(૨) કેટલી રકમ વર્ષવાર ફાળવેલ છે.

| વર્ષ | રૂપિયા લાખમાં |
|---|---|
| ૧. ૨૦૦૫-૦૬ | ૩૦૪૨.૨૧ |
| ૨. ૨૦૦૬-૦૭ | ૨૫૦૮.૯૯ |
| ૩. ૨૦૦૭-૦૮ | ૩૧૭૩.૯૪ |

(૩)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૧. ૨૦૦૫-૦૬ | ૫૧,૩૯૦ |
| ૨. ૨૦૦૬-૦૭ | ૫૪,૨૫૦ |
| ૩. ૨૦૦૭-૦૮ | ૫૧,૬૮૮ |

-------------

**વનબંધુ યોજનાના અમલીકરણ અન્વયે સંસ્થાઓ પાસેથી માંગેલ દરખાસ્તો**

અતારાંક્તિ : ૪૪૧ (૪-૯-૨૦૦૮) **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વનબંધુ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારે કંપનીઓ અને સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મંગાવી હતી. તેમાં કઇ કઇ કંપનીઓ અને સંસ્થાઓએ તા. ૩૧-૫-૨૦૦૮ સુધીમાં દરખાસ્ત મુકી, અને

(૨) તે અન્વયે આખરી મંજૂરી કઇ સંસ્થાઓને આપવામાં આવી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨૬-૯-૦૮) :

(૧) વનબંધુ કલ્યાણ યોજનાએ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનું એક નવું પેકેજ છે. આ પેકેજ હેઠળ કામગીરી કરવા માટે દરેક વિભાગને અદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ફંડ ફાળવવામાં આવે છે. તદઅનુસાર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની કામગીરી માટે પત્રક-૧ માં દર્શાવ્યા મુજબની કંપની સંસ્થાઓ પાસે દરખાસ્તો મળેલ છે.

(૨) પત્રક-૨ મુજબ ( *** પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૮, ૩૫૭, ૩૫૮, ૫૩૮, ૫૭૫, ૮૨૫, ૧૦૧૮ | ૭ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૪, ૨૦૦, ૨૦૩, ૨૦૪, ૨૩૫, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૫૧, ૪૫૨, ૪૫૩, ૫૪૫, ૫૪૬, ૫૪૮, ૬૧૭, ૬૧૮, ૭૫૫, ૮૧૧, ૧૦૪૧ | ૨૨ |
| ૩ | નાણા વિભાગ | ૫૧૮ | ૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૯૫, ૨૧૮, ૫૨૭, ૬૭૯, ૯૩૨, ૧૧૧૪ | ૬ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૫, ૬૪૬ | ૨ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૦, ૬૨, ૬૪, ૧૫૮, ૧૬૦, ૨૪૮, ૨૫૪, ૨૭૭, ૩૪૬, ૪૧૬, ૪૧૭, ૪૨૦, ૪૨૧, ૪૨૨, ૪૪૭, ૪૮૧, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૪૯૪, ૪૯૫, ૪૯૬, ૪૯૭, ૪૯૯, ૫૦૧, ૫૧૩, ૫૫૫, ૫૫૬, ૫૫૭, ૫૫૮, ૫૫૯, ૫૬૦, ૫૬૨, ૬૩૦, ૬૩૨, ૬૩૩, ૬૮૭, ૬૮૯, ૬૯૦, ૮૩૬, ૮૩૭, ૯૪૪, ૯૪૫, ૯૪૭, ૯૪૯, ૯૫૪, ૯૫૫, ૯૫૮, ૯૮૩, ૯૮૬, ૧૦૨૮, ૧૦૨૯, ૧૦૭૦, ૧૦૯૬, ૧૦૯૯ | ૬૨ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૧૦, ૩૭૯, ૩૮૦ | ૩ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૨૮, ૨૯૯, ૩૦૨, ૩૦૩, ૫૦૭, ૬૭૧ | ૬ |
| ૯ | શ્રમ અને રોજગાર | ૫૧૭, ૬૯૫, ૬૯૬, ૮૫૩, ૧૧૦૯ | ૫ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૮, ૩૦, ૬૧, ૨૦૯, ૩૭૪, ૪૨૫, ૪૭૪, ૪૭૬, ૫૦૬, ૫૫૨, ૫૫૩, ૫૬૩, ૫૬૪, ૬૩૪, ૬૭૩, ૬૮૫, ૯૪૬, ૯૬૦, ૯૬૫, ૧૧૦૪, ૧૧૦૫, ૧૧૦૬ | ૨૨ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૦, ૧૬૯, ૧૭૨, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૨૪૧, ૨૪૩, ૨૬૦, ૩૪૭, ૩૪૯, ૩૫૧, ૩૫૪, ૩૯૦, ૪૬૬, ૪૬૯, ૫૦૫, ૫૨૪, ૫૩૩,૫૩૬, ૫૭૯, ૫૯૪, ૬૮૪, ૮૭૦, ૧૧૧૮, | ૨૭ |
| ૧૨ | મહેસુલ વિભાગ | ૨૭, ૭૬, ૭૯, ૮૯, ૨૬૬, ૩૬૬, ૩૬૭, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૪૬૫, ૫૩૭, ૫૭૩, ૬૦૨, ૭૧૬ | ૧૫ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૯, ૬૯, ૧૮૪, ૧૯૦, ૩૭૧, ૪૦૯, ૪૫૬, ૪૫૭, ૪૫૮, ૪૫૯, ૪૬૦, ૪૬૧, ૫૭૦, ૮૭૮ | ૧૪ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૫૨૦, ૫૨૨, ૭૭૩, ૮૮૬, ૮૮૭, ૧૦૫૧ | ૬ |
| ૧૫ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૧, ૧૦૮૯, ૧૦૯૦, ૧૦૯૧, ૧૦૯૨ | ૫ |
| ૧૬ | ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ | ૩૧૯, ૩૨૯, ૩૪૦ | ૩ |
| ૧૭ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૪૩૧, ૪૩૨ | ૨ |
| ૧૮ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૬૦૬, ૬૦૭, ૮૦૦, ૮૦૧ | ૪ |
| ૧૯ | આદિજાતી વિકાસ વિભાગ | ૧૪, ૪૩૩, ૪૩૪, ૪૩૫, ૪૪૧ | ૫ |
| | | **કુલ :** | **૨૧૭** |

------------

# સત્ર સમાપ્તિ

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આજની બેઠકનું કામકાજ હવે પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) અન્વયે હું આ સભાગૃહની બેઠક •અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખું છું.

**સત્રની સમાપ્તિ "વંદે માતરમ્" રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવી કરવામાં આવી.**
**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૦૦ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રહ્યું**

## સભ્યશ્રીઓનું હાજરી પત્રક

### સભ્યશ્રીઓનું હાજરી પત્રક
### બારમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી દર્શાવતું પત્રક

*** માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી અને દંડકશ્રીના નામની સામે હાજરીના દિવસો દર્શાવવામાં આવતા નથી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | ૩ |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંધાણી | ૩ |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | - |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૩ |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૩ |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૩ |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૩ |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૩ |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | - |
| ૧૦ | શ્રી પોપટભાઈ સવસીભાઈ જીંજરીયા | ૩ |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૩ |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૩ |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૩ |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૩ |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૩ |
| ૧૬ | શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળિયા | ૩ |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૩ |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | - |
| ૧૯ | શ્રીમતિ ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૩ |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વધાસીયા | ૩ |

• ફૂટનોટ :ગુજરાત ગર્વનમેન્ટ અસાધારણ ગેઝેટ ભાગ-૧ તા.૩૦મી સપ્ટેમ્બર,૨૦૦૮માં પ્રસિદ્ધ થયેલ નામદાર રાજયપાલશ્રીના આદેશ અન્વયે તા.૨૫મી સપ્ટેમ્બર,૨૦૦૮ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે શરૂ થયેલ સત્ર સમાપ્ત થયું.

| | | |
|---|---|---|
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૩ |
| ૨૨ | શ્રી વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડીયા | ૩ |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૩ |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૩ |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૩ |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૩ |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ (મુખ્ય દંડકશ્રી) | - |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૩ |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૩ |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૩ |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૩ |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૩ |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૩ |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૩ |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૩ |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૩ |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૩ |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૩ |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૩ |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૩ |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી | ૩ |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૩ |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૩ |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | ૩ |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | - |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૩ |
| ૪૭ | શ્રી દીનુભાઈ બોઘાભાઈ સોલંકી | ૩ |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓઘવજીભાઈ સોલંકી | ૩ |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | - |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૩ |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૩ |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૩ |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૩ |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૩ |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૩ |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓઘવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | - |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૩ |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | - |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૩ |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૩ |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૩ |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૩ |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૩ |
| ૬૪ | શ્રી અમિત શાહ (મંત્રીશ્રી) | - |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૩ |
| ૬૬ | શ્રી જગદીશભાઈ મોતીજી ઠાકોર | ૩ |

| | | |
|---|---|---|
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૩ |
| ૬૮ | શ્રી રાકેશ શાહ | ૩ |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૩ |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૩ |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયા શેખ | ૩ |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | ૩ |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૩ |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૩ |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ ( અધ્યક્ષશ્રી) | - |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૩ |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | - |
| ૭૮ | ડૉ. માયા સુરેન્દ્રકુમાર કોડનાની (મંત્રીશ્રી) | - |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૩ |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૩ |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | - |
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૩ |
| ૮૩ | શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ, | ૩ |
| ૮૪ | પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલ | ૩ |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૩ |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૩ |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૩ |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૩ |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | - |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૩ |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | - |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૩ |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૩ |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૩ |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | - |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૩ |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૩ |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | ૩ |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૩ |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૩ |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | - |
| ૧૦૨ | શ્રી મુકેશકુમાર ભૈરવદાનજી ગઢવી | ૩ |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૩ |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | - |
| ૧૦૫ | ડૉ.અનિલ જોષીયારા | ૩ |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ | ૩ |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ (મંત્રીશ્રી) | - |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૩ |

| | | |
|---|---|---|
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૩ |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૩ |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૩ |
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૩ |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૩ |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ  પારસિંગભાઈ પણદા | ૩ |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૩ |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૩ |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૩ |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર | ૩ |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૩ |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૩ |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ આહિર | ૩ |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૩ |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર(મંત્રીશ્રી) | - |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૩ |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૩ |
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૩ |
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૩ |
| ૧૨૮ | શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલા | ૩ |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ, | ૩ |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૩ |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ | ૩ |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૩ |
| ૧૩૩ | શ્રીમતી જયોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૩ |
| ૧૩૪ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૩ |
| ૧૩૫ | શ્રી નિરંજન પટેલ | ૩ |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત (નાયબ મુ.દંડકશ્રી) | - |
| ૧૩૭ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ  ચૌહાણ | ૩ |
| ૧૩૮ | શ્રી અમિતકુમાર  અજિતકુમાર ચાવડા | ૩ |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૩ |
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુકલ | ૩ |
| ૧૪૧ | શ્રી ગુલસિંગભાઈ રંગલાભાઈ રાઠવા | ૩ |
| ૧૪૨ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૩ |
| ૧૪૩ | શ્રી ધીરુભાઈ ચુનીલાલ ભીલ | ૩ |
| ૧૪૪ | શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી | ૩ |
| ૧૪૫ | શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ  પટેલ | ૩ |
| ૧૪૬ | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૩ |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્રભાઈ  ગટુલાલ લાખાવાળા | ૩ |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર સુખડીયા | ૩ |
| ૧૪૯ | શ્રી યોગેશ  પટેલ | ૩ |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુભાઈ  શ્રીવાસ્તવ | ૩ |
| ૧૫૧ | શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ | ૩ |
| ૧૫૨ | શ્રી દિનેશભાઈ બી.પટેલ | ૩ |
| ૧૫૩ | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૩ |
| ૧૫૪ | શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા | ૩ |

| | | |
|---|---|---|
| ૧૫૫ | શ્રી ઈકબાલ પટેલ | ૩ |
| ૧૫૬ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૩ |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૩ |
